# ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ગ્રંથ ૭

# મરાઠા કાલ



શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન
અમદાવાદ

સંશોધન ગ્રંથમાલા – ગ્રંથાંક ૭૮
શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

# ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ગ્રંથ ૭

# મરાઠા કાલ

સંપાદકો

**રસિકલાલ છોટાલાલ પરીખ**

અનુસ્નાતક અધ્યાપક, સંશોધન-માર્ગદર્શક અને નિવૃત્ત અધ્યક્ષ,
શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

અને

**હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ.એ., પીએચ.ડી.

અનુસ્નાતક અધ્યાપક, સંશોધન-માર્ગદર્શક અને નિવૃત્ત અધ્યક્ષ,
શેઠ ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

અમદાવાદ-૩૮૦ ૦૦૯

પ્રથમ સંસ્કરણ    વિ.સં. ૨૦૩૭    ઈ.સ. ૧૯૮૧

કિંમત-૧૬૦=૦૦

પ્રકાશક
પ્રવીણચંદ્ર ચિ. પરીખ
અધ્યક્ષ
ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન,
ર. છો. માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

મુદ્રક
નટવરલાલ ગો. ઠક્કર
ગીતા પ્રિન્ટરી,
લાખા પટેલની પોળ,
સાંકડી શેરી, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# પ્રસ્તાવના

ઉત્તરોત્તર કાલખંડને લગતા નવ ગ્રંથોમાં યોજાયેલી 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ની ગ્રંથમાલાનો આ ૭ મો ગ્રંથ છે, જે ઈ. સ. ૧૭૫૮ થી ૧૮૧૮ ના મરાઠા કાલને લગતો છે.

ગુજરાતના ઇતિહાસના સર્વ કાલખંડોમાં આ સહુથી ટૂંકો કાલખંડ છે. છત્રપતિ શિવાજીએ મુઘલ કાલ દરમ્યાન ૧૬૬૪ માં સુરત શહેર પર પહેલી ચડાઈ કરી, ૧૭૧૬ માં મરાઠા સરદાર ખંડેરાવ દાભાડેએ દક્ષિણ ગુજરાતમાં સત્તા જમાવવા માંડી, પિલાજીરાવ ગાયકવાડે ૧૭૧૯ માં સોનગઢમાં પોતાનું મુખ્ય મથક સ્થાપ્યું, મરાઠા સૈન્યે ૧૭૩૩ માં અમદાવાદ પર ચડાઈ કરી, દમાજીરાવ ગાયકવાડે ૧૭૩૪ માં વડોદરામાં રાજધાની સ્થાપી, ૧૭૩૭ થી ૧૭૫૩ સુધી ગાયકવાડોએ મુઘલ સૂબેદારોના અડધા હિસ્સેદાર તરીકે અમદાવાદમાં શાસન કર્યું, ૧૭૫૩ માં ત્યાં પેશવા અને ગાયકવાડનું સંયુક્ત શાસન સ્થપાયું, પરંતુ ૧૭૫૬ માં ખંભાતના મોમીનખાન ૨ જાએ એ જીતી લીધું, ૧૭૫૮ માં પેશવા અને ગાયકવાડે એ પાછું જીતી લીધું ને ત્યારથી ત્યાં મરાઠા સત્તાનો અમલ દૃઢ થયો. ગુજરાતમાં બીજાં અનેક સ્થળોએ તેઓની સત્તા પ્રસરતી ગઈ ને અન્યત્ર તેઓ પેશકશ ઉઘરાવવા મુલકગીરીઓ કરતા. ૧૭૯૯ માં પેશવાએ ગુજરાતમાંના પોતાના બધા હક્ક પાંચ વર્ષના ઇજારાથી ગાયકવાડને આપી દીધા. એ ઇજારો બીજાં દસ વર્ષ માટે લંબાયો. ૧૮૧૪ માં પેશવાએ ઇજારો ફરી લંબાવવા આનાકાની કરી. આ સંઘર્ષનો ૧૮૧૭ માં અંત આવ્યો. પેશવાએ આખરે અમદાવાદનો કાયમી ઇજારો ગાયકવાડને આપી દીધો, ૧૮૧૮ માં અંગ્રેજો અને ગાયકવાડો વચ્ચે મુલકોની અદલાબદલી થતાં ગાયકવાડે અમદાવાદ શહેર તથા દસક્રોઈ તાલુકો અને બીજા કેટલાક પ્રદેશ અંગ્રેજ કંપની સત્તાને સોંપી દીધા ને ડભોઈ કડી ઓખામંડળ પેટલાદ સિદ્ધપુર વગેરે ગાયકવાડને મળ્યાં. આમ ગુજરાતના પાટનગર અમદાવાદમાં મરાઠા સત્તા સાતત્યપૂર્વક ૧૭૫૮ થી ૧૮૧૮ સુધી અર્થાત્ ફક્ત ૬૦ વર્ષ રહી. આ અનુસાર ગુજરાતના ઇતિહાસમાં એ કાલખંડને 'મરાઠા કાલ' ગણવામાં આવ્યો છે.

મરાઠા કાલના ઇતિહાસની વિવિધ સાધન-સામગ્રી( ખંડ ૧ )માં મરાઠી અને અંગ્રેજી દફતરો તથા ગુજરાતી ખતપત્રો ખાસ ઉપકારક નીવડે છે. એ ઉપરાંત ફારસી તવારીખો, રોજનીશીઓ, કેટલીક ગુજરાતી કૃતિઓ, સંસ્કૃત ગુજરાતી અને ફારસી અભિલેખો તેમજ એ કાલના સિક્કા પણ કેટલીક માહિતી પૂરી પાડે છે, છતાં આ સંદર્ભમાં નોંધવું જોઈએ કે જેવી રીતે સલ્તનત કાલના તથા મુઘલ કાલના ઇતિહાસમાં ગુજરાતના દરેક નાઝિમ કે સૂબેદારની ચોક્કસ સાલવારી સાથે સિલસિલાબંધ માહિતી મળે છે તેની સરખામણીએ આ નાનકડા કાલખંડ દરમ્યાન નિમાયેલા પેશવાના તથા ગાયકવાડના દરેક સૂબેદારની એવી ચોક્કસ માહિતી ઘણા ઓછા પ્રમાણમાં મળે છે. કેટલાક સૂબેદારોનાં નામ તથા સમય વિશે હજી કેટલીક અસ્પષ્ટતા રહેલી છે. ગુજરાતને લગતાં મરાઠી દફતરોનું તલસ્પર્શી અધ્યયન હજી પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થતું નથી એવું લાગે છે, છતાં મરાઠાકાલીન ગુજરાતના ઇતિહાસ વિશે છેલ્લા દાયકા દરમ્યાન પહેલવહેલો આ ગ્રંથ જ લખાયો છે ને એ પણ ઈ. સ. ૧૮૧૮ સુધીના સમગ્ર મરાઠા કાલને આવરી લે ને સાંસ્કૃતિક ઇતિહાસનાં વિવિધ પાસાંનો પણ સમાવેશ કરે તેવો સ્વતંત્ર અને વિસ્તૃત ગ્રંથ આ જ છે.

ખંડ ૨ માં રાજકીય ઇતિહાસ નિરૂપાયો છે. એમાં પહેલાં છત્રપતિઓ અને પેશવાઓના તથા તેઓના અધિકારીઓના ગુજરાત સાથેના પૂર્વસંપર્કોની રૂપરેખા આલેખવામાં આવી છે ( પ્ર. ૨ ). એમાં ગાયકવાડના રાજ્યના ઉદય તથા અભ્યુદયનો પૂર્વવૃત્તાંત પણ અલગ આલેખાયો છે. પ્રકરણ ૩ થી ૫ માં ઈ. સ. ૧૭૫૮ થી ૧૮૧૮ સુધી પેશવા તથા ગાયકવાડનો અમલ ગુજરાતમાં કેવી રીતે પ્રવર્ત્યો ને એની કેવી ચડતી થયા કરી એને લગતો વૃત્તાંત વિગતે નિરૂપાયો છે. આ દરમ્યાન ગુજરાતમાં અંગ્રેજોનું પ્રભુત્વ ધીમે ધીમે જામતું ગયું ને છેવટે ૧૮૧૮ માં તેઓએ ગુજરાતમાંના એના અનેક અગત્યના પ્રદેશ હસ્તગત કર્યા એની સંક્ષિપ્ત સમીક્ષા પરિશિષ્ટરૂપે કરવામાં આવી છે.

સમકાલીન હિંદુ તથા મુસ્લિમ રાજ્યોનો વૃત્તાંત ( પ્ર. ૬ ) અગાઉની સરખામણીએ વધુ વિગતે મળે છે. જાડેજા વંશોની સત્તા કચ્છ અને નવાનગર ઉપરાંત ધ્રોળ રાજકોટ ગોંડળ અને મોરબીમાં મહત્ત્વ ધરાવતી. એવી રીતે ઝાલા વંશોની સત્તા પણ છએક રાજ્યોમાં પ્રવર્તતી. એમાં હળવદ-શાખાની રાજધાની હવે ધ્રાંગધ્રામાં રખાઈ. ભાવનગર લાઠી પાલીતાણા અને રાજપીપળામાં ગૂહિલ વંશોની સત્તા ચાલુ રહી. તેઓની એક નવી શાખા વળા-

( વલભીપુર )માં સ્થપાઈ. ઈડરના રાઠોડ રાજાઓની સત્તાનો મરાઠા કાલમાં હ્રાસ થયો. અમરજી જેવા કાબેલ દીવાનોના પ્રતાપે જૂનાગઢના નવાબી રાજ્યનો અભ્યુદય થયો. બાબી વંશની એક શાખા રાધનપુરમાં હતી જ, હવે એક બીજી શાખા વાડાશિનોરમાં સ્થપાઈ. પાલનપુરના લોહાણી વંશ અને ખંભાતના નવાબી વંશને પણ અન્ય રાજ્યોની જેમ છેવટે અંગ્રેજોનું આધિપત્ય અંગીકાર કરવું પડયું. સુરત તથા ભરૂચની નવોદિત નવાબીઓ પર અંગ્રેજોની ભીંસ ક્યારનીય શરૂ થઈ ચૂકી હતી. સૌરાષ્ટ્રનાં મોટાંનાનાં રાજ્યોમાં પેશવા અને ગાયકવાડ ચોથ ઉઘરાવવા વારંવાર મુલકગીરી ફોજ મોકલતા.

પ્રકરણ ૭ માં આ કાલના રાજ્યતંત્રની રૂપરેખા આલેખી છે તેમાં ચોથ અને સરદેશમુખીની પ્રથા નોંધપાત્ર છે. ઇજારાશાહીની પ્રથાને લીધે મરાઠા શાસન રૈયતના શોષણનું પ્રતીક બની ગયું હતું. મરાઠા કાલના સિક્કાઓમાં મુઘલ સિક્કા–પદ્ધતિની વિપુલ અસર ચાલુ રહી, પરંતુ હવે એમાં કેટલાંક વિશિષ્ટ ચિહ્ન અને સ્થાનિક રાજાઓનાં નામ ઉમેરાતાં. વડોદરામાં બાબાશાહી સિક્કા શરૂ થયા. ગુજરાતનાં બધાં સ્થાનિક રાજ્યોમાં સિક્કા પાડવાની પહેલ કચ્છે કરી હતી. કચ્છ ઉપરાંત પોરબંદર જૂનાગઢ અને નવાનગરની કોરીઓ જાણીતી હતી. મુઘલોનો સુરતનો રૂપિયો સમગ્ર મુંબઈ ઇલાકામાં ચલણ તરીકે માન્ય થયો હતો. ફિરંગી ફ્રેન્ચ અને બ્રિટિશ સત્તાના સિક્કા પણ પડાવા લાગ્યા હતા.

અગાઉના ગ્રંથોની જેમ આ ગ્રંથમાં પણ સાંસ્કૃતિક ઇતિહાસને પૂરતું મહત્ત્વ અપાયું છે, કેમકે ઇતિહાસ હવે રાજકુલોમાં સીમિત ન રહેતાં પ્રજાના સાંસ્કૃતિક જીવનનાં વિવિધ પાસાંને પણ આવરી લે છે.

પ્રકરણ ૮ માં મરાઠા કાલની સામાજિક અને આર્થિક સ્થિતિ આલેખવામાં આવી છે તેમાં ' અગણોતરો કાલ ' (સં. ૧૮૬૯ નો દુકાળ) ખાસ નોંધપાત્ર છે.

પ્રકરણ ૯ માં આ કાલના સાહિત્યની રૂપરેખા આલેખાઈ છે. આ કાલના સાહિત્યકારોમાં શામળ ધીરો ભોજો અને પ્રીતમ સુપ્રસિદ્ધ છે. મરાઠા શાસન દરમ્યાન ફારસી ભાષા રાજ્ય–કારોબારની ભાષા તરીકે ચાલુ રહી, પરંતુ સાહિત્યસર્જનમાં એની ગતિ મંદ પડી હતી. ફારસી સાહિત્યમાં ઇતિહાસ અને જીવનચરિત્ર ઉપરાંત શબ્દકોશ નોંધપાત્ર છે. એમાં રચાયેલ રોજનીશીઓ પ્રકાશિત થાય તો ઇતિહાસ પર ઘણો પ્રકાશ પડે એમ છે.

મરાઠા કાલના ધર્મસંપ્રદાયો( પ્ર. ૧૦ )માં સ્વામિનારાયણ સંપ્રદાયે ધાર્મિક સુધારણાનું પ્રશસ્ય કાર્ય કર્યું. કવિ દયારામે પુષ્ટિમાર્ગને ગુજરાતભરમાં લોકપ્રિય બનાવ્યો. અંગ્રેજોનું વર્ચસ સ્થપાતાં સુરત ભરૂચ વગેરે સ્થળોએ ખ્રિસ્તી ધર્મના પ્રચારને વેગ મળ્યો. હવે રોમન કૅથોલિક ઉપરાંત પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયની મિશનરીઓ પણ અહીં પ્રવૃત્ત થઈ.

ખંડ ૪( પુરાતત્ત્વ )માં આ કાલનાં સ્થાપત્ય અને શિલ્પનો તેમજ ચિત્ર સંગીત અને નૃત્ય કલાઓનો પરિચય આપવામાં આવ્યો છે. આ કાલમાં વડોદરા નડિયાદ ભાવનગર વગેરે શહેરોનો વિકાસ થયો, જ્યારે અમદાવાદ જેવાં શહેરોની દુર્દશા થઈ. મરાઠાઓએ બંધાવેલાં દેવાલયોમાં સ્થાપત્યસ્વરૂપ બદલાયું. ડાકોરનું હાલનું રણછોડજીનું મંદિર આ કાલમાં બંધાયું. સારસામાં સત્-કેવલનું મંદિર બંધાયું, પ્રભાસપાટણમાં ઇંદોરનાં મહારાણી અહલ્યાબાઈએ સોમનાથનું નવું નાનું મંદિર બંધાવ્યું, શત્રુંજય પર્વત પર કેટલાંક નાનાંમોટાં જૈન દેરાસર બંધાયાં. ચિત્રકલાના કેટલાક સુંદર નમૂના પોથીચિત્રોમાં તથા ભિત્તિચિત્રોમાં મળે છે. ભિત્તિચિત્ર મંદિરો ઉપરાંત રાજમહેલોમાં આલેખાયેલાં છે તેમાં ભૂજના આયના મહેલમાં તથા અંજારના મેકમર્ડોના બંગલાનાં ભિત્તિચિત્ર ખાસ ઉલ્લેખનીય છે. ગુજરાતની સંગીતકલાનો તથા નૃત્યકલાનો વૃત્તાંત અગાઉના ગ્રંથોમાં અપાયો ન હોઈ અહીં મરાઠા કાલ પહેલાંના વૃત્તાંતની રૂપરેખા આપવામાં આવી છે. નૃત્યકલાના નિરૂપણમાં રાસ અને ગરબા-ગરબીનો તેમજ ભવાઈનો પરિચય ખાસ નોંધપાત્ર છે.

બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા આ કાલ દરમ્યાન મુંબઈ ટાપુનો શહેર તથા બંદર તરીકે વિકાસ થયો તેમાં સુરત નવસારી વગેરેના પારસીઓએ અગ્રિમ ફાળો આપેલો છે. આ ઉપરાંત કચ્છ સૌરાષ્ટ્ર અને તળ-ગુજરાતના હિંદુ વેપારીઓનો ફાળો પણ ગણનાપાત્ર છે. આથી મુંબઈના આરંભિક વિકાસમાં ગુજરાતીઓના ફાળા વિશે ગ્રંથના અંતે ખાસ પરિશિષ્ટ આપવામાં આવ્યું છે.

અગાઉના ગ્રંથોની જેમ આ ગ્રંથમાં સર્વ પ્રકરણોમાં અગત્યનાં વિધાનો માટેના આધાર પાદટીપમાં આપવામાં આવ્યા છે અને સર્વ સંસ્કૃત ગુજરાતી મરાઠી અંગ્રેજી વગેરે ગ્રંથોની વિગતવાર સંદર્ભસૂચિ પણ આપવામાં આવી છે. મનુષ્યો તથા સ્થળો વગેરેનાં વિશેષનામોની શબ્દસૂચિ પણ આપવામાં

આવી છે, જેના વિના આવા સંદર્ભગ્રંથની ઉપયોગિતા ઊણી રહે ૧૦ વર્ષ જેટલા ટૂંકા ગાળાના આ કાલખંડમાં કોઈ નવાં શહેર ભાગ્યેજ વસ્યાં હોઈ આ ભાગમાં નકશો આપવાની જરૂર લાગી નથી, પરંતુ સ્થાપત્ય શિલ્પ અને ચિત્રકલાને લગતા નમૂનાઓનાં ચિત્ર આપ્યાં છે.

વંશાવળીઓ માત્ર પેશવાઓની તથા ગાયકવાડોની આપી છે. આ કાલખંડ ઘણો ટૂંકો હોઈ સમકાલીન રાજવંશોની વંશાવળીઓનું અનુસંધાન ગ્રંથ ૮ માં કરવામાં આવશે.

આ ગ્રંથમાલાના લેખન તથા પ્રકાશનના ખર્ચ અંગે અમને પહેલેથી ગુજરાત રાજ્ય સરકાર તરફથી ૭૫ ટકા જેટલા અનુદાનની આર્થિક સહાય મળતી રહી છે એ માટે અમે એનો ઘણો આભાર માનીએ છીએ.

ઇતિહાસના અનેક અભ્યાસીઓ તરફથી પણ અમને સક્રિય સહકાર મળ્યો છે. એટલું ખરું કે ગુજરાતના ઇતિહાસમાં જેમ જેમ પ્રાચીનથી અર્વાચીન કાલ તરફ આવતા જઈએ છીએ તેમ તેમ એના તજ્જ્ઞોની ખોટ વરતાય છે. કેટલાક વિદ્વાનોએ પોતે પહેલેથી ગુજરાતના આ કાલના ઇતિહાસના તે તે પાસાના પહેલેથી તજ્જ્ઞ ન હોવા છતાં આ માટે એનો ખાસ અભ્યાસ કરી તે તે પ્રકરણ કે પરિશિષ્ટ તૈયાર કરી આપ્યું છે. આવા ગ્રંથની ગુણવત્તાના પ્રમાણનો ઘણો આધાર એના વિદ્વાન લેખકોની નિષ્ઠા અને કાર્યક્ષમતા પર રહેલો છે. કેટલાક અતિપ્રવૃત્ત રહેતા વિદ્વાનોનાં લખાણ અનેક ઉઘરાણીઓ પછી છેલ્લી ઘડીએ મળેલાં હોઈ એના સંપાદન માટે પૂરતો સમય મળ્યો નથી એનો અમને થોડોક વસવસો રહે છે. આ ગ્રંથમાલાના છેલ્લા બે ગ્રંથો માટે વિદ્વાન લેખકોનો સક્રિય સહકાર અમને સમયસર સાંપડે એવી આશા રાખીએ.

આ ગ્રંથના સંપાદન-કાર્યમાં તથા વંશાવળીઓ તૈયાર કરવામાં અમને અમારા સહ-કાર્યકર ડૉ. પ્ર. ચિ. પરીખનો સતત સક્રિય સહકાર સાંપડ્યો છે. પ્રૂફવાચનમાં સહ-કાર્યકર અધ્યાપક કે. કા. શાસ્ત્રીએ તેમજ ડૉ. પ્ર. ચિ. પરીખે સતત સક્રિય સાથ આપ્યો છે. સંદર્ભસૂચિ તથા શબ્દસૂચિ તૈયાર કરવામાં સહ-કાર્યકર ડૉ. ભારતીબહેન શેલતે ઘણી જહેમત લીધી છે. અમારા આ સહ-કાર્યકરોની સેવાની અહીં સાભાર નોંધ લઈએ છીએ.

ચિત્રો માટેના ફોટોગ્રાફ આપવા માટે તેમજ ચિત્રોના પ્રકાશન માટે તે તે સંસ્થા તથા વ્યક્તિના સૌજન્યની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઈએ છીએ.

અનેક વિદ્વાનોના સમૂહ વડે તૈયાર થયેલો મરાઠા કાલને લગતો આ ગ્રંથ ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના અભ્યાસીઓને આ ગ્રંથમાલાના અગાઉના ગ્રંથોની જેમ ઉપયોગી નીવડશે ને રાજ્ય સરકારના માતબર અનુદાનને લઈને ઘણી ઓછી કિંમતે મળતા આ દળદાર સચિત્ર ગ્રંથની પ્રતો ખરીદીને ગુજરાતના ઇતિહાસમાં રસ ધરાવતી સર્વ સંસ્થાઓ તથા વ્યક્તિઓ આ ગ્રંથમાલાને સક્રિય પ્રોત્સાહન આપતી રહેશે એવી આશા રાખીએ છીએ.

ભો. જે. વિદ્યાભવન
ર. છો. માર્ગ,
અમદાવાદ-૯
તા. ૩૧-૧-૧૯૮૧

રસિકલાલ છો. પરીખ
હરિપ્રસાદ ગં. શાસ્ત્રી
સંપાદકો

# અનુક્રમણી


પ્રસ્તાવના ૫
અનુક્રમણી ૧૧
ચિત્રોની સૂચિ ૧૭
ઋણસ્વીકાર ૧૮
સંક્ષેપ-સૂચિ ૧૯
શુદ્ધિપત્રક ૨૦


## ખંડ ૧

## પ્રાસ્તાવિક

### પ્રકરણ ૧

### સાધન-સામગ્રી


૧ મરાઠી અને અંગ્રેજી દફતરો ૧

લે. **રમેશકાંત ગો. પરીખ**, એમ.એ., પીએચ. ડી.
ઇતિહાસના પ્રાધ્યાપક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

૨ ફારસી તવારીખો રોજનીશીઓ વગેરે ૩

લે. **ઝિયાઉદ્દીન અબ્દુલ્હે દેસાઈ**, એમ. એ., ડી. લિટ.
સુપરિન્ટેન્ડિંગ એપિગ્રાફિસ્ટ ફૉર એરેબિક ઍન્ડ પર્શિયન
ઇન્સ્ક્રિપ્શન્સ, આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, નાગપુર

૩ સંસ્કૃત-ગુજરાતી અભિલેખો ૭

લે. **હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ. એ., પીએચ. ડી.
નિવૃત્ત અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

૪ અરબી-ફારસી અભિલેખો અને સિક્કા ૧૦

લે. **ઝિયાઉદ્દીન અબ્દુલ્હે દેસાઈ**, એમ. એ., ડી. લિટ.

૫ ખતપત્રો ૧૬

લે. **હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ. એ., પીએચ. ડી.

૬ ઇતિહાસોપયોગી સાહિત્ય ૨૦

લે. **ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા**, એમ. એ., પીએચ. ડી.
નિવૃત્ત નિયામક, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા

# ખંડ ૨

## રાજકીય ઇતિહાસ

### પ્રકરણ ૨

### છત્રપતિઓ અને પેશવાઓ અને તેઓના તથા તેઓના અધિકારીઓના ગુજરાત સાથેના પૂર્વસંપર્ક


૧ મરાઠા છત્રપતિઓ અને પેશવાઓ ૨૮

લે. **યતીંદ્ર ઇંદ્રશંકર દીક્ષિત,** એમ. એ., પીએચ. ડી.

અધ્યક્ષ, ઇતિહાસ-વિભાગ, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૨ મરાઠા શાસકોના પૂર્વ–સંપર્ક ૩૬

લે. **રમણલાલ ક. ધારૈયા,** એમ. એ., પીએચ. ડી,

ઇતિહાસના નિવૃત્ત પ્રાધ્યાપક, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

પરિશિષ્ટ

ગાયકવાડનું રાજ્ય ૪૮

લે. **રમેશકાંત ગો. પરીખ,** એમ. એ., પીએચ.ડી,

પ્રકરણ ૩

પેશવા બાલાજી બાજીરાવનો અમલ ૬૪

લે. **પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ,** એમ. એ., પીએચ. ડી.

કાર્યકારી અધ્યક્ષ, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

પ્રકરણ ૪

લે. **રમેશકાંત ગો. પરીખ,** એમ. એ., પીએચ. ડી.

પેશવા માધવરાવ ૧ લો ૮૭

પેશવા નારાયણરાવ અને રઘુનાથરાવ ૯૧

પેશવા માધવરાવ ૨ જો ૯૧

## પ્રકરણ ૫
## પેશવાઈ સત્તાની પડતી

લે. **રમેશકાંત ગો. પરીખ,** એમ. એ., પીએચ. ડી.

પેશવા માધવરાવ ૨ જો ( ચાલુ ) ૧૦૧
પેશવા બાજીરાવ ૨ જો ૧૦૫

## પરિશિષ્ટ ૧
## ગાયકવાડના વડોદરા રાજ્યનો ઇતિહાસ

લે. **રમેશકાંત ગો. પરીખ,** એમ. એ., પીએચ. ડી.

ગોવિંદરાવ ૧૨૫
સયાજીરાવ ૧ લો ૧૨૬
ફત્તેસિંહરાવ ૧ લો ૧૩૧
માનાજીરાવ ૧૩૩
ગોવિંદરાવ ( ૨ જી વાર ) ૧૩૪
આનંદરાવ ૧૩૭

## પરિશિષ્ટ ૨

**ગુજરાતમાં અંગ્રેજોનું જામતું પ્રભુત્વ** ૧૫૯

લે. **યતીંદ્ર ઈંદ્રશંકર દીક્ષિત,** એમ. એ., પીએચ. ડી.

## પ્રકરણ ૬
## સમકાલીન રાજ્યો

લે. **કેશવરામ કાશીરામ શાસ્ત્રી,** વિદ્યાવાચસ્પતિ, મહામહિમોપાધ્યાય
માનાર્હ અધ્યાપક, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

| | | | |
|---|---|---|---|
| ૧ જાડેજા વંશ | ૧૬૭ | ૧૧ ધરમપુરના સિસોદિયા | ૨૦૧ |
| ૨ જેઠવા વંશ | ૧૮૧ | ૧૨ પાટણના કણબી દેસાઈ | ૨૦૨ |
| ૩ ઝાલા વંશ | ૧૮૩ | ૧૩ બાબી વંશ | ૨૦૪ |
| ૪ પરમાર વંશ | ૧૮૭ | ૧૩અ માંગરોળના કાઝી શેખ | ૨૧૭ |
| ૫ ગૂહિલ વંશ | ૧૮૮ | ૧૪ પાલનપુરનો લોહાણી વંશ | ૨૧૮ |
| ૬ ઓખામંડળનો વાઢેલ વંશ | ૧૯૬ | ૧૫ ખંભાતનો નવાબી વંશ | ૨૨૧ |
| ૭ જસદણનો ખાચર કાઠી વંશ | ૧૯૬ | ૧૬ ભરૂચની નવાબી | ૨૨૫ |
| ૮ ઈડરનો રાઠોડ વંશ | ૧૯૭ | ૧૭ સચીનના સીદી નવાબ | ૨૨૮ |
| ૯ ખીચી ચૌહાણ વંશ | ૧૯૯ | ૧૮ સુરતના નવાબ | ૨૨૯ |
| ૧૦ સોલંકી વંશ | ૨૦૦ | ૧૯ કેટલાંક પ્રકીર્ણ રાજ્ય | ૨૩૪ |

## પ્રકરણ ૭

## રાજ્યતંત્ર

લે. **હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ. એ., પીએચ. ડી.

અને

**યતીંદ્ર ઇંદ્રશંકર દીક્ષિત**, એમ. એ. પીએચ. ડી.


| | |
|---|---|
| વહીવટી વિભાગો | ૨૪૮ |
| શાસકો અને અધિકારીઓ | ૨૪૯ |
| આવકનાં સાધન | ૨૫૭ |
| ન્યાય | ૨૬૦ |
| સૈન્ય | ૨૬૧ |


## પરિશિષ્ટ

## ગુજરાતમાં પ્રચલિત સિક્કા

લે. **ભાસ્કરરાય લ. માંકડ**, બી.એ., એલએલ.બી., ડી. મ્યુઝ.

નિવૃત્ત નિયામક, મ્યુઝિયમ્સ, ગુજરાત રાજ્ય


| | |
|---|---|
| શાહી મુઘલ ચલણ | ૨૬૬ |
| મરાઠાઓના સિક્કા | ૨૬૮ |
| દેશી રાજ્યોના સિક્કા | ૨૬૯ |
| પોર્ટુગીઝ સિક્કા | ૨૭૨ |
| ફ્રેંચ કંપનીના સિક્કા | ૨૭૩ |
| બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સિક્કા | ૨૭૩ |


# ખંડ ૩

# સાંસ્કૃતિક ઇતિહાસ

## પ્રકરણ ૮


**સામાજિક અને આર્થિક સ્થિતિ** ૨૭૭


લે. **ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા**, એમ. એ., પીએચ. ડી.

## પુરવણી

મુસ્લિમ સમાજ ૨૮૯

લે. **શાંતિલાલ મણિલાલ મહેતા,** એમ. એ., એલએલ. બી.
અધ્યાપક, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજ, રાજકોટ

## પ્રકરણ ૯

## સાહિત્ય

સંસ્કૃત સાહિત્ય ૨૯૩

**લે. ભારતીબહેન કીર્તિકુમાર શેલત,** એમ. એ., પીએચ. ડી.
અધ્યાપક, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ

ગુજરાતી સાહિત્ય ૨૯૯

લે. **કેશવરામ કાશીરામ શાસ્ત્રી,** વિદ્યાવાચસ્પતિ, મહામહિમોપાધ્યાય

અરબી, ફારસી, ઉર્દૂ સાહિત્ય ૩૦૭

લે. **શાંતિલાલ મણિલાલ મહેતા,** એમ. એ., એલએલ. બી.

## પ્રકરણ ૧૦

## ધર્મ-સંપ્રદાયો

૧ હિંદુ-જૈન ૩૧૬

લે. **ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા,** એમ. એ., પીએચ. ડી.

૨ ઇસ્લામ ૩૨૩

લે. **શાંતિલાલ મણિલાલ મહેતા,** એમ. એ., એલએલ. બી.

૩ જરથોસ્તી ધર્મ ૩૨૭

લે. **ચિનુભાઈ જગન્નાથ નાયક,** એમ. એ., પીએચ. ડી.
આચાર્ય, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

૪ ખ્રિસ્તી ધર્મ ૩૨૯

લે. **થોમસ બેન્જામિન પરમાર,** એમ. એ.
અધ્યાપક, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

# ખંડ ૪

## પુરાતત્ત્વ

### પ્રકરણ ૧૧

### સ્થાપત્ય અને શિલ્પ


૧ સ્થાપત્ય ૩૩૮

લે. પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ, એમ. એ., પીએચ. ડી.

૨ શિલ્પ ૩૫૮

લે. કિરીટકુમાર જેઠાલાલ દવે, એમ. એ., એલએલ. બી.
રજિસ્ટરિંગ ઑફિસર (ઍન્ટિકૃવિટીઝ), પુરાતત્ત્વ ખાતું, ગુજરાત રાજ્ય


### પ્રકરણ ૧૨

### ચિત્ર સંગીત અને નૃત્ય

લે. ચિનુભાઈ જગન્નાથ નાયક, એમ. એ., પીએચ. ડી.


ચિત્રકલા ૩૭૭

સંગીતકલા ૩૮૫

નૃત્યકલા ૩૯૦


### પરિશિષ્ટ


અર્વાચીન મુંબઈના આરંભિક વિકાસમાં ગુજરાતીઓનો ફાળો ૩૯૯

લે. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, એમ. એ., પીએચ. ડી.


### અનુપૂર્તિ


સાધન-સામગ્રી : મરાઠી અને અંગ્રેજી દફતરો તથા ગ્રંથો ૪૧૧

લે. રમેશકાંત ગો. પરીખ, એમ.એ., પીએચ. ડી.

સંદર્ભસૂચિ ૪૧૬

વંશાવળીઓ ૪૩૧

શબ્દસૂચિ ૪૩૨

# ચિત્રોની સૂચિ


| પટ્ટ | આકૃતિ | |
|---|---|---|
| ૧ | ૧-૬ | સિક્કાઓ |
| ૨ | ૭-૧૨ | સિક્કાઓ |
| ૩ | ૧૩ | મલ્હારરાવનો મહેલ, કડી |
| | ૧૪ | બાલાજી મંદિર, સુરત |
| ૪ | ૧૫ | રણછોડરાયજીનું મંદિર, ડાકોર |
| ૫ | ૧૬ | સતકૈવલનું મંદિર, સારસા-ખંભોળજ. |
| ૬ | ૧૭ | કૃષ્ણ મંદિર, અમદાવાદ. |
| | ૧૮ | હાટકેશ્વર મંદિર, અમદાવાદ |
| ૭ | ૧૯ | દમાજીરાવની છત્રી, પાટણ |
| ૮ | ૨૦ | દરવાજો, ભૂતેશ્વર મહાદેવ, ભૂતિયા વાસણા |
| | ૨૧ | અહલ્યાબાઈએ કરાવેલું સોમનાથ મંદિર, પ્રભાસ પાટણ |
| ૯ | ૨૨ | ઊર્ધ્વદર્શન, શિવમંદિર સુપેડી |
| ૧૦ | ૨૩ | મંડોવર, મુરલીમનોહરનું મંદિર, સુપેડી |
| | ૨૪ | જડેશ્વર મંદિર, જડેશ્વર (વાંકાનેર) |
| ૧૧ | ૨૫ | લખપતજીની છતરડી, ભૂજ |
| ૧૨ | ૨૬ | પ્રેમચંદ લવજીની ટૂંક પરનું મધ્યમંદિર, શત્રુંજય |
| ૧૩ | ૨૭ | રતનચંદ ઝવેરચંદનું મંદિર, શત્રુંજય |
| ૧૪ | ૨૮ | લખપતી પીરની દરગાહ, લખપત |
| ૧૫ | ૨૯ | જમાદાર ફતેહમામદનો રોજો, ભૂજ |
| ૧૬ | ૩૦ | ગણપતિ, ગણપતિ મંદિર, અમદાવાદ |
| | ૩૧ | લક્ષ્મીનારાયણ, લક્ષ્મીનારાયણનું મંદિર, અમદાવાદ |
| ૧૭ | ૩૨ | ઉમામહેશ્વર, હાટકેશ્વર મંદિર, અમદાવાદ |
| | ૩૩ | વિષ્ણુ, દૂધનાથ મહાદેવ, ભૂતિયા વાસણા |
| | ૩૪ | કુબેર, પાળિયાદ |
| ૧૮ | ૩૫ | પ્રતીહાર, ભીમનાથ (ધંધુકા પાસે) |
| ૧૯ | ૩૬ | તાપસ, જૈન મંદિર, સોજિત્રા |
| | ૩૭ | પાળિયો, શામળાજી |
| ૨૦ | ૩૮ | મહિષાસુરમર્દિની, અશ્વિનીકુમાર, સુરત |
| | ૩૯ | ગૌરી મંદિર, બરોડા મ્યુઝિયમ, વડોદરા |

| | | |
|---|---|---|
| ૨૧ | ૪૦ | પદ્માવતી, બરોડા મ્યુઝિયમ, વડોદરા |
| | ૪૧ | દીપલક્ષ્મી, બરોડા મ્યુઝિયમ, વડોદરા |
| ૨૨ | ૪૨ | બાલકૃષ્ણની મૂર્તિ, બરોડા મ્યુઝિયમ વડોદરા |
| ૨૩ | ૪૩ | ઐરાવત, કચ્છ મ્યુઝિયમ, ભૂજ |
| ૨૪ | ૪૪ | અંબિકા, બરોડા મ્યુઝિયમ, વડોદરા |
| | ૪૬ | મહાત્મા ગાંધીજીના મકાનની કોતરણી, પોરબંદર |
| ૨૫ | ૪૭–૪૮ | વાદ્યધારિણીઓ, બરોડા મ્યુઝિયમ, વડોદરા |
| ૨૬ | ૪૯ | નારીકુંજર, અજિતનાથ મંદિર, અમદાવાદ |
| | ૫૦ | છડીદાર, સુરત મ્યુઝિયમ, સુરત |
| ૨૭ | ૫૧ | 'અઢાર શીલાંગ–રથ' માંનું ચિત્ર, અમદાવાદ |
| ૨૮ | ૫૨ | 'દંડક બોલકાર' માંનું ચિત્ર, અમદાવાદ |
| ૨૯ | ૫૩ | 'સૂર્યસહસ્રનામસ્તોત્ર' માંનું ચિત્ર, અમદાવાદ |
| ૩૦ | ૫૪ | ભીંતચિત્ર, વૈજનાથ મહાદેવ,, સોખડા |
| | ૫૫ | રાયધણજીનું વ્યક્તિચિત્ર, ભૂજ |
| ૩૧ | ૫૬ | હસ્તિયુદ્ધનું દૃશ્ય, મેકમર્ડોનો બંગલો, અંજાર |
| ૩૨ | ૫૭ | લંકાદહન, મેકમર્ડોનો બંગલો, અંજાર |

## ઋણસ્વીકાર

[ ચિત્રોના ફોટોગ્રાફ પૂરા પાડવા માટે ]

બરોડા મ્યુઝિયમ : ૧ થી ૧૨, ૩૯ થી ૪૨, ૪૪, ૪૭ થી ૪૯
ડૉ. હરિલાલ ગૌદાની : ૧૩, ૧૫, ૧૬, ૧૯ થી ૨૫, ૩૩ થી ૩૬, ૫૪
પુરાતત્ત્વખાતું, ગુજરાત રાજ્ય : ૧૪, ૩૭, ૫૦, ૫૬, ૫૭
લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ : ૫૧ થી ૫૩
પોમલ સ્ટુડિયો, ભૂજ : ૪૩

# સંક્ષેપસૂચિ

| | |
|---|---|
| *BBMPG* | Bulletin of the Baroda Museum and Picture Gallery |
| *CCIMC* | Catalogue of Coins in the Indian Museum, Calcutta |
| *GBP* | Gazetteer of the Bombay Presidency |
| *GBS* | Gazetteer of the Baroda State |
| *GIAH* | Gujarat : Its Art Heritage |
| *GSG* | Gujarat State Gazetteers |
| *IK* | Inscriptions of Kathiawad |
| *JBBRAS* | Journal of the Bombay Branch of the Royal Asiatic Society |
| *JGRS* | Journal of Gujarat Research Society |
| *JNSI* | Journal of Numismatic Society of India |
| *MS* | Maratha Supremacy ( Ed. by R. C. Majumdar ) |
| *MSG* | Maharashtra State Gazetteer |
| *MSGH* | Maharashfra State Gazerteer, History |
| *NS* | Numismatic Supplement |
| *PRC* | Poona Residency Correspondence |
| *RLARBP* | Revised List of Antiquarian Remains in the Bombay Presidency |
| *TSPK* | The Temples of Shatrunjaya-Palitana in Kathiawad |
| *WCG* | Wood Carving of Gujarat ( by R. K. Trivedi ) |
| ગુ.વિ.હ.લિ.પુ.સંગ્રહ | ગુજરાત વિદ્યાસભા હસ્તલિખિત પુસ્તકસંગ્રહ |
| પ્રા. કા. | પ્રાચીન કાવ્યમાળા ( સંપા. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા ) |
| પ્રા. કા. ત્રૈ. | પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક ( વર્ષ ૩, ૪, ૫ ના અંકો ) |
| પ્રા. કા. સુધા | પ્રાચીન કાવ્યસુધા ( સંશોધક : છગનલાલ વિ. રાવળ ) |
| ફા. ગુ. સભા | ફાર્બસ ગુજરાતી સભા |
| ફા.ગુ.સ.હ.લિ.પુ. | ફાર્બસ ગુજરાતી સભા હસ્તલિખિત પુસ્તકસંગ્રહ |
| બૃ. કા. દો. | બૃહત્ કાવ્ય-દોહન ( સંગ્રાહક : ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ ) |
| ભા. રા. મં. | ભારત રાજમંડલ |
| વ. વિ. સં. પ. | વલ્લભવિદ્યાનગર સંશોધનપત્રિકા |
| प्राजैले | प्राचीन जैन लेखसंग्रह |

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૨૮ | *Sanads etc.* | *Sunnuds* |
| | ૮ | *Paona* | *Poona* |
| | ૧૨ | *Despaches* | *Despatches* |
| ૫ | ૧૧ | ગુલદસ્તએ | ગુલ્દસ્તએ |
| | ૨૮ | વકાયે એ | વકાયેએ |
| | | ફસૂલે. | ફસૂલે. |
| ૬ | ૨૫ | મુંત્સદી | મુત્સદ્દી |
| ૭ | ૧૩ | ૧૭૬૮ | ૧૭૭૮ |
| ૯ | ૨૫ | તામ્રલેખોમાં | અભિલેખોમાં |
| ૧૧ | ૩૦ | ખાનખાના | ખાનેખાનાં |
| ૧૩ | ૩ | રાઘૂ | રાઘુ |
| | ૧૯ | ખુર્શિદનિગાહ | ખુર્શીદનિગાહ |
| ૧૪ | ૧૮ | મુઘલ | મુગ્લ |
| ૧૫ | ૯ | ૧૮૦૨ | ૧૮૦૨ માં |
| | ૧૧ | સિક્કાએ | સિક્કએ |
| | ૨૧ | મુઘલ્લ | મુઘલ |
| ૨૩ | ૨૨ | હાસ્તલિખિત | હસ્તલિખિત |
| | ૩૨ | ૫ | ૨ |
| ૨૫ | ૯ | લેખ *JK*...લેખ *IK*, | લેખ(*IK*...લેખ(*IK*, |
| | ૨૮ | લેખમાં | લેખોમાં |
| ૨૬ | ૧૭ | *Suppiment* | *Supplement* |
| | ૨૫ | *Proceeding* | *Proceedings* |
| ૨૯ | ૧૫ | પોતાના | પોતાને |
| ૩૪ | ૬ | ૨ ાપ્યો | સ્થાપ્યો |
| ૩૫ | ૭ | ચને | અને |
| ૪૧ | ૨૩ | બીલપુર | બીલાપુર |
| ૪૨ | ૨૩ | ૧૭૭૩ | ૧૭૩૩ |
| | ૨૮ | વાદાનું | વાદનું |

| | | | |
|---|---|---|---|
| ૪૬ | ૪ | અમદાવાને | અમદાવાદને |
| | ૨૯ | Appindix | Appendix |
| ૪૭ | ૧૪ | વ્યવસ્થિ | વ્યવસ્થિત |
| | ૧૫-૧૬ | સત્તા સ્થાપવાના | સત્તાના સ્થાપનના |
| | ૧૮ | બાગલાણુમાં | બાગલાણમાં |
| ૪૮ | ૧૭ | પતિામહ | પિતામહ |
| | ૨૨ | નંદાજી | નંદાજીએ |
| | ૨૮ | સવારીની | સવારોની |
| | ૨૬ | મખ્ખુલાબાદ | મકબૂલાબાદ |
| ૫૧ | ૨૦ | આરયું | આપ્યું |
| ૫૪ | ૪ | પોતાનો | પોતાના |
| | ૭ | મેળેવી | મેળવી |
| ૫૫ | ૧૨,૧૫ | દેહજ | દહેજ |
| ૫૮ | ૧૦ | રઘુવાથરાવે | રઘુનાથરાવે |
| ૬૧ | ૨૨ | Parashis | Parashnis |
| ૭૭ | ૧ | આપવવાનો | આપવાનો |
| ૮૪ | ૪ | *BGP* | *GBP* |
| ૮૫ | ૭ | અમદાનાદના | અમદાવાદના |
| ૯૧ | ૧૫ | વિ. રઘુનાથરાવ (ઈ.સ. ૧૭૭૪ થી ૧૭૮૦) | (ઈ.સ. ૧૭૭૪ થી ૧૭૮૦ ચાલુ) વિ. રઘુનાથરાવ |
| ૯૩ | ૧૨ | સામે | સાથે |
| ૯૪ | ૧૭ | બીલ્લપુર | બીલાપુર |
| | ૨૪ | ૧૯૭૫ | ૧૭૭૫ |
| ૯૮ | ૧૫ | ૨૦ | ૨૬ |
| ૧૦૧ | ૪ | સૂબેદારોની હેરફેરી | પેશવા માધવરાવ ૨ જો (ઈ.સ. ૧૭૮૦થી૧૭૯૫): સૂબેદારોની હેરાફેરી |
| ૧૦૨ | ૧૧ | બાલાજી | બાબાજી |
| ૧૦૫ | ૧૮ | પેશવાનો સૂબો આબા શેલૂકર | પેશવા બાજીરાવ ૨ જો (ઈ.સ. ૧૭૯૬ થી ૧૮૧૮) પેશવાનો સૂબો આબા શેલૂકર |
| | ૩૦ | ગુજરાતાં | ગુજરાતમાં |

| | | | |
|---|---|---|---|
| ૧૦૬ | ૨૧ | દડો | દંડો |
| ૧૦૭ | ૧૩ | ઑક્ટોબર | સપ્ટેંબર |
| ૧૦૮ | ૧૧ | ૧ | ૨૯ |
| ૧૦૯ | ૧ | ૧૮૦૩ | ૧૮૦૨ |
| ૧૧૧ | ૧૮ | આવ્યા.[૨૪] | આવ્યા.[૨૩] |
| ૧૧૨ | ૫ | અવશેષે | અવશેષો |
| ૧૧૮ | ૮ | વધુ | વધુ |
| ૧૨૨ | ૧૨ | કરાક | કરાર |
| ૧૨૩ | ૨૧ | ગાયકવાડી | ગાયકવાડી |
| ૧૩૧ | ૧૧ | કેકલીક | કેટલીક |
| | ૨૭ | ૧ | ૨૦ |
| ૧૩૨ | ૫ | ખંડણી | ખંડણી |
| | ૨૪ | જનર્લ | જનરલ |
| ૧૩૬ | ૨ | ચૂકવાની | ચૂકવવાની |
| | ૧૬ | ભગવંતરાય | ભગવંતરાવ |
| | ૧૦ | ધંધૂકા | ધંધુકા |
| ૧૩૭ | ૧૨ | ગેહનાભાઈએ | ગેહનાભાઈએ |
| ૧૩૮ | ૨૫ | ૧, ૧૮૦૧ | ૨૯, ૧૮૦૨ |
| ૧૩૯ | ૮ | ૧૮૦૧ | ૧૮૦૨ |
| | ૩૦ | ભારી | ભારે |
| ૧૪૭ | ૮ | લસ્કર | લશ્કર |
| ૧૪૮ | ૧૯ | ૬૦,૦૦૦ | ૬,૦૦૦ |
| ૧૫૦ | ૧૨ | એ | એ જૂથ |
| ૧૫૧ | ૨૫ | વાટોઘાટો | વાટાઘાટો |
| ૧૬૧ | ૨૯ | કંડીલ | કુંડેલા |
| ૧૬૨ | ૩ | ૩૦૦ | ૩,૦૦૦ |
| ૧૬૪ | ૨૯ | બાબાજી | બાલાજી |
| ૧૬૮ | ૭ | ૯૯, પૃ. ૭૩ ૭૪ | ૯, પૃ. ૭૩–૭૪ |
| ૧૭૦ | ૨૮ | ૧ ૦૧ | ૧૮૦૧ |
| ૧૮૬ | ૧૨ | બહાવટે | બહારવટે |
| ૧૮૮ | ૯ | સૂંથ | સૂંથ (સંતરામપુર) |
| ૧૯૩ | ૧૨ | તોપ મારો | તોપમારો |

| | | | |
|---|---|---|---|
| ૨૦૩ | ૨૧ | મુજબૂત | મજબૂત |
| ૨૧૭ | ૩ | ૧૩ | ૧૩ અ. |
| ૨૨૧ | ૧૨ | પણ | પર |
| ૨૨૪ / ૨૨૫ | ૨૮ / ૩ | બાલાજી | બાબાજી |
| | ૨૦ | મહમૂદશાહે | મુહમ્મદશાહે |
| ૨૨૭ | ૧ | અંગ્રેજોએ | અંગ્રેજેએ |
| ૨૩૧ | ૧ | નવાબખાન | નવાઝખાન |
| | ૪ | ગાયકલાડ | ગાયકવાડ |
| | ૬ | અથમાણ | અથડામણ |
| | ૧૭, ૨૫ | હ ફીઝ | હાફિઝ |
| | ૩૦ | યદ | સૈયદ |
| ૨૩૨ / ૨૩૩ | ૩૦ / ૬, ૧૦, ૧૧, ૨૦ | હાફીઝ | હાફિઝ |
| ૨૩૬ | ૨૨ | ઊમેદસિંહજી | ઉમેદસિંહજી |
| | | સૂરસિંહજી | સૂરજસિંહજી |
| | ૨૩ | ૩ જો | ૨ જો |
| ૨૩૭ | ૧૩ | ૧ ૯૯ | ૧૬૯૯ |
| ૨૪૫ | ૩ | વલીવડા | વાલેવડા |
| ૨૪૮ | ૨૭ | મોજ | મોજ |
| | ૨૮ | મહેતા | કહેતા |
| ૨૫૧ | ૩૦ | દુષ્કુત્યો | દુષ્કૃત્યો |
| ૨૫૬ | ૧૮–૧૯ | મહેસુલની | મહેસૂલની |
| ૨૫૮ | ૧૩ | ગુજારતમાં | ગુજરાતમાં |
| | ૧૭ | અનિશ્ચતતા | અનિશ્ચિતતા |
| ૨૬૨ | ૨૧ | પાડવવામાં | પડાવવામાં |
| | ૩૦ | ધાસદાણે | ઘાસદાણો |
| ૨૬૩ | ૧ | પરંતુ | પરંતુ એ |
| ૨૬૪ | ૩ | આલીયગીર | આલીમગીર |
| ૨૬૫ | ૫ | ભા. ૨ | 'મીરાતે એહમદી', ભા.૨ |
| ૨૭૬ | ૬ | *Suppiement* | *Supplement* |
| | ૨૮ | Voi. V, p. 79 | Vol. V, p. 97 |
| | ૩૧ | pl. | pt. |

| | | | |
|---|---|---|---|
| ૨૮૨ | ૩ | નહેતા | નહોતા |
| | ૫ | અનેક | એક |
| | ૨૫ | અધવધ | અધવચ |
| ૨૮૩ | ૧૫ | પ્રમાણુમાં | પ્રમાણુમાં રની નિકાસ |
| ૨૮૫ | ૭ | સિક્કાઓનો | સિક્કાઈનો |
| ૨૮૬ | ૧૧ | ચાદીમાં | ચાંદીમાં |
| ૨૮૭ | ૨૮ | હેરવવાની | ફેરવવાની |
| ૨૮૮ | ૭ | પકડાતાં. | પકડાતાં, |
| ૩૨૧ | ૧૨ | હોવાનો | હોવાની |
| ૩૨૨ | ૨૭ | યાત્રિકો | યતિઓ |
| ૩૨૩ | ૧૫ | હૈયાં ને | હૈયાંને |
| ૩૩૧ | ૧૮ | નાખવાનાં કુકર્મ કર્યાં હતાં. | નાખવાના હુકમ કર્યા હતા. |
| | ૨૪ | એ | એ શરૂ |
| ૩૩૫ | ૧ | જૉનનું | જૉન ટેલરે |
| | ૨૬ | તેલકટોદી | તેલકટોરી |
| ૩૩૬ | ૧૮ | ઇહિતાસ | ઇતિહાસ |
| | ૩૨, ૩૬ | મકાહી | મકાટી |
| ૩૪૧ | ૨ | હાફીઝુદ્દીને | હાફિઝુદ્દીને |
| ૩૪૪ | ૧૨ | મહરાજે | મહારાજે |
| ૩૫૨ | ૧૩ | મીયાગામ | મિયાંગામ |
| ૩૫૩ | ૧૯ | ( તા. ધંધુકા | ( તા. ધંધુકા ) |
| ૩૫૫ | ૨૮ | સંભનાથ | સંભવનાથ |
| ૩૫૮ | ૨૨ | પ્રયાત | પ્રયાસ |
| ૩૮૧ | ૪ | શવ | શૈવ |
| ૩૯૫ | ૩૦ | વણઝરા | વણઝારા |
| ૪૦૧ | ૨૪ | રક તરીકે | રકૂ તરીકે |
| ૪૦૪ | ૧૮ | સુંબઈ | મુંબઈ |
| ૪૧૩ | ૨૫ | Palanpnr... Mhikantha | Palanpur... Mahikantha |
| | ૨૬ | Natuot | Narukot |

# ખંડ ૧

## પ્રાસ્તાવિક

### પ્રકરણ ૧

## સાધન-સામગ્રી

### ૧. મરાઠી અને અંગ્રેજી દફતરો

ગુજરાતમાં મરાઠાઓનાં પ્રવેશ, સત્તા-સ્થાપન અને રાજ્ય-અમલ અંગેનાં ઐતિહાસિક આધારસાધન વિવિધ પ્રકારનાં છે. ગુજરાતના મરાઠા કાલના ઇતિહાસ માટે એ ઘણાં ઉપયોગી છે.

પહેલાં મરાઠી આધારો જોઈએ. પેશવાનાં દફતરોમાંથી ખ્યાતનામ મરાઠા ઇતિહાસવિદ્ ગોવિંદ સખારામ સરદેસાઈએ મહત્ત્વ ધરાવતા કાગળપત્રો પસંદ કરી એનું સંપાદન ૪૫ જેટલા ભાગોમાં पेशवे दफ्तरांतुन निवडलेले कागद નામે કર્યું છે. ને એ ભાગો *Selections from Peshwa Daftar* તરીકે જાણીતા છે. એ ભાગો પૈકી ગુજરાત સાથે સંબંધ ધરાવતા ભાગોમાં નં. ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૩૪, ૪૩ અને ૪૫ ઉપયોગી છે. નં. ૧૨ માં સેનાપતિ દાભાડે અને ગુજરાત પરનો વિજય, નં. ૧૩ માં મરાઠાઓનો માળવામાં પ્રવેશ, નં. ૧૪ માં ઉત્તર ભારતમાં મરાઠાઓના વિજયો, નં. ૧૬ અને ૩૪ માં મરાઠાઓની વસાઈ પરની ચડાઈઓ, નં. ૪૩ માં પેશવાકાલ (૧૭૨૭-૧૭૯૭) દરમ્યાનની સામાજિક અને ધાર્મિક બાબતો તથા નં. ૪૫ માં મરાઠા વહીવટને લગતા દસ્તાવેજો આપવામાં આવ્યા છે.

લાટ( દક્ષિણ ગુજરાત )માં મરાઠાઓની સત્તા વિશે મરાઠી દફતરોનો સંગ્રહ लाटचे मराठी ऐतिहासिक लेख બે ભાગમાં વિદ્યાનંદ સ્વામી શ્રીવાસ્તવે સંપાદિત કર્યો છે. પહેલા ભાગ ( ૧૬૭૦-૧૮૧૮ )માં લાટમાં મરાઠી સત્તાનો ઉદય અને પતન તથા મરાઠાઓના વાંસદાના ચૌલુક્યો સાથેના સંબંધો વિશેનાં

દફતરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. લેખસંગ્રહના બીજા ભાગમાં (૧૭૪૨ –૧૮૧૮) લાટમાં મરાઠી સત્તાનો ઉદય તેમ પતન તથા અંગ્રેજોના એ વિસ્તારમાં થયેલા આગમન વિશેનાં દફતર છે. દફતરોનો મૂળ પાઠ પ્રથમ મરાઠીમાં અને એની નીચે અંગ્રેજીમાં એનું ભાષાંતર ભાવાનુવાદરૂપે આપવામાં આવ્યું છે. પ્રથમ ભાગમાં ૧૨૭ અને બીજા ભાગમાં ૧૩૧ દફતર છે. વી. વી. ખરે–સંપાદિત ऐतिहासिक लेखसंग्रह, જેના ૧૪ ગ્રંથ છે, તેમાં ૧૩ મો ગ્રંથ ગુજરાત સાથેના મરાઠાઓના સંબંધો માટે ઉપયોગી છે. કે. એન. સાને–સંપાદિત दाभाडे हकीकत માં પણ સેનાપતિ દાભાડે અંગે માહિતી છે. કે. વી. પુરંદરે–સંપાદિત पुरंदरे दफ्तरना ત્રણ ગ્રંથોમાં પહેલો ગ્રંથ ગુજરાત સંબંધી માહિતીવાળો છે. વાય. એન. કેળકર–કૃત वसईची मोहीम પણ નોંધપાત્ર છે.

ગુજરાતમાં મરાઠી સત્તા પુણેના પેશવા અને વડોદરાના ગાયકવાડ વચ્ચે વહેંચાયેલી હતી, પરંતુ ૧૮૧૮ થી ગુજરાત–સૌરાષ્ટ્રમાં પેશવાની સત્તાનો અંત આવ્યો ને માત્ર ગાયકવાડનું વડોદરા રાજ્ય સ્વતંત્ર મરાઠી સત્તા રૂપે રહ્યું. ગાયકવાડ વંશને લગતા જે આધાર છે તેમાં गायकवाडांची हकीकत (सहकारी दफतरांतील झालेली खबर : વડોદરા રેકૉર્ડ ઑફિસ)માં ગાયકવાડ કુટુંબની પ્રવૃત્તિઓનું આલેખન કરવામાં આવ્યું છે. એવી રીતે *वडोदें राज्याच्या दफ्तरांतील ऐतिहासिक बॆचे* ભાગ ૧ માં આ ગ્રંથના સમય માટેના વડોદરા રાજ્ય અંગે થોડા ઉલ્લેખ છે.

પ્રસ્તુત કાલખંડમાં ગુજરાતમાં અમુક સ્થળે પોર્ટુગીઝોની હકુમત હતી, ડચ અથવા વલંદાઓની કોઠી મુખ્ય વેપારી કેંદ્રોમાં હતી અને કંપની સરકાર એટલે કે અંગ્રેજોનું વર્ચસ દઢતાપૂર્વક વધતું હતું. પોર્ટુગીઝ અને ડચ દફતરોમાં ગુજરાતના રાજકીય અને આર્થિક ઇતિહાસની ઘણી અગત્યની માહિતી હોય એ સ્પષ્ટ છે, પણ એ ભાષાઓની જાણકારીને અભાવે એનો ઉપયોગ થઈ શક્યો નથી.

અંગ્રેજી ભાષામાં જે સાહિત્ય છે તે વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. મરાઠા ઇતિહાસ અંગે જે સામાન્ય સ્વરૂપનાં પુસ્તક છે તેમાં ગુજરાત વિશેના સંદર્ભ આવે છે. આવાં કેટલાંક જોઈએ તો એમાં સી. યુ. એચીસન–કૃત *Treaties, Engagements, Sanads etc.* (૧૮૬૩) ગ્રંથ ૩ માં અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે થયેલા કોલકરારો, સંધિઓ વગેરેનો સમાવેશ કરાયો છે. જી. એસ. સરદેસાઈ અને જે. એન. સરકારે સંયુક્ત રીતે સંપાદિત કરેલ *Poona Residency Correspondence* ની ૧૪ ગ્રંથોની ગ્રંથમાળામાં ગ્રંથ ૨, ૬,

અને ૧૨ માં ગુજરાતને લગતી માહિતી છે. *Selections from Baroda State Records* નો ગ્રંથ ૨ ગાયકવાડ સંબંધે છે. સર. જે સ્ટ્રેચીએ *Surat Factory Records* સંપાદિત કર્યો છે તેમાં આરંભના સમયના મરાઠાઓ અને અંગ્રેજો વચ્ચેના સંબંધ જોવા મળે છે.

વડોદરાના ગાયકવાડ સંબંધે અંગ્રેજીમાં જે આધારસાધન મહત્ત્વનાં કહી શકાય તેમાં જે. એચ. ગેન્સે અને ડી. આર. બાનાજી–સંપાદિત *The Gaikwads of Baroda : English Documents* નામની ગ્રંથ–શ્રેણીમાં ગ્રંથ ૧ થી ૧૦ તથા *The Third English Embassy to Paona* આ કાલ માટે ધ્યાનપાત્ર છે. ગંગાધર શાસ્ત્રી પટવર્ધનના વંશજો પાસેથી ખરીદવામાં આવેલા કાગળ-પત્રોનું સંકલન *Selections from Shastri Daftar* અને એફ. એ. એચ. ઈલિયટ–કૃત *The Rulers of Baroda* નોંધપાત્ર છે. ડબલ્યુ. જી. ફૉરેસ્ટ–સંપાદિત *Selections from the Letters Despaches and other State Papers Preserved in the Bombay Secretariat ( Maratha Series );* માઉન્ટસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનનો *Report on Territories Conquered from the Peshwa,* જેમ્સ ફોર્બ્સ–કૃત *Oriental Memoirs ( 4 Vols );* ફોસ્ટર વિલિયમ–સંપાદિત *The English Factories* (ગ્રંથ ૧–૧૦) તથા ડબલ્યુ. આર. વૉલેસ–કૃત *The Guicowar and his Relation with the British Government;* વી. જી. ડીઘે–કૃત *Peswa Baji Rao I and Maratha Expansion* વગેરેનો સમાવેશ કરી શકાય.

## ૨. ફારસી તવારીખો રોજનીશીઓ વગેરે

આ કાલના ગુજરાતના ઇતિહાસ માટે કોઈ વિશેષ સામગ્રી મુસ્લિમ તવારીખો કે અરબી–ફારસી પુસ્તકોમાં ઉપલબ્ધ નથી. મરાઠાકાલના પ્રારંભમાં લખાયેલા જાણીતા મહત્ત્વના પુસ્તક ' મિરૂઆતે અહમદી ' પછી સમકાલીન ઇતિહાસને આલેખતા એવા કોઈ સ્વતંત્ર પુસ્તકની નોંધ મળી નથી. મરાઠા-કાલની લૂંટફાટ, અંધાધૂંધી, અફરાતફરી, નાનાં–મોટાં રજવાડાંઓમાં શાંતિ તેમજ કાયદા–વ્યવસ્થાનો અભાવ વગેરે કારણોને લઈને મુસ્લિમ તવારીખોની સંખ્યા પહેલાંના કાલના પ્રમાણમાં ઓછી હોય એ સમજી શકાય એમ છે. પણ ગુજરાતના ઇતિહાસના આ સંધ્યાકાલ દરમ્યાન પણ બુઝાતા દીપકની જેમ ફારસી ભાષાના વપરાશના ઝબકારાના પ્રતીકરૂપ થોડાંઘણાં ઇતિહાસ-પુસ્ત-કોની સાથે પત્ર વ્યવહાર રોજનીશી બયાઝ( નોંધપોથી ) વગેરે સાહિત્યનું

વિશેષ કરીને નાગરો દ્વારા ઠીક ઠીક સર્જન થયું, જે તત્કાલીન રાજકીય તેમજ સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસના સાધન માટે અગત્યનું ગણાય. આ કાલના ઇતિહાસ માટે ઉપલબ્ધ સામગ્રીનું સંક્ષિપ્ત વિવરણ નીચે મુજબ છે :

**મિરૂઆતે અહમદી** ( કર્તા અલી મુહમ્મદખાન )

ગુજરાતમાં મુઘલ સત્તાના વિલય અને મરાઠાઓના ઉદયના ઇતિહાસ માટે સમકાલીન મિરૂઆતે અહમદીનું મહત્ત્વ ઘણું છે. ગુજરાતના છેલ્લા શાહી દીવાન તરીકે ઓળખાતા અલીખાન મુહમ્મદખાને ૧૭૪૪–૪૬ દરમ્યાન કાપડ બજારના અધ્યક્ષ (અમીન) તેમજ ૧૭૪૬–૫૮ દરમ્યાન ગુજરાતના સૂબેદારના દીવાન તરીકે કામગીરી બજાવી હતી. મિરૂઆતે અહમદીના દળદાર બીજા ભાગમાં ઈ. સ. ૧૭૧૯ થી લઈ પાણીપતની ત્રીજી લડાઈ (ઈ. સ. ૧૭૬૧) સુધીના ઇતિહાસની કર્તા તેમજ એના પિતા(જે પણ શાહી દીવાન હતા)એ નજરે જોયેલી તથા તે સમયે ઘટેલી ઘટનાઓમાં ભાગ લીધેલો, તેની વિસ્તૃત હકીકત આપવામાં આવી છે. આમ મરાઠાઓના ગુજરાતના પગપેસારા તેમજ એમના વર્ચસ્વના શરૂઆતના દસકાઓના ઇતિહાસ માટે આ પુસ્તક અમૂલ્ય છે.

વળી એની પુરવણી (ખાતેમા) ગુજરાતના ગૅઝેટિયરની ગરજ સારે છે. એમાં પાટનગર અમદાવાદ શહેર, એનાં ઉપનગરો (પરાં), મહોલ્લા, પ્રવેશદ્વારો, બજારો, ચકલાં, ઉદ્યાનો, ઉપવનો, તળાવો વગેરે; ગુજરાતના મુસ્લિમ સંતો તેમજ તેમના રોજાઓ; પાટનગર અને પ્રાંતના બીજા ભાગોની હિંદુઓની જ્ઞાતિઓ, એમનાં મંદિર તેમજ તીર્થો; પૃથક્ રાજકીય ખાતાં-ઓની કામગીરી અને એમના અમલદારોની ફરજો, પ્રાંતનાં સરકાર, પરગણાં, થાણાં વગેરે વહીવટી એકમો, રજવાડાં, તાલુકદારો તેમજ દેસાઈઓ તેમજ એમના તરફથી રાજ્યને ભરવામાં આવતી ખંડણીની રકમ, પ્રાંતની મુખ્ય બંદરગાહો, નદીઓ, પર્વતો, સહેલગાહો તેમજ ખનિજ સહિત પેદાશ, માપ-તોલ તથા એવી બીજી પરચૂરણ પ્રમાણભૂત હકીકત ઉપલબ્ધ છે.[1]

**તારીખે સોરઠ વ હાલાર અથવા વકાયે એ સોરઠ વ હાલાર**
( કર્તા દીવાન રણછોડજી અમરજી )

મુખ્યત્વે સોરઠ અને હાલાર( નવાનગર )નો તત્કાલીન ઇતિહાસ આલેખતું આ પુસ્તક ઈ. સ. ૧૮૩૦માં રચાયું હતું. એમાં સોરઠ અને હાલારનો સંપૂર્ણ ઇતિહાસ આપવામાં આવ્યો છે. આ સમયના ઇતિહાસમાં કર્તાના

પિતા દીવાન અમરજી વગેરેએ સક્રિય ભાગ ભજવ્યો હતો એટલે તત્કાલીન ઇતિહાસ માટે એમાં અપાયેલી માહિતી અગત્યની તેમજ આધારભૂત ગણાય.[૨]

**હદીકએ અહમદી** ( કર્તા શેખ અહમદ ઉર્ફે બખ્શુમિયા બિન શેખ હામિદ )

ત્રણ ભાગમાં વિશ્વ-ઇતિહાસ આલેખતા આ દળદાર પુસ્તકના એક ભાગમાં ગુજરાતનો સવિસ્તાર ઇતિહાસ છે. સુરતના રહેવાસી એના કર્તાએ એનું પંદર ભાગમાં ' હકીકતુલ હિંદ ' નામ હેઠળ પુનર્લેખન કરવાનો નિર્ધાર કર્યો હતો, પણ એનો એક ભાગ જ લખાયો ત્યાં તો કર્તાનું ઈ. સ. ૧૮૪૮ માં મૃત્યુ થયું.[૩]

કર્તાના પુત્ર શેખબહાદુર ઉર્ફે શેખૂમિયાંએ ઉપર્યુક્ત પુસ્તકનો, સુરત શહેર તેમજ એના પ્રસિદ્ધ સંતો પ્રખ્યાત કુટુંબો વગેરેને લગતા ઇતિહાસવાળો ભાગ '**ગુલદસ્તએ સુલહાએ સુરત અલ્‌મુસમ્મા બિ હકીકતુસ્સુરત**'-ના નામથી પ્રસિદ્ધ કર્યો હતો.

**અહવાલે ગાયકવાડ** ( કર્તા સારાભાઈ બાપાભાઈ મહેતા )

આ પુસ્તકમાં વડોદરાના ગાયકવાડ રાજાઓનો આરંભથી ઈ. સ. ૧૮૧૮ સુધીનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. એમાં ગુજરાતમાં મરાઠાઓની હકૂમતથી લઈ ગુજરાત તેમજ બાજુના પ્રદેશોમાં એમના દ્વારા ચોથ અને સરદેશમુખી ઉઘરાવતી વેળા જે અત્યાચાર અને જોરજુલ્મ થતા તેનું રોમાંચક વર્ણન પણ છે.[૪]

**તારીખે મરહટા (મરાઠા) દર ગુજરાત** ( કર્તા અજ્ઞાત )

પિલાજીરાવ ગાયકવાડથી શરૂ કરીને ઈ. સ. ૧૭૭૩ સુધીનો મરાઠાઓનો ઇતિહાસ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે.[૫]

**નસબનામએ જાડેજા**

કચ્છના જાડેજા વંશના રાજવીઓનો ઇતિહાસ ઈ. સ. ૧૮૭૮ માં ભુજ પરગણા સ્થિત વેરાગામ નિવાસી કુંવરજી જાદવજી ઉપાધ્યાયે ગુજરાતીમાં મૌખિક લખાવ્યો, તેનો ફારસી અનુવાદ કચ્છના આસિસ્ટંટ રેસિડેન્ટ મિ. વૉલ્ટરના આદેશથી કરવામાં આવ્યો. આ પુસ્તકમાં સંવત ૧૮૭૫ (ઈ. સ. ૧૮૧૯) સુધીનો ઇતિહાસ આપવામાં આવ્યો છે.[૬]

**વકાયે એ અહસનુલ્લમદા ચેહ** ( કર્તા મીર મુહમ્મદ ફઝ્લેહુસેનખાન હમદાની )

ઈ. સ. ૧૮૦૭–૦૮ માં રચિત આ પુસ્તકમાં સુરતના પ્રસિદ્ધ ઐતિ-

હાસિક બખ્શી ખાનદાનનો ઇતિહાસ છે. કર્તા પોતે બખ્શી કુટુંબનો વડીલ હતો.[૭]

**જ્યોર્જ-નામા** ( કર્તા મુલ્લા ફીરોઝ બિન કાવસ )

આ દળદાર પુસ્તકમાં અંગ્રેજોના ભારત-આગમન તેમજ પોર્ટુગીઝ અમલની શરૂઆતથી લઈને ઈ. સ. ૧૮૧૭માં કંપની સરકારે પૂના લીધું ત્યાંસુધીનો ઇતિહાસ આલેખાયેલો છે.[૮]

**અનામી પુસ્તક**

ગુજરાત વિદ્યાસભાના પુસ્તકાલયમાં એક પુસ્તક છે, જેમાં ગુજરાતના અમુક જિલ્લાઓનાં પરગણાં વગેરે, જમીનદારો અધિકારીઓ કામીઓ વગેરેની નિમણૂકો રાજ્યખર્ચ વહાણવટું વગેરેની વ્યવસ્થા વિશે માહિતી છે, જે તત્કાલીન ઇતિહાસ માટે ઉપયોગી છે.

ઉપર્યુક્ત પુસ્તકો ઉપરાંત આ સમયના ઐતિહાસિક લેખનની ઠીક એવી સામગ્રી પૂરી પાડતી બે સાહિત્ય-શાખાઓ — રોજનીશી અને પત્રસંગ્રહોના ૧૮ મી-૧૯ મી સદીમાં લખાયેલા નમૂના સારી એવી સંખ્યામાં ઉપલબ્ધ છે.

સુરતના નવાબોના દીવાન કિરપારામ નાગરે ( ઈ. સ. ૧૮૦૦ ) લગભગ પોતાના સમયને લગતી હકીકતની નોંધપોથી રાખી હતી, જે એમના વંશજોના કબજામાં હોવાનું કહેવાય છે. દીવાન રણછોડજીની ફારસી રોજનીશી પણ એમના વંશજ પાસે હોવાની માહિતી છે. મુન્શી નંદલાલ ( ૧૮ મી સદીના ઉત્તરાર્ધ ) અમદાવાદના ગાયકવાડી સૂબા ગોપાળરાવને ત્યાં નોકરીએ હતો તે સમયે એણે સંકલિત કરેલી નોંધપોથીમાં ઐતિહાસિક માહિતીવાળા પત્રો તેમજ સ્વરચિત કાવ્યો છે.

૧૮ મી સદીના ઉત્તરાર્ધ અને ૧૯ મી સદીના પૂર્વાર્ધમાં સંકલિત અનેક પત્રસંગ્રહ પણ આ સમયના ઇતિહાસનાં વિવિધ પાસાંઓ માટે અગત્યનાં સાધન ગણાય. **રૂકૂઆતે ગિરધારીમલ**( ઈ. સ. ૧૮૨૧ આસપાસ )માં સુરતના મુત્સદ્દી અને ખંભાત તેમજ વડોદરાના ફોજદાર જેવા ગુજરાતના અમલદારી વર્ગ તરફથી લખાયેલા પત્ર સંગૃહીત છે. ભરૂચના કિશોરદાસ દેસાઈએ નવાબોના દીવાન તરીકે કામગીરી બજાવી તે દરમ્યાન શાહી આદેશ-પત્રો, અરજીઓ તેમજ નવાબોના જવાબો, અમાત્યોના આદેશો તથા એવો બીજો પત્રવ્યવહાર એકત્રિત કરી જે પુસ્તક રચ્યું છે તેમાં એ સમયના ભરૂચની નવાબીના ઇતિહાસ માટે વિપુલ સામગ્રી મળી રહે છે. એવું જ બીજું

પુસ્તક સૈયદ મુહમ્મદ-સંકલિત **મક્તૂબાત** (પત્રો) છે તે ઈ. સ. ૧૮૩૬–૩૭ આસપાસ ભરૂચની સિંધિયા સરકાર તથા ગુજરાતના અગ્રેસર ગૃહસ્થો વચ્ચે થયેલા પત્રવ્યવહારનો સંગ્રહ છે. એમાં પણ સારી એવી ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ છે. કિશનજી વૈદનું **રૂક્આતે ગરીબ** (ઈ. સ. ૧૮૦૦ આસપાસ) સમકાલીન રાજકીય તેમજ સામાજિક સ્થિતિ પર સારો એવો પ્રકાશ પાડે છે.

આ સાહિત્ય-શાખામાં સારાભાઈ મહેતાના પાંચેક પત્રસંગ્રહ ઉપલબ્ધ છે. ૧૯ મી સદીના પૂર્વાર્ધમાં લખાયેલા આ પત્ર ગુજરાતના રાજકીય તેમજ સામાજિક જીવનને લગતી અગત્યની માહિતી આપે છે. આ બધા પત્રસંગ્રહ ગુજરાત વિદ્યાસભામાંના સંગ્રહાલયમાં સુરક્ષિત છે.

આ ઉપરાંત આ સમયના ફારસી કાવ્યસાહિત્યમાં પણ થોડી ઘણી ઐતિહાસિક માહિતી મળે છે. મહેતા તુલજાશંકર-સુત રાજશંકર, જેનું તખલ્લુસ "અહકરી" હતું, તેમનાં કાવ્યોમાં દામાજી ગાયકવાડના અવસાન તેમજ ફતેહસિંહ ગાયકવાડના રાજ્યારોહણ (ઈ. સ. ૧૭૬૮) જેવા ઐતિહાસિક બનાવોનું વર્ણન મળે છે. **તસ્નીફાતે** મુગટરામમાં સોરઠના ઇતિહાસ માટે ઉપયોગી માહિતી મળે છે.

ગુજરાતના આ કાળના રેખ્તા (અર્થાત્ ઉર્દૂ) ભાષાના ૧૦૯ કવિઓ વિશે માહિતી તેમજ એમનાં કાવ્યોના નમૂના પૂરું પાડતું પુસ્તક **મજ્મઉશુઅરા** છે જે ઈ. સ. ૧૮૫૧–૫૨ માં ભરૂચના કાઝી નુરૂદ્દીન હુસેને રચ્યું હતું.[૯]

## ૩. સંસ્કૃત–ગુજરાતી અભિલેખો

આ કાલના ઇતિહાસ માટે તવારીખ ગ્રંથોની જેટલી ખોટ વરતાય છે તેટલી અભિલેખોની વરતાતી નથી. અલબત્ત સંસ્કૃત–ગુજરાતી અભિલેખો અગાઉના કાલની સરખામણીએ સંખ્યામાં ઓછા છે. રાજકીય ઇતિહાસ માટે ઉપયોગી નીવડે તેવા પ્રકાશિત અભિલેખોની સંખ્યા જૂજ છે, પરંતુ ધર્મ સ્થાપત્ય શિલ્પ ઇત્યાદિ સાંસ્કૃતિક ઇતિહાસ માટે સાધનરૂપ નીવડે તેવા પ્રકાશિત અભિલેખ સાઠથી વધારે છે, જ્યારે કેટલાક મોટા નાના સંગ્રામોનો નિર્દેશ કરતા પ્રકાશિત પાળિયાલેખોની સંખ્યા પણ સાઠ ઉપરની છે.[૧૦] સાઠ વર્ષના ટૂંકા કાલ માટે આ સંખ્યા નાની ન ગણાય.

આ કાલના અભિલેખોમાં મંદિરો તથા મૂર્તિઓને લગતા ઘણા લેખ સંસ્કૃતમાં[૧૧] છે, થોડા ગુજરાતીમાં[૧૨] છે, એકાદ વ્રજભાષામાં[૧૩] છે ને થોડાક

મિશ્રભાષામાં,[૧૪] ખાસ કરીને સંસ્કૃત-ગુજરાતીમાં છે. આમાંનાં ગુજરાતી લખાણોમાં એ કાલની ગુજરાતી ભાષાનું સ્વરૂપ યથાવત્ જળવાયું છે તે ભાષાની દૃષ્ટિએ અગત્યનું ગણાય. ઈડર રાજ્યનાં તામ્રપત્રોમાં મારવાડીની છાંટવાળી ગુજરાતી ભાષા પ્રયોજાઈ છે.[૧૫]

દેવાલય-નિર્માણને લગતા શિલાલેખોમાં નિર્માતા તરીકે ક્યારેક વડોદરાના ગાયકવાડ રાજ્યના અમલદારોનાં નામ આવે છે,[૧૬] પરંતુ તે તે સમયના છત્રપતિ અને/અથવા પેશવાનો નિર્દેશ ભાગ્યેજ મળે છે. સૌરાષ્ટ્રના શિલાલેખોમાં તે તે રાજ્યના સમકાલીન રાજાના ઉલ્લેખ કેટલીક વાર થયો છે.

ઈડર રાજ્યનાં તામ્રપત્રોમાં[૧૭] તે તે સમયના રાજા, લાગતા વળગતા બ્રાહ્મણો, તેઓનાં નિવાસસ્થાન, એ સમયના વિવિધ વેરા (જે એ બ્રાહ્મણો માટે માફ કરવામાં આવેલા), ખતના લેખક કોતરનાર વગેરેને લગતી માહિતી મળે છે. અમદાવાદના ત્રણ દરવાજાના એક ગોખલામાં રાખેલો શિલાલેખ ગાયકવાડ રાજાની પધરામણી, એમની મુલાકાત લેનાર સ્થાનિક મહાજન અને મિલકતના વારસોને લગતા પ્રચલિત કાયદા વિશે મહત્ત્વની માહિતી પૂરી પાડે છે.[૧૮] પાળિયાલેખો કેટલાક મોટા સંગ્રામોને લગતા છે; જેમકે ભૂજ મ્યુઝિયમમાંનો સં. ૧૮૨૬ નો પાળિયો[૧૯] સં. ૧૮૧૯ ના ઝારાના યુદ્ધમાં વીરગતિ પામેલા સૈનિકનો છે. ચોબારીના ૫૬ પાળિયા[૨૦] સિંધના મીર ફતેહઅલી અને જોધપુરના મહારાજાની સેના વચ્ચે સં. ૧૮૩૯ (ઈ. સ. ૧૭૮૩)માં થયેલા સંગ્રામ પર પ્રકાશ પાડે છે. એટના ૭ પાળિયા[૨૧] સં. ૧૮૫૫ (ઈ. સ. ૧૭૯૯) માં ત્યાં અંગ્રેજો સાથે થયેલા યુદ્ધનો ખ્યાલ આપે છે. સં. ૧૮૬૦ (ઈ. સ. ૧૮૦૪)ના શત્રુંજયના લેખમાં[૨૨] ફિરંગી રાજાનું કૃપાપાત્ર એવા દમણ બંદરના અમુક રહેવાસીનો જે નિર્દેશ છે તે પણ રાજકીય ઇતિહાસની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

અન્ય અભિલેખો મુખ્યત્વે પૂર્તકાર્યોને લગતા છે. એમાંના ઘણા લેખ મંદિરોના નિર્માણની અને/અથવા પ્રતિમાની પ્રતિષ્ઠાની હકીકત નોંધે છે. એમાં હિંદુ ધર્મનાં મંદિરોની સરખામણીએ જૈન ધર્મનાં દેરાસરોની સંખ્યા ઘણી વધારે છે. હિંદુ મંદિરોમાં માંડવી (જિ. સુરત)નું નીલકંઠ મંદિર,[૨૩] જૂના રાજપીપળાનું નીલકંઠ મંદિર[૨૪] અને રાજકંઠ મંદિર,[૨૫] ચૂંવાળમાંનું બહુચરાજી મંદિર, દ્વારકાનું રઘુનાથ મંદિર,[૨૬] ઝાલાવાડનાં તરણેતર[૨૭]તથા જડેશ્વરનાં[૨૮] પ્રસિદ્ધ મંદિર, ધોળકાનું અંબાજી મંદિર[૨૯] અને અમરેલીનું નાગેશ્વર મંદિર[૩૦] નોંધપાત્ર છે, જ્યારે જૈન દેરાસરોમાં શત્રુંજય પરનું સહસ્રફણા પાર્શ્વનાથ મંદિર,[૩૧] રાધનપુરનું શાંતિનાથ દેરાસર,[૩૨] કુવા (જિ.

બનાસકાંઠા)નું અમીઝરા પાર્શ્વનાથનું મંદિર,[33] ઈડરનું સહસ્રફણા પાર્શ્વનાથ મંદિર[34] અને ભદ્રેશ્વર (કચ્છ)નું પ્રાચીન મંદિર[35] ખાસ ઉલ્લેખનીય છે. આમાંના કેટલાક લેખોમાં સંસ્કૃત પદ્યબદ્ધ પ્રશસ્તિઓની સુંદર રચનાઓ જોવા મળે છે.[36] વળી તે તે મંદિર કોણે ક્યારે બંધાવ્યું એ ઉપરાંત એનું બાંધકામ ક્યારે શરૂ થયેલું, એનો પ્રતિષ્ઠા-ઉત્સવ ક્યારે ઊજવાયો, એની પ્રશસ્તિ કોણે રચી, મંદિર બાંધનાર મુખ્ય શિલ્પી કોણ હતો, શિલાલેખ કોણે કોતર્યો, વગેરે વિગત એમાં આપી હોય છે. ભદ્રેશ્વરના દેરાસરનો શિલાલેખ જુદા જુદા સમયે થયેલા એના અનેક જીર્ણોદ્ધારોનો વૃત્તાંત નિરૂપે છે. કોઈ દેરું કે દેરી અમુક વિદેહ સ્વજનની યાદગીરીમાં બંધાયેલ હોવાનું એના શિલાલેખ ઉપરથી જાણવા મળે છે. પ્રતિમાલેખોમાં તે તે પ્રતિમા કોણે કરાવી અથવા તે તે બિંબ કોણે ભરાવ્યું, એની પ્રતિષ્ઠા ક્યારે થઈ અને કોની પાસે કરાવી વગેરે હકીકત જણાવી હોય છે. દેવાલયોમાં કેટલીક વાર સિદ્ધચક્ર[37] પાદુકાઓ[38] ઘંટ[39] વગેરે કરાવ્યાના લેખ મળે છે. વળી એની બાજુમાં કુંડ[40] ધર્મશાળા[41] વગેરે બંધાવ્યાને લગતા લેખ પણ હોય છે. ક્યારેક દર્શન પૂજા બ્રહ્મભોજન ભૂમિદાન વગેરેના લેખ હોય છે.[42] આ શિલાલેખો સ્થાનિક ઇતિહાસ ધર્મસંપ્રદાય સ્થાપત્ય શિલ્પ ઇત્યાદિ અંગે ઘણી ઉપયોગિતા ધરાવે છે.

દુર્ગ[43] વાપી[44] વગેરેના નિર્માણને લગતા શિલાલેખ નાગરિક સ્થાપત્ય વિશે માહિતી પૂરી પાડે છે.

ભૂમિદાનને લગતાં તામ્રપત્ર કોતરાવી આપવાની પ્રથા લુપ્તપ્રાય થઈ હતી, છતાં ક્યારેક મહત્ત્વનાં ચિરકાલીન લખાણ તામ્રપત્રો કે શિલા પર કોતરાવવામાં આવતાં. ઈડર રાજ્યનાં તામ્રપત્રોમાં લખાણ લખનાર તથા કોતરનારનાં નામ પણ આપેલાં છે. શત્રુંજય પરના એક લેખમાં ત્યાંની હાથી પોળમાં દેવાલયો બાંધવાની મનાઈ ફરમાવી છે.[45]

તામ્રલેખોમાં આપેલો સમય-નિર્દેશ તે તે નિર્માણના સમય ઉપરાંત કોઈ વાર તે તે સમયના રાજાના રાજ્યકાલ પર કે તે તે ઘટનાના સમય પર પ્રકાશ પાડે છે. વળી એ પરથી એ સમયની કાલગણનાપદ્ધતિનો તેમજ સમય નિર્દેશ રજૂ કરવાની પદ્ધતિનો ખ્યાલ આવે છે. આ કાલના અભિલેખો પરથી સ્પષ્ટ થાય છે કે ત્યારે સમસ્ત ગુજરાતમાં વિક્રમ સંવત પ્રચલિત હતો ને કેટલીક વાર વિક્રમ સંવતના વર્ષની સાથે શક સંવતનું વર્ષ પણ આપવામાં આવતું.[46] સામાન્ય રીતે સમયનિર્દેશમાં વર્ષ માસ પક્ષ તિથિ અને વાર

આપતા, પરંતુ ક્યારેક તિથિ અને વાર ઉપરાંત નક્ષત્ર યોગ અને કરણ પણ જણાવીને કાલગણનાનાં પાંચેય અંગ જણાવતા[47] વળી ક્યારેક વર્ષ પછી સંવત્સર અયન અને ઋતુ પણ જણાવતા,[48] તો પંચાંગ પછી પ્રતિષ્ઠાની ઇષ્ટ ઘટિ પણ આપવામાં આવતી.[49] પદ્યબદ્ધ પ્રશસ્તિમાં નિર્માણ-વર્ષની સંખ્યા શબ્દસંકેતો દ્વારા રજૂ કરતા; જેમકે વેદ-અગ્નિ-વસુ-ચંદ્ર (૧૮૩૪)[50] વસુ-અંબ-કાષ્ઠ-શશી (૧૮૩૮)[51] નંદ-અગ્નિ-વસુ-ચંદ્ર (૧૮૩૯)[52] અશ્વ-અંગ-નાગ-ઇંદુ (૧૮૬૭)[53] અંક-અંગ-ભુજંગ-ચંદ્ર (૧૮૬૯)[54] અને વહ્નિ-અદ્રિ-નાગ-અમૃતકિરણ (૧૮૭૩)[55]

આમ આ કાલના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસ માટે અભિલેખોનું સમકાલીન સાધન કેટલીક અગત્યની સામગ્રી પૂરી પાડે છે.

## ૪. અરબી-ફારસી અભિલેખો અને સિક્કા

### (અ) અભિલેખો :

ગુજરાતના મરાઠાકાલીન અરબી-ફારસી અભિલેખોની સંખ્યા સલ્તનત અને મુઘલ સમયના શિલાલેખોની સરખામણીમાં ઓછી છે. અત્યાર સુધીમાં પ્રાપ્ત થયેલા અભિલેખોની સંખ્યા ૧૫૦ જેટલી છે. શોધખોળનો અભાવ પણ આ નાની સંખ્યા માટે એક કારણ ગણાવી શકાય.

આ લેખોનો સારો એવો ભાગ રાજ્યનાં અમદાવાદ પાટણ (ઉ. ગુ.) ભરૂચ સુરત ખંભાત ભૂજ અને રાધનપુર જેવાં રાજકીય અગત્ય ધરાવતાં શહેરો કે કસ્બાઓમાંથી મળી આવેલ છે. પાલનપુરના નવાબી રાજ્યમાં આ સમયનો કોઈ લેખ મળ્યો નથી એ આશ્ચર્યજનક કહેવાય. આ લેખો વિશે બીજી નોંધપાત્ર વસ્તુ એ છે કે સિક્કાઓથી વિપરીત અદ્યપર્યંત પ્રાપ્ત અભિલેખોમાંથી એકમાં પણ મુઘલ બાદશાહના નામ કે રાજ્યનો નિર્દેશ થયો નથી. ગુજરાતના મરાઠાકાલીન સિક્કાઓ ઓછામાં ઓછું ઈ. સ. ૧૮૫૭ સુધી મુઘલ બાદશાહોના નામથી બહાર પડચા હતા, જ્યારે એક પણ અભિલેખોમાં એમનું નામ મળતું નથી. એ જ પ્રમાણે પ્રમાણમાં નાની સંખ્યાના અભિલેખોમાં રજવાડાંઓના રાજવીઓનાં નામ દૃષ્ટિગોચર થાય છે. જે રજવાડાંઓના રાજવીઓનાં નામ અભિલેખોમાં મળે છે તે કચ્છ રાધનપુર ખંભાત વડોદરા અને જૂનાગઢ છે.

આ સમયના લેખોનો મોટો ભાગ મસ્જિદો બંધાવવા તેમજ મૃત્યુતારીખો આપવા કે રોજાઓ બંધાવવા અંગે છે. આઠદસ લેખોમાં કિલ્લો કે શહેર-

ફ્સીલના દરવાજા બંધાવવાનો ઉલ્લેખ છે. એકાદ લેખમાં એક સ્ત્રી દ્વારા એક સંતના રોજા પાસે યાત્રાળુઓ તેમજ મુજાવરો માટે ભવનનું નિર્માણ થવાની વિગત છે.[૫૬] બેત્રણ લેખ એક સંતના રોજાના કંપાઉન્ડમાં યાત્રાળુઓ માટે પ્રાર્થનાસ્થળ (મસ્જિદથી ભિન્ન) અથવા વિરામસ્થાન બંધાવવા બાબતના છે. પાણીના હોજ કે ટાંકાં બંધાવવા અંગેના પણ બેએક લેખ મળ્યા છે.[૫૭] રાજ્યાદેશ, ઉદ્યાન, મદ્રેસા, હમામ, વાવ વગેરેને લગતો એક પણ લેખ આ સમૂહમાં નથી.

આ લેખોમાં ગુજરાતના તત્કાલીન ઇતિહાસ માટે અતિ મહત્ત્વની સામગ્રી મળતી નથી. આમ પણ ફારસી ભાષા ઉપરાંત મરાઠી ગુજરાતી અને અંગ્રેજીમાં મળતી વિપુલ સામગ્રી સાથે આ લેખોમાં મળતી માહિતીની સરખામણી થઈ શકે નહિ, છતાં એ સાવ માહિતી વગરના છે એ કહેવું પણ ઠીક ન ગણાય. આ લેખોમાં વિશેષ કરીને સ્થાનિક–રજવાડાં શહેર કસ્બા કે ગામના ઇતિહાસ માટે બીજાં લિખિત સાધનોમાં ન મળતી માહિતી પણ મળી રહે છે. સ્થાનિક અગત્ય કે હોદ્દો કે એવા બીજા કોઈ અધિકાર ધરાવતા સંખ્યાબંધ પુરુષોના ઉલ્લેખ આ સાધન સિવાય બીજે કોઈ સ્થળે સાધારણ રીતે મળવાનો ઓછો સંભવ છે; દા. ત., ૧૭ મી સદીના ઉત્તરાર્ધ, ૧૮ મી સદીના પૂર્વાર્ધ તેમજ ઉત્તરાર્ધના પ્રારંભના દસકાઓના ખંભાત રાજકુટુંબનાં તથા ત્યાંના રાજ્યાધિકારીઓનાં જેટલાં નામ ત્યાંના મૃત્યુલેખોમાં મળી રહે છે તે બીજાં પ્રાપ્ય કે પ્રકાશિત લિખિત સાધનોમાં ઉપલબ્ધ નથી. આમાંની ઘણી વ્યક્તિ ઈરાનથી આવેલી હોય એમ એમનાં નામ વગેરેની અપાયેલી વિગત દ્વારા જાણવા મળે છે. ઈરાનના સફવી રાજવીઓના એક વિખ્યાત મંત્રી ખલીફા સુલતાનના એ પ્રપૌત્રો મીરઝા અબ્દુલ્બાકી (મૃ. હિ. સ. ૧૧૮૨=ઈ. સ. ૧૭૬૯) અને મીરઝા મુહમ્મદ ઝમાન (મૃ. હિ. સં. ૧૧૯૯=ઈ સ. ૧૭૮૫) ખંભાતમાં આવીને ત્યાં સ્થાયી થયા હોય એમ એમના મૃત્યુલેખો પરથી પ્રતીત થાય છે.[૫૮] આવા લેખો પરથી ઈરાન જેવા શિયાપંથી દેશ સાથે એ જ પંથના ખંભાતના રાજવી રાજકીય નહિ, તો સાંસ્કૃતિક સંબંધો રાખતા હોવાનું માલૂમ પડે છે.

આવી બીજી મહત્ત્વની વ્યક્તિઓમાં સુરતના નવાબ સફદરખાન (મૃ. હિ. સં. ૧૧૭૧=ઈ. સ. ૧૭૫૭–૫૮), ખંભાતના નૂરુદ્દીન નજમુદ્દૌલા (મૃ. હિ. સં. ૧૧૯૮=ઈ. સ, ૧૭૮૪), ખાનખાના નજમુદ્દૌલા નજમખાન (મૃ. હિ. સં. ૧૨૦૪=ઈ. સ. ૧૭૯૦) તથા ભૂજના (જમાદાર) ફતેહમુહમ્મદ

( મૃ. હિ. સં. ૧૨૨૯=ઈ. સ. ૧૮૧૪ ) તેમજ એના પુત્રો હુસેન અને ઇબ્રાહીમ તથા અમદાવાદના કાઝી કુટુંબના રૂકનુલ્હક ( મૃ. હિ. સં. ૧૨૦૯=૧૭૯૪–૯૫ ) વગેરેનો સમાવેશ થાય છે.[૫૯] કડીના એક લેખમાં હંસકુંવર નામની સ્ત્રીની મરણનોંધ છે એ રસપ્રદ ગણાય. એનું મૃત્યુ હિ.સં. ૧૨૧૨=ઈ.સ. ૧૭૯૭-૯૮ માં થયું હતું.[૬૦] તદુપરાંત ભૂજ ધોળકા પાટણ ભરૂચ અંકલેશ્વર તેમજ અમદાવાદના અમુક સંતો કે એમનાં કુટુંબીજનો કે સજ્જાદાનશીનો વિશે થોડી-ઘણી માહિતી આ લેખોમાં મળે છે.[૬૧]

આ લેખોમાં ઉપલબ્ધ સ્થાનિક ઇતિહાસ માટે ઉપયોગી માહિતી પાટણ ખંભાત સુરત વગેરે સ્થળોના અધિકારીઓ કે વહીવટકર્તાઓ વિશે છે : પાટણમાં હિ. સ. ૧૨૨૦( ઈ. સ. ૧૮૦૫ )માં આનંદરાવ ગાયકવાડ સેનાખાસખેલ શમશેર-બહાદુરના તરફથી રઘુનાથ મહીપતરાવ પ્રાંતસૂબો હતો,[૬૨] ત્યાં જ હિ. સ. ૧૨૪૦ ( ઈ. સ. ૧૮૨૪–૨૫ ) અને હિ. સ. ૧૨૪૨( ઈ. સ. ૧૮૨૬–૨૭)માં બે સ્થાનિક અમલદારો સૈયિદ સરફરાઝઅલી અને શેખ વલિયુદ્દીન નાઝિમ ( અર્થાત્ વહીવટદાર) હતા, એ ત્યાંના લેખો દ્વારા જાણવા મળે છે.[૬૩] સૈયિદ સરફરાઝઅલી વિશે એવો ઉલ્લેખ છે કે એનાં ઔદાર્ય અને સખાવતે દુષ્કાળને દુર્લભ બનાવ્યો હતો તેમજ એના અમલમાં પ્રજા ઘણી સુખી હતી.

આ શિલાલેખોમાં રાજ્ય-કર્મચારીઓના જે હોદ્દાઓનાં નામ મળે છે તે નાઝિમ કોટવાળ ખ્વાજાસરા જમાઅતદાર( જમાદાર ) તેમજ ફરાશ છે.[૬૪] ધંધા કે વ્યવસાયનો નિર્દેશ નહિવત્ છે. માત્ર સુરતના હિ. સ. ૧૨૦૬ (ઈ. સ. ૧૭૯૧–૯૨)ના લેખમાં ( એ લેખને કોતરનાર ) વ્યવસાયી ઉપનામ "હક્કાક " (અર્થાત્ કિંમતી પથ્થર કે રત્ન પર નકશી કામ કરનાર) ધરાવતી સાદિક નામની વ્યક્તિનો ઉલ્લેખ છે.[૬૫]

રાધનપુર ભૂજ તેમજ નવાનગરના લેખોમાં હબશી કર્મચારીઓના ઉલ્લેખ રસપ્રદ ગણાય.[૬૬] વિશેષતઃ રાધનપુરમાં એક પ્રવેશદ્વારનું નામ 'કોંકણી દરવાજો' આપવામાં આવ્યું હતું એ પરથી કોંકણમાં સ્થિત જંજીરા નવાબીના સીદી (હબશી) રાજવીઓ અને ઉચ્ચ કર્મચારીઓ સાથે સમુદ્રતટથી દૂર એવા ઉત્તર ગુજરાતના આ રાજ્યનો સંબંધ હતો એમ સ્પષ્ટ થાય છે.[૬૭] ખંભાત જેવા રાજ્યમાં ઈરાનીઓ કે ઈરાનીઓના વંશજો વિશે ઉપર ઉલ્લેખ આવી ગયો છે, એ પ્રમાણે અરબો વિશે પણ કોઈ કોઈ ઉલ્લેખ મળે છે.[૬૮]

ખંભાતના એક અગત્યના મૃત્યુલેખ પરથી મરાઠા–ખંભાત રાજવી વચ્ચેની એક લડાઈની નિશ્ચિત તારીખ મળે છે. એમાં અપાયેલી વિગત મુજબ મીરઝા અમીનબેગ (મરાઠા સરદાર) રાઘૂ સાથેની લડાઈમાં ૭ રબીઉ-લ્આખર હિ. સ. ૧૧૮૯( ૭ જૂન, ૧૭૭૫ )ના દિવસે મરાયો એવો ઉલ્લેખ છે.[૬૯] 'મિરાતે અહમદી' જેવા પુસ્તકમાં આ લડાઈ વિશે ઉલ્લેખ હોવાનું જણાતું નથી એ આ શિલાલેખનું મહત્ત્વ દર્શાવે છે. આ સિવાય બીજા કોઈ ઉલ્લેખનીય બનાવની માહિતી આ લેખોમાં ઉપલબ્ધ નથી.

શિલ્પસ્થાપત્યના અભ્યાસ માટે ઇમારતો બંધાવવાના ચોક્કસ સમયનિર્દેશ કરતા આ અભિલેખ અગત્યનું સાધન પૂરું પાડે છે એ એક હકીકત છે. અલબત્ત આ સમય પ્રમાણમાં અર્વાચીન હોઈ એ વિશે વધુ ઉપયોગી ન નીવડે એ પણ સાચું છે, છતાં જૂની ઇમારતના સમારકામનો નિર્દેશ કરતા લેખ આ બાબતમાં ઉપયોગી છે એ સ્વીકારવું જોઈએ. ખંભાતની સદ્દે અવ્વલ (અર્થાત્ ઇસ્લામની પહેલી સદી–ઈસવીના સાતમા–આઠમા શતક)ની મસ્જિદનું નવાબ મોમિનખાનના એક નોકર કે કર્મચારી દ્વારા હિ. સ. ૧૧૮૬( ઈ. સ. ૧૭૭૨–૭૩માં સમાર કામ થયું હતું એ એ મસ્જિદના ઇતિહાસ માટે ઉપ-યોગી લેખાય.[૭૦] બીજી ઐતિહાસિક ઇમારતનો ઉલ્લેખ સુરતના 'દર્યા મહેલ'નો છે. ત્યાંના લેખ પ્રમાણે આ મહેલ હિ. સ. ૧૧૯૮( ઈ. સ. ૧૭૮૩–૪ )માં સુરતના (બખ્શી) નજમુદ્દીન દ્વારા નિર્મિત થયો હતો તેમજ એનું નામ 'ખુર્શિદનિગાહ (સૂર્ય–દૃષ્ટિ)' રાખવામાં આવ્યું હતું.[૭૧] આ ઉપરાંત ઇમારતોની તેમજ રોજાઓ કે મકબરામાં દફન થયેલા અજ્ઞાત પુરુષોની એંધાણ કે જ્ઞાત પુરુષોની સાચી ઓળખ પણ આવા લેખો દ્વારા જ શકય છે. સ્થાનિક ઇતિ-હાસ માટે આ માહિતી અગત્યની ગણાય.

આ સમયના લેખ–સમૂહમાં અમુક ઇમારતોના બાંધકામ-ખર્ચની રકમ આપતા પણ બેચાર લેખ સામેલ છે. વડોદરામાં હિ. સ. ૧૨૨૬( ઈ. સ. ૧૮૧૧)માં બંધાયેલા એક કૂવાનું ખર્ચ બે હજાર રૂપિયા આવ્યું હતું.[૭૨] હિ. સ. ૧૨૩૦ (ઈ. સ. ૧૮૧૫)માં પાટણ (ઉ. ગુ.)માં સૈયદ હુસેન સાહેબની દરગાહમાં રંગમહેલ નામે ઓળખાતી ઇમારત અગિયારસો રૂપિયાના ખર્ચે બંધાઈ હતી.[૭૩] આ આંકડાઓ પરથી આર્થિક સ્થિતિનો સહેજ ખ્યાલ આવી શકે.

આ લેખોની ભાષા ભારતના તત્કાલીન મુસ્લિમ શિલાલેખોની જેમ મુખ્યત્વે

ફારસી છે. આમાં સુરતના જે બે લેખ અપવાદ-રૂપ છે તે અરબી પદ્યમાં છે અને એની કાવ્યરચના ઉચ્ચ કોટિની છે એ નોંધપાત્ર ગણાય.[૭૪] ૧૮ મા સૈકાથી વધુ પ્રચલિત થયેલી ઉર્દૂભાષામાં માત્ર એકબે લેખ મળે છે, જે વસ્તુસ્થિતિ ભારતના બીજા પ્રદેશોને અનુરૂપ છે. ફારસી ભાષાના પદ્ય-લેખોની ઠીક ઠીક સંખ્યા છે. એમાં વિશેષ કરીને ખંભાતના લેખ–બહુધા મૃત્યુલેખવાળા–કવિતાની દૃષ્ટિએ સારી કોટિના છે. આ પરથી છેક ૧૯ મા શતકના અંત સુધી ગુજરાતમાં ફારસી ભાષાના થતા અભ્યાસની પ્રતીતિ થાય છે. ગુજરાતના આ સમયના ફારસી ભાષાના સાહિત્યકારો–કવિઓનાં નામ આ લેખોમાં મળે છે.[૭૫]

સુલેખનની દૃષ્ટિએ અમુક લેખો ઉચ્ચ કક્ષાના છે. ખાસ કરીને ખંભાતના 'નસ્તાલીક' શૈલીમાં કંડારાયેલા લેખ મનોરમ છે.

ટૂંકમાં, આ લેખો દ્વારા ગુજરાતના તત્કાલીન ઇતિહાસનાં અમુક પાસાં વિશે ઠીકઠીક માહિતી ઉપલબ્ધ થાય છે.

(આ) સિક્કા

રાજ્યમાં મુઘલ સત્તાના અંત પછી કોઈ એકહથ્થુ કે સર્વોપરિ સત્તા ન સ્થપાતાં વિવિધ બળોનું પ્રાધાન્ય રહેવાથી સિક્કા બાબતમાં એકસરખું ધોરણ કે નીતિ ન રહે એ દેખીતું છે. આ સમયે એક તરફ મરાઠાઓએ ને બીજી તરફ મુઘલ સત્તાના અસ્તે પ્રબળ થઈ સ્વતંત્ર થયેલા રાજ્યના વિભિન્ન ભાગોના વહીવટદારો કે શાસકોએ પોતપોતાની આગવી સત્તાના પ્રતીકરૂપ ચલણી નાણાં શરૂ કર્યાં, પરંતુ પ્રારંભમાં આ સિક્કા આકાર કિંમત વજન ભાત લખાણ વગેરે બાબતમાં બહુધા ભારતનાં બીજાં રાજ્યો કે પ્રદેશોના સમકાલીન સિક્કાઓની જેમ દિલ્હીના નામધારી મુઘલ બાદશાહના સિક્કાઓ જેવા જ છે. અમદાવાદ પૂનાના પેશવાને હસ્તક આવ્યાના દોઢ વર્ષ બાદ પણ જ્યારે દિલ્હીમાં શાહજહાં ૩ જો ગાદીએ બેઠો ત્યારે અમદાવાદના નાયબ સૂબા સંતાજીએ અમદાવાદની ટંકશાળમાં મુઘલ બાદશાહના નામના સિક્કા બહાર પાડવાની ટંકશાળના અધિકારીઓને લિખિત પરવાનગી આપી હતી.[૭૬] પેશવાકાલની અમદાવાદની ટંકશાળમાંથી બહાર પડેલા મરાઠાકાલીન સિક્કાઓ પર મોટે ભાગે અંકુશનું નિશાન તેમજ ગાયકવાડી વર્ચસ દરમ્યાનના સિક્કાઓ પર ' 'गा' અક્ષર અંકિત છે.' આ સિક્કાઓ આને લઈને અંકુશશાહી સિક્કાઓ તરીકે ઓળખાય છે.

આ કાલના બીજા સિક્કા વડોદરા ભરૂચ ખંભાત કચ્છ નવાનગર વગેરે મોટાં રજવાડાંઓ દ્વારા બહાર પડાયા હતા. મરાઠાઓ ફ્રેન્ચો તેમજ ઈસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા સુરત ટંકશાળના મુઘલ બાદશાહના નામના સિક્કા ચલણમાં મુકાયા હતા એ અમુક પ્રાપ્ય સિક્કાઓ પરથી વિદિત થાય છે.[૭૮]

આ બધા મુઘલ શ્રેણી જેવા સિક્કાઓની ઓળખનાં મુખ્ય સાધન ટંક-શાળ-ચિહ્ન કે રાજવીઓના નામનો પ્રથમાક્ષર જેવાં વિલક્ષણ ચિહ્ન હતાં.

વડોદરાના ગાયકવાડી રાજ્યે ઈ. સ. ૧૭૬૮ થી સિક્કા બહાર પાડયા હોવાનું અનુમાન છે, પણ ઉપલબ્ધ નમૂના આનંદરાવ ગાયકવાડ( ઈ. સ. ૧૮૦૦–૧૮૧૯ ) દ્વારા ઈ. સ. ૧૮૦૨ અને એ પછી બહાર પડેલા મળે છે. આ સિક્કા ( પહેલાં છ વર્ષના ) મુઘલ બાદશાહ શાહઆલમ ૨ જો અને ( પછીના ) મુહમ્મદ અકબરશાહ ૨ જાના નામવાળા 'સિક્કાએ મુબારક' શ્રેણીના છે. માત્ર બીજી બાજુ પર નાગરીમાં ગાયકવાડ રાજાના નામનો પ્રથમાક્ષર નાગરીમાં તેમજ ટંકશાળ નામ બડોદા ( વડોદરા ) અંકિત છે.[૭૯] આમાંના શાહઆલમ ૨ જાવાળા સિક્કાઓ પર आ નહિ પણ मा પ્રથમાક્ષર છે; આ રૂપિયા માનાજીરાવના નહિ, પણ આનંદરાવના 'માર્તંડશાહી' નામથી ઓળ-ખાતા રૂપિયા છે એમ વડોદરા રાજ્યના રેકર્ડ પરથી જણાય છે.[૮૦] વડોદરાના આ બધા સિક્કાઓમાં વર્ષ હિજરી તેમજ રાજ્યવર્ષ બંને, મુઘલ બાદશાહનાં છે. અકબરશાહ ૨ જાના મૃત્યુ પછી પણ વડોદરાના સિક્કા એનાં નામ તેમજ રાજ્યવર્ષ ચાલુ રાખીને, એ ધરમૂળથી ન બદલાયા ત્યાંસુધી બહાર પડતા રહ્યા.

ભરૂચમાં પહેલવહેલી ટંકશાળ ઈ. સ. ૧૭૪૮ માં મુઘલ બાદશાહ અહ-મદશાહના સમયમાં ભરૂચના બીજા નવાબ દ્વારા સ્થપાઈ હતી અને એ ઈ. સ. ૧૮૦૬ સુધી ચાલુ રહી. અહીં ટંકાયેલા સિક્કા મુઘલશ્રેણીના છે, જેમાં અમુક ઈસ્ટ ઇન્ડિયા કંપની તરફથી ચલણી કરવામાં આવ્યા હોવાનું જણાય છે. આવા સિક્કાઓની ઓળખ રાજ્યવર્ષનો નિર્દેશ કરતા શબ્દ પરનું સેંટ ટોમસના વધસ્તંભ-ક્રૉસનું ચિહ્ન છે, જ્યારે નવાબ દ્વારા બહાર પડેલા નાણા પર ફૂલ–ઝાડનું ચિહ્ન છે.[૮૧]

આ સમયના પ્રારંભમાં કચ્છમાં રાવ રાયધણ ૨ જાનું રાજ્ય હતું. એના સિક્કા એના પુરોગામીઓના સિક્કાની એટલે કે ગુજરાતના સુલતાન મહમૂદ ૩ જાના અરબી લિપિમાં અંકિત નામવાળા સિક્કાની શ્રેણીના છે. એમાં સાથે

કચ્છના રાજવીનું નામ નાગરીમાં એક બાજુ પર અને બીજી બાજુ પર સુલતાનના ખિતાબોવાળું લખાણ છે. એ પછીના સિક્કા મુઘલ બાદશાહ અહમદશાહ તેમજ અકબરશાહ ર જા ના નામવાળા છે, જેમાં આગલી બાજુ પર રાજવીનું નામ નાગરીમાં અને પાછલી બાજુ પર ભૂજ ટંકશાળનું નામ અને હિજરી વર્ષ અરબી લિપિમાં અંકિત છે.[૮૨]

કચ્છની આ નાણાંશ્રેણી વિશિષ્ટ હતી. એમાં રૂપામાં કોરી અને તાંબામાં ઢીંગલો દોકડો અને તાંબિયો નામના સિક્કા ચલણમાં હતા.

નવાનગર રાજ્યના સિક્કા રૂપા અને તાંબાના મળ્યા છે. સ્વરૂપની બાબતમાં એ કચ્છના તત્કાલીન સિક્કાઓને મળતા આવે છે.[૮૩]

આ સિક્કાઓમાં રાજકીય ઇતિહાસ વિશે કાંઈ ખાસ માહિતી મળતી નથી. વળી આ સમયમાં લિખિત ઐતિહાસિક સાધનોની વિપુલતા જોતાં પણ જે માહિતી મળે તે નવીન હોય નહિ એ સ્વાભાવિક છે, છતાં ચલણ-પદ્ધતિ, ચલણીનાણાની ધાતુ વગેરેના અભ્યાસથી એ સમયના આર્થિક અને નાણાકીય માળખાની ઝાંખી કરી શકાય. લગભગ બધાં રાજ્યોને પોતાની એક એક ટંકશાળ હતી ને એ ઘણે ભાગે પાટનગરમાં સ્થિત રહેતી.

## ૫. ખતપત્રો

સ્થાવર મિલકતનાં વેચાણ ગીરો બક્ષિસ બાના વગેરેને લગતાં ખતપત્ર મૂળમાં એ મિલકત આપનાર અને લેનાર વ્યક્તિઓને લગતા અંગત દસ્તાવેજ તરીકે જ અગત્યનાં ગણાય, પરંતુ સમય જતાં એ શતકો પહેલાંના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસના સાધન તરીકે ઉપયોગી નીવડે છે.

ગુજરાતનાં મરાઠાકાલનાં ખતપત્ર આ દૃષ્ટિએ ભાગ્યેજ પ્રકાશિત થયાં છે, પરંતુ અહીં ઉદાહરણ તરીકે એક સંસ્થાના સંગ્રહાલયમાંનાં એ કાલનાં ખતપત્રોની ઐતિહાસિક ઉપયોગિતા દર્શાવવામાં આવે છે. અમદાવાદની ગુજરાત વિદ્યાસભાના સંગ્રહાલયમાં આવાં જે ખતપત્ર છે તેઓમાંનાં ૨૫ ખતપત્ર આ કાલનાં છે.[૮૪] એમાંનાં ઘણાં સંસ્કૃત-ગુજરાતીમાં છે. ૭ ગુજરાતીમાં[૮૫] ને ત્રણ ફારસીમાં[૮૬] લખેલાં છે. સંસ્કૃત–ગુજરાતી ખતપત્રોમાં મિતિ શાસકો, ગ્રાહક–દાયક વગેરેની વિગતને લગતા પૂર્વાર્ધમાંનું ઘણુંખરું લખાણ સંસ્કૃતમાં હોય છે, જ્યારે મિલકતનાં વર્ણન ખૂંટ હક વગેરેને લગતી વિગતો ધરાવતો ઉત્તરાર્ધ ગુજરાતીમાં હોય છે. એમાં પહેલાં ખતપત્રનો સમય સંવત વર્ષ પક્ષ તિથિ અને વાર સાથે આપવામાં આવે છે ને વર્ષ પહેલાં વિક્રમ

સંવતનું આપી એ પછી શક સંવતનું પણ આપવામાં આવે છે. ક્યારેક વર્ષ અને માસની વચ્ચે અયન અને ઋતુની વિગત પણ અપાતી. આ પ્રકારનાં ખતપત્ર સારા અક્ષરે લખાયેલાં હોય છે, જ્યારે ફક્ત ગુજરાતીમાં લખેલાં ખતપત્રોમાં સુલેખનકલાનો અભાવ વરતાય છે. ગુજરાતી ખતપત્રોમાં મિતિ કેટલીક વાર શરૂઆતમાં ને કેટલીક વાર છેવટમાં આપતા ને એમાં વર્ષ માત્ર વિક્રમ સંવતનું જણાવતા. ફારસી ખતપત્રોમાં રાજ્યકર્તાની મહોરની છાપ લગાવી હોય છે ને એમાં એના અમલના આરંભનું વર્ષ આપ્યું હોય છે. ઉપરાંત ખતપત્રની અંદર મિલકતની આપ-લેની મિતિ હિજરી સન, મહિનો અને રોજમાં જણાવી હોય છે.

આ કાલ દરમ્યાન ગુજરાતમાં દિલ્હીના પાતશાહની લગીરે ય હકૂમત રહી નહોતી, છતાં સંસ્કૃત-ગુજરાતી ખતપત્રોમાં હમેશાં એ પાતશાહના અમલનો નિર્દેશ કરવામાં આવતો; જેમકે વિ. સં. ૧૮૧૯ (ઈ. સ. ૧૭૬૩)થી ૧૮૫૩ (ઈ. સ. ૧૭૯૭)નાં ખતપત્રોમાં પાતશાહ શાહઆલમગીરનો અર્થાત્ શાહ-આલમ ૨ જા (ઈ. સ. ૧૭૫૯–૧૮૦૬)નો. ક્યારેક "આલમગીર"ને બદલે "અલીગોર" શબ્દ પ્રયોજાયો છે. આ નામ સં. ૧૮૬૨ (ઈ. સ. ૧૮૦૫) ના ખતપત્રમાં છે એ બરાબર છે, પરંતુ સં. ૧૮૬૫ (ઈ. સ. ૧૮૦૯) અને સં. ૧૮૬૯ (ઈ. સ. ૧૮૧૩)નાં ખતપત્રોમાં[૮૭] પણ છે, એ દિલ્હીના પાત-શાહના નામ અંગેની અદ્યતન જાણકારીના અભાવને લીધે હશે? હિ. ૧૨૩૩ (ઈ. સ. ૧૮૧૭-૧૮)ના ફારસી ખતપત્રમાં અકબરશાહી રૂપિયાનો ઉલ્લેખ છે તેમાં અકબરશાહ ૨ જાનો રાજ્યઅમલ (ઈ. સ. ૧૮૦૬–૩૭) અભિપ્રેત છે.

આ ખતપત્રોમાંનાં ઘણાં અમદાવાદને લગતાં છે, આથી એમાં પુણેના પેશવા અને/અથવા એના હાકેમ તરીકે ભદ્રમાં રહી વહીવટ કરતા શહેરસૂબાનો તેમજ વડોદરાના ગાયકવાડ રાજા અને/અથવા એના તરફથી (ગાયકવાડની) હવેલીમાં રહી વહીવટ કરનાર સ્થાનિક અધિકારીનો નિર્દેશ કરવામાં આવતો. પેશવા તરીકે માધવરાવ, રાઘોબા, સવાઈ માધવરાવ (માધવરાવ નારાયણ) અને સવાઈ બાજીરાવ (બાજીરાવ ૨ જા)નો નિર્દેશ આવે છે, જ્યારે ગાયકવાડ રાજાઓમાં દમાજી (૨ જા), ગોવિંદરાવ, ફત્તેસિંહ, માનાજી, આનાબા (આનંદરાવ) વગેરેનો ઉલ્લેખ થયો છે. ક્યારેક આમાં નામ અને સમયનો મેળ વિચારણીય લાગે છે.[૮૮] પેશવાના પ્રતિનિધિઓમાં આપાજી ગણેશ, ત્ર્યંબક નારાયણ, અમૃત-રાવ આપાજી, ભવાની શિવરામ, કાસીપથ બાબા, આબાસાહેબ કૃષ્ણરાવ,

કાકાજી સાહેબ, બાબાજી આપાજી, રાઘુ રામચંદ્ર વગેરેનાં અને ગાયકવાડના પ્રતિનિધિઓમાં ત્ર્યંબક મુકુંદ, આનાજી, ભાઉ સાહેબ, આબાજી ગોવિંદ વગેરેનાં નામ નોંધપાત્ર છે.[૮૯] ગુજરાતના મરાઠાકાલના ઇતિહાસમાં આ અધિકારીઓનાં નામ અને સમયની જે વિગત આપવામાં આવે છે તેમાં ખતપત્રોની આ વિગતો પરથી કેટલાક સુધારાવધારા કરવા પ્રાપ્ત થાય છે. દિલ્હી અને પુણેના રાજ્યકર્તાઓની બાબતમાં કોઈ વાર અદ્યતન માહિતીમાં કસૂર થાય, પરંતુ અમદાવાદને લગતાં ખતપત્રોમાં તે તે સમયના સ્થાનિક અધિકારીઓની બાબતમાં એવું ભાગ્યેજ સંભવે. આથી આ ખતપત્રો મરાઠાકાલના રાજકીય ઇતિહાસ માટે આ બાબતમાં ખાસ ઉપયોગિતા ધરાવે છે.

આ ખતપત્રોમાં પાતશાહી દીવાન, બક્ષી, કાજી, કોટવાલ, હવાલદાર, કાનૂગો, દારોગો, વાકાનવીસ, ફડનવીસ વગેરે અધિકારીઓનો પણ ઉલ્લેખ આવે છે. વળી એમાં નગરશેઠનો પણ નામનિર્દેશ હોય છે; દા. ત., નથુશા, દીપશા, મલૂકચંદ અને વખતચંદ.

મુઘલકાલની જેમ મરાઠાકાલનાં ખતપત્રોમાં તે તે શહેરના ચકલું મહેલ્લો શેરી પોળ ખાંચો ખડકી વગેરે મોટા નાના વિભાગોનો ઉલ્લેખ મળે છે, જે પરથી તે તે લત્તાના નામની પ્રાચીનતા સૂચિત થાય છે; દા. ત., અમદાવાદમાં રાયપુર ચકલું, હવેલી મહેલ્લો, ગાલમખાનનું ચકલું, સાંકડી શેરી, આસલોડિયા ચકલું, આકાશેઠ કૂવાની પોળ, ઢીંકવા ચકલું, માળીની પોળ, ફતાસાની પોળ, અકબરપુર ચકલું, હીંગલોક જોશીની પોળ, સાહેબખાનની શેરી, લાખા પટેલની પોળ, દેવની શેરી, નથુ મૂળજીની ખડકી, તળિયાની પોળ, દરિયાપરું, રંદાસ-ખાનની વાડી, ખાડિયા ચકલું, સારંગપુર, બહુચરાજીનો ખાંચો, શાહપુર ચકલું, નવા તળિયાનો ખાંચો, બાવળિયા પોળ, જમાલપુર, પાડા પોળ કચરિયાની પોળ વગેરેના ઉલ્લેખ આ કાલનાં ખતપત્રોમાં મળે છે.

એવી રીતે એ સમયે તે તે સ્થળે રહેતી વ્યક્તિઓની વિવિધ જ્ઞાતિઓના ઉલ્લેખ આવે છે; જેમકે અમદાવાદમાં વડનગરા નાગર, સાઠોદરા નાગર, ઔદીચ્ય ટોળકિયા, ડીસાવાલ, નાગર વણિક, શ્રીમાળી, ઝારોલા, પોરવાડ, બારોટ, કણબી કડવા, શ્રીગોડ બ્રાહ્મણ, ભટનાગર કાયસ્થ વગેરે. ઘણી વણિક જ્ઞાતિઓમાં દસા અને વીસાના ભેદ પણ દર્શાવવામાં આવતા. સામાજિક ઇતિહાસમાં તે તે જ્ઞાતિ માટે આ વિગતો ઉપયોગી ગણાય.

ઘરની વિગતોમાં ઓરડા પરસાળ મેડો બારી કરો દાદર ચોક જાળી

ટાંકું છાપરું નેવાં વગેરે જણાવવામાં આવે છે, એ પરથી નાગરિક સ્થાપત્યને લગતી ઉપયોગી માહિતી મળે છે. કેટલીક વાર કોઈ મકાન કે દુકાનની માલિકીની હેરફેરનો પાછલો વૃત્તાંત પણ આપવામાં આવે છે; દા.ત., સં. ૧૮૬૫ ના ખત-પત્રમાં[૯૦] જણાવ્યું છે કે પંડયા જીવણરામ વલ્લભરામે પોતાની વૃદ્ધાવસ્થામાં પોતાનું ઘર ભત્રીજા મુગટરામ દલપતરામ તથા ગોવિંદરામ દલપતરામને સંભાળવા આપેલું, તેઓએ એ વૃદ્ધ દંપતીની સેવાચાકરી કરી એમના મરણ પાછળ ઉત્તરક્રિયા કરીને એ ઘર વેચાણ પ્રમાણે રાખ્યું, પરંતુ આગળ જતાં તેઓ એ ઘરને નિભાવી ન શક્યા ત્યારે પોળના પાંચ પડોસીને પૂછીને તેઓએ એ ઘર શાહ પ્રભુદાસ મકનદાસને વેચ્યું. સં. ૧૮૬૯ ના ખતપત્રમાં[૯૧] જણાવવામાં આવ્યું છે કે એ ઘર મૂળમાં શાહ ઝવેર હરખા, ખુશાલ હરખા અને કિશોર હરખા એ ત્રણ ભાઈઓએ ખરીદેલું તે પૈકી ભાઈ કિશોર મૃત્યુ પામ્યા ને એમને સ્ત્રી બાળક હતાં નહિ, પછી ભાઈ ઝવેર દિવંગત થયા ત્યારે એમની પત્ની અચરતે પોતાના દિયેર ખુશાલને પોતાના ભાગનું ઘર વેચી પતિની ઉત્તર-ક્રિયા કરી, પછી ભાઈ ખુશાલ મૃત્યુ પામ્યા તેની પત્ની સંતોક અને એના પુત્ર કર્મચંદ તથા મોતીચંદ તેમજ પુત્રી અંબા એ ચાર વારસોએ ઘર શાહ પ્રેમ-ચંદને વેચ્યું. સં. ૧૮૫૨ ના ખતપત્રમાં[૯૨] નોંધવામાં આવ્યું છે કે એ ઘર કહાનદાસ લખમીચંદનું હતું, તેમણે બાઈ તેજકુંવર રાજારાવ શાહનું પહ્લું વાપર્યું તે પેટે પોતાનું ઘર લખી આપ્યું. આવા વૃત્તાંત સામાજિક–આર્થિક ઇતિહાસ માટે ઉપકારક ગણાય.

ઘર તથા જમીનને લગતા ખતમાં એની કિંમત જણાવવામાં આવે છે. ઘરને લગતા ખતપત્રમાં એના બાંધકામનું માપ આપવામાં આવતું નહિ, જેથી ચોરસ ગજ દીઠ શો દર ગણાતો એનો ખ્યાલ આવતો નથી. નાનામોટા ઘરની કિંમત આ ખતપત્રોમાં ક્યારેક રૂ. ૧૦૦ થી ઓછી, કેટલીક વાર રૂ. ૧૦૧ થી ૨૦૦ કે રૂ. ૨૦૧ થી ૩૦૦ ને ક્યારેક રૂ. ૩૦૧ થી ૫૦૧ સુધીની જણાવી છે. ગીરો વેચાણમાં ગીરોની મુદત પાંચથી દસ કે એનાથી વધુ વર્ષની રાખવામાં આવતી. નાની દુકાન રૂ. ૨૫ જેટલી રકમમાં મળતી. ખેતર વીઘાં ૨૦નું રૂ. ૬૦૧ માં ગીરો મુકાતું. જમીનનું માપ ગજ-તસુનાં લંબાઈ પહોળાઈ તથા ક્ષેત્રફળમાં અપાતું, ઇમારત બાંધવા લાયક પડતર જમીન ચોરસ ગજના ૭ આના લેખે વેચાતી મળતી.[૯૩]

મિલકતના વેચાણ પેટે જે રકમ મળતી તેની સંખ્યા આંકડામાં તેમજ શબ્દોમાં લખાતી, એટલું જ નહિ, એની અર્ધી રકમ જણાવી એના બમણા એવું

પણ દર્શાવવામાં આવતું. શાહઆલમ ૨ જા ના સમયમાં મુહમ્મદશાહી નાણાંનું અર્થાત્ મુહમ્મદશાહ ૨ જા(ઈ. સ. ૧૭૧૯–૪૮ )ના સિક્કાનું ચલણ લોકપ્રિય હતું. નાણાંની રકમ સાથે સિક્કાના તોલ વગેરેની વિગત પણ આપવામાં આવતી.[૯૪] ખતપત્રના અંતે મિલકત આપનારનું મતું અને સાક્ષીઓની સહી જોવા મળે છે એ પરથી સહી કરનારના અક્ષરજ્ઞાન તથા લખાવટની જાણ થાય છે.

આમ સમકાલીન ખતપત્રો પરથી મરાઠા કાલના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસ પર ઠીક ઠીક પૂરક પ્રકાશ પડે છે.

## ૬. ઇતિહાસોપયોગી સાહિત્ય

આપણા અભ્યાસવિષય—પ્રસ્તુત કાલખંડમાં ઇતિહાસલેખનમાં પ્રત્યક્ષ ઉપયોગી થાય તેવું સંસ્કૃત–પ્રાકૃત સાહિત્ય લગભગ નથી. પ્રત્યક્ષ ઇતિહાસોપયોગી સંસ્કૃત સાહિત્યમાં રંગવિજયની 'ગુર્જરદેશભૂપાવલી' (સં. ૧૮૬૫= ઈ. સ. ૧૮૦૯) અપવાદરૂપ છે.[૯૫] જૈન યતિ રંગવિજયે ભરૂચમાં ભગવંતરાય ખત્રીના કહેવાથી ૯૫ શ્લોકોનો આ સંસ્કૃત પ્રબંધ રચ્યો છે. એમાં, મેરુતુંગની 'વિચારશ્રેણિ'ની જેમ, ઠેઠ મહાવીરના નિર્વાણથી આરંભી પોતાના સમય સુધીના એટલે કે ગુજરાતમાં અંગ્રેજોની સત્તા સ્થિર થઈ ત્યાં સુધીના રાજાઓનો રાજ્યકાલ કર્તાએ નોંધ્યો હોઈ અગાઉના સમયની જેમ પ્રસ્તુત કાલખંડ માટે પણ એમની કૃતિ ઉપયોગી છે.

ઐતિહાસિક મહત્ત્વની કોઈ પ્રાકૃત કૃતિ આ સમયમાં રચાયેલી જણાતી નથી. પણ ઐતિહાસિક મહત્ત્વનું ગુજરાતી અને હિંદી સાહિત્ય આ સમયમાં ઠીક પ્રમાણમાં છે. કવિ દલપતરામે ફાર્બસ સાહેબને 'રાસમાલા'ના લેખનમાં ઉપયોગી થાય એ હેતુથી જે ઐતિહાસિક સાહિત્ય એકત્ર કર્યું હતું તેમાંનું કેટલુંક આ સમયનું પણ છે, અને એ શ્રી ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈના સંગ્રહમાં સચવાયેલું છે.[૯૬] આ સાહિત્ય મોટે ભાગે અપ્રગટ છે.

'પાટણની ગઝલ' (ઈ. સ. ૧૭૮૮) ગુજરાતના ભૂતકાલીન સમૃદ્ધ પાટનગરની તત્કાલીન સ્થિતિ જાણવા માટે ઉપયોગી છે.[૯૭] 'ગઝલ' તરીકે ઓળખાતી આ કૃતિઓ ફારસી અને ઉર્દૂ સાહિત્ય દ્વારા વારસામાં મળેલો પદ્યાત્મક પ્રકાર નથી, પણ અમુક પ્રકારની ઝડઝમકવાળી ગેય રચનાઓ છે.

આ સંદર્ભમાં કવિબહાદુર દીપવિજયે રચેલી 'વડોદરાની ગઝલ'[૯૮] (ઈ. સ. ૧૭૯૬) સ્થળવર્ણનની સમકાલીન કૃતિ તરીકે ઉલ્લેખનીય છે. દીપ-

વિજયજીએ સુરત ખંભાત અને જંબુસર એ ગુજરાતનાં નગરો ઉપરાંત ઉદયપુર અને ચિતોડ વિશે પણ ગઝલો રચી છે.[૯૯]

અજ્ઞાતકર્તૃક 'ફતેસિંહ ગાયકવાડનો ગરબો' પણ આ દૃષ્ટિએ નોંધપાત્ર છે. પુણેમાં નારાયણરાવ પેશવાનું ખૂન થયું ત્યાર પછી રાઘોબાનો પક્ષ લઈ અંગ્રેજ લશ્કર તાપી અને નર્મદા ઊતરી ગુજરાતમાં આવ્યું. વડોદરાના ફતેસિંહ ગાયકવાડ, જે બાબાસાહેબ તરીકે ઓળખાતા, તેમણે એ સૈન્યને હરાવ્યું એ પ્રસંગ આ ગરબામાં વર્ણવેલો છે.[૧૦૦]

ઈ. સ. ૧૮૦૦(સં. ૧૮૫૬)માં રચાયેલો 'શેલુકરનો ગરબો' અજ્ઞાતકર્તૃક છે, પણ ઐતિહાસિક દૃષ્ટિએ અગત્યનો છે. ઈ. સ. ૧૭૯૮ માં ભીમરાવ કૃષ્ણરાવ શેલુકર પેશવાના સૂબા તરીકે અમદાવાદ આવ્યો અને આબા શેલુકર તરીકે જાણીતો થયો. એ નાચગાનનો ઘણો શોખીન હોઈ ચાલુ સવારીએ પણ મજૂરોને માથે પાટ ઉપડાવી એ ઉપર નાચ કરાવતો. પણ એ ઘણો કડક હતો અને પ્રજાને એણે અનેક રીતે દંડી હતી. અમદાવાદમાંથી ગાયકવાડનો પગ કાઢવાનો એણે પ્રયત્ન કર્યો હોઈ વડોદરાના ફતેસિંહ ગાયકવાડ ગોસાંઈઓ અને અરબોની બેરખ સાથે અમદાવાદ ઉપર ચઢી આવ્યા હતા. પછી જમાલપુર દરવાજા આગળ શેલુકરના સૈન્યને હરાવી, એને પગે બેડી નાખી ઈ. સ. ૧૮૦૦ માં પુણે મોકલી દીધો હતો. શેલુકરની કારકિર્દીનું વિગતપૂર વર્ણન પ્રસ્તુત ગરબામાં છે.[૧૦૧]

'ચાડિયાની લાવણી', 'ચાડિયાની વાર્તા' અને 'સતી સદુબાઈનો ગણ' (પવાડો) મરાઠા કાલના અમદાવાદની સામાજિક–રાજકીય સ્થિતિ માટે રસપ્રદ છે. ચાડિયા તરીકે ઓળખાતા ખટપટી લોકો રાજદરબારમાં જઈ જાતજાતની ચાડી કરતા અને એ ઉપરથી સૂબો લોકો પાસેથી પૈસા કઢાવતો. ઉત્તમ અથવા ઓતિયા નામે ચાડિયાએ સદુબા નામે એક બારોટ બાઈ ઉપર વ્યભિચારનો આરોપ મૂકી એને દરબારમાં લઈ જવા પ્રયત્ન કર્યો, પણ કુટુંબની આબરૂ સાચવવા માટે એના પતિએ પોતાની પતિવ્રતા પત્ની અને બાળકોને લોકોના દેખતાં કાપી નાખ્યાં અને લોકો સાથે એ પેશવાના સૂબાની હવેલીએ ગયો, લોકોનો ગુસ્સો જોઈ સૂબાએ લોકોના ટોળાને ઓતિયો સોંપી દીધો અને લોકોએ એની પંચઈંટાળી કરી. મરનાર બાઈ સદુબા અમદાવાદના શાહપુરના ભાટવાડામાં સતી તરીકે પૂજાય છે. આ ઘટના પછી અમદાવાદમાં ચાડિયાઓનો ત્રાસ મટી ગયો.[૧૦૨]

અમદાવાદના નાગર બ્રાહ્મણ કેશવસુત કેવળરામે સં. ૧૮૭૫( ઈ. સ. ૧૮૧૯ )માં રચેલ હિંદી 'બાબી વિલાસ' જૂનાગઢ રાધનપુર અને વાડાસિનોરના બાબીવંશનો કાવ્યમય ઇતિહાસ છે. બાબીઓના મૂળ પુરુષ સૈયદ હજરત મુર્તજા અલીખાનનો વંશવિસ્તાર આપી, શાહજહાંના સમયમાં બહાદુરખાનજીએ ગુજરાતમાં પગદંડો જમાવવાનો આરંભ કર્યો અને મેવાસના ભીલોને હરાવી ખેડા વાડાસિનોર વગેરે તાબે કર્યાં ત્યારથી તે નમાસુદ્દીનખાનજીએ દમાજી ગાયકવાડ સામે મોરચો માંડચો ત્યાં સુધીનો વૃત્તાંત આ અપૂર્ણ કૃતિમાં છે.[૧૦૩]

આ સમયમાં જૈન આચાર્યો અને સાધુઓ વિશે તેમજ જૈન ઐતિહાસિક અને ધાર્મિક પ્રસંગો વિશે કેટલીક કૃતિઓ રચાઈ છે, તે તત્કાલીન ધાર્મિક ઇતિહાસ માટે ઉપયોગી છે.[૧૦૪] અમદાવાદના નગરશેઠ શાંતિદાસનું ઈ. સ. ૧૮૫૪ (સં. ૧૯૧૦) સુધીનું વંશવૃક્ષ ફાર્બસ સભામાં સચવાયેલું છે.[૧૦૫] આનુષંગિક મહત્ત્વની બીજી ઐતિહાસિક રચનાઓ–મુખ્યત્વે ગુજરાતી અને થોડીક હિંદી એ સભાના સંગ્રહમાં છે અને ગુજરાતના વિવિધ પ્રદેશોના તેમજ એનાં જુદાં જુદાં દેશી રાજ્યોના ઇતિહાસ માટે તથા આપણા રાજ્યના સાંસ્કૃતિક ઇતિહાસ માટે એ વિવિધ રીતે કામની છે. કેટલીક રચનાઓ કેવળ સ્થાનિક અગત્યની હોવા છતાં રસપ્રદ છે. સૌરાષ્ટ્રના ચારણી સાહિત્યમાં પ્રસ્તુત સમયમાં સ્થાનિક અગત્યની અનેક ઐતિહાસિક કે પ્રશસ્તિપ્રધાન કૃતિઓ રચાઈ છે પણ એ સર્વની રીતસરની સંકલના કે તપસીલ હજી થઈ નથી.

આ તો પ્રત્યક્ષ ઇતિહાસોપયોગી સાહિત્યની વાત થઈ, પણ આ કાલખંડમાં રચાયેલા વિપુલ ગુજરાતી સાહિત્યમાંના ઉલ્લેખો રાજકીય નહિ તો સામાજિક ઇતિહાસની રેખાઓ સ્પષ્ટ કરવામાં ઉપયોગી થાય એમ છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામી આ સમયમાં થઈ ગયા. ગુજરાતના ધાર્મિક–સામાજિક જીવનમાં એમનું પ્રદાન અવિસ્મરણીય છે. સહજાનંદનું અને સ્વામિનારાયણ સંપ્રદાયનું સાહિત્ય, આથી, ગુજરાતનું ધાર્મિક–સામાજિક જીવન સમજવા માટે બહુમૂલ્ય છે.

## પાદટીપ

૧. मिरातें एहमदी (બે ભાગ અને પુરવણી) પ્રથમ, મુંબઈ મધ્યે ઈ. સ. ૧૮૮૮–૮૯માં પ્રગટ થયું હતું. પછી ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝમાં સૈયદ નવાબ અલી અને સી. એન. સેડનના સંપાદન હેઠળ ઈ. સ. ૧૯૨૭–૩૦ દરમ્યાન પ્રકાશિત થયું. એની પુરવણીનું અંગ્રેજી ભાષાંતર પણ પ્રસ્તુત બે વિદ્વાનો દ્વારા ઈ. સ. ૧૯૩૦ માં

વડોદરાથી પ્રગટ થયું હતું. એના પહેલા ભાગનો તેમજ પુરવણીનો ગુજરાતી અનુવાદ કાજી નિઝામુદ્દીને કરેલો, જે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ અનુક્રમે ઈ.સ. ૧૯૧૩ માં અને ૧૯૨૩માં બહાર પાડ્યો હતો, જ્યારે બીજા ભાગનું ચાર વિભાગોમાં દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ભાષાંતર કર્યું હતું, જે ઈ. સ. ૧૯૩૩-૩૬ માં ત્યાંથી જ છપાયું હતું. શ્રી લોખંડવાળાએ કરેલો એનો અંગ્રેજી અનુવાદ બે ભાગમાં ૧૯૭૦ અને ૧૯૭૪ માં બહાર પડ્યો છે.

૨. મૂળ ગ્રંથ અપ્રકાશિત છે. એની એક પ્રત રૉયલ એશિયાટિક સોસાયટીની મુંબઈ શાખાના પુસ્તકાલયમાં છે, જે કર્તાના હાથે લખાઈ હોવાનું અનુમાન છે. એની બીજી હસ્તપ્રતો દેશ-પરદેશનાં ગ્રંથાલયોમાં વિદ્યમાન છે.

આ પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર ઇ. રેહાત્સેકે કર્યું હતું, જે કર્નલ જે. ડબલ્યુ વૉટસનના સુધારાવધારા સહિત અને જેમ્સ બર્જેસના ઉપોદ્ઘાત સાથે મુંબઈથી ઈ. સ. ૧૮૮૮ માં છપાયું હતું. મણિશંકર જયશંકર મજમૂદારે તથા શંભુભાઈ દેસાઈએ કરેલું એનું ગુજરાતી ભાષાંતર પણ પ્રસિદ્ધ થયું છે.

૩. 'हदीकए अह्मदी' અપ્રકાશિત છે. એની પૂરી પ્રત એમના વંશજો પાસે છે એમ કહેવાય છે. हदीकतुल्हिन्द ના ગુજરાતના ઇતિહાસવાળા ભાગની હસ્તપ્રત મુંબઈની રૉયલ એશિયાટિક સોસાયટીના પુસ્તકાલયમાં છે.

૪. આ પુસ્તક પણ અપ્રકાશિત છે. એની પ્રતો લંડનની ઇન્ડિયા ઑફિસના તેમજ અમદાવાદની ગુજરાત વિદ્યાસભાના પુસ્તકાલયમાં છે.

૫. એની એક નકલ ગુજરાત વિદ્યાસભામાં છે.

૬. આ પુસ્તકની એકમાત્ર પ્રત બ્રિટિશ મ્યુઝિયમ, લંડનના પુસ્તકાલયમાં છે.

૭. આ પુસ્તકની હસ્તપ્રત વિશે નોંધ ઉપલબ્ધ નથી. એનો ઉલ્લેખ ફાર્બસ ગુજરાતી સભા-મુંબઈની ફારસી હસ્તલિખિત ગ્રંથોની નામાવલી( સંકલન : મુહમ્મદ ઉમર કોકિલ)ના પરિશિષ્ટ ૪ માં નંબર ૮૨ ઉપર છે.

૮. આ પુસ્તક મુંબઈથી પ્રકાશિત થયું છે.

૯. આ પુસ્તક ઔરંગાબાદ ખાતે अंजुमने तरक्कीए उर्दूए हिंद દ્વારા મૌલવી અબ્દુલ્હકના સંપાદનમાં ઈ. સ. ૧૯૩૩ માં પ્રગટ થયું હતું.

૧૦. આ કાલના લેખોનો સમગ્ર સંગ્રહ પ્રકાશિત થયો નથી તેમ એની સૂચિ પણ પ્રગટ થઈ નથી. મિ. કાઉસેન્સે તૈયાર કરેલા *Revised List of Antiquarian Remains in the Bombay Presidency* (*RLARBP*)માં આ કાલના આઠ લેખોનો અને શ્રી. ડિસકળકરે સંગૃહીત કરેલા *Inscriptions of Kathiawad* (*IK*) માં ૧૧ અભિલેખો( નં. ૧૭૭ થી ૧૮૭ )નો સમાવેશ થાય છે. મુનિ જિનવિજયજીએ સંપાદિત કરેલો प्राचीन जैनलेखसंग्रह (प्राजैले)–भाग ५, મુનિ વિશાલવિજયજીનો 'શ્રી રાધનપુર પ્રતિમા લેખસંદોહ,' મુનિ બુદ્ધિસાગર-

સૂરિ-કૃત 'જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ' ભાગ ૧ વગેરે સંગ્રહોમાંના એકંદરે ૫૦ થી વધુ લેખ આ કાલના છે. બીજા થોડાક અભિલેખ યાત્રાગ્રંથો તથા સામયિકોમાં છૂટાછવાયા પ્રસિદ્ધ થયા છે.

૧૧. જેમકે प्राजैले, भा. २ માંના

૧૨. દા. ત. લાઠીનો સં. ૧૮૨૦ નો પ્રતિમાલેખ (*IK*, No. 177), લીમડીનો સં. ૧૮૩૦ નો લેખ (*IK*, No. 180), વઢવાણનો સં. ૧૮૩૩ નો લેખ (*IK*, No. 181), શંખેશ્વરનો સં. ૧૮૩૬ નો લેખ ('શંખેશ્વર મહાતીર્થ,' લે ૫૯), હુવાનો સં. ૧૮૪૧ નો લેખ ('શ્રી ભોરોલતીર્થ,' પૃ ૩૦-૩૧), શંખેશ્વરનો સં. ૧૮૫૪ નો લેખ ('શંખેશ્વર મહાતીર્થ,' લે. ૬૦) અને લીમડીનો સં. ૧૮૬૦ નો લેખ (*IK*, No. 184). પાળિયા પરના લેખ મુખ્યત્વે ગુજરાતીમાં હોય છે.

૧૩. શંખેશ્વરનો સં. ૧૮૬૮ નો લેખ ('શંખેશ્વર મહાતીર્થ,' લે. ૬૧)

૧૪. દા. ત. નવા રાજપીપળાનો સં. ૧૮૩૯ નો લેખ (વલ્લભવિદ્યાનગર સંશોધન-પત્રિકા (વવિસંપ), પુ. ૧, અંક ૨, લે. ૨૮) સંસ્કૃત-વ્રજભાષા-ગુજરાતીમાં), જૂના રાજપીપળાનો સં. ૧૮૩૯ નો (એજન, લે. ૨૯) સંસ્કૃત-ગુજરાતીમાં અને સં. ૧૮૫૧ નો (એજન, લે. ૩૦) સંસ્કૃત-વ્રજભાષામાં છે બોધાનનો સં. ૧૮૫૮ નો લેખ (*RLARBP*, p. 106) અને દ્વારકાનો સં. ૧૮૬૬ નો લેખ ('દ્વારકા સર્વસંગ્રહ,' પૃ. ૨૪૧) પણ સંસ્કૃત-ગુજરાતીમાં છે.

૧૫. ભારતી શેલત, 'ઈડર રાજ્યનાં ત્રણ અપ્રસિદ્ધ તામ્રપત્રો,' "સ્વાધ્યાય," પુ. ૧૫, પૃ. ૬૬-૭૭

૧૬. *IK*, Nos. 185-187

૧૭. જુઓ ઉપર પા. ટી. ૧૫.

૧૮. જુઓ રત્નમણિરાવ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ,' પૃ. ૧૫૬.

૧૯. 'પથિક,' વર્ષ ૬, અંક ૧૦-૧૧, પૃ. ૬૯

૨૦. રામસિંહજી કા. રાઠોડ, 'કચ્છનું સંસ્કૃતિ દર્શન,' પૃ. ૨૬૭

૨૧ *IK*, No. 183

૨૨. प्राजैले, भा २, અવલોકન, પૃ. ૫૩

૨૩. *RLARBP*, p. 105

૨૪. વવિસંપ, પુ. ૧, અં. ૨, લે. ૨૯

૨૫. એજન, લે ૩૦

૨૬. 'દ્વારકા સર્વસંગ્રહ', પૃ. ૨૪૫

૨૭. *IK*, No. 185

૨૮. *IK*, No. 186

૨૯. *Journal of Gujarat Research Society (JGRS)*, Vol. XXV, p. 311

૩૦. *IK*, No. 187

૩૧. प्राजैले, भा. २, અવલોકન, પૃ. ૫૨-૫૩

૩૨. एजन, भा. २, ले. ४६०

૩૩. મુનિ વિશાલવિજયજી, 'શ્રી ભોરોલતીર્થ,' પૃ. ૩૦–૩૧
૩૪. 'જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ,' ભા. ૧, લે ૧૪૦૦
૩૫. રા. કા. રાઠોડ, 'કચ્છનું સંસ્કૃતિ દર્શન,' પૃ. ૮૬–૯૫
૩૬. દા. ત. રાધનપુરનો સં. ૧૮૩૮ નો શિલાલેખ ( प्राजैले, भा. २, ले. ४६० ), જૂના રાજપીપળાનો સં. ૧૮૩૪ નો તથા સં. ૧૮૫૧ નો શિલાલેખ (વવિસંપ, વ. ૧, અં. ૨, લે. ૨૯-૩૦), ધોળકાનો સં. ૧૮૫૩ નો શિલાલેખ *( JGRS,* VOl. XXV, P. 311), શત્રુંજયનો સં. ૧૮૬૧ નો લેખ (प्राजैले, भा. २, અવલોકન, પૃ. ૫૪), તરણેતરનો સં. ૧૮૬૭ નો લેખ *(IK, No. 185)*, જડેશ્વરનો સં. ૧૮૬૯ નો લેખ *IK*, No. 186 ), અમરેલીનો સં. ૧૮૭૩ નો લેખ *IK*, No. 187 )
૩૭. 'રાધનપુરપ્રતિમાલેખસંદોહ,' લે. ૪૨૫, ૪૨૬, ૪૨૮, ૪૩૪, ૪૪૭
૩૮. એજન, લે. ૪૪૮; મુનિ વિશાલવિજયજી, 'શ્રી. ભીલડિયા પાર્શ્વનાથજી તીર્થ,' પૃ. ૧૫
૩૯. એજન, પૃ. ૪૭
૪૦. प्राजैले, भा. २, અવલોકન, પૃ. ૫૪
૪૧. 'શંખેશ્વર મહાતીર્થ', લે. ૫૯
૪૨. *IK*, No. 182; 'દ્વારકા સર્વસંગ્રહ,' પૃ. ૨૪૧
૪૩. વવિસંપ, પુ. ૧, અં. ૨, લે. ૨૮
૪૪. *IK*, No. 179
૪૫ प्राजैले, भा २, અવલોકન, પૃ, ૫૪
૪૬. જેમકે વિ. સં. ૧૮૧૯, ૧૮૨૦, ૧૮૩૦, ૧૮૩૯, ૧૮૪૩, ૧૮૪૫, ૧૮૫૨, ૧૮૫૪, ૧૮૫૫, ૧૮૫૮, ૧૮૬૦, ૧૮૬૧, ૧૮૬૭ અને ૧૮૬૯ ના લેખોમાં.
૪૭. *IK*, Nos. 180, 186
૪૮. વવિસંપ, પુ. ૧, અં ૨, લે. ૨૮; 'દ્વારકા સર્વસંગ્રહ,' પૃ. ૨૪૧
૪૯. *IK*, No. 186
૫૦. વવિસંપ, પુ. ૧, અં. ૨, લે. ૨૯
૫૧ प्राजैले, भा. २, ले. ४६०
૫૨. વવિસંપ, પુ. ૧, અં. ૨, લે. ૨૮
૫૩. *IK*, No. 185
૫૪. *Ibid.*, No. 186
૫૫. *Ibid.*, No. 187
૫૬. *Annual Report on Indian Epigraphy*, 1959–60, No. D, 105
૫૭. *Ibid.*, 1956–57, No. D, 65
૫૮. *Ibid*, 1973–74, No. D, 42, 43. આ બંને ભાઈઓ નહિ, પણ પિતરાઈઓ હતા. બંનેની ખલીફા સુલતાન સુધીની પૂરી વંશાવળી આ લેખમાં આપી છે.
૫૯. *Ibid.*, 1961–62, No. D, 14; 1967–68, Nos. D, 173, 174; 1973–74, Nos. D, 30, 33, 34; *Epigraphia Indo-Moslemica*, 1935–36, p. 45, plate xxxiii b.

૬૦. *Annual Report on Indian Epigraphy*, 1976–77, No. D, 163; *Inscriptions of Baroda State*, Vol. II, p. 12, pl. Va માં મેરાકુંવર નામ છે, જે ખોટું છે.

૬૧. *Annual Report on Indian Epigraphy*, 1954–55, No. D, 12; 1961–62, Nos.–D, 12, 15, 31; 1964–65, No. D, 29; 1973–74, No. D, 15; ઇત્યાદિ

૬૨. *Ibid.*, 1975–76, No. D, 119

૬૩. *Ibid.*, 1954–55, No. D, 53; 1973–74, No. D, 62

૬૪. *Ibid*, 1961–62, No D, 16; 1964–65, No. D, 45; 1973–74, No. D, 49; 1974–75, No. D, 67

૬૫. *Ibid.*, 1974–75, No. D, 53

૬૬. *Ibid.*, 1954–55, No. D, 117; 1961–62, No. D, 9; 1964–65, No. D, 45

૬૭. *Ibid.*, 1964–65, No. D, 45 ૬૮. *Ibid.*, 1967–68, No. D, 146

૬૯. *Ibid.*, 1975–76, No. D, 104 ૭૦. *Ibid*,, 1956–57, No. D, 55

૭૧. *Ibid.*, No. D, 34 આ લેખ હાલ મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં છે અને *Epigraphia Indica Arabic and Persian Supplment*, 1957 and 1957, p. 26, plate VII માં છપાયો છે.

૭૨. *Epigraphia Indo-Moslemica*, 1939–40, p. 7 plate III

૭૩. *Annual Report on Indian Epigraphy*, 1961–62, No. D, 32

૭૪. *Epigraphia Indo-Moslemica*, 1935–36, pp. 45, 46, plate XXXIII, e

૭૫. *Ibid*; 1973–74, No. D, 12 33, 34; 1975–76, No. D, 91

૭૬. M. S Commissariat, *History of Gujarat*, Vol. II, pp. 554 f.

૭૭. ગુજરાતના આ કાલના સિક્કાઓ પર ગિ. વ. આચાર્યનો લેખ *Proceeding of the All-India Oriental Conference, VII th Sesson*, Baroda, pp. 694–702 માં છપાયો છે.

૭૮. *Journal of Numismatic Society of India (JNSI)*, Vol. XXV, pp. 46–50

૭૯. *Catalogue of Coins in the Indian Museum, Calcutta (CCIMC)*, Vol. IV, pp. 159-63; *Numismatic Supplement*, No. XVII, pp. 229–48; *ibid.*, No. XLIV, pp. 27–36

૮૦. *JNSI*, Vol. XXII, pp. 285–88; Vol. XXIV, pp. 190–91

૮૧. *Ibid.*, Vol. V, pp. 97–103

૮૨. *CCIMC*, Vol IV, pp. 184–94

૮૩. *Ibid.*, Vol. IV, pp. 197–200

૮૪. ખતપત્ર નં. ૩, ૯, ૧૭ ૨૦, ૨૫, ૩૦, ૩૪, ૩૫. ૩૮, ૩૯, ૪૧, ૪૬, ૪૭, ૪૯, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૯

૮૫. ખતપત્ર નં. ૪૬, ૪૭, ૪૯ ૫૮, ૫૯

૮૬. ખતપત્ર નં. ૨૦, ૩૫, ૧૦૯

૮૭. ખતપત્ર નં. ૩૦ અને ૧૭

૮૮–૮૯ વિગતો માટે જૂઓ હ. ગં. શાસ્ત્રી, 'વિદ્યાસભા સંગ્રહાલયમાંનાં મરાઠાકાલીન ખતપત્ર', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૫, પૃ. ૧૨૧ થી ૧૨૫.

૯૦. ખતપત્ર નં. ૩૦

૯૧. ખતપત્ર નં. ૧૭

૯૨. ખતપત્ર નં. ૧૦૫

૯૩. ખતપત્ર નં. ૪૭ : જમીન પૂર્વ–પશ્ચિમ ગજ ૨૩ ને ૫ તસુ લાંબી અને ઉત્તર-દક્ષિણ ગજ ૯ ને ૧ તસુ પહોળી અર્થાત્ ચોરસ ગજ ૨૦૯ાા ને ૨ તસુ હતી. રૂ ૦ા= ના દરે એની કિંમત રૂ. ૭૮ાા થઈ હતી.

૯૪. આ સિક્કાનો તોલ ૧૧ાા માસા(માષ) હતો.

૯૫. મુનિ જિનવિજયજી, 'પ્રાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધનસામગ્રી" (પૃ. ૩૬), 'ગૂજરાત સાહિત્ય સભા કાર્યવાહી, ૧૯૩૩–૩૪'

૯૬. આ માટે જુઓ, અંબાલાલ જાની, 'શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ,' ભાગ ૧.

૯૭. ભોગીલાલ સાંડેસરા (સંપા.), 'પાટણની ગઝલ', "ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક," પુ. ૧૩, પૃ. ૩૧–૪૧

૯૮. ભોગીલાલ સાંડેસરા (સંપા.), 'વડોદરાની ગઝલ', "સાહિત્ય", પુ. ૨૦, પૃ. ૭૨–૭૬

૯૯ અંબાલાલ જાની, ઉપર્યુક્ત, પૃ. ૧૩૧–૩૨

૧૦૦. મોહનલાલ દેસાઈ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૧૭૯

૧૦૧. અંબાલાલ જાની, ઉપર્યુક્ત પૃ. ૧૨૮–૨૯

૧૦૨. એજન, પૃ. ૧૩૪–૩૬, ૨૩૯, ૨૫૨–૫૪

૧૦૩. એજન, પૃ. ૧૧–૧૩

૧૦૪. મોહનલાલ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૬૭૯

૧૦૫. અંબાલાલ જાની, ઉપર્યુક્ત, પૃ. ૩૮૯

# ખંડ ૨

## રાજકીય ઇતિહાસ

### પ્રકરણ ૨

# છત્રપતિઓ અને પેશવાઓ અને તેઓના તથા તેઓના અધિકારીઓના ગુજરાત સાથેના પૂર્વસંપર્ક

## ૧. મરાઠા છત્રપતિઓ અને પેશવાઓ

મરાઠી સત્તાના ઉદયથી ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં ભારતના રાજકારણમાં મહત્ત્વના ફેરફાર થયા તેનો ખરો આરંભ શિવાજીની કારકિર્દીથી થયો.

**છત્રપતિ શિવાજી** (ઈ. સ. ૧૬૨૭ કે ૧૬૩૦ થી ૧૬૮૦)

જુન્નર પાસે આવેલા શિવનેરના કિલ્લામાં ૬ ઠ્ઠી એપ્રિલ ૧૬૨૭ ( કે ૧૯ મી ફેબ્રુઆરી ૧૬૩૦ )ના રોજ શિવાજીનો જન્મ થયો. એ પછી એના પિતા શાહજી પોતાની બીજી પત્ની સાથે બિજાપુરમાં રહેતો હતો, જ્યારે શિવાજી સાથે એની માતા જિજાબાઈ પુણેની જાગીરમાં અલગ રહેતી હતી. એણે શિવાજીમાં ઉચ્ચ આદર્શોની ભાવના રેડી અને ધર્મનું ઝનૂન પ્રેર્યું. એ વખતે વડીલ પદે રહેલા બ્રાહ્મણ દાદાજી કોંડદેવે શિવાજીમાં હિંમત અને આત્મબળ કેળવ્યાં. પર્વતીય પ્રદેશના માવલીઓ ઉત્તમ પ્રકારના સૈનિકો સહાયકો અને સરદારો તરીકે શિવાજીની સાથે રહ્યા.

આ સમયે દક્ષિણમાં મુસ્લિમ સલ્તનતોની થઈ રહેલી પડતી અને મુઘલ દળોની ઉત્તરમાં લાંબા સમય સુધી ચાલી રહેલી ચડાઈઓએ મરાઠી સત્તાના ઉદયમાં મોકળાશ કરી આપી દાદાજી કોંડદેવના અવસાન (૧૬૪૭) બાદ શિવાજીએ બિજાપુરના અધિકારીઓ પાસેથી ઘણા કિલ્લા જીતી લીધા. ઈ. સ. ૧૬૪૯ થી ૧૬૫૫ સુધી શિવાજીને આક્રમક-નીતિ બંધ રાખવી પડી, કારણ કે બિજાપુરના સુલતાનની નોકરીમાં જોડાયેલા એના પિતા શાહજીને સુલતાને

કેદ કર્યો, અલબત્ત, પુત્રની સારી વર્તણૂકની ખાતરી મળતાં શાહજીને મુક્ત કરવામાં આવ્યો. ૧૬૫૬ માં શિવાજીએ નાવલી જીત્યું. શિવાજીના વધતા જતા ઉપદ્રવોને લક્ષમાં લઈ ઈ. સ. ૧૬૫૯ માં બિજાપુરના સુલતાને શિવાજીની સત્તાનો નાશ કરવા અફઝલખાનને મોકલ્યો. શિવાજીએ વાઘનખથી એને મારી નાખ્યો. એ પછી શિવાજી દક્ષિણ કોંકણ અને કોલ્હાપુરમાં પ્રવેશ્યો. ૧૬૬૦ માં બિજાપુરના સીદી જૌહરે શિવાજી પાસેથી પન્હાલા લઈ લીધું. આ અરસામાં દખ્ખણના મુઘલ સૂબા શાહિસ્તખાને પુણે જીતી લીધું અને કલ્યાણ તાલુકામાંથી મરાઠાઓને હાંકી કાઢચા, પરંતુ ૧૬૬૩ માં શિવાજી શાહિસ્તખાનને ઘાયલ કરી સિંહગઢ ચાલ્યો ગયો. ૧૬૬૪ માં શિવાજીએ સુરત લૂંટ્યું. ઈ. સ. ૧૬૬૫ માં મુઘલ પાદશાહ ઔરંગઝેબે અંબરના રાજા જયસિંહને શિવાજી પાસે મોકલ્યો. ૧૬૬૫ માં શિવાજીએ પુરંધર મુકામે રાજા જયસિંહ સાથે સંધિ કરી અને એને ૨૩ કિલ્લા સોંપી દીધા. રાજા જયસિંહ ઉપર વિશ્વાસ રાખી શિવાજી મુઘલ બાદશાહને મળવા આગ્રા પહોંચ્યો (૧૬૬૬). ભર દરબારમાં બાદશાહે એનું અપમાન કર્યું અને એને નજરકેદ કરવામાં આવ્યો, પરંતુ સાધુના વેશમાં એ ત્યાંથી છટકીને પોતાના વતન પાછો ફર્યો. શિવાજીએ ત્રણ વર્ષ શાંતિમાં પસાર કર્યાં. એ દરમ્યાન એણે મુઘલોને સોંપેલા બધા જ કિલ્લા જીતી લીધા (૧૬૬૮). ૧૬૭૦ માં શિવાજીએ બીજી વાર સુરત લૂંટ્યું અને ૧૬૭૨ માં એણે સુરતમાંથી ચોથ ઉઘરાવી. ૧૬૭૨ થી ૧૬૭૮ સુધીના સમયમાં થયેલા છૂટાંછવાયાં યુદ્ધોમાં મરાઠાઓ સામે મુઘલોને જીત મળી શકી નહિ. દરમ્યાન ઔરંગઝેબે એને રાજા તરીકે સ્વીકાર્યો. ૧૬૭૪ માં ધામધૂમથી રાયગઢમાં શિવાજીએ પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો ને છત્રપતિનું પદ ધારણ કર્યું. ૧૬૮૦ માં શિવાજીનું અચાનક અવસાન થયું. એ સમયે એનું રાજ્ય દરિયા કિનારે સામાન્ય રીતે ઉત્તરમાં રામનગર( સુરત પાસેનું ધરમપુર )થી માંડી દક્ષિણે માયસોરના પ્રદેશ સુધી વિસ્તર્યું હતું.

**છત્રપતિ શંભુજી** ( ઈ. સ. ૧૬૮૦ થી ૧૬૮૯ )

છત્રપતિ શિવાજીના મૃત્યુ બાદ એના બીજા પુત્ર રાજારામનો એની માતા સોયરાબાઈએ એપ્રિલ ૧૬૮૦ માં રાયગઢમાં રાજ્યાભિષેક કર્યો ત્યારે શિવાજીનો જ્યેષ્ઠ પુત્ર શંભુજી પન્હાલાના કિલ્લામાં કેદમાં હતો તે બહાર આવ્યો અને એણે રાયગઢ તાબે કર્યું ને રાજારામ તથા સોયરાબાઈને કેદ કર્યાં. શંભુજીએ ૨૦ મી જુલાઈ ૧૬૮૦ માં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો અને ૧૦ મી જાન્યુઆરી, ૧૬૮૧ માં ફરીથી દબદબા સાથે રાજ્યાભિષેક કરાવ્યો. આ સમયે

બાદશાહ ઔરંગઝેબનો પુત્ર અકબર બળવો કરી દખ્ખણમાં શંભુજીના આશ્રયે આવ્યો તેથી ઔરંગઝેબ પણ દખ્ખણમાં આવ્યો. ઈ. સ. ૧૬૮૪ થી શંભુજીએ ઔરંગઝેબ સામે રક્ષણાત્મક યુદ્ધ શરૂ કર્યું. સંગમેશ્વરમાં અચાનક છાપો મારી મુઘલોએ શંભુજીને કેદ પકડ્યો( ૧૬૮૬ ) ને ૧૬૮૯ માં એનો વધ કરવામાં આવ્યો.

**છત્રપતિ રાજારામ** ( ઈ. સ ૧૬૮૯ થી ૧૭૦૦ )

હવે રાજારામને છત્રપતિ તરીકે જાહેર કરવામાં આવ્યો. નવેમ્બર ૧૬૮૯ માં શંભુજીનાં પત્ની યેશુબાઈ, એનો બાળ પુત્ર શાહુ અને બીજા અનેક જાણીતા માણસ પકડાયા તેઓને ઔરંગઝેબને સોંપવામાં આવ્યાં. રાજારામે કુશળ સલાહકારો અને સેનાપતિઓની મદદથી ઔરંગઝેબની બધી યુક્તિઓ ઊંધી પાડવા માંડી. ૧૬૯૮ માં રાજારામે કચેરી સતારામાં રાખી, જો કે થોડા જ વખતમાં એણે સતારા ગુમાવ્યું. ઈ. સ. ૧૬૯૯ માં સુરત લૂંટવાની ઇચ્છાથી એ સિંહગઢ ગયો, પણ મુઘલોના કારણે એને પાછા ફરવું પડ્યું. રાજારામ માંદો પડ્યો ને ૧૭૦૦ માં મૃત્યુ પામ્યો.

**તારાબાઈ** ( ઈ. સ. ૧૭૦૦ થી ૧૭૦૭ )

રાજારામના અવસાન પછી એનો પુત્ર કર્ણ ગાદી ઉપર બેઠો, પરંતુ બિમારીમાં એ અવસાન પામ્યો, આથી રાજારામની પત્ની તારાબાઈએ પોતાના બીજા નાના( સગીર ) પુત્રને " શિવાજી " ( ૨ જો ) નામ આપી ગાદીએ બેસાડ્યો ને એના વતી એ કારભાર કરવા લાગી. મુઘલ પાદશાહનાં છેલ્લાં વર્ષોમાં મરાઠાઓ મહારાષ્ટ્રની બહાર માળવા અને ગુજરાત સુધી સવારીઓ લઈ જવા લાગ્યા. મરાઠાઓએ બુરહાનપુર સુરત ભરૂચ અને પશ્ચિમ કિનારાનાં અનેક સમૃદ્ધ નગર લૂટ્યાં. દક્ષિણ કર્ણાટક ઉપર એમણે સત્તા સ્થાપી. દરમ્યાન ૧૭૦૭ માં ઔરંગઝેબ મૃત્યુ પામ્યો.

**છત્રપતિ શાહુ** ( ઈ. સ. ૧૭૦૭ થી ૧૭૪૯ )

શાહુ અને યેશુબાઈ તેમજ બીજા મુઘલોના કેદી બન્યાં હતાં. શાહુને ૧૭ વર્ષ મુઘલો સાથે રહેવું પડ્યું હતું. ઔરંગઝેબના અવસાન પછી શાહુએ મુઘલ છાવણી છોડી. થોડા વખતમાં ઔરંગઝેબનો પુત્ર શાહઆલમ દિલ્હીની ગાદી ઉપર બેઠો. નવેમ્બર ૧૭૦૭ માં ખેડ પાસે તારાબાઈના લશ્કર સાથે શાહુને યુદ્ધ થયું તેમાં એ વિજયી નીવડ્યો. ૧૭૦૮ માં શાહુએ સતારામાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. તારાબાઈ અને એનો પુત્ર સતારા છોડી પન્હાલા ગયાં.

રાજારામની બીજી પત્ની રાજસબાઈએ તારાબાઈ અને એના પુત્રને કેદમાં પૂરી દીધાં અને પોતાના પુત્ર શંભુજી ( ૨ જા )ને કોલ્હાપુરમાં ગાદીએ બેસાડયો ( ૧૭૧૩ ). ઈ. સ. ૧૭૩૧ ની સંધિ થતાં વરણા નદીની દક્ષિણનો પ્રદેશ શંભુજીને અને ઉત્તરનો પ્રદેશ શાહુને મળ્યો.

**પેશવા બાલાજી વિશ્વનાથ** ( ઈ. સ. ૧૭૧૩ થી ૧૭૨૦ )

૧૭૧૩ માં છત્રપતિ શાહુએ બાલાજી વિશ્વનાથને પેશવાપદ આપી એનું બહુમાન કર્યું ને એ સમયથી રાજ્યસત્તા છત્રપતિના હાથમાંથી પેશવાના હાથમાં ચાલી ગઈ. સેનાપતિ ચંદ્રસેને પોતાના હોદ્દાનું રાજીનામું આપી છત્રપતિ શાહુને કફોડી સ્થિતિમાં મૂકયો ત્યારે બાલાજીએ શાહુને ચિંતામાંથી મુક્ત કર્યો. બાલાજી મરાઠા નૌકાદળના વડા કાન્હોજી આંગ્રેને શાહુના પક્ષમાં મેળવી શકયો. એણે દખ્ખણના મુઘલ સૂબેદાર નિઝામ ઉલ–મુલ્કની તથા હુસેનઅલી સૈયદની મહત્ત્વાકાંક્ષાને માત કરી. એણે 'સ્વરાજ'માંના ગુમાવેલા કિલ્લા અને મુલક પાછા મેળવ્યા, શાહુની માતા અને બીજા કુટુંબીજનોને મુક્ત કરાવ્યાં ને શાહુને નામે દખ્ખણના છયે પ્રાંતોમાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાનો હક મેળવ્યો (૧૭૧૯). દખ્ખણમાં આ મરાઠા રાજ્યની સત્તાને મુઘલ સામ્રાજ્ય પાસેથી માન્યતા અપાવનાર આ મુત્સદ્દી પેશવા 'મરાઠા રાજ્યનો બીજો સ્થાપક' ગણાય છે. એ પોતાની યોજનાને અમલમાં મૂકવા માગતો હતો, પણ અચાનક એ મૃત્યુ પામ્યો (૧૭૨૦).

**પેશવા બાજીરાવ ૧ લો** ( ઈ. સ. ૧૭૨૦ થી ૧૭૪૦ )

અગ્રગણ્ય મરાઠા નેતાઓનો વિરોધ છતાં બાલાજી વિશ્વનાથના ફક્ત ૨૦ વર્ષના જ્યેષ્ઠ પુત્ર બાજીરાવને છત્રપતિ શાહુએ ૧૭૨૦ માં પેશવાપદે સ્થાપ્યો. બાજીરાવે ગુજરાત અને માળવામાં મરાઠા સત્તા વધારવા માંડી. એણે સૈન્ય સાથે ૧૭૪૨ માં નર્મદા ઓળંગી માળવા જીતી લીધું. જયપુરના રાજા જયસિંહે એની સાથે મિત્રાચારી રાખી હતી. એ પછી પેશવા પુણે પાછો ફર્યો. ઉદાજી પવાર, મલ્હારરાવ હોલ્કર અને રાણોજી સિંધિયાને ખંડણી વસૂલ કરવા ત્યાં રાખ્યા. એમણે ધાર ઇંદોર અને ગ્વાલિયરમાં વખત જતાં રાજ્ય સ્થાપ્યાં. આ જ સમગે મરાઠા ગુજરાતમાં પણ રાજ્ય સ્થાપી રહ્યા હતા. ગુજરાત અને બાગલાણમાંથી ઉઘરાણી કરવાનું કાર્ય ખંડેરાવ દાભાડેને સોંપવામાં આવ્યું હતું.

દખ્ખણનો મુઘલ સૂબેદાર નિઝામ ઉલ્મુલ્ક મરાઠાઓનો દુશ્મન હતો. ઈ.સ. ૧૭૨૫ અને ૧૭૨૬ ના અરસામાં બાજીરાવે બે વખત કર્ણાટક ઉપર ચડાઈ

કરી. આખરે પેશવા અને નિઝામ વચ્ચે સંધિ થઈ ( ૧૭૨૮ ). નિઝામે રાજા શાહુને 'છત્રપતિ' તરીકે સ્વીકાર્યો ને છ સૂબાઓની ચોથ તથા સરદેશમુખી કબૂલી. ૧૭૨૮ માં પેશવાએ માળવા અને બુંદેલખંડ ઉપર સંપૂર્ણ જીત મેળવી. ૧૭૩૧ માં પેશવાએ ગુજરાત ઉપર ચડાઈ કરી ને ગુજરાતના સૂબેદાર મહારાજા અભયસિંહ સાથે સંધિ કરી. ૧૭૩૭ માં પહેલી વાર બાજીરાવે જમના નદી ઓળંગી અને ઉત્તર હિંદ ઉપરની ચડાઈની વિશાળ યોજના ઘડી ને એ દિલ્હી સુધી પહોંચી ગયો. એણે ભોપાળ પાસે નિઝામને ફરી સંધિ કરવા ફરજ પાડી. એ પછી પોતાનું ધ્યાન કોંકણ તરફ કેંદ્રિત કર્યું. પેશવાના ભાઈ ચિમનાજીએ ૧૭૩૭ માં થાણા તાબે કર્યું ને સાલસેટ–વસાઈ મેળવ્યું. ખંભાતમાં રહેલા અંગ્રેજોએ ૧૭૩૯ માં મરાઠાઓ સાથે સંધિ કરી તે મુજબ દખ્ખણમાં વેપાર કરવાની એમને છૂટ આપવામાં આવી. નિઝામના નાયબ નાસિરજંગને ૧૭૪૦ માં પેશવાએ સંધિ કરવાની ફરજ પાડી. બાજીરાવની આ છેલ્લી જીત હતી. પછી ઉત્તર હિંદુસ્તાનની દિશામાં કૂચ કરતાં ૧૭૪૦ માં પેશવા બાજીરાવનું અચાનક અવસાન થયું.

**પેશવા બાલાજી બાજીરાવ** ( ઈ. સ. ૧૭૪૦ થી ૧૭૬૧ )

બાજીરાવનો જ્યેષ્ઠ પુત્ર બાલાજી બાજીરાવ ફક્ત ૧૮ વર્ષની ઉંમરે પેશવા પદે નિમાયો. એની ૨૧ વર્ષની ઉજ્જવળ કારકિર્દી દરમ્યાન મુઘલ સામ્રાજ્યનો સૂર્ય અસ્ત પામ્યો ને ભારતમાં મરાઠા રાજ્યનો વિસ્તાર થયો. એની કારકિર્દી બે ભાગમાં વહેંચાઈ જાય છે : ( ૧ ) ઈ. સ. ૧૭૪૦ થી ૧૭૪૯ સુધીનો નવ વર્ષનો તબક્કો છત્રપતિ શાહુનો રાજ્યકાલ અને ( ૨ ) ઈ. સ. ૧૭૪૯ થી ૧૭૬૧ સુધીનો ૧૨ વર્ષનો છત્રપતિ રાજારામનો કાલ.

૧૭૪૧ માં મુઘલ બાદશાહે માળવા પરનો મરાઠાઓનો હક માન્ય કર્યો. રઘુજી ભોંસલેએ કર્ણાટક ઉપર વિજય મેળવ્યો. ૧૭૪૩ માં પેશવાએ બંગાળ તરફ કૂચ કરી અને નાગપુરના રઘુજી ભોંસલે સાથે પ્રદેશોની વહેંચણી કરી, બુંદેલખંડ અને રાજસ્થાનમાં મરાઠા સત્તાને દૃઢ કરી. કર્ણાટકમાં નિઝામે જીતી લીધેલો મુલક પાછો મેળવ્યો. ૧૭૪૯ માં મૃત્યુને આરે પહોંચેલા છત્રપતિ શાહુએ, અમુક બાબતો સિવાય, પેશવાને રાજ્યમાં સંપૂર્ણ સત્તા આપતું વસિયતનામું કર્યું. હવે પેશવા સર્વ સત્તાધીશ બન્યો. પેશવાની ઇચ્છા કોલ્હાપુરના રાજા શંભુજીને છત્રપતિ બનાવી સતારા–કોલ્હાપુરનાં રાજ્યોનું એકીકરણ કરવાની હતી, પણ શાહુએ તારાબાઈના પૌત્ર રામરાજાને પોતાનો ઉત્તરાધિકારી

નીમ્યો. શાહુના મૃત્યુ પછી છત્રપતિપદે ૧૭૫૦ માં રામરાજાનો અભિષેક થયો. રામરાજા નિર્બળ હોઈ તારાબાઈના તાબામાં રહેતો ને રાજ્યની સર્વ સત્તા પેશવાના હાથમાં આવી. તારાબાઈને કારણે મરાઠાઓમાં આંતરવિગ્રહ થયો, પરંતુ છેવટે તારાબાઈને નમતું આપવું પડ્યું. ૧૭૬૦ માં કોલ્હાપુરના રાજા શંભુજીનું મૃત્યુ થયું. પેશવા કોલ્હાપુરને સતારા સાથે જોડી દેવા માગતો હતો, પરંતુ એ અરસામાં પાણીપતનું ત્રીજું યુદ્ધ થયું. એ પહેલાં ઈ. સ. ૧૭૫૧ થી ૧૭૫૯ સુધીના ગાળામાં મરાઠા અને નિઝામ વચ્ચે યુદ્ધ થયાં. ઈ. સ. ૧૭૬૦ માં નિઝામ સંપૂર્ણપણે હારી ગયો. ગુજરાત પર પેશવા અને ગાયકવાડની સત્તા સ્થપાઈ. મરાઠા સત્તા પરાકાષ્ઠાએ પહોંચી, પરંતુ પાણીપતના મેદાનમાં લડાયેલા યુદ્ધમાં મરાઠાઓની અહમદશાહ અબ્દાલી સામે કારમી હાર થયાના સમાચાર સાંભળી આઘાત પામેલ પેશવા બાલાજી બાજીરાવ મૃત્યુ પામ્યો (૧૭૬૧).

**પેશવા માધવરાવ ૧ લો** (ઈ. સ. ૧૭૬૧ થી ૧૭૭૨)

બાલાજી બાજીરાવના અવસાને એના બીજા પુત્ર માધવરાવને પેશવાપદ અપાયું (૧૭૬૧). આ સમયે એનો કાકો રઘુનાથરાવ (રાઘોબા) સગીર પેશવાના વાલી તરીકે વર્ચસ ધરાવતો હતો. થોડા વખતમાં નિઝામના ભાઈ નિઝામઅલીએ પુણે પર આક્રમણ કર્યું, પરંતુ એ હાર્યો ને એણે સંધિ કરી. ૧૭૬૨ માં પેશવા અને રાઘોબા વચ્ચે આંતરવિગ્રહ થયો એમાં થયેલી સંધિમાં રાઘોબાને વહીવટી સત્તાઓ પ્રાપ્ત થઈ. ૧૭૬૩ માં પેશવાના સૈન્યે નિઝામઅલીની ફોજને હરાવી. ૧૭૬૪ માં કર્ણાટકના હૈદરઅલી સાથે યુદ્ધ થયું; આ ૧ લા માયસોર–વિગ્રહમાં મરાઠાઓનો વિજય થયો. ૧૭૬૫–૬૬ માં પેશવાએ જાનોજી ભોંસલેને હરાવ્યો. મુઘલ પાદશાહ શાહઆલમ ૨ જા પાસેથી બંગાળ અને બિહારનો 'દીવાની હક' મેળવી અંગ્રેજો એ પ્રાંતોના શાસક બન્યા. અંગ્રેજોએ બંગાળ બિહાર મદ્રાસ મુંબઈ વગેરે પ્રદેશોમાં સત્તાની જમાવટ કરી હતી. પેશવા માધવરાવ એમની વધતી જતી સત્તાથી ચિંતાતુર હતો. ૧૭૬૭ માં મરાઠાઓ અને હૈદરઅલી વચ્ચે બીજો માયસોર–વિગ્રહ થયો, જેમાં હૈદરઅલીનો પરાજય થયો. ૧૭૬૮ માં રાઘોબાને નજરકેદ કરવામાં આવ્યો. ૧૭૭૦ માં ત્રીજો માયસોર–વિગ્રહ થયો તેમાં પણ હૈદરઅલીનો પરાજય થયો ને છેવટે ૧૭૭૧ માં સંધિ થઈ. ૧૭૭૦ માં આગ્રા અને મથુરામાં મરાઠાઓને જીત મળી. મહાદજી સિંધિયાએ ઉત્તર ભારતમાં જાટ, રોહિલા અને

અફઘાનોને નમાવીને દોઆબ અને ફરુંખાબાદ જીતી લીધાં. ૧૭૭૧ માં મહાદજી સિંધિયાએ રાજધાની દિલ્હી ઉપર અધિકાર જમાવ્યો. ૧૭૭૨ માં ૨૮ વર્ષની ભર જુવાનવયે પેશવા માધવરાવનું અવસાન થયું.

**પેશવા નારાયણરાવ** (ઈ. સ. ૧૭૭૨ થી ૧૭૭૩)

છત્રપતિ રામરાજાએ માધવરાવના નાના ભાઈ નારાયણરાવને પેશવાપદે સ્થાપ્યો. અંગ્રેજોએ થાણા વસઈ વિજયદુર્ગ અને રત્નાગિરિનાં મરાઠા નૌકા-મથકો ઉપર હુમલા કર્યા હતા. પેશવા નારાયણરાવે એ માટે ઘટતાં પગલાં ભર્યાં. પેશવાની નજરકેદમાંથી રાઘોબા ૧૭૭૩ માં નાસી છૂટયો, પરંતુ એને ફરી પકડીને નજરકેદ કરવામાં આવ્યો. ૩૦ મી ઑગસ્ટ ૧૭૭૩ ના રોજ પેશવાનું ભર બપોરે ખૂન કરવામાં આવ્યું. એમાં રાઘોબાનો મુખ્ય હાથ હતો.

**પેશવા રઘુનાથરાવ (રાઘોબા)** (ઈ. સ. ૧૭૭૩ થી ૧૭૭૪)

૧૦ મી ઑક્ટોબર ૧૭૭૩ ના રોજ રાઘોબા કાયદેસર પેશવા બન્યો, પરંતુ પુણેના 'બારભાઈઓ' એને પકડવા માગતા હતા, આથી એને પુણેની બહાર ભાગતા રહેવું પડયું. દરમ્યાન એ નિઝામ અને હૈદરઅલી સાથે વિગ્રહ કરતો રહ્યો. એવામાં નારાયણરાવની વિધવાને પુત્ર જન્મ્યો. આખરે ૧૭ મી ફેબ્રુઆરી ૧૭૭૪ ના રોજ રાઘોબાને પેશવા પદેથી પદભ્રષ્ટ કરવામાં આવ્યો.

આ 'બારભાઈઓ'માં નાના ફડનવીસ અને મહાદજી સિંધિયા મુખ્ય હતા.

**પેશવા સવાઈ માધવરાવ** (ઈ. સ. ૧૭૭૪ થી ૧૭૯૫)

'બાર ભાઈઓ'ની ભલામણથી નારાયણરાવના ૪૦ દિવસની ઉંમરના પુત્ર સવાઈ માધવરાવને પેશવાપદ અર્પણ કરવામાં આવ્યું. નાના ફડનવીસે આ પેશવાને એકાંતપ્રિય જ રાખ્યો. નાના ફડનવીસ એકમાત્ર સર્વોચ્ચ વહીવટકર્તા રહ્યો. આ સમય દરમ્યાન રાઘોબા અંગ્રેજોની મદદ મેળવી સત્તા હાંસલ કરવા મથતો હતો, પરંતુ એમાં એ ફાવતો નહિ. ૧૭૭૬ માં અંગ્રેજો સાથે પુણે દરબારની પુરંધરની સંધિ કરવામાં આવી ને એ સમયથી અંગ્રેજોએ મરાઠાઓના આંતરિક વહીવટમાં માથું મારવાનું શરૂ કર્યું. પ્રથમ અંગ્રેજ–મરાઠા વિગ્રહ ઈ. સ. ૧૭૭૮ માં થયો. છત્રપતિ રામરાજાનું અવસાન થતાં સતારામાં એને સ્થાને છત્રપતિ તરીકે શાહુ ૨ જો ( ઈ. સ. ૧૭૭૭ થી ૧૮૦૮ ) ગાદીએ આવ્યો હતો. જાન્યુઆરી ૧૭૭૯ માં અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે

વડગાંવની સંધિ થઈ. ૧૭૮૦ થી ૧૭૮૧ માં નાના ફડનવીસે અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવા અંગ્રેજો વિરુદ્ધ 'રાજાઓનો અખિલ ભારતીય સંઘ' ઊભો કર્યો, જેમાં પુણે સરકાર, કર્ણાટકનો હૈદરઅલી, હૈદરાબાદનો નિઝામ અને નાગપુરનો ભોંસલે જોડાયા. જંજિરાના સીદીઓ, પોંડિચેરીના ફ્રેન્ચો અને ગોવાના પોર્ટુગીઝોનો સાથ પણ નાના ફડનવીસને મળ્યો. બીજી બાજુ હેસ્ટિંગ્સે સંઘના સભ્યોને એક પછી એક ફોડી નાખ્યા. આમ છતાં મહાદજી સિંધિયા અને નાના ફડનવીસ હિંમત હાર્યા નહિ. મુંબઈ અને ગુજરાતમાં મરાઠાઓએ અંગ્રેજોને હેરાન કર્યા. છેવટે ૧૭૮૨ માં સાલબાઈ મુકામે અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે સંધિ થઈ. ૧૭૮૪ માં રાઘોબા અવસાન પામ્યો અને પેશવાકુલના આંતરિક વિગ્રહનો અંત આવ્યો. ૧૭૮૨ માં હૈદરઅલીનું મૃત્યુ થયું. એના પુત્ર ટીપુ સુલતાનના સમયમાં મરાઠાઓ સાથે માયસોર–વિગ્રહ થયો, જેમાં ટીપુ સુલતાન યુદ્ધમાં મરાયો (૧૭૯૯). બીજી પાસ ઉત્તર ભારતમાં મહાદજી સિંધિયાએ વિજય–કૂચ કરી અનેક વિજય મેળવ્યા, પરંતુ ૧૭૯૪ માં એનું અવસાન થયું.

ટીપુ ઉપર વિજય મેળવ્યા પછી નાના ફડનવીસની સત્તા અને પ્રતિષ્ઠામાં ખૂબ વધારો થયો. ૧૭૯૨ માં મહાદજી સિંધિયા પુણેમાં પેશવાને મળ્યો, પરંતુ થોડા સમયમાં જ મહાદજી અને પુણેના મંત્રી મંડળ વચ્ચે વિરોધ થયો. પેશવા સવાઈ માધવરાવની કારકિર્દીનું છેલ્લું યુદ્ધ ખર્ડા મુકામે ૧૭૯૫ માં લડાયું એમાં નિઝામની હાર થઈ. થોડા વખતમાં પેશવા સવાઈ માધવરાવનું અવસાન થયું (૧૭૯૫).

**પેશવા બાજીરાવ ૨ જો** (ઈ. સ. ૧૭૯૬ થી ૧૮૧૮)

એ રઘુનાથરાવ (રાઘોબા)નો પુત્ર હતો. શિંદેની સહાયથી એ સત્તા પર આવેલો. એણે સત્તા પર આવ્યા પછી પિતા રાઘોબાના તમામ પક્ષકારોને મુક્ત કરી રાજ્યમાં ઉચ્ચ હોદ્દા આપ્યા.

પેશવા અને નાના ફડનવીસ વચ્ચે મતભેદ રહ્યા. ૧૭૯૭ માં તુકોજી હોલ્કરનું અવસાન થતાં ઇંદોરમાં એના ચાર પુત્રો વચ્ચે વારસાવિગ્રહ ફાટી નીકળ્યો. બાજીરાવે અને શિંદેએ કાશીરાવનો પક્ષ લીધો, જ્યારે નાના ફડનવીસે બાકીના ત્રણ પુત્રોના સંયુક્ત દળનો પક્ષ લીધો. પેશવાએ શિંદેની સલાહ અનુસાર જ્યેષ્ઠ પુત્ર કાશીરાવને ઇંદોરનું 'હોલ્કરપદ' આપ્યું. ૧૭૯૭ માં નાના ફડનવીસને કેદ કરવામાં આવ્યો. છેવટે સમજૂતી કરાવવા નાના ફડનવીસને ૧૭૯૮ માં મુક્ત કરવામાં આવ્યો. આ અરસામાં ૧૭૯૮ માં ગવર્નર

જનરલ તરીકે લૉર્ડ વેલેસ્લી( ૧૭૯૮ થી ૧૮૦૫ )ની નિમણૂક થઈ. એણે 'સહાયકારી યોજના' અમલમાં મૂકીને એક પછી એક મરાઠા સરદારોને હરાવ્યા. છેવટે પેશવાને પણ વસાઈની સંધિ ( ઈ. સ. ૧૮૦૨ ) સ્વીકારવાની ફરજ પડી. મરાઠા રાજ્યની સ્વતંત્રતાનો અંત આણ્યો. આમ છતાં ૧૮૦૩ માં બાજીરાવ ફરીથી પેશવાપદે આવ્યો. બીજો મરાઠા વિગ્રહ ૧૮૦૩ માં અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે લડાયો. અંગ્રેજો અને રઘુજી ભોંસલે વચ્ચે દેવગાંવની સંધિ થઈ, જેમાં ભોંસલેએ ઘણો પ્રદેશ ગુમાવ્યો. ત્રીજો અંગ્રેજ-મરાઠા વિગ્રહ ઈ.સ. ૧૮૦૪-૦૫ માં થયો. ઈ. સ. ૧૮૦૫ માં રાજઘાટ મુકામે સંધિ થઈ, જેમાં યશવંતરાવ હોલ્કરે થોડો પ્રદેશ ગુમાવ્યો. એના ઉત્તરાધિકારી મલ્હારરાવ હોલ્કરે અંગ્રેજોને શરણે જઈ સંધિ કરી ( ૧૮૧૮ ). ઈ. સ. ૧૮૦૫ સુધીમાં તો પેશવા સિન્ધિયા ભોંસલે હોલ્કર ગાયકવાડ ટીપુ સુલતાન( કર્ણાટક ) અને નિઝામઅલી ( હૈદરાબાદ ) એમ એક પછી એક હિંદની સત્તાઓને અંગ્રેજોએ હરાવી એમના પ્રદેશમાં પોતાનાં આશ્રિત રાજ્ય સ્થાપી દીધાં. ચોથો અંગ્રેજ-મરાઠા વિગ્રહ ઈ. સ. ૧૮૧૮ માં લડાયો. આસ્ટીના યુદ્ધમાં પેશવા હાર્યો. ૧ લી જૂન ૧૮૧૮ ના રોજ પેશવા અંગ્રેજોને શરણે આવ્યો અને અસીરગઢની સંધિ થતાં પેશવાના સ્વતંત્ર રાજ્યનો અંત આવ્યો.

## ૨. મરાઠા શાસકોના પૂર્વસંપર્ક

અમદાવાદમાં મહારાષ્ટ્રના પેશવાઓની તથા ગાયકવાડોની સત્તા ૧૭૫૩-૫૮ દરમ્યાન સ્થપાઈ તે પહેલાં છેક ૧૬૬૪ થી મરાઠા શાસકો ગુજરાતમાં પગપેસારો કરતા હતા ને દ્રવ્ય તથા મુલક મેળવવા મથતા હતા. આની તબક્કાવાર રૂપરેખા અવલોકીએ.

### ગુજરાત પરના પ્રાથમિક હુમલા

શિવાજીએ મરાઠાઓના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરીને મરાઠાઓની મહત્ત્વાકાંક્ષાનો પાયો નાખ્યો. પોતે સ્થાપેલા સ્વતંત્ર રાજ્યને શત્રુઓથી રક્ષવા, એને દૃઢ કરવા તથા એનો વિસ્તાર કરવા શિવાજીને નાણાંની જરૂર હતી. આ માટે એની નજર એ સમયના ભારતના સૌથી સમૃદ્ધ બંદર સુરત પર પડી અને એણે એને ૧૬૬૪ માં તથા ૧૬૭૦ માં એમ બે વખત લૂંટ્યું. આમાંથી શિવાજીને મુઘલો તથા અન્ય શત્રુઓ સામે જરૂર પડે તો લાંબા સમય સુધી લડવા માટે પૂરતાં નાણાં મળ્યાં. આ ઉપરાંત, મરાઠી ઇતિહાસકાર શ્રી સરદેસાઈ જણાવે છે તેમ, સુરતની લૂંટથી શિવાજીના અન્ય બે હેતુ પણ સિદ્ધ

થયા : (૧) એ પોતાના રાજ્ય પરનું મુઘલોનું દબાણ ઓછું કરાવી શક્યો તથા (૨) દખ્ખણમાંથી મુઘલોનું ધ્યાન ગુજરાત પર કેંદ્રિત કરાવી શક્યો.[૧] શિવાજીએ સુરતની કરેલી લૂંટથી ગુજરાતને મરાઠાઓનો પ્રથમ પરિચય થયો તથા ગુજરાતની નિર્બળ મુઘલ સૂબાગીરી ખુલ્લી પડી. પરિણામે ગુજરાતમાં વિશેષ હુમલા કરીને વધારે ધન પ્રાપ્ત કરવાની મરાઠાઓની મહત્ત્વાકાંક્ષાને પ્રોત્સાહન મળ્યું. વળી સ્વરાજ્ય સિવાયના અન્ય પ્રદેશોમાંથી ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાનો ખ્યાલ પણ શિવાજીને કદાચ આ હુમલાઓ દરમ્યાન આવ્યો હોવાનું ઇતિહાસલેખક શ્રી. સેન માને છે.[૨] શિવાજીના સરદાર હંસોજી મોહિતેના નેતૃત્વ તળે ૧૬૭૫માં તથા શિવાજીના અવસાન (૧૬૮૦) બાદ એના પુત્ર શંભાજીના શાસન દરમ્યાન ૧૬૮૫ માં ઔરંગઝેબના બંડખોર પુત્ર અકબરની આગેવાની નીચે મરાઠાઓએ ભરૂચ અને એની આસપાસના પ્રદેશોમાં કરેલી લૂંટ તેમજ ઔરંગઝેબના મૃત્યુની પહેલાંના વર્ષે (૧૭૦૬) મરાઠા સેનાપતિ ધનાજી જાદવે દક્ષિણ ગુજરાતના પ્રદેશો પર કરેલા હુમલા આ નીતિને આગળ ધપાવવા માટે હોવાનું કહી શકાય.[૩]

### મરાઠાઓએ ગુજરાતમાં વિસ્તારેલાં આક્રમણ

ઊગતી મરાઠી સત્તાને કચડી નાખવાના આશયથી ઔરંગઝેબે છત્રપતિ સંભાજીની ૧૬૮૫ માં હત્યા કરી, પરંતુ આનાથી મરાઠાઓ વધારે સંગઠિત થયા અને મુઘલો સામે વિશેષ આક્રમક બન્યા તથા ગુજરાત પરનાં પોતાનાં આક્રમણોને તેઓએ વિસ્તાર્યાં. ત્રીજા છત્રપતિ રાજારામના અવસાન (૧૭૦૦) બાદ એની પત્ની તારાબાઈ અને એના વિપક્ષીઓ વચ્ચે સત્તા માટે આંતરકલહ થયો એનાથી થોડા સમય માટે મરાઠાઓની આગેકૂચ થંભી ગઈ, પરંતુ ૧૭૦૭ માં મુઘલ બાદશાહ ઔરંગઝેબનું અવસાન થતાં મરાઠાઓને ગુજરાતમાં તથા ભારતના અન્ય ભાગોમાં પોતાનો વિસ્તાર કરવાની તક સાંપડી. વળી ઔરંગઝેબ પછીના મુઘલ બાદશાહો નિર્બળ હતા એટલે એમને સત્તા પર ટકી રહેવા માટે મરાઠાઓની સહાયની જરૂર હતી. બીજી બાજુ ઔરંગઝેબના મૃત્યુ બાદ ગુજરાતના મુઘલ સરદારોમાં ગુજરાતની સૂબાગીરી મેળવવા ભારે ખેંચતાણી ચાલી તેમાં પણ એક અથવા બીજા પક્ષને મરાઠાઓની મદદની જરૂર જણાઈ. આનાથી મરાઠાઓને ઉત્તર હિંદમાં તથા ગુજરાતમાં પોતાનું વર્ચસ જમાવવાની પૂરતી તક મળી. આનો લાભ મરાઠાઓએ ઠીક પ્રમાણમાં લીધો. પ્રથમ પેશવા બાલાજી વિશ્વનાથ તથા બીજા પેશવા બાજીરાવ ૧ લાએ આ બાબતમાં આક્રમક નીતિ અપનાવી.

બાલાજી વિશ્વનાથે મરાઠી સત્તાને વ્યવસ્થિત કરવા મરાઠી સરદારોને જુદા જુદા પ્રદેશોની હકૂમત વહેંચી આપી. એ રીતે ૧૭૧૬ માં ખંડેરાવ દાભાડે નામના સરદારને ગુજરાતમાં મરાઠી સત્તા વિસ્તારવા માટેનું નેતૃત્વ સોંપવામાં આવ્યું. દાભાડે દક્ષિણના રાજકારણમાં એટલો બધો ઓતપ્રોત હતો કે એ જાતે ગુજરાતમાં જઈ શકે એમ ન હતું, તેથી એણે પોતાના અધિકારીઓ કંથાજી કદમ, દમાજી ગાયકવાડ તથા એના ભત્રીજા પિલાજી ગાયકવાડને આ કામગીરી સોંપી. દરમ્યાનમાં બાલાજી વિશ્વનાથ તથા ખંડેરાવ દાભાડેએ મુઘલ બાદશાહ મુહમ્મદશાહ તથા એના દીવાન અલી ભાઈઓ પાસેથી ગુજરાતમાંથી ચોથ ઉઘરાવવા માટેનો મરાઠાઓનો અધિકાર મેળવી લીધો; આનાથી ગુજરાતમાંની મરાઠાઓની પ્રવૃત્તિઓને કાનૂની સ્વરૂપ મળ્યું.[૪]

ગુજરાતમાં મુઘલ સત્તાનાં મુખ્ય કેંદ્ર સુરત તથા અમદાવાદ હતાં, આથી એના પર હુમલાઓ કરીને ગુજરાતની મુઘલ સત્તાને નિર્બળ બનાવીને ગુજરાતમાં પોતાનું વર્ચસ સ્થાપવાનું મરાઠાઓએ વિચાર્યું. આ માટે પિલાજીએ સુરતથી આશરે ૫૦ કિ. મી. દૂર આવેલ સોનગઢને પોતાનું મુખ્ય મથક બનાવ્યું. એણે ભીલો અને કોળીઓનું લશ્કર તૈયાર કર્યું તથા સુરત મહાલના 'અઠ્ઠાવીશ પરગણાં' નામે ઓળખાતા પ્રદેશ પર સતત પાંચ વર્ષ (૧૭૧૯ થી ૧૭૨૩) સુધી હુમલા કર્યા. પરિણામે સુરત મહાલનું મુઘલતંત્ર ખોરવાઈ ગયું. મરાઠાઓએ આ પરગણાંમાંથી ચોથ તરીકે મોટી રકમ ઉઘરાવી.[૫] કંથાજી કદમ તથા એના સાવકા પુત્ર કૃષ્ણાજીએ પંચમહાલમાં ગોધરા દાહોદ વગેરે પર હુમલા કર્યા તથા ચાંપાનેર અને પાવાગઢ કબજે કર્યાં, જે આશરે ૧૭૫૦ સુધી એણે પોતાના હસ્તક રાખ્યાં. એ પછી ચાંપાનેર તથા પાવાગઢ સહિત પંચમહાલ સિંધિયાએ કબજે કર્યું.[૬] દમાજીએ ૧૭૩૪ માં વડોદરા તાબે કર્યું. આમ અઢારમી સદીના મધ્યભાગ સુધીમાં દક્ષિણ ગુજરાત તથા પૂર્વ ગુજરાતના ઘણાખરા પ્રદેશો પર મરાઠી વર્ચસ સ્થપાયું, પરંતુ મરાઠાઓના હુમલાના સતત ભયને લીધે ત્યાંનું રાજ્યતંત્ર અસ્થિર અને નિર્બળ બન્યું.

ઔરંગઝેબના મૃત્યુ બાદ ગુજરાતની સૂબેદારી મેળવવા મુઘલ સરદારો વચ્ચે તીવ્ર હરીફાઈ થઈ. હૈદરાબાદનો નિઝામ સમસ્ત ગુજરાત પર કાબૂ મેળવવા આતુર હતો, જ્યારે ગુજરાતનો મુઘલ સૂબો શુજાતખાન પોતાનું સ્થાન ટકાવી રાખવા માગતો હતો. બંને પક્ષોને આ માટે મરાઠાઓની સહાયની જરૂર હતી. કંથાજી તથા પિલાજીએ આ પરિસ્થિતિનો લાભ લીધો. કંથાજી કદમે નિઝામના

કાકા હમીદખાનને એ મરાઠાઓને નિશ્ચિત રકમ આપે તથા મહી નદીના ઉત્તરના પ્રદેશોમાંથી મરાઠાઓને ચોથ ઉઘરાવવાનો હક આપે એ શરતે મદદ કરવાનું સ્વીકાર્યું. આની પાછળનો કંથાજીનો આશય મધ્ય ગુજરાત તથા ઉત્તર ગુજરાતના પ્રદેશો પર પણ મરાઠી વર્ચસ સ્થાપવાનો હતો. હમીદખાને આ શરતોનો સ્વીકાર કરતાં કંથાજીએ ૧૫,૦૦૦ ઘોડેસવારોનું દળ હમીદખાનની સહાયે મોકલ્યું, જેની મદદથી હમીદખાને શુજાતખાનને પરાજય આપીને અમદાવાદનો કબજો લીધો, (૧૭૨૪). કંથાજીના નેતૃત્વ તળે મરાઠાઓ પ્રથમ વાર અમદાવાદમાં પ્રવેશ્યા. હમીદખાન મરાઠાઓને નિશ્ચિત કરેલી રકમ આપી શક્યો નહિ, આથી એણે શહેર લૂંટીને એ રકમ વસૂલ કરવાની મરાઠાઓને છૂટ આપી. પરિણામે મરાઠાઓએ અમદાવાદ લૂંટીને નક્કી કરેલી રકમ તથા ચોથની રકમ વસૂલ કરી.[૭]

## ગુજરાત પર મરાઠાઓનું સ્થપાયેલું આધિપત્ય

અમદાવાદમાં મરાઠાઓના પ્રવેશથી ઉત્તર ગુજરાત તથા પશ્ચિમ ગુજરાત (સૌરાષ્ટ્ર)માં તેઓને વિસ્તરવાનો માર્ગ મોકળો થયો. કંથાજીએ વીરમગામ, સૌરાષ્ટ્રના અમુક પ્રદેશો તથા ઉત્તર ગુજરાતના મહેસાણા સુધીના પ્રદેશોમાંથી ચોથ ઉઘરાવી. પરિણામે ગુજરાતમાંની મુઘલ સત્તા તદ્દન નિર્બળ બની અને ગુજરાત તથા સૌરાષ્ટ્રનાં રાજ્યો પર મરાઠાઓનું વર્ચસ વધ્યું. દરમ્યાનમાં કંથાજીની સહાયથી હમીદખાને શુજાતખાનના ભાઈ તથા સુરતના મુત્સદ્દી રુસ્તમઅલીને પરાજય આપ્યો. આના બદલારૂપે પિલાજી ગાયકવાડને દક્ષિણ ગુજરાતના પ્રદેશોમાંથી ચોથ ઉઘરાવવાનો હક મળ્યો. આમ ઉત્તર તથા પશ્ચિમ ગુજરાતમાં કંથાજીનું અને દક્ષિણ ગુજરાતમાં પિલાજીનું વર્ચસ સ્થપાયું. આને પરિણામે હમીદખાન ભારે આર્થિક મુસીબત અનુભવવા લાગ્યો તથા મરાઠાઓને ચોથની રકમ ભરપાઈ કરી શક્યો નહિ, જેથી મરાઠાઓએ ફરી અમદાવાદ લૂંટવાની તૈયારી કરી, પરંતુ અમદાવાદના નગરશેઠ ખુશાલચંદે પોતાની અંગત મૂડીમાંથી મરાઠાઓને ચોથની રકમ ભરપાઈ કરીને શહેરને ફરી લૂંટાતું બચાવ્યું (૧૭૨૫), અન્યથા અમદાવાદની સ્થિતિ પણ કદાચ સુરત જેવી થાત. શેઠ ખુશાલચંદના આ કાર્યની કદર-રૂપે અમદાવાદનાં જુદાં જુદાં મહાજનોએ શહેરમાં આવતા જતા માલ પર દર ૧૦૦ રૂપિયે ચાર આના ખુશાલચંદ શેઠ અને ત્યારબાદ એમના વારસદારોને મળે એવી ગોઠવણ કરી.[૮]

પિલાજી તથા કંથાજીએ એ સમયે ગુજરાતમાં ખૂબ સમૃદ્ધ ગણાતાં

શહેર ખંભાત અને વડનગરમાંથી દસ લાખ ઉપરાંતની રકમ ચોથ તરીકે એકઠી કરી.

**મરાઠાઓની કામચલાઉ પીછેહઠ**

ગુજરાતમાં મરાઠાઓના વધતા જતા વર્ચસથી દિલ્હીની મુઘલ સરકાર બેચેન બની. એણે આ પરિસ્થિતિ માટે હમીદખાનને જવાબદાર ગણીને એને બરતરફ કર્યો તથા એના સ્થાને ગુજરાતના સૂબેદાર તરીકે સરબુલંદખાનની નિયુક્તિ કરી. હમીદખાને સરબુલંદખાનને સત્તા સોંપવાનો ઇન્કાર કર્યો અને પોતાનું સ્થાન જાળવવા ફરી મરાઠાઓની સહાય માગી, પરંતુ મરાઠાઓની લૂંટફાટની નીતિથી તંગ આવી ગયેલા ગુજરાતના તમામ મુઘલ સરદાર મરાઠાઓ સામે એકત્ર થયા; તેઓએ હમીદખાન તથા મરાઠાઓને પરાજય આપ્યો. આ પરાજયને પરિણામે મરાઠાઓને વડોદરા સુધી પાછા હઠી જવું પડયું. મરાઠાઓ સામે મુઘલોનો આ અંતિમ વિજય હતો; જો કે ગુજરાતમાં નવા સૂબેદાર સરબુલંદખાનને દિલ્હીથી યોગ્ય સહાય નહિ મળતાં, એ ગુજરાતમાંની મરાઠાઓની આગેકૂચને ખાળી શકયો નહિ. દરમ્યાનમાં દખ્ખણના મરાઠી રાજકારણે પલટો લીધો, જેની અસર ગુજરાતમાં પણ થઈ.

**પેશવાનું ગુજરાતમાં આગમન અને પોતાના વર્ચસની સ્થાપના**

બીજો પેશવા બાજીરાવ ૧ લો શક્તિશાળી શાસક હતો. મરાઠી સરદારો એની સત્તાની અવગણના કરે એ બાબતને એ ચલાવી લેવા તૈયાર ન હતો. પિલાજી તથા કંથાજી પેશવાની સર્વોપરિ સત્તા કબૂલતા ન હતા તથા એના હિસ્સાની ચોથની રકમ પેશવાને મોકલતા ન હતા. દાભાડે તથા ગાયકવાડ કુટુંબના સભ્યો પોતાને છત્રપતિઓના કુટુંબીજનો માનતા હતા તથા પેશવાને તેઓ છત્રપતિનું સ્થાન પચાવી પાડનાર ગણતા હતા, આથી તેઓને મરાઠી રાજ્ય પરની બ્રાહ્મણ( પેશવાની ) સર્વોપરિતા પ્રત્યે અણગમો હતો. આને લઈને તેઓ પેશવાની સત્તાની અવગણના કરતા હતા. બાજીરાવ ૧ લાએ દાભાડે તથા ગાયકવાડને ગુજરાતની ચોથની આવકમાંથી યોગ્ય હિસ્સો પુણે સરકારને મોકલી આપવા તથા પોતાનું માર્ગદર્શન સ્વીકારવા જણાવ્યું, પરંતુ પેશવાને એમના તરફથી યોગ્ય જવાબ ન મળતાં પેશવા બાજીરાવ તથા એનો ભાઈ ચિમનાજી ગુજરાતમાં જાતે આવ્યા. સરબુલંદખાને પેશવા તથા દાભાડે વચ્ચે વિખવાદ ઊભો કરાવીને ગુજરાતમાં મુઘલાઈને બચાવી લેવાની આ તક ઝડપી લીધી. એણે ૧૭૩૦ માં પેશવા સાથે સમજૂતી કરી કે અમદાવાદ તથા સુરતના વિસ્તારો સિવાયના ગુજરાતના પ્રદેશોમાંથી પેશવાને ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાના

હક આપવા તથા અમદાવાદની મહેસૂલી આવકનો ૫ ટકા હિસ્સો પણ પેશવાને આપવો. બદલામાં પેશવાએ ગુજરાતમાં મુઘલ સત્તાને રક્ષવા ૨,૫૦૦ નું અશ્વદળ રાખવું તથા અન્ય મરાઠા સરદારોને ગુજરાતમાં પ્રવેશવા દેવા નહિ, પરંતુ દિલ્હીની મુઘલ સરકારને આ સંધિ અપમાનજનક લાગતાં તેઓએ એ માન્ય કરી નહિ અને સરબુલંદખાનને સ્થાને એણે મારવાડના રાજા અભયસિંહની ગુજરાતના સૂબેદાર તરીકે નિમણૂક કરી.[૯]

દરમ્યાનમાં દખ્ખણના રાજકારણમાં ફરી પલટો આવ્યો. ખંડેરાવ દાભાડેનું ૧૭૨૯ માં અવસાન થયું એટલે એના પુત્ર ત્ર્યંબકરાવ દાભાડેને ગુજરાતનું સુકાનીપદ પ્રાપ્ત થયું, આથી એની પાસે પેશવાએ ગુજરાતની ચોથમાંથી અર્ધો હિસ્સાની માગણી કરી. એને પણ પોતાના પિતાની જેમ મરાઠા રાજ્ય પરના બ્રાહ્મણ (પેશવાઈ) આધિપત્ય સામે અણગમો હતો, વળી એ ગુજરાતને પોતાનું જ ક્ષેત્ર માનતો તથા એમાં પેશવાના હસ્તક્ષેપને સ્વીકારવા તૈયાર ન હતો એટલે એણે પેશવાની ઉપર્યુક્ત માગણીનો ઇન્કાર કર્યો, એટલું જ નહિ, પરંતુ પેશવાને ગુજરાતમાંથી હાંકી કાઢવા મરાઠાઓના દુશ્મન નિઝામની સહાય લીધી. નિઝામે તુરત જ દાભાડેને લશ્કરી સહાય મોકલી. બાજીરાવ પેશવાને દાભાડેની આવી વિઘાતક ચાલ અસહ્ય લાગી. એણે તુરત અભયસિંહ સાથે સમજૂતી કરી. એ અનુસાર અભયસિંહે પેશવાને ૧૩ લાખ રૂપિયા આપવાનું સ્વીકાર્યું, જેમાંથી છ લાખ રૂપિયા તાત્કાલિક રોકડા આપવાનું અને બાકીની રકમ પેશવાનું લશ્કર ગુજરાત છોડી દે તે પછી આપવાનું ઠરાવ્યું. બદલામાં પેશવાએ અન્ય મરાઠા સરદારોનો ગુજરાતમાંનો પ્રવેશ અટકાવવાનો સ્વીકાર કર્યો.

### ભીલપુરની લડાઈ અને પેશવાની સર્વોપરિતાનો સ્વીકાર

ત્ર્યંબકરાવ દાભાડેને મનાવી લેવાના પેશવાના પ્રયાસ નિષ્ફળ નીવડ્યા. આથી વડોદરા અને ડભોઈની વચ્ચે આવેલા ભીલપુર ગામ પાસે એપ્રિલ ૧૭૩૧ માં પેશવા અને દાભાડેનાં લશ્કરો વચ્ચે ભીષણ લડાઈ થઈ. કંથાજી, પિલાજી, ઉદોજી પરમાર વગેરે મરાઠા સરદાર દાભાડેના પક્ષે લડ્યા, તો પણ દાભાડેના લશ્કરનો પરાજય થયો. ત્ર્યંબકરાવ દાભાડે અને પિલાજીનો પુત્ર યુદ્ધમાં માર્યા ગયા અને દાભાડે તેમજ ગાયકવાડ કુટુંબને પેશવાના આધિપત્યનો તથા ગુજરાતની ચોથમાં એને હિસ્સો આપવાનો સ્વીકાર કરવો પડ્યો.[૧૦]

પેશવાએ અભયસિંહને બાકીની રકમ આપવા માટે દબાણ કર્યું. મરાઠાઓનાં બે પ્રતિસ્પર્ધી જૂથો વચ્ચેના મતભેદો વ્યાપક બનાવવાના આશયથી

અભયસિંહે એ રકમ તાત્કાલિક મોકલી આપવા દિલ્હી સરકારને જણાવ્યું, પરંતુ દિલ્હીની સરકારે પેશવા સાથેની અભયસિંગની સંધિ અમાન્ય કરીને એને પેશવાને ગુજરાતમાંથી હાંકી કાઢવા જણાવ્યું, જે અશક્ય હોવાથી ગુજરાતમાંની મુઘલ સત્તાનો અંત નજીક આવ્યો. પેશવાએ અમદાવાદ અને એની આસપાસના પ્રદેશોમાં લૂંટફાટ કરીને પોતાની રકમ વસૂલ કરી.

## મરાઠાઓનું ગુજરાતમાં સંપૂર્ણ વર્ચસ

ત્ર્યંબકરાવ દાભાડેના અવસાન બાદ એના પુત્ર યશવંતરાવ દાભાડેને ગુજરાતનું સુકાનીપદ આપવામાં આવ્યું, પરંતુ એ સગીર હોવાથી પિલાજી ગાયકવાડને સેનાખાસખેલ( ખાસ સેનાની )ના ખિતાબ સાથે વહીવટકર્તા તરીકે નિયુક્ત કરવામાં આવ્યો, ત્યારથી ગુજરાતના રાજકારણમાં ગાયકવાડ સક્રિય બન્યા અને દાભાડે નિષ્ક્રિય થયા. ગુજરાતમાં મરાઠી વર્ચસને નિર્બળ બનાવવાના હેતુથી અભયસિંહે ડાકોર પાસે પિલાજીની ૧૭૩૨માં હત્યા કરાવી તથા વડોદરાનો કબજો લઈ લીધો. આ બનાવથી રોષે ભરાઈને ત્ર્યંબકરાવ દાભાડેની વિધવા માતા ઉમાબાઈએ ૩૦,૦૦૦ના લશ્કર સાથે અમદાવાદ પર આક્રમણ કર્યું. કંથાજી કદમ, તથા પિલાજીના પુત્ર દમાજી ગાયકવાડ ર જાએ ઉમાબાઈને પૂરતી સહાય કરી, અભયસિંહે ખંભાતના મુત્સદ્દી મોમીનખાન તથા પાટણથી ત્યાંના સૂબેદાર જવાંમર્દખાનને એમનાં લશ્કરો સાથે પોતાની મદદે બોલાવી લીધા. એણે અમદાવાદના કોટના તમામ દરવાજા બંધ કરાવી દીધા તથા મરાઠાઓને ભારે લડાઈ આપવાનો નિશ્ચય કર્યો. ઉમાબાઈના લશ્કરે જમાલપુર દરવાજા પાસે પડાવ નાખ્યો તથા વારંવાર અમદાવાદના કોટ પર આક્રમણ કર્યાં. વળી એણે બહારથી કોઈ પુરવઠો અંદર ન જાય એની તકેદારી રાખી. આશરે નવ મહિનાના ઘેરા બાદ અંદરના લશ્કરનો પુરવઠો ખૂટી ગયો અને અભયસિંહને મરાઠાઓ સાથે સુલેહ કરવાની ફરજ પડી (૧૭૭૩). આ અનુસાર યુદ્ધ–દંડ પેટે અભયસિંહે મરાઠાઓને ૮૦,૦૦૦ રૂપિયા ચૂકવી આપવા તથા અમદાવાદ સહિત ગુજરાતના તમામ પ્રદેશો પર મરાઠાઓનો ચોથ ઉઘરાવવાનો હક માન્ય રાખવો પડયો. ઉપરાંતમાં પોતાના લશ્કરનો ખર્ચ વસૂલ કરવા મરાઠાઓએ શાહઆલમના રોજા પાસેનું રસૂલાબાદ નામે ઓળખાતું અમદાવાદનું સમૃદ્ધ પરું લૂંટતાં એ વેરાન બન્યું. વડોદરાને મરાઠાઓએ ફરી કબજે કર્યું· અને દમાજી ગાયકવાડે એને પોતાનું વડું મથક બનાવ્યું. વડોદરા ૧૭૩૪ માં ગાયકવાડની રાજધાની બન્યું,[૧૧] જે સ્થાન એણે હિંદ સંઘ સાથેના

વિલીનીકરણ સુધી ભોગવ્યું. અભયસિંહ ગુજરાતની આવી પરિસ્થિતિથી કંટાળીને પોતાના મદદનીશ રતનસિંહ ભંડારીને અમદાવાદની સૂબાગીરી સુપરત કરીને મારવાડ જતો રહ્યો. એ અરસામાં દમાજીના એક લશ્કરી અધિકારી સમશેર-બહાદુરે ડભોઈ કબજે કરીને ત્યાં એક લેખ કોતરાવ્યો, જેમાં ડભોઈની સમૃદ્ધિનું સુંદર વર્ણન છે. ગુજરાતમાં મરાઠાઓનો આ સૌ પ્રથમ અભિલેખ કહી શકાય.[૧૨]

## અમદાવાદમાં મરાઠાઓનો વહીવટ

ઉમાબાઈએ દમાજીને દખ્ખણમાં બોલાવતાં એનો મદદનીશ રંગોજી ગુજરાતના ઉપસુકાની તરીકે નિયુક્ત થયો એટલે મરાઠી આધિપત્ય ગુજરાતમાં ટકાવી રાખવાની જવાબદારી એને શિરે આવી. એણે આશરે ૧૫ વર્ષ સુધી સુંદર રીતે આ કામગીરી બજાવી. મરાઠાઓમાં કંથાજી કદમ પછીનો ગુજરાતમાંનો એ સૌથી કાબેલ સુકાની હતો. ખંભાતનો સૂબેદાર મોમીનખાન ગુજરાતનો સૂબેદાર બનવા માગતો હતો. મરાઠાઓની સહાય વગર આ શક્ય ન હતું એટલે એણે રંગોજી સાથે સમજૂતી કરી, જે અનુસાર મરાઠા પોતાને ગુજરાતનો સૂબેદાર બનાવવામાં સહાય કરે તેના બદલામાં મોમીનખાને અર્ધું અમદાવાદ મરાઠાઓને સુપરત કરવાનું તથા ગુજરાત-સૌરાષ્ટ્રના તમામ પ્રદેશોમાંથી ચોથ ઉઘરાવવાનો મરાઠાઓનો હક માન્ય રાખવાનું સ્વીકાર્યું, ત્યારબાદ મોમીનખાન અને મરાઠાઓનાં સંયુક્ત લશ્કરોએ અમદાવાદ પર આક્રમણ કર્યું. રતનસિંહ ભંડારીએ આશરે દસ માસ સુધી અમદાવાદનો બચાવ કર્યો. ત્યારબાદ સતત આક્રમણો સામે ટકવું અશક્ય લાગતાં એ નાસી છૂટ્યો અને અમદાવાદ મોમીનખાન હસ્તક આવ્યું. સમજૂતીની શરત અનુસાર મોમીનખાને દક્ષિણ અમદાવાદ મરાઠાઓને સુપરત કર્યું (૧૭૩૭). એક બે અપવાદો સિવાય આશરે ૧૬ વર્ષ (૧૭૫૩) સુધી અમદાવાદમાં મુઘલ સૂબેદાર અને મરાઠા સરદારનું સંયુક્ત શાસન ચાલુ રહ્યું.[૧૩] રંગોજીએ અમદાવાદનો વહીવટ એકંદરે ડહાપણપૂર્વક કર્યો તથા સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ઘણા ખરા પ્રદેશોમાંથી ચોથ ઉઘરાવી મરાઠાઓની ધાક બેસાડી; જો કે ૧૭૪૩ માં મોમીનખાનના મૃત્યુ બાદ ગુજરાતના સૂબેદારપદ માટે મુઘલ સરદારો વચ્ચે થયેલ સંઘર્ષમાં રંગોજીનો પરાજય થયો અને એને ટૂંક સમય માટે બોરસદ નાસી જવું પડ્યું, પરંતુ ત્યાર પછી તુરત જ ૧૭૪૪ માં પાટણના સૂબેદાર જવાંમર્દખાનને એણે ગુજરાતનું સૂબેદારપદ મેળવવામાં સહાય કરતાં, રંગોજીનું સ્થાન ફરી પૂર્વવત્ બન્યું, જે એણે ૧૭૪૮ માં દખ્ખણ પાછા ફરતાં સુધી ભોગવ્યું. આમ આશરે

૧૫ વર્ષ સુધી ગુજરાતના રાજકારણમાં સક્રિય ભાગ ભજવીને રંગોજીએ ગુજરાતમાં દૃઢ રીતે મરાઠાઓનું વર્ચસ સ્થાપ્યું.

**ગાયકવાડ અને પેશવા વચ્ચે ગુજરાતની આવકની વહેંચણી**

૧૭૪૯ માં શાહૂનું અવસાન થતાં દખ્ખણના મરાઠા રાજકારણમાં ફરી એક પલટો આવ્યો. તારાબાઈ પેશવાને ગાદી પરથી ખસેડીને પોતાના પૌત્ર રામરાજાને ગાદીનશીન કરવા માગતી હતી. આ માટે તેણીએ દમાજી ગાયકવાડની સહાય માગી. પોતાના પૂર્વજોની માફક દમાજીને પણ મરાઠા રાજ્ય પરનું બ્રાહ્મણ (પેશવાઈ) આધિપત્ય ખૂંચતું હતું એટલે એ તારાબાઈને સહાય કરવા ૧૫,૦૦૦ ના લશ્કર સાથે સતારા પહોંચ્યો. બંનેનાં સંયુક્ત લશ્કરોએ પેશવા બાલાજી વિશ્વનાથ પર આક્રમણ કર્યું, પરંતુ એમનો પરાજય થયો. પેશવાએ દમાજીને ગુજરાતની આવકનો અર્ધો ભાગ પોતાને આપવા ભારે દબાણ કર્યું, પરંતુ દમાજીએ એનો ઇન્કાર કરતાં પેશવાએ દમાજી અને એના ભાઈને લોણાવાલા પાસેના લોહગડના કિલ્લામાં નજરકેદ રાખ્યા. દસ મહિનાની કેદ બાદ પેશવા બાલાજીની શરતો સ્વીકારીને દમાજીએ છુટકારો મેળવ્યો.

બંને વચ્ચે થયેલી સમજૂતી અનુસાર સુરત મહાલના તાપી નદીની પૂર્વ અને પશ્ચિમ બાજુનાં ૨૮ પરગણાં, નર્મદા અને મહી વચ્ચેનાં પરગણાં તથા મહી નદીના ઉત્તરના પ્રદેશો—પેટલાદ નડિયાદ ધોળકા વગેરેમાંથી ચોથ ઉઘરાવવાનો ગાયકવાડનો હક ચાલુ રહ્યો. આ બધાની ચોથની વાર્ષિક આવક આશરે રૂ. ૨૪,૭૨,૦૦૦ થતી હતી, જ્યારે સુરત મહાલના તાપી નદીની ઉત્તર અને દક્ષિણ બાજુનાં ૨૮ પરગણાં, ભરૂચ ડભોઈ આમોદ જંબુસર વગેરેના પ્રદેશો તથા મહી નદીની ઉત્તર બાજુના ગોધરા ધંધુકા તથા વીરમગામ સુધીના પ્રદેશોમાંથી ચોથ ઉઘરાવવાનો પેશવાનો હક માન્ય કરવામાં આવ્યો. આ બધાની ચોથની વાર્ષિક આવક આશરે રૂ. ૨૪,૬૮,૦૦૦ થતી હતી.[૧૪] વળી હજુ સુધી મરાઠાઓની અસર નીચે નહિ આવેલા ગુજરાતના પ્રદેશો તથા સૌરાષ્ટ્રના સોરઠ હાલાર ગોહિલવાડ તથા ઝાલાવાડના મહાલો પર પ્રતિવર્ષ મુલકગીરી—ચડાઈ મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. મુલકગીરી—ચડાઈ માટેના પ્રદેશ નિશ્ચિત કરવામાં આવ્યા તથા એ માટે ગાયકવાડ અને પેશવાનાં ક્ષેત્ર પણ નક્કી કરવામાં આવ્યાં.

**મરાઠાઓએ લીધેલ અમદાવાદનો કબજો તથા મુલકગીરી—ચડાઈઓ**

પેશવા અને ગાયકવાડ વચ્ચે થયેલી સમજૂતીને પરિણામે ગુજરાતમાંથી

મુઘલ સત્તાના અંતની પ્રક્રિયા ઝડપી બની. નિશ્ચિત કર્યા મુજબ દમાજી ગાયકવાડ તથા પેશવાના ભાઈ રઘુનાથરાવ( રાઘોબા )નાં સંયુક્ત લશ્કરોએ અમદાવાદ પર આક્રમણ કર્યું. તેઓએ ૪૫ દિવસના ઘેરા બાદ એપ્રિલ ૧૭૫૩ માં અમદાવાદ કબજે કર્યું. જવાંમર્દખાને ભદ્રનો કિલ્લો ખાલી કર્યો. એને પાટણની સૂબાગીરી ભોગવવાની છૂટ આપવામાં આવી. રાઘોબાએ વિઠ્ઠલ શિવદેવને અમદાવાદ શહેરના વહીવટકર્તા તરીકે નિયુક્ત કર્યો તથા થયેલી સમજૂતી પ્રમાણે રાઘોબા અને દમાજીએ સૌરાષ્ટ્રના જુદા જુદા મહાલો પર મુલકગીરી–ચડાઈઓ કરીને પુષ્કળ રકમ એકઠી કરી તથા આ પ્રદેશોમાં મરાઠાઓનું વર્ચસ સ્થાપ્યું. આમ ૧૭૫૪ સુધીમાં જૂનાગઢ વાડાસિનોર રાધનપુર પાટણ ખંભાત ભરૂચ તથા સુરત બાદ કરતાં ગુજરાતના બાકીના મોટા ભાગના પ્રદેશો પર મરાઠાઓનું આધિપત્ય સ્થપાયું.[૧૫]

### અમદાવાદ ખોયું અને પાછું મેળવ્યું

અમદાવાદ તાબે કર્યા બાદ ખંભાતના સૂબેદાર મોમીનખાનને પણ મરાઠાઓએ ખંડણી અને ચોથની રકમ આપવા ફરજ પાડી હતી આથી મોમીનખાન નારાજ થયો હતો અને એ અમદાવાદ કબજે કરવાની યોગ્ય તક શોધતો હતો. દમાજી અને રાઘોબા મુલકગીરી–ચડાઈઓ પર ગયા એનો લાભ લઈને મોમીનખાને અમદાવાદ તાબે કરવાની યોજના ઘડી. અમદાવાદના મુખ્ય લશ્કરી અધિકારીઓ બ્રાહ્મણ શંભુરામ તથા રોહિલા સરદાર મુહમ્મદ લાલને મોટી લાંચ આપીને મોમીનખાને ફોડયા. અમદાવાદની કોળી ટુકડીના મુખ્ય નેતા હરિને પણ સારી એવી રકમની લાંચ આપીને મોમીનખાને પોતાના પક્ષે લીધો.

ત્યારબાદ અમદાવાદના એ સમયના મરાઠા વહીવટકર્તા રઘુની સપ્ટેમ્બર ૧૭૫૬ માં મુહમ્મદ લાલે હત્યા કરી. આ સંજોગોમાં પેશવાના પ્રતિનિધિ સદાશિવ દામોદર તથા ગાયકવાડના પ્રતિનિધિ સેવકરામનો અમદાવાદને બચાવવાનો પ્રયાસ સફળ થઈ શક્યો નહિ અને મોમીનખાને ઑકટોબર ૧૭૫૬ માં એનો કબજો લીધો.[૧૬] આ બનાવ દર્શાવે છે કે મરાઠાઓ ગુજરાતમાં વિસ્તરી શક્યા હતા, પરંતુ પોતાની સત્તા દઢ કરી શક્યા ન હતા.

ઉપર્યુક્ત હકીકતની પેશવા બાલાજી બાજીરાવને જાણ થતાં એ ગુસ્સે ભરાયો અને પોતાના સેનાપતિ સદાશિવ રામચંદ્રને મોટા લશ્કર સાથે ગુજરાતમાં મોકલ્યો તથા એણે દમાજીને એની સાથે જોડાવા આદેશ આપ્યો. દમાજી પણ તોપો અને લશ્કર સાથે સદાશિવની સહાયે આવ્યો. મોમીનખાને અમદાવાદના બચાવ માટે ભારે તૈયારીઓ કરી હતી. એણે એક વર્ષ ચાલે તેટલો

પુરવઠો શહેરમાં ભરી રાખ્યો હતો તથા કોટ અને દરવાજા પર મજબૂત ચોકી-પહેરો મૂક્યો હતો. એ નોંધપાત્ર છે કે પાટણના સૂબેદાર જવાંમર્દખાને મરાઠાઓ-ને મદદ કરી છતાં મોમીનખાને મરાઠાઓના આક્રમણ સામે આશરે એક વર્ષ સુધી અમદાવાને ટકાવી રાખ્યું, પરંતુ ત્યારબાદ શહેરનો પુરવઠો ખૂટી પડતાં એને મરાઠાઓને તાબે થવાની ફરજ પડી (ફેબ્રુઆરી, ૧૭૫૮). આમ અમદા-વાદ ૧૭૫૮ માં મરાઠાઓ હસ્તક આવ્યું, જે છેક હિંદમાંની મરાઠી સત્તાના અંત (૧૮૧૮) પર્યંત પેશવાના પ્રતિનિધિ હસ્તક રહ્યું.

## પાદટીપ

૧ G. S. Sardesai, *New History of the Marathas*, Vol. I, pp. 145–147

૨ S. N. Sen, *Military System of the Marathas*, Introdution p. 10

૩ *Gazetteer of the Baroda State*, Vol. I, p. 433

૪ *Ibid.*, p. 436

૫ *Bombay Gazetteer*, Vol. I, Part I, pp. 388 f.

૬ *Ibid.*, Vol. III, p. 252

૭ કૃ. મો. ઝવેરી (અનુ.) મિરાતે અહમદી, વો. ૨, ખંડ ૧, પૃ. ૭૮–૭૯

૮ M. S. Commissariat, *History of Gujarat*, Vol. II, pp. 422 f. (The text of the original document dated October, 1725 is given in the Book.)

૯ Gense and Banaji, *Gaikwads of Baroda*, pp. 4 f. and p. 374

૧૦ *Historical Selections from Baroda Records* –I, Nos. 12 & 13

૧૧ કૃ. મો. ઝવેરી, ઉપર્યુક્ત, વો. ૨, ખં. ૧, પૃ. ૧૯૨–૯૫ ૨૦૬; A. K. Forbes, *Rasmala;* Vol. II p. 11

૧૨ Hiranand Sastri, *The Ruins of Dabhoi in Baroda State*, pp. 18–21

૧૩ કૃ. મો. ઝવેરી, ઉપર્યુક્ત, વો. ૨, ખં. ૨, પૃ. ૨૯૦

૧૪ *Bombay Gazetteer*, Vol, II, pp. 180 f.

૧૫ *Aitchison's Treaties*, Vol. VI, Appindix I

૧૬ કૃ. મો. ઝવેરી, ઉપર્યુક્ત, વૉ. ૨, ખં. ૩, પૃ. ૪૯૪–૯૫

# પરિશિષ્ટ

## ગાયકવાડનું રાજ્ય

### ( સ્થાપના અને આરંભિક ઇતિહાસ )

ગુજરાતમાં વડોદરાના ગાયકવાડ રાજ્યના ઉદ્ભવની શરૂઆત ૧૮ મી સદીના પૂર્વાર્ધમાં થયાનું કહી શકાય. એ સમયમાં મુઘલ સત્તા અને અધિકાર સર્વત્ર શિથિલ બનતાં ગયાં. ગુજરાત મુઘલ સામ્રાજ્યના એક સૂબા(પ્રાંત) તરીકે હતું. ગુજરાતનો વહીવટ દિલ્હીથી નિમાતા સૂબેદાર દ્વારા ચાલતો. ગુજરાતમાં પણ વહીવટ કથળી ગયો હતો.

મુઘલ સૂબેદાર મહાબતખાનના સમય (૧૬૬૨–૬૮)માં શિવાજીએ પ્રથમ વાર મરાઠી ફોજને ગુજરાતમાં લાવી, લૂંટ મેળવવાના હેતુથી[1] સુરત પર સવારી કરી (૧૬૬૪), ગુજરાતમાં મરાઠાઓના આગમન માટેનો માર્ગ ખુલ્લો કરી આપ્યો. મરાઠાઓએ ગુજરાત અને દખ્ખણ વચ્ચેની સરહદો તથા અન્ય માર્ગો પર પોતાનો કડક અંકુશ સ્થાપ્યો એમ છતાં ૧૬૯૯ સુધી તેમનો ગુજરાત સાથેનો સંબંધ વ્યવસ્થિત ધોરણે સ્થપાયો ન હતો. ગુજરાતમાં મુઘલ સત્તાના પાયા ડગી ગયા હતા, મરાઠાઓના આગમન અને તેમની સત્તા સ્થાપવાના માટે અનુકૂળ સ્થિતિ ગુજરાતમાં પ્રવર્તતી હતી

સતારાના છત્રપતિ મહારાજા રાજારામે પોતાના વિશ્વાસુ અધિકારીઓમાંના એક ખંડેરાવ દાભાડેને ૧૬૯૯ માં બાગલાણામાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાનો અધિકાર આપ્યો. દાભાડેએ બાગલાણ ઉપરાંત સુરત જિલ્લામાં પ્રવેશી સવારી કરી ત્યાંથી પણ આ કર ઉઘરાવ્યા.

૧૭૦૬ થી ૧૭૧૬ સુધીના ગાળામાં દાભાડેએ પોતાની ટુકડીઓને ગુજરાતની પરિસીમાઓ પર બુરહાનપુરના માર્ગે સતત ફરતી રાખી. એણે ઘણી સવારીઓમાં આગેવાની લીધી અને એ છેક અમદાવાદ સુધી ગયો અને કહેવામાં આવે છે તે મુજબ એણે સૌરાષ્ટ્ર( કાઠિયાવાડ )માં સોરઠ સુધી જઈને લૂંટ મેળવી. હતી. સેનાપતિ દાભાડેના[2] કાઠિયાવાડ પ્રવેશ સમયે એનો નાયબ દમાજી ગાયકવાડ પણ સાથે હતો. દમાજીના પુત્ર પિલાજી અને કંથાજી કદમ બાંડેએ શિહોરના ગોહિલો સામે ૧૭૨૨ માં આક્રમણ કર્યું હતું.

બાલાપુરની લડાઈમાં (૧૭૨૦) દિલ્હીનો સરદાર આલમઅલીખાન માર્યો ગયો, પણ મરાઠા લશ્કરે પોતાની લડાયક શક્તિનો પરચો દેખાડી આપ્યો હતો. તેમાં પણ દમાજી ગાયકવાડનું પરાક્રમ અને વીરતા પ્રશંસનીય રહ્યાં. સેનાપતિ દાભાડેએ રાજા શાહુ પાસે દમાજીની શક્તિનાં વખાણ કરી સારી જગ્યા માટે એની ભલામણ કરતાં[3] રાજા શાહુએ ખુશ થઈને દમાજીને ' સમશેર બહાદુર 'નો ખિતાબ આપ્યો અને સેનાપતિ દાભાડેથી બીજી કક્ષાનું સ્થાન આપ્યું. બાલાપુરની લડાઈ જેવી રીતે મરાઠા ઇતિહાસમાં પરિવર્તનકારી ગણવામાં આવે છે તેવી રીતે ગાયકવાડ કુટુંબના ઉલ્લેખનો આરંભ પ્રથમ વાર જ થતો હોવાથી તેનું મહત્ત્વ ગાયકવાડ વંશના ઇતિહાસમાં ઘણું છે.

**પિલાજીરાવ (૧૭૨૧-૧૭૩૨)**

બાલાપુરની લડાઈ પછી દમાજી ગાયકવાકવાડનું અવસાન થયું (૧૭૨૦). દમાજી પછી એનો દત્તક પુત્ર અને ભત્રીજો પિલાજી એના સ્થાને આવ્યો.

ગાયકવાડ કુટુંબના મૂળ પુરુષ નંદાજીરાવ હતા. કુટુંબનું મૂળ ગામ ભારે (હવેલી તાલુકો, પૂણે જિલ્લો) હતું. કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. વખત જતાં ૧૭૨૮ માં પિલાજીના સમયમાં ગાયકવાડો દાવડીના વંશપરંપરાગત ' પાટિલ ' બન્યા.[4] ગાયકવાડ અટક કેવી રીતે પડી તે સંબંધમાં એક અનુશ્રુતિ છે.[5] નંદાજીરાવ જે પિલાજીના પ્ર-પિતામહ હતા, તે માવળ પ્રદેશમાં ભોર કિલ્લાના એક અધિકારી હતા. એક દિવસ કિલ્લાના દરવાજા પાસેથી એક મુસલમાન ખાટકી ગાયોનું ટોળું લઈને પસાર થતો હતો. નંદાજીના મનમાં આ દૃશ્ય જોઈ દયાવૃત્તિ અને ધર્મભાવના જાગી ઊઠતાં, ગાયોને કિલ્લાના બાજુમાં આવેલા નાના દરવાજામાં દાખલ કરી દીધી અને તેમનું રક્ષણ કર્યું. આથી નંદાજી ગાયકવાડ (મરાઠીમાં **कवाड**=દરવાજો) અટક અપનાવી. નંદાજીનો પુત્ર કેરાજી અને કેરાજીને દમાજી તથા બીજા ત્રણ પુત્ર હતા. દમાજીને ખેતીનો ધંધો પસંદ ન હોવાથી એ ખંડેરાવ દાભાડે પાસે જઈ એની ફોજમાં દાખલ થઈ ગયો. દમાજી અપુત્ર હોવાથી એણે પોતાના ભત્રીજા પિલાજીને દત્તક લીધો હતો. દમાજી પછી પિલાજી તેનો અનુગામી બન્યો.

સેનાપતિ દાભાડેએ પિલાજીને શરૂઆતમાં ખાનદેશમાં નવાપુર ખાતે પોતાના પ્રતિનિધિ તરીકે પચાસ સવારીની ટુકડીના નાયક તરીકે નીમ્યો. નવાપુર પોતાના અધિકાર હેઠળ આવે છે એવી રજુઆત કંથાજી કદમ બાંડેએ રાજા શાહુ સમક્ષ કરતાં પિલાજીને ત્યાંથી ખસી જવું પડયું. એ પછી

એ પછી પિલાજી સેનાપતિના તળેગાંવના લશ્કરમાં રહ્યો અને પોતાની આવડત હોંશિયારીથી ક્રમશ: આગળ વધ્યો. એ એક પાગા( મોટી સવાર–ટુકડી )નો સરદાર બન્યો.

ખાનદેશ અને સુરત વચ્ચેનો સીધો વ્યવહાર શરૂ કરી શકાય એ હેતુથી એણે સોનગઢની બાજુમાં ડુંગરાળ પ્રદેશમાં પોતાનું મથક સ્થાપ્યું ને દાભાડેના પ્રતિનિધિ તરીકે રહ્યો. એણે રાજપીપળા( ભરૂચ જિલ્લો )ના રાજાની મિત્રતા સાધી, નાંદોદ અને સાગબારા વચ્ચે નાના નાના ગઢ સ્થાપવા પરવાનગી મેળવી. પોતાની પડોશમાં રહેતા ભીલ અને કોળી લોકોનો પક્ષ લઈ કામ કર્યું. સુરતમાં મુઘલની સત્તા નબળી પડેલી હોવાથી એનો લાભ લઈ દર વર્ષે એના પર હલ્લા કરી લૂંટ મેળવવાનું ચાલુ રાખ્યું. એ પછી સ્થાનિક ભીલો પાસેથી જંગલ વિસ્તારમાં આવેલા દુર્ગમ સ્થાનવાળો સોનગઢનો કિલ્લો મેળવ્યો (૧૭૧૯) અને ત્યાં પોતાનું વડું મથક સ્થાપ્યું. સોનગઢ ગાયકવાડની રાજધાની તરીકે ૧૭૬૬ સુધી રહ્યું. એ પછી દમાજીરાવ ૨ જા ના સમયમાં રાજધાની અણહીલપાટણમાં ખસેડવામાં આવી.[૬] પિલાજીએ ધીમે ધીમે પોતાની સ્વતંત્ર સત્તાની સ્થાપના કરવાનો આરંભ કર્યો હતો.

૧૭૧૯ થી ૧૭૨૩ સુધીની પિલાજીની પ્રવૃત્તિઓની ચોક્કસ માહિતીનો અભાવ છે. એ એના પિતા દમાજી સાથે રહેતો ને ઘણી લડાઈઓમાં તથા સવારીઓમાં ભાગ લેતો. પિલાજીએ સોનગઢ રહી સુરત અઠ્ઠાવીસીમાંથી ખંડણી ઉઘરાવવાનું ચાલુ રાખ્યું. એ જ સમયે ગુજરાતમાં અન્યત્ર અને માળવામાં ઉદાજી પવાર અને કંથાજી કદમ બાંડે હલ્લા કરી પોતાની નામના તેમ ત્રાસ ફેલાવી રહ્યા હતા.[૭]

ગુજરાતમાં ૧૭૨૪–૨૫નું વર્ષ આંતરવિગ્રહોથી ભરપૂર હતું. મરાઠા સરદારોનો ભાગ્યેજ ગંભીરતાપૂર્વક સામનો કરવામાં આવતો. મુસ્લિમ ઉમરાવો અને અધિકારીઓ એકબીજા સામે ખટપટ કરવામાં અને લડવામાં પ્રવૃત્ત રહેતા. નિઝામ હવે દિલ્હીથી સ્વતંત્ર બની ગયો હતો. તેની જાગીર તરીકે ગુજરાતમાં ધોળકા ભરૂચ જંબુસર મખ્ખુલાબાદ અને વલસાડ હતાં. નિઝામની ઇચ્છા બાકીના ગુજરાત પ્રદેશ પર પોતાનું વર્ચસ જમાવવાની હતી. એણે પોતાના પ્રતિનિધિ( નાયબ ) તરીકે હમીદખાનને ( ૧૭૨૩–૨૪ ) ગુજરાતમાં રાખ્યો હતો. હમીદખાને નિઝામ વતી કંથાજી કદમ બાંડે અને પિલાજી સાથે

મદદ કરવા વાટાઘાટો કરી અને મદદના બદલામાં ગુજરાતની ચોથ આપવા કબૂલાત આપી. મરાઠાઓની મદદ લઈ એણે અમદાવાદ નજીક મુઘલ લશ્કરને હરાવ્યું (૧૭૨૪), જેમાં મુઘલ સેનાપતિ શુજાતખાન માર્યો ગયો. એ વખતે સુરત શહેરના સૂબા તરીકે શુજાતખાનનો ભાઈ રુસ્તમઅલીખાન હતો. સુરત નજીક એની અને પિલાજીની વચ્ચે સંઘર્ષ થયેલો, પરંતુ પિલાજીને સફળતા મળી ન હતી. પિલાજી પોતાનું સ્થાન દૃઢ કરવા પ્રયત્નશીલ રહેતો ને પ્રયાસો ચાલુ રાખતો. પિલાજી કરનાળી (વડોદરા જિલ્લો) જતાં ત્યાં એની સાથે વડોદરા જિલ્લાના પાદરા છાણી અને ભાયલી ગામના દેસાઈઓ (પટેલો) જોડાયા. એ દેસાઈઓ મુઘલ સત્તાવાળાના વિરોધી બન્યા હતા.[૮] એમણે પિલાજીને એ વિસ્તારની સ્થળસ્થિતિથી માહિતગાર કરી સલાહસૂચન આપ્યાં ને મહી નદી સુધી જવા મદદ કરી. તેઓ પિલાજીના પક્ષે રહ્યા.

પોતાના ભાઈ શુજાતખાન માર્યો ગયાના સમાચાર જાણી, રુસ્તમઅલીખાને પિલાજી સામે વેર લેવાનું માંડી વાળ્યું ને એનો સાથ લેવાનું નક્કી કર્યું. એણે પિલાજી પાસે હમીદખાન અને કંથાજી કદમ બાંડે સામે મદદ કરવા માગણી કરી ને નજરાણા તરીકે એક લાખ રૂપિયા આપ્યા. એ પછી બંનેએ સાથે રહીને કૂચ કરી. બીજી બાજુ હમીદખાન અને કંથાજી હતા. બંને પક્ષો વચ્ચે અડાસ ખાતે લડાઈ થઈ (૧૭૨૫). લડાઈ અગાઉ પિલાજી અને હમીદખાન વચ્ચે ગુપ્ત સમજૂતી થઈ હતી, જેમાં પિલાજીએ સક્રિય ન રહેવાનું કબૂલ્યું હતું. લડાઈ દરમ્યાન કંથાજી અને પિલાજીએ લડવા કરતાં પોતપોતાના પક્ષકારોની છાવણીમાં લૂંટફાટ કરવાની પ્રવૃત્તિ ચલાવી.[૯] લડાઈમાં રુસ્તમઅલીખાનનો મહામુશ્કેલીએ વિજય થયો. હમીદખાનને નાસવું પડ્યું. હતાશ બનેલા રુસ્તમઅલીખાને વસો ખાતેની બીજી લડાઈમાં આત્મહત્યા કરી લીધી (૧૭૨૫).

આ પછી કુંભાજી અને પિલાજી વચ્ચે ખંડણી લેવાના હક્ક બાબતમાં ખંભાત ખાતે વિવાદ થતાં ઝગડો થયો. હમીદખાને છેવટે પોતાના બંને ટેકેદારોમાં ઝગડો વધુ ન ચાલે તે માટે દરમ્યાનગીરી કરી સમાધાન કરાવ્યું. એ અનુસાર કંથાજીને મહી નદીની ઉત્તરે અને પિલાજીરાવને મહી નદીની દક્ષિણનાં પરગણાંઓમાંથી ચોથ ઉઘરાવવાની સત્તા પ્રાપ્ત થઈ.[૧૦] પિલાજીરાવને અપાયેલાં પરગણાંઓમાં વડોદરા ચાંપાનેર ભરૂચ સુરત અને નાંદોદનો સમાવેશ થતો હતો. ૧૭૨૫ના વર્ષની આખરે કંથાજી ખાનદેશ જતો રહ્યો. પિલાજી સોનગઢ જતો રહ્યો.

ગુજરાતમાં મરાઠાઓનું વધતું જતું વર્ચસ જોઈ દિલ્હીની સરકાર ચોંકી ઊઠી. હમીદખાને મરાઠા સરદારોને આપેલા પરવાના નામંજૂર રાખ્યાનું જાહેર કર્યું. હમીદખાનને ગુજરાતમાંથી હાંકી કાઢવા સરબુલંદખાનને તાકીદ કરી ને એની મદદમાં જોધપુરનો મહારાજા અભયસિંહ તથા બાબી સરદારો રહે એવી વ્યવસ્થા કરવામાં આવી. બીજા પક્ષે હમીદખાન, પિલાજી અને કંથાજી હતા. બંને પક્ષો વચ્ચે સોજિત્રા અને કપડવંજ ખાતે લડાઈઓ થઈ એમાં મરાઠાઓની હાર થતાં તેઓ પીછેહઠ કરી મહી નદી ઓળંગી છોટા ઉદેપુરના ડુંગરાળ વિસ્તારમાં સલામત સ્થળે ચાલ્યા ગયા.[૧૧] એ પછી તેઓએ રાબેતા મુજબની ખંડણી ઉઘરાવવાનું ચાલુ રાખ્યું. પેશવા બાજીરાવે ગુજરાતમાં સેનાપતિ દાભાડેની સત્તા નાબૂદ કરવા પોતાના પ્રતિનિધિ તરીકે ઉદાજી પવારને ગુજરાતમાં મોકલ્યો (૧૭૨૬). પિલાજીની પ્રવૃત્તિથી હેરાન થયેલા ડભોઈના ફોજદારે ઉદાજીને આવકાર અને આશ્રય આપ્યાં. એક નાની અથડામણમાં એ ફોજદાર મારો જતાં ઉદાજીએ ડભોઈ પર કબજો જમાવ્યો. ઉદાજીની પ્રવૃત્તિથી રોષે ભરાયેલા પિલાજી અને કંથાજીએ ડભોઈને ઘેરો ઘાલ્યો. આથી ઉદાજીને ડભોઈ પરનો કબજો છોડી દેવાની ફરજ પડી. એ પછી પિલાજીએ ડભોઈ ઉપરાંત વડોદરા પણ કબજે કર્યું. એ સમયે વડોદરાના શાસક તરીકે પાટણના નવાબની બેગમ લાડબીબી હતી. એણે વડોદરાને પોતાની રાજધાની બનાવી હતી. લાડબીબી રાજકાર્યમાં કુશળ હતી, પરંતુ એ દુરાચરણવાળી હતી. એના કારભારી સુરેશ્વર દેસાઈ જે નિઃસ્પૃહ અને કર્તવ્યનિષ્ઠ હતો, તેણે છેવટે પિલાજીને વડોદરા કબજે લેવા નિમંત્રણ આપ્યું. એથી પિલાજીએ વડોદરા કબજે કર્યું.[૧૨]

આ અરસામાં છત્રપતિ શાહુએ એક આજ્ઞાપત્ર( મે ૩, ૧૭૨૮ )થી પિલાજીને દાવડી ગામ આપ્યું.[૧૩]

ઉદાજીને પિલાજી સામે સફળતા ન મળતાં પેશવાએ ગુજરાતમાં પોતાના હક્ક સ્થાપિત કરવા પોતાના ભાઈ ચિમનાજી આપ્પાને મોકલ્યો. ચિમનાજી ધોળકા સુધી ગયો, પરંતુ સફળતા ન મળી. બીજી વખત ચિમનાજીને ૧૭૨૯ ની આખરમાં મોકલ્યો. એ પાવાગઢ ખંભાત અને ધોળકા સુધી ગયો ( માર્ચ, ૧૭૩૦ ).[૧૪] આમ કરાવવા પાછળ પેશવાનો હેતુ મુઘલ સૂબેદાર ચોથ અંગે બે વર્ષ અગાઉ કરેલ કબૂલાતનામું ફરી તાજું કરી આપે અને ગુજરાતનું મહેસૂલ એને અથવા એના પ્રતિનિધિને આપે એવી સ્થિતિ સર્જવાનો હતો.[૧૫] સરબુલંદખાનને દિલ્હીથી મદદ મળવાની આશા ન રહેતાં દાભાડેના જોરજુલમોનો સામનો

કરવા એણે છેવટે પેશવા સાથે સત્તાવાર કરાર કર્યો (માર્ચ ૨૩, ૧૭૩૦). પેશવાએ મદદ આપવાના બદલામાં ગુજરાતના અમુક ભાગો પરના ચોથ અને સરદેશમુખીના હક્ક માગ્યા,[૧૬] જે આપવામાં આવ્યા.

પેશવા અને સરબુલંદખાન વચ્ચેની સમજૂતીના પ્રત્યાઘાત બે રીતે પડ્યા : દિલ્હીની મુઘલ સરકારે પેશવા સાથે થયેલા કરારનો ઇન્કાર કર્યો ને સરબુલંદખાનની જગ્યાએ જોધપુરના રાઠોડ મહારાજા અભયસિંહને મોકલ્યો. અસંતુષ્ટ બનેલા પિલાજી ગાયકવાડ, કંથાજી કદમ બાંડે, ઉદાજી પવાર, કાન્હોજી ભોંસલે વગેરેને સેનાપતિ દાભાડેએ પેશવા વિરુદ્ધ મોરચો ગોઠવી પોતાના પક્ષે એકત્ર કર્યા.[૧૭] રાજા શાહુને દાભાડેની આવી પ્રવૃત્તિની જાણ થતાં મરાઠાઓ વચ્ચેનું ઘર્ષણ નિવારવા પ્રયાસ કર્યા, પણ એ સફળ ન નીવડ્યા.[૧૮]

દાભાડેએ રચેલા સંગઠનનાં એકમોનાં લશ્કર એકત્ર થાય એ પહેલાં જ એ મોટી ફોજ સાથે ગુજરાતમાં આવ્યો ને સૂબેદાર અભયસિંહ સાથે સમજૂતી કરી (ફેબ્રુઆરી, ૧૭૩૧). પેશવાની ઇચ્છા પિલાજી પાસેથી વડોદરા લેવાની પણ હતી, આથી એણે વડોદરા પર ઘેરો ઘાલ્યો. આ જ અરસામાં દખ્ખણમાં નિઝામે મુશ્કેલીઓ ઊભી કરતાં ઘેરો ઉઠાવી લઈ એ ડભોઈ તરફ જવા નીકળ્યો, પરંતુ રસ્તામાં જ ભીલાપુર(જિ. વડોદરા) ગામ પાસે દાભાડેનાં સંયુક્ત લશ્કરોનો સામનો કરવો પડ્યો. બંને પક્ષો વચ્ચે ભારે લડાઈ થઈ (એપ્રિલ ૧,૧૭૩૧). ભીલાપુરની આ લડાઈમાં પેશવાની ભારે જીત થઈ. ત્ર્યંબકરાવ દાભાડે અને પિલાજીનો મોટો પુત્ર સયાજીરાવ પણ એમાં માર્યો ગયા.[૧૯] ઘાયલ થયેલો પિલાજી પોતાના બીજા બે પુત્ર દમાજીરાવ અને ખંડેરાવ સાથે મહામુશ્કેલીએ રણમેદાન છોડી સોનગઢ પહોંચી ગયો.[૨૦] ઉદાજી પવાર વગેરેને કેદી બનાવાયા. દાભાડેનું લશ્કર વેરવિખેર થઈ ગયું.

લડાઈથી ખળભળેલા વાતાવરણને શાંત પાડવા પેશવાએ સમજૂતી–સમાધાનથી કામ લીધું. ત્ર્યંબકરાવ દાભાડેની જગ્યાએ એના સગીર વયના પુત્ર યશવંતરાવને સેનાપતિપદે નીમવામાં આવ્યો ને યશવંતરાવના મુતાલિક એટલે નાયબ તરીકે પિલાજી ગાયકવાડને નિમવામાં આવ્યો. વધુમાં પિલાજીને "સેના ખાસખેલ"નો ખિતાબ[૨૧] આપ્યો.

ભીલાપુરની લડાઈ પછી પિલાજી શક્તિશાળી બન્યો. એણે અભયસિંહ સામે પોતાની લશ્કરી પ્રવૃત્તિઓ કેંદ્રિત કરીને નોંધપાત્ર સફળતા મેળવી. પરિણામ એ આવ્યું કે આવા પ્રબળ શત્રુને દૂર કરવા અભયસિંહે કાવતરું યોજ્યું.

વાટાઘાટો કરવાના બહાને એણે પોતાના પ્રતિનિધિઓને ડાકોર મોકલ્યા.[૨૨] એ વખતે પિલાજી પોતાની ખંડણી વસૂલ લેવા લશ્કર સાથે આવ્યો હતો. પિલાજી અને પ્રતિનિધિઓ વચ્ચે ઘણી બેઠક યોજાઈ. એક દિવસે મોડી સાંજે બેઠક પૂરી થતાં ખંડ બહાર નીકળેલા પ્રતિનિધિઓમાંના એકે ખંડમાં પોતે કંઈક ભૂલી ગયો છે એવું બહાનું કાઢી એ પાછો અંદર ગયો અને પિલાજીના કાનમાં વાત કરવાનો અભિનય કરતાં કરતાં એને ખંજર ભોંકી દીધું ( એપ્રિલ ૧૪, ૧૭૩૨ ).[૨૩] હત્યારાને તરત જ મારી નાખવામાં આવ્યો. જીવલેણ ઘા વાગેલા પિલાજીને પાલખીમાં નાખી સાવલી ( વડોદરા જિલ્લો ) લાવવામાં આવ્યો, જ્યાં એનું અવસાન થયું. ત્યાં એનું સ્મારક ( છત્રી ) રચવામાં આવ્યું. પિલાજીનું લશ્કર ઓચિંતા આવા બનાવથી વડોદરા છોડી દઈ ડભોઈ પહોંચ્યું. અભયસિંહે વડોદરા પર કબજો જમાવ્યો અને શેરખાન બાબીને ત્યાંનો સૂબો નીમ્યો. અભયસિંહે ડભોઈને ઘેરો ઘાલ્યો, પણ કુદરતી મુશ્કેલીઓ નડતાં ભારે નુકસાન વેઠી, ઘેરો ઉઠાવી એને અમદાવાદ પાછા ફરવું પડ્યું.

## દમાજીરાવ ૨ જો (૧૭૩૨–૬૮)

પિલાજી પછી એનો પુત્ર દમાજીરાવ (૨ જો) એનો અનુગામી બન્યો. એ એના પિતા કરતાં વધુ શક્તિશાળી પુરવાર થયો. ૧૭૩૩માં એણે ઉમાબાઈ અને કંથાજી કદમ બાંડે સાથે રહીને અમદાવાદ પર કૂચ કરી ને અભયસિંહને ગભરાટમાં નાખી, લાચાર બનાવી, આખરે શાંતિસુલેહ કરવા ફરજ પાડી.[૨૪] દમાજીરાવ વડોદરા પાછું મેળવવા ખૂબ ઉત્સુક હતો. વડોદરાનો સૂબો શેરખાન બાબી પોતાની જાગીર બાલાશિનોરમાં હતો ત્યારે એની ગેરહાજરીનો લાભ લઈ પાદરાના દેસાઈએ ભીલો તથા કોળીઓને ઉશ્કેરી ભારે અજંપો જગાડ્યો ને મુઘલ અધિકારીઓને ગભરાટમાં નાખ્યા. આ અરસામાં દમાજીરાવના ભાઈ માલોજી( મહાદજી )એ વડોદરા પર આક્રમણ કર્યું. શેરખાન એની સામે થવા મહીકાંઠે આવ્યો, પણ લડાઈમાં હારી ગયો. અભયસિંહના નાયબ રતનસિંહને વડોદરાના બચાવ માટે મોકલવામાં આવ્યો, પરંતુ એ ત્યાં પહોંચવામાં મોડો પડ્યો. વડોદરામાં રહેલી મુઘલ ટુકડીઓ મરાઠાઓની વધતી જતી ભીંસ સામે ઝાઝો સમય ટકી ન શકી ને મહાદજીને નગર તથા કિલ્લાનો કબજો સોંપવાની એને ફરજ પડી (૧૭૩૬).[૨૫] એ પછી વડોદરા છેક ૧૯૪૯ સુધી ગાયકવાડોના તાબામાં રહ્યું. વડોદરાના મધ્યમાં મુઘલ જમાનામાં બાંધવામાં આવેલ ભવ્ય માંડવી દરવાજાનો દમાજીરાવના હુકમથી પુનરુદ્ધાર કરાવવામાં આવ્યો ને ત્યાં સંસ્કૃતમાં લેખ મૂકવામાં આવ્યો.[૨૬]

દાભાડેની વિધવા ઉમાબાઈએ પિલાજીરાવ પછી દમાજીરાવને પોતાના પ્રતિનિધિ તરીકે સ્વીકાર્યો હતો. ઉમાબાઈને દમાજીરાવની મદદની જરૂર દખ્ખણમાં હોવાથી એને ત્યાં આવવા કહેવામાં આવ્યું. આથી દમાજીરાવને ગુજરાતમાં પોતાનો નાયબ તરીકે રંગોજીને નીમવાનું જરૂરી લાગ્યું. રંગોજી ૧૭૩૫ માં ગુજરાતમાં આવ્યો અને ૧૭૪૯ સુધી એણે નોંધપાત્ર ભાગ ભજવ્યો. રંગોજીએ દમાજીરાવ વતી મોમિનખાન પાસેથી મહી નદીના ઉત્તર ભાગના પ્રદેશોના મહેસૂલ પર ચોથ ઉઘરાવવાનો હક્ક મેળવી લીધો.

ગુજરાતના મુઘલ સૂબેદાર અભયસિંહના નાયબ રતનસિંહ ભંડારી પાસેથી અમદાવાદનો હવાલો લેવા સહાય કરવાના બદલામાં મોમિનખાને ગાયકવાડને ગુજરાતનું અડધું મહેસૂલ આપવાનું કબૂલ રાખ્યું. એમાં અમદાવાદ શહેર, હવેલી પરગણું તથા ખંભાતનું બંદર (જે પોતાનું મથક હતું તે) મોમિનખાને બકાત રાખ્યાં. બંનેએ ભેગા મળી અમદાવાદને ઘેરો ઘાલ્યો, જે નવ મહિના (ઑગસ્ટ ૧૭૩૬ થી મે ૧૭૩૭) સુધી ચાલ્યો. દરમ્યાન દમાજીરાવ પણ મોટી ફોજ સાથે અમદાવાદ નજીક આવી પહોંચ્યો. રતનસિંહે દમાજીરાવને પોતાના પક્ષે આવવા મોમિનખાન કરતાં પણ વધુ ઉદાર અને પ્રલોભનકારી દરખાસ્તો કરી અને અમદાવાદ, હવેલી પરગણું અને ખંભાત, જે મોમિનખાને બકાત રાખેલાં તે સહિત સમગ્ર પ્રાંતનું અડધું મહેસૂલ આપવાની તૈયારી બતાવી. દમાજીરાવે આ દરખાસ્તો મોમિનખાનને મોકલાવી આપીને જે તે નિર્ણય કરવા જણાવ્યું. મોમિનખાન દમાજીરાવની મિત્રતા અને મદદ જવા દેવા તૈયાર ન હતો, આથી એણે રતનસિંહે મૂકેલી બધી જ શરતોનો સ્વીકાર કર્યો, પણ વિરમગામ પરના અડધા અંકુશ અને ખંભાતની અડધી મહેસૂલી આવક પોતા પાસે રાખવા દેવા વિનંતીપૂર્વક માગણી કરી. છેવટે દમાજીરાવે એ માન્ય રાખ્યું. દમાજીરાવ અને મોમિનખાને અમદાવાદનો ઘેરો કડક બનાવ્યો. એ મહિના બાદ ચાલુ ઘેરાની સ્થિતિમાં દમાજીરાવ સૌરાષ્ટ્રમાં વાર્ષિક મુલકગીરી સવારી માટે ગયો.[૨૭]

અમદાવાદનો ઘેરો કડક હતો. વધુ સમય માટે ટકી રહેવાનું મુશ્કેલ લાગતાં છેવટે રતનસિંહ ભંડારીએ શરણાગતિ માટેની વાટાઘાટો શરૂ કરી (મે ૧૮, ૧૭૩૭). અંતે એક લાખ રૂપિયા લઈ એ પોતાના સરસામાન તેમજ લશ્કર સાથે અમદાવાદ છોડી ગયો. મોમિનખાન અને રંગોજી વચ્ચે થયેલી સમજૂતી અનુસાર અમદાવાદનું મહેસૂલ, શહેરનો દક્ષિણ તરફનો અડધો ભાગ તથા

૭ દરવાજા (રાયખડ, નદી પરનો ખાનજહાન, જમાલપુર, દક્ષિણ તરફનો બંધ દરવાજો, આસ્તોડિયા અને પૂર્વમાં રાયપુર ) દમાજીને ભાગે આવ્યા. રતનસિંહની વિદાય બાદ અમદાવાદ શહેરનો વહીવટ મુઘલો અને મરાઠાઓના દ્વિશાસનથી ચાલ્યો (૧૭૩૭–૫૩). મોમિનખાન ગુજરાતનો સત્તાવાર સૂબેદાર બન્યો ને એણે પોતાના મૃત્યુ સુધી (૧૭૪૩) કુશળતાપૂર્વક વહીવટ ચલાવ્યો. એણે દમાજીરાવ સાથે થયેલી સમજૂતીનું પાલન વફાદારીપૂર્વક છેક છેવટ સુધી કર્યું.

દમાજીરાવની તાકાત આ સમય દરમ્યાન ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વધતી ગઈ. બોરસદ જીતી લેવામાં આવ્યું. ૧૭૪૧ માં ભરૂચનો કિલ્લો તેમજ નગર, જે નિઝામની જાગીર તરીકે હતાં તેનો કબજો લેવા એણે ઘેરો ઘાલ્યો, પરંતુ નિઝામ તરફથી સંદેશો આવતાં વાટાઘાટો શરૂ થઈ ને સમાધાન થયું. દમાજીરાવને ભરૂચની મહેસૂલી અને જકાતી આવકનો ½ ભાગ તથા જંબુસર, દેહજ અને કોરલ પરગણાંઓનું અડધું મહેસૂલ આપવામાં આવ્યું. પાછળથી સુધારો થતાં ⅔ જેટલું મહેસૂલ આપવામાં આવ્યું. ૧૭૫૨ માં પેશવા અને દમાજીરાવ વચ્ચે મહેસૂલ અંગે જે વહેંચણી થઈ તેમાં ભરૂચ અને એનું પરગણું ગાયકવાડના ભાગે રહ્યું, જયારે જંબુસર અને દેહજબારા વગેરે પેશવાને આપવામાં આવ્યાં.

મોમિનખાનના અવસાન (૧૭૪૩) પછી દિલ્હીની મુઘલ સરકારે મોમિનખાનના ભાણેજ ફીદાઉદ્દીનને સૂબેદાર નીમ્યો ને એના પુત્ર મુફતખીરખાન અને શેરખાન બાબીને એની મદદમાં રાખ્યા. દમાજીરાવના મદદનીશ રંગોજીએ અમદાવાદના સ્થાનિક રાજકારણમાં વધુ પડતો ભાગ લીધો તેથી ફીદાઉદ્દીન અને મુફતખીરખાને એને સપડાવ્યો ને કેદ કર્યો તેથી તેઓને બોરસદ અને વિરમગામ આપવાનું રંગોજીને કબૂલ રાખવું પડયું. ફીદાઉદ્દીને મરાઠા તાબાના બધા ભાગો પર કબજો મેળવી પોતાની સત્તા સ્થાપી.[૨૮] પરંતુ રંગોજી ફીદાઉદ્દીનની કેદમાંથી યુક્તિપૂર્વક નાસી છૂટયો ને બોરસદ પહોંચી ગયો. ત્યાં રહીને એણે ફીદાઉદ્દીનને દમાજીરાવની માલમિલકતને નુકસાન કરવા બદલ બે લાખ રૂપિયાના વળતરની માગણી કરી અને પરિણામો વિશે ચેતવણી આપી.[૨૯]

બીજી બાજુ અમદાવાદમાં રાજકીય પરિસ્થિતિએ વળાંક લીધો. નવા સૂબેદાર તરીકે જવાંમર્દખાન (૧૭૪૩–૫૩) આવ્યો. રંગોજીએ પેટલાદ કબજે કર્યું (૧૭૪૩). દમાજીરાવના ભાઈ ખંડેરાવે અમદાવાદના મહેસૂલમાં પોતાના ભાઈનો અગાઉની જેમ પુનઃ હિસ્સો મેળવી લીધો.[૩૦]

૧૭૪૪ થી ૧૭૪૮ દરમ્યાન એક તરફ જવાંમર્દખાન અને બીજી બાજુએ

ફખ્રુદ્દીન વચ્ચે સત્તાસંઘર્ષ ચાલ્યો. બીજી તરફ રંગોજી અને ખંડેરાવ વચ્ચે અણબનાવ થતાં એમની વચ્ચે ઝગડા થયા. ખંડેરાવના એક સરદાર કાન્હોજી તપકીરે સૌરાષ્ટ્ર પરની ચડાઈ દરમ્યાન વંથળી( જૂનાગઢ ) પર હલ્લો કરી એને લૂંટયું (૧૭૪૭). રંગોજી અને ખંડેરાવ વચ્ચેનો સંઘર્ષ ઉગ્ર બનતાં, છેવટે ખંડેરાવે રંગોજીને કેદ કર્યો ને એનો બોરસદનો કિલ્લો લઈ લીધો.[31] ટૂંક સમયમાં પેશવા બાલાજી બાજીરાવે પોતાના પ્રતિનિધિને ગુજરાતમાં મોકલ્યો, જે રંગોજીને લઈને દખ્ખણમાં પાછો ફર્યો.

દરમ્યાન છત્રપતિ શાહુનું અવસાન થતાં પેશવા અને તારાબાઈ વચ્ચે સત્તા માટે સંઘર્ષ જામ્યો. આ મુદ્દામાં દમાજીરાવ ગાયકવાડ પેશવા–વિરોધી હતો તેથી દખ્ખણમાં જે પક્ષ પેશવા–વિરોધી હોય તે પક્ષે એ જવાનું પસંદ કરતો. દખ્ખણમાં રાજકીય કટોકટી સર્જાતાં તારાબાઈએ દમાજીરાવને પોતાની મદદે આવવા નિમંત્રણ આપ્યું ને સમગ્ર મહારાષ્ટ્રને "બ્રાહ્મણો"(પેશવાઓ)ની સત્તાપકડમાંથી છોડાવવા વિનંતી કરી. એ પરથી દમાજીરાવ મોટી ફોજ સાથે દખ્ખણમાં ગયો. પેશવા સાથેની પહેલી લડાઈ ખાનદેશમાં બહાદુરપુર ( ફેબ્રુઆરી ૧૮, ૧૭૫૧ ) ખાતે થઈ તેમાં દમાજીરાવનો વિજય થયો. બીજી લડાઈ સાતારા પાસે થતાં (માર્ચ ૧૫) એમાં એ હારી ગયો ને સુલેહશાંતિ કરવા માટે તૈયારી બતાવી. પેશવાએ એને સલામતીની ખાતરી આપી વાટાઘાટો કરવા બોલાવ્યો. દમાજીરાવને પેશવાની છાવણીમાં જતાં ત્યાંનું વાતાવરણ જોઈ પોતાને સપડાવવામાં આવ્યો છે એવું જાણતાં વાર લાગી નહિ, છતાં એ હિંમતપૂર્વક પેશવા સમક્ષ આવ્યો. પેશવાએ દમાજીરાવ પાસે ગુજરાતની તમામ ખંડણીમાં અડધો ભાગ આપવાની કડક માગણી મૂકી. દમાજીરાવે ગુજરાત ઉમાબાઈ દાભાડેનું છે અને હું એમનો સેવક છું એવો જવાબ આપ્યો. આ જવાબથી પેશવાને સંતોષ થયો ન હતો.[32] ચાલુ વાટાઘાટો દરમ્યાન પેશવાએ દમાજીરાવની છાવણી પર એકાએક હુમલો કરાવી ( એપ્રિલ ૩૦, ૧૭૫૧ ) બધું લૂંટી લેવરાવ્યું, દમાજીરાવના ભાઈઓને કેદ કરવામાં આવ્યા. દમાજીરાવે બધું લૂંટાયેલું જોઈ, પેશવા પાસે જઈ, વિશ્વાસઘાત કર્યાનો ઠપકો આપી, પોતાની પણ ધરપકડ કરવા કહ્યું. પેશવા એની તથા ઉમાબાઈ સહિત દાભાડે કુટુંબના અન્ય સભ્યોની ધરપકડ કરતાં અચકાયો નહિ.[33]

દમાજીરાવ સાથે એનો કારભારી રામચંદ્ર બળવંત પણ કેદ હતો. કારભારીના ભાણા બાલાજી યામાજીએ લશ્કરની મદદથી મામા રામચંદ્રનો છુટકારો

કરાવ્યો. રામચંદ્રે દમાજીરાવને છોડાવવા પ્રયાસ કર્યો, પરંતુ એ નિષ્ફળ ગયો. દમાજીરાવ અને દાભાડે હજુ પણ તારાબાઈ સાથે મળીને કાવતરાં કરી રહ્યાની ખબર મળતાં પેશવાએ તેઓને પુણેથી લોહગઢના કિલ્લામાં ખસેડ્યાં. દમાજીરાવ લગભગ દસ મહિના સુધી એ સ્થિતિમાં પેશવાનો કેદી રહ્યો. દમાજીરાવને સમગ્ર રાજકીય સ્થિતિનો તાગ મેળવી લેતાં જણાયું કે કેદી સ્થિતિમાં લાંબો વખત રહેવા કરતાં મારી હાજરીની ગુજરાતમાં ઘણી જરૂર છે માટે મારે ત્યાં જવું જોઈએ, એટલે એણે પેશવાએ મૂકેલી બધી શરતોનો સ્વીકાર કર્યો ( માર્ચ ૩૦, ૧૭૫૨ ).[૩૪] એમની વચ્ચે જે નિરાકરણ થયું તે ટૂંકમાં આવું હતું : ગુજરાત પર નો દાભાડેનો હક્કદાવો નાબૂદ કરવામાં આવ્યો. ગુજરાતમાં મરાઠા પ્રતિનિધિ તરીકે માત્ર દમાજીરાવ રહે. એનું 'સેનાખાસખેલ'નું બિરુદ ચાલુ રાખવામાં આવ્યું. દમાજીરાવ ગુજરાત–સૌરાષ્ટ્રનો અડધો ભાગ અને ભવિષ્યમાં જે કોઈ પ્રદેશ જીતે તેનો અડધો ભાગ પેશવાને આપે. દંડ તરીકે દમાજીરાવ પંદર લાખ રૂપિયા આપે અને પેશવાને જ્યારે અને જ્યાં જરૂર પડે ત્યારે દસ હજારની અશ્વસેના સાથે વફાદારીપૂર્વક સેવા આપે.[૩૫] દમાજીરાવ સાતારાનો રાજા, જે પેશવાનો લગભગ 'કેદી' હતો તેનાં હિતકાર્યોમાં ટેકો આપે. દાભાડેએ ચૂકવવાની બાકી રહેલી ખંડણીની રકમ તરીકે સવા પાંચ લાખ રૂપિયા તથા સેનાપતિના નિભાવખર્ચ માટે વાર્ષિક અમુક રકમ દમાજીરાવ આપે. પ્રદેશ–વહેંચણી અને રકમની દૃષ્ટિએ જોઈએ તો પેશવા અને ગાયકવાડ એ દરેકને વાર્ષિક આવક રૂપિયા પચાસ લાખની થાય એવી રીતે વિભાજન કરવામાં આવ્યું હતું. પાછળથી આ કરારને તારાબાઈએ લિખિત મંજૂરી આપી હતી.[૩૬]

પેશવા અને દમાજીરાવે અમદાવાદ અને સુરત જેવાં શહેર પણ વહેંચી લીધાં. દમાજીરાવને ભરૂચ અને એનું પરગણું તથા પેશવાને જંબુસર દહેજબારા વગેરે મળ્યાં હતાં. ગુજરાતમાંથી મુસ્લિમ સત્તાને નાબૂદ કરવા પરસ્પર સહકાર આપવાનું ઠરાવવામાં આવ્યું. કબજે કરેલા પ્રદેશમાંથી જે ખંડણી મળે તે પોતપોતાના લશ્કરની સંખ્યાના પ્રમાણમાં વહેંચી લેવાની હતી. સૌરાષ્ટ્ર પણ એમની નજર બહાર ન રહ્યું. ત્યાંના સોરઠ ગોહિલવાડ હાલાર અને ઝાલાવાડ મહાલોમાં 'મુલકગીરી' સવારીઓ મોકલવાનો બંનેનો હક્ક સ્વીકારવામાં આવ્યો અને બંનેનાં લશ્કર કયા પ્રદેશોમાં જાય એ પણ નક્કી કરવામાં આવ્યું.[૩૭]

પેશવા અને દમાજીરાવ વચ્ચે થયેલા આ કરારનો અમલ અંગ્રેજો સાથે

પેશ્વાએ ૧૮૧૭માં કરાર કર્યો ત્યાંસુધી ચાલુ રહી. ૧૮૧૭ માં અધિકારોની વહેંચણી ફેરફાર સાથે અંગ્રેજો અને ગાયકવાડ વચ્ચે કરવામાં આવી હતી.

૧૭૫૨ નો કરાર થયા બાદ પેશ્વાના પ્રતિનિધિ તરીકે એનો નાનો ભાઈ રઘુનાથરાવ (રાઘોબા ઉર્ફે નાનાસાહેબ) ગુજરાતમાં આવ્યો. દમાજીરાવ પણ પેશ્વાની કેદમાંથી છુટકારો મેળવી ગુજરાતમાં આવ્યો. રઘુનાથરાવ ૧૭૮૩ સુધી ગુજરાતના રાજકારણમાં સક્રિય રહ્યો.

અમદાવાદ પર દસ વર્ષથી જવાંમર્દખાનનો કબજો હતો ને એનું શાસન પ્રવર્તતું હતું. ૧૭૫૩ ના આરંભમાં જવાંમર્દખાન સાબરકાંઠા અને બનાસ-કાંઠાના વિસ્તારોમાં ખંડણી ઉઘરાવતાં ઉઘરાવતાં છેક સિરોહી રાજ્યનાં માતબર ગામડાં લૂંટવાના આશયથી પહોંચી ગયો ત્યારે દમાજીરાવ અને રઘુનાથરાવે અન્ય મરાઠા સરદારોને એકત્ર કરી અમદાવાદ જીતી લેવા નક્કી કર્યું ને શહેરને ઘેરો ઘાલ્યો (ફેબ્રુઆરી ૧૩, ૧૭૫૩). જવાંમર્દખાનને તાત્કાલિક પાછો બોલાવવામાં આવ્યો. એણે મરાઠાઓ સામે ટક્કર ઝીલી સામનો કર્યો. પરંતુ મરાઠાઓની વધતી જતી ભીંસ અને દબાણ હેઠળ એ ૭ અઠવાડિયાંથી વધુ ટકી ન શક્યો. એણે શરણાગતિ સ્વીકારી, વાટાઘાટો ચલાવી ને શરતોનો સ્વીકાર કર્યો (માર્ચ ૩૦, ૧૭૫૩). નક્કી કર્યા પ્રમાણે અમદાવાદ છોડી જવાના બદલામાં જવાંમર્દ-ખાનને પાટણ શહેર અને બીજા દસ મહાલ જાગીર તરીકે આપવામાં આવ્યાં. એ વિસ્તારમાં કોઈ પણ મરાઠી ફોજને જવાની મનાઈ ફરમાવવામાં આવી.

જવાંમર્દખાન અમદાવાદ છોડી ગયો કે તરત જ મરાઠાઓએ અમદાવાદમાં પ્રવેશ કર્યો (એપ્રિલ ૪, ૧૭૫૩).[૩૮] એ પછી દમાજીરાવ અને રઘુનાથરાવે ત્રણ દિવસે પ્રવેશ કર્યો. એમણે શહેરનું વહીવટી તંત્ર ગોઠવ્યું.[૩૯] એમનું શાસન લગભગ ત્રણ વર્ષ અને સાત મહિના અર્થાત્ ખંભાતના નવાબ મોમિનખાન બીજાએ (૧૭૪૩–૮૩) અમદાવાદ ૧૭૫૬ માં (ઑક્ટોબર ૧૬) જીતી લેતાં સુધી ટક્યું,[૪૦] પરંતુ દમાજીરાવ તેમજ પેશ્વા અને જવાંમર્દખાને સંગઠિત થઈ ફરીથી ચૌદ મહિનાના ઘેરા (જાન્યુઆરી ૫, ૧૭૫૭ થી ફેબ્રુઆરી ૨૭, ૧૭૫૮) બાદ એ જીતી લીધું.[૪૧] એ પછી ફરી પેશ્વા અને ગાયકવાડનો દ્વિ-અંકુશ સર્વોપરિ સત્તા સાથે સ્થપાયો.[૪૨] બંનેના પ્રતિનિધિ પોતપોતાના ભાગનો વહીવટ ચલાવતા રહ્યા; જો કે ૧૮૦૦ થી ૧૮૧૪ સુધીના ગાળામાં પેશ્વાએ પોતાના ભાગ પરનો વહીવટ ગાયકવાડને સોંપ્યો હતો.

૧૭૫૩ માં અમદાવાદ–વિજય બાદ દમાજીરાવે વાત્રક કાંઠામાંથી ખંડણી

ઉધરાવી શેરખાન બાબી પાસેથી કપડવંજ લીધું, પરંતુ દમાજીરાવ અને પેશવાનો પ્રતિનિધિ એ વિસ્તારના કોળી લોકોને વશ રાખી શક્યો નહિ તેથી તેઓ એ વિસ્તારને ઝાઝો સમય પોતાના તાબામાં રાખવામાં નિષ્ફળ ગયા.

૧૭૬૧ ની પાણીપતની લડાઈમાં અહમદશાહ અબ્દાલી સામે દિલ્હી લડવા ગયેલા મોટા મરાઠા સરદારોમાં દમાજીરાવનો પણ સમાવેશ થયો હતો. એણે સદાશિવરાવ ભાઉ પક્ષે ભાગ લીધો. દમાજીરાવે એ લડાઈમાં રોહિલાઓ પર તૂટી પડી રોહિલાઓનો ભારે સંહાર કર્યો હતો, પરંતુ લડાઈમાં બાજી પલટાતાં ને મરાઠા પક્ષ હારની સ્થિતિમાં મુકાતાં સમયસૂચકતા વાપરી દમાજીરાવ લડવાનું છોડી દઈ- સલામત રીતે ગુજરાતમાં પહોંચી ગયો.[૪૩] મરાઠાઓને પાણીપતમાં ભયંકર હાર મળ્યાના સમાચારથી ઉત્સાહિત બનેલા મુસ્લિમ શાસકો અને અધિકારીઓએ એનો લાભ લેવા ગુજરાતમાં હિલચાલ શરૂ કરી. પેશવાની પ્રતિષ્ઠા ઝાંખી પડી ગઈ હતી. એ સંજોગોમાં ખંભાતના મોમિનખાને દમાજીરાવને પોતાના પક્ષે લેવા અને પેશવા વિરુદ્ધ બંને એક બની પેશવાની સત્તા ગુજરાતમાં નાબૂદ કરવા કોશિશ કરી. દમાજીરાવે પોતાનું હિત પેશવા સાથે વધુ રહેલું સમજી મોમિનખાનને મચક આપી નહિ.[૪૪]

દમાજીરાવે પાણીપતમાંથી પાછા ફર્યા બાદ હતાશ બન્યા વગર દૃઢતાથી પગલાં લેવાં શરૂ કર્યાં (૧૭૬૩–૬૬). મોમિનખાનને સજા કરવા પેશવાના પ્રતિનિધિને મદદ આપી પોતે બાબી કુટુંબના પ્રદેશો જીતી લેવા આગળ ધપ્યો. વિસનગર ખાતે બે વર્ષ સુધી પોતાનું વડું મથક રાખી પ્રવૃત્તિઓ જારી રાખી. ખેડાનો કિલ્લો કબજે કર્યો. એ પછી એ જવાંમર્દખાનના મુખ્ય શહેર અણહીલવાડ પાટણ ગયો ને એ કબજે કર્યું. પોતાની રાજધાની સોનગઢથી પાટણ ફેરવી (૧૭૬૬). જવાંમર્દખાનના પુત્રો પાસેથી સમી અને રાધનપુર સિવાયના મહાલ કબજે કર્યા (૧૭૬૩–૬૬).[૪૫] રાજપીપળાના રાજા પાસેથી ખંડણી લેવાનું શરૂ કર્યું. ખંડણી અનિયમિત રીતે અપાય છે અથવા બિલકુલ અપાતી નથી એવું કારણ રજૂ કરી દમાજીરાવે ચડાઈ કરી રાજપીપળા તાબાનો કેટલોક ભાગ પડાવી લીધો.

પાણીપતની લડાઈ પછી દમાજીરાવ ગુજરાતમાં પેશવાનાં સ્થાન અને સત્તાને નાબૂદ કરવા વિચારતો હતો, પરંતુ એણે યોગ્ય સમયની રાહ જોવાનું પસંદ કર્યું. પાણીપત પછી પેશવા બાલાજી બાજીરાવનું અવસાન થતાં એની જગ્યાએ એનો સોળ વર્ષનો જુવાન પુત્ર માધવરાવ પેશવા બન્યો ને એના

વાલી તરીકે તથા રાજ્ય-રક્ષક તરીકે માધવરાવના કાકા રઘુનાથરાવે વહીવટ હાથમાં લીધો. પેશવા માધવરાવે એક સનદ દ્વારા પાટણ વિજાપુર સમી મુંજપુર વડનગર વિસનગર સિદ્ધપુર ખેરાળુ અને રાધનપુર દમાજીરાવને મરાઠી ફોજના સરંજામ અને ખર્ચ માટે આપ્યાં (માર્ચ ૨૧, ૧૭૬૩).[૪૬] મહત્ત્વાકાંક્ષી અને સત્તાલોભી રઘુનાથરાવે માધવરાવ વિરુદ્ધ ખટપટો શરૂ કરતાં, માધવરાવે પોતાના સાચા અધિકાર ધારણ કરવાનો નિર્ણય કરતાં વિરોધમાં રઘુનાથરાવે એના હોદ્દાનું રાજીનામું આપ્યું અને પોતાની પ્રવૃત્તિઓ અલગ રીતે શરૂ કરી. પેશવા અને રઘુનાથરાવ વચ્ચે અણબનાવ થતાં દમાજીરાવે પોતાની તક જોઈ રઘુનાથરાવ-પક્ષે જોડાવાનું પસંદ કર્યું. પેશવા અને રઘુનાથરાવ વચ્ચે તાંદુલ્જા અથવા રાક્ષસભુવન( ઔરંગાબાદ પાસે ) નામને સ્થળે થયેલી લડાઈમાં (ઑગસ્ટ ૧૦, ૧૬૬૭) દમાજીરાવે રઘુનાથરાવને ભારે મદદ કરી હતી.

માધવરાવ પેશવાએ હવે દમાજીરાવની ખુલ્લી શત્રુવટ જોઈ લીધી હતી. ૧૭૬૮ માં બંડખોર રઘુનાથરાવ વિશાળ લશ્કર સાથે ચંદોર વિસ્તારમાં ધોડપના કિલ્લામાં છાવણી નાખીને રહ્યો હતો. તેની સાથે દમાજીરાવનો પુત્ર ગોવિંદરાવ પણ ફોજની એક ટુકડીના નાયક તરીકે હતો. પેશવાએ એકાએક જ ધોડપ પર છાપો મારી લડાઈમાં રઘુનાથરાવને હરાવ્યો, રઘુનાથરાવ અને ગોવિંદરાવને કેદ કર્યો. ગોવિંદરાવને પુણે મોકલી અપાયો, જ્યાં એ પોતાના પિતા દમાજીરાવના અવસાન સુધી રહ્યો (૧૭૬૮).

હવે પેશવાએ દમાજીરાવ સમક્ષ આકરી શરતો મૂકી. એની પાસેથી ૭ મહાલો લઈ લેવામાં આવ્યા. જો કે દરબારી ખર્ચ માટે સત્તરગામ પરગણું ડભોઈ તેમજ પાસરે અને ઉમરાણ ગાયકવાડ પાસે રહેવા દેવામાં આવ્યાં. વાર્ષિક ખંડણી તરીકે સવા પાંચ લાખને બદલે રૂપિયા ૭,૭૯,૦૦૦ આપવાની ફરજ પડાઈ. બાકી પડતી લેણી રકમ તરીકે પંદર લાખ રૂપિયા ગણવામાં આવ્યા અને અગાઉ થયેલા કરાર મુજબ પેશવા પાસે હાજર નહિ થવા બદલ તથા બંડખોર પ્રવૃત્તિ કરવા બદલ સવાપચીસ લાખ[૪૭] ( અથવા સવાતેવીસ લાખ ) રૂપિયા દંડ કરવામાં આવ્યો. ગાયકવાડે કુલ ૪૧ લાખ ( અથવા ૩૯ લાખ ) રૂપિયા સવા પાંચ લાખ રૂપિયાના હપ્તાથી ચૂકવવા એમ ઠરાવવામાં આવ્યું. દાભાડે કુટુંબ અને ખંડેરાવ ગાયકવાડના હક્કદાવાનું નિરાકરણ કરવાનું અને સુરત તથા અમદાવાદના મહેસૂલ સંબંધી અગાઉ થયેલા કરારોનું પાલન સખ્તાઈથી કરવાનું ગાયકવાડને કહેવામાં આવ્યું. ગાયકવાડ પેશવાને

ત્રણ હજારની અશ્વસેના આપે એવું બંધન મૂકવામાં આવ્યું. ઉપર્યુક્ત કરારની આવી શરતો દમાજીરાવના પુત્રો ફત્તેહસિંહરાવ અને ગોવિંદરાવે છેવટે માન્ય રાખી, કારણ કે ધોડપની લડાઈ પછી તરત જ દમાજીરાવનું અવસાન થયું હતું (૧૭૬૮).

દમાજીરાવનું કટોકટીના કાળમાં થયેલું અવસાન ગાયકવાડ કુટુંબ માટે કમનસીબ નીવડ્યું. એના પુત્રો વચ્ચે ત્યાર બાદ ચાલેલા સત્તા માટેના સંઘર્ષથી ગાયકવાડી સત્તાને ઝાંખપ લાગી.

## પાદટીપ

૧ G. S. Sardesai, *A New History of the Marathas*, Vol. I, p. 51

૨ ખંડેરાવ દાભાડેને રાજા શાહુએ ૧૭૧૭માં સેનાપતિપદ આપ્યું હતું. દાભાડેની આ નિમણૂક પછી એને દખ્ખણના વિસ્તારમાં ભારે કામગીરી રહેતી હોવાથી એણે પોતાના વિશ્વાસુ અમલદારો, જેમાં કંથાજી કદમ બાંડે, દમાજી (૧ લો) ગાયકવાડ, દમાજીનો દત્તક પુત્ર અને ભત્રીજો પિલાજીરાવ વગેરેનો સમાવેશ થતો હતો. તેમને દાભાડેએ એના અધિકારીઓને લગભગ દર વર્ષે ગુજરાત પ્રાંતમાં મોકલવાની નીતિ અપનાવી હતી. તેઓ સુરત જિલ્લામાં ચોથ ઉઘરાવતા. પેશવા બાજીરાવે પોતાનાં સ્વતંત્ર લશ્કર તૈયાર કર્યાં અને પોતે આગેવાની લઈ આક્રમણ કરવાની નીતિ અપનાવી, એનો હેતુ સેનાપતિ પર આધાર ન રાખવાનો અને પોતાનું વર્ચસ્ સ્થાપિત કરવાનો હતો, આથી સેનાપતિપદનું મહત્ત્વ ક્રમશઃ ઘટતું ગયું. વધુમાં જુઓ आप्टे, श्री सयाजीराव गायकवाड ( तिसरे ) यांचे चरित्र, ग्रन्थ २, पृ. ५.

૩ R. C. Majumdar (Ed.), *Maratha Supremacy (MS)*, p, 279

૪ दाते, श्रीमन्त सयाजीराव, यांचे चरित्र : सयाजी गौरव ग्रन्थ, भा. १, पृ. १०–११

૫ D. B. Parasnis, *A History of the Maratha People*, p. 177

૬ गायकवाड यांची हकीकत, पृ. २–३

૭ *Gazetteer of the Baroda State (GBS)*, Vol. I, p. 437

૮ વીરસદનો વાઘજી પટેલ અને વસોનો દાજી પટેલ રુસ્તમઅલીખાનના તાબેદાર હતા. શુજાતખાને દાજી પટેલની અંબાજીની જાત્રાએ જતી દીકરીને માર્ગમાં રોકી લઈ, પોતાને ત્યાં લઈ જઈ ચૌદ દિવસ રાખી એની માનહાનિ કરી હતી, આથી એ પટેલો મુસ્લિમ શાસકો સામે થયા અને પિલાજીને ચડાઈ કરવા નિમંત્રણ આપ્યું. તેઓ પિલાજીને બીલીમોરા પાસે મળ્યા હતા અને આક્રમણની વિગતો નક્કી કરી હતી.

૯ મિરાતે એહમદી (ગુ. અનુ. કૃ.મો. ઝવેરી); ગ્રં. ૨, પૃ. ૮૮–૯૧

૧૦ *GBS*, Vol. I, pp. 440 f.

૧૧-૧૨ મિરાતે એહમદી, વૉ. ૨, પૃ. ૧૦૮-૧૧૦

१३ आप्टे, उपर्युक्त, ग्रं. २, पृ. १०–११, बडोदें राज्य दफ्तरान्तिल ऐतिहासिक वेंचे, भा. १, पृ.–७

૧૪ J. H. Gense and D. R. Banaji, *The Gaikwads of Baroda*, Vol. I, p. 10

૧૫-૧૭ *Mahārashtra State Gazetteer (MSG)*, Part III, pp. 52 f.

૧૮ Sardesai, *op. cit*, Vol. II, p. 137

१९ आप्टे, उपर्युक्त, ग्रन्थ १, पृ. १२–१३

૨૦ *GBS*, Vol. I, p. 446

૨૧ પ્રતિનિધિઓમાં પંચોળી તેમ રામાનંદ ભંડારી તથા અજબસિંહ ઇન્દ્ર અને લખધીર હતા. જુઓ *MS*, p. 24.

૨૨ Sardesai, *op. cit.*, Vol. II, p. 143

૨૩ મિરાતે એહમદી, વૉ. ૨, પૃ. ૧૯૨-૯૫, ૧૯૭

૨૪ *MS*, p. 24

૨૫ Hiranad Shastri, *The Ruins of Dabhoi or Darbhavati in Baroda State*, pp. 18 f.

૨૬ મિરાતે એહમદી, વૉ. ૨, પૃ. ૨૭૧-૭૨

૨૭ એજન, પૃ. ૩૫૯-૬૧

૨૮ એજન, પૃ. ૩૬૧-૬૩

૨૯ *GBS*, Vol. I., p. 449

૩૦ મિરાતે એહમદી, વૉ. ૨, પૃ. ૪૫૧-૫૩

૩૧ Sardesai, *op. cit.* Vol. II, pp. 323 f.

૩૨ *MSG*, Part III, p. 75

૩૩ C. U. Aitchison, *A Collection of Treaties, Engagements and Sanads*, Vol. VI, Appendix I, pp. XLVI–LVI; Gense and Banaji, *op. cit.*, Vol. III, pp. 154

३४ गायकवाड यांचे हकीकत, पृ. २२

૩૫-૩૬ Gense and Banaji, *op. cit.*, Vol. I, p. 90 n.

૩૭ પેશવા અને ગાયકવાડની 'મુલકગીરી' વસૂલાત માટેની વિગતો માટે જુઓ *GBS*, Vol. I, pp. 457 f.

૩૮ Gense and Banaji, *op. cit*, Vol. I, p. 105

૩૯ B. K. Beman, Behram, *Rise of Municipal Govevnment in the City of Ahmedabad*, p. 8

૪૦ મિરાતે એહમદી, વૉ. ૨, પૃ. ૫૭૪–૭૮; Gense and Banaji *op. cit.*, Vol. I, p. 113

૪૧ મિરાતે એહમદી, વૉ. ૨, પૃ. ૫૯૦–૬૫૦માં અમદાવાદના પેશનું વર્ણન વિગતે આપવામાં આવ્યું છે.

૪૨ Gense and Banaji, *op. cit.*, Vol. IX, p. 19

૪૩ Sardesai, *op. cit*, Vol. II, p. 458

૪૪ મિરાતે એહમદી, વૉ. ૨, પૃ. ૭૪૫

૪૫ *GBS*, Vol. I, p. 460

४६ बडोदें राज्य दफ्तरांतील ऐतिहासिक वेंचे, मा. १, पृ. १५; आप्टे, उपर्युक्त, ग्रं. १, पृ. १७–१८

૪૭ Aitchison, *Treaties*, Vol, IV, Appendix V. એમાં વધુ રકમ દર્શાવાઈ છે. ગ્રાંટ ડફ અને એલ્ફિન્સ્ટન ઓછી રકમ બતાવે છે. જુઓ *GBS*, Vol. I, p. 465.

## પ્રકરણ ૩

# પેશવા બાલાજી બાજીરાવનો અમલ

## (ઈ. સ. ૧૭૫૮ થી ૧૭૬૧)

પેશવા બાલાજી વતી સૂબા સદાશિવ રામચંદ્રે અને તેની સહાયમાં રહેલા દમાજી ગાયકવાડે ગુજરાતના પાટનગર અમદાવાદનો કબજો કર્યો અને એ રીતે ગુજરાતમાં પેશવાની આણ પ્રવર્તી. ગુજરાતમાં સ્થપાયેલી મરાઠાઓની આ કેંદ્રવર્તી સત્તા લગભગ ૬૦ વર્ષ (ઈ. સ. ૧૮૧૮) સુધી ટકી રહી.

**મરાઠા અમલનું સ્વરૂપ**

મરાઠાઓની હકૂમતનો આ કાલ એકંદરે ગુજરાતમાં અવ્યવસ્થા, લૂંટફાટ, બંડ-બળવા, લડાઈઓ અને ભય-આતંકનો રહ્યો. આ કાલમાં એક સમયે પેશવા તો બીજે સમયે ગાયકવાડ સર્વોપરિ બનતો. એ બંને શાસકોનાં પ્રભાવ-ક્ષેત્રોમાં પણ વારંવાર પરિવર્તન થતું. આમ છતાં બંનેની રાજનીતિ એકસરખી જ જોવા મળે છે. બળજબરીથી પૈસા પડાવવા એ એમના શાસનનું મુખ્ય ધ્યેય હતું. 'રાસમાળા'ના લેખક ફાર્બસ નોંધે છે તેમ, આખો દેશ (ગુજરાત) પેશવા અને ગાયકવાડ વચ્ચે વહેંચાઈ ગયો હતો ને એમાં ખંડણી આપતાં રાજ-રજવાડાંનો પણ સમાવેશ થઈ ગયો હતો. મુઘલો અને મરાઠાઓ વચ્ચેના સર્વોપરિતા માટે ચાલતા સતત સંઘર્ષમાં રજવાડાં તટસ્થ રહી બંનેને સમાન સગવડો આપતાં. વળી પોતાનો પ્રદેશ જેની હકૂમતમાં આવે તેને મહેસૂલ અને 'જમા' આપતાં. મુઘલોની જેમ મરાઠા પણ તેઓના આંતરિક વહીવટમાં માથું મારતા નહિ પણ તેઓ ધીમે ધીમે તેમના પર કરબોજ વધારી તેમને આર્થિક રીતે પાયમાલ કર્યે જતા હતા.[1]

મરાઠા સરદાર વર્ષોવર્ષ પેશકશ (ખંડણી) ઉઘરાવવા મુલકગીરીએ નીકળતા ત્યારે રસ્તામાં આવતાં ગામો અને કસબાઓને લૂંટી પાયમાલ કરતા. 'ઘાસદાણા' જેવા અનેક પ્રકારના વેરા વસૂલ લઈ પ્રજાનું હીર ચૂસવામાં આવતું. આથી પ્રજા એમનાથી સતત ભય પામતી. તેઓની પેશકશ ભારે રહેતી ને તે ઉઘરાવવામાં તેઓ ભારે કઠોરતા વાપરતા. સામે થનારા ઠાકોરોને તેઓ ભારે દંડ કરતા ને તે વસૂલ લેવા એની પાસેથી વગદાર મજબૂત જામીન લેતા. આથી ઠાકોરોમાં પણ ભય વ્યાપેલો રહેતો. આવા સાર્વત્રિક ગ્લાનિના કાલમાં સાંસ્કૃતિક પ્રગતિ અટકી ગઈ.

અમદાવાદ જીત્યા પછી પેશવાના સૂબા અને ગાયકવાડના પ્રતિનિધિએ વહીવટી સુકાન સંભાળ્યું. અગાઉ થયેલા કરાર મુજબ શહેરના બાર દરવાજાઓ પૈકીના જમાલપુર સિવાયના અગિયાર દરવાજા પર પેશવાની હકુમત સ્થપાઈ, જ્યારે જમાલપુર દરવાજો ગાયકવાડનો ગણાયો. અલબત્ત, ઊપજ બંનેએ અર્ધોઅર્ધ વહેંચી લેવાનું ઠર્યું હતું. વળી અગિયાર દરવાજા પર પોતાનો એકએક કિલ્લેદાર રાખવાના ખર્ચ પેટે ગાયકવાડે પેશવાને ૬,૦૦૦ રૂપિયા આપવાના હતા.[૨] ગુજરાતનાં અન્ય સ્થાનો પર અગાઉથી મરાઠી સત્તા સ્થપાયેલી હતી તેમાં ઈ.સ. ૧૭૫૨ ના કરાર મુજબ ઊપજમાંથી અર્ધોઅર્ધ હિસ્સો પેશવા અને ગાયકવાડે વહેંચી લેવાની ગોઠવણ થઈ હતી ને એ રીતે દરેક સ્થળે જમાબંદી કરી પેશકશ નક્કી કરવામાં આવી હતી. તે પ્રમાણેની નિયત પેશકશ ઉઘરાવવા મુલકગીરી સવારીઓ ગાયકવાડ અને પેશવા બંને તરફથી કરવામાં આવતી.[૩]

## સૂબેદાર સદાશિવ રામચંદ્ર (ઈ.સ. ૧૭૫૮–૧૭૬૦)

પેશવા તરફથી સૂબા સદાશિવ રામચંદ્રે અમદાવાદનો હવાલો સંભાળ્યો. એનો ગુજરાત પર ત્રણ વર્ષ અમલ રહ્યો.

### અમદાવાદની વ્યવસ્થા

મોમિનખાને અમદાવાદ છોડ્યા પછી દમાજી ગાયકવાડે શહેરનો બંદોબસ્ત કરવા જમાલપુર દરવાજેથી શહેરમાં પ્રવેશ કર્યો (૨૭ મી ફેબ્રુઆરી ૧૭૫૮).[૪] એણે જમાલપુરથી શહેરમાં જવાના મુખ્ય માર્ગના નાકા પર આવેલા સલીમ જમાલના[૫] સુવિધાજનક મકાનને પોતાના નિવાસ માટે નક્કી કર્યું. ત્યાંથી ભદ્ર જઈ કોટને ફરતા બુરજો અને દરવાજાઓ પર રખેવાળોની ગોઠવણ કરી એ પછી થોડી વારે ખાનપુરના દરવાજેથી શહેરમાં પ્રવેશી ભદ્રમાં આવ્યો. એણે બાબુરાવ નામના ઇસમને શહેરની કોટવાલી સોંપી શહેરના દરવાજા ખોલી નાખવા હુકમ કર્યો ને ત્યાર બાદ એ રાત્રે પોતાની છાવણી પર પાછો વળ્યો. દરવાજા ખૂલતાં શહેર છોડીને નાસી ગયેલા લોકો ધીમે ધીમે શહેરમાં આવવા લાગ્યા.

બીજે દિવસે સદાશિવ રામચંદ્રે જૂની છાવણી છોડી શાહીબાગમાં પડાવ નાખ્યો. જવાંમર્દખાનને હવે પોતાની જાગીર(પાટણ)માં જવાની ઉતાવળ હોવાથી, સદાશિવ રામચંદ્રે એને પોશાક અને ઘોડાની ભેટ આપી પાટણ રવાના કર્યો. દમાજીએ પણ જૂની છાવણી છોડી સાબરમતીને તટે હઝરત શાહ ભીખનની દરગાહ પાસે મુકામ કર્યો. પોતાના પુત્ર સયાજીને છાવણીમાં રાખી દમાજી પોતે

સલીમ જમાદારના મકાનમાં રહેવા ગયો. દમાજીને શહેરના નામાંકિત મુસલમાન તથા હિંદુ શરાફો અને મહાજનો મળવા આવ્યા. એમાં "મિર્આતે એહમદી"-ના કર્તા અલી મુહમ્મદખાનનો પણ સમાવેશ હતો. દમાજીએ તેઓને દિલાસો આપી દક્ષિણી રિવાજ મુજબ પાઘડી અને દુપટ્ટા વડે તેઓનું સંમાન કરી સહુને રાજી કર્યા. સદાશિવ રામચંદ્રે શાહીબાગમાંથી મુકામ ઉઠાવી ભદ્રના કોટની દીવાલ નીચે સાબરમતીના તટમાં મુકામ કર્યો હોવાથી એ સર્વ મહાજનો ત્યાં જઈ એને મળ્યા. સદાશિવરાવે પણ તેમને સાંત્વન આપી પોશાકની નવાજેશ કરી. મોમિનખાને કાજીના હોદ્દા પર ગુલામ હુસેનખાનને નીમ્યો હતો. સદાશિવરાવે તેને ખસેડી તેના સ્થાને મુહમ્મદ રૂકન ઉલહક્ક ખાનને નીમ્યો. અર્ક(ભદ્ર)ના કિલ્લા પરના નગારખાનામાંથી દર રવિવારે પાંચ વાર નોબત વગાડવામાં આવતી તે રવિવાર ઉપરાંત શનિવારે પણ વગાડવાનું ઠરાવવામાં આવ્યું. અગાઉ મરાઠાઓએ અમદાવાદ લીધેલું ત્યારે એમણે અંકુશના નિશાનવાળા પોતાના સિક્કા પડાવેલા પણ ત્યારબાદ મોમિનખાને તે સિક્કા પાડવા બંધ કરાવ્યા હતા. સદાશિવરાવે એ સિક્કા પુનઃ ચાલુ કર્યા. એણે દરેક હોદ્દા પર અને મહેલોમાં અમલદાર નીમી દીધા. ત્યારબાદ ઝાલાવાડ અને સોરઠની પેશકશ ઉઘરાવવા માટે એણે પોતાની સેના સાથે પ્રસ્થાન કર્યું (૧૩ મી માર્ચ ૧૭૫૮).[૬] જતાં પહેલાં એણે પોતાના વતી પાંડુરંગ પંડિતના ભાઈ નારૂ પંડિતને શહેરમાં પોતાના નાયબ તરીકે નીમ્યો.[૬અ] વળી જાગીરોની બાબતમાં વાંધા ન ઊઠે તેમજ કરવેરા નિયમિત લેવાય એ માટે અલી મુહમ્મદખાન (મિર્આતે એહમદીનો લેખક), શહેર કાજી, બક્ષી તથા ખબરપત્રી અને હાજી તુરલ્લાને મુકરર કરવામાં આવ્યા.[૭]

અમદાવાદના ઘેરામાં સહાય કરવા આવેલો સદાશિવ દામોદર[૮] દખ્ખણ પાછો ગયો.

દમાજી ગાયકવાડના હુકમથી શંભુરામ[૯] અને તેના દીકરાને કેદ પકડવામાં આવ્યા. દમાજીએ પોતાના પુત્ર સયાજીરાવને વાજબી જમાબંદી કરવા, ઠાકોરો પાસેથી પેશકશ ઉઘરાવવા અને ઉપદ્રવી કોળીઓના જામીન લેવા કપડવંજ તથા બહિયલ(તા. દહેગામ) તરફ રવાના કર્યો. દમાજી ત્ર્યંબક મુકુંદને પોતાના નાયક તરીકે રાખી પોતે કેદી શંભુરામ તથા તેના છોકરાને પોતાની સાથે લઈ વડોદરા ગયો. ત્યાંથી દમાજી નર્મદાસ્નાન કરી પુનઃ અમદાવાદ પાછો ફર્યો. દમાજીએ હવે સોરઠમાંની મરાઠાઓની પેશકશમાંથી પોતાનો હિસ્સો વસૂલ લેવા માટે સયાજીરાવને સોરઠ જવા આદેશ આપ્યો. દમાજીએ અમદાવાદમાં રોકાઈ

જમાલપુરમાં પોતાની હવેલીના પાછળના ભાગમાં એક વાવ કરી. આમાં સારંગપુર દરવાજા બહારની સીદી બશીરની મસ્જિદના ખંડેરના પથ્થર વાપરવામાં આવ્યા. વળી એના પથ્થરોથી શહેરના કોટનો કેટલોક ભાગ પણ સમરાવ્યો.[૧૦]

### મોમિનખાન ખંભાતમાં

પરાજય પામેલો મોમિનખાન ખંભાત જતો હતો ત્યારે એનો સાથ છોડીને જતા રહેલા ઘણા સિપાઈઓ ફરીથી પોતાનો પગાર લેવાની ઉમેદથી એની સાથે થઈ ગયા. આથી એ ખંભાત પહોંચ્યો ત્યારે એની પાસે ઘોડેસવારો અને પદાતિઓનું એક લશ્કર ભેગું થઈ ગયું. ખંભાતના કિલ્લાની અંદરના સિપાઈઓ પણ ચડેલો પગાર મેળવવાની આશાથી મોમિનખાન આવતાં ઉમંગમાં આવી ગયા. સૈનિકોને ચૂકવવાનો થતો પાંચ લાખ રૂપિયા જેટલો પગાર ચૂકવવામાં અસમર્થ મોમિનખાન ચૂપચાપ કિલ્લામાં દાખલ થઈ ગયો. આ વખતે કરાર અનુસાર પેશવા તરફથી મળનારા એક લાખ રૂપિયા પેશવાનો કારભારી વ્રજલાલ લઈ ખંભાત આવતાં મોમિનખાન જેમ તેમ કરી સૈનિકોનો રોષ શાંત કરી શક્યો.[૧૦અ] મોમિનખાને પોતાની ખાલી તીજોરી ભરવા માટે સરદારો અને શ્રીમંતો પાસેથી જોરજુલમથી નાણાં કઢાવવા માંડ્યાં. આ વખતે ખંભાત ગયેલા પેશવાના કારભારી વ્રજલાલનું એના દુશ્મનોએ ખૂન કર્યું અને એમાં મોમિનખાનનો હાથ હતો એવી વાત વહેતી મૂકી.[૧૧]

### કાઠિયાવાડની મુલકગીરી

આ અરસામાં ઝાલાવાડ અને સોરઠ તરફ ગયેલો સદાશિવ રામચંદ્ર પેશકશ ઉઘરાવતો ઉઘરાવતો પોરબંદર થઈ જૂનાગઢ પહોંચ્યો. સયાજીરાવ પણ ગોહિલવાડ અને કાઠિયાવાડમાંથી પોતાના ભાગની જમાબંદી અનુસાર પેશકશ વસૂલ કરતો જૂનાગઢ આવી પહોંચ્યો. જૂનાગઢના નવાબ શેરખાન બાબીએ બંને મરાઠા સરદારોને થોડા થોડા ભેટ આપ્યા. સદાશિવરાવે જૂનાગઢમાં પોતાનો કોઈ નાયબ રાખવા અંગે કેટલાક સંદેશા અને દક્ષિણી રિવાજ મુજબના પોશાકની ભેટ સાથે સદાશંકર મુનશી નામના ઇસમને શેરખાન પાસે મોકલ્યો. પણ કેટલાંક કારણોસર સદાશિવરાવને તુરત અમદાવાદ પાછા ફરવું પડ્યું. એ અમદાવાદ પહોંચ્યો (તા. ૧૫ જૂન, ૧૭૫૮),[૧૨] એ પછીના સપ્તાહે સયાજીરાવ પણ અમદાવાદ ગયો.[૧૩]

### ખંભાતના બખેડા

વ્રજલાલનું ખૂન થતાં અને મોમિનખાન તરફથી ખંભાતના મોટા વેપારીઓ

અને અમીરો પાસે પૈસા પડાવવા માટે થતી કનડગતથી ડરીને ઝાહેદ અલીબેગ, મીર નજમુદ્દીન, મુહમ્મદ હાશમ બક્ષી અને મલેક રેઝા જેવા રાજ્યના આધારસ્તંભરૂપ ગણાતા પુરુષો કુટુંબ પરિવાર અને માલમિલકત સાથે છૂપી રીતે ખંભાતમાંથી નાસી છૂટચા. પેટલાદના મરાઠા ફોજદાર સદાશિવ બલ્લાલે એમને સહાય કરી. ઝાહેદ અલી અને મીર નજમુદ્દીને અમદાવાદ આવી પહેલાં નાયબ નારૂ પંડિત પાસે અને ત્યારબાદ સદાશિવ રામચંદ્ર જૂનાગઢથી આવી પહોંચતાં તેની પાસે મોમિનખાનથી પોતાને બચાવવા માટે ધા નાખી. સૂબાએ તેઓને દિલાસો આપી, પોશાકથી સંમાન કરી એ બંનેને મુહમ્મદ હાશમ સાથે મળી ખંભાત બંદર જીતી લેવા પેટલાદ રવાના કર્યા. સદાશિવ બલ્લાલે પણ એમાં સાથે રહેવું એવો આદેશ મોકલવામાં આવ્યો. ઝાહેદ અલીએ[14] પેટલાદ જઈ ખાનગી રાહે ખંભાતના સિપાઈ વર્ગને પૈસાથી લલચાવવા પ્રયત્ન કર્યો. એને એમાં થોડી સફળતા પણ મળી. થોડા સિપાઈઓ ખંભાતની સેનામાંથી છૂટા થઈ સામા પક્ષમાં ભળ્યા. ઘણા સિપાઈઓએ ઝાહેદ અલી તરફથી મળતી રકમને રોજીનું સાધન ગણી લીધું. મોમિનખાનને આખા કાવતરાની જાણ થતાં એ સાવધ બની ગયો ને બહારથી આવેલી રકમ એણે જપ્ત કરી લીધી. આથી નાસીપાસ થયેલ ઝાહેદ અલી અમદાવાદ ગયો, જ્યારે મુહમ્મદ હાશમ મિયાંગામના જમીનદાર રણમલને આશ્રયે જઈ રહ્યો.[15]

આ વખતે વડોદરામાં કેદ રખાયેલા શંભુરામ અને તેના પુત્રને પેશવાના હુકમથી પુણે મોકલી આપવામાં આવ્યા.[16]

**સદાશિવરાવની ખંભાત તરફ કૂચ**

પેશવા તરફથી દમાજી ગાયકવાડને પુણે બોલવવા માટે વખતોવખત પત્ર આવતા હતા. સદાશિવ રામચંદ્રને એ સલાહભર્યું નહિ લાગવાથી એણે ગાયકવાડને અમદાવાદ રહેવા દેવા પેશવા બાલાજી બાજીરાવને લખ્યું. પણ પેશવાએ એની વિનંતીનો અસ્વીકાર કરી દમાજીરાવને લઈ આવવા માટે જનકોજી નામના ઇસમને લશ્કરી ટુકડી સાથે અમદાવાદ મોકલ્યો. આથી નછૂટકે સદાશિવ રામચંદ્ર પોતાની સાથે દમાજીરાવને લઈને પેશકશ ઉઘરાવવા નિમિત્તે નીકળી ગયો (તા. ૩૧, ઑગસ્ટ, ૧૭૫૮)[17]. એણે કાંકરિયા તળાવ પાસે છાવણી નાખી. એણે પહેલાં મોમિનખાન સાથેનો હિસાબ પતાવવાનું નક્કી કર્યું. આ અરસામાં મોમિનખાને હું પેશવાને મળવા ઇચ્છું છું એવો ઇરાદો વ્યક્ત કરતો પત્ર પુણે પાઠવ્યો. પેશવાએ પ્રત્યુત્તરમાં એને પુણે જવા અનુમતિ પાઠવી અને સાથે

ખંભાતને હેરાન ન કરવા અંગે સદાશિવ રામચંદ્ર અને દમાજી ગાયકવાડને સંબોધીને પત્ર મોકલ્યા. આ પત્રો સાથે પોતાને પુણે જવાનો પરવાનો આપવા માટે મોમિનખાને સદાશિવ રામચંદ્રને વિનંતીપત્ર પાઠવ્યો. પણ ખંભાતનો આમિલ હિસાબમાં ફેર બતાવે છે તેથી એ ફેરવાળી રકમોની ખાતરી કરી આપ્યા પછી જ પુણે જઈ શકાશે એવો સૂબાએ પ્રત્યુત્તર મોકલ્યો. સદાશિવરાવે પેશવાને પત્ર લખીને દમાજીરાવને અમદાવાદ રહેવા દેવા પુનઃ વિનંતી કરી. આ વખતે કચ્છના રાવ લખપતજીએ સિંધમાં ઠઠ્ઠા નગર લેવાની ઇચ્છાથી તેના પર ચડાઈ કરતી વખતે પોતાને સહાય કરવા માટે સદાશિવ રામચંદ્ર અને દમાજી ગાયકવાડને વિનંતી કરી. એણે ફોજનું ખર્ચ આપવા પણ કબૂલ્યું હતું. આથી સદાશિવરાવે રણછોડદાસને ને દમાજીરાવે સેવકરામને કચ્છના રાવની મદદે મોકલ્યા.[18]

૨૧ મી સપ્ટેમ્બર, ૧૭૫૮ ના રોજ[19] અને ત્યાર પછીના સપ્તાહે ૨૫ મી સપ્ટેમ્બર, ૧૭૫૮ ના રોજ[20] તાપીમાં આવેલા મોટા પૂરે સુરત શહેરમાં જાનમાલની ભારે ખાનાખરાબી સર્જી. આમાં પણ પહેલું પૂર બે દિવસ અને બે રાત સુધી ભારે વિનાશ કરતું રહ્યું. નર્મદામાં પણ આ વખતે પૂર આવતાં એણે પણ ભરૂચ અને કાંઠાનાં અન્ય ગામડાંઓમાં વિનાશ વેર્યો.[21]

સદાશિવ રામચંદ્રે નારૂ પંડિતની જગ્યાએ પોતાના મોટા ભાઈ સંતોજીને નાયબ તરીકે નીમી દમાજી ગાયકવાડને સાથે લઈ ખંભાત તરફ કૂચ કરી કાંકરિયાથી છાવણી ઉઠાવી ત્રણ માઈલ દૂર આવેલા ઈસનપુર આગળ મુકામ કર્યો ( ૨૬ મી સપ્ટેમ્બર, ૧૭૫૮ ).[22] ત્યાંથી એ ખેડા પહોંચ્યો. ખેડા દમાજીના હિસ્સામાં આવેલું હોવાથી મુહમ્મદ દૌરાન સાથે ત્યાંની જમાબંદીનો નિકાલ કરી દમાજીનો હિસાબ ચૂકતે પતાવવા માટે એ ત્યાં ત્રણ દિવસ રોકાયો. ત્યાંથી એ અને દમાજી ખંભાત પહોંચ્યા ને શહેર બહાર બંદરને કિનારે છાવણી નાખી. આ વખતે મોમિનખાન પુણે જવા માટે શહેર બહાર નીકળતો હતો, પણ મરાઠી ફોજ આવી લાગતાં શહેરના કિલ્લામાં પાછો ભરાઈ ગયો ને તેમાં રહી બુરજ અને ગઢનું રક્ષણ કરવા લાગ્યો. ખંભાતના આમિલના જણાવ્યા અનુસાર મોમિનખાને પેશવાના ભાગના ૨૦,૦૦૦ રૂપિયા પચાવી પાડચા હતા. મોમિનખાને દમાજીરાવને વચ્ચે રાખી પોતાના કારભારીઓ મારફતે સદાશિવ રામચંદ્ર સાથે સં[illegible]. પેશવાના હિસ્સાની લહેણી નીકળતી રકમ એણે ચૂકવી આપતાં સદાશિવ રામચંદ્ર ૨૦ દિવસનો ખંભાતનો મુકામ ઉઠાવી કઠાણા ( તા. બોરસદ ) થઈ ઉમેટા ( તા. બોરસદ ) પહોંચ્યો. આ વખતે પેશવા તરફથી

દમાજીરાવને તાકીદનું તેડું આવતાં એ ઉમેટાની પેશકશનો ત્વરિત નિકાલ કરીને પુણે જવા રવાના થયો. એણે આ વખતે પોતાના પુત્ર સયાજીરાવને ગાયકવાડના હિસ્સાની પેશકશ ઉઘરાવવા માટે સોરઠ તરફ રવાના કર્યો.[૨૩]

**વાડાશિનોર અને લુણાવાડા પર ચડાઈ**

હવે સદાશિવ રામચંદ્રે વાડાશિનોર અને લુણાવાડાના જાગીરદારો સાથેનો હિસાબ પતાવવા પ્રસ્થાન કર્યું. વાડાશિનોર મહાલ એ વખતે જૂનાગઢના શેરખાન બાબીના સગીર વયના પુત્ર સરદાર મુહમ્મદખાનના કબજામાં હતો.[૨૪] મોમિનખાન અને મરાઠાઓ વચ્ચેના અમદાવાદના બખેડાને લઈને એ પેશવાને આપવાનો થતો ઊપજનો અડધો હિસ્સો આપતો બંધ થઈ ગયો હતો. વળી એણે વીરપુર (તા. વાડાશિનોર) પરગણાના દેસાઈઓને પજવી તેમની પાસેથી દંડ લીધો હતો. આમાં મુહમ્મદખાન સાથે લુણાવાડાનો ઠાકોર દીપસિંગ પણ સામેલ હતો. દેસાઈઓએ મદદ માગતાં સદાશિવ રામચંદ્ર વાડાશિનોર પહોંચ્યો. એની ફોજે શહેરના કિલ્લાને ઘેરી લીધો. બંને પક્ષે થોડો વખત લડાઈ ચાલી પણ છેવટે ટકી નહિ શકતાં સરદાર મુહમ્મદખાને ૩૦,૦૦૦ રૂપિયા આપવા કબૂલ કરી પોતાના કારભારી સુલતાન હબશી અને પોતાનો એક મુકાદમને જામીન તરીકે મોકલી સંધિ કરી.[૨૫]

સદાશિવ અને દમાજીએ ખંભાત છોડયા પછી મોમિનખાને પેશવાને પત્ર લખી પોતાની પાસેથી ખોટી રીતે ૨૦,૦૦૦ રૂપિયા પડાવવામાં આવ્યા અને એ વસૂલ લેવા સદાશિવરાવે એને પુણે જતાં પણ રોક્યો હોવાની ફરિયાદ કરી. એ પરથી પેશવાએ એ રકમ મોમિનખાનને પાછી આપી દેવાનો સદાશિવ-રાવને આદેશ પાઠવ્યો તેમજ હુસેન નામના સરદારને મોમિનખાનને પુણે તેડી લાવવા માટે મોકલ્યો. આ વખતે સદાશિવ રામચંદ્રની છાવણી વાડાશિનોર હોવાથી મોમિનખાને એ સરદારને પેશવાના આદેશવાળા પત્ર સાથે એની પાસે મોકલ્યો. પણ સદાશિવ રામચંદ્રે એ રકમ પેશવાના હિસ્સાના હિસાબ પેટે મોમિનખાન પાસે લેણી નીકળતી હોવાથી વસૂલ લેવાઈ છે, એમાં કંઈ ખોટું કર્યું નથી, એવો જવાબ આપી એ સરદારને મોમિનખાન પાસે રવાના કરી દીધો ને પોતે છાવણી ઉઠાવી લુણાવાડા ગયો.[૨૬]

લુણાવાડા પરની ચડાઈ વખતે સદાશિવરાવે સરદાર મુહમ્મદખાનને પણ સાથે લીધો. લુણાવાડાના ઠાકોર દીપસિંગે શરૂઆતમાં મુકાબલો કર્યો, પરંતુ એ લાંબી ટક્કર ઝીલી શક્યો નહિ. એણે ૫૦,૦૦૦ રૂપિયા આપવાના કબૂલી

યોગ્ય જામીન આપી સુલેહ કરી લીધી. ત્યાંથી સદાશિવ રામચંદ્ર મોડાસા અને ઈડર પરગણાંમાં રસ્તામાં આવતી દરેક જગાની સ્થિતિ અને શક્તિ મુજબની જમાબંદી કરી મહેસૂલ ઉઘરાવતો વિજાપુરને તાબે આવેલા આકલૂર (?) ગામે પહોંચ્યો ને ત્યાં છાવણી નાખી. ત્યાં એને વીસલનગર(વીસનગર)નો જોરાવરખાન[૨૭] મળવા આવ્યો. આ વખતે કચ્છમાં રાવ લખપતની સહાયમાં ગયેલા રણછોડદાસ અને સેવકરામ અમદાવાદ આવી ગયા ને રણછોડદાસ સદાશિવ રામચંદ્રની સાથે જોડાવા અમદાવાદથી તુરત રવાના થયો.[૨૮]

### સૈયદ અચ્ચનની સુરતમાં તખ્તનશીની

આ અરસામાં સુરતના નવાબ સફદરખાનનું અવસાન થતાં અલી નવાઝખાન નવાબ બન્યો પણ સીદીઓની મદદથી મિયાં સૈયદ અચ્ચને નવાબી હાંસલ કરી લીધી. પેશવાએ આમાં સહાય કરી હોવાથી અચ્ચને સુરતની ઊપજનો ચોથો ભાગ મરાઠાને આપવા કબૂલ્યું હતું. મરાઠાઓએ એ માટે બે દરવાજા કબજે લઈ ચોથ ઉઘરાવવા માંડી. આ ચોથમાં પેશવા અને ગાયકવાડ બંનેનો હિસ્સો હતો.[૨૯]

### પાલણપુર પર ચડાઈ

૪ થી જાન્યુઆરી, ૧૭૫૯ ના રોજ[૩૦] સદાશિવ રામચંદ્ર પાલણપુર પહોંચ્યો. એણે પેશકશ આપવા માટે પાલણપુરના નવાબ મુહમ્મદ બહાદુરખાન પર દબાણ કર્યું. નવાબે પાલણપુરના રક્ષણ માટે તાજેતરમાં શહેરને ફરતો કોટ અને તેના પર બુરજો અને મધ્યમાં ગઢીઓ કરાવી હતી, તેનો આશ્રય લઈ મરાઠી સૂબેદાર સામે નમતું નહિ જોખવા નિર્ધાર કર્યો. આથી મરાઠી સેનાએ પાલણપુરના કોટને ઘેરો ઘાલ્યો. જવાંમર્દખાન પણ એક હજારનું લશ્કર લઈ મરાઠાઓ સાથે જોડાયો. આ ઘેરો એક માસ સુધી રહ્યો. દરમ્યાનમાં મરાઠાઓએ પાલણપુરની આસપાસનાં ગામડાં લૂંટી તારાજ કર્યાં. બીજી બાજુ શહેર બહારના ઉત્તરના( તાંસાવાળા ) દરવાજા નીચેથી છેક રાજગઢ સુધી સુરંગ ખોદી રાજગઢને ઉડાવી મૂકવાની તજવીજ કરવામાં આવી. આ બાબતની નવાબને જાણ થતાં સુરંગ ફૂટતાં સર્જાનારી ગમખ્વાર આફતની કલ્પના કરીને કારભારીઓની સલાહથી, જવાંમર્દખાનને વચ્ચે રાખીને, નવાબે સંધિ કરી લીધી. એણે એ રૂએ સદાશિવરાવને પેશકશના ૭૫,૦૦૦ રૂપિયા આપ્યા. બદલામાં પાલણપુર રાજ્યને જરૂર પડે પેશવા સહાય કરશે એવી મરાઠા સૂબેદાર પાસેથી એને ખાતરી મળી.[૩૧]

પાલણપુરથી કૂચ કરી સદાશિવ રામચંદ્ર ઊંઝા અને ઉનાવા થઈ ઝાલાવાડ તાબાના લીમડી તરફ નીકળી ગયો ( તા. ૭મી ફેબ્રુઆરી, ૧૭૫૯ ).[૩૨] માર્ગમાં એણે કટોસણના ઠાકોર પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા લીધા.[૩૩]

આ અરસામાં અમદાવાદમાંના નાયબ સંતોજીએ સાબરમતીના તટ પરની, પૂરને કારણે નાશ પામેલી શહેરના કોટની દીવાલને સમરાવીને ઘણી મજબૂત બનાવડાવી.[૩૪]

## સુરતનો કિલ્લો અંગ્રેજોના કબજામાં

સુરતમાં મિયાં સૈયદ અચ્ચને નવાબી હાંસલ કરી એની ધમાલમાં અંગ્રેજી કોઠી લૂંટાઈ અને શહેરના કિલ્લેદાર અહમદ હબશીએ બે અંગ્રેજ કારકૂનોને મારી નાખ્યા. આથી અંગ્રેજોએ હબશીને હાંકી કાઢી શહેરનો કિલ્લો કબજે કરવા નક્કી કર્યું. સુરતની કોઠીના વડા મિ. સ્પેન્સરની સહાયમાં મુંબઈથી મનવારો મોકલવામાં આવી. પેશવાએ અંગ્રેજોની સહાયમાં એક ફોજ અને એક મનવાર મોકલી. અંગ્રેજોએ ૧૭૫૯ ના માર્ચમાં સુરતનો કિલ્લો સર કરી લીધો. મિ. સ્પેન્સરને ત્યાંનો હાકેમ બનાવવામાં આવ્યો અને તેના હાથ નીચે મિ. ગ્લાસને કિલ્લેદાર તરીકે નીમવામાં આવ્યો.[૩૫]

## મોમિનખાનનું પુણે તરફ પ્રયાણ

સદાશિવ રામચંદ્ર પાલણપુરની ઘટનામાં રોકાયેલો હતો તે દરમ્યાન મોમિનખાને પેશવાને મળવા પુણે જવા તૈયારી કરવા માંડી. પણ એને મરાઠાઓ તરફથી કોઈ નિરાંત મળશે કે કેમ તેની શંકા રહેતી હતી. આથી એણે અંગ્રેજોના પેશવા સાથેના મૈત્રી સંબંધો લક્ષમાં લઈ અંગ્રેજ જનરલને વચ્ચે રાખી પેશવાની મુલાકાત લેવા નક્કી કર્યું. ખંભાતની અંગ્રેજ કોઠીના વડા મિ. અરિકંન મારફતે પોતે દરિયા માર્ગે ખંભાતથી મુંબઈ થઈ પુણે જવા પરવાનગી મગાવી. મુંબઈના જનરલ મિ. બુર્શિયરે પરવાનગી આપતાં મોમિનખાન ખંભાતમાં પોતાની જગાએ નાયબ તરીકે મુહમ્મદ ઝમાનને નીમી સુરત તરફ રવાના થયો ( તા. ૨ જી એપ્રિલ, ૧૭૫૯ ).[૩૬] સુરતના હાકેમ સ્પેન્સરનું આતિથ્ય માણી એ મુંબઈ પહોંચ્યો. ત્યાં જનરલ બુર્શિયરના મહેમાન તરીકે રહી એણે જનરલની સંમતિથી પેશવા બાલાજીરાવને પત્ર લખી પુણે તરફ આવવાનો પરવાનો માગ્યો ને એ મળવાની રાહ જોવા લાગ્યો.[૩૭]

## હળવદ પર ચડાઈ

સદાશિવ રામચંદ્રે લીમડી જઈ ત્યાં યુદ્ધનો આતશ સળગાવી બળપૂર્વક

મુકરર કરેલી પેશકશ ઉઘરાવી. આ રકમ લઈ એનો મુખ્ય કારભારી તાત્યા અમદાવાદ રવાના થયો. સદાશિવરાવ ત્યાંથી ધ્રાંગધ્રા ગયો. આ વખતે ત્યાંનો રાજા ભાભોજી(ગજસિંહ) હળવદ રહેતો હતો, ને એની રાણી જીજીબા ધ્રાંગધ્રામાં એના પતિ વતી રાજ્ય કરતી હતી. એ બંને મરાઠાઓને આપવાની ખંડણી અર્ધોઅર્ધ આપતાં હતાં.[૩૭અ] મરાઠાઓનું ધ્રાંગધ્રા પર આક્રમણ થવાના સમાચાર મળતાં ભાભોજીએ હળવદથી થોડા લોકોને યુદ્ધની સામગ્રી આપી મરાઠાઓ સામે ધ્રાંગધ્રે મોકલ્યા ને પોતે હળવદમાં સંગઠિત લશ્કર લઈ તૈયાર બેઠો. આથી મરાઠા સરદાર ભગવાનની સલાહ મુજબ સદાશિવ રામચંદ્રે એક રાત્રે ( ૨ જી એપ્રિલ, ૧૭૫૯ )[૩૮] હળવદ પર એકાએક છાપો માર્યો. હળવદના કોટને ઘેરી લઈને કિલ્લાના દરવાજા સામે હાથીઓ દોડાવી એ તોડાવી નખાવ્યા તેમજ તોપના ગોળા છોડી કિલ્લામાં બાકાં પાડી દીધાં. સિંધીઓ અને અરબોને આગળ કરીને શહેરમાં પ્રવેશેલા મરાઠા સૈન્યે ઠેર ઠેર લૂંટફાટ કરવા માંડી.[૩૮અ] રાજગઢમાં આશ્રય લઈ રહેલા ભાભોજીને શરણે લાવવા ગઢને મરાઠી ફોજે ઘેરી લીધો. પરિસ્થિતિ સામે ટકી નહિ શકાય એમ લાગતાં ભાભોજી મરાઠી સૂબા સદાશિવ રામચંદ્રને શરણે આવ્યો. સૂબાએ લૂંટફાટ અટકાવી દીધી. રાજાને કેદ પકડવામાં આવ્યો ને પેશકશ અને દંડ તરીકે કુલ ૧,૨૦,૦૦૦ ચૂકવી ન આપે ત્યાં સુધી છોડવાની ના પાડી ને એને સાથે લઈ કૂચ કરવા માંડી. ઝાલા રાજવીની આ દશાથી અન્ય ઠાકોરોએ ડરી જઈ સામા થયા વગર પેશકશ આપી દીધી. ત્યાંથી સદાશિવ રામચંદ્ર જૂનાગઢ તરફ નીકળી ગયો.[૩૯]

### સયાજીરાવની સોરઠની મુલકગીરી

આ વખતે સયાજીરાવે પણ સોરઠ જઈ દમાજી ગાયકવાડના હિસ્સાના તાલુકાઓની જમાબંદી કરી, પેશકશ ઉઘરાવવા માંડી. એણે કેટલાંક સ્થળ લૂંટયાં. કુંડલાને એણે ઘેરો ઘાલી ત્યાંના ઠાકોર પાસેથી ૭૫,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલ્યો.[૪૦] આમ સોરઠની મુલકગીરી કડકાઈથી પાર પાડી એ અમદાવાદ પાછો ફર્યો ( ૨૦ મી એપ્રિલ, ૧૭૫૯ ).[૪૧]

### ખંડેરાવની મુલકગીરી

દમાજી ગાયકવાડનો ભાઈ ખંડેરાવ નડિયાદ રહેતો હતો. પોતાના હિસ્સામાં આવેલા તાલુકાઓમાંથી પેશકશ ઉઘરાવવા એ બહિયલ( તા. દહેગામ ) થઈ વીજાપુર પરગણા તરફ નીકળી ગયો. માર્ગમાં એણે થોડાં ગામડાં પણ લૂંટયાં.

આ ગામડાં જવાંમર્દખાનની હકૂમતની સરહદે આવેલાં હોવાથી પોતાનાં ગામડાંમાં લૂંટ ન થાય એ માટે પાટણથી તાળકતોબ નીકળી એ ખંડેરાવની સાથે જોડાયો અને પોતાના તાલુકાની છેવટની સરહદ સુધી સાથે રહ્યા બાદ, ખંડેરાવની રજા લઈ એ પાટણ જવા રવાના થયો. ઈડર જિલ્લામાં અનેક જગ્યાઓએથી પેશકશ લઈ ખંડેરાવ કડી પરગણામાં થઈ ધોળકાના રસ્તે નડિયાદ પાછો ફર્યો.[૪૨]

## સદાશિવ રામચંદ્રની પુણે જવાની તૈયારી

સદાશિવ રામચંદ્ર જૂનાગઢ તરફ ગયો, ત્યારે ત્યાં મુહમ્મદ મહાબતખાન નવાબ હતો. આ અગાઉ શેરખાન બાબીનું મૃત્યુ થતાં જૂનાગઢના કારભારીઓએ એના શાહજાદા મુહમ્મદ મહાબતખાનને એની જગ્યાએ બેસાડયો હતો (તા. ૨૮ મી સપ્ટેમ્બર, ૧૭૫૮).[૪૩] સદાશિવરાવ જૂનાગઢની પડોશમાં પહોંચી ગયો હોવાથી સાવધ બનેલા નવાબ મુહમ્મદ મહાબતખાને બચાવ માટે પગલાં લેવા માંડયાં, પરંતુ સદાશિવરાવને પુણે જવાનું થતાં એ જૂનાગઢ ન જતાં સીધો અમદાવાદ પાછો ફર્યો (તા. ૨૪ મી મે, ૧૭૫૯).[૪૪] એણે પુણે જવાની ભારે તૈયારી કરી. ત્રણ હાથીઓ અને ઘણા સરસામાન સાથે એક લશ્કરી ટુકડી આગળ રવાના કરવામાં આવી. એ અરસામાં એના મુખ્ય કારભારી તાત્યાનું અવસાન થતાં એ થોડા દિવસ રોકાઈ ગયો. ત્યારબાદ સંતોજીને પોતાના નાયબ તરીકે નીમી ભગવાનને એક લશ્કરી ટુકડી આપી એની સહાયતામાં મૂકયો. હળવદ તથા અન્ય જગ્યાઓએથી આણેલા જામીનોની જવાબદારી પણ ભગવાનને સોંપવામાં આવી. ત્યારબાદ એ પુણે જવા રવાના થયો (તા. ૪ થી જૂન ૧૭૫૯).[૪૫] એ પછી હળવદનો રાજા ૧,૨૦,૦૦૦ રૂપિયા આપી છૂટો થઈ વતન પાછો ગયો. લુણાવાડાના ઠાકોર દીપસિંગ પાસેથી દંડ અને જામીનોને મુક્ત કરવા પેટે એક હાથી, સાત ઘોડા, થોડું કાપડ અને બાકીનું રોકડ નાણું લેવાનું ઠરાવવામાં આવ્યું ને એ બધું લેવા માટે ભગવાને સરસરામને મોકલ્યો.[૪૬]

## સુરતમાં હુલ્લડ

૧૭૫૯ ના ઓગસ્ટ માસમાં સુરતમાં કોમી હુલ્લડ થયું. અમદાવાદમાં મરાઠાઓનું પ્રભુત્વ વચ્ચેના થોડા સમયને બાદ કરતાં એક દાયકાથી પ્રવર્ત્યું હોવાથી ત્યાં શહેરમાં ગણેશચતુર્થીને દિવસે પોતાના પરંપરાગત રિવાજ અનુસાર ગણેશની મૂર્તિ બનાવી મરાઠા એની નિર્ધારિત દિવસો સુધી પૂજા કરી પછી

દેવયાત્રા કાઢી છેવટે સાબરમતીમાં એનું વિસર્જન કરતા. સુરતમાં નવાબના પ્રભુત્વને લઈ ત્યાં મરાઠા આવી દેવયાત્રા કાઢી શકતા નહિ. સૈયદ અચ્ચને પેશવા બાલાજીરાવની સહાયથી સત્તા પ્રાપ્ત કરી હોવાથી હવે સુરતમાં પણ આવી દેવયાત્રા કાઢવામાં બાધ નહિ આવે એમ ત્યાંના મરાઠી મકકાસદાર પંડિતને લાગ્યું. આથી એ વર્ષે એણે ગણેશચતુર્થી (તા. ૨૭ ઑગસ્ટ, ૧૭૫૯)[૪૬] ધામધૂમથી ઉજવવાનું નક્કી કર્યું. એ પંડિતના ઘર સામેના મેદાનમાં નાની મસ્જિદ આવેલી હતી. એ મસ્જિદવાળા મેદાનને યોગ્ય ગણી ત્યાં મૂર્તિ પધરાવી તેની પૂજા કરવામાં આવી ને રોજ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઊમટવા લાગ્યા. મસ્જિદમાં મૂર્તિપૂજા થાય છે એવી અફવા ફેલાતાં સુરતના બંદર પર અવર-જવર કરતા અરબ, ઈરાની, તુર્કી, રોહિલા, હબશી વગેરે પરદેશી મુસલમાન ઉશ્કેરાયા ને તેઓએ પોતાના દીન-ઈમાનનું રક્ષણ કરવા શહેર-કાજીને આગળ કરી એ જગ્યા પર આક્રમણ કર્યું. મૂર્તિને ફગાવી દેવામાં આવી અને પંડિતના ઘરને લૂંટી લેવામાં આવ્યું. પંડિતે આનું વેર લેવા શહેર બહાર જઈ બંડ કરવા વિચાર્યું. પરંતુ મિયાં સૈયદ અચ્ચનને આ ઘટનાની જાણ થતાં એણે પંડિતની માફી માગી એને મનાવી લીધો.[૪૭]

### વાડાશિનોર-વિજય

વાડાશિનોરનો હાકેમ સરદાર મુહમ્મદખાન કાચી બુદ્ધિનો હતો. તેથી શેરખાને સરસરામને એનો કારભારી બનાવ્યો હતો. પણ સુલતાન નામના હબશીની ચઢવણીથી એણે સરસરામને કાઢી મૂકી સુલતાનને કારભારી બનાવ્યો હતો. આ કારભારી સુલતાનને વાડાશિનોર પરના આક્રમણ વખતે સદાશિવ રામચંદ્ર પોતાની સાથે ૩૦,૦૦૦ રૂપિયાના જામીન તરીકે અમદાવાદ લઈ ગયો હતો. સરદાર મુહમ્મદખાને એ રકમ ભરપાઈ કરવા કોઈ તજવીજ કરી નહિ. આથી ભગવાને એ રકમ મેળવવા માટે સુલતાનને ભારે યાતનાઓ આપવા માંડી. સુલતાનના નાયબ કારભારી મુહમ્મદ જહાં હબશીએ સરદાર મુહમ્મદખાનને ઘણો સમજાવ્યો પણ એ માન્યો નહિ. અને તેનાથી વહેમાઈ પોતે આતરસુંબા જઈ રહ્યો ને નાયબ કારભારીને કાઢવા પેતરા ગોઠવતો રહ્યો. આથી રોષે ભરાયેલા સુલતાને ભગવાન સાથે મળી જઈ વાડાશિનોર કબજે કરવા નક્કી કર્યું. ૧૫ મી સપ્ટેમ્બર, ૧૭૫૯ ના રોજ[૪૮] ભગવાને સુલતાનને સાથે રાખી વાડાશિનોર પર આક્રમણ કર્યું. મરાઠાઓ સામે ટકી નહિ શકાય એમ લાગતાં સરદાર મુહમ્મદખાન લુણાવાડા ચાલ્યો ગયો. પરિણામે વગર વિરોધે વાડાશિનોર પર મરાઠાઓનો કબજો થઈ ગયો (તા. ૨૦ મી સપ્ટેમ્બર, ૧૭૫૯).

સુલતાન સાથેના કરાર મુજબ મરાઠાઓએ તેને વાડાશિનોર અપાવવા માટે ૩૦,૦૦૦ રૂપિયા આપ્યા અને જૂનો દસ્તાવેજ રદ કરી એને જામીનગીરીમાંથી છૂટો કરવામાં આવ્યો. વળી પોશાક આપી એનું બહુમાન પણ કરવામાં આવ્યું. તેને, મહમ્મદ જહાંને તથા અન્ય સિપાઈઓને ત્યાં નોકરીમાં રાખી લેવાયા. કિલ્લા તથા રાજગઢમાંથી તોપો, દારૂગોળો વગેરે અનેક ચીજવસ્તુઓ હાથ લાગી તે જપ્ત કરવામાં આવી. ત્યાંથી ભગવાન એ પરગણાનો બંદોબસ્ત કરવા થોડા દિવસ વીરપુર રોકાયો. સરસરામ લુણાવાડાથી એક હાથી, સાત ઘોડા અને નગદ નાણું લઈ વીરપુર આવી પહોંચ્યો. આથી દીપસિંગના જામીનને છૂટો કરવામાં આવ્યો. ત્યાર બાદ વાડાશિનોરનો વહીવટ પોતાના પુત્ર કાળુને સોંપીને ભગવાન ખેડા થઈ સોરઠ તરફ પેશકશ ઉઘરાવવા રવાના થયો. આ વખતે લુણાવાડાથી પ્રાપ્ત થયેલ હાથી અને ઘોડા અમદાવાદ સંતોજી પાસે મોકલી આપવામાં આવ્યા.[૪૯]

**અમદાવાદના બનાવો**

સદાશિવ રામચંદ્રના અમદાવાદ પરના આક્રમણ વખતે થયેલા રમખાણ વખતે સારંગપુરના રણછોડજી મંદિરની મુખ્ય મૂર્તિને બચાવવા બ્રાહ્મણ અન્યત્ર લઈ ગયા હતા. સંતોજીએ એ જ વિસ્તારમાં એક મકાન ખરીદી એમાં એ મૂર્તિને આણી પ્રતિષ્ઠિત કરી.[૫૦]

આ અરસામાં સયાજીરાવના હિસ્સા (જમાલપુર)ના વિસ્તારમાં બજારમાં દારૂના વેપારીઓએ જાહેર રીતે દારૂનાં પીઠાં ખોલ્યાં હતાં. આથી બીજાઓને બોધપાઠ મળે એ માટે સંતોજીએ એ પૈકીના ત્રણ વેપારીઓને પકડી તોપના મોંએ બાંધી ઉડાડી દીધા. આથી ધડો લઈ અન્ય વેપારીઓએ જાહેર પીઠાં તુરત બંધ કરી દીધાં.[૫૦અ]

ગાયકવાડના હિસ્સાનો વહીવટ નાયબ પદે રહીને સેવકરામ કરતો હતો. તેને ખસેડીને દમાજીએ એના સ્થાને ત્ર્યંબક મુકુંદને મૂકયો. ત્ર્યંબક મુકુંદવતી મહીપતરાવે નડિયાદથી આવીને પોતાની કામગીરી સંભાળી લીધી.[૫૧]

**પેશકશની વસૂલાત**

ભગવાન સોરઠમાંથી પેશવાના હિસ્સાની પેશકશ ઉઘરાવી પાછો વળ્યો. ભગવાને વાડાશિનોર લીધાની સદાશિવ રામચંદ્ર મારફતે પેશવાને જાણ થતાં પેશવાએ ખુશ થઈ લુણાવાડાથી પ્રાપ્ત કરેલ હાથી, અને વાડાશિનોરની

સનદ ભગવાનને આપવવાનો આદેશ મોકલ્યો. સંતાજીએ એ આદેશ અનુસાર હાથી ભગવાનને સોંપી દીધો.

આ વખતે સયાજીરાવ પેશકશ ઉઘરાવવા ધોળકા તરફ રવાના થયો (તા. ૨૪, જાન્યુ. ૧૭૬૦).[૫૨] દમાજીરાવે મોકલેલ પેશકાર હરબારામ પણ એની સાથે જોડાયો.[૫૩]

### મોમિનખાને લીધેલી પેશવાની મુલાકાત

પુણે ગયેલા મોમિનખાનનું પેશવા બાલાજી બાજીરાવે ઉમળકાભેર સ્વાગત કર્યું. એને ઉમદા ઉતારો આપ્યો. પેશવા પોતાના ઉચ્ચ સરદારોને લઈને મોમિનખાનને ઉતારે મળવા ગયો. મોમિનખાને પણ તેઓનું સ્વાગત કરી કીમતી કાપડ, રત્નજડિત આભૂષણો, ઘોડા વગેરેની ભેટોની પેશવા, રઘુનાથરાવ, સદાશિવ રાવ સમશેર બહાદુર અને વિશ્વાસરાવને નવાજેશ કરી તેઓને પ્રસન્ન કર્યા. એ બે માસ રોકાઈ જળમાર્ગે મુંબઈ થઈ સુરત આવી પહોંચ્યો (૧૩ મી જાન્યુઆરી, ૧૭૬૦).[૫૪] ત્યાંથી એ સ્થળમાર્ગે ખંભાત પહોંચ્યો.[૫૫]

### ગાયકવાડી મુલકગીરી

ગાયકવાડનો શહેર નાયબ ત્ર્યંબક મુકુંદ નિમાયો હતો. એ અમદાવાદ આવી પહોંચ્યો (તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૬૦)[૫૬] અને પોતાની વહીવટી કામગીરી બજાવવા લાગ્યો. ગાયકવાડના હિસ્સે આવેલા કડી તથા અન્ય મહાલોની જમાબંદી કરવા અને મહેસૂલ વસૂલ કરવા ખંડેરાવ ફરતો હતો. ત્યાંથી એ સરખેજ થઈ ધોળકા ગયો. ત્યાંથી બહિયલ (તા. દહેગામ) તાબાના દહેગામના કોળીઓએ બંડ કર્યું હોવાથી એ ત્યાં ગયો. ગાયકવાડના હિસ્સાની પેશકશ ઉઘરાવવા સોરઠ ગયેલો સયાજીરાવ ત્યાંનું કામ પતાવી ગોહિલવાડ ગયો. ત્યાં તળાજાને ઘેરી એના ઠાકોર પાસે દંડ પેટે એક લાખ રૂપિયા લેવાનું નક્કી કરી એ માટે સદ્ધર જામીન લીધો. આ વખતે એની તબિયત લથડતાં એ અમદાવાદ આવ્યો. તેથી બાકીની જમાબંદી કરવાનું અને પેશકશ ઉઘરાવવાનું કામ કરવા પેશકાર હરબારામ લશ્કર લઈ રવાના થયો.[૫૭]

### વાડાશિનોર મુક્ત કરાવવાનું નિષ્ફળ કાવતરું

વાડાશિનોરમાં મરાઠાઓની નોકરી બજાવતા સુલતાન હબશી તથા મુહમ્મદ જહાંને તેઓએ પોતાના માલિકને કરેલા દગાથી લોકો ધિક્કારતા હતા. વળી કિલ્લો અપાવવા માટે તેઓને મરાઠાઓ પાસેથી મળેલા ત્રીસ હજારમાંથી શરતો નક્કી

કરાવવા માટે વચ્ચે રહેલા દલાલોએ ઠીક ઠીક રકમ હકસાઈ (દલાલી) પેટે પડાવી લીધી હતી. આથી એમને ખાસ કંઈ મળ્યું પણ નહોતું. વાડાશિનોરનો મરાઠા હાકેમ કાળુ તેમને ખાસ ગણતો પણ નહોતો. આવી સ્થિતિમાં તેઓએ શેરખાન બાબીનું પોતાના પરનું ઋણ સ્મરીને સરદાર મુહમ્મદખાનને પુનઃ વાડાશિનોર અપાવવા નક્કી કર્યું. એ વખતે સરદાર મુહમ્મદખાન જવાંમર્દખાન પાસે પાટણ હતો. સુલતાન તથા મુહમ્મદ જહાંએ પાટણ પત્ર લખી પોતાના માલિકની માફી માગતો અને સરદારને પુનઃ વાડાશિનોર લેવા લોભાવતો પત્ર લખ્યો. સરદાર મુહમ્મદ તથા જવાંમર્દખાને એમને ધન્યવાદ આપતો પ્રત્યુત્તર પાઠવ્યો પણ આ પ્રત્યુત્તરનો કાગળ ભગવાનના પુત્ર કાળુના હાથમાં આવી જતાં એણે સુલતાન તથા મુહમ્મદ જહાંને તેમનાં કુટુંબીઓ તથા સંબંધીઓ સહિત પકડી લીધા ને તેઓની તમામ માલમિલકત જપ્ત કરી લીધી. આ અંગેની કાળુએ ભગવાનને ખબર કરી. એવામાં સૂબા સદાશિવ રામચંદ્ર તરફથી પેટલાદ પરગણાની મોકૂફ રહેલી જમાબંદી અને વહીવટી વ્યવસ્થા કરવાનો આદેશ આવતાં ભગવાન પેટલાદ ગયો અને ત્યાં કામ આટોપી એ વાડાશિનોર પહોંચ્યો. એણે માર્ગમાં મહીકાંઠા પરનાં કેટલાંક ગામડાં લૂટયાં.[૫૮]

**જનોઈ વેરો અને અન્ય અન્યાયી વેરા**

નાયબ સંતોજીના નાના ભાઈ રાઘુના દીકરાને જનોઈ આપવા માટે એની દાદી (સંતોજીની મા) અમદાવાદ લઈ આવી. આ પ્રસંગે એક કારભારીની સલાહથી નજરાણા( ચાંલ્લા ) તરીકે મોટી રકમ લોકો પાસેથી કઢાવવાનું સંતોજીએ નક્કી કર્યું. વસૂલ લેવાની એ રકમ સિપાઈઓ, જુદીજુદી વેપારી કોમો અને કારીગરોને ભાગે ફાળવી દઈ એમની પાસેથી એ રકમ વસૂલ લેવામાં આવી. વસુલાત કરવા માટે અલગ માણસો પણ નીમવામાં આવેલા. લોકોમાં આ વેરો "જનોઈ–વેરા"ને નામે ઓળખાયો.[૫૯]

અગાઉ કેટલીક કોમોમાં પુનર્લગ્ન (નાતરાં) થતાં ત્યારે એવા વખતે કોટવાલને વેરો આપવો પડતો. ઔરંગઝેબે આ વેરો રદ કરાવ્યો હતો. સંતોજીએ એ પુનઃ ચાલુ કર્યો ને દરેક પુનર્લગ્ન માટે સવા રૂપિયાનો કર ઠરાવવામાં આવ્યો. કોટવાલને ચબુતરે એ કર આપવાથી જ બીજો પતિ કરવાની છૂટ મળી શકતી. વળી લગ્ન માટે કોઈ જાન શહેર બહાર (કોઈ ગામ કે કસ્બામાં) જાય તો તેની પાસેથી ચાર રૂપિયા અને લગ્ન માટે શહેરમાં આવતી બહારની જાન પાસેથી શ્રીફળની કિંમતના ગણી દસ આના વેરા તરીકે વસૂલ લેવાતા. પ્રજામાં આ વેરાઓ દાખલ કરવાથી ભારે અસંતોષ ફેલાયો.[૬૦]

**અન્ય ઘટનાઓ**

બહિયલ પરગણાના બંડખોર કોળીઓને જેર કરવા ગયેલો ખંડેરાવ કમોસમને લઈને નિષ્ફળ નીવડતાં નડિયાદ પાછો ફર્યો. ખંડેરાવની નિષ્ફળતાથી વકરેલા કોળીઓએ વટેમાર્ગુઓને અને મુસાફરોને લૂંટી લેવામાં કોઈ કસર રાખી નહિ.

વાડાશિનોરની વ્યવસ્થા કરી સુલતાન તથા મુહમ્મદ જહાંને કેદ પકડી ભગવાન તેઓને પોતાની સાથે અમદાવાદ લઈ આવ્યો (તા. ૪–૬–૧૭૬૦).[૬૧] આ જ દિવસે પેશવા બાલાજી બાજીરાવે ગુજરાતના સૂબેદારપદે સદાશિવ રામચંદ્રના સ્થાને આપા ગણેશને નીમ્યો.[૬૨]

## સૂબેદાર આપાજી ગણેશ (૧૭૬૦ થી લગ. ૧૭૭૦)

આપાજી ગણેશ એ વખતે જંબુસર અને મકબૂલાબાદ(આમોદ) પરગણાંનો પેશવાઈ મક્કાસદાર હતો ને એ વખતે પુણે હતો. આથી એણે પોતાના નાયબ તરીકે બાપુ નારાયણને નીમી અમદાવાદ રવાના કર્યો.

**પેશવા અને ગાયકવાડના પ્રતિનિધિઓ વચ્ચે અથડામણ**

દરમ્યાનમાં અમદાવાદમાં ગાયકવાડના નાયબ ત્ર્યંબક મુકુંદ અને સંતોજી વચ્ચે અથડામણ થઈ. અમદાવાદની ઊપજમાં પેશવા અને ગાયકવાડ બંનેનો હિસ્સો સરખે ભાગે હતો, પણ કેટલાક વખતથી પેશવાના નાયબ તરફથી કરાર મુજબનો અડધો હિસ્સો મળતો નહોતો. આથી ત્ર્યંબક મુકુંદે ખર્ચ પેટે ગાયકવાડે પેશવાના આપવાના થતા ૬,૦૦૦ રૂપિયા આપવામાં ઇરાદાપૂર્વક વિલંબ કરવા માંડયો. આથી બંને નાયબ વચ્ચે સંઘર્ષ જાગ્યો. ભગવાનની સરદારી નીચે સંતોજીએ ત્ર્યંબકના ઘર પર સૈનિકોની ટુકડી મોકલી. બંને પક્ષે નાની લડાઈ થઈ, જેમાં તોપ અને બંદૂકનો પ્રયોગ પણ થયો. પરંતુ બંને પક્ષોના હિતેચ્છુઓએ વચ્ચે પડી લડાઈ અટકાવી ને સમાધાન કરાવ્યું (તા. ૫–૯–૧૭૬૦).[૬૩]

**સંતોજીની વિદાય**

બાપુ નારાયણ તા. ૨૩–૯–૧૭૬૦ના[૬૪] રોજ અમદાવાદ આવી પહોંચ્યો ને એણે સંતોજી પાસેથી શહેરનો કબજો માગ્યો. એ માટે પોતાના અધિકાર-પત્ર પણ રજૂ કર્યો.[૬૫] પણ મહાલોની ઊપજ અને સિપાઈઓના પગારની બાબતમાં મતભેદ પડતાં સંતોજીએ કેવળ હવેલી પરગણાનો હવાલો બાપુ નારાયણને સોંપ્યો.

થોડા દિવસ બાદ સૈનિકોએ પોતાના પગારોની વસૂલાત લેવા માટે ભદ્ર પર આક્રમણ કરી સંતોજીને ઘેરી લીધો. સંતોજીએ આવી સ્થિતિમાં બાપુ નારાયણને બોલાવી શહેરનો કબજો સોંપી દીધો. ત્યાર બાદ એ પુણે જવા રવાના થયો. એ એની સાથે વાડાશિનોરના સુલતાન હબશી અને મુહમ્મદ જહાંને સાંકળે બાંધી સાથે લઈ જઈ રહ્યો હતો, તેમને અરબ જમાદાર અબ્દુલ્લા ઝુબેદીએ છોડાવ્યા.[૬૬]

આપા ગણેશે અમદાવાદ આવતાં માર્ગમાં ખંભાત રાજ્યના ચોરાશી પરગણામાં આવેલા ઉમેટાના ઠાકોરને પરાજિત કરી તેની પાસેથી ૧૧,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલ્યો. ત્યાંથી જંબુસર પાસે આવેલ દેહવાનના બંડખોર કોળીઓને જેર કરવા ગયો. ત્યાંથી ખંભાત જઈ નવાબ મોમિનખાનને મળી પેશવાના હિસ્સાના ૮૪,૦૦૦ રૂપિયા નવાબ પોતે હપ્તેથી ચૂકવી આપશે એવી એની પાસેથી કબૂલાત લીધી. ખંભાતથી આપા ગણેશ ઠાસરા પરગણામાં આવેલા ડાકોરના સુપ્રસિદ્ધ મંદિરના દર્શને ગયો. તે ૧૧ મી જાન્યુઆરી, ૧૭૬૧ ના રોજ પાટનગર અમદાવાદ પહોંચ્યો[૬૭] ત્યાં બંદોબસ્ત ગોઠવી એ તરત પેશકશ ઉઘરાવવા નીકળી પડ્યો.[૬૮]

## પાણીપતમાં મરાઠાઓની હાર ને ગુજરાતમાં બળવાની તૈયારી

આ વખતે પાણીપતના મેદાનમાં મરાઠા સરદારો અને અફઘાન સુલતાન અહમદશાહ અબ્દાલી વચ્ચે જંગ ખેલાતો હતો. ગુજરાતના મરાઠા સરદારો પણ એમાં ભાગ લેવા ગયા હતા. પાણીપતના યુદ્ધમાં મરાઠાઓની હાર થતાં તેમણે પંજાબ પ્રદેશ ગુમાવ્યો તેની સાથે તેમની ધાક અને હાક પણ ઘટી ગઈ. આવી સ્થિતિમાં મુસ્લીઓએ ગુજરાત અને માળવા જેવા પોતાના પ્રદેશો પુનઃ પ્રાપ્ત કરી લેવા પેરવી કરવા માંડી. આના સંદર્ભમાં ૧૪ મી ફેબ્રુઆરી, ૧૭૬૧ ના રોજ લખાયેલું 'અને શુજાઉદ્દૌલાની મહોર ધરાવતું' તેમ મોમિનખાનને સંબોધેલું ફરમાન ખંભાત આવી પહોંચ્યું. આ ફરમાન દ્વારા મરાઠાઓના કારમા પરાજયના અને તેઓ મેદાન છોડીને નાસી ગયા હોવાના સમાચાર મોમિનખાનને મળ્યા. મોમિનખાનને ગુજરાતના સૂબામાંથી મરાઠાઓને હાંકી કાઢવાનો આદેશ અપાયો. વળી દિલ્હીથી પાટણના જવાંમર્દખાન પર અને ભરૂચના નેકનામખાન પર પત્રો પાઠવી તેઓએ મોમિનખાનને સહાય કરવી એવો હુકમ થયો. મોમિનખાને અમદાવાદ પર ચડાઈ કરવા તુરત રોહિલાઓ, અરબો અને ભારતીયોનું બનેલું ૭ હજારનું લશ્કર સંગઠિત કરી લીધું. મુહમ્મદ લાલ અને જમાદાર સલીમ પણ હવે તેની સાથે જોડાઈ ગયા. મોમિનખાન અમદાવાદ

પહોંચતાં પોતે તુરત જ એની સાથે જોડાઈ જશે એવો જવાંમર્દખાને મોમિન-ખાન પર સંદેશો પાઠવ્યો. નેકનામખાને પણ લશ્કરી તૈયારીઓ કરવા માંડી. બીજી બાજુ મોમિનખાન મુઘલ બાદશાહનું શાહી લશ્કર ગુજરાતમાંથી મરાઠા-ઓને હાંકી કાઢવા છેક માળવામાં આવી પહોંચ્યું છે એવા સમાચાર સાંભળવા રોજ ઉત્સુક હતો.[૬૯]

## સૂબેદારનાં ઝડપી વળતાં પગલાં

મરાઠાઓ વિરુદ્ધના બળવાની આ તૈયારીના સમાચાર વાયુવેગે સમગ્ર ગુજરાતમાં પ્રસરી ગયા. અમદાવાદના લોકો મોમિનખાનના અમલના છેલ્લા સમય ( ઈ. સ. ૧૭૫૬–૫૭ ) દરમ્યાન પડેલી હાલાકીને યાદ કરીને ભયભીત બની ગયા. આ સમાચાર સૌરાષ્ટ્રની પેશકશ ઉઘરાવવામાં પરોવાયેલા સૂબેદાર આપાજી ગણેશને મળતાં એ તાબડતોબ પોતાની ટુકડી સાથે ખંભાત તરફ ધસી ગયો. ખંભાતથી સાત–આઠ કોશ દૂર પડાવ નાખી એણે બળવાની પ્રવૃત્તિઓનાં કારણ જાણવા મોમિનખાન પાસે એક બ્રાહ્મણને મોકલ્યો. મોમિનખાને જણાવ્યું કે હું મરાઠા સેનાપતિ ભગવાનને ઓળખું છું, તેને મોકલો તો હું કારણો જણાવું અને ભગવાનને મોકલવામાં આવતાં મોમિનખાને એને દિલ્હીથી આવેલું ફરમાન બતાવ્યું. એણે મરાઠાઓ સાથેની દોસ્તીના દાવે સૂચવ્યું કે શાહી લશ્કર આ સૂબામાં આવી પહોંચે એ પહેલાં અમદાવાદ સોંપી મરાઠા-ઓએ દક્ષિણમાં ચાલ્યા જવું હિતાવહ છે, કારણ કે ફોજ આવી પહોંચ્યા પછી નદી પાર ઊતરવાના માર્ગ કે ઘાટ બંધ થઈ જશે તો પછી મારા અખત્યારની વાત રહેશે નહિ. પણ આપાજી ગણેશ ડર્યો નહિ ને એણે બળવાને કચડી નાખવા નિર્ધાર્યું. એણે પેટલાદમાં છાવણી નાખી ખંભાત તાબાનાં ગામડાં લૂંટી લેવા લશ્કરને આદેશ આપ્યો. ત્યાં ભગવાન અને વિઠ્ઠલરાવને ટુકડીની સરદારી સોંપી એ અમદાવાદ ગયો.[૭૦]

આપાજી ગણેશે અમદાવાદથી કેટલીક ટુકડીઓ વિઠ્ઠલરાવ અને ભગવાનની સહાયમાં મોકલી આપી, જવાંમર્દખાન બાબીને પોતાની મદદે બોલાવવા રઘુ-શંકર નામના માણસને રવાના કર્યો.

આપા ગણેશની સોરઠની મુલકગીરી સવારી દરમ્યાન ગુમાવેલું પોતાનું લુણાવાડાનું રાજ્ય સરદાર મુહમ્મદખાને કોળીઓની મદદથી પાછું હસ્તગત કરી લીધું હતું,[૭૧] આથી સરસરામને લુણાવાડે મોકલી કોઈ પણ રીતે સરદાર

મુહમ્મદખાન સાથે સમાધાન થાય અને મરાઠાના પેશકશના હક્ક એ સ્વીકારે એ માટે આપાજી પ્રયત્ન કરવા લાગ્યો.[૭૨]

એવામાં તા. ૫–૪–૧૭૬૧ ના રોજ[૭૩] સુલતાન અહમદશાહ અબ્દાલીના ભારતમાંથી પાછા ફર્યાના અને દમાજી ગાયકવાડ ગ્વાલિયરને રસ્તે પોતાની સેના સાથે પાછો આવી રહ્યો હોવાના સમાચાર ફેલાતાં મરાઠા ઉત્સાહમાં આવી ગયા. દમાજી ગાયકવાડ, ખંડેરાવ અને સયાજીરાવ ત્રણેય આવી આપાજી ગણેશને મળ્યા. તેઓએ સાથે મળી એક સંગઠિત સેના તૈયાર કરી. મોમિનખાનને દમાજી ગાયકવાડ આવવાના સમાચાર મળતાં એણે તાબડતોબ અમદાવાદ એક ગુપ્ત કાસદ મોકલી પેશવાની સત્તાને ગુજરાતમાંથી નાબૂદ કરવાની બાબતમાં એનું મન જાણવા પ્રયત્ન કર્યો. પેશવા બાલાજીરાવે ગુજરાતનો સૂબો જીતી લઈ હસ્તગત કર્યો હતો તે દમાજીરાવને ખૂંચતું હતું એમ છતાં આ વખતે એણે પેશવા સાથે રહેવામાં જ પોતાનું શ્રેય માન્યું. પોતાની વફાદારીની બાબતમાં સૂબેદારને કોઈ વહેમ ન આવે એ માટે દમાજીરાવે પોતાના પુત્ર ગોવિંદરાવને સત્વર ટુકડી આપી વિઠ્ઠલરાવ પાસે રવાના કર્યો. પેટલાદની મરાઠા છાવણીએ તારાપુર વગેરે ગામો લૂંટીને તેમ ખંભાતની અરબ રોહિલા વગેરે ટુકડીઓને હરાવીને મોમિનખાનને ભારે મૂંઝવણમાં મૂકી દીધો. એવામાં મોમિનખાને દમાજીરાવ પાસે મોકલેલો કાસદ પાછો આવી પહોંચ્યો. દમાજીરાવ પાસેથી કોઈ પ્રોત્સાહક પ્રત્યુત્તર નહિ મળતાં એ ઠંડો થઈ ગયો. એણે મરાઠાઓ સાથે સંધિ કરી અને તદનુસાર પોતાના રાજ્યમાં મરાઠા મક્કાસદારોને પુનઃ નોકરી પર લઈ લેવાની અને કરાર પ્રમાણેની પાછલી સાલની ચડત રકમ ભરપાઈ કરી આપવાની ખાતરી આપી. એણે અનેક લોકોને લશ્કરમાં ભરતી કરેલા તેમને ચડત પગાર ચૂકવવાના હતા. એ માટે એણે 'ઘર ગણતરી'નો ઘર દીઠ વેરો વસૂલ લીધો અને એમાંથી એ પગારો ચૂકવી ઘણાને નોકરીમાંથી છૂટા કર્યા.[૭૪]

આપાજી ગણેશ વડોદરે જઈ (તા. ૧–૬–૧૭૬૧)[૭૫] દમાજીરાવને મળી ખેડા ગયો ત્યારે સરસરામ વાડાશિનોરથી સરદાર મુહમ્મદખાનને લઈ આવ્યો હોવાથી ત્યાં એમની મુલાકાત થઈ. મુલાકાતને અંતે એમ ઠર્યું કે મુહમ્મદખાને અમદાવાદ જવું અને પોતાની સાથે મરાઠાઓની અડધી રકમ ઉઘરાવવા મક્કાસદારને લઈ જવો. આ વખતે વિઠ્ઠલરાવ અને ભગવાન પેટલાદથી છાવણી ઉઠાવી મહેમદાવાદ પહોંચ્યા; અને ગાયકવાડનો નાયબ ત્ર્યંબક મુકુંદ વડોદરા દમાજીરાવને મળવા પહોંચી ગયો. ગાયકવાડનો પેશકાર હરબારામ સોરઠની ગાયકવાડી હિસ્સાની પેશકશ ઉઘરાવી વડોદરા રવાના થયો.[૭૬]

પાણીપતના મેદાનમાં મરાઠાઓના કારમા પરાજયથી આઘાત પામેલા પેશવા બાલાજીરાવનું તા. ૧૨-૬-૧૭૬૧ ના રોજ અવસાન થતાં[૭૭] એના પછી એનો પુત્ર માધવરાવ ૧ લો પેશવા બન્યો.

## પાદટીપ

૧. A. K. Forbes, *Ras-mala*, p. 569

૨. મગનલાલ વખતચંદ, 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૩૮
આ કરારની વિગતો માટે જુઓ Commissariat, *A History of Gujarat*, Vol. II, p. 544.

૩. હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', પૃ. ૪૫

૪. ૧૮, બીજો જમાદી માસ, હિ. સ. ૧૧૭૧

૫. મોમિનખાન સાથે જે કેટલાક અમલદાર પોતાના કુટુંબકબીલા સાથે કાયમ માટે શહેર છોડી ચાલી નીકળ્યા તે પૈકી સલીમ જમાદાર મુખ્ય હતો.

૬. ૩, રજબ ઉલ્ મુરજ્જબ માસ, હિ. સ. ૧૧૭૧

૬અ. *Gazetteer of the Bombay Presidency (GBP)*, Vol. I, pt.I, p. 342

૭. 'મિરાતે અહમદી', વૉ. ૨ (ગુ. અનુ. કૃ મો. ઝવેરી), (મિઅ), ખંડ ૪, પૃ. ૬૫૩-૫૬

૮. મરાઠાઓએ ૧૭૫૬ માં અમદાવાદ ગુમાવ્યું તે પછી મોમિનખાન પાસેથી એ પાછું મેળવવા પેશવા તરફથી સદાશિવ દામોદર સેના સાથે ગુજરાતમાં આવ્યો હતો ને એ સદાશિવ રામચંદ્ર અને દમાજી ગાયકવાડની મદદમાં જોડાયો હતો.

૯. શંભુરામ નાગર બ્રાહ્મણ હતો. એણે મોમિનખાનને અમદાવાદ લેવામાં સહાય કરી હતી, આથી મોમિનખાને એને પોતાનો નાયબ બનાવ્યો હતો (૧૭૫૬).
મરાઠાઓએ અમદાવાદ પુનઃ પ્રાપ્ત કરવા શહેરને ઘેરો ઘાલ્યો ત્યારે શંભુરામે શહેરનો જબ્બર બચાવ કર્યો હતો, એટલું જ નહિ, પણ એક વાર શહેરના કોટની બહાર નીકળી સદાશિવ રામચંદ્રની છાવણી પર ઓચિંતો છાપો મારી આખી છાવણી લૂંટી લીધેલી, આથી મરાઠાઓ એના પર ખૂબ રોષે ભરાયા હતા.
ગો. હા. દેસાઈ, 'ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ', પૃ. ૧૯૨-૯૬

૧૦. મિઅ, ખંડ ૪, પૃ. ૬૫૬-૫૭　　૪૦અ. *BGP*, Vol. I, pt. I, p. 342

૧૧. મિઅ, ખં. ૪, પૃ, ૬૬૦; M. S, Commissariat, *op. cit.*, Vol. II, p. 545;
वि. गो. खोबरेकर, 'गुजरातेंतील मराठी राजवट', पृ. ७६

૧૨. ૮, સવ્વલ માસ, હિ. સ. ૧૧૭૧

૧૩. મિઅ, ખં. ૪, પૃ. ૬૬૮; H. W. Bell, *The History of Kathiawad*, p. 132

૧૪. એ ખંભાતનો નામાંકિત શ્રીમંત વેપારી હતો. મોમિનખાન એની પાસેથી વારંવાર મોટી રકમો વગર વ્યાજે કરજે લેતો. જુઓ મિઅ, ખં. ૪. પૃ. ૬૬૧.

૧૫. એજન, પૃ, ૬૬૧-૬૯; Commissariat, *op. cit.*, Vol. II, pp. 546 f.

૧૬. મિઅ, ખં. ૪, પૃ ૬૬૯; *GBP*, Vol. I, pt. I, p. 342;
लोबरेकर, उपर्युक्त, पृ. ७६
૧૭. ૨૬, ઝિલ્હજ્જ, હિ. સ. ૧૧૭૧
૧૮. મિઅ, ખં. ૪, પૃ. ૬૭૦; *BGP*, Vol. I, pt. I, p. 342
૧૯. ૧૮, મહોરમ, હિ. સ. ૧૧૭૨ ૨૦. ૨૫, મહોરમ, હિ. સ. ૧૧૭૨
૨૧. મિઅ, ખં. ૪, પૃ. ૬૭૧
૨૨. ૨૩, મહોરમ, હિ. સ. ૧૧૭૨

કૉમિસરિયેતે આ મિતિ બરાબર ૨૮ મી સપ્ટેંબર બતાવી છે (*op. cit.*, Vol. II, p. 547), પણ એ દિવસે સપ્ટેંબરની ૨૬ મી તારીખ હતી.

૨૩. શ્રી ગ્રોબરેકરે પોતાના પુસ્તક गुजरातेंतील मराठी राजवट ના પૃ. ૭૬ ઉપર ખંભાતનો બનાવ ઈ. સ. ૧૭૫૮ માં બન્યો હોવાનું ને એ જ ગ્રંથના પૃ. ૫૪ ઉપર પછીના વર્ષે (એટલે કે ઈ. સ. ૧૭૫૯ માં) બન્યો હોવાનું જણાવ્યું છે, પણ હકીકતે આ ઘટના બની ત્યારે હિજરીનું વર્ષ ૧૧૭૨ થોડા દિવસ પહેલાં જ બેઠું હતું, જ્યારે ઈસવીસનનું વર્ષ તો ૧૭૫૮ પ્રવર્તમાન જ હતું.

૨૪. વાડાશિનોર પરગણું મુઘલ બાદશાહ ઔરંગઝેબના વખતમાં ત્યાંના ફોજદાર સલાબત મુહમ્મદખાન બાબીને (એના વતન તરીકે) જાગીરમાં મળ્યું હતું. દિલ્હીના માર્ગ પર આવેલું હોવાથી એનું વિશિષ્ટ મહત્ત્વ હતું. કોળી લોકોનાં વખતોવખત થતાં બંડોને દાબવા સલાબતખાને ત્યાં મજબૂત ગઢ બાંધ્યો હતો. વાડાશિનોર ઉપરાંત વીરપુર પરગણું પણ એને આપવામાં આવ્યું હતું. એના અવસાને એનો પુત્ર શેરખાન બાબી આ પ્રદેશનો જાગીરદાર બન્યો હતો. એ ઝાઝો વખત ઘોઘા અને જૂનાગઢ રહેતો હોવાથી આ વિસ્તારનો વહીવટ એ પોતાના નાયબ મારફતે ચલાવતો હતો (Commissariat, *op. cit.*, Vol. II, p. 550).

૨૫-૨૬. મિઅ, ખં. ૪, પૃ. ૬૭૨-૭૩; Commissariat, *op. cit.*, Vol. II, p. 548
૨૭. એ જવાંમર્દખાનનો ભાઈ હતો ને એને જવાંમર્દખાને વીસલનગરની જાગીર આપી હતી. ૨૮. મિઅ, ખં. ૪, પૃ ૬૭૨-૭૩
૨૯. એદલજી બરજોરજી પટેલ, 'સુરતની તવારીખ' પૃ. ૭૫; અચ્ચનની સત્તા-પ્રાપ્તિ અંગેની વિગતો માટે, જુઓ મિઅ, ખં. ૪, પૃ. ૬૭૫-૭૯.
૩૦. ૫, પહેલો જમાદી માસ, હિ. સ. ૧૧૭૨
૩૧. મિઅ, ખં. ૪, પૃ. ૬૭૪; તાલેમહંમદખાન, 'પાલણપુર રાજ્યનો ઇતિહાસ', ભા, ૧, પૃ. ૨૦૭; Commissariat, *op. cit*, Vol. II, p. 548
૩૨. ૯, બીજો જમાદી માસ, હિ. સ. ૧૧૭૨
૩૩-૩૪. મિઅ, ખં. ૪, પૃ. ૬૭૫
૩૫. *GBP*, Vol. I, pt. I. p. 343; ગો. હા. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૯૯-૨૦૦. વિગતો માટે જુઓ મિઅ, ખં. ૪, પૃ. ૬૭૯-૮૩.
૩૬. ૪, શાબાન માસ, હિ. સ. ૧૧૭૨

આ દિવસે સદાશિવ રામચંદ્ર હળવદ ઉપર આક્રમણ કરી રહ્યો હતો. જુઓ આ પછીનો વૃત્તાંત.

૩૭. મિઅ, ખં. ૪, પૃ. ૬૮૪–૮૫; *GBP*, Vol. I, pt. I, p. 343; Commissariat, Vol. II, pp. 549 f.

૩૭અ. H. W. Bell, *op. cit.*, p. 131

૩૮. ૪, શાબાન માસ, હિ. સ, ૧૧૭૨

૩૮અ. અમદાવાદના છેવટના મુઘલ સૂબેદારોના સમયમાં થતી સતત લશ્કરી પ્રવૃત્તિઓથી વિક્ષુબ્ધ બનેલ વાતાવરણમાં કેટલાક શ્રીમંત હળવદ જઈ વસ્યા હતા, એને લઈને હળવદ સમૃદ્ધ બન્યું હતું. આ શ્રીમંતોને મરાઠાઓએ લૂંટી લીધા. Commissariat, *op. cit.*, Vol. II, p. 549

૩૯. મિઅ, પૃ. ૬૮૫–૮૭; *GBP*, Vol. I, pt. I, p, 344; C. Mayne, *History of the Dhrangadhra State*, p. 114, Commissariat, *op. cit.*, Vol. II, pp. 548 f.

૪૦. મિઅ, ખં. ૪, પૃ. ૬૮૭; *GBP*,Vol. I, pt. I, p. 344

૪૧. ૨૨, શાબાન માસ, હિ. સ. ૧૧૭૨

૪૨. મિઅ, ખં. ૪, પૃ. ૬૮૭–૮૮

૪૩. એજન, પૃ. ૬૭૨, એ દિવસે હિ. સ. ૧૧૭૨ ના મહોરમ માસની ૨૫ મી તારીખ હતી.

૪૪. એજન, પૃ. ૬૮૮. એ દિવસે હિ. સ. ૧૧૭૨ ના રમઝાન મહિનાની ૨૭ મી તારીખ હતી.

૪૫. ૮, શવ્વલ, હિ. સ. ૧૧૭૨

૪૬. સરસરામ જૂનાગઢના શેરખાન બાબી તરફથી વાડાશિનોર મુકામે નિમાયેલો ફોજદાર હતો. મિઅ, ખં. ૪, પૃ. ૬૮૮

૪૬અ. ૩, મહોરમ, હ. સ. ૧૧૭૩

૪૭. મિઅ, ખં. ૪. ૬૮૯–૯૦

૪૮. ૨૨, મહોરમ, હિ. સ. ૧૧૭૩

૪૯. મિઅ, પૃ. ૬૯૦–૯૩; Commissariat, *op. eit,*, p. 551

૫૦–૫૦અ. એજન, પૃ. ૬૯૩; *Ibid.*, p. 554

આજે પણ એ મંદિર રણછોડજીના મંદિર તરીકે પ્રખ્યાત છે.

૫૧. એજન, પૃ. ૬૯૬

૫૨. ૫, બીજો જમાદી માસ, હિ. સ. ૧૧૭૩

૫૩. મિઅ, ખં. ૪, પૃ. ૭૦૩; *GBP*, Vol. I, pt. I, p. 344

૫૪. ૨૪, પહેલો જમાદી માસ, હિ. સ. ૧૧૭૩

શ્રી ફૂ. મો. ઝવેરીએ આના બરાબર ૭મી જાન્યુઆરી, ૧૧૬૦ સૂચવી છે (મિઅ, ખં. ૪, પૃ. ૭૦૫), પણ એ દિવસે એ વર્ષના જાન્યુઆરીની ૧૩ મી તારીખ હતી.

૫૫. મિઅ, ખં. ૪, પૃ. ૭૦૫, *GBP*, Vol. I, pt. I, p. 344; Commissariat, *op. cit.*, Vol. II, p. 550

૫૬. ૩, રજબ માસ, હિ. સ. ૧૧૭૩

૫૭. મિઅ, ખં. ૪, પૃ. ૭૦૬; Commissariat, Vol. II, p. 655

૫૮. એજન, પૃ. ૭૦૬–૦૮; *Ibid.*, pp. 551 f,

૫૯–૬૦. એજન, પૃ. ૭૦૮–૦૯; *Ibid.*, pp. 555 f.

૬૧. ૧૮, શવ્વલ માસ, હિ. સ, ૧૧૭૩ ના રોજ — જુઓ એજન, પૃ. ૭૦૯.

વાડાસિનોર અપાવવા સુલતાન હબશીને ૩૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા, પણ એણે બગાવત કરી હોવાથી સંતાજીએ એ રકમ પાછી મેળવવા માટે સુલતાન અને મુહમ્મદ જહાંને કેદખાનામાં નાખી રિબાવ્યા. એજન, પૃ. ૭૧૦

૬૨. એજન, પૃ. ૭૧૧

૬૩. એજન, પૃ. ૭૧૦–૧૧

એ દિવસે હિ. સ. ૧૧૭૪ ના સફર માસની ૪થી તારીખ હતી.

૬૪. ૨૨, સફર, હિ. સ. ૧૧૭૪

૬૫. મિઅ, ખં. ૪, પૃ. ૭૧૧

૬૬. એજન, પૃ. ૭૧૨-૧૩

૬૭. ૪, બીજો જમાદી માસ. હિ. સ. ૧૧૭૪

૬૮. મિઅ, ખં. ૪, પૃ. ૭૧૪-૧૫; Commissariat, *op. cit.*, Vol. II, p. 556

૬૯. એજન, પૃ. ૭૪૨; *Ibid.*, p. 557

૭૦. એજન, પૃ. ૭૪૩-૪૪; *Ibid.*, p. 558

૭૧. મિઅ, ખં. ૪, પૃ. ૭૪૧

૭૨. એજન, પૃ. ૭૪૪

૭૩. ૧૦, રમઝાન, હિ. સ. ૧૧૭૪

૭૪. એજન, પૃ. ૭૪૪–૪૬

૭૫. ૮, ઝિલકાદ, હિ સ. ૧૧૭૪

૭૬. મિઅ, ખં. ૪, પૃ. ૭૪૬–૪૭

૭૭. એજન, પૃ. ૭૪૮; ૧૯, ઝિલકાદ, હિ. સ. ૧૧૭૪ ના રોજ.

## પ્રકરણ ૪

# પેશવાઈ અમલ (ઈ. સ. ૧૭૬૧ થી ૧૭૮૦)

### પેશવા માધવરાવ ૧ લો (ઈ. સ. ૧૭૬૧–૭૨)

આ પેશવાના અમલ દરમ્યાન સૂબેદાર અને ગાયકવાડ બંનેએ મરાઠા સત્તા ગુજરાતમાં સુદૃઢપણે સ્થાપી હોવાથી નાનાં છમકલાંઓને બાદ કરતાં રજવાડાં કે કોળીઓનાં બંડ બળવા થયાનું જણાતું નથી. પેશવા અને ગાયકવાડના હક્કહિસ્સા પૂર્વવત્ ચાલુ રહ્યા. આ કાલ દરમ્યાન ગાયકવાડનો રાજકીય પ્રભાવ પેશવાને મુકાબલે વધતો જતો જણાય છે.

### સૂબેદાર આપાજી ગણેશ (૧૭૬૭ સુધી)

પેશવા બાલાજી બાજીરાવે ગુજરાતના સૂબેદારને પદે નીમેલા આપાજી ગણેશને માધવરાવે એ હોદ્દા પર ચાલુ રાખ્યો. એ પોતાના આ હોદ્દા પર ઈ. સ. ૧૭૬૭ સુધી ચાલુ રહ્યો.[૧] એની આ સૂબેદારી દરમ્યાન અમદાવાદ ખાતે ગાયકવાડનો નાયબ ત્ર્યંબક મુકુંદ હોદ્દા પર ચાલુ રહ્યો. તેઓ પોતપોતાના વિસ્તારનો વહીવટ કરવા ઉપરાંત વેરા પણ ઉઘરાવતા. સૂબેદાર પેશવાના હિસ્સાની પેશકશ ઉઘરાવવા માટે વારંવાર મુલકગીરી સવારી કરતો. ગાયકવાડ તરફથી એનો પ્રતિનિધિ કે પેશકાર પણ મુલકગીરી સવારી કરતો. આ સિવાયની મહત્ત્વની ઘટનાઓ મુખ્યત્વે પુણેની પેશવાઈમાં ચાલતા બખેડા અને આંતર–સંઘર્ષોના ગુજરાતમાં પડતા આઘાત–પ્રત્યાઘાત અને એમાંથી સર્જાતી પરિસ્થિતિને લગતી છે.

### પુણેની ઘટનાઓ

પાણીપતની લડાઈના પરિણામસ્વરૂપે નિઝામે પણ પેશવા સામે પ્રદેશો પચાવી પાડવાની પ્રવૃત્તિ શરૂ કરી. એણે રાયચૂર–દોઆબના ફળદ્રુપ જિલ્લા જીતવાનું શરૂ કર્યું. ૧૭૬૧ માં એના તરફથી વધુ ભીંસ આવી પડતાં અને એની આગેકૂચને અટકાવવા પેશવા માધવરાવે અને રઘુનાથરાવે દમાજી ગાયકવાડ અને મલ્હારરાવ હોલ્કરને તાકીદે બોલાવ્યા. એ બે જણ મરાઠાઓમાં અનુભવી અને પ્રૌઢ નેતા તરીકે પંકાયેલા હતા અને એમના બોલને ભારે મહત્ત્વ આપવામાં આવતું. આ બે નેતાઓમાં મલ્હારરાવ આંતરિક મુશ્કેલીઓના કારણે પુણે ઘણો મોડો પહોંચી શકયો (માર્ચ ૧૭૬૨).[૧અ] બીજી બાજુ

રઘુનાથરાવે યુરોપીય તોપખાનું લશ્કરી મદદ તરીકે મેળવવા માટે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના મુંબઈના અધિકારીઓ સાથે વાટાઘાટો ચલાવી. એણે અંગ્રેજોને ગુજરાતમાં જંબુસર પરગણાની ફળદ્રુપ જમીન આપવાની તૈયારી બતાવી, પરંતુ અંગ્રેજ અધિકારીઓએ સાલસેટ, વસઈનગર, અને મુંબઈના બારામાં આવેલા નાના ટાપુઓ માટે માગણી કરી અને એમાંથી સહેજ પણ ઓછું લેવાની તૈયારી ન બતાવી. પરિણામે વાટાઘાટો તૂટી પડી.[૨]

૧૭૬૨ માં ૧૬ વર્ષના પેશવા માધવરાવના વાલી તરીકે નિમાયેલા એના કાકા રઘુનાથરાવે (રાઘોબાએ) સેનાપતિનો હોદ્દો જાધવ કુટુંબના રામચંદ્રને આપ્યો. સેનાપતિના હોદ્દામાં વ્યક્તિનો ફેરફાર થયો, પણ ગુજરાતના તંત્રમાં કોઈ ફેરફાર થયા નહિ. જોકે પેશવા માધવરાવે એક સનદ દ્વારા દમાજીરાવને પાટણ બિજાપુર સમી મુંજપુર વડનગર વિસનગર સિદ્ધપુર ખેરાળુ અને રાધનપુર મરાઠી ફોજના સરંજામ અને ખર્ચ માટે આપ્યાં (માર્ચ ૨૧, ૧૭૬૩).[૩]

ટૂંક સમયમાં મહત્ત્વાકાંક્ષી અને સત્તાલોભી રઘુનાથરાવે પેશવા માધવરાવ વિરુદ્ધ ખટપટો શરૂ કરી. કાકા–ભત્રીજા વચ્ચે મતભેદો વધતાં છેવટે રઘુનાથરાવે પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું ને પોતાની પ્રવૃત્તિઓ અલગ રીતે શરૂ કરી. એણે પોતાના માટે દસ લાખ રૂપિયાની કિંમતની સ્વતંત્ર જાગીર અને પાંચ મહત્ત્વના કિલ્લા માગ્યા, પરંતુ એનો અસ્વીકાર થતાં એણે ગુપ્ત પ્રવૃત્તિઓ શરૂ કરી, જેમાં એણે જાનોજી ભોંસલે અને નિઝામઅલીનો ટેકો મેળવ્યો.[૪] આમ બે પક્ષો એકબીજા સામે તૈયાર થયા. દમાજીરાવે રઘુનાથરાવના પક્ષે જોડાવાનું પસંદ કર્યું. માધવરાવ પેશવા અને રઘુનાથરાવ વચ્ચે છેવટે તાંદુલજા અથવા રાક્ષસભુવન મુકામે લડાઈ થઈ (ઑગસ્ટ ૧૦, ૧૭૬૩), જેમાં પેશવાનો જ્વલંત વિજય થયો. દમાજીરાવે રઘુનાથરાવને આ લડાઈમાં ભારે મદદ કરી હતી, આથી પેશવા એના પર નારાજ થયો.

**સૂબેદાર ગોપાળરાવ** (લગ. ઈ.સ. ૧૭૬૭-૭૦)

પેશવા તરફથી ગુજરાતમાં નિમાતા સૂબેદાર તરીકે ૧૭૬૭ માં ગોપાળરાવને અમદાવાદ મોકલવામાં આવ્યો, જેણે ૧૭૭૦ સુધી એ પદ પર રહી કામગીરી કરી.[૫] એણે અમદાવાદમાં સરસપુર પાસે ગોપાળવાડી કરાવેલી.

પેશવા માધવરાવ અને રઘુનાથરાવ વચ્ચે અણબનાવ ચાલુ રહ્યો. રઘુનાથરાવે પોતાની ખટપટી પ્રવૃત્તિઓ ચાલુ રાખી. નિઝામઅલી, હૈદરઅલી, દમાજીરાવ ગાયકવાડ, જાનોજી ભોંસલે અને બીજાઓ સાથે વાટાઘાટો ચલાવી

પોતાનો પક્ષ ઊભો કર્યો. એને અંગ્રેજોની મદદની પણ ખાતરી મળી. એની નાસિક મુકામેની આ હિલચાલની જાણ થતાં પેશવા ભારે રોષે ભરાયો અને પોતાનાં લશ્કરોને સંગઠિત કરી એણે નાસિક તરફ કૂચ કરી. રઘુનાથરાવે પણ ૧૫,૦૦૦ નું લશ્કર બાગલાણ અને નાસિકમાં ભેગું કરેલું એ લઈ એણે જ સામેથી પુણે તરફ વળતી કૂચ કરી. દમાજીરાવ ગાયકવાડની નાદુરસ્ત તબિયતના કારણે એ જાતે ન આવ્યો, પણ એણે પોતાના પુત્ર ગોવિંદરાવને એક લશ્કરી ટુકડી સાથે રઘુનાથરાવની મદદમાં મોકલી આપ્યો. ધોડપના કિલ્લા આગળ (જૂન ૧૦, ૧૭૬૮) છાવણી નાખી પડેલા રઘુનાથરાવ પર પેશવાની સેનાએ એકાએક હલ્લો કરી દુશ્મનદળને વેરવિખેર કરી નાખ્યું. રઘુનાથરાવ અને ગોવિંદરાવ ગાયકવાડને કેદી બનાવી પુણે લઈ જવાયા.

દમાજીરાવે પેશવા વિરુદ્ધ ભાગ લીધો હોવાથી પેશવાએ એનો તેવીસ લાખ રૂપિયા ઉપરાંતનો દંડ કર્યો અને ખંડણીની બાકી રકમ તથા 'સેના-ખાસખેલ' બિરુદ માન્ય રખાવવાનું તેમ 'નજરાણા'ની રકમ અને બીજી રકમો મળી કુલ ૫૦ લાખ રૂપિયા ગોવિંદરાવ પાસેથી લેવાનું નક્કી કર્યું.[૬] ધોડપની લડાઈ બાદ ટૂંક સમયમાં દમાજીરાવ ગાયકવાડનું અવસાન થતાં (ઑગસ્ટ ૧૮, ૧૭૬૮) એના પુત્રોમાં ગાદી માટે સ્પર્ધા શરૂ થઈ. દમાજીરાવના બધા પુત્રોમાં સયાજીરાવ સૌથી મોટો હતો તેથી એ ગાદી માટેનો હક્કદાર હતો, પરંતુ એનામાં રાજ્ય ચલાવવાની આવડત ન હતી. ગોવિંદરાવ સયાજીરાવથી નાનો પુત્ર હતો, પણ એ ત્યારે પુણેમાં પેશવાનો કેદી હતો. બાકીના પુત્રોમાં ફત્તેસિંહરાવ મહત્ત્વાકાંક્ષી ચંચળ પ્રકૃતિનો અને બુદ્ધિશાળી હતો. સયાજીરાવનો દાવો આગળ કરી એ સત્તા મેળવવાની પ્રવૃત્તિ કરી રહ્યો હતો. ગાયકવાડ ભાઈઓના ગાદી–ઝગડાના સમાચાર જાણી પેશવા માધવરાવે ફત્તેસિંહને કડક ઠપકો આપતો પત્ર લખ્યો કે હું કોઈ પણ પ્રકારનાં તોફાન સાંખી લઈશ નહીં. રાજ્યનો વહીવટ સંભાળી લેવાના હુકમ સાથે હું આપાજી ગણેશને મોકલી રહ્યો છું. તમારે બધી સત્તા આપાજીને સોંપી દેવી તથા પોતાના તરફથી જે કંઈ રજૂઆત કરવી હોય તે રૂબરૂમાં પુણે આવીને કરવી. એ અંગે મારો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે. જો તમને પોતાનાં હિતો પ્રત્યે આદરભાવના રહેલી હોય તો પેશવાના આ હુકમનું પાલન કરી પોતાની ફરજ કોઈ પણ આનાકાની વગર બજાવવી જોઈએ અને જો આ હુકમનો અનાદર થશે તો નુકસાન સહન કરવું પડશે.[૭]

પેશવાએ ૫૦ લાખ રૂપિયા લેવા અંગે મૂકેલી શરતોનો ગોવિંદરાવે સ્વીકાર

કરી લીધો અને પિતાનું અવસાન થયું હોવાથી 'સેનાખાસખેલ' પદ પણ મેળવ્યું. એમ છતાં એ ૧૭૬૮ માં પુણે છોડી વડોદરા જઈ શક્યો ન હતો અને એવી રીતે ફત્તેસિંહરાવ, જેણે ૧૭૬૮ માં વડોદરાનો કબજો મેળવી લીધો હતો, એણે પોતાના મોટા ભાઈ સયાજીરાવના ગાદીહક્ક માટે બે વર્ષ સુધી પેશવા સમક્ષ રજૂઆત કરી ન હતી. સંભવ છે કે ગોવિંદરાવ ગુજરાતમાં જઈ પોતાના પ્રદેશોનો કબજો મેળવી લે અને પછી પેશવા વિરોધી ખટપટ કરે એ બીકે એને જવા દેવામાં આવ્યો નહીં હોય! આખરે સયાજીરાવ ગાયકવાડે ફત્તેસિંહરાવને પોતાનાં હિતોનો મુખત્યાર બનાવી, ગોવિંદરાવને અપાયેલી માન્યતા રદ કરાવવા પેશવા પાસે મોકલ્યો.

પેશવાએ સમય પારખી જઈ સયાજીરાવના ગાદીહક્ક-દાવા માટેનો પ્રશ્ન પોતાના દરબારના ખ્યાતનામ ન્યાયશાસ્ત્રી રામરાવ શાસ્ત્રીને સુપરત કર્યો અને ચુકાદો આપવા જણાવ્યું. રામરાવ શાસ્ત્રીએ સયાજીરાવને કાયદેસર હક્કદાર ઠરાવ્યો અને 'સેનાખાસખેલ'ના બિરુદ માટે કાયદેસર હક્કદાર જાહેર કર્યો.[૮] એ પરથી પેશવાએ ગોવિંદરાવની તરફેણમાં આપેલો નિર્ણય રદ કર્યો અને સયાજીરાવનો હક્ક સ્વીકાર્યો, પરંતુ સયાજીરાવ નબળા મનનો હોવાથી, એના મુતાલિક અથવા નાયબ તરીકે ફત્તેહસિંહને નીમ્યો. ગોવિંદરાવની સદંતર અવગણના ન થઈ શકે માટે, એને વાર્ષિક બે લાખ રૂપિયા અને પાદરા જાગીર તરીકે અપાયાં, પરંતુ એ ગાયકવાડોના પૂર્વજોના ગામ દાવડીમાં રહે એવું નક્કી કરવામાં આવ્યું, પરંતુ એ ફેંસલ ગોવિંદરાવને મંજૂર ન હતો તેથી બંને ભાઈ એકબીજાના શત્રુ બની અંગ્રેજ-મરાઠા વિગ્રહમાં સામસામી છાવણીમાં ભાગ લેતા રહ્યા.

**સૂબેદારોની હેરફેરી** (૧૭૭૦ થી ૧૭૮૦)

પેશવાએ ગોપાળરાવને સ્થાને પુનઃ આપાજી ગણેશને સૂબેદાર નીમી અમદાવાદ મોકલ્યો. એની સૂબેદારી બે વર્ષ (૧૭૭૦ થી ૧૭૭૧)[૯] સુધી રહી હોવાનું જણાય છે. ત્યારબાદ એને સ્થાને ત્ર્યંબક નારાયણ સૂબેદાર થયો. ત્ર્યંબક નારાયણનો અમલ ૧૭૭૧ થી ૧૭૭૪ સુધી ચાલ્યો જણાય છે. અહીં સુધીના પાંચેય સૂબેદારોના વખતમાં ગાયકવાડ વતી નાયબ તરીકે ત્ર્યંબક મુકુંદ અમદાવાદમાં ચાલુ રહેલો હોવાનું જણાય છે.[૯] ૧૭૭૪ માં આપાજી ગણેશ ત્રીજી વાર સૂબેદાર થયો. એનો પુત્ર અમૃતરાય ૧૭૭૭-૭૯ માં સૂબેદાર હતો, જ્યારે ૧૭૮૦ માં ફત્તેસિંહ એ પદ પર હતો.[૧૦]

**પેશવા નારાયણરાવ** (ઈ.સ.૧૭૭૨–૭૩) **અને રઘુનાથરાવ** (ઈ.સ.૧૭૭૩–૭૪)

પેશવા માધવરાવનું અવસાન થતાં ( નવેમ્બર ૧૮, ૧૭૭૨ ) એની જગ્યાએ એનો સત્તર વર્ષનો નાનો ભાઈ નારાયણરાવ પેશવા બન્યો, પરંતુ સત્તાલોભી અને પ્રપંચી રઘુનાથરાવે એની હત્યા કરાવી ( ઑગસ્ટ ૩૦, ૧૭૭૩ ) અને પોતે પેશવા બની ગયો. પેશવા નારાયણરાવની વિધવા ગંગાબાઈએ પુત્રને જન્મ આપતાં રઘુનાથરાવને સ્થાને એ બાળકને પેશવાને સ્થાને બેસાડવા નાના ફડનવીસની આગેવાની નીચેના મરાઠા મંત્રી-મંડળે જોરદાર પ્રયાસ કર્યો.[૧૧]

આવી સ્થિતિમાં ગોવિંદરાવ ગાયકવાડ જે આ વખતે પુણે હતો, તે રઘુનાથરાવને મળ્યો અને ઘોડપ ખાતે એને કરેલી મદદની યાદ અપાવી, પોતાને વડોદરાના ગાયકવાડ તરીકે 'સેનાખાસખેલ'નો ખિતાબ પુનઃ આપવા રજૂઆત કરી, જે રઘુનાથરાવે મંજૂર રાખી. આથી ગોવિંદરાવ ફત્તેસિંહને ગુજરાતમાંથી હાંકી કાઢવાના હેતુથી લશ્કર સાથે આવ્યો અને કડીના જાગીરદાર ખંડેરાવ ગાયકવાડની મદદ મેળવી એણે વડોદરાને ઘેરો ઘાલ્યો. ગોવિંદરાવે આની સાથે સાથે મુંબઈની અંગ્રેજ સરકાર સાથે મદદ માટે વાટાઘાટ શરૂ કરી દીધી.

**પેશવા માધવરાવ ૨ જો વિ. રઘુનાથરાવ** (ઈ.સ. ૧૭૭૪ થી ૧૭૮૦ )

છત્રપતિ રાજાએ સદ્ગત નારાયણરાવના બાળપુત્ર માધવરાવ ૨ જાનો પેશવા તરીકે સ્વીકાર કરતાં ( મે ૨૮, ૧૭૭૪ ), રઘુનાથરાવને સ્થાનભ્રષ્ટ થવું પડયું. એ હવે કોઈ પણ પ્રકારે અન્યની મદદ મેળવી લડી લેવા માગતો હતો. સિંધિયા હોલ્કર જેવા સરદારોએ એને સાથ આપવાનું છોડી દેતાં અને પોતે પકડાઈ જવાની બીક લાગતાં રઘુનાથરાવે પોતાની બુરહાનપુરની છાવણી ઉઠાવી લઈ ( ડિસેમ્બર ૧૦, ૧૭૭૪ ) ગુજરાત તરફ કૂચ કરી ગોધરા પહોંચ્યો ( જાન્યુઆરી ૩, ૧૭૭૫ ). બીજી બાજુએ સિંધિયા–હોલ્કર અને મંત્રી-મંડળના મરાઠા લશ્કરની આગેવાની લઈ હરિપંત ફડકે એની પાછળ એને પકડવા આવી રહ્યાના સમાચાર જાણી, રઘુનાથરાવ ગોવિંદરાવની મદદથી મહી નદી ઓળંગી હાલના વાસદ પાસે પડાવ નાખીને રહ્યો. નદીના બીજા કાંઠે મંત્રી-મંડળનું લશ્કર આવીને અટક્યું હતું. બે અઠવાડિયાં સુધી વાટાઘાટો ચાલતી રહી. હકીકતમાં રઘુનાથરાવે સમય પસાર કરવા જ આવી નીતિ અપનાવી હતી, જેથી એને અંગ્રેજ તરફથી કદાચ મદદ મળી જાય, પરંતુ હરિપંત ફડકેએ છેવટે હુમલો કર્યો. બંને વચ્ચે અડાસ નજીક આણંદ મોગરી નામે ઓળખાતા સ્થળે ભારે લડાઈ થઈ ( ફેબ્રુઆરી ૧૭) તેમાં રઘુનાથરાવનો

સખત પરાજય થયો. એ મહામુશ્કેલીએ યુદ્ધનું મેદાન છોડીને ખંભાત તરફ નાસી છૂટયો. ખંભાતના નવાબે રઘુનાથરાવ માટે નગરના દરવાજા બંધ કરાવ્યા અને એને આશ્રય આપવાની ના પાડી, પરંતુ ખંભાત ખાતે રહેલા અંગ્રેજ કોઠીના વડા મૅલેટે રઘુનાથરાવને રક્ષણ આપ્યું અને ગુપ્ત રીતે એને ભાવનગર મોકલી આપ્યો, જ્યાંથી એ હોડી દ્વારા સુરત પહોંચ્યો (ફેબ્રુઆરી ૨૩). ત્યાં રહી રઘુનાથરાવે મુંબઈની અંગ્રેજ સરકાર સાથે 'સુરત કરાર' કર્યો (માર્ચ ૬). એ કરારમાં અંગ્રેજોએ ૨,૫૦૦ ની લશ્કરી ટુકડી અને યોગ્ય પ્રમાણમાં તોપખાનાની મદદ આપવાનું કબૂલ રાખ્યું અને એના બદલામાં એણે વસઈ, થાણા, સાલસેટ સહિતના મુંબઈના બધા ટાપુઓ તથા ગુજરાતમાં જંબુસર તથા ઓલપાડ પરગણાં અને અંકલેશ્વરમાં રહેલો પેશવાનો હિસ્સો આપવા કબૂલ રાખ્યું. વળી લશ્કરના ખર્ચ માટે મહિને દોઢ લાખ રૂપિયા આપવાનું અને એ માટે સલામત જામીન તરીકે છ લાખનું ઝવેરાત કંપની સરકારમાં જમા કરાવ્યું.[૧૨] સુરત કરાર થાય એ પહેલાં જ કર્નલ કીટિંગને બધું મળી ૧,૫૦૦ની ફોજ સાથે ફેબ્રુઆરીના અંતભાગમાં યુદ્ધમાં સક્રિય ભાગ લેવા માટે રવાના કરવામાં આવ્યો હતો. રઘુનાથરાવ સુરત આવી પહોંચ્યા બાદ ચાર દિવસે આવી પહોંચ્યો હતો. આ રીતે મરાઠા–અંગ્રેજો વચ્ચેના લાંબા સંઘર્ષની શરૂઆત થઈ અને એનો આરંભ ગુજરાતની ધરતી પર થયો !

બીજી બાજુએ રઘુનાથરાવના નાસી ગયા બાદ એના ટેકેદારો ગોવિંદરાવ ગાયકવાડ અને ખંડેરાવ ગાયકવાડ પોતાના મજબૂત થાણા કપડવંજમાં જતા રહ્યા. ફત્તેસિંહે પણ પરિસ્થિતિ પામી જઈ અંગ્રેજો સાથે સુમેળ રાખવાની નીતિ અપનાવી. ખંભાતનો નવાબ, જેણે રઘુનાથરાવ પ્રત્યે ભાગેડુ તરીકેનો વ્યવહાર રાખ્યો હતો, તેણે હવે રઘુનાથરાવને મુંબઈની સરકારનો ટેકો મળવાનો છે અને એ અંગ્રેજોનો મિત્ર બનવાનો છે એ જાણી, એની ઔપચારિક મુલાકાત લીધી ને એને પોતે ઉપરી ગણે છે એમ બતાવવા ભેટસોગાદ પણ આપી ! ગોવિંદરાવ ગાયકવાડ પણ પોતાની ટુકડી સાથે આવીને રઘુનાથરાવ સાથે જોડાયો, જ્યારે જાગીરદાર ખંડેરાવ ફત્તેસિંહના પક્ષે જોડાયો. મરાઠા મંત્રી-મંડળનું લશ્કર ૫,૦૦૦ ના પાયદળ સહિત ૨૫,૦૦૦ ની સંખ્યાનું થયું હતું. હવે બંને પક્ષો વચ્ચે મુકાબલો થવાનો હતો.

ઉત્તર તરફ કૂચ કરવામાં રઘુનાથરાવની ફોજ ડુમસ પાસે આવેલ ભીમપોરના મંદિરના દર્શને જઈ ત્યાં પ્રાર્થનાવિધિ કરવા માટે રોકાઈ. દરિયામાર્ગે ખંભાત જતી એ ફોજને દરિયાઈ તોફાન નડયું. એ પછી એ ખંભાત-

ના કાંઠે ઊતરી ચૂકી (માર્ચ ૧૭). રઘુનાથરાવનું લશ્કર ગોવિંદરાવની આગેવાની નીચે હતું. કર્નલ કીટિંગનું લશ્કર એની સાથે જોડાયું અને એ બંનેએ ધર્મજથી પ્રયાણ કર્યું (એપ્રિલ ૨૩). ગોવિંદરાવની ફોજમાં ૮,૦૦૦ લડાયક સૈનિકો અને ૧૮,૦૦૦ છાવણીનાં અન્ય માણસ હતાં. એ અઢાર હજારમાં પિંઢારાઓની સંખ્યા મોટી હતી. પિંઢારાઓની પદ્ધતિ કોઈ એક મરાઠા સરદાર સાથે જોડાયેલા રહેવાની અને એના આશ્રય નીચે જે કંઈ લૂંટફાટ કરવામાં આવે તેમાંથી અડધો ભાગ લેવાની રહેતી. ફોજમાં દરેક મરાઠા સરદારને પોતાની અલગ ટુકડી રહેતી. જો કે બધા જ સરદાર લશ્કરના વડા સેનાપતિની આજ્ઞા પાળવા બંધાયેલા રહેતા, પરંતુ આ સ્થિતિ ભારે ગૂંચવાડાવાળી હતી. સમગ્ર લશ્કરમાં લશ્કરી શિસ્તનો સદંતર અભાવ હતો. વધુ વિચિત્રતા તો એ હતી કે મોટા ભાગના પિંઢારા એમનાં પત્ની અને બાળકોને સાથે લાવ્યા હતા. તેઓ રસોઈ માટેનાં સાધનો અને લૂંટેલો માલ બળદો કે ખચ્ચરો પર લાદીને ફરતા અને એ રીતે છાવણીમાં રહેતા. દરેક છાવણીમાં 'બજાર' રહેતું, જ્યાં રોકડ ચુકવણી કે વસ્તુવિનિમયથી વ્યવહાર ચાલતો. નાની ચીજો પર પિંઢારા પોતાનો થોડો લાગો વસૂલ લેતા, જે એમના શત્રુ હોય કે મિત્ર હોય તે બધાંને સરખી રીતે ચૂકવવો પડતો.[૧૩]

બંને પક્ષો વચ્ચે ગુજરાતમાં કેટલીક જગ્યાએ અથડામણો થઈ, જેમાં મંત્રી-મંડળના લશ્કરને પરાજયની સ્થિતિ સ્વીકારવી પડતી. રઘુનાથરાવના પક્ષે જે સફળતા મળતી તે ઘણું કરીને અંગ્રેજ લશ્કરની ચડિયાતી કામગીરીને આભારી હતી. મંત્રી-મંડળના લશ્કરમાં સવારદળની સંખ્યા મોટી હતી. કર્નલ કીટિંગનો પક્ષ લાભદાયી સ્થિતિમાં હતો છતાં રઘુનાથરાવે અમદાવાદ નજીક રહેવાનો ઇરાદો છોડી દીધો અને પુણે જવાનું નક્કી કર્યું. કર્નલ કીટિંગે પણ એવું કરવાની સલાહ આપી હતી. રઘુનાથરાવે માર્ગમાં નડિયાદ ખાતે મુકામ કર્યો. નડિયાદ ખંડેરાવ ગાયકવાડ તાબાનું હતું અને ખંડેરાવ ફત્તેસિંહના પક્ષે ગયો હતો તેથી રઘુનાથરાવે આખા નગર પર રૂપિયા ૬૦,૦૦૦નો દંડ નાંખ્યો અને એમાંથી ૪૦,૦૦૦ની વસૂલાત સખતાઈથી કરી. દંડની ફાળવણી દરેક જાતિની રકમ ચૂકવવાની શક્તિ પરથી નક્કી કરવામાં આવી હતી. ભાટ બ્રાહ્મણ લોકોએ માફી માગી છતાં એમની પાસેથી છેવટે દંડ વસૂલ લેવામાં આવ્યો. રઘુનાથરાવે ત્યાં એક અઠવાડિયું પસાર કર્યું (૮ થી ૧૪ મે, ૧૭૭૫) અને પછી એ ત્યાંથી અડાસ ગયો. અહીં અંગ્રેજ લશ્કરને ભારે કપરી સ્થિતિમાં મુકાવું પડ્યું. અગાઉ એ આ જ સ્થળે હારી ગયો

હતો. એના સવારદળની અસ્થિરતાના કારણે અને અંગ્રેજ લશ્કરની એક ટુકડીની ગફલતના કારણે શરૂઆતમાં હાર થઈ, પરંતુ છેવટે તેઓએ મોંઘો વિજય મેળવ્યો. રઘુનાથરાવના લશ્કરે પગાર ન મળવાથી બંડ કરવાની ધમકી આપી, જ્યારે ગોવિંદરાવના લશ્કરે જ્યાંસુધી વડોદરા ન જિતાય ત્યાંસુધી પુણે તરફ કૂચ કરવાને ઇનકાર કર્યો. આ સ્થિતિમાં રઘુનાથરાવને ચોમાસામાં ગુજરાતમાં રહેવાની ફરજ પડી. બીજી બાજુએ મંત્રી-મંડળના સેનાપતિ હરિપંતે ગુજરાતમાંથી વિદાય લીધી. કર્નલ કીટિંગ પોતાના લશ્કરને દક્ષિણ ગુજરાતમાં ભરૂચ નજીક લઈ ગયો. ત્યાં નજીકમાં એણે બાવાપીર ખાતે પડાવ નાખ્યો. હરિપંત ફડકેનો પડાવ પણ નજીકમાં હતો. કીટિંગે એના પર છાપો મારવા હિલચાલ કરી, પણ હરિપંત સમયસૂચકતા વાપરી ત્યાંથી જતો રહ્યો. એ પછી કર્નલ કીટિંગે પુણે તરફ ન જતાં ડભોઈ તરફ કૂચ કરી. એ સમયે ડભોઈ ફત્તેસિંહરાવનાં કબજામાં હતું. ચોમાસાના કારણે કીટિંગના લશ્કરને ભારે નુકસાની અને ખુવારી વેઠવી પડી.

કર્નલ કીટિંગે ડભોઈના કિલ્લામાં પોતાના લશ્કરને રક્ષણ માટે રાખ્યું. રઘુનાથરાવે ડભોઈનો હવાલો એ પહેલાં લઈ લીધો હતો અને ત્યાંથી ત્રણ લાખ રૂપિયા દંડ ઉઘરાવ્યો હતો. એણે ડભોઈથી થોડે દૂર વડોદરા તરફ જવાના માર્ગમાં ઢાઢર નદીને કાંઠે ભીલપુર ખાતે છાવણી નાખી ત્યાં રહીને એણે કર્નલ કીટિંગ મારફત ફત્તેસિંહ સાથે વાટાઘાટો ચલાવી. આ બાજુ ફત્તેસિંહ વડોદરામાં એકલો હતો અને એની ઇચ્છા ચોક્કસ શરતોથી સમાધાન પર આવવાની હતી. એને ગોવિંદરાવ વડોદરા પર કબજો જમાવી લેશે એવી દહેશત લાગતી હતી. કર્નલ કીટિંગે ફત્તેસિંહની ઉપર્યુક્ત સ્થળે રૂબરૂ મુલાકાત લીધી અને તેઓ વચ્ચે સમજૂતી થઈ. સમજૂતીમાં ફત્તેસિંહ એના ભાઈ સયાજીરાવ ગાયકવાડ વતી રઘુનાથરાવને વર્ષે આઠ લાખ રૂપિયા તથા ૩,૦૦૦ સવારદળ આપે તથા સુરત–કરાર (માર્ચ ૬, ૧૭૭૫), જે પેશવા અને અંગ્રેજ સરકાર વચ્ચે થયેલો હતો તે, અનુસાર ભરૂચ પરગણાનું મહેસૂલ તેમજ ચીખલી, સુરત નજીક વરિયાવ પરગણું અને નર્મદા નદી પરનું કોરલ પરગણું આપે તેમ જણાવ્યું. ગોવિંદરાવ હવે પોતાના ભાઈ સયાજીરાવ પર કોઈ હક્કદાવો રજૂ કરશે નહીં એના બદલામાં રઘુનાથરાવ એને દખ્ખણમાં ૧૦ લાખ રૂપિયાની જાગીર આપે એમ ઠરાવવામાં આવ્યું. જાગીરદાર ખંડેરાવને દમાજીરાવ ગાયકવાડે અગાઉ જે આપ્યું હતું તે બધું પુનઃ આપવાનું નક્કી કરવામાં આવ્યું.[૧૪] ફત્તેસિંહે રઘુનાથરાવને આપવાના થતા ૨૬ લાખ રૂપિયા

૬૦ દિવસમાં મેળવવા તકાદો કરવામાં આવ્યો અને ભારે દબાણ પછી ૧૦ લાખ રૂપિયા ચીજવસ્તુરૂપે વસૂલ લેવાયા.

**આંતરવિગ્રહનો અંત**

ઉપર્યુક્ત કરાર પૂરો થાય તે પહેલાં ગવર્નર–જનરલ વૉરન હેસ્ટિંગ્સે રઘુનાથરાવ સાથે થયેલો સુરત–કરાર નકારી કાઢ્યો,[૧૫] એના કારણે કર્નલ કીટિંગને લશ્કરો સાથે પાછા ફરવાનો હુકમ પહોંચાડવામાં આવ્યો. આમ રઘુનાથરાવને પોતાનું ભાવિ નક્કી કરવા એના નસીબ પર છોડી દેવામાં આવ્યો તેમજ બંને ગાયકવાડ ભાઈઓને એમના ઝગડા પતાવી દેવા લડવા ઝગડવા માટે સ્વાતંત્ર્ય આપી દેવાયું. આ રીતે એમના આંતરવિગ્રહનો અંત આવ્યો આ સમયે ફત્તેસિંહે પક્ષ બદલ્યો અને એ અંગ્રેજ–પક્ષે ગયો.

ચોમાસા પછી માર્ગો ચોખ્ખા થતાં કર્નલ કીટિંગે સુરત તરફ કૂચ કરી, પરંતુ રઘુનાથરાવની વિનંતીથી સુરત ન જતાં એની પૂર્વે આવેલ કડોદ, જે બ્રિટિશ સરહદ બહાર હતું, ત્યાં પડાવ નાંખ્યો. અંગ્રેજો તરફથી પુણેના મંત્રી-મંડળ સાથે વાટાઘાટ કરવા કર્નલ અપ્ટનને મોકલવામાં આવેલો તેથી એ વાટાઘાટોના પરિણામની રઘુનાથરાવ રાહ જોવા લાગ્યો. અપ્ટને પુણેમાં બે મહિના ઉપરાંત (ડિસેમ્બર ૧, ૧૭૭૫ થી માર્ચ ૧ ૧૭૭૬) રહીને પુરંધર–કરાર કર્યો (૧ માર્ચ ૧૭૭૬). આ કરારથી પેશવાએ ભરૂચનું મહેસૂલ અને એની પડોશમાં આવેલ જમીન અંગ્રેજોને આપ્યાં. રઘુનાથરાવને કારણે અંગ્રેજ સરકારને થયેલા ખર્ચના વળતર તરીકે ૧૨ લાખ રૂપિયા પણ આપ્યા. રઘુનાથ-રાવ સાથે થયેલો સુરત કરાર રદ કરવામાં આવ્યો. એને દસ લાખ રૂપિયાનું પેન્શન આપવામાં આવે અને એ કોપરગાંવ (અહમદનગર જિલ્લામાં) રહે એવું નક્કી કરાયું. બીજી જે શરતો હતી તેમાં ફત્તેસિંહ ગાયકવાડે અંગ્રેજોને જે પ્રદેશો આપેલા હતા તે જો પુણેની સરકાર એવું સાબિત કરે કે એ આપવાનો ફત્તેસિંહને હક્ક ન હતો તો એ ફત્તેસિંહને પરત આપવાના હતા. અંગ્રેજોએ ગુજરાતમાં જે પ્રદેશ જીત્યા હતા તે તેઓ રાખે અને ગાયકવાડની બાબતમાં તેઓ દરમ્યાનગીરી ન કરે.[૧૬] રઘુનાથરાવે પોતાને મળનાર પેન્શન અને બીજી બાબતોનો અસ્વીકાર કર્યો અને વધુ લાભદાયી શરતો મુંબઈ સરકારને મોકલવાની તૈયારી કરી, પરંતુ છેવટે એને બ્રિટિશ મદદ નહીં મળે એવું આખરી સ્વરૂપમાં કહેવામાં આવતાં અને હરિપંત ફડકે એને પકડવા આવી રહ્યાના સમાચાર જાણતાં એ છેવટે મુંબઈ નાસી ગયો, જ્યાં મુંબઈ સરકારે એને માસિક પેન્સન બાંધી આપ્યું.

આવી સ્થિતિ પ્રવર્તતી હતી ત્યારે ઇંગ્લૅન્ડથી કૉર્ટ ઑફ ડાયરેક્ટર્સે સુરત-કરાર માન્ય રાખ્યો હોવાનો હુકમ આવતાં સ્થિતિમાં વળાંક આવ્યો. કલકત્તાની વડી સરકારે પુરંધર કરાર( એપ્રિલ ૪. ૧૭૭૬ )ને બહાલી આપી હતી, આથી મુંબઈ સરકારે બંને કરારોનું અર્થઘટન પોતાને અનુકૂળ લાગે તેવું કર્યું.

બીજી બાજુ પુરંધર કરાર અનુસાર ફત્તેસિંહ અને પેશવા સરકાર વચ્ચે વાટાઘાટો ચાલુ હતી, પણ એ દરમ્યાન સયાજીરાવ ગાયકવાડ( ૧ લા )નું અવસાન થયું ( ૧૭૭૮ ) આથી ફત્તેસિંહે સમય પારખી જઈ, પેશવાના ટેકા માટે આતુર બની, પોતાને 'સેનાખાસખેલ ' ખિતાબ મળે અને વડોદરાના રાજ્યકર્તા તરીકે માન્યતા મળે એવી ગોઠવણ કરી. ફત્તેસિંહે પેશવા સરકારને ૧૦૩/૪ લાખ રૂપિયા આપ્યા, મંત્રીઓને એક લાખની ભેટ સોગાદો આપી પોતાના પક્ષે લીધા ( ફેબ્રુઆરી ૧૭૭૮ ). અને 'સેનાખાસખેલ ' ખિતાબ મેળવ્યો. પેશવાએ ગોવિંદરાવને બે લાખની જાગીર આપવાનું વચન આપ્યું અને ખંડેરાવ જાગીરદાર પૂર્વવત્ સ્થિતિમા રહે એવું ઠરાવ્યું.

૧૭૭૮ ના ઑક્ટોબરમાં કૉર્ટ ઑફ ડાયરેક્ટર્સ તરફથી બંગાળ અને મુંબઈ સરકારો પર સંદેશા આવ્યા, જેમાં જણાવ્યું કે પુરંધરના કરારનો અસ્વીકાર કરવો અને એ કરારને *faetum valet* ના સિદ્ધાંત પર બહાલી આપતાં જણાવવામાં આવ્યું કે પેશવાની સરકાર આનો ઇનકાર કે અવગણના કરે તો રાઘોબા( રઘુનાથરાવ ) સાથે કરાર ૧૭૭૫ ના ધોરણે કરવો.

### રઘુનાથરાવ સાથે નવી સમજૂતી

પેશવાના મંત્રીઓએ પુરંધરના કરારની જોગવાઈ પ્રમાણે ૧૨ લાખ ચૂકવવાનો ઇનકાર કર્યો તેમજ ભરૂચ નજીક કોઈ પ્રદેશ આપવાની ના પાડી. એ વખતે પુણેમાં ફ્રેંચ પ્રતિનિધિ મોં. દ. સેંટ લુબિન આવેલ હતો. પુણેમાં ફ્રેંચ પ્રતિનિધિની હાજરી જોઈ કલકત્તાની વડી સરકાર ચોંકી ઊઠી અને મુંબઈ સરકારની રઘુનાથરાવ પ્રત્યેની નીતિ સાથે સહમત થઈ એને ટેકો આપવા જણાવ્યું.[૧૭] આ સમયે રઘુનાથરાવ મુંબઈમાં જ આશ્રિત તરીકે હતો, તેથી એની સાથે મુંબઈ સરકારે કરાર કર્યો. એણે ૧૭૭૫ ના કરાર પ્રમાણે કબૂલાત માન્ય રાખી અને પોતાને પેશવાપદે સ્થાપવામાં મદદમાં આવનાર બ્રિટિશ લશ્કરનો પગાર આપવા વલસાડનું મહેસૂલ તથા અંકલેશ્વરનું મહેસૂલ જે બાકી હતું તે આપવા કબૂલ રાખ્યું (નવેમ્બર ૧૭૭૮).

રઘુનાથરાવને મદદ કરવા બ્રિટિશ ફોજ મોકલવામાં આવી (નવેમ્બર ૨૫, ૧૭૭૮), પણ નાના ફડનવીસ અને મહાદજી સિંધિયાએ એનો મજબૂત પ્રતીકાર થઈ શકે એવી વ્યવસ્થા ગોઠવી. છેવટે બંને પક્ષો વચ્ચે વડગાંવ ખાતે સંધિ કરવામાં આવી (જાન્યુઆરી ૧૭, ૧૭૭૯). થયેલા કરાર મુજબ માધવરાવ પેશવાના સમયથી એટલે કે ૧૭૭૨ થી અંગ્રેજોને ગુજરાતના પ્રદેશો સહિત જે જે પ્રદેશો મળ્યા હોય તે પરત કરવામાં આવે એવું નક્કી કરાયું. એ પ્રદેશોમાં સાલસેટ ઉરણ અને બીજા ટાપુઓનો સમાવેશ થતો હતો. રઘુનાથરાવને સિંધિયાના તાબામાં સોંપવામાં આવે અને એક અલગ કરારથી સિંધિયાને ભરૂચ સર્વોપરિ સત્તા સાથે સોંપવામાં આવે એવું કબૂલ રખાયું.[૧૮] એ બાબત નોંધપાત્ર છે કે મુંબઈ અને કલકત્તાની સરકારોએ વડગાંવના આ કરારને બહાલી આપી ન હતી, પરંતુ મુંબઈની કાઉન્સિલે સિંધિયાને ભરૂચ આપવા સિવાયની બીજી બધી બાબતોનો સ્વીકાર કર્યો હતો. વધુમાં ગવર્નર હોર્નબીએ કલકત્તાની વડી સરકારને સૂચવ્યું હતું (જૂન ૧૪, ૧૭૭૯) કે ફત્તેસિંહરાવ ગાયકવાડને પેશવાની તાબેદારી સ્થિતિમાંથી મુક્ત કરાવવો આપણા લાભમાં છે. કલકત્તાથી ગવર્નર-જનરલે એની અનુમતિ આપવા ઉપરાંત જો ગુજરાતમાંથી પેશવાનો હિસ્સો પડાવી લઈ શકે તો એમ કરવાની પરવાનગી પણ મુંબઈ સરકારને આપી. વળી મુંબઈ સરકારની મદદે જનરલ ગોડાર્ડને બંગાળથી લશ્કર સાથે રવાના કરવામાં આવ્યો (ડિસેમ્બર ૧૫, ૧૭૭૯).

### રઘુનાથરાવનું પલાયન અને સંઘર્ષ

ઉપર્યુક્ત બનાવ બને તે દરમ્યાન રઘુનાથરાવ, જેને વડગાંવની સમજૂતી નીચે સિંધિયાને સોંપવામાં આવ્યો હતો અને જેને બુંદેલખંડમાં ઝાંસી ખાતે રાખવા લઈ જવાતો હતો તે, રસ્તામાંથી પલાયન કરી ગયો ને ભરૂચ આવી પહોંચ્યો. એમ કહેવાય છે કે એ સિંધિયાની પરોક્ષ સંમતિથી છુટકારો મેળવી શક્યો હતો.

જનરલ ગોડાર્ડે વડી સરકાર અને મુંબઈ સરકાર વતી રઘુનાથરાવ સાથે વાટાઘાટો ચલાવી અને એને રૂબરૂ મુલાકાત પણ આપી (જૂન ૧૨, ૧૭૭૯), પણ એની સાથે સીધા કરાર કરવા માટે ઇચ્છા ન દેખાડી. એ વર્ષમાં ચોમાસાના અંતભાગમાં એવી ખબર આવી કે અંગ્રેજો વિરુદ્ધ મરાઠા નિઝામ અને માયસોરના હૈદરઅલીએ મળી એક સંઘ રચ્યો છે.

એ સમયે નાના ફડનવીસે અંગ્રેજ સરકારને જણાવ્યું કે એની સાથે

કોઈ પણ કરાર કરતાં પહેલાં સાલસેટ પાછો સોંપવો જોઈએ અને રાઘોબાને પણ પેશવાને હવાલે કરવો જોઈએ. એ અંગે કોઈ જવાબ અપાયો નહીં અને અંગ્રેજ પક્ષે વધુ લશ્કરી કુમક બોલાવવામાં આવી.

**અમદાવાદમાં સત્તા-પલટો**

જનરલ ગોડાર્ડ ગુજરાતમાં આવ્યો અને મુંબઈ સરકારના લશ્કર સાથે જોડાયો. એ સમયે પેશવાના ૨,૦૦૦ના પાયદળે ડભોઈને ઘેરો ઘાલ્યો હતો. ગોડાર્ડે ડભોઈ તરફ કૂચ કરી. ભરૂચમાંથી મરાઠા અધિકારીઓને અંગ્રેજ લશ્કરની બીજી ટુકડીએ હાંકી કાઢચા અને અંકલેશ્વર હાંસોટ અને આમોદ ફરીથી લઈ લીધાં. ગોડાર્ડે ડભોઈનો કબજો પેશવાની ફોજ પાસેથી લઈ લીધો (જાન્યુઆરી ૨૦, ૧૭૮૦) અને એનો હવાલો સેનાપતિ એ. કે. ફૉર્બ્સને આપ્યો. એ પછી ગોડાર્ડે વડોદરા તરફ કૂચ કરી કે તુરત જ પેશવાના સવારદળે આવીને ડભોઈને ફરી ઘેરો ઘાલ્યો, જો કે ફૉર્બ્સે એના રક્ષણની પૂરતી તૈયારી કરી રાખી હતી એટલે તાત્કાલિક કોઈ અથડામણ ન થઈ. બીજી બાજુ ફત્તેસિંહરાવે ગોડાર્ડને વડોદરા તરફ કૂચ કરતો જોઈ એની સાથે સંધિ-કરાર કરી લીધો (જાન્યુઆરી ૨૦, ૧૭૮૦),[૧૯] જે કુંઢેલા – વડોદરા ડભોઈ વચ્ચે આવેલા કુંઢેલા ગામે કરવામાં આવ્યો. આ કરારમાં રઘુનાથરાવનો ઉલ્લેખ કરાયો ન હતો. ડભોઈ એક અંગ્રેજ સનદી અધિકારીના તાબામાં લશ્કર સાથે મૂકવામાં આવ્યું. કુંઢેલા કરાર પ્રમાણે ગુજરાતમાંથી પેશવાનો હક્ક નાબૂદ કરવાનો હતો અને ખંડણી-વસૂલાતના કાર્યમાં સરળતા રહે અને ગૂંચવાડો નિવારી શકાય માટે મહી નદીની ઉત્તરનો ભાગ ગાયકવાડને અને તાપી નદીનો દક્ષિણ ભાગ અંગ્રેજોને સોંપવાનો હતો. સુરતના મહેસૂલમાં ગાયકવાડનો જે ભાગ હતો તે પણ ગાયકવાડને આપવાનો હતો. મદદના બદલામાં એ જે ખંડણી પેશવાને આપતો હતો તે બંધ કરવાની હતી અને એ માટે નર્મદા પરતું સિનોર અને ભરૂચની આસપાસ આવેલાં ગાયકવાડનાં ગામડાં અંગ્રેજ સરકારને આપવાનાં હતાં. આ બધું કબૂલ રખાતાં અને ફત્તેસિંહરાવે સવારદળની મદદ આપતાં, ગોડાર્ડે અમદાવાદ તરફ કૂચ કરી. કરાર પ્રમાણે અમદાવાદ જીતી લીધા બાદ એ ફત્તેસિંહરાવને આપવાનું હતું.[૨૦] આ સમયે અમદાવાદમાં પેશવાના સૂબેદાર તરીકે બાપજી પંડિત હતો. ગોડાર્ડે પાંચ દિવસ શહેર બહાર છાવણી નાખી છેવટે પાટનગર કબજે કર્યું (ફેબ્રુઆરી ૧૫, ૧૭૮૦)[૨૧] ને ફત્તેસિંહરાવને એ સોંપ્યું. બે દિવસ બાદ ફત્તેસિંહરાવે પોતાના સૂબેદાર તરીકે સદાશિવ ગણેશને નીમ્યો. ગોડાર્ડે અમદાવાદને ઘેરો ઘાલતાં

પેશવાનો સૂબો બાપજી પંડિત નાસી ગયો હતો. કરારમાં વચન આપ્યા પ્રમાણે ફત્તેસિંહરાવે અંગ્રેજ સરકારને પ્રદેશ આપ્યા, પરંતુ સુરત અઠ્ઠાવીસીમાંથી સોનગઢને હેતુપૂર્વક બકાત રાખવામાં આવ્યું હતું.

## પાદટીપ

૧. G. S. Sardesai, *New History of the Marathas*, Vol. II, pp.482f.

૨. *Maharashtra State Gazetteers ( MSG )* : History; pt, III ( Maratha Period ), p. 137

૩. आप्टे, ' श्रीसयाजीराव गायकवाड (तिसरे) यांचे चरित्र ', ग्रं. १, पृ. १७–१८

૪. *MSG*, History, pt. III, p. 92

૫. મગનલાલ વખતચંદ, ' અમદાવાદનો ઇતિહાસ ', પૃ. ૩૯

૬. F. A. H. Elliot, *The Rulers of Boroda*, pp. 63f.

૭. Sardesai, *op.cit.*, Vol. II, pp. 446f.

૮. G, W. Forrest, *Selctions from Letters, Despatches in the Bombay Secretariat : Maratha Series*, Vol. I, pp. 277–80

૯. મગનલાલ વખતચંદે આપાજી ગણેશના બીજી વારના અમલનો સમય વિ. સં. ૧૮૨૬–૧૮૨૮ (ઈ.સ. ૧૭૭૦ થી ૧૭૭૨) અને એના ઉત્તરાધિકારી ત્ર્યંબક નારાયણનો સમય વિ. સં. ૧૮૨૮ થી ૧૮૩૩( =ઈ.સ. ૧૭૭૨ થી ૧૭૭૭ ) આપ્યો છે (ઉપર્યુક્ત, પૃ. ૪૦ ), પણ વિ. સં. ૧૮૨૭ (=ઈસ. ૧૭૭૧)ના ખતપત્રમાં એ સમયે સૂબેદાર તરીકે ત્ર્યંબક નારાયણ ( જુઓ ભો. જે. વિદ્યાભવન, સંગ્રહાલય, ખતપત્ર નં. ૧૦૧), અને વિ.સં. ૧૮૩૦(=ઈ.સ. ૧૭૭૪)નાં બે ખતપત્રો (એજન, નં. ૯ અને ૪૧ )માં આપાજી ગણેશ નામ નોંધાયું છે. ગાયકવાડના નાયબ ત્ર્યંબક મુકુંદનો નિર્દેશ પણ ઈ.સ. ૧૭૬૩ અને ૧૭૭૧નાં બે ખતપત્રો(અનુક્રમે નં. ૩૪ અને નં. ૧૦૧)માં થયો છે. –સં.

૧૦. મગનલાલ વખતચંદ આપાજી ગણેશના ત્રીજી વારના અમલનો સમય વિ. સં. ૧૮૩૩–૩૪ (=ઈ.સ. ૧૭૭૭–૭૮) અને એ પછી એના પુત્ર અમરતરાવ આપાજીના અમલનો વિ.સં. ૧૮૩૪–૩૫ (=ઈસ. ૧૭૭૮–૭૯ ) ગણાવે છે (એજન, પૃ. ૪૦ ), પણ વિ.સં. ૧૮૩૦ (ઈ.સ. ૧૭૭૪)નાં બે ખતપત્રો ( નં. ૯ અને ૪૧ )માં આપાજી ગણેશનો પેશવાઈ શહેર સૂબેદાર તરીકે ઉલ્લેખ આવે છે; વિ. સં. ૧૮૩૪ ( ઈ.સ. ૧૭૭૭)ના તથા વિ.સં. ૧૮૩૫(ઈ.સ. ૧૭૭૯ )ના ખતપત્રમાં આપા ગણેશના પુત્ર અમૃતરાવજીને શહેર સૂબેદાર જણાવ્યા છે, વિ. સં. ૧૮૩૬ (ઈ.સ. ૧૭૮૦ )ના ખતપત્રમાં વળી ફત્તેસિંહરાવને શહેર સૂબેદાર કહ્યા છે. –સં.

૧૧. *Selections from the Peshwa Daftar*, Vol. V, pp, 12, 20 ff.

## પ્રકરણ : ૫

# પેશવાઈ સત્તાની પડતી

## ( ઈ. સ. ૧૭૮૦ થી ૧૮૧૭ )

### સૂબેદારોની હેરફેરી

ઈ. સ. ૧૭૮૦ થી ૧૮૧૮ દરમ્યાન ગાયકવાડના હકૂમત-પ્રદેશો ગાયકવાડ પાસે એકંદરે બધો સમય યથાવત્ રહ્યા, જ્યારે પેશવાના અમદાવાદ સહિતના પ્રદેશો પર થોડો સમય પેશવાની પોતાની ને ઇજારો આપી દેવાને લઈને એ ઇજારાના ગાળા દરમ્યાન ગાયકવાડની હકૂમત રહેતી. ગાયકવાડી મુલકનો વહીવટ વડોદરેથી ને પેશવાના મુલકનો વહીવટ અમદાવાદના ભદ્રકોટ મધ્યેથી થતો. ઇજારાકાળ દરમ્યાન ગાયકવાડ ભદ્રકોટમાં પોતાનો સૂબેદાર રાખતા, છતાં અમદાવાદ શહેરમાંના એના હકને અબાધિત રાખવા એ ગાયકવાડની હવેલીમાં પોતાનો નાયબ નીમવાનું ચાલુ રાખતા.

જનરલ ગોડાર્ડે અમદાવાદ જીતી ફત્તેસિંહરાવ ગાયકવાડને સોંપ્યું. ફત્તેસિંહરાવ વતી અમદાવાદમાં પેશવાના ઇલાકાનો વહીવટ સૂબેદાર સદાશિવ ગણેશને અપાયો ( ફેબ્રુઆરી, ૧૭૮૦ ). પણ એ વર્ષ દરમ્યાન થોડા વખતમાં એના સ્થાને માનાજીબા નિમાયો.[1] તેના પછી આવેલા ભગવંતરાય શિવરામની સૂબેદારી ૧૭૮૨–૮૩ દરમ્યાન અમલમાં રહી, પણ ૧૭૮૩ થી સાલબાઈના કરાર અનુસાર અમદાવાદ અને એની સાથે સંકળાયેલ અન્ય વિસ્તારો પર પેશવાનો સંયુક્ત અધિકાર પુનઃ સ્થપાયો.[2]

શ્રી મગનલાલ વખતચંદે જણાવ્યા મુજબ પેશવાના ગુજરાતના ભાગમાં ગાયકવાડ તરફથી ૧૭૮૩ થી ૧૭૮૫ દરમ્યાન ત્ર્યંબક મકનજી, ૧૭૮૫–૮૬ માં રાઘાજી જીવાજી, ૧૭૮૬–૯૧ માં ફરીથી ત્ર્યંબક મકનજી અને ૧૭૯૧ માં થોડો વખત ફરીથી રાઘાજી જીવાજીનો વહીવટ રહ્યો,[3] પરંતુ એ સમયના એક ખતપત્ર પરથી માલૂમ પડે છે કે ૧૭૮૫ માં તો પેશવા તરફથી ભવાની શિવરામ શહેરસૂબા તરીકે અધિકાર ધરાવતો હતો.[4] શ્રી મગનલાલ વખતચંદે ૧૭૮૩ થી ૧૭૯૧ સુધી પેશવાએ નીમેલા શહેરસૂબા કોણ હતા એની કોઈ વિગત આપી નથી. સંભવ છે કે લગભગ એ બધો વખત એ અધિકાર ભવાની શિવરામે ધરાવ્યો હોય. શ્રી મગનલાલ વખતચંદ ભવાની શિવરામના વહીવટનો

૧૨. C. U. Aitchison, *Treaties, Engagements* etc. pp, 24ff,; Forrest, *op.cit.*, Vol. I, pp. 211ff.

૧૩. *Gazetteer of the Bombay Presidency*, Vol. I, pt. I. pp. 403f.

૧૪. James Grant Duff, *History of the Maharattas*, Vol. II, pp. 34 ff.

૧૫. આવો નિર્ણય કલકત્તાની વડી સરકારે કરી મુંબઈની કારોબારી કાઉન્સિલને સખત ઠપકો આપેલો. જુઓ Forrest, *op.cit.*, Vol. I, p. 238.

૧૬. *Ibid.*, Vol, I, pp. 277–80; Sardesai, *op.cit.*, Vol. III, pp. 58f.

૧૭. *MSG*, History, pt. III, p. 141

૧૮. Sardesai, *op.cit.*, Vol. III, pp. 81f.

૧૯. Forrest, *op.cit.*, Vol. I, p. 394

૨૦. Sardesai, *Historical Papers Relating to Mahadji Sindhia*, pp. 72–75

૨૧. મગનલાલ વખતચંદ, ઉપર્યુક્ત, પૃ. ૪૦–૪૧

સમય ૧૭૯૧ થી ૧૭૯૪ નો આપે છે,[5] પરંતુ એ સમય ખરેખર ૧૭૮૯ થી ૧૭૯૨ નો હોવો જોઈએ. ૧૭૯૩ માં કશનરાવ ભીમરાવ શેલુકર સૂબેદાર હોવાનું એ સાલના ખતપત્ર પરથી જણાય છે.[6] એ ઈ.સ. ૧૮૦૦ સુધી સૂબેદાર રહ્યો. એ વર્ષે ગાયકવાડને ચાર વર્ષ માટે પેશવાના પ્રદેશોનો પહેલો ઇજારો મળ્યો, જે પછી દસ વર્ષ માટે તાજો કરી આપવામાં આવતાં એ ૧૮૧૪ સુધી ચાલ્યો.[7] ઈ.સ. ૧૮૦૦ માં ગાયકવાડ તરફથી રાવબા દાદા ભદ્રકોટમધ્યે સૂબેદાર થઈ આવ્યો, પણ એ સાલના અંતમાં એને સ્થાને રઘુનાથ મહીપતને નીમવામાં આવ્યો. 'કાકા-સાહેબ'ના હુલામણા નામથી લોકપ્રિય થયેલ આ સૂબેદારનો અમલ ઈ.સ. ૧૮૦૦ થી ૧૮૧૦ દરમ્યાન રહ્યો હોવાનું મગનલાલ વખતચંદે નોંધ્યું છે,[8] પણ ઈ. સ. ૧૮૦૯ ના ખતપત્ર[9] પરથી જણાય છે. કે એ સાલમાં અમદાવાદમાં ગાયકવાડ વતી ભદ્રકોટમાં બાલાજી આપાજી વતી વિઠ્ઠલરાવ બાલાજી અને હવેલીમાં આબાજી ગોવિંદ વહીવટકર્તા હતા. શ્રી મગનલાલ વખતચંદે ગાયકવાડી સૂબેદાર વિઠ્ઠલ-બાલાજી, રામચંદ્ર કશન અને નારાયણરાવ ટાચકાનો સમય અનુક્રમે ૧૮૧૧ થી ૧૮૧૩, ૧૮૧૩-૧૪ અને ૧૮૧૪-૧૫ આપ્યો છે, જ્યારે શ્રી રત્નમણિરાવે એ અવધિ અનુક્રમે ૧૮૧૦ થી ૧૮૧૨, ૧૮૧૨-૧૩ અને ૧૮૧૩-૧૪ આપ્યો છે.[10] ટાચકા પછી ગાયકવાડી સૂબેદાર થયેલા શાધુ રામચંદ્ર(બહેરા)નો સમય શ્રી મગનલાલ રામચંદે ૧૮૧૫ અને શ્રી રત્નમણિરાવે ૧૮૧૪ નો આપ્યો છે,[11] પણ ૧૮૧૩ ના ખતપત્રમાં ગાયકવાડ વતી ભદ્રકોટમાં શાધુ રામચંદ્ર અને હવેલીમાં આબાજી હોવાનું નોંધ્યું છે,[12] તેથી ઈ. સ. ૧૮૦૯ થી ૧૮૧૩ વચ્ચેના ગાળામાં વિઠ્ઠલરાવ બાલાજી, રામચંદ્ર કશન અને નારાયણરાવ ટાચકા ત્રણેયનો વહીવટ વીતી ગયો હોવાનું જણાય છે. ઈ. સ. ૧૮૧૪ માં ઇજારાની મુદત પૂરી થતાં ત્ર્યંબકજી ડેંગલેએ પેશવા વતી અમદાવાદનો હવાલો સંભાળ્યો.[13] અંગ્રેજોએ અમદાવાદનો કબજો નવેમ્બર, ૧૮૧૭ માં કર્યો ત્યાંસુધી ત્ર્યંબકજી ડેંગલે સૂબેદારી સંભાળતો રહ્યો હોવાનું જણાય છે.

## ગુજરાતમાં સિંધિયા અને હોળકર

અંગ્રેજો સામે ગુજરાતમાં સિંધિયા અને હોળકર પોતાનાં લશ્કરો સાથે પ્રવેશી નર્મદા ઓળંગી ડભોઈ સુધી આવ્યા, પણ ફોર્બ્સે ડભોઈના બચાવ માટે મજબૂત વ્યવસ્થા ગોઠવી હતી. ગોડાર્ડ એમના તરફ આવતાં, તેઓ છેવટે ચાંપાનેર તરફ જતા રહ્યા અને સપાટ મેદાનો પર સામનો કરવાનું ટાળ્યું. સિંધિયાએ સમય વિતાવવા ગોડાર્ડ સાથે રઘુનાથરાવ બાબતમાં વાટાઘાટો ચલાવી. એણે રઘુનાથરાવના પુત્ર બાજીરાવને સગીર વયના પેશવા માધવરાવના

દીવાન અથવા વ્યવસ્થાપક તરીકે નીમવા કહેવરાવેલું, પરંતુ બાજીરાવ પોતે જ સગીર હતો તેથી સિંધિયા જ કામચલાઉ સરકારનો હવાલો સંભાળી શકે એવી પેરવી એમાં દેખાઈ. ગોડાર્ડે આવા સૂચનનો અસ્વીકાર કર્યો અને અંતે વાટાઘાટો તૂટી પડી. સિંધિયા અને હોળકરને કોઈ નિર્ણાયક લડાઈ લડ્યા વગર ઠેકઠેકાણેથી હાંકી કાઢવામાં આવ્યા.

૧૭૮૦ ના ચોમાસા પછી મેજર ફૉબ્સને ગુજરાતના લશ્કરનો હવાલો સોંપી, ગોડાર્ડ વસાઈને ઘેરો ઘાલવા ઊપડ્યો. ફૉબ્સે અમદાવાદ ખાતે ફત્તેસિંહરાવના રક્ષણ માટે તથા સુરત અને ભરૂચ ખાતે એક એક ટુકડી રાખી. શિનોર અને ડભોઈમાં પણ રક્ષક ટુકડીઓ રખાઈ. ફત્તેસિંહરાવે વડોદરા સાચવવાનું જ કામ કર્યું હતું. સિંધિયાએ નવા મેળવેલા શિનોર પર હલ્લો કર્યો, પણ ફૉબ્સે એનો સામનો કરી નિષ્ફળ બનાવ્યો. સિંધિયા આથી વધુ લશ્કરી પ્રવૃત્તિ કરી શકે એવી સ્થિતિમાં ન હતો.

આવા સમયે બંને પક્ષો વચ્ચે યુદ્ધ બંધ થવાની તૈયારીમાં હતું, પણ એ વખતે નિઝામ હૈદરઅલી અને મરાઠાઓ વચ્ચે સંધ રચાઈ રહ્યો હોવાના સમાચાર આવતાં, એ માટે અંગ્રેજ સરકારે પેશવા સાથે સમાધાન માટે પ્રયાસ શરૂ કર્યા. પેશવા સમક્ષ જે દરખાસ્તો રજૂ થઈ તેમાં વધુ અવરોધક બાબત તો પેશવાનો અમદાવાદનો હિસ્સો હતો, જે હવે ગાયકવાડને આપવામાં આવ્યો હતો. એમ છતાં છેવટે યુદ્ધનો અંત લાવવામાં આવ્યો અને સાલબાઈ સ્થળથી પ્રચલિત બનેલા ઐતિહાસિક કરાર કરવામાં આવ્યા ( મે ૧૭, ૧૭૮૨ ).

## સાલબાઈના કરાર

ગ્વાલિયર પાસે સાલબાઈ ખાતે પેશવા અને અંગ્રેજ સરકાર વચ્ચે આ કરાર થયા. આમાં ગુજરાતને લગતી બાબતોનો પણ સમાવેશ થયો હતો. પુરંધરના કરાર પછી અંગ્રેજોએ લીધેલા બધા પ્રદેશ પેશવાને પાછા સોંપવા, સાલસેટ જેવા મુંબઈ પાસે આવેલા નાના ટાપુ અંગ્રેજોના તાબામાં રહે, ભરૂચ સિંધિયાને અપાય, ગુજરાતમાં પેશવા અને ગાયકવાડના જે જે પ્રદેશ અંગ્રેજોએ જીતી લીધા હોય તે જેમને તેમને પરત કરવામાં આવે, અંગ્રેજ સરકાર રઘુનાથરાવને નાણાં આપીને કે બીજી રીતે મદદ નહીં કરે. પેશવા એને વાર્ષિક રૂ. ૨૫,૦૦૦/– નું પેન્શન આપે અને એ પોતે જ્યાં નક્કી કરે તે સ્થળે રહે, ફત્તેસિંહરાવ ગાયકવાડ પાસે જે પ્રદેશ અગાઉ હતા, તે એની પાસે રહે અને એ અગાઉની જેમ મરાઠા રાજ્યની સેવા કરે.[૧૪]

આમ સાલબાઈના કરાર નાના ફડનવીસની રાજનૈતિક કુનેહના વિજયરૂપે હતા. પેશવાપદે પોતાના ઉમેદવારને મૂકીને મરાઠા રાજકારણ પર અંકુશ મેળવવાનો અંગ્રેજ સરકારનો પ્રયાસ નિષ્ફળ બનાવી દેવાયો. રઘુનાથરાવ કરાર કરાયા પછી કોપરગાંવ ગયો અને થોડા મહિનામાં એનું અવસાન થયું. આ રીતે પેશવાની સરકાર સામે ઉત્પાત મચાવનાર મુખ્ય બળ જતું રહ્યું. એ પછીનાં ૭ વર્ષોમાં કોઈ નોંધપાત્ર રાજકીય બનાવ ન બન્યો. અમદાવાદમાં ગાયકવાડના સૂબા તરીકે ભગવંતરાય શિવરામ એક વર્ષ (૧૭૮૨–૮૩) રહ્યો. સાલબાઈના કરાર ગાયકવાડ ફત્તેસિંહરાવ માટે દુઃખદ પુરવાર થયા. યુદ્ધ થતાં પહેલાં એની પાસે જેટલા પ્રદેશ હતા તેટલા જ એની પાસે રહ્યા અને અમદાવાદનો કબજો તો ભારે કમને એણે પેશવાને પાછો સોંપવો પડયો (ઑક્ટોબર ૩૧, ૧૭૮૩). આર્થિક રીતે ભારે ખર્ચ કરવો પડયો હતો અને ભરૂચનો હિસ્સો ગુમાવવો પડયો હતો.

## વડોદરામાં સત્તા-સંઘર્ષ

ફત્તેસિંહરાવનું અવસાન થતાં (ડિસેમ્બર ૨૧, ૧૭૮૯) રાજા સયાજીરાવ વાલી વગરનો બની ગયો, આથી વડોદરામાં સત્તા–સંઘર્ષ ફરી ચાલુ થયો. ફત્તેસિંહરાવના અવસાન પછી એના નાના ભાઈ માનાજીરાવે તરત જ સત્તા મેળવી લઈ, પેશવા સરકાર સાથે પોતાની સ્વીકૃતિ માટે વાટાઘાટો શરૂ કરી. એ સમયે ગોવિંદરાવ પુણે નજીક આવેલા દૌર ગામે રહેતો હતો, તેણે સિંધિયાની સહાય લઈ પોતાનો હક્ક આગળ કર્યો. સિંધિયાએ પોતાની ભરૂચ ખાતેની લશ્કરી ટુકડીને ગોવિંદરાવના અનૌરસ પુત્ર કાન્હોજીરાવ સાથે વડોદરા પહોંચી જવા મોકલી આપી. બીજી તરફ માનાજીરાવે ગોવિંદરાવની કાર્યવાહી સામે મુંબઈ સરકારને ફરિયાદ કરી, પરંતુ મુંબઈ સરકારે દરમ્યાનગીરી કરવાનો ઇન્કાર કર્યો. માનાજીરાવે આથી પુણેમાં પોતાના પ્રતિનિધિ મારફતે ગોવિંદરાવ સાથે સમાધાન કરવા પ્રયાસ કર્યો, પણ એનું કંઈ નક્કર પરિણામ આવે તે પહેલાં માનાજીરાવનું અવસાન થયું (ઑગસ્ટ ૧, ૧૭૯૩). એ પહેલાં રાજા સયાજીરાવ ગાયકવાડનું અવસાન થયું હતું (૧૭૯૨). આ સંજોગોમાં વડોદરાની ગાદી ગોવિંદરાવને હક્કની રૂએ સુલભ બની.

ગોવિંદરાવને "સેનાખાસખેલ" બિરુદ લેવાની છૂટ આપવામાં આવી (ડિસેમ્બર ૧૯, ૧૭૯૩). એણે વડોદરા જતાં પુણેથી પોતાની સાથે દીવાન તરીકે રાવજી આપાજી, તથા બીજી મદદનીશ વ્યક્તિઓ તરીકે મજૂમદાર ને ફડન-

વીસને લીધા. એમ છતાં વડોદરામાં એનો પ્રવેશ મુશ્કેલીજનક બની રહ્યો. એક તરફ પેશવા સરકારે વડોદરા રાજ્ય પર પોતાની અધિસત્તા સ્થાપી દીધી હતી અને જુદા જુદા પ્રકારના પોતાના હક્કદાવા રજૂ કરી એના પરનો આર્થિક બોજો અસહ્ય બને એવી રીતે લાદી દીધો હતો.[૧૫] આવા સંજોગોમાં ગોવિંદરાવ વડોદરા પહોંચ્યો, પરંતુ એના અનૌરસ પુત્ર કાન્હોજીરાવે એનો સામનો કર્યો. કાન્હોજીરાવના જ ભાડૂતી લશ્કરે છેવટે એને દગો દીધો અને કેદ કર્યો અને ગોવિંદરાવને સોંપ્યો, પરંતુ કાન્હોજીરાવ પિતાની કેદમાંથી નાસી છૂટ્યો અને ડુંગર–વિસ્તારોમાં જઈ પહોંચ્યો. ત્યાંના ભીલો એની સાથે જોડાયા અને એમણે સંખેડા–બહાદરપુરના વિસ્તારમાં લૂંટફાટ ચલાવી. એમની સાથે કડીના સદ્ગત જાગીરદાર ખંડેરાવનો પુત્ર મલ્હારરાવ પણ જોડાયો. મલ્હારરાવ પોતાની ગાયકવાડને આપવાની થતી 'પેશકશ'ની રકમ તથા લશ્કરી સેવાની રકમ માફ કરાવવા માગતો હતો. ફત્તેસિંહરાવ ગાયકવાડે એની જાગીરમાંથી નડિયાદ લઈ લીધું હતુ. કાન્હોજીરાવ નાસી જતાં ગોવિંદરાવે રાજા તરીકેની ફરજો સંભાળી લીધી હતી. ૧૭૯૪માં ગાયકવાડની ફોજે ખંભાત પર આક્રમણ કર્યું, પરંતુ ત્યાંના અંગ્રેજોએ એને પાછી હઠાવી દીધી હતી. ૧૭૯૫માં પેશવા અને નિઝામ વચ્ચે થયેલી ખર્ડાની લડાઈમાં (માર્ચ ૧૧) ગોવિંદરાવ ગાયકવાડે પોતાનાં દળ પેશવા પક્ષે ભાગ લેવા મોકલ્યાં હતાં.

## પેશવાનો સૂબો આબા શેલૂકર

ગોવિંદરાવ ગાયકવાડે વડોદરામાં સત્તા હાથમાં લીધા બાદ બે વર્ષ શાંતિ રહી. પેશવા માધવરાવ બીજાનું અવસાન થયું (ઑક્ટોબર ૨૭, ૧૭૯૫). ખટપટના કારણે વિલંબ પછી રઘુનાથરાવ(રાઘોબા)નો પુત્ર બાજીરાવ પેશવા બન્યો (ડિસેમ્બર ૬, ૧૭૯૬). એણે પેશવાપદ ધારણ કર્યા બાદ તરત જ પોતાના દસ વર્ષના ભાઈ ચિમણાજીને ગુજરાતના સૂબેદાર તરીકે નીમ્યો અને મરાઠા રીત પ્રમાણે એના નાયબ તરીકે આબા શેલૂકરને મોકલ્યો. દખ્ખણના મરાઠા રાજકારણમાં જે બનાવ બનેલા હતા તેમાં એક પ્રસંગે દોલતરાવ સિંધિયાએ નાના ફડનવીસને એના સાથીદારો સાથે કેદ કર્યો હતો તેમાં આબા શેલૂકરનો પણ સમાવેશ થતો હતો (ડિસેમ્બર ૩૧, ૧૭૯૭). શેલૂકરે પોતાના છુટકારા માટે દસ લાખ રૂપિયા સિંધિયાને આપવા એવી કબૂલાત આપી હતી. એ રકમની ચુકવણી કરી શકે એ માટે એને નાના ફડનવીસે બાજીરાવના ભાઈ ચિમણાજીના નાયબ તરીકે ગુજરાતાં મોકલ્યો.

### શેલૂકર અને ગોવિંદરાવ વચ્ચે સંઘર્ષ

પેશવા બાજીરાવની ઇચ્છા ગુજરાત પ્રાંતનો પોતાનો હિસ્સો પાછો લઈ લેવાની હતી. વળી એ આબા શેલૂકર અને ગોવિંદરાવ વચ્ચે સંઘર્ષ થાય એમ પણ ઇચ્છતો હતો. શેલૂકરને એ નાના ફડનવીસના માણસ તરીકે ગણતો હતો ને ગોવિંદરાવને સિંધિયા તરફી.[૧૬] ગોવિંદરાવે હજુ રૂ. ૩૯,૮૨,૭૮૯ જેટલી રકમ પેશવાને ચૂકવવાની બાકી હતી. ગોવિંદરાવ આબા શેલૂકર પ્રત્યે સદ્ભાવ પણ રાખતો હતો. એના મંત્રી રાવજી આપાજીએ ગુજરાતમાં આવી રહેલા શેલૂકરને દસ લાખ રૂપિયાની વ્યવસ્થા કરી આપી, પરંતુ એ ઉછીની રકમ પરત કરવાની શરત બાબતમાં બંને વચ્ચે ઝગડો થતાં ગોવિંદરાવ સમક્ષ એ વાત રજૂ કરવામાં આવી. ગોવિંદરાવે શેલૂકર સામે લશ્કરી તૈયારી શરૂ કરી ને સુરતના અંગ્રેજ પ્રતિનિધિ જોનાથન ડંકન પાસે મદદની માગણી કરી. ડંકનની ઇચ્છા સુરતની આસપાસનો પ્રદેશ તથા સુરત શહેરમાં અને જિલ્લામાં ચોથનો હિસ્સો ગાયકવાડનો હતો તે બ્રિટિશ સરકાર માટે લઈ લેવાની હતી. તેથી એ પ્રમાણે માગણી કરતાં, ગોવિંદરાવે જણાવ્યું કે એ સાલબાઈ કરારના ભંગ સમાન હોવાથી પુણેથી એ અંગે સંમતિ લેવી પડે એમ છે. આ અંગે કંઈ નિર્ણય થાય એ પહેલાં ગોવિંદરાવે શેલૂકર સામે સક્રિય પગલું લીધું.

ગોવિંદરાવે શિવરામ ગારદીને મોટી ફોજ, તોપ, દારૂગોળો, વગેરે આપી શેલૂકર સામે મોકલ્યો. ગારદીએ અમદાવાદને ઘેરો ઘાલ્યો અને છેવટે એણે શેલૂકરને શહેર સોંપવાની ફરજ પાડી. શેલૂકર પાસે ૫,૦૦૦ આરબ અને ૧૦,૦૦૦ની બીજી ફોજ હતી, છતાં એ હાર્યો. છેલ્લી પળ સુધી નાચગાન જોવાની ટેવ એણે છેવટ સુધી છોડી નહોતી. એણે પ્રજા પર ગુજારેલાં ત્રાસ અને દમનથી એ અપ્રિય થઈ પડચો હતો આથી એની હાર થતાં લોકોમાં 'હાથમાં દંડો બગલમાં મોઈ, હવેલી લેતાં ગુજરાત ખોઈ' એવી કહેવત પ્રચલિત બની.[૧૭] શેલૂકરને કેદી બનાવવામાં આવ્યો ને ગાયકવાડના સેનાપતિ બાલાજીએ એને બોરસદના કિલ્લામાં રાખ્યો, જ્યાં એ સાત વર્ષ સુધી નજરકેદ જેવી સ્થિતિમાં રહ્યો.[૧૮] અમદાવાદનો કબજો મેળવ્યા બાદ ગાયકવાડના સૂબેદાર તરીકે રાવબા દાદા થોડો સમય રહ્યો ને એના પછી રઘુનાથ મહીપત આવ્યો, જે 'કાકા સાહેબ'ના નામથી લોકપ્રિય બન્યો. એણે ૧૮૦૯ સુધી સરસૂબા તરીકે વહીવટ ચલાવ્યો. શેલૂકરને કેદ કર્યા બાદ પરિણામ એ આવ્યું કે ગાયકવાડે ઉત્તર ગુજરાતના અડધા ભાગ પરનું વહીવટતંત્ર પેશવાનું હતું તે પોતાના અધિકારમાં લઈ લીધું ને ગુજરાત પ્રાંતમાં જે વિભાજિત સત્તા હતી તેનો અંત

લાવી દીધો, પરંતુ બીજી બાજુ પેશવાએ પોતાના ભાઈ ચિમણાજીની સૂબા તરીકેની નિમણૂકને રદબાતલ ન કરતાં, ગોવિંદરાવ ગાયકવાડને ગુજરાતમાંના પોતાના તમામ હક્ક વાર્ષિક ૫ લાખ રૂપિયાના હિસાબે પાંચ વર્ષ માટે આપ્યા. આ હક્કોમાં સૌરાષ્ટ્ર તથા સોરઠની મહેસૂલ, પેટલાદ નાપાડ રાણપુર ધંધુકા અને ઘોઘાનું મહેસૂલ તથા ખંભાતમાં થોડી જકાતો અને અમદાવાદના મહેસૂલનો સમાવેશ થતો હતો.

હવે પેશવાએ આપેલો ઇજારો ટકાવી રાખવાની ગાયકવાડની તીવ્ર ઇચ્છા, મુંબઈની અંગ્રેજ સરકારની એ વ્યવસ્થા ચાલુ રાખવાની નીતિ તથા પેશવાની ગુજરાતના જિલ્લાઓ ઉપર પોતાનું આધિપત્ય ચાલુ રહે એવું વલણ અપનાવવાની નીતિના કારણે છેવટે પેશવા અને બ્રિટિશ સરકાર વચ્ચે સંબંધો બગડતા ગયા ને એના પરિણામે ગાયકવાડ પેશવાથી સ્વતંત્ર બનતો ગયો. પેશવા પોતાના ગુજરાતના ભાગોનો ઇજારો ગોવિંદરાવને ખરેખર સુપરત કરે તે પહેલાં ગોવિંદરાવનું અવસાન થયું (ઑક્ટોબર ૧૮૦૦). આ સમયે વડોદરા રાજ્ય આર્થિક દૃષ્ટિએ ઘણું નબળું પડી ગયું હતું. વહીવટતંત્રમાં ગેરવ્યવસ્થા હતી. ભાડૂતી આરબ સૈનિકોનું જોર વધેલું હતું. પેશવા અને સિંધિયા ગાયકવાડના રાજ્યનું વિઘટન થાય એવી દૃષ્ટિથી આ પરિસ્થિતિ ખૂબ રસપૂર્વક નિહાળી રહ્યા હતા.[૧૯]

## વડોદરા રાજ્યમાં રાજકીય અસ્થિરતા

ગાદી પ્રાપ્ત કરવા માટે પણ ગોવિંદરાવના પુત્રો વચ્ચે સ્પર્ધાત્મક સંઘર્ષ શરૂ થયો. એના ૧૧ પુત્રોમાં ૭ અનૌરસ હતા, જે ગાદી માટે હક્કદાર ન હતા. હક્કદાર પુત્રોમાં કાન્હોજીરાવ મોટો હતો, પરંતુ ગોવિંદરાવની મુખ્ય રાણી ગહેનાબાઈના પુત્ર આનંદરાવને ગાદી મળે એ માટે વાતાવરણ સર્જાયું. આનંદરાવ (૧૮૦૦-૧૮૧૯) રાજ્ય ચલાવવા માટે નિર્બળ હોવાથી વહીવટી સમિતિ નીમવામાં આવી તેમાં દીવાન રાવજી આપાજી મુખ્ય હતો. દીવાન રાવજી આપાજી આનંદરાવના રાજ્યારોહણ પ્રસંગે બહારગામ હોવાથી તકનો લાભ લઈ કાન્હોજીરાવ, જેને એના પિતા ગોવિંદરાવે કેદમાં પૂરી રાખ્યો હતો, તેણે પોતાનો છુટકારો મેળવ્યો અને પોતાના ભાઈ આનંદરાવના સલાહકારોનો સંપર્ક સાધી, આનંદરાવનો વિશ્વાસ મેળવી, પોતાની નિમણૂક 'મુતાલિક' તરીકે કરાવી રાજ્યના અગત્યનો વહીવટદાર બની બેઠો, પરંતુ એને ફરી કેદ કરવામાં આવ્યો ને રાવજીને ફરી વહીવટી સુકાન સોંપાયું. કાન્હોજીરાવની માતા ગજરા-

બાઈ સુરતમાં શરણાર્થી હતી તેણે ત્યાંના અંગ્રેજોની મદદ મેળવવા પ્રયાસ કર્યો અને સાથે સાથે કડીના જાગીરદાર મલ્હારરાવનો પણ સંપર્ક સાધ્યો.

વડોદરામાં રાજ્યની બાબતોનો હવાલો રાવજી અને બાબાજી એ બે ભાઈઓએ સંભાળી લીધો હતો. રાવજીએ મુલકી અને બાબાજીએ લશ્કરી કામગીરી સંભાળી હતી. એમણે ગજરાબાઈની પ્રવૃત્તિના સમાચાર સાંભળ્યા કે તરત જ મુંબઈ સરકાર પાસે રજૂઆત કરી. આમ બંને હરીફ પક્ષોએ મુંબઈના ગવર્નર ડંકન પાસે મદદ અંગે રજૂઆત કરતાં અંગ્રેજ સરકાર માટે એ સ્થિતિ ગૂંચવાડાવાળી બની ગઈ. ડંકને મેજર વૉકરને રાવજી અને મલ્હારરાવ વચ્ચે લવાદી કરવા મોકલ્યો અને એની સાથે થોડું લશ્કર પણ ટેકારૂપે ખંભાત મોકલ્યું.

મેજર વૉકરે વડોદરા પહોંચી (જાન્યુઆરી ૧, ૧૮૦૨) પરિસ્થિતિ સમજી લીધી. દીવાન રાવજીએ પાંચ યુરોપીય બટાલિયનોનો ખર્ચ ભોગવવાનું સ્વીકારેલું હતું અને ડંકને પોતાની જવાબદારી પર ૧,૬૦૦નું વધુ સહાયક લશ્કર મેજર વૉકરની આગેવાની નીચે મોકલ્યું હતું. પાછળથી બીજી કુમક પણ મોકલવામાં આવી હતી. આ બધાં જ દળ અમદાવાદની ઉત્તરે રાવજી અને બાબાજીના લશ્કર સાથે જોડાઈ જાય અને કામગીરી કરે એવી રીતે ગોઠવણ હતી, પરંતુ ચડાઈનો પ્રશ્ન ૧૮૦૨ના એપ્રિલ સુધી પત્યો ન હતો. ૧૮૦૨માં કડી લેવાયું. મલ્હારરાવ શરણે આવી જતાં એને નડિયાદમાં રહેઠાણ આપવામાં આવ્યું અને પેટાવિભાગના મહેસૂલમાંથી મોટી રકમ નિભાવ માટે આપવાનું નક્કી કરવામાં આવ્યું,. સંખેડાના કિલ્લાનો કબજો ગણપતરાવ ગાયકવાડે પોતાના ભત્રીજા મલ્હારરાવ માટે રાખેલો હતો, તે પણ સત્વર લઈ લેવાયો ને આખા પ્રદેશમાં થોડા સમય માટે શાંતિ સ્થપાઈ (જુલાઈ ૧૮૦૨).[૨૦]

## અંગ્રેજ સરકાર અને વડોદરા – કરાર

ગાયકવાડ કુટુંબના સભ્યોએ જે બંડ કરેલાં તે દબાવી દેવાયાં બાદ ગાયકવાડ સરકાર અને અંગ્રેજ સરકાર વચ્ચે સત્તાવાર કરાર કરવા એવું અગાઉથી નક્કી કરાયું હતું. રાવજીએ ગવર્નર ડંકનની બે વાર મુલાકાત લીધી હતી એને આધારે નવેસરથી કરારની ભૂમિકા તૈયાર કરી લેવામાં આવી, જોકે બધી પરિસ્થિતિ શાંત બન્યા પછી કરારનો અમલ કરવાનો હતો, છતાં લશ્કરી કામગીરી શરૂ થતાં પહેલાં ચોરાસી પરગણું અને સુરતની ચોથનો ગાયકવાડનો હિસ્સો આપી

દેવામાં આવ્યાં હતાં. હવે થયેલા કરાર મુજબ(૬ જૂન, ૧૮૦૩) મલ્હારરાવનું બંડ શમાવી દેવાયા બાદ અંગ્રેજ સરકારે આપેલ ૨,૦૦૦ ની ફોજ તથા તોપખાનું રાખવાનો ખર્ચ મહિને રૂ. ૬૫,૦૦૦ થતો હતો તે ગાયકવાડે ભોગવવાનો હતો અને અંગ્રેજ સરકારને 'જાયદાદ' એટલે કે ઊપજ આપવાની હતી. ધોળકા અને નડિયાદના ભાગ મલ્હારરાવને અપાયેલા ન હતા તેમાંથી આવી 'જાયદાદ' આપવાની હતી. કડી જીતવામાં મદદ કરવા બદલ ઇનામ તરીકે ચીખલી આપવામાં આવ્યું. મુંબઈ અને વડોદરામાં પરસ્પરના રેસિડેન્ટ મોકલવાનું નક્કી કરાયું. વડોદરામાં મુલકી વહીવટમાં ભાડુતી આરબ લશ્કરની જે પકડ અને દખલ હતી તેમાંથી છુટકારો મેળવવા માટે એ આરબોને એમના પગારની ચડેલી બાકી રકમ ૧૭½ લાખ ચૂકવી ૭,૦૦૦ જેટલા સૈનિકોને રાવજીએ મુક્ત કર્યા.

દીવાન રાવજીએ અંગ્રેજ સરકાર પ્રત્યે સદ્ભાવના રાખી વફાદારી બતાવી જે કામગીરી કરી તેનો બદલો મુંબઈ સરકારે એને અને એના વંશજોને વડોદરા રાજ્યનું દીવાનપદ આપીને વાળી આપ્યો.

**વસાઈ કરાર**

મુંબઈ સરકાર અને વડોદરા સરકાર વચ્ચે જે સહાયકારી-સંઘ પ્રકારના કરાર થયા ( જૂન ૬, ૧૮૦૨ ) તેને મહારાજા આનંદરાવે બહાલી આપતાં ( જુલાઈ ૨૯, ૧૮૦૨ ) એ સત્તાવાર કરાર બન્યા.

નાના ફડનવીસના અવસાન (માર્ચ ૧૩, ૧૮૦૦ ) પછી પેશવા બાજીરાવ અને દોલતરાવ સિંધિયા પરના તમામ અંકુશ જતા રહ્યા હતા. સિંધિયા અને હોળકરની પરસ્પરની વિરોધી પ્રવૃત્તિઓ અને અંગ્રેજ સરકારની મરાઠા રાજકારણમાં વધતી જતી દરમ્યાનગીરીને લીધે, પેશવાને છેવટે અંગ્રેજ સરકાર સાથે વસાઈના કરાર કરી આપવા પડ્યા ( ડિસેમ્બર ૩૧, ૧૮૦૨ ). એમાં અંગ્રેજ સરકારે બાજીરાવના પ્રદેશોનું રક્ષણ પોતાના પ્રદેશોની જેમ કરવા માટેની જવાબદારી લીધી, પેશવાએ સહાયક લશ્કરી દળ રાખવાનું સ્વીકાર્યું, અને એના ખર્ચ માટે વાર્ષિક રૂ. ૨૬ લાખની ઊપજવાળા પ્રદેશ આપવાનું કબૂલ્યું. એ પ્રદેશોમાં સુરતનો વાર્ષિક રૂ. ૧૨,૨૮,૦૦૦ની ઊપજવાળો પ્રદેશ મુખ્ય હતો. પેશવાએ એ ઉપરાંત ગાયકવાડે અંગ્રેજ સરકાર સાથે મિત્રતાના કરાર કર્યા હોય તેને માન્ય રાખવાનું અને ગાયકવાડ સાથે જે પ્રશ્નો કે સમસ્યા ઊભાં થાય તેમાં બ્રિટિશ લવાદીને સ્વીકારવાનું કબૂલ રાખ્યું.[૨૧] ગુજરાતની

દૃષ્ટિએ જોઈએ તો પેશવાએ આપેલા પ્રદેશોથી સુરત જિલ્લા પર બ્રિટિશ સત્તા સ્થપાઈ ગઈ. ગાયકવાડે તો એનો હિસ્સો એ અગાઉ અંગ્રેજ સરકારને સોંપી દીધો હતો.

**મેજર વૉકરનું કાર્ય**

મુંબઈ સરકારે મેજર વૉકરની વડોદરા રાજ્યમાં રેસિડેન્ટ તરીકે નિમણૂક કરતાં એ વડોદરામાં આવ્યો (જુલાઈ ૧૧, ૧૮૦૨) અને નામધારી રાજા આનંદરાવને પોતાના અંકુશમાં લઈ લીધો. બ્રિટિશ ફોજે વડોદરા કબજે કર્યું. કાન્હોજીરાવ સાથે જોડાયેલા આરબો સિવાયના બીજા શરણે આવ્યા ને એમનો બાકી રહેલો પગાર ચૂકવી આપતાં, તેઓ ગુજરાત છોડીને ચાલ્યા ગયા, પરંતુ કાન્હોજીરાવને ૧૮૦૩ ના ફેબ્રુઆરી સુધી જીતી શકાયો ન હતો.

આ અરસામાં હોળકર અને સિંધિયા મધ્ય હિંદમાં મોટી લશ્કરી પ્રવૃત્તિઓ કરી રહ્યા હતા અને ગુજરાતમાં બનતા બનાવો પર પ્રલોભક નજર નાખી રહ્યા હતા. હોળકરના પીંઢારાઓની એક ટુકડીએ સુરત અઠ્ઠાવીસી પર ધાડ પાડી અને મોહીન[૨૧અ] કસબાને તારાજ કર્યો, પરંતુ ત્યાંના બાપુ કામવીસદારે એમને નસાડી મૂક્યા. સિંધિયાએ પણ વડોદરા રાજ્ય વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું હતું તેમાંથી લાભ લેવાની ઇચ્છાથી પોતાનો અમદાવાદના ઇજારામાં રહેલો ૧૦ લાખ રૂપિયાનો દાવો રજૂ કર્યો. એણે એક લશ્કરી ટુકડી ગુજરાતના ઉત્તર જિલ્લાઓમાં મોકલી દેવગઢ બારિયા વાંસદા વગેરે લૂંટાવ્યાં. છેવટે દીવાન રાવજીએ અંગ્રેજોની મદદથી સિંધિયા સાથે સમાધાન કર્યું.

જે સમયમાં મેજર વૉકર આરબો અને કાન્હોજીરાવ સામે રોકાયેલો હતો તે સમયે કડીના જાગીરદાર મલ્હારરાવે સૌરાષ્ટ્રમાં જઈ બંડ કર્યું અને ત્યાંના મરાઠા પ્રદેશોમાં લૂંટફાટ ચલાવી, પરંતુ છેવટે એને હરાવવામાં આવ્યો (મે ૩, ૧૮૦૨) અને બીજા બંડખોર ગણપતરાવ ગાયકવાડને પણ હરાવવામાં આવ્યો.[૨૨]

વડોદરામાં જ્યારે કટોકટી પ્રવર્તી રહી હતી ત્યારે સિંધિયા અને કલકત્તાની અંગ્રેજ સરકાર વચ્ચે ઝગડો થાય એવી પેરવી પેશવા કરી રહ્યો હતો. છેવટે જે બન્યું તેમાં સિંધિયા અને અંગ્રેજો વચ્ચે યુદ્ધ થતાં વડોદરામાં રહેલ અંગ્રેજ લશ્કરે સિંધિયા તાબાના ભરૂચ અને પાવાગઢનો કિલ્લો કબજે કર્યો. અંતે સિંધિયા અને અંગ્રેજ સરકાર વચ્ચે સુર્જી અંજનગાંવના કરાર થયા (ડિસેમ્બર ૩૦, ૧૮૦૩) તે અનુસાર સિંધિયાએ પેશવા નિઝામ તથા ગાયક-

વાડ પરના બધા હક્ક છોડી દીધા અને જે જે ખંડિયા તાબેદાર રાજાઓએ અંગ્રેજ સરકાર સાથે અલગ અલગ કરાર કર્યા હોય તેમનું સ્વાતંત્ર્ય સ્વીકાર્યું. અંગ્રેજ સરકારે સિંધિયાને પાવાગઢ અને દાહોદ પાછાં સોંપ્યાં, જ્યારે ભરૂચ પોતાના કબજામાં રાખ્યું.

સિંધિયા સાથેની લડાઈમાં ગાયકવાડની લશ્કરી ટુકડીએ અંગ્રેજ પક્ષે ભાગ લીધો હતો તેનો ખર્ચ મુંબઈની અંગ્રેજ સત્તા ગાયકવાડ પાસેથી વસૂલ લીધો હતો. આ અરસામાં પુણે ખાતેના બ્રિટિશ રેસિડેન્ટે ગાયકવાડને અમદાવાદના ઇજારાની મુદત ફરી લંબાવી આપવામાં આવે એ માટે પ્રયાસ કર્યા હતા. એ ઇજારાની મુદત ૧૮૦૪માં પૂરી થતી હતી. એ ઇજારો ફરી દસ વર્ષ માટે લંબાવી આપવા માટે ભારે પ્રયાસ રેસિડેન્ટે કર્યો. એનો હેતુ અમદાવાદમાં બે પ્રકારનાં સરકાર અને વહીવટ ચાલે તેથી જે અગવડ પડે તે નિવારવાનો હતો. રેસિડેન્ટના પ્રયાસોને પરિણામે પેશવાએ ઇજારાની મુદત ફરી દસ વર્ષ માટે લંબાવી આપી. ઇજારો વાર્ષિક ૪½ લાખ રૂપિયા પ્રમાણે ભગવંતરાવ ગાયકવાડને આપવામાં આવ્યો ( ઑક્ટોબર ૧૮૦૫ ). આ તરફ ગાયકવાડ અને અંગ્રેજ સત્તા વચ્ચે નિર્ણાયક કરાર ( Definitive Treaty ) થયા. અમદાવાદના ઇજારાની મુદત ફરી વધારી આપવાથી અગાઉના સમયમાં થયેલા બધા કરાર, જેવા કે ૧૮૦૨ નો કરાર, વસાઈનો કરાર વગેરેને એક જ કરારમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા[૨૪] આ નવા કરારમાં અગાઉના બધા કરારોને મંજૂર રાખવામાં આવ્યા અને એ બધાની જોગવાઈઓને વસાઈના કરારની જોગવાઈઓ સાથે સુસંગત બનાવવામાં આવી. સહાયક દળના નિભાવ ખર્ચ માટે વાર્ષિક રૂ. ૧૧,૭૦,૦૦૦ ની ઊપજવાળા જિલ્લા આપવામાં આવ્યા. ૧૮૦૨ માં આરબોને ચૂકવવા માટે આપેલી ઉછીની રકમ પરત લેવાની ગોઠવણ પણ નક્કી કરવામાં આવી. સૌરાષ્ટ્રમાં જરૂર પડતાં સહાયક દળનો અમુક ભાગ સત્વર મળી શકે એવું પણ નક્કી કરાયું. ગાયકવાડના તમામ ઝગડાઓમાં, એટલે કે માત્ર વિદેશી રાજ્યો સાથે જ નહીં પણ નાણાકીય લેવડદેવડના હિસાબોની ગોઠવણમાં પેશવા સાથે જે કંઈ પ્રશ્નો ઉપસ્થિત થાય તેમાં પણ અંગ્રેજ સત્તા લવાદ તરીકે રહે અને જે નિર્ણય આપે તે કબૂલ રાખવાનું ઠરાવાયું.

પેશવાએ ગાયકવાડને અમદાવાદનો ઇજારો ફરી લંબાવી આપ્યો એ બાબત ખૂબ સૂચક હતી. પેશવા આ સમયે અંગ્રેજ સત્તા સામે એક મરાઠા સંઘ રચવાની યોજના ઘડી રહ્યો હતો. પોતાનું સ્થાન અને સત્તા વિદેશી સત્તાની લવાદી પર આધારિત છે એ બાબતની જાણ એ એના મરાઠા

સરદારોને થવા દેવા માગતો ન હતો, વળી અમદાવાદનો ઇજારો દશ વર્ષ જેવી લાંબી મુદત માટે તાજો કરી આપ્યો એમાં પણ એનો ચોક્કસ હેતુ હતો. ગાયકવાડ પાસેની પોતાની નાણાકીય માગણીઓના સંબંધમાં બ્રિટિશ સત્તા ગાયકવાડના તંત્રમાં લવાદી તરીકે તપાસ કરવામાં પ્રવૃત્તિશીલ રહે અને ધ્યાન કેંદ્રિત કરે, જ્યારે પોતે દખ્ખણમાં એ સત્તા વિરુદ્ધ કાવતરાં વિના અવરોધે રચી શકે અને ધ્યાન કેંદ્રિત કરી શકે, તેથી પેશવા દરેક તબક્કે ગાયકવાડ તરફથી થતી રજૂઆતો પર ગમે તે બહાનું કાઢી વિચારણા ચલાવવાનું આવાં કારણોસર મુલતવી રાખતો ગયો અને વિલંબમાં નાખતો રહ્યો.

લગભગ બે વર્ષ સુધી કોઈ મહત્ત્વપૂર્ણ બનાવ ગુજરાત સંબંધમાં ન બન્યો. બાબાજીએ સૌરાષ્ટ્રના લશ્કરનો હવાલો છોડી દીધો અને વિઠ્ઠલરાવ દેવાજીને આપ્યો. એ વડોદરા આવ્યો અને મુલકી વહીવટીતંત્રમાં જોડાઈ ગયો. વૉકર પણ વડોદરા રાજ્યની બાબતોમાં અને હોળકરના દરબારમાં ભાગેડુ તરીકે રહેલા કાન્હોજીરાવના હુમલાઓ અને ખટપટો સામે પ્રતીકાર કરવાની વ્યવસ્થામાં પ્રવૃત્ત રહ્યો. એણે આબા શેલૂકરને તેને મુંબઈની સત્તાને હવાલે કરી દીધો, જેથી એ નવાં કાવતરાં કરી ન શકે. આ પછી કર્નલ વૉકરે સૌરાષ્ટ્રની ખંડણીના પ્રશ્નનું નિરાકરણ કરવા તરફ ધ્યાન કેંદ્રિત કર્યું.

વડોદરા રાજ્યના મહારાજા આનંદરાવની ચિત્તભ્રમની સ્થિતિ ચાલુ હતી. હોળકરની છાવણીમાંથી ગિરફતાર થયેલા એના ભાઈ ફત્તેસિંહરાવને છોડાવવામાં આવ્યો અને એને રાજ્યપાલક ( Regent ) બનાવવામાં આવ્યો ( એપ્રિલ ૩, ૧૮૦૬ ).[૨૪] દીવાન સીતારામ, જે એના પિતા રાવજી આપાજી પછી હક્કની રૂએ દીવાન બન્યો હતો તે, ભારે બિનઆવડતવાળો ને ખટપટી હતો. પોતાની સત્તા ટકી રહે એ માટે એ સ્થાનિક મરાઠા સરદારો અને લશ્કરી અધિકારીઓને સતત ઉશ્કેરતો રહેતો, આથી એના તરફનો ભય ઓછો કરવા ફત્તેસિંહરાવની પસંદગી કરવામાં આવી હતી. ફત્તેસિંહરાવ (બીજાએ) રાજ્યપાલક તરીકે ૧૮૧૮ સુધી શાસન ચલાવ્યું. એને મદદરૂપ બનવા બાબાજીને સૌરાષ્ટ્રમાંથી બોલાવવામાં આવ્યો. એ બંનેએ મળીને દીવાન સીતારામનાં સત્તા અને પ્રભાવ ઓછાં કર્યાં.

અઢારમી સદી અને ઓગણીસમી સદીના આરંભમાં સૌરાષ્ટ્રમાં રાજકીય સ્થિતિ ભારે ગૂંચવાડાવાળી, વ્યવસ્થાતંત્ર વગરની અને રાજકીય કુસંપો લડાઈ તેમજ અરાજકતાવાળી હતી; ત્યાં રાજકીય એકતાનો અભાવ હતો.

## મુલકગીરી

સૌરાષ્ટ્રની સામાજિક સ્થિતિ જોઈએ તો વસ્તીનો મોટો ભાગ બે વર્ગો—રાજાઓ( ભૂમિયા ) અને ખેતીકારો( રૈયત )માં—વહેંચાયેલો હતો. રાજાનો અધિકાર માત્ર એક ગામ પૂરતો મર્યાદિત હોય અથવા એનાથી વધુ ગામ પર એની સત્તા પ્રવર્તતી. રૈયત રાજ્યમાં લાંબા સમયથી વસવાટ કરતી પ્રજા હતી. રાજાઓ અથવા સરદારો મોટે ભાગે ઉત્તર કે ઉત્તર-પૂર્વ દિશામાંથી આવેલા અને બળપૂર્વક સત્તા હાંસલ કરનારા હતા. અહીં રહેતા મુસ્લિમ અમીરો અમદાવાદના દરબારમાંથી છૂટા થઈ કિસ્મત અજમાવવા આવેલા હતા. કાઠીઓ મુખ્યત્વે લૂંટફાટ તથા ઢોર ચોરી જવાના વ્યવસાયમાં પ્રવૃત્ત રહેતા. દરિયાકાંઠે વસતા મિયાણા અને વાઘેરો વહાણો ભાંગવાનો અને ચાંચિયાગીરીનો ધંધો કરતા. રાજપૂતોની પણ વિપુલ સંખ્યા હતી. તેઓ સૌરાષ્ટ્રમાં જુદા જુદા ભાગોમાં સત્તાધીશ બનેલા હતા. તેઓ તથા એમના સરદારો પોતે મેળવેલી જમીનમાંથી થોડો ભાગ પોતાના સગાઓને આપતા. આવા લોકો ગરાશિયા તરીકે ઓળખાયા. જેઓ સાહસિક અને પરાક્રમી હતા તેઓ એમના પડોશીઓની જમીન પડાવી લઈ એના માલિક બની જતા. જ્યારે એમની સત્તા પૂરેપૂરી જામી જાય ત્યારે તેઓ સ્વતંત્ર સત્તા ભોગવતા. તેઓમાં ઠાકોર, રાવળ, રાણા કે રાજા, તાલુકદાર વગેરે વ્યવસ્થિત વર્ગ રચાયા.[૨૫] બધાં નાનાં મોટાં રાજ્ય આ રીતે રચાયાં. તેઓની વચ્ચેના સંબંધો માટે "બળવાનનો સિદ્ધાંત" કામ કરતો. બળવાન નબળાને દબાવી દેતો. બધે જ સામાન્યપણે અવિશ્વાસનું વાતાવરણ ફેલાયેલું રહેતું. વહીવટીતંત્ર માટે ચોક્કસ ધોરણ ન હતું. વેરા લાદવામાં આવતા અને એની વસૂલાત વખતે લોક સામનો કરતા, આથી ચડિયાતી તાકાતને જ નમતું આપવાની પ્રણાલિકા અમલમાં આવી. આવી પદ્ધતિથી ઘણાં અનિષ્ટ સર્જાયાં. રાજ્યનાં શક્તિ અને પ્રભાવ નબળાં પડતાં ગયાં અને જોરદાર હુમલાઓ સામે સામનો કરનારનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું.

આવા પ્રકારની સ્થાનિક વિચિત્રતા અને પ્રાંતમાં સામાન્ય એકતાના અભાવના કારણે મુઘલો અને મરાઠાઓને મહેસૂલ ઉઘરાવવા માટે ત્યાં કાયમી મોટાં લશ્કર રાખીને ભારે ખર્ચ ભોગવવા કરતાં સમયે સમયે સવારીઓ કરવાની પદ્ધતિ વધુ અસરકારક અને લાભદાયી લાગી. મુસ્લિમોએ આવી પદ્ધતિ અપનાવી હશે, એમનું અનુકરણ મરાઠાઓએ કર્યું હોવાનો સંભવ છે, કારણ કે મુસ્લિમો જોધપુરથી દ્વારકા સુધીના વિસ્તારોમાં ખંડણી ઉઘરાવતા હતા.

અમદાવાદના કેટલાક સૂબેદારોએ પોતાના ખંડિયા પ્રદેશોને વસૂલાત માટે ત્રણ વર્તુળોમાં વહેંચ્યા હતા અને પોતે દરેક વર્તુળનો એક એક વર્ષે હવાલો સંભાળતા અને લશ્કર સાથે જતા. આ 'પ્રદેશ-હલ્લો' કરવાની પદ્ધતિ 'મુલકગીરી'' કહેવાતી; જો કે જૂનાગઢના બાબી શાસક અને ભાવનગરના રાજા એમના નબળા પડોશીઓના પ્રદેશો પર પોતાની આગવી રીતે હલ્લો કરતા ને મહેસૂલ ઉઘરાવતા. ખંડણી માટેનું ધોરણ નક્કી રહેતું. ગયા વર્ષે જે માગણી કરી હોય તેનાથી ઓછી માગણી બીજા વર્ષે કરવી નહિ એવો મરાઠાઓએ નિયમ અપનાવ્યો હતો. ઓછી માગણી કરવાની પદ્ધતિ ભવિષ્યમાં ખંડણી ઓછી કરવા માટે ઉદાહરણરૂપ બની ન જાય એ માટે તેઓ ખાસ કાળજી રાખતા. તેઓ એક કે બે વર્ષની બાકી ખંડણી પૂરેપૂરી ચૂકવાય તો ઓછા દરે વસૂલ લેવાનું પસંદ કરતા, પરંતુ જે નક્કી થાય તેની બરાબર પૂરી રીતે વસૂલાત લેતા. આમ કલ્પિત ખંડણી, જેને 'જમા' કહેવામાં આવતી તે, ઉપરાંત 'ખરા-જાત' નામની વધારાની રકમ પણ ઉઘરાવાતી, પરંતુ એના પ્રમાણનો આધાર મરાઠાઓ પાસે એ સમયે કેટલું લશ્કરી પીઠબળ છે એના પર રહેતો. આવી 'ખરા-જાત'ની શરૂઆત શિવરામ ગારદીથી થઈ અને બાબાજી તથા વિઠ્ઠલરાવે એમાં વધારો કર્યો. એમણે વસૂલાતનું કાર્ય ખૂબ તકેદારીથી કર્યું. ૧૮૦૮ પહેલાં વિઠ્ઠલરાવ પાસે એવું શક્તિશાળી લશ્કર રહેતું કે 'ખરા-જાત'નો ભાગ હમેશાં ખંડણીની સમગ્ર રકમમાં વધુ રહેતો. આવી રકમ લોક વિરોધ સાથે ચૂકવતા.

## બ્રિટિશ દરમ્યાનગીરી

૧૯ મી સદીના આરંભમાં સૌરાષ્ટ્રમાં આવી રાજકીય સામાજિક અને આર્થિક શોષણની સ્થિતિ પ્રવર્તતી હતી તેવે સમયે ગોહિલવાડ અને સોરઠના નાના ઠાકોરોએ વડોદરાના રેસિડેન્ટ પાસે જૂનાગઢના નવાબ અને ભાવનગરના રાજાઓની મુલકગીરી સામે રક્ષણ માગ્યું અને બદલામાં તેઓએ એમની રાજ્યની સર્વોપરિ સત્તા, અમુક શરતોને અધીન રહીને, બ્રિટિશ સત્તાને સોંપવા તૈયારી બતાવી, પરંતુ મુંબઈની અંગ્રેજ સત્તાનું પેશવા સિંધિયા અને ગાયકવાડના રાજ્યની બાબતોમાં ધ્યાન કેંદ્રિત હોવાથી એમણે આ બાબત લક્ષમાં લીધી નહિ, પરંતુ ૧૮૦૭ માં વડોદરાના રેસિડેન્ટ કર્નલ વોકરને મોકલવામાં આવ્યો. એણે અને વિઠ્ઠલરાવ દેવાજીએ ભેગા મળી જે રીતે આખા પ્રશ્નનું સમાધાન કર્યું તે આ ગ્રંથમાં અન્યત્ર વિગતવાર નિરૂપવામાં આવ્યું છે. 'વોકર સેટલમેન્ટ' તરીકે ખ્યાત બનેલા આ સમાધાનનાં નાણાકીય અને

રાજકીય પાસાં હતાં.[૨૬] દરબારો રાજાઓ મુખીઓ વગેરે પાસેથી લેવાતી ખંડણી-પદ્ધતિમાં જે ફેરફાર થયા તે ખાસ નોંધપાત્ર છે. પહેલું તો એ થયું કે બ્રિટિશ સત્તા સાથેના ખંડણી આપનારના સંબંધ નવા ધોરણે રચાયા, બીજું કે બંને પક્ષો–ગાયકવાડ અને ખંડણી આપનારાઓ–પર બ્રિટિશ સત્તાનો પ્રભાવ ભારે પડ્યો તથા મુંબઈની અંગ્રેજ સત્તા અને વડોદરા રાજ્યની સત્તા વચ્ચેના સંબંધ વધુ ગાઢ બન્યા. ત્રીજું એ જોવામાં આવ્યું કે નવી પરિસ્થિતિમાં પેશવા અને ગાયકવાડ વચ્ચેના પ્રશ્નોનું નિરાકરણ થવામાં વિલંબ થતો રહ્યો અને વધુ ચર્ચાઓ ચાલતી રહી, કારણ કે પ્રસ્તુત સમાધાનમાં પેશવાનાં સત્તા અને અધિકાર વિશે મૌન રાખવામાં આવ્યું હતું; જો કે ૧૮૦૭-૧૮૦૮ ના સમયમાં પેશવાના ગુજરાતના પ્રદેશોનો ઇજારો ગાયકવાડ પાસે રહ્યો હતો તેથી કદાચ આવું બનવા પામ્યું હશે. પાછળથી એટલે કે ઇજારાની મુદત પૂરી થતાં (૧૮૧૪) પેશવાએ આ બાબતને બરાબર સમજી લઈ, ગાયકવાડ સાથે વાટાઘાટોમાં વિલંબની નીતિ પોતાના અન્ય રાજકીય હેતુસર અપનાવી હતી. ચોથું અને છેલ્લું લક્ષણ એ હતું સૌરાષ્ટ્રના સમગ્ર મહેસૂલી તંત્રમાં જે અનિશ્ચિતતા પ્રવર્તતી હતી તે દૂર થઈ. દરબારો સરદારો રાજાઓ વગેરેના એમની પ્રજા સાથેના સંબંધ સુધારવાનો અને વધુ લાભદાયી બનાવવાનો સંગીન પ્રયાસ થયો હતો.

## સૌરાષ્ટ્રમાં પેશવાનો ભાગ

'વૉકર સેટલમેન્ટ' થયું તે સમયે પેશવાના પ્રદેશોનો ઇજારો ગાયકવાડ પાસે હતો. ૧૮૦૪ માં પેશવાએ એને દસ વર્ષ માટે આપ્યો હતો, પરંતુ આ સમાધાન થયા પછી પણ છ વર્ષ સુધી પેશવાને 'વૉકર-સેટલમેન્ટ'માં કરવામાં આવેલી વ્યવસ્થાની જાણ સત્તાવાર કરવામાં આવી ન હતી. ઇજારાની મુદત પૂરી થતી વખતે (૧૮૧૪) પુણેના અંગ્રેજ રેસિડેન્ટે એ ઇજારો પેશવા ફરી પાછો તાજો કરી આપે અને મુદત લંબાવી આપે એ માટે ભારે પ્રયાસ કર્યા. કરારના મુસદ્દામાં સમગ્ર હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો. 'વૉકર-સેટલમેન્ટ'ની નાણાકીય બાબતમાં કરારના પાલન માટે જે જામીનગીરી દસ વર્ષ માટે લેવાઈ હતી અને દસ વર્ષે એ બદલવાની હતી, એવું દર્શાવવાને બદલે રેસિડેન્ટે ભૂલથી ખંડણીની રકમને દસ વર્ષ માટે નિયત કરેલી બતાવી. હકીકતમાં ખંડણીની રકમ તો કાયમ માટે નિયત કરવામાં આવી હતી. રેસિડેન્ટે આવો ભૂલવાળો મુસદ્દો રજૂ કરતાં પેશવાએ પોતે વાટાઘાટો લંબાવ-વાના હેતુથી એક મુસદ્દો તૈયાર કર્યો, જેમાં એણે ખંડણી દસ વર્ષ માટે નક્કી

થઈ હોવાથી, સમય વીત્યા બાદ એમાં વધારો કરવો જોઈએ એવી રજૂઆત કરી અને એ પણ જણાવ્યું કે ગાયકવાડે અમુક રકમ, જે વધારાની રકમ તરીકે ઉઘરાવી છે તે પણ પેશવાને આપી દેવી જોઈએ. વધુમાં એણે એવું માન્યાનું જણાવ્યું કે ખંડણી માટે બ્રિટિશ સત્તા જામીન તરીકે રહેલી છે તેથી એણે પેશવાને બધી રકમ અપાવવી જોઈએ. આમ પેશવાએ ખૂબીપૂર્વક 'વૉકર–સેટલમેન્ટ'નું અર્થઘટન રેસિડેન્ટની ભૂલના કારણે કર્યું. પેશવાનો આ મુસદ્દો ગાયકવાડ અને એમના જામીન અંગ્રેજોને અમાન્ય હોવાથી બંને પક્ષો વચ્ચે સમજૂતી પર આવવાનું શક્ય ન હતું.

રેસિડેન્ટ જે સમયે પેશવા પાસે ઇજારાની મુદત વધારી આપવા પ્રયાસ કરતો હતો તે સમયે પેશવા અને ગાયકવાડ વચ્ચે ખંડણીની અને અન્ય રકમોની બાબતમાં ઉકેલ લાવવા વડોદરાથી ગંગાધર શાસ્ત્રીને મોકલવામાં આવ્યો (ઑક્ટોબર ૨૯, ૧૮૧૩).

શાસ્ત્રીએ અગાઉ પેશવાના કાર્યાલયમાં હોશિયાર કારકુન તરીકે નામના મેળવી હતી અને વડોદરામાં ૧૮૦૨ માં બ્રિટિશ રેસિડેન્સીની સ્થાપના કરવામાં આવી ત્યારે દીવાન રાવજી આપાજી સાથે એને વડોદરા મોકલવામાં આવ્યો હતો. શાસ્ત્રીએ રેસિડેન્સીમાં દેશી સહાયક તરીકેની નોકરી સ્વીકારી અને વડોદરામાં બનતા બધા બનાવો કે રેસિડેન્ટ વિરુદ્ધ થતી વાતો અને બાબતોથી માહિતગાર રહી બધી માહિતી રેસિડેન્ટને આપવાની કામગીરી બજાવી હતી, આથી વડોદરાના રાજકુટુંબમાં રાણીઓ, દીવાન સીતારામ રાવજી વગેરે એના પ્રત્યે ધિક્કાર બતાવતા થયા. પરિણામે બ્રિટિશ–વિરોધી એક જૂથ રચાયું. એ જૂથે એમના તરફથી રજૂઆત કરવા અને પેશવાનો ટેકો મેળવવા ૧૮૧૪ માં ગોવિંદરાવ બંધુજી ગાયકવાડને પુણે મોકલ્યો. પુણેમાં ખુરસેતજી મોદી અને ત્ર્યંબકજી ડેંગળેએ ગોવિંદરાવને મિત્ર બનાવ્યો. ટૂંક સમયમાં વડોદરાથી ભગવંતરાવ ગાયકવાડ પણ આવા જ કામ માટે પુણે ગયો. ગોવિંદરાવ અને ભગવંતરાવે મુંબઈની અંગ્રેજ સત્તાના કાર્યાલયમાં પોતાના માણસ રાખીને બ્રિટિશ યોજનાઓ અને પગલાંની માહિતી ગુપ્ત રીતે મળતી રહે એવી વ્યવસ્થા કરી. પુણેમાં વડોદરાના માણસ કેવી પ્રવૃત્તિઓ કરી રહ્યા છે એની જાણ ગંગાધર શાસ્ત્રી વડોદરામાં રેસિડેન્ટને કરતો રહેતો. આથી ગંગાધર શાસ્ત્રી વડોદરામાં અને બહારના ભાગોમાં ભારે ટીકાપાત્ર વ્યક્તિ બની ગયો.

## ગંગાધર શાસ્ત્રીની હત્યા

પેશવાની ગાયકવાડ પાસે ઘણી મોટી લહેણી રકમ નીકળતી હતી. વાર્ષિક રૂપિયા ૨૪ લાખની ખંડણી તથા ઉત્તરાધિકારી–પદ માટેની ' નજરાણા 'ની રકમ ઘણા સમયથી ગાયકવાડ પાસે ચડતી થઈ હતી. આવી રકમ ૧૭૫૩ થી ત્રણ કરોડ જેટલી ગણવામાં આવતી હતી.[૨૭] પેશવાએ ગાયકવાડ પાસે આ રકમ માગી. હવે પેશવા આમાં વિલંબ કરવા માગતો ન હતો. એના નિરાકરણ માટે ૧૮૦૭ થી પ્રયાસ શરૂ કરવામાં આવ્યા હતા. ફત્તેસિંહરાવે ૧૮૧૨ માં આ કામ માટે ગંગાધર શાસ્ત્રીને મોકલવાનું સૂચવ્યું. મુંબઈની સત્તાએ એને માટે સંમતિ આપી અને શાસ્ત્રીને રક્ષણની ખાસ બાંહેધરી આપી એ કામ સ્વીકારવા અનુરોધ કર્યો. કામગીરીની વિગતો નક્કી કરવામાં વડોદરા સરકાર, વડોદરા રેસિડેન્સી, મુંબઈની સત્તા, પુણે રેસિડેન્સી અને પેશવા સરકારને લગભગ એક વર્ષ વીતી ગયું. વડોદરા છોડતાં પહેલાં શાસ્ત્રીએ પોતાનું વસિયતનામું તૈયાર કર્યું અને એના પર ફત્તેસિંહરાવે હસ્તાક્ષર કર્યા ! એ અગાઉ શાસ્ત્રીએ પોતાની નોકરી વડોદરા રેસિડેન્સીમાંથી ગાયકવાડ સરકારમાં મુતાલિક–પદે વાર્ષિક રૂ. ૬૦૦૦ ના પગારથી ફત્તેસિંહરાવની માગણીથી તબદીલ કરી હતી.

પેશવા–ગાયકવાડ વચ્ચેનો જે બીજો ચર્ચાસ્પદ મુદ્દો હતો તે તળ-ગુજરાતમાં ગાયકવાડ સાથેના અડધા હિસ્સાનો હતો. અમદાવાદની વ્યવસ્થામાં પોતાના અડધા ભાગનો હિસ્સો પેશવાએ ગોવિંદરાવ ગાયકવાડના પુત્ર ભગવંતરાવને આપ્યો હતો. એ ઇજારો પેશવાએ દસ વર્ષ માટે ગાયકવાડ પ્રતિવર્ષ ૪૬ લાખ રૂપિયા એને આપે એ શરતે ફરી લંબાવી આપ્યો હતો (ઑક્ટોબર ૨, ૧૮૦૪) અને એ દસ વર્ષની મુદત ૧૮૧૪ માં પૂરી થવા આવતી હતી. બ્રિટિશ સત્તાની હાર્દિક ઇચ્છા એ ઇજારો ગાયકવાડને વધુ મુદત માટે ફરી લંબાવી આપવામાં આવે એવી હતી, પરંતુ પેશવાએ એની મુદત વધુ લંબાવી આપવાની સ્પષ્ટ ના પાડી અને એક લિખિત આદેશથી એ ઇજારો એના માનીતા ત્ર્યંબકજી ડેંગળેને આપ્યો (ઑક્ટોબર ૨૩, ૧૮૧૪). ત્ર્યંબકજીએ જાતે અમદાવાદ ન જતાં પોતાના વતી વિઠ્ઠલ નરસિંહને મોકલી આપ્યો.

ગંગાધર શાસ્ત્રી પુણે આવ્યા બાદ (ફેબ્રુઆરી ૧૮૧૪) પેશવાએ પોતાના વતી વડોદરાના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટો ચલાવવા ત્ર્યંબકજીની નિમણૂક કરી. શાસ્ત્રી પ્રત્યે પેશવા અને એના પ્રતિનિધિઓનાં વલણ અને વ્યવહાર

શુષ્ક રહ્યાં. પુણેના રેસિડેન્ટે જૂનમાં મુંબઈ સરકારને પુણેમાં રહીને કાવતરાં કરતા ગોવિંદરાવ બંધુજી વિશે ફરિયાદ કરી હતી. ગંગાધર શાસ્ત્રીને પણ લાગ્યું કે ઝગડામાં મારી મધ્યસ્થીને સ્વીકારવાની પેશવાની ઇચ્છા નથી અને દરેક જણ મારી પાસેથી નાણાં કઢાવવા માગે છે, આથી એણે વડોદરા પાછા ફરવાનું નક્કી કર્યું. ત્યાં એને દીવાનપદ ચોક્કસપણે આપવામાં આવનાર હતું. પુણેનો રેસિડેન્ટ એલ્ફિન્સ્ટન પણ એ સાથે સહમત થયો, પરંતુ શાસ્ત્રીને લાગ્યું કે જો હું કશું પણ સિદ્ધ કર્યા વગર વડોદરા પાછો ફરીશ તો મારા હરીફ સીતારામ અને વડોદરાના અધિકારી વર્ગને વધુ બળ મળશે અને તેઓ વિરોધી પ્રવૃત્તિઓ વધુ કરશે. બીજી બાજુ પેશવાને લાગતું હતું કે શાસ્ત્રીની કામગીરી બ્રિટિશ સત્તાએ ગોઠવી હતી અને જો શાસ્ત્રી નાલેશીભરી સ્થિતિમાં વડોદરા પાછો ફરશે તો બ્રિટિશ સત્તા અમારા અને ગાયકવાડી સરકાર પર ભારે નાગજ થશે અને એનો બદલો લેશે, આથી એમાંથી માર્ગ કઈ રીતે કાઢવો એ વિચારવામાં બાજીરાવ અને ત્ર્યંબકજીએ ૧૮૧૪ નું વર્ષ વિતાવ્યું.

૧૮૧૫ ના આરંભમાં ગોવિંદરાવનો અનૌરસ પુત્ર ભગવંતરાવ ગાયકવાડ પુણે ગયો અને નવેસરથી ખટપટો શરૂ થઈ. પેશવાએ એને ભારે માન આપ્યું. પેશવાને એના વડોદરામાંના ગુપ્તચરો તરફથી એવા સમાચાર મળ્યા કે વડોદરામાં આનંદરાવ અને ફત્તેસિંહરાવને બ્રિટિશ રક્ષકોના જાપ્તામાં લગભગ કેદી જેવી સ્થિતિમાં રાખવામાં આવ્યા છે. પેશવાએ આ બાબતની પુણેના રેસિડેન્ટ એલ્ફિન્સ્ટનને જાણ કરતાં રેસિડેન્ટે એ માનવા ના પાડી, આથી એમની વચ્ચે પેશવા અને ગાયકવાડનાં સ્થાન–મરતબા વિશે ઉગ્ર ચર્ચા થઈ. એમાં ગાયકવાડ અમારા ખંડિયા રાજા તરીકે લાંબા સમયથી હોવાથી એની મુશ્કેલીના સમયમાં સારસંભાળ રાખવાની અમારી ફરજ છે અને એ માટે અમે અમારા વિશ્વાસુ પ્રતિનિધિઓને રેસિડેન્ટથી અલગ રીતે મોકલવા મુખત્યાર છીએ એવો દાવો પેશવાએ રજૂ કર્યો. એલ્ફિન્સ્ટને એવી રજૂઆતને નકારી કાઢી અને પેશવાની સ્વાધીન સત્તાનો ઇન્કાર કર્યો. આમ દાવા અને પ્રતિદાવા લાંબા સમય સુધી ચર્ચાતા રહ્યા. ૧૮૧૫ ના વર્ષમાં અંગ્રેજ સત્તા નેપાળ-યુદ્ધમાં રોકાયેલી હતી અને એને વારંવાર પીછેહઠ કરવી પડતી હતી તેથી વડોદરા અને પુણેના રેસિડેન્ટોએ પેશવાની બાબતમાં ઉગ્ર વલણ લેવાનું વિચારપૂર્વક નિવાર્યું. ૧૮૧૫ ના ફેબ્રુઆરીમાં એલ્ફિન્સ્ટને સીતારામના પ્રતિનિધિઓની ખટપટી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ પેશવા સમક્ષ કરી એમને બ્રિટિશ હવાલે કરવા તાકીદ કરી. જો તમે એમ ન કરો તો અમે ગંગાધર શાસ્ત્રીને વડોદરા પાછા જવા કહીશું

એમ જણાવ્યું. એલ્ફિન્સ્ટને શાસ્ત્રીને વડોદરા પાછા જવા કહ્યું, પરંતુ શાસ્ત્રીએ પોતાની રીતે કામ કરવાની ઇચ્છા દેખાડતાં થોડો સમય આપવા વિનંતી કરી, જે મંજૂર રાખવામાં આવી.

પરિસ્થિતિમાં આ પ્રમાણે વળાંક આવતાં પેશવા બાજીરાવ અને ત્ર્યંબકજી માટે ભારે ગૂંચવાડો ઊભો થયો. જો બ્રિટિશ મધ્યસ્થી છોડી દેવામાં આવે તો લહેણી રકમનો ઊકેલ આવે એમ નહોતું અને જો શાસ્ત્રીને ખાલી હાથે પાછો ફરવા દેવામાં આવે તો અંગ્રેજ સત્તાને પોતાનું સ્વમાન ઘવાયાની લાગણી થાય અને પરિણામે પેશવા એનો ગાયકવાડ પરનો અધિકાર અને લહેણી રકમ પણ ગુમાવે, આથી પેશવા અને ત્ર્યંબકજીએ શાસ્ત્રી પ્રત્યેના વ્યવહારમાં અચાનક પરિવર્તન લાવી,સૌજન્ય બતાવી વિવેકથી વાટાઘાટો શરૂ કરી. ગાયકવાડ વાર્ષિક ૭ લાખની ઊપજવાળો પ્રદેશ પેશવાને આપે અને ગાયકવાડ કાયમ માટે પેશવાના બંધનમાંથી છુટકારો મેળવી શકે એવી દરખાસ્ત એણે રજૂ કરી. શાસ્ત્રીએ એને આવકારી અને વડોદરા મંજૂરી માટે મોકલી આપી. એલ્ફિન્સ્ટને શાસ્ત્રીને મંજૂરી આવતાં સુધી રોકાઈ જવા કહ્યું. બીજી બાજુએ પેશવા અને ત્ર્યંબકજીએ માર્ચ અને એપ્રિલ દરમ્યાન શાસ્ત્રી પ્રત્યે વિવેકપૂર્ણ અને મીઠો વ્યવહાર રાખી, એનો વિશ્વાસ સંપાદિત કરી નિકટતા કેળવી અને એક તબક્કે શાસ્ત્રીને વડોદરા છોડી પુણે આવી પેશવાના મંત્રી તરીકે જોડાઈ જવાની દરખાસ્ત કરી. આવી ભ્રામક વાતો અને વ્યવહારથી શાસ્ત્રી અંજાઈ ગયો. એણે પુણેમાં જનોઈવ્રત ભારે ધામધૂમથી ઊજવ્યું (એપ્રિલ ૧૯ ) એમાં પેશવાએ પણ હાજરી આપી. એ પછી પેશવાએ પોતાની સાળીનું લગ્ન શાસ્ત્રીના પુત્ર સાથે કરવાની દરખાસ્ત કરી. પેશવામાં આવેલા આવા પ્રકારના પરિવર્તનથી બધાએ ભારે આશ્ચર્ય અનુભવ્યું.

મુંબઈની અંગ્રેજ સત્તાને શાસ્ત્રીની આવી રીતભાત પસંદ નહોતી, કારણ આવા લગ્નસંબંધોથી ગાયકવાડના રાજ્યમાં દરમ્યાનગીરી કરવાના પેશવાના હક્કનો સ્વીકાર થતો હતો અને વળી શાસ્ત્રી પુણે દરબારમાં બ્રિટિશ બાંહેધરી અને રક્ષણ હેઠળ એલચી તરીકે આવ્યો હતો, આથી મુંબઈની અંગ્રેજ સત્તાએ શાસ્ત્રીની કામગીરી જેમ બને તેમ જલદીથી આટોપી લેવાનો હુકમ કર્યો (મે ૮), પરંતુ એ હુકમ પુણે આવે એ પહેલાં શાસ્ત્રી નાસિક ત્ર્યંબક અને પંઢરપુરની યાત્રા કરવા માટે અને નાસિકમાં પોતાના પુત્રના લગ્નની ઉજવણી માટે નીકળી ગયો હતો. દરમ્યાનમાં વડોદરાથી સંદેશો આવ્યો કે ફત્તેસિંહરાવે પેશવાને ૭ લાખ

રૂપિયાની ઊપજવાળો પ્રદેશ આપવાની દરખાત માન્ય રાખી નથી, આથી શાસ્ત્રીને ભારે દ્વિધા થઈ અને એણે પેશવાથી ખૂબીપૂર્વક છૂટા પડી જવા વિચાર્યું. એણે પુત્રનાં લગ્ન કરવાની ના પાડતાં પેશવાનું સ્વમાન ભારે ઘવાયું. લગ્નની સર્વ તૈયારી થઈ ચૂકી હતી અને શાસ્ત્રીએ વિચાર બદલી નાખતાં પેશવા જેવા મરાઠા રાજ્યના વડાનું અપમાન ત્ર્યંબકજીથી સહેવાય એમ ન હતું તેથી એણે શાસ્ત્રીની પંઢરપુરમાં હત્યા કરાવી નાખી. આ હત્યાના હત્યારાની તપાસ કરવા માટે ત્ર્યંબકજી તેમજ પેશવાએ કોઈ ઉતાવળ ન કરતાં કે તજવીજ ન કરતાં એમનું વલણ છતું થયું. એલ્ફિન્સ્ટનને આવા દુષ્કૃત્યની જાણ થતાં (જુલાઈ ૨૫), એણે પેશવાને કડક ઠપકો આપતો પત્ર લખી ત્ર્યંબકજી, ગોવિંદરાવ બંધુજી અને ભગવંતરાવ સામે પગલાં લેવા તાકીદ કરી. એલ્ફિન્સ્ટને પુણે પહોંચી જઈ આ મામલામાં કડક વલણ અપનાવી તપાસ કરી અને જણાયું કે કાવતરામાં ત્ર્યંબકજી અને પેશવા સંડોવાયેલા હતા. એણે ત્ર્યંબકજીને શિક્ષા કરવા પેશવાને જણાવ્યું અને પુણે લશ્કરી જમાવટ કરવા હુકમ કાઢ્યા. એલ્ફિન્સ્ટને તુર્ત જ ત્ર્યંબકજીને સોંપી દેવા પેશવાને જણાવ્યું (સપ્ટેમ્બર ૪), પણ પેશવાએ વિલંબની નીતિ અપનાવી ત્ર્યંબકજીને નાસી જવા અને બચાવવા કોશિશ કરી, પણ અંતે ત્ર્યંબકજીને વસંતગઢ ખાતેથી અંગ્રેજ ફોજે કેદ કર્યો (સપ્ટેમ્બર ૧૯) અને ગોવિંદરાવ બંધુજી તથા ભગવંતરાવ ગાયકવાડ પણ શરણે આવ્યા (સપ્ટેમ્બર ૨૫). એ બધાંને થાણાના ગઢમાં લાવીને રાખવામાં આવ્યા.

ગંગાધર શાસ્ત્રીની હત્યાના મામલાથી છેવટે તો વડોદરા રાજ્યને ફાયદો થયો. ગાયકવાડનું પેશવા પ્રત્યે તમામ દેવું સંપૂર્ણપણે રદ થઈ ગયું. સીતારામને પણ કેદ કરવામાં આવ્યો અને ગોવિંદરાવ અને ભગવંતરાવને વડોદરા દરબારને હવાલે કરવામાં આવ્યા. જો કે સીતારામને ૧૮૧૯ માં મહારાજા સયાજીરાવ બીજાએ બોલાવી દીવાનપદ આપેલું.

## પુણે કરાર

૧૮૧૭ ના વર્ષનું આરંભનું રાજકીય વાતાવરણ બ્રિટિશ સત્તા વિરુદ્ધ જામી રહ્યું હતું. મોટા યુદ્ધ માટે તૈયારી ચાલુ હતી. બધા રાજાઓ અને આગેવાનો તરફથી પેશવાને મરાઠા સંઘના અધ્યક્ષ તરીકે આગેવાની લેવા અનુરોધ કરવામાં આવતો હતો, પરંતુ બ્રિટિશ જાસૂસી વ્યવસ્થા અને જુદાં જુદાં રાજ્યોમાં રહેતા બ્રિટિશ રેસિડેન્ટોની તકેદારીને લીધે અંગ્રેજો વિરુદ્ધ યોજાતા કાવતરાની જાણ બ્રિટિશ સત્તવાળાઓને થતી રહેતી. એલ્ફિન્સ્ટન આનાથી માહિતગાર હતો. વસાઈના કરાર પછી સંજોગ બદલાયા હતા અને

એની જોગવાઈઓ પણ અમલકારી બને એવી રહી ન હતી, આથી પેશવા સાથે નવા કરાર કરવા માટેની મંજૂરી એલ્ફિન્સ્ટને ગવર્નર-જનરલ પાસેથી મેળવી અને કરારનો એક મુસદ્દો તૈયાર કર્યો, જે પેશવા સમક્ષ સહી માટે રજૂ કર્યો (જૂન ૧, ૧૮૧૭). પેશવાએ ચર્ચા બાદ અને ભારે અનિચ્છાએ કરારનો સ્વીકાર કર્યો અને સહી કરી (જૂન ૧૩, ૧૮૧૭). આ કરાર 'પુણે કરાર' નામે ઓળખાયો. કરારનું સામાન્ય સ્વરૂપ જોઈએ તો એમાં પેશવાએ ત્ર્યંબકજીને ગંગાધર શાસ્ત્રીની હત્યા કરવા માટે ખૂની જાહેર કર્યો અને એની ધરપકડ કરી બ્રિટિશ હવાલે કરવાનું સ્વીકાર્યું. મરાઠા સંઘને એના સાચા સ્વરૂપમાં અને હકીકતમાં વિખેરી નાખવાનું કબૂલ કર્યું, ભારતીય રાજાઓ પરની એની સર્વોપરિ સત્તાનો આખરી અંત આવ્યાનું સ્વીકાર્યું: રાજાઓના દરબારોમાં રહેલા પેશવાના એલચીઓને અને મરાઠા ખંડિયા રાજાઓના દરબારોમાં રાખવામાં આવેલા પોતાના પ્રતિનિધિઓને પાછા બોલાવવાનું અને એમની સાથે પત્રવ્યવહાર કરવાનું અને મહારાષ્ટ્ર બહાર આવેલા એના બધા જ પ્રદેશ બ્રિટિશ સરકારને આપવાનું તથા સહાયક દળની સંખ્યા વધુ રાખી એના ખર્ચ માટે ૩૪ લાખ રૂપિયા આપવાનું સ્વીકાર્યું. આમ મરાઠા સમવાયસંઘ છેવટમાં અને જાહેર રીતે વિખેરી નાખવામાં આવ્યો.[૨૮] આમ એલ્ફિન્સ્ટને આ રીતે 'પુણે કરાર' કરાવી પેશવાની મરાઠા સરદારોમાં ઉચ્ચ સ્થાન લેવાની કે જાળવી રાખવાની મહેચ્છાને કચડી નાખી.

## ગુજરાતમાં પેશવાઈ સત્તાનો અંત અને બ્રિટિશ સત્તાનો પ્રસાર

ગુજરાત સંબંધમાં પુણે કરારની જોગવાઈઓ સ્પષ્ટ બનાવાઈ હતી. પેશવા અને ગાયકવાડની સત્તાઓના પરસ્પરના હક્કદાવા માટે ચલાવવામાં આવતી વાટાઘાટોનો કાયમ માટે અંત લાવવામાં આવ્યો, ગાયકવાડ-તાબાના કોઈ પણ પ્રદેશ પરના હક્ક જતા કરવાનું અને ભૂતકાળના તમામ દાવા સામે વાર્ષિક ચાર લાખ રૂપિયા ગાયકવાડ આપે એવું અને ભવિષ્યમાં કોઈ પણ દાવા નહિ કરવાનું પેશવાએ સ્વીકાર્યું. અમદાવાદનો ઇજારો ગાયકવાડ અને એના વારસોને આપવાનું કબૂલ્યું. ચાર લાખની રકમ નક્કી કરવામાં આવી તેમાં આ ઇજારા સોંપવાના વળતરનો પણ સમાવેશ કરાયો હતો. પેશવાએ લશ્કરી ખર્ચની સામે પોતાની સૌરાષ્ટ્રની ખંડણીના હક્ક બ્રિટિશ સત્તાને આપી દીધા. વધુમાં જે અન્ય પ્રદેશ આપ્યા તેમાં જંબુસર આમોદ દેસબોરા ડભોઈ બહાદરપુર અને સાવલી હતાં. બીજી રીતે કહીએ તો અમદાવાદ અને ઓલપાડ સિવાય બીજા બધા પ્રદેશ આપી દીધા. ઓલપાડ એક વિશ્વાસુ

અધિકારીને સોંપવામાં આવેલું હોવાથી એને બાકાત રાખવામાં આવ્યું હતું. આમ નર્મદા નદીની ઉત્તરે આવેલા પોતાના બધા હક્ક પેશવાએ બ્રિટિશ સરકારને સોંપી દીધા. ગાયકવાડની દૃષ્ટિએ જોઈએ તો એ હવે પેશવાનાં અધિકાર અને બંધનમાંથી તદ્દન મુક્ત બની ગયો હતો. એ હવે સ્વતંત્ર રાજા બન્યો હતો. એને ખંડણી કે લશ્કરી સેવા કે "નજરાણું" આપવાનાં રહેતાં નહોતાં. આમ ગંગાધર શાસ્ત્રીની હત્યામાંથી જે પરિણામ આવ્યાં તેનાથી પેશવાને જ ભારે નુકસાન થયું. ગુજરાતમાં એનાં સત્તા અને અધિકારનો કાયમ માટે અંત આવી ગયો.

પેશવા પાસેથી જે પ્રદેશ બ્રિટિશ સરકારને મળ્યા તે વિશે ઉપર ઉલ્લેખ થઈ ગયો છે. હવે બદલાયેલી સ્થિતિમાં ગાયકવાડ સાથે પણ કરારોની પુનર્રચના કરવાનું બ્રિટિશ સત્તાને જરૂરી લાગ્યું. એ માટે ૧૮૧૭ના નવેમ્બરમાં નિર્ણાયક કરાક થયા, પરંતુ એને પાછળથી ૧૮૧૮ના નવેમ્બરમાં બદલવામાં આવ્યા. એ કરાર અનુસાર ગાયકવાડનું સહાયક દળ વધારવામાં આવ્યું અને એના ખર્ચ પેટે ગાયકવાડે પોતાનો ભાગ અમદાવાદના કિલ્લામાં તથા અમદાવાદ આસપાસ આવેલા 'દસક્રોઈ' નામથી જાણીતા બનેલા વિસ્તારમાં રહેલો હતો તે બ્રિટિશ સરકારને આપી દીધો. આ ઉપરાંત સુરત નજીકના કેટલાક જિલ્લા, ખેડા જિલ્લામાં ઉમરેઠ ગામ તથા અમદાવાદના ઇજારામાં પોતાને મળતા સર્વ હક્ક પણ આપ્યા. એના બદલામાં બ્રિટિશ સત્તાએ મુલ્કગીરી અથવા સુરતના નવાબોએ સુરત પાસે આવેલા ગાયકવાડના તાબાના પ્રદેશ સામે લેવાનું રાખેલું અને લીધી હતી તે બાકી રકમ ગાયકવાડને પરત કરવામાં આવી. બ્રિટિશ સરકારે ઓખામંડળમાં વ્યવસ્થા સ્થાપી હતી તેથી એ શાંત બન્યું હતું, આથી એ ગાયકવાડને સોંપ્યું; જો કે ત્યાં થોડા સમય પછી બળવો થયો હતો અને એ દબાવી દેવા પ્રયાસ કરવા પડ્યા હતા.

૧૮૧૯માં માજી પેશવાના પ્રદેશો માટે આખરી નિરાકરણ થતાં ગુજરાતમાંના એના તમામ હક્કોની સર્વોપરિતા બ્રિટિશ સરકાર પાસે આવી. એના બદલામાં ગાયકવાડ પાસે પેશવા બાજીરાવે બાકી ખંડણીની માગણી કરતાં ગાયકવાડ પાસેથી ચાર લાખની રકમ અપાવવામાં આવી. બીજે વર્ષે સૌરાષ્ટ્રની ખંડણીમાં રહેલા ગાયકવાડ અને પેશવાના હિસ્સાઓની તથા ગાયકવાડે લાદેલા 'ઘાસદાણ' નામના વધારાના કરની રકમ અંગે તપાસ કરવવામાં આવી. પરિણામે જે સમાધાન કરવામાં આવ્યું તેમાં સૌરાષ્ટ્રમાં મહેસૂલ-વસૂલાતનું કાર્ય મુંબઈની અંગ્રેજ સત્તા

કરાવે. એ કાર્ય સૌરાષ્ટ્રમાં જે અધિકારી રાખવામાં આવેલો હોય તેની દેખરેખ નીચે થાય અને જરૂર પડે તો ગાયકવાડની ફોજનો પણ ઉપયોગ એમાં લેવાય એમ ઠર્યું. મહીકાંઠા સંબંધમાં પણ આવું જ નિરાકરણ કરવામાં આવ્યું. આમ સૌરાષ્ટ્ર ઉપરાંત લગભગ આખા ગુજરાત પ્રાંતનું વહીવટીતંત્ર ગાયકવાડના રાજ્યને બાદ કરતાં બ્રિટિશ તાબામાં આવ્યું.

## પાદટીપ

૧. શ્રી. મગનલાલ વખતચંદ સદાશિવ ગણેશનો અમલ બે વર્ષ ચાલ્યો હોવાનું જણાવે છે, તેઓ માનાજીબાનું નામ આપતા નથી ('અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૪૨), પણ ઈ.સ. ૧૭૮૦ ના સપ્ટેમ્બર માસમાં લખાયેલ એક ખતપત્રમાં એ સમયે ફત્તેસિંહ ગાયકવાડ વતી ભદ્રકોટ મધ્યે માનાજીબા સૂબેદાર હોવાનું સ્પષ્ટ જણાવ્યું છે (ભો. જે. વિદ્યાભવન, ખતપત્ર નં. ૧૦૪), આથી સદાશિવ ગણેશના અમલનો સમય ફેબ્રુઆરી ૧૭૮૦ થી સપ્ટેમ્બર ૧૭૮૦ દરમ્યાન થોડો સમય રહ્યો હોવાનું ને એ પછી ૧૭૮૨ સુધી માનાજીબાનો વહીવટ ચાલ્યો હોવાનું જણાય છે. **—સં.**

૨. *Gazetteer of Bombay Presidency (GBP)*, Vol. IV : Ahmedabad, p. 259

૩. મગનલાલ વખતચંદ, ઉપર્યુક્ત, પૃ. ૪૨

૪. ભો. જે. વિદ્યાભવન, ખતપત્ર નં. ૩૮ **—સં.**

૫. મગનલાલ વખતચંદ, ઉપર્યુક્ત, પૃ. ૪૨

૬. ભો. જે. વિદ્યાભવન, ખતપત્ર નં. ૫૬. ૨૭ મી જાન્યુઆરી ૧૭૯૩ ના આ ખતપત્રમાં જણાવ્યું છે કે એ સમયે સૂબેદાર આબાસાહેબ (શેલૂકર) પુણે હોવાથી એના વતી ગુજરાતમાં અમદાવાદ ભદ્રકોટમાં પંડિત કાશીપંથ બાબા અને અડધા ગાયકવાડી ભાગના સૂબેદાર માનાજી બાબા હોવાથી એમના વતી અમદાવાદ હવેલીમાં પં. આનાજી વહીવટકર્તા હતા. **—સં.**

　　૧૭૯૫ ના ખતપત્ર(નં. ૧૦૫)માં આબા સાહેબ કૃષ્ણરાય(શેલૂકર) પુણે હોવાથી એમના વતી વહીવટકર્તા એના નાયબ પલશીકર પંડિત હોવાનું જણાવ્યું છે, જ્યારે ૧૭૯૭ ના ખતપત્ર(નં. ૧૦૬)માં આબા સાહેબ કૃષ્ણરાય (શેલૂકર) શહેરસૂબા હતા ત્યારે એમના વતી દીવાન બાલાજીરામ પલશીકર દાદા અને ગાયકવાડ વતી પંડિત આનાજી વહીવટ સંભાળતા હોવાનું નોંધાયું છે. **—સં.**

૭. *GBP*, Vol. IV : Ahmedabad, p. 259

૮. મગનલાલ વખતચંદ, ઉપર્યુક્ત, પૃ. ૪૨

૯. ભો. જે. વિદ્યાભવન, ખતપત્ર નં. ૩૦ **—સં.**

૧૦–૧૧. મગનલાલ વખતચંદ, ઉપર્યુક્ત, પૃ. ૪૨; રત્નમણિરાવ જોટ, 'ગૂજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૧૫૨

૧૨. ભો. જે. વિદ્યાભવન, ખતપત્ર નં. ૧૭ **—સં.**

૧૩. *GBP*, Vol. IV : Ahmedabad, p, 259
૧૪. Aitchison, *Treaties, Engagements etc*, pt. VII, pp. 39–43
૧૫. Elliot, *The Rulers of Baroda*, p. 57
૧૬. મગનલાલ વખતચંદ, ઉપર્યુક્ત, પૃ. ૪૦–૪૧
૧૭. એજન, પૃ. ૪૫
१८. खरे, 'ऐतिहासिक लेखसंग्रह', पु. १३, पृ. ६९३६–३७
૧૯. Elliot, *op. cit.*, pp. 63 f.
૨૦. J. G. Duff, *History of the Maharattas*, Vol. II, pp. 320–27
૨૧. Sardesai, *New History of the Marathas*, Vol. III, p. 384
૨૧અ. આ સ્થળ આજે ઓળખી શકાતું નથી.
૨૨. Duff, *op. cit.*, Vol. II, pp. 320–27
૨૩. Aitchison, *op. cit.*, pt. IV, No. 8
૨૪. *Gazetteer of the Baroda State*, Vol. I, p. 502
૨૫. 'કાઠિયાવાડ સર્વસંગ્રહ', પૃ. ૨૪૭ અને નોંધ
૨૬. *GBP*, Vol. I, part I : History of Gujarat, pp. 421–23
૨૭. Sardesai, *op. cit.*, Vol. III, p. 455
૨૮. T. E. Colebrooke, *Life of Mountstuart Elphinstone*, Vol. I, p. 306; *Tht End of the Peshwas* (A Marathi Chronicle), pp. 176–86

# પરિશિષ્ટ ૧

## ગાયકવાડના વડોદરા રાજ્યનો ઇતિહાસ

## ( ઈ. સ. ૧૭૬૮ થી ૧૮૧૮ )

ગોવિંદરાવ (૧૭૬૮–૭૧)

દમાજીરાવના અવસાન પછી અનુગામી માટે થયેલા ઝઘડાથી ગાયકવાડની સત્તા નબળી પડવાની શરૂઆત થઈ. દમાજીરાવને ત્રણ પત્નીઓ હતી. પહેલી પત્ની મનુબાઈનો પુત્ર ગોવિંદરાવ હતો, જે પુણેમાં પેશવાનો કેદી હતો. બીજી પત્ની કાશીબાઈનો પુત્ર સયાજીરાવ હતો, જે મોટો હતો અને રાજ્યની ગાદીનો હક્કદાર હતો, પરંતુ એ રાજ્ય ચલાવવા તદ્દન બિનઆવડતવાળો અને ગેરલાયક હતો. ત્રીજી પત્ની ગંગાબાઈના ફત્તેસિંહરાવ, પિલાજીરાવ, માનાજીરાવ અને મુરારરાવ એમ ચાર પુત્ર હતા, જેઓમાં ફત્તેસિંહરાવ ખૂબ બાહોશ ચંચળ અને ખટપટોમાં કાબેલ હતો. ગોવિંદરાવ સયાજીરાવથી નાનો હતો, પરંતુ એ દમાજીરાવની પહેલી પત્નીનો પુત્ર હોવાથી ગાદી માટે દાવો કરતો હતો, જ્યારે ફત્તેસિંહરાવ પોતાની કાબેલિયત અને બુદ્ધિ વડે સત્તાધીશ બનવા માગતો હતો. એણે સયાજીરાવના હક્કને ટેકો આપ્યો. ગોવિંદરાવ નબળો અને અસ્થિર પ્રકૃતિનો હોવાથી એણે શરૂઆતથી જ મૂર્ખ સલાહકારોની સલાહ લીધી અને એ એ પ્રમાણે દોરવાયો. એ રઘુનાથરાવ, અંગ્રેજ સત્તા, પુણે દરબાર, સિંધિયા અને કડીના પોતાના ભત્રીજા પાસે વારાફરતી મદદ માટે જઈ આવ્યો, પરંતુ કોઈએ એને દાદ દીધી નહિ.[1]

ગાદી માટેનો દાવો કરનાર ભાઈઓને પેશવાની લવાદી પર આધાર રાખવાની ફરજ પડી. પેશવાએ પણ ગાયકવાડનાં હિત નબળાં પાડવાની તક જતી ન કરી. પેશવા માધવરાવે ફત્તેસિંહરાવને એક પત્રમાં કડક ઠપકો આપતાં (ડિસેમ્બર ૨૧, ૧૭૬૮) જણાવ્યું હતું કે હું ભાઈઓ વચ્ચેના ઝઘડાઓને અને તોફાનોને સાંખી લઈશ નહિ, વડોદરા રાજ્યનો વહીવટ સંભાળી લેવાના હુકમ સાથે હું આપાજી ગણેશને મોકલી રહ્યો છું અને આપાજી રાજ્યનો બધો વહીવટ તમારાથી અલગ રહીને ચલાવશે, તેથી બધી સત્તા આપાજીને સોંપી દેવી અને તમારા દાવાની રજૂઆત કરવા પુણે દરબારમાં હાજર રહેવું.[2]

પત્રમાં ગાયકવાડ કુટુંબના સભ્યોને બિનપક્ષપાતી ન્યાય આપવાની

પેશવાની વૃત્તિ જણાઈ આવે છે એની સાથે સાથે પેશવાની વડોદરાના ગાયકવાડ પર સર્વોપરિ સત્તા છે એવું પણ ફરી પ્રતિપાદિત કરવાનું વલણ જણાય છે.

પરંતુ હકીકત તો એ હતી કે દમાજીરાવના અવસાન સમયે ગોવિંદરાવ પેશવાના કેદી તરીકે પુણેમાં હતો અને પોતાના હક્કો માટે અન્ય દાવાદાર કરતાં સારી શરતો રજૂ કરી શકે એમ હતો, આથી પેશવાએ એની પાસે રઘુનાથરાવને મદદ કરવા બદલ અને એ રીતે પોતાની સામે બંડખોર પ્રવૃત્તિ કરવા બદલ ૨૩ લાખ રૂપિયા દંડ, અગાઉના વર્ષની ખંડણી તરીકે ૫૬ લાખ રૂપિયા અને બાબીઓ પાસેથી નવા મેળવેલા પ્રદેશ બદલ ૧ લાખ રૂપિયા આપવા જણાવ્યું. ગોવિંદરાવે એનો સ્વીકાર કર્યો. વધુમાં 'સેનાખાસખેલ'-નું બિરુદ માન્ય રખાવવા ગોવિંદરાવે ૨૦ લાખ રૂપિયા તથા દરબારના ખર્ચ માટે ૫૦ હજાર રૂપિયા અને બીજી ચીજો આપવા કબૂલાત કરી. આમ લગભગ ૫૦ લાખ રૂપિયા જેટલી રકમ રોકડમાં થતી હતી. ગમે તે હોય, પરંતુ ગોવિંદરાવ આટલી બધી કબૂલાત આપ્યા છતાં ૧૭૬૮ માં પુણે છોડીને વડોદરા આવી શક્યો ન હતો.

બીજી બાજુએ ફત્તેસિંહરાવ પિતાના અવસાન સમયે ગુજરાતમાં જ હતો. એણે વડોદરા શહેર પર કબજો જમાવી દીધો અને એ પછી એણે એ ક્યારેય છોડયો નહિ. એણે પોતાનો પક્ષ મજબૂત કર્યો અને ૧૭૭૧ માં સયાજીરાવના હક્કદાવા માટે પેશવા સાથે વાટાઘાટો કરવા એ પુણે ગયો. પેશવાએ ગોવિંદરાવ-તરફી આપેલા નિર્ણયને ફેરવી નાખી પોતાના દરબારના નામાંકિત ન્યાયશાસ્ત્રી રામરાવ શાસ્ત્રીની સલાહ પ્રમાણે સયાજીરાવને કાયદેસર હક્કદાર ઠરાવી 'સેનાખાસખેલ' બિરુદ માટે જાહેર કર્યો[3] ને એના 'મુતાલિક' અથવા નાયબ તરીકે ફત્તેસિંહરાવને નીમ્યો. હવે પેશવા અને ફત્તેસિંહરાવ વચ્ચે કરાર થયા.

## સયાજીરાવ ૧ લો (૧૭૭૧-૭૮)

ફત્તેસિંહરાવે પેશવાને જે રકમ આપવાનું સ્વીકાર્યું તેની શરતો ગોવિંદરાવ જેવી જ હતી. નજરાણા તરીકે ૨૦૬ લાખ, દંડ તરીકે ૨૧ લાખ અને દરબારના ખર્ચ માટે અડધો લાખ રૂપિયા આપવાનું સ્વીકાર્યું હતું. પેશવાએ ગોવિંદરાવને ટેકો આપવા માટે આપેલું વચન હવે રદ કરાયું અને ગોવિંદરાવ જો વડોદરા રાજ્યમાં અશાંતિ ઊભી કરે તો પેશવાએ ફત્તેસિંહરાવને મદદ

આપવાની હતી. ગોવિંદરાવ સંબંધી જે વ્યવસ્થા કરવામાં આવી તેમાં એને વાર્ષિક બે લાખ રૂપિયા અને વડોદરા પાસે પાદરા જાગીર તરીકે આપવામાં આવ્યાં, પરંતુ ગોવિંદરાવ ગાયકવાડોના પૂર્વજોના ગામ દાવડીમાં રહે એવું નક્કી કરાયું. ફત્તેસિંહરાવ સાથે થયેલા ખંડણી અને બિરુદ અંગેના બે કરારોમાં ભવિષ્ય માટે વાર્ષિક ખંડણી રૂ. ૭,૭૯,૦૦૦ નક્કી કરાઈ તથા ૩૦૦ સવારદળની સેવા અને યુદ્ધના સમયમાં જરૂર પડયે વધુ ૧,૦૦૦ સવારદળની મદદ પેશવાને આપવા કબૂલ રખાયું. વધુમાં જે ગાયકવાડ ગાદી પર હોય અથવા એનો જે ભાઈ હોય તે દર વર્ષે પુણેમાં પેશવાના દરબારમાં હાજરી આપે એ માટે કડક આગ્રહ રાખવામાં આવ્યો. જો એ હાજરી ન આપે તો પેશવા દંડ કરી શકે એવી શરત ફત્તેસિંહરાવે માન્ય રાખી હતી.

હવે સયાજીરાવની તરફેણમાં નિર્ણય થતાં પરિસ્થિતિ બદલાઈ હતી. એ સ્થિતિમાં ગોવિંદરાવ શક્ય તેટલી જલદીથી ગુજરાતમાં પહોંચી જઈ એના ભાઈઓ પર હુમલો કરશે એવી શક્યતા દર્શાવી ફત્તેસિંહરાવે ગાયકવાડનું ૩,૦૦૦નું સવારદળ, જે પુણેમાં રાખવાનું હતું તે, ગુજરાતમાં રાખવાની પરવાનગી પેશવા પાસેથી મેળવી. આથી પેશવાને જ ફાયદો થયો, કારણ કે એટલા સવારદળનો ખર્ચ ગાયકવાડને જ ભોગવવાનો થતો હતો.

ગોવિંદરાવ અને ફત્તેસિંહરાવ આ રીતે એકબીજાના શત્રુ બન્યા અને પહેલા અંગ્રેજ–મરાઠા વિગ્રહમાં સામસામે પક્ષે જોડાઈ લડયા, એ પછી પણ એમની વચ્ચેની શત્રુવટ ચાલુ રહી. દમાજીરાવના ભાઈ ખંડેરાવે પણ ભત્રીજાઓના બંને પક્ષો વચ્ચેના ઝગડામાં પોતાનાં સ્વાર્થી હિતોનું રક્ષણ કરવા પક્ષપલટા કર્યા અને સક્રિય ભાગ ભજવ્યો.[૪] બીજી પણ હકીકત એ બની કે આ પછીના સમયમાં પેશવા અને વડોદરાની ગાદી માટે હક્કદાવો રજૂ કરનાર ગાયકવાડે, પોતાના હરીફ ગાયકવાડો, કડીના જાગીરદાર ગાયકવાડો, મનસ્વી લેણદારો અને રાજ્યની અજંપાવાળી પ્રજા સામે, પેશવાનું રક્ષણ મેળવવું પડે એવી સ્થિતિ સર્જાતી રહી.

ફત્તેસિંહરાવ પુણેથી સંતોષકારક કરાર કરીને વડોદરા આવ્યો એ પછી એણે સુરતની અંગ્રેજ કોઠીના અધ્યક્ષ પ્રાઈસ સાથે વાટાઘાટો ચલાવી.

ફત્તેસિંહરાવનો હેતુ પેશવા અને ગોવિંદરાવ સામે પોતાનો પક્ષ મજબૂત બનાવવાનો હતો, તેથી એણે પ્રાઈસને કહેવરાવ્યું હતું કે હું ૧૦૦૦ સિપાઈ,

૩૦૦ યુરોપિય સૈનિકો અને ૨૦ તોપોની મદદના બદલામાં, કંપની સત્તાને સુરત પરગણાનો પેશવાનો હિસ્સો અને પાછળથી પોતાના હિસ્સાની સુરતની ચોથ આપીશ, પરંતુ મુંબઈની અંગ્રેજી સત્તાએ કરાર કરવાની તૈયારી બતાવી નહિ.

### અંગ્રેજોએ ભરૂચ લીધું

ભરૂચના નવાબે સુરતની અંગ્રેજ સત્તાની અમુક જકાતો ભરવાનું ન સ્વીકારતાં મુંબઈવાળાઓએ ભરૂચ કબજે લેવા અંગ્રેજ ફોજ મોકલી હતી. (૧૭૭૧), પરંતુ ભરૂચ લેવામાં નિષ્ફળતા મળી હતી. બીજે વર્ષે પણ હુમલો કરવાની યોજના કરવામાં આવી, આથી નવાબે મુંબઈ જઈ હુમલો અટકાવાની વિનંતી કરી. હકીકતમાં એ વખતે નવાબ ફત્તેસિંહરાવ સાથે મૈત્રી મેળવવા બાબતમાં વાટાઘાટ ચલાવી રહ્યો હતો અને પોતાને પૂરતો સમય મળે એવી ઇચ્છાથી આવી વિનંતી કરી હતી, પરંતુ ગાયકવાડે એની વાત સ્વીકારી ન હતી. અંતે અંગ્રેજ સત્તાએ ભરૂચ જીતી લીધું (નવેમ્બર ૧૮, ૧૭૭૨). આ બનાવથી મુંબઈ અને ફત્તેસિંહરાવ ગાયકવાડ વચ્ચે નવા કરાર કરવાની જરૂર ઊભી થઈ. ગોવિંદરાવ સામેના ભવિષ્યના સંઘર્ષમાં ભરૂચ ઉપયોગી મથક બની રહે એ માટે ફત્તેસિંહરાવ એ લેવા આતુર હતો. ભરૂચ એને આપવામાં આવે તો પોતે અંગ્રેજ સત્તાને વાર્ષિક ૬ લાખ રૂપિયાનો પોતાનો હિસ્સો આપશે એવી તૈયારી બતાવી હતી (જાન્યુઆરી ૧૨, ૧૭૭૩), પરંતુ અંગ્રેજ સત્તાએ દરખાસ્તનો સ્વીકાર કરવાની તૈયારી બતાવી નહિ. નવાબ જેટલો હિસ્સો ગાયકવાડને આપતો હતો, તેટલા પરજ તમારો હક્ક છે તેમ જ ભરૂચના વહીવટમાં તમારો કોઈ હક્ક નથી એવું જણાવ્યા પછી જ એ બંને વચ્ચે કરાર થયા.

### ગાયકવાડ ભાઈઓમાં વિગ્રહ

એક બાજુ ફત્તેસિંહરાવ અને ગોવિંદરાવ વચ્ચે આંતરિક સંઘર્ષ શરૂ થયો ત્યારે બીજી બાજુ પુણેમાં મોટા ફેરફાર થયા. પેશવા માધવરાવનું અવસાન થતાં (નવેમ્બર ૧૮, ૧૭૭૨) એની જગ્યાએ એનો ૧૭ વર્ષનો ભાઈ નારાયણરાવ આવ્યો પણ રઘુનાથરાવે (રાઘોબાએ) એની હત્યા કરાવી (ઑગસ્ટ ૩૦, ૧૭૭૩) અને પોતે પેશવા બન્યો, પરંતુ સદ્‌ગત પેશવા નારાયણરાવની વિધવા પત્ની ગંગાબાઈએ પુત્રનો જન્મ આપતાં એ બાળકને નાના ફડનવીસની આગેવાની નીચેના મરાઠા મંત્રી–મંડળે પેશવા જાહેર કર્યો.

ગોવિંદરાવ ગાયકવાડ આ સમયે પુણેમાં હતો. એણે રઘુનાથરાવની રૂબરૂ

મુલાકાત લઈ, પોતે અગાઉ એના પક્ષે રહી આપેલી સેવાઓની યાદ અપાવી વડોદરા રાજ્યના પોતાના હક્કદાવા માટે રજૂઆત કરી. પોતે સોનગઢ પણ કબજે કર્યું હતું એવો દાવો પણ પેશવા રઘુનાથરાવ પરના પત્રમાં એણે કર્યો હતો,[૫] આથી રાઘોબાએ ગોવિંદરાવને 'સેનાખાસખેલ 'નો ખિતાબ આપ્યો. આથી ગોવિંદરાવ ફત્તેસિંહરાવને ગુજરાતમાંથી હાંકી કાઢવા લશ્કર સાથે ગુજરાત જવા નીકળી ગયો. એણે કડીના ખંડેરાવની મદદ મેળવી વડોદરાને ઘેરો ઘાલ્યો. ફત્તેસિંહરાવ એ ઘેરામાં સપડાઈ ગયો. આ સમયે ગોવિંદરાવે મદદ માટે મુંબઈની અંગ્રેજ સત્તા સાથે વાટાઘાટો શરૂ કરી દીધી હતી.

થોડા સમય બાદ સત્તાભ્રષ્ટ થયેલ રાઘોબા પુણે છોડી બ્રિટિશ રક્ષણ હેઠળ ગોધરા થઈ વડોદરા ગોવિંદરાવની મદદે આવી પહોંચ્યો (જાન્યુઆરી ૩, ૧૭૭૫). એ વખતે સિંધિયા અને હોળકર સાથે હરિપંત ફડકે એની પાછળ આવી રહ્યાની ખબર મળતાં, એ વડોદરાનો ઘેરો ઉઠાવી લઈ, ગોવિંદરાવની મદદથી ઉત્તર તરફ જતો રહ્યો. એણે સુરત જઈ અંગ્રેજો સાથે મૈત્રી-કરાર કર્યા.

રઘુનાથરાવના નાસી ગયા બાદ ગોવિંદરાવ અને ખંડેરાવ પોતાના મજબૂત થાણા કપડવંજમાં જતા રહ્યા અને એમનો પીછો કરનારાઓનો મક્કમ મુકાબલો થઈ શકે એવી તૈયારી કરવા લાગ્યા, પરંતુ ફત્તેસિંહરાવે પરિસ્થિતિનો તાગ મેળવી અંગ્રેજ સત્તા સાથે સુમેળ રાખવાની નીતિ અપનાવી. એણે પોતાના કાકાની જાગીરમાંનો નડિયાદ આસપાસનો પ્રદેશ કબજે કરી, એ પ્રદેશમાંથી ખંડેરાવની સત્તા નાબૂદ કરી.

સુરતના કરાર થયા બાદ મુંબઈની સત્તાએ અંગ્રેજ કર્નલ કીટિંગને રઘુ-નાથરાવની મદદે મોકલ્યો, જે રઘુનાથરાવના ભાગેડુ લશ્કર સાથે ખંભાત નજીક જોડાઈ ગયો( એપ્રિલ ૭, ૧૭૭૫ ). ગોવિંદરાવ પણ એની સાથે ૮૦૦ પાયદળ અને થોડા સવારદળ સાથે જોડાયો, પરંતુ આ સમયે જ ખંડેરાવ ફત્તેસિંહરાવના પક્ષે ગયો. એ વખતે પેશવાના મંત્રી–મંડળનું લશ્કર પાંચ હજાર પાયદળ સહિત ૨૫ હજારની સંખ્યાનું થયું હતું. હવે બંને પક્ષો વચ્ચે મુકાબલો થવાનો હતો.

રઘુનાથરાવ અને કર્નલ કીટિંગનું સંયુક્ત લશ્કર ધર્મજથી રવાના થયું ( એપ્રિલ ૨૩, ૧૭૭૫ ) અને માત્ર ત્રણ મહિનાના ગાળામાં ચોમાસાને લીધે ભારે તકલીફો વેઠી ડભોઈ સુધીનું ૧૦૦ માઇલનું અંતર કાપી શક્યું.[૬]

આ વખતે ફત્તેસિંહરાવ વડોદરામાં એકલો હતો. ગોવિંદરાવે કર્નલ કીટિંગને વડોદરા તરફ કૂચ કરવા અને એને ઘેરો ઘાલવા કહ્યું, પરંતુ ગોવિંદરાવ એના ભાઈ કરતાં મુત્સદ્દીગીરીમાં ઊતરતો હતો; જો કે લડાઈના મેદાનમાં એ ફત્તેસિંહરાવ કરતાં ચઢિયાતો પુરવાર થતો. કર્નલ કીટિંગે એની સલાહ સ્વીકારી નહિ, એટલું જ નહિ, પણ એણે તથા રઘુનાથરાવે ગોવિંદરાવનો પક્ષ છોડી દીધો, જેથી તેઓ ફત્તેસિંહરાવ સાથે મસલત કરી શકે. કર્નલ કીટિંગ ફત્તેસિંહરાવને ડભોઈ–વડોદરા વચ્ચે ઢાઢર નદીના કાંઠે મળ્યો અને એમની વચ્ચે સમજૂતી થઈ.

આ સમજૂતીમાં ફત્તેસિંહરાવ એના ભાઈ સયાજીરાવ વતી રઘુનાથરાવને વર્ષે ૮ લાખ રૂપિયા તથા ૩,૦૦૦નું સવારદળ આપે તથા ૬ ઠ્ઠી માર્ચના રોજ પેશવા અને અંગ્રેજ સરકાર વચ્ચે થયેલા કરાર અનુસાર ભરૂચ પરગણાનું મહેસૂલ આપે તેમજ ચીખલી, સુરત નજીક વરિયાવ અને નર્મદા નદી પરનું કોરલ પરગણું આપે એમ નક્કી કરાયું. ગોવિંદરાવ હવે પછી પોતાના ભાઈ પર કોઈ હક્કદાવો રજૂ કરે નહિ અને એના બદલામાં રઘુનાથરાવને એણે દખ્ખણમાં ૧૦ લાખ રૂપિયાની જાગીર આપવાનું કબૂલ્યું. ખંડેરાવને દમાજીરાવે જે આપેલું તે બધું એને પુનઃ સોંપવાનું નક્કી કરવામાં આવ્યું.[૭] વધુમાં ફત્તેસિંહરાવ રઘુનાથરાવને ૨૬ લાખ રૂપિયા ૬૦ દિવસમાં આપે એવી તાકીદ કરવામાં આવી. હકીકતમાં આ રકમનો મોટો હિસ્સો કર્નલ કીટિંગ લેવા માગતો હતો, જેથી પોતાના લશ્કરનો ચડેલો પગાર ચૂકવી શકે. આટલી મોટી રકમની આટલી ટૂંકી મુદતમાં ચુકવણી કરવી એ ફત્તેસિંહરાવની શક્તિ બહારની વાત હતી, છતાં એના પર દબાણ લાવવા દારૂગોળા ફેંકવાની કે બીજી ધમકીઓની વાતો પહોંચાડવામાં આવતી. આથી ફત્તેસિંહરાવે ૩૦ મી ઑગસ્ટ સુધી અંશતઃ રકમ તરીકે રૂપિયા ૧૦ લાખની કિંમતનાં રત્નો, હાથીઓ અને ઇતર ચીજ-વસ્તુ આપ્યાં.[૮]

### પેશવા અને ફત્તેસિંહરાવ

૧૭૭૮ ના ફેબ્રુઆરી સુધી શું બન્યું એ અનિશ્ચિત છે, પણ પેશવા હવે ફત્તેસિંહરાવના ટેકા માટે ખૂબ આતુર હોવાથી એણે ખંડણીમાં અને લશ્કરી સેવા આપવાની બાબતમાં ઘણો ઘટાડો કરી ફત્તેસિંહરાવને લાભ કરી આપ્યો. આ સમયે સયાજીરાવનું અવસાન થયું. એના સમયમાં વડોદરાની રાજગાદી સોનગઢથી બદલી વડોદરા આવી.[૯] સયાજીરાવ પછી ફત્તેસિંહરાવને ગાદી આપવામાં આવી. પોતાના હક્કનો સ્વીકાર કરાવવા ફત્તેસિંહરાવે પેશવાના

દરબારના મંત્રીઓને એક લાખની ભેટો આપી, સાડા દસ લાખ રૂપિયા પેશવાને આપ્યા અને પોતાના માટે 'સેના-ખાસખેલ' ખિતાબ મેળવ્યો. પેશવાએ ગોવિંદરાવને બે લાખ રૂપિયાની જાગીર આપવાનું વચન આપ્યું અને ખંડેરાવને એના અગાઉના પ્રદેશો મળે અને એ પૂર્વવત્ સ્થિતિમાં રહે એવું ઠરાવવામાં આવ્યું.

## ફત્તેસિંહરાવ (પહેલો) ગાયકવાડ (૧૭૭૮–૧૭૮૯)

ફત્તેસિંહરાવે હવે પુણેના મંત્રી-મંડળના પક્ષે રહેવાનું વિચાર્યું હશે અને તેથી એ માટે પ્રયાસ પણ કર્યો. એ સમયે પુણેની સરકાર અને કંપની સત્તા વચ્ચે પુરંધરના કરાર થયા (માર્ચ ૩, ૧૭૭૬). પુરંધર કરારમાં કરેલી જોગવાઈ અનુસાર એ અગાઉ કરેલા બધા કરાર રદ કરવામાં આવ્યા.[૧૦] નવા કરારમાંની કેટલીક જોગવાઈ પેશવાએ પોતાને ફસાવવા કરી હતી એમ ફત્તેસિંહરાવને લાગ્યું.[૧૧] ફત્તેસિંહરાવે કરેલા વિરોધ નકામા ગયા અને પોતાના પ્રદેશ એ પુનઃ મેળવી ન શક્યો, એટલું જ નહિ, પણ એણે એક અલગ કરાર દ્વારા ઉપર્યુક્ત કરારને બહાલી આપવી પડી (નવેમ્બર ૨૮, ૧૭૭૮).

પુરંધર કરાર પછી પણ પેશવા અને કંપની સત્તા વચ્ચેના સંબંધ તંગ બન્યા અને બીજી વારની લડાઈ ફાટી નીકળી (માર્ચ ૩૦, ૧૭૭૯). કંપની સત્તાની નીતિ ગાયકવાડ સાથે એક સંધ રચવાની હતી. ગવર્નર હોર્નબીએ આ સંબંધમાં એવું વિચાર્યું હતું કે બ્રિટિશ લશ્કર દખ્ખણમાં પર્વતમાળાના અવરોધથી રોકાઈ જાય તો ગાયકવાડના પ્રદેશ જે દરિયાકાંઠે આવેલા છે ત્યાં સહેલાઈથી દરિયાઈ માર્ગે પહોંચીને લશ્કરને ઉતારી શકાય. ગુજરાતમાં પેશવાની સર્વોપરિ સત્તા લઈ લેવાય તો ફત્તેસિંહરાવ મહી નદીની ઉત્તરનો ભાગ પોતાની પાસે રાખે અને કંપની સત્તા તાપી નદીની દક્ષિણનો ભાગ રાખે એવી દલીલ એણે કરી હતી (જૂન ૧૪, ૧૭૭૯). હોર્નબીની આવી યોજના ગવર્નર-જનરલે સ્વીકારી અને મુંબઈની અંગ્રેજ સત્તાની મદદે જવા માટે કર્નલ ગોડાર્ડને બંગાળથી લશ્કર સાથે રવાના કરવામાં આવ્યો (ડિસેમ્બર ૧૫, ૧૭૭૯). એ ગુજરાતના લશ્કર સાથે જોડાયો ને એણે પેશવાના લશ્કર પાસેથી ડભોઈનો કબજો લઈ લીધો (જાન્યુઆરી ૧, ૧૭૮૦).

બીજી તરફ ફત્તેસિંહરાવને નાના ફડનવીસ તરફથી મદદ માટે તાકીદના પત્ર આવતા રહ્યા, પરંતુ ફત્તેસિંહરાવ અંગ્રેજોના પક્ષે રહ્યો અને ડભોઈ નજીક કુંઢેલા ગામ પાસે ગોડાર્ડ સાથે રક્ષણાત્મક અને આક્રમક સ્વરૂપના કરાર કર્યો

(જાન્યુઆરી ૨૦, ૧૭૮૦).[12] ગોડાર્ડની ઇચ્છા પૈતૃક વારસા માટે ઝઘડતા ગોવિંદરાવ અને ફત્તેસિંહરાવના આંતરિક ઝગડામાંથી લાભ ઉઠાવી લેવાની હતી. આ કરારમાં ફત્તેસિંહરાવે પોતાના વિષ્ટિકાર તરીકે બાહોશ પ્રધાન ગોવિંદ ગોપાલ કામેતકરને મોકલ્યો હતો. ફત્તેસિંહરાવ પેશવાથી સ્વતંત્ર બને, પેશવાને કોઈ ખંડણી આપે નહિ, એ પોતાના પ્રદેશ જાળવી રાખે, એ અંગ્રેજોને ૩૦૦૦ સવારદળની મદદ આપે અને યુદ્ધના સમયમાં એ વધારી આપે, મહી નદીની ઉત્તરે આવેલા પ્રદેશ પરનો પેશવાનો ભાગ પોતે રાખે અને એના બદલામાં સુરત અઠ્ઠાવીસીના જિલ્લામાંનો પોતાનો હિસ્સો તથા ભરૂચ અને નર્મદા પર આવેલ સિનોરનો પોતાનો ભાગ અંગ્રેજ સત્તાને આપે એવું એણે કબૂલ્યું હતું. નોંધપાત્ર બાબત એ હતી કે આ કરાર સાલબાઈના કરાર(૧૭૮૨)થી રદ કરવામાં આવ્યા હતા.

ફૂંકેલા કરાર કર્યો પછી ફત્તેસિંહરાવ અને ગોડાર્ડ અમદાવાદ ગયા અને એમણે એ હિંમતથી જીતી લીધું (ફેબ્રુઆરી ૧૫, ૧૭૮૦). અમદાવાદનો હવાલો ફત્તેસિંહરાવને આપવામાં આવ્યો.[13] કરારમાં વચન આપ્યા પ્રમાણે ફત્તેસિંહરાવે અંગ્રેજોને પ્રદેશો આપ્યા, પરંતુ સુરત અઠ્ઠાવીસીમાંથી સોનગઢને ખાસ હેતુપૂર્વક બકાત રખાયું.

ફત્તેસિંહરાવે મુંબઈની સત્તાને વડોદરા ખાતે એક બ્રિટિશ રેસિડેન્ટ મોકલવા લખ્યું હતું (એપ્રિલ ૧૭૮૦), પરંતુ એવું નક્કી કરાયું હતું કે ખંભાત ખાતેનો રેસિડેન્ટ માલેટ જ્યારે જરૂર પડે ત્યારે વડોદરા ફરજ બજાવે. ૧૭૮૧ માં કૅપ્ટન અર્લ ખરેખર વડોદરામાં રહ્યો, પણ બીજે વર્ષે એને પાછો બોલાવી લેવાયો હતો. આ રીતે વડોદરાના ગાયકવાડ અને અંગ્રેજ સત્તા વચ્ચેના રાજદ્વારી સંબંધોની શરૂઆત અહીંથી થઈ હતી.[14]

### સાલબાઈનો કરાર

પેશવાના દૂત તરીકે મહાદજી સિંધિયા અને ગવર્નર-જનરલના કરાર થયા (મે ૧૭, ૧૭૮૨).[15] આ કરાર ગાયકવાડ માટે દુઃખદ નીવડ્યા. એની કલમ ૫ પ્રમાણે નિર્દિષ્ટ પ્રદેશો અંગ્રેજ સત્તા કાં તો ગાયકવાડને આપે અથવા પેશવાને આપે અને કલમ ૮ પ્રમાણે યુદ્ધ શરૂ થતાં પહેલાં ગાયકવાડ પાસે જેટલો પ્રદેશ હોય તેટલો જ રાખવામાં આવે એવું નક્કી કરાયું. આનો અર્થ એ હતો કે ફત્તેસિંહરાવને અમદાવાદ છોડી દેવાનું હતું અને પેશવાને આપવાનું હતું, તેમજ અગાઉની જેમ ખંડણી અને સેવા આપવાનાં હતાં.

અમદાવાદ પુનઃ સોંપવા બાબતમાં અંગ્રેજ સત્તા અને ફત્તેસિંહરાવ વચ્ચે ઘણો પત્રવ્યવહાર ચાલ્યો. છેવટે ગવર્નર–જનરલે અમદાવાદ છોડી દેવા બાબતમાં ફત્તેસિંહરાવને લખ્યું હતું ( ઑક્ટોબર ૩૧, ૧૭૮૩ ).

ટૂંકમાં જોઈએ તો પેશવા અને અંગ્રેજો વચ્ચે લડાયેલાં બે મોટાં યુદ્ધો પછી પણ ગાયકવાડની સ્થિતિ અગાઉની જેમ ચાલુ રહી. એ આર્થિક રીતે ઘણો ઘસાયો હતો. ભરૂચનો હિસ્સો ગુમાવવો પડયો હતો અને એ સિંધિયાને એટલે કે એના પ્રતિનિધિ ભાસ્કરરાવને સોંપવામાં આવ્યો હતો.[૧૬]

રાજમહેલના ઉપરના માળેથી પડી જતાં ફત્તેસિંહરાવનું અવસાન થયું ( ડિસેમ્બર ૨૧, ૧૭૮૯ ). એણે રાજ્યનો વહીવટ ખૂબ જ કરકસર અને કાબેલપણાથી કર્યો હતો. એણે રાજ્યના રક્ષણ માટે પરદેશી ભાડૂતી સૈનિકો અને બીજાઓને રાખ્યા, જે પછીના સમયમાં રાજ્ય માટે ભારે આફતસમાન બની ગયા.[૧૭]

## માનાજીરાવ ગાયકવાડ( રાજયપાલક ) ૧૭૮૯–૧૭૯૩

ફત્તેસિંહરાવના અવસાનથી રાજા સયાજીરાવ વાલી વગરનો બન્યો. એના નાના ભાઈ માનાજીરાવે તરત જ સત્તા હાથમાં લઈ લીધી અને પોતાને સ્વીકૃતિ આપવા પેશવા સરકાર સાથે વાટાઘાટો શરૂ કરી. એ સમયે ગોવિંદરાવ પુણે નજીક આવેલા દૌર ગામે રહેતો હતો. એણે માનાજીરાવનો હક્ક સ્વીકારવા ઘણો વિરોધ કર્યો, પણ છેવટે એનું કંઈ ચાલ્યું નહિ. માનાજીરાવે પેશવાને રૂ. ૩૩,૧૩,૦૦૦ ની રકમ ' નજર ' તરીકે આપી અને ફત્તેસિંહરાવની જે બાકી ખંડણીની રકમ ૩૬ લાખ થવા જતી હતી તે આપવાનું પણ કબૂલ કર્યું અને પોતાનું પદ પ્રાપ્ત કર્યું.

ગોવિંદરાવે હવે શક્તિશાળી બનેલા સિંધિયાને પોતાના પક્ષે લેવાનો પ્રયાસ કર્યો. ગોવિંદરાવે પોતાના પુત્ર આનંદરાવનું લગ્ન સિંધિયાની પુત્રી સાથે કરાવ્યું અને ત્રણ લાખ રૂપિયા પણ આપ્યા, આથી સિંધિયાએ ગોવિંદરાવના હક્ક માટે પેશવા સમક્ષ રજૂઆત કરી, જે પેશવાને ગમી ન હતી. બીજી બાજુએ માનાજીરાવે મુંબઈ સત્તા પાસે રજૂઆત કરી કે ગોવિંદરાવનું પગલું ૧૭૮૦ ના કરારની જોગવાઈ વિરુદ્ધનું છે અને તેથી દરમ્યાનગીરી કરવા માગણી કરી, પરંતુ મુંબઈની સત્તાએ જણાવ્યું કે પ્રસ્તુત કરાર સાલબાઈના કરારથી રદ થયા છે તેથી દરમ્યાનગીરી કરવાનો પ્રશ્ન રહેતો નથી. ગવર્નર–જનરલ લૉર્ડ કૉર્નવૉલિસે પણ આવી નીતિ અપનાવવા ભલામણ કરી હતી ( જુલાઈ ૧૫, ૧૭૯૩ ). આમ બંને ભાઈઓ વચ્ચે સત્તાસંઘર્ષ ચાલી રહ્યો

હતો એવામાં માનાજીરાવનું અવસાન થયું ( ઑગસ્ટ ૧, ૧૭૯૩ ). એ અગાઉ ૧૭૯૨ માં ગાયકવાડ સયાજીરાવનું અવસાન થયેલું હતું. નવી પરિસ્થિતિમાં સિંધિયાએ ગોવિંદરાવનો પક્ષ લઈ તરફેણ કરવાનું છોડી દીધું.

## ગોવિંદરાવ ગાયકવાડ (પુનઃ સ્થાપિત) ૧૭૯૩–૧૮૦૦

માનાજીરાવના અવસાન પછી પણ બિનહરીફ બનેલા ગોવિંદરાવને સહેલાઈથી વડોદરાની ગાદી ન મળી. નાના ફડનવીસની આગેવાની નીચેનું મંત્રી-મંડળ, ગોવિંદરાવ જ્યાં સુધી એક નવા કરાર કરી ન આપે ત્યાં સુધી એને પુણે છોડીને વડોદરાની રાજગાદી સંભાળી લેવા પરવાનગી આપે એમ ન હતું. ગોવિંદરાવને આવો કરાર કરી આપવાની ફરજ પડી.[૧૮] આ કરારમાં માનાજીરાવે ચૂકવવાના બાકી રાખેલ ૨૦ લાખ રૂપિયા, 'સેનાખાસખેલ'ના ખિતાબ બદલ 'નજર' તરીકે રૂ. ૫૬,૩૮,૦૦૧ અને ૧૭૮૧ થી ૧૭૯૩ નાં વર્ષોની બાકી રકમ તરીકે કુલ રૂ. ૭,૭૯,૦૦૦ તથા લશ્કરી સેવાના બદલામાં રૂ. ૬,૭૫,૦૦૦ આપવા એવું કબૂલ કરાવવામાં આવ્યું. વધુમાં એવું પણ ગોવિંદરાવને કહેવામાં આવ્યું કે 'તમારે તુર્ત જ વડોદરા જવા નીકળવું અને કબૂલ રાખેલાં બાકી દેવાં પેટે વડોદરાના રાજમહેલમાં જે મળે તે બધાં જવાહીર, રોકડ રકમ, રાજપોશાકો તથા ત્રણ હાથી, પાંચ ઘોડા અને એક લાખનાં જવાહીર મોકલાવો તથા સાવલી ( વડોદરા જિલ્લો ) ફત્તેસિંહરાવને આપવામાં આવેલું તે તથા તાપી નદીની દક્ષિણે આવેલા ગાયકવાડના બધા પ્રદેશ તથા સુરતના મહેસૂલમાં ગાયકવાડનો રહેલો હિસ્સો આપો.' આમ નાના ફડનવીસનો ઇરાદો ગાયકવાડ કુટુંબને પૂરી રીતે બરબાદ કરવાનો હતો, પરંતુ એમાં એ ફાવ્યો નહિ. પુણેના બ્રિટિશ રેસિડેન્ટને આવા કરારની માહિતી મળતાં એણે તુર્ત જ અંગ્રેજ સરકારવતી દરમ્યાનગીરી કરી અને ગોવિંદરાવ પાસે આવી રીતે કરાવાયેલા કરારને સાલબાઈના કરારના ભંગ સમાન જણાવ્યા, આથી નાના ફડનવીસને એ દરખાસ્તો પાછી ખેંચી લેવી પડી.[૧૯]

### કાન્હોજીરાવ તરફથી અવરોધો

ગોવિંદરાવને 'સેનાખાસખેલ' બિરુદ લેવાની છૂટ અપાઈ (ડિસેમ્બર ૧૯, ૧૭૯૩ ). એણે પુણેથી વડોદરા જવા નીકળતી વખતે દીવાન તરીકે રાવજી આપાજી મજૂમદાર, અને ફડનવીસ જેવી કાર્યદક્ષ વ્યક્તિઓને સાથે લીધી, પરંતુ વડોદરામાં ગોવિંદરાવનો પ્રવેશ સરળ ન બન્યો. એની ધરમપુરની રાજપૂત પત્ની ગજરાબાઈથી થયેલ પુત્ર કાન્હોજીરાવે મુશ્કેલીઓ ઊભી કરી. એણે

ભરૂચમાં રહેલા સિંધિયાના પ્રતિનિધિ પાસેથી મદદ મેળવી એ વડોદરા પર ધસી આવ્યો, અને એણે ભાડૂતી ૨,૦૦૦ આરબ તથા ૬૦૦ પઠાણ સવારદળની મદદથી વડોદરા પર કબજો જમાવી રાખવા પ્રયાસ કર્યો, પરંતુ છેવટે એ લશ્કરે કાન્હોજીરાવ સાથે જ દગો કર્યો : એને કેદ કરી એના પિતા ગોવિંદરાવને સોંપ્યો. ગોવિંદરાવે એને કેદમાં રાખ્યો, પણ એ સ્ત્રી-વેશમાં નાસી છૂટ્યો અને ડુંગર-વિસ્તારમાં ગયો, જ્યાંના ભીલોએ એને સંખેડા–બહાદરપુરના વિસ્તારમાં લૂંટફાટ કરવામાં મદદ કરવાની તૈયારી બતાવી. એની સાથે કડીના અવસાન પામેલ ખંડેરાવ( મૃ. ૧૭૮૫ )નો પુત્ર મલ્હારરાવ પણ જોડાયો. ખંડેરાવે અગાઉના સમયમાં ગોવિંદરાવ-પક્ષે રહીને એને મદદ કરી હતી તેથી એનો ખંડેરાવને વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ ગાયકવાડે જે દંડ કરેલો અને 'પેશકશ' આપવા ફરમાવ્યું હતું તે બધું માફ કરવું જોઈએ એવી માગણી મલ્હારરાવે કરી હતી. આ સમયે કડીના જાગીરદારના તાબામાં કડી કપડવંજ અને દહેગામ હતાં. ફત્તેસિંહરાવે અગાઉ દર્શાવ્યા પ્રમાણે નડિયાદ લઈ લીધું હતું.

મલ્હારરાવ અને કાન્હોજીરાવ સંયુક્ત બન્યા હતા. પણ એમની વચ્ચે ખટરાગ ઊભો થતાં[20] હવે કાન્હોજીરાવને પોતાના રક્ષણ માટે ફરી વાર સાતપુડાના ડુંગરોમાં નાસી જવું પડ્યું, પરંતુ ગોવિંદરાવે એને ખોટાં પ્રલોભન આપી બોલાવ્યો અને કેદખાનામાં નાખ્યો. ૧૭૯૪ માં મલ્હારરાવ સાથે શાંતિ-સમજૂતી કરવામાં આવી. એની પાસે કડી કપડવંજ અને દહેગામ રહેવા દેવામાં આવ્યાં.

### આબા શેલૂકર સાથે ઘર્ષણ

રઘુનાથરાવના પુત્ર બાજીરાવે ૧૭૯૬ માં પેશવાપદ ધારણ કર્યું. એણે પોતાના દસ વર્ષના ભાઈ ચિમણાજીને ગુજરાતનો સૂબો નીમ્યો અને મરાઠી વહીવટી પદ્ધતિ પ્રમાણે સૂબાના નાયબ તરીકે આબા શેલૂકરને અમદાવાદ મોકલ્યો.

બાજીરાવ પેશવા એવું ઇચ્છતો હતો કે આબા શેલૂકર અને ગોવિંદરાવ વચ્ચે ઘર્ષણ થાય. શેલૂકરની નિમણૂક નાના ફડનવીસે કરાવી હતી તેથી પેશવા શેલૂકરને એનો પ્રતિનિધિ ગણતો હતો. પેશવા ગુજરાત પ્રાંતમાં પોતાનો હિસ્સો પણ પરત લેવા માગતો હતો.[21] એ ગોવિંદરાવને પણ સિંધિયા-તરફી વલણનો માનતો હતો અને ગોવિંદરાવનો પ્રભાવ મુખ્ય

કેંદ્રમાંથી વધુ ફેલાવો ન પામે એવી પણ ઇચ્છા રાખતો હતો. ગોવિંદરાવે પેશવાને ચૂકવાની થતી રકમમાંથી હજી રૂ. ૩૯,૮૨,૭૮૯ ની રકમ બાકી હતી.[૨૨] અમદાવાદ આવ્યા પછી શેલૂકરના અમલદારોએ ગાયકવાડના તાબા નીચેનાં ગામડાંઓમાંથી ફરજિયાત રકમો ઉઘરાવવા માંડી. આવી 'લૂંટ' ગાયકવાડને પાછી આપવાની શેલૂકરે ના પાડી, આથી ગોવિંદરાવના મંત્રી રાવજી અને ચિમણાજીએ શેલૂકર પર હલ્લો કરવા અને પોતાનો માર્ગ ચોખ્ખો કરવા તથા અમદાવાદ જીતી લેવા ગોવિંદરાવને અનુરોધ કર્યો. વળી આ સમયે નાના ફડનવીસનું અવસાન થતાં ( માર્ચ ૧૩,૧૮૦૦ ) શેલૂકરે મોટો આશ્રયદાતા ગુમાવ્યો હતો. શેલૂકરને અમદાવાદમાંથી હાંકી કાઢવા અને અમદાવાદનો પોતાનો ઇજારો જે હતો તે લઈ લેવા પેશવાએ ગોવિંદરાવને જણાવ્યું.

ગોવિંદરાવે શિવરામ ગારદીને લશ્કરી સામગ્રી સાથે અમદાવાદ જીતી લેવા મોકલ્યો. અમદાવાદને ઘેરો ઘાલવામાં આવ્યો અને અંતે શેલૂકરને કેદી બનાવી, બોરસદ લઈ જઈ રાખવામાં આવ્યો, જ્યાં એ સાત વર્ષ કરતાં વધુ સમય એ સ્થિતિમાં રહ્યો.[૨૩]

ગોવિંદરાવે અમદાવાદ લીધા બાદ પેશવાના ઇજારાવાળો ભાગ પોતાના અનૌરસ ખાસ માનીતા પુત્ર ભગવંતરાય માટે પેશવા પાસેથી મેળવી લીધો. પાંચ વર્ષ માટે દર વર્ષે પાંચ લાખ રૂપિયાના બદલામાં પેશવાએ ગુજરાતમાંના પોતાના બધા હક્ક આપ્યા હતા, જેમાં સૌરાષ્ટ્રની ખંડણી, પેટલાદ નાપાડ રાણપુર ધંધૂકા અને ઘોઘાની મહેસૂલનો તથા ખંભાતની અમુક જકાત અને અમદાવાદના મહેસૂલ ભાગનો સમાવેશ થતો હતો. એ નોંધપાત્ર છે કે પેશવાએ પોતાના ભાઈ ચિમણાજીની ગુજરાતના સૂબા તરીકે જે નિમણૂક કરી હતી તે રદ કરી ન હતી અને છતાં પણ ગોવિંદરાવ ગાયકવાડને હક્ક આપ્યા હતા !

ગોવિંદરાવ ગાયકવાડે અમદાવાદમાં પોતાના નાયબ તરીકે સિંધિયાના મંત્રીના ભાઈ યાદવરાવ ભાસ્કરને મોકલવા વિચાર્યું. એનો હેતુ પોતાનો મંત્રી રાવજી આપાજી રાજ્યમાં અધિક સત્તાધીશ બની ગયો હતો તેની સામે એક પ્રબળ સત્તાબળ ઊભું કરવાનો હતો, પરંતુ ગોવિંદરાવ એમાં ફાવી શક્યો નહિ અને રાવજીએ પોતાના ભત્રીજા રઘુનાથરાવ ઉર્ફે કાકાજીની નિમણૂક અમદાવાદ માટે કરાવવામાં સફળતા મેળવી. સિંધિયાને પાંચ લાખ રૂપિયાની પહેલી રકમની ચૂકવણી કરવા વડોદરાના શાહુકાર હરિભક્તિને એ રકમ આપવામાં

આવી, એ સમયે ગોવિંદરાવનું અવસાન થયું (સપ્ટેમ્બર ૧૯, ૧૮૦૦).

ગોવિંદરાવના સમયમાં પેશ્વા બાજીરાવે વડોદરા રાજ્યને ખંડણી દંડ નજર વગેરેના અસહ્ય નાણાકીય બોજાથી તદ્દન નબળું બનાવી દીધું હતું. લશ્કરનો જ ખર્ચ રાજ્યની આવક કરતાં વધુ હતો. ન્યાયતંત્ર કે પ્રજા-રક્ષણ અને બીજાં પ્રજાકીય કાર્યો માટે દુર્લક્ષ અપાતું. તમામ સત્તા લૂંટફાટમાં માનનાર ઉદ્દંડ અને મિજાજી સ્વભાવના ભાડુતી આરબ સૈનિકોના હાથમાં કેંદ્રિત થયેલી હતી. પેશ્વા અને સિંધિયા વડોદરા રાજ્યનું વિસર્જન થાય એ પ્રક્રિયાને ખૂબ રસપૂર્વક નિહાળી રહ્યા હતા.[૨૪]

## આનંદરાવ ગાયકવાડ (૧૮૦૦–૧૮૧૯)

ગોવિંદરાવને ૧૧ પુત્ર હતા. તેઓમાં ૭ અનૌરસ હતા, જે ગાદીના હક્કદાર ન હતા. તેઓમાં કાન્હોજીરાવ સૌથી મોટો હતો. ગોવિંદરાવની પટરાણી ગહેનાબાઈએ જાહેર કર્યું કે મારા પુત્ર આનંદરાવને ગાદી નહિ અપાય તો હું પતિના મૃતદેહ સાથે સતી થઈશ. મંત્રી રાવજીની ગેરહાજરીમાં રાવજીના ભાઈ બાબાજી, આરબોના સરદાર મીર કમાલુદ્દીન, મંગળ પારેખ અને સામળ પારેખે દરમ્યાનગીરી કરી ગહેનાબાઈને આનંદરાવના હક્ક જાળવવા કબૂલાત આપી સતી થવાનો નિર્ણય પડતો મુકાવ્યો, જો કે બધાને ખાતરી હતી કે આનંદરાવ નિર્બળ અને વ્યસની હોવાથી રાજ્ય ચલાવવા તદ્દન અયોગ્ય હતો, છતાં આનંદરાવને ગાદીએ બેસાડવામાં આવ્યો.

મંત્રી રાવજી વડોદરા પાછો ફરે એ પહેલાં જ કાન્હોજીરાવે મહારાજા બનેલા આનંદરાવને ખુશ કરીને પોતાને તેના 'મુતાલિક' એટલે કે નાયબ તરીકે નિમાવી દીધો, આરબોને રાવજી કરતાં પણ વધુ રકમ આપી પોતાના પક્ષે લઈ લીધા અને આનંદરાવના બધા અધિકાર ધીમે ધીમે પડાવી લઈ પોતે સાચી સત્તા ભોગવવા લાગ્યો. એણે નાણાં પ્રાપ્ત કરવા ઘણી ગેરરીતિઓ અજમાવી. રાજકુટુંબનાં સભ્યોની પણ ભારે કનડગત કરી. રાજ્યના આખા વહીવટમાં ભારે અવ્યવસ્થા ફેલાઈ. આ સંજોગોમાં આરબોએ કાન્હોજીરાવના વિરોધીઓ પાસેથી વધુ લાંચ લઈ કાન્હોજીરાવને કેદ કર્યો (જાન્યુઆરી ૧, ૧૮૦૧) અને રાણપુરના કિલ્લામાં રાખ્યો. રાવજી ફરી પાછો સત્તા પર આવી ગયો.

## બ્રિટિશ દરમ્યાનગીરીનો આરંભ

મંત્રી રાવજીએ વહીવટી સત્તા પુનઃ હાથમાં લીધી, પણ આરબો એમનાં

હિંસાત્મક અને દમનકારી કાર્ય કરતા રહેતા હોવાથી એ ભારે દુઃખી થતો. એની ઇચ્છા અંગ્રેજોની દરમ્યાનગીરી લાવવાની હતી, જે આરબોને ગમતું ન હતું. આરબોને લાવનાર એ પોતે હતો અને હવે તેઓ જ એની સામે થયા હતા. આ સંજોગોમાં કાન્હોજીરાવની માતા ગજરાબાઈ સુરત હતી તેણે કડીના જાગીરદાર મલ્હારરાવને દીવાન રાવજી સામે પગલાં ભરવા સંદેશો મોકલાવ્યો. મલ્હારરાવે અગાઉ રાવજીને કાન્હોજીરાવ સામે ટેકો આપ્યો હતો, પરંતુ મલ્હારરાવ પોતાને ગાયકવાડને આપવાની થતી 'પેશકશ'ની રકમ માફ કરાવવા ઇચ્છા રાખતો હોવાથી એણે કાન્હોજીરાવ પક્ષે જવાનું નક્કી કર્યું. આનંદરાવનો અનૌરસ પુત્ર મુકુંદરાવ પણ એમના પક્ષે તુર્ત જ જોડાયો.

આ પરિસ્થિતિમાં રાવજી અને કાન્હોજીરાવના પક્ષોએ મુંબઈ સત્તાને મદદ કરવા વિનંતી કરી. ગવર્નર ડંકનની મરાઠા રાજકારણમાં દરમ્યાનગીરી કરવાની અનિચ્છા હતી, તેથી ઘણા વિલંબ પછી એણે મેજર એ. વૉકરને બંને પક્ષો વચ્ચે મધ્યસ્થી કરવા મોકલવા અને મહારાજા આનંદરાવની બીજી કોઈ ઇચ્છા હોય તો એની ખાતરી કરવા મોકલવા નક્કી કર્યું અને એ જે નિર્ણય આપે તેને ટેકો અને પીઠબળ મળી રહે એ માટે ૨,૦૦૦ નું લશ્કર ખંભાત રવાના કર્યું; જો કે એટલું લશ્કર પૂરતું તો ન જ હતું.

૧૮૦૦ ના અંતમાં પરિસ્થિતિ ગૂંચવાડાવાળી બની હતી. બાબાજી અને મલ્હારરાવનાં લશ્કરો વચ્ચે ઘર્ષણ થતાં હતાં. વડોદરામાં રાવજીનું સ્થાન અસ્થિર બનેલું હતું. સામાન્ય સ્થિતિ બેચેનીભરી બની હતી. રાવજી અંગ્રેજોને બોલાવી લાવનાર માણસ તરીકે આરબોમાં ભારે અપ્રિય બન્યો હતો. આ સંજોગોમાં સિંધિયાએ પોતાનો અમદાવાદના ઇજારા માટેનો બે વર્ષનો ૧૦ લાખ રૂપિયાનો હક્કદાવો રજૂ કરી પરિસ્થિતિ વધુ ગૂંચવી નાખી, આથી જ કદાચ મુંબઈની અંગ્રેજ સત્તાએ વડોદરા રાજ્યમાં મધ્યસ્થી કરવાની તૈયારી બતાવી હશે !

**વૉકરનું કાર્ય**

મેજર વૉકરે વડોદરા પહોંચી (જાન્યુઆરી ૧, ૧૮૦૧) જોયું કે આનંદરાવ નબળી બુદ્ધિનો, આરબોથી ભયભીત થયેલો, જાગીરદાર મલ્હારરાવને અમિત્ર તરીકે માનતો થયેલો અને એના ભાઈ કાન્હોજીરાવને કેદમાં પૂરી રાખવાથી ચિંતિત છે. રાજ્ય ભારે દેવામાં ડુબેલું હતું. લશ્કરમાં તીવ્ર અસંતોષ વ્યાપેલો હતો અને એ બંડખોર સ્થિતિમાં હતું. સમગ્ર વહીવટીતંત્ર મોકૂફ રખાયેલી સ્થિતિમાં લાગ્યું. આ બધી પરિસ્થિતિ જોઈ વૉકરે દીવાન રાવજીને બધા

આરોપોમાંથી રુક્ત કર્યો. મલ્હારરાવે સ્વાર્થી નીતિ અપનાવી, દીવાન રાવજીએ સમાધાન કરવા માટે એને રૂ. ૧૦૦૦૦ ની 'પેશકશ' રકમ ઘટાડી આપવાનું વચન આપેલું હતું છતાં એ ન સ્વીકારતાં કાન્હોજીરાવને મદદ કરવા બદલ જવાબદાર ઠેરવ્યો, પરંતુ મલ્હારરાવે વડોદરા રાજ્યમાં ખંડણી ઉઘરાવવાના હક્ક માટે અને એણે લશ્કરીબળથી કબજે કરેલ વિસનગર એની પાસે રહેવા દેવા માટે આગ્રહ રાખ્યો. સમાધાન માટે કોઈ માર્ગ ન રહેતાં વૉકર પોતાના ખંભાત ખાતેના લશ્કર સાથે જોડાવા, વડોદરા છોડીને જતો રહ્યો ( ફેબ્રુઆરી ૧૮, ૧૮૦૧ ). જાગીરદાર સાથે લશ્કરી સંઘર્ષ અનિવાર્ય જણાયો હતો. એક બાજુએ સેનાપતિ બાબાજી અને વૉકરનાં સંયુક્ત દળો અને સામા પક્ષે મલ્હારરાવનો લશ્કરો વચ્ચે થોડી લડાઈઓ ચારેક મહિનાના ગાળામાં થઈ (ફેબ્રુઆરી ૨૩ થી મે ૩), જેમાં અંતે મલ્હારરાવ હારી ગયો અને પછી શરણે થઈ ગયો.

મલ્હારરાવને નડિયાદ રહેવાની પરવાનગી અપાઈ અને સવા લાખ રૂપિયાની ઊપજવાળા જિલ્લા અપાયા. એ પછી ત્રીજા મહિને સંખેડા અને બહાદરપુરના જાગીરદાર ગણપતરાવે બંડ કર્યું, પણ એ બ્રિટિશ ટુકડીના શરણે થઈ ગયો ( જુલાઈ ૭ ) અને એનો સાથી મુરારરાવ ધારમાં આનંદરાવ પવારના આશ્રયે જતો રહ્યો.

### અંગ્રેજોને અપાયેલા પ્રદેશ અને સહાયક દળ

અંગ્રેજ સત્તાએ આપેલી સેવાઓની પહેલી કામગીરી પૂરી થતાં એનો બદલો તુર્ત જ માગવામાં આવ્યો. લશ્કરી કામગીરી શરૂ થઈ એ પહેલાં જ ચોરાસી પરગણાની અને સુરતની ચોથનો હિસ્સો બક્ષિસ તરીકે આપી દેવામાં આવ્યો હતો. ખંભાત ખાતે ડંકન અને રાવજી વચ્ચે થયેલા કરાર મુજબ આ ચડાઈનો ખર્ચ વ્યાજ સાથે બે હપ્તામાં ( પહેલો હપ્તો ૧ લી ઑક્ટોબર ૧૮૦૧ અને બીજો હપ્તો ૫ મી જાન્યુઆરી ૧૮૦૨ના રોજ) ચૂકવવાનું ગાયકવાડે સ્વીકાર્યું અને બાંહેધરીરૂપે સુરત અઠ્ઠાવીસીનો પોતાનો હિસ્સો આપ્યો.[૨૭] મલ્હારરાવનું બંડ શમાવી દેવાયા બાદ અંગ્રેજોએ ગુપ્ત રીતે આપેલ લશ્કરનો ખર્ચ મહિને રૂ. ૬૫,૦૦૦ નો થતો હતો તે વડોદરા રાજ્યે ભોગવવાનો હતો. બંડ શમાવી દેવાયા બાદ ચીખલીનું પરગણું આપવામાં આવ્યું ( જૂન ૪, ૧૮૦૨ ) અને પાછળથી એમાં ખેડાનો કિલ્લો તથા જાગીર ઉમેરવામાં આવ્યાં (મે ૫, ૧૮૦૩ ).

વડોદરા રાજ્ય ગીરો મુકાયેલા પ્રદેશોને લીધે ભારી વિમાસણમાં આવી

પડ્યું હોવાથી, એમાંથી માર્ગ કાઢવા અંગ્રેજ સત્તા સાથે નવા કરાર કરવામાં આવ્યા (જૂન ૬, ૧૮૦૨). એમાં બધી જાયદાદ આપવાની વિધિ જૂન ૧૮૦૩ સુધી મોકૂફ રાખવામાં આવી, પરંતુ એ જ સમયે એવું નક્કી કરાયું કે ધોળકાનું પરગણું તથા નડિયાદમાંથી રૂ. ૫૦,૦૦૦ની જાગીર તુર્ત જ આપવી. એની ખાતરી તરીકે સૌરાષ્ટ્ર અને કડીની મહેસૂલી આવક બાનમાં આપવામાં આવી. પહેલા વર્ષમાં કરેલો લશ્કરી ખર્ચ ૭ લાખ અને ૮૦ હજાર થતો હતો એને માટે ૯ ટકા વ્યાજનું એક ઋણપત્ર આપવામાં આવ્યું, પરંતુ જાન્યુઆરી ૧૮૦૩ સુધીમાં ધોળકા નડિયાદ વિજાપુર અને કડીનો ટપ્પો, જેની બધી મળી કુલ કિંમત ૭ લાખ અને ૮૦ હજાર થતી હતી તે, અંગ્રેજ સત્તાને આપવામાં આવ્યાં. વળી આરબોને પગારની બાકી રહેલી રકમ ચૂકવવા કંપની સત્તાએ જે રકમ અગાઉથી આપી હતી તે ૧૮૦૫ ના જૂન સુધીમાં ભરપાઈ કરી આપવાની હતી. અને એને માટે વડોદરા કોરલ સિનોર પેટલાદ અને અમદાવાદનાં પરગણાંઓની ઊપજ બાનમાં આપવામાં આવી. રાવજીએ કરેલા કરારને મહારાજા આનંદરાવે બહાલી આપી (જુલાઈ ૨૯, ૧૮૦૨).

રાવજીએ અંગ્રેજ સત્તા પ્રત્યે આપેલી સેવાઓનો બદલો મુંબઈ સત્તાએ આપ્યો. વડોદરા રાજ્યનું દીવાનપદ રાવજીના પ્રભુ-કુટુંબમાં ચાલુ રહે એવી બાબતનો એક ખાનગી કરાર કરવામાં આવ્યો.[૨૮]

ગાયકવાડ અને મુંબઈની સત્તા વચ્ચે વધતા જતા સંબંધોના કારણે, મેજર વોકરને વડોદરામાં રેસિડેન્ટ તરીકે મોકલવામાં આવ્યો (જુલાઈ ૧૧, ૧૮૦૨).

દીવાન રાવજી આપાજીનું અવસાન થતાં (જુલાઈ ૧૮, ૧૮૦૩) એની જગ્યાએ એનો દત્તક પુત્ર તરીકે લીધેલ ભત્રીજો સીતારામ દીવાન બન્યો. સીતારામ અપ્રામાણિક, બિનઆવડતવાળો અને આ પદ માટે લાયક ગુણો ન ધરાવતો હતો. એ મહારાજાને ખોટી સલાહ પણ આપતો હતો. મેજર વોકર જ્યારે વડોદરા આવ્યો ત્યારે એ પોતાની સાથે પુણેના હરિપંત ફડકેના આશ્રિત તરીકે રહેલ ગંગાધર શાસ્ત્રી પટવર્ધનને ગાયકવાડ મહારાજાના સલાહકાર તરીકે લઈ આવ્યો હતો. એ બ્રિટિશ સત્તાની નોકરીમાં જોડાયો હતો(૧૮૦૨). એણે વફાદારીપૂર્વક કાર્ય કરી સંમાનનીયતા પ્રાપ્ત કરી હતી.[૨૯]

### કનોજિસિંહરાવનું પુનરાગમન

આ વખતે હોળકર અને સિંધિયા વચ્ચે મધ્ય હિંદમાં ભારે ઘર્ષણ

થયાં. એની અસર ગાયકવાડ કુટુંબ પર પણ પડી. મહારાજા આનંદરાવનો નાનો ભાઈ ફત્તેસિંહરાવ એ વખતે પુણેમાં હતો તેને હોળકરના એક અમલદારે કેદ પકડ્યો. એને લશ્કર આપીને ગુજરાતમાં મોકલી તોફાનો કરાવવામાં આવશે એવી દહેશત વડોદરાની રાજ્ય-કાર્યવાહક સમિતિ જે સીતારામ દીવાન બનતાં અને વૉકર આવ્યા પછી રચાઈ હતી તેણે ફત્તેસિંહરાવને છોડાવવા માટે મોટી રકમ આપવાની તૈયારી બતાવી હોળકરને સંદેશો મોકલાવ્યો. એ સ્વીકારાતાં ફત્તેસિંહરાવ અને એની માતાને ગુજરાત તરફ મોકલવામાં આવ્યાં. એમની સાથે આવવા નીકળેલા પીંઢારા સરદાર અહમદખાન તેમ હોળકરના લશ્કરની પકડમાંથી છટકી જઈને ફત્તેસિંહરાવ એની માતા સાથે વડોદરા પહોંચી ગયો (ઑક્ટોબર ૨, ૧૮૦૩). ફત્તેસિંહરાવે હવે વડોદરામાં રાણી ગહેનાબાઈની સાથે રહેવાનું રાખ્યું. મેજર વૉકરે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી ફત્તેસિંહ-રાવને ગાદી પર બેસાડવા પઠાણો તોફાન ન કરે એ પણ જોવાનું હતું. વળી આ સમયે મહારાજા આનંદરાવની માનીતી રાણી તખતાબાઈએ દીવાન સીતારામ અને રેસિડેન્ટ વૉકરને કેદ કરી, પઠાણો અને બીજાની મદદથી વડોદરા કબજે કરવાનું કાવતરું યોજ્યું હતું, પણ એ ખુલ્લું પડી જતાં એના યોજકોને શિક્ષા કરવામાં આવી.

### ગાયકવાડ અને મરાઠા વિગ્રહો

પેશવાએ ગાયકવાડને ગુજરાતના પોતાના પ્રદેશોનો ઇજારો ફરી વાર વર્ષે સાડા ચાર લાખના દરે દસ વર્ષ માટે તાજો કરી આપ્યો (ઑક્ટોબર ૨, ૧૮૦૪). હકીકતમાં એ ભગવંતરાવ ગાયકવાડને આપવામાં આવ્યો હતો. ગાયકવાડે ૧૮૦૫ અને ૧૮૦૬ દરમ્યાન અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે થયેલી ઘણી લડાઈ-ઓમાં અંગ્રેજ પક્ષે સક્રિય ભાગ લીધો. અંગ્રેજોની હોળકર સાથે થતી નાની મોટી લડાઈઓથી, હોળકરના ગુજરાત પરના આક્રમણનો ભય સતત રહેતો.

### ૧૮૦૫ અને ૧૮૦૮ના કરાર

આ સંજોગોમાં અંગ્રેજ સત્તાએ અને ગાયકવાડ સત્તા વચ્ચે કરાર (The Definitive Treaty) થયા (એપ્રિલ ૨૧, ૧૮૦૫).[૩૦] એની જોગ-વાઈઓમાં સહાયક દળમાં પાયદળની સંખ્યા ૩,૦૦૦ સુધી વધારવામાં આવી, એક યુરોપીય તોપખાનાની ટુકડી રાખવામાં આવી ને અંગ્રેજ સત્તાને જરૂર લાગે ત્યારે સૌરાષ્ટ્રમાં લશ્કરની એક ટુકડી મોકલવાનું ઠરાવવામાં આવ્યું. એના ખર્ચ માટે અગાઉ અપાયેલા ચોરાસી, ચીખલી, સુરતની ચોથ અને ખેડા ઉપરાંત

બીજી વધારાની રૂ. ૧૧,૭૦,૦૦૦ ની ઊપજવાળા જિલ્લા આપવામાં આવ્યા. એમાં ધોળકા નડિયાદ વિજાપુર અને માતર તથા મહુધાનો સમાવેશ કરવામાં આવ્યો. ફ્રીનો ટપ્પો તથા કીમ-કઠોદરા પણ આપવામાં આવ્યાં. આપવામાં આવેલા આ પ્રદેશોની ઊપજ ૧૦ લાખ અને ૭૦ હજારની મૂકવામાં આવી અને બાકીની ખૂટતી રકમ માટે સૌરાષ્ટ્રમાંથી જોગવાઈ કરવામાં આવી. ગાયકવાડના વડોદરા રાજ્યની પરદેશનીતિનું સંચાલન અંગ્રેજ સત્તા દ્વારા થાય, ગાયકવાડ કોઈ પણ યુરોપીય કે અમેરિકનને અથવા હિંદ દેશના કોઈ વતનીને અંગ્રેજ સત્તાની પરવાનગી વગર નોકરીએ રાખે નહિ, અંગ્રેજ સત્તા પણ ગાયકવાડની સંમતિ વગર ગાયકવાડના નોકરો કે આશ્રિતો અથવા ગુલામોને નોકરીએ રાખે નહીં, પેશવા સાથેના તમામ મતભેદોનું નિરાકરણ બ્રિટિશ લવાદીને સોંપાય, એકબીજાના પ્રદેશની ભાગેડુ વ્યક્તિ અરસપરસના પ્રદેશમાં આશરો લે તો એને પરત કરે એવી બાંહેધરી આપવા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો.

૧૮૦૮ માં બીજા કરાર થયા (જુલાઈ ૧૨), જે પૂરક કરાર ( The supplementry Treaty ) કહેવાયા[૩૧] એમાં ૧૮૦૫ ના કરારનો ફરીથી સમાવેશ કરાયો અને એ કરારમાં અપાયેલા પ્રદેશોની ઊપજની રકમ અગાઉ નક્કી કરાયેલી રૂ. ૧,૭૬,૧૬૮ ની રકમથી ઓછી આવતાં, રકમનો મેળ પડી શકે માટે ભાવનગર તરફથી આવતી ઘાસદાણની રકમ અને નડિયાદ સોબખડા સાદર–મખજી હૈદરાબાદની વેરાની રકમો તથા ધોળકા મોઢેરામાં અમુક ગામો, માતર વિજાપુર વગેરે બધું મળી કુલ રૂ. ૧,૭૬,૧૬૮ ની ઊપજ મળે તેવા પ્રદેશ અંગ્રેજ સરકારે લીધા.

## ફત્તેસિંહરાવ ( બીજો ) ગાયકવાડ (રાજ્યપાલક) ૧૮૦૬–૧૮૧૮

મહારાજા આનંદરાવની ચિત્તભ્રમની સ્થિતિ ચાલુ રહી. દીવાન સીતારામની ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓ ચાલુ હતી એ રાજ્યમાં સુધારા કરવામાં અવરોધક બની રહ્યો હતો. એણે ૧૮૦૭ ના આરંભમાં સૌરાષ્ટ્રમાં રહેલા બાબાજીને પોતાની મદદે આવવા વિનંતી કરી હતી, પણ બાબાજી એની પ્રવૃત્તિઓથી નાખુશ હતો. સીતારામે મહારાજાની જાણ બહાર બેફામ ખર્ચો કર્યા હતા, આથી એના તરફનો ભય બને તેટલો ઓછો કરવા ફત્તેસિંહરાવની રાજ્યપાલક તરીકે પસંદગી કરવામાં આવી. મુંબઈની અંગ્રેજ સત્તા પણ સીતારામની પ્રવૃત્તિઓથી નાખુશ હતી, આથી મેજર વૉકરે મુંબઈ સરકારને રાજ્યની વહીવટી સમિતિ સભ્ય

તરીકે બાબાજીને નીમવા ભલામણ કરી. બાબાજીએ સૌરાષ્ટ્રનો હવાલો છોડી દીધો અને એ વિઠ્ઠલરાવ દેવાજીને આપ્યો. વડોદરા આવ્યા પછી બાબાજીને વહીવટી કામો ક્રમશઃ વધુ ને વધુ સોંપાતાં ગયાં ને સીતારામનાં ઓછાં કરાતાં ગયાં. રાજ્યમાં ફત્તેસિંહરાવનાં સત્તા અને પ્રભાવ પણ વધવા લાગ્યાં. સલાહકાર તરીકે ગંગાધર શાસ્ત્રી હતા. જ્યાં સુધી ગંગાધર વડોદરામાં રહ્યા ત્યાં સુધી ફત્તેસિંહરાવ સારા શાસક તરીકે હોવાની અને બ્રિટિશ સત્તાને એના મિત્ર તરીકે રહ્યાની પ્રતીતિ કરાવી આપી.

ફત્તેસિંહરાવના સમયમાં સૌરાષ્ટ્રમાં રાજ્યની ખંડણી સંબંધમાં નિરાકરણ કરવાની ખાસ જરૂરિયાત ઊભી થઈ; એના પરિણામે 'વૉકર સેટલમેન્ટ' કરવામાં આવ્યું.

## સૌરાષ્ટ્રમાં ગાયકવાડની સત્તા

દમાજીરાવના સમય સુધીમાં (૧૭૬૮) સૌરાષ્ટ્રમાં ગાયકવાડના તાબામાં ઘણા પ્રદેશ આવી જતાં, ગાયકવાડની સત્તાનો સારા પ્રમાણમાં ફેલાવો થયો હતો. પેશવા અને ગાયકવાડ વચ્ચે થયેલા ૧૭૫૨–૫૩ ના પ્રદેશ ભાગલા કરાર પ્રમાણે લગભગ ૧૮૦૦ સુધી બંનેની સંયુક્ત ફોજો ખંડણી ઉઘરાવે એવી જોગવાઈ હતી. ગાયકવાડે પેશવાના હિસ્સાનો ઇજારો ૧૮૧૪ સુધી રાખી ખંડણી ઉઘરાવવાનું કામ કર્યું હતું. મુલકગીરી ઉઘરાવનારા મરાઠા સરદારોમાં શિવરામ ગારદી અને બાબાજી આપાજીનાં નામ મોખરે રહ્યાં. એમણે ખંડણીની રકમમાં ઘણો વધારો કર્યો હતો. તેઓ ધાકધમકી અને બળના જોરે ખંડણી ઉઘરાવતા. કેટલીક જગ્યાએ ઘણા ઠાકોર બાબાજી સામે થયા હતા. કડીના મલ્હારરાવે પણ બંડ ઊઠાવ્યું હતું, પરંતુ બાબાજીએ એ બધાને હરાવીને ખંડણી વસૂલ લીધી હતી.

## વૉકરનું સમાધાન

૧૯ મી સદીના આરંભમાં સૌરાષ્ટ્રમાં રાજકીય સ્થિતિ ભારે અસંતોષવાળી અજંપાવાળી અને અરાજકતા ભરી હતી. મરાઠાઓએ છેક ૧૭૨૧ ના અરસાથી સંખ્યાબંધ સવારીઓ કરી ખંડણી વસૂલ લેવાનું કામ કર્યું હતું.

વર્ષે વર્ષે થતી મુલકગીરી–સવારીઓથી ત્રાસેલા ઠાકોરોએ એનો ઇન્કાર કરી સામનો કરવા માંડ્યો. આથી કરી ખંડણી નિયમિત મળતી રહે અને રક્તપાત નિવારી શકાય એ માટે ઊકેલ લાવવાનું જરૂરી માનવામાં આવ્યું.

૧૮૦૭ માં વૉકર બ્રિટિશ ટુકડી સાથે મોરબી રાજ્યમાં આવ્યો ને વિઠ્ઠલરાવ દેવાજી સાથે જોડાયો. એમણે ધુંટુ મુકામે પડાવ નાખ્યો. એ વખતે મોરબી અને માળિયા વચ્ચે ગંભીર સ્વરૂપનો સંઘર્ષ ચાલી રહ્યો હતો, તેમાં સમાધાન કરાવવામાં પણ એમણે ભાગ ભજવ્યો. છેલ્લાં ચાર વર્ષોનું મહેસૂલ મોરબી પાસે લેણું હતું તે પણ મોરબી પાસેથી કઢાવ્યું.[૩૨] વૉકરે એ પછી નવાનગર પોરબંદર જૂનાગઢ રાજકોટ ગોંડળ ધ્રોળ અને બીજાં હાલાર પ્રદેશનાં રાજ્યોમાં થઈ એ પછી કાઠીઓના પ્રદેશ મધ્ય-સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યો.

સૌરાષ્ટ્રના સંબંધકર્તા દરબારો રાજાઓ રાણા રાવળ ઠાકોર વગેરે સાથે સીધી રીતે વાતચીત કરતાં પહેલાં ગાયકવાડના પ્રતિનિધિ તરીકે વિઠ્ઠલરાવે અને વૉકરે એક પરિપત્ર એ બધાને મોકલાવ્યો, જેમાં ખંડણીના નિરાકરણ માટે કેટલીક દરખાસ્તો આધાર તરીકે દર્શાવવામાં આવી હતી. એ બધા તરફથી વિવિધ પ્રકારના જવાબ મળ્યા હતા. માળિયાનો રાજા, જેણે બાબાજીનો સામનો કરી પાછો હઠાવ્યો હતો, તેણે તો વૉકરને પોતાની સાથે જોડાઈ કચ્છનું રણ ઓળંગી કચ્છ-સિંધને લૂંટવા નિમંત્રણ મોકલાવ્યું હતું ! વૉકરે ગાયકવાડના છેલ્લાં થોડાં વર્ષોના હિસાબોની તપાસ કરી, વિગતોનો અભ્યાસ કર્યો ત્યારે એને લાગ્યું કે 'ખરા-જાત' અથવા વધારાની ( ખંડણી ઉપરાંતની ) રકમમાં ભારે ઘટાડો કરવાનું સલાહ ભર્યું છે. જે ૨૯ દરબારોને પરિપત્રો મોકલાયાં હતા તેમના લાગતા વળગતા કુટુંબીજનોના હક્કો અને હિતોના રક્ષણ માટે કરારમાં ઉલ્લેખ કરવામાં આવે તો એ દરબારો સાથે અલગ કરાર થઈ શકે એમ છે એ પણ એને જણાયું જો કે રાજપૂત વારસાના વિશિષ્ટ પ્રકારના નિયમાનુસાર તપાસ કરતાં જણાયું કે ૧૫૩ જેટલી વ્યક્તિઓને એમની ખંડણી ને માટે એક-બીજાથી સ્વતંત્ર રહી, કરાર કરવાનો અધિકાર છે તેથી સમાધાન કરવામાં ભારે વિલંબ થયો, પરંતુ છેવટે સમાધાન થયું. એ સમાધાનનાં નાણાકીય અને રાજકીય એવાં બે પાસાં હતાં.

૧૮૦૭ માં જે ખંડણી નક્કી કરવામાં આવી તે દરેક દરબારે અને એના વંશ વાલી વારસોએ હવે પછી વડોદરા રાજ્યને આપવાનું બંધન સ્વીકાર્યું, પણ પ્રતિપક્ષે દરબારોએ ચૂકવવાની નક્કી થયેલી રકમથી વધુ માગણી વડોદરા સરકારે કરવી નહિ, વળી એ માટે દશ વર્ષ સુધી પ્રતિ-સલામતીની માગણી પણ એમણે કરી, એટલું જ નહિ, પણ કરારોમાં બ્રિટિશ સરકારે પણ સામેલ થવું જોઈએ એવો આગ્રહ રાખ્યો. વૉકરે કંપની સરકાર વતી સલામતી આપી અને કરારમાં સહભાગી બનવાનું કબૂલ રાખ્યું. આ નાણાકીય પાસું હતું.

રાજકીય પાસું જે હતું તેમાં દરબારો રાજાઓ ઠાકોરો વગેરે વચ્ચે પરસ્પરના ઝગડાને કેવી રીતે અટકાવી દઈ નાબૂદ કરવા અને એમને કાબૂમાં રાખવા કેવાં પગલાં લેવાં એ માટેનો મોટો પ્રશ્ન હતો. સર્વોપરિ સત્તાનું લશ્કર સૌરાષ્ટ્રમાંથી ખસેડી લેવાય તો અગાઉની જેમ જ આખા પ્રાંતમાં રાજકીય અશાંતિ ઊભી થાય અને એવી સ્થિતિમાં દરબારો નક્કી કરેલી ખંડણી વડોદરાને આપી ન શકે. આમ આવા રાજકીય પ્રશ્નનું સમાધાન કરવું જરૂરી હતું, આથી દરબારો પોતે જ શાંતિ–વ્યવસ્થા જાળવવામાં સહકાર આપે અને કરારનું પાલન કરે ને બીજાને કરવા દે એવા સ્થિતિનું નિર્માણ કરવાનું જરૂરી લાગ્યું. આવા મુદ્દા પરથી એવા કરાર કરવામાં આવ્યા, જેમાં દરેક સહી કરનાર દરબાર રાજા વગેરે પોતાની સદ્દવર્તણૂક અને શાંતિભરી રીતભાત માટે પોતાનો જામીન આપે. એ જામીન બીજો કોઈ રાજા કે દરબાર જ હોય એવું કરવામાં આવ્યું. આ રીતે જામીનની બાબત બધા રાજા-દરબારો વચ્ચે પરસ્પર સદ્દભાવના અને શાંતિ રાખવાની આવશ્યકતા બની રહી. દરેક દરબાર–રાજાને એક પરવાના-ખત અથવા બાંહેધરી–ખત આપવામાં આવ્યું, જેમાં ગાયકવાડ સરકાર કબૂલ કરવામાં આવેલી ખંડણીની રકમ કરતાં વધુ રકમ લેશે નહિ એવું લખવામાં આવ્યું. એના પર વૉકરે પણ પોતાની સરકાર વતી સહી–સિક્કા કરી આપ્યાં.

એ નોંધવું જોઈએ કે ખંડણીની રકમ કાયમી ધોરણે નક્કી કરાઈ હતી, પરંતુ સલામતીની બાંહેધરી દર દસ વર્ષે ફરી તાજી કરી આપવાની હતી. ગાયકવાડની ખંડણીની કુલ રકમ રૂ. ૯,૭૯,૮૮૨ નક્કી કરવામાં આવી હતી. એ નોંધપાત્ર છે કે દરબારો–રાજાઓની સદ્દવર્તણૂક માટેની ખાતરી આપતા કરાર (ફૈલઝામિન) સિવાય પેશ્વા સરકારનો ઉલ્લેખ ખંડણીની બાબતમાં કરવામાં આવ્યો ન હતો. હકીકત એ પણ હતી કે આ સમયે પેશવાની ખંડણીનો ઇજારો ગાયકવાડ પાસે ૧૮૧૪ સુધી કામચલાઉ હતો.

આમ આવા જુદા જુદા કરારોથી ખંડિયા રાજાઓ અને સર્વોપરિ સત્તા વચ્ચેના સંબંધ એકબીજા માટે વિશિષ્ટ પ્રકારના કરાર (contract જેવા) બન્યા અને બધી અનિશ્ચિતતાઓ દબાણો જુલમ પ્રતીકાર વગેરે જતાં રહ્યાં.[33] 'વૉકર સમાધાન'ની અસરો તાત્કાલિક તો એ પડી કે ઘણાં વર્ષો સુધી સૌરાષ્ટ્રમાં ભારે અશાંતિ પ્રવર્તતી હતી તે જતી રહી અને શાસકો સહિત લોકોને વાર્ષિક મુલકગીરી–સવારીઓ આવવાનો ભય જતો રહ્યો.

વૉકર ૧૮૦૯ સુધી સૌરાષ્ટ્રમાં રહ્યો. એણે વિઠ્ઠલરાવ દેવાજીને સાચી સત્તા આપી, હિસાબો પુનઃ સુધારવાની, નવા અને કુશળ કામદારો નીમવાની, અગાઉના નાણાકીય ગોટાળા માટે તપાસ કરવાની અને ન્યાયકીય પંચ નીમવાની સલાહ આપી. કઈ કઈ બાબતોમાં બીજા સુધારા કરવા એની પણ વિગતે સૂચનાઓ આપી. આમાંના ઘણા સુધારા અમલમાં મૂકવામાં આવ્યા હતા.

૧૯ મી સદીના આરંભમાં સૌરાષ્ટ્રમાં ગાયકવાડની સત્તા નીચે વધુ પ્રદેશ-વિસ્તારો લાવવાની કામગીરી થઈ. વિઠ્ઠલરાવ દેવાજીએ એમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. એણે બાબરાના કાઠીઓ અને બીજાઓ પાસેથી ગામો લખાવી લઈ પ્રદેશ વધાર્યો. એમાંથી ૨૬ ગામોનો 'દામનગર મહાલ' બન્યો. શિયાનગર ભાવનગર તથા ગઢડાના ખાચર કાઠીઓના તાબામાં હતું. ભાવનગરના ઠાકોરે કાઠીઓનો હિસ્સો પચાવી પાડવાની શરૂઆત કરી ત્યારે કાઠીઓએ ૧૮૦૪ ના અરસામાં પોતાના હિસ્સામાંનો પોણો ભાગ ગાયકવાડ સરકારને લખી આપ્યો હતો અને ગાયકવાડનું રક્ષણ મેળવ્યું હતું. ભાવનગરનો જેટલો બાકી હિસ્સો રહેલો હતો તે પાછળથી ગાયકવાડે વેચાતો લઈ લીધો. આ સમયે ભાવનગર અને વળાના દરબારો મોનપુરના ચોધારી રાજપૂતોની જમીન દબાવવા લાગ્યા ત્યારે એમણે ગાયકવાડને કેટલાંક ગામોનો બધો 'વેરો' અને અડધી 'વજે' લખી આપી રક્ષણ મેળવ્યું. શિયાનગર અને બીજાં આઠ ગામ 'શિયાનગર મહાલ'માં આવ્યાં. ૧૮૦૬-૦૭ માં નવાનગરના તાલુકામાં ભીમકટ્ટાના રાજપૂત ગરાસિયાઓ તથા એ જિલ્લાના ઉપરી ખવાસ સગરામ વચ્ચે ઝગડો થયો તેથી ગરાસિયાઓએ પોતાની જાગીરનો અડધો ભાગ તથા રાજ્યાધિકાર ગાયકવાડને લખી આપ્યાં ને રક્ષણ મેળવ્યું.

૧૮ મી સદીમાં ધારીનો કિલ્લો સરસિયાના થેબાણી કાઠીઓના કબજામાં હતો, તેઓએ એ કિલ્લો વાંકિયા તાલુકાના રાણીંગ વાળા નામના બહારવટિયાને આપ્યો. રાણીંગ વાળો જ્યારે બહારવટું કરતો થયો ત્યારે ગાયકવાડે ધારી તાલુકો પોતાના કબજામાં લઈ લીધો. ૧૮૦૬-૦૭ માં સરસિયા(તા. ધારી)ના કાઠીઓએ ૧૩ ગામોની જાગીર ગાયકવાડને લખી આપી. ૧૮૧૧-૧૨ માં ચાચઈના કાઠીઓએ પોતાનો દલખાણિયા પરગણામાં આવેલ આખો ગરાસ લખી આપ્યો. એવી રીતે ધાંતરવર પરગણાના કાઠીઓએ ૧૮૧૧-૧૩ દરમ્યાન ૭૮ ગામ ગાયકવાડને આપ્યાં. એ પછી સરસિયા ચાચઈ અને ધાંતરવરનો ધારી તાલુકામાં સમાવેશ કરવામાં આવ્યો. જેતપુર તાલુકાનાં નવ ગામ પણ આ તાલુકામાં જોડી દેવામાં આવ્યાં. અમરેલીનો જેતપુરનાં ચોવીસ

ગામોની ચોથ પર હક્ક હતો; અમરેલીના સત્તાવાળાઓએ ધીમે ધીમે ત્યાં પગપેસારો કરી છેવટે એમણે નવ ગામ અને કેટલીક રોકડ રકમ પડાવી લીધાં. આ નવેમાંનાં બે ગામ જૂનાગઢના નવાબે ગંગાધર શાસ્ત્રી અને વિઠ્ઠલરાવ દેવાજીને વંશપરંપરા આપ્યાં હતાં: એ ગામોને ગાયકવાડ સરકારે જે તે મહાલમાં ભેળવી દીધાં. વાળા કાઠીઓએ એમની ચલાળાની અને એમનાં તાબાનાં ૭ ગામોની જાગીર નવાનગરના જામને ત્યાં ગીરો મૂકી હતી. ૧૮૧૨ માં જામે પોતાનું સ્વાતંત્ર્ય જાહેર કરવાનો પ્રયાસ કર્યો. પરિણામે ગાયકવાડ અને અંગ્રેજ લશ્કર એની સામે ગયાં, જેથી એને શરણે આવવાની ફરજ પડી. આવા સાનુકૂળ સમયે વિઠ્ઠલરાવે જામ પાસેથી ચલાળાનો ગીરો હક્ક ગાયકવાડ માટે ખરીદી લીધો અને ચલાળાને ધારી મહાલમાં જોડી દેવામાં આવ્યું.

૧૮૦૪ માં ઓખામંડળના વાઘેર ચાંચિયાઓએ એક અંગ્રેજ દંપતીને લઈને દરિયાકાંઠે હંકારાતા જહાજને લૂંટી લીધું હતું. મુંબઈની અંગ્રેજ સત્તાએ એમને શિક્ષા કરવા એક નૌકાકાફલો મોકલ્યો હતો, પણ એ કામગીરી કરવામાં નિષ્ફળ નીવડ્યો હતો, આથી ૧૮૦૭ માં મેજર વૉકર માળિયા હતો ત્યારે તેને ઓખામંડળ જઈ વાઘેરો પાસે એમના કાર્ય બદલ વળતર વસૂલ લેવાનો આદેશ અપાયો. વૉકરે વિઠ્ઠલરાવ દેવાજીના લશ્કર સાથે દ્વારકા જઈ વાઘેરો પર ૧ લાખ અને ૧૦ હજાર રૂપિયા દંડ નાખ્યો અને અપકૃત્યો બદલ ધમકી આપી વાઘેરોને શરણે આણ્યા.

૧૮૦૯ માં માળિયા અને ખાંડાધારના સરદારોએ તોફાનો મચાવતાં અને કાઠીઓએ જુલમો વર્તાવતાં ખાસ પ્રકારની લશ્કરી કામગીરી કરવાનું જરૂરી બન્યું. મિયાણાનો જોરદાર બચાવ છતાં માળિયા કર્નલ વૉકરે કબજે કર્યું (જુલાઈ ૧૮૦૯), તેથી આખા પ્રદેશ પર વૉકરની નામના ફેલાઈ ગઈ. ખાંડાધાર પણ શરણે થઈ ગયું. ત્યાંના સરદારો પાસેથી ભારે દંડ લેવામાં આવ્યો.

આમ વૉકર સૌરાષ્ટ્રમાં નોંધપાત્ર કામગીરી બજાવી વડોદરા પાછો ફર્યો (૧૮૦૯). એના સૌરાષ્ટ્રમાંથી ગયા બાદ ૧૮૨૦ સુધી સૌરાષ્ટ્રનો વહીવટ ગાયકવાડના સૂબા વિઠ્ઠલરાવ દેવાજીએ ભારે કુશળતાપૂર્વક ચલાવ્યો. એણે અમરેલીમાં મુખ્ય મથક રાખ્યું. એની મદદમાં અંગ્રેજ રેસિડેન્ટનો એક મદદનીશ ત્યાં રાખવામાં આવ્યો. એ બંનેની કામગીરીમાં પેશવા–ગાયકવાડની ખંડણી ઉઘરાવવી, શાંતિસુલેહ જાળવી બંદોબસ્ત રાખવો, ગાદી–વારસની તકરાર બાબતમાં નીવેડો લાવવો, ઝગડતાં સ્થાનિક રજવાડાંઓ વચ્ચે દરમ્યાનગીરી

કરવી, પરહદમાં પકડાયેલા ગુનેગારોને શિક્ષા કરવી વગેરેનો સમાવેશ થતો હતો. ૧૮૧૨–૧૩ માં સૌરાષ્ટ્રમાં ભારે દુકાળ પડચો અને ઠેર ઠેર બંડ થયાં, પણ એ બ્રિટિશ ફોજની મદદથી દબાવી દેવાયાં.

૧૮૧૪ માં પેશવા સત્તાએ પોતાના હિસ્સાનો ગાયકવાડને આપેલો ઇજારો પૂરો થતાં ખંડણી ઉઘરાવવા પોતાની ફોજ સૌરાષ્ટ્રમાં મોકલી આપી આથી અવ્યવસ્થા ફેલાતાં ગાયકવાડનો અંકુશ શિથિલ બન્યો, પણ ૧૮૧૮ માં પેશવાની સત્તાનો અંત આવતાં પેશવાના સર્વોપરિ હક્ક અંગ્રેજ સત્તાએ લઈ લીધા. અને સૌરાષ્ટ્રમાં બ્રિટિશ સત્તા સર્વોપરિ બની રહી.[૩૪]

### વોકરની વડોદરાની કામગીરી

કર્નલ વૉકરે વડોદરા પાછા આવી સુધારાનું કાર્ય પુનઃ શરૂ કર્યું. દીવાન સીતારામે ઘણાં નાલેશીભર્યાં કૃત્ય કર્યાં હતાં. એણે હાફિઝ ગુલામ હુસેન નામની હલકી કક્ષાની વ્યક્તિ સાથે પત્રવ્યવહાર ચલાવી ગુજરાતમાં બ્રિટિશ સત્તા અને પ્રભાવ નાબૂદ કરવા ખટપટો શરૂ કરી હતી. સીતારામની આવી ખટપટી પ્રવૃત્તિ સામે વૉકરે સખતાઈથી કામ લીધું.[૩૫]

બાબાજી આપાજીનું અવસાન થતાં (નવેમ્બર ૨૮, ૧૮૧૦) એનો પુત્ર વિઠ્ઠલરાવ ભાઉ 'ખાસગીવાલા'પદે આવ્યો. વિઠ્ઠલરાવ બે વર્ષ સુધી મંત્રી તરીકે રહ્યો અને એ પછી ગંગાધર શાસ્ત્રી આવ્યો. ૧૮૧૩ માં ગંગાધર શાસ્ત્રીનો મુંબઈની અંગ્રેજ સત્તા તરફથી 'મુતાલિક' તરીકે નીમતી સનદ મળી અને વાર્ષિક રૂ. ૬૦,૦૦૦ પગાર આપવાનું ઠરાવી આપ્યું.

### ગાયકવાડની મુશ્કેલીઓ

વડોદરા સરકારે ૧૮૧૨ માં (ફેબ્રુઆરી ૧૨) કંપની સત્તાનું દેવું ભરપાઈ કરી દીધું હોવાથી મુંબઈની સત્તાને વડોદરા રાજ્યની જરૂરી આંતરિક બાબતોમાં ચાંપતી દેખરેખ રાખવાની જરૂર લાગતી ન હતી, પરંતુ ફરીવાર ગોવિંદરાવના અસંતુષ્ટ અને ભારે કાવતરાબાજ પુત્ર કાન્હોજીએ વડોદરા રાજ્યમાં બંડ કરવાની પ્રવૃત્તિઓ કરી. એણે નવાનગરના જામને પણ પોતાના પક્ષે લીધો, પણ એ જામ રાજા, ટૂંક સમયમાં જ અંગ્રેજ સત્તા સાથે સમાધાન થતાં, એમાંથી છૂટો પડચો. કાન્હોજીએ બીજાં પણ અસંતુષ્ટ તત્ત્વોને ભેગાં કર્યાં હતાં, પરંતુ ભરૂચના કૅપ્ટન બેલેન્ટાઇને કાન્હોજીના કેંદ્ર પાદરા પર હલ્લો કરી કાન્હોજીને કેદ કર્યો. એને પહેલાં સુરત અને પછી મુંબઈ લઈ જવામાં આવ્યો અને છેવટે મદ્રાસમાં જીવતાં સુધી નજરકેદમાં રાખવામાં આવ્યો. આવી સ્થિતિમાં

વડોદરાના રેસિડેન્ટને વડોદરાના વહીવટ પર ચાંપતી દેખરેખ રાખવાનું કહેવામાં આવ્યું.

મુહમ્મદ અબૂદ સિંધિયા વતી સાવલી નજીક ખંડણી ઉઘરાવતો હતો તે ગાયકવાડ સરકારને ધિક્કારતો અને એણે રાજ્યમાં ભારે મુશ્કેલીઓ ઊભી કરી (ડિસેમ્બર ૧૨, ૧૮૧૨). એણે તખતાબાઈની વિનંતીથી માંડુજી ઢમઢેરે સાથે રહીને આમોદ પર થોડી ટુકડીઓ સાથે કૂચ કરી. આમોદ પેશવાનું ખંડિયું ગામ હતું અને એ હિંદુ ગરાસિયા કુટુંબનું હતું, પરંતુ એ ગરાસિયો પાછળથી મુસ્લિમ બન્યો હતો. એ ગામના સદ્‌ગત મુખીનું લગ્ન તખતાબાઈની બહેન સાથે થયેલું હતું. એ બહેનના પુત્ર અને ગરાસિયાના ભાઈ સામે તખતાબાઈ પગલાં લેવા માગતી હતી. એમ કરવા જતાં પેશવા સાથે ગાયકવાડને સંઘર્ષમાં આવવું પડે એમ હતું, પરંતુ ફત્તેસિંહરાવની વિનંતીથી એ આક્રમણની યોજના પડતી મૂકવામાં આવી.

૧૮૧૩ માં ખાનદેશ તરફથી પીંઢારાઓએ આવીને ગુજરાતમાં હલ્લા કર્યા અને તેઓ નવસારી લૂંટીને જતા રહ્યા. એમાં ગાયકવાડનાં લશ્કરોએ ખરાબ દેખાવ કરતાં ગાયકવાડની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગી. આવાં સરહદી તોફાન વારંવાર થતાં રહેતાં.

### પેશવાના હક્કદાવા

વસાઈના કરાર અને ૧૮૦૫ ની ગાયકવાડ તથા કંપની સત્તા વચ્ચે થયેલ નિર્ણાયક કરારમાં સમાવિષ્ટ કરાયેલ પેશવાના હક્કદાવાનું નિરાકરણ થયું ન હતું, અમદાવાદના ઇજારાની મુદત પૂરી થવા આવી હતી, પેશવા–ગાયકવાડ વચ્ચેના રાજકીય સંબંધ પણ સુખદ ન હતા.

બીજી બાજુ, ગાયકવાડને લાગતું હતું કે અમદાવાદના ઇજારાની મુદત પેશવા ફરી લંબાવી આપશે નહિ અને વડોદરા રાજ્ય સહન ન કરી શકે તેવી જોરદાર નાણાકીય માગણીઓ એ મૂકશે, આથી નાણાકીય પાસાંની વાટાઘાટો કરી સમાધાન સાધવા માધવરાવ તાત્યા મજૂમદારને પુણે મોકલવાનું નક્કી કર્યું, પણ પાછળથી એને બદલે બાબાજીના ગાઢ મિત્ર બાપુ મૈરાળને પસંદ કરવામાં આવ્યો. બાપુ મૈરાળ પુણે પહોંચી પણ ગયો. એના પછી ગંગાધર શાસ્ત્રી જાય એવું અગાઉથી નક્કી થયેલું હતું, પરંતુ ગંગાધરની ઇચ્છા જવાની ન હતી. એમ છતાં એ ભારે અનિચ્છાએ અને બ્રિટિશ રક્ષણની સલામતી નીચે પુણે જવા નીકળ્યો (ઑક્ટોબર ૨૯, ૧૮૧૩).

મુંબઈની અંગ્રેજી સત્તા પેશવા–ગાયકવાડ વચ્ચે મતભેદોનું નિરાકરણ થાય એમ ઇચ્છતી હતી, તેથી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખતી હતી. અમદાવાદનો ઇજારો ગાયકવાડ પાસે ચાલુ રહે એમ એ ઇચ્છતી હતી, કારણ કે મુંબઈ સત્તાના પ્રદેશોની સદહદો ઘણી જગ્યાએ અમદાવાદ પ્રદેશ સાથે ભેગી થતી હતી. જો પેશવા વડોદરા સાથે નવા સ્વરૂપના રાજકીય સંબંધ બાંધે તો એના પ્રયાસને અવરોધવાના હતા. આ કારણે મુંબઈ સત્તા પેશવા–ગાયકવાડની બાબતમાં ભારે રસ ધરાવતી હતી.

**વડોદરામાં જૂથબંધી**

આ સમયે વડોદરામાં બે જૂથ હતાં : એક જૂથ બ્રિટિશ સાથેના જોડાણમાં માનતું, તો બીજું જૂથ અમુક શરતો પૂરી થાય તો પેશવા વડોદરા રાજ્ય પર પોતાની સર્વોપરિ સત્તા સ્થાપવાનો પ્રયાસ કરે તો એમાં મદદ કરવા આતુર હતું. એ ગંગાધર શાસ્ત્રીની પુણેની પ્રવૃત્તિઓથી માહિતગાર રહેતું.

ફેબ્રુઆરી ૧૮૧૪માં પુણેના રેસિડેન્ટ એલ્ફિન્સ્ટને ગોવિંદરાવ બંધુજી ગાયકવાડ, જે પુણેમાં રહી પેશવા સાથે કાવતરાં ઘડી રહ્યો હતો, તેને વડોદરા પાછા બોલાવી લેવા માગણી કરી. એ સમયે જ ગંગાધર શાસ્ત્રીએ પુણેની રેસિડેન્ટની કચેરીના મુખ્ય કારકુન કરસેટજી શેઠ મોદી પર આક્ષેપ કર્યો કે એ પોતાના માટે અમદાવાદનો ઇજારો લેવાની પેરવી કરી રહ્યો છે તેથી એને હોદ્દા પરથી ઉતારી મૂકવો જોઈએ. હકીકતમાં એ ઇજારો વિઠ્ઠલ નારસિંગ ઉર્ફે ત્ર્યંબકજી ડેંગળેને આપવામાં આવનાર હતો. ગંગાધર શાસ્ત્રીએ એ પણ સૂચવ્યું હતું કે મોદી અને ત્ર્યંબકજી ફત્તેસિંહરાવ અને અંગ્રેજ સત્તા વિરુદ્ધ પેશવા પર દબાણ લાવી પોતાને સતત હેરાન–પરેશાન રહેવું પડે અને ભયભીત રહેવું પડે એવી પેરવી કરી રહ્યા છે.

બીજી બાજુ વડોદરામાં રાણી તખતાબાઈ અને ખટપટી સીતારામ હવે એકત્ર થયાં હતાં. સીતારામ પ્રજાપક્ષ અથવા અંગ્રેજ–વિરોધી પક્ષનો નેતા બન્યો હતો. એને સત્તા–ભ્રષ્ટ કરવામાં ભાગ લેનાર બધા પ્રત્યે વેર લેવાની અને અગાઉનું સ્થાન પ્રાપ્ત કરવાની એની ઇચ્છા હતી. એ વડોદરા અને પુણેનાં અસંતુષ્ટ તત્ત્વો વચ્ચે સંકલન કરી લાભ મેળવવા માગતો હતો. પુણેમાં એના તરફી પક્ષકાર તરીકે ગોવિંદરાવ બંધુજી ગાયકવાડ અને સદ્ગત મહારાજા ગોવિંદરાવનો અનૌરસ પુત્ર ભગવંતરાવ પણ હતો. રાણી ગહેનાબાઈ ભગવંતરાવને નાણાં પૂરાં પાડતી હતી. સીતારામે પુણે અને મુંબઈની કચેરીઓમાં

પોતાનાં ખાસ માણસ રાખ્યાં હતાં. મુંબઈ સત્તાની વહીવટી કાઉન્સિલના ગુપ્ત હેતુઓ અને ઠરાવોની એને માહિતી મળતી રહે એવી વ્યવસ્થા ગોઠવી હતી.

ગંગાધર શાસ્ત્રીનો બ્રિટિશ રેસિડેન્ટના ટેકાથી જે રીતે અભ્યુદય થયો હતો તે આનંદરાવ અને ગોવિંદરાવના જૂના નોકરોને ગમતું ન હતું. તેઓ શાસ્ત્રીને વચ્ચે આવી પડનાર અનિચ્છનીય વ્યક્તિ તરીકે ઓળખતા. જો શાસ્ત્રીને પુણેના એને સોંપવામાં આવેલા કાર્યમાં સફળતા મળે તો એ કાયમ માટે મુખ્ય મંત્રી બની રહે અને જો એને નિષ્ફળતા મળે તો એને વડોદરા પાછો બોલાવવામાં આવે એવી સ્થિતિ હતી. વાટાઘાટો માટે શાસ્ત્રીએ પેશવા સમક્ષ કેટલીક દરખાસ્તો મૂકી ( સપ્ટેમ્બર ૧૮૧૪) તે નાણાંકીય બાબતો સંબંધે હતી. પેશવા પોતાના હક્કદાવા માટે ૫૦ લાખનો સ્વીકાર કરશે અને વર્ષે ૮ લાખના હિસાબે પાંચ વર્ષ માટે ઇજારાની મુદત લંબાવી આપશે એવી અપેક્ષા રાખી હતી, પરંતુ પેશવાએ એ દરખાસ્તોનો સ્વીકાર કર્યો નહિ અને અમદાવાદનો હવાલો ત્ર્યંબકજી ડેંગળેને આપ્યો (ઑક્ટોબર ૨૩, ૧૮૧૪).

બીજી બાજુએ વડોદરામાં ફતેસિંહરાવે અમદાવાદના ઇજારા સંબંધમાં વિરોધી ભાગ ભજવનાર તરીકે સીતારામને કેદમાં નાખ્યો, જેથી એ હવે પછી વધુ ભાગ ભજવી ન શકે.[૩૧]

પેશવાએ રેસિડેન્ટ એલ્ફિન્સ્ટનની મુલાકાત લઈ, ગાયકવાડના રાજ્ય માટે દીવાન નીમવાનો પોતાને હક્ક છે એવું જણાવી સીતારામના ગુણોની ભારે પ્રશંસા કરી, એની તરફેણ કરી અને ગંગાધર શાસ્ત્રી માટે તિરસ્કૃત વલણ બતાવ્યું. પોતાને વડોદરાના આંતરિક મામલામાં તપાસ કરવાનો હક્ક છે વગેરે મુદ્દા પણ દર્શાવ્યા. એલ્ફિન્સ્ટને પેશવાની આવી રજૂઆત પ્રત્યે સખ્ત નાપસંદગી વ્યક્ત કરી અને પેશવાને માત્ર કાયદેસર રીતે ગાદીએ બેસનાર ગાયકવાડને અથવા ઉત્તરાધિકારીને મંજૂરી આપવાનો જ હક્ક છે એમ સ્પષ્ટપણે કહ્યું.

૧૮૧૫ માં પેશવા અને ગંગાધર શાસ્ત્રી વચ્ચે ચર્ચાઓ થઈ. શાસ્ત્રીએ વડોદરાના રેસિડેન્ટની સંમતિથી પેશવા સાથે વધુ વાટાઘાટો ચલાવી, પરંતુ પેશવાએ રાજકીય હક્કદાવાનું નિરાકરણ કરવા માટે આગ્રહ રાખ્યો અને જેમ બને તેમ વાટાઘાટો વધુ લંબાય એવી નીતિ અપનાવી.

ગંગાધર શાસ્ત્રીને માત્ર નાણાકીય હક્કદાવા માટે વાટાઘાટો કરવાનો અધિકાર હતો અને એ જ એનું મુખ્ય કાર્ય હતું, જ્યારે પેશવાએ એ બાબતને ગૌણ માની ગાયકવાડ પરનો પોતાનો સર્વોપરિ અધિકાર છે એવો હક્ક સ્વીકારાવવાનું

વલણ અપનાવ્યું. બીજી બાજુ શાસ્ત્રીને સર્વોપરિ અધિકાર બાબત કોઈ વાતચીત કરવાનો અધિકાર ન હતો. આમ બંને વચ્ચે કોઈ સમાન ભૂમિકા ન હતી.[૩૭] એણે ગંગાધર શાસ્ત્રીને પોતાના મંત્રી બનવાનું પ્રલોભન આપ્યું, પરંતુ શાસ્ત્રીએ એલ્ફિન્સ્ટનની સલાહથી એ પદ સ્વીકાર્યું નહિ. શાસ્ત્રી આમ પહેલાં અંગ્રેજ સત્તાનો વફાદાર અને માન ધરાવતો નોકર હતો.[૩૮] એની વફાદારી આ વખતે પણ ચાલુ હતી તેથી એ અંગ્રેજ સત્તાના અધિકારીઓની સલાહ પ્રમાણે વર્તતો. પેશવાએ શાસ્ત્રીને પોતાના મંત્રી બનાવવાના પ્રલોભન સાથે સાથે શાસ્ત્રીના પુત્રનું લગ્ન પેશવાની સાળી સાથે થાય એવી પણ ઇચ્છા વ્યક્ત કરી. પેશવાએ જોયું કે ગંગાધર શાસ્ત્રી અવરોધક અને અનિચ્છનીય વ્યક્તિ બની રહી છે, તેથી છેવટે એણે એની હત્યાનું કાવતરું યોજવા બાબતમાં પ્રોત્સાહન આપ્યું, જેનો મુખ્ય સૂત્રધાર ત્ર્યંબકજી ડેંગળે હતો. આ કાવતરાના ફલસ્વરૂપે ગંગાધર શાસ્ત્રીની હત્યા પંઢરપુરમાં વિઠોબાના મંદિરથી પાછા ફરતાં રસ્તામાં કરવામાં આવી (જુલાઈ ૨૦, ૧૮૧૫). આવી કરપીણ હત્યાથી વાતાવરણ ભારે તંગ બન્યું. હત્યા પછી બાપુ મૈરાળ અને શાસ્ત્રીનું કુટુંબ ભારે મુશ્કેલીથી ત્યાંથી નાસી છૂટયાં. આ હત્યા કરાવવાથી પેશવા ત્ર્યંબકજી અને વડોદરામાં અંગ્રેજ વિરોધી જૂથને ભારે સફળતા મળી દેખાઈ, પરંતુ શાસ્ત્રીની હત્યા બાદ પરિસ્થિતિ વણસી જાય એ અંગ્રેજ સત્તાવાળાઓને ગમે એમ ન હતું.

પેશવા બાજીરાવ કાવતરામાં સંડોવાયેલો છે અને હત્યા કરવાનું કામ એના સાથી ત્ર્યંબકજી ડેંગળેએ અને એના સાગરીતોએ કર્યું છે એમ જાણવા છતાં અંગ્રેજ સત્તાએ પેશવા સાથે અત્યંત ખામોશી રાખી કામ લીધું.[૩૯] ત્ર્યંબકજી અને એના અન્ય સાગરીતોને સોંપી દેવા પેશવા બાજીરાવને કહેવામાં આવ્યું. બાજીરાવ અન્ય મરાઠા સરદારો કે રાજાઓનો સહકાર મળે તો અંગ્રેજોને જોરદાર ફટકો મારવો કે એમને શરણે થઈ જવું એ બાબતનો નિર્ણય લેવા માગતો હોઈ એણે બને તેટલો વિલંબ કર્યો, પણ બધી પરિસ્થિતિનો તાગ મેળવી છેવટે રેસિડેન્ટ એલ્ફિન્સ્ટનની સલાહ સ્વીકારી અને ત્ર્યંબકજી, જેને પોતે સતારામાં કેદી તરીકે રાખ્યો હતો, તેને રેસિડેન્ટના હવાલે કર્યો. ત્ર્યંબકજીને થાણાના ગઢમાં રાખવામાં આવ્યો. ભગવંતરાવ અને ગોવિંદરાવનો કબજો ફત્તેસિંહરાવને સોંપવામાં આવ્યો (નવેમ્બર ૧૮૧૬). અંગ્રેજ સત્તા આ સમયે યુદ્ધ થાય એમ ઇચ્છતી ન હતી. એની સંમતિ અને સલામતીની બાંહેધરી છતાં ગંગાધર શાસ્ત્રીની હત્યા થવાથી વડોદરામાં વાતાવરણ ભારે ઉશ્કેરાટભર્યું બન્યું હતું. ફત્તેસિંહરાવ ભારે રોષ સાથે ગમગીન હતો.

**સીતારામની ખટપટોનો અંત**

વડોદરામાં સીતારામનું જે જૂથ અંગ્રેજ સત્તા વિરુદ્ધ હતું તે શાસ્ત્રીની હત્યા થવાથી આનંદિત થયેલું હતું અને પેશ્વાની દરમ્યાનગીરીથી સીતારામ (જેને કેદ રાખવામાં આવ્યો હતો તે)ને ફરીથી દીવાન નીમવામાં આવશે એવી આશા રાખી રહ્યું હતું. વળી નબળા મનના મહારાજા આનંદરાવે પણ ગોવિંદ-રાવને આવું કામ થાય એ જોવા માટે એક પત્ર લખ્યો હતો અને ગોવિંદરાવે કરેલા કાર્યની પ્રશંસા કરી હતી. આ રીતે સીતારામને આનંદરાવનો ટેકો મળી રહ્યો. એ ઉપરાંત એને ગહેનાબાઈ અને હંમેશ ખટપટમાં રાચતી તખતાબાઈનો પણ ટેકો હતો. શાસ્ત્રીએ તખતાબાઈને કેદમાં નખાવી હતી તેથી એ પણ વેર લેવાયાનો સંતોષ માની શાસ્ત્રીની ખુલ્લી નિંદા કરતી હતી. વડોદરામાં તોફાનો થાય તો સીતારામના જૂથે સીતારામના વફાદાર સેવક બાપુ રઘુનાથને ધારથી ચાર હજારના લશ્કર સાથે સરહદ ઓળંગી વડોદરા કૂચ કરવા કહેવડાવ્યું હતું. અમદાવાદમાં પેશવાનો સૂબો પણ લશ્કરી જમાવટ કરી રહ્યો હતો અને વડોદરાના અસંતુષ્ટ જૂથ સાથે મસલતો ચલાવી રહ્યો હતો. જાટ અને અન્ય મોટી ટુકડીઓ ધોલેરા પર ત્રાટકવાની તૈયારીમાં હતી, પણ સીતારામની તરફેણમાં જે બંડ થવાનું હતું તે અપરિપક્વ પુરવાર થયું. ફત્તેસિંહરાવ તત્કાલ પૂરતું રાણી ગહેનાબાઈના પ્રભાવમાં આવ્યો, રેસિડેન્ટે સીતારામનો કબજો પોતાને સોંપી દેવા માગણી કરી, પણ ફત્તેસિંહરાવ એ મંજૂર રાખી શક્યો નહિ. સીતારામને પહેલાં સુરત અને પછી મુંબઈ લઈ જવાનો હતો. તાજેતરના બનાવોની તપાસ પૂરી થતાં સીતારામના રહેઠાણને કેદખાનામાં ફેરવી નાખવામાં આવ્યું (સપ્ટેમ્બર ૨૦, ૧૮૧૫) ને ત્યાં અંગ્રેજ ચોકિયાતો મૂકવામાં આવ્યા, પરંતુ છેવટે સીતારામને મુંબઈ લઈ જવાનો હુકમ કરાયો (એપ્રિલ ૧૮૧૬).

**ગાયકવાડનું અંગ્રેજ-વિરોધી વલણ**

આ પછી ફત્તેસિંહરાવનું વલણ અંગ્રેજ સરકાર પ્રત્યે હઠીલું બન્યું. પોતે સ્વતંત્ર થવાની ઇચ્છા રાખતો હતો. રેસિડેન્ટે શાસ્ત્રીના અનુગામીની નિમણૂક કરવા માટે એને વિવશ બનાવ્યો હતો. રેસિડેન્ટ એવી વ્યક્તિને નીમવા માગતો હતો કે જે એની અને ગાયકવાડના દરબારની વચ્ચે કડી સમાન બની રહે, આથી ધાકજી દાદાજીની નિમણૂક મધ્યસ્થ તરીકે માસિક રૂ. ૨૫૦ ના પગારથી કરવામાં આવી (ફેબ્રુઆરી ૨૦, ૧૮૧૬). રાજ્યપાલક ફત્તેસિંહરાવે શરૂઆતથી જ ધાકજીને અંગ્રેજ-તરફી બીજો શાસ્ત્રી માની લીધો. એ પોતાનાં કાયદેસરનાં સ્વાતંત્ર્ય અને સુખ માટે અવરોધક બની રહેશે એમ

પણ માનતો હતો, આથી એણે ધાકજીને એની અગાઉ બનેલા બનાવોથી અજાણ રાખ્યો અને દરેક બાબતમાં શાહુકાર બેચર માણેકદાસની સલાહ લેવાનું રાખ્યું. આ સ્થિતિ રેસિડેન્ટે બેચરને સલાહકાર તરીકે કરવાની વિનંતી કરી ત્યાં સુધી રહી. ફત્તેસિંહરાવનું વલણ હવે બંને પક્ષો સાથે ઝઘડાખોર બન્યું. રેસિડેન્ટ સાથે ઘણી બાબતોમાં મતભેદ વધતા ગયા અને એકબીજા પ્રત્યે અસહિષ્ણુતાનું વાતાવરણ સર્જાયું. રેસિડેન્ટે તો ફત્તેસિંહરાવ વડોદરા રાજ્યની હિત-વિરોધી પ્રવૃત્તિ કરવા લાંચ લે છે એવો પણ આક્ષેપ કર્યો હતો (ઑગસ્ટ ૧૫, ૧૮૧૬), પરંતુ મુંબઈની સત્તા વડોદરા રાજ્યની આંતરિક બાબતમાં અને વહીવટમાં ઊંડી દરમ્યાનગીરી કરવામાંથી દૂર રહેવા માગતી હતી. દીવાનની નિમણૂકની બાબતમાં છેવટે એણે અંગ્રેજ સત્તાની 'બાંહેધરી'થી શાસ્ત્રીનો મોટો પુત્ર ભીમશંકર, જે કિશોર વયનો હતો, તેને વડોદરાના દીવાન તરીકે નીમ્યો (ડિસેમ્બર ૯, ૧૮૧૬), ને દીવાનની ફરજો યશવંતરાવ દાદાએ સંભાળી.

**ઓખામંડળમાં બખેડા**

૧૮૦૯ માં વડોદરા સત્તાએ ઓખામંડળના વાઘેર મુખીઓ માટે પોતાની જામીનગીરી આપી હતી છતાં એમણે ૧૮૧૦ માં લૂંટફાટની પ્રવૃત્તિઓ શરૂ કરી. એ સમયે રેસિડેન્ટ તરીકે કર્નલ વૉકરની જગ્યાએ કૅપ્ટન કર્નાક આવ્યો હતો તેણે 'વડોદરા-સવારદળ' નામે ઓળખાતી ટુકડી દ્વારકા મોકલી અને પરિસ્થિતિ કાબૂમાં લીધી. ૧૮૧૩ માં અમરેલીના આસિસ્ટન્ટ રેસિડેન્ટ કૅપ્ટન બેલેન્ટાઇને વાઘેરોને કર્નલ વૉકરે નાંખેલો દંડ ભરવાની તાકીદ કરી, પરંતુ એ બીજા વર્ષ સુધીમાં માત્ર એક તૃતીયાંશ જેટલો દંડ મહામુશ્કેલીએ ઉઘરાવી શક્યો હતો. આવી સખતાઈ છતાં વાઘેરોએ એમની મૂળ પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી, આથી મુંબઈ સત્તાએ એમને નમાવીને શરણે લાવવા મક્કમ નિર્ધાર કર્યો. ૧૮૧૬ માં કર્નલ ઇસ્ટનને મોકલવામાં આવ્યો તેણે એ કામ પૂરું કર્યું. દ્વારકા અને બેટ ટાપુ હિંદુઓનાં પવિત્ર ધાર્મિક સ્થળ હતાં તેથી સંપૂર્ણ સર્વોપરિ સત્તા સાથે એ સ્થળો ગાયકવાડને સોંપી દેવા વિચાર્યું અને એ માટે પૂરક કરાર કરવામાં આવ્યો (નવેમ્બર ૧૮૧૭). ૧૮૧૮ માં પતરામલ માણેકની આગેવાની નીચે વાઘેરોએ થોડાં રમખાણ કર્યાં હતાં, પણ એ સત્વર દાબી દેવાયાં.[૪૦]

**પુણે-કરાર**

વસાઈના કરારને પંદર વર્ષ થઈ ગયાં હતાં અને વાટાઘાટો ચાલુ થયાને પાંચ વર્ષ થયાં હતાં છતાં પણ પેશવાને સંતોષ થતો ન હતો અને ગાયકવાડ

ફત્તેસિંહરાવ મચક આપવા માગતો ન હતો. છેવટે કંપની સત્તા વતી એલ્ફિન્સ્ટને અને પેશવા વતી મોરો દીક્ષિતે તથા બાલાજી લક્ષ્મણે પુણે ખાતે 'પુણે-કરાર' નામથી ઓળખાતા કરાર કર્યો (જૂન ૧૩, ૧૮૧૭). એ કરારની કલમ ૫ પ્રમાણે પેશવાએ ગાયકવાડ પરના પોતાના ભૂતકાળના હક્કદાવા ૪ લાખ રૂપિયા સ્વીકારી છોડી દીધા અને કલમ ૭ પ્રમાણે પેશવાએ પોતાની સૌરાષ્ટ્રની ખંડણી અંગ્રેજ સત્તાને સોંપી. કલમ ૧૫ પ્રમાણે અમદાવાદનો ઇજારો વાર્ષિક સવા-ચાર લાખ રૂપિયાના બદલામાં ગાયકવાડને અને એના ઉત્તરાધિકારીઓને આપ્યો. પ્રસ્તુત કરાર પ્રમાણે જંબુસર આમોદ દેસબોરા ડભોઈ અને બહાદરપુર અંગ્રેજ સત્તાને અપાયાં; પાછળથી સાવલી પણ અપાયું.

આમ 'પુણે-કરાર'નું મહત્ત્વ જોઈએ તો ગુજરાતમાં પેશવાના અમદાવાદ અને ઓલપાડ પરના હક્ક સિવાયના તેમજ ગાયકવાડ પાસે વાર્ષિક લેણી પડતી રકમ સિવાયના બધા જ હક્કો અને પ્રદેશો પરના અધિકાર નાબૂદ કરવામાં આવ્યા હતા. પેશવાએ ગાયકવાડ પરનો ભવિષ્યનો પોતાનો અધીન સત્તા તરીકેનો અધિકાર જતો કર્યો હતો. ગાયકવાડ હવે પેશવાથી અલગ બની સ્વતંત્ર રાજા બન્યો હતો, ખંડણી લશ્કરી-સેવા અને 'નજરાણાં' આપવામાંથી મુક્ત બન્યો હતો.[૪૧]

## પૂરક કરાર

અમદાવાદનો ઇજારો ગાયકવાડને આપવા બાબતની સનદ તૈયાર કરવામાં આવી (જૂન ૨૫ ૧૮૧૭) અને એનો અમલ એક મહિનામાં કરવામાં આવ્યો. એ જ દિવસે મુંબઈની અંગ્રેજ સત્તાને લાગ્યું કે હવે ગાયકવાડની સ્થિતિ સુધરી છે અને એને ગુજરાતમાં પ્રદેશોની દૃષ્ટિએ મોટો હિસ્સો મળ્યો છે તેથી એને હવે વધુ 'સહાયક દળ' રાખવા અને નિભાવવા કહેવું જોઈએ. કચ્છ અને વાઘેરો સામે અંગ્રેજોએ બાર લાખ જેટલી રકમ ખર્ચી હતી. મુંબઈના ગવર્નરે કલકત્તાના ગવર્નર-જનરલને ઘણાં સૂચનો અને દલીલો સાથે લખ્યું હતું. એનું સ્વરૂપ આવું હતું : ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આક્રમણ સામે અને આંતરિક ગરબડો કે તોફાનો-ઉત્પાતો સામે રક્ષણની સમગ્ર જવાબદારી અંગ્રેજ સત્તાએ લીધેલી છે, આથી વધારાનું સહાયક દળ કે જેમાં બે સવાર ટુકડી (રેજિમેન્ટ) અને ૧,૦૦૦ના દેશી પાયદળનો સમાવેશ થાય તે ગાયકવાડ રાખે અને એ સામે એ સૌરાષ્ટ્રની ખંડણી અંગ્રેજ સત્તાને સોંપી દે. જો ગાયકવાડને યોગ્ય લાગે તો પોતાના લશ્કરમાં એટલો પ્રમાણસર ઘટાડો કરી શકે છે. વધારાની સહાયક દળની

મદદ ઉપરાંત પરદેશો સાથેના યુદ્ધના પ્રસંગોએ ગાયકવાડ અંગ્રેજ સત્તાને મદદ કરે એવું બંધન મૂકવામાં આવે અને વિદેશીઓ સાથેના યુદ્ધમાં જે લાભો થાય તેમાંથી ગાયકવાડને પણ બદલો આપવામાં આવે. પેશવા હવે ગુજરાતમાંથી વિદાય થઈ ગયો હતો તેથી ગાયકવાડ સાથે એવા વેપારી કરાર થાય કે જેમાં વડોદરામાં જે બિનજરૂરી વેરા હતા તે પણ નાબૂદ થઈ શકે. મુંબઈની અંગ્રેજ સત્તાએ છેવટે એ પણ વિચાર્યું કે પેશવાએ ડભોઈ સાવલી અને બહાદરપુરના બદલામાં ગાયકવાડને પટેથી આપેલ વિરમગામ અને પંચમહાલ પણ લઈ લેવાં. આવા મુદ્દાઓને આધારે પૂરક કરાર કરવામાં આવ્યા ( નવેમ્બર ૬, ૧૮૧૭ ).

ફત્તેહસિંહરાવે સહાયક દળ વધારવા અને એના નિભાવ–ખર્ચની ચુકવણી માટે પ્રદેશો આપવા સંમતિ આપી, પણ સૌરાષ્ટ્ર પરના પોતાના હક્ક જતા કરવાની તૈયારી ન બતાવી. એને તાજેતરમાં મળેલ અમદાવાદનો ઇજારો જો અંગ્રેજ સરકાર એનું ભાડું આપે તો 'જાયદાદ' તરીકે એના બધા હક્કો સાથે આપવા તૈયારી બતાવી. આમાં ભાડાની ચોખ્ખી રકમ રૂ. ૧૨,૬૧,૯૩૯ થવા જતી હતી. એમાં અડધા ભાગનું અમદાવાદ શહેર, પેશવાના દસક્રોઈ વિરમગામ પ્રાંતીજ અને હરસોલમાં રહેલા હિસ્સાનો તેમ પંચમહાલનો સમાવેશ થઈ જતો હતો. સમજૂતી પ્રમાણે અમુક ભાગનું અમદાવાદ તેમ ડભોઈ અને બહાદરપુરની સોંપણી કરવામાં આવી ( નવેમ્બર ૩૦ થી ડિસેમ્બર ૧, ૧૮૧૭ ) અને પેશવાએ અમદાવાદ પરનો કબજો છેવટે છોડી દીધો ( જુલાઈ ૫, ૧૮૧૮ ), પરંતુ આમાં અમદાવાદ મેળવવાનો પ્રશ્ન અંગ્રેજ સત્તાએ અને ગાયકવાડની સરકારે પ્રતિષ્ઠાનો બનાવ્યો હતો.

છેવટે જે સમાધાન થયું તેમાં ગાયકવાડે દસક્રોઈ તથા અમદાવાદ શહેરમાંની 'હવેલી' રાખ્યાં અને મહીકાંઠાની ખંડણી કાયમ માટે મેળવી અને અમદાવાદ પરનો પોતાનો હિસ્સો ( જે રૂ. ૧,૬૫,૩૧૩ નો થતો હતો તે ) અંગ્રેજોને આપ્યો. વળી આ સમયે પેશવાએ પણ ગાયકવાડને એક સનદ મોકલી ખબર આપી કે 'અમે અમારી અમદાવાદમાંની સર્વોપરિ સત્તા અંગ્રેજ સત્તાને આપી દીધી છે.' આમ અમદાવાદ મેળવીને ઉત્તર ગુજરાતમાં પોતાના પ્રદેશોને સંગઠિત કરવાનું કાર્ય સરળ બની રહેતાં મુંબઈની અંગ્રેજ સત્તાને ઘણી ખુશાલી થઈ હતી.

ઉપર્યુક્ત કરારની કલમ ૭ પ્રમાણે ઓખામંડળનો પ્રાંત તથા બેટ ટાપુ ગાયકવાડને મફત બક્ષિસ તરીકે આપવામાં આવ્યાં. શરત એ મૂકવામાં આવી

કે બેટ ટાપુ પર અંગ્રેજો પોતાનો માલ-જથ્થો અનામત રાખવા માટે એક મકાન રાખશે અને અંગ્રેજોનાં જહાજ વડોદરાને અધીન હોય તેવાં બંદરોએ હરકત વિના આવજા કરી શકશે. એવી જ રીતે વડોદરાનાં જહાજ પણ બ્રિટિશ અંકુશ નીચેનાં બંદરોએ મુક્ત અવરજવર કરી શકશે. ચાંચિયાગીરીને પણ ડામી દેવાની હતી. એક બીજી કલમ અનુસાર કંપની સરકારે પણ ભવિષ્યમાં પ્રદેશની આપલે નહિ કરવામાં આવે એવી કબૂલાત આપી.

આ કરાર પછી થોડાં જ અઠવાડિયાંમાં કૅપ્ટન કર્નીકને પ્રદેશોની નવી ફેરબદલી કરવા માટે કહેવામાં આવ્યું. ગાયકવાડે પહેલાં દસક્રોઈ આપ્યું અને એ પછી એ જિલ્લાનાં 'ધનામ' અને 'દૂમલા' ગામડાં આપ્યાં અને છેવટે અમદાવાદની 'હવેલી' આપી. આ ફેરફારને મુંબઈની સત્તાએ છેવટે બહાલી આપી (નવેમ્બર ૧૮૧૮). એના બદલામાં ગાયકવાડને પેટલાદમાંની જમીનો મળી અને સુરત અઠ્ઠાવીસી અને કેટલાંક ગામોની બાકી પડતી 'મોગલાઈ' વેરાની રકમ માફ કરવામાં આવી. છેવટે પેશવાનો પેટલાદ નગર પરનો હિસ્સો ઉમરેઠના બદલામાં ગાયકવાડને આપવામાં આવ્યો. આ સાથે જ ગાયકવાડને સિદ્ધપુર મફત ભેટ તરીકે આપવામાં આવ્યું.

૧૮૧૮ માં અંગ્રેજો અને પેશવા વચ્ચે જે ઘણાં યુદ્ધ થયાં તેમાં વડોદરાના રાજ્યપાલક ફત્તેસિંહરાવે અંગ્રેજોના વફાદાર મિત્ર તરીકે કામગીરી કરી. ફત્તેસિંહરાવે સહાયક દળ ઉપરાંત પોતાની ટુકડીઓ પણ સેવામાં હાજર રાખી. અંતે અંગ્રેજોને સફળતા મળી હતી. ફત્તેસિંહરાવે આપેલી મદદ બદલ એને કોઈ નવો પ્રદેશ મળ્યો નહિ, પરંતુ જો પેશવાની સત્તાનો અંત ન આવ્યો હોત તો એને ચાર લાખ રૂપિયાની ખંડણી ભરવી પડી હોત.

ફત્તેસિંહરાવનું ૨૬ વર્ષની વયે અવસાન થયું (ઑગસ્ટ ૨૩, ૧૮૧૮). એણે અંગ્રેજ સત્તા પ્રત્યે વફાદારી રાખી ભાગ ભજવ્યો તેથી એના પ્રત્યે અંગ્રેજ સત્તાએ ભારે આદર બતાવી અંજલિ આપી. ફત્તેસિંહરાવના અવસાન બાદ આનંદરાવની ગાદીનો હક્કદાર ફત્તેસિંહરાવનો ૧૯ વર્ષનો નાનો ભાઈ સયાજીરાવ હતો.

### પાદટીપ

૧. G. H. Desai & A. B. Clarke, *Gazetteer of the Baroda State (GBS)*, Vol. I, p. 466

૨. Sardesai, *New History of the Marathas*, Vol. II, p. 547

૩. *Gazetteer of Bombay Presidency (GBP)*, Vol. I, pt. I, p. 400

૪. R. C. Majumdar (Ed.), *The Maratha Supremacy*, p. 285

૫. *GBS*, Vol. I, p. 471
૬. J. Grant Duff, *History of the Mahrattas*, Vol. II, pp. 34–42
૭. Aitchison, *Treaties, Engagements etc.*, Vol IV, No. LXXVI
૮. *GBS*, Vol. I, p. 475
૯. आप्टे, श्रीमहाराजा सयाजीराव गायकवाड (तिसरे) यांचे चरित्र, ग्रं. १, पृ. २१
૧૦. Aitchison, *op. cit,*, Vol. V, No. VI
૧૧. *GBS*, Vol. I, p. 471
૧૨. Forrest, *Maratha Series*, p. 394: *Baroda Precies, 1853,* para 19; Sardesai, *op. cit.*, Vol. III, p. 102
૧૩. Sardesai, *Historical Papers Relating to Mahadji Sindhia*, pp. 72–75
૧૪. *Baroda Precies, 1853*, paras 23–24
૧૫. Aitchison, *op. cit.*, Vol. III, p. 51
૧૬. *GBS*, Vol. I, p. 480
૧૭. Majumdar, *op. cit.*, p. 287
૧૮. ૧૭૯૩ માં થયેલા કરારને ૧૭૯૪ માં કરવામાં આવેલા બીજા કરારથી રદ કરવામાં આવ્યા. જુઓ *GBS*, Vol, I, pp. 481 f.; F. A. H. Elliot, *The Rulers of Baroda*, p. 57.
૧૯. *Poona Residency Correspondence (PRC)*, Vol. II, p. 314
२०. आप्टे, उपर्युक्त, पृ. २३
૨૧. મગનલાલ વખતચંદ, 'અમદાવાદનો ઇતિહાસ', પૃ. ૪૩–૪૪
૨૨. *PRC*, Vol. XII, p. 277
२३. खरे, 'ऐतिहासिक लेखसंग्रह', पु. १३, पृ. ६९३६–३७
૨૪. Elliot, *op. cit.*, pp. 63 f.
૨૫. A. K. Forbes, *Rasmala*, pp. 378-382
૨૬. Grant Duff, *op. cit.*, Vol. II, pp. 320–27
૨૭. Aitchison, *op. cit.*, Vol. VI, No. 78
૨૮. *Ibid.*, Vol. IV, p. 210
૨૯. Wallace, *History of the Gaekwads*, p. 198
૩૦. Aitchison, *op.cit.*, No. 8
૩૧. *Ibid.* No. 82
૩૨. *Bombay Government Selections* XXIX, p. 121; *GBS*, Vol. I, p. 674
૩૩. *GBP*, Vol. I, pt. I, p 423
૩૪. 'કાઠિયાવાડ સર્વસંગ્રહ', પૃ. ૨૮૯
૩૫. *GBS*, Vol. I, pp, 506 f.
૩૬. *IbiJ.*, p. 515
૩૭. *PRC*, Vol. XI, pp. 369–372
૩૮. Wallace, *op.cit.*, p. 198
૩૯. *GBS*, Vol. I, p. 518
૪૦. 'કાઠિયાવાડ સર્વસંગ્રહ', પૃ. ૨૮૯
૪૧. *GBS*, Vol. I, p. 552

# પરિશિષ્ટ ૨

## ગુજરાતમાં અંગ્રેજોનું જામતું પ્રભુત્વ

ગુજરાતમાં જહાંગીરની પરવાનગીથી સુરતમાં અંગ્રેજોએ વેપારી કોઠી સ્થાપી એ પછી તેઓ ધીમે ધીમે પોતાનો પગદંડો અહીં સ્થિર કરવા પ્રવૃત્ત રહ્યા. તેઓએ સુરત ઉપરાંત ભરૂચ ખંભાત અને અમદાવાદમાં પણ પોતાની કોઠીઓ સ્થાપી દીધી. શિવાજીની સુરતની લૂંટો પછી અને મુઘલોના નિર્બળ સૂબેદારોના સમયમાં મરાઠા સરદારોનું ગુજરાતમાં પ્રભુત્વ જામતું જતાં અંગ્રેજોએ અન્ય પ્રાંતોની જેમ પોતાનાં આર્થિક હિતોની સલામતી માટે ગુજરાતમાં પણ રાજકીય સત્તા હાંસલ કરવાના પ્રયત્ન આદર્યા. એમણે સર્વ પ્રથમ સુરત કબજે કરવા નક્કી કર્યું.

આગળ જણાવ્યું છે તેમ સુરતનું આર્થિક તેમજ દરિયાઈ તાકાત માટે વ્યૂહાત્મક મહત્ત્વ હોવાથી એ નૌકા-મથક મેળવવા માટે મરાઠા, જંજીરાના સીદીઓ અને અંગ્રેજો પ્રયત્નશીલ હતા. સીદીઓની સહાયથી એ વખતે મિયાં સૈયદ અચ્ચન સુરતનો નવાબ બન્યો એ વખતે સીદીઓએ અંગ્રેજ કોઠી પણ લૂંટી. પરિણામે અંગ્રેજોએ મુંબઈથી લશ્કરી સહાય મગાવી, મરાઠાઓ સાથે સંધિ કરી એમને સાથમાં લીધા (૪ થી માર્ચ, ૧૭૫૯) ને કિલ્લા પર આક્રમણ કરી કિલ્લેદાર હબશી અહમદને હાંકી કાઢી કિલ્લો સર કરી લીધો. મિ. સ્પેન્સરને સુરતનો વહીવટદાર તેમજ મિ. ગ્લાસને કિલ્લેદાર બનાવવામાં આવ્યા.[1] પાછળથી ડિસેમ્બર, ૧, ૧૭૫૯ના રોજ મુઘલ બાદશાહે એક ફરમાન બહાર પાડી અંગ્રેજોનો સુરતના કિલ્લા પરનો અધિકાર માન્ય રાખ્યો.

સુરતનો કિલ્લો સર થયા પછી બે વર્ષે ૧૭૬૧માં પાણીપતના મેદાનમાં મરાઠાઓની હાર થતાં તેઓની રાજકીય પ્રતિભા ઝાંખી પડી. આવી સ્થિતિનો લાભ અંગ્રેજોએ ઉઠાવ્યો. એમણે મરાઠાઓના આંતર-સંઘર્ષમાં એકના પક્ષકાર બની એમની પાસેથી પ્રદેશ પડાવવાની નીતિ અખત્યાર કરી.

પાણીપતની લડાઈમાં મરાઠાઓને મળેલા અપયશથી પ્રોત્સાહિત થયેલા નિઝામે પેશવા માધવરાવના પ્રદેશ પચાવી પાડવાની પેરવી કરવા માંડી ત્યારે પેશવા વતી એના કાકા રઘુનાથરાવે (રાઘોબાએ) અંગ્રેજો પાસેથી તોપદળ મેળવવાના બદલામાં ગુજરાતમાંથી જંબુસરનું ફળદ્રુપ પરગણું આપવાની દર-

બારત કરી, પણ અંગ્રેજોએ મુંબઈ બારાના મરાઠા ટાપુઓ માટે આગ્રહ રાખ્યો, પરિણામે એ વાટાઘાટો પડી ભાંગી.[2] આ પછીનાં દસ વર્ષોમાં અંગ્રેજો તકની રાહ જોઈ રહ્યા.

અંગ્રેજોએ ભરૂચના નવાબને પદભ્રષ્ટ કરી ઈ. સ. ૧૭૭૨ માં ત્યાંનો કિલ્લો સર કર્યો (૧૮ મી નવેમ્બરના રોજ). તેઓ સુરત અને ભરૂચ બંને શહેરોની ઊપજમાં પોતાનો હિસ્સો ધરાવતા હતા. અંગ્રેજોએ ભરૂચ લેતાં ફત્તેસિંહરાવ ગાયકવાડ અને અંગ્રેજો વચ્ચે ઝઘડો થયો. ફત્તેસિંહરાવે ભરૂચ બદલ છ લાખ રૂપિયા તથા સુરતના પોતાના ફાળાના ૬૦,૦૦૦ રૂપિયા દર વર્ષે આપવાની માગણી કરી, પરંતુ અંગ્રેજોએ એ માન્ય ન રાખી અને ૧૨ મી જાન્યુઆરી ૧૭૭૩ ને દિવસે એક કરારનામું કર્યું. આ કરારનામા પ્રમાણે એમણે ભરૂચ ઉપરનો ગાયકવાડનો ⅓ ભાગ કબૂલ રાખ્યો. આ ભાગની રકમ એલ્ફિન્સ્ટનના મતે છ લાખની અને કૅપ્ટન ફર્નાકના મતે નવ લાખની થતી હતી.[3]

પેશવા માધવરાવના અવસાને સત્તા પર આવેલા નારાયણરાવનું ખૂન એના મહત્ત્વાકાંક્ષી કાકા રઘુનાથરાવે કરાવ્યું, પણ 'બાર ભાઈઓ'એ પેશવા-પદે એને અમાન્ય કરી સવાઈ માધવરાવને સ્થાપ્યો, આથી રઘુનાથરાવ પુણેથી ભાગી વડોદરા તરફ નીકળી ગયો[4] ને એણે ગોવિંદરાવને તેમજ કડીના ખંડેરાવ ગાયકવાડને સાથે રાખી વડોદરાને ઘેરી લીધું. ફત્તેસિંહરાવે અંગ્રેજોને બદલે હવે પેશવાની સહાય માગી. બીજી બાજુ, રઘુનાથરાવ અને ગોવિંદરાવે અંગ્રેજોની મદદ માંગી. અંગ્રેજોએ આ તકનો લાભ ઉઠાવ્યો. મુંબઈની અંગ્રેજી સત્તાએ સુરત મુકામે રઘુનાથરાવ સાથે કરાર કર્યો (૬ માર્ચ, ૧૭૭૫). મદદના બદલામાં અંગ્રેજોને વસઈ સાલસેટ અને સુરતની આસપાસનો પ્રદેશ આપવા રઘુનાથરાવે કબૂલ્યું તેમ ભરૂચની ઊપજમાંનો ગાયકવાડનો હિસ્સો મુકાવી દેવાનું પણ માથે લીધું;[5] જો કે આ બાબતમાં મુંબઈની અંગ્રેજ સત્તા અને કલકત્તાના ગવર્નર-જનરલ વચ્ચે મતભેદ ઊભા થયા. છેવટે રઘુનાથરાવને સહાય કરવા કર્નલ કીટિંગને ટુકડી સાથે મોકલવામાં આવ્યો, જે ખંભાત પાસે રઘુનાથરાવને જઈ મળ્યો (એપ્રિલ, ૧૯, ૧૭૭૫). બંનેનાં સંયુક્ત સૈન્યોએ ખેડા અને નડિયાદ જીતી લીધાં (મે, ૮), પણ એ પછી અડાસના મેદાનમાં પેશવાની સેનાને હાથે એમની સંયુક્ત સેનાનો પરાજય થતાં (મે, ૧૮) તેઓ ભરૂચ તરફ રવાના થઈ ગયા. પેશવાનું લશ્કર ગુજરાતમાંથી વિદાય થતાં અને વડોદરા ઘેરાઈ જતાં વિપત્તિમાં આવેલા ફત્તેસિંહરાવે કર્નલ કીટિંગ અને રઘુનાથરાવ સાથે

સુલેહ કરી ( જુલાઈ, ૮ ). આ સુલેહથી અંગ્રેજોને ભરૂચ ચીખલી વરિયાવ અને કોરલનાં પરગણાં આપવાનું ફત્તેસિંહરાવે કબૂલ્યું,[૬] પણ કલકત્તાના ગવર્નર-જનરલ વૉરન હેસ્ટિંગ્સે મુંબઈની સત્તાએ અધિકાર વગર ચલાવેલી આ અન્યાયી લડાઈનો સત્વરે અંત આણી વિગ્રહ દરમ્યાન મળેલ તમામ પ્રદેશ પાછા આપી દેવાનો મુંબઈની અંગ્રેજ સત્તાને આદેશ આપ્યો.

ભરૂચની ઊપજમાંનો પોતાનો ભાગ ફતેસિંહરાવ પુનઃ પ્રાપ્ત કરી શક્યો નહિ, કારણ કે પુરંધરની સંધિના કરાર( માર્ચ ૧, ૧૭૭૬ ) પ્રમાણે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભરૂચ અને એનાં પરગણાંની ઊપજમાં મરાઠાઓનો સઘળો ભાગ તેમજ એની આસપાસનો ત્રણ લાખની કિંમતનો પ્રદેશ પોતે રાખ્યો હતો અને આ ભાગ એમના તાબામાં આવે નહિ ત્યાંસુધી ચીખલી અને કોરલ પરગણાંનો તથા વરિયાવ શહેરનો કબજો પોતે અનામત તરીકે રાખ્યો હતો.[૭]

## પેશવાઈ સત્તાની નાબૂદી

અંગ્રેજો અને મરાઠાઓ વચ્ચે ચાલેલા સંઘર્ષમાં તળેગાંવ પાસે અંગ્રેજોની હાર થતાં અંગ્રેજોએ મરાઠાઓની સત્તાનો નાશ કરવા દૃઢ નિર્ધાર કર્યો. ગવર્નર-જનરલ વૉરન હેસ્ટિંગ્સની સૂચના મુજબ અંગ્રેજ સેનાપતિ ગોડાર્ડ ગુજરાતમાં આવ્યો. એ ફેબ્રુઆરી ૧૭૭૯ ના અંતમાં સુરત પહોંચ્યો. રઘુનાથરાવ પોતાના લશ્કર સાથે ગોડાર્ડને જઈ મળ્યો. દરમ્યાન ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પ્રેસિડેન્ટે એના સાથે સંધિ કરી તે મુજબ સવાઈ માધવરાવને કાયદેસરના પેશવા તરીકે અને મરાઠા સરકારના ઉપરી તરીકે સ્વીકારવામાં આવ્યો. એ બાળ પેશવા વતી રઘુનાથરાવે એના વાલી તરીકે કારભાર સંભાળવો અને બાળક પેશવાને અંગ્રેજ સિપાઈઓના રક્ષણ નીચે રાખવામાં આવે એમ ઠર્યું.[૮]

બીજી બાજુ અંગ્રેજ પોતાની વિસ્તારવાદી નીતિ અજમાવતા રહ્યા. કર્નલ ગોડાર્ડે તાપી નદી ઊતરીને ઈ. સ. ૧૭૮૦ ના આરંભમાં પેશવા પાસેથી ડભોઈ લીધું. પેશવાના પક્ષને વળગી રહેવાનો નાના ફડનવીસે ફત્તેસિંહરાવને આગ્રહ કર્યો, પણ અંગ્રેજ સૈન્યના સામીપ્યને લીધે એને અંગ્રેજો સાથે સંબંધ રાખવો યોગ્ય લાગ્યો અને તેથી ૨૬ મી જાન્યુઆરી ૧૭૮૦ ના રોજ એણે સ્વરક્ષણાર્થે સહાય મેળવવાની તથા અંગ્રેજોને સહાય આપવાની શરતો-વાળી સુલેહ ઉપર કંડીલ ( ડભોઈ ) આગળ સહી કરી. આ સંધિની

કલમો આ પ્રમાણે હતી : (૧) ફત્તેસિંહરાવે પેશવાને કોઈ પણ ખંડણી આપવી નહિ. (આવી રીતે એ પેશવાથી બિલકુલ સ્વતંત્ર થઈ ગયો). (૨) અંગ્રેજોને ૩૦૦ ઘોડેસવારોની અથવા ખપ પડે વધારે મદદ આપવી. (૩) ઈસ્ટ ઇન્ડિયા કંપની સાથે ગુજરાત વહેંચી લેવું. (૪) જે દિવસે પેશવાના હાથમાંથી અમદાવાદ અંગ્રેજો જીતી લઈને એને આપે તે જ દિવસે ગાયકવાડ બદલામાં અંગ્રેજોને શિનોર તથા સુરત અઠ્ઠાવીસીમાંનો અમુક ભાગ આપે.

આ કરાર થતાં જ ગોડાર્ડે અમદાવાદ ઉપર હુમલો કર્યો અને ૧૫ મી ફેબ્રુઆરી ૧૭૮૦ ના રોજ એ તાબે કર્યું તથા એ ફત્તેસિંહરાવને સોંપી સુરત અઠ્ઠાવીસીમાંના સોનગઢ સિવાયના ભાગનો એની પાસેથી કબજો લઈ લીધો.[૯]

અંગ્રેજોએ મરાઠાઓના ગુજરાત સહિતના મરાઠી હકૂમતના પ્રદેશમાંથી કેટલોક ભાગ પડાવી લીધો હતો; પુણેના મરાઠી સરદારોએ આ પ્રદેશ પાછો મેળવવા પ્રયત્ન કર્યો. ઘણી વાટાઘાટો અને પત્રવ્યવહાર બાદ ૧૭ મી મે ૧૭૮૨ ના રોજ સાલબાઈ મુકામે એક સંધિ થઈ. આ સંધિથી ગાયકવાડના તાબે લડાઈ પહેલાં જે મુલક હતા તે એની પાસે જેમના તેમ રખાયા, પણ પુરંધરના તહનામા અનુસાર આપી દીધેલો ભાગ અંગ્રેજોને પાછો મળ્યો.[૧૦]

સયાજીરાવ ગાયકવાડના મુતાલિક ફત્તેસિંહરાવના અવસાન (ડિસેમ્બર, ૧૭૮૯) પછી ચાર વર્ષે એના સ્થાને આવેલા માનાજીરાવનું અવસાન થયું ત્યારે પેશવા તરફથી ગોવિંદરાવને મુતાલિકપદ પ્રાપ્ત થયું, પણ એ માટે પેશવાએ એની પાસેથી સાવલી ગામ, તાપી નદીની દક્ષિણનો સઘળો પ્રદેશ અને સુરત શહેરની ઊપજમાંનો ગાયકવાડનો હિસ્સો પોતાને આપવા હુકમ કર્યો. આ વખતે મુંબઈની અંગ્રેજ સત્તાએ દરમ્યાનગીરી કરી સાલબાઈની સંધિ અનુસાર ગાયકવાડના રાજ્યમાંથી કોઈ પણ પ્રદેશ લઈ લેવા સામે વાંધો ઉઠાવ્યો,[૧૦અ] પરિણામે ગાયકવાડનો પ્રદેશ બચી ગયો. આ પ્રસંગથી ગાયકવાડ ઉપર અંકુશ રાખવા અંગેના હક્કને લગતી બાબતમાં પેશવા અને અંગ્રેજો વચ્ચેની તકરાર વધી ગઈ.

સયાજીરાવના અવસાને (ઈ.સ. ૧૭૯૨) ગાદી પર આવેલા ગોવિંદરાવનું ઈ.સ. ૧૮૦૦માં ૧૯મી સપ્ટેમ્બરે અવસાન થતાં ગાદી પર ગોવિંદરાવનો પુત્ર આનંદરાવ આવ્યો. પેશવાએ એ પૂર્વે ૬૦ લાખ રૂપિયા ગાયકવાડ પાસેથી પડાવ્યા હોવાથી રાજ્યની આર્થિક સ્થિતિ કફોડી બની હતી. એવામાં કડીના જાગીરદાર મલ્હારરાવે બંડ કર્યું. આરબોએ પણ રાજધાની વડોદરામાં અરાજકતા ફેલાવવા

માંડી. આવી સ્થિતિમાં વડોદરા રાજ્યના બખેડાઓનો નિવેડો લાવવાના પુરસ્કાર પેટે ગાયકવાડે અંગ્રેજોને ચોરાસી પરગણું અને સુરતની ચોથનો પોતાનો હિસ્સો આપવાની દરખાસ્ત કરી. મુંબઈના ગવર્નર ડંકને એ સ્વીકારી મેજર વોકરને એ માટે મોકલ્યો ને વડોદરાની સેનાની સહાયમાં ૨,૦૦૦નું સૈન્ય પણ રવાના કર્યું. કડીનો મલ્હારરાવ મેજર વોકરને શરણે આવ્યો (મે, ૧૮૦૨) ને એનો પ્રદેશ ખાલસા કરી ગાયકવાડી પ્રદેશમાં જોડી દેવાયો. સંખેડા અને બહાદરપુરના જાગીરદાર ગણપતરાવ અને મોરારરાવનો પ્રદેશ અંગ્રેજ લશ્કરે જીતી લીધો (૭ જુલાઈ, ૧૮૦૨) ને ખાલસા કર્યો.[૧૧]

દરમ્યાન આનંદરાવ ગાયકવાડ સાથે કરાર કરી અંગ્રેજોએ ચોરાસી પરગણું, સુરતની ચોથ, ચીખલી અને ખેડાનો રૂ. ૨,૫૮,૦૦૦ની ઊપજવાળો પ્રદેશ પ્રાપ્ત કર્યો (૬, જૂન, ૧૮૦૨). વળી પ્રથમ વર્ષના લશ્કરી ખર્ચના રૂ. ૭,૮૦,૦૦૦ પેટે ધોળકા નડિયાદ અને બિજાપુરનાં પરગણાંની તેમજ કડીના ટપ્પાની ઊપજ પ્રાપ્ત કરી (૧૮, જાન્યુઆરી, ૧૮૦૩). ઈ. સ. ૧૮૦૫ના જૂન સુધીમાં ગાયકવાડે સઘળી રકમ ચૂકતે ભરી દેવી એ શરતે અંગ્રેજોએ વડોદરા રાજ્યના સૈનિકોનો અરધો પગાર પણ ચૂકવવાનું માથે લીધું ને એ રકમ ચૂકતે થાય નહિ ત્યાં સુધી વડોદરા શિનોર કોરલ અને અમદાવાદ પરગણાંઓની ઊપજ અંગ્રેજોને આપવાનું ગાયકવાડે સ્વીકાર્યું.[૧૨]

મુંબઈની અંગ્રેજ સત્તાએ રાજ્યનું રક્ષણ કરવાનું તથા રાજ્યનું મોટું દેવું પતાવવાનું માથે લીધું ત્યારે વડોદરાના આરબોની સ્થિતિ કફોડી બની. અંગ્રેજોએ રાજ્યની નાણાકીય વ્યવસ્થા ઉપર કડક અંકુશ મૂક્યો, મહારાજા આનંદરાવને કોઈ કાર્યમાં ભાગ લેવા દેવાતો નહિ, કારભારી મંડળ અથવા કમિશન દ્વારા રાજ્યનું સઘળું કાર્ય ચલાવવામાં આવતું. અંગ્રેજ રેસિડેન્ટ અથવા એનો દેશી પ્રતિનિધિ ન હોય તે વખતે કાર્ય કરવામાં આવતું તે ગેરકાયદેસર ઠરાવવામાં આવતું. વોકર કર્નાક અને વિલિયમ્સ એ ત્રણે કુશળ અને સારા અમલદાર હતા. થોડા સમય સુધી તો એમના કાર્યમાં ગંગાધર શાસ્ત્રી જેવા બુદ્ધિશાળી પ્રતિષ્ઠિત ગૃહસ્થની સહાયતા પણ મળતી રહી.[૧૩]

પેશવાએ અંગ્રેજો સાથેની વસાઈની સંધિ વખતે વડોદરાના રાજ્યની આ નવી વ્યવસ્થા કબૂલ રાખી. આ કબૂલાતથી વડોદરા ઉપર પેશવાને બદલે કંપની સત્તાનું સર્વોપરીપણું સ્થપાયું, ગાયકવાડ અંગ્રેજના રક્ષણમાં આવ્યા, પુણે સાથેના એના વાંધાઓનો નિર્ણય કરવાનું અંગ્રેજોને શિરે નાખવામાં

આવ્યું. અંગ્રેજોએ ગાદી એના જ વંશમાં રહેવા દેવાનું વચન આપ્યું. ગાયકવાડે પેશવાને આપવાની રકમની જામીનગીરી અંગ્રેજોએ આપી. ગાયકવાડે અંગ્રેજોને આપેલા ભાગમાં પેશવાની સંમતિ લીધી, જેથી પાછળથી કોઈ પણ પ્રકારની તકરાર રહે નહિ.[૧૪]

વસાઈના કરારોની ૧૦ મી કલમ પ્રમાણે પેશવાએ સુરતની ચોથ ઉપરનો તથા ચોરાસી અને ચીખલી પરગણાંઓ ઉપરનો પોતાનો હક્ક અંગ્રેજોને આપ્યો અને ત્યાંનો ગાયકવાડનો હક્ક તો ગાયકવાડે અગાઉથી જ અંગ્રેજોને આપેલો હોવાથી આ ભાગ ઉપર એકલી અંગ્રેજ સત્તા જ હવે રહી.[૧૫]

અંગ્રેજો અને સિંધિયા વચ્ચે ત્યાર પછી લાંબો સંઘર્ષ ચાલ્યો. દક્ષિણમાં આસાઈ અને આર્ગોમ આગળ તથા ઉત્તરમાં દિલ્હી–આગ્રા આગળ સિંધિયાને સખ્ત હાર મળી. ૨૯ મી ઑગસ્ટે ભરૂચ અને ૧૭ મી સપ્ટેમ્બરે પાવાગઢ સિંધિયાના તાબામાં હતાં તે અંગ્રેજોએ જીતી લીધાં. ૩૦ મી ડિસેમ્બર, ૧૮૦૩ ની સંધિ પછી પાવાગઢ સિંધિયાને પાછું આપવામાં આવ્યું.[૧૬]

ઈ.સ. ૧૮૦૫ ની ૨૧ મી એપ્રિલે અંગ્રેજોએ આનંદરાવ ગાયકવાડ સાથે નિર્ણાયક સંધિ (definitive treaty) કરી, જેનાથી વડોદરા પરની અંગ્રેજોની સર્વોપરિતા સ્પષ્ટ થઈ.

આ વખતે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ૪૧,૩૮,૭૩૨ રૂપિયા ગાયકવાડ પાસે લેણા નીકળતા હતા. આ રકમ પૂરેપૂરી ભરાઈ જાય ત્યાં સુધીને માટે ગાયકવાડે કેટલાક પ્રાંતોની મહેસૂલી ઊપજ એમને આપી. સહાયકારી સૈન્ય વધારીને ૩,૦૦૦ પાયદળ તથા એક યુરોપિયન તોપખાનાની ટુકડી રાખવાનું ઠરાવ્યું ને જ્યારે કંપની સરકારના વિચાર પ્રમાણે જરૂર જણાય ત્યારે એક ટુકડી સૌરાષ્ટ્રમાં મોકલવાનું નક્કી કર્યું. આ સૈન્યના નિભાવ અર્થે પ્રતિવર્ષે રૂ. ૧૧,૭૦,૦૦૦ ની ઊપજ થાય તેવો ભાગ કંપની સરકારને સોંપવાનું પણ ઠરાવ્યું. એ ઉપરાંત ધોળકા નડિયાદ વિજાપુર માતર કડી વગેરે પરગણાંની એટલી ઊપજ આપવાનું નક્કી થયું.[૧૭] આમાં પ્રથમ આપી દીધેલાં ચોરાસી ચીખલી અને ખેડા પરગણાં તથા સુરતની ચોથનો સમાવેશ થતો નહોતો.

૧૮૦૮ ની જુલાઈની ૧૨ મી એ ઉપર જણાવેલા પ્રદેશો સિવાય પ્રતિવર્ષે ૧,૭૬,૧૬૮ ની ઊપજ આવે એવી મહેસૂલ પણ ગાયકવાડે અંગ્રેજોને સોંપી.[૧૮]

૧૩ મી મે, ૧૮૧૭ માં પેશવા વતી મોરો દીક્ષિત અને બાબાજી લક્ષ્મણે એલ્ફિન્સ્ટન સાથે કરાર કર્યો, જેમાં બીજી બાબતોની સાથે ગાયકવાડ ઉપરનાં

પોતાના સઘળા દાવા જતા કરીને જૂના તમામ દાવાઓને બદલે પ્રતિવર્ષ સાડા ચાર લાખ રૂપિયા લેવા પેશ્વા બાજીરાવે કબૂલ્યું. વળી આ વખતે પેશ્વાએ કંપની સત્તાને સૌરાષ્ટ્રમાંથી પેશકશ ઉઘરાવવાનો પોતાનો હક્ક પણ આપી દીધો. આ કરારથી અંગ્રેજોને જંબુસર આમોદ દેસબારા ડભોઈ બહાદરપુર અને સાવલી મળ્યાં.

**પ્રદેશોની અદલાબદલી**

હવે ફત્તેસિંહરાવે અંગ્રેજો સાથે ઊપજના સંદર્ભમાં પ્રદેશોની અદલાબદલી કરવા વિચાર્યું. ૬ ઠ્ઠી નવેમ્બર, ૧૮૧૭ ના રોજ થયેલ સંધિના પરિશિષ્ટ(અર્થાત્ પૂરક કરાર)માં જણાવ્યું છે તેમ ગાયકવાડને અમદાવાદનો ઇજારો સાડા ચાર લાખ રૂપિયામાં મળેલો તે ફત્તેસિંહરાવે પોતે સ્વીકારેલી અંગ્રેજોની સહાયકારી સૈન્યની યોજનાના ખર્ચ પેટે અંગ્રેજોને આપી દીધો. વળી એણે (હવેલી દસક્રોઈ અને મહીકાંઠાની ખંડણીઓ સિવાયનો) અમદાવાદ જિલ્લામાંનો પોતાનો રૂ. ૧,૬૫,૩૧૩ નો ભાગ તથા કુલ રૂ. ૨,૦૭,૧૯૮ થઈ રહે તેટલી ઊપજનો પેટલાદ પરગણાનો ભાગ અંગ્રેજોને આપ્યો, જેના બદલામાં એટલી જ ઊપજનાં ડભોઈ બહાદરપુર અને સાવલીનાં પરગણાં ગાયકવાડને મળ્યાં. ૧૯ મી સપ્ટેમ્બરે પેશવાએ ગાયકવાડને જણાવેલું કે અમદાવાદ જિલ્લામાંના અમારા સઘળા હક્ક અમે ઈસ્ટ ઇન્ડિયા કંપનીને આપી દીધા છે, આથી એમાંથી પ્રતિવર્ષ સાડાચાર લાખ રૂપિયા જેટલી ઊપજના પ્રમાણમાં અંગ્રેજોએ પેશ્વાના સહાયકારી સૈન્યમાં વધારો કરી આપ્યો. આ પરિશિષ્ટમાંની એક કલમ પ્રમાણે ૩,૦૦૦ સૈનિકોનું સંપૂર્ણ સજ્જ, નિયમિત પણે પગાર મેળવતું, ચોક્કસ રીતે નોંધાયેલું અને અંગ્રેજ રેસિડેન્ટના કાબૂ નીચેનું એક સૈન્ય રાખવા ગાયકવાડે કબૂલાત પણ આપી. પ્રદેશોનો બીજો વિનિમય ગાયકવાડે કપડવંજ ભાલજ કડોદ અને બીજાં કેટલાંક ગામ આપીને વિજાપુર અને કડીના ટપ્પા લીધા ત્યારે થયો. હિંદુઓનાં પવિત્ર ધામ ગણાતાં ઓખામંડળ અને બેટદ્વારકા કંપનીએ કોઈ પણ બદલા વિના ગાયકવાડને બક્ષિસ આપ્યાં. પાછળથી અમદાવાદમાંથી ગાયકવાડની હવેલી અને બક્ષિસ આપેલાં ગામ તેમજ દસક્રોઈ અંગ્રેજોએ ગાયકવાડ પાસેથી માગ્યાં. ૧૮૧૮ ના જૂનમાં ગાયકવાડે આ જગ્યાઓનો બદલો પેટલાદમાંની જમીનો, સુરત અઠ્ઠાવીસીમાંના મુગ્લાઈ વેરાઓ અને મોટા કસ્બા અને તારકેશ્વર પરગણા સાથે કર્યો. પેટલાદમાંનો ભાગ ગાયકવાડે ઉમરેઠને બદલે લીધો અને પવિત્ર ધામ સિદ્ધપુર અંગ્રેજોએ એને બક્ષિસ આપ્યું.[૧૯]

## સૌરાષ્ટ્રમાં વૉકરનું સમાધાન

સૌરાષ્ટ્રમાં ગાયકવાડ અને પેશવાની વારંવારની મુલકગીરી ચડાઈઓથી ત્રાસેલા તેમજ ભાવનગર જૂનાગઢ અને નવાનગર જેવાં મોટાં રાજ્યોથી ભયભીત રહેતા કેટલાક નબળા રાજવીઓ તાલુકદારો અને દરબારોએ એમાંથી પોતાને ઉગારવા અને રક્ષણ આપવા માટે ૧૮૦૩ માં મેજર વૉકરને વિનંતી કરી, પણ મુંબઈની અંગ્રેજ સત્તાએ મેજર વૉકરને એવી પરવાનગી આપવામાં વિલંબ કર્યો, છતાં છેવટે આવી દરમ્યાનગીરી કરવામાં અંગ્રેજોનું હિત સધાતું જોઈ પરવાનગી અપાઈ. એની પાછળ સૌરાષ્ટ્રમાં અંગ્રેજોનું આધિપત્ય સ્થાપવાની સાથે અન્ય લાભ પણ થતા હતા. ગાયકવાડના સેનાપતિને સૌરાષ્ટ્રમાંથી ખંડણી ઉઘરાવવા મદદ કરવાની ફરજ આ નિમિત્તે બજાવી શકાય એમ હતી, વળી ખંડણી ઉઘરાવવાના કાર્યમાં અધિકારી ત્યાં હોય તો નિરીક્ષણ પણ રાખી શકે, કેમકે અંગ્રેજ સત્તા પણ ખંડણીમાં અંશતઃ હિસ્સો ધરાવતી હતી, તેથી એમાં એને સીધો રસ હતો. વળી સૌરાષ્ટ્રના દરિયાકાંઠા પર એક બંદર પ્રાપ્ત થાય એવી શકયતા પણ હતી. ફ્રાન્સના એજન્ટો દ્વારા થતાં કાવતરાં અને પ્રવૃત્તિઓ પર આ બંદરથી સીધી દેખરેખ રાખી એનો પ્રતીકાર થઈ શકે એમ હતું. આ બધા માટે મુંબઈની અંગ્રેજ સત્તાનું લક્ષ્ય કચ્છ પર કેંદ્રિત થતું હતું. અંગ્રેજ અધિકારી સાથે હોય તો બળજબરીથી થતા ખંડણી-વસૂલાતના કાર્યમાં સુધારો પણ સૂચવી શકાય. આમ અંગ્રેજ દરમ્યાનગીરી માટે ઘણાં કારણ હતાં, આથી મુંબઈના ગવર્નરે મેજર વૉકરને ઈ. સ. ૧૮૦૭ માં સૌરાષ્ટ્રના પ્રશ્નોનું નિરાકરણ લાવવાની પરવાનગી આપી. એ પૂર્વે એણે એ વિસ્તારનાં બધાં રાજ્યોને લગતાં આર્થિક અને રાજકીય પાસાં તપાસી લીધાં હતાં.[૨૦]

મેજર વૉકર અને બાબાજી આપાજી તુરત પોતાની સેનાઓ લઈ સૌરાષ્ટ્ર પહોંચ્યા (ઑગસ્ટ, ૧૮૦૭). ધ્રુંટુ (તા. મોરબી, જિ. રાજકોટ) ગામે એમણે નોતરેલા ઘણા રાજવીઓ તાલુકદારો અને દરબારો આવ્યા તેમની સાથે લાંબી ચર્ચા વિચારણાને અંતે સમાધાનકારી કરાર થયા (મે, ૧૫, ૧૮૦૮). આવા કરાર કુલ મળીને ૧૫૩ થયા. એ કરારો 'વૉકર સેટલમેન્ટ' તરીકે ઓળખાય છે. આ કરારોથી મુલકગીરી પદ્ધતિ નાબૂદ કરવામાં આવી. દરેક રાજવીના ને દરબારના પોતપોતાના પ્રદેશમાં વહીવટ કરવાના અધિકાર ચાલુ રખાયા. કરારમાં જોડાનારા રાજવીઓ અને દરબારોએ પોતાના પ્રદેશમાં સામાન્ય શાંતિ અને વ્યવસ્થા જાળવવાની અને પેશવા કે ગાયકવાડી પ્રદેશોને રક્ષણ

આપવાની બાંહેધરી જામીન સાથે આપવાનું ઠર્યું હતું. આ કરારોના અમલ માટે તેમ બંડ બળવા કે પરસ્પરની અથડામણો અટકાવી દેવા માટે સૌરાષ્ટ્રમાં ગાયકવાડ અને અંગ્રેજોની સંયુક્ત ફોજ રાખવામાં આવી.[૨૧]

એ પછી કર્નલ વૉકરે ૧૮૦૯ માં માળિયા પર આક્રમણ કરી ત્યાંના જોરાવર મિયાણાઓને હરાવી એ કબજે કરવાથી એની નામના સમગ્ર સૌરાષ્ટ્રમાં ફેલાઈ. સૌરાષ્ટ્રમાં અમરેલીમાંથી વહીવટ કરતા ગાયકવાડના નાયબ વિઠ્ઠલરાવ દેવાજીની મદદમાં અંગ્રેજ રેસિડેન્ટનો મદદનીશ રાખી એ વડોદરા ગયો.

૧૮૧૬ માં પેશવાએ સહાયકારી સૈન્યની અંગ્રેજોની યોજના સ્વીકારીને એ સૈન્યના ખર્ચ બદલ સૌરાષ્ટ્રમાંના પોતાના બધા હક્ક અંગ્રેજોને પુણે કરાર અનુસાર આપી દીધા (૧૮૧૭). ગાયકવાડે પણ એ મુલકોમાંથી 'વૉકર સેટલમેન્ટ'ને આધારે મળવાપાત્ર ખંડણીની રકમ નિયમિત મળતી રહે એ શરતે એની વ્યવસ્થામાં વચમાં પડવાનો હક્ક છોડી દીધો. આમ સૌરાષ્ટ્રમાં અંગ્રેજ સર્વોપરી બન્યા.

### પાદટીપ

૧. જુઓ ઉપર પૃ. ૭૨. —સં.
૨. *Maharashtra State Gazetteers, History*, pt. III (Maratha Period), p. 137
૩. C. U. Aitchison, *Treaties, Engagements and Sunnuds*, Vol. IX, pp. 270–72; ઈશ્વરદાસ ઇચ્છારામ (અનુ.), 'વડોદરાના રાજ્યકર્તા,' પૃ.પર
૪. જુઓ ઉપર પૃ. ૬૧. —સં.
૫. Aitchison, *op.cit.*, Vol. IX, p. 282; G. S. Sardesai, *New History of the Marathas*, Vol. II, p. 50
૬. ઈશ્વરદાસ ઇચ્છારામ, ઉપર્યુક્ત, પૃ. ૫૮; Aitchison, *op.cit.*, article No. LXVII, pp. 282 f
૭. Sardesai, *op.cit.*, pp. 58 f.　૮. *Ibid.*, Vol. III, pp. 77–79
૯. ઈશ્વરદાસ ઇચ્છારામ, ઉપર્યુક્ત, પૃ. ૬૧–૬૩
૧૦. એજન, પૃ. ૬૪; Sardesai, *op.cit.*, Vol. III, p. 119
૧૦અ. એજન, પૃ. ૬૫-૬૬　૧૧. એજન, પૃ. ૭૪–૮૮
૧૨. એજન, પૃ. ૭૩-૮૨; Aitchison, *op.cit.*, Vol. IX, articles 1 to 5, pp. 293–96
૧૩. એજન, પૃ. ૮૩–૮૪　૧૪. *Baroda Gazetteer*, pt. I, pp. 485 ff.

૧૫. Sardesai, *op.cit.*, Vol. III, p. 384; ઈશ્વરદાસ ઇચ્છારામ, ઉપર્યુક્ત, પૃ. ૮૪-૮૬
૧૬. એજન, પૃ. ૮૮-૯૪ ૧૭. *Baroda Gazetteer*, pt. I, pp. 500 f.
૧૮. Aitchison, *op.cit.*, Vol, IX, p. 326
૧૯. *Ibid.*, pp. 330-39; ઈશ્વરદાસ ઇચ્છારામ, ઉપર્યુક્ત, પૃ. ૧૩૦-૩૩
૨૦. વિગતો માટે જુઓ ઉપર પૃ. ૧૪૩-૧૪૮.
૨૧. ર.ગો. પરીખ, 'સૌરાષ્ટ્રમાં મરાઠી સત્તા,' "પથિક," વર્ષ ૧૦, અંક ૯૯, પૃ. ૭૩ ૭૪

## પ્રકરણ ૬

# સમકાલીન રાજ્યો

### ૧. જાડેજા વંશ

**૧. કચ્છના જાડેજા**

ઈ. સ. ૧૭૬૦માં રાવ લખપતજીનું અવસાન થતાં એનો પુત્ર ગોડજી સત્તા પર આવ્યો. એણે આવીને જૂના દીવાન પૂંજા શેઠને વિદાયગીરી આપી અને એના જ એક સેવક જીવણને દીવાન બનાવ્યો, આથી પૂંજો શેઠ પોતાને ભારે અપમાનિત થયેલ માની સિંધમાં રાજ્ય કરતા ગુલામશાહને ઉશ્કેરી એને કચ્છ પર ૭૦,૦૦૦ની સેના સાથે લઈ આવ્યો. દીવાન જીવણ કચ્છ અને રાધનપુરના સંયુક્ત લશ્કરને લઈ ઝારા નામક સ્થળે સામે જઈ પહોંચ્યો, જ્યાં પાંચ દિવસ સુધી કાતિલ યુદ્ધ થયું, જેમાં કચ્છના ૪૦,૦૦૦ અને ગુલામશાહના ૩૦,૦૦૦ માણસોની ખુવારી થઈ. દીવાન જીવણ આ જંગમાં માર્યો ગયો. આ ખુવારી સાથે ગુલામશાહ પાછો ફરી ગયો. એને પાછો મોકલવામાં પૂંજો શેઠ પણ કારણભૂત હતો. શેઠને એમ લાગેલું કે કચ્છ પર મુસ્લિમ શાસન આવશે તો કચ્છ ખેદાનમેદાન થઈ જશે, એટલે કચ્છ જીતીને એના પર શાસન કરવામાં કાંઈ લાભ નથી એવું જણાવી એને પાછો વાળેલો. પૂંજો શેઠ કચ્છમાં જ હતો. રાવે એને કેદ પકડી દેહાંતદંડની સજા કરી. આ સાંભળી ગુલામશાહ ફરી ૫૦,૦૦૦નું સૈન્ય લઈ આવ્યો, પરંતુ જાડેજાની એક કન્યાથી સંતોષ માની એ પરત ચાલ્યો ગયો.[1]

કચ્છની આ પરિસ્થિતિનો લાભ નવાનગરના મેરુ ખવાસે લીધો અને કચ્છની સત્તા નીચેનો બાલભાનો કિલ્લો કબજે કરી લીધો. ગુલામશાહે કચ્છ ઉપર ત્રીજો હુમલો કરેલો, પરંતુ એ એમાં પણ નિરાશા સાથે પરત ગયો.

રાવ ગોડજીના ઈ. સ. ૧૭૭૮માં થયેલા અવસાને એના બે કુમારોમાંનો મોટો રાયધણજી ગાદીએ આવ્યો. એણે થોડા સમયમાં ત્રણ દીવાન બદલી નાખ્યા. એના સમયમાં મુહંમદ પન્ના નામના એક મુસ્લિમે રાયધણજીને હિંદુ ધર્મ પ્રત્યે એટલો સુગાળો બનાવી દીધો કે રાયધણજી મુસ્લિમ ધર્મ સ્વીકારવા તૈયાર થઈ ગયો. આને કારણે ભૂજની આખી વસ્તીમાં હાહાકાર મચી ગયો. અધૂરામાં પૂરું દીવાન વાઘજી અને બીજા અમલદારોએ રાવને કબજે કરવા

વિચાર્યું અને દીવાનના ભાઈ કોરાને અંજારથી નાનું સૈન્ય લઈ બોલાવી મગાવ્યો. રાજમહેલમાં એણે આક્રમણ તો કર્યું, પણ રાવના પઠાણોએ પ્રબળ સામનો આપ્યો, જેમાં કોરાના બધા સૈનિક માર્યા ગયા. આ બધા સૈનિકોને મુસ્લિમ પદ્ધતિએ રાવે દટાવ્યા. આને કારણે હિંદુ અમલદારો અને વસ્તીમાં પણ ભારે ગભરાટ ફેલાઈ ગયો. આ સ્થિતિનો લાભ લઈ કેટલાક ભાયાત પોતાની જાગીરમાં સ્વતંત્ર થઈ ગયા. મેઘજી શેઠ અને બીજાઓએ રાવને કાબૂમાં લેવા નિશ્ચય કર્યો. એક દિવસ જ્યારે રાવે હિંદુ મંદિરો તોડી નાખવાનો આદેશ આપ્યો ત્યારે મેઘજી શેઠ અને અન્ય અધિકારીઓએ રાજગઢી ઉપર એકાએક હુમલો કર્યો. રાવ ટકી ન શકતાં મહેલના અંદરના ભાગમાં છુપાઈ ગયો. મેઘજી શેઠ એક ખરા સૈનિકના જુસ્સાથી પોતાના માણસો સહિત રાજમહેલને દિવસો સુધી ઘેરો ઘાલીને ત્યાં રહ્યો. રાવના પઠાણો પોતાની લાચાર સ્થિતિ જોઈ તાબે થયા અને ઈ. સ. ૧૭૮૬ માં રાયધણજીને કેદ કરવામાં આવ્યો. મેઘજી શેઠે રાવના નાના ભાઈ પૃથુરાજને સત્તાસૂત્ર સોંપ્યાં અને જે ભાયાત સ્વતંત્ર થઈ ગયા હતા તેઓને પણ મનાવી લીધા. મેઘજી શેઠને ઉંફાવવા આંતરિક ષટ્ચક્ર ચાલ્યું. એ ડગ્યો નહિ. રાજ્યના બે અધિકારીઓએ રાયધણજીને મુક્ત તો કરાવ્યો, પણ એક નાની ટુકડી ધરાવનારા ફતેહમામદ નામના બહાદુર જમાદારે એને કેદ કરી લીધો. એ પોતે મુસ્લિમ હોવા છતાં રાવ મુસ્લિમ બને એવું સર્વથા ઇચ્છતો નહોતો.

રાવના ફરી પકડાઈ જવા પછી ડોસલ વેણ નામનો એક અધિકારી રાજ્યમાં સત્તાધારી બન્યો હતો. એણે જમાદાર ફતેહમામદને ૨૦૦ ઘોડેસવારોની સરદારી આપી. આ જમાદારે પોતાની કુનેહબાજીથી રાજ્યમાં સ્થિર સત્તા રચવામાં જહેમત ઉઠાવી અને આંતરિક ઝઘડાઓને સમાવ્યા. જે પૃથુરાજજી એક વાર ફતેમામદ ઉપર તલવાર કાઢી ધસી ગયો હતો તેને પોતાને ઉશ્કેરનારાઓનું આ કાવતરું હતું એવું માલૂમ પડતાં એ જાતે ફતેહમામદ પાસે ગયો અને એણે એની માફી માગી, છતાં આ બેઉ વચ્ચે મનમેળ નહોતો. ખટપટિયાઓની ખટપટથી કેટલીક ધાંધલ ઊભી થઈ હતી. પૃથુરાજજી વગેરેએ બીજા સાથીદારોની મદદથી ભુજ ઉપર હલ્લો કરી કબજો લીધો એટલે ફતેહમામદે રાવને કેદમાંથી મુક્ત કરી દીધો. પૃથુરાજે હંસરાજ નામના ઈસમને દીવાન બનાવ્યો, પણ એ ઈ. સ. ૧ ૦૧ માં અવસાન પામતાં રાયધણજીને ફરી ભુજની સત્તા મળી. હંસરાજ દીવાન તરીકે ચાલુ હતો. રાવ હંસરાજને મારી નાખવાની વેતરણમાં હતો તેવામાં હંસરાજે માંડવીની મદદ મગાવી રાવને કેદ કરી લીધો. આ આંતરિક ઝઘડામાં રાવ

મુક્ત થયો અને પાછો કેદ પકડાયો. થોડા સમય પછી વળી એ મુક્ત થયો.

આશકરણ નામના એક અધિકારીએ આ ડામાડોળ પરિસ્થિતિનો લાભ રાજધાની લૂંટીને લીધો. રાવ આ અપમાન સહન કરી ન શક્યો, પણ ત્યાં તો આશકરણ સિંધ તરફ નાસી ગયો. નાસતી વખતે રાવના સૈનિકોએ એને અટકાવવા પ્રયત્ન કરેલો. આ ઝપાઝપીમાં પેલાના એક સૈનિકની ગોળીથી રાવ એના એક પગમાં જખમી થયો અને ફરી કેદ પકડાયો.

રાજ્યનું હિત ઇચ્છનારા જમાદાર ફતેહમામદે ગરાસિયાઓનાં, મિયાણાઓનાં અને ધર્મસ્થાનોને અપાયેલાં ગામો ઉપર વેરો નાખ્યો તેથી ગરાસિયા ગુસ્સે થયા. ધમડકા (તા.અંજાર)નો ગરાસિયો ફતેહમામદની હવેલીમાં ઘૂસી ગયો ને એણે જમાદાર પર ઘા કર્યો, પણ એ બચી ગયો ને જમાદારના માણસે એ ગરાસિયાના ટુકડે ટુકડા કરી નાખ્યા. ફતેહમામદે એના પરના ઘામાંથી ચાર મહિને બેઠા થયા પછી ધમડકા અને ચોબારી ( તા. ભચાઉ ) ગામ ખાલસા કર્યાં. સણવા ( તા. રાપર)-ના ઠાકોરને પણ તાબે કર્યો. જે ગરાસિયા સામે થયા તેમને ભારે સજા કરી. એણે બનાસકાંઠાનું વારાહી લૂંટયું, બાલંભાના કિલ્લા પર કચ્છનો હક્ક છે એમ કહી એ નવાનગરના પ્રદેશ ઉપર પણ ચડાઈ લઈ ગયો અને એણે નવાનગરનો કેટલોક પ્રદેશ ઉજ્જડ કર્યો, પણ મેરુ ખવાસ નવાનગર અને જૂનાગઢની સંયુક્ત સેનાઓ સાથે સામે આવ્યો ત્યારે ફતેહમામદ પાછો ફરી આવ્યો. ફરી પણ એણે નવાનગર પર વિજય મેળવવા પ્રયત્ન કર્યો. આમાં પણ એને નિષ્ફળતા મળી. એણે હાલારમાં કચ્છનાં કેટલાંક થાણાં મૂકયાં અને એ પાછો ફર્યો.

એક સૂચક પરિવર્તન ઈ.સ. ૧૮૦૯ માં આવ્યું. કંપની સરકાર અને કચ્છ રાજ્ય વચ્ચે કરાર થયા તેમાં કંપની સત્તા તરફથી વડોદરાના રેસિડેન્ટ કર્નલ વોકર દ્વારા ગ્રીનવૂડ અને કચ્છ રાજ્ય તરફથી જમાદાર ફતેહમામદ હતો. કરાર થયા છતાં થોડા સમય સુધી ફતેહમામદે અંગ્રેજ સત્તાનું ઉપરીપણું કબૂલ્યું નહિ અને એની ધૂંસરીમાંથી છૂટવા અને કચ્છને સ્વતંત્ર કરવા ઈ.સ. ૧૮૧૩ માં યુક્તિઓ અજમાવી. એણે કેટલાક બહારવટિયાઓને હરકત કર્યા સિવાય લૂંટફાટ કરવા દીધા, આથી કંપની સત્તા તરફથી ખરીતો લઈને કેપ્ટન મેકમર્ડોને એલચી તરીકે કચ્છ જવાનો હુકમ થયો. લૂંટારાઓએ ચલાવેલી લૂંટ ભરપાઈ કરવાની ફતેહમામદે ના પાડતાં બીજો ખરીતો આવ્યો. આવી ગડમથલ ચાલતી હતી એ દરમ્યાન કોલેરાથી ફતેહમામદ મરણ પામ્યો. રાયધણજીનું પણ એ જ વર્ષે થોડા જ દિવસો બાદ અવસાન થયું.

રાયધણજીના સમયમાં વિખ્યાત થયેલા સુંદરજી સોદાગરે ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો વિશ્વાસ સંપાદન કરી સૌરાષ્ટ્રમાં અંગ્રેજોને પોતાની સત્તા દૃઢ કરવામાં સહાય કરી હતી તેમ સૌરાષ્ટ્રનાં રજવાડાંઓને આંતર સંઘર્ષમાં પણ સમાધાન કરાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.[2]

પિતાના અવસાને કુમાર ભારમલજીને ગાદી મળી. એ સગીર હોઈ રાજ્યનો કારભાર ફતેહમામદના પુત્ર હસનમિયાંના હાથમાં હતો. કંપની સત્તા અને કચ્છ રાજ્ય વચ્ચે થયેલા કરારોનો અમલ થતો નહોતો એ માટે કૅપ્ટન મેકમર્ડો ભુજ ગયો. હસનમિયાં તો અંગ્રેજોને અનુકૂળ હતો, પણ એનો ભાઈ ઇબ્રાહીમ પ્રતિકૂળ હતો. એને સમજાવવાનો ફતેહમામદના એક વિશ્વાસુ જગજીવન મહેતાએ પ્રયત્ન કર્યો, પણ એ ફાવ્યો નહિ અને ઇબ્રાહીમે એના સહિત એના સમગ્ર કુટુંબને ઘણી ઘાતકી રીતે મારી નાખ્યું (ઈ. સ. ૧૮૧૪). થોડા જ દિવસોમાં એક મારવાડી અમલદારે હસનમિયાં અને લક્ષ્મીદાસ કારભારીની હાજરીમાં ઇબ્રાહીમને ખતમ કરી નાખ્યો. હસનમિયાં કુશળ વહીવટદાર નહોતો તેથી લક્ષ્મીદાસે રાજ્યની કુલ જવાબદારી ઉપાડી લીધી. હસનમિયાં ભુજમાંથી ખસ્યો અને અંજારનો કબજો કરી સ્વતંત્ર રીતે ત્યાંનો વહીવટ કરવા લાગ્યો. ઈ. સ. ૧૮૧૫ માં વાગડના બહારવટિયાએ ધ્રાટીલા પાસે કૅપ્ટન મેકમર્ડોની છાવણી લૂંટી તેથી રાવ વાગડ ઉપર ચડાઈ લઈ ગયો. આ ચડાઈમાં અંગ્રેજી તેમજ ગાયકવાડી સૈન્ય મદદમાં હતું. કેટલાક નાસી ગયા અને હસનમિયાંએ હથિયાર હેઠાં મૂકી દીધાં. હવે આખું અંજાર પરગણું અંગ્રેજોની સત્તા નીચે આવી ચૂક્યું.[3]

## ૨. નવાનગરના જામ જાડેજા

આ પૂર્વે (ગ્રંથ ૬ પૃ. ૧૨૨ માં) આપણે જોયેલું કે ઈ. સ. ૧૭૬૮ માં જામ લાખોજીનું અવસાન થયું ત્યાં સુધી મેરામણ ખવાસના હાથમાં નવાનગર રાજ્યમાં સર્વસત્તા હતી. પિતાના અવસાને એના સગીર કુમાર જસોજીને મેરામણે ગાદી ઉપર જામ તરીકે બેસાડ્યો. એના ઈ. સ. ૧૮૧૪ સુધીના દીર્ઘ રાજ્યકાલને બે ખંડમાં વિભક્ત કરી શકાય : (૧) મેરામણ ખવાસ ઈ.સ. ૧૮૦૦ માં મરણ પામ્યો ત્યાંસુધી સર્વસત્તાધીશ હતો અને (૨) એ પછી જસોજી સંપૂર્ણ સત્તાધીશ બન્યો.

(૧) મેરામણ ખવાસ અને ભવાન ખવાસના હાથમાં સર્વસત્તા હતી એ તકનો લાભ લેવા કચ્છના રાવ ગોડજીએ એક પ્રબળ સેના તૈયાર કરી અને

મેરામણને દમ આપતો પત્રવ્યવહાર કર્યો. મેરામણ સાવધાન હતો. ગોડજીની સેના નાનું રણ ઓળંગી આવે એટલા સમયમાં મેરામણ મોટા સૈન્ય સાથે બાલંભા સુધી પહોંચ્યો અને થાણું કબજે કરી એણે રાવના થાણદારોને હાંકી કાઢ્યા. દારૂગોળો અને બધા જ લશ્કરી સરંજામ હાથમાં આવી જતાં ગોડજીને રણ ઓળંગવું મુશ્કેલ બન્યું ને નામોશી સાથે ભૂજ ચાલ્યા જવું પડ્યું. દરમ્યાન પડધરીના હાલોજી( કાકાભાઈ )એ માથું ઊંચકેલું અને મોડપર તેમ આસપાસનો પ્રદેશ કબજે કરી લીધેલો. મેરામણે આગળ વધી મોડપર કબજે કર્યું. ઘેરા દરમ્યાન જ હાલોજીનો ઘાત કરવામાં આવ્યો હતો. બાળક જશોજીની માતા ઝાલી રાણી વૈષ્ણવતીર્થ નાથદ્વારાની યાત્રાના બહાને નવાનગર છોડી માતૃગૃહે ધ્રાંગધ્રા ચાલી ગઈ અને એણે ત્યાં રહી મેરામણને ખસેડવાનો પ્રયત્ન શરૂ કર્યો. મેરામણને એની જાણ થતાં એણે પોતે કશું જ જાણતો નથી એવા ભાવે રાણીને નવાનગર આવી જવા આગ્રહ કર્યો. રાણી પાછી આવતાં જ એનો વધ કરવામાં આવ્યો. ઓખામંડળમાં આવેલા પોસીતરાનો કિલ્લો જીતી લેવા અને વાઘેરોને કાબૂમાં લેવા માટે હવે મેરામણે જૂનાગઢના શક્તિશાળી દીવાન અમરજીને નિમંત્રણ આપ્યું. દીવાન અમરજી આવતાં ઉપરના કાર્યમાં લખલૂટ સમૃદ્ધિની મેરામણને પ્રાપ્તિ થઈ, પણ બેથલીના નવા બાંધવામાં આવેલા કિલ્લાના વિષયમાં મેરામણ અને અમરજી વચ્ચે ગેરસમજૂતી થઈ, છતાં અંતે એ કિલ્લાને તોડી નાખવાની શરતે સમાધાન થયું. અમરજી પોતાની સેના સાથે જૂનાગઢ ચાલ્યો આવ્યો. ઈ.સ. ૧૭૮૩ માં મેરામણ અમરજીની સામે યુદ્ધ માટે ગયો, પણ પાછો પડ્યો. મેરામણને એનો પશ્ચાત્તાપ થયો અને સંબંધ જાળવવા પોરબંદરના રાણા ઉપરના આક્રમણમાં મેરામણે અમરજીને સાથ આપ્યો. બંનેએ રાણાના પ્રદેશને ભારે રંજાડ કરી. ઈ.સ. ૧૭૮૪ માં અમરજીનો જૂનાગઢમાં ઘાત કરવામાં આવ્યો. ઈ. સ. ૧૭૯૩ માં અમરજીના પુત્ર દીવાન રઘુનાથજીને મેરામણે નિમંત્રણ આપી ઉચ્ચ હોદ્દા પર બેસાડ્યો. એ સાથે એનો નાનો ભાઈ રણછોડજી પણ સાથે આવી પહોંચ્યો. આ પહેલાં મેરામણે ઈ. સ. ૧૭૮૮ માં નવાનગરને ગઢ ફરતી દીવાલ બંધાવી અને નવાનગરને લશ્કરી દૃષ્ટિએ મજબૂત બનાવ્યું. ઈ. સ. ૧૭૯૨ માં મેરામણ સૌરાષ્ટ્રમાં આગળ વધ્યો અને સંથાલી કોટડા-પીઠા બાબરા કરિયાણા ભડલી બરવાળા આણંદપુર ભાડલા અને જસદણના કાઠીઓને ઢીલા પાડી ત્યાં ત્યાં નવાનગરનાં થાણાં બેસાડ્યાં. આ સમયે જસદણના વાજસૂર ખાચરે મેરામણને આટકોટ સોંપી દઈ જસદણ બચાવી લીધું. ઈ. સ. ૧૭૯૪ માં હાલારના ભાયાતોએ મેરામણને દૂર કરવા અને જસોજીને બચાવી લેવા

હલમલ કરી, પણ એમનું કંઈ વળ્યું નહિ. મેરામણે રાજકોટનું સરધાર પરગણું ખેદાન-મેદાન કરી નાખ્યું. આ સમયે ભાવનગરનો વખતસિંહજી રાવળ કાઠીઓ સાથે મેદાને પડ્યો હતો અને જસદણમાં છાવણી નાખી પડ્યો હતો. એ સમયે કાઠીઓની મદદે જૂનાગઢનો નવાબ હામિદખાન આવ્યો હતો. મેરામણ આ મામલામાં વચ્ચે પડ્યો અને એણે જૂનાગઢ-ભાવનગર વચ્ચે સમાધાન કરાવી આપ્યું. જાડેજા ભાયાતો મેરામણને પહોંચી શકે એમ નહોતા તેથી તેઓએ કચ્છના રાવની મદદ માગી ને કચ્છના જમાદાર ફતેહમામદને અગાઉ રાવ ગોડજીને પાછા હડી-જવાના પ્રસંગનો બદલો લેવા મોટા સૈન્ય સાથે નવાનગરના પ્રદેશ ઉપર ચડી આવવા અરજ કરી. આની જાણ થતાં ભવાન ખવાસ સામનો કરવા આગળ વધ્યો અને ખાખરા બેલા ગામ નજીક છાવણી નાખી રહ્યો. ફતેહમામદે એને આગળ વધવા દીધો અને પોતે પડધરી કૂચ કરી ગયો. ભવાન પાછો વળી એની પાછળ આવ્યો. મુકાબલામાં કચ્છી સૈન્યનો વિજય થયો અને ભવાન ખવાસ પોતાના સૈન્ય સાથે નવાનગર ચાલ્યો આવ્યો. ફતેહમામદે નવાનગરને અલગ રાખી છેક જામખંભાળિયા સુધી આગળ વધી લૂંટ ચલાવી અને પછી પાછો ફરી આવ્યો. આ ચળવળની પાછળ જામ જસોજી અને એની રાણી અછુબાની ખાનગી હૂંફ હોવાની ગંધ આવતાં મેરામણે એ બંને પર વધુ જાપ્તો રાખવા માંડ્યો. આનાથી મૂંઝવણ વધતાં જસોજીએ કચ્છના રાવ રાયધણજી અને જાડેજા સરદારોને પોતાને બચાવી લેવા નિમંત્રણ આપ્યું. અમદાવાદ ખાતેના પેશવાના પ્રતિનિધિ આબા શેલૂકરના નેતૃત્વે ઈ. સ. ૧૭૯૪ માં મરાઠા લશ્કર આવી પહોંચતાં ઉપરનું અસ્તિત્વમાં આવી શક્યું નહિ. મેરામણે મરાઠાઓને સારી એવી રકમ આપી ગોંડળના પરગણાને સાફ કરી નાખવા પ્રેર્યા. ઈ.સ. ૧૭૯૫ માં મેરામણ ઓખામંડળ ઉપર ચડાઈ લઈ ગયો અને એણે વાઘેરોની સત્તા નીચેથી રણની પૂર્વ બાજૂનાં ગાંગા ગુડગઢ વગેરે કબજે કરી લીધાં. ઈ.સ. ૧૭૯૭ માં જામ જસોજી અને એના ભાઈ સતોજીએ મેરામણના સકંજામાંથી નીકળવા પ્રયાસ કર્યો, પરંતુ મેરામણે વધુ મજબૂત પકડ કરી તેઓને તાબે કર્યા અને એમની હિલચાલ ઉપર વધુ સખત જાપ્તો રાખવા માંડ્યો. બે માસ સુધી મેરામણે પોતાના જ મકાનમાં જસોજીને જાપ્તામાં રાખ્યો હતો. આ વર્ષે ભવાન ખવાસનું અવસાન થયું. એ જ વર્ષમાં મોડેથી કચ્છના જમાદાર ફતેહમામદે રણ દ્વારા આવવા કર્યું. પણ મેરામણે એવો પ્રબળ સામનો કર્યો કે જેથી બંને રાજ્યો વચ્ચેના ઝઘડા માટે લવાદીના સિદ્ધાંતનો સ્વીકાર કરી ફતેહમામદ યુદ્ધ આપ્યા વિના જ કચ્છ તરફ પાછો વળી ગયો. ઈ. સ. ૧૭૯૮ માં મેરામણને થયું કે રાજ્યમાં પોતાની

સામે વંટોળ ઊભો થતો જાય છે. તેથી પોતાની આંતરિક સલામતી માટે જસોજી પાસેથી પોતાને માટે જોડિયા બાલંભા અને આમરણ વંશપરંપરાની જાગીર તરીકે ચાલુ થાય એવું લખાવી લીધું. આ વર્ષમાં કચ્છના રાવ રાયધણજી અને ફતેહમામદે ધસી આવી નવાનગર લૂંટવી લીધું અને તેઓ શહેરના સ્વામી થઈ પડયા, પણ મેરામણની કુનેહથી એમને હાંકી કાઢવામાં આવ્યા. ઈ.સ. ૧૭૮૯ માં આરબ જમાદાર હામીદનો પુત્ર અમીનસાહેબ સૌરાષ્ટ્રની ખંડણી ઉઘરાવવા વડોદરાથી નીકળ્યો. મેરામણે વાંકાનેરમાં છાવણી નાખી પડેલા અમીનસાહેબને, જે દરે શિવરામ ગારદીને ખંડણી આપવામાં આવતી હતી તે દરે, આપવાનું કબૂલ્યું. મેરામણે આ વખતે ભાણવડના ભાયાતને ભિડાવવા રણછોડજીને લશ્કર સાથે મોકલ્યો, પણ એમાં સફળતા ન મળતાં રણછોડજી પાછો ફર્યો. દરમ્યાન ફતેહમામદે નવાનગરને ફરી ઘેરો ઘાલ્યો. એ વખતે પાંચાલમાં શિવરામ ગારદી ખંડણી ઉઘરાવી રહ્યો હતો તેને મેરામણે દીવાન રઘુનાથજી દ્વારા મદદ માટે કહેણ મોકલ્યું. રઘુનાથજી એ પ્રમાણે શિવરામને નવાનગર તરફ લાવતો હતો એ વેળા મેરામણને ભય જાગ્યો કે કદાચ એ બેઉ પોતાને નવાનગરમાંથી ઉખેડી નાખે. એ ભયે એ ફતેહમામદ પાસે ધુણવાવ ગયો અને એણે એને ઘેરો ઉઠાવી લેવા સમજાવ્યો. આમાં સફળતા મળતાં મેરામણે રઘુનાથજીને લખી જણાવ્યું કે બધું ઠીકઠાક થઈ ગયું છે એટલે શિવરામ ગારદીની મદદની હવે જરૂર નથી. રઘુનાથજીએ શિવરામને એની મદદના ઉપલક્ષ્યમાંથી કેટલીક રકમ બદલામાં આપવા વચન આપેલું તેથી નવાનગરની આસપાસનાં પરગણાંઓના પટેલો પાસેથી ઉઘરાણું કરી શિવરામને ચૂકવી આપ્યું અને એને પાછો વાળ્યો આ કાર્યથી મેરામણ નારાજ થયો તેથી રઘુનાથજી નવાનગર છોડી દઈ ધ્રોળમાં છાવણી નાખી રહ્યો.

ઈ.સ. ૧૮૦૦ માં મેરામણ યશસ્વી કારકિર્દીના એના શાસનકાળ પછી અવસાન પામ્યો. મેરામણના પુત્ર આ પછી પિતાનાં ત્રણે ગામોમાં પોતાનો હક્ક જમાવી સ્વતંત્ર તાલુકદાર તરીકે બેસી ગયા. સ્વતંત્રતા મળી જવાના ઉત્સાહમાં જામ જસોજીએ એ તરફ ધ્યાન આપ્યું નહિ. જસોજીએ ૧૮૦૧ માં જસદણના કિલ્લાને ખેદાન-મેદાન કર્યો. એણે મધ્ય સૌરાષ્ટ્રના અને ઝાલાવાડના તેમજ ધોધાબારાના ઊતરતા દરજ્જાના તાલુકદારો પાસેથી "ઘોડા–વેરો" વસૂલ કર્યો. જસોજીએ આ પછી પોરબંદર તાબાના રાણા-કંડોરણાના ગઢનો કબજો લીધો. પરિણામે રાણાએ ગાયકવાડ અને બ્રિટિશ સત્તાની મદદ માગી, આથી કર્નલ વૉકરે આવી ઈ. સ. ૧૮૦૭ માં રાણા કંડોરણાનો

કબજો લઈ રાણાને સોંપી આપ્યું (ડિસેમ્બર ૫, ૧૮૦૭). ઈ. સ. ૧૮૦૮ માં જામ અને બ્રિટિશ સત્તા વચ્ચે કરાર થયા અને જસોજીએ લૂંટણ-પ્રવૃત્તિનો ત્યાગ કર્યો. જસોજીએ ભાઈ સતોજીને કુટુંબના રિવાજ પ્રમાણે આપવું જોઈએ તે વિષયમાં માથાભારે વર્તન કર્યું તેથી સતોજીએ કર્નલ વૉકર અને ગાયકવાડને ફરિયાદ કરી. એ બંનેએ પ્રયત્ન કર્યો, પણ સફળતા ન મળી. આ ગાળામાં કચ્છના રાવે પણ નવાનગરના પોતાના દાવા વિશે અંગ્રેજ સત્તા અને ગાયકવાડને ફરિયાદ કરી વચ્ચે પડવા જણાવ્યું, પણ જામે એ બેઉની સલાહ તરફ આંખ આડા કાન કર્યા. આ પ્રમાણે અસંતુષ્ટ પરિસ્થિતિ પ્રવર્તતી હતી એવામાં જામની સેનાના એક આરબે ગોપમાં થાણું નાખીને પડેલા એક અંગ્રેજ અમલદારને મારી નાખ્યો અને એ આશ્રયને માટે જામના તાબાના મોડપરના કિલ્લામાં ભરાઈ ગયો. જામ પાસે એની માગણી કરવામાં આવી ત્યારે એને પાછો સોંપવા જામે ધસીને ના પાડી, આથી આગ ચંપાઈ અને કૅપ્ટન કર્નોક તથા ફત્તેસિંહરાવ ગાયકવાડ ઈ. સ. ૧૮૧૨ ના આરંભમાં નવા-નગર સુધી ધસી આવ્યા. થોડા જ સંઘર્ષ બાદ જામે નમતું મૂક્યું અને એને એક સંધિ કરવાની ફરજ પાડી (ફેબ્રુઆરી ૨૩, ૧૮૧૨) : (૧) બ્રિટિશ અમલદારના ખૂનીઓની સોંપણી કરવી, (૨) મોડપરનો કિલ્લો જમીન-દોસ્ત કરવો, (૩) કચ્છના હક્કદાવાનું નિરાકરણ લાવવું, (૪) સતોજીને રાણપુર અને બીજાં બાર ગામ જિવાઈ માટે આપવાં, (૫) ફત્તેસિંહરાવને વારસાવેરા તરીકે રૂ. ૨૫ હજાર આપવા અને (૬) ધ્રોળને સરપદડનું પરગણું સોંપી દેવું. હવે અન્ય ધાંધલ ન કરવાના વિષયમાં એને મજબૂર કરવામાં આવ્યો.

ઈ. સ. ૧૮૧૩ માં જમાદાર ફતેહમામદ હાલાર ઉપર ચડી આવ્યો. તે વખતે કુતિયાણાથી દીવાન રણછોડજી જામની કુમકે આવી પહોંચ્યો. હડિયાણા પાસે સૈન્યોનો મુકાબલો થયો અને જંગ જામ્યો. આમાં ફતેહમામદ મૂંઝાયો અને કચ્છમાંના બ્રિટિશ પ્રતિનિધિ સુંદરજી શવજી દ્વારા વડોદરાના રેસિડેન્ટ કૅપ્ટન કર્નોકનો સંઘર્ષ બંધ કરવાના વિષયનો પત્ર જામ ઉપર મોકલ્યો. એ વિષયમાં સંધિ થઈ અને ફતેહમામદે પોતે કરેલા તોફાન માટે બદલો આપવાનું સ્વીકારી લીધું.

ઈ. સ. ૧૮૧૪ માં જામ જસોજી ૪૭ વર્ષના રાજ્યકાલના અંતે અવસાન પામ્યો અને એનો નાનો ભાઈ સતોજી સત્તા ઉપર આવ્યો. સતોજી અફીણ અને બીજાં વ્યસનોને કારણે નિર્બળ થઈ ગયો હતો અને એને કાંઈ સંતાન નહોતું તેમ થવાની પણ શકયતા નહોતી તેથી જામ જસોજીની વિધવા અછુબાએ

ભાણવડના ભાયાત જસોજીના પુત્ર રણમલ્લને ગોદ લીધો. જોડિયાના ખવાસોની ધાંધલો સિવાય સતોજીના ૭ વર્ષના રાજ્યકાલમાં કોઈ મહત્ત્વના બનાવ બન્યા કહી શકાય એમ નથી. સતોજીએ ખવાસો સામે થવા ગાયકવાડ અને બ્રિટિશ સત્તાની કુમક માગતાં કર્નલ ઈસ્ટ પોતાનું સૈન્ય લઈ ખવાસોને દબાવી દેવા આવી પહોંચ્યો. સંગ્રામ ખવાસ હિંમત હારી ગયો અને પોતાના ગામનો કબજો સોંપી બ્રિટિશ રક્ષણ નીચે મોરબી ચાલ્યો ગયો. પછી ગાયકવાડ અને બ્રિટિશ સત્તાની મધ્યસ્થીથી આમરણ પરગણાની જાગીર એને મળી. ચડેલી ખંડણી વસૂલ કરવા બ્રિટિશરો વતી સુંદરજીએ આઠ વર્ષ માટે જોડિયા અને બાલંભાનાં પરગણાંનો હવાલો સંભાળ્યો.

સતોજીનું ઈ. સ. ૧૮૨૦ માં અવસાન થયું અને રણમલ્લજી નવાનગરની ગાદીએ આવ્યો.[૪]

### ૩. ધ્રોળના જાડેજા

કલોજી પછી એનો નાનો ભાઈ વાઘજી સત્તા ઉપર આવ્યો. એનું અવસાન ઈ. સ. ૧૭૬૦ માં[૫] થતાં એનો પુત્ર જયસિંહજી ૧ લો ઉર્ફે દાદાજી ધ્રોળની ગાદીએ આવ્યો હતો. એણે ખિરસરાના જાગીરદાર પાસેથી ઈ. સ. ૧૭૬૦ માં ખિરસરા પડાવી લીધું ને એ થોડો સમય ભીમજીને સોંપાયું. પૂરાં ૨૧ વર્ષ રાજ્ય કરી જયસિંહજી ઈ. સ ૧૭૮૧ માં અવસાન પામ્યો. પછી એનો પુત્ર જતોજી ૨ જો ગાદીએ આવ્યો. આઠ વર્ષ બાદ એનું અવસાન થતાં ઈ. સ. ૧૭૮૯ માં નાથોજી અને એના પછી મોડજી ૨ જો સત્તા પર આવ્યો. મેરામણ ખવાસની સામે મોડજીએ જામ જસોજીને હૂંફ આપી હતી અને જામ તથા મેરામણ વચ્ચે સલાહસંપ કરી આપવામાં સફળતા મેળવી હતી. આ વખતે મોડજી સ્વતંત્ર શાસક તરીકે ધ્રોળમાં રાજ-સત્તા ભોગવતો થઈ ગયો હતો. ઈ. સ. ૧૮૦૩ માં એનું અવસાન થતાં એનો પુત્ર ભૂપતસિંહજી સત્તા ઉપર આવ્યો, જેણે ૪૧ વર્ષ રાજ્ય ભોગવ્યું હતું. ગાયકવાડનો દીવાન અને કર્નલ વૉકર એના રાજ્યકાલમાં ખંડણી નક્કી કરવા ધ્રોળ આવ્યા હતા અને ધ્રોળ પરગણાની ખંડણી રૂ. ૫,૩૪૬ અને સરપદડ પરગણાની રૂ. ૪,૩૫૯ નક્કી કરવામાં આવી હતી, પણ સરપદડ પરગણું એ સમયે નવાનગરને ત્યાં ઘરાણે મૂકેલું હતું તેથી એ પાછું લેવા ભૂપતસિંહે ગાયકવાડ અને બ્રિટિશ સત્તાની સહાય માગી. ગાયકવાડ અને બ્રિટિશ સત્તાએ એ પાછું

આપવા જામને સમજાવ્યો, પણ એ એકદમ તૈયાર ન થયો એટલે ફત્તેસિંહરાવ ગાયકવાડ અને કર્નલ વૉકર નવાનગર ઉપર ચડી આવ્યા. જામે નમતું મૂક્યું. અને ઈ. સ. ૧૮૧૮ માં ધ્રોળને એનું સરપદડ પરગણું પાછું મળ્યું.[૬]

### ૪. રાજકોટના જાડેજા

લાખાજીનો કુંવર મહેરામણજી ગણ્ય કોટિનો કવિ હતો. એણે ઈ. સ. ૧૭૮૨ માં 'પ્રવીણસાગર' નામના હિંદી ગ્રંથની રચના કરી હતી; આ કાવ્યશાસ્ત્રને લગતો એક ઉત્તમ ગ્રંથ થયો. એ ઈ. સ. ૧૭૯૪માં પિતાની હયાતીમાં જ અવસાન પામતાં પિતા લાખાજીએ રાજ્ય-કારોબાર હાથમાં લીધો, પણ મહેરામણજીના પુત્ર રણમલજીએ દોઢ જ વર્ષમાં એને કાઢી મૂક્યો, પરંતુ પાછળથી પરતાઈ એને વહીવટ ફરી સોંપ્યો. પછી ઈ.સ. ૧૭૯૬ માં લાખાજી મરણ પામ્યો તેથી ઈ.સ. ૧૮૨૫ સુધી રણમલજીએ સ્વતંત્ર રીતે રાજ્ય કર્યું.[૭]

### ૫. ગોંડળના જાડેજા

ગોંડળમાં કુંભોજી ૨ જો પ્રતાપી અને બળવાન રાજા હતો. ઈ. સ. ૧૭૫૮ માં જૂનાગઢની ગાદીએ મહાબતખાનજી આવ્યો ત્યારે ત્યાં આંતરિક ખટપટ હતી. આનો લાભ લેવા રાધનપુરનો નવાબ કમાલુદ્દીનખાન જૂનાગઢ સુધી આવી પહોંચ્યો હતો, પણ કિલ્લો લેવાયો નહિ એટલે જૂનાગઢથી થોડે દૂર છાવણી નાખી પડચો. ગોંડળના કુંભોજીએ જૂનાગઢ આવી, રાધનપુરના નવાબને સમજાવી પાછો કાઢચો અને નવાબી કુટુંબનો ઝઘડો સમાવ્યો. નવાબ પાસે નાણાંની ખેંચ હતી એટલે કુંભોજીએ ૩૫,૦૦૦ કોરી આપી નવાબ પાસેથી ઉપલેટા પરગણું લખાવી લીધું હતું. પછી એને ધોરાજી પરગણું પણ મળ્યું.

કુંભોજીના મનમાં દીવાન અમરજીનો ડર હતો તેથી દીવાનને દૂર કરવા નવાબને સમજાવ્યો. એણે નજીકમાં જ મરાઠાઓનું સૈન્ય છાવણી નાખી પડયું હતું, તેની મદદથી માલાસીમડી પાસે છાવણી નાખી પડેલા અમરજી પર ચડાઈ કરી, પણ જિતાશે નહિ એવું લાગતાં કુંભોજી મરાઠાઓના સૈન્યને છોડી જતો રહ્યો. નવાબ હમીદખાન ઈ. સ. ૧૭૭૫ માં જૂનાગઢની સત્તા પર આવ્યો ત્યારે પણ કુંભોજીની ભંભેરણી ચાલુ રહી. એક વાર તો અમરજીની સત્તા તોડવા જામના દીવાન મેરામણ ખવાસ અને પોરબંદરના રાણા સુલતાનજીને ઉશ્કેરી પોતાની મદદે બોલાવ્યા અને ઈ. સ. ૧૭૮૨ માં કુતિયાણા પરગણા પર હલ્લો કરી ત્યાંનાં ગામ લૂંટચાં. અમરજીએ લડત આપી, પણ

એ ફાવ્યો નહિ અને જૂનાગઢ ચાલ્યો ગયો એટલે ત્રણેએ મળી દેવડા( તા. કુતિયાણા )નો કિલ્લો તોડી પાડચો.

અમરજી કુંભોજીનો નાશ કરવાની તક જોતો હતો, આથી ઈ. સ. ૧૭૮૪ માં જૂનાગઢના નવાબને કુંભોજીએ પોતાને ત્યાં આમંત્રી, ખૂબ ખાતર કરી અમરજીનો વિનાશ કરવા ખૂબ ભંભેર્યો. પરિણામે નવાબે અમરજીની થોડા દિવસ બાદ કતલ કરાવી.

ઈ. સ. ૧૭૮૮ માં પોરબંદરના રાણાએ વેરાવળ બંદર પર હુમલો કરી એ જીતી લીધું ત્યારે નવાબે કુંભોજીની મદદથી ચડાઈ કરી ફરી કબજો કર્યો. આ વિજયની ખુશાલીમાં નવાબે કુંભોજીને ગોંડળ જેતલસર મજેઠી લાઠ અને ભિમોરા ગામોની વંશપરંપરાની સનદ લખી આપી. અગાઉ ઈ. સ. ૧૭૭૪ માં કુંભોજીએ નવાબને ત્રણ લાખ કોરી દીધી હતી તે આપી ન શકતાં બદલામાં કુંભોજીએ સરસાઈ ( તા. વિસાવદર ) અને ચાપરડા ( તા. વિસાવદર) પરગણાં લખાવી લીધાં.

કુંભોજીનો પુત્ર સગરામજી હયાતીમાં મરણ પામતાં સગરામજીનો પુત્ર મૂલુજી ગાદીએ આવ્યો. એના અવસાને એનો પુત્ર હાલોજી આવ્યો, પણ એક જ વર્ષમાં અવસાન પામતાં એનો નાનો ભાઈ દાજીભાઈ ગાદીએ આવ્યો. એ ઈ. સ. ૧૮૦૦ માં અપુત્ર મરણ પામતાં એના કાકા દેદોજીને ગાદી મળી. ઈ. સ. ૧૮૦૩ માં જૂનાગઢનો દીવાન રઘુનાથજી ઝાલાવાડમાં ખંડણી ઉઘરાવવા ગયેલો ત્યારે દેવોજી પણ સાથે હતો. એણે ઉજ્જડ થયેલાં પરગણાંઓને આબાદ કર્યાં. ઈ. સ. ૧૮૧૨ માં એનું અવસાન થતાં પાટવી કુંવર નાથોજી સત્તા ઉપર આવ્યો. ઈ. સ. ૧૮૧૪ માં જ એનું અવસાન થતાં નાનો ભાઈ કાનોજી ગાદીએ આવ્યો[૮]

### ૬. મોરબીના જાડેજા

ઈ.સ. ૧૭૫૮ માં રેવોજી મરણ પામતાં એનો પુત્ર પચાણજી સત્તા ઉપર આવ્યો. એણે પિતાના સમયથી ચાલ્યો આવતો માળિયા સાથેનો વિગ્રહ ચાલુ રાખ્યો હતો. જૂનાગઢની મદદથી માળિયાને સાફ કરવા પચાણજીએ પ્રયત્ન કર્યો, પણ કોઈ ખાસ સફળતા મળી નહિ.

ઈ. સ. ૧૭૭૧ માં પચાણજીનું અવસાન થતાં એનો કુમાર વાઘજી સત્તા પર આવ્યો. એણે જૂનાગઢના અમરજી દીવાનની મદદ લઈ કચ્છ–વાગડ ઉપર ચડાઈ કરી પળાંસવા( તા. રાપર ) અને કોરિયાણી( તા. લખપત ) જીતી લીધાં.

એની માળિયા સાથે તો લડાઈઓ ચાલુ જ હતી. વળી ધ્રાંગધ્રાના રાજકુમાર બાપોજી સાથે પણ અંટસ પડેલો. છેવટે ફત્તેસિંહ ગાયકવાડ તરફથી સૈન્ય આવ્યું તેની મદદથી માળિયા જીતી લેવાયું.

ઈ. સ. ૧૭૮૫ માં વાઘજીનું અવસાન થતાં એનો પાટવી કુંવર હમીરજી ગાદીએ આવ્યો. એના સમયમાં મોરબીના એક વેપારીને ઝાલાઓએ લૂંટી લેતાં જૂનાગઢની મદદથી એણે વઢવાણનાં વરતડી (તા. વઢવાણ) કોરડા- (તા. લીંબડી) અને સમઢિયાળા (તા. લીંબડી) ગામો લૂંટી એમાંથી પેલા વેપારીને નુકસાનનો બદલો વાળી આપ્યો હતો. હમીરજી ઈ. સ. ૧૭૯૦ માં મરણ પામતાં એનો ભાઈ જિયોજી ગાદીએ આવ્યો.

જામ જસોજી ધ્રાંગધ્રા પરણવા આવ્યો ત્યારે જસદણના વાજસૂર ખાચરે આટકોટ ચાંલ્લામાં આપેલું, પણ એ આટકોટના દાદા ખાચરને માન્ય ન થતાં એ નવાનગર સામે બહારવટે ચડેલો. મેરામણ ખવાસે એને સમજાવી સમાધાન કર્યું. જામને વેર મોરબી સાથે હોઈ દાદા ખાચરે જામનું લશ્કર અને થોડું પોતાનું લઈ મોરબી ઉપર હલ્લા કરી ત્રણ વાર મોરબી લૂંટ્યું. છેલ્લી લડાઈથી સાંકડમાં આવી ગયેલો દાદો ખાચર બાકી રહેલા થોડા સોબતીઓ સાથે માર્યો ગયો (૧૭૯૨-૧૭૯૩).

નાગડાવાસ (તા. મોરબી )નો જૂણોજી જાડેજો પોતાના ગામને કિલ્લો બાંધી આજુબાજુના પ્રદેશમાં લૂંટ ચલાવતો હતો તેના પર પેશવાઈ સૈન્યની મદદથી ચડાઈ કરી ઈ. સ. ૧૭૯૫ માં નાગડાવાસનો કિલ્લો તોડી પાડી જૂણોજીને જિયોજીએ નસાડી મૂક્યો હતો.

ઈ. સ. ૧૮૦૦ માં કચ્છથી ભાણજી મહેતો આવ્યો અને એણે મોરબી રાજ્યના વવાણિયા બંદરને ઘેરો ઘાલ્યો ત્યારે ઈ.સ. ૧૮૦૧ માં એના સૈન્યને નસાડી મૂકી બંદરના રક્ષણાર્થે ત્યાં થાણું બેસાડયું.

ઈ. સ. ૧૮૦૧-૦૨ માં માળિયાના ઠાકોર ડોસાજીના તરફ ઉપર ઉપરથી પ્રેમ બતાવી બંનેનાં સૈન્યોએ આજુબાજુના પ્રદેશમાં લૂંટ ચલાવવી શરૂ કરી, પણ પછી પાછા ફરતાં દગાથી ડોસાજીને ભોજન પર બોલાવી એના સૈન્ય પર હલ્લો કરી અનેક મિયાણાઓને ખતમ કર્યા અને ડોસાજીને કેદ કરી મોરબી લઈ આવ્યો.

ઈ. સ. ૧૮૦૩ માં ગાયકવાડ તરફથી બાબાજી આપાજી ૭ વર્ષની ચડેલી ખંડણી ઉઘરાવવા આવ્યો ત્યારે જિયોજી સૈન્ય લઈ સામો થયો, પણ આખરે

સલાહ કરી, ખંડણી સ્થાપી એને પાછો મોકલ્યો. એ ફરી વાર આવ્યો ત્યારે સફળતા ન મળવાથી આસપાસનો પ્રદેશ લૂંટતો એ ચાલ્યો ગયો.

ઈ. સ. ૧૮૦૬ માં બાબાજી ત્રીજી વાર આવી મોરબીની આસપાસ લૂંટ ચલાવવા લાગ્યો. મિયાણા પણ હેરાન કરતા હતા. આવી સ્થિતિમાં બાબાજીના કહેવાથી ડોસાજીને મુક્ત કરવામાં આવ્યો.

ઈ.સ. ૧૮૦૭માં કર્નલ વૉકર ગાયકવાડ અને પેશવા વતી ખંડણી ઉઘરાવવા આવ્યો ત્યારે મોરબી મિયાણાઓની લૂંટફાટથી હેરાન–પરેશાન હતું. અંગ્રેજ સત્તા સાથે મોરબીનો સંબંધ બંધાતાં હરકતો દૂર થવા લાગી અને મોરબી પગભર થવા લાગ્યું. એ જ વર્ષમાં જંગી( તા. ભચાઉ )ના જાડેજા સેસમલજીએ બળવો કરી આધોઈ ( તા. ભચાઉ ) કબજે કર્યું, પણ મોરબીના રણ તરફના અમલદારે એના પર ચડાઈ કરી પાછું હાથ કરી લીધું અને બળવો ઠારી નાખ્યો.

ઈ. સ. ૧૮૧૬ માં મેરામણ ખવાસના વારસ સગરામની હૂંફથી નવાનગર સાથેના આરબો જોડિયામાં જઈ ભરાયા હતા તેમને નરમ પાડયા. કર્નલ ઈસ્ટ જોડિયા પર હલ્લો લઈ ગયો ત્યારે પોતાનાં જોડિયા આમરણ વગેરે છોડી જઈ એ મોરબીને આશરે જઈ રહ્યો. જિયોજીએ એને કાનપુર ( તા. વાંકાનેર ) ગામ આપ્યું ,અને પછી જામ સાથે જિયોજીએ વાટાઘાટ કરી સગરામને આમરણ પરગણું પાછું અપાવ્યું.[૯]

## ૨. જેઠવા વંશ

સરતાનજી ૨ જા ( ૧૭૫ ) પાસેથી ઈ. સ. ૧૭૫૯ માં જૂનાગઢના નવાબ મહાબતખાનજીએ કુતિયાણા પાછું હસ્તગત કરી લીધું. ઈ. સ. ૧૭૭૪ માં માંગરોળ ( સોરઠ )ના શેખમિયાંએ નવીબંદર ઉપર હલ્લો કરી એ કબજે કર્યું, પણ ગોંડળના કુંભોજીની સહાયથી સરતાનજીએ પાછું મેળવ્યું. ઈ. સ. ૧૭૭૮ માં રાણાએ નવાનગરની સરહદે ભેટાળીનો કિલ્લો બંધાવ્યો. જસોજી જામે મેરામણ ખવાસને મોટા લશ્કર સાથે એ કિલ્લો તોડી પાડવા મોકલ્યો. રાણાએ જૂનાગઢની મદદ માગી, પરંતુ જૂનાગઢના દીવાન અમરજીએ નવાનગરના જામ સાથે પોતાને ફાવતી શરતો કરી અને ભેટાળીનો કિલ્લો પાડી નાખવાની શરતે બધાં સૈન્ય પાછાં વળ્યાં.

ઈ. સ. ૧૭૮૨ માં સરતાનજીએ ગોંડળના કુંભોજીની સહાય મેળવી કુતિયાણા પર ચડાઈ કરી અને પરગણામાં લૂંટફાટ કરી. દરમ્યાનમાં અમરજી આવી પહોંચ્યો ને એણે બંને સૈન્યોને હાંકી કાઢયાં.

ઈ. સ. ૧૭૮૫ માં સરતાનજીએ છાયાના કિલ્લામાંથી રાજધાની ઉઠાવી લઈ પોરબંદરને રાજધાની બનાવી.

ઈ. સ. ૧૭૮૭ માં ચોરવાડના રાયજાદા સંગજીને હાટી અલિયોજી સાથે માળિયા હાટીના મુકામે યુદ્ધ થયું તેમાં સંગજી માર્યો ગયો. સંગજી સરતાનજીનો સગો થતો હતો એટલે એના કુટુંબને પોતાની હૂંફમાં લઈ, સંગજીનું કરજ પોતે ભરી દઈ સરતાનજીએ ચોરવાડ પોતાની સત્તા નીચે લીધું. ત્યાંથી જ એણે વેરાવળ જઈ ત્યાંનો કિલ્લો કબજે કરી લીધો.

ઈ. સ. ૧૭૮૯ માં હમીદખાન નવાબે રાણા પાસેથી ચોરવાડ અને વેરાવળ જીતી લીધાં અને રાણાના પ્રદેશમાં લૂંટફાટ ચલાવી. કુતિયાણામાં એ સમયે દીવાન ગોવિંદજી હતો તેણે રાણાના કંડોરણા ગામને ઘેરો ઘાલ્યો તેથી રાણાને સલાહ કરવી પડી અને નવાબને નજરાણું તેમ દંડ ભરી એણે મુક્તિ મેળવી.

ઈ. સ. ૧૭૯૯ માં જૂનાગઢના દીવાન કલ્યાણ શેઠે કુતિયાણાનો કબજો કરી રાણાના પ્રદેશમાં લૂંટફાટ શરૂ કરી. દીવાન અમરજીનો પુત્ર રણછોડજી એ વખતે રાણાની સેવામાં હતો તે સૈન્ય લઈ કુતિયાણા પહોંચ્યો અને કલ્યાણ શેઠને હરાવી એની કેટલીયે તોપો કબજે કરી.

ઈ. સ. ૧૮૦૪ માં રાણાએ વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરતાં પિતાના નામથી કુમાર હાલોજી રાજ્ય ચલાવવા લાગ્યો.

રાણાએ કંડોરણાના રક્ષણ માટે રાખેલા મકરાણી જમાદારોએ ઈ. સ. ૧૮૦૭ માં એ કિલ્લો જામ જસોજીને વેચી નાખ્યો. ગાયકવાડનો દીવાન અને કર્નલ વૉકર આ પ્રદેશમાં ખંડણી ઉઘરાવવા આવ્યા ત્યારે હાલોજીએ ફરિયાદ કરી એ ઉપરથી કંડોરણા જીતી લઈ રાણાની સત્તા નીચે સોંપવામાં આવ્યું. રાણાએ એ માટે રૂ. ૨,૦૦૦ ખંડણીના દર વર્ષે આપવા ઠર્યું. ૧૮૦૮ માં રાણા સાથે થયેલા સંધિપત્રમાં પોરબંદર રાજ્યે દરિયાઈ લૂંટ ન કરવાનું તેમ ભાંગેલાં વહાણો પાસેથી કાંઈ હક્ક ન લેવાનું કબૂલ્યું.

હાલોજીને એના બે પુત્રોમાંના નાના રામસિંહજી સાથે અણબનાવ હતો તેથી રામસિંહજીએ છાયાનો કિલ્લો કબજે કરી લીધેલો. એ સામે હાલોજીએ ફરિયાદ કરતાં કંપની સત્તાએ છાયાનો કબજો કરી હાલોજીને હવાલે આપ્યું અને કુંવરને કેદ કર્યો.

પોરબંદર ઉપર ખંડણી ઘણી ચડી ગયેલી તેથી અંગ્રેજ સત્તાને પોરબંદરની અડધી ઊપજ આપવાનું ઠરાવ્યું અને એ સામે ખંડણી ભરવા રૂ.

૫૦,૦૦૦ લીધી. ૧૮૦૮ માં આ રાજ્ય કંપની સત્તાના રક્ષણ નીચે આવ્યું અને રાણાને સહાય થવા એક કેપ્ટન સાથે ૧૦૦ ગોરાઓનું થાણું મૂકવામાં આવ્યું.

સરતાનજી ઈ. સ. ૧૮૧૩ માં મરણ પામ્યો તે પૂર્વે હાલોજીનું ૧૮૧૨ માં જ અવસાન થયેલું એટલે હાલોજીનો મોટો પુત્ર પ્રથીરાજજી 'ખીમોજી' નામ ધારણ કરી ગાદીએ આવ્યો.[10] પોરબંદરથી વાયવ્યકોણે સમુદ્રકાંઠે આવેલા મૈત્રકકાલીન મંદિર–સમૂહમાંના મુખ્ય મંદિરના જૂના ભીમેશ્વર મહાદેવનું 'ખીમેશ્વર' નામ આ ખીમોજીએ કરાવેલી મરામતને કારણે પડ્યું.[11]

## ૩. ઝાલા વંશ

### ૧. હળવદ–ધ્રાંગધ્રાના ઝાલા

કૌટુંબિક કલેશને લઈને ગજસિંહજીની ચાવડી રાણી જીજીબા પોતાના કુમાર જસવંતસિંહજીને લઈ વરસોડા રહેતી હતી. ગજસિંહજી ઉપર સાયલાના સેસાભાઈનો ઘણો દાબ હતો, એની ઇચ્છા ગજસિંહજીને ઉઠાડી મૂકી હળવદની સત્તા કબજે કરવાનો હતો, એનો ખ્યાલ આવી જતાં ગજસિંહજી બાવલીના રાણા કલાભાઈને ત્યાં રહ્યો અને એમની સહાયથી એણે હળવદનો કબજો પાછો લીધો. સેસાભાઈએ ધ્રાંગધ્રા કબજે કરી યુદ્ધની તૈયારી કરી. આની ખબર જીજીબાને મળતાં એણે વીરમગામના કસ્બાતીઓની મદદથી સેસાભાઈ પાસેથી ધ્રાંગધ્રા હસ્તગત કરવા પ્રયત્ન કર્યો, પણ સફળતા ન મળી એટલે પેશવાનો સરદાર ઝાલાવાડમાં ખંડણી ઉઘરાવવા આવ્યો તેની અને રાધનપુરના કમાલુદ્દીન-ખાનની સહાય મેળવી જીજીબાએ ધ્રાંગધ્રા જીતી લીધું ને પેશવાના સરદાર ભગવંતરાવને નજરાણું અને ખંડણી આપ્યાં. ગજસિંહજીએ જ્યાંસુધી હળ-વદમાં રહી સત્તા ભોગવી ત્યાંસુધી જીજીબાએ ધ્રાંગધ્રામાં રહી પોતાની અલગ સત્તા ભોગવી. બંને મરાઠાઓને અડધી અડધી ખંડણી આપતાં. ઈ. સ. ૧૭૫૩ માં હળવદ પર આક્રમણ કરી મરાઠાઓ ગજસિંહજીને અમદાવાદ લઈ ગયેલા પછી એની પાસેથી બળપૂર્વક ૧,૨૦,૦૦૦ રૂપિયા પેશકશરૂપે વસૂલ કર્યા.

ઈ. સ. ૧૭૬૫ માં ગજસિંહજીનું અવસાન થતાં[12] પાટવી કુંવર જસ-વંતસિંહજી ગાદીએ આવ્યો અને રાજધાની ધ્રાંગધ્રા છતાં હળવદમાં રહી વહીવટ ચાલતો હતો તે બદલી ધ્રાંગધ્રામાં શરૂ કર્યો. એણે રાજ્યની સુવ્યવસ્થા કર-વામાં સારો સમય ગાળ્યો. ઈ. સ. ૧૮૦૧ માં એનું અવસાન થતાં એનો મોટો કુમાર રાયસિંહજી ગાદીએ આવ્યો. એ ૧૮૦૪ માં મરણ પામતાં એનો

મોટો કુમાર અમરસિંહજી સત્તા પર આવ્યો. ઈ. સ. ૧૮૦૫ માં વઢવાણ અને ધ્રાંગધ્રા વચ્ચે 'બકરીની લડાઈ' તરીકે જાણીતી લડાઈ થઈ, જેમાં ધ્રાંગધ્રા પક્ષે ચૂડા લખતર સાયલા અને લીંબડી આવતાં વઢવાણ પર સંયુક્ત આક્રમણ કરવામાં આવ્યું હતું.[13] ઈ. સ. ૧૮૦૭–૮ માં વૉકર અને ગાયકવાડનો સરદાર બાબાજી આપાજી ખંડણીનો આંકડો નક્કી કરવા આવેલા. 'વૉકર સેટલમેન્ટ' પ્રમાણે કાયમી જમાબંદીનો આંકડો પણ નક્કી થયો. ઈ. સ. ૧૮૧૪ માં કોળી અને ઝાલા ભાયાતો પાસેથી ઝીંઝુવાડા પરગણું લઈ લીધું, પણ પછી વિઠ્ઠલરાવે એ ઈ. સ. ૧૮૧૮–૧૯ માં સંભાળી લીધું. અમરસિંહજીના સમયમાં જાટ મિયાણા તેમ અન્ય તોફાની લોકોના હુમલાથી રાજ્ય તંગ સ્થિતિમાં આવી ગયું હતું.[14]

## ૨. લીંબડીના ઝાલા

લીંબડીમાં રાજધાની વિકસાવી હરભમજી કાઠીઓ સાથે સંઘર્ષમાં પડચો હતો. જસદણ અને પાળિયાદ વગેરેના કાઠીએ અંબાજી યાત્રા કરવા ગયેલા હરભમજીની ગેરહાજરીમાં લીંબડી ઉપર હુમલો કર્યો. આની જાણ થતાં હરભમજીએ તાબડતોબ લીંબડી આવી કાઠીઓને હરાવી હાંકી કાઢચા. ઈ. સ. ૧૭૬૫ માં ખંડણી ઉઘરાવવા વઢવાણમાં છાવણી નાખી પડેલી ગાયકવાડી સેનાને શિકસ્ત આપેલી.[15] ૧૭૬૫–૭૮ માં વઢવાણના ચંદ્રસિંહજી સામે યુદ્ધ થયાનું વઢવાણની વિગતમાં અપાયું છે. ઈ. સ. ૧૭૮૭ માં હરભમજીનું અવસાન થતાં એનો કુમાર હરિસિંહજી ગાદીએ આવ્યો. હરિસિંહે લીંબડીની કિલ્લેબંદી પૂરી કરી ૧૮૦૦ માં બરવાળાનો કોટ બંધાવ્યો. બજાણાના જતોએ ધાંધલ શરૂ કરેલી ત્યારે જૂનાગઢની મદદથી એમને શિકસ્ત આપી હતી.[16] કર્નલ વૉકર અને ગાયકવાડી સરદાર બાબાજી ૧૮૦૭-૦૮ માં આવ્યા અને સૌરાષ્ટ્રના રાજાઓની ખંડણી નક્કી કરી ત્યારે લીંબડીની ખંડણીનો આંકડો પણ નક્કી કરવામાં આવ્યો હતો.[17]

## ૩. વાંકાનેરના ઝાલા

ઈ. સ. ૧૭૪૯ માં સત્તા પર આવેલા ભારોજીએ સાયલાના સેસાજીની મદદથી ધ્રાંગધ્રાનો કબજો જાળવી રાખેલો. સેસાજીએ થોડા સમય માટે હળવદનો કબજો કર્યો હતો, પણ બાવળીના કલાજીની મદદથી એને હઠાવાતાં કબજો ટૂંકમાં જ જતો કરવો પડચો હતો, પણ ધ્રાંગધ્રા મળ્યું નહિ.[18] એના સમયમાં કોઠી–કુંદણીના કાઠીઓ વાંકાનેરના પ્રદેશમાં લૂંટફાટ કરતા હતા તેમને અટકાવવા જૂનાગઢના દીવાન અમરજીની સહાય મેળવી, કાઠીઓની પાછળ

પડી એમને ભારોજીએ વશ કર્યાં હતા. એણે સરધાર તાબાનું સાજડિયાળી (તા. જામકંડોરણા) લૂંટી કબજે કર્યું હતું અને રાજકોટના રાજવી જાડેજા લાખાજીને પણ પરાજય આપ્યો હતો. એ ઈ. સ. ૧૭૮૪ માં અવસાન પામતાં અને એ પૂર્વે પિતાની પાસેથી રાજ્યનો કબજો લઈ બેઠેલો પાટવી કુંવર રાયસિંહજી પણ મરણ પામેલો હોઈ બીજો કુંવર કેસરીસિંહ સત્તા ઉપર આવ્યો. એ ૧૭૮૭ માં મરણ પામતાં એનો કુંવર ચંદ્રસિંહ ૨ જો ગાદીએ આવ્યો. એણે વારંવાર ચડી આવતા કાઠીઓને નરમ પાડવામાં સફળતા મેળવી હતી. ચંદ્રસિંહજી એક વાર વઢવાણના પ્રથીરાજજી સાથે અમદાવાદ ગયેલો ત્યાંથી પાછો આવતાં ગાયકવાડના માણસો સાથે માર્ગમાં ઝઘડો થયો, જેમાં ઘણાં માણસ મરાયાં, એમાં ગાયકવાડ તરફે ટુકડીનો જમાદાર બચેલો અને એનો ભત્રીજો જમાઈ ઈસબખાન પણ માર્યો ગયો હતો. એ ખૂનના બદલામાં વાંકાનેર તરફથી મેસરિયા (તા. વાંકાનેર, જિ. રાજકોટ) એના વારસને આપવામાં આવ્યું, જે પછીના સમયમાં રાજ્યે પાછું વેચાણ લઈ લીધું.

ઈ.સ. ૧૮૦૭-૦૮ માં કર્નલ વોકર અને ગાયકવાડના પ્રતિનિધિએ સૌરાષ્ટ્રના રાજવીઓની ખંડણી આકારી ત્યારે વાંકાનેરની ખંડણીનો આંક પણ નક્કી કરવામાં આવ્યો હતો.[૧૯]

### ૪. વઢવાણના ઝાલા

સબળસિંહજી ૨ જો ઈ. સ. ૧૭૬૫ માં મરણ પામતાં એના ત્રણ પુત્રોમાંનો પાટવી કુંવર ચંદ્રસિંહજી ગાદીએ આવ્યો. એણે રાજકોટના ગરાસિયા મેઘજીએ મેમકા( તા. વઢવાણ )ના લોહાણા વેપારીનો રોઝવા(તા. દસાડા )માં માલ લૂંટ્યો હતો એની ફરિયાદ ઉપરથી ચંદ્રસિંહે મોરશિયા (?) પર ચડાઈ કરી એને લૂંટયું હતું.[૨૦] આનો બદલો લેવા મેઘજીના પુત્રોએ લીંબડીની સહાય માગતાં બનેવી હરભમજી સૈન્ય સાથે દોડી આવ્યો હતો. એ સમયે મરાઠા સરદાર ભગવંતરાવ લીંબડીમાં છાવણી નાખીને પડયો હતો તે પણ હરભમજીની સાથે આવ્યો હતો. ભાદરના કાંઠે મુકામ કર્યો ત્યારે ચંદ્રસિંહજી પણ સામે આવી એમનો માર્ગ રોકીને બેઠો હતો. એના આરબ જમાદાર ગોરીભાઈની યુક્તિથી મરાઠા સૈન્યના ગોલંદાજ તોપો છોડી નાસી ગયા. આ તકે ચંદ્રસિંહજીએ હરભમજીની સેના પર હલ્લો કર્યો એટલે હરભમજી પાછો વળી ગયો. ગાયકવાડની તોપો કબજે કરેલી તે ભગવંતરાવના કહેવાથી પાછી આપી દીધી.

ઈ. સ. ૧૭૭૮ માં ચંદ્રસિંહજીનું અવસાન થતાં કુમાર પ્રથીરાજજી ગાદીએ

આવ્યો. એ જ વરસે હરભમજી લીંબડીમાં ગુજરી જતાં હરિસિંહજી સત્તા પર આવ્યો. એણે પિતાના અપમાનનો બદલો લેવા વઢવાણ પર ચડાઈ કરી, પણ હારજીત વિના યુદ્ધ પત્યું.[21]

ઈ. સ. ૧૮૦૫ માં બકરી વિશેના મામૂલી કિસ્સામાં ઝાલા કુટુંબોમાં આંતર કલહ થયો અને એમાં ધ્રાંગધ્રાના અમરસિંહજીએ લીંબડીના હરિસિંહજી, સાયલાના વિક્રમાતજી અને ચૂડાના હઠીસિંહજીને પોતાની મદદે બોલાવ્યા, તેઓ વઢવાણ ઉપર ચડી આવ્યા. હરિસિંહજીએ પ્રથીરાજજીને કડવાં વેણ કહેવાડાવતાં પ્રથીરાજજી ચિડાયો અને ધ્રાંગધ્રાનાં અને પછી લીંબડીનાં ગામોમાં લૂંટફાટ કરવા લાગ્યો પણ હવે ધ્રાંગધ્રા સામે ટકરાવાનો પ્રસંગ આવતાં પ્રથીરાજજીને વઢવાણ ચાલ્યા જવું પડયું, પછી ભાટ ચારણોએ વચ્ચે પડી ઝાલાઓને શાંત પડચા. પ્રથીરાજના અમલમાં દેદરાના હમીર જાદવની દીકરી અને કરશન પટેલ નાડોદાની પત્ની ઘરેણાંના પ્રશ્ને બહાવટે ચડી ગામો ભાંગવા લાગી. વઢવાણની ભીંસ વધતાં એ હળવદ પહોંચી, આને કારણે કોઈ પણ હળવદિયો વઢવાણના પાધરમાંથી પસાર ન થાય એવો કડક હુકમ આપ્યો. અંતે ઘરેણાં પાછાં અપાતાં બહારવટું શાંત થયું.

ઈ. સ. ૧૮૦૬ માં પ્રથીરાજજીનું અવસાન થતાં એનો માત્ર સવા વર્ષનો કુંવર જાલમસિંહ ગાદીએ આવ્યો. આમ એ સગીર હોઈ એની વાઘેલી માતા બાઈ રાજબા રાજ્ય ચલાવતી હતી. ઈ.સ. ૧૮૦૭-૦૮ માં વઢવાણ પણ કર્નલ વૉકર અને ગાયકવાડી સત્તાને ભરવાની ખંડણીના કરારમાં સામેલ થયું. આ વખતે અમદાવાદની સુખડી અને જૂનાગઢની જોરતલબીના કરારને પણ વૉકર દ્વારા વશ થવું પડયું, બાઈ રાજબાએ રાજ્યને આબાદ કરવામાં ભારે જહેમત ઉઠાવી હતી.[22]

### ૫. લખતરના ઝાલા

અભયસિંહજીના અવસાને ઈ. સ. ૧૭૬૯ માં રાયધરજી ગાદીએ આવ્યો. ઈ. સ. ૧૭૭૫ માં દીવાન અમરજીએ જૂનાગઢની મુલકગીરી ઝાલાવાડ પ્રાંતમાંથી પહેલી વહેલી વસૂલ કરી.[23] પિતાના અવસાને ઈ.સ. ૧૭૯૮ માં યુવરાજ સગરામજી એક વર્ષ માટે સત્તા પર આવ્યો. એના અવસાને એનો કાકો ચંદ્રસિંહજી ગાદીએ આવ્યો. ચંદ્રસિંહજીના અવસાને ઈ. સ. ૧૮૦૩ માં પ્રથીરાજજી ગાદીએ આવ્યો. એના સમયમાં ઈ. સ. ૧૮૦૭-૦૮ માં વૉકરવાળા ખંડણી કરારોમાં લખતરને પણ સામેલ થવું પડયું. એ સમયે કારભાર હીરજી નામના ખવાસના હાથમાં

હતો; એના વિશે કર્નલ વૉકરે ખરાબ અભિપ્રાય નોંધ્યો હતો. હીરજીએ અમાઉથી નાણાં ધીરી લખતરનો કોટ ચણાવવો શરૂ કરતાં રાજપૂત ભાયાતો ને ગિરાસદારો વડોદરા ગોવિંદરાવ ગાયકવાડની વિધવા ગેહનાબાઈની પાસે ફરિયાદે ગયા. ગેહનાબાઈ લખતરની કુંવરી હતી તેથી એણે હીરજી ખવાસનું દેવું ચૂકવી લખતરની પેદાશમાંથી જૂનું કરજ તેમજ રાજ્યનો ખર્ચ ચૂકવવાની વ્યવસ્થા કરી.[૨૪]

### ૬. ચૂડાના ઝાલા

રાયસિંહજી ઈ. સ. ૧૭૬૮ માં પાળિયાદના કાઠીઓની સાથેના દંગામાં માર્યો જતાં એનો કુમાર ગજસિંહ સત્તા પર આવ્યો. એ પણ ઈ. સ. ૧૭૮૦ માં કાઠીઓ સાથેના દંગલમાં ચાચકા ( તા. લીંબડી) ગામે મરાયો. ચૂડા હાથથી ગયું. એના પૌત્ર હઠીસિંહે કાઠીઓ ઉપર વિજય મેળવી ચૂડા ફરી હાથ કર્યું. એના સમયમાં વઢવાણના પ્રથીરાજ અને એના વચ્ચે ઝગડો થયો હતો, જેમાં એકબીજા પક્ષે ઝાલા એકઠા થયેલા. પાછળથી સમાધાન થયું. ઈ.સ. ૧૮૦૭–૦૮ માં વૉકરે ખંડણી બાંધી આપવાનું કામ કર્યું તે વખતે હઠીસિંહ ચૂડામાં સત્તા પર હતો.[૨૫]

## ૪. પરમાર વંશ

### ૧. મૂળીના પરમાર

રતનજી ૩ જા પછી મૂળીની ગાદીએ કલ્યાણસિંહજી ૨ જો સત્તા ઉપર આવ્યો. એના અવસાને રામોભાઈ ગાદીએ આવ્યો. કર્નલ વૉકરના ઈ. સ. ૧૮૦૭–૦૮ ના ખંડણી–કરાર સમયે આ રામોભાઈ મૂળીનો સત્તાધીશ હતો.[૨૬]

### ૨. દાંતાના પરમાર

રાણા કરણસિંહના અવસાને એનો કુંવર રતનસિંહ દાંતાની ગાદીએ આવ્યો હતો. એ નિઃસંતાન ગુજરી જતાં એનો ભાઈ અભયસિંહ ગાદીએ આવેલો. એ ઈ. સ. ૧૭૯૫ માં અવસાન પામતાં પાટવી કુંવર માનસિંહજી આવ્યો, જે ઈડરના રાવ ગંભીરસિંહે મેવાસી લોકો ઉપર ચડાઈ કરી હતી ત્યારે રાવની કુમકે ગયો હતો. પાંચ જ વર્ષ રાજ્ય કરી એ ઈ. સ. ૧૮૦૦ માં અવસાન પામતાં એનો ભાઈ જગતસિંહ ગાદીએ આવ્યો. એનો કેટલોક સમય પોશીના વગેરે પડોશના ઠાકોરોની સાથેના દંગાઓમાં ગયો હતો. એના રાજ્યકાલમાં કુંડળનો ઠાકોર સરદારસિંહ અપુત્ર મરણ પામતાં એનાં પાંચે ગામ ખાલસા કર્યાં. એ વખતે ભવજી જીતા નામના ઠાકોરે મિલકત માટે વારસા–હક્કથી દાવો રજૂ કર્યો. એને નાસીપાસ કરવાથી એ પાલણપુર ગયો. એની સાથે રાણાજીનો

જૂનો એક નોકર – મેરુસિંહ નામનો વૃદ્ધ જમાદાર પોતાને થયેલા મનદુ:ખને કારણે ગયો. ત્યાં રહી ભવજીએ અંગ્રેજ રેસિડન્ટ માઈલ્સને અરજ કરી કે રાણો તેમ હું બંને કુંડળના સરખા હક્કદાર છીએ, છતાં રાણો બધી મિલ્કત બથાવી પડ્યો છે, પણ હું એ ગામ અંગ્રેજ સત્તાને બક્ષિસ કરવા ચાહું છું. રાણા જગતસિંહને આની જાણ થતાં અંગ્રેજ સત્તાને રાજ્યની પેદાશમાંથી સાત આની ભાગ આપવાનું જણાવી પક્ષમાં લેતાં ભવજી નિરાશ થઈ પાલણપુર રાજ્યમાં દીવાન ફતેહખાનજીને ત્યાં નોકરીમાં રહ્યો. આ પછી રાણાએ ભવજીને કરણપુર ગામ કાઢી આપી સંપ કર્યો.[૨૭]

### ૩. સૂંથના પરમાર

બદનસિંહજી સંભવતઃ ઈ. સ ૧૭૮૪ માં અવસાન પામતાં એનો પાટવી કુંવર શિવસિંહજી ગાદીએ આવ્યો. એના સમયમાં ઈ. સ. ૧૮૦૩ માં કંપની સત્તા તરફથી કમાન્ડિંગ કર્નલ મરે આવ્યો તેની સાથે મૈત્રીના કરાર કરવામાં આવ્યા, પણ ગવર્નર જનરલ કૉર્નવૉલિસ રાજપૂત રાજાઓ સાથે દોસ્તી બાંધવાની વિરુદ્ધ હતો એટલે કરાર રદ થયા. શિવસિંહજીના અવસાને એનો પાટવી કેસરીસિંહ ગાદીએ આવ્યો.[૨૮]

## ૫. ગૂહિલ વંશ

### ૧. ભાવનગરના ગૂહિલ

ઈ. સ. ૧૭૫૯ માં સુરતના સીદી નામના કિલ્લેદાર પાસેથી અંગ્રેજોએ સુરતનો કિલ્લો તેમ બંદર જીતી લીધાં ત્યારે ભાવસિંહજીએ ખંભાતના નવાબ સામે રક્ષણ મેળવવા અગાઉ ભાવનગર બંદરની આવકનો ચોથો ભાગ આપવા વિશેના સીદી સાથે કરેલા બંદરી વેપારના કરાર ઈ. સ. ૧૭૬૦ માં કબૂલ કર્યા. એ જ વર્ષમાં ૮૧ વર્ષની વયે એનું અવસાન થતાં એનો મોટો પુત્ર અખેરાજજી ગાદીએ આવ્યો.

ઘોઘા ઈ. સ. ૧૭૫૮ માં અમદાવાદ સાથે મરાઠાઓને મળ્યું હતું, પણ મોમિનખાને એનો હવાલો ન આપ્યો એટલે મરાઠા ચડી આવ્યા તે સમયે અખેરાજે સહાય કરી ઈ. સ. ૧૭૮૪ માં ઘોઘા મરાઠાઓને અપાવ્યું. આ કારણે અખેરાજજીની કેટલીક ખંડણી પેશવાએ ઓછી કરી હતી અને દર વર્ષે ભાવનગરની ત્રણથી ચાર હજારની જકાત લેવાતી હતી તે પણ લેવી બંધ કરી હતી. ખંભાતના નવાબનો હવે ભય રહ્યો નહિ.

તળાજાનો કિલ્લો બારૈયા કોળીઓના તાબામાં હતો. આ લોકો સૌરાષ્ટ્રના કાંઠા ઉપર લૂંટ ચલાવતા અને પ્રસંગ મળતાં અંગ્રેજોનાં વહાણોને પણ આંતરી લૂંટી લેતા. અંગ્રેજોએ ઈ. સ. ૧૭૭૧ માં અખેરાજજીની મદદ માગી ત્યારે અખેરાજજીએ દિલથી સહાય આપી. આ કારણે અંગ્રેજો એને તળાજા આપવા માગતા હતા, પણ અખેરાજજીએ શેત્રુંજી નદીના પશ્ચિમ ભાગમાં પ્રદેશ વધારવાની અનિચ્છા બતાવતાં અંગ્રેજોએ રૂ. ૭૫,૦૦૦ માં એ કિલ્લો ખંભાતના નવાબને વેચી નાખ્યો હતો.

અખેરાજજીને અંગ્રેજો સાથે ગાઢ સંબંધ હોવાને કારણે જ્યારે માધવરાવ પેશવાએ રાઘોબાને હાંકી કાઢેલો ત્યારે વડોદરાના રેસિડન્ટના કહેવાથી અખેરાજજીએ એને આશ્રય આપ્યો હતો અને પાછળથી પોતાના વહાણમાં બેસાડી મુંબઈ પહોંચતો કર્યો હતો.

રાવળ અખેરાજજીનું ઈ. સ. ૧૭૭૨ માં અવસાન થતાં એનો મોટો પુત્ર વખતસિંહજી ગાદીએ આવ્યો. આ સમયે ભાવનગરની સત્તા નીચે શિહોર ( તા શિહોર, જિ. ભાવનગર ), ઘુંઘા ( તા. ભાવનગર ), કોળિયાક ( તા. ભાવનગર ), વરતેજ ( તા. ભાવનગર ), ઉમરાળા ( ઉમરાળા મહાલ ), ત્રાપજ ( તા. તળાજા–દાંતા ), ભંડારિયા ( તા. ભાવનગર ) અને દિહોર ( તા. તળાજા–દાંતા ) મહાલ તેમ સરવૈયાવાડનો થોડો ભાગ અને ભાલ( હાલ જિ. અમદાવાદ )નાં કેટલાંક ગામ હતાં. તળાજાનો કિલ્લો ( ઉપર જણાવ્યા પ્રમાણે ) ખંભાતના નવાબના તાબા નીચે હતો અને નવાબનો સૂબો નૂરુદ્દીન એનો હાકેમ હતો. નવાબે વખતસિંહને સમજાવતાં વખતસિંહે એ ખરીદી લીધો. આનો વિરોધ કરી નૂરુદ્દીન એનો સામનો કરવા તૈયાર થયો. દરમ્યાન નાની લડાઈથી વખતસિંહે નૂરુદ્દીનને શિકસ્ત આપી અને બ્રિટિશ સત્તાની મધ્યસ્થીથી રૂ. ૭૫,૦૦૦ ચૂકવવાના સ્વીકારી કિલ્લો હાથ કરી લીધો (ઈ. સ. ૧૭૭૩). પોતાના સસરા ઢાંકવાળા ખીમાભાઈ વાળા પાસેથી ભાવનગરને ગોરખી ( તા. તળાજા–દાંતા ) અને દેવળિયા (તળાજા–દાંતા) એ બે ગામ મળ્યાં હતાં. આ ખીમાભાઈને તળાજાનો વહીવટ સોંપવામાં આવ્યો. જૂનાગઢના દીવાન અમરજીને નવાબે મરાવી નાખ્યા પછી જૂનાગઢનો કડપ ઢીલો પડતાં કાઠીઓ વગેરે જોરમાં આવ્યા અને લાઠીનાં અને લાઠીના ભાયાતોનાં ગામ લૂંટવા લાગ્યા એટલે વખતસિંહ એ ભાગમાં સૈન્ય લઈ આવ્યો અને એણે કાઠીઓને હરાવી લાઠી અને લાઠી-ભાયાતોને પોતાના રક્ષણ નીચે લઈ પોતાની સત્તા વધારી. એ વખતે એણે મહુવા જીતી પોતાના ભત્રીજા હમીરને વાઘનગર ( તા. મહુવા) જાગીરમાં આપ્યું. હમીર સાહસિક

હતો, એ ઝાંઝમેર (તા. તળાજા–દાંતા), ઊંચડી (તા. તળાજા-દાંતા), કોટડા (તા. મહુવા) અને બીજાં કેટલાંક ગામ વાજા ગિરાસદાર પાસેથી ઝૂંટવી લઈ, ઝાંઝમેરને રાજધાની કરી તળાજાનાં ગામડાં લૂંટવા લાગ્યો. તળાજાનો વહીવટ કરનારા ખીમાભાઈ વાળાએ આ હકીકત ભાવનગર મોકલી આપતાં ઈ. સ. ૧૭૮૧ માં વખતસિંહ ઝાંઝમેર પર ચડી આવ્યો અને એણે હમીરને હરાવી ત્યાંથી હાંકી કાઢ્યો. એ ગોપનાથના મહંતને શરણે ગયો ત્યાં પાછળ વખતસિંહજી પણ જઈ પહોંચ્યો. મહંતે એને સોંપ્યો નહિ અને સંધિ કરાવી આપતાં હમીરનાં જીતેલાં જેટલાં ગામ હતાં તેટલાં આપતાં અને હવેથી લૂંટ ન કરવાની શરત સ્વીકારતાં વખતસિંહ ભાવનગર ચાલ્યો આવ્યો. એ પછી વખતસિંહે વાજા ગિરાસદારોનો પ્રદેશ જીતી એકાદ ગામ આપી શાંતિ સ્થાપી. હવે મહુવામાં હમીર ખસિયાનો કાકો જસો સત્તા ભોગવતો હતો તેના ઉપર વખતસિંહે ચડાઈ કરી. છએક દિવસ બરોબર સામનો કર્યો, પણ કિલ્લાની દીવાલમાં બાકોરું પડવાનું જાણતાં જસોજી રાજુલા નાસી ગયો. આમ મહુવા પણ ભાવનગરની સત્તા નીચે આવ્યું. મહુવાનું જૂનાગઢનું થાણું પણ બંધ થયું. જસાએ રાજુલાના ભોળા ધાંખડાને મહુવા જીતી આપવા ઉશ્કેર્યો, પણ વખતસિંહજી આવી પહોંચતાં જસાને નાસી જવાનું કહી પોતે વખતસિંહને શરણે આવ્યો. વખતસિંહે રાજુલામાં પણ થાણું મૂક્યું અને એના તાબાનો કેટલોક પ્રદેશ ખાલસા કર્યો. જસો રાજુલાથી ડેડાણ (તા. રાજુલા, જિ. અમરેલી) ગયો, પણ ત્યાંના દંતા કોટિલાએ આશરો ન આપતાં એ ગીરમાં નાસી ગયો. દંતાએ પણ વખતસિંહજીને નજરાણું ધરી તાબેદારી સ્વીકારી લીધી (ઈ. સ. ૧૭૮૨).

કુંડલા (તા. કુંડલા, જિ. ભાવનગર)ના શાસક આલા ખુમાણના મરણે એના ૭ દીકરા વચ્ચે વારસાના વિષયમાં ઝઘડો પડ્યો. મોટા ભોજે વખતસિંહની મદદ માગી, તો બીજા ભાગદારોએ જૂનાગઢની સહાય માગી. વખતસિંહે એમાં વચ્ચે પડી હકીકતે નામોશી વહોરી. બંને વખતે એના સૈન્યને પરાજય મળ્યો, કુંડલા સુધી ન પહોંચાયું. આ દરમ્યાન ગીરમાં નાસીને જઈ ભરાયેલો મહુવાવાળો જસો ખસિયો બહારવટે ચડયો. એને વાઘનગર(તા.મહુવા)વાળો હમીર ખસિયો હૂંફ આપે છે એની જાણ થતાં વખતસિંહે મહુવાના કિલ્લેદારને મોકલી વાઘનગર જીતી લીધું. આમ થતાં હમીર અને જસો બંને ગીરમાં ભરાયા અને ગીરનાં ગામડાં ધમરોળવા લાગ્યા. આ પછી વખતસિંહે કુંડલા પણ હસ્તગત કરી લીધું. ખુમાણ મિતિયાળા (તા. કુંડલા) જતા રહ્યા તો ત્યાં પહોંચી, મિતિયાળા જીત્યું અને ત્યાં થાણું બેસાડ્યું. ત્યાંથી ગુંદરણા(તા. મહુવા) અને

લીલિયાના કાઠીઓ સામનો કરવા તૈયારી કરતા હતા, તેમના પર ચડી જઈ સાલોલી ( તા. મહુવા ) વગેરે ગામ જીતી ત્યાં ત્યાં થાણાં મૂકયાં. આ રીતે ખુમાણો, ખશિયા કોળીઓ, બાબરિયા વગેરે લડાયક લોકોની દુશ્મનાવટ વખતસિંહે વહોરી લીધી.

ઈ. સ. ૧૭૯૨-૯૩ માં આ લોક ચિત્તળ( તા. અમરેલી)ના કૂંપા વાળાને ત્યાં એકઠા થયા અને એમણે મોટું સૈન્ય તૈયાર કર્યું. વખતસિંહજીને આની જાણ થતા ભાયાતોને પોતાને મદદે બોલાવી એણે પણ મોટું સૈન્ય સજ્જ કર્યું અને ચિત્તળને ઘેરો ઘાલ્યો. કાઠીઓ આનાથી બી ગયા અને ધીમે ધીમે વેરાઈ ગયા. વખતસિંહે ચિત્તળ કબજે કર્યું. એ પછી કાઠીઓનાં ઘણાં ગામ કબજે કર્યાં. અંતે હમીરને સેદરડા તાબામાંનાં દસ અને ખીમાને મોણપુર ( તા. અમરેલી ) તાબાનાં ૧૨ ગામ ગરાસમાં આપતાં શાંતિ પ્રસરી. પાલીતાણા(તા. પાલીતાણા)ના રાજવી ઊનડજી ગોહેલને શિહોર પાછું મેળવી લેવાની ઇચ્છા ઉપરના વિગ્રહ દરમ્યાન ઉદ્ભવી, પણ એમાં એને સરિયામ નિષ્ફળતા મળી. વખતસિંહે સરહદનાં મઢડા ( તા. શિહોર), બૂઢણા( તા. શિહોર) અને ટાણા ( તા. શિહોર) વગેરે ગામોમાં થાણાં મૂકયાં. પાલીતાણાનો ભાયાત વનાણી વખતસિંહને મદદ આપતો તેથી પાલીતાણાના ઊનડજીએ કાઠીઓને વનાણીનાં ગામ લૂંટવા ઉશ્કેર્યા હતા. એની જાણ થતાં વખતસિંહજીએ રંઘોળા( તા. ઉમરાળા)માં પણ થાણું મૂકયું. કાઠીઓની સતામણી ને રંજાડ સતત ચાલુ હોવાથી વખતસિંહજીએ કાઠીઓને મારી વનાણી રક્ષણમાં લીધું અને એનાં જીથુડી ( તા. કુંકાવાવ-વડિયા ), આંબલા ( તા. શિહોર) અને ખજૂડી ( તા. કુંકાવાવ વડિયા ) માં થાણાં મૂકયાં.

ઈ. સ. ૧૭૯૫ માં શિવરામ ગારદી સૌરાષ્ટ્રમાં ખંડણી ઉઘરાવવા આવ્યો હતો તેણે વખતસિંહજી પાસે ૧૧ વરસની ચડત ખંડણી માગી. વખતસિંહજીએ દેશ ઉજ્જડ થઈ ગયેલો હોઈ ના પાડી. બંને વચ્ચે બે વાર યુદ્ધ થયું. જીતવાની તો શકયતા ન જોઈ, ઊલટું હારી જવાશે એ બીકે ગારદીએ ખસી જવાનું યોગ્ય માન્યું. પાલીતાણાનો ઊનડ હાડા ખુમાણની મદદ લઈ શિહોર પર ચડાઈ લઈ ગયો, પણ ભાવનગરના પાતાભાઈએ એને હાંકી કાઢયો એટલે ઊનડે શિવરામ ગારદીને શિહોર પર ચડાઈ લઈ જવા પ્રેરણા કરી. આની માહિતી મળતાં વખતસિંહજી પાલીતાણા ઉપર ચડી આવ્યો ને એણે ભારે નુકસાન કર્યું ત્યારે ઊનડજીએ કિલ્લામાં સામનો આપતાં વખતસિંહજીને પાછા વળી જવું પડયું. એ પછી વખતસિંહજીએ ગારિયાધાર ( તા. ગારિયાધાર )

અને એની આસપાસનો પ્રદેશ લૂંટી લીધો. શિવરામ ગારદીએ શિહોર ઉપર હલ્લો. લઈ જવાનું માંડી વાળી ખંડણી ઉઘરાવવા ચાલતી પકડી.

રાજુલાના ભોળા ધાંકડાનો ભાઈ મામૈયો વખતસિંહજીથી ડરતો તેથી જૂનાગઢના નવાબ હમીદખાનની મદદ માગવા ગયો. રાજુલાનો થોડો ભાગ આપવાની કબૂલાતથી નવાબે થોડું સૈન્ય મોકલ્યું. પણ ત્યાંના બેલીમોએ મામૈયાને હરાવી કાઢ્યો, એટલે નવાબે વધુ સૈન્ય મોકલ્યું. બેલીમોની સંખ્યા ઓછી હોઈ કિલ્લો સોંપી દેવો પડ્યો. આ વાતની ખબર પડતાં વખતસિંહજીએ એક ભાયાત કાયાભાઈને મોકલ્યો. એણે મહુવે જઈ ત્યાંના એક અંતાજી નાગરને અને દોઢસો જેટલા સવારોને લઈ રાજુલા જીતી લીધું. આના સમાચાર મળતાં નવાબે દુભાયેલા કાઠીઓ વગેરેનું બળ મેળવી મોટા સૈન્ય સાથે પ્રથમ કુંડલા પર ચડાઈ કરી એ જીતી લીધું. પછી રાજુલા પર ચડાઈ કરી, જેમાં અંતાજી અને કાયાભાઈ મરાઈ જતાં કિલ્લો નવાબને હાથ આવી ગયો. ત્યાંથી કાઠીઓની ઉશ્કેરણીથી નવાબ ભાવનગર ઉપર ચડાઈ કરવા આગળ વધ્યો ત્યારે વખતસિંહજી પણ એના સૈન્યને ખાળવા આગળ વધ્યો. વરલ ( તા શિહોર ) આગળ બંને સૈન્ય અથડાયાં, પણ કોઈની જીત ન થઈ. નવાબ તેથી લાઠી તરફ વળ્યો. વળી પાછું સૈન્યને કાઠીઓની ઉશ્કેરણીથી ભાવનગર તરફ વાળ્યું. ઢસામાં વખતસિંહજીનો મુકાબલો થયો. દરમ્યાન વખતસિંહજીના બનેવી જેઠવા રાણાએ વચ્ચે પડી સમાધાન કરાવી આપ્યું. એથી વખતસિંહજી જૂનાગઢના નવાબને જોરતલબી આપે અને નવાબ કુંડલા લીલિયા રાજુલા વગેરે ઉપરનો હક્ક છોડી દે એમ ઠર્યું. નવાબ ધાંધલપુર ( પંચાલ ) તરફ વિદાય થયો અને વખતસિંહજી ભાવનગર તરફ ( ઈ. સ. ૧૭૯૬ ). આમ બે મોટાં રાજ્યો વચ્ચેના સંઘર્ષનો અંત આવ્યો.

હવે વખતસિંહજીને લાગ્યું કે કાઠીઓ સાથે વેર રાખવામાં વધુ સાર નથી. ઈ.સ. ૧૭૯૭ માં ચિત્તળ અને એની આસપાસનો પ્રદેશ ત્યાંના કૂંપા વાળાને પાછો આપ્યો, એ શરતે કે કૂંપા વાળાએ ખાસ કરી કુંડલાના ખુમાણોને આશરો ન આપવો. હવે ખુમાણોને કોઈ આશરો ન રહ્યો તેથી ગુંદરણાનો બાલો અને લોમો ખુમાણ તથા ખારાપત તાબે થયા તેમ બીજા પણ કાઠીઓ તાબે થયા. જસદણ સાથે સલાહ થઈ, જસદણની પ્રજાને ભાવનગર રાજ્યમાં થઈ વગર જકાતે માલ લઈ જવાની છૂટ હતી તે રદ થઈ. ઈ. સ. ૧૭૯૮ માં ગઢડા અને બોટાદના ખાચરોને પણ પોતાનાં રાજ્યોનો થોડો હિસ્સો પરત મળ્યો. આ શાંતિ

સ્થપાતાં ૧૮૭૦ માં વખતસિંહજી દ્વારકાની યાત્રાએ ગયો ને પોતાના સાળા રાણા સરતાનજીને પણ મળ્યો.

ઈ. સ. ૧૮૦૨ માં અંગ્રેજો અને પેશવા વચ્ચે થયેલા વસઈના કરારોને અંગે હવે અંગ્રેજોનો પગપેસારો ગુજરાતમાં પણ પ્રબળતાથી થયો. વખતસિંહજીને અંગ્રેજો સાથે આ પહેલાં જ સારા સંબંધ બંધાઈ ગયા હતા તેથી હવે અંગ્રેજો ભાવનગર રાજ્યના રક્ષક બની રહ્યા. પેલા કરાર પ્રમાણે ખંડણી પણ હવે અંગ્રેજોને લેવાની મળી.

ઈ.સ. ૧૮૦૪ માં ગાયકવાડી દીવાન બાબાજી આપાજી મોટા સૈન્ય સાથે શિહોર પર ચડી આવ્યો અને આંબલા પાસે છાવણી નાખી, વખતસિંહજી પાસે ખંડણીની ઉઘરાણી કરી. વખતસિંહજીએ નકાર ભણ્યો અને પ્રબળ સામનો આપ્યો એટલે બાબાજી ભાવનગર તરફ આગળ વધ્યો, ગઢેચા પાસે છાવણી નાખી અને ભાવનગર પર તોપ મારો કર્યો. નુકસાન ઘણું થયું હતું તેથી આ સંઘર્ષમાં ઉકેલ કાઢવા વખતસિંહજીએ ખંડણી આપી બાબાજીને પાછો વાળ્યો. ઈ. સ. ૧૮૦૬ માં ગોંડળના ભા કુંભાના પ્રયત્ને એના પુત્રના સસરા બનેલા વખતસિંહજી અને પાલીતાણાના ઉનડજી વચ્ચે સલાહ–સંપ થયાં.

હવે ૧૮૦૭-૦૮ માં વડોદરાના રેસિડન્ટ કર્નલ વૅાકરે ગાયકવાડ વતી સૌરાષ્ટ્રના રાજવીઓ સાથે કરાર કર્યા તેમાં ભાવનગરનો સમાવેશ થઈ ગયો. પેશ્વા અને ગાયકવાડ વચ્ચે ખંડણી ઉઘરાવવાના વિષયનો મતભેદ હતો તે ઈ. સ. ૧૮૧૭ માં ટળ્યો અને પેશ્વા વતી હવે અંગ્રેજ સત્તા સીધી ખંડણી ઉઘરાવવા લાગી

વસઈના કરારની રૂએ ધંધુકા રાણપુર અને ઘોઘા પરગણાં પેશ્વા તરફથી અંગ્રેજોને મળેલાં હોઈ ભાવનગરના સંપર્કમાં આવવું થતું હતું. વખતસિંહજી પોતાનો પ્રદેશ સચવાઈ રહે એ માટે અંગ્રેજ સત્તાની દોસ્તી જરૂરી માનતો હતો, છતાં ઉપરનાં ત્રણ પરગણાંને કારણે અંગ્રેજો સાથે સંઘર્ષમાં આવવાનું થયું. છેવટે ત્રણે પરગણાંની થોડી ઝાઝી ખંડણી આપવાનું નક્કી કરી ૧૮૧૦ માં શાંતિ પ્રસરાવી.

૧૮૧૨ માં વૃદ્ધાવસ્થાને કારણે વખતસિંહજીએ રાજ–વહીવટ કુમાર વજેસિંહજીને સોંપ્યો. ૧૮૧૩–૧૪ માં દુકાળ પડ્યો. એક ગાયના વધને કારણે વખતસિંહજીએ વધ કરનારને મોતની સજા કરી, પરિણામે ખેડાના કલેક્ટર અને

વખતસિંહજી વચ્ચે ઘર્ષણ થયું ને ૧૮૧૬ માં ધોધા ધંધુકા અને રાણપુરનાં પરગણાં ખેડાના કલેક્ટરે કબજે લઈ લીધાં. આ વાતનો ઘા હૃદયમાં લાગવાથી વખતસિંહજીનું અવસાન થયું અને વજેસિંહજી ગાદીપતિ થયો. ઈ. સ. ૧૮૧૭ માં વડોદરાનો આસિ. કલેક્ટર બેલેન્ટાઇન સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે વજેસિંહજી એને મળ્યો અને ખંડણી વિશે સંતોષકારક વ્યવસ્થા મેળવી.[૨૯]

## ૨. લાઠીના ગૂહિલ

લાઠીના પ્રદેશના રક્ષણની જવાબદારી હવે ગાયકવાડી સત્તાએ લીધી હતી એટલે હવે આસપાસનાં રાજ્યોના હુમલાઓથી એને રક્ષણ મળ્યું. ગાયકવાડે એના ઉપરની ખંડણી પણ કાયમ માટે માફ કરી આપી હતી, માત્ર બહુ નાની રકમ નજરાણા તરીકે લેવાની ઠરી હતી. ઈ.સ. ૧૮૦૭–૦૮ માં થયેલા કર્નલ વૉકરવાળા કોલકરાર વખતે લાઠીમાં સૂરસિંહજી હતો, જે દમાજી ગાયકવાડના સસરા લાખાજી પછી સત્તા પર આવ્યો હતો.[૩૦]

## ૩. પાલીતાણાના ગૂહિલ

સરતાનજી ૨ જાને ઈ.સ. ૧૭૬૬ માં પાલીતાણા પાસે દગો કરી એના એક ભાયાત અલુભાઈએ મારી નાખ્યો અને ગારિયાધાર(રાજધાની)નો કબજો લીધો. દરમ્યાન રાજધાની ગારિયાધારથી ખસેડી પાલીતાણા લાવવામાં આવી. આની સામે થવા સરતાનજીના નાના ભાઈ ઊનડજીએ આસોદર( તા. લાઠી–દામનગર )ના ઓઢા ખુમાણની સહાય માગતાં એણે આવી અલુભાઈને ખતમ કરી ઊનડજીને પાલીતાણાની ગાદીએ બેસાડ્યો. ઓઢાની મરજી ઊનડજી પાસેથી રાજ્ય છીનવી લેવાની હતી, પણ ઊનડજીએ એની એ મેલી મુરાદ બર આવવા ન દીધી અને એને ત્યાંથી હાંકી કાઢ્યો.

આ પૂર્વે આપણે જોયું છે કે ઊનડજીને ભાવનગરના વખતસિંહજી સાથે સંઘર્ષ થયેલો. એને પીઠા ખુમાણ સાથે પણ અણબનાવ થયેલો. વખતસિંહજીનો સેવાઈ, ગોંડળનો કુંભોજી આમાં વચ્ચે આવ્યો અને વખતસિંહજી અને ઊનડજી વચ્ચે સમાધાન કરી આપ્યું. આ પૂર્વે વખતસિંહજીએ પાલીતાણાનું ગારિયાધારનું પરગણું લૂંટી ઉજ્જડ કરી નાખેલું. વખતસિંહજી સાથેના સતત સંઘર્ષને કારણે આર્થિક સંકડામણ સતત થયેલી આથી ઊનડજીએ અમદાવાદમાં નગરશેઠ વખતચંદ ખુશાલચંદ પાસેથી કરજે નાણાં લઈ કામ ચલાવ્યું હતું, ઈ.સ. ૧૮૦૭–૦૮ ના કર્નલ વૉકરના કરારમાં ઊનડજીનો પણ સમાવેશ થઈ ગયો હતો.[૩૧]

### ૪. રાજપીપળાના ગોહિલ

પ્રતાપસિંહજીના સમયમાં ઈ.સ. ૧૭૬૩ માં દમાજી ગાયકવાડે પેશવાની પરવાનગી મેળવી રાજપીપળા રાજ્યનાં નાંદોદ (જિ. ભરૂચ, તા. નાંદોદ), ભાલોદ (તા. ઝઘડિયા), વરીટી (?) અને ગોવાલી (તા. ઝઘડિયા) એ ચાર પરગણાંમાં પોતાનો અડધો ભાગ ઠરાવ્યો હતો.

ઈ.સ. ૧૭૬૪ માં પ્રતાપસિંહ અવસાન પામતાં એનો પાટવી રાયસિંહજી ગાદીએ આવ્યો. દમાજી ગાયકવાડનું લગ્ન રાયસિંહજીના ભાઈની પુત્રી સાથે થતાં ઈ.સ. ૧૭૮૧ માં ઉપરનાં ચારે પરગણાંઓમાંનો અડધો ભાગ માફ થયો અને એને બદલે વાર્ષિક રૂ. ૪૦,૦૦૦ રોકડા ભરવાનો ઠરાવ થયો. આ પછી ફત્તેસિંહરાવ ગાયકવાડ નાંદોદ ઉપર ચડી આવતાં હવે રૂ. ૪૯,૦૦૦ ભરવાનો ઠરાવ થયો.

ઈ.સ. ૧૭૮૬ માં રાયસિંહજી પાસેથી એના નાના ભાઈ અજબસિંહે રાજ્ય ઝૂંટવી લીધું. કૌટુંબિક કલહને લઈને રાજ્ય દિન-પ્રતિ-દિન નબળું બનતું જતું હતું એને કારણે ખંડણીનો આંકડો ઈ.સ. ૧૭૯૩ માં રૂ. ૭૮,૦૦૦ની રકમે પહોંચ્યો હતો. વળી સાગબારાના વસાવા ભીલ ઉમેદે બંડ કરી આરબ તથા સિંધીઓની મદદથી પાંચ ભિલોડી પરગણાં હાથ કરી લીધાં હતાં. એનો પુત્ર પણ માંડવાના ચૌહાણની મદદ લઈ રાજપીપળા પર ચડી આવેલો, પણ એ એને જીતી શકેલો નહિ. પાછળથી એને કેદ કરી લેવામાં પણ આવ્યો હતો.

ઈ.સ. ૧૮૦૩ માં અજબસિંહજી અવસાન પામતાં બીજા પુત્ર રામસિંહજીને હટાવી ત્રીજા પુત્ર નાહારસિંહજીએ સત્તાનાં સૂત્ર ધારણ કરી લીધાં, પણ પાછળથી સૈન્યની મદદથી રામસિંહજીએ નાહારસિંહને ઉઠાડી રાજ્યસત્તા હાથ કરી લીધી. એ એશઆરામી બની જતાં ગાયકવાડે ઈ.સ ૧૮૦૫ માં સૈન્ય મોકલી, દોઢ લાખનું નજરાણું વસૂલ કરી વાર્ષિક રૂ. ૯૬,૦૦૦ ની ખંડણી નક્કી કરી ને વધારામાં રૂ. ૪,૦૦૦ પણ આપવા એવું ઠરાવ્યું. આ નબળા રાજવીથી રાજ્ય નહિ થઈ શકે એવું વિચારી ગાયકવાડી સત્તાએ એને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી એના પુત્ર પ્રતાપસિંહજીને સત્તા સોંપી, જેમાં બાંયધરી અંગ્રેજ સત્તાની મળી.

પ્રતાપસિંહજીને ગાદી મળ્યા પછી રામસિંહજીનું અવસાન થયું અને નાહારસિંહજીએ ગાદીનો હક્ક આગળ ધર્યો. એ પરગણાં લૂંટવા લાગ્યો.

ई. स. १८१३ मां गायकवाडी लश्करे आवी बंदोबस्त कर्यो त्यारथी राज्यकारोबार गायकवाडी अमलदारोना हाथमां आव्यो.[32]

६. ओखामंडळनो वाढेल वंश

वाढेल वजेराजजीने पोशीतरानी जागीर मळतां आरंभडाना बे भाग थया. आ पछी आ सत्ताओनुं इतिहासमां कोई विशिष्ट स्थान रह्युं नहि. वाघेर सरदारो पण सामान्य गरासिया जेवा थई गया. ई. स. १८०४ मां वाघेर सरदारोए मुंबईथी नीकळीने पसार थतुं अंग्रेज वहाणु ओखा पासे लूंट्युं. अंग्रेजोए वळतर माग्युं, पण मदे चडेला वाढेल अने वाघेरोए दरकारी करी नहि. ई.स. १८०७ मां कर्नल वॉकरे आवी हुमलो–दंड भरवा कहेण मोकल्युं. अंग्रेजोने पहोंची नहि शकाय एम जाणी रु. १०,००० नो नक्की थयेलो दंड भरवा तेओ तैयार थया अने हवे अमे वाढेल लूंटफाट नहि करीए एवुं वचन आप्युं एटले कर्नल वॉकर दंड लीधा विना पाछो चाल्यो गयो, पण पाछळथी त्रण वर्ष पछी लूंटफाट शरू करवाने कारणे अमरेली खातेना आसि. रेसिडन्ट कॅप्टन बॅलेन्टाइने मुखीओने कर्नल वॉकरे नक्की करेलो दंड भरवा हुकम मोकल्यो ने ए वखते वर्षनी त्रीजा भागनी रकम वसूल करवामां आवी. आम छतां लूंटफाट चालु ज राखवामां आवी तेथी कर्नल ईस्टनी आगेवानी नीचे अंग्रेजोए एमना पर हुमलो कर्यो. वाघेरो हार्या, दंडनो केटलोक भाग वसूल कराग्यो ने अंग्रेजोए समग्र प्रदेश कबजे करी गायकवाडने ई.स. १८१७ मां सोंप्यो. आ समये मूळु माणेक द्वारकामां सत्ता पर हतो ते हार्यो. एना सरदारो पकडाई गया अने तेओने अमदावादनी जेलमां राखवामां आव्या. आम रही सही सत्ता अस्ताचल तरफ सिधावी.[33]

## ७. जसदणनो खाचर काठी वंश

जसदणनो अधिकार भोगवता वाजसूर खाचरे ई. स. १७८७ मां आराटम (?), धंधुका ( ता. धंधुका ) अने राणपुरने कर आपवानी फरज पाडी. ए पहेलां ई. स. १७८१ मां लींबडीना राजवीने वाजसूर साथे एने एक गाम आपीने संधि करवी पडी हती एवो ए माथाभारे थई पड्यो हतो. उत्तरावस्थामां एणे लूंटफाट छोडी दई पोताना राज्यने समृद्ध करवा तरफ ध्यान आप्युं हतुं.

ई. स. १८०१ मां नवानगरना जाम साथे अणबनाव थतां वाजसूरे नवानगरना प्रदेशने धमरोळवा मांड्यो, आथी जामे मोटा सैन्य साथे आवी

જસદણ ઉપર હુમલો કર્યો. આવડા મોટા લશ્કર સામે નહિ ટકી શકાય માની વાજસૂર ભાવનગર નાસી ગયો, જ્યાં વખતસિંહજીએ એનો આવકાર કર્યો. જામે જસદણને લૂંટ્યું, બાળ્યું ને કબજે લઈ ત્યાં થાણું મૂકી નવાનગર તરફ વિદાય લીધી. એ પછી જ્યારે જસોજી જામના પુત્રના લગ્ન વખતે વાજસૂરે માન-કોટનો કિલ્લો જામને આપ્યો ત્યારે એને જસદણ પાછું મળ્યું. પછીથી કાઠીઓએ ભાવનગરના વખતસિંહજી સામે સંયુક્ત મોરચો માંડ્યો ત્યારે વાજસૂર અને વખતસિંહજી વચ્ચે પણ સંઘર્ષ થયો. એ વખતે વખતસિંહજીએ ચિત્તળ પર ચડાઈ કરી હતી અને જસદણનો કબજો કરી એને લૂંટ્યું હતું. એનું ઈ.સ. ૧૮૧૦ માં અવસાન થતાં એના પછી ચેલો ખાચર ૨ જો જસદણની ગાદીએ આવ્યો. એ સરળ સ્વભાવનો રાજવી નીવડ્યો.[૩૪]

## ૮. ઈડરનો રાઠોડ વંશ

ઈ. સ. ૧૭૫૫ માં મરાઠાઓને સહાય કરવા જતાં મુઘલ સત્તા ઉપર મરાઠાઓનો વિજય થયો અને અમદાવાદમાં દરબાર ભરવામાં આવ્યો ત્યારે શિવસિંહજીને પણ બોલાવવામાં આવ્યો. શિવસિંહજીએ આ પ્રસંગે પેશવાને ત્રણ ગામ આપ્યાં.

ઈ. સ. ૧૭૬૬ માં વડોદરાના દમાજીરાવ ગાયકવાડે રહેવર રાજપૂતો અને પોળોના રાવ વગેરેની ઉશ્કેરણીથી ઈડર ઉપર આક્રમણ કર્યું ત્યારે સામનો કરવો મુશ્કેલ જણાતાં રાવ અને સરદારો દાંતા અને પોશીનાની વચ્ચેના ડુંગરાઓમાં જતા રહ્યા અને ત્યાં રહી મરાઠાઓ પર હલ્લો કરવા લાગ્યા. ત્યાં પણ મરાઠાઓની ભીંસ વધતાં મેવાડ ચાલ્યા ગયા. મરાઠાઓ ગામડાં લૂંટતા ઈડર ભણી આવ્યા અને સમાધાન માટે શિવસિંહજીને બોલાવ્યા. દસ્તાવેજ તૈયાર થયો તેના પર ચાંદરણીના ચાંપાવત સૂરજમલ સિવાયનાઓએ સહી કરી. સૂરજમલે વાંચવાના બહાને એ દસ્તાવેજ લઈ ફાડી નાખ્યો અને એ દરબાર-માંથી ચાલ્યો ગયો. દમાજીરાવે અન્ય સરદારોની મદદ લઈ ચાંદરણી ઉપર ચડાઈ કરી. પરિણામે સૂરજમલ ડુંગરાઓમાં ચાલ્યો ગયો. મરાઠાઓને અને શિવસિંહજીને બધાઓને આ ધાંધલનો કંટાળો આવતાં સમાધાન થયું અને શિવસિંહજીએ નજરાણાની થોડી રકમ આપવાનું કબૂલી ઝઘડો શમાવ્યો.

મરાઠા પાછા તો ગયા, પણ અમનગર મોડાસા વગેરે સંખ્યાબંધ સ્થાનોમાં થાણાં મૂકી ગયા હતા. શિવસિંહજીએ ઈડરમાં સ્થિર થયા પછી ધીમે ધીમે મોટા ભાગનાં થાણાં ઉઠાડી મૂક્યાં. ચાંદરણીના સૂરજમલને એની નિમક-

હલાલીની કદરરૂપે રાવે પ્રધાનપદું આપ્યું. રાવને કુંવર ભવાનીસિંહજી-સાથે મનદુઃખ થયેલું તેથી કુંવર સૂરજમલ પાસે જ રહેતો. કોઈ એક કારણે સૂરજમલ અને કુંવરને પરસ્પર મનદુઃખ થયું. પરિણામે એક પ્રસંગે ભોજન-સમારંભમાં સૂરજમલને બોલાવી એની હત્યા કરવામાં આવી. આ કારણે સૂરજમલના પુત્ર સબલસિંહે બહારવટું ખેડયું. છેવટે એને ૧૨ ગામ આપી રાવે સમાધાન કરી આપ્યું.

ઈડરનાં ઘણાં ગામ ભાયાતો અને સરદારોને અપાઈ ગયેલાં હોઈ ઈડરની સીધી સત્તામાં થોડાં જ બચ્યાં હતાં. આથી કુંવર ભવાનસિંહજીએ એક પછી એક ગામ પાછાં મેળવવાનો આરંભ કર્યો, જેને કારણે ગોતાનો સુરતસિંહ બહારવટે ચડ્યો. એ ઘણો જ પ્રામાણિક હતો એટલે કેટલીક ભાંજઘડ પછી અંતે એનો ગરાસ પાછો આપવામાં આવ્યો (ઈ. સ. ૧૭૮૫).

ઈ. સ. ૧૭૯૨ માં ૫૨ વર્ષોના અમલે શિવસિંહજીનું અવસાન થયું. એના અવસાને કુંવર ભવાનીસિંહજી ગાદીએ આવ્યો, પણ બીમારીને કારણે માત્ર ૧૨ જ દિવસમાં એ અવસાન પામ્યો એટલે એનો કુમાર ગંભીર-સિંહજી ૧૩ વર્ષની સગીર વયે ગાદીએ આવ્યો. એના વાલી તરીકે કાકા જાલિમસિંહે સત્તાસૂત્ર સંભાળ્યાં. એ કુમારને ખોળામાં બેસાડી રાજસિંહાસન ઉપરથી હુકમો આપતો એનાથી ભાયાતો અને સરદારો નાખુશ હતા. પરિણામે આંતરિક વિગ્રહ શરૂ થયો. આવી સ્થિતિમાં કાકા સંગ્રામસિંહજીએ અમનગર (આજનું હિંમતનગર), જાલિમસિંહજીએ મોડાસા અને અમરસિંહજીએ બાયડમાં પોતપોતાની સ્વતંત્ર ગાદી સ્થાપી જમાવટ કરી લીધી.

ગંભીરસિંહજી ૧૮ વર્ષનો થતાં એણે ગામો દબાવી બેઠેલા કાકાઓને પોતપોતાનાં સ્થાન છોડી દઈ મુખ્ય સત્તાને સોંપી દેવાનાં કહેણ મોકલ્યાં. દાદ ન મળતાં એણે અમનગર ઉપર ચડાઈ કરી. આની જાણ થતાં મોડાસા અને બાયડથી જાલિમસિંહજી અને સંગ્રામસિંહજી અમનગરની મદદે દોડી આવ્યા. અંતે સમાધાન થયું ને સૌ સૌના પટા પરનો અધિકાર કબૂલવામાં આવ્યો.

જાલિમસિંહજી માથા-ભારે હતો. એણે આસપાસનાં ગામ કબજે કરવા માંડ્યાં. માલપુર ઉપરના વિજયને કારણે ત્યાંનો રાવળ તખતસિંહ બહારવટે નીકળ્યો. એની ધાંધલો ચાલુ હતી, દરમ્યાન મોડાસાની ગાદી નિર્વંશ થતાં મોડાસાનો પટ્ટો ઈડર સાથે જોડાઈ ગયો.

ઈ. સ. ૧૮૦૮ માં પાલણપુરના રાજવી દીવાન પીરખાનજી સાથે એના

ભાઈ શમશેરખાનજીને અણબનાવ થવાથી એ ઈડર રિસામણે આવ્યો, જ્યાં રાવે આશ્રય આપી ચાંપલપુર નામનું ગામ નિભાવ માટે આપ્યું. આની જાણ થતાં પીરખાનજીએ સૈન્ય મોકલી ઈડરની સત્તાનું ગઢવાડા ગામ કબજે કરી લીધું એટલે રાવ પોતાનું સૈન્ય લઈ ગઢવાડા પહોંચ્યો ને એ કબજે કરી પાલણપુર તાબાનું એક ગામ ભાંગવા વિચાર કર્યો. આ વાત ભાયાતો અને સરદારોને ગમી નહિ અને એમણે પાલણપુર સાથેના સંબંધ ન બગાડવા સમઝાવતાં ત્યાંથી ઘેરો ઉઠાવી લઈ દાંતા ઉપર ચડાઈ કરી, આથી દાંતાનો રાણો જગતસિંહજી ડુંગરામાં જઈ ભરાયો. છેવટે સલાહ થતાં રૂ. ૫૦૦ ની ખંડણી કબૂલી અને સમાધાન થતાં જગતસિંહજી દાંતામાં આવી રહ્યો. ગંભીરસિંહજીના સમયમાં બીજા પણ કેટલાક આંતરિક ઝઘડા થયેલા, જે બધાનું ધીમે ધીમે સમાધાન કરી લેવામાં આવ્યું.

એ અરસામાં કર્નલ બૅલેન્ટાઇને દેશમાં બંદોબસ્ત કરવાના આશયે ઈડરના ભાયાતોને અને સરદારોને સાદરા (જિ. અમદાવાદ) મુકામે બોલાવી ઈડરની સત્તાને ખંડણી આપવા સમજાવ્યા, પણ પેલા તૈયાર નહોતા, છતાં રાજીથી કે કરાજીથી છેવટે ખંડણી આપવાનું કબૂલ્યું.[૩૫]

## ૯. ખીચી ચૌહાણ વંશ

### ૧. છોટા ઉદેપુરના ખીચી ચૌહાણ

બાજી રાવળના સમયમાં આર્થિક સંકડામણ વધી ગઈ હતી, કારણ કે રાજ્ય પાસે બચેલી જમીન હલકા પ્રકારની હતી. ગાયકવાડની ખંડણી પણ માંડ ભરી શકાતી. એનું અવસાન થતાં દુર્જનસિંહજી ગાદીએ આવ્યો. એ બાજી રાવળનો દૂરનો પિતરાઈ થતો હતો. એના અવસાને એનો પિતરાઈ ભત્રીજો અમરસિંહજી અને એના પછી એનો કુંવર અભયસિંહજી આવ્યો. ઘોડા ઉપરથી પડી જતાં એનું અવસાન થતાં એનો પુત્ર રાયસિંહજી ગાદીએ આવ્યો.[૩૬]

### ૨. બારિયાના ખીચી ચૌહાણ

ગંગદાસજીના અવસાને ગંભીરસિંહજી, એના અવસાને મોટો કુમાર ધિરતસિંહજી ને એ અપુત્ર અવસાન પામતાં નાનો ભાઈ સાહેબસિંહજી ગાદીએ આવ્યો. એના સમયમાં મહાદજી સિંધિયા દ્વારા એને માન મળ્યું હતું. એનું અવસાન થયે પાટવી કુંવર જસવંતસિંહજી સત્તા ઉપર આવ્યો. એના સમયમાં ઈ. સ. ૧૮૦૩ માં અંગ્રેજો સાથે સંબંધ બંધાયો અને એ આશ્રિતનો દરજ્જો પામ્યો. એના અવસાને એના કુમાર ગંગદાસજી ૨ જાને ગાદી મળી. એ નબળો

હોઈ રાજ્યની સત્તા એની માતાના હાથમાં રહી. એના સમયમાં મરાઠા વારંવાર હુમલા કરી પ્રવેશતા હતા. આ રાજવી પાસેથી ઈ. સ. ૧૮૦૫ માં સિંધિયાના અને હોળકરના જુદા જુદા મરાઠા સરદારોએ સારી રકમો વસૂલ કરી હતી. ૧૮૧૦ થી એની પાસેથી જુદા જુદા મરાઠા સરદારો ખંડણી વસૂલ કર્યે જતા હતા. ઈ. સ. ૧૮૧૭ માં નારણદેવ નામનો બ્રાહ્મણ બારિયા ઉપર છાનોમાનો પોતાના નાના સૈન્ય સાથે ચડી આવ્યો અને રાતે મહેલમાં પ્રવેશ કરી, રાજમાતાની હત્યા કરી એણે સઘળી મિલકત લૂંટી લીધી. ગંગદાસજી તેથી પોતાના પિતરાઈ છોટા ઉદેપુરના રાયસિંહજીને આશરે જઈ રહ્યો. પાછળથી નારણદેવ ગોધરાના સૂબા સામેના જંગમાં મરાતાં ગંગદાસ બારિયામાં પાછો આવી ગયો. પાછલા સમયમાં સિંધિયાનું રાજ્ય સરહદ પર હોવા છતાં એના તરફથી કોઈ મુશ્કેલી નડતી નહોતી, ઊલટું દાહોદ હાલોલ અને કાલોલ તાલુકા સિંધિયાની સત્તા નીચે હતા તેમાંથી બારિયાને ચોથાઈ હક્ક વસૂલ કરવાની સરળતા હતી.[૩૭]

### ૩. માંડવાના ખીચી ચૌહાણ

બીમસિંહજી પછી રાયસિંહજી અને માધવસિંહજી માંડવામાં ઈ.સ. ૧૭૫૭ થી ૧૮૧૮ ના ગાળામાં થયા હોવાની શકયતા છે.[૩૮]

## ૧૦. સોલંકી વંશ

### ૧. લુણાવાડાના સોલંકી

દીપસિંહજીને ગાદી મળી તે જ વર્ષમાં ૧૭૫૭ માં જ પેશવાના સૂબા સદાશિવરાવ રામચંદ્રે ચડાઈ કરી, રૂ. ૫૦,૦૦૦ લેવાનો ઠરાવ કરી એ રકમ ભરાઈ ગઈ ત્યાં સુધી એને કેદમાં રાખ્યો હતો. ઈ.સ. ૧૭૮૨ માં એના અવસાને એના કુંવર દુર્જનસિંહજી સત્તા ઉપર આવ્યો, જેનું ઈ. સ. ૧૭૮૬ માં એના કારભારી શંકરદાસે ખૂન કર્યું અને એના સ્થાને એના ઓરમાઈ ભાઈ જયસિંહજીને ગાદી આપી. દુર્જનસિંહજીનું કુટુંબ બાળ કુમાર પ્રતાપસિંહજીને લઈ ભયનું માર્યું અન્યત્ર નાસી ગયું. થોડા સમય પછી વિધવા રાણીએ લુણાવાડા આવી શંકરદાસને ખતમ કરાવ્યો અને જગતસિંહને હાંકી કાઢી કુમાર પ્રતાપસિંહજીને ગાદીએ બેસાડ્યો. ઈ. સ. ૧૮૦૩ માં દક્ષિણ ગુજરાતનો કેટલોક પ્રદેશ અંગ્રેજ સત્તાએ હસ્તગત કર્યો ત્યારે આ નાના રાજવાડાનો અંગ્રેજો સાથે સંબંધ શરૂ થયો. આશ્રિત થતાં હવે એણે ખંડણી અંગ્રેજોને આપવાનું

દયું, પરંતુ લૉર્ડ કૉર્નવૉલિસે દાખલ કરેલી નવી પદ્ધતિને કારણે ગાયકવાડને આપવાનું નક્કી થયું.

ઈ. સ. ૧૮૧૬ માં વાડાશિનોરના નવાબના સવારોએ લુણાવાડા પર હલ્લો લઈ જઈ એને લૂંટયું. એ પછી ઈ. સ. ૧૮૧૭ માં ધારના પવારના બાપુ રુગનાથ નામના સરદારે ૨૭ દિવસ સુધી લુણાવાડા પર કબજો જમાવી રાખેલો ને એ રૂ. ૪૦,૦૦૦ની ખંડણી ઠરાવી એ ધાર પાછો ફરેલો. થોડા સમય પછી હોળકરના સરદાર માનસિંહે, સિંધિયાના પંચમહાલના સૂબા પાટણકરે, ગડના ઠાકોર અર્જુનસિંહે અને વાંસવાડાના એક અમલદારે મળીને લુણાવાડા પાસે ખંડણી લીધી હતી. આ વખતથી જ વીરપુરમાં વાડાશિનોર તરફથી એક લશ્કરી અમલદાર રહેવા લાગ્યો હતો.

પ્રતાપસિંહજીના અવસાને એના બે પુત્રોમાંનો નાનો પુત્ર ફતેહસિંહજી ગાદી બથાવી પડયો હતો.[૩૯]

**૨. વાંસદાના સોલંકી**

ઉદયસિંહજી ઈ. સ. ૧૭૭૦ માં અપુત્ર મરણ પામતાં બે પિતરાઈ ભાઈઓએ દાવો કરતાં પેશવાના પ્રધાને કિરતસિંહજી નામના ભાયાતને વાંસદાની ગાદી આપી. એ ઈ. સ. ૧૭૮૦ માં અવસાન પામતાં અને અપુત્ર હોતાં એના પિતરાઈ બિસનપુરવાળા જોરાવરસિંહજીના વંશજ ભાઈઓએ દાવો કર્યો. વીરસિંહજીએ રૂ. ૫૦,૦૦૦ પેશવાના દરબારમાં ખર્ચ્યા અને એ રીતે પોતાના લાભમાં ફેંસલો મેળવતાં એ વાંસદાનો રાજા બન્યો. ઈ. સ. ૧૭૮૯ માં એનું અવસાન થતાં એનો નાનો ભાઈ નહારસિંહ ગાદી મેળવવા પ્રયત્ન કરવા લાગ્યો. અંતે રૂ. ૮૫,૦૦૦ નજરાણું ભરીને પેશવા પાસેથી ગાદીનો હક્ક પોતાના લાભમાં કરાવી શકયો ને એ રાજા બન્યો. ઈ. સ. ૧૭૯૩ માં એનું અવસાન થતાં એનો કુમાર રાયસિંહજી ગાદીપતિ થયો. ઈ. સ. ૧૮૦૩ માં અંગ્રેજ સત્તા ખંડણી ઉપરાવવા હક્કદાર બનતાં એના આશ્રયનો વાંસદાને લાભ મળ્યો.

ઈ. સ. ૧૮૧૫માં સંભવતઃ એના અવસાને એનો દૂરનો પિતરાઈ ભાઈ ઉદયસિંહ દત્તક-વિધાનથી ગાદીએ આવ્યો.[૪૦]

## ૧૧. ધરમપુરના સિસોદિયા

રામદેવ ૨ જાનું ઈ. સ. ૧૭૬૪ માં અવસાન થતાં ધરમદેવજી ગાદી પર આવ્યો. એણે ઈ. સ. ૧૭૬૬ માં ધરમપુર વસાવ્યું અને રાજધાની

રામનગરથી ત્યાં બદલી. એનું ઈ.સ. ૧૭૭૪ માં અવસાન થતાં ઉદયપુરના ભાયાતો-માંના સબળસિંહજીના બીજા પુત્ર ગુમાનસિંહજીને વિધવા રાણીએ બોલાવી, 'નારણદેવજી' નામ ધારણ કરાવી ગાદીએ બેસાડચો. એ ઈ. સ. ૧૭૭૭ માં અવસાન પામતાં એનો એક ભાઈ અભયસિંહજી 'સોમદેવજી' નામથી ગાદીએ આવ્યો. ઈ. સ. ૧૭૮૫ માં મોટો દુકાળ પડતાં દુકાળિયાઓએ ધરમપુરમાં પેસી દરબારગઢ લૂંટી લીધેલ. ૧૭૮૭ માં સોમદેવજીના અવસાને રૂપદેવજી સત્તા પર આવ્યો. ઈ. સ. ૧૮૦૩ માં એ અંગ્રેજ સત્તાના સંબંધમાં આવ્યો.

ઈ. સ. ૧૮૦૭ માં રૂપદેવજીનું અવસાન થતાં વિજયદેવજી સત્તાધીશ બન્યો. આ રાજવી ભોળો અને ઉદાર હોઈ છેલ્લા દિવસો સુધી કરજના ભારણમાં દબાયેલો રહેતો હતો. એના જીવનના છેવટના ભાગમાં મુંબઈના ગવર્નરે વચ્ચે પડી મામોની ઊપજ અને બીજી ગોઠવણ કરી દેવું વાળવામાં સહાય કરી હતી.[૪૧]

## ૧૨. પાટડીના કણબી દેસાઈ

ભાવસિંહજીના અવસાને નાથુભાઈ પાટડીની સત્તા પર આવ્યો. આના સમયમાં ફત્તેસિંહરાવ ગાયકવાડે પાટડી ઉપર ચડાઈ કરેલી. ઈ. સ. ૧૭૯૬ માં નાથુભાઈના અવસાને વખતસિંહજી સત્તા પર આવ્યો. વખતસિંહજી કડીના બંડખોર સૂબા મલ્હારરાવને સહાય કરે છે એવા વહેમને લઈ વડોદરેથી બાબાજી આપાજીને પાટડી ઉપર હુમલો કરવા મોકલ્યો. આ સંઘર્ષમાં વખતસિંહજીનો પરાજય થયો અને વાર્ષિક રૂ. ૫,૬૫૨ ખંડણી આપવાની ફરજ પડી. પાટડીને અંગ્રેજી સત્તા સાથે ઈ. સ. ૧૮૦૭ થી સંબંધ શરૂ થયો.[૪૨]

## ૧૩. બાબી વંશ

### ૧. જૂનાગઢના બાબી

ઈ. સ. ૧૭૫૮ માં બહાદુરખાનનું અવસાન થતાં સહુથી વડા નવાબજાદા મહાબતખાનને ગાદી મળી. મહાબતખાને સત્તા ઉપર આવતાં જ પોતાના ક્રૂર અને ક્રોધી સ્વભાવનો પરચો આપવાનો આરંભ કર્યો. પરિણામે એણે પ્રજાનો તેમજ અમલદારોનો પ્રેમ ગુમાવ્યો. એણે પહેલું દુષ્કૃત્ય કર્યું તે ગાયકવાડનું સૈન્ય જૂનાગઢ પર ધસી આવતું હતું તેને ખાળવા મજેવડી દરવાજા પાસે છાવણી નાખી પડેલા સાંનિષ્ઠ દીવાન જગન્નાથ ઝાલાનું પોતાના બીલાલ નામના ગુલામ દ્વારા ખૂન કરાવ્યું અને એણે જગન્નાથના ભાઈ રુદ્ર ઝાલાને તેમજ તેના સમગ્ર કુટુંબને કેદ કરી તેનાં મકાનો-મિલકતો લૂંટાવ્યાં. એ રાજ્યને

ભારે નુકસાન થશે એ ભયે જૂનાગઢના કેટલાક આગેવાનોએ ગોંડળના ઠાકોર કુંભોજીને બોલાવી દરમ્યાનગીરી અને મધ્યસ્થી કરાવી ઝાલા કુટુંબને મુક્ત કરાવ્યું, જે પોરબંદર જઈ રહ્યું.

નવાબે પ્રથમ સોમજી જીકાર નામના નાગરને અને થોડા દિવસ બાદ દયાળ-શેઠને દીવાનગીરી આપી. નવાબી કુટુંબ પણ નારાજ હતું તેથી નવાબનાં ફોઈ-સુલતાનાએ આરબ જમાદાર સુલેમાનની મદદથી મહાબતખાનને ઉપરકોટના કિલ્લા-માં કેદમાં મૂકયો અને પોતાના પૌત્ર મુઝફ્ફરખાનની જૂનાગઢના નવાબ તરીકે જાહેરાત કરી દીધી.

રાધનપુરનો નવાબ કમાલુદ્દીન આ તકનો લાભ લેવા ચાહતો હતો અને મહાબતખાન તેમ મુઝફ્ફરખાનને બાજુએ રાખી પોતાના પુત્ર ગાઝી-ઉદ્-દીનને જૂનાગઢનું તખ્ત અપાવવા માગતો હતો તેથી મોટું સૈન્ય લઈ એણે જૂનાગઢ પર રાત્રે આક્રમણ કર્યું. દુર્ગરક્ષકોએ એનો એવો પ્રબળ સામનો કર્યો કે એ પીછેહઠ કરી રાધનપુર તરફ ચાલ્યો ગયો.

ગોંડળના કુંભોજીએ આ તકે વચમાં પડી મહાબતખાનને ફોઈના સકંજા-માંથી છોડાવી ફરી નવાબી તખ્ત સોંપ્યું. ફોઈના પૌત્રો મુઝફ્ફરખાન અને ફત્તેયાબખાનને જૂનાગઢ ઉપર દાવો ન કરવાની શરતે રાણપુર ચોવીસી તેમજ બંધુસર વગેરે આપવામાં આવ્યાં.

મહાબતખાને બહાર આવતાં જ દયાળ શેઠને દીવાનગીરીમાંથી મુક્ત કરી પોતાના સૈનિકોના પગાર ચૂકવવા પોતાનાં જ ગામડાંઓમાં લૂંટફાટ કરવા માંડી, છતાં પણ પૂરું તો ન જ પડયું ત્યારે મેવાલાલ મુનશીને દીવાનગીરી સોંપી. આ દીવાને રાજ્યતંત્રને મુજબૂત કરવા પ્રયત્ન કર્યો, પણ એની મહેનતનું કાંઈ પરિણામ આવે તે પહેલાં એને રુખસદ આપી ને એ સ્થાન નવાબે પોતાના કાકા શેરઝમાનખાનને આપ્યું.

ફોઈ સુલતાના બેગમના મનમાં પૂરો અસંતોષ રહી ગયો હતો એટલે થયેલા સમાધાનને બાજુએ રાખી વેરાવળ બંદરનો એણે કબજો કરી લીધો. શેરઝમાનખાનની દાનત સારી નહોતી; એની ઇચ્છા જૂનાગઢની સત્તા સ્વાધીન કરવાની હતી તેથી કારોબાર કથળાવા દીધો હતો અને સુલતાના સામે કાંઈ જ પગલું લીધું નહોતું. આ તકનો લાભ માંગરોળના શેખમિયાંએ ઉઠાવી લીધો અને પ્રભાસ પાટણના દેસાઈ સુંદરજી નારણજીની સહાયથી સુલતાના પાસેથી વેરાવળ પડાવી લીધું.

આ વખતે માંગરોળ(સોરઠ)નો એક ભીગતો આવતો નાગર જુવાન અમરજી કુંવરજી નાણાવટી પોરબંદરના આરબ જમાદાર સાલમીનનો વકીલ હતો તેણે નવાબ પાસે આવી, નવાબને દાદ ન દેતા અને ઉપરકોટમાં રહેતા આરબ સૈનિકોને મહાત કરવાનું બીડું ઝડપ્યું. નવાબને આ ગમ્યું. અમરજી પોરબંદર ગયો અને ત્યાંથી જમાદાર સાલમીન અને એના માણસોને લાવી, વાઘેશ્વરી(ગિરનાર) દરવાજો સર કર્યો અને ઉપરકોટ ઉપર આક્રમણ કર્યું. અમરજીની શક્તિ આગળ ઉપરકોટના આરબ ઢીલા થયા અને નવાબને શરણે આવ્યા. આનાથી પ્રસન્ન થઈ નવાબે અમરજીને જૂનાગઢ રાજ્યના સેનાધ્યક્ષનો હોદ્દો આપ્યો.

હવે અમરજીએ સ્થાનિક આરબ સૈનિકોના પગાર ચૂકવી લશ્કરી તંત્રને ખૂબ વ્યવસ્થિત કર્યું અને પૂરાં બે વર્ષ પછી વેરાવળ ઉપર ચડાઈ કરી, કિલ્લો સર કરી એને પુનઃ નવાબી સત્તા નીચે આણ્યો. શેખમિયાં નાસી ગયો અને સુંદરજી દેસાઈને કેદ કરવામાં આવ્યો.

હવે નવાબે શેરઝમાનખાનને દૂર કરી, ત્રણ દિવસ માટે પોપટ પારેખને, ૨૦ દિવસ માટે ઝવેરચંદ નામના ગૃહસ્થને, અને એક મહિના માટે મૂળચંદ પારેખને દીવાનપદું આપી છૂટા કરી દીધા.

આ તકનો લાભ શેરઝમાખાન લેવા માગતો હતો. એણે સૈનિકોની જમાવટ કરી અને એક દિવસ અચાનક જૂનાગઢના કિલ્લા પર હલ્લો કર્યો. જૂનાગઢની સીબંદી સમયસર ચેતી જતાં હલ્લો પાછો વાળ્યો અને શેરઝમાનખાન નાસી છૂટ્યો.

પોતાને પ્રબળ દીવાનની જરૂર હતી. આ જરૂર અમરજી જ પૂરી પાડી શકશે એવો વિશ્વાસ બંધાતાં નવાબે અમરજીને દીવાનગીરી આપી. એ મળતાં જ એણે દલખાણિયા (તા. ધારી), કુતિયાણા (તા. કુતિયાણા), સત્રાપાડા (તા. પાટણ–વેરાવળ), દેવડા (તા. કુતિયાણા), શીલ (તા. માંગરોળ), દિવાસા (તા. માંગરોળ), મહિયારી (તા. કુતિયાણા) અને (ચેડ)બગસરા( તા. માંગરોળ )ના કિલ્લા લીધા. એણે ગીરમાં છેક ઊના સુધીના પ્રદેશ ઉપર નવાબી આણ વરતાવી. એણે સૌરાષ્ટ્રનાં બધાં રાજ્યો પાસેથી જોરતલબી નામનો વેરો પણ વસૂલ કર્યો હતો. ભાવનગરના ઠાકોર વખતસિંહજીની વિનંતીથી તળાજાનો કિલ્લો પણ અમરજીએ સર કર્યો હતો.

અમરજીની તેજસ્વિતાને અંદરખાનેથી ગોંડળનો ઠાકોર કુંભોજી સહન કરી

શકતો નહોતો. એને પોતાના રાજ્ય માટે ભય હતો તેથી એણે છત્રાસા (તા. ધોરાજી)ના રાયજાદા બામણિયોજીને ઉશ્કેરી, ગોંડળનું સૈન્ય આપી જૂનાગઢ ઉપર ચડાઈ કરાવીને મદદમાં ગાયકવાડના સૈન્યને પણ બોલાવ્યું. કુંભોજીએ નવાબની સંમતિથી, અમરજીની ગેરહાજરીનાં, માલાસીમડી (?) પાસે છાવણી નાખી પડેલા જૂનાગઢના સૈન્ય ઉપર હલ્લો કરાવ્યો. જૂનાગઢના સૈન્યમાં ભંગાણ પડયું, જમાદાર સાલમીન નાસી ન શક્યો તેથી પકડાઈ ગયો. અમરજી માલાસીમડીની પાસે છાવણી નાખી પડેલા ગોંડળના અને ગાયકવાડના સૈન્ય પર ધસી આવ્યો. કુંભોજીએ બામણિયોજીને અલગ પાડી લૂંટનો માલ તથા દંડ અમરજીને આપી સલાહ કરી લીધી. અમરજી ત્યાંથી છત્રાસા પર ચડાઈ લઈ ગયો અને છત્રાસાનો ગઢ તોડી પાડયો.

આવા નિમકહલાલ અને કર્મનિષ્ઠ દીવાનના તેજને ન સહન કરનારા નવાબે કેટલાક આગેવાનોના સહકારથી એને કેદ કરી એનો ઘાત કરી નાખવાનું વિચાર્યું. એણે ઈ. સ. ૧૭૬૯ માં અમરજીના પક્ષપાતી અને વફાદાર જમાદાર સાલમીનને માંગરોળ ઉપર ચડાઈ લઈ જવા વિશે વાતચીત કરવા બોલાવી એનો ઘાત કરાવ્યો અને એ પછી થોડા જ સમયમાં નવાબે અમરજીને, એના ભાઈઓને અને અન્ય કુટુંબીજનોને કેદ કરી લીધાં. પાંચ માસ સુધી કેદ રાખ્યા પછી ૪,૦૦૦ કોરીનો દંડ વસૂલ લઈ મુક્ત કરવામાં આવ્યાં (ઈ. સ. ૧૭૭૩). દંડની રકમ પૂરી ન ભરાય ત્યાંસુધી પુત્ર રઘુનાથજીને નવાબ પાસે બાનમાં મૂકી અમરજી જેતપુર જઈ રહ્યો. નવાબે દીવાનગીરી ભીમ નામના ખોજાને આપી. આ તકનો લાભ માંગરોળ(સોરઠ)ના શેખમિયાંએ લીધો અને જૂનાગઢનાં ગામડાં ધમરોળવાનો એણે ઉપદ્રવ મચાવ્યો. એને ખાળવા નવાબે ભીમ ખોજાને માંગરોળ સર કરવા મોકલ્યો. આરબ સૈનિકો સાલમીનના ખૂનનો બદલો ન અપાય અને અમરજીને નેતાગીરી ન સોંપાય ત્યાંસુધી લડવા તૈયાર નહોતા. નવાબને ભૂલ સમજાઈ ગઈ અને એણે અમરજીને મનાવી લાવી દીવાનગીરી પાછી આપી.

હવે આવીને અમરજીએ સૂત્રાપાડા સર કર્યું અને વાગડ(કચ્છ)થી આવી પોશીત્રા(તા. ઓખામંડળ)ના કિલ્લામાં આશ્રય લઈ લૂંટારા આસપાસનો પ્રદેશ લૂંટતા હતા તેઓને જેર કરવા કચ્છના તથા જામનગરના નિમંત્રણથી એ ત્યાં ગયો. દરમ્યાન ઈ.સ. ૧૭૭૪ ના છેલ્લા મહિનામાં નવાબ મહાબતખાનનું અવસાન થયું. આના સમાચાર મળતાં તાબડતોબ અમરજી જૂનાગઢ આવી પહોંચ્યો.

નવાબજાદા હમીદખાન ૨ જાને એની આઠ વર્ષની સગીર વયે ગાદીનશીન કરી અમરજીએ રાજ્યની અને રાજકુટુંબની સમગ્ર જવાબદારી ઉઠાવી લીધી.

હવે જ્યારે કારણવશાત્ અમરજી ઝાલાવાડ ગયો હતો ત્યારે એની ગેર-હાજરીનો લાભ લઈ નવાબના માતા સુલ્તાનકુંવરે વંથળીના નાગોરીને ફોડી, બાટવાના બાબી મુખ્તારખાન અને એદલખાનની સહાયથી વંથળીનો કિલ્લો કબજે કરી અમદાવાદથી પેશવાના સૂબેદારની સહાય મગાવી. અમરજીને પણ એ સમાચાર પહોંચાડવામાં આવતાં એ તરત જ આવી પહોંચ્યો અને એણે વંથળીનો કબજો કરી લીધો. મુખ્તારખાને માફી માગતાં એને જતો કરવામાં આવ્યો.

આ પછી પોશીત્રાના કિલ્લામાં રહી વાઘેરો નવાનગરનાં ગામડાંઓમાં લૂંટફાટ કરતા હતા તેમની સામે મેરુ ખવાસે અમરજીની મદદ માગતાં અમરજી પોતાનું સૈન્ય લઈ પોશીત્રા પહોંચ્યો અને એણે એ કિલ્લો સર કરી લીધો. આ વિગ્રહમાં કાળુ મેર નામનો બરડાનો લૂંટારો પણ માર્યો ગયો.

અમરજી એક કુશળ યોદ્ધો હતો. એણે પોરબંદરના રાણા સરતાનજીને હરાવ્યો હતો. વળી ગોંડળના પ્રદેશને લૂંટી રહેલા દેવડાના મામદ સિંધીને પણ હરાવી દેવડાનો કિલ્લો હાથ કરી લીધો હતો. એણે (જામ)કંડોરણા( તા. ખંભાળિયા ) અને મેવાસા( તા. ઓખામંડળ )ના કિલ્લા પણ હસ્તગત કર્યા હતા. સૌરાષ્ટ્રમાં જૂનાગઢની સત્તાને સર્વોપરિ બનાવવામાં એની અસામાન્ય સેવા હતી.

સૌરાષ્ટ્રમાં અમરજી મુસ્લિમ રાજ્યને સર્વોપરિ બનાવી રહ્યો હતો તેથી એનું બળ ખાળવા ગોંડળના કુંભોજીએ રાજપૂત રાજવીઓને એકત્રિત કરી ઈ. સ. ૧૭૮૨ માં જામનગર હળવદ પોરબંદર કોટડા જેતપુર વગેરેના હિંદુ રાજવીઓનાં સૈન્યોને સાથે લઈ કુતિયાણા ઉપર હલ્લો કર્યો અને જૂનાગઢ પર હલ્લો લઈ જવા જેતપુર પાસે છાવણી નાખી.

અમરજીએ એની સામે મોરચો નાખ્યો. આ સમયે જૂનાગઢની દુશ્મના-વટમાં રાચતા બાટવાના બાબી ભાયાતો અને માંગરોળનો શેખમિયાં સમાન ધ્યેયને કારણે અમરજીની મદદમાં આવી પહોંચ્યા. મેરુ ખવાસે અમરજીના સેનાનીઓ રુદ્રજી છાયા અને પૂંજારામ વસાવડાને વિષ્ટિ માટે બોલાવ્યા અને તેઓ રાતે સૂતા હતા ત્યારે એ તકનો લાભ લઈ એ ભાદર વટાવી આગળ વધ્યો. અમરજીને આ સમાચાર મળતાં એણે એને પાંચપીપળા પાસે આંતર્યો. બંને સૈન્યો વચ્ચે ભારે પ્રબળ યુદ્ધ થયું, જેમાં રાજપૂત રાજવીઓની ભારે હાર થઈ.

રાજપૂતોની છાવણી અમરજીના હાથમાં આવી પડી. મેરુએ ગાયકવાડની મદદ માગેલી તે આવી તો ખરી, પણ પરિણામ જોઈ ગાયકવાડી સૈન્યે ચાલતી પકડી. અમરજી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ વધ્યો અને એણે કુતિયાણાની પાસેનો દેવડાનો કિલ્લો પાડી નાખ્યો. સમયને સમજી, કુંભોજી માફી માગી ગોંડળ ભેગો થઈ ગયો. મેરુ પાસેથી નવાનગર તાબાનો ખિરસરાનો કિલ્લો મેળવી એને પણ જવા દીધો. ધંધુકા અને ખંભાત પાસેથી જોરતલબી લેવાનો પણ અમરજીએ પ્રયત્ન કર્યો હતો. આ સમયે સમગ્ર સૌરાષ્ટ્રમાં એ સર્વોત્તમ મુત્સદ્દી અને યોદ્ધા તરીકે પ્રતિષ્ઠા પામી ચૂક્યો હતો.

અમરજીને કોઈ પણ રીતે ખતમ કરવો જોઈએ. એ માટે કુંભોજીએ ખુદ નવાબ હમીદખાનના કાન ભંભેરવાની શરૂઆત કરી ને મોટી રકમ આપી એને પોતાનો કરી લીધો. યુક્તિથી નવાબે અમરજીને રાજમહેલમાં બોલાવી મારાઓ મારફતે એનો ઘાત કરાવ્યો ને એના કુટુંબને કેદ કરી લીધું (ઈ. સ. ૧૭૮૪).

નવાબના આ કૃત્યથી વ્યાકુળ થઈ આરબ અને સિંધી જમાદારોએ અમરજીના કુટુંબને મુક્ત કરવા માગણી કરી. એ વ્યર્થ જતાં નવાબનાં કામ કરવાનો એ લોકોએ નકાર ભણી દીધો. અમરજીનો પ્રભાસ પાટણવાળો બનેવી દેસાઈ જીભાઈ છબીલદાસ જૂનાગઢ આવ્યો અને કેદમાં નહોતાં તેવાં સગાંઓને મોરબી મોકલી આપ્યાં અને પોતે શિહોરમાં છાવણી નાખી રહેલા મોરારિરાવ ગાયકવાડ અને રૂપાજી સિંધિયાને અમરજીના ખૂનનો બદલો લેવા અને કુટુંબને મુક્ત કરાવી આપવા વિનંતી કરી. તરત જ મરાઠા સરદારોએ જૂનાગઢ તરફ કૂચ કરી ધંધુસર (તા. ખંભાળિયા) નજીક છાવણી નાખી નવાબને તાકીદ કરી કે અમરજીનાં કુટુંબીજનોને મુક્ત કરી દો અને ખૂનનો ખુલાસો આપો. મરાઠી સૈન્યે આગળ વધી જૂનાગઢ સામે તોપો ગોઠવી. નવાબે એક માસ સુધી વાટાઘાટો કરી અમરજીનાં કુટુંબીજનોને મુક્ત કર્યાં અને અમરજીના મોટા પુત્ર રઘુનાથરાયજીને દીવાનગીરી આપી. વળી અમરજીનું નવાબ પાસે સાઠ લાખ કોરીનું લેણું હતું તેની સામે ઊના (તા. ઊના), દેલવાડા (તા. ઊના), માંગરોળ (તા. માંગરોળ), શીલ (તા. માંગરોળ) અને દિવાસા (તા. માંગરોળ)નાં પરગણાં રઘુનાથજીને માંડી આપ્યાં તેમ અમરજીના માથા સાટે વેરાવળ અને કુતિયાણાના કિલ્લા તથા અમરજીએ અગાઉ જીતેલાં હળિયાદ (?), ભેંસાણ (ભેંસાણ મહાલ), આંતરોલી (તા. માંગરોળ) અને અખોદડ (તા. કેશોદ) પરત

આપ્યાં. રઘુનાથજીએ દીવાનગીરી સ્વીકારી ત્યારે સૈયદ મોહુદ્દીન, સૈયદ અહમદ કાદરી, જમાદાર હયાતખાન બલોચ અને પુરબિયા હરિસિંહની બાંહેધરી લીધી હતી. રણછોડજીને મોકલી મરાઠા સૂબેદારોને પણ મુક્તિની ખાતરી કરાવી.

એ કાલનો અમરજી અસામાન્ય કોટિનો મુસદ્દી વિદ્વાન અને કલાકોવિદ હતો. સમગ્ર નવાબી સૈન્ય એની સીધી સત્તા નીચે હતું. એણે ધાર્યું હોત તો નવાબીને જડમૂળમાંથી ઉખેડી પોતે સોરઠનો શાસક બન્યો હોત, પણ જેનું લૂણ ખાધું તેનું બૂરું કરવું તો નહિ જ, વિચારવું પણ નહિ, એ નાગરી ટેકે એણે પોતાના છેલ્લા શ્વાસ સુધી પ્રામાણિકતા ન છોડી. એ નિમકહલાલીની રૂએ રઘુનાથજીએ પણ દીવાનગીરી સ્વીકારી.

અમરજી મહત્ત્વનું કાર્ય કરી ગયો તે તો સૌરાષ્ટ્રનાં બધાં રાજ્યો પાસે નવાબની જોરતલબી પ્રકારની ખંડણીનો હક્ક. એણે તદ્દન નાનાં રજવાડાંઓને આ ખંડણીમાંથી મુક્તિ આપી હતી એ એનું સૌજન્ય.

ગાયકવાડી સૈન્ય પાછું ફરી જતાં જૂનાગઢના આરબ જમાદારોએ જૂનાગઢના વંથળી દરવાજે છાવણી નાખીને પડેલા નવાબ હામિદખાનના તંબુની ફરતે ચોકી બેસાડી પોતાના ચડત પગાર ચૂકવી આપવા દબાણ કર્યું. ચાર માસ વાટાઘાટ ચાલી. એક દિવસે રાજમાતા સરદાર બીબી મળવા આવવાનાં છે એ બહાને જે બંધ મ્યાના આવ્યા તેમાં બેસી નવાબ નાસી છૂટયો. નવાબ રંગમહેલમાં પહોંચ્યો અને એણે આરબો ઉપર હલ્લો કરાવી કંઈક આરબોને ખતમ કરાવી નાખ્યા. બચ્યા તે ઉપરકોટમાં ભરાઈ ગયા ત્યાં નવાબે ઘેરો ઘાલ્યો. અડધો પગાર સ્વીકારી આરબો તાબે થયા.

રઘુનાથજી પણ શક્તિશાળી યોદ્ધો હતો. એણે દીવાનગીરી સ્વીકારીને તરત જ વંથળી તાબે કર્યું અને અગાઉ સૂત્રાપાડામાંથી રણછોડજીને દૂર કરેલ ત્યાં જઈ પઠાણીઓને હાંકી કાઢી ફરી રણછોડજીને સોંપ્યું.

રઘુનાથજી પિતાની જેમ ઉત્તરોત્તર વિજયો હાંસલ કરતો જતો હતો અને સૈનિકો એને સંપૂર્ણ વફાદાર હતા, આથી નવાબે એને દૂર કરવા કાવા દાવા શરૂ કર્યા, પરંતુ નવાબ કાંઈ પગલું લે તે પહેલાં તો રઘુનાથજીએ જ રાજીનામું આપી દીધું ને નિવૃત્તિ લીધી. થોડા જ સમયમાં હામિદખાનને એની ગેરહાજરી સમજાઈ ગઈ અને એને ઘેર જઈ, માફી માગી દીવાનગીરી લેવા સમજાવ્યો.

રઘુનાથજીની ગેરહાજરીમાં ગોંડળના કુંભોજીએ નવાબ પાસે એની લેણી થતી ત્રણ લાખ કોરીની ઉઘરાણી કરી, પણ નવાબ આપી શકે એમ નહોતું

એટલે એ કરજના બદલામાં ગોંડળ, જેતલસર (તા. જેતપુર), મેલી (તા. ઉપલેટા) મજેઠી (તા. દસાડા), લાઠ (તા. ઉપલેટા) અને ભિમોરા (તા. ઉપલેટા)ની જમા એણે માફ કરાવી લીધી અને સરસાઈ (તા. વિસાવદર) અને ચાપરડા (તા. વિસાવદર)નાં ગામડાં લખાવી લીધાં. જૂનાગઢનું પોતાનું રાજ્ય ગુમાવ્યા પછી રા'ના વંશજો કેશોદ (તા. કેશોદ), ચોરવાડ (તા. માળિયા–હાટીના) વગેરેમાં નાની સત્તા ભોગવતા હતા. તેઓ જૂનાગઢની દાઢમાં હતા, એવામાં કેશોદના દાગોજી રાયજાદાએ સૈન્ય જમાવી બાટવાનાં ગામડાં લૂંટવા માંડ્યાં તેથી બાટવાના બાબી ભાયાતોએ રઘુનાથજીની સહાય માગી. રઘુનાથજીએ રણછોડજીને મોકલ્યો, બીજા પણ ગયા અને દાગોજીએ તાબે થઈ લૂંટનો બધો માલ સોંપી દીધો, સાથે દંડ ભરવા કબૂલત કરી આપી. એણે રાખેલા સૈન્યનો પગાર એ ચૂકવી શકે એમ નહોતું તેથી ઈ. સ. ૧૭૮૮ માં દીવાન દુર્લભજીને એક લાખ કોરીમાં કેશોદ વેચી નાખ્યું.

પૂર્વે માળિયાના જંગમાં માર્યા ગયેલા રાયજાદા સંઘજીનું કરજ ભરવા એના વારસોએ પોરબંદરના રાણા સરતાનજીને ચોરવાડ વેચી નાખ્યું. રાણા સરતાનજીને વેરાવળના પટણીઓ આવી મળતાં ઈ. સ. ૧૭૮૮ માં વેરાવળ પર રાણાએ હલ્લો કરી એ કબજે કરી લીધો તેથી રઘુનાથજીએ ચોરવાડ ઉપર હલ્લો લઈ જઈ રાયજાદાઓની સત્તા નિર્મૂળ કરી નાખી અને ત્યાંથી આગળ વધી વેરાવળનો કબજો કરી લીધો. રાણાની સત્તા ચોરવાડ અને વેરાવળ ઉપરથી સદાને માટે નષ્ટ થઈ ગઈ. હવે રાણાને સજા કરવાના ઉદ્દેશે રઘુનાથજીએ પોરબંદરના પ્રદેશમાં ઘૂસી જઈ ગામડાં લૂંટવા માંડ્યાં. રાણો ગભરાયો અને એણે ઈ. સ. ૧૭૯૦ માં મોટું નજરાણું આપી નવાબના સૈન્યને પાછું વાળ્યું.

જૂનાગઢ આવ્યા પછી સૈનિકોએ પગાર માટે તકાદો કર્યો, પણ નવાબ એ ચૂકવી શકયો નહિ તેથી આરબોએ નવાબને રંગમહેલમાં કેદ કરી ખોરાક–પાણી બંધ કર્યાં. આમાંથી વફાદાર હજૂરિયાઓની સહાયથી નવાબ છટકી ગયો અને ખાંટ અને સિંધી લોકોનું સૈન્ય ઊભું કરી એણે આરબો ઉપર હુમલો કર્યો. જૂનાગઢના રાજમાર્ગો ઉપર જ ભારે જંગ મચી ગયો. આરબો હાર્યા અને ચોરવાડ જઈ, એનો કબજો કરી આસપાસનાં ગામ ધમરોળવા લાગ્યા. દીવાને રણછોડજીને મોકલ્યો અને આરબોને તાબે થવા ફરજ પાડી.

અસ્થિર બુદ્ધિના નવાબે ભલભલાઓને જેર કરી આપનારા રઘુનાથજીને

ઈ.સ. ૧૭૯૩ માં કેદ કર્યો, એનાં સગાંઓને બંધનમાં નાખ્યાં અને મિલકતો લૂંટી લીધી. રણછોડજી આ સમયે ચોરવાડમાં હતો અને ભાઈ અનંતજી ઊનામાં હતો. બંનેએ ધોધલા (કોડિનાર પાસે), સરસિયા (તા. ધારી), માળિયા (તા. માળિયા–હાટીના), કાગવદર (તા. જાફરાબાદ ?) અને આદરી(તા. પાટણ–વેરાવળ)-ના કિલ્લાઓમાં લૂંટ ચલાવી. આ સમય દરમ્યાન રણછોડજીના પ્રભાસપાટણવાળા કૂઆ જીભાઈ દેસાઈએ લૂંટફાટ ન કરતાં સ્વતંત્ર રાજ્ય જ જમાવવા પ્રયત્ન કરવો જોઈએ એમ કહેતાં રણછોડજીએ પ્રભાસપાટણ ઉપર હલ્લો કરી એનો કબજો કરી લીધો.

રઘુનાથજી અને મોરારજીને નવાબે મુક્ત કરતાં તેઓ નવાનગર ચાલ્યા ગયા, રણછોડજી પણ પાટણ છોડી નવાનગર જઈ પહોંચ્યો અને ત્યાં જતાં મેરુ ખવાસે એને જામની નોકરીમાં સ્થાન આપ્યું. મોરારજી ભાવનગર ગયો, જ્યાં એને જાગીર મળી. ગોવિંદજીના પુત્ર મંગળજીની સર્વ સંપત્તિ લૂંટાઈ ગઈ અને એ પોરબંદર જઈ રહ્યો.

નાગરી દીવાનગીરી એ સમયે આમ ખતમ થઈ અને નવાબે કલ્યાણ શેઠ નામના ઇસમને દીવાનગીરી આપી. આ તકનો લાભ લઈ વખતસિંહજીએ જૂનાગઢની સત્તા નીચેથી કુંડલા અને રાજુલા કબજે કરી ભાવનગરની સત્તા નીચે લઈ લીધાં. નવાબ એ પાછાં મેળવવા ભાવનગર તરફ ધસી ગયો. ઢસા આગળ પ્રબળ મુકાબલો થયો. હારી જવાના ભયે નવાબે એક લાખ પંદર હજાર રૂપિયા લઈ એ બેઉ ગામ વખતસિંહજીને કબજે માન્ય રાખ્યાં. બદલામાં વખતસિંહજીએ જૂનાગઢની જોરતલબી ભરવાનો સ્વીકાર કર્યો.

ચિત્તળના કાઠીઓ ઉપર વખતસિંહે આક્રમણ કર્યું ત્યારે નવાબે સૈન્ય મોકલેલું, પણ એ હારી નાસી આવ્યું હતું.

રઘુનાથજી પછી કલ્યાણ શેઠ, એના પછી મૂળચંદ મહેતો, અને ફરી કલ્યાણ શેઠ અને માધુરાય જોડિયા દીવાન થયેલ.

ઈ.સ ૧૭૯૬ માં આબા શેલુકર અને ૧૭૯૯ માં જમાદાર અમીન ગાયકવાડ તરફથી ખંડણી ઉઘરાવવા આવેલા તેમને મોટી ખંડણી આપી પાછા વાળેલા.

નવાબે ધાંધલપુર(તા. સાયલા)ના ગોદડ ખવડ ઉપર ચડાઈ કરેલી તેમાં એને સરિયામ નિષ્ફળતા મળેલી. આર્થિક સ્થિતિ તદ્દન નબળી હતી, સૈનિકોના પગાર ચૂકવી શકાતા નહોતા, તેથી એ રઘુનાથજીને જાતે મનાવવા ગયો, પણ

રઘુનાથજીએ ધસીને ના પાડી દીધી. દરમ્યાન માધુરાય દિલ્હી દરબારમાં સારે હોદ્દે સ્થિર થતાં હવે કલ્યાણ શેઠના હાથમાં પૂરી દીવાનગીરી આવી રહી.

હવે ઈ.સ. ૧૭૯૬ માં કચ્છનો જમાદાર ફતેહમામદ નવાનગર ઉપર મોટા સૈન્ય સાથે ચડાઈ કરવા આવ્યો ત્યારે મેરામણ ખવાસે જૂનાગઢની સહાય માગી. નવાબ મોટી સેના સાથે દહીંસરા (તા. જસદણ) પાસેના નવાનગરના સૈન્યને મળ્યો ત્યાં તો હળવદના ગજસિંહજીના પ્રયાસથી સમાધાન થયું અને સૈન્ય પાછાં વળી ગયાં.

કલ્યાણ શેઠનું જૂનાગઢની દીવાનગીરીનું ગજું નહોતું તેથી રઘુનાથજીને નવાબે મનાવી લઈ દીવાનગીરી પાછી સોંપી. આ વાતથી કલ્યાણ શેઠ નારાજ થયો અને એણે બળવો કરી કુતિયાણાનો કબજો લીધો, અને આસપાસનાં ગામડાં લૂંટી લીધાં. આમાં બાટવાનો મુખ્તારખાન બાબી પણ સહાયક હતો. રઘુનાથજી જૂનાગઢથી અને રણછોડજી પોરબંદરથી મોટાં સૈન્યો સાથે આવે છે એની જાણ થતાં મુખ્તારખાન બાબી તો ઢીલો થઈ ગયો અને એણે માફી માગી. કલ્યાણ શેઠ હવે એકલો પડયો. ઈ.સ. ૧૮૦૧ માં જૂનાગઢના સૈન્યે કુતિયાણા પર હલ્લો કરી કબજે કરી લીધું, કલ્યાણ શેઠને અને એના કુટુંબને અટકાયતમાં લીધાં. કલ્યાણ શેઠ કેદી અવસ્થામાં મરણ પામ્યો. એના પુત્ર લક્ષ્મીચંદ પાસેથી ચોરવાડ અને ઊનાના કિલ્લા પણ ઝૂંટવી લેવામાં આવ્યા.

રઘુનાથજી અને રણછોડજી ઝાલાવાડમાં જોરતલબી ઉઘરાવતા હતા ત્યારે ઈ. સ. ૧૮૦૨ ના વર્ષમાં ગાયકવાડી સરદાર શિવરામ ગારદીએ વાંધો લીધેલો, પણ આ બંને ભાઈઓની કુનેહથી સંઘર્ષ થતો અટકી ગયો. આ ગાળામાં મુકુંદરાવ ગાયકવાડે ગાયકવાડી સત્તા સામે બંડ કરી અમરેલીનો કિલ્લો હસ્તગત કરી લીધો તેમ વસાવડના દેસાઈઓને કેદ કરી લીધા. નવાબે આ દેસાઈઓને છોડાવવા માટે રણછોડજીને અમરેલી પર ધસી જવા હુકમ કર્યો. રણછોડજીએ આઠ દિવસના ઘમસાણને અંતે અમરેલી હસ્તગત કર્યું અને દેસાઈઓની પાસે આ પ્રસંગે જોરતલબી સ્વીકારાવી.

ઈ. સ. ૧૮૦૪ માં ગાયકવાડી સરદાર બાબાજીએ આવી વંથળીને ઘેરો ઘાલ્યો. રઘુનાથજી વગેરે કોઈ સહાયક ન થતાં નવાબે પોતાના ખાનગી કારભારીને મોકલી માસના સંઘર્ષ પછી વંથળીનો કિલ્લો હાથ કર્યો. એવી સ્થિતિ પ્રભાસ-પાટણની પણ થવાની હતી ત્યાં તો રણછોડજીએ ત્યાં જઈ બાબાજી સાથે સલાહ

કરી. બંને રાજ્યોએ દેસાઈઓના હક્ક માન્ય રાખ્યા. જૂનાગઢે ગાયકવાડને ખંડણી આપી.

ઈ. સ. ૧૮૦૬ માં રઘુનાથજી અને રણછોડજી અનુક્રમે કુતિયાણા અને હાલારમાં રોકાયેલા હોઈ રેવાશંકર ત્રીકમદાસ વૈષ્ણવ(આ પુત્ર-પિતા બંને ગુજરાતી ભાષાના કવિ હતા ને ત્રીકમદાસ ભવાનીશંકર તો ગાયકવાડના મજમૂદાર પણ હતા)ને રાણપુર અને ધંધુકા સુધી જોરતલબી ઉઘરાવવા મોકલ્યો હતો. એ સમયે અંગ્રેજ સત્તાએ પણ આ જોરતલબી ઉઘરાવવાનો જૂનાગઢનો હક્ક માન્ય રાખ્યો હતો તેથી એ પ્રદેશમાં કોઈ ધાંધલ થવા પામી નહોતી.

આ જ વર્ષમાં રઘુનાથજી સ્વેચ્છાએ છૂટો થયો અને કુતિયાણા ચાલ્યો ગયો એટલે રેવાશંકર વૈષ્ણવને નવાબે દીવાનગીરી આપી, પણ થોડા સમયમાં માળિયા–મિયાણા મુકામે એ જ વર્ષમાં કર્નલ વૉકરે રેવાશંકરને બોલાવી "સેટલમેન્ટ" કરવા ચર્ચા કરી ત્યાંથી આવતાં રેવાશંકરને છૂટો કરવામાં આવ્યો અને વિઠ્ઠલરાવ દેવાજીની સૂચના મુજબ ત્રણ જણાને સંયુક્ત દીવાનગીરી નવાબે સોંપી. રઘુનાથજી આમાં ક્યાંય વચ્ચે ન આવે એ માટે એને બાટવા નજીકનાં ચાર ગામડાં અપાવ્યાં અને અમરેલી દામનગર અને ધારીમાંનો જૂનાગઢનો ભાગ વિઠ્ઠલરાવે લખાવી લીધો. વિઠ્ઠલરાવની દાનત રઘુનાથજીને દૂર રાખી જૂનાગઢ ઉપર પોતાની પકડ જમાવવાનો હતો.

કર્નલ વૉકરને અમરજીના દીવાન પુત્રો પ્રત્યે ઘણો આદર હતો. એ એમનું હિત ન જોખમાય એ માટે સાવધાની રાખતો. ઈ. સ. ૧૮૦૭ માં કર્નલ વૉકર ગાયકવાડના સરદાર વિઠ્ઠલરાવ સાથે ખંડણી ઉઘરાવવા આવેલો ત્યારે વિઠ્ઠલરાવને સ્પષ્ટ કહેલું કે આ દીવાનના જે શત્રુ છે તે અંગ્રેજોના શત્રુ છે.

ચાંચિયાઓએ સુરત અને મુંબઈનાં વહાણ નવીબંદર પાસે લૂંટયાં હતાં એ માટે અંગ્રેજોએ નવાબનો દંડ કરી વસૂલ લીધો હતો. આ સમયે વૉકરે નવાબને પણ સેટલમેન્ટમાં સમાવી લીધા, જેમાં કોડીનાર અમરેલી અને માંગરોળનાં પરગણાંઓનો સમાવેશ જૂનાગઢ રાજ્યમાં કરી લેવાયો હતો.

આ કરારમાં સામેલ થવાથી જૂનાગઢ ગાયકવાડી સત્તાનું ખંડિયું બની ગયું અને સૌરાષ્ટ્રનાં રજવાડાંઓમાંથી જોરતલબી ઉઘરાવવાનો એનો હક્ક નષ્ટ થયો. એ સમયે દરિયામાં થતી ચાંચિયાગીરીમાંથી રક્ષણ આપવાનું, મુશ્કેલીમાં

આવી પડનારાં વહાણોને સહાય કરવાનું અને ભાંગેલાં વહાણોના ભંગાર ઉપર કોઈ પણ પ્રકારનો હક્ક ન કરવાનું પણ નવાબને કબૂલવાનું થયું.

ઈ. સ. ૧૮૧૧માં હામિદખાનનું અવસાન થતાં એનો પાટવી નવાબજાદો બહાદુરખાન નવાબની ગાદીએ આવ્યો. ગાયકવાડે બહાદુરખાનને નવાબ તરીકે મંજૂર રાખવાની સાથે કોડીનાર અને અમરેલીમાં નવાબનો જે ભાગ હતો તે પણ લખાવી લીધો.

હામિદખાનના અવસાન સમયે નવાબ ઉપર એક કરોડ કોરીનું કરજ હતું. રાજ્યના અમીરો અને અમલદારોમાં બે પક્ષ પડી ગયેલા હતા, ગાયકવાડે સર્વોપરિ સત્તા પ્રાપ્ત કરી લીધી હતી અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સત્તા સાર્વભૌમ દરજ્જે નક્કી થઈ ચૂકી હતી. આવા સંજોગોમાં રાજ્યની દીવાનગીરી પણ કોઈ સમર્થ મુસદ્દીના હાથમાં હોવી જોઈએ એ માટે રઘુનાથજીને કહેણ મોકલવામાં આવ્યું, પણ એણે રણછોડજીને મોકલ્યો. પછીથી પ્રબળ દબાણ જતાં રઘુનાથજી આવ્યો અને એણે દીવાનગીરી સ્વીકારી.

ઈ. સ. ૧૮૧૨માં કૅપ્ટન કર્નાક અને ફત્તેસિંહરાવ ગાયકવાડ ખંડણી ઉઘરાવવા સૌરાષ્ટ્રમાં આવ્યા અને તેઓએ જૂનાગઢ નજીક લાલવડ ગામે છાવણી નાખી, નવાબને ગાદીએ આવ્યા બદલ નજરાણું ભરી જવા કહેણ મોકલ્યું. દીવાન રઘુનાથજીએ આ નવા પ્રકારના કરનો ઇન્કાર કર્યો અને વિઘ્નો–આડશો નાખી સંયુક્ત સૈન્યને આગળ વધતું અટકાવ્યું. રઘુનાથની પ્રતિષ્ઠાને ધ્યાનમાં લઈ કૅપ્ટન કર્નાકે સમાધાનનો સંદેશો મોકલ્યો ને વારસ–નજરાણાની ગાયકવાડની માગણી પાછી ખેંચાવી લીધી, પણ જમાદાર મુખાસનની દરમ્યાનગીરીથી કોડીનાર અને અમરેલી દિશેના લખાણ પર રઘુનાથજીની જાણ બહાર નવાબની સહી કરાવી લેવાથી રઘુનાથજીને ઘણું માઠું લાગ્યું. એની પ્રસન્નતા માટે અંગ્રેજી સત્તા અને ગાયકવાડની સંમતિથી નવાબે રઘુનાથને વાડાસડા( તા. માણાવદર ), મેસવાણ ( તા. કેશોદ ), ખાગેશ્રી( તા. કુતિયાણા ) અને ઈશ્વરિયા( તા. કુતિયાણા ) વંશપરંપરાગત ઇનામમાં આપ્યાં.

ઈ. સ. ૧૮૧૧ થી ૧૮૧૯ સુધીનાં વર્ષ સોરઠ ઉપર અનેક કુદરતી આફતમાંથી પસાર થયાં.

હવે જમાદાર ઉમર મુખાસનની ચસમપોશીને કારણે વિઠ્ઠલરાવ દેવાજી જૂનાગઢના રાજ્યતંત્રમાં હસ્તક્ષેપ કરવા લાગ્યો. આ પરિસ્થિતિમાં રઘુનાથજી અને રણછોડજીને જૂનાગઢમાં વધુ રહેવું યોગ્ય લાગ્યું નહિ અને નાનો ભાઈ

દલપતરામ ગુજરી જતાં બંને ભાઈ મોટો સંઘ કાઢી યાત્રાએ નીકળી ગયા. પ્રવાસમાં એમનો અનેક ઠેકાણે રાજરજવાડાંઓ વગેરે તરફથી સત્કાર થયો હતો. પાછા આવ્યા ત્યારે જમાદાર ઉમર મુખાસન જોરદાર થઈ પડયો હતો. એણે રઘુનાથજીને કરજ પેટે મળેલું કુતિયાણા ઝૂંટવી લીધું. રઘુનાથજીને હતું કે કેપ્ટન બેલેન્ટાઇન આમાં સહાયક બની કુતિયાણા પાછું અપાવશે, પણ સંમતિ મળી નહિ.

ઉમર મુખાસનનું જોર એટલું વધ્યું હતું કે એણે નવાબના રંગમહેલમાં પેસી, બાથ ભરી નવાબને કેદ કરી લીધો અને બીજો આરબ તલવારથી ઘા કરવા ગયો પણ એ વખતે બે આરબ જમાદારોએ નવાબને બચાવી લીધો. નવાબે બેલેન્ટાઇનને ફરિયાદ લખી મોકલતાં તાબડતોબ દીવાનગીરીનો હવાલો રઘુનાથજીને આપવાનું જણાવ્યું, પણ મુખાસન માથા-ભારે થઈ ગયો હતો તેથી એને જેર કરવા અંગ્રેજો પાસેથી લશ્કરી મદદ માગવામાં આવી. એ માટે કેપ્ટન એસ્ટન આવ્યો અને એણે મુખાસનને કેદ કરી, એની જપ્તી કરી હદપાર કર્યો. નવાબે રઘુનાથજી અને રણછોડજીને જોડિયા દીવાન બનાવ્યા.

થોડા સમય પછી કચ્છનો શાહ સોદાગર સુંદર શિવજી જૂનાગઢમાં આવી રાજ્યની દીવાનગીરી લેવાના કામમાં પડયો. પુષ્કળ પ્રલોભનો આપી, ગયેલાં ગામો-કિલ્લાઓ-પરગણાં વગેરે પાછાં મેળવી આપવાની વાતો કરી નવાબને પલાળ્યો, એટલું જ નહિ, વાડાશિનોરનું રાજ્ય પણ કાકાએ દબાવી લીધું છે તે પાછું મેળવી આપીશ, વળી દીવાન અને મુસદ્દીઓએ નવાબના હક્ક ડુબાવી મોટી મોટી મિલકતો અને સંપત્તિ જમાવી છે તેઓની પાસેથી પચાસ લાખ કોરી જેટલો દંડ વસૂલ કરાવી દઈશ, તેમ માંગરોળ ખાલસા કરી જૂનાગઢની રિયાસતમાં મેળવી આપીશ, એવાં બણગાં ફૂંકયાં. નવાબે આવાં પ્રલોભનોથી રઘુનાથજી અને રણછોડજીને દીવાનગીરીમાંથી મુક્ત કર્યા ને ઈ. સ. ૧૮૧૮ના વર્ષમાં સુંદરજીને દીવાનગીરી આપી. સુંદરજીએ અમરુલ્લાહ અને મુગટરામ બક્ષીને પોતાના પક્ષમાં લીધા અને બેલેન્ટાઇનનો ટેકો મેળવી રઘુનાથજીના પક્ષના બે અધિકારીઓને કેદ પકડી, અમરુલ્લાહને દીવાનપદ અપાવી સર્વ સત્તા પોતાના હાથમાં લીધી.[૪૩]

**૨. રાધનપુરના બાબી**

કમાલુદ્દીનના સમયમાં કોઈ શંભુરામ અને એક રોહિલા પઠાણે મરાઠાઓ સામે ઉઠાવેલા બંડમાં કમાલુદ્દીન પણ સામેલ હતો એવા શકથી મરાઠાઓએ

સમી (જિ. મહેસાણા), રાધનપુર (જિ. બનાસકાંઠા) અને મુંજપુર સિવાયનાં બાકીનાં પરગણાં પાછાં લઈ લીધાં.

ઈ. સ. ૧૭૬૫ માં કમાલુદ્દીનના અવસાને મોટો કુમાર ગજુદ્દીનખાન ગાદીએ આવ્યો. એના ૪૮ વર્ષોના રાજ્યકારોબારમાં રાજ્ય ઉપર કરજનો ભારે બોજ આવી પડ્યો હતો. એના ઈ.સ. ૧૮૧૩ માં થયેલા અવસાને મોટો કુમાર શેરખાન સત્તા ઉપર આવ્યો અને તરતમાં જ અંગ્રેજી સત્તા સાથે સંબંધ બંધાયો. થયેલા કરારો પ્રમાણે હવે ગાયકવાડને રાજ્યના કારોબારમાં કોઈ જાતની ડખલ કરવાનું રહેલું નહિ; એટલું જ કે કોઈ સગા કે ઇતર સત્તા રાજ્યને તકલીફમાં મૂકે ત્યારે સહાય કરવાની જુમ્મેદારી અંગ્રેજોની રહી.[૪૩અ]

### ૩. વાડાશિનોરના બાબી

બાબી જાફરખાનના બે પુત્રોમાંના સલાબત મુહમ્મદખાનને મુઘલ સત્તા તરફથી પ્રથમ ગોહિલવાડમાં અને પાછળથી વિરમગામમાં સૂબેદારી મળી હતી. પછીથી ઘોઘા (જિ. ભાવનગર) અને વાડાશિનોર(જિ. ખેડા)માં જાગીર મળી હતી. આ રીતે બાબીઓનો વાડાશિનોર સાથે સંબંધ શરૂ થયો હતો. એના ઈ.સ. ૧૭૩૦ માં થયેલા અવસાને એના પુત્ર મુહમ્મદ બહાદુર(શેરખાન)ને પિલાજી ગાયકવાડે અભયસિંહ રાઠોડને મારી નાખી વડોદરાનો અધિકાર સોંપેલો, પરંતુ પછીથી પિલાજીના ભાઈ માધજીએ જંબુસર (જિ. ભરૂચ) આવી, વડોદરા કબજે કરી મુહમ્મદ બહાદુરખાનને દૂર કર્યો અને એ પાછો વાડાશિનોર આવી ગયો. એને સોરઠના સૂબેદારે બોલાવી નોકરીના બદલામાં સોરઠની જાગીરમાં અડધાં પરગણાં આપ્યાં (ઈ. સ. ૧૭૩૮–૩૯). આ પછી થોડા જ સમયમાં સોરઠની સત્તા પોતાના હાથમાં કરી, ઈ. સ. ૧૭૫૭ માં દિલ્હીથી તદ્દન સ્વતંત્ર થઈ એણે જૂનાગઢમાં બાબી વંશની સત્તા સ્થાપી. વળતે વર્ષે 'બહાદુરખાન' નામથી સત્તા ઉપર આવેલ મુહમ્મદ બહાદુર(શેરખાન)નું અવસાન થતાં મોટો નવાબજાદો મહાબતખાન જૂનાગઢમાં ગાદીએ આવ્યો અને નાના ભાઈ સરદાર મુહમ્મદખાને વાડાશિનોરમાં સ્વતંત્ર બાબી સત્તાનો આરંભ કર્યો. મરાઠાઓ સાથે એને મેળ નહોતો એટલે પેશવાના સરદાર સદાશિવ રામચંદ્રે વાડાશિનોર પર ચડાઈ કરી ખંડણી કબુલાવી હતી. ઈ.સ. ૧૭૬૦ માં સેનાપતિ ભગવંતરાવે વાડાશિનોર કબજે કરી લીધું હતું, પણ બીજે વર્ષે ખંડણી આપવી કબૂલ કરવાથી નવાબ મુહમ્મદખાનને વાડાશિનોરની સત્તા પાછી સોંપી હતી. આ નવાબના અવસાને એનો પુત્ર જમિયતખાન[૪૪] અને એના અવસાને એનો કુમાર સલાબતખાન ગાદીએ આવ્યો. એના સમયમાં પેશવા અને ગાયકવાડે

અંગ્રેજોને વાડાસિનોર ઉપરનું સાર્વભૌમત્વ સોંપી આપ્યું હતું. આ રીતે પેશવાનો હક્ક ઈ. સ. ૧૭૬૮ માં વધીને વાર્ષિક રૂ. ૧૦,૦૦૦ નો થયેલો તે ઈ. સ. ૧૮૧૮ ના વર્ષમાં કંપની સરકારને મળ્યો. આમાં ઈ. સ. ૧૮૧૩ ની સાલમાં ગાયકવાડનો અંગ્રેજ સત્તા નીચે રૂ. ૩૬૦૧–૦૦ નો હક્ક નક્કી થયેલો તે પણ સામેલ હતો.[૪૫]

**(૪) બાંટવા-માણાવદર-સરદારગઢના બાબી**

શેરખાન બાબી ઈ. સ. ૧૭૩૭-૩૮ માં સોરઠી–જૂનાગઢ પ્રદેશનો કેટલોક અંશે એકલો સત્તાધીશ બન્યો હતો ત્યારે એના દિલેરખાન અને શેરજમાનખાન એ ભાઈઓએ જૂનાગઢના પ્રદેશમાં ભાગનો હકક રજૂ કર્યો ત્યારે સલામતી ન જોખમાય માટે એણે બાંટવા તથા લીંબુડા પરગણાંનાં ૮૪ ગામ અને થાણાદેવડીનાં ૨૪ ગામ તેઓને કાઢી આપ્યાં. ઈ.સ. ૧૭૪૯ માં એ બંનેએ ઉંયા (તા. ગોંડળ), ત્રાકુડા (તા. ગોંડળ) અને ચરખડી (તા. ગોંડળ) એ ત્રણ ગામ પણ દબાવી કબજે કરી લીધાં હતાં. આમ છતાં પણ અસંતોષ રહેતાં ઝઘડો વંશપરંપરાગત ચાલુ જ રહ્યો હતો.

આ પરગણાંઓની આબાદી આ બંને ભાઈઓએ ઈ. સ. ૧૭૫૨ માં બાંટવા આવી શરૂ કરી; પેલાં વધારાનાં ત્રણ ગામ ગોંડળને સુપરત કરી દીધાં.

ઈ.સ ૧૭૭૦ માં આ બંને ભાઈઓએ પોતાના ભાગોની વહેંચણી કરી, જેમાં માણાવદર પરગણાનાં ગામ અલગ કરાવી દિલેરખાને વહીવટ શરૂ કર્યો, જ્યારે ગીદડ( પાછળથી છેક ઈ. સ. ૧૮૯૮ માં 'સરદારગઢ') અને બાંટવા પરગણાંઓનો વહીવટ શેરજમાનખાને શરૂ કર્યો. આમ બે શાખા અલગ પડી. હજી કેટલાંક ગામ મજમૂ હતાં તેમાંનાં કેટલાંકની વહેંચણી ઈ. સ. ૧૭૪૬ માં થયેલી.

૧૭૭૯ માં શેરજમાનખાનનું અવસાન થતાં સહિયારી સત્તા એના બેઉ પુત્રો એદલખાનજી ઉર્ફે શેરખાનજી અને મુખત્યારખાનજીના હાથમાં હતી. ઈ.સ. ૧૮૧૨ ના વર્ષમાં બેઉ વચ્ચે ભાગ પડતાં બાંટવા–હિસ્સો અદલખાનજીના હાથમાં આવ્યો. આમ બાંટવાની શાખા બની.

મુખત્યારખાનના હાથમાં ગીદડ પરગણું આવ્યું. એનું ઈ. સ. ૧૮૧૧ માં અવસાન થતાં એની હયાતીમાં ઈ. સ. ૧૮૦૫ માં ગુજરી ગયેલા શાહજાદા સલાબતખાનનો શાહજાદો નથુખાન સત્તા પર આવ્યો. આમ ગીદડની શાખા થઈ.

માણાવદર પરગણું દિલેરખાનને મળેલું. એના પછી સરદારખાન અને ગજનફરખાન એક પછી એક સત્તાધીશ બન્યા. આમ માણાવદર શાખા બની.[૪૬]

## ૧૩. માંગરોળ( સોરઠ )ના કાઝીશેખ

આ પૂર્વે (ગ્રં. ૬, પૃ. ૧૫૪) આપણે જોયું કે શેખમિયાંએ માંગરોળમાં ઈ.સ. ૧૭૪૮માં સ્વતંત્ર સત્તા સ્થાપ્યા પછી ઈ.સ. ૧૭૬૨માં વેરાવળનો કિલ્લો સર કર્યો હતો. એ પછી એણે ચોરવાડ કેશોદ કોડીનાર માળિયા (હાટીના) અને બાંટવા ઉપર ચડાઈ લઈ જઈ ત્યાં પોતાની જમાબંદી નાખી હતી. ઈ.સ. ૧૭૭૧ માં જૂનાગઢના દીવાન અમરજીએ માંગરોળ ઉપર ચડાઈ કરી માંગરોળ પરગણામાંથી અડધો ભાગ નવાબ માટે લીધો હતો. શેખમિયાં સંયોગને પારખનાર મુસદ્દી યોદ્ધો હતો. એને પોતાથી પ્રબળ લાગતા લશ્કરી બળ પાસે ઝૂકી જતાં પણ વાર ન લાગતી. તક મળે ત્યારે માથું ઊંચકી ગામોનાં ગામ કબજે કરવામાં પણ એ એવો જ ચપળ હતો. રણછોડજી નોંધે છે કે ૮ ગામ બાંટવા સાથે જોડી દેવામાં આવ્યા છતાં શેખમિયાંને તાબે ૨૮૧ ગામ હતાં.[૪૭] ઈ. સ. ૧૭૭૬ માં એણે પોરબંદરના રાણાની સત્તા નીચેના નવીબંદરનો કબજો લઈ ત્યાં પોતાનું થાણું મૂક્યું હતું, જ્યારે પોરબંદરના રાણાએ 'જમા' ચૂકવવાનું કબૂલ કર્યું ત્યારે પોતાનું થાણું એણે ઉપાડી લીધું હતું. આ વખતે ગોંડળના કુંભોજીએ રાણાને મદદ કરી હતી. ઈ. સ. ૧૭૭૪ માં શેખમિયાંએ માથું ઊંચકતાં જૂનાગઢના નવાબે ભીમ ખોજાને મોકલેલો. એનું ન ચાલતાં નવાબે જાતે ચડાઈ કરી, પણ એ ન ફાવ્યો. પરિણામે નોકરી ઉપરથી ઉતારી મૂકેલા અમરજીને બોલાવ્યો. માંગરોળ નજીક અમરજી આવી પહોંચ્યાના ખબર મળતાં જ શેખમિયાંએ મેળવેલી લૂંટ અને દંડ રજૂ કરી કાયમી ખંડણી આપવી સ્વીકારી લીધી.[૪૮]

શેખમિયાંએ ૧૭૭૬ માં સરસિયા (તા. ધારી) ઉપર ચડી જઈ વિજય મેળવેલો, તો ૧૭૭૯ માં પ્રભાસપાટણના કિલ્લો સર કરી ૧૪-૧૫ વર્ષો સુધી તાબામાં રાખ્યો હતો. એણે દીવ નજીકના માંડવી(તા. ગારિયાધાર)ના કિલ્લા પર વિજય મેળવી, જીતના નિશાન તરીકે ત્યાંના કિલ્લાનાં બારણાં લાવી માંગરોળના બહારના કોટના ઉત્તર દરવાજા પર લગાવ્યાં હતાં. એ સમયથી એ દરવાજો 'માંડવી દરવાજો' કહેવાતો આવ્યો છે.

ઈ.સ. ૧૭૮૪ માં એનું અવસાન થતાં એનો પૌત્ર શેખ બદરુદ્દીન માંગરોળની ગાદીએ આવ્યો. થોડા જ સમયમાં પાટણના અને બીજા કાઝીઓએ માંગરોળમાં

હુલ્લડ કરેલું. શેખે ઈ. સ. ૧૭૯૧માં ચોરવાડ ઉપર ચડાઈ કરેલી. ઈ.સ. ૧૭૯૩ પ્રભાસપાટણ ઉપર ચડાઈ કરી સ્થનિક પટણી સિપાઈઓની મદદથી હમેશ માટે એ હસ્તગત કરી લીધું. ઈ.સ. ૧૭૯૪ માં માંગરોળ અને પોરબંદરની સત્તાઓ વચ્ચે એકબીજા સામે હથિયાર ન ઉપાડવાના કરાર થયા. જ્યારે ઈ.સ. ૧૭૯૭ માં માળિયાના હાટીઓ અને જૂનાગઢની સત્તા વચ્ચે લડાઈ થઈ ત્યારે બંને સત્તાઓએ માંગરોળની મદદ માગેલી. ઈ.સ. ૧૭૯૮ માં માંગરોળના સૈન્યે નવાનગરના જોધપુર ઉપર ચડાઈ કરી ત્યારે મેરુ ખવાસ મધ્યસ્થી બનતાં ઘેરો ઉઠાવી લેવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૮૦૩ માં મલ્હારરાવ ગાયકવાડે સૌરાષ્ટ્રની ખંડણી ઉઘરાવવા સૈન્ય મોકલેલ. એણે ઈ.સ ૧૮૦૪ ના વર્ષમાં માંગરોળ પાસે ચડેલી ત્રણ વર્ષની ખંડણી સામટી વસૂલ કરી હતી. ઈ.સ. ૧૮૦૭ માં જૂનાગઢ અને માંગરોળ વચ્ચેનાં મજમૂ પરગણાંઓનાં ગામોની વસૂલાત અને બીજી બાબતો માટે કરારનામાં થયેલાં. આ વર્ષમાં રાણા કંડોરણા ( રાણાવાવ મહાલ ) ઉપર મકરાણીઓએ હુમલો કરતાં પોરબંદરના રાણાએ માંગરોળની મદદ માગી હતી. ૧૮૦૮ માં કર્નલ વૉકરના 'સેટલમેન્ટ'માં શેખ બદરુદ્દીનને અનેક વાર પત્ર લખી બોલાવેલા, પણ એ ગયા નહિ, પરિણામે જૂનાગઢે બાંટવા–માણાવદર–ગીદડ જેવું જ માંગરોળ પણ તાબાનું જાગીરદારી પરગણું છે એમ લખાવી લીધું, પરિણામે એ પેટારાજ્ય જ રહ્યું; જો કે શેખોએ આનો હંમેશ અસ્વીકાર કર્યો હતો.[૪૯]

આ જ વર્ષમાં જૂનાગઢે માંગરોળ અને ગોંડળ સાથે એકબીજાને મદદ કરવા માટે કરાર કર્યા હતા. આ સમયે પોરબંદરના કુમાર હાલોજીએ પિતા સામે માથું ઊંચક્યું હતું. એને ઉશ્કેરનારા કરશન નામના ખવાસે રાજમહેલ પણ કબજે કરી લીધો હતો. એની સામે રાણાએ માંગરોળની સહાય માગી હતી. કેવદરાનો રાયજાદો વાઘોજી ગોંડળને પજવતો હતો તેની સામે માંગરોળની સહાય માગવામાં આવી હતી. ઈ. સ. ૧૮૧૫ માં શેખ બદરુદ્દીનનું અવસાન થતાં એનો શાહજાદો બાવામિયાં ગાદીએ આવ્યો. શેખ બદરુદ્દીન એના પિતા જેવો બહાદુર હતો. એણે માંગરોળ રાજ્યને પોતાના સમયમાં સમૃદ્ધ બનાવ્યું હતું.[૫૦]

## ૧૪. પાલનપુરનો હેતાણી વંશ

### દીવાન બહાદુરખાન ( ઈ. સ. ૧૭૪૪–૧૭૮૨ )

પાલનપુરના હેતાણી વંશમાં દીવાન બહાદુરખાન ઈ. સ. ૧૭૪૪ માં સત્તા પર આવ્યો હતો. મોટા ભાઈ ઉસ્માનને થોડો મુલક આપી સંતોષ આપેલો.

એ માથાભારે હતો તેથી બહાદુરખાને એને ઝેર અપાવી મરાવી નાખેલો અને પછી એની જાગીર પર હાથ નાખેલો. દાંતાના કરણસિંહની જાગીર ઉસ્માનખાને લઈ લીધેલી હોઈ એ મેળવવા કરણસિંહે પોતાની બહેન બહાદુરખાનને પરણાવી અને ઉસ્માનખાને સુદાસણાના ઠાકોર અમરસિંહને દાંતાની જાગીર સોંપી હતી તે હાથ કરી. દાંતામાંથી પરવારી બહાદુરખાને સેભરપાધરના શેરાણી પઠાણોની જાગીર કબજે કરી. એ પછી બીજી રાણીના પિતા મલાણીસાહના જાગીરદાર અખેરાજની જાગીર પણ કબજે કરી. એ ઉપરાંત બીજાં પણ ગામ કબજે કર્યાં. ધાનેરા અને થરાદ કબજે કરી રિયાસતમાં સારી વૃદ્ધિ કરી.

ઈ. સ. ૧૭૫૮ માં પેશવાના સેનાપતિ સદાશિવ રામચંદ્રે પાલનપુર પર ચડાઈ કરી બહાદુરખાનને નજરાણાની રકમ આપવા ફરજ પાડી. પાલનપુર રાજ્યે ચડેલ નજરાણું સમયસર ન મોકલવાથી દમાજી ગાયકવાડ બહાદુરખાનના સમયમાં જ ચડી આવેલો. તેની સામે સલીમખાન ગયેલો, પણ એ હારી જવાથી એણે મોટી રકમ આપવી પડી હતી. ઈ.સ. ૧૭૮૨ માં બહાદુરખાનનું અવસાન થતાં એણે જમાવેલી સમૃદ્ધ રિયાસત પર એનો પાટવી દીવાન સલીમખાન આવ્યો.

**દીવાન સલીમખાન** ( ઈ. સ. ૧૭૮૨–૧૭૮૫ )

સલીમખાન અસ્થિર અને નબળો મનનો હોવાથી એની ઓરમાન માતા દાંતાવાળી બારડજીબાઈએ સલીમખાનના પાટવી શેરખાનનો હક્ક ડુબાડી એનાથી નાના બામઝીદખાનને પાટવી બનાવડાવ્યો. પરિણામે કુટુંબમાં આંતરિક કલેશ શરૂ થયો. એ કલેશથી કંટાળી શેરખાન પાલનપુર છોડી ગયો. દરમ્યાન સલીમખાનની બીમારી વધી તેથી એની તબિયત જોવા શેરખાન આવ્યો ત્યારે એણે ઓરમાન માતાની વિરુદ્ધ જઈ શેરખાનને પાટવી નીમ્યો અને ઈ. સ. ૧૭૮૫ માં સલીમખાનનું અવસાન થતાં શેરખાન સત્તા પર આવ્યો.

**દીવાન શેરખાન** ( ઈ. સ. ૧૭૮૫–૧૭૯૨ )

શેરખાન સત્તા ઉપર આવતાં આંતરિક ખટપટને ખાળી શકવા સમર્થ થયો. એણે વિરોધીઓને જેર કર્યા. ગોળાના એક વિરોધી જાગીરદાર મુજાહિદખાનની મદદે ગાયકવાડી લશ્કર આવેલું તેની સાથે શેરખાનને યુદ્ધ થયું તેમાં એનો વિજય થયો. મુજાહિદખાનના મરણ પછી એનો પુત્ર ઉસ્માનખાન ગોળાનો જાગીરદાર થયો તેણે માથું ઊંચકતા શેરખાને એને હાર આપી તેથી એ

ઈડર તરફ ચાલ્યો ગયો. આ રીતે જાગીરોની આંતરિક ખટપટો પર પણ શેરખાને કેટલેક અંશે વિજય મેળવ્યો. આ દરમ્યાન ઈ. ૧૭૮૮ માં પેશ્વાની સેનાનો સરદાર શિવરામ ગારદી નજરાણું ઉઘરાવતો સૌરાષ્ટ્રમાંથી પાલનપુર આવી પહોંચ્યો. શેરખાને એવો મજબૂત સામનો કર્યો કે ગારદીને ચાલ્યું જવું પડ્યું. શેરખાન નાની વયમાં મધુપ્રમેહનો ભોગ બન્યો અને ઈ. સ. ૧૭૯૨ માં અવસાન પામ્યો.

**દીવાન સમશેરખાન** ( ઈ. સ. ૧૭૯૨-૧૭૯૬ )

શેરખાન અપુત્ર મરણ પામતાં એની બહેન સોનાબુબુએ પોતાના પુત્ર મુબારીઝખાનને ગાદી અપાવવા પ્રયત્ન કર્યો, પણ એમાં એને નિષ્ફળતા મળી અને હેતાણી વંશના ગોળાના સદ્ગત જાગીરદાર ઉસ્માનખાનના પુત્ર સમશેર-ખાનને સરદારો અને પ્રજાએ રાજ્યનું સુકાન સોંપ્યું. કેટલીક આંતરિક ખટપટને કારણે એ ડીસા રહેતો હતો. સરદારોએ યુક્તિથી એને પાલનપુર બોલાવી રાજ્યનો હવાલો આપ્યો. પછીથી પાલનપુરની સેનાના જમાદારો અને સમશેરખાનજી વચ્ચે અણબનાવ થતાં સમશેરખાનજી પાલનપુર છોડી ડીસામાં જઈ રહ્યો.

**દીવાન પીરોજખાનજી** ( ઈ. સ. ૧૭૯૬-૧૮૧૨ )

ફતેખાનજી ૨ જાના પુત્ર પીરોજખાનજીને જમાદારોએ સલાહ કરી વાસડેથી બોલાવી સમશેરખાનજીને ઠેકાણે પાલનપુરની ગાદીએ બેસાડ્યો. એણે મેપડા મુકામે ગાયકવાડની ફોજ ખંડણી લેવા આવી હતી તેની સામે યુદ્ધ આપી ફોજને હાંકી કાઢી હતી. સમશેરખાનજી સાથે પણ કેટલીક વાર યુદ્ધ ખેલવાં પડ્યાં હતાં. જેમાં એને વિજય મળ્યા કર્યો હતો.

પીરોજખાનને ઈ.સ. ૧૮૦૯-૧૮૧૦ માં પ્રથમ વાર ગાયકવાડ દ્વારા કંપની સત્તા સાથે સંબંધ શરૂ થયો હતો. એનું ૧૮૧૨ માં જમાદારોએ સિસરાણાના જંગલમાં લઈ જઈ દગાથી ખૂન કરી નાખ્યું હતું.

**દીવાન ફત્તેખાનજી** ( ઈ. સ, ૧૮૧૨ થી ૧૮૫૪ )

પીરોજખાનજીનું ખૂન થતાં એનો પુત્ર ફતેખાનજી ૧૩ વર્ષની કાચી વયે ગાદી પર આવ્યો. એ સગીર હોઈ સત્તાસૂત્ર જમાદારોના હાથમાં હતાં. તક જોઈ ફતેખાનજીને કેદ કરી જમાદારોએ સમશેરખાનજીને ડીસેથી બોલાવી લાવી ગાદીનશીન કર્યો એટલે મુક્ત થયેલા ફતેખાનજીએ ગાયકવાડ દ્વારા કંપની સત્તાનું રક્ષણ માગ્યું ત્યારે ગાયકવાડ અને અંગ્રેજ લશ્કર પાલનપુર ધસી આવ્યું અને ફતેખાનજીને ગાદીએ બેસાડી સમશેરખાનજીને વાલી-પદે નીમ્યો ( ઈ.સ. ૧૮૧૪), પરંતુ આગળ જતાં સમશેરખાનજીએ

ઠરાવનો ભંગ કર્યો તેથી ફત્તેખાનજીએ ફરી કંપની સત્તાને અરજ કરી (૧૮૧૬) એટલે ગાયકવાડ અને અંગ્રેજ ફોજ ફરી આવી. સમશેરખાનજી થોડો બચાવ કરી નાસી ગયો અને ફત્તેખાનજી ૧૮૧૮ માં સંપૂર્ણ સત્તાધારી બન્યો. કોલકરારની રૂએ અંગ્રેજ રેસિડન્ટ આ વર્ષથી પાલનપુરમાં આવ્યો અને એનું થાણું શરૂ થયું.૫૧

## ૧૫. ખંભાતનો નવાબી વંશ

ભગવંતરાવ સાથેના સંઘર્ષને કારણે મોમિનખાન ભારે આર્થિક સંકડામણમાં આવી ગયો હતો. એણે લશ્કરના ચડેલા પગાર ચૂકવી આપવાની દૃષ્ટિએ એક ટુકડી મોકલી લીંબડીનાં ગામડાં લૂંટી પગાર ચૂકવી આપ્યા. એ પછી ઘોઘા ઉપર હલ્લો કરી એ હસ્તગત કર્યું અને ત્યાં થાણું મૂક્યું. એ માર્ગમાંનાં ગામડાંઓમાંથી પેશકદમી ઉઘરાવતો આવ્યો. એ અમલદારો સૌરાષ્ટ્રમાં આગળ વધ્યા અને લૂંટ મેળવી મોકલી ત્યારે લશ્કરના ચડેલા પગાર ચૂકવી શકાયા. એણે પેટલાદ પણ હુમલો કર્યો અને દૂર સુધીનાં ગામોમાંથી નાણાં એકત્રિત કર્યાં. દાણીની જકાતમાંથી બચવા ખંભાતના વેપારી જંબુસર માલ ઉતરાવતા. આ માટે દેહવાણના કોળીઓને લૂંટમાં ભાગ આપવાની શરતે બોલાવી એ જંબુસર પર ચડાઈ લઈ ગયો ને ભારે જુલ્મ કરી એણે ઘણી મોટી લૂંટ મેળવી. મોમિનખાનનો ડર તેમ કડપ એવાં પ્રબળ હતાં કે પેટલાદ પરગણાનાં ગામોના મુખીઓએ મરાઠાઓને આપવાની પેશગીનો ચોથો ભાગ મોમિનખાનને આપવા કબૂલેલું. મોમિનખાન બોરસદને પણ લૂંટવા ચાહતો હતો, પણ વડોદરાથી સૈન્ય આવી પહોંચતાં એને ખંભાત ચાલ્યું જવું પડેલું.

ઈ. સ. ૧૭૫૬ માં થયેલા ભારે વરસાદને કારણે અમદાવાદના કોટની દીવાલોમાં અનેક ઠેકાણે ગાબડાં પડી ગયેલાં. મોમિનખાન લૂંટથી માલદાર બનતાં એની મહત્ત્વાકાંક્ષા વધી અને અમદાવાદમાં શ્રીપતરાવે મૂકેલા રાઘોજીનું ખૂન થતાં અમદાવાદ રેઢું પડેલું એટલે ડભોઈના કોળીઓની મદદથી એ અમદાવાદમાં પેઠો અને ભારે લૂંટ ચલાવી એણે અમદાવાદનો કબજો લઈ લીધો. જેમ ઘોઘા પર વિજય મેળવતાં દિલ્હીથી બાદશાહે તલવાર ભેટ મોકલેલી તેમ અમદાવાદ સર કરતાં એની તારીફ કરી. અમદાવાદમાં પોતાનો પ્રતિનિધિ મૂકી એ ખંભાત આવ્યો. આ ગાળામાં જવાંમર્દખાન બાબી અને મરાઠા સરદાર સદાશિવ દામોદર મળી ખંભાત તરફ વધ્યા. એનો મોમિનખાન તરફથી પ્રબળ સામનો થયો તેમાં મોમિનખાનનો વિજય થયો. પાછળથી પેશવા સાથે સલાહ થતાં મોમિનખાનને અમદાવાદ અને ઘોઘા જતાં કરવાં પડયાં અને એની પાસે માત્ર ખંભાત રહ્યું (ઈ.સ. ૧૭૫૮). મોમિનખાને એક વાર પેશવાને

ખંડણી ન આપવાથી સદાશિવરાવ ચડી આવ્યો. વીશ હજાર પેશકશીના લઈ એણે ઘેરો ઉઠાવ્યો.

મોમિનખાનને સુરતની અંગ્રેજી કોઠીના કૅપ્ટન સાથે મૈત્રી થયેલી એ કારણે સુરત સુધી જઈ ત્યાંથી અંગ્રેજી વહાણ દ્વારા એ મુંબઈ ગયો અને ત્યાં પૂણેમાં પેશવાનો આદરસત્કાર પામ્યો. માન લઈ બે મહિને એ પાછો એ જ રીતે પરત આવી ગયેલો (ઈ. સ. ૧૭૬૦). મોમિનખાન વાર્ષિક રૂ. ૮૪,૦૦૦ ની ખંડણી પેશવાને આપતો હતો. ઈ સ. ૧૭૬૧ માં અહમદશાહ અબ્દાલીને હાથે પાણીપતના છેલ્લા યુદ્ધમાં મરાઠાઓની ભારે મોટી હાર થવાથી દિલ્હીની બાદશાહતમાં થોડું જોર આવ્યું હતું એટલે ગુજરાતમાંથી મરાઠાઓને હાંકી કાઢવા માટે મોમિનખાનને કહેવામાં આવ્યું. સહાય માટે બાદશાહ તરફથી સૈન્ય આવી રહ્યું છે એ આશાએ મોમિનખાન અને ભરૂચના નવાબ સાથે મળી જંબુસરનો કબજો કરી લીધો. અબ્દાલી હિંદ છોડી જતાં મરાઠાઓમાં પાછું બળ આવ્યું હતું એટલે ગુજરાતની પરિસ્થિતિ જાણવામાં આવતાં પેશવાએ સદાશિવ રામચંદ્રને રવાના કર્યો. દમાજી ગાયકવાડની સહાયથી ચડી આવી એણે ખંભાત ચોર્યાસી પરગણાનાં ગામ લૂંટી પ્રદેશને તારાજ કરી નાખ્યો. થયેલા યુદ્ધમાં મોમિનખાનનો પરાભવ થયો. બાદશાહી લશ્કર આવ્યું નહિ અને સલાહ કરવી પડી; બે વર્ષથી નહિ આપેલી ખંડણી ચૂકતે કરવી પડી.

ધીમે ધીમે મોમિનખાન સખત રીતે નાણાંની ભીડમાં આવવા લાગ્યો. એ ભીડ ટાળવા એણે પ્રજા ઉપર જ ભારે વેરા નાખ્યા, પરિણામે વિદ્વાન બ્રાહ્મણો તો સુરત તરફ અંગ્રેજોના આશ્રયમાં જઈ રહ્યા. પ્રજા પાસેથી જે રકમ મળી તે માત્ર બે લાખની હતી.

ઈ.સ. ૧૭૬૬ માં કોળીઓ અને કાઠીઓનો ખંભાતને ભારે ત્રાસ ભોગવવો પડ્યો હતો, આમાંથી બચાવવા ખંભાતની હદમાંથી ન લૂંટે એ શરતે પસાર થવાનું અને દર વર્ષે રૂ. ૪,૦૦૦ કોળીઓને આપવાનું મોમીનખાનને કબૂલ કરવું પડ્યું. દામાજીરાવના અવસાને પેશવાનો ભાગ અડધો હતો તે હવે ચોથો થઈ ગયો.

ઈ.સ. ૧૭૭૧ માં અંગ્રેજોએ કોળી ચાંચિયાઓ પાસેથી તળાજાનો કિલ્લો અને બંદર જીતી લીધાં હતાં તે મોમિનખાને રૂ. ૭૫,૦૦૦ માં વેચાણ લીધાં; એવી શરતે કે એ કંપની સત્તા વતી મોમિનખાન સાચવે અને કંપનીની રજા વિના કોઈને આપે નહિ, લશ્કરના હેતુએ જરૂર પડતાં આ બંનેનો કંપની

ઉપયોગ કરી શકે. બે વર્ષ સુધી પોતાના હવાલામાં રાખ્યા પછી કંપનીના કહેવાથી ભાવનગરના રાજવીને તળાજા સોંપી દેવામાં આવ્યું.

ઈ.સ. ૧૭૭૨ થી ૧૭૮૨ સુધીનાં દસ વર્ષોનો ખંભાતનો વહીવટ મોમિન-ખાનના નાયબ મિરઝાં તેમનના હાથમાં રહ્યો હતો. આ ગાળામાં ખંભાત ધીમે ધીમે ઊભું થવા લાગ્યું હતું.

દસ વર્ષોના આ શાંતિના ગાળામાં મોમિનખાને મરાઠાઓની રાજખટપટમાં ભાગ લીધેલો. દમાજી ગાયકવાડના પુત્રોની ખટપટમાં પેશવાએ દમાજીના અવસાને બીજા પુત્ર ગોવિંદરાવનો પક્ષ લીધો તો નાના ફત્તેસિંહરાવે મોટા પુત્ર સયાજીરાવના નાયબની ફરજ બજાવતાં સયાજીરાવનો પક્ષ લીધો; મોમિનખાને ફત્તેસિંહરાવને ટૂંક આપી, પરિણામે એનો પેશવા સાથેનો સંબંધ વણસ્યો. જ્યારે રઘુનાથરાય પેશવા હાર ખાઈ ખંભાત તરફ આવ્યો ત્યારે એને આશ્રય ન આપવાથી એ ભાવનગર થઈ મુંબઈ તરફ ચાલ્યો ગયેલો. મોમિનખાને કરેલા આ અપમાનનો બદલો લેવા ઈ.સ. ૧૭૭૪ માં અંગ્રેજોની મદદથી રઘુનાથરાવ ખંભાત આવ્યો, પણ ગુજરાતમાં વિરોધી એક બીજી સત્તા હોવી જોઈએ એ દૃષ્ટિએ મોમિનખાન સામે રોષ ન રાખવા રઘુનાથરાવને સમજાવવામાં આવ્યો. થોડા સમય પછી અંગ્રેજોની રાજનીતિમાં પલટો આવ્યો અને ફત્તેસિંહરાવ સામેનો વિરોધ છોડી દીધો. અંગ્રેજોની લાગવગ ઊતરી ગયા પછી મોમિનખાને ફત્તેસિંહ-રાવની સાથે ફરી સલાહ કરી ગોવિંદરાવ સાથે લડતમાં મદદ કરી હતી (ઈ.સ. ૧૭૭૭).

ફત્તેસિંહરાવે કાઠીઓના હુમલા અટકાવવાનું કહેતાં એણે કાઠીઓને સાબર-મતીની પૂર્વ દિશાએ આવતા અટકાવ્યા હતા, છતાં કાઠીઓ સાથેનો એનો સંબંધ મીઠો રહ્યો હતો. ફત્તેસિંહરાવને માટે કરેલી આ સેવા બદલ મોમિન-ખાનને ૭ ગામ બક્ષિસ મળ્યાં હતાં.

કાઠીઓના જાણવામાં આવ્યું કે મોમિનખાન મરાઠાઓ સાથે પણ સંબંધ રાખે છે ત્યારે તેઓએ ચડી આવી ખંભાતનાં સંખ્યાબંધ ગામડાં લૂંટેલાં, આથી કાઠીઓનો સંબંધ છોડી દઈ એણે સાબરમતીના પૂર્વ કિનારે એક મજબૂત થાણું મૂક્યું હતું. આ થાણાને નિભાવને માટે પેલાં છ ગામડાંની આવક પૂરી થતી નહોતી એટલે ફત્તેસિંહરાવ પાસેથી, પેશવા પાસેથી અને માતર પરગણાની પેદાશમાંથી લેવાની રહેતી. ઈ. સ. ૧૭૮૦ માં અંગ્રેજોએ અમદાવાદ જીતી લીધા પછી ફત્તે-સિંહરાવને મહી નદીની ઉત્તરનો ભાગ મળી જવાથી એણે મોમિનખાન પાસેથી

ખંડણી લેવાનું બંધ કર્યું. આમાં અંગ્રેજોનો ઉપકાર થયેલો હોવાથી મોમિનખાને અંગ્રેજોને ખંભાતના બંદર–જકાતના દરવાજાનો હક્ક સોંપ્યો હતો. ઈ.સ. ૧૭૮૩ માં આ હક્ક મોમિનખાનને પાછો મળી ગયો હતો.

**મુહમ્મદ કુલીખાન** (ઈ. સ. ૧૭૮૩-૧૭૮૯)

ઈ. સ. ૧૭૮૩ ના વર્ષમાં મોમિનખાનનું અવસાન થતાં એનો જમાઈ મુહમ્મદ કુલીખાન થોડા કૌટુંબિક સંઘર્ષ પછી ખંભાતનો હાકેમ બન્યો. એના સમયમાં માત્ર એક જ બનાવ બન્યો તે એ કે એક ગુનેગાર ખંભાતમાં આશ્રયે પહોંચતાં એની માગણી ઠુકરાવવામાં આવી ત્યારે વડોદરાથી ફત્તેસિંહરાવે ખંભાત ઉપર ચડાઈ કરી. આગમનની જાણ થતાં પેલો ગુનેગાર નાસી ગયો, પણ આ માટે રૂ. ૧૫,૦૦૦ નવાબ તરફથી ફત્તેસિંહરાવને મળ્યા.

**નવાબ ફતેહઅલીખાન** (ઈ. સ. ૧૭૮૯ થી)

ઈ. સ. ૧૭૮૯ માં મુહમ્મદ કુલીખાનનું અવસાન થતાં એના ત્રણ પુત્રોમાંના મોટા ફતેહઅલીખાનના હાથમાં ખંભાતની હાકેમી આવી. વડોદરામાં ફત્તેસિંહરાવના અવસાને માનાજીરાવ ગાદીએ આવ્યો તેણે ફતેહઅલીખાન પાસે અગાઉ આપેલાં ૭ ગામ પાછાં માગ્યાં. ફતેહઅલીખાને આની ના પાડી, પણ પછી એવું સમાધાન કરવામાં આવ્યું કે કોળીઓને રોકવા ફત્તેસિંહરાવ રૂ. ૧૦,૦૦૦ ખંભાતને આપતા હતા તે માત્ર બંધ કરવા અને ૭ ગામ ખંભાતની પાસે રહેવા દેવાં.

આ સમયે ફતેહઅલીખાને દિલ્હીમાં બાદશાહને મોટી ભેટો મોકલી આપી તેના બદલામાં બાદશાહે મોમિનખાન રાજાને આપેલો વંશપરંગરાગતનો ઇલકાબ આપ્યો, ઉપરાંત ૭ હજારી મનસબ આપી 'ખંભાતના નવાબ' તરીકેનું પદ જાહેર કર્યું.

આમ ફતેહઅલીખાન ખંભાતનો પહેલો નવાબ થયો. એના સમયમાં મરાઠાઓ સાથે મનદુઃખ થયા કરતું. પેલાં ૭ ગામોનો પ્રશ્ન ફરી ઈ.સ. ૧૭૯૨ માં ઊઠ્યો અને વડોદરાએ એ ખાલસા કર્યાં ને થોડા સમય પછી ખંભાતને પરત કર્યાં. ઈ.સ. ૧૭૯૯ માં પેશવાનો સરદાર આત્મારામ ભાઉ ખંભાત રાજ્યની હદમાં આવ્યો, પણ રૂ. ૩૦,૦૦૦ એને આપી દેવાથી એ પાછો ફરી ગયો. ઈ.સ. ૧૮૦૦ માં આનંદરાવ ગાયકવાડનો સરદાર બાલાજી આપાજી સૌરાષ્ટ્રમાં ખંડણી ઉઘરાવવા જતો હતો ત્યારે ખંભાતથી પસાર થયેલો. એણે આ નવાબ પાસેથી રૂ. ૫૦,૦૦૦ વસૂલ કર્યા હતા.

ઈ.સ. ૧૮૦૨ માં પેશવા અને અંગ્રેજો વચ્ચે વસઈના કોલ–કરાર થયા ત્યારે ખંભાતને લગતા પેશવાના બધા હક્ક કંપની સરકારને મળ્યા.

ઈ.સ. ૧૮૦૬ માં બાલાજી આપાજીએ કાઠીઓને તાબે કરવાથી ખંભાતના હાકેમોએ સાબરમતીના પૂર્વ કાંઠે બચાવનાં જે સાધન ઊભાં કરેલાં તે નકામાં ગયાં, એટલે પેલાં ૭ ગામ પરત લેવાની તજવીજ શરૂ થઈ. આ વિશે હુકમ મળતાં મહીકાંઠાનો વહીવટ કરતા બાપુ કાશીએ ખંભાત પરગણાનાં બીજાં ઘણાં ગામોમાંથી નાણાં ઉઘરાવવાના મુચરકા લેવા માંડયા. ખંભાતના નવાબે મુંબઈમાંની અંગ્રેજ સત્તાને અરજ કરતાં વડોદરામાં રેસિડન્ટ તરીકે આવેલા મેજર ( પછીથી કર્નલ ) વૉકરે એવું સમાધાન કરાવી આપ્યું કે ખંભાતે વડોદરાનું વાજબી લેણું ચૂકવી આપવું અને વડોદરાએ ખંભાતનાં ગામોમાંથી લીધેલા મુચરકા પરત કરી દેવા.

આ પછી તો અંગ્રેજોનું ગુજરાતમાં વર્ચસ વધતું ચાલ્યું અને ટંટાબખેડા ઓસરતા ચાલ્યા. જ્યાં ક્યાંય કાંઈ થતું તેમાં અંગ્રેજ સત્તા મધ્યસ્થ બનતાં સરળતાથી સમાધાન થઈ જતાં. પરિણામે ઈ.સ. ૧૮૧૮ માં કંપની સત્તાએ ગુજરાત પર સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું ત્યાંસુધીમાં ખંભાતને લગતો કોઈ બનાવ બન્યો નહિ. પહેલાં ખંભાતમાં જુદો રેસિડન્ટ રહેવો શરૂ થયેલો તે પણ હવે રાખવો બંધ કર્યો અને ખેડાના કલેક્ટરને ખંભાત રાજ્યનો પોલિટિકલ એજન્ટ ઠરાવવામાં આવ્યો.[૫૨]

## ૧૬. ભરૂચની નવાબી

ઈ.સ. ૧૭૨૨ માં નિઝામુલ્મુલ્કે દિલ્હીની દીવાનગીરી છોડી ત્યારે બાદશાહ મહમૂદશાહે એને ભરૂચની જાગીર આપી ત્યારથી ભરૂચમાં સ્થાયી પ્રકારનું મુસ્લિમ શાસન શરૂ થયું હતું. એણે ભરૂચમાં અબ્દુલ્લા નામનો વહીવટદાર નીમ્યો. ઈ.સ. ૧૭૩૬ માં નિઝામુલ્મુલ્કે અબ્દુલ્લાને 'નેકઆલમખાન 'નો ઇલકાબ આપ્યો તે જ વર્ષથી એ ભરૂચનું રાજ્ય સ્વતંત્રપણે ચલાવવા લાગ્યો. ભરૂચના સ્વતંત્ર નવાબોમાં આમ એ પહેલો નવાબ હતો, ઈ.સ ૧૭૩૮ માં એનું અવસાન થતાં એનો બીજો પુત્ર મીરઝાબેગ 'નેકમીલખાન 'નો ઇલકાબ ધારણ કરી ગાદીએ આવ્યો. એના સમયમાં ઈ.સ. ૧૭૪૧ માં દમાજી ગાયકવાડે ભરૂચને ઘેરો ઘાલ્યો ત્યારે મીરઝાબેગ એનો પ્રતીકાર કરવા તૈયાર થયો અને લશ્કરી સહાય માટે નિઝામુલ્મુલ્કને લખ્યું એટલે નિઝામુલ્મુલ્કે દમાજીને લખ્યું કે ભરૂચ અમારી માલિકીનું છે માટે ખસી જાઓ. દમાજીને પત્ર મળતાં એનો ઘેરો ઉઠાવી લીધો.

આને કારણે મીરઝાબેગે ભરૂચના ફુરજાની જકાત આવે તેમાં દમાજીનો હિસ્સો કરી આપેલો. ઈ. સ. ૧૭૪૮ માં અહમદશાહની પરવાનગીથી અહીં શાહી ટંકશાળ શરૂ થઈ હતી.

ઈ. સ. ૧૭૫૨ માં મીરઝાબેગ ગુજરી જતાં એનો ભાઈ મુઘલબેગ ગાદીએ આવ્યો. ત્રણ જ મહિનામાં એનું અવસાન થતાં અબ્દુલ્લાબેગના પૌત્રો માંહોમાંહે આખડતા રહેવાથી બે વર્ષ ગાદી ખાલી રહી. ઈ. સ. ૧૭૫૨ માં નિઝામુલ્મુલ્ક ગુજરી જતાં એનો ભરૂચનો હક્ક નષ્ટ થઈ ગયો, પણ ગાયકવાડની ફુરજા ઉપરની જકાતનો હિસ્સો ચાલુ રહેલો.

પેલા પૌત્રોના ટંટામાં સુરતનો સૈયદ એદ્રુસ મધ્યસ્થ બન્યો અને એક પૌત્ર અહમદબેગને ગાદીએ બેસાડચો. ઈ. સ. ૧૭૫૮–૧૭૫૯ માં ભરૂચમાં ગોસાંઈ બાવાઓનું ટોળું આવ્યું તે તોફાન કરવા લાગ્યું ત્યારે એને અહમદબેગે જાતે સૈનિકોની આગેવાની લઈ હાંકી કાઢયું હતું.

ઈ. સ. ૧૭૫૯ માં અંગ્રેજોએ ત્યાંના નવાબ પાસેથી સુરતનો કબજો સંભાળ્યો ત્યારે ભરૂચના ફુરજાની સુરતની હકસાઈ અંગ્રેજોને મળી.

ઈ. સ. ૧૭૬૧ માં ખંભાતના મોમીનખાનની મદદે જઈ સુરતના નવાબે જંબુસર જીતી લીધું હતું. ઈ. સ. ૧૭૬૮ માં અહમદબેગ ગુજરી જતાં એનો પુત્ર મઝદખાન ગાદીએ આવ્યો.

સુરતની ભરૂચના ફુરજાની જકાત ને હકસાઈ ભરૂચે બાર વર્ષ સુધી ચૂકવી નહોતી તેથી અંગ્રેજોએ ઈ. સ. ૧૭૭૧ માં કર્નલ કેનીની આગેવાની નીચે ભરૂચ પર આક્રમણ કર્યું. આની સાથે સુરતના નવાબના ૭૦૦ સૈનિક પણ સામેલ હતા. નવાબે ખંભાતના નવાબ અને ફત્તેસિંહરાવ ગાયકવાડ પર પત્રો લખી મદદ માગી. ખંભાતથી કશું આવ્યું નહિ, પણ ફત્તેસિંહરાવ પોતાના સૈન્ય સાથે ભરૂચ આવી પહોંચ્યો. બેશક, ફત્તેસિંહરાવની મુરાદ નવાબ ભરૂચના કિલ્લામાંથી બહાર નીકળે એટલે ભરૂચનો કબજો લઈ લેવાની હતી. નવાબને આની ગંધ પહોંચી જતાં એણે ગાયકવાડને જણાવ્યું કે ગાયકવાડી સૈનિક એક પણ ભરૂચમાં મોકલવો નહિ, મદદની જરૂર પડશે તો હું કહેવરાવીશ. નવાબે અંગ્રેજો સામે નર્મદાને સામે કાંઠે કીમ નજીક સૈન્ય મોકલી આપ્યું, એમાં વિજય ન મળતાં સૈનિકો મોટી ખુવારી સાથે પાછા આવ્યા. હવે નવાબી લશ્કર કિલ્લામાં આવ્યું અને નવાબે કિલ્લા પર મોરચો નક્કી કરી આપ્યો. એ દરમ્યાન અંગ્રેજ સૈન્ય સામે કાંઠે આવી પહોંચ્યું હતું. વળતે દિવસે

અંગ્રેજોએ એક બેટ ઉપર મુકામ કરી ત્યાંથી ભરૂચ પર મારો શરૂ કર્યો તો સામેથી નવાબી મારો પણ શરૂ હતો. જોરદાર મારાથી ભરૂચના કોટમાં ગાબડાં પડયાં. આ જોઈ અંગ્રેજી ટુકડી હોડીઓ દ્વારા આવવા ચાહતી હતી, પણ નર્મદાના સખત વહેણને કારણે વધુ પશ્ચિમ તરફ ખેંચાઈ ગઈ, દરમ્યાન નવાબનો મારો તો ચાલુ જ હતો. એક ગોળો અંગ્રેજોના દારૂખાના પર પડતાં બધું દારૂખાનું સળગી ગયું. ચોમાસાની શરૂઆત હોઈ અંગ્રેજ સૈન્ય સુરત પાછું ચાલ્યું ગયું. ગાયકવાડના ઉપકાર માની નવાબે એને વડોદરા જવા અનુમતિ આપી.

ઝગડાનું સમાધાન કરવા માટે નવાબને મુંબઈ બોલાવવામાં આવ્યો અને ત્યાં એનું ઘણું સંમાન કરવામાં આવ્યું. વાટાઘાટ પછી ભરૂચના જંગ વખતે અંગ્રેજોનું દારૂખાનું સળગી ગયું હતું તેના બદલા વગેરે તરીકે ચાર લાખ રૂપિયા નવાબે ભરવાનું નક્કી થયું. નવાબની એ માટે શક્તિ નહોતી એટલે લલ્લુભાઈ[૫૩] નામના વણિકની સલાહ પ્રમાણે લશ્કર એણે ઓછું કરી નાખ્યું અને વસ્તી પર કરવેરા નાખ્યા. એ એવા ભારે હતા કે પ્રજા આપી શકે નહિ. લોકોનો પ્રિય નવાબ આમ લલ્લુભાઈની સલાહને કારણે તદ્દન અપ્રિય થઈ પડયો. લલ્લુભાઈની સલાહથી સ્ત્રીઓનાં ઘરેણાં અને નવાબની રૂપાની પાવડી વગેરે ભરેલી એક પેટી મુંબઈથી નાણાં વસૂલ કરવા આવેલા મોર્લી નામના અમલદારને આપવામાં આવી. અંગ્રેજ અમલદાર આ અપમાનની ફરિયાદ કરવા મુંબઈ ગયો. ત્યાંથી ભરૂચના નવાબને સજા કરવા અંગ્રેજ લશ્કર આવ્યું. નવાબના સુનંદા માણસોએ પ્રબળ સામનો આપતાં વેડરબર્ન નામનો અંગ્રેજ અમલદાર માર્યો ગયો. અંગ્રેજ સૈન્ય મુંબઈ જવા તૈયારી કરતું હતું ત્યાં લલ્લુભાઈએ કહેણ મોકલ્યું કે નવાબ પાસે ૭૦૦ જેટલા જ સૈનિકો છે તેથી નાઉમેદ ના થાઓ. અંગ્રેજોએ કિલ્લા ઉપર તોપમારો કરી પાડેલાં ગાબડાં દ્વારા પ્રવેશ કર્યો. ૩૬ કલાક બચાવ કર્યા પછી નવાબનો સંપૂર્ણ પરાજય થયો. લલ્લુભાઈની સલાહથી નવાબ આમોદ તરફ ગયો. બીજી બાજુ લલ્લુભાઈ પાછળ ગયો ને આમોદના ઠાકોરને અંગ્રેજો વિરુદ્ધ નવાબને આશરો ન આપવા સલાહ આપી. નવાબ ત્યાંથી દેહવાણ(તા. બોરસદ)ના કોળી રાજવી પાસે ગયો, જ્યાં એને આશ્રય મળ્યો. ૧૭૭૨ ની આખરમાં અંગ્રેજોએ આમ ભરૂચ લીધું. નવાબનો પુત્ર ઓકુદીખાન ઇંગ્લૅન્ડ ગયો[૫૪] અને ત્યાં અરજ-હેવાલ કર્યા પછી ૧૭૯૪ માં એને અને એના ત્રણ ભાઈઓને માસિક રૂા. ૨૦૦/- લેખે આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ હક્ક ત્રણ પેઢી સુધીનો પાછળથી ઠર્યો હતો. એ સાથે નવાબની જપ્ત થયેલી મિલકતના

વળતર તરીકે રૂ. ૪,૬૦૦ની રકમ પણ દર વર્ષે નવાબના કુટુંબને મળે એવું નક્કી થયેલું. આમ ભરૂચની નવાબીનો અંત આવ્યો (ઈ.સ. ૧૭૭૩).[૫૫]

## ૧૭. સચીનના સીદી નવાબ

સૌથી પ્રથમ જંજીરાની જાગીર ઈ. સ. ૧૪૮૯ માં મહમૂદ બેગડાએ આફ્રિકાના સીદી વંશના એક અમલદારને દરિયાઈ લશ્કરના વડાના દરજ્જે આપી હતી. આ ફરજ આ વંશના હાકેમોએ ઈ.સ. ૧૬૮૬ સુધી બજાવી. એ પછી મુઘલ શાસનનું ઉપરિપણું ફગાવી દઈ દરિયામાંથી પસાર થતાં વિદેશી વેપારીઓનાં વહાણ લૂંટવાનો તેઓએ ધંધો શરૂ કર્યો. એમણે મરાઠાઓ સાથે દુશ્મનાવટ ચાલુ રાખી હતી. પરિણામે ઈ.સ. ૧૭૩૬–૩૭ માં એ લોકોની જાગીરનો કેટલોક ભાગ બાજીરાવ પેશવાએ તાબે કર્યો હતો, પણ જંજીરાનો કિલ્લો જિતાયો નહોતો.

જંજીરાની ગાદી સીદી અબ્દુલરહીમ નામના સરદારની સત્તામાં હતી તે ઈ. સ. ૧૭૬૨ માં યાકૂત નામના સીદીએ ઝૂંટવી લીધી હતી. આ કારણે અબ્દુલરહીમ બહારવટે નીકળ્યો અને સીદી યાકૂતને ખૂબ જ પજવ્યો. પરિણામે સંધિ થઈ તેમાં એવું ઠર્યું કે સીદી યાકૂતના અવસાને અબ્દુલરહીમને જંજીરાની ગાદી મળે. ઈ.સ. ૧૭૭૨ માં યાકૂતનું અવસાન થતાં હવે અબ્દુલરહીમ સત્તા ઉપર આવી ગયો. ઈ.સ. ૧૭૮૪ માં એનું અવસાન થતાં એના પુત્ર અબ્દુલકરીમ યાકૂતખાનને બાજુએ રાખી સીદીજોહર નામનો લશ્કરી સરદાર જંજીરાની ગાદી બથાવી પડચો તેથી અબ્દુલકરીમ પુણે ગયો, જ્યાં પેશવાએ એનો જંજીરા ઉપરનો હક્ક માન્ય રાખ્યો, પણ એવામાં અબ્દુલકરીમે કંપની સત્તાના એક અમલદાર મિ.માલેટ દ્વારા પોતાના બધા હક્ક કંપની સરકારને લખાણ કરી સ્વાધીન કર્યા, જેના બદલામાં એને અંગ્રેજ સત્તા તરફથી ઈ. સ. ૧૭૯૦ માં સુરત નજીક આવેલા સચીન(તા ચોર્યાસી, જિ.સુરત)ની જાગીર મળી આમાં એને ૨૦ ગામ મળ્યાં હતાં. એ સુરતમાં રહી આનો વહીવટ કરતો હતો. પછીથી સચીનને રાજધાની બનાવી ત્યાં રહેવાનું શરૂ કરેલું. એણે બાદશાહ શાહઆલમને નજરાણું મોકલેલું એનાથી બાદશાહ તરફથી એને 'નવાબ'નો ઇલકાબ મળ્યો.

ઈ. સ. ૧૮૦૨ માં નવાબ અબ્દુલકરીમ યાકૂતખાનના અવસાને એનો પુત્ર ઇબ્રાહીમ મુહમ્મદ યાકૂતખાન ગાદીએ આવ્યો. ઈ.સ. ૧૮૧૬માં એણે કંપની સરકારને કબૂલાત આપી કે રાજ્યના ફોજદારી ગુનાઓનો ઇન્સાફ અંગ્રેજી અદાલતમાં કરવો, પરંતુ આ અને અન્ય શરતોનું નવાબ પાલન નહોતો કરતો એટલે પાછળથી એ કરાર રદ થયા હતા.[૫૬]

## ૧૮. સુરતના નવાબ

ગુજરાતના લૌકિક કવિ શામળે " રુસ્તમ બહાદુરનો પવાડો " લખી જેને અમર કર્યો છે તે રુસ્તમઅલી સુરતમાં મુઘલ સત્તાનો છેલ્લો સૂબો હતો. મરાઠાઓ સાથેના જંગમાં વસોમાં ઈ. સ. ૧૭૨૪ માં રુસ્તમઅલી કામ આવી ગયા પછી એનો પુત્ર સોરાબખાન સુરતનો નવાબ(સૂબેદાર) બન્યો. અનેક સ્થળોએ થયું હતું તે પ્રમાણે મુઘલાઈ સૂબા સ્વતંત્ર થઈ ચૂક્યા હતા. સુરતમાં પણ એ પરિસ્થિતિ થઈ હતી. ત્યાંસુધી સુરતના સૂબા ઉપર ચાર શહેરીઓની પકડ રહેતી હતી. સોરાબખાન સ્વતંત્ર નવાબ બન્યો ત્યારે પણ એ ચાર શહેરીઓનું વર્ચસ ઘટ્યું નહોતું. એમાંનો એક મુલ્લાં મુહમ્મદઅલી ભારે મહત્ત્વાકાંક્ષી હતો. એણે સૈયદઅલી વજીર પાસેથી અઠવા(અત્યારે સુરતનો એક બહારનો મહોલ્લો) ખરીદી ત્યાં કિલ્લાનો પાયો નાખ્યો. આ કામમાં નવાબ સોરાબખાન આડો આવ્યો એટલે મુલ્લાંએ એ સમયના કિલ્લેદાર 'બેગલરખાન'–મીરઝા-ગદાબેગખાનને રૂ. ૨૫,૦૦૦થી ફોડી બંનેએ મળી સોરાબખાનને દૂર કર્યો અને પેલા કિલ્લેદારના ભાઈ મીરઝા મુલ 'તેગબેગખાન'ને નવાબ બનાવવાનો ઠરાવ કર્યો. રૈયતને નુકસાન ન થાય એ દૃષ્ટિએ સોરાબખાન દરબારમાંથી હટી જઈ બેગમવાડીમાં જઈ રહ્યો. જિલ્લા ગૅઝેટિયર પ્રમાણે સોરાબખાનના સ્વતંત્ર નવાબ તરીકે આવ્યા પછી શરૂઆતમાં અંગ્રેજોનો વેપાર અગવડમાં મુકાયો હતો, પણ પછી સોરાબખાન ન્યાયથી વર્તવા લાગેલો. થોડાં વર્ષમાં જ એનું વલણ બદલાયું અને એણે અનેક વેપારીઓને શરાફોને અને દલાલોને કેદમાં નાખ્યા, પરિણામે વેપારને ધોકો પહોંચ્યો. અંતે એને અંગ્રેજો ફ્રેન્ચો અને ડચો દ્વારા ઠેકાણે લાવવામાં આવ્યો, આને કારણે એમના તરફ એણે કૂણું વર્તન રાખ્યું, પણ દેશી વેપારીઓને તો કનડગત એની એ રહી તેથી મોટા ભાગના વેપારીઓ શહેર છોડી ગયા. એ પછી સોરાબખાને અંગ્રેજોને એની રૂ. ૧૦,૦૦૦ની પેશકશ માટે દબાણ કર્યું. પરિણામે અંગ્રેજો અને ડચોએ મળી સોરાબખાનને પકડમાં લીધો. એ નાસી છૂટ્યો અને તેગબેગખાન સત્તા ઉપર આવ્યો.[૫૭] તેગબેગખાને મુલ્લાં મુહમ્મદઅલીને અઠવામાં કિલ્લો બાંધવા ન દેતાં મુલ્લાં હવે સોરાબખાન તરફ વળ્યો. એણે સોરાબખાનના નામની સનદ મુઘલ બાદશાહ પાસે મગાવીને એ આવતાં ઈ. સ. ૧૭૨૮ માં સોરાબખાન પુનઃ નવાબ બન્યો. મુલ્લાંએ અઠવા વિસ્તારમાં કિલ્લો, રસ્તાઓ તેમજ મકાનો બંધાવી 'રસૂલાબાદ' નામથી નગર સમૃદ્ધ કર્યું. મુલ્લાંએ રસૂલાબાદમાં તાપી પરનું બંદર પણ વિકસાવ્યું અને વહાણોને વેપારની સગવડ કરી આપી. પરિણામે સુરતની નદી

પરના બંદરની આવક ઘટવા લાગી એટલે મુલ્લાંને અઠવા છોડી સુરતમાં આવી રહેવાનું કહેણુ મોકલ્યું. પણ નવાબને મુલ્લાંએ કોઠું ન આપ્યું. એણે એવી પરિસ્થિતિ સરજી કે સોરાબખાનને નમવું પડે. સોરાબખાન આમ છતાં સાવધાન હતો તેથી મુલ્લાંએ ફરી સોરાબખાનને મિત્ર બનાવી લીધો.

બીજી બાજુ તેગબેગખાનનો પ્રયત્ન ચાલુ હતો. એ દરમ્યાન બાદશાહે ખંભાતના મોમીનખાનને સુરતનો નવાબ બનાવ્યો, પણ અંતે ઈ. સ. ૧૭૩૩ માં તેગબેગખાને સનદ મેળવી મુલ્લાંને કેદ કરી લીધેલો. એણે છૂટવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેગબેગખાને છોડવાનો દંભ કરી, ઝેરી પોશાક પહેરાવી મુલ્લાંને ખતમ કરી નાખ્યો. એવો બીજો શહેરી અહમદ અલવી હતો તેનો પણ ઈ.સ. ૧૭૩૩ માં તેગબેગખાને કાંટો કઢાવી નાખ્યો.

ઈ.સ. ૧૭૩૪ સુધી સુરતનાં ઘણાંખરાં ગામ મરાઠાઓએ સ્વાધીન કરી લીધાં હતાં, પણ એ સાથે તેગબેગખાને એવું કબૂલ કરાવી લીધું હતું કે મરાઠા તેગબેગખાનને દર વર્ષે રૂ. ૨,૩૬,૦૦૦ આપે. આનાથી અંગ્રેજો સાથેના સંબંધમાં થોડી મુશ્કેલી ઊભી થયેલી અને અંગ્રેજો નદીમાં પડાવ નાખી જતાં આવતાં વહાણોને પજવવા લાગ્યા, ત્યારે દમાજી ગાયકવાડે વચ્ચે પડી બંનેનો સબંધ ચાલુ કરી આપ્યો હતો. જિલ્લા ગૅઝેટિયર પ્રમાણે અંગ્રેજોએ દમાજી ગાયકવાડની મદદને નકારી કાઢી હતી અને આખરે તેગબેગખાનને અંગ્રેજોની માગણી સંતોષવી પડી હતી. અને અંગ્રેજી કોઠી ઉપરથી ચોકીદારો ખસેડી દેશી વેપારીઓ સાથે વેપારની સરળતા કરી આપવી પડી હતી.[૫૮]

તેગબેગખાનનું ૧૭૪૬ માં અવસાન થતાં બેગલરખાન નવાબ બન્યો. એનું અવસાન ઈ. સ. ૧૭૪૭ માં થતાં એનો જમાઈ સફદરખાન દિલ્હીથી સનદ મેળવી નવાબ બન્યો. સફદરખાનનો પુત્ર મુહમ્મદ વિકારખાન પણ બેગલરખાનનો જમાઈ થતો અને એ ૧૭૪૬-૪૭ માં કિલ્લેદારી ભોગવતો હતો.

દિલ્હીમાં બેઠાં બેઠાં આસફજહાં સુરત પર નજર રાખતો હતો. સફદરખાનની નવાબી અને એના પુત્ર મુહમ્મદ વિકારખાનની કિલ્લેદારી–એ વ્યવસ્થા એને ગમી નહોતી તેથી એણે મીર ઝિયાઉદ્દીનને સુરત મોકલેલો. મીર ઝિયાઉદ્દીનનો ભાઈ મોહીનુદ્દીન ઉર્ફે મિયાં અચ્ચન સુરતમાં ઘણો સમય થયાં રહેતો હતો. ઈ. સ. ૧૭૪૮ માં સફદરખાનને શેખ મહમૂદખાન નામના એક અફસર સાથે ખટરાગ થયો એટલે શેખ મહમૂદ મિયાં અચ્ચનને મળ્યો. સુરતના બીજા પણ શહેરીઓની સફદરખાન સામે ફરિયાદો હતી. મિયાં અચ્ચને સફદરખાનના ભાઈ અલી

નવાબખાનને હાથમાં લઈ એની સહાયથી મુહમ્મદ વિકારખાનને કેદ કરી લીધો અને અંદરના ખજાના સહિત મિયાં અચ્ચન કિલ્લાનો માલિક થઈ ગયો.

આ સ્થિતિ થતાં સફદરખાને યુદ્ધની મોરચાબંધી શરૂ કરી એટલે મિયાં અચ્ચને રૂ. ૧૧ લાખ આપી દમાજી ગાયકવાડનો સાથ મેળવ્યો. મલ્હારરાવની સરદારી નીચે દસહજાર સવારો સુરતના દરબારગઢ ઉપર ચડાઈ કરવા આવ્યા, પણ રસ્તામાં કૂચ કરતી વખતે જ અથમાણુ થઈ તેમાં મલ્હારરાવ માર્યો ગયો એટલે મરાઠા મોળા પડચા. બેશક, મલ્હારરાવના મરણ પછી પણ મિયાં અચ્ચન અને સફદરખાન વચ્ચે નવ મહિના પર્યંત છમકલાં થયા કર્યાં હતાં. છેલ્લે પોતાના માણસો ખૂટતાં દરબારગઢ છોડી એને મોહમદી બાગમાં આશ્રય લેવા ચાલ્યું જવું પડયું. મિયાં અચ્ચને દરબારનો કબજો લીધો અને સુરત પ્રદેશ ઉપર આસજફહાંની આણ વરતાવવામાં આવી.

આ દરમ્યાન તેગબેગખાનનો મોહમદીબાગમાં છુપાવેલો ખજાનો સફદરખાનના હાથમાં આવ્યો તેનાથી એ જોર પર આવ્યો. પણ સુરતના વેપારીઓ, અંગ્રેજો તથા વલંદાઓએ મળીને એવો ઠરાવ કર્યો કે મિયાં અચ્ચનને જ સાથ આપવો. તેથી મુકાબલામાં છેવટે સફદરખાન હાર્યો અને મુંબઈ તરફ નાસી ગયો.

હવે મિયાં અચ્ચન–મોહીનુદ્દીન નવાબ થયો. એણે અલીનવાઝખાનને નાયબ બનાવી પોતાના પુત્ર હાફીઝુદ્દીન મુહમ્મદખાનને કિલ્લેદારી સોંપી. આ જંગના આરંભમાં મિયાં અચ્ચને ત્રણ લાખ આપવાના ઠરાવી દમાજી ગાયકવાડના પિતરાઈ ભાઈ કેદારજીને બોલાવેલો તે મામલો થાળે પડી જતાં આવી પહોંચ્યો. વચન આપેલું હોઈ સુરતની આવકના ત્રણ ભાગ પડચા : એક પોતાનો અને બક્ષીનો, બીજો શાહી દરિયાઈ સેનાના દારોગા સીદીનો અને ત્રીજો મરાઠાઓનો.

નવાબનો હોદ્દો ધારણ કર્યા પછી મિયાં અચ્ચનને મુલ્લાં ફખ્રુદ્દીન સાથે ઝગડો થતાં અચ્ચને ફખ્રુદ્દીનને કેદ કરી લીધો, પણ અંગ્રેજોની એના તરફ સહાનુભૂતિ હોઈ એણે લાગ જોઈ ફખ્રુદ્દીનને મુંબઈ નસાડી મૂક્યો. બીજી બાજુ દરિયાઈ સેનાના દારોગા હાફીઝ મસ્ઊદખાને પોતાના સાથીદારોનું બળ વધારી સુરતને રંજાડવાનું શરૂ કરી દીધું. સ્ત્રીઓની પણ છેડતી શરૂ થઈ. આમ બંને ભાગીદારો વચ્ચે ઝગડાનાં બી રોપાયાં. અલીનવાઝખાન નવાબની શંકાનો ભોગ બનતાં એને દરબારમાંથી હાંકી કાઢવામાં આવ્યો.

અલીનવાઝખાનને બેગલરખાનની વિધવાનો અને મુહમ્મદ વિકારખાનનો આર્થિક સાથ મળ્યો એટલે એણે સીદી હાફીઝ અને યદ અબ્દુલ્લાનો સાથ મેળવ્યો

અને ઈ. સ. ૧૭૫૦ માં સુરતના થોડા દરવાજાઓ પર કબજો મેળવી લીધો. એને મિયાં અચ્ચનના કેટલાક માણસોનો પણ સાથ મળ્યો. નવાબ કિલ્લામાં રહેતો હતો એટલે દરબારનું રક્ષણ કરવા બક્ષી મુહમ્મદ કાસીમને દસ હજારના સૈન્ય સાથે દરબારની ચોકી ઉપર મૂક્યો. અલીનવાઝખાને દરબારનો કબજો લઈ સફદરખાનની આણ ફેરવી દીધી. મિયાં અચ્ચન કિલ્લામાં હતો એટલે મોરચો એની સામે મંડાયો. બીજી બાજુ અંગ્રેજ કોઠીના પ્રમુખ લેમ્બેએ શહેરીઓ વગેરે સાથે થયેલા ઠરાવ પ્રમાણે મિયાં અચ્ચન તરફ વફાદારી બતાવી અને અલીનવાઝખાનની સામે મોરચો બાંધી યુદ્ધનો આરંભ કરી દીધો ત્યારે અલીનવાઝખાન વલંદાઓ તરફ વળ્યો.

આઠ માસની આ લડાઈ ચાલુ રહી એ ગાળામાં વલંદાઓએ સફદરખાનને સલામત રીતે સુરતમાં પ્રવેશ કરાવી દીધો. એ માસ જંગ વધુ ચાલવાથી મિયાં અચ્ચનને નાણાંની ભારે ખેંચ આવી પડી તેથી એણે સીદી મસ્ઊદને સંધિ માટે કહેણ મોકલ્યું. સંધિ કરવાના કારણે સીદીઓ કિલ્લામાં દાખલ થયા અને એમણે કિલ્લો કબજામાં લઈ લીધો. મિયાં અચ્ચન તેથી પુણે પેશવાને આશ્રયે ગયો.

આમ સફદરખાનને અનાયાસે નવાબી પાછી આવી મળી એટલે એણે શાહી ઘોડારના દારોગા ફારીસખાનને નાયબ-નવાબી આપી અને સીદી મસ્ઊદની કિલ્લેદારી કબૂલ રાખી.

ઈ. સ. ૧૭૫૧ માં અંગ્રેજોએ સફદરખાન વિરુદ્ધ કેટલાંક ફાંફાં માર્યાં, એ જાણી સફદરખાને અંગ્રેજોનું બધું જ લૂંટી લીધું અને એમને કેદ કરી લીધા. આમાંથી લેમ્બે છટકી ગયો, પણ એને મુંબઈથી ઠપકો મળતાં એણે આપઘાત કરી જીવનનો અંત આણ્યો. એ પછી ચાર વર્ષે ઈ. સ. ૧૭૫૫ માં અંગ્રેજ ફરી જોર પર આવ્યા અને એમણે સફદરખાન પાસે નુકસાનીના બે લાખ રૂપિયા નક્કી કરાવ્યા. સફદરખાન પાસે કાંઈ નહોતું એટલે એણે "એકોતરા" નામનો સેંકડે એક ટકા વધારાનો કર નાખ્યો, જેમાં મુસ્લિમ પ્રજાને બાકાત રાખી હતી.

સફદરખાન મસ્ઊદથી થાકી ગયો હતો એટલે એણે પોતાના જમાઈ મીર હૈદરને કિલ્લેદારીની સનદ મળે એ માટે દિલ્હી પત્ર લખ્યો. દરમ્યાન મસ્ઊદ અને અલીનવાઝખાન સંપી ગયા અને સફદરખાનને પરેશાન કરવા લાગ્યા. અંતે શહેરીઓની ભલામણથી અલીનવાઝખાનને નાયબ-નવાબ બનાવવામાં આવ્યો.

ઈ. સ. ૧૭૫૫ માં મસ્ઊદનું અવસાન થયું અને એનો પુત્ર હાફીઝ

અહમદખાન કિલ્લેદાર બન્યો. સફદરખાને પણ સાત વર્ષ નવાબી ભોગવી અને ૧૭૫૭–૫૮ માં એ મરણ પામ્યો ત્યારે અલીનવાઝખાનને નવાબી મળી.

હવે થોડા સમયમાં અંગ્રેજો અને ફારીસખાન વચ્ચે કરાર થયા અને પેશવાની ભલામણથી મિયાં અચ્ચન( મોહીનુદ્દીન )ને પુણેથી સુરત મુઝફ્ફર ગારદી સાથે મોકલ્યો. પ્રભાવશાળી શહેરીઓએ એને સાથ આપ્યો. લડાઈ શરૂ થઈ. હાફીઝ અહમદખાન કિલ્લામાંથી દરબાર ઉપર ગોળા છોડવા લાગ્યો, આથી અલીનવાઝખાનના કારભારીઓ એને છોડી ગયા. જે બાકી રહ્યા તેઓમાંના કેટલાક લોક દગો રમ્યા. અનાજ ખૂટ્યું, પુરવઠો આવવો બંધ થયો. પરિણામે નવાઝખાનને દરબાર છોડવો પડ્યો. મિયાં અચ્ચન ફરી વાર નવાબ બન્યો અને પોતાના મોટા પુત્ર હાફીઝુદ્દીનને નાયબ-નવાબ બનાવ્યો.

કિલ્લેદાર હાફીઝ અહમદખાન આ ટાંકણે ખુમારીમાં આવ્યો અને એની હૂંફે એના સાથીદાર સીદીઓએ જુલમ કરવા માંડ્યો ને અંગ્રેજ કોઠી સાથે સંકળાયેલા મોદી કુળના બે જવાન પારસીઓની કતલ કરી. પરિણામે એની ફરિયાદ મુંબઈના ગવર્નર પાસે ગઈ. ગવર્નરે સીદીઓને દૂર કરવાની મતલબે પેશવા અને દમાજીને સમજાવી એમની સાથે કરાર કર્યાં, જેમાં સીદીઓને સુરતમાંથી દૂર કરવા, (૨) અંગ્રેજો કિલ્લાના માલિક અને ઉપરી બને, (૩) સુરતના નવાબોની નિમણૂક કરવાની સત્તા અંગ્રેજો પાસે આવે, (૪) તનખાની ઊપજમાંથી અંગ્રેજો પેશવા અને નવાબ સરખે ભાગે વહેંચણી કરી લે, અને (૫) સુરતમાં ઊભા થતા ઝઘડાઓમાં મરાઠા વચ્ચે ન પડે. અંગ્રેજોએ ફારીસખાનને અને હાફીઝઅહમદખાનના માણસ સીદી હિલાલને હાથ કરી લીધા અને પછી સુરત ખાલી કરી બારામાં આવી રહ્યા. દરમ્યાન મુંબઈથી સમુદ્રમાર્ગે સૈન્ય આવ્યું, જમીનમાર્ગે મરાઠાઓનું સૈન્ય આવ્યું. આખરી જંગમાં અંગ્રેજોએ કિલ્લો સર કર્યો અને એ ઈ.સ. ૧૭૫૯ ના વર્ષમાં કિલ્લાના અધિપતિ થઈ ચૂક્યા.

મુઘલ બાદશાહે એને માન્યતા આપી અને બે લાખ રૂપિયા સાલિયાણામાં અંગ્રેજો સીદીઓને આપે એવું ફરમાન મોકલ્યું. આ વખતે કિલ્લાના શહેર બાજુના છેડા ઉપર મુઘલ વાવટો તેમ નદી બાજુના છેડા પર અંગ્રેજી વાવટો ઊડવો શરૂ થયો.

અંગ્રેજોએ ઈ. સ. ૧૭૫૯ માં કિલ્લા પરનું આધિપત્ય સ્થાપ્યા પછી ૪૦ વર્ષ પર્યંત સુરત ઉપર નવાબની અને અંગ્રેજોની હકૂમત સાથે સાથે ચાલતી હતી, છતાં કર્તાહર્તા તો અંગ્રેજો જ હતા.

મિયાં અચ્ચન( મોહીનુદ્દીન )નું ૧૭૬૩ માં અવસાન થતાં એનો પુત્ર કુતુબુદ્દીન 'હાફિઝુદ્દીન અહમદખાન' નામ ધારણ કરી નવાબની ગાદીએ બેઠો. ૨૭ વર્ષની એકધારી નવાબી ભોગવી એ ઈ. સ. ૧૭૯૦ માં મરણ પામ્યો ત્યારે સુરતના બંદરી વેપારમાં ઠીક ઠીક ઓટ આવી ગઈ હતી. પારસીઓ સુરત છોડી મોટી સંખ્યામાં ધીમે ધીમે મુંબઈ ચાલ્યા ગયા હતા.

ઈ. સ. ૧૭૯૦ માં હાફિઝુદ્દીનના અવસાન પછી એનો પુત્ર નિઝામુદ્દીન ગાદીએ આવ્યો. એની ચાલુ માંદગીને કારણે એની પાસેથી અંગ્રેજો વધુ કરાર કરાવી લે એ પહેલાં ઈ. સ. ૧૭૯૯ માં એ મરણ પામ્યો અને એનો બાળ પુત્ર થોડા જ દિવસોમાં મરણ પામતાં એનો ભાઈ નસીરુદ્દીન ગાદીનો હક્કદાર હતો. ત્રણ વર્ષ પર્યંત સુરત અને મુંબઈ વચ્ચે તુમાર ચાલ્યા, સુરતમાં કેટલીક ચળવળ ચાલી અને પરિણામે ઈ. સ. ૧૮૦૦ માં અંગ્રેજોએ નસીરુદ્દીનને નવાબની ગાદી ઉપર બેસાડયો, પરંતુ થયેલા કરાર પ્રમાણે ૧૪ મી મે ના દિવસથી શહેર અને એના તાબાનાં પરગણાંઓ ઉપર કંપની સત્તાની હકૂમત સ્થપાઈ ગઈ, નવાબને હવે રૂપિયા એક લાખનું વાર્ષિક સાલિયાણું અને એક પંચમાંશ વધારો, બક્ષીને વાર્ષિક રૂ. ૩૦,૦૦૦ એના વારસને વંશપરંપરા રૂ. ૨૪,૦૦૦ મળે એવી વ્યવસ્થા અમલમાં આવી.[૫૯]

## ૧૯. કેટલાંક પ્રકીર્ણ રાજ્ય

### ઉમેટા

ખેડા જિલ્લામાં આવેલા આ રાજ્યના રાજવીઓ મૂળ પડિહાર જાતના રાજપૂત. ઈ. સ. ૧૪૮૪ માં મહમૂદ બેગડાએ ચાંપાનેરના રાજ્યનો વિધ્વંસ કર્યો ત્યારે ઝાંઝરજી નામનો પડિહાર રાજપૂત ઉમેટાની આસપાસનાં મહી નદીનાં કોતરોમાં છુપાઈ રહેલો. એણે બારૈયા કન્યા સાથે લગ્ન કર્યાં એટલે એ 'બારૈયા'માં ગણાવા લાગ્યો. થોડા સમય પછી ભેટાસી( તા. બોરસદ )ના ઠાકોરના શત્રુ બિલપાડ( તા. બોરસદ )ના જેતસિંહજીને ઝાંઝરજીએ મારી નાખવાથી ભેટાસીના ઠાકોરે એને આઠ ગામ બક્ષિસ આપ્યાં. વળી એણે બીજાં નજીકનાં કેટલાંક ગામ હાથ કરી પોતાની જુદી ઠકરાત સ્થાપી. ઈ. સ. ૧૬૯૪ માં કોળીઓ ચડી આવ્યા તેમાં બાજુના સરદારોની મદદ આવવાથી આ નાની ઠકરાત બચી ગઈ. ઈ. સ. ૧૭૪૧ માં પેશવા અને ગાયકવાડે પ્રદેશની વહેંચણી કરી ત્યારે આનાં સાત ગામ ગાયકવાડની અધીનતામાં ગયાં. જ્યારે ૧૮૧૮ માં પેશવાઈ પડી ભાંગી અને એમનો બધો પ્રદેશ કંપની સત્તાને મળ્યો ત્યારે ઉમેટા

ઉપર સાર્વભૌમ સત્તા કંપનીની થઈ. ઉમેટામાં ઈ. સ. ૧૮૧૮ માં પડિહારવંશ ચાલુ હતો.[૧૮]

### કટોસણ

આ રાજ્યના રાજકુટુંબનો મુખ્ય પુરુષ હરપાળ મકવાણો કહેવાય છે. એનો મોટો કુંવર કટોસણ( તા. મહેસાણા ) પાસે આવેલા સાંથલ ( તા. મહેસાણા ) નામનું નગર જીતી લઈ ત્યાં રાજ્ય કરવા લાગ્યો હતો. એની કેટલીક પેઢીએ ખાનાજી મહમૂદ બેગડાના સમયમાં થયો તેણે સાંથલથી બદલી કટોસણમાં રાજધાની કરેલી. એણે અમદાવાદ નજીકના કોઈ માથાભારે ભીલ સરદારનો વિનાશ કરવાને કારણે એની માગણી મુજબ સુલતાને ૮૪ ગામ કાઢી આપેલાં. એના પછી બાદશાહ શાહજહાંના રાજ-અમલ સુધીમાં દસ રાજવી થયેલા, જેઓમાં દસમો જશવંતસિંહજી હતો. ઔરંગઝેબના ભયથી એનો મોટો ભાઈ દારા ગુજરાતમાં નાસી આવેલો ત્યારે એકાદ મહિનો કટોસણમાં આશ્રય પામ્યા પછી કચ્છ બાજુ ચાલ્યો ગયો હતો. ત્યારે કટોસણમાં જશવંતસિંહજી સત્તા ઉપર હતો.

જશવંતસિંહજીના અવસાને હરપાળજી હરખાનજી નારાયણ રામસિંહજી અને અજબસિંહજી એક પછી એક કટોસણની ગાદીએ આવ્યા હતા. આ છેલ્લા રાજવીના સમયમાં ગામોની સંખ્યા ૮૪ થી વધી ૨૫૦ જેટલી થઈ હતી. એના સમયમાં મરાઠાઓનાં આક્રમણ શરૂ થઈ ગયાં હતાં. કટોસણ નજીક આવતાં અજબસિંહજીએ મરાઠાઓનો સામનો કર્યો હતો. પાછળથી હાર થતાં વરસોડાના ઠાકોર અજબસિંહજીએ વચ્ચે પડી સમાધાન કરાવી આપ્યું હતું. ખંડણી કબૂલતાં મરાઠા ત્યાંથી ખસી ગયા હતા.

ઈ. સ. ૧૭૪૭ માં દુકાળ પડ્યો ત્યારે અજબસિંહજીએ કોઠાર ખુલ્લા મૂકી ગરીબોને ખાદ્ય પૂરું પાડયું હતું.

જોધપુરનો મહારાજા વખતસિંહજી અને એનો ભાઈ અભયસિંહજી અમદાવાદના રાજકારણમાં બાદશાહના પ્રકોપના ભોગ બન્યા ત્યારે આ અજબસિંહજીએ મદદે આવી, અમદાવાદમાંથી છોડાવી જોધપુર પહોંચાડ્યા હતા. વળી રાધનપુરના નવાબે એક વાર ઈડર ઉપર ચડાઈ કરી પરાજય વહોર્યો ત્યારે આ અજબસિંહજીએ મધ્યસ્થી કરી નવાબ પાસેથી ઈડરને રૂપિયા એક લાખ નુકસાનીના દેવડાવી સમાધાન કરાવ્યું હતું.

આ રાજવીના અવસાને નાનો ભાઈ અમરસિંહજી સત્તા પર આવેલો.

એના અવસાને એનો પાટવી સૂરજમલ સત્તા ઉપર આવ્યો ત્યારે ગુજરાતના પ્રદેશ પર ફત્તેસિંહરાવ ગાયકવાડની સાર્વભૌમ સત્તા સ્થપાઈ ચૂકી હતી. આ વખતે ચુંવાળના ચાર ઠાકોરેએ ગાયકવાડની ખંડણી ભરેલી નહિ તેથી વચ્ચે પડી સૂરજમલ્લે એ ભરી હતી.

એના અવસાને કુમાર બનેસિંહજી સગીર વયે રાજ્યનો વારસ બન્યો હતો તેથી ગાયકવાડી સત્તાએ કટોસણ રાજ્ય કબજે કરી લીધું હતું. બનેસિંહજી તેથી મોસાળ ચાલ્યો ગયો હતો. ઉંમર લાયક થતાં બનેસિંહજીએ કડીના મલ્હારરાવ સામે બહારવટું ખેડયું હતું. બીજા ઠાકોરો વચ્ચે પડ્યા અને મલ્હારરાવ સાથે સંધિ કરી અને માત્ર ૪૨ ગામ મેળવ્યાં. મલ્હારરાવને શિકસ્ત આપવા ગાયકવાડી સૈન્ય આવ્યું ત્યારે બનેસિંહજીએ સહાય આપી હતી. બનેસિંહજીનું અવસાન ઈ.સ. ૧૮૧૮ માં થતાં એના ભાઈ ભગવાનસિંહજીનો કુમાર રાણોજી કટોસણની ગાદીએ આવ્યો.[૧૧]

### કડાણા

સોલંકીકાલમાં ચંદ્રાવતીથી નીકળી જાલમસિંહજી નામના રાજપૂતે ઝાલોદ (જિ. પંચમહાલ)માં ગાદી સ્થાપી, જ્યાં એના પછી છ રાજવી થયેલા. છઠ્ઠા જાલમસિંહજી ર જાના સમયમાં ઈ. સ. ૧૨૪૭ માં મુસ્લિમ આક્રમકો સામે લડતાં એ મરાયો ને ઝાલોદ મુસ્લિમ સત્તા નીચે જઈ પડયું. એનો કુમાર સંત અને ભાઈ લીમદેવજી સુંથ નજીકના જંગલમાં આવ્યા, જ્યાં ઈ. સ. ૧૨૫૬ માં સુંથ રાજ્યની સંતે સ્થાપના કરી અને લીમદેવજીએ કડાણા જિ. પંચમહાલ)માં. એના પછી મદેસિંહજી ભૂજી સરતાનસિંહજી શાર્દૂલસિંહજી ભીમસિંહજી ખાનસિંહજી ભોજરાજજી રાઘવદાસજી અખેરાણજી સૂરજમલજી લીંબજી જગરૂપસિંહજી અનોપસિંહજી ઊમેદસિંહજી દોલતસિંહજી દેવીસિંહજી સૂરસિંહજી( ૨ જો ) અને ભીમસિંહજી( ૩ જો ) એ અનુક્રમે રાજા થયા.[૧૨]

### કાંકરેજ

બનાસકાંઠામાં આવેલા આ નાના રાજ્યની ત્રીસ કરતાં ય વધુ જાગીરો ઠાકરડાઓની જાણવામાં આવી છે. આમાં મુખ્ય થરાની છે અને એના ઠાકોર વાઘેલા કુલના છે. એમના પૂર્વજોએ દિસાવળમાં સત્તા સ્થાપી હતી. ત્યાંથી તેરવાડા, પછી તાણા, અને ત્યાંથી વાઘેલા દેવજીએ થરામાં ગાદી સ્થાપી હતી. ઈ. સ. ૧૬૭૯ માં એની સમગ્ર કાંકરેજ પરગણા પર સત્તા હતી. એના પછી કુમાર ખેતોજી અને પછી જામોજી સત્તા ઉપર આવ્યો હતો. એ

પૂના પણ ગયેલો અને ત્યાં એક મંદિર બંધાવેલું. પાલનપુર પાસે બાલારામમાં પણ એક શિવાલય એણે બંધાવેલું.

એના અવસાને દરજણસિંહ સત્તા પર આવ્યો. એના પછી એના ત્રણ પુત્રોએ થરાની જાગીર સહિયારી ભોગવી હતી. એમાંના મોટા જાલમસિંહને અજિતસિંહ અને દોલતસિંહ નામે પુત્રો અને નાના તેજકરણજીને માસિંગજી નામે એક પુત્ર હતો. એ સહુએ સહિયારી જાગીર ભોગવી હતી. એમાંના માસિંહજીના બે પુત્ર હતા, જ્યારે દોલતસિંહના પુત્ર અખેરાજજીને બે પુત્ર થયા હતા. એ જોડિયા જાગીરદાર બન્યા હતા.[63]

**કોટડા સાંગાણી**

ગોંડળના કુંભોજી (૧ લા)ના બીજા કુમાર સાંગાજીને ઈ. સ. ૧૬૫૫ માં અરડોઈ(તા. કોટડા સાંગાણી) સહિત બાર ગામ મળ્યાં હતાં. એના નામે એના વંશજો "સાંગાણી" કહેવાયા. પછી ભાગ પડતાં ગોંડળના સગરામજીના પુત્ર નથુજીને મેંગણી મળ્યું અને સાંગાજીએ અરડોઈ રાખ્યું. ઈ. સ. ૧૬૯૯ માં એનું અવસાન થતાં એનો મોટો કુમાર તેજમલજી ગાદીએ આવેલો. ઔરંગઝેબના અવસાનને કારણે ગુજરાત–સૌરાષ્ટ્રમાં અવ્યવસ્થા પ્રવર્તેલી ત્યારે તેજમલજીએ રાજકોટના રણમલજીને સરધાર(તા. જેતલપુર) લેવામાં સહાય કરી હતી. આ વખતે સરધાર નજીકનાં ૭ ગામ તેજમલજીને મળેલાં. તેજમલજી પછી એનો કુમાર જસોજી ગાદીએ આવ્યો. એના સમયમાં મુસલમાનો પાસેથી કોટડા કાઠીઓએ જીતી લીધું હતું, જે વેજા જોગિયા ખુમાણના હાથમાં હતું. જસોજીએ પોતાના બે ભાઈઓની સાથે કોટડા પર હલ્લો કરી ત્યાંથી કાઠીઓને હાંકી કાઢ્યા અને કોટડા કબજે કર્યું. પોતાનાં અને ચોવીસ કોટડાનાં મળતાં એ ચોવીસ ગામોની 'કોટડા ચોવીસી' કહેવાવા લાગી. પાછળથી ગોંડળની હૂંફથી કાઠીઓએ કોટડા પર આક્રમણ કર્યું અને ઈ. સ. ૧૭૫૫ માં નજીકના રાજપીપળા(તા. કોટડા સાંગાણી) પાસે યુદ્ધ થયું તેમાં જસોજી અને એનો ભાઈ સરતાનજી મરાઈ ગયા, ત્રીજો ભાઈ દેવોજી ઘાયલ થઈને કોટડા ચાલ્યો આવ્યો. એ જ વર્ષે એનું અવસાન થતાં એનો પુત્ર હોથીજી ગાદીએ આવ્યો. એ સગીર હોઈ એના સહાયકો રાજકોટ અને ગોંડળની સહાયથી કાઠીઓનાં સંખ્યાબંધ ગામ કોટડા માટે કબજે લઈ આવ્યા. હોથીજી ઈ. સ. ૧૮૧૨ માં અવસાન પામતાં ભોજરાજજી ગાદીએ આવ્યો.[64]

**ખડાલ**

હરપાળ મકવાણાની બારમી પેઢીએ ઝાલાકુલમાં હરિસિંહજી અને અખે-

રાજજી બે ભાઈ થયા, જેમાં અખેરાજજી કટોસણમાં ગયો અને હરિસિંહજીએ બાદશાહ મુહમ્મદની નોકરી કરવાથી ઈ. સ. ૧૪૭૧ માં માંડવા (તા. કપડવંજ) પરગણું અને 'મિયાંશ્રી'નો ઇલકાબ મળેલ. એના ઈ. સ. ૧૫૦૧ માં થયેલા અવસાને મોટો કુમાર અમીજી માંડવાની ગાદીએ આવ્યો. એના પછી મોટાલાલ (ઈ. સ. ૧૫૪૫), સુલતાનમિયાં (ઈ. સ. ૧૫૭૦), અમીજી ૨ જો (ઈ.સ. ૧૬૦૮), લાલમિયાં ૨ જો (ઈ. સ. ૧૬૫૯), સુલતાનમિયાં ૨ જો (ઈ. સ. ૧૭૩૨), મુહમ્મદ (ઈ. સ. ૧૭૪૨) એ ક્રમે સત્તાધારી બન્યા.

અમીજી ૧ લા ના બીજા પુત્ર પીરમિયાંને આતરસુંબા( તા. કપડવંજ ) ગરાસમાં મળેલું. એના પછી હાજીમિયાં થયા. એના બે પુત્રોમાંનો અભેરાજજી આતરસુંબાનો તેમ વજેસિંહજી ખડાલ( તા. કપડવંજ )નો ગરાસદાર બન્યો. વજેસિંહજી પછી સૂરસિંહજી રૂપસિંહજી જગનસિંહજી સરદારસિંહજી અને કેસરી-સિંહજી અનુક્રમે સત્તા ઉપર આવ્યા. છેલ્લા ઠાકોરના સમયમાં કંપની સત્તાના એજંટ કર્નલ બેલેન્ટાઇને કોલકરાર કર્યો ત્યારે ઈ. સ. ૧૮૧૨ માં ખડાલને અંગ્રેજોનો આશ્રય મળ્યો.[૬૫]

**જાફરાબાદ**

આ જાગીર જંજીરાના સીદી સરદારોના તાબામાં હતી. જાફરાબાદ એક સમયે મુઘલ રાજ્યનો પણ ભાગ હતું, પરંતુ ૧૮ મી સદીમાં મુઘલ સત્તા પડતી તરફ વળી ત્યારે ત્યાંનો સીદી હાકેમ ઈ. સ. ૧૭૩૧ માં સ્વતંત્ર થઈ ગયો. એ આસપાસના કોળી ચાંચિયાઓની સહાયથી દરિયામાંથી પસાર થતાં વિદેશી તેમ દેશી વહાણોને લૂંટવાનું કામ કરતો. એ સમયે જંજીરાના રાજકુટુંબનો એક સીદી હિલાલ સુરતમાં સૂબો હતો તેણે બધા ચાંચિયાઓને કેદ કર્યા અને થાણ-દારનો ભારે દંડ કર્યો. પોતાની શક્તિ ન જોતાં થાણદારે સીદી હિલાલને જાફરાબાદ પરગણું આપી છુટકારો મેળવ્યો. હિલાલે ત્યાં પોતાનું થાણું બેસાડયું. એના ઉપર ભારે કરજ-બોજ થતાં એણે જંજીરા જઈ ઈ.સ. ૧૭૬૨ માં જાફરાબાદનું પરગણું જંજીરાના સીદી શાસકને વેચી નાખ્યું. હિલાલને એ પ્રદેશની સૂબાગીરી સોંપવામાં આવી, ત્યારથી ત્યાં જંજીરાના સીદીની સત્તા ચાલુ થયેલી.[૬૬]

**જેતપુર**

કાઠીઓએ સૌરાષ્ટ્રમાં સ્થિર થવાનો નિશ્ચય કર્યો પછી પ્રથમ થાન-( તા. ચોટીલા )માં અને પછી સુદામડા( તા. સાયલા ) ગઢડા( તા. મૂળી ) અને ભડલી( તા. જસદણ )માં જઈ રહ્યા. પછી થાનથી અમરેલી પાસેના ગામ સાંથલી ( તા.જસદણ ) સુધીમાં ફેલાઈ ગયા ને વસાવડ અને બીજાં સ્થાનોના

ધણી થઈ પડયા. એ લોકો સરધારનો પ્રદેશ પણ લૂંટવા લાગ્યા ત્યારે રાજકોટના મેરામણજીના સરદારોને ભાડલા( તા. જસદણ ) જસદણ આણંદપુર-( તા. કોટડા સાંગાણી ) મેવાસા( તા. જૂનાગઢ ) ભડલી( તા. જસદણ ) અને બીજાં કેટલાંક ગામ આપવાનું કબૂલી લૂંટફાટ બંધ કરાવી.

અઢારમી સદીના આરંભમાં મુઘલ સત્તાની શિથિલતા અને મરાઠાઓની પ્રબળતાના સમયમાં કાઠીઓએ ઘણો પ્રદેશ હાથ કરી લીધો હતો. ચિત્તળમાંથી સરવૈયાની સત્તાએ કેટલોક ભાગ રાખી બાકીનો ભાગ કાઠીઓને સોંપી દીધો (ઈ. સ. ૧૭૩૫). જેતપુર બીલખા(તા.જૂનાગઢ) અને મેંદરડા(મેંદરડા મહાલ)માં ખાંટ કોળીઓ અને અન્ય લૂંટારાઓનો રંજાડ હતો અને જૂનાગઢનો નવાબ એ દબાવી શકતો નહોતો તેથી એણે એ પ્રદેશ ઈ.સ. ૧૭૬૦ માં કાઠીઓને સોંપી દીધો. કાઠીઓ ચિત્તળમાં આવીને વસ્યા ત્યારે અંદર અંદર એવો નિર્ણય કર્યો કે જ્યેષ્ઠ પુત્રને જ વારસાનો અધિકાર ન આપતાં સર્વ પુત્રો વચ્ચે ભાગીદારી રાખવી.

ઇ. સ. ૧૭૯૨–૯૩ માં કુંડલાની ખુમાણ શાખા, જેતપુરના વીરાવાળા, ચિત્તળના કુંપાવાળા, જસદણના વાજસૂર ખાચર અને બીજા કાઠીઓ એકઠા થઈ ભાવનગર ઉપર ત્રાટકવા માગતા હતા, પણ ભાવનગરના વખતસિંહજીને આની માહિતી મળતાં તોપની વિદ્યા ન જાણતા કાઠીઓ ઉપર તોપવાળા સૈન્ય સાથે એણે ચિત્તળ ઉપર ચડાઈ કરી અને કાઠીઓને નમાવી ચિત્તળમાં થાણું મૂક્યું. વખતસિંહે ૧૭૯૮–૯૯ માં કાઠીઓ સાથે સંપ કરવાનું વિચારી ચિત્તળમાંથી થાણું ઉઠાવી લીધું અને કુંપાવાળાને આસપાસનો પ્રદેશ પણ પાછો સોંપ્યો.

ઈ. સ. ૧૭૯૨–૯૩ માં જેતપુરનો કિલ્લો મજબૂત કરી લેવામાં આવ્યો હતો તેના ઉપર ઈ. સ. ૧૮૦૪ માં ગાયકવાડી સરદાર બાબાજીએ હુમલો કરેલો. કિલ્લો મજબૂત હોવાને કારણે એ તોપોથી પણ તૂટેલો નહિ. પછી ત્રણ વર્ષની ખંડણી વસૂલ કરી એ પાછો ફર્યો હતો.[૧૭]

**થરાદ ( વાવ )**

ચૌહાણવંશના એક પૂંજાજી પાસેથી મુલતાનીઓએ થરાદ (જિ.બનાસકાંઠા) જીતી લીધું ત્યારે એની સોઢી રાણી બાલકુંવર વજેજીને લઈને પારકર ( સિંધ ) જઈ રહી હતી. પછીથી એ થરાદના પશ્ચિમ ભાગમાં આવી ઈ. સ. ૧૨૪૪ માં વાવ( તા. વાવ ) વસાવી ત્યાં રહેવા લાગી. ધીમે ધીમે મુલતાનીઓને હરાવી કેટલોક પ્રદેશ હાથ કર્યો અને એ થોડા પ્રદેશનું થરાદ( વાવ )નું રાજ્ય અસ્તિત્વમાં

આવ્યું. ઈ. સ. ૧૪૦૩ માં ગુજરાતમાં સલ્તનત ચાલુ થઈ ત્યારે મુલતાનીઓ નોકરીઓમાં હતા. કેટલાક સમય પછી એમાંના ફતેહખાન બલૂચને તેરવાડા(તા. કાંકરેજ) રાધનપુર અને થરાદનો વહીવટ સોંપાયો હતો, એ પછી અમુક સમય બાદ ફીરોઝખાનના શાહજાદા મુજાહિદખાને થરાદનો કબજો લીધો, પણ થોડા જ સમયમાં રાધનપુરના નવાબ બાબી મુહમ્મદ શેરે થરાદ જીતી પોતાના રાજ્યમાં જોડી દીધું. પાછળથી જોધપુરનો મહારાજા અભયસિંહજી ગુજરાતનો સૂબો બન્યો ત્યારે એણે થરાદમાંથી રાધનપુરની સત્તા દૂર કરી એને ખાલસા કર્યું ને ઈ. સ. ૧૭૩૬ માં વાવના ચૌહાણ જેતમલજીને થરાદનો થાણદાર કરવામાં આવ્યો. આ સમયે વાવના ચૌહાણ કુટુંબનો વજેરાજી મુખ્ય હતો તેણે પાલણપુરના દીવાનની મદદ માગી. દીવાને જેતમલજીને હાંકી કાઢી થરાદ પોતાની સત્તામાં લીધું અને ઈ.સ. ૧૭૪૦ માં રાધનપુરના નવાબને થરાદની ફોજદારી સત્તા સોંપી. નવાબ કમાલુદ્દીને મારવાડના એક વાઘેલા સરદાર કાનજીને થરાદનો વહીવટ સોંપ્યો.[૬૮]

દાઠા

જૂનાગઢની ચૂડાસમાની શાખામાં થયેલા જસો અને વેજો એ બે સરવૈયા અમરેલીમાં સત્તા ઉપર હતા ત્યારે ઈ. સ. ૧૪૭૬ માં મહમૂદ બેગડાએ જૂનાગઢ પોતાની સત્તા નીચે લઈ પછી અમરેલી પણ હાથ કર્યું તેથી જસો અને વેજો બહારવટે ચડયા. બાર વર્ષ બહારવટું ખેડી જસો હાથસણી(તા.સાવરકુંડલા)માં અને વેજો જેસર( તા.સાવરકુંડલા)માં સ્થિર થયો. એ સમયે દાઠા(તા.તળાજા)માં મુસ્લિમ થાણું હતું. ઈ.સ.૧૭૦૭ માં ઔરંગઝેબના થયેલા અવસાને ત્યાંનો મુસ્લિમ હાકેમ સ્વતંત્ર થઈ ગયો અને આસપાસના પ્રદેશને પરેશાન કરવા લાગ્યો, આથી ભરવાડ અને આહીરોએ મળી એને હાંકી કાઢ્યો, પણ એ લોકો પણ જુલમ કરવા લાગ્યા ત્યારે પ્રજા હાથસણી જતી રહી અને એણે સરવૈયા રાજવીની સહાય માગી, તેથી વરસોજી કાનોજી અને મેઘરાજજીએ દાઠા ઉપર ચડાઈ કરી ઈ. સ.-૧૭૫૪ માં એ જીતી લીધું ત્યારથી આ સરવૈયા ચૂડાસમાનું ત્યાં રાજ્ય ચાલુ થયું.[૬૯]

દિયોદર

આ નાનું રાજ્ય સિસોડિયા શાખાના વાઘેલા રાજપૂતોની પાસે હતું. ઈ.સ. ૧૨૯૭ માં એમની પાસેથી સત્તા ઝૂંટવી લઈ એને પાલનપુર સાથે જોડી દેવામાં આવ્યું હતું, પણ થોડાં વર્ષો પછી વાઘેલાઓએ એ પાછું હસ્તગત કર્યું હતું. પહેલાં આ રાજ્યને ૮૪ ગામ હતાં, પણ ઈ.સ. ૧૭૮૬ ના એક ભયાનક દુકાળમાં મોટા ભાગનાં ગામ ઉજ્જડ થઈ ગયાં તેથી આસપાસના ગરાશિયા મન ફાવે તે પ્રદેશ લઈ બેસી ગયેલા. કેટલાંક વર્ષો પછી વાઘેલા કુટુંબના એક

પૂંજાજી નામના ભાયાતે રાધનપુરના નવાબની સારી રીતે નોકરી કરેતાં એને દિયોદરનો બધો વહીવટ અપાવવામાં નવાબે સહાય કરી. એણે દિયોદર(જિ. બનાસકાંઠા )ને આબાદ સ્થિતિમાં લાવવા સારી જહેમત ઉઠાવી.[૭૦]

**પેથાપુર**

વાઘેલાવંશના જેતો અને વરસિંહ નામના બે રાજપૂત ભાઈ હતા. તેઓ સુલતાન અહમદશાહના સમયમાં બહારવટું ખેડી, લૂંટફાટ કરી નિર્વાહ ચલાવતા. એક વાર સુલતાનની બેગમ સરખેજથી વળતી હતી ત્યારે એ બંને જણાએ બેગમના રથ રોકયા. બેગમે જાણવા માગતાં એમને એમનો ગરાસ પાછો જોઈતો હતો. બેગમે વચન આપતાં એને જવા દીધી અને એણે અહમદશાહ પાસે એમનાં ૫૦૦ ગામ પરત કરાવી આપ્યાં. આમાં કલોલ સાથે ૨૫૦ ગામ જેતાને અને સાણંદ સાથે ૨૫૦ ગામ વરસિંહને મળ્યાં. પ્રથમની શાખામાં આગળ જતાં આનંદદેવ નામનો વંશજ કલોલમાં રાજધાની કરી રાજ્ય કરતો હતો. એના નાના કુમાર રાણકદેવને રૂપાલનો ગરાસ મળ્યો હતો. એના પછી બેત્રણ પેઢીએ થયેલા સામતસિંહજીના કુમારો વચ્ચે રૂપાલના ગરાસના ભાગ પડતાં મોટા વજેકરણને રૂપાલ મળ્યું અને નાના સોમેશ્વરને કોલવડા (તા. ગાંધીનગર) વગેરે ચૌદ ગામ મળ્યાં. સોમેશ્વરના પૌત્ર ચાંદોજીને હિમાળોજી નામનો કુમાર હતો. એનો મામો પેથુજી ગોહીલ હતો તેના અવસાને મામાનું નામ રાખવા હિમાળોજીએ 'પેથાપુર' (જિ. ગાંધીનગર) વસાવ્યું અને ત્યાં રાજધાની કરી આસપાસના પ્રદેશ પર રાજ્ય કરવાનો આરંભ કર્યો.[૭૧]

**પોળો ( વિજયનગર )**

ઈડરના રાવ ગોપીનાથના કુંવર ચાંદાને ઈ. સ. ૧૭૧૮ માં ઈડરના દેસાઈ મજમૂદારોએ ઈડરમાંથી મુસલમાન કિલ્લેદારોને હાંકી કાઢી ગાદીએ બેસાડેલો. ઈડરમાં લશ્કરીઓના પગાર ચડી જતાં વલાસણના ઠાકોર સરદારસિંહજીને બાંહેધરીમાં મૂકી, રાજ્ય સોંપી એ પોતાના મોસાળ પોળોમાં જઈ રહ્યો. ત્યાં થોડું રહી સરસાવ( તા. કડી )માં મુકામ કરી રહ્યો અને ભોજન માટે મામાને બોલાવી, એના માણસોને જમતી વેળા ખતમ કરી મામાને પણ મારી નાખ્યો અને પોળો આવી સત્તા હાથ કરી ( ઈ. સ. ૧૭૨૦ ). એના વંશજ પોળોમાં રાજ્ય કરતા આવ્યા. પાછળથી આ નાના નગરનું "વિજયનગર" નામ આપવામાં આવ્યું છે.[૭૨]

**બગસરા ભાયાણી** (જિ. અમરેલી)

બગસરાના કાઠી રાજ્યની સ્થાપના દેવળી(તા.કોડીનાર)ના વાળા મંછા-ભાયાએ કરી હતી. એના અવસાને કુમાર ભાયો ગાદીએ આવ્યો. એના નામથી એ શાખાના કાઠીઓ 'ભાયાણી' કહેવાવા લાગ્યા. આ રાજ્યની ઊપજ ઘણી છે, પણ કાઠીઓના રિવાજ પ્રમાણે ઘણા ભાગીદારોમાં એ વહેંચાઈ જતી રહી છે.[૭૩]

**બજાણા**

ગુજરાતમાં મુઘલ સત્તા આવ્યા પછી જતોની સત્તામાં બજાણા પરગણું હતું તે એમાંના મલેક હૈદોજ(હૈદરખાન)ને મળ્યું. એના અવસાને અરીખાન વીસોજી રાયધરજી વીસોજી(૨ જો) સૂરજમલ્લ દરિયાખાન સૂરજમલ્લ(૨ જો) પીરોજખાન અને સૂરજમલ્લ (૩ જો) એક પછી એક સત્તા ઉપર આવ્યા હતા. છેલ્લાના અવસાને એનો પુત્ર દરિયાખાન(૨ જો) આવ્યો. એનું અવસાન ૧૮૪૧ માં થયેલું.[૭૪]

**ભાદરવા** (તિલકવાડા મહાલ)

પેથાપુરની વિગતમાં જણાવેલા જેતોજીના વંશમાં લૂણકરણ થયો તે ઈ. સ. ૧૭૨૯ માં કેટલાક સૈનિકો સાથે નર્મદાની યાત્રાએ નીકળ્યો અને વાસદ (તા. આણંદ) પાસે આવ્યો અને અનગઢ(તા વડોદરા)ના કોળી શાસકે એક બ્રાહ્મણ ઉપર જુલ્મ કર્યાને કારણે એની ફરિયાદથી લૂણકરણે અનગઢ પર હુમલો કરી, કોળીઓ પર વિજય મેળવી ત્યાં ગાદી સ્થાપી. એના પછી લખધીરજી પ્રાગજી પ્રથમસિંજી શેષમલજી જોધાજી ગજસિંહજી વિજેપાળજી હમીરજી ગંગજી અરજનજી અદેભાણજી ભારમલજી ભોજરાજજી મહેરજી કેસરીસિંહજી કરણજી વજેસિંહજી સારંગજી સખરોજી સરતાનજી ભારમલજી(૨ જો) ભૂપાલજી અખેરાજજી ભાખરજી અને અજેજી એ અનુક્રમે સત્તા ઉપર આવેલા. છેલ્લા અજેજી પાસેથી એના નાના ભાઈ હીંગોળજીને ૧૮ ગામ જિવાઈમાં મળેલાં. અજેજી પછી એના બીજા કુમાર ખેતોજીને ગાદી મળી. ખેતોજીને હમીરસિંહ અને એને કીકોજી અને પ્રથમસિંહજી બે કુમાર હતા. આમાંથી કીકોજીને સુલતાને મુસ્લિમ બનાવ્યો અને એને અનગઢમાં જિવાઈ મળી. પ્રથમસિંહજીએ નજીકના જાસપુર(તા. પાદરા)માં કિલ્લો બાંધી ત્યાં રાજ્ય કરવાની શરૂઆત કરી (ઈ. સ. ૧૪૮૩).

પ્રથમસિંહજી પછી એનો પુત્ર જયસિંહ, એના પછી એનો પુત્ર પ્રાગજી,

એનો પુત્ર અદેસિંહજી, એના પછી પુત્ર પૃથ્વીરાજજી, એનો સરતાનસિંહજી, એનો મોટો પુત્ર ગજસિંહજી, એનો દલપતસિંહજી, એનો પૃથ્વીરાજજી, એના ઈ. સ. ૧૭૨૦ માં થયેલા અવસાને એનો પુત્ર સરદારસિંહજી, એના ઈ. સ. ૧૭૭૨ માં થયેલા અવસાને પુત્ર ઉદયસિંહજી, ઈ. સ. ૧૭૮૧ માં એના અવસાને દલપતસિંહજી, ઈ. સ. ૧૭૮૩ માં એના અવસાને એનો પુત્ર પ્રતાપસિંહજી, એક પછી એક ગાદીએ આવ્યા.[૭૫]

**માલપુર**

ઈડરના જૂના રાઠોડ વંશનો વીરજમલ્લજી નામનો સરદાર થોડી જાગીર લઈ ઈડરથી ખસ્યો. એનો પૌત્ર આનંદજી ઈ. સ. ૧૩૪૪ માં માન ( ? ) ગામમાં વસ્યો. એનો પૌત્ર રણધીરસિંહજી માન છોડી મોડાસા(જિ.સાબરકાંઠા) જઈ રહ્યો, અને એનો પૌત્ર વાઘસિંહજી ઈ. સ. ૧૪૬૬ માં માલપુર ( માલપુર મહાલ, જિ.સાબરકાંઠા) આવ્યો. એ એણે એક બ્રાહ્મણની સાથેના ભીલોના ઝગડાને પરિણામે હસ્તગત કર્યું હતું. એના વંશમાં થયેલો ઇંદ્રસિંહજી ઈ. સ. ૧૭૮૦ માં માલપુરમાં સત્તા ઉપર હતો ત્યારે ફતેહસિંહ ગાયકવાડે ચડાઈ કરી એની પાસેથી ખંડણી લીધી હતી.[૭૬]

**માળિયા–મિયાણા**

મોરબીના રાજ્યની સ્થાપના કરનાર કાંયોજીના છઠ્ઠા કુમાર મોડજીને મચ્છુકાંઠાના માળિયા(જિ.રાજકોટ) વગેરે પાંચ ગામ અને વાગડનાં થોડાં ગામ મળ્યાં હતાં. ઈ. સ. ૧૭૩૪ માં કાંયોજીના અવસાન પછી મોરબીની ગાદીએ આવેલા અલિયોજીના નાના ભાઈ મોડજીને મોરબીની સત્તા નીચેથી છૂટા પડવાની ઇચ્છાને કારણે એણે સિંધમાંથી મિયાણાઓને બોલાવી પોતાનાં ગામોમાં વસાવ્યા. પોતાની સત્તા નીચેનાં ગામ ઉપરાંત મિયાણાઓની સહાયથી બીજાં થોડાંક ગામ પણ જીતી લીધાં અને આમ એક નાનું રાજ્ય ઊભું કરી લીધું. મોડજી પછી એનો પુત્ર નાગોજી અને એના પછી એના સાત પુત્રોમાંનો મોટો કુમાર ભીમોજી માળિયાની ગાદીએ આવ્યો. એના પછી ડોસોજી આવ્યો તે બળવાન છતાં એક વખત મોરબીના જિયોજીએ એને કપટથી મોરબી લઈ જઈ ત્યાં ઈ. સ. ૧૮૦૨-૦૩ ના વર્ષમાં કેદ કરી લીધો. મિયાણા એમને બચાવવા સામા થયા અને લૂટફાટથી મોરબીનાં ગામડાં ધમરોળવા લાગ્યા. ઈ.સ. ૧૮૧૦ માં કંપની સત્તાએ એમની સામે એક ટુકડી મોકલી ત્યારે વિના શરતે મિયાણા તાબે થઈ જવાથી ટુકડી પરત ચાલી ગઈ.

આ ડોસોજી પછી સંતોજી માળિયાની ગાદીએ આવ્યો.[૭૭]

**વળા-વલભીપુર**

ભાવનગર જિલ્લામાં આવેલા પ્રાચીન વલભીપુર, પછીથી વળા (અને સ્વરાજ્ય મળ્યા પછી ફરી વલભીપુર)માં ભાવનગરના ગૂહિલોની પર પરા જાણવામાં આવી છે. જૂનો જાણવામાં આવેલો એભલ વાળો છે. (તળાજાની સુપ્રસિદ્ધ મોટી ગુફાને "એભલ મંડપ" કહેવામાં આવે છે તે આ એભલ વાળાના નામથી એમ કહેવામાં આવે છે). એને અને વળાના વાલમ બ્રાહ્મણોને ઝઘડો થતાં બ્રાહ્મણોનો મોટો સંહાર થયો અને એ બ્રાહ્મણો ધંધુકામાં જઈ રહ્યા. આ બ્રાહ્મણો ઉપરના જુલમનું વેર લેવા ધંધુકાના ધનમેર અને સેજકજી ગૂહિલનો કુમાર રાણોજી વળા ઉપર ચડાઈ લઈ ગયા, જેમાં એભલ વાળો મરાયો. રાણોજી ધનમેરનો જમાઈ થતો હતો એટલે વળાની સત્તા ધનમેરે ઈ. સ. ૧૨૬૦માં રાણોજીને સોંપી. ૧૩ મી સદીની આખરમાં અલાઉદ્દીનના સૈન્યે વળા ઉપર હુમલો કરી રાણોજીને પદભ્રષ્ટ કર્યો પછી છેક ઈ. સ. ૧૭૦૭માં ઔરંગઝેબનું મરણ થયું ત્યાં સુધી જુદી જુદી સત્તા નીચે મુસ્લિમ શાસન રહેવા પામ્યું હતું. એ પછી ભાવનગરની સ્થાપના કરનાર ઠાકોર ભાવસિંહજીના હાથમાં એ આવ્યું. એણે પોતાના પાંચ પુત્રોમાંના એક વીસોજીને વળાની જાગીર આપી. આસપાસનાં થોડાં ગામ મેળવી એણે ત્યાં નાની સત્તા જમાવી લીધી. ઈ. સ. ૧૭૦૯માં એના અવસાને મોટો કુમાર નથુભાઈ ગાદીએ આવ્યો તેણે પોતાના પ્રદેશમાં કેટલોક વધારો કરવાથી ભાવનગર સાથે શત્રુતા ઊભી થઈ. ઈ. સ. ૧૭૨૮માં નથુભાઈના અવસાને એનો કુમાર મયાભાઈ સત્તા પર આવ્યો તેણે થોડાં વધુ ગામડાં મેળવી રાજ્યને બલિષ્ઠ અને સમૃદ્ધ બનાવ્યું. મયાભાઈના સમયમાં કર્નલ વૉકરનું 'સેટલમેન્ટ' અસ્તિત્વમાં આવ્યું. મયાભાઈ ઈ. સ. ૧૮૧૪માં અવસાન પામતાં એનો કુમાર હરભમજી સત્તા ઉપર આવ્યો.[૭૮]

**બારાહી**

ઈ. સ. ૧૪૮૪માં મહમૂદ બેગડાએ ચાંપાનેર પર ચડાઈ કરી એને ખતમ કર્યું ત્યારે સિંધમાંથી જૂના સમયમાં કચ્છમાં આવેલ અને ત્યાંથી સૌરાષ્ટ્રમાં મૂળીમાં આશ્રય પામેલ જત લોકોએ[૭૯] બેગડાને સહાય કરેલી ત્યારે બજાણા (તા. દસાડા) પરગણું એમને આપવામાં આવ્યું હતું. એ પછી મુઘલ શાસનમાં મલેક હૈદરખાનને બજાણા, મલેક લાખાને સતારપુર (તા. દસાડા) તથા વણોદ (તા. દસાડા) અને મલેક ઈસાને વાલેવડા (તા. દસાડા)

આપવામાં આવેલ. એ સમયે વારાહી( તા. સાંતલપુર ) રાવણિયાઓની સત્તામાં હતું, પણ મલેક લાખાએ એ લોકો પર હલ્લો લઈ જઈ પોતાનો હક્ક જમાવી દીધો હતો. એક વાર લાખા અને રાવણિયાઓ વચ્ચે તકરાર ઊઠતાં વલીવડાવાળો મલેક ઇસાજી તકનો લાભ ઉઠાવવા વારાહી ઉપર ચડાઈ લાવ્યો અને એણે વારાહી કબજે કરી લીધું. અંગ્રેજ શાસન પહેલાં આ જતો પ્રજાને ખૂબ હેરાન કરતા હતા અને ઈ. સ. ૧૮૧૨ માં તો રાધનપુરના બાબી નવાબ શેરખાને પેશવા સરકારની મંજૂરીથી જત સરદાર ઉમરખાનને કેદ કરેલો. થોડા વખતમાં એ કેદમાંથી નાસી ગયો અને એણે પોતાનો લૂંટફાટનો ધંધો છોડી દીધો. એના પછી એનો પુત્ર શાહદતખાન ગાદીધર બન્યો.[૮૦]

**વિઠ્ઠલગઢ**

રખમાજી બાબાજી આપાજી ઈ. સ. ૧૭૮૫ માં ગુજરાતમાં આવેલો. એ ગુજરાતમાં ગાયકવાડનો પ્રથમ કક્ષાનો સરદાર હતો અને ગુજરાત-સૌરાષ્ટ્રમાં એણે ભારે કામગીરી કરેલી તે બદલ વડોદરાના તાબાનું કરાલી ( તા. ડભોઈ ) અને નવસારી તાબાનું સોનવાડી ( તા. ગણદેવી ) ઈ. સ. ૧૮૦૮ માં એને બક્ષિસ આપવામાં આવેલાં. વળી એની સૌરાષ્ટ્રનાં રજવાડાંઓને આપેલી પ્રબળ સેવાઓ માટે એના પુત્ર વિઠ્ઠલરાવના નામ પર પણ મોરબી લખતર અને બાબરામાંથી પણ જુદાં જુદાં ગામ મળેલાં. લખતરના ઠાકોરને સહાય કરેલી એ માટે ત્યાંના ઝાલા ઠાકોર પૃથુસિંહજીએ વાડુ અને બારપુવાડા બક્ષિસ આપ્યાં હતાં. આમાંથી વાડુને ‘ વિઠ્ઠલગઢ ’ નામ આપવામાં આવ્યું અને બારપુવાડાનું ‘ બાબાજીપુરા ’. આ ગામોની સીમા ખૂબ વિશાળ હોવાથી એમાં બીજા કલ્યાણપરા( તા. લખતર ), ભાસ્કરપરા( તા. લખતર ), જ્યોતિપુરા ( તા. લખતર ), એ ગામો એક પછી એક વસાવવામાં આવ્યાં. આ રાજ્યનાં બધાં મળી નવ ગામ ઝાલાવાડમાં અને બે ગામ મહારાષ્ટ્રમાં સાતારા જિલ્લામાં થયાં. ગાયકવાડની દીવાનગીરી ભોગવી ઈ. સ. ૧૮૧૧ માં બાબાજીનું અવસાન થયે એના પુત્ર વિઠ્ઠલરાવને ગાયકવાડની દીવાનગીરી મળી હતી.[૮૧]

**વીરપુર**

નવાનગરના ઈ. સ. ૧૫૬૯માં અવસાન પામેલા જામ વિભોજીના ત્રીજા કુમાર ભાણજીને થોડો ગરાસ મળ્યો હતો. એના એક વંશજ ભારોજીએ એ ગરાસ ગુમાવ્યો હતો અને પછી ખરેડીના મુસ્લિમ હાકેમની નોકરી સ્વીકારી હતી. ભારોજીની ૭ મી પેઢીએ થયેલા મોકોજીએ ઈ. સ. ૧૭૬૬માં મુસ્લિમોને હરાવી ખરેડીનો વહીવટ હાથમાં લીધો અને કાઠીઓ પાસેથી વીરપુર અને બીજાં

બે ગામ મેળવી લીધાં અને બાર ગામોનું એક નાનું રાજ્ય વીરપુરમાં રાજધાની રાખી શરૂ કર્યું.૮૨

## પાદટીપ

૧. ઝારાના યુદ્ધની વિગતો માટે, જુઓ લાલજી ના. જોશી, 'કચ્છનો કુરુક્ષેત્ર ઝારો', "પથિક" પુ. ૬, અંક ૧૦-૧૧, પૃ. ૮૬-૮૭.
૨. સુંદરજી સોદાગર વિશે, જુઓ ઈ. ગિ. ઓઝા, 'સુંદરજી સોદાગરની રાજકીય-કારકિર્દી', "પથિક", વર્ષ ૧૭, અંક ૪, પૃ. ૧૫-૨૨.
૩. ભારત રાજમંડળ (ભા.રા.મં.), પૃ. ૨૭-૩૧
૪. *Gujarat State Gazetteers (GSG), Jamnagar District*, pp. 79-84
૫. આ પુસ્તક ગ્રંથ. ૬ પૃ. ૧૨૩ ઉપર એનું અવસાન ભૂલથી ૧૭૮૦ જણાવાયું છે. પણ એ ૧૭૬૦ જોઈએ.
૬. *Ibid.*, pp. 95f.
૭. ભા.રા.મં., પૃ. ૧૫૭-૫૮
૮. એજન, પૃ. ૧૨૪-૨૭
૯. એજન, પૃ. ૧૧૯-૨૧
૧૦. એજન, પૃ. ૧૭૩-૭૫; જ. કા. પાઠક, 'મકરધ્વજવંશી મહીપમાલા', પૃ. ૧૫૧-૭૮
૧૧. વિગતો માટે જુઓ ઉપર પૃ. ૭૨-૭૪.
૧૨. Diskalkar, *Inscriptions of Kathiawad*, p. 400
૧૩. ઇન્દ્રવદન આચાર્ય, 'સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઇતિહાસ' (અપ્રસિદ્ધ મહાનિબંધ) (રજૂ કર્યા વર્ષ ૧૯૭૫), પૃ. ૧૩૧
૧૪. ભા.રા.મં, પૃ. ૧૧૨-૧૩
૧૫. ઇન્દ્રવદન આચાર્ય, ઉપર્યુક્ત, પૃ. ૨૪૩-૪૪
૧૬. એજન, પૃ. ૨૪૫
૧૭. ભા.રા.મં., પૃ. ૧૫૨
૧૮. આચાર્ય, ઉપર્યુક્ત, પૃ. ૨૭૫
૧૯. ભા.રા.મં., પૃ. ૧૩૧-૩૨
૨૦. આચાર્ય, ઉપર્યુક્ત, પૃ. ૨૧૧
૨૧. એજન, પૃ. ૨૧૨
૨૨. ભા.રા.મં., પૃ. ૧૬૬-૬૭
૨૩. આચાર્ય, ઉપર્યુક્ત, પૃ. ૨૬૧
૨૪. ભા.રા.મં., ભાગ ૨, પૃ. ૨૨૦
૨૫. એજન, પૃ. ૭૫
૨૬. એજન, ભા. ૨, પૃ. ૨૦૨-૩
૨૭. એજન, ભા. ૧, પૃ. ૧૨૮(૪૭)-૧૨૮(૫૧)
૨૮. એજન, પૃ. ૨૩૭-૩૮
૨૯. એજન, પૃ. ૮૮-૯૪; *GSG, Bhavnagar District*, pp. 63-74
૩૦. ભા. રા. મં., ભા. ૨, પૃ. ૨૨૨
૩૧. *GSG, Bhavnagar District*, p. 87
૩૨. ભા. રા. મં., પૃ. ૨૧૩-૧૫
૩૩. 'દ્વારકા સર્વસંગ્રહ', પૃ. ૧૦૬; *GSG, Jamnagar District*, pp. 93 f.
૩૪. ભા. રા. મં., ભા. ૨. પૃ. ૮૨-૮૩; *GSG, Rajkot District*, p. 46
૩૫. 'ઈડર રાજ્યનો ઇતિહાસ', ભાગ ૧ લો, પૃ. ૩૧૭-૩૬૪
૩૬. ભા. રા. મં. ભા. ૨, પૃ. ૨૨૩
૩૭. એજન, પૃ. ૨૨૫-૨૬

૩૮. એજન, પૃ. ૧૯૪ ૩૯. એજન, પૃ. ૨૨૯-૩૦

૪૦. એજન, પૃ. ૨૯૨-૯૩ ૪૧. એજન, પૃ. ૨૮૩

૪૨. *GSG, Surendranagar District*, p, 115

૪૩. શં. હ. દેશાઈ, ' જૂનાગઢ અને ગિરનાર,' પૃ. ૭૪-૧૧૩

૪૩અ. ભા. રા. મં., પૃ. ૧૯૨

૪૪. *GSG, Kheda District* p. 107 માં સરદાર મુહમ્મદખાન પછી એનો પુત્ર સલાબતખાન આવે છે, પુત્ર તરીકે આવેલા જમિયતખાનનો ઉલ્લેખ નથી.

૪૫. ભા. રા. મં., પૃ. ૨૩૩-૩૫ ૪૬. એજન, ભા. ૨, પૃ. ૧૬૨-૬૩

૪૭. *Tarikh-i-Sorath*, p. *51* ૪૮. *Ibid*.. pp. 158f.

૪૯. આ હકીકત પાછળથી જાણવામાં આવી છે, ભા. રા. મં.માં નથી.

૫૦. ભા. રા. મં., ભા. ૨, પૃ. ૧૮૯-૯૧; કે. કા. શાસ્ત્રી, સૌરાષ્ટ્રની ઐતિહાસિક નગરીઓ : ૧ માંગરોળ-સોરઠ, પૃ. ૭૩-૭૯

૫૧. ભા. રા. મં., ભા. ૧, પૃ. ૧૮૭-૮૮; ' પાલણપુર રાજ્યનો ઇતિહાસ ', ભા. ૧, પૃ. ૧૯૭-૨૯૬

૫૨. ર. ભી. જોટ, ' ખંભાતનો ઇતિહાસ ', પૃ. ૭૪-૮૬

૫૩. *GSG, Broach District*, pp. 73f.માં લલ્લુભાઈનો કોઈ ઉલ્લેખ નથી.

૫૪. *Ibid*., p. 73

૫૫. ગ. હિ. દેસાઈ, ' ભરૂચનો ઇતિહાસ ', પૃ. ૪૩૧-૪૮

૫૬. ભા. રા. મં., ભા. પૃ. ૩૦૧-૦૨

૫૭. *GSG, Surat District*. p. 130 ૫૮. *Ibid*., p. 143

૫૯. ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈ, ' સુરત સોનાની મૂરત ', પૃ. ૮૭-૧૨૭; *Ibid*., pp. 133-186

૬૦. ભા. રા. મં., ભા. ૨. પૃ. ૧૬૮ ૬૧. એજન, ભા. ૨, પૃ. ૨૨-૨૯

૬૨. એજન, ભા. ૨, પૃ. ૩૪ ૬૩. એજન, ભા. ૨, પૃ. ૪૬

૬૪. એજન, ભા. ૨, પૃ. ૫૪-૫૬ ૬૫. એજન, ભા. ૨, પૃ. ૮૨-૮૩

૬૬. એજન, ભા. ૨. પૃ. ૮૯ ૬૭. એજન, ભા. ૨, પૃ. ૯૪-૯૫

૬૮. એજન, ભા. ૨, પૃ. ૧૦૪-૦૫ ૬૯. એજન, ભા. ૨. પૃ. ૧૦૮-૦૯

૭૦. એજન, ભા. ૨, પૃ. ૧૦૯ ૭૧. એજન, ભા. ૨. પૃ. ૧૪૪-૪૫

૭૨. એજન, ભા. ૨, પૃ. ૧૪૭-૪૮ ૭૩. એજન, ભા. ૨, પૃ. ૧૫૦

૭૪. એજન, ભા. ૨, પૃ. ૧૫૧ ૭૫. એજન, ભા. ૨, પૃ. ૧૭૭-૭૮

૭૬. એજન, ભા. ૨, પૃ. ૧૮૬ ૭૭. એજન, ભા. ૨, પૃ. ૧૮૭

૭૮. એજન, ભા. ૨, પૃ. ૨૩૬-૩૮

૭૯. ભા. રા મં.માં (પૃ. ૧૩૯) આમને 'જાટ' કહ્યા છે, પણ હકીકતે એ 'જત' છે.

૮૦. એજન, ભા. ૨, પૃ. ૧૩૯-૪૦

૮૧. એજન, ભા ૨, પૃ. ૨૪૮-૪૯ ૮૨. એજન, ભા. ૨. પૃ. ૨૫૦

પ્રકરણ ૭

# રાજ્યતંત્ર

આ કાલ દરમ્યાન ગુજરાતમાં પેશવા ગાયકવાડ અને કેટલાક સ્થાનિક રાજાઓની સત્તા હતી, પરંતુ રાજ્યતંત્રમાં મુખ્ય પેશવાઈ રાજ્યતંત્ર હતું. આ કાલ એટલો બધો પ્રવાહી હતો કે એમાં સમયે સમયે રાજ્યવિસ્તારમાં ફેરફાર થયા કરતો હતો. મુઘલ સત્તા ગુજરાતમાંથી વિદાય લઈ રહી હતી, છતાં મરાઠા રાજ્યતંત્ર પણ ઘણે અંશે મુઘલ રાજ્યતંત્ર પર આધારિત હતું.

છત્રપતિ શિવાજીના સમય( ઈ. સ. ૧૬૪૬–૧૬૮૦ )માં રાજ્યતંત્રનો સર્વોપરી વડો રાજા હતો ને એ રાજ્યતંત્રમાં પોતાને મદદ કરવા પેશવા વગેરે પ્રધાનોનું મંડળ નીમતો. સમય જતાં પેશવાનો હોદ્દો વારસાગત થયો, રાજ્યતંત્રમાં એનું સર્વોપરી શાસન પ્રવર્ત્યું ને રાજાનું તથા અન્ય પ્રધાનોનું વર્ચસ લુપ્ત થઈ ગયું.[1] ઈ. સ. ૧૭૫૦ થી મરાઠા છત્રપતિના નામે બ્રાહ્મણ પેશવા જ શાસન કરતો.[2]

## વહીવટી વિભાગો

પેશવાઓના અમલ દરમ્યાન 'સ્વરાજ્ય'ને મહેસૂલી તથા વહીવટી હેતુઓ માટે સૂબા( પ્રાંત ), સરકાર, પરગણા, તર્ફ ( મહાલ ) અને મૌજ( ગામ )માં વિભક્ત કરવામાં આવતું હતું. સૂબાના વડાને 'સૂબેદાર' કહેતા. ગુજરાત ખાનદેશ અને કર્ણાટકમાં સરસૂબેદાર નિમાતા. એમના હાથ નીચે મામલતદાર હતા, જે 'સરકાર'નો વહીવટ સંભાળતા. શિવાજીના સમયમાં મામલતદારની નિમણૂક ટૂંકા ગાળા માટે થતી ને એની વારંવાર બદલી થયા કરતી, પરંતુ પેશવાઈ અમલ દરમ્યાન મામલતદાર પોતાની નિમણૂક એ જ જગ્યાએ ફરી ફરી કરાવતા રહેતા ને એ રીતે પોતે એક જ તાલુકામાં ૩૦–૪૦ વર્ષ ટકી રહેતા અને બને તો એ જગ્યાએ એના પછી એના પુત્રની નિમણૂક કરાવતા. પરગણા અને તર્ફને 'મહાલ' પણ કહેતા ને એના વડા અધિકારીને 'કમાવીસદાર' (મહાલકારી) કહેતા. આ અધિકારીઓ પગારદાર હતા ને તેઓ રૈયત પાસેથી મહેસૂલ ઉઘરાવવાનું તંત્ર સંભાળતા, તેથી વચ્ચે રહેલી જમીનદારીની પ્રથા લુપ્ત થઈ ગઈ હતી બજારવાળા શહેરને 'કસબો' અને બજાર વગરના ગામને 'મૌજ' કહેતા. કસબાનો વહીવટ કોટવાલ કરતો ને મૌજનો પાટિલ.[3] શહેરને લગતાં ખતપત્રોમાં પરાં ચકલાં પોળે શેરીઓ ખડકીઓ અને ખાંચાઓનો પણ

ઉલ્લેખ આવે છે, એ પરથી શહેરના મોટાનાના વિભાગો તથા પેટવિભાગોનો ખ્યાલ આવે છે.

### શાસકો અને અધિકારીઓ

ગુજરાતમાંના પેશવાઈ રાજ્યતંત્ર માટે તત્કાલીન 'ખતપત્રો' ખૂબ મહત્ત્વનાં હોવાથી અહીં એમાંનાં કેટલાંક ખતપત્રોનો આધાર લેવામાં આવ્યો છે. (આ ખતપત્રો અમદાવાદના ભો. જે. વિદ્યાભવનના સંગ્રહાલયમાં છે.[૪])

ગુજરાતના પાટનગર અમદાવાદમાં મુઘલ સતાને સ્થાને મરાઠાઓની સત્તા સ્થપાઈ તેમાં પેશ્વા અને ગાયકવાડની સત્તા મુખ્ય હતી. પેશ્વા સતારા કે પુણે રહી સૂબેદાર મારફતે અમદાવાદમાં આવેલા 'ભદ્રમધ્યે'થી તંત્ર સંભાળતા અને ગાયકવાડ વડોદરા રહી પોતાના સૂબેદાર દ્વારા 'હવેલી સ્થાને'થી સત્તા ચલાવતા હતા પરંતુ આ સમયનાં મોટા ભાગનાં ખતપત્રોમાં દિલ્હીના પાદશાહનો સતત ઉલ્લેખ આવે છે.

### પાદશાહ

ઈ. સ. ૧૭૬૩ થી ૧૭૯૭ સુધીનાં ખતપત્રોમાં પાદશાહ શાહઆલમ (બીજા)નો ઉલ્લેખ સતત આવે છે.[૫] કોઈ વાર એને 'આલીઘોર'[૬] કહ્યો છે ત્યાં તેનું મૂળ નામ 'મીર્ઝા અબ્દુલ્લાહ આલીઘોર, શાહઆલમ બીજો' એવું હતું.[૭] આ મુઘલ પાદશાહ ઈ.સ. ૧૭૫૪ માં ગાદી ઉપર બેઠો. ઈ.સ. ૧૭૮૮ માં એને આંધળો કરવામાં આવ્યો અને ઈ. સ. ૧૮૦૬ માં એનું અવસાન થયું.

### સૂબેદાર (સૂબહદાર)

પેશ્વા તરફથી સૂબેદારની નિમણૂક કરવામાં આવતી તે જ પ્રમાણે અમદાવાદમાં ગાયકવાડનો પણ એક સૂબેદાર નિમાતો હતો. ખતપત્રોમાં 'સુબે-હાકમ-હવાલે', 'શહેર સુબે', 'સુબા', 'શહેર સુબેદાર', 'ગુજરાત અમદાવાદનો હાકીમ પેશવાઈ દક્ષણી સહેર સૂબેદાર...' 'ગુજરાત દેશે રાજ્યકર્તા દક્ષણી ગાયક-વાડ શ્રી સુબેદાર' વગેરે શબ્દપ્રયોગ યોજવામાં આવ્યા છે. ઉપલબ્ધ ખતપત્રોની વિગત જોતાં પેશવા તરફથી નિમાયેલા સૂબાઓનો તા. ૨૯-૧-૧૭૬૩ થી ૩૧-૮-૧૭૯૭ સુધીમાં અને ગાયકવાડના સુબાઓ કે તેઓના નાયબોનો તા. ૨૯-૧૧-૧૭૮૦ થી ૫-૪-૧૮૧૩ સુધીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૮]

સૂબેદાર એ સુબા(પ્રાંત)નો વડો હતો. સામાન્ય રીતે એને શરૂઆતમાં 'સૂબેદાર' અને આગળ જતાં 'સૂબો' કહેવામાં આવતો. સૂબેદારના કાર્ય-ક્ષેત્રમાં કારોબારી સંરક્ષણ અને ફોજદારી ન્યાય તેમજ સામાન્ય નિરીક્ષણનો સમાવેશ થતો.[૯] 'મીરાતે એહમદી'માં એને વિશે નીચે પ્રમાણે નોંધ છે :

'જાતના મનસબ સિવાય સુબાગીરી તેનાતી (તહેનાતી) પંદરસો સ્વારોની, નીમણુંક બે કરોડ એક લાખ પંચાશી હજાર નવસો દામનું ઇનામ, તેની સાથે નોકરી પેટાની જાગીર અને રાજા જમીનદારોની પેશકશી. તે ઉપરાંત પહેલાંના સુબાઓ નોકરી–શરતના લવાજમ સિવાય ચોવીસ લાખ રૂપિયા પગાર લેતા હતા.'[૧૦]

### સાર્થ વિભાગી ચોથ લેનાર ચોથિયા (ગાયકવાડ)

ખતપત્રોમાં આ અધિકારીની વિગત નામ સાથે આપવામાં આવી છે.[૧૧] અમદાવાદ શહેરના અર્ધા ભાગ ઉપરની ચોથ ઉઘરાવવા ગાયકવાડ રાજ્ય તરફથી જે અધિકારીની નિમણૂક થતી તેને પણ કેટલેક ઠેકાણે 'સૂબેદાર' કહ્યો છે; એટલે કે જે વિસ્તાર ગાયકવાડના તાબામાં હતો ત્યાં સૂબેદારની નિમણૂક થતી હતી અને એનું મુખ્ય કાર્ય ચોથ ઉઘરાવવાનું રહેતું.

### પાદશાહી દીવાન

બાર જેટલાં ખતપત્રોમાં દીવાન તરીકે 'પાદશાહી દીવાન'[૧૨]નો ઉલ્લેખ છે, જે બધા જ મુસલમાન છે. આ શબ્દપ્રયોગથી એવું સૂચવાતું લાગે છે કે તેઓની નિમણૂક દિલ્હીના મુઘલ પાદશાહ તરફથી થતી અને પેશવાઓ તેઓનો એ અધિકાર ચાલુ રાખતા. 'મીરાતે એહમદી' મુજબ સરકાર બાદશાહના હજૂર હુકમથી અને રાજ્યના મુખ્ય વજીરની મહોરવાળી સનંદથી દીવાનની નિમણૂક કરવામાં આવતી. જાતિ મનસબ અને તહેનાત સિવાય થાણદારીના તાબામાં એને ૫૦ સવાર અપાતા હતા. કેટલાક મનસબદારો સરકારી કામ કરવા દીવાની કચેરીના તાબામાં રખાતા. ખાલસા મહાલોની અમીની, એની બાકી રકમ અને વસૂલ લેવાની રકમો, સવાળાનો વહીવટ. નોકરીઓ અને જાગીરો, સૂબાની સરકારી ખંડણી, સૂબાની મહોર વાપરવાનો અધિકાર, વસૂલાત તથા ખર્ચ વગેરેનો દીવાનની સાથે જ સંબંધ હતો. એના તાબાની કચેરીઓમાં નીચેનાનો સમાવેશ થતો.[૧૩]

### દીવાનનો પેશકાર

ઘણી વખત દીવાનનો પેશકાર મનસબદાર હતો અને હજૂરમાંથી બાદશાહી મોટા દીવાનની મહોરથી એની નિમણૂક થતી. દીવાન પોતાનો પેશકાર પોતાની પસંદગીથી નીમવાની આજ્ઞા લેતો.[૧૪]

### બક્ષી

ખતપત્રોમાં એનો ઉલ્લેખ 'બકસી' તરીકે આવે છે.[૧૫] મુઘલ વહીવટીતંત્રમાં

સૂબાના બક્ષોની ફરજોમાં સૈનિકો નોંધવા, એમની હાજરી પૂરવી અને એમનાં પગાર-બિલોને મંજૂરી આપવી એનો સમાવેશ થતો.[૧૬] 'મીરાતે એહમદી'માં નોંધ છે : 'મોટા બક્ષીઓના પત્રકમાં ચાર બક્ષીઓની મહોરવાળી સણંદથી એમની નીમણૂક થાય છે. બક્ષીગીરી ચાકરીની શરતના ૫૦ સ્વારો પાંચસો રૂપિયા જાતના પગારની નીમણૂકની શરતથી પેશકારનો ઠરાવ થાય છે. કેટલાક નાના પ્રગણા(પરગણા)માં તેના ગુમાસ્તા મુકવામાં આવે છે, જે ત્યાંના બનતા બનાવોની હકીકત લખતા રહે અને જે બાદશાહને જોવાલાયક હકીકત હોય તેને શહેરના બનાવોના પૂર્ણી (પૂરવણી) ભાગ દાખલ નોંધવામાં આવે છે. સૂબાની કચેરી, દીવાનની કચેરી, અને બહારના ફોજદારની કચેરી, હાકેમ અદાલતની કચેરી અને કોટવાલીના ચબુતરાની કચેરીમાં તેના ગુમાસ્તાઓ અને ખબરપત્રીઓ સાંજરે સાંજરે જઈ હકીકત લખીને લાવે છે તથા કેટલાક મુખ્ય પરગણામાં હજુરમાંથી ગુમાસ્તા મુકવામાં આવે છે. મરી ગયેલા અને નાશી ગયેલા મનસબદારોની જાગીર જપ્ત કરી લેવાનું રોજનામું તેમની ગેરહાજરીઓ, પોતાની મહોરથી લખી આપે છે. તેનો સંબંધ દીવાની દફતરથી છે. બનતા બનાવોની નોંધ ડાકના દરુગા પાસે જાય છે અને તેને સરકારી બેંગી ભેગી રવાને કરે છે.'[૧૭] આ પરિસ્થિતિ આ સમયે પણ ચાલુ રહી લાગે છે.

**મામલતદાર અને કમાવીસદાર**

મામલતદાર 'સરકાર'નો અને કમાવીસદાર(કુમાવિસદાર) મહાલનો વડો અધિકારી હતો. તેઓ પોતપોતાની હકૂમતના વિસ્તારમાં અનેકવિધ ફરજો તથા જવાબદારીઓ ધરાવતા. તેઓ ખેડૂતના કલ્યાણની સંભાળ રાખતા, ખેતી સુધારવા માટે ઉપાયો યોજતા, નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપતા, દીવાની તથા ફોજદારી ઝઘડાઓ અંગે તપાસ કરતા ને જરૂર લાગે તો નિર્ણય માટે પંચાયત નીમતા. તે તે વિસ્તારની સિબંદી (કેન્દ્ર સરકાર માટે રાખેલી સ્થાનિક ફોજ) તથા સિપાઈ ફોજ તેઓના કાબૂ નીચે હતી.[૧૮]

તેઓમાંના ઘણા ભેટસોગાદોની રુશવતને વશ થતા, પરંતુ પ્રાંત અને મહાલના સ્થાનિક વારસાગત અધિકારીઓની કામગીરીને લીધે તેઓની સત્તા પર અંકુશ રહેતો. આ અધિકારીઓમાં ૧૨ કારકુનો ઉપરાંત દીવાન મજમૂદાર ફડનીસ દફતરદાર પોતનીસ પોતદાર સભાસદ અને ચિટનીસનો સમાવેશ થતો. તેઓને પોતાના પગાર માટે મામલતદાર પર આધાર રાખવાનો ન હોઈ, તેઓની કામગીરી મામલતદારનાં દુષ્કૃત્યો પર અંકુશરૂપ નીવડતી. વળી મામલતદારની કચેરીની દરેક કામગીરીમાં એમાંના કોઈ અધિકારીનું કામ પડતું. બધા

પત્રો અને ફરમાનો પર દીવાનની પ્રતિ-સહી થતી. ખતો તથા હિસાબો ફડનવીસને પહોંચે તે પહેલાં મજમૂદાર એને મંજૂર કરતો. ફડનવીસ બધાં ખતો અને ફરમાનો પર મિતિ નાખતો, રોજમેળ તૈયાર કરતો, નાણાથેલીઓ પર ચિઠ્ઠીઓ લગાવતો, ગામના વાર્ષિક ગણોતનામા પર મિતિ નાખતો ને હિસાબ-વહીઓ વડા મથકે લઈ જતો. દફતરદાર ફડનવીસના રોજમેળ પરથી ખાતાવહી તૈયાર કરતો ને વડા મથકે માસિક સરવૈયું મોકલતો. પોતનીસ વસૂલની તથા સિલકની નોંધ રાખતો ને રોજમેળ તથા ખાતાવહી લખવામાં મદદ કરતો. પોતદાર હંમેશાં બે રખાતા. તેઓ સિક્કા તપાસતા. સભાસદ નાના મુકદ્દમાઓનું નોંધપત્રક રાખતો ને મામલતદારને તેઓનો હેવાલ મોકલતો. ચિટનીસ પત્રો અને જવાબો લખતો. આમાંના કેટલાક બીજાઓની કામગીરી પર દેખરેખ રાખતા; જેમકે ફડનીસ અને ચિટનીસના કામ પર મજમૂદાર અને દફતરદારના કામ પર ફડનીસ. ઉપરાંત, મામલતદારે પોતાની નિમણૂક થતાં મહેસૂલની મોટી રકમ અગાઉથી આપી દઈ એને પછી મહેસૂલ-વસૂલાતમાંથી વસૂલ કરવાની રહેતી. આ રકમને ' રસદ ' કહેતા. અલબત્ત, એના પર માસિક ૧ થી ૧½ ટકાના દરે વ્યાજ અપાતું, પરંતુ આ પ્રથાને લીધે મામલતદાર ગરજવાન રહેતો. એવો એક બીજો અંકુશ હતો ' બેહેડા 'નો, અર્થાત્ પેશવાના દફતરમાંના અનુભવી અધિકારીઓએ કાઢેલા સંભવિત આવક અને ખર્ચના અંદાજનો. મામલતદારે મહેસૂલ ઉઘરાવવામાં આ વાર્ષિક અંદાજને લક્ષમાં રાખવાનો રહેતો. આ બધા છતા મામલતદાર હિસાબમાં તરેહતરેહની ગોલમાલ કરતા ને સરકારે જેની જોગવાઈ ન કરી હોય તેવા ખર્ચ માટે વધારાનો લાગો લેતા. તપાસવાના હિસાબમાં એ આવકનોય સમાવેશ થતો. હિસાબનીસ તથા મજમૂદાર લક્ષમાં ન લે તેવી લાંચરુશ્વત તો કેટલીય લેવાતી ![૧૯]

ખતપત્રોમાં કુમાવિસદારને 'કુમાશદાર' કહ્યો છે.[૧૯અ] સરકાર કુમાવિસદારને પરગણાં એક બે ત્રણ કે પાંચ વર્ષ માટે ગણોતપટે આપતી. કુમાવિસદાર ખેડુતો સાથે કરાર કરતો, પરંતુ એના હાથ નીચેના ગામની વસ્તી એકદમ ઘટી જાય કે જમીનમાં પાક નિષ્ફળ જાય તો જે કોઈ આ જમીન સુધારી શકે તેમ હોય તેની સાથે એ કરાર કરતો. એવી વ્યક્તિને વણખેડાયેલી જમીન સમજૂતી કરીને આપી શકતો. જમીન ખેડનાર રોકડ નાણામાં કે અનાજમાં મહેસૂલ ભરી શકતો. કેટલાંક પરગણાંમાં મહેસૂલ રોકડ નાણામાં તેમજ અનાજમાં પણ ભરી શકાતું, જ્યારે કેટલેક સ્થળે ગ્રામજનો અને પટેલોએ ' કુમાવિસદારો '

સાથે કરેલા કરાર પ્રમાણે એ વસૂલ કરવામાં આવતું. આમ કુમાવિસદાર એ ખેડૂતો અને સરકાર વચ્ચે કડી સમાન હતો.

મહાલનો વહીવટ પણ આ પ્રમાણે જ થતો. હવાલદારને એ વંશપરંપરાગત અધિકારીઓ – મજમૂદાર અને ફડનવીસ મદદ કરતા તેમજ એની કામગીરીની તપાસ રાખતા. દરેક મહાલમાં એ ઉપરાંત ચાર લશ્કરી અધિકારી રહેતા. હશમનવીસ દરેક માણસનાં નામ કુલ વતન હથિયારો અને પગાર દર્શાવતું પત્રક રાખતો. અશમ ફડનીસ લશ્કરના હિસાબ રાખતો ને કેટલીક વાર સિપાઈઓની હાજરી પણ નોંધતો. હજિરીનવીસ હાજરીપત્રક રાખતો ને અશમ દફતરદાર લશ્કરી ખાતાવહી રાખતો.[૨૦]

મામલતદાર અને કમાવીસદાર પાટિલ સાથે મસલત કરી દરેક ગામનું મહેસૂલ આકારતા, પાટિલની માગણી થતાં મહેસૂલની વસૂલાત માટે સિબંદી મોકલતા, દીવાની તથા ફોજદારી મુકદ્દમામાં પાટિલ પંચાયત ન નીમે તો પંચાયત નીમતા ને ગ્રામ-અધિકારીઓ વિરુદ્ધની ફરિયાદો સાંભળતા.[૨૧]

**કોટવાલ**

ખતપત્રોમાં શહેરના સંદર્ભમાં હમેશાં કોટવાલનો નામનિર્દેશ કરવામાં આવતો.[૨૨] એ કસબાનો વહીવટી વડો હતો. એ ફોજદારી ન્યાયાધીશ હતો તેમજ શહેરના સિપાઈઓનો વડો હતો. એ માત્ર દુર્ગપાલ નહિ; નગરાધ્યક્ષ પણ હતો. એ પોતાની હકૂમતની અંદરના તમામ મહત્ત્વના ઝઘડાઓનો નિકાલ કરતો, ભાવ-નિયમન કરતો, સરકારી કામ માટે મજૂરો પૂરા પાડતો, જમીનનાં વેચાણ અને ખરીદ પર દેખરેખ રાખતો, વસ્તી-ગણતરી કરતો ને શહેરમાં આવતાં તથા શહેરમાંથી જતાં સર્વ માણસોની નોંધ રાખતો. રસ્તાઓ ગલીઓ અને ઘરોને લગતા તમામ ઝઘડાઓનો નિકાલ કરતો ને સરકારને માસિક હિસાબો મોકલતો. રાતે દસ વાગ્યે તોપ ફૂટ્યા પછી કોઈ રસ્તા પર ફરતું તો એ એને પકડી સવાર સુધી અટકમાં રાખતો. મરાઠાકાલના કોટવાલની ફરજો લગભગ મુઘલકાલના કોટવાલની ફરજો જેવી હતી.[૨૩]

શહેરના વહીવટ માટે બીજા અનેક અધિકારી નિયુક્ત થતા. ખતપત્રોમાં એવા અનેક અધિકારીઓનો ઉલ્લેખ આવે છે, જેમકે—

**કાજી (કાઝી)**

એ ન્યાયખાતાનો વડો કે ન્યાયાધીશ હતો. ખતપત્રોમાં મોટે ભાગે કાજી રુકનલહક, હઝરત તુરઅલહક, ઇશ્રાબાપખાન, ખાદીમે રસૂલના શેહ, મહમદ

સાલેહનો ઉલ્લેખો કાજી તરીકે મળે છે.[૨૪] 'મીરાતે એહમદી'માં આપેલી આ અંગેની નોંધ વિચારવા જેવી છે : 'સુબાનો કાજી અને કસબાઓના કાજી આજ્ઞાપુસ્તક પ્રમાણે સદરસ્સુદુરની મહોરથી નીમાય છે. હજુરી સણંદ પ્રમાણે સુબાની સદર કચેરીથી સણંદ તેને મળે છે. શહેર કાજી જાતી મનસબ ઉપરાંત વીસ સ્વારોની નીમણોક તેનાતી (તહેનાતી) પેટામાં રાખે છે.......અને કસબાની કજાતનું રોકડ રોજીંદુ અને આ કામ કરવાની શરત પેટાની જમીન તે જગ્યાની યોગ્યતા પ્રમાણે દરેક ઠેકાણે કાઢી આપવામાં આવી છે.'[૨૫] આમ મુઘલ સમયનો આ અધિકારી આ સમયે પણ ચાલુ રહ્યો હતો.

### હવાલદાર

ખતપત્રોમાં ચકલાના ચોતરાના કે પરાના હવાલદારનો ઉલ્લેખ છે. કેટલેક સ્થળે એમનાં નામ પણ આપવામાં આવ્યાં છે.[૨૬] આ હવાલદાર શહેરના તે તે વિભાગની રક્ષા માટેની સિપાઈઓની કે પોલિસોની નાની ટુકડીનો નાયક હતો.

### કાહાનુગો (કાનૂન્ગો)

ખતપત્રોમાં એને 'કાહાનુગો', 'કાનુગો' કે 'કહાનુગો' કહ્યો છે.[૨૭] એ જમીનને લગતા કાયદા અને રીતરિવાજ(કાનૂન)નો જાણકાર હતો. એ કાર્યપદ્ધતિ, રીતરસમ અને જમીનના પાછલા ઇતિહાસના ખજાના જેવો હતો.[૨૮]

### મફ્તી (મુફ્તી)

કોઈ ખતપત્રોમાં એનો ઉલ્લેખ આવે છે.[૨૯] 'મીરાતે એહમદી'માં એને 'પેશકાર કાજી' કહ્યો છે.[૩૦] મુફ્તી એ હકીકતમાં કાઝી(કાજી)ને ન્યાયના મુકદ્દમાઓમાં મદદ કરનાર અધિકારી હતો. એ ધારાશાસ્ત્રનાં પુસ્તકોનો અભ્યાસી હતો અને ન્યાયના મુકદ્દમામાં કાઝીને દૃષ્ટાંતો કાઢી બતાવતો અને એ પ્રમાણે ન્યાય આપવા વિનંતી કરતો. મુઘલ પ્રાંતમાં કાઝીની સાથે એક મુફ્તી રહેતો. આમ એ કાઝીનો કાનૂની સલાહકાર હતો.[૩૧]

### અદાલતી દારોગા

દારોગા એટલે ઉપરી નિરીક્ષક અધિકારી. ખતપત્રોમાં એને 'અદાલતી' તથા 'દારોગે', 'અદાલતના દરોગા' કે 'અદાલતિ દરોગે' કહ્યો છે.[૩૨] અદાલતના દારોગાને અદાલતમાં વ્યવસ્થા જાળવવાનું કાર્ય સોંપાયું જણાય છે.

### વાકાનવીસ (વાકિઅહનવીસ)

વાકાનવીસ એટલે બનાવોનો લખનાર અથવા તપાસનાર, નિયમિત અને

જાહેર અહેવાલ લખનાર. ખતપત્રોમાં એને વાકાનવીસ કે વાકાનવેશ તરીકે જણાવ્યો છે.[૩૩]

**ફડનવીસ ( ફડનીસ )**

મહારાષ્ટ્રમાં મરાઠાકાલમાં ' ફડ ' કરીને એક મોટી કચેરી હતી. એ પુણેમાં પેશવાના શનિવાર નામના પેઠ( વાડા )માં બેસતી. એ કચેરીના મુખ્ય અધિકારીના હાથ નીચે ૭૦૦ કારકૂન હતા. એ અધિકારી ફડનીસ કે ફડનવીસ કહેવાતો.[૩૪] એ ફડ એટલે દફતરખાતાનો વડો હતો. ખતપત્રોમાં એનો ઉલ્લેખ છે.[૩૫]

**અમીન**

અમીનનો ઉલ્લેખ ફક્ત બે જ ખતપત્રોમાં છે.[૩૬] આ સ્થળે એ નાનો અધિકારી જણાય છે. એની ફરજોમાં સ્થાનિક અધિકારીઓ ઉપર કાબૂ રાખવો, આંતરિક તોફાની તત્ત્વોને વશ રાખવાં અને મહત્ત્વાકાંક્ષી પડોશીઓથી સૂબાનું રક્ષણ કરવું, ટ્રસ્ટી તરીકેની ફરજો બજાવવી, અધિકારીઓ વચ્ચેના ઝઘડાઓમાં સમાધાન કરાવવું, વગેરેનો સમાવેશ થાય છે.[૩૭] પરંતુ ' મીરાતે એહમદી 'માં વિવિધ ખાતાંઓના સંબંધમાં અમીનોનો ઉલ્લેખ છે. દા.ત. ખજાના, ગાંસડી અને લૂગડાંખાતું, સાયર કોઠા ખાતું[૩૮] વગેરે. આથી ખાતા ઉપર નિરીક્ષણનું કાર્ય આ અધિકારી મરાઠાકાલમાં પણ કરતો હોય એમ જણાય છે.

**અદાલતનો કરોડો**

એક જ ખતપત્રમાં એનો ઉલ્લેખ છે.[૩૯] આ અમલદાર મનસબદાર હતો. ઘણી વખતે સૂબાના દીવાન તરફથી એની નિમણૂક થતી.[૪૦] મુખ્યત્વે એનું કાર્ય મહેસૂલ વ્યવસ્થા સંભાળવાનું હતું.[૪૧] પરંતુ અહીં એનો ઉલ્લેખ અદાલતના સંદર્ભમાં થયો છે એ રીતે જોતાં જણાય છે કે એ અદાલતમાં આવતી દંડની રકમ વસૂલ કરવાનું કામ કરતો હશે.

**અદાલતનો હલકારો**

એનો ઉલ્લેખ એક જ ખતપત્રમાં છે.[૪૨] ' મીરાતે એહમદી 'માં જણાવ્યું છે કે એની નિમણૂક પાદશાહ તરફથી થતી. એની ફરજોમાં સૂબાની આસપાસની ખબર લાવી આપવી, હજૂરમાં મોકલવાના કાગળોનાં પરબીડિયાં ડાકના ભૂંગળામાં રવાના કરવાં વગેરેનો સમાવેશ થતો. એના માણસો સૂબાની કચેરી અને બીજી કચેરીઓમાં બેસતા.[૪૩] અદાલતના હલકારા અદાલતની માહિતી સૂબાને પહોંચાડતા હશે.

**દેસાઈ**

એનો ઉલ્લેખ ફક્ત એક જ ખતપત્રમાં[૪૪] આવે છે ને એ અન્ય અધિકારીઓની સાથે. આથી એ પણ એક અધિકારી જણાય છે. એની ફરજ પરગણાની સુધારણા ઉપર દેખરેખ રાખવી, લાવણી આબાદી માટે કાળજી રાખવી, જમાબંદી કરવી કે બીજા કરવેરા નક્કી કરવાની હતી. એ સ્થાનિક અધિકારી હોવાથી વતનદાર તરીકે ઓળખાતો. પરગણાં અને ગામોમાં તેઓની કચેરી હોવાથી દેસાઈઓને એ પ્રમાણે વેતન આપવામાં આવતું. તેઓની નિમણૂક સરકારના રક્ષણ માટે હતી અને પ્રજા તેમજ સરકાર વચ્ચે તેઓ કડી સમાન હતા. તેઓ પ્રજાને કામ કરવા, જમીન લેવા, મહેસૂલ ભરવા અને કાનૂન પાળવા સમજાવતા. મુખ્યત્વે દેસાઈઓ મહેસૂલ આકારવામાં મદદ કરતા અને પાકની સ્થિતિનો અહેવાલ કેન્દ્ર સરકારને મોકલતા.[૪૫]

**નગરશ્રેષ્ઠી**

શહેરને લગતાં ઘણાં ખતપત્રોમાં નગરશ્રેષ્ઠી( નગરશેઠ )નો નામનિર્દેશ આવે છે.[૪૬] એ પરથી નગરના વહીવટમાં વેપારીઓના મહાજનના અગ્રણી એવા નગરશેઠના સ્થાનનું મહત્ત્વ માલૂમ પડે છે. આ હોદ્દો વંશપરંપરાગત હતો.

**પાટિલ**

મહારાષ્ટ્રમાં મૌજ( ગામ )નો વડો અધિકારી 'પાટિલ' કહેવાતો. ગુજરાતમાં એ મહેસૂલ પોલિસ અને ન્યાયખાતાનો વડો હતો. કમાવીસદાર મહેસુલની આકારણી કરતી વખતે એનાં સલાહસૂચન લેતો. પાટિલનો હોદ્દો વંશપરંપરાગત હતો. સરકાર તરફથી એને પગાર મળતો નહિ, પણ એને ગામના લોકો પાસેથી ખાન પાન પોશાક બળતણ વગેરે રોજિંદી ચીજોના લાગા મળતા. જાહેર તહેવારો તથા માનપાન વગેરેના પ્રસંગોએ એને અગ્રિમ સ્થાન અપાતું ને સરકાર તરફથી કાયમી ઇનામી જમીન પણ મળતી.[૪૭]

**કુળકર્ણી**

કુળકર્ણી (તલાટી) પાટિલનો કારકુન અને દફતરદાર હતો. એ પણ મૌજના વહીવટમાં ઘણી સત્તા અને જવાબદારી ધરાવતો.

ગામનું નિયત જમીન-મહેસૂલ વસૂલ કરવામાં કંઈ બાકી રહે તો એ આ બે અધિકારીઓએ ચૂકવવું પડતું. ગામમાં ચોરાયેલી મતા પાછી ન મળે તો પાટિલે એની કિંમત ચૂકવવી પડતી. ગામના લોકોની વફાદારી માટે તેમજ ખંડણી ભરવાની કબૂલાત અંગે પાટિલ તથા કુળકર્ણીને જામીન ગણાવું પડતું.

તેઓએ ગામમાંથી પસાર થતા મહાનુભાવોની તહેનાતમાં પણ રહેવું પડતું.[૪૮]

**અન્ય કર્મચારીઓ**

કુળકર્ણી હમેશાં બ્રાહ્મણ હતો, જ્યારે એના મદદનીશ તરીકે નિમાતો ચોગળા સામાન્ય રીતે પાટિલનો કે એના કોઈ કુટુંબીનો અનૌરસ પુત્ર હતો. મહાર ગામનો ચોકિયાત હતો. એ ખેડૂતોને મહેસૂલ ભરવા ચાવડી( ચોરા )માં બોલાવી લાવતો ને ગામની સફાઈ કરતો. પોતદાર સિક્કાનો તોલ તથા એની અંદરની ધાતુઓનું પ્રમાણ તપાસતો. ગામમાં વસાવેલા બલુતાઓ( કારુઓ–કારીગરો–વસવાયા )ને પણ ગામના વહીવટમાં હક્ક હતો. એ વર્ગોમાં સુતાર લુહાર ચમાર કુંભાર નાઈ ભંગી જોશી વગેરેનો સમાવેશ થતો.[૪૯]

ગુજરાતનાં જ્ઞાત ખતપત્રોમાં ગામના આ અધિકારીઓ તથા કર્મચારીઓનો ઉલ્લેખ મળ્યો ન હોઈ, તેઓ ગુજરાતમાં કયાં નામોએ ઓળખાતા એ નક્કી કરવું મુશ્કેલ છે, પરંતુ ખતપત્રોમાં પંચ મહાજન અને પંચકુલના ઉલ્લેખ આવે છે[૫૦] એ પરથી શહેર તથા ગામના વહીવટમાં મહાજનો અને પંચકુલનું મહત્ત્વ જાણવા મળે છે.

## જમીન-મહેસૂલની આકારણી અને વસૂલાત

રાજ્યની આવકનું મુખ્ય સાધન જમીન-મહેસૂલ હતું. ખેડવામાં આવતી જમીનની વીઘામાં માપણી કરવામાં આવતી. ખાલસા જમીન પર મહેસૂલ લેવાતું, જ્યારે ઇનામી જમીન કર-મુક્ત હતી. ખાલસા જમીનને બે પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવતી—બાગાયત ( કૂવાના પાણીની સગવડવાળી ) અને જિરાયત ( માત્ર વરસાદ પર આધાર રાખતી ). પછી વળી એમાંથી શાનો પાક લેવામાં આવે છે એ જોઈ એની ઊપજના લગભગ ત્રીજા ભાગની કિંમત ગણી દરેક ખેતરના મહેસૂલનો જુદો જુદો દર આકારવામાં આવતો. એ અનુસાર કોઈ ખેતર પર વીઘા દીઠ રૂ. ૧ થી ૧½ નો દર રહેતો, તો કોઈ ખેતર પર રૂ. ૫ થી ૬½ કે રૂ. ૧૦ જેટલોય દર લાગુ પડતો.[૫૧]

જમીનનો ભોગવટો બે પ્રકારનો હતો–મિરાસી અને ઉપરી. મિરાસદારનો હક્ક વંશપરંપરાગત રહેતો, એના મહેસૂલનો દર મુકરર રહેતો, એ પોતાની જમીન વેચી શકતો, કોઈ સમયે એ પોતાની જમીન છોડી દેતો. એ તથા એના વારસદાર ગમે ત્યારે એ પાછી મેળવવા હક્કદાર રહેતા ને એની જમીન દેવું વસૂલ કરવા કે મહેસૂલ ન ભરાતાં જપ્ત કરી શકાતી નહિ. મિરાસદારને ગામના

પંચકુલમાં બેસવાનો અધિકાર પ્રાપ્ત થતો. ઉપરી ગણોતિયા જેવો હતો. એને જમીન ખેડવાનો હક્ક વર્ષે વર્ષે કામચલાઉ મળતો. એ પાકના પ્રમાણમાં મહેસૂલ ભરતો ને એની આકારણીમાં વધારો કરી શકાતો.[૫૨]

જમીનના મહેસૂલનો દર કમાવીસદાર પાટિલનાં સલાહસૂચન અનુસાર આકારતો ને આકારેલા દરે મહેસૂલ વસૂલ કરવાની જવાબદારી પાટિલની તથા કુળકર્ણીની રહેતી. મહેસૂલની વસૂલાત પૂરી થતાં ચોગળા પત્ર લઈ એ રકમ કમાવીસદારની કચેરીમાં ભરી આવતો ને એની પહોંચ કુળકર્ણીના હિસાબી દફતરમાં સાચવવામાં આવતી. મહેસૂલ ચાર કે ત્રણ હપ્તામાં ભરાતું.[૫૩]

મિરાસદારને મહેસૂલના મુકરર દરનો લાભ મળતો, પરંતુ એને એ ઉપરાંત ગામના અધિકારીઓને તેમજ મહાલના અધિકારીઓ, તેઓના કારકૂનો તથા પટાવાળાઓ વગેરેને અનેક તરેહના લાગા કે વેરા ભરવા પડતા; જેમકે ગામખર્ચ દરબારખર્ચ મિરાસપટ્ટી ઘરપટ્ટી લગનટક્કા પાટદામ ભેંસપટ્ટી બકરાપટ્ટી ફડફરમાશ મોહતરફા વગેરે.[૫૪] ગુજરાતમાં આવા કયા લાગા કે વેરા લેવાતા એની માહિતી મળતી નથી, પરંતુ શેલૂકર જેવા સૂબેદાર તાયફા-વેરો અને નાતવેરો જેવા વેરા લેતા ને ઇજારાની રીત દાખલ થતાં સૂબેદાર ઇજારાની રકમ ઉપરાંત મળે તેટલી વધુ રકમ મેળવવા ગમે તેવા કર નાખતા ને ચોરીમાંથી પણ ચોથ લેતા. મહાલના ઇજારદારને પોતાની મુદતની અનિશ્ચતતા લાગવાથી ઉત્પાદન વધારવાના પ્રયત્ન કર્યા વિના રૈયત પાસેથી જેટલી વધુ રકમ લેવાય તેટલી લઈ લેવાનો લોભ રહેતો.[૫૫]

## ચોથ અને સરદેશમુખી

મરાઠા રાજ્યના શાસક સ્વ-રાજ્યની હકૂમત બહારના પડોશી પ્રદેશો પર અવારનવાર ચડાઈ કરતા ને લૂંટની ધમકી આપી એની આવકનો મુકરર હિસ્સો વસૂલ કરતા. આ પ્રથા સુલ્તનતકાલથી પ્રચલિત હતી. કેટલાંક રાજ્યોમાં કુલ મહેસૂલના ચોથા ભાગની માગણી કરવામાં આવતી, જેને 'ચોથ' કહે છે. કેટલાંક રાજ્યોમાં આવકના દસ ટકા જેટલી રકમ માગવામાં આવતી, જેને 'સરદેશમુખી' કહે છે. સંયોગવશાત્ મુઘલ શાસકો ઉપર ગુજરાતમાં ચોથ અને સરદેશમુખી ઉઘરાવવાનો હક્ક મરાઠાઓને આપવાની ફરજ પડેલી. આગળ જતાં જ્યારે તળ-ગુજરાત પર મરાઠા શાસકોની સત્તા સ્થપાઈ ત્યારે તેઓ સૌરાષ્ટ્રમાંથી ચોથ ઉઘરાવતા. એ માટે પેશવા અને ગાયકવાડે પોતપોતાના પ્રદેશ વહેંચી લીધા હતા. ચોથ ઉઘરાવવા મા તેઓ દર વર્ષે લણણી સમયે મુલકગીરી ફોજ

મોકલતા ને ચોથની રકમ રોકડી ન મળે તો એની જામીનગીરી લેતા ને પાછલી ચડેલી ચોથની પૂરી રકમ વસૂલ કરતા. ચોથના બદલામાં તેઓ એ રાજ્યોને રક્ષણ આપે એવી અપેક્ષા રહેતી, પરંતુ એ અપેક્ષા ખાસ સંજોગોમાં જ ફળીભૂત થતી. મુલકગીરીમાં મળેલી રકમનો ઘણો ભાગ લશ્કર અને એના અધિકારીઓ પચાવી પાડતા ને પેશવા તથા ગાયકવાડને એમાંની થોડી રકમ જ મળતી. ઉપરાંત સર્વ હિંદુ-મુસ્લિમ રાજ્યો પર દર વર્ષે ચોથ પેટે વધુ ને વધુ રકમ આપવા દબાણ કરાતું તેથી મરાઠા શાસકો કોઈ રાજ્યોની મૈત્રી ભાગ્યેજ પામી શકતા, છતાં મુલકગીરીને લીધે સ્વ-રાજ્યની રૈયત પડોશી રાજ્યોના હુમલાના ભયથી મુક્ત રહેતી એ એનો મોટો લાભ હતો.[૫૬]

### પેશકશ જમા અને ઘાસદાણા

મુસ્લીઓની જેમ મરાઠા સરદારો વર્ષોવર્ષ મુલકગીરી મારફતે રજવાડાં અને જમીનદારો પાસેથી ખંડણી ઉઘરાવતા, જેને 'પેશકશ' કહે છે. જે પેશકશ શાંતિમય કરાર દ્વારા અગાઉથી જમા કરાવવામાં આવતી તેને 'જમા' કહેતા. મુલકગીરી દરમ્યાન ઘોડાઓના લશ્કરના નિભાવ માટે એ રજવાડાં ને જમીનદારો પાસેથી 'ઘાસદાણા' નામે વેરો લેવાતો.[૫૭]

### રાજ્યની આવકનાં અન્ય સાધન

દુકાનદારો કારીગરો અને ધંધાદારીઓ પાસે જુદા જુદા દરે 'મોહતરફા' નામે વેરો લેવાતો, જે આવકવેરા જેવો હતો. જ્યારે માલની ખરીદ કે એનું વેચાણ થતું ત્યારે તેમજ જ્યારે કોઈ માલ પરગણાના નાકામાં દાખલ થતો ત્યારે એના પર 'જકાત' લેવાતી. એનો દર તે તે માલની કિંમત પ્રમાણે આકારાતો. દૂરથી આયાત-નિકાસ થતા માલ પર પરગણે પરગણે જકાત લેવાય તો દરેક જકાત-નાકાએ થોભવું પડે ને તપાસ માટે ખોટી થયા કરવું પડે. આથી હૂંડીકરીઓ એક સ્થળે સામટી જકાત ચૂકવી લાંબા અંતર લગી માલ પહોંચાડવાની જવાબદારી લેતા. જકાતની આવક ઘણી થતી.

પેશવાઈ અમલ દરમ્યાન સિક્કા સરકાર પાડતી તેમજ પરવાનો ધરાવતા સોનીઓ પણ પાડતા. આ પરવાનો મેળવવા માટે સોનીઓએ સરકારને મુકરર રકમ આપવી પડતી ને સિક્કાની શુદ્ધતા જાળવવાની બાંહેધરી આપવી પડતી. એનો ભંગ કરનારને દંડ થતો ને એનો પરવાનો જપ્ત થતો. આ પરવાનાઓથી રાજ્યને સારી આવક થતી.

દારૂ વગેરે કેફી ચીજો પર લેવાતી 'આબકારી'ની આવક ઘણી નહોતી, કેમકે પુણેમાં દારૂની બંધી હતી ને બીજે બધે પણ એની બોલબોલા નહોતી.

બાંધકામ અને બળતણ માટે લાકડાં કાપવાના પરવાના અપાતા ને એ અંગે અમુક રકમ લેવાતી, પરંતુ એ રકમનો દર ગાડાદીઠ ચાર આના જેટલો હોઈ જંગલોની આવક જૂજ થતી.

મુકદ્દમામાં જીતનાર પાસેથી લેવાતી ફી તથા હારનાર પાસેથી લેવાતા દંડમાંથી પણ રાજ્યને આવક થતી.[૫૮]

**ન્યાય**

પેશવા સરસૂબેદાર મામલતદાર અને પાટિલ વહીવટી ઉપરાંત ન્યાય ખાતાના અધિકાર ધરાવતા. શહેરોમાં શાસ્ત્રો અને સ્મૃતિઓની જાણકારી ધરાવતા વિદ્વાન ન્યાયાધીશ નિમાતા. ઝઘડાનો નિકાલ બને ત્યાંસુધી સમાધાન-રૂપે કરવામાં આવતો. સમાધાન કરાવી ન શકાય તો નાના મામલાઓમાં ગામમાં પાટિલ અને શહેરમાં શેઠ મહાજન પંચાયત ( પંચ ) નીમતા. બંને પક્ષોને પંચાયતનો ચુકાદો માન્ય કરવાના રાજીનામા( રાજીખુશીના લખાણ )માં સહી કરવી પડતી, પછી પંચાયત પૂર્વવાદી તથા ઉત્તરવાદીના પુરાવા તપાસી ચુકાદો આપતી ને એને મામલતદાર માન્ય કરતો અથવા ' સરકાર 'માં આગળ મોકલતો. ગંભીર મામલાઓમાં લવાદ કે પંચાયતની નિમણૂક મામલતદાર કરતા. પંચાયતને લોકો ' પંચ–પરમેશ્વર ' માનતા ને પક્ષો ' માબાપ ' તરીકે સંબોધતા. પંચાયતના ચુકાદાથી સંતોષ ન પામનાર પક્ષ કેટલીક વાર જળ અગ્નિ વગેરેની દિવ્ય પરીક્ષાની માગણી કરતો. પંચાયતે આપેલો ચુકાદો ગંભીર ગણાતો ને એની સામે લાંચરુશવતની દલીલ પર જ અપીલ કરી શકાતી. અપીલ માન્ય થાય તો નવી પંચાયત નિમાતી અથવા મામલતદાર ચુકાદો આપી દેતા.[૫૯]

ગંભીર ફોજદારી ગુના માટે સામાન્ય રીતે દંડ જપ્તી અને કેદની સજા કરાતી. વ્યભિચારના ગુનામાં સ્ત્રીને ગુલામીની સજા થતી. ખૂન રાજદ્રોહ લૂંટ ચોરી વગેરે ગુનાઓ માટેય બાલાજી બાજીરાવના સમયમાં દેહાંતદંડ દેવાતો નહિ, પરંતુ માધવરાવ ૧ લા અને ૨ જાના સમયમાં અંગચ્છેદ તથા દેહાંતદંડની સજા કરવામાં આવતી.[૬૦]

**કેદખાનાં**

મરાઠા રાજ્યમાં નિયમિત કેદખાનાં ન હતાં. એને માટે કિલ્લાઓના કેટલાક ખંડોનો ઉપયોગ કરાતો. કેદીઓને ખોરાક તેઓના દરજ્જા અનુસાર ઠરાવેલા દરે તોલથી આપવામાં આવતો. તેઓની પાસે સખ્ત મજૂરી કરાવવામાં

આવતી. લગ્ન જનોઈ અને શ્રાદ્ધ જેવા પ્રસંગોએ કેદીઓને એટલા દિવસ પૂરતા ધાર્મિક વિધિ કરવા માટે ઘેર જવા દેવામાં આવતા. કેદીઓનાં આરોગ્ય તથા સારવાર માટે જરૂરી પ્રબંધ કરાતો. રાજકીય કેદીઓને રહેવા જમવા વગેરેની સારી સગવડ આપવામાં આવતી.[61]

## સિપાઈ

ગામમાં સિપાઈ તરીકે મહાર પાટિલના હાથ નીચે કામ કરતા ને પરગણાના સિપાઈ મામલતદારના હાથ નીચે. ગુનો શોધવામાં ગામની ગુનેગાર કોમોની સક્રિય મદદ લેવાતી. ચોરાયેલી માલમતાનો પત્તો ન લાગે તો સિપાઈઓ તથા ગુનેગાર કોમોને એની કિંમત ચૂકવવાની ફરજ પડતી, સિવાય કે એના ગુનેગાર કોઈ બીજા ગામમાં હોવાનું દર્શાવી શકાય. ભીલો અને કોળીઓને વશ કરવા મુશ્કેલ હતા, તેથી તેઓના વડાઓને કોઈ પણ ચોરી કે અશાંતિ માટે જવાબદાર ગણવામાં આવતા. ચોરી–લૂંટના મામલામાં સ્થાનિક સીબંદીમાંથી વધારાનું દળ મોકલવામાં આવતું ને એના ખર્ચ માટે ઘરવેરો નાખવામાં આવતો. મોટા ધાર્મિક તહેવારોએ શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે પણ વધારાનું સિપાઈ–દળ મોકલવામાં આવતું. મોટાં શહેરોમાં સિપાઈ કોટવાલના હાથ નીચે રખાતા.[62]

## સૈન્ય

પેશવાના સૈન્યમાં સરદારોના હાથ નીચે ભાડૂતી સૈનિકોની ભરતી થતી. સરદારોને લશ્કરી સેવાના બદલામાં જિતાયેલા મુલકમાં જાગીર આપવામાં આવતી, આથી તેઓને મુલક જીતવામાં ઉત્સાહ રહેતો, પરંતુ સમય જતાં ગાયકવાડ અને સિંધિયા જેવા સરદાર તે તે મુલકમાં પોતાની સ્વતંત્ર સત્તા જમાવતા. પેશવાના સૈન્યનું સહુથી મહત્ત્વનું અંગ અશ્વદળ હતું. એ બે પ્રકારનું હતું–બારગીરોનું અને શિલેદારોનું. બારગીરને ઘોડો અને હથિયાર રાજ્ય તરફથી મળતાં, જ્યારે શિલેદાર પોતાનો ઘોડો અને પોતાનાં હથિયાર લાવતો. પાગા (ઘોડેસવારોની ટુકડી) બારગીરોની બનતી. શિલેદારની કક્ષા ઊતરતી ગણાતી. અશ્વદળમાં ચડતા ક્રમે બારગીર હવાલદાર જુમલેદાર હજારી પંચહજારી અને સરનોબત નામે હોદ્દા હતા. પાયદળમાં પણ નાયક હવાલદાર જુમલેદાર હજારી અને સરનોબત જેવા હોદ્દા હતા. સૈનિકોને સારો પગાર અપાતો, ઘાયલ સૈનિકોની સારી સારવાર કરાતી ને મૃત સૈનિકોનાં કુટુંબોની સારી કાળજી લેવાતી. તોપખાનાનું અલગ ખાતું હતું. સરકારી કારખાનાંમાં તોપો અને

તોપના ગોળા બનાવાતા ને મરાઠા કારીગરો એ બનાવવામાં ઘણા કુશળ હતા. દંડયાત્રામાં પીંઢારા સૈન્યની સાથે રહેતા ને તેઓની લૂંટમાં રાજ્યનો હિસ્સો રહેતો.[63] પેશવાઓએ મુઘલોની જેમ સરદારોને સરંજામ(જાગીર) આપવાની પ્રથા ચાલુ કરી. વળી અશ્વદળનું મહત્ત્વ વધાર્યું ને પાયદળનું ઘટાડયું. સિપાઈઓને મહેનતાણું અંશતઃ નાણામાં અને અંશતઃ વસ્ત્રોમાં અપાતું. વિશિષ્ટ લશ્કરી સેવા માટે બિરુદો ઘરેણાં તથા છત્રી પાલખી ચોઘડિયાં વગેરે વાપરવાના હક્ક ઇત્યાદિ રૂપે ઇનામ અપાતું.[64]

## ગુજરાતમાંનો મરાઠા વહીવટ

મરાઠા રાજ્યના સામાન્ય રાજ્યતંત્ર વિશે વિપુલ માહિતી મળે છે, પરંતુ ગુજરાતમાં આ કાલ દરમ્યાન અગાઉના મુઘલ કાલના વહીવટની કેટલી પ્રથા ચાલુ રહી ને મરાઠા શાસન દ્વારા એમાં કયા સુધારાવધારા થયા એ નક્કી કરવું મુશ્કેલ છે. ખતપત્રોમાંથી વહીવટી વિભાગો અને જુદા જુદા અધિકારીઓ વિશે જે વિગતો ઉપલબ્ધ છે તે એ બે બાબતોમાં ગુજરાતના મરાઠા વહીવટ પર ઠીક ઠીક પ્રકાશ પાડે છે, પરંતુ મહેસૂલ ન્યાય અને સૈન્ય જેવી બાબતોમાં અહીં આ કાલ દરમ્યાન મરાઠા શાસનની કેવી અને કેટલી અસર પ્રસરી હતી એ બાબતમાં ઘણી અલ્પ માહિતી ઉપલબ્ધ છે.

જીતેલા મુલકો અને એમાંથી થતી આવક તેમજ અણ-જિતાયેલા મુલકો પરની મુલકગીરી અને ત્યાંથી ઉઘરાવાતી પેશકશ અંગે પેશવા અને ગાયકવાડ વચ્ચે અવારનવાર જે કરાર થયા કરતા તેની વિગતો પરથી એને લગતી થોડીક માહિતી મળે છે. ગુજરાતમાં આ કાલ દરમ્યાન અંકુશના ચિહ્નવાળા સિક્કા પાડવવામાં આવેલા. પેશવા તેમજ ગાયકવાડના સૂબેદાર ગુજરાતમાંથી મળે તેટલી રકમ વસૂલ કરવાનો લોભ રાખતા ને રૈયતનાં સુખસગવડ માટે ઓછામાં ઓછું ખર્ચ કરતા. કેટલાક સૂબેદાર તો રૈયત પર નવી નવી તરેહના કરવેરા નાખતા. દા. ત. નાયબ સૂબેદાર સંતાજીના ભત્રીજાને જનોઈ દેવાના ખર્ચ માટે વેપારી કોમો અને કારીગરો પર 'જનોઈ–વેરો' નાખવામાં આવેલો.[65] સૂબેદાર આબા શેલૂકરે પણ રૈયત પર અનેક પ્રકારના વેરા નાખેલા. વળી એ શ્રીમંતોનાં ઘરબાર લૂંટાવી આવક કરતો.[66] પેશવાએ ગુજરાતમાં પોતાની આવકનો ઇજારો ગાયકવાડને આપેલો. ગાયકવાડ સેના મુલકગીરીમાં ખંડણી ઉપરાંત ખરાજાત અથવા ખરિયાત નામે વધારાનો લાગો નાખતી. વળી તુર્કવેરો ગનીમવેરો નાળબંદી ઘાસ-દાણો વગેરે કર પણ લાદતી. ઘાસદાણો ગાયકવાડના સિપાઈ માર્ગમાં આવતાં ગામોના રહેવાસીઓ પાસેથી લેતા,

પેશવાના ઇલાકાનાં ગામોમાં પણ. પરંતુ અંગે પેશવા તરફથી કંઈ વાંધો લેવામાં આવતો નહિ, કેમકે એના સિપાઈઓ પણ ગાયકવાડી ઇલાકાનાં ગામોમાં એવું કરતા.[૬૭] મેજર વૉકરની દરમ્યાનગીરીથી આખરે મુલકગીરી કર્યા વિના સૌરાષ્ટ્રના રાજા અને ઠાકોર ગાયકવાડને મુકરર ખંડણી મોકલતા રહે એવા કરાર કરવામાં આવ્યા હતા. પેશવાએ આખરે તળ–ગુજરાતમાંના પોતાના મુલકોનો ઇજારો ગાયકવાડને અને સૌરાષ્ટ્રની ખંડણીનો હક્ક બ્રિટિશ સત્તાને આપી દીધેલો. દરેક મહાલ કે પરગણું જે કોઈ સહુથી વધારે રકમ આપે તેને ઇજારે આપતા ને એ ઇજારાની રકમ તથા ખર્ચ કાઢતાં નફો રહે તેટલી ત્યાંની ઊપજ ન હોય ત્યારે ત્યાંની રૈયત પાસેથી વધુ વેરા લેતા ને રૈયતને દંડતા તથા કનડતા. વળી મહાલ ઇજારે આપ્યા પછી પણ થોડા દિવસમાં કે એકાદ વર્ષમાં એને માટે કોઈ વધારે રકમ આપનાર મળે તો એને ઇજારે આપી દેતા. જો મહાલ ઇજારદારના તાબામાં ૨૦–૨૫ વર્ષ રહે તો એ ત્યાંની ઊપજ વધારી શકે, પણ એવું બનતું નહિ ને ઇજારદારના મનમાં એવું રહેતું કે ઘડીમાં આપણો ઇજારો છે ને ઘડીમાં નથી, માટે ખાધું તે આપણા બાપનું, આથી તેઓ પ્રજાને દંડતા ને વેરા નાખી કનડતા.[૬૮] ઇજારદાર પોતાનું ભરણું ચાર હપ્તે ભરતો ને વર્ષના અંતે કંઈ રકમ બાકી રહે તો એના ઉપર નવ ટકાનું વ્યાજ આપતો.[૬૯] આ બધાં કારણોને લીધે અહીં મરાઠા શાસન એટલે રૈયતનું શોષણ એવી છાપ રહેતી હતી, છતાં પ્રાંતીય અને સ્થાનિક વહીવટની જેમ મહેસૂલ ન્યાય સૈન્ય ઇત્યાદિ વિભાગોમાં વહીવટી તંત્ર મુઘલ તંત્રની અને/અથવા મહારાષ્ટ્રના મરાઠા તંત્રની જેમ એકંદરે વ્યવસ્થિત રીતે ચાલતું હશે, પરંતુ એની વિગત હજી ઉપલબ્ધ થઈ નથી.

## પાદટીપ

૧. S. N. Sen, *Administrative System of the Marathas*, pp. 165 ff.; *Maharashtra State Gazetteers, History (MSGH)*, Part III, pp. 220 ff.

૨. *MSGH*, pt. III, p. 221

૩. S.N. Sen, *op.cit.*, pp. 180, 219, 232, 584; *MSGH*, pt. III, p. 223

૪. હરિપ્રસાદ શાસ્ત્રી, 'વિદ્યાસભા સંગ્રહાલયમાંનાં મરાઠાકાલીન ખતપત્ર', "બુદ્ધિપ્રકાશ," પુ. ૧૨૫, પૃ. ૧૨૧–૧

૫. ખતપત્ર નં. ૩૪, ૧૦૧, ૯, ૪૧, ૪૬, ૧૦૨, ૩૫, ૧૦૩, ૧૦૪, ૩૮, ૫૬, ૨૫, ૧૦૫, ૩ અને ૧૦૬ (આ ક્રમાંક પરિગ્રહણ પત્રકમાંના છે તે અહીં કાલાનુક્રમે ગોઠવ્યા છે.)

૬. ખતપત્ર નં. ૧૦૩( ઈ. સ. ૧૭૭૬ )માં તથા ૫૭( ઈ. સ. ૧૮૦૫ )માં.

પરંતુ ખતપત્ર નં. ૩૦( ઈ. સ. ૧૮૦૯ ) માં 'અલીગોર ' અને નં. ૧૭ ( ઈ. સ. ૧૮૧૩ )માં 'આલીગગીર'નો ઉલ્લેખ છે તે શાહઆલમ ૨ જાને લાગુ પડે નહિ, કેમકે ત્યારે તો એની જગ્યાએ અકબરશાહ ૨ જાનું રાજ્ય( ઈ. સ. ૧૮૦૬-૩૭) ચાલતું હતું.

૭. *Advanced History of India*, p. 613

૮ ખતપત્ર નં. ૩૪, ૧૦૧, ૪૧, ૯, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૩૮, ૫૬, ૨૫, ૧૦૫, ૧૦૬, ૩૯, ૫૭, ૩૦ અને ૧૭

૯. P. Saran, *The Provincia l Government of the Mughals*, p. 157

૧૦. ભાગ ૨, પૃ. ૧૭૩

૧૧. ખતપત્ર નં. ૩૪, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૩૮, ૫૬, ૨૫, ૧૦૬, ૫૭, ૩૦ અને ૧૭

૧૨. ખતપત્ર નં. ૩૪, ૪૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૩૮, ૫૬, ૨૫, ૩૯, ૫૭, ૩૦ અને ૧૭

૧૩. ખતપત્ર નં. ૩૪ અને ૪૧

૧૪. 'મીરાતે એહમદી ', ભા. ૨. પૃ. ૧૭૭-૧૭૮

૧૫. નં. ૩૪ અને ૫૬

૧૬. J. N. Sarkar, *Mughal Administration*, pp. 119 ff.

૧૭. 'મીરાતે એહમદી ', ભા. ૨, પૃ. ૧૭૯

૧૮. S, N. Sen, *op.cit.*, pp. 219 ff.

૧૯. *Ibid.*, pp. 224 ff.　　　　૧૯અ. નં. ૪૭-૪૮

૧૯આ. *Gazetteer of Baroda State (GBS)*, Vol. II, pp. 5f

૨૦. S. N. Sen, *op.cit.*, p. 233　　　　૨૧. *Ibid.*, pp. 233f.

૨૨. નં. ૩૪, ૧૦૧, ૪૧, ૯, ૧૦૩, ૧૦૪, ૩૮, ૫૬, ૨૫, ૧૦૬, ૩૯, ૫૭, ૩૦ અને ૧૭

૨૩. S. N. Sen, *op.cit.*, pp. 460ff., 584 ff.

૨૪. નં. ૩૪, ૧૦૧, ૪૧, ૯, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૩૮, ૫૬, ૨૫, ૧૦૬, ૩૯, ૫૭, ૨૦, ૩૦ અને ૧૭

૨૫. 'મીરાતે એહમદી', ભા. ૨, પૃ. ૧૭૮

૨૬. ખતપત્ર નં. ૩૪, ૧૦૧, ૪૧, ૯, ૧૦૪, ૩૮, ૫૬, ૩૯ અને ૩૦

૨૭. નં. ૩૪, ૧૦૧, ૪૧, ૯, ૧૦૪ અને ૫૬

૨૮. રા. ચુ. મોદી, 'મુઘલ રાજ્યવહીવટ,' પૃ. ૮૩-૮૫. J. N. Sarkar, *op.cit.*, pp. 75 ff.

૨૯. નં. ૧૦૪ અને ૩૯　　　　૩૦. ભા. ૨, પૃ. ૧૭૮

૩૧. ચ. ઇ. દીક્ષિત 'મોગલ પાદશાહ મુહમ્મદશાહના સમયનું...ખતપત્ર,' *Vidya*, Vol. XX, p. 31

૩૨. નં. ૧૦૪, ૫૬, ૨૫ અને ૩૯　　　　૩૩. નં. ૧૦૪, ૫૬ અને ૩૯

૩૪. લો હિ., 'ફડ અને પેશવાની માહિતી ', 'બુદ્ધિપ્રકાશ ' પુ. ૨૩, પૃ. ૨૨૬-૨૨૭

૩૫-૩૬. નં. ૧૦૪ અને ૩૯ ૩૭. P. Saran, *op.cit.*, pp. 50 f
૩૮. પૃ. ૧૮૩, ૧૮૪, ૧૮૭ વગેરે ૩૯. નં. ૫૬
૪૦. 'મીરાતે એહમદી', ભા. ૨, પૃ. ૧૮૭
૪૧. P. Saran, *op.cit.*, p. 276 ૪૨. નં. ૫૬
૪૩. ભા. ૨, પૃ. ૧૮૧ ૪૪. નં. ૩૯
૪૫. *GBS*, Vol. II, pp. 3 f.
૪૬. નં. ૧૦૧, ૯, ૧૦૪, ૫૬, ૧૦૬, ૩૯, ૫૭ અને ૧૭
૪૭. S. N. Sen, *op.cit.*, pp. 180 ff. ૪૮. *Ibid.*, pp. 192 ff.
૪૯. *Ibid.*, pp. 195 ff., 200 ff ૫૦. ૧૦૧, ૯ અને ૫૬
૫૧. *MSGH*, pt. III, pp. 224f. ૫૨. *Ibid.*, pp. 226f.
૫૩. S. N. Sen, *op.cit.*, p. 242
૫૪. *Ibid.*, pp. 563 f; *MSGH*, pt. III, p. 227
૫૫. રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનું પાટનગર-અમદાવાદ,' પૃ. ૧૪૮, ૧૬૦–૧૬૨
૫૬. *MSGH*, pt. III, p. 229; S. N. Sen, *op.cit.*, pp. 96ff., 242f.
૫૭. *GBS*, Vol. II, pp. 105 f.
૫૮. *MSGH*, pt. III, p. 228; S. N. Sen, *op.cit.*, pp. 281 ff.
૫૯. S N Sen, *op.cit.*, pp. 310 ff. ૬૦. *Ibid.*, pp. 344 ff.
૬૧. *Ibid.*, pp. 380 ff. ૬૨. *Ibid*,, pp. 387 ff.
૬૩. *Ibid.*, pp. 122ff., 400 ff., 489 ૬૪. *Ibid.*, pp. 569 ff.
૬૫. જુઓ ઉપર પૃ. ૭૮.
૬૬. હી. ત્રિ, પારેખ, 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન', ખંડ ૧, પૃ. ૩૧
૬૭. એજન, પૃ. ૪૭–૪૮ ૬૮. એજન, પૃ. ૫૬–૫૭
૬૯. એજન, પૃ. ૬૦–૬૧

# પરિશિષ્ટ

## ગુજરાતમાં પ્રચલિત સિક્કા

૧૮ મી તથા ૧૯ મી સદીનો ગુજરાતનો ઇતિહાસ મુખ્યત્વે નાનાં મોટાં સ્વતંત્ર રાજ્યોનો ઇતિહાસ છે. ઉપલક રીતે આ રાજ્ય મુઘલ સલ્તનતની આણ સ્વીકારતાં અને સ્વતંત્ર રાજાઓ પણ સામાન્ય રીતે સિક્કા ઉપર મુઘલ શહેનશાહનું નામ દર્શાવતા. ઉમરાવોએ મુઘલ સત્તાના અંતિમ સમય સુધી સિક્કા ઉપર મુઘલોનું નામ ચાલુ રાખ્યું. વજન તથા પ્રકાર પણ મુઘલોના જ ચાલુ રાખ્યા અને પોતાના નામનો ઉલ્લેખ સુધ્ધાં ન કર્યો, તેથી આવા સિક્કા ફક્ત ટંકશાળના નામથી અગર વિશિષ્ટ ચિહ્ન કે મોનોગ્રામથી જુદા તારવી શકાય છે.

આથી ઔરંગઝેબ પછી સિક્કાઓનો ઇતિહાસ ગૂંચવાડાભર્યો છે. ૧૭૫૮ થી પૂરા એક સૈકા સુધી મુઘલ તથા બિન-મુઘલ મળીને બસો જેટલી ટંકશાળો હતી.[1] શાહી મુઘલ ચલણ પણ સાથોસાથ ચાલુ જ હતું. મહોર તથા રૂપિયો મુખ્ય હતાં. છેક બહાદુરશાહના સમય સુધી મહોર, રૂપિયા, અરધા રૂપિયા, પાવ રૂપિયા તથા તાંબાનો દામ ચલણમાં હતા. દામ અણઘડ પ્રકારના તથા ૨૨૦ ગ્રેઇન જેટલા વજનના હતા. એના આઠમા ભાગ સુધીના વિભાગ પણ પ્રચલિત હતા.

### શાહી મુઘલ ચલણ

દિલ્હીના શહેનશાહના સિક્કા સમગ્ર ગુજરાતમાં પ્રચલિત હતા. ૧૭૫૮ માં શહેનશાહ આલમગીર ૨ જો સત્તા પર હતો. એણે શાહજહાં પછી પહેલી જ વખત મુખ્ય બાજુએ "કલીમા "વાળા[2] સિક્કા પાડચા. કલીમાની ઉપર નીચે તથા બાજુઓમાં ચાર ફિરસ્તાનાં નામ આલેખવામાં આવતાં. આવી મહોરો તથા રૂપિયાની બીજી બાજુએ શહેનશાહનું નામ તથા ખિતાબ દર્શાવાતાં. વજનમાં એ ૧૭૦ ગ્રેઇન અને પહોળાઈમાં ·૮ થી ·૮૫ ઇંચ હતો. આ પ્રકાર વિશિષ્ટ ગણાય, કારણ, સામાન્ય રીતે મુઘલોના સિક્કાની મુખ્ય બાજુએ શહેન-શાહનું નામ, 'નાસ્તિકો સામે લડનારાઓનો બાદશાહ'[3] તથા 'શુકનવંતો'[4] એવી મતલબનાં ફારસી લખાણ અને હિજરી વર્ષ તથા બીજી બાજુ 'રાજ્યા-રોહણથી અમુકમા વર્ષનો અભ્યુદયયુક્ત સિક્કો'[5] એવી મતલબનું ફારસી લખાણ

તથા ટંકશાળનું નામ દર્શાવાતાં. (હવે પછી આ લેખમાં આવાં લખાણોવાળા સિક્કાઓનો સામાન્ય પ્રકારના સિક્કા તરીકે ઉલ્લેખ થશે.) આ પ્રકારના રૂપિયા આલમગીરે અમદાવાદ સુરત તથા ખંભાતની ટંકશાળોમાંથી પાડચા હતા અને એ આશરે ૧૮૦ ગ્રેઇન વજનના તથા ·૮ થી એક ઇંચ સુધીના વ્યાસના હતા. તાંબાના શાહજહાનાબાદ ટંકશાળના સિક્કા ઉપર મુખ્ય બાજુએ શહેનશાહનું નામ અપાતું.[૬]

૧૭૫૯ માં શાહઆલમ બીજો ગાદીએ આવ્યો, પરંતુ પ્રથમ બે વર્ષમાં એના હરીફ શહેનશાહ શાહજહાં ૩ જાએ અમદાવાદ તથા સુરતની ટંકશાળો-માંથી સામાન્ય પ્રકારના રૂપિયા અને શાહજહાનાબાદથી એવી જ મહોર બહાર પાડી હતી.

પછીનાં વર્ષોમાં શાહઆલમે અમદાવાદની ટંકશાળમાંથી મુખ્ય બાજુએ હિજરી વર્ષ સાથે ફારસી પદ્યલખાણવાળી મહોરો તથા રૂપિયા પાડચા. પદ્યનો અર્થ 'પયગંબર મુહમ્મદે સૂચવેલા ધર્મના રક્ષક અને દૈવી કૃપાના પડછાયારૂપ શહેનશાહ શાહઆલમે સાત પ્રકારના હવામાનના દેશોમાં (સમગ્ર દુનિયામાં) સિક્કા પડાવ્યા'[૭] એવો થતો. બીજી બાજુએ 'માનુસ ફૉર્મ્યુલા' તથા ટંક-શાળનું નામ આવતાં. ઉપરાંત, અમદાવાદ સુરત ખંભાત તથા મુસ્તફાબાદ-(જૂનાગઢ)ની ટંકશાળોમાંથી સામાન્ય પ્રકારના રૂપિયા પાડચા હતા. શાહ-જહાનાબાદથી પણ થોડા ફેરફારો સાથેના પદ્યવાળી મહોરો પડાઈ હતી.

આ ઉપરાંત મુહમ્મદશાહે પોતાના ૧૭૧૯–૧૭૪૮ ના લાંબા રાજ્યકાલમાં પાડેલા તથા એ પછી અહમદશાહે પાડેલા સિક્કા પણ ૧૭૫૮ માં હજુ ચલણમાં હતા. એમાં શાહજહાનાબાદની મહોરોનો તથા અમદાવાદ સુરત ખંભાત તથા મુંબઈના રૂપિયાનો સમાવેશ થતો. બધા જ સિક્કા સામાન્ય પ્રકારના હતા.

બિદારબખ્તે અમદાવાદની ટંકશાળમાંથી સોના ચાંદી તથા તાંબાના સિક્કા પાડચા હતા. મહોરો તથા રૂપિયાની મુખ્ય બાજુએ 'રાજમુગટ તથા રાજગાદીના વારસ તથા દુનિયાના બાદશાહ બિદારબખ્તે સિક્કા પાડચા'[૮] એવા અર્થનું ફારસી લખાણ તથા બીજી બાજુ 'માનુસ ફૉર્મ્યુલા,' રાજ્ય-કાલનું વર્ષ તથા ટંકશાળનું નામ દર્શાવાતાં.

અકબર ૨ જાની શાહજહાનાબાદની મહોરો તથા રૂપિયાની મુખ્ય બાજુએ એના નામની સાથે 'નભોમંડળનો બીજો સ્વામી' એવા મતલબનો ખિતાબ જોડાયો હતો. બીજી બાજુ 'માનુસ ફૉર્મ્યુલા' તથા ટંકશાળનું નામ હતાં.

મહોરો (૧૬૫; ૧) રૂપિયા (૧૬૫; ·૮ થી ·૮૫) અને અરધા રૂપિયા (૮૫; ·૭૫) ઉપલબ્ધ છે. તાંબાના સિક્કા પણ મુખ્ય બાજુએ 'અકબરશાહ ફુલુસ' ફારસી લખાણવાળા તથા બીજી બાજુ ટંકશાળના નામવાળા મળે છે (૧૭૨; ·૮). અમદાવાદના રૂપિયા પણ સામાન્ય પ્રકારના, પરંતુ બીજી બાજુ નાગરી 'ગ' વાળા મળે છે (૧૭૧.૫; ૧.૧).

ઉપરના સિક્કાઓ ઉપરાંત શાહઆલમ ૨ જાનો દસ રૂપિયાનો સિક્કો તથા મુહમ્મદશાહ, અહમદશાહ, આલમગીર બીજો, શાહઆલમ બીજો તથા અકબર બીજાના પાંચ ગ્રેઇન વજનના ચાંદીના અરધા આનાના સો ઉપરાંત સિક્કા પણ જાણમાં આવ્યા છે.[૯]

## મરાઠાઓના સિક્કા

સિક્કાઓનો સંબંધ છે ત્યાંસુધી મુઘલોના પ્રથમ અનુગામીઓ મરાઠા હતા. શિવાજીએ ઉત્તરમાં અને વેંકાજીએ દક્ષિણમાં વંશો સ્થાપ્યા, પરંતુ ઉત્તરમાં ટૂંક સમયમાં પેશવાએ સત્તા ધારણ કરી. એમણે મુઘલ પ્રકારના સિક્કા પાડી શહેનશાહનું નામ પણ ચાલુ રાખ્યું, ફક્ત પોતાનું એકાદ વિશિષ્ટ ચિહ્ન ઉમેર્યું.[૯અ] પેશવાના સમયમાં ટંકશાળ સતારાથી પુણે ખસેડવામાં આવી. પેશવા મરાઠા રાજ્યનું સંચાલન પુણેથી કરતા, પરંતુ એમના મરાઠા સરદાર પોતપોતાના વિસ્તારનું તંત્ર ચલાવતા. આવા સરદારોને દૂરથી સિક્કા સમયસર મેળવવામાં પડતી વાહનવ્યવહારની તથા અન્ય મુશ્કેલીઓને કારણે પોતાના વિસ્તારોમાં ટંકશાળો ખોલવી પડી; જેમકે ગાયકવાડોને વડોદરામાં,[૧૦] પરંતુ આવી ટંકશાળો ખૂલી તે પહેલાં આ સરદારો પોતાના વિસ્તારમાં રાજા શાહુ તથા પ્રારંભિક પેશવાઓનું ચલણ વાપરતા.[૧૧] આના કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં મરાઠાના સિક્કા ચલણમાં હતા. શિવરાય કે છત્રપતિ તરીકે ઓળખાતા સિક્કા, શ્રી સિક્કા, મલ્હારશાહી તથા ચાંદોરી રૂપિયા, હાલી તથા ગણપતિ સિક્કા વગેરે નિકટતાને કારણે દક્ષિણ ગુજરાતના મુંબઈ તરફના ભાગોમાં ચલણમાં હતા. પુણેની ટંકશાળનો અંકુશી રૂપિયો છેક અમદાવાદની ટંકશાળમાં પાડયાનો ઉલ્લેખ મળે છે.[૧૨]

મુઘલ શહેનશાહના નામવાળો અંકુશી રૂપિયો મુઘલોના સામાન્ય પ્રકારના રૂપિયા જેવો જ હતો; ફક્ત બીજી બાજુએ ફારસી લખાણ સાથે હાથીના અંકુશનું ચિહ્ન હતું. એ વજનમાં ૧૭૫ ગ્રેઇન તથા કદમાં ·૮ થી ·૮૫ સે.મી. વ્યાસના હતા. છત્રપતિ પૈસા ઉપર મુખ્ય બાજુએ નાગરીમાં રાજાનું નામ

તથા બીજી બાજુ 'છત્રપતિ' લખાતું. શિવરાય રૂપિયાનો ઉલ્લેખ મળે છે પણ એ ઉપલબ્ધ થયા નથી.[૧૩]

શ્રી સિક્કા ઉપર દેવનાગરીમાં 'શ્રી' લખેલું હોય છે. લખાણ ફારસીમાં હોય છે. ચાંદોરી રૂપિયા ઉપર ફારસી લખાણની વચ્ચે પાંચ ટપકાં તથા એક અલ્પવિરામ ચિહ્ન જેવું ટંકશાળનું નિશાન હોય છે.[૧૪] ગણપતિ–સિક્કા ઉપર ફારસી લખાણ સાથે નાગરી "ग" હોય છે.[૧૫]

### વડોદરાના ગાયકવાડોના સિક્કા

ગુજરાતમાંથી અનેક સ્થળોએથી ગાયકવાડના સિક્કા મોટી સંખ્યામાં મળે છે અને એ વિવિધ પ્રકારના હોય છે. સયાજી ૧ લા(૧૭૭૧–૧૭૭૮)થી અગાઉના મળતા નથી. એનો રૂપિયો સિયાશાહી કહેવાતો, પરંતુ પછીથી રાજ્યરક્ષક ફતેહસિંહના બીજા નામ બાબાસાહેબ ઉપરથી એ બાબાશાહી કહેવાયો. ચાંદીના અરધા, પાવ તથા બે આના પણ આ પ્રકારના હતા. તાંબાનો સિક્કો પૈસો કહેવાતો. બ્રિટિશ રૂપિયો ચલણમાં આવ્યો ત્યારે સો બ્રિટિશ રૂપિયાના જુદા જુદા સમયે ૧૧૨ થી ૧૨૦ બાબાશાહી મળતા. એમાં ચાંદીનું પ્રમાણ ૨૪ વાલ હતું, જ્યારે બ્રિટિશ રૂપિયામાં ૨૩$\frac{3}{4}$ વાલ હતું, છતાં કિંમત ઓછી હતી, કારણ એનું વજન ઓછું હતું.[૧૬] મુખ્ય બાજુએ અકબર બીજાનું નામ, ખિતાબો તથા હિજરી વર્ષ ફારસીમાં લખાતાં. બીજી બાજુએ બે નાગરી અક્ષર લખાતા, જેમાંનો પ્રથમ રાજ્યકર્તાના નામનો પ્રથમાક્ષર તથા બીજો ગાયકવાડનો પ્રથમાક્ષર "ગા" હતો. એકેક વધારાની ઊભી લીટી આ બન્ને અક્ષરો બાજુએ આલેખાતી. 'માનુસ ફોર્મ્યુલા', ટંકશાળનું નામ (ફારસીમાં) તથા રાજ્યચિહ્ન તરીકે કટાર દર્શાવાતી. રૂપિયા ૧૭૦ ગ્રેઇન વજન તથા ·૮૫ વ્યાસના તથા પૈસા ૧૫૦ ગ્રેઇન વજનના તથા ·૭ થી .૭૫ ઇંચના હતા.[૧૭]

ઈ.સ. ૧૮૦૦ માં આણંદરાવ ગાયકવાડ ગાદીએ આવ્યા. એના બાબાશાહી રૂપિયા ઉપર્યુક્ત પ્રકારના જ હતા. તથા आ गा અક્ષરો ઉપરથી ઓળખી શકાતા. વિશિષ્ટ ચિહ્ન તરીકે કટાર ધ્યાન ખેંચાય તેમ દર્શાવાતી. પૈસા લંબચોરસ પ્રકારના પણ હતા (૧૫૧; ·૭ થી ·૭૨).[૧૮]

### દેશી રાજ્યોના સિક્કા

મુઘલ મરાઠા તથા બ્રિટિશની વિવિધ સત્તા વચ્ચે કેટલાક દેશી રાજાઓ પોતાના સિક્કા પાડવા લાગ્યા. એમણે શરૂઆતના સિક્કાઓ ઉપર બાદશાહનું નામ તથા ખિતાબો ચાલુ રાખ્યા, પરંતુ વધારામાં પોતાના રાજ્યનું

સૂચક ચિહ્ન અગર એક બે અક્ષર ઉમેર્યો.[19] કાલક્રમે બાદશાહનું નામ નાબૂદ થયું અને એનું સ્થાન રાજાના નામે લીધું. લખાણ બે ભાષાઓમાં ને કોઈ વાર ત્રણ ભાષાઓમાં પણ થતાં. સિક્કાના પરિઘ કરતાં બીબું મોટું હોવાથી લખાણ-ના થોડા ભાગ તથા ઘણી વખત ટંકશાળનું નામ અંકિત થઈ શકતાં નહિ, કારણ કે ટંકશાળનું નામ લખાણને છેડે આવતું. સામાન્ય રીતે રૂપિયો એકમ ગણાતો, પરંતુ કચ્છ જૂનાગઢ નવાનગર તથા પોરબંદરમાં કોરી એકમ ગણાતી. એની કિંમત રૂપિયાના ચોથા ભાગ જેટલી હતી.

### કચ્છ રાજ્યના સિક્કા

બધાં દેશી રાજ્યોમાં સિક્કા પાડવાની પહેલ કચ્છે કરી હતી. આ સિક્કાઓ ઉપર મુઘલ બાદશાહને બદલે ગુજરાતના સુલતાનનું નામ લખવામાં આવતું. ૧૭૫૮ માં દેશળજી ૧ લા (૧૭૧૮–૧૭૪૧) તથા રાવ લખપત (૧૭૪૧–૧૭૬૦)ના સિક્કા પ્રચલિત હતા. દેશળજીના સિક્કા ઉપર ગુજરાતના સુલતાન મુહમ્મદશાહ ૨ નું નામ અંકિત થતું.[20] ફારસીમાં લખેલા આ નામની નીચે નાગરીમાં 'રાઉશ્રી દેશળજી' લખાતું. બીજી બાજુ ફારસી લખાણ ટંકશાળના નામ સાથે તથા ચીપિયા આકારની કટારનું ચિહ્ન દર્શાવાતું. એક તોલા જેટલા વજનના તથા ·૬ થી ·૮ ઇંચ વ્યાસના તાંબાના ઢીંગલા પ્રચલિત હતા. રાવ લખપતના સિક્કા ઉપર સુલતાન મુઝફ્ફરશાહનું નામ લખાતું. સિક્કાનું પોત દિલ્હીના સુલતાનોના સિક્કા જેવું હતું. ફારસી લખાણો ઉપરાંત એક બાજુ ત્રિશૂલ તથા બીજી બાજુ કટારનાં વિશિષ્ટ ચિહ્ન દર્શાવાતાં.[21] નાગરી લખાણ 'મહારાઉ શ્રી લખપત' હતું. હિજરી વર્ષ ૯૭૮ બંનેના સિક્કા ઉપર અંકિત કરવામાં આવતું. એ પછી ગોડજી ૨ જાના ૧૭૬૦–૧૭૭૮ વચ્ચેના એવા જ પ્રકારના સિક્કા હતા. એ પછી રાયધણજી ૨ જાના દોકડા તથા તાંબિયા ચલણમાં આવ્યા. પ્રકારમાં એ દેશળજીના ઢીંગલા જેવા જ હતા, પરંતુ દોકડાનું વજન અરધા તોલાથી વધારે તથા એનો વ્યાસ ·૬ ઇંચ હતો; તાંબિયો વજનમાં ·૩૨૫ તોલાનો તથા કદમાં ·૫ ઇંચનો હતો.

૧૮૧૪–૧૮૧૯ વચ્ચે ભારમલ ૨ જાએ ચાંદીની કોરીઓ પાડી હતી. મુખ્ય બાજુએ ફારસીમાં સુલતાન મુહમ્મદશાહ ૨ જાનું નામ તથા 'રાઉશ્રી ભારમલજી' નાગરીમાં લખાતું. ત્રિશૂળનું ચિહ્ન પણ અંકિત થતું. વજન આશરે $\frac{1}{12}$ તોલા તથા વ્યાસ ·૫ થી ·૬ ઇંચ રખાતાં. બીજી બાજૂ ફારસી લખાણ સાથે ટંકશાળનું નામ 'ભૂજ' દર્શાવાતું.

## પોરબંદર રાજ્યના સિક્કા

મુઝફ્ફરશાહના નામવાળી તથા ફારસી લખાણની નીચે નાગરીમાં 'શ્રી રાણા' લખેલી રાણાશાહી કોરીઓ પોરબંદરમાં અઢારમી સદીની ત્રીજી પચ્ચીસીમાં પ્રચલિત હતી. આવી કોરીઓ પાડવાની શરૂઆત રાણા સરતાનજી( રાજ્યારોહણ ૧૭૫૭) અથવા એના પુત્ર પૃથિરાજે કરેલી.[૨૨] અરધી તથા પાવ કોરીઓ પણ હતી. રાણાશાહી કોરીની કિંમત ૧૮૨૦ માં સૌરાષ્ટ્રમાં બ્રિટિશ હકૂમત થઈ ત્યારે સો રૂપિયા બરાબર ૩૩૦ કોરીની થતી. દોકડા, તાંબિયા અને ઢીંગલા પણ ચલણમાં હતા અને એક કોરીના ૬૪ દોકડા મળતા.[૨૩]

## ભાવનગર રાજ્યના સિક્કા

આ રાજ્યના પ્રાચીનતમ સિક્કા વખતસિંહજી( ૧૭૭૨–૧૮૧૬ )ના તાંબાના મળે છે. એના ઉપર મુઘલ શહેનશાહ શાહજહાં ૩ જાનું નામ ફારસીમાં દર્શાવાતું. 'શાહજહાંએ ફુલુસ નામનો શુકનવંતો સિક્કો પાડયો' એવા અર્થનું લખાણ મુખ્ય બાજુએ તથા બીજી બાજુએ ફારસીમાં ટંકશાળનું નામ તથ નાગરીમાં 'બહાદુર' લખાતું ( ૧૨૨; ·૭૫ ). લખાણની નીચે આડી તલવાર દર્શાવાતી.[૨૪] બીજા પ્રકારમાં તલવારને બદલે નાગરીમાં 'ગ ૧' લખાતું ( ૧૧૦; ·૭૫ ).[૨૫]

## જૂનાગઢ રાજ્યના સિક્કા

આ રાજ્યની કોરીઓ દીવાનશાહી કોરી તરીકે ઓળખાય છે. ૧૭૩૫ માં શેરખાન બાબીએ જૂનાગઢ જીત્યું,[૨૬] પરંતુ દીવાનશાહી કોરીઓ ૧૮૧૧ માં ગાદીએ આવેલ બહાદુરખાનથી વહેલા સમયની મળતી નથી. એના ઉપર ફારસીમાં મુઘલ બાદશાહ અકબર ૨ જાનું નામ તથા નીચે નાગરીમાં 'શ્રી દીવાન' લખેલું હોય છે. બીજી બાજુ મથાળે હિજરી વર્ષ, એની નીચે નાગરી 'બા,' એની નીચે ફારસીમાં ટંકશાળનું 'જૂનાગઢ' નામ હોય છે. લખાણની જમણી તથા ડાબી બાજુએ નાગરી 'ગડ' શબ્દ તથા નાગરી આંકડામાં વિક્રમ સંવત હોય છે ( ૭૦–૭૨, ·૫૮ થી ·૬૨ ). અડધી કોરી પણ હતી (૩૪–૩૫, ·૫થી ૫·૨)૨૭ સો રૂપિયાની ૩૬૦ કોરી થતી.[૨૮] આ રાજ્યે તાંબાના દોકડા પણ પાડચા હતા.

## નવાનગર રાજ્યના સિક્કા

જામ છત્રસાલ( સતાજી ) ૧૫૬૮–૬૯માં ગાદીએ આવ્યો ત્યારે તેણે ગુજરાતના સુલતાનની રજા લઈ કોરી પાડવાની શરૂઆત કરી હતી, પરંતુ એને 'મહમૂદી' કહેવી એવી શરત સુલતાને કરેલી. પછીથી એ મહમૂદી કોરી તરીકે

જાણીતી થઈ.[૨૯] જો કે મરાઠાકાલ પછીની જામવિભાજી તથા રણમલજીની કોરીઓ ઉપલબ્ધ છે, પણ એ પહેલાંની ઉપલબ્ધ થઈ નથી. અલબત્ત, એ સુલતાનનું નામ, હિજરી વર્ષ ૯૭૮ તથા નાગરી 'શ્રીજામજી' લખાણ ધરાવતી હશે એમ અનુમાન થઈ શકે.

## સ્થાનિક નવાબોના સિક્કા

ઉપર્યુક્ત દેશી રાજ્યો ઉપરાંત સુરત તથા ભરૂચના નવાબોના સિક્કા પ્રચલિત હતા.

સુરતના નવાબે ૧૭૪૯ માં ફ્રેન્ચોને સિક્કા પાડવાની મંજૂરી આપી હતી.[૩૦] એથી ૧૭૪૯ પહેલાં તથા પછી પણ નવાબના સિક્કા ચલણમાં હોવા જોઈએ. ૧૭૯૩ માં મુઘલોનો સુરતનો રૂપિયો સમગ્ર મુંબઈ ઇલાકામાં ચલણ તરીકે માન્ય થયો હતો.[૩૧] સુરતના નવાબ સાથેના કરાર મુજબ બ્રિટિશ રૂપિયો તથા નવાબનો રૂપિયો લેવડદેવડમાં સમાન ગણાતા. નવાબની સત્તા ઈ.સ. ૧૮૦૦ માં નાબૂદ થઈ ત્યાંસુધી આમ ચાલ્યું. નવાબોના રૂપિયા ઉપર મુઘલ બાદશાહનું નામ, રાજ્યારોહણ ક્રમદર્શક વર્ષ તથા તલવારનું ચિહ્ન હતું. વજન ૧૭૦ થી ૧૭૫ ગ્રેઇન હતું. ટંકશાળનું નામ 'સુરત' પણ ફારસીમાં લખાતું. ૩૫૦ ગ્રેઇન વજનનો બે રૂપિયાનો સિક્કો પણ હતો.[૩૨]

ભરૂચના નવાબોએ પણ શાહઆલમ ૨ જાના નામના રૂપિયા તથા અરધા પાડ્યા હતા, જેના ઉપર મુઘલોના સામાન્ય પ્રકારના સિક્કા જેવાં ફારસી લખાણ, ટંકશાળનું નામ 'ભરૂચ' તથા ટંકશાળની નિશાની તરીકે પુષ્પ જેવી આકૃતિ પાડવામાં આવતી.[૩૩]

## પોર્ટુગીઝ સિક્કા

ગુજરાતમાં પોર્ટુગલ વસાહતો દમણ તથા દીવમાં હતી. શરૂઆતમાં બંને સ્થળે ટંકશાળો હતી અને સૌરાષ્ટ્રમાં આ સિક્કા ચલણમાં પણ હતા. ચલણોના વૈવિધ્યમાં ગુજરાત કરતાં સૌરાષ્ટ્ર મોખરે રહ્યું છે. મુઘલોની મહોરો તથા રૂપિયાના મુખ્ય ચલણ સાથે ગાયકવાડોની સત્તા જામતાં બાબાશાહી રૂપિયો ચલણ માં આવ્યો. જામશાહી દીવાનશાહી અને રાણાશાહી કોરીઓ ઉપરાંત પોર્ટુગીઝ તથા સ્પૅનિશ રીઝ પણ ચલણમાં હતા. પોર્ટુગીઝ રીઝની પ્રતિષ્ઠા ઊંચી હતી.[૩૪]

૧૬૮૫ માં સ્થપાયેલી દીવની ટંકશાળ છેક ૧૮૫૯ સુધી ચાલુ હતી.[૩૫] પોર્ટુગીઝ સિક્કાઓનાં નામ પૌરસ્ત્ય શબ્દો ઉપરથી પડયાં છે. 'ઝેરાફીન' (ઈરાની 'અશરફી' ઉપરથી), પારડેઓ, ટાંગા, રૂપિયા( ભારત ), રુબ

( અરેબિયા ), બઝારૂકો ( ઈરાન–ભારત મિશ્ર ), પરંતુ સિક્કા ઉપરનાં ચિહ્ન પૌરસ્ત્ય પ્રકારનાં નથી. ૧૭૬૧થી લૅટિનને બદલે અંગ્રેજીમાં લખાણો થવા લાગ્યાં.[૩૬]

આ સિક્કાઓ ઉપર પોર્ટુગીઝ રાજ્યચિહ્ન તથા રાજાઓ સંતો કે ધર્મગુરુઓના 'ક્રૉસ' દર્શાવવામાં આવતા. ૧૭૪૧ થી જ્યૉર્જનો ક્રૉસ તથા એના ચાર કાટખૂણામાં ઈસુના વર્ષના ચાર આંકડા આલેખાતા. ૧૭૬૫ માં વર્ષ ક્રૉસમાં દર્શાવવાને બદલે કિનારીએ દર્શાવાતું. ૧૭૮૧ માં દીવમાંથી ડી. પેડ્રો ૩જા તથા મેરિયા ૧ લીના સંયુક્ત ઉત્તરાંગવાળા સિક્કા પડયા હતા. પાછળ ટંકશાળનું નામ 'ડી.આઈ.ઓ.' એવી જોડણીથી અંગ્રેજીમાં લખાતું. બીજી બાજુના રાજ્ય-ચિહ્નની શૈલી કલામય બની તથા તાજનું ચિહ્ન પણ બહુ નાજુક બન્યું. ૧૮૦૬ થી સંત ટૉમસનો 'ક્રૉસ' દર્શાવાતો. વર્ષ કિનારીએ લખાતું. આવા રૂપિયા, અરધા તથા પા રૂપિયા હતા.[૩૭] અઢારમી સદીમાં તાંબાના 'અતિયા', અરધા તથા પા 'અતિયા' પણ હતા, જેના ઉપર ઈસુનો ક્રૉસ દર્શાવાતો.

દીવના ઝેરાફીનની કિંમત અરધા રૂપિયા જેટલી થતી અને ૨ ઝેરાફીન, ઝેરાફીન તથા અરધા ઝેરાફીનના સિક્કા હતા. એ અનુક્રમે ૧૮૦, ૯૦ તથા ૪૫ ગ્રેઇન વજનના હતા. રીઝ નામના સિક્કા ઉપર રાજાનું ઉત્તરાંગ દર્શાવાતું. પંદર, બાર, દશ, પાંચ અઢી રીઝના સિક્કા પડતા. ૧૭૫૮–૬૫ વચ્ચે સોનાનો ૧૨ ઝેરાફીનનો સિક્કો પ્રચલિત હતો. તેના પેટાવિભાગો ૮, ૪ અને ૨ ઝેરાફીનના હતા.[૩૮] એક સોનાના પારડેઓ બરાબર ચાંદીના ૫ ટાંગા અને ૩૦૦ રીઝ થતા.

## ફ્રેન્ચ કંપનીના સિક્કા

ફ્રેન્ચો પણ વેપાર માટે આવ્યા હતા અને તેઓએ ૧૬૬૮ માં સુરતમાં કોઠી નાખી હતી. ૧૭૪૯ માં સુરતના નવાબે ફ્રેન્ચોને સિક્કા પાડવા મંજૂરી આપી ત્યારે એમણે અહમદશાહના નામના રાજ્યારોહણના બીજા વર્ષના સિક્કા પાડ્યા હતા. ૧૭૯૩ થી ૧૮૧૬ વચ્ચેનાં કેટલાંક વર્ષોમાં પોંડીચેરી અંગ્રેજોની હકૂમતમાં હતું ત્યારે ફ્રેન્ચોએ પોંડીચેરીને બદલે સુરતથી શાહઆલમ ૨ જાના નામના સિક્કા પાડ્યા હતા, જે દેશી બનાવટના તથા ટંકશાળનાં કોઈ ચિહ્ન વિનાના હતા.[૩૯]

## બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સિક્કા

શાહી મુઘલ સિક્કા ૧૮૦૦ સુધી ચલણમાં રહ્યા. એ જ વર્ષમાં એટલે કે હિજરી ૧૨૧૫ માં શાહી ચલણની સાથોસાથ મુંબઈની ટંકશાળમાં પાડેલી કંપનીની મહોરો તથા રૂપિયા ચલણમાં આવ્યા. મુંબઈમાં પાડેલા આ સિક્કાઓ ઉપર

સુરત ટંકશાળનું નામ દર્શાવાયું છે.[40] મુઘલ સિક્કાઓ પણ હજુ થોડાં વર્ષ સુધી બહાર પડતા રહ્યા.

૧૮૦૦ થી ૧૮૩૫ સુધી કંપનીનું ચલણ પ્રચલિત હતું. કંપનીના સિક્કા બે પ્રકારના હતા : દેશી બનાવટના એટલે કે હાથકારીગરોના તથા વિદેશી બનાવટના-મશિનથી બનાવેલા. દેશી બનાવટનાં રૂપિયા તથા મહોરો નીચેના પ્રકારનાં હતાં. : ૧. મુખ્ય બાજુએ લંબગોળમાં વર્ષ તથા બીજી બાજુ નાના તાજના ચિહ્નવાળા. ૨. મુખ્ય બાજુએ તાજનું ચિહ્ન તથા બીજી બાજુ રાજ્યકાલના ૪૬ મા વર્ષવાળા. ૩. તાજના ચિહ્ન વગરના.

વિદેશી બનાવટના સિક્કા : ૧. બંને બાજુ કિનારીએ રેખાઓ વડે દોરેલાં વર્તુલવાળા તથા મશિનમાં દાબેલી ધારવાળા. ૨. બંને બાજુ સાદી ધાર તથા આંકાવાળી કિનારીવાળા. ૩. બંને બાજુ સાદી ધાર તથા ઉપસેલી કિનાર વાળા. વિદેશી બનાવટના દરેક સિક્કા ઉપર મુખ્ય બાજુને મથાળે હિજરી વર્ષ ૧૨૧૫ (ઈ. સ. ૧૮૦૦)નું વર્ષ દર્શાવાતું.

મુંબઈનો ટાપુ મેળવ્યા પછી તુરત જ કંપનીએ અંગ્રેજી લખાણવાળા સિક્કા મુંબઈ તથા આજુબાજુના વિસ્તારો માટે પાડ્યા હતા, પરંતુ વેપાર માટે દેશભરમાં આ સિક્કાઓનો બહોળો ફેલાવો થઈ શક્યો નહિ તેથી પોતાની ટંકશાળ હોવા છતાં સોનાચાંદીની પાટો સિક્કા પાડવા મુઘલ ટંકશાળોમાં મોકલવી પડતી અગર તો પોતાની ટંકશાળમાંથી મુઘલોની બનાવટના સિક્કા પાડવા પડતા. મુંબઈની ટંકશાળમાંથી મુઘલોના સિક્કા પાડવાની શાહી મંજૂરી ૧૭૧૭ માં તેઓએ મેળવી પણ હતી[42] અને સુરતની ટંકશાળનાં વજન તથા એ પ્રકારના સિક્કા પાડ્યા પણ હતા.

૧૮ મી સદીની શરૂઆતમાં ટીનના પૈસા તથા બે પૈસા કંપનીએ પાડ્યા. મુખ્ય બાજુએ અંગ્રેજી રાજમુગટ, અંગ્રેજી અક્ષરો 'જી. આર.' તથા મુંબઈનો સૂચક અંગ્રેજી શબ્દ 'બૉમ્બે' તથા બીજી બાજુએ શરૂઆતમાં ફક્ત લૅટિન લખાણ દર્શાવાતું, પણ પછીથી કંપનીની 'શીલ્ડ' ઉમેરાઈ. એ પછીનાં વર્ષોમાં મુખ્ય બાજુએ હૃદયના આકારની આકૃતિમાં અંગ્રેજી અક્ષરો 'વી. ઈ. આઈ.સી.' તથા મથાળે ફારસી ચોગડાવાળા અને બીજી બાજુ ત્રાજવાં તથા મથાળે ફારસી શબ્દ 'અદલ'(ન્યાય)વાળા સિક્કા પડ્યા હતા.[43]

### ઉપસંહાર

ઉપર દર્શાવેલા સિક્કાઓ પૈકી ઘણા પ્રકારના સિક્કા ગુજરાતમાં મકાનો વગેરેના પાયા ખોદતાં કે ખેતરોમાંથી મળેલા નિધિઓમાંથી મળ્યા છે, પરંતુ મળેલા નિધિ પૈકી ઘણાને પ્રસિદ્ધિ મળતી નથી. કેટલાક નિધિ નિષ્ણાતો

સુધી લઈ જવાયા નથી તેથી ઓળખાયા નથી. આવા નિધિઓની માહિતી પણ એક સ્થળે મળતી નથી, પરંતુ ડૉ. પરમેશ્વરીલાલ ગુપ્તે ગુજરાતના સિક્કા-નિધિઓની પુસ્તિકા લખી છે. એમાંના ઘણા નિધિ ઓળખાયા નથી છતાં આ પુસ્તિકા ઇતિહાસને ઉપકારક અગત્યની માહિતી પૂરી પાડે છે. આ પુસ્તિકામાંથી ૧૭૫૮–૧૮૧૮ વચ્ચે ચલણમાં હતા તેવા સિક્કાની સંક્ષિપ્ત માહિતી અત્રે આપવી જરૂરી લાગે છે.

મુહમ્મદશાહ તથા પછીના મુઘલોના સિક્કાઓ મુખ્યત્વે સુરત જિલ્લાના ચોર્યાસી વિસ્તારમાંથી કામરેજ તાલુકાના કઠોરથી તથા વ્યારા તાલુકાના કપૂરામાંથી મળ્યા છે. અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં ઉવારસદ, ધંધુકા તાલુકાના કમિયાલા, મહીકાંઠામાં ખારી નદીના પટમાંથી તથા છૂટાછવાયા સિક્કા પંચ-મહાલના કાલોલમાંથી મળ્યા છે.

દેશી રાજ્યોના સિક્કાઓમાં દશક્રોઈના વાલોડ ગામેથી મળેલી કોરીઓ તથા વડોદરા જિલ્લાનાં ઘણાં સ્થળો ઉપરાંત ખેડા જિલ્લાના કલાલમાં તથા પંચ-મહાલના કણજરી( હાલોલ તાલુકા )માં મળેલા આણંદરાવ ગાયકવાડના સિક્કાનો ઉલ્લેખ કરવો જોઈએ.

ભરૂચના નવાબોના સિક્કાઓના બે સારા નિધિ મળ્યા છે. વડોદરા જિલ્લાના કામરેજ તાલુકાના થાલા ગામે ચાંદીના ૧૧૫૨ સિક્કા મળેલા તેમાં ભરૂચના રૂપિયા તથા અંકલેશ્વરમાં રૂપિયા તથા અરધા મળ્યા છે.

મરાઠા સિક્કા દશક્રોઈના ઉવારસદમાંથી, ધોળકાના ચલોડામાંથી ( સિક્કાઈ રૂપિયા ), અમદાવાદ શહેરમાં શાહપુરમાંથી તથા ભરૂચ શહેરમાંથી મળ્યા છે. ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીના સિક્કા પંચમહાલના કણજરી તથા છૂટા-છવાયા ભરૂચથી પ્રાપ્ત થયા છે.

ઇન્ડો–પોર્ટુગીઝ સિક્કા દક્ષિણ ગુજરાતમાં સિલ્વાસા( વાપી થઈને )માં મળ્યા છે.

## પાદટીપ

૧. P. L. Gupta, *Coins*, p. 125

૨. ' ઈશ્વર એક જ છે અને મુહમ્મદ ઈશ્વરના પેગંબર છે ' એવા અર્થની કુરાનની તર્જ ફારસીમાં ( લા ઈલાહ ઇલ્લલાહ મુહમ્મદુર્રસુલુલ્લાહ ).

૩. ફારસી ' બાદશાહ ગાઝી '.　　　　૪. ફારસી ' સિક્કે મુબારક '.

૫. ફારસી ' મૈમનત માનુસ સન જુલુસ ', આવા લખાણનો ઉલ્લેખ હવે પછી ' માનુસ ફોર્મ્યુલા ' તરીકે કરવામાં આવશે.

૬. આવી રીતે કૌંસમાં બતાવેલી પ્રથમ સંખ્યા ગ્રેઇનમાં વજન તથા બીજી ઇંચમાં માપ બતાવે છે.

૭ 'સિક્કઈ ઝદ્ બર હફ્ત કિશ્વર હામી દીન મહમ્મદ શાહઆલમ બાદશાહ.'

૮. 'સિક્કે ઝદ બર વારસ તાજ વ તખ્ત
શાહજહાં મહમ્મદ બીદારબખ્ત.'

૯. *Numismetic Supptement*, *(NS)*, Vol. XXXVII (233). 17

૯અ P. L. Gupta, *op.cit*., pp, 133f.

૧૦. *Journal of the Bombay Branch of the Royal Asiatic Society* (*JBBRAS)*, Vol, XX, pp. 198 ff.

૧૧. *Jonrnal of Numismatic Society of India (JNSI)*, Vol. XXXVII, p. 102

૧૨. ર. ભી. જોટ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૨૭૫

૧૩. *JBBRAS*, Vol. XX, pp. 198ff.　૧૪. *JNSI*, Vol. IV, pp. 73ff

૧૫. *Ibid*., Vol. XXXVIII, p. 107

૧૬. *Baroda Gazetteer*, Vol. I. pp. 353ff.

૧૭–૧૮. John Allan, *Catalogue of Coins in the Indian Museum, Calcutta*, Vol. IV, pp. 160f.

૧૯. P. L. Guta, *op.cit*', p. 169

૨૦. John Allan, *op.cit*., Vol. IV, pp. 185f and pl. X, Coin No. 12

૨૧. *JBBRAS*, Vol. XVII. p. 51　૨૨. *Ibid*., Vol. XVII, p. 56

૨૩. શં. હ. દેશાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', પૃ. ૭૫૫

૨૪–૨૫. John, Allan, *op.cit*., Vol. IV, p. 175

૨૬. *Ibid*., Vol. IV, p. 178

૨૭. *Ibid*., Vol. IV, 179, pl. X, Coin No. 6

૨૮. શં. હ. દેશાઈ, ઉપર્યુક્ત, પૃ. ૭૫૫

૨૯. એજન, પૃ ૫૪૭　૩૦. P. L. Gupta, *op.eit*., p. 152

૩૧. *Ibid*., p. 159　૩૨. *NS*, Vol. IV (40), p. 133

૩૩. *JNSI*, Vot. V, p. 79　૩૪. શં. હ. દેશાઈ, ઉપર્યુક્ત, પૃ. ૭૦૯

૩૫. *JNSI*, Vol. III, pt. II, p. 116

૩૬. *JBBRAS*, Vol. XVI, pp. 17ff.

૩૭. *JNSI*, Vol. III, pl. II, p. 120

૩૮. *JBBRAS*, Vol. XVI, pp. 17ff.

૩૯. P. L. Gupta, *op.cit*., pp. 151f.

૪૦. *JBBRAS*, Vol. XXII, pp. 245ff.　૪૧. *Ibid*, Vol. XXII, p. 270

૪૨. P. L. Gupta, *op.cit*., pp. 153–55

૪૩. *Ibid*., pp. 157–59

# ખંડ ૩

# સાંસ્કૃતિક ઇતિહાસ

## પ્રકરણ ૮

## સામાજિક અને આર્થિક સ્થિતિ

ઈ. સ. ૧૭૫૮ ના ફેબ્રુઆરીની ૨૭ મી તારીખે અમદાવાદ મરાઠાઓને કબજે આવ્યું અને અમદાવાદમાં ગાયકવાડ અને પેશવાનો સંયુક્ત અમલ શરૂ થયો ત્યારથી સાઠ વર્ષ સુધી ગુજરાત ઉપર મરાઠાઓનું રાજકીય આધિપત્ય રહ્યું. આ સમયમાં અગાઉના મુઘલકાલના મુકાબલે સામાજિક સ્થિતિમાં કોઈ ગણનાપાત્ર ભિન્નતા જણાતી નથી, સિવાય કે રાજ્યકર્તાની લોભવૃત્તિ અને ગનીમગીરીના કારણે સામાજિક જીવન ક્ષુબ્ધ અને અસ્થિર હતું, તથા એની સીધી અસર પ્રજાની આર્થિક અને વેપારી અવનતિરૂપે થઈ હતી. મરાઠા શાસકોનું અને એમાંયે પેશવાના સૂબેદારોનું મુખ્ય ધ્યેય 'યેન કેન પ્રકારેણ' પ્રજા પાસેથી નાણાં કઢાવવાનું રહેતું. વેપારની પ્રગતિ ઉપર કે પ્રજાની એકંદર સુખાકારી ઉપર એમણે ખાસ ધ્યાન આપ્યાનું જણાતું નથી. મગનલાલ વખતચંદ શેઠ-કૃત "અમદાવાદનો ઇતિહાસ" ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ (પછીની ગુજરાત વિદ્યાસભાએ) સને ૧૮૫૧ માં પ્રગટ કર્યો છે તેમાં અનુભવીઓ પાસેથી સાંભળીને મરાઠી રાજ્યકાલની અમદાવાદની સ્થિતિનું જે આલેખન થયું છે તેમાંથી તથા અન્ય ઐતિહાસિક સાધન-સામગ્રીમાંથી એ સમયની રાજકીય-સામાજિક સ્થિતિનું દર્શન થાય છે. જે સ્થિતિ પાટનગર અમદાવાદમાં હતી તેનું દર્શન એક અથવા બીજી રીતે પ્રાંતના અન્ય ભાગોમાં પણ થતું હતું. "પરિણામનો જ વિચાર કરીએ તો આઠ લાખની વસ્તીવાળા ભર્યા-ભાદર્યા અમદાવાદને મુશ્કેલીથી શ્વાસ લેતું, લગભગ મુડદું કરી અંગ્રેજોના હાથમાં સોંપ્યું તે મરાઠાઓએ."[૧]

રાજ્યના પ્રદેશો કે મહાલો ઇજારે આપવાનો રિવાજ અગાઉ ન હતો એમ નહિ, પણ મરાઠી રાજ્યમાં એનો અમલ જુલમી અને સર્વવ્યાપી થયો. "વળી સરકારનું પણ પાંશરું નહિ કે જે મહાલ જેને ઇજારે આપ્યો તે મહાલ તે ઇજારદારના તાબામાં વીસપચીસ વરસ રહે કે જેથી કરીને દેશમાં ઊપજ વધારી પોતાના ઇજારામાં ભરેલા રૂપિયા વગેરે વસૂલ કરી લેવાની નવરાશ મળી શકે. પણ સરકારનો દસ્તૂર એવો પડ્યો હતો અને હાલ પણ છે કે હરેક મહાલ એક ધણીને કંઈક રૂપિયા માટે ઇજારે આપ્યો અને હેવામાં પાંચસાત દહાડામાં અથવા વરસ બે વરસમાં કોઈ વધારે રૂપિયા આપનાર મળ્યો તો તેની સાથે

બંદોબસ્ત કરીને તેને ઇજારે આપવો–આ ઉપરથી ઇજારદારના મનમાં એવું રહેતું અને રહે છે કે 'ઘડીમાં આપણો ઇજારો છે ને ઘડીમાં નથી માટે ખાધું તે આપણા બાપનું ' એવું ધારીને જેટલો જુલમ થાય એટલો કરી, વેરો નાખી તથા દંડીને રૂપિયા લેતા તથા લે છે. શહેરમાં કાંઈ ભાગ્યુંતુટ્યું સોચ કરાવતા નહિ તથા શહેરના લોકોને સુખ થાય એવું કરતા નહિ તથા કરતા નથી, પણ એક વાત હતી કે લાવ રૂપિયા લાવ રૂપિયા."[2] આથી વસ્તીનું સ્થળાંતર પ્રસંગોપાત્ત થવા લાગ્યું અને જ્યાં ઓછો જુલમ હોય ત્યાં જઈને લોકો વસવા લાગ્યા.

કહેવાય છે કે કોઈ સામાન્ય કરતાં સારાં કપડાં પહેરે તો સૂબાના ચાડિયા સરકારમાં ખબર આપે અને એ માણસ ઉપર પૈસા કઢાવવા માટે જુલમ થાય. પૈસા કઢાવવા માટે છાતી ઉપર પથ્થર મૂકી માણસને રિબાવે એમ બનતું. વેપારીઓ માલનાં નાણાંની જાહેરમાં ઉઘરાણી કરતાં ડરતા. સારાં કપડાં પહેરાય નહિ એટલે ગાડીઘોડા તો રખાય જ કેવી રીતે ? નગરશેઠ જેવા જાહેર પુરુષને ત્યાં જ ગાડી રહેતી.[3]

શહેરમાં ધોળે દિવસે ચોરીઓ થતી. સૂબા ચોરીઓમાંથી ચોથ લેતા હોવાથી ચોરને રોકનાર કોઈ નહોતું. શહેરમાં કેટલાંક સ્થળોએ તો ચોર અને ગઠિયા આખો દિવસ બેસી રહેતા, તેથી ખરે બપોરે પણ એ તરફ જવાતું નહિ અને રાતે તો એકલા બહાર નીકળાતું જ નહિ.[4]

"આ સિવાય બીજી ઘણીક જાતના જુલમ થતા તે સર્વ વિસ્તાર સહિત લખીએ તો ચોપડાના ચોપડા ભરાઈ જાય. માટે હવે એક જ વાત લખું છું તેથી તેઓની રાજનીતિ કેવી હતી તે તરત માલુમ પડી આવશે. એ રાજ્યમાં હેવું ચાલતું હતું કે ' એક જણ જઈને કોઈને બેસારી આવે તો બીજો જણ જઈને તેને ઉઠાડી આવે ને કદી બીજો બેસાડી આવે તો એક ઉઠાડી આવે.' આ ઉપર લગીર લાંબો વિચાર કરશે તેહને માલુમ પડી આવશે કે સરસુબાને ઘણાંકનાં મ્હોં રાખવાં પડતાં હતાં, કેમ કે જો એવું ન કરે તો ભક્ષ કોણ આણી આપે ? વળી એક તરફની લાંચ આપે એટલે તેહને ઉઠાડીને અથવા કંઈ ઘરબાર ચણવાનો ટંટો હોય તો ચણવાની રજા આપીને સામાવાળાને બેસારે ને જયારે તે લાંચ આપે ત્યારે તેને ઉઠાડી પેલી ઇમારત પાડી નાખવાનો હુકમ કરે તથા પહેલવહેલો જેને બેસાડ્યો હોય તેને ફરી બેસાડે, એવી રીતે ગાયકવાડ પેશ્વાના સરસુબાના વખતમાં ચાલતું હતું ને એક વાડો હેવી રીતે થયો છે તેથી એને ' સોનારૂપાની ઈંટનો વાડો ' કહે છે."[5]

અમદાવાદમાં સૂબેદાર રાઘુરામચંદ્ર કાચા કાનનો હોવાથી 'બહેરા' તરીકે ઓળખાતો! તેના સમયમાં, સરકારમાં લોકોની ચાડી કરનાર ચાડિયાઓનો મોટો સમુદાય હતો. તેઓ કોઈના ઘરની ગમેતેવી વાત કરતા અને કોની પાસે કેટલી પૂંજી છે એની સાચી-ખોટી બાતમી લાવતા. સૂબાને તો એટલું જ જોઈતું હતું. એને પરિણામે સૂબો તેમજ ચાડિયા બંનેનું કામ થતું. ચાડિયાઓનું ટોળું એટલું મોટું હતું કે એક વાર એ લોકો બાર મણ દૂધનો દૂધપાક ખાઈ ગયા હતા! એમનો એક આગેવાન ઓતિયો (ઉત્તમચંદ) નામે હતો અને એ સૂબાનો માનીતો હતો. એક વાર ઓતિયાએ સદુબા નામે એક બારોટ સ્ત્રીના ચારિત્ર્ય ઉપર આળ મૂકતી ચાડી સૂબા આગળ ખાધી, તેથી ચાડિયાઓ વિરુદ્ધ પ્રજામાં મોટું તોફાન થયું અને એમાં ઓતિયો અને ગોધિયો (ગોરધન) નામે બે ચાડિયા માર્યા ગયા હતા.[૬] અંધેર-વહીવટ સામે પ્રજાનો એ પ્રકોપ હતો.

આમાં અપવાદો પણ હતા. ઈ. સ. ૧૮૦૦માં રઘુનાથ મહીપત નામે સરસૂબા આવ્યા. લોકોમાં એ 'કાકા સાહેબ' તરીકે ઓળખાતા. એમણે મુલકમાં સારો બંદોબસ્ત કર્યો. ગાયકવાડની હવેલીનો કોટ વધાર્યો તથા કાંકરિયું સૂકું રહેતું હતું તેમાં પાણી લાવવાની વ્યવસ્થા કરી અને અમદાવાદનો કોટ અગાઉના બખેડાઓમાં પડી ગયેલો તે સમરાવ્યો. એમની દસ વરસની સૂબાગીરીમાં શાંતિ રહી. કોઈ પણ અરજદારને કાકા સાહેબ તરછોડતા નહિ.[૭] ગુજરાતના – ખાસ કરીને અમદાવાદના સમાજ-જીવનમાં એક અગત્યનો બનાવ એમના સમયમાં બન્યો. કોઈ માણસ ગુજરી જાય ત્યારે એના વારસને અનેક કર ભરવા પડતા અને મિલકત મળવામાં ઘણી હરકત થતી. ઈ. સ. ૧૮૦૮માં વડોદરાથી મહારાજા ગાયકવાડની સવારી અમદાવાદ આવી ત્યારે નગરશેઠ વખતચંદ ખુશાલચંદની આગેવાની નીચે શહેરીઓ આ બાબતમાં એમને અરજ કરવા ગયા. આ ઉપરથી હુકમ કરવામાં આવ્યો કે મરનાર માણસનો છોકરો અથવા છોકરીનો છોકરો વારસ થાય અને છોકરીને છોકરો ન હોય તો છોકરી પોતે વારસ થાય. આ બાબતનો શિલાલેખ ત્રણ દરવાજા ઉપર મૂકવામાં આવ્યો હતો.[૮]

ઈ. સ. ૧૭૮૧માં જેમ્સ ફોબ્સે અમદાવાદની મુલાકાત લીધી તેનું વર્ણન એમણે પોતાના ગ્રંથ 'ઓરિયેન્ટલ મૅમોયર્સ'માં આપ્યું છે. એ ઉપરથી એક સમયનું આ મહાનગર કેવી અવનત સ્થિતિમાં આવી પડ્યું હતું એનો ખ્યાલ આવે છે. શહેરની બહાર કેટલાંય ગાઉ સુધી ઉજ્જડ વેરાન ભૂમિ

પડી હતી અને એક સમયનાં આબાદ પરાનાં તો ખંડેર જ રહ્યાં હતાં તથા એમાં વાઘ અજગર અને શિયાળોનો વાસ હતો. શહેરનો કોટ ઘણી જગાએ પડી ગયો હતો. રાજમાર્ગો ઉપર અગાઉના પ્રવાસીઓએ જોયેલી સુંદર વૃક્ષોની હાર હવે નહોતી અને રસ્તામાં જડેલા પથ્થર ઊખડી ગયેલા હતા. શહેરમાં પણ અનેક સ્થળોએ ખંડેર અને વેરાન જેવું હતું. વટવાથી અમદાવાદ આવતાં જ્યાં હારબંધ દુકાનો અને બજારો હતાં ત્યાં તૂટી પડતાં મહેલો અને ખંડેરો દેખાતાં હતાં અને કોઈ મોટા રાજધાનીના શહેર નજીક આવીએ છીએ એમ લાગતું નહિ. એ સમયના અમદાવાદનું વર્ણન ઠીક વિગતો સાથે જેમ્સ ફૉર્બ્સે આપ્યું છે અને એ સમયનાં ખંડેરો ઉપરથી અનુમાન કર્યું છે કે એક સમયે અમદાવાદના મહેલો અને બગીચાઓ બગદાદ અને બસરાનાં 'અરેબિયન નાઈટ્સ'ની વાર્તાઓમાં આવતાં વર્ણનોને અનુરૂપ હશે.[૯] પૂર્વના એક મહત્તમ પાયતખ્ત અમદાવાદની હાલની સ્થિતિ સૂતકાર અને વેરાન છે એમ એ નોંધે છે.[૧૦] ખેડાના કલેક્ટર મિ. ડનલોપે ઈ. સ. ૧૮૧૭ માં અમદાવાદનો કબજો લીધો ત્યારે શહેરની વસ્તી માત્ર એંશી હજાર હતી.[૧૧]

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં ગુજરાતમાં અન્ય મુખ્ય નગરોની અને એકંદરે આખા પ્રદેશની આર્થિક સ્થિતિનો વિચાર કરતાં પહેલાં એ સમયમાં આવી પડેલી દુષ્કાળ જેવી કુદરતી આફતોની કેટલીક વિગતો જોઈએ. ઈ. સ. ૧૭૬૧( વિ. સં. ૧૮૧૭ )માં અમદાવાદ આસપાસના વિસ્તારમાં એક મોટો દુષ્કાળ પડ્યો હતો ત્યારે રોગચાળો ફાટવાથી હજારો માણસો મરકીમાં મરણ પામ્યાં હતાં. એમને દાટવા બાળવા માટે માણસ કે વ્યવસ્થા નહિ હોવાથી નાવારસ માણસોનાં મુડદાં સરકાર તરફથી સાબરમતીના કિનારે કાઢી નાખવામાં આવતાં. આસપાસનાં ગામડાંના ભૂખે મરતા લોક ટળવળતાં છોકરાંઓને વેચવા માટે શહેરમાં એકત્ર થતા હતા. એવી રીતે એક બે રૂપિયામાં છોકરાં વેચાતાં. રાજ્યની કેટલા વિસ્તારની જમીનમાં દુષ્કાળ પડેલો અને નિવારણ માટે શા ઉપાય લેવામાં આવેલા એની વિગતો મળતી નથી, પણ આ દુષ્કાળ પછી લાગલાગટ સાત વર્ષ સુધી અનાજના ભાવ વધેલા રહ્યા હતા. સાધારણ જાતનું અનાજ એક રૂપિયાનું વીસ શેર મળતું.[૧૨]

ઈ.સ. ૧૭૯૦-૯૧(વિ.સ.૧૮૪૭)માં પડેલો દુકાળ 'સુડતાળો' તરીકે ઓળખાય છે અને કૃપણ માણસ માટે તિરસ્કાર વ્યક્ત કરવા માટે એના ઘરમાં સુડતાળો ચાલે છે એવો રૂઢિપ્રયોગ એ ઉપરથી પ્રચલિત થયો છે.[૧૩] જે અનાજ સાધારણ

રીતે ચાર આને મણ વેચાતું તે બે રૂપિયે મણ વેચાવા લાગ્યું. ઘણાં માણસો એ સમયે ગુજરાતમાંથી માળવા ચાલ્યાં ગયાં હતાં.

ઈ. સ. ૧૮૧૨–૧૩ ( વિ. સં. ૧૮૬૯ )માં આખા ગુજરાતમાં એક ભયંકર દુષ્કાળ પડચો હતો, જે 'અગણોતરો કાળ' તરીકે પ્રસિદ્ધ છે. એના આગલા વર્ષે સં. ૧૮૬૮ માં વરસાદ થયો હતો, પણ તીડનાં ટોળાં તમામ પાક ખાઈ ગયાં તેથી અનાજની ભારે તંગી પડી. એક રૂપિયાના આઠ શેર ઘઉં અને પાંચ શેર મગ મળતા તથા ડાંગર કે ચોખા તો ક્યાંય દેખાતાં જ નહોતાં. મારવાડના દુષ્કાળગ્રસ્ત લોકો ગુજરાતમાં આવવાથી અહીંનું સંકટ વધ્યું હતું. બંગાળા અને બીજા પ્રદેશોમાંથી ધોલેરા બંદરે અનાજ આયાત કરવામાં આવ્યું હતું. કોઠારોમાં દાટેલું જરથાબંધ અનાજ બહાર કાઢી વેચવામાં આવ્યું અને મહાજનોએ પણ દુષ્કાળ–રાહતમાં સારો ભાગ લીધો હતો. રોગચાળો પણ ખૂબ ફાટી નીકળ્યો હતો. અમદાવાદમાં રોજનું ચારસો–પાંચસો માણસ મરતું એ ઉપરથી આખા ગુજરાતમાં કેવી સ્થિતિ હશે એ કલ્પી શકાય છે મુડદાંને બાળવા માટે જોઈતાં લાકડાં ન મળવાથી બાંધેલાં ઘરોનો કાટમાળ તોડીને એ ઉપયોગમાં લેવો પડચો હતો અને ડાઘુ તરીકે પૂરતા પુરુષો નહિ મળવાથી સ્ત્રીઓને પણ એ કામ કરવું પડયું હતું. મારવાડનો 'મઉ' ગુજરાતમાં એટલો એકત્ર થયો હતો કે કોઈથી ખાવાનું લઈ બહાર નીકળાતું નહિ. સોનું રૂપું અને મોતી ઘણાં સોંઘાં થઈ ગયાં હતાં, પણ ઘણી વાર એ લેનાર મળતું નહિ. અમદાવાદના સરસૂબા રામચંદ્ર કૃષ્ણે એટલી કાળજી રાખી હતી કે શહેરમાં આવતું અનાજ એકસામટું વેચાવા દીધું નહિ, એક માણસને એક રૂપિયા કરતાં વધારે કિંમતનું અનાજ મળે નહિ અને એક માણસને દિવસમાં બીજી વાર મળે નહિ એવી વ્યવસ્થા પણ કરી, આથી ગરીબ વસ્તીને કંઈક રાહત થઈ અને જાનહાનિનું પ્રમાણ ઘટયું.[૧૪] અનેક પરોપકારી લોકોએ પણ આ મહાન કુદરતી સંકટને હળવું કરવા માટે હાથ લંબાવ્યો હતો. અગણોતરા કાળમાં અનાથ બનેલાં બાળકોના આશ્રય માટે મોરબી પાસે વવાણિયામાં અન્નક્ષેત્ર અને આશ્રયસ્થાન સ્થાપનાર આહીર સંત રામબાઈ, જેઓ સ્વરચિત ભજનોમાં પોતાને 'રામુ' તરીકે ઓળખાવે છે તેમનું પ્રદાન સ્મરણીય છે. રામબાઈનું અવસાન છેક ઈ. સ. ૧૮૭૮ ( સં. ૧૯૩૪ ) માં થયું હતું. એમનો આશ્રમ આજે પણ વવાણિયામાં છે.[૧૫]

હવે, મુખ્ય નગરો સમેત ગુજરાત પ્રદેશની આર્થિક સ્થિતિનો વિચાર કરીએ. ઈ. સ. ૧૭૮૩ માં ખંભાતના નવાબ મોમીનખાનનું અવસાન થયું ત્યારે

એક સમયના મહાનગર અને આબાદ બંદર ખંભાતની સ્થિતિ કોઈ રીતે સારી નહોતી. અંગ્રેજ કોઠીના દલાલ સિવાય કોઈનું મોટું ઘર ત્યાં નહોતું અને લોકો પાસે કરવેરાના પૈસા નહોતા.[૧૬] એ નગરની મુલાકાતે આવી, નવાબ મોમીનખાનની મહેમાનગતિ માણી ગયેલો જેમ્સ ફોર્બ્સ પોતાનાં સંસ્મરણોમાં લખે છે કે પૂર્વના દેશોના ઇતિહાસમાં અનેક વારનું પ્રતિષ્ઠિત ખંભાત હાલ તદ્દન બદલાઈ ગયું છે. એની સુંદરતા ગરીબાઈ સાથે ભળી ગઈ છે અને એના ઘણા વિસ્તાર અવડ થઈ ગયા છે, રસ્તા ઉજ્જડ થઈ ગયા છે તથા મસ્જિદો અને મહેલો જર્જરિત થયાં છે. પોળો પણ સૂની લાગે છે. જુમા મસ્જિદ અને રાજમહેલ સિવાય કોઈ જોવા લાયક મકાન જણાતું નથી.[૧૭] વળી ફોર્બ્સ લખે છે કે સતત ચાલતી લડાઈઓ અને નાણાં-ભીડના કારણે પડેલા કરવેરાથી વસ્તીને ભારે નુકસાન પહોંચ્યું હતું ને ઘણા નાગરિકો બીજે રહેવા ચાલ્યા ગયા હતા. ખંભાતની નજીકના જંગલમાં એ સમયે રાની જાનવરો સારા પ્રમાણમાં હતાં. ખંભાતથી વીસેક કિ.મી. દૂર સાબરમતીને કિનારે એક અંગ્રેજ ટોળીએ સિંહનો શિકાર કર્યાનું ફોર્બ્સ લખે છે.[૧૮] આનો અર્થ એ થયો કે સૌરાષ્ટ્રના સિંહ ત્યાંસુધી પણ આવતા હશે.[૧૯]

પ્રાચીન કાલથી ખંભાતમાં અકીકનો ઉદ્યોગ હતો અને ૧૮ મી સદી સુધી પણ એ એક મુખ્ય ધંધા તરીકે ચાલુ હતો.[૨૦] ખંભાતનો કાપડનો ઉદ્યોગ પણ એ જ રીતે પ્રસિદ્ધ હતો. ખંભાત 'દુનિયાનું વસ્ત્ર' કહેવાતું, કેમકે ભારતના બીજા ભાગોમાં બનેલું કાપડ પણ ખંભાતથી પરદેશ ચડતું. ૧૮ મી સદીના ઉત્તરાર્ધમાં પણ ખંભાતની અર્ધી વસ્તી વણાટકામના કારીગરોની હતી અને ખંભાતના કારીગરોને મુંબઈ લઈ જવાની વાત પણ થયેલી. ૧૮ મી સદીમાં અંગ્રેજી કોઠીના પત્રવ્યવહારમાં માલની ખરીદમાં ખંભાતમાં પેદા થતી કાપડની અનેક જાતોનાં નામ આપ્યાં છે.[૨૧] મજબૂત અને એકદમ ઊઘડે નહિ તેવા તાળા માટે 'ખંભાતી તાળું' એવો રૂઢિપ્રયોગ ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે એ બતાવે છે કે ખંભાતનાં તાળાં એક કાળે વખણાતાં. ૧૮ મી સદીની અધવચ પછી રાજકીય અસ્થિરતાના કારણે ખંભાતનો પરરાષ્ટ્રિય વેપાર મંદ પડી ગયો હતો, પણ અકીક, હાથીદાંતનો સામાન અને કાપડ એ મુખ્ય નિકાસ હતી. એ સદીનાં છેવટનાં વર્ષોમાં જાડું રંગીન કાપડ મોટા પ્રમાણમાં આફ્રિકા જતું તથા મીઠું અને તમાકુની પણ નિકાસ થતી.[૨૨] ભરૂચ પણ કાપડ ઉદ્યોગનું સારું કેંદ્ર હતું અને ઓગણીસમી સદીના પ્રારંભમાં ભરૂચથી પરદેશ મોકલવા માટે દર વર્ષે આશરે સવાચાર લાખ રૂપિયાનું કાપડ તૈયાર થતું.[૨૩] સુતરાઉ

કાપડ ઉપરાંત રૂ અનાજ ખાંડ વગેરેની નિકાસ પણ ભરૂચથી થતી અને માળ-વાનો બધો વેપાર ભરૂચ બંદરેથી ચાલતો.

મરાઠાઓની મુલકગીરી અને અવારનવાર પડતા દુષ્કાળોના કારણે ગુજરાતના વેપાર-ઉદ્યોગ ઉપર માઠી અસર થઈ હતી અને કેટલાક સાહસિકોએ પૂર્વ આફ્રિકા અરબસ્તાન વગેરે તરફ પ્રયાણ કર્યું હતું, પણ ઈ. સ. ૧૭૫૯ માં સુરતનો કિલ્લો અંગ્રેજોના હાથમાં આવતાં પ્રમાણમાં પ્રવર્તેલી શાંતિના કારણે સુરતની વેપારી અને આર્થિક સ્થિતિ વિકાસોન્મુખ રહી હતી. એ પછી સુરતની વસ્તી પણ વધી હતી. ઈ. સ. ૧૭૬૪ માં સુરતની વસ્તી આશરે સાત લાખ અને અઢારમી સદીના અંતે આશરે આઠ લાખ હતી.[૨૪] કંપનીના વહીવટમાં સુરતમાં બંદોબસ્ત સુધર્યો અને વેપાર વધ્યો. ઈ. સ. ૧૭૭૧ માં સુરતમાં ઊછળતી લક્ષ્મીની છોળો, શહેરનાં બજારોમાં મોંઘા માલની ઊથલપાથલ તથા એ બધામાં રોકાયેલી દેશદેશની પચરંગી પ્રજાનો મેળો જોઈને જેમ્સ ફોર્બ્સને વેપારવણજના મહાકેંદ્ર જેવી પ્રાચીન 'ટાયર' નગરી યાદ આવી હતી.[૨૫]

ઈ. સ. ૧૭૭૦ માં ચીનમાં દુષ્કાળ પડયો હતો આથી ચીનના શહેનશાહે રૂની ખેતીની મનાઈ ફરમાવી, આથી સુરતથી ચીન ખાતે મોટા પ્રમાણમાં એ વેપાર એટલો વધ્યો કે ત્યાર પછીનાં બે એક વર્ષ સુધી દર સાલ પાંચસોથી હજાર ટન સુધીનાં ૩૦ વહાણ રૂ ભરીને ચીન જતાં; ચીન અને અન્ય વિદેશોમાં બીજી ચીજો લઈને જતા વેપારી જહાજો તો જુદાં.[૨૬]

સમૃદ્ધિનાં આ વર્ષોમાં સુરતમાં સોનારૂપાની પાટો અને પરદેશી સિક્કા આયાત થતા. વેનિસથી સિકવિન્ઝ, જર્મનીથી ડોલર અને તુર્કસ્તાનથી સોનાના સિક્કા આવતા. ઈરાનથી ચાંદીના સિક્કા આવતા. ઈ. સ. ૧૭૬૫ માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ સુરતની કોઠીને સોનાના સિક્કા પડાવવાનું લખ્યું અને એનો અમલ થતાં કંપનીનું સોનાનાણું શરૂ થયું. સુરતના નાણાવટીઓ એ સમયે સમૃદ્ધ હતા અને કંપનીને મોટી રકમો ધીરતા.[૨૭]

અલબત્ત, કેટલીક ધાર્મિક તંગદિલીઓ ઐતિહાસિક કારણોને લીધે ચાલુ હતી અને એથી સુરતમાં હિંદુ-મુસ્લિમ હુલ્લડ થયાં હતાં. ઈ. સ. ૧૭૬૦ માં ગણપતિ-ઉત્સવ અને મહોરમના તહેવાર ભેગા થઈ ગયા હતા. સુરતની ચોથ વસૂલ કરવા માટે એ સમયે મરાઠી સૈન્ય સુરતમાં હતું. એ વખતે હુલ્લડ થયું હતું, પણ એ ગંભીર રૂપ પકડે ત્યાર પહેલાં એને શાંત કરવામાં આવ્યું હતું. બીજું હુલ્લડ ઈ. સ. ૧૭૮૮ માં દેવદિવાળીના રાત્રે થયું હતું. રુઘનાથપરામાં

તુલસીવિવાહનો વરઘોડો નીકળ્યો એની ધમાલનો લાભ લઈ કેટલાક મુસલમાનોએ રઘુનાથપરાનો અમુક ભાગ લૂંટી લીધો હતો. ત્રીજું હુલ્લડ ઈ. સ. ૧૭૬૫ માં થયું હતું. આદિત્યરામ લક્ષ્મીદત્ત નામે બ્રાહ્મણ મોટી હિંગપોળમાં રહેતો હતો. એના ઘરની નજીક મસ્જિદ હતી. એમાંનો કોઈ ફકીર બ્રાહ્મણના ઘરમાં ચોરી કરવા પેઠો અને બ્રાહ્મણે એને માર્યો. ફકીરે નવાબ નિઝામુદ્દીનને ફરિયાદ કરી એટલે નવાબે બ્રાહ્મણનું ઘર લૂંટી લેવાનો હુકમ કર્યો. એ ઉપરથી મુસલમાનોએ ભેગા થઈ બ્રાહ્મણનું ઘર, હિંગપોળ અને બરાનપુરી ભાગળનું આખું બજાર લૂંટી લીધું.[૨૮]

નવાબી અંધેર અને મરાઠી ગનીમગીરીની તુલનાએ કંપની સત્તાએ શાંતિ અને ઇન્સાફ આપ્યાં એ ખરું, પણ કંપનીની ન્યાયબુદ્ધિ અંગ્રેજ કોઠીના વેપાર અને સત્તા-વિસ્તારના હેતુઓને અનુકૂળ રહીને જ કામ કરતી અને એ નીતિ અખિલ-ભારતીય હતી. રિચાર્ડ્સ નામે અંગ્રેજ લેખકે સુરતની અંગ્રેજ કોઠીના દફતરના આધારે કાપડ-ઉદ્યોગ અને એના કારીગરોને સંબંધ છે ત્યાંસુધી, ઈ. સ. ૧૭૯૬ થી ૧૮૧૧ સુધીની કંપની સરકારની કારવાઈઓ ઉપર પ્રકાશ પાડયો છે. એ લખે છે : 'સુરતથી જે કાપડ ઇંગ્લૅન્ડ મોકલવામાં આવતું તે મેળવવા માટે ભારે જુલમ કરવામાં આવતો. વણકરોની ઇચ્છા ન હોય તોપણ એમને કંપનીનું કામ સોંપાતું ને જોરજુલમથી એમની પાસે નક્કી કર્યા પ્રમાણે કાપડ લેવાતું. આ જુલમ અસહ્ય થતો ત્યારે વણકરો કામ કરવાને બદલે દંડ ભરી દેવાનું વધારે પસંદ કરતા. આરબ ડચ અને પોર્ટુગીઝ વેપારીઓ ઘણી વધારે કિંમત આપતા, પણ એમને અંગ્રેજોનું જ કામ કરવું પડતું. કિંમત ઓછી આપવી, તમામ કાપડ લઈ લેવું ને ઇજારા જેવું જ રાખવું એ ત્યાંના વેપારી રેસિડેન્ટનો સ્પષ્ટ હુકમ હતો. આના લીધે એટલો બધો જુલમ થવા લાગ્યો કે ઘણા વણકરોએ વણાટનો ધંધો જ છોડી દીધો, પણ કંપનીને એ પોસાય નહિ એટલે ધંધો ચાલુ રાખવા વણકરની લશ્કરમાં ભરતી કરવી નહિ એવો નિયમ કર્યો. કોઈ પણ વણકરે અંગ્રેજ અમલદારની રજા વિના શહેર બહાર જવું નહિ એવો પણ હુકમ એક વખત તો કરવામાં આવેલો. નવાબ અને આજુબાજુના દેશી રાજાઓ મારફત વણકરો ઉપર દબાણ કરવામાં આવતું અને કંપની સિવાય બીજા કોઈને માલ ન અપાય એ માટે જાતજાતની તરકીબો થતી. અંગ્રેજોના હાથમાં સત્તા આવી ત્યારે એમણે સ્થાપેલી અદાલત દ્વારા પણ વણકરોને સકંજામાં લેવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું. સુરતમાં અંગ્રેજ કંપનીએ વેપાર કર્યો ત્યાં સુધી

આવો કૂડો કારભાર ચાલુ રહ્યો હતો. ઈ. સ. ૧૮૦૦માં કેટલીક ફરિયાદ થતાં વણકરોનું દુ:ખ કંઈક હળવું થયું હશે એમ લાગે છે.[૨૯]

મુઘલો પછી મરાઠાઓએ અમદાવાદની ટંકશાળમાં સિક્કા પાડવાનું ચાલુ રાખ્યું હતું. જૂના પાદશાહી સિક્કાઓમાં મરાઠાઓએ થોડાંક ચિહ્નોના ફેરફાર કર્યો હતો. એમના રૂપિયાને 'સિક્કાઈ' કે 'શક્કાઈ' કહેતા. એમાંના કેટલાક સિક્કા ઉપર 'શ્રીરામ'ની છાપ પણ આવતી અને કેટલાંક વેપારી કુટુંબોમાં ધનતેરસના દિવસે લક્ષ્મીપૂજન માટે આ પ્રકારના સિક્કાઓનો હમણાં સુધી ઉપયોગ કરવામાં આવે છે.[૨૯અ] સિક્કાઓમાં રૂપિયા સૌરાષ્ટ્ર સુધી ચાલતા, કેમકે એ પ્રદેશ પણ મરાઠાઓના લશ્કરી આધિપત્યમાં હતો. ઈ. સ. ૧૮૧૭ માં મિ. ડનલોપે અમદાવાદનો કબજો લીધો ત્યારે ટંકશાળ બંધ હતી અને સિક્કાની અછતને લીધે વેપાર ઉપર પણ માઠી અસર થયેલી હતી. મિ. ડનલોપે મુંબઈગરા રૂ. ૯૩-૨૯૨ ના રૂ. ૧૦૦ સિક્કાઈના હિસાબે નવા સિક્કા પડાવ્યા. એ સમયે 'હાલી સિક્કા' નામથી ઓળખાતા સિક્કા અમદાવાદ શહેરમાં ચાલતા હતા તથા અમદાવાદની ટંકશાળમાં પડેલાં નવ જાતનાં ચલણ જિલ્લામાં ચાલતાં હતાં. એ દરેકની કિંમતમાં ફેર હતો તેથી વેપારમાં અનિશ્ચિતતા રહેતી અને હૂંડિયામણમાં સટ્ટો ચાલતો.[૩૦]

ઈ. સ. ૧૭૫૪ (સં. ૧૮૧૦) અને એ પછીનાં ખંભાતનાં ખતપત્રો ઉપરથી જણાય છે કે એ સમયે ખંભાતની ટંકશાળ ચાલુ હતી. એ દસ્તાવેજોમાં અમદાવાદ અને ખંભાતની ટંકશાળના રૂપિયા 'પડે તેવા દેવા' એવું લખાણ છે.[૩૧] એ પરથી સ્પષ્ટ છે કે લોકો ચાંદી લઈને ટંકશાળમાં સિક્કા પડાવવા જતા. 'પડશે તેવા દેવાશે' એ ગુજરાતી રૂઢિપ્રયોગનો મૂળ અર્થ પણ લેણાં-દેણાંને લગતો છે. સ્થાવર મિલકતની ખરીદી સામે આપવાના રૂપિયા માટે 'કોરા સારા શ્રી શ્રીકાર મોહોટા' એમ પણ લખાતું. વડોદરાની ગાયકવાડી ટંકશાળમાં રૂપિયા પડતા તે 'બાબાશાહી' અથવા 'શીઆશાહી' તરીકે ઓળખાતા. પિલાજી ગાયકવાડનો ખેડાનો ઝીણો સિક્કો હતો તેને 'ખેડિયો' રૂપિયો કહેતા. ખંભાતના એક શરાફના ઈ.સ. ૧૮૧૮ (સં.૧૮૭૪)ના ચોપડામાં 'બાબાશાહી', 'સિક્કાઈ અને 'ખંભાતી' એ ત્રણ પ્રકારના રૂપિયાનું ચલણ જણાવ્યું છે. સં. ૧૮૨૫, ૧૮૩૨ અને ૧૮૪૩ ના ખંભાતના દસ્તાવેજોમાં 'પહેલા માસા ૧૧ાા ખંભાતની ટંકશાલના દેવા' એમ લખ્યું છે. વળી કેટલાક દસ્તાવેજોમાં 'રૂપું તોલ માસા ૧૧ાા' એમ પણ જણાવેલું છે. આથી ખંભાતની ટંકશાળમાં પડેલા રૂપિયાની આકૃતિ અને એમાં વપરાયેલી ચાંદીના વજનનો ખ્યાલ આવે છે.[૩૨]

વળી ઉપર્યુક્ત ખંભાતી શરાફના ચોપડામાંથી જાણવા મળે છે કે રૂપિયાની ચાર જાતો હતી. સારોધજ ફટાફટી ચીપટ અને મોટી ચીપટ. આ ચારેયના મૂલ્યમાં થોડોક ફરક રહેતો. આ સિક્કા ખંભાતના નવાબના હતા. બાબાશાહી અને સિક્કાઈ રૂપિયા સાથે એનો વટાવ ચાલતો. ૧૦૦ બાબાશાહીના ૧૦૫ ખંભાતી ગણાતા અને ૧૦૦ ખંભાતીના ૭૦ સિક્કાઈ ગણાતા, જો કે વટાવનો દર બદલાતો રહેતો. આ કારણે કેટલા પૈસાનો રૂપિયો ગણવો એનું નિશ્ચિત ધોરણ ન રહેતું. કેટલીક વખતે ૪૪ા પૈસાનો રૂપિયો ગણાતો, કેટલીક વખત ૫૪, ૫૮ અને કોઈ વાર ૧૦૦ પૈસાનો ગણાતો એવું જૂના ચોપડા ઉપરથી જણાય છે.[૩૩] સરકારી કચેરીઓમાં અને નાણાવટાઓને ત્યાં જુદાં જુદાં ચલણના વટાવનાં પત્રક રાખવામાં આવતાં.

સિક્કા પડાવવા માટે વેપારીઓ તાંબું અને રૂપું લાવતા. ચાદીમાં અમુક ભાગ તાંબું ઉમેરવા માટે ચોકસીઓ પાસે લઈ જતા અને તૈયાર લગડીઓ ટંકશાળમાં લાવતા. ત્યાં નિશ્ચિત લાગત લઈને સિક્કા પાડી આપવામાં આવતા. ખંભાતની ટંકશાળમાં રૂપાનાણામાં રૂપિયો, અર્ધો અને પાવલી એમ ત્રણ પ્રકારના અને તાંબાનાણામાં એક પૈસો, અર્ધો પૈસો અને ૦। પૈસો એમ ત્રણ સિક્કા પડતા.[૩૪] તાંબાનો આનો પણ ચાલતો.

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં પેશવા ગાયકવાડ અને ખંભાતના નવાબ ઉપરાંત છોટાઉદેપુરના મહારાવળ, જૂનાગઢના નવાબ, કચ્છના રાવ, નવાનગરના જામસાહેબ, સુરતના નવાબ વગેરેએ પણ પોતાના સિક્કા પાડચા હતા. જો કે નોંધપાત્ર એ છે કે સાર્વભૌમ મુઘલ સત્તાનો અસ્ત થઈ રહ્યો હતો ત્યારે પણ આ બધા રાજવીઓ એ સત્તાના પ્રતિનિધિઓ તરીકે સિક્કા પાડતા હોય એ પ્રકારનાં ચિહ્નો કે લખાણો એમના સિક્કા ઉપર છે.[૩૫] સૌરાષ્ટ્રમાં તાંબાના સિક્કામાં પાંચિયા અને દોકડા પણ હતા. એક રૂપિયાના સો દોકડા આવતા. નવાનગરની જામશાહી અને જૂનાગઢની દીવાનશાહી કોરીતી તેમજ કચ્છની કોરીની કિંમત રૂપિયાના ચોથા ભાગ જેટલી હતી. દીવના પોર્ટુગીઝોના રાળ (રિયાલ) ચલણમાં હતા અને એની પ્રતિષ્ઠા ઊંચી હતી.[૩૬] એ વખતે રાણાશાહી કોરી છાયા-પોરબંદરના રાણાઓની પણ પ્રચારમાં હતી.

વહાણવટું તથા તત્સંબંધી વિષયોનું અવલોકન હવે કરીએ. મુઘલ-કાલનું સૌથી મોટું બંદર સુરત હતું અને જહાજો બાંધવાનો મોટો જહાજ-વાડો સુરતમાં હતો એ વાત આ ગ્રંથમાલાના છઠ્ઠા ગ્રંથ( ' આર્થિક સ્થિતિ '

પ્રકરણ )માં આવી ગઈ છે. ૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં સુરતના જહાજવાડામાં ૧૨૦૦ ટનથી વધારે વજનનાં વહાણ તરતાં મુકાતાં, જ્યારે એ અરસામાં બ્રિટનમાં બનતાં વહાણ ત્રણસો–સાડાત્રણસો ટનનાં હતાં. સુરતના વહાણવાડામાં માલિકો અને આયોજકો મુખ્યત્વે પારસી હતા. સુરતના વહાણવાડામાં એક કારખાનાના માલિક ધનજીભાઈનો કારીગર લવજી નસરવાનજી વાડિયા મુંબઈના ગવર્નરના માસ્ટર એટેન્ડન્ટ ડડલીના આગ્રહથી મુંબઈ ગયો હતો; એણે ઈ. સ. ૧૭૫૪ માં મુંબઈમાં બાર હજાર રૂપિયાના ખર્ચે ગોદી બાંધી હતી.[૩૭] લવજી વાડિયાના વંશજોએ ઈ. સ. ૧૭૬૮ થી ૧૮૦૧ ના ગાળામાં બ્રિટનના શાહી નૌકાકાફલાનાં સોળ યુદ્ધજહાજ તથા એ ઉપરાંત અનેક વેપારી જહાજ બાંધ્યાં હતાં, અને એ ખૂબ જ ટકાઉ પુરવાર થયાં હતાં.[૩૮]

ગુજરાતના લાંબા સમુદ્ર-કિનારે દમણ ઘોઘા મહુવા વેરાવળ માંગરોળ પોરબંદર સલાયા બેડી જોડિયા વવાણિયા તૂણા મુંદ્રા લખપત વસ્તા વગેરે બંદરોમાં વહાણ બંધાતાં હતાં, પણ કચ્છના માંડવીનો જહાજવાડો સૌથી મોટો હતો. કચ્છના રાવ ગોડજીના સમયમાં માંડવીનું વહાણવટું સમૃદ્ધિની ટોચે હતું. ઈ.સ. ૧૭૮૦ માં માંડવીમાં બંધાયેલું એક જહાજ બ્રિટનની સફર ખેડી મલબાર પહોંચ્યું હતું. મલબાર અને મુંબઈ, ઈરાની અખાત, રાતો સમુદ્ર અને અરબી સમુદ્ર, મોઝાંબિક, જંગબાર અને જેડામાં માંડવીનું વહાણવટું મોખરે રહ્યું હતું. વહાણો બાંધવાનો કસબ માંડવીમાં આજે પણ જીવંત છે.[૩૯] માંડવી બંદરની આયાતમાં કાપડ મરી કાચું રેશમ ખાંડ ગોળ પાન ત્રાંબું નારિયેળ કાથી એલચી સોપારી દવાઓ અનાજ લોખંડ લાકડું કલાઈ મસાલા સોનું ચાંદી વગેરે ચીજો હતી અને નિકાસમાં મુખ્યત્વે રૂ ઘી અનાજ તેલ કાપડ તેલી–બિયાં દ્રાક્ષ ગળી કાંબળા અને શાર્ક માછલીનાં ચામડાં વગેરે વસ્તુઓ હતી.[૪૦] ફિરંગીઓના અમલ નીચે દીવના બંદરનો કોઈ ખાસ વિકાસ થઈ શક્યો નહોતો અને ત્યાંનો વેપાર સુરત અને પછી મુંબઈ ખસડાઈ ગયો હતો.

ઈ. સ. ૧૭૫૯ થી સુરત ખાતે અંગ્રેજોનું વર્ચસ હતું એ આપણે જોઈ ગયા. આથી બીજી યુરોપીય કંપનીઓના વેપાર ઉપર, સ્વાભાવિક રીતે જ, માઠી અસર થઈ હતી. ઈ. સ. ૧૭૬૨ માં નવાબ ઉપર દબાણ લાવી અંગ્રેજોએ ડચ કોઠી શહેરની બહાર હેરવવાની ફરજ પાડી હતી. વળી નવાબે ડચ કંપનીનો ૯૦,૦૦૦ રૂપિયા દંડ કર્યો હતો અને એમની તોપો પાછી મોકલી દેવાની ફરજ પાડી હતી. પ્રવર્તમાન પરિસ્થિતિમાં ડચ કંપનીનો

વેપાર પણ લગભગ બંધ પડી ગયો હતો અને ઈ. સ. ૧૭૮૮ માં ડચો એમની કોઠી બંધ કરીને જાવામાં બટેવિયા ખાતે ચાલ્યા ગયા હતા.[૪૧]

દક્ષિણ ભારતમાં ફ્રેન્ચોની હાર થતાં અંગ્રેજોની ચડતી કળા થઈ અને એની અસર ગુજરાતમાં પણ થઈ. ઈ. સ. ૧૭૬૯ માં ફ્રેન્ચ કંપનીનો વેપારનો ઈજારો રદ કરવામાં આવ્યો અને ૧૭૭૪ માં એને ફ્રેન્ચ વાવટો ફરકાવવાની પણ મના કરવામાં આવી. ૧૭૭૮ સુધી ફ્રેન્ચોનો સાધારણ વેપાર ચાલતો હતો, પણ અંગ્રેજો સામેનું કોઈ કાવતરું પકડાતાં, સુરતમાં અંગ્રેજોના પ્રભુત્વને કારણે, તેઓ મુશ્કેલીમાં મુકાયા અને ૧૮ મી સદીના અંતમાં સુરત ખાતે ફ્રેન્ચ કોઠી બંધ કરવામાં આવી. ઈ. સ. ૧૭૬૪ પછી પોર્ટુગીઝોનું જોર નરમ પડયું હતું, પણ ઈ. સ. ૧૮૦૧ પછી પરદેશી કંપનીઓ પૈકી એક માત્ર પોર્ટુગીઝ કોઠી સુરતમાં ચાલુ રહી હતી, પણ એમનો વેપાર ઓછો થઈ ગયો હતો.[૪૨]

સને ૧૮૦૫ માં ટ્રાફાલગરના નૌકાયુદ્ધમાં અંગ્રેજોનો વિજય થતાં સમુદ્ર ઉપર એમનું એકાધિપત્ય સ્થપાયું અને એની અનુકૂળ અસર અંગ્રેજોના દરિયાઈ વેપાર ઉપર થઈ. પશ્ચિમ ભારતમાં અંગ્રેજોની રાજધાની મુંબઈ ખાતે હતી. ૧૮ મા સૈકાના ઉત્તરાર્ધમાં સૌરાષ્ટ્ર અને કચ્છ સમેત ગુજરાત પ્રદેશની રાજકીય પરિસ્થિતિ આતંકમય હોઈ સામાજિક સ્થિતિ પણ વેપાર–ઉદ્યોગને પ્રતિકૂળ હતી તેથી સુરતનો વેપાર પણ ક્રમશઃ મુંબઈ તરફ વળ્યો અને સમસ્ત ગુજરાત પ્રદેશની ઉદ્યમશીલ અને વાણિજ્યપ્રધાન વસ્તીનું સ્થળાંતર મુંબઈ તરફ થવા લાગ્યું. ઈ.સ. ૧૮૦૭–૮ માં વડોદરાના રેસિડેન્ટ કર્નલ વૉકરે સૌરાષ્ટ્રનાં રાજ્યોની ખંડણીની રકમ ઠરાવી ત્યાર પહેલાંની ત્યાંની રાજકીય-સામાજિક સ્થિતિ અત્યંત વિષમ હોઈ ભૂમિ ઉપર મુલકગીરી અને લૂંટફાટ તથા સમુદ્રમાં ચાંચિયાગીરી[૪૩] વ્યાપક હતી અને સામાન્ય પ્રજાની સ્થિતિ અત્યંત દયનીય હતી. એ સંજોગોમાં આર્થિક કે વેપારી ઉન્નતિને અવકાશ નહોતો.[૪૪] ભાવનગર મોરબી જૂનાગઢ વગેરે રાજ્યોએ બંદરો વિકસાવવાનો તથા દરિયાઈ વેપારને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કર્યો હતો, પણ પ્રવર્તમાન સંજોગોમાં એને મર્યાદિત સફળતા જ મળી હતી.

આપણા અભ્યાસપાત્ર કાલખંડના અંતે અમદાવાદ બ્રિટિશ સત્તાને સોંપાયું, ઈ.સ. ૧૮૨૦ માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ રાજકોટમાં કોઠી સ્થાપી સૌરાષ્ટ્રનાં રાજ્યો ઉપર વૈધિક સાર્વભૌમત્વ પ્રસ્થાપિત કર્યું અને કર્નલ બાર્નવેલ નામે અધિકારીની પ્રથમ પોલિટિકલ એજન્ટ તરીકે નિમણૂક કરી. સમસ્ત ગુજરાત

પ્રદેશમાં શાંતિ સ્થપાઈ, કાયદાનું રાજ્ય પ્રવર્ત્યું અને જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પાશ્ચાત્ય સંપર્કને કારણે અર્વાચીન કાલનો અરુણોદય થયો.

## પુરવણી

### મુસ્લિમ સમાજ

મુગલ સામ્રાજ્યના અંત ભાગે ઈરાન અને અન્ય મુસ્લિમ દેશોમાંથી આવતી વિદેશી મુસલમાનોની વણઝાર ધીમી પડી ગઈ હતી. જે કોઈ વિદેશી મુસલમાનો આ દેશમાં વસી ગયા હતા તેઓની નૈતિકતા ઘણી ઘટી ગઈ હતી. તેઓ પાસે પોતાની ખાનદાનીના અભિમાન સિવાય બીજી કોઈ ચારિત્ર્યગત મૂડી નહોતી. જો અમલદારો અને સરદારો લોભી અને બિનકાર્યક્ષમ હતા તો બાદશાહો અને નવાબો અનૈતિકતાની ઊંડી ગર્તામાં ગબડી પડચા હતા.[૪૫]

ઉપર્યુક્ત પરિસ્થિતિના આધારે ગુજરાતના તત્કાલીન મુસ્લિમ સમાજને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય:

ગુજરાતમાં મુઘલ સૂબાઓનું આગમન તો બંધ થયું હતું પરંતુ કેટલાક નાના મોટા નવાબો–રાધનપુર, ખંભાત, પાલનપુર વગેરે પ્રદેશોના તથા અનેક મુસ્લિમ ઠાકોરો પોતપોતાની જાગીરમાં મુઘલશાહી એશઆરામની પરંપરા જાળવી રહ્યા હતા. તેઓ મુસ્લિમોના ઉચ્ચ વર્ગના પ્રતિનિધિ હતા. તેમના દરબારમાં અન્ય મુસલમાનો–મૌલવી, સૈયદ, કાજી વગેરે–જુદા જુદા હોદ્દાઓ ધારણ કરતા. તેમનાં લશ્કરોમાં મોટે ભાગે મુઘલ ફોજના વિઘટન બાદ વેરવિખેર થયેલ આરબો તુર્કો અને અફઘાન સરદારો તથા સૈનિકો રહેતા. તેઓ મુસ્લિમોના મધ્યમ વર્ગનું પ્રતિનિધિત્વ કરતા.

બાકી રહ્યો મુસ્લિમ ખેડૂત, મજૂર અને કારીગરોનો બનેલો નીચલો વર્ગ. ગુજરાતના મુસલમાનોમાં આ સમયે આવા નીચલા વર્ગની સંખ્યા અતિ વિશાળ હતી. એમાં કારીગર વર્ગની દશા કરુણ હતી. નાનાં રજવાડાં અને મોટાં રાજ્યોના રાજ્યકર્તાઓ માટે તૈયાર કરવામાં આવતાં મોજશોખનાં સાધનોનું ઉત્પાદન તેઓ કરતા, પરંતુ તેનો ઉપભોગ કરવાનું સ્વપ્ન પણ તેઓ સેવી શકતા નહિ.

નવાબો, જાગીરદારો, ઠાકોરો અને તેમના હજુરિયાઓ દબાદબાપૂર્વક રહેવાનું, મિષ્ટ ભોજન જમવાનું અને ઉત્તમોત્તમ વસ્ત્રો પહેરવાનું પસંદ

કરતા. મોજશોખની વસ્તુઓના ઉત્પાદન માટે સારી એવી માંગ તેઓએ ઉત્પન્ન કરી હતી. અલબત્ત, ગામડાનો ગરીબ મુસલમાન ખેડૂત કે કારીગર જાડાં ખરબચડાં વસ્ત્ર પહેરતો પરંતુ નવાબ અને જમીનદાર તો અમદાવાદના કિનખાબ બનારસનું રેશમ અને બંગાળના મસલીન સિવાય બીજા કશાને સ્પર્શ ન કરતા.

અન્ય મહત્ત્વની બાબતો જેવી કે ખોરાક, પોશાક, ધાર્મિક તહેવારોની ઊજવણી, રમતગમતો, પરદા પ્રથા, તથા સ્ત્રીકેળવણી વગેરેમાં કોઈ નોંધપાત્ર પરિવર્તન થયું હોય તેમ દેખાતું નથી. ગુજરાતનો મુસલમાન ભાષા, ખોરાક, પોશાક અને વાણી-વર્તનમાં હવે વધુ ને વધુ ગુજરાતી બનતો ગયો. શાસક કોમ તરીકેની ખુમારી તેઓમાંથી હજુ પૂરેપૂરી દૂર થઈ ન હતી. પરંતુ હવે તે શાસકો ન હતા. રાજ્યસત્તા ખોઈ બેસતાં સમાજ ઉપર પ્રથમની માફક અસર તેઓ ઉપજાવી શકતા ન હતા,

રાજ્યાશ્રયને કારણે ધર્માંતરની જે થોડીઘણી પ્રવૃત્તિઓ ચાલતી હતી અને જેને પ્રોત્સાહન પણ મળતું હતું, તે હવે બંધ થયું. એથી ઊલટું મહાન શિવાજી હિંદુપત પાદશાહીનું સ્વપ્ન લઈને આવ્યા અને એમણે એ અમુક અંશે મૂર્ત પણ કર્યું. આથી ધર્માંતર અને ધર્મઝનૂની પ્રવૃત્તિઓ ઉપર ઘણો ભારે અંકુશ આવ્યો. ગુજરાતમાંથી સૂબાગીરી નષ્ટ થતાં પ્રથમ પેશવા અને પછી ગાયકવાડના અમલ નીચે ગુજરાતનો મોટો ભાગ આવ્યો. તેથી ગુજરાત ઉપરનો મુસ્લિમ ઉલેમાઓ અને મૌલવીઓનો પ્રભાવ નષ્ટ થયો. શાસકોની ખુમારી દૂર થતાં, તેઓ હિંદુઓની વધુ ને વધુ નજીક આવ્યા, તેઓ ગુજરાતના હિંદુઓ સાથે મેળ મેળવવા તત્પર બન્યા. કેટલાક ધર્માંતર પામેલ મુસલમાનો હિંદુઓના રીતરિવાજો પાળતા. સૌથી મહત્ત્વની બાબત એ હતી કે હવે મુસલમાનોના પેટા વિભાગો ધાર્મિક પાયા ઉપર નહીં, પરંતુ ધંધાને અનુરૂપ બનતા જતા હતા. તેઓમાં નાના નાના વાડા અને પ્રાદેશિક વિશેષતાઓ દેખાવા લાગી હતી.

સૌરાષ્ટ્રમાં આ રીતે જૂનાગઢ બાંટવા માંગરોળ રાણપુર જેવાં મુસ્લિમ રાજ્ય હતાં. આ રાજ્ય મુસ્લિમ રાજ્ય અમલ નીચે હોઈ ત્યાંના મુસ્લિમો હજુ પણ થોડી ઘણી શાસકોની ખુમારી રાખતા હતા. અને ત્યાં એમના શેખ, મુલ્લાંઓ અને સૈયદોનું સારું એવું વર્ચસ રહેતું.

અઢારમી સદીની અંધાધૂંધીએ ગુજરાતના સામાન્ય જીવનને કંઈક અંશે વેરવિખેર કરી નાંખ્યું. સારાયે ભારતમાં એ જ સ્થિતિ હતી તેમ છતાં ગુજરાતના મુસ્લિમોની સામાજિક પરિસ્થિતિમાં થોડા ઘણા ફેરફારો સિવાય ખાસ

નોંધપાત્ર પરિવર્તન જોવા મળતાં નથી. એમની સામાજિક પરિસ્થિતિમાં પરંપરાગત લક્ષણ લગભગ જળવાઈ રહ્યાં હતાં. કેટલાક વિદેશી લેખકોએ આપેલા અહેવાલોના આધારે ગુજરાતના અને આખા દેશના સામાજિક જીવનને તિરસ્કારથી જોવાનું યોગ્ય ન ગણાય. પરંતુ એ બાબતમાં માલ્કમનું કથન સ્વીકારવા યોગ્ય છે. એ લખે છે કે, 'આવા સંજોગોમાં, આવા જુલમી રાજ્ય અમલ દરમ્યાન, આવા સુંદર સદ્‌ગુણો માટે ઝઝૂમતી એક મહાન પ્રજા જેવો બીજો કોઈ દાખલો મેં ક્યાંય જોયો નથી.'[૪૬] એનું આ કથન હિંદુ અને મુસ્લિમ સમાજના મધ્યમ અને નિમ્ન વર્ગના લોકોને લાગુ પડે છે.

## પાદટીપ

૧. રત્નમણિરાવ ભીમરાવ જોટ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૧૫૯
૨. મગનલાલ વખતચંદ શેઠ, 'અમદાવાદનો ઇતિહાસ,' પુનર્મુદ્રણ, પૃ. ૫૩
૩. એજન, પૃ. ૫૪
૪. એજન, પૃ. ૫૫
૫. એજન, પૃ. ૫૧-૫૬
૬. એજન, પૃ. ૪૮-૫૦
૭. ર. ભી. જોટ, ઉપર્યુક્ત, પૃ. ૧૫૧-૫૨
૮. એજન, પૃ. ૧૫૬-૫૭
૯. James Forbes, *Oriental Memoires*, Vol. II. pp. 190–199
૧૦. *Ibid.*, p. 192
૧૧. ર. ભી. જોટ, ઉપર્યુક્ત, પૃ. ૧૬૭
૧૨. એદલજી જમશેદજી ખોરી, 'દુકાળ વિષે નિબંધ', પૃ. ૧૭
૧૩. આ દુષ્કાળ અનાવૃષ્ટિને પરિણામે હતો એમ જમશેદજી ખોરી (ઉપર્યુક્ત, પૃ. ૧૭) લખે છે, જ્યારે મગનલાલ વખતચંદ લખે છે કે ('અમદાવાદનો ઇતિહાસ' પૃ. ૪૬) આ લીલો દુકાળ હતો. તેઓ એમ પણ નોંધે છે કે પુષ્કળ વરસાદને લીધે ઘાસ ઘણું થયું હતું, તેથી ઘી ઘણું નીપજતું અને તે રૂપિયાના દશ શેરના ભાવથી વેચાતું! આથી કેટલાક ગરીબ લોકો છાણમાં ઘી ભેળવીને નિર્વાહ કરતા ને 'દહાડો પાંશરો કે અગનોતરા જેવો રોગ ચાલ્યો નહોતો.'
૧૪. મગનલાલ વખતચંદ શેઠ, ઉપર્યુક્ત, પૃ. ૪૭-૪૮; એદલજી ખોરી, ઉપર્યુક્ત, પૃ. ૧૭-૧૮. ગુજરાતના જુદા જુદા ભાગમાં પડેલા દુકાળની વિગત માટે જુઓ ખોરી, ઉપર્યુક્ત, પૃ. ૨૩-૪૯. ૧૮ મા સૈકાના અંતમાં અને ૧૯ મા સૈકાના પ્રારંભમાં ગુજરાતના જુદા જુદા તાલુકાઓમાં ચાલતા અનાજ અને ખાદ્ય વસ્તુઓના ભાવના કોઠા પણ એમણે આપ્યા છે. કચ્છમાં પડેલા દુકાળ માટે જુઓ એજન, પૃ. ૬૨-૭૪.
૧૫. જયમલ્લ પરમાર, 'અન્નપૂર્ણા', "ઊર્મિ—નવરચના", પુ. ૪૮, પૃ. ૨૨૦-૨૨૩
૧૬. રત્નમણિરાવ ભીમરાવ જોટ, 'ખંભાતનો ઇતિહાસ', પૃ. ૮૧
૧૭. James Forbes, *op.cit.*, Vol. I, pp. 318f.
૧૮. *Ibid.*, pp. 177–82
૧૯. મરાઠી રાજ્યકાલનાં છેવટનાં વર્ષોમાં અમદાવાદના કોટની બહાર પરાં વિસ્તારમાં વાઘ વસે અને શિકાર થાય એવાં જંગલ હતાં અને શહેરમાં પણ એક વાર વાઘ

આવ્યો હતો. છેક ૧૯ મી સદીના ત્રીજા દસકામાં શહેરની અંદર મીરઝાપુરની એક મસ્જિદમાં એક યુરોપિયને વાઘ માર્યો હતો. ર. ભી. જોટ, 'ગુજરાતનું પાટનગર, અમદાવાદ,' પૃ. ૧૬૭

૨૦. ર. ભી. જોટ, 'ખંભાતનો ઈતિહાસ,' પૃ. ૧૨

૨૧. એજન, પૃ. ૧૨૯–૩૦. કાપડની જાતોનાં જે નામ પત્રવ્યવહારમાં અંગ્રેજીમાં આપ્યાં છે તેને, એકાદબે અપવાદ સિવાય, હાલ ઓળખવાં મુશ્કેલ છે.

૨૨. એજન, પૃ. ૧૧૭

૨૩. દુર્ગાશંકર શાસ્ત્રી, 'ઐતિહાસિક સંશોધન,' પૃ. ૫૬૫

૨૪. ઈશ્વરલાલ દેસાઈ, 'સુરત સોનાની મૂરત,' પૃ. ૧૦૬

૨૫–૨૭. એજન, પૃ. ૧૧૧

૨૮. એજન, પૃ. ૧૧૫

૨૯. એજન, પૃ. ૧૧૬–૧૭

૨૯અ. આ લખનારના કુટુંબમાં આવા સિક્કાનું પૂજન થતું હોવાનું બાલ્યાવસ્થાનું સ્મરણ છે.

૩૦. ર. ભી. જોટ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ,' પૃ. ૨૦૫–૬

૩૧. નર્મદાશંકર ભટ્ટ, 'ખંભાતનું સાંસ્કૃતિક દર્શન,' પૃ. ૪૨૯

૩૨. એજન, પૃ. ૪૩૬

૩૩–૩૪. એજન, પૃ. ૪૩૭

૩૫. રણછોડલાલ જ્ઞાની, 'ગુજરાતના ઇતિહાસને લગતા સિક્કાઓ' એ વ્યાખ્યાનઃ "બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા," પૃ. ૭૩–૭૭

૩૬. શંભુપ્રસાદ દેસાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', પૃ. ૭૦૭

૩૭. ઈશ્વરલાલ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૯૯–૧૦૦

૩૮ શિવપ્રસાદ રાજગોર, 'ગુજરાતના વહાવટાનો ઇતિહાસ', પૃ. ૨૦૮

૩૯. રામસિંહજી રાઠોડ, 'કચ્છનું સંસ્કૃતિદર્શન,' પૃ. ૧૬૪–૬૫

૪૦. શિવપ્રસાદ રાજગોર, ઉપર્યુક્ત, પૃ. ૧૩૮-૩૯

૪૧. એજન, પૃ. ૧૩૯

૪૨. એજન, પૃ. ૧૪૦

૪૩. એ સમયે સૌરાષ્ટ્ર અને કચ્છના સમુદ્રમાં ચાંચિયાગીરી અને એ દાબી દેવાના પ્રયત્નો માટે, જુઓ રાજગોર, ઉપર્યુક્ત, પૃ. ૧૨૭, ૧૪૨–૪૩.

૪૪. આ કાલખંડમાં સૌરાષ્ટ્રની વાસ્તવિક અને વિષાદજનક સ્થિતિના સંક્ષિપ્ત વિશદ અને સર્વાંગી આલેખ માટે જુઓ શંભુપ્રસાદ દેસાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', પૃ. ૬૨૬–૨૭ તથા પૃ. ૬૯૭–૯૯. સૌરાષ્ટ્રની પરિસ્થિતિ વિશેના તા. ૧૨ મી જાન્યુઆરી ૧૮૦૬ ના અહેવાલમાં કર્નલ વૉકર લખે છે કે 'આ દેશમાં બાવાઓ અને વૈરાગીઓ પ્રવાસ કરી શકે છે. એના વેપારીઓ માત્ર મુખેથી જ વેપાર કરે છે.'

૪૫. B. P. Saksena, 'Successors of Aurangzib,' *The Maratha Supremacy*, p. 8

૪૬. K. K. Datta, 'Social Condition.'; '*The Maratha Supremacy*, p. 755

## પ્રકરણ ૯

# સાહિત્ય

## સંસ્કૃત સાહિત્ય

આ કાલ દરમ્યાન સ્વાભાવિક રીતે સંસ્કૃત ભાષામાં ઘણું ઓછું સાહિત્ય લખાયું છે.

આ કાલના સંસ્કૃત સાહિત્યની જે વિવિધ કૃતિઓની માહિતી ઉપલબ્ધ થાય છે તેનું પૃથક્કરણ કરતાં માલૂમ પડે છે કે આ કાલના સંસ્કૃત સાહિત્યમાં પણ મોટી સંખ્યા જૈન લેખકોની, ખાસ કરીને સાધુઓની, છે. જૈનેતર લેખકોમાં હવે સ્વામિનારાયણ સંપ્રદાયના લેખકોનો પણ સમાવેશ થાય છે.

જૈન લેખકોના સાહિત્યમાં મુખ્યત્વે પ્રકરણગ્રંથો મળે છે. ઉપરાંત ન્યાય વ્યાકરણ પટ્ટાવલી ચરિત્ર અને રાજવંશાવલી જેવા અન્ય વિવિધ વિષયોનો પણ એમાં સમાવેશ થાય છે. આમાંના કોઈ લેખકો ગુજરાતીમાં બાલાવબોધ લખતા ને તેની પ્રશસ્તિ સંસ્કૃતમાં રચતા. બ્રાહ્મણ લેખકો અલંકાર વગેરે શાસ્ત્રો વિશે પુસ્તકો લખતા. સ્વામિનારાયણ સંપ્રદાયના સાહિત્યમાં ચરિત્ર તથા ઉપદેશગ્રંથોનો સમાવેશ થાય છે.

આ સમય દરમ્યાન થઈ ગયેલ સંસ્કૃત સાહિત્યકારો અને એમની કૃતિઓનું અવલોકન કરીએ.

**દેવશંકર પુરોહિત** (રચનાકાલ : ઈ.સ. ૧૭૬૧-૬૮ સુધીમાં)

'અલંકારમંજૂષા'ના પ્રાસ્તાવિક શ્લોકો તથા પુષ્પિકા પરથી માલૂમ પડે છે કે એ કૃતિ પુરોહિત નાહાનાભાયિ (નાનાભાઈ)ના પુત્ર ભટ દેવશંકરે રચી છે, જે રાનેર(રાંદેર)ના વતની અને ઉરઃપત્તન(ઓલપાડ)ના નિવાસી હતા. સ્પષ્ટતઃ તેઓ દક્ષિણ ગુજરાતના બ્રાહ્મણ હતા.

'અલંકારમંજૂષા'ના આરંભિક શ્લોકમાં કવિ 'પેષવા' શબ્દની વિચિત્ર વ્યુત્પત્તિ આપીને બાજીરાવ પેશવાના વંશજ માધવ (માધવરાવ ૧ લા) અને એના કાકા રાઘવ(રઘુનાથરાવ)ની પ્રશસ્તિ કરે છે ને પછી પ્રાચીન અલંકારગ્રંથોમાંથી ઉપમાદિ વિવિધ અલંકારોનાં લક્ષણ ઉદાહરણ સાથે નિરૂપે છે. આ ઉદાહરણો કવિનાં સ્વરચિત છે અને એમાં એણે એ બે પેશવાઓની પ્રશસ્તિ કરી છે. આ બાબતમાં દેવશંકર 'કવિરહસ્ય'ના કર્તા હલાયુધને અનુસરે છે.

માધવરાવ ઈ. સ. ૧૭૬૧માં પેશવા થયો અને એનો કાકો ઈ. સ. ૧૭૬૮ સુધી એમની સાથે વહીવટમાં સંકળાયેલો હતો, આથી કવિની આ કૃતિ ઈ. સ. ૧૭૬૧–૬૮ સુધીમાં રચાઈ હોવી જોઈએ. માધવરાવના સંદર્ભમાં કવિએ એના સુપ્રસિદ્ધ ન્યાયાધીશ રામશાસ્ત્રીની પણ પ્રશસ્તિ કરી છે ને એમાં એને ગૌતમ તથા કણાદની કક્ષામાં મૂકયા છે.[1]

**જિનલાભસૂરિ** સં. ૧૭૮૪ (ઈ.સ. ૧૭૨૭-૨૮) થી સં. ૧૮૩૪ (ઈ સ. ૧૭૭૭-૭૮)

જિનલાભસૂરિ ખરતરગચ્છના પ્રખ્યાત આચાર્ય હતા. એમના ગુરુનું નામ જિનભક્તિસૂરિ હતું. એમને સં. ૧૮૦૪( ઈ. સ. ૧૭૪૭-૪૮ )માં સૂરિપદ પ્રાપ્ત થયું હતું. સૂરિપદનો મહોત્સવ કચ્છના માંડવી બંદરે થયેલો. એ સ્થળે એમણે 'આત્મપ્રબોધ' નામના ગ્રંથની રચના કરેલી.[2] ગ્રંથની સમાપ્તિ એમણે સં. ૧૮૩૩( ઈ.સ. ૧૭૭૬–૭૭ )માં મનરા( મુંદ્રા )માં કરી હતી. આ ગ્રંથમાં આત્મારૂપી પદાર્થને ઓળખવા જે સાધનો જોઈએ તે સાધનો યુક્તિ અને પ્રમાણ સાથે પ્રતિપાદિત કરેલાં છે. મનુષ્યોમાં કર્મજનિત જે દોષો રહેલા છે તેઓને દૂર કરી આત્મામાં રહેલ ઉચ્ચ લક્ષણો ખીલવવા સર્વોત્તમ સાધન સમ્યક્ત્વ વિશે આ ગ્રંથમાં સવિસ્તર વિવેચન કરેલું છે. ગ્રંથનાં પ્રકરણોને 'પ્રકાશ' નામ આપવામાં આવ્યું છે. ગ્રંથ ચાર પ્રકાશોમાં વિભક્ત છે : ૧. સમ્યક્ત્વનિર્ણય, ૨. દેશવિરતિ, ૩. સર્વવિરતિ અને ૪. પરમાત્મસ્વરૂપ.

કૃતિને અંતે ગ્રંથપ્રશસ્તિમાં ગુરુપરંપરા આપવામાં આવી છે.

**પદ્મવિજયગણિ** સં. ૧૭૯૨( ઈ.સ. ૧૭૩૫-૩૬ )થી સં. ૧૮૬૨ ( ઈ.સ. ૧૮૦૫-૦૬ )

તપાગચ્છના આ પદ્મવિજયગણિના ગુરુ ઉત્તમવિજય હતા. સં. ૧૮૦૫ માં એમણે રાજનગર( અમદાવાદ )માં દીક્ષા લીધેલી અને સં. ૧૮૧૦ માં રાધનપુરમાં પંડિતપદ પ્રાપ્ત થયેલું. સં.૧૮૫૮–૫૯ દરમ્યાન એમનો નિવાસ લીંબડીમાં હતો.

સં. ૧૮૩૦( ઈ. સ. ૧૭૭૩–૭૪ )માં એમણે યશોવિજયજીના શ્રીસીમંધર જિનવિજ્ઞપ્તિરૂપ સ્તવન પર બાલાવબોધ રચેલ છે, જેની પ્રશસ્તિ સંસ્કૃતમાં રચી છે. વળી સં. ૧૮૪૯( ઈ. સ. ૧૭૯૨–૯૩ )માં યશોવિજયજીના વીરસ્તુતિરૂપ હૂંડીના સ્તવન પર એમણે બાલાવબોધ ગુજરાતીમાં રચેલ છે, જેની પ્રશસ્તિ પણ સંસ્કૃત ભાષામાં છે.[3]

પદ્મવિજયગણિએ 'જયાનંદચરિત' સંસ્કૃત ગદ્યમાં સં. ૧૮૫૮( ઈ. સ. ૧૮૦૧–૦૨ )માં રચ્યું. એના મંગલાચરણમાં વર્ધમાન મહાવીરની સ્તુતિ કરવામાં

આવી છે. આ ગદ્ય ગ્રંથ ૧૪ સર્ગોમાં વિભક્ત છે. દરેક સર્ગમાં આરંભિક શ્લોકમાં તીર્થંકરનું સ્તવન કરેલું છે. કૃતિમાં વિજયપુરના યુવરાજ વિજયના પુત્ર જયાનંદના પૂર્વભવનું, આ ભવમાં એણે કરેલ પરાક્રમોનું, એમણે લીધેલ દીક્ષા, પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાન અને મોક્ષગમન વગેરે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**વિજયલક્ષ્મીસૂરિ** સં. ૧૭૯૭(ઈ.સ. ૧૭૪૦-૪૧) થી સં. ૧૮૫૯ (ઈ. સ. ૧૮૦૨-૦૩)

વિજયલક્ષ્મીસૂરિ તપાગચ્છના આચાર્ય હતા. એમના ગુરુ વિજયસૌભાગ્યસૂરિ હતા. પોતાના ગુરુભાઈ પ્રેમવિજયજીના આગ્રહથી એમણે 'ઉપદેશપ્રાસાદ' નામના પ્રકરણગ્રંથની રચના વિ. સં. ૧૮૪૩( ઈ. સ. ૧૮૮૬-૮૭ )માં કરી.

ગ્રંથનું વિભાજન ૨૪ પ્રકરણોમાં કરવામાં આવ્યું છે, જેને ૨૪ સ્તંભ કહ્યા છે. એમાં કુલ ૩૬૧ વ્યાખ્યાન છે. દરેક સ્તંભમાં ૧૫ જેટલાં વ્યાખ્યાન આપેલાં છે. પ્રથમના ચાર સ્તંભોમાં સમ્યક્ત્વ વિશે, પછીના સાત સ્તંભોમાં દેશવિરતિ વિશે અને ત્યારપછી ૧૩ સ્તંભોમાં તીર્થંકરનાં પાંચ કલ્યાણક, દીપોત્સવી જેવાં પર્વો, દાન-શીલ ધર્મ, જ્ઞાનાચારનું સ્વરૂપ વગેરે અનેક ધાર્મિક વિષયો વિશે વ્યાખ્યાનો રજૂ કરવામાં આવ્યાં છે.

**ક્ષમાકલ્યાણગણિ** રચનાકાલ વિ.સં. ૧૮૨૮
(ઈ.સ. ૧૭૭૧-૭૨) થી વિ.સં. ૧૮૭૩( ઈ. સ. ૧૮૧૬-૧૭)

ક્ષમાકલ્યાણગણિના ગુરુ ખરતરગચ્છના જિનભક્તિસૂરિના શિષ્ય પ્રીતિસાગરના શિષ્ય અમૃતધર્મ હતા. એમણે સં. ૧૮૨૮ થી સં. ૧૮૭૩ ના ગાળા દરમ્યાન અનેક કૃતિઓની રચના કરી છે, જેમાંની મોટા ભાગની કૃતિઓ ગુજરાત બહાર લખાઈ હોવાનું માલૂમ પડે છે, જ્યારે એમની ત્રણેક કૃતિ સ્પષ્ટતઃ ગુજરાતમાં રચાઈ છે. 'તર્કસંગ્રહ-ફક્કિકા'ની રચના ક્ષમાકલ્યાણગણિએ સં. ૧૮૨૮( ઈ. સ. ૧૭૭૧-૭૨ )માં સુરતમાં કરેલી.[૪] આ કૃતિ અન્નંભટ્ટનાં 'તર્કસંગ્રહ' અને 'તર્કસંગ્રહદીપિકા' બંને પર લખાયેલ ટીકારૂપ છે.[૫] એમની બીજી કૃતિ 'ભૂધાતુવ્યાખ્યા' છે, જે એમણે સં. ૧૮૨૯( ઈ. સ. ૧૭૭૨-૭૩ )માં રાજનગર( અમદાવાદ )માં રચેલી.[૬] 'ખરતરગચ્છપટ્ટાવલી'ની રચના એમણે સં. ૧૮૩૦( ઈ. સ. ૧૭૭૩-૭૪ )માં જીર્ણગઢ( જૂનાગઢ )માં કરેલી. કૃતિમાં ખરતરગચ્છના સૂરિઓની વંશાવલીનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. ગ્રંથની પ્રશસ્તિમાં કવિએ પોતે જિનભક્તિસૂરિના શિષ્ય પ્રીતિસાગરના શિષ્ય અમૃતધર્મના શિષ્ય હોવાનું જણાવ્યું છે.

ક્ષમાકલ્યાણગણિએ રૂપચંદ્રગણિના ૧૧ સર્ગોના 'ગૌતમીયકાવ્ય' ગ્રંથ પર 'ગૌતમીપ્રકાશ' નામની વ્યાખ્યા રચવાનો આરંભ વિ. સં. ૧૮૨૭( ઈ.સ. ૧૭૭૦-૭૧ )માં રાજનગરમાં કરેલો અને વિ. સં. ૧૮૫૨( ઈ. સ. ૧૭૯૫-૯૬ ) માં જેસલમેરમાં સમાપ્ત કરેલી. આ વ્યાખ્યાગ્રંથમાં 'ગૌતમીયકાવ્ય'ના રચયિતાના અર્થગંભીર શબ્દોને તેમજ ગૂઢ ભાવોને ખૂબ જ સરળ અને મનોરમ પદ્ધતિથી સ્પષ્ટ કરેલ છે. મૂળ શ્લોકોના શબ્દોને સમજાવવા વ્યાકરણનાં સૂત્ર મૂક્યાં છે. અભિધાનચિંતામણિ વિશેષાવશ્યકભાષ્ય વગેરે કોશોનો ઉલ્લેખ પણ પ્રસંગોપાત્ત કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં વ્યાખ્યાકારની વિદ્વત્તા, પ્રૌઢ અનુભવશીલતા તથા અનુપમ વિવેચનાશક્તિનાં દર્શન થાય છે. ટીકાકારની પ્રશસ્તિમાં કવિએ ગુરુપરંપરા આપેલી છે.

**જ્યોતિર્વિજયગણિ** રચનાવર્ષ વિ. સં. ૧૮૪૫ (ઈ.સ. ૧૭૮૮-૮૯)

તેઓ તપાગચ્છના પદ્મવિજયગણિના શિષ્ય હતા. એમણે વિ. સં. ૧૮૪૫ માં 'તત્ત્વામૃત' નામના ગ્રંથની રચના અણહિલપુરપાટણમાં કરી. કૃતિના આરંભમાં ઇષ્ટદેવને નમસ્કાર તેમ ગ્રંથરચનાનું પ્રયોજન સમજાવવામાં આવ્યું છે. આ ગ્રંથમાં આત્માને આ લોક અને પરલોકમાં સુખપ્રાપ્તિના ઉપાય, મોહનીય કર્મનું પ્રાબલ્ય, મિથ્યાત્વનો ત્યાગ, આયુષની અનિત્યતા, જિનેંદ્રે ઉપદેશેલા ધર્મથી સુખપ્રાપ્તિ, વિષયત્યાગ, કામને શાંત કરવાના ઉપાય, વૈરાગ્ય, મહાપુરુષનાં લક્ષણો, શીલનું માહાત્મ્ય, દ્રવ્યના દોષો વગેરે વિષયોનું નિરૂપણ ૩૩૭ શ્લોકોમાં કરવામાં આવ્યું છે. અંતે આઠ શ્લોકોમાં ગ્રંથકાર-પ્રશસ્તિ આપવામાં આવી છે, જેમાં કવિએ પોતાની ગુરુપરંપરા દર્શાવી છે.

**મુનિ રંગવિજય** રચનાવર્ષ સં. ૧૮૬૫ (ઈ.સ ૧૮૦૮-૦૯)

મુનિ રંગવિજયે 'ગુર્જરદેશરાજવંશાવલી' નામની કૃતિની રચના સં. ૧૮૬૫ માં ભૃગુપુર( ભરુચ )માં કરેલી. કૃતિના અંતિમ શ્લોકમાં જણાવ્યા અનુસાર યવન રાજવી રોમટના આદેશથી ખત્રી ભગવંતરાય પાસેથી રાજાઓની માહિતી સાંભળીને કવિએ આ કૃતિની રચના કરેલી. આ એક ૯૫ શ્લોકનું નાનું કાવ્ય છે. કાવ્યના શ્લોક અનુષ્ટુપ્ આર્યા ઉપજાતિ વસંતતિલકા શાર્દૂલવિક્રીડિત સ્રગ્ધરા વગેરે છંદોમાં રચ્યા છે. કૃતિમાં પાંચ ખંડ છે: ૧. મગધ રાજવીઓ અને એ પછી ઉજ્જનની ગાદીએ આવેલા રાજવીઓનાં નામો અને એમના રાજ્યકાલનાં વર્ષ, ૨. ચાપોત્કટ વંશના રાજવીઓ, ૩. ચૌલુક્ય વંશના રાજાઓ, ૪. વાઘેલા વંશના રાજાઓ અને ૫. યવન વંશના અર્થાત્ દિલ્હીના સુલતાનો તથા મુઘલ બાદશાહો. પ્રત્યેક રાજા માટે કર્તાએ મોટે ભાગે એક એક

શ્લોકમાં એનું નામ અને એના રાજ્યકાલનાં વર્ષ આપ્યાં છે. ચાવડા વંશથી માંડીને રાજ્યકાલનાં વર્ષો ઉપરાંત વિક્રમ સંવતમાં રાજ્યારોહણનું વર્ષ પણ આપ્યું છે. વર્ષોની આ સંખ્યા પદ્યમાં સ્વાભાવિક રીતે મોટે ભાગે શબ્દસંકેતોમાં દર્શાવવામાં આવી છે. કેટલાક પ્રસિદ્ધ રાજાઓનો એક કરતાં વધારે શ્લોકોમાં ગુણાનુવાદ કર્યો છે; જેમકે ચંદ્રગુપ્ત મૌર્ય ( શ્લોક ૪, ૫ ), કુમારપાલ ( શ્લોક ૪૧,–૪૭ ), અકબર ( શ્લોક ૮૩–૮૫ ) વગેરે. વીરધવલ રાજાના સંદર્ભમાં મંત્રી વસ્તુપાલ તેજપાલની પણ પ્રશસ્તિ કરી છે. આ રીતે જૈન ધર્મના પ્રભાવ તળે આવેલા રાજાઓ અને મંત્રીઓને વધુ યાદગાર બનાવ્યા છે. યવનવંશના રાજવીઓનાં નામો અને વર્ષોમાં ખૂબ ગરબડ છે.[૭]

આ કૃતિમાં ભગવાન મહાવીરના નિર્વાણથી માંડી યવનવંશી મહમ્મુદ અર્થાત્ મુઘલ બાદશાહ મુહમ્મદશાહ ( ઈ. સ. ૧૭૧૯–૧૭૪૮ ) સુધીની નોંધ આપેલી છે. છેલ્લા ત્રણ રાજવીઓનો અર્થાત્ અહમ્મદ ( અહમદશાહ–ઈ. સ. ૧૭૪૮ થી ૧૭૫૪ ), આલિમગિર ( આલમગીર–ઈ. સ. ૧૭૫૪ થી ૧૭૫૯ ) અને આલિઘોર ( શાહઆલમ ૨ જો–ઈ. સ. ૧૭૫૯ થી ૧૮૦૬ )નો રાજ્યકાલ દર્શાવ્યો નથી તેમજ સમકાલીન બાદશાહ અકબર ૨ જા( ઈ. સ. ૧૮૦૬ થી ૧૮૩૭ )નો પણ નિર્દેશ નથી. અહીં મેરુતુંગની ‘ વિચારશ્રેણી ’ને મળતી રાજવંશની પરંપરા જોવા મળે છે.

**સહજાનંદ સ્વામી**

સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીએ પોતાના સર્વે શિષ્યોને પાળવાના ધર્મોને એક પત્રરૂપે ‘ શિક્ષાપત્રી ’ નામની સંસ્કૃત કૃતિમાં દર્શાવ્યા છે. એની રચના સં. ૧૮૮૨ માં થઈ એમ જણાવાયું છે. એમાં ૨૧૨ શ્લોક છે, જેમાંનો છેલ્લો શ્લોક ઉપજાતિમાં છે ને બાકીના બધા શ્લોક અનુષ્ટુપ્ છંદમાં છે. એમાં સદાચાર, શિષ્ટાચાર, સાંપ્રદાયિક ચિહ્નોના ધારણના નિયમો, સત્સંગીઓએ કરવાનાં નિત્યકર્મોનો વિધિ, સંપ્રદાયના તાત્ત્વિક સિદ્ધાંત, આચાર્ય. આચાર્યપત્નીના વિશેષ ધર્મ, ગૃહસ્થોના વિશેષ ધર્મ, રાજાઓના ધર્મ, સધવા. વિધવા સ્ત્રીઓનાં કર્મ, બ્રહ્મચારીના ધર્મ, સાધુઓના ધર્મ વગેરે વિષયો દર્શાવાયા છે.

આ શિક્ષાપત્રીના કર્તા વિશે જુદા જુદા મત છે. કેટલાક માને છે કે શિક્ષાપત્રી ભગવાન શ્રીસ્વામિનારાયણે લખેલી નથી, પણ કહેલી છે અને એ સાંભળીને એમના શિષ્ય શતાનંદ મુનિએ એની સંસ્કૃત ભાષામાં શ્લોકબદ્ધ રચના કરી છે. કેટલાક માને છે કે ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રી પ્રાકૃત (ચાલુ)

ભાષામાં લખેલી છે અને શતાનંદ મુનિએ એનો સંસ્કૃત પદ્યમાં અનુવાદ કરેલો છે.[8] કેટલાક વળી શિક્ષાપત્રીને સંસ્કૃતમાં શ્લોકબદ્ધ કરનાર દીનાનાથ ભટ્ટ હતા એમ માને છે.[9]

'શિક્ષાપત્રી'નો સમાવેશ 'સત્સંગિજીવન'ના પ્રકરણ ૪ થામાં અધ્યાય ૪૪ તરીકે કરવામાં આવ્યો છે અને એની અગાઉના અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે શ્રીહરિએ વડતાલના નિવાસ દરમ્યાન ભાગવતપુરાણના દશમ તથા પંચમ સ્કંધ સાંભળીને જુદાં જુદાં સ્થળોએ રહેલા સત્સંગીઓના શ્રેય અર્થે 'શિક્ષાપત્રી' લખી. અ. ૪૫ માં જણાવ્યું છે કે પછી એમણે શિક્ષાપત્રીની આદ નકલો કરાવીને એ પોતાના ભક્તોને મોકલી અને ભક્તોએ એની નકલ કરાવીને પોતાની પાસે રાખી. શિક્ષાપત્રીના શ્લોક ૨૧૧ માં એની રચના સં. ૧૮૮૨ માં થયેલી જણાવી છે, જ્યારે 'સત્સંગિજીવન'ની રચના એ પછી સં. ૧૮૮૫–૮૬ માં થયેલી છે. આ પરથી ફલિત થાય છે કે સહજાનંદસ્વામીએ અસલ શિક્ષાપત્રી, સ્વતંત્ર રીતે, પહેલાં ગુજરાતીમાં લખી હશે અને 'સત્સંગિ જીવન'ના લેખકે એનો સંસ્કૃત પદ્યમાં અનુવાદ કરી સહજાનંદસ્વામીના ચરિતમાં યથાસ્થાને ગોઠવી હશે.

શિક્ષાપત્રીમાં જણાવ્યું છે કે સત્સંગીઓએ નિત્ય મંદિરમાં જવું અને મંદિરમાં પુરુષોએ સ્ત્રીઓને તથા સ્ત્રીઓએ પુરુષોને સ્પર્શ કરવો નહિ. એમાં પંચાયતનની પૂજા કરવા જણાવ્યું છે. વળી એમાં વેદ, વ્યાસસૂત્ર અને એના પરનું શ્રીભાષ્ય, ભાગવતપુરાણ ખાસ કરીને દશમ અને પંચમ સ્કંધ, મહાભારતમાંનું વિષ્ણુસહસ્રનામસ્તોત્ર, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા (શ્રીરામાનુજાચાર્યકૃત ભાષ્ય સાથે) અને વિદુરનીતિ, સ્કંદપુરાણના વિષ્ણુખંડમાંનું વાસુદેવમાહાત્મ્ય અને યાજ્ઞવલ્કયસ્મૃતિ એ આઠ શાસ્ત્રોનું અધ્યયન કરવા જણાવેલું છે.

આમ શિક્ષાપત્રીનું લખાણ અત્યંત ટૂંકું હોવા છતાં માનવના વ્યક્તિગત અને સામાજિક જીવન માટે નૈતિક તેમજ આધ્યાત્મિક માર્ગદર્શનરૂપ છે.[10]

સહજાનંદ સ્વામીનું ચરિત આલેખતો 'સત્સંગિજીવન' નામે સંસ્કૃત ગ્રંથ એ સંપ્રદાયના સાહિત્યમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. આ ગ્રંથના પાંચ પ્રકરણ છે અને એમાં કુલ ૩૧૯ અધ્યાય છે. ગ્રંથનો આરંભ સુવ્રત નામે મુનિ અને પ્રતાપસિંહ નામે રાજાના સંવાદથી થાય છે અને ગ્રંથનો મોટો ભાગ એ એના સંવાદરૂપે લખાયો છે. પ્રકરણ ૧ ના પ્રથમ અધ્યાયમાં જણાવ્યા મુજબ સુવ્રત મુનિ શ્રીહરિના આ લોકમાંથી અંતર્ધાન થયા પછી કુરુક્ષેત્રથી

જગન્નાથપુરી ગયા હતા અને ત્યાં ગુર્જરદેશના વિરક્ત રાજા પ્રતાપસિંહને એમની પાસેથી આ ચરિત સાંભળવાનો લાભ મળ્યો હતો. પછીના એ ત્રણ અધ્યાયોમાં સુવ્રત મુનિએ પોતાના ગુરુ શતાનંદ મુનિનું ચરિત નિરૂપીને ' સત્સંગિજીવન 'ની રચના શતાનંદ મુનિએ કરી હોવાનું જણાવ્યું છે. અધ્યાય ૪ થાના ઉત્તરાર્ધથી મુખ્ય ગ્રંથનો આરંભ થાય છે. પ્રકરણ ૫ના અંતિમ અધ્યાયમાં પણ આ પ્રમાણે જણાવેલું છે. એમાં આગળ જતાં એમ પણ જણાવ્યું છે કે સુવ્રત મુનિ પાસેથી શ્રીહરિનું ચરિત સાંભળી પ્રતાપસિંહ રાજા ધન્ય થયો. સુવ્રત મુનિ ત્યાંથી અન્ય ક્ષેત્રમાં જતાં રહ્યા અને એ રાજા જગન્નાથપુરીમાં રહી શ્રીહરિને ભજતો ગોલોકધામમાં ગયો.

મુખ્ય ગ્રંથ પાંચ પ્રકરણોમાં વિભક્ત છે. એમાં શ્રી સહજાનંદ સ્વામીના પ્રાદુર્ભાવથી આરંભી રામાનંદ સ્વામીની દીક્ષા સુધીની કથા આપેલી છે. ઉપરાંત સહજાનંદ સ્વામીનો ધર્મોપદેશ, વડતાલમાં ફૂલદોલનો ઉત્સવ, અમદાવાદ ભૂજ વડતાલ અને ધોલેરામાં મંદિરો બંધાવી પ્રતિમા-સ્થાપન કરવામાં આવ્યું એનું વર્ણન છે. વર્ણાશ્રમધર્મ તેમજ રાજધર્મનો ઉપદેશ શ્રીહરિએ આપ્યો એનું પણ નિરૂપણ કરેલું છે.

આમ આ ગ્રંથમાં શ્રીસહજાનંદ સ્વામીના ચરિતની જે રીતે રજૂઆત કરવામાં આવી છે તે રીતે જોતાં એમાં શતાનંદ મુનિ પરોક્ષ પાત્ર બની રહે છે ને મુખ્ય નિરૂપક એમના શિષ્ય સુવ્રત મુનિ બને છે. છતાં આ આખા ગ્રંથનું કર્તૃત્વ ગ્રંથના આરંભે તથા અંતે જણાવ્યા મુજબ શતાનંદ મુનિનું હોવાનું માલૂમ પડે છે.[૧૧] એમણે સં. ૧૮૮૫માં આ ગ્રંથ રચવાનો પ્રારંભ કર્યો અને દુર્ગપુર( ગઢડા )માં સં. ૧૮૮૬ માં ગ્રંથ સમાપ્ત કર્યો.

આમ આ કાલ દરમ્યાન સંસ્કૃત ભાષામાં સંખ્યામાં ઓછી છતાં વિષયોનું ઠીક ઠીક વૈવિધ્ય ધરાવતી કૃતિઓ રચાઈ હતી.

## ગુજરાતી

સાહિત્યના યુગોની દૃષ્ટિએ ' આખ્યાન-યુગ 'માં આખ્યાન લેખકોએ પ્રબળ સાહિત્યપ્રવાહ વહાવ્યાના અંત-ભાગમાં ઈ. સ. ૧૭૦૦ આસપાસ આખ્યાન-યુગ પૂર્ણ થયો, ત્યારે ઈ.સ. ૧૬૫૦ આસપાસથી લેખનમાં અર્વાચીન ગુજરાતી ભાષાની આદ્યભૂમિકા અખો ગોપાલ પ્રેમાનંદ શામળ વગેરેને હાથે સંપૂર્ણ પ્રચારમાં આવી ગઈ હતી. આખ્યાનો લખાતાં મોટે ભાગે બંધ થયાં અને ભક્તિમાર્ગીય કૃતિઓએ પદોની રચના સારા પ્રમાણમાં શરૂ કરી, જે જૂની

પેઢીના છેલ્લા કહી શકાય તેવા ચાણોદ-ડભોઈના ભક્તકવિ દયારામને હાથે તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તકવિઓને હાથે સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ ઉચ્ચ ભૂમિકા સાધી શકી. આ કારણે 'આખ્યાન યુગ'ના અનુસંધાનમાં 'ઉત્તરભક્તિયુગ' સંસ્થાપિત થયો. આ નવા યુગમાં આખ્યાનો જવલ્લે જ લખાયાં. લૌકિક સાહિત્ય તો શામળ અને સુંદરજી નાગર સાથે ઈ. સ. ૧૭૬૫ આસપાસ સર્વથા થંભી ગયું. રચાતાં પદોમાં જ્ઞાનમાર્ગીય પદો રચનારા સાહિત્યકારો પણ થયા હતા. એ વિશે અહીં પ્રસંગ પ્રાપ્ત થઈ પડશે.

**ગવરીબાઈ** ( જન્મ ઈ.સ. ૧૭૫૯ )

આ વેદાંતી કવયિત્રી ગુજરાતની પૂર્વ સરહદે આવેલા ડુંગરપુર ( અત્યારે જિ. ડુંગરપુર–રાજસ્થાન, પૂર્વે ગુજરાત )માં વડનગરા નાગર બ્રાહ્મણમાં થઈ હતી. તદ્દન નાની વયે વિધવા બનેલી આ વિરક્ત બાઈએ અદ્વૈત વિજ્ઞાનમાં ૧૨૦૦ થી પણ વધુ પદ આપી અખા અને ગોપાલ પછી વેદાંત સાહિત્યને સમૃદ્ધ કરી આપ્યું. એણે ગુજરાતી તેમજ તત્કાલીન હિંદીમાં પણ લેખન કર્યું. આ જ નામની સમકાલીન એક બીજી ગવરીબાઈ પણ થઈ છે, જે વૈષ્ણસંપ્રદાયની હતી એવું એનાં મળેલાં થોડાં પદોથી જાણી શકાય છે.[૧૨]

**ધીરો ભગત** ( ઈ. સ. ૧૭૫૩–૧૮૨૫ )

વડોદરા નજીક સાવલી પાસેના ગોઠડા ગામમાં જન્મેલા આ બ્રહ્મભટ્ટ કવિનું સળંગ બંધનું તો માત્ર 'અશ્વમેધ' એક કાવ્ય મળે છે, પણ આ કવિ એની મોટી સંખ્યામાં મળતી ઉચ્ચ કોટિનાં રૂપકોથી ભરેલી કાફી રાગની રચનાઓથી ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન સાચવી રહ્યો છે. એ ખરું કે એણે 'દ્રૌપદીવસ્ત્રાહરણ' 'સુરતી ભાઈનો વિવાહ' 'જ્ઞાનકક્કો' 'આત્મબોધ' 'યોગમાર્ગ' જેવાં નાનાં કાવ્ય પણ આપ્યાં છે. 'પ્રશ્નોત્તર-માલિકા' તો ગુરુશિષ્ય સંવાદરૂપે રચાયેલી ૧૨૭ કાફી જ. એનાં વિવિધ રાગોમાં ગવાતાં જ્ઞાનમાર્ગીય પદ પણ સુલભ છે. ૮૨ જેટલાં વર્ષોની વયે ગુજરી ગયેલા આ કવિએ મહત્ત્વની ગેય રચનાઓથી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.[૧૩]

**કેવલપુરી** ( ઈ. સ. ૧૭૫૯–૧૮૪૯ )

એ ઉદેપુરના રાજવંશી ભાયાતને ત્યાં જન્મેલો અને ૨૫ વર્ષની વયે ઈડરમાં સંન્યસ્ત લઈ ગુરુના નિધને ત્યાં ગાદી સ્થાપી છેલ્લે ઉમરેઠમાં રહેલો. સામાન્ય વ્યવહારથી માંડી પરકોટિના બ્રહ્મજ્ઞાનપર્યંતની અનેક રચનાઓ એણે

આપી જેમાં ભાટ-ચારણની કવિતા જેવો જુસ્સો જોવા મળે છે. ગુરુશિષ્ય-સંવાદરૂપે ચાર ખંડોમાં રચાયેલો 'તત્ત્વસાર' નામનો ૩૯૧ પદોનો ગ્રંથ એના ઉચ્ચ પ્રકારના વેદાંતજ્ઞાનની પ્રતીતિ કરાવે છે.[૧૪]

**મૂલદાસ મહાત્મા** ( ઈ. સ. ૧૭૬૧ માં હયાત )

સ્વામિનારાયણ સંપ્રદાયના મુક્તાનંદના બાલ્યકાલ સાથે સંબંધ ધરાવનાર આ મહાત્માની ઈ. સ. ૧૭૬૨ માં રચેલી 'ભગવદ્‌ગીતા' 'ભાગવત, સ્કંધ ૨ જો' 'મર્કંડીનું આખ્યાન' 'હરિનામ લીલા' ઉપરાંત 'ગુરુગીત' 'ધોળ અને સમસ્યાઓ' વગેરે જાણવામાં આવ્યાં છે, જે અપ્રસિદ્ધ છે.[૧૫]

**કાલિદાસ (વસાવડનો)** ( ઈ. સ. ૧૭૬૧-૧૭૭૬ માં હયાત )

સૌરાષ્ટ્રના વસાવડ( તા. ગોંડલ )ના નાગર ગૃહસ્થ કાલિદાસની 'પ્રહ્લાદાખ્યાન' ( ઈ. સ. ૧૭૬૧ ), 'સીતાસ્વયંવર' ( ઈ. સ. ૧૭૭૬ ) અને 'ધ્રુવાખ્યાન' ( ૬૦ ચંદ્રાવળાનું ) આ ત્રણ આખ્યાન-કાવ્યરચનાઓ જાણવામાં આવેલી છે. 'દ્રૌપદી વસ્ત્રહરણ' નામની આઠ કડવાંની રચના કોઈ કાલિદાસની છે; એ આ જ હોય એમ લાગતું નથી.[૧૬]

**કેશવ** ( ઈ. સ. ૧૭૭૬ માં હયાત )

આ આખ્યાનકારની 'પુરુષોત્તમ માહાત્મ્ય' ઈ.સ. ૧૭૭૬ ) ૪૫ કડવાંની આખ્યાનકૃતિ છે. એ સુરતનો સારસ્વત બ્રાહ્મણ હતો.

**બાપુ ગાયકવાડ** ( ઈ. સ. ૧૭૭૯-૧૮૪૩ )

વડોદરાના એક મરાઠા સરદારનો આ પુત્ર ( ઈ. સ. ૧૭૭૯ માં જન્મ્યો હતો. એને ગોઠડાના ધીરા ભગતનો સંગ થતાં જ્ઞાનના પંથે એ પળ્યો. વડોદરામાં રાજ્યની નોકરી કરતાં કરતાં એણે ઘણાં જ્ઞાનમાર્ગીય પદોની રચના કરી.[૧૭]

**ગોવિંદરામ વૈષ્ણવ** ( ઈ. સ. ૧૭૮૧-૧૮૧૪ માં હયાત )

ભરૂચ જિલ્લાના આમોદના આ સહસ્ર ઔદીચ્ય બ્રાહ્મણનો 'કલિજુગનો ધર્મ' ( ઈ.સ. ૧૭૮૧ ) તેમજ 'પ્રેમભક્તિ' 'ઉમિયાશિવસંવાદ' 'અલીખાં પઠાણ' 'નરસિંહ મહેતો' 'રાવણ ને વિભીષણ' અને ઉપદેશ વગેરે વિશે ચંદ્રાવળા છંદનાં કાવ્ય જાણવામાં આવ્યાં છે.[૧૮] થોડી વ્રજભાષાની રચના પણ એની મળે છે.

**પ્રાગો** ( ઈ સ. ૧૭૮૨ માં હયાત )

પ્રીતમ અને ધીરાને પગલે પગલે જ્ઞાનમૂલક રચના આપનારા પ્રાગો-પ્રાગજી-પ્રાગદાસની જ્ઞાન તેમજ ભક્તિથી ભરેલી પદ-રચનાઓ વિપુલપણે જાણ-

વામાં આવી છે. એનાં બે પદો સિવાય હજી બીજું બધું અપ્રસિદ્ધ છે. 'છૂટક પદો' 'કક્કા' 'તિથિઓ' 'ચેતવણી' 'ચોસઠ જોગણીનો ગરબો' 'મહિના' એ નાની કૃતિઓ, તો 'દિનમણિ' (હિ) અને 'રામ-રસાયણ' (હિ-ગુ) મોટી રચનાઓ છે.[૧૯]

**રેવાશંકર વૈષ્ણવ** (ઈ. સ. ૧૭૮૪–૧૮૫૩)

જૂનાગઢના ભક્તકવિ ત્રીકમદાસ વૈષ્ણવના સાતમા પુત્ર રેવાશંકરની 'કૃષ્ણલીલા' 'ડાકોરલીલા' 'ત્રીકમદાસનું જીવન-ચરિત્ર' 'દ્વારકાવર્ણન' અને 'વલ્લભ-કુલ' એટલી પદ્યરચનાઓ જાણવામાં આવી છે. આ કવિએ જૂનાગઢના નવાબ હામિદખાનજીના સમયમાં દીવાનપદું ભોગવ્યું હતું.[૨૦]

**તુલજારામ સુખરામ-સુત** (ઈ. સ. ૧૭૮૭માં હયાત) :

અમદાવાદના ઔદીચ્ય સહસ્ર જ્ઞાતિના આ બ્રાહ્મણનું 'સગાળપુરી' એનું સ્વતંત્ર આખ્યાન-કાવ્ય છે. એણે વિષ્ણુદાસના 'હરિશ્ચંદ્રાખ્યાન'માં સુધારો-વધારો કરી ફરી લખેલું છે (ઈ. સ. ૧૭૮૭).[૨૧]

**વીરો ભગત** (ઈ. સ. ૧૭૬૫માં હયાત)

ધીરા ભગતનો સાથી ધીરાના વતન ગોઠડા નજીકના વાંકાનેરનો વતની વીરો એના એક માત્ર આખ્યાન-કાવ્ય 'બભ્રુવાહન આખ્યાન' (ઈ. સ. ૧૭૬૫) થી જાણવામાં આવ્યો છે.[૨૨]

**નરભો** (ઈ. સ. ૧૭૯૮–૧૮૫૨) :

પેટલાદ તાલુકાના પીજનો ચતુર્વેદી મોઢ બ્રાહ્મણ આ નરભો-નરભેરામ પાછળથી અમદાવાદના ગોમતીપુરમાં આવી વસેલો. એ ડાકોરમાં પણ રહેતો, જ્યાં રહી એણે રચનાઓ કરેલી છે. 'બોડાણા ચરિત્ર' 'ભીષ્મસ્તુતિ' 'પરીક્ષિત–ગર્ભરક્ષણ' 'કંસવધ' 'રાસલીલા' 'ગજેંદ્રમોક્ષ' 'બોડાણાની મૂછનાં પદ' 'જયવિજય શાપ-નિવારણ' 'જયવિજયના શાપનું કારણ' 'પ્રભુ ભજવા વિશે' 'મનને શિખામણ' વગેરે અનેક કુટકળ રચનાઓ એની જાણવામાં આવી છે. 'બોડાણાની મૂછનાં પદ' એ ધીરા ભગતની પદ્ધતિની ૩૭ કાફીઓનાં છે. એનો સારો એવો પદસંગ્રહ અપ્રસિદ્ધ છે.[૨૩]

**નિરાંત ભગત** (ઈ. સ. ૧૭૯૯–૧૮૪૬)

કાનમના દેથાણગામ (તા. કરજણ, જિ. વડોદરા)નો પાટીદાર નિરાંત ભગતને આરંભમાં વલ્લભ-સંપ્રદાયના સંસ્કાર મળેલા અને એ સંસ્કારોના

બળે કેટલીક રચનાઓ કરી હતી. એ સાથે એને અદ્વૈતજ્ઞાનના સંસ્કાર મળેલા. એણે ધીરાની પદ્ધતિની કેટલીક કાફીઓ પણ રચી હતી.[૨૪]

**જાનીબાઈ** (ઈ. સ. ૧૭૭૧-૧૮૧૨)

મીઠુ નામના જ્ઞાની સંતની શિષ્યા જાનીબાઈ ગવરીબાઈ પછી એક બીજી મહત્ત્વની જ્ઞાની કવયિત્રી થઈ ગઈ છે. એનું 'નવનાયિકાવર્ણન' નામનું એક કાવ્ય જાણવામાં આવ્યું છે. એનાં ગુરુવર્ણન વિશેનાં કાવ્ય ઐતિહાસિક માહિતીવાળાં છે. આ કવયિત્રીની રચનાઓમાં જ્ઞાન અને ભક્તિનો સુયોગ જોવા મળે છે.[૨૫]

**હરિદાસ** (ઈ.સ. ૧૭૭૪ આસપાસ હયાત)

કુતિયાણા (જિ. જૂનાગઢ)માં થઈ ગયેલા રાજપૂત હરિદાસને અમરજી દીવાને નોકરી અપાવી હતી. 'શિવવિવાહ' અને જ્ઞાનમૂલક કેટલાંક પદ એના જાણવામાં આવ્યાં છે. એનાં પદ બરડાપંથકના ભજનિકો ગાય છે. 'કાલિકામાતાનો ગરબો' કોઈ હરિદાસનો મળે છે તેનાથી ઉપરનો હરિદાસ જુદો છે.[૨૬]

**ગોવિંદરામ રાજારામ** (ઈ. સ. ૧૭૮૭-૧૮૦૦)

ઘણું કરીને ખેડાના બાજખેડાવાળ બ્રાહ્મણ 'ગોવિંદરામ રાજારામ'ની છાપવાળાં અરજીનાં પદો (ઈ.સ. ૧૭૮૭) 'આઠ વાર' 'થાળ' અને પ્રકીર્ણ પદો જાણવામાં આવ્યાં છે. એનું એક આખ્યાન 'હરિશ્ચંદ્રાખ્યાન' (ઈ. સ. ૧૮૦૦) પણ સુલભ છે.[૨૭]

**દલપત નાગર** (ઈ. સ. ૧૭૯૧ માં હયાત)

અમદાવાદના વીસનગરા નાગર બ્રાહ્મણ દલપત કવિનો કાંકરિયા તળાવ ઉપર આવેલી 'કાંકરેશ્વરી માતાનો ગરબો', ઉપરાંત 'અંબાજી' 'કૃષ્ણજન્મ' 'ગણપતિ' 'બહુચરાજી' અને 'સાસુવહુનો' એવા ગરબા પણ જાણવામાં આવ્યા છે. આ કવિનો સં. કુવલ્યાનન્દનો 'દલપતવિલાસ' શીર્ષકથી હિંદી અનુવાદ મળે છે.[૨૮]

**દિવાળીબાઈ** (ઈ. સ. ૧૭૯૧ માં હયાત)

પ્રાચીન કાવ્યમાળા ગ્રંથ ૬ ઠ્ઠામાં ડભોઈની નજીકના ગોળવા ગામમાં જઈ રહેલી અને પછી વડોદરામાં આવી વસેલી દિવાળીબાઈએ રામચરિતને લગતાં ચાર કાવ્ય રચ્યાં હોય એ રીતે છપાયાં છે, પણ આ બાઈના અસ્તિત્વ વિશે જ શંકા છે.[૨૯]

**મયારામ મેવાડી** ( ઈ. સ. ૧૭૯૧માં હયાત)

ભક્તકવિ દયારામનો હરીફ ગણાતો મયારામ મેવાડી જાણવામાં આવ્યો છે, જેનાં 'શિવવિવાહ' ( ઈ.સ. ૧૭૯૧ ) ઉપરાંત મહાદેવજીને લગતાં અનેક પદ જાણવામાં આવ્યાં છે.[૩૦]

**અંબારામ** (ઈ. સ. ૧૮મીનો ઉત્તરાર્ધ)

આ અંબારામ ભક્તકવિ દયારામની પૂર્વેનો ગરબીકાર હતો. એણે કૃષ્ણલીલાને લગતાં 'સંદેશો' 'તિથિ' 'વાર' 'માસ' તેમજ સંખ્યાબંધ ગરબા અને ગરબી રચ્યાં, જે અદ્યાપિ અપ્રસિદ્ધ છે. એનાં થોડાં આત્મજ્ઞાનનાં પદ પણ છે.[૩૧]

**નાનો** (ઈ. સ. ૧૮મીનો ઉત્તરાર્ધ)

એના માતાજી-વિષયક ઘણા ગરબા જાણવામાં આવ્યા છે.[૩૨]

**ભવાન** (ઈ. સ. ૧૮મી સદીનો ઉત્તરાર્ધ)

'રામકથાનાં પદ' 'આત્મજ્ઞાનનાં પદ' 'રામાયણનો ગરબો' અને 'રાવણ-મંદોદરી સંવાદનાં પદ' આ કવિનાં જાણવામાં આવ્યાં છે.[૩૩]

**અજરામર** (ઈ.સ. ૧૮મી સદીની છેલ્લી પચીશી અને ૧૯મીની પહેલી પચીશીમાં હયાત)

આ ગાયકનું 'શંકર અને ભીલડીનું પદ' જાણવામાં આવ્યું છે.[૩૪]

**દામોદરાશ્રમ** (ઈ. સ. ૧૮૦૦ લગભગમાં હયાત)

ચાંદોદ પાસે કરનાળી( તા. ડભોઈ, જિ. વડોદરા )ના આ સંન્યાસીના વેદાંત-વિષયક તેમજ મહિના તિથિ વગેરેને લગતાં પદ જાણવામાં આવ્યા છે.[૩૫]

**હરિદાસ સૂઈ** (ઈ. સ. ૧૮૦૦ આસપાસ હયાત)

જૂનાગઢના આ દરજીએ જૂનાગઢના મહાભારતના ( અપૂર્ણ ) અને રામાયણના (પૂર્ણ) ચંદ્રાવળા રચ્યા જાણવામાં આવ્યા છે.[૩૬]

**શોભામાજી ઉર્ફે હરિદાસ** ( ઈ.સ. ૧૮મી સદીનો ઉત્તરાર્ધ)

વૈષ્ણવાચાર્ય શ્રીવલ્લભાચાર્યજીના પહેલા પૌત્ર શ્રીગિરિધરજીની ૬ ઠ્ઠી પેઢીએ થયેલા ગો. શ્રી રણછોડજી(ધીંગડજી)નાં પત્ની શોભામાજીએ 'હરિદાસ શોભા'ની છાપથી નવરાત્રના ૧૫ ગરબા, કેટલાંક ધોળ અને ભાગવતનો પ્રકરણવિભાગ ( પદ્યમાં ) રચેલ છે. એના નવરાત્રના ગરબા કાવ્યગુણથી ભરેલા છે.[૩૭]

**મંછારામ** ( ઈ. સ. ૧૮૦૧ માં હયાત )

એની ' તિથિઓ ' એક નાનું રમણીય વિરહ કાવ્ય છે.[૩૮]

**શિવદાસ વેલજી-સુત** ( ઈ. સ. ૧૮૦૩–૧૮૨૧ માં હયાત )

અમરેલી( જિ. અમરેલી )ના આ વડનગરા નાગર કવિએ ' કૃષ્ણબાલ-ચરિત્ર ' ( ઈ. સ. ૧૮૦૩ ) અને ' ધ્રુવચરિત્ર '( ઈ. સ. ૧૮૨૧ )ના ચંદ્રાવળા રચેલા જાણવામાં આવ્યા છે.[૩૯]

**કિશોરદાસ** ( ઈ. સ. ૧૮૦૪–૧૮૦૬ માં હયાત )

એના ગુજરાતી મિશ્ર હિંદીમાં ' ખ્યાલ ' જાણવામાં આવ્યા છે. આમાં એક ' અમદાવાદ શહેરની લાવણી ' પણ છે.[૪૦]

**હરગોવિંદ ભટ્ટ** ( ઈ. સ. ૧૮૦૪–૧૮૪૧ માં હયાત )

અમદાવાદના ભટ્ટ મેવાડા બ્રાહ્મણ હરગોવિંદ ભટ્ટનાં ગરબા-ગરબીઓ જાણવામાં આવ્યાં છે.[૪૧]

આ નાના ગાળામાં જેમનો જન્મ છે અને જેમની સાહિત્યસેવાનો વિકાસ શરૂ થયો તેવા રામાયણકાર ગિરધર, મનોહરસ્વામી, ભક્તકવિ દયારામ તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના ભક્તકવિઓ વગેરેની પછીના સમયમાં સાહિત્યસેવા ખૂબ વિકસેલી હોઈ એમના વિષયમાં હવે પછીના ગ્રંથમાં જરૂરી પરિચય આપવામાં આવશે.

## ગુજરાતી જૈન સાહિત્ય

મુઘલ કાલમાં અગાઉના સલ્તનતકાલની જેમજ જૈન સાધુઓ અને શ્રાવકો દ્વારા અર્વાચીન ગુજરાતી ભાષાની આદ્ય ભૂમિકામાં સાહિત્યપ્રવાહ અવિચ્છિન્ન ધારાએ ચાલુ હતો. એ ખરું છે કે એમણે કોઈ નવી પ્રણાલીને આવિષ્કાર નથી આપ્યો અને એનાં એ ધાર્મિક પાત્રો, એનાં એ ધાર્મિક કથાનકો અને સમાન કહી શકાય તેવી નિરૂપણ-પદ્ધતિએ જ પોતાની પ્રણાલિકાગત ભક્તિ-ભાવનાને અક્ષરદેહ આપવાનો સબળ પ્રયત્ન જારી રાખ્યો હતો. પૂર્વના કાલ ભાષાના વિકાસની દૃષ્ટિએ મહત્ત્વ ધરાવતા હતા, આ ઉત્તરકાલમાં તો જૈનેતર સાહિત્યકારો પાસેથી મોટે ભાગે ચીલાચાલુ ભાષા નિરૂપાઈ છે, તે જ પ્રમાણે જૈન સાહિત્યકારોને હાથે પણ ઈ. સ. ૧૭૫૭ થી ૧૮૧૮ ના નાના ગાળામાં સંખ્યાની દૃષ્ટિએ રચનાઓનું પ્રમાણ નાનું નથી. જે રાસ રચાયા છે તેઓનું પણ ગ્રંથપૂર ઠીક ઠીક મોટું પણ છે, પરંતુ સાહિત્યિક મૂલ્યવત્તા સામાન્ય

કોટિની છે. રૂપસેનરાસ( ઈ. સ. ૧૭૫૩ )–સનત્કુમારનો રાસ( ઈ. સ. ૧૭૭૩ )-નેમરાજુલના બાર માસ ( ઈ. સ. ૧૭૮૯ )–અને સંખ્યાબંધ સઝ્ઝાયો તેમજ કલ્પસૂત્રનો ટબો( ઈ. સ. ૧૭૭૮ )નો કર્તા મહાનંદ, હરિબલ–મચ્છીરાસ ( ઈ. સ. ૧૭૫૪ )નો કર્તા લબ્ધિવિજય, ધર્મપરીક્ષાનો રાસ ( ઈ.સ. ૧૭૬૫ )–શ્રીપાલનો રાસ( ઈ. સ. ૧૭૬૮ )નો કર્તા નેમવિજય, ચિત્રસેન–પદ્માવતીરાસ ( ઈ. સ. ૧૭૫૮ )નો કર્તા રામવિજય, ગજસિંહકુમારરાસ( ઈ સ. ૧૭૫૯ )-નો કર્તા દેવરત્ન, ગજસિંહ રાજાનો રાસ( ઈ. સ. ૧૭૫૯ )નો કર્તા મયાચંદ, શત્રુંજય ઉદ્ધાર રાસ( ઈ. સ. ૧૭૬૦ )નો કર્તા ભીમરાજ, કલ્યાણસાગરસૂરિ-રાસ( ઈ. સ. ૧૭૬૧ )નો કર્તા માણિક્યસાગર, પુણ્યસાર રાસ( ઈ.સ. ૧૭૬૧ )-નો કર્તા અમૃતસાગર (૨), ભરત ચક્રવર્તીનો રાસ( ઈ. સ. ૧૭૬૨ )નો કર્તા પસો પટેલ, પ્રદ્યુમ્નકુમારરાસનો કર્તા મયારામ ભોજક, દ્રુપદીચરિત( ઈ. સ. ૧૭૬૨ )નો કર્તા સૌજન્યસુંદર, નેમિનાથ રાસ( ઈ. સ. ૧૭૬૪ )–ઉત્તમવિજય નિર્વાણ રાસ( ઈ. સ. ૧૭૭૨ )–સમરાદિત્યકેવલીનો રાસ ( ઈ. સ. ૧૭૮૫ ) –જયાનંદ કેવળીનો રાસ ( ઈ. સ. ૧૮૦૨ )–ઉપરાંત એક બાલાવબોધ ગદ્યમાં રચનાર પદ્મવિજય, ચંદ્રલેખારાસ( ઈ. સ. ૧૭૬૪ )નો કર્તા કમલવિજય, રામરાસ( ઈ. સ. ૧૭૬૬ )નો કર્તા સુજ્ઞાનસાગર, આદિનાથજીનો રાસ ( ઈ. સ. ૧૭૬૮ )નો કર્તા દર્શનસાગર, વિક્રમાદિત્ય–પંચદંડ–રાસ( ઈ. સ. ૧૭૭૪ )નો કર્તા ભાણુવિજય, ઇલાપુત્ર રાસ( ઈ. સ. ૧૭૮૩ )નો કર્તા રત્નવિમલ, ગૌતમ સ્વામીનો રાસ( ઈ. સ. ૧૭૭૮ ) અને અનેક પ્રકીર્ણ રચના કરનાર રાયચંદ, સુદર્શન શેઠ રાસ( છપ્પયબદ્ધ–ઈ. સ. ૧૭૮૦ પૂર્વે )–વીરસ્વામીનો રાસ ( ઈ. સ. ૧૭૮૦ પૂર્વે )નો કર્તા દીપ, શ્રીપાલરાસ( ઈ. સ. ૧૭૮૧ )નો કર્તા લાલચંદ (૨), વિનયચટ રાસ( ઈ. સ. ૧૭૮૪ ) – સિદ્ધાચલ( યાત્રા ) રાસ-( ઈ. સ. ૧૭૮૭ )નો કર્તા ઋષભસાગર, સાંબ પ્રદ્યુમ્ન રાસ( ઈ. સ. ૧૭૮૬ )-નો કર્તા હર્ષવિજય, સમેતશિખરગિરિરાસ( ઈ. સ. ૧૭૯૦ )નો કર્તા ગુલાબવિજય, પાર્શ્વનાથ વિવાહલો( ઈ. સ. ૧૮૦૪ )નો કર્તા રંગવિજય, ઉત્તમ-કુમારનો રાસ( ઈ. સ. ૧૭૯૬ )નો કર્તા રાજરત્ન, રાજસિંહકુમાર રાસ( ઈ. સ. ૧૮૦૧ )નો કર્તા માનવિજય, સુરસુંદરી રાસ( ઈ. સ. ૧૮૦૧ )–ધમ્મિલ કુમારરાસ( ઈ. સ. ૧૮૪૦ ) વગેરે રાસો તેમજ અનેક નાની નાની રચનાઓના કર્તા અમદાવાદના સુપ્રસિદ્ધ વીરવિજય, તેજસારનો રાસ( ઈ. સ. ૧૮૦૪ )-નો કર્તા રામચંદ્ર (૨), ગુણસેન હવેલી રાસ( ઈ. સ. ૧૮૦૫ )–પદ્મવિજય-નિર્વાણ રાસ( ઈ. સ. ૧૮૦૬ )–વિમલમંત્રી રાસ( ઈ. સ. ૧૮૩૪ ) અને

અનેક પ્રકીર્ણ રચનાઓનો કર્તા રૂપવિજય, ગુજરાતી તેમ હિંદી પણ અનેક રચના કરી આપનાર જ્ઞાનસાર, સુરસુંદરી અમરકુમાર રાસ( ઈ. સ. ૧૭૯૬ )– શાંતિદાસ વખતચંદ શેઠનો રાસ( ઈ. સ. ૧૮૧૪ )-શ્રીપાલ રાસ( ઈ. સ. ૧૮૨૩ )નો કર્તા ક્ષેમવર્ધન વગેરે અનેકોએ આ નાના ગાળામાં રચનાઓ કરી છે, જેમાંના આરંભનાઓની પહેલાંના કેટલાકની રચના ચાલુ હતી, તો ઈ. સ. ૧૮૧૮ પછી પણ આમાંના છેલ્લાઓની પછીના ગાળામાં રચનાઓ થયા કરી હતી.

જૈનેતર સાહિત્યકારોની જેમ આ નાના ગાળામાં આરંભ થયો છે તેવા જૈન સાહિત્યકારોની સેવા પછીના સમયમાં સારી રીતે વિકસેલી હોઈ અહીં એમની સેવાનો ઉલ્લેખ ન કરવામાં આવતાં પછીના ગ્રંથમાં કરવામાં આવશે.

## અરબી, ફારસી, ઉર્દૂ સાહિત્ય

સલ્તનત કાલ અને મુઘલ કાલ દરમ્યાન ફારસી ભારતની રાજભાષા હતી. વિદેશી શાસકોએ પોતાની ભાષા દ્વારા શાસનની ધૂરા સંભાળી. સમ્રાટોનાં ફરમાનો, પત્રવ્યવહાર અને દરબારી વહીવટનાં તમામ કાર્ય ફારસી ભાષામાં થતાં. રાજદરબારમાં મોભા-ભર્યું સ્થાન મેળવવા અને શહેનશાહોની મીઠી નજર પ્રાપ્ત કરવા ફારસી ભાષા શીખવાનું સૌ કોઈ માટે અનિવાર્ય હતું. ભારતમાં કાયસ્થ અને નાગર એ બે એવી હિંદુ કોમ છે જેમણે ફારસીને અપનાવી. અનેક નાગર તથા કાયસ્થ ગૃહસ્થોએ શાહી દરબારમાં તથા અન્યત્ર ઉચ્ચ સ્થાન મેળવ્યું. તદુપરાંત શાહી દરબારોમાં અન્ય મુસ્લિમ દેશો, ખાસ કરીને ઈરાનમાંથી અનેક કવિઓ, વિદ્વાનો, સૂફી સંતો અને ઓલિયા આવતા. અકબરથી ઔરંગઝેબ સુધીના બાદશાહોના સમયમાં એમના દરબાર આવા કવિઓ ઉલેમાઓ અને સંતોથી ભરેલા રહેતા. પરિણામે અરબી-ફારસી સાહિત્યનું ખેડાણ અરબસ્તાન અને ઈરાનની સરખામણીમાં ભારતમાં સારા પ્રમાણમાં થતું.

પરંતુ મુઘલ શાસનના અંત અને મરાઠાઓના ઉદય સાથે અરબી-ફારસીના મહત્ત્વમાં ફેરફાર થવા લાગ્યો. મરાઠાકાલ ( હિ. સ. ૧૧૭૦–૧૨૩૪ ) દરમ્યાન ફારસી રાજ્યકારોબારની ભાષા તરીકે ચાલુ રહી, અરબી ભાષા મુસલમાનોના ધર્મ અને તત્ત્વજ્ઞાનના નિરૂપણ માટે ઉપયોગમાં લેવામાં આવતી, અને લશ્કરી છાવણીની ઉર્દૂ સાધારણ જનસમૂહ સાથેના સંપર્કની ભાષા બની રહી.

મરાઠી શાસન દરમ્યાન ફારસી દરબારી ભાષા હતી એ હકીકત છે, પરંતુ

એને માટે ફારસીની ભવ્ય પરંપરા અને પ્રાંતીય ભાષાઓની ભાવવહન શક્તિની પરિમિતતા કારણભૂત હોવાનું જણાય છે. આથી તત્કાલીન સરકારી પત્રવ્યવહાર તથા અન્ય ઘણું લખાણ ફારસી ભાષામાં મળે છે.

આ પરિસ્થિતિ ઘણાં વર્ષો સુધી ચાલુ રહી. અંતે ઈ. સ. ૧૮૩૭ માં ફારસી દરબારી કારોબારની ભાષા તરીકે હંમેશ માટે સ્થાનભ્રષ્ટ થઈ. અલબત્ત, મુસ્લિમોની સાંસ્કૃતિક અને સાહિત્યિક ભાષા તરીકે ભારતમાં એ આજે પણ ચાલુ રહી છે.

આ સમય દરમ્યાન મુસ્લિમોના ધાર્મિક અને આધ્યાત્મિક જ્ઞાન-પ્રાપ્તિના અનિવાર્ય માધ્યમ તરીકે મધ્યકાલીન અરબીનો અભ્યાસ ચાલુ રહ્યો. ગુજરાતમાં પણ ધાર્મિક શિક્ષણના માધ્યમ તરીકે એ અરબીનું ચલણ ચાલુ રહ્યું, પરંતુ ખાસ નોંધપાત્ર એવી અરબી કૃતિઓનું સર્જન આ સમય દરમ્યાન અહીં થયું હોય તેમ જણાતું નથી.

ઉર્દૂ પહેલેથી જ ઉત્તર ભારતના મુસલમાનો માટે લોકસંપર્કના માધ્યમની ભાષા રહી છે. ઉર્દૂ સાહિત્યની શરૂઆત એક પ્રસિદ્ધ ગુજરાતી–વલી ગુજરાતી–દ્વારા થઈ હોવા છતાં ગુજરાતમાં પ્રાંતીય ભાષા જ લોકસંપર્કના માધ્યમ તરીકે રહી હતી. ગુજરાતી મુસલમાનોના હૃદયમાં ઉર્દૂ પ્રત્યે મમતા હોવા છતાં ઘણા ઓછા ગુજરાતી મુસલમાનોએ ઉર્દૂને પોતાની માતૃભાષા તરીકે અપનાવી હતી. એ ઉપરાંત, આ સમય સુધી, ઉર્દૂનું સ્થૂળ રૂપ પૂર્ણ કક્ષાએ પહોંચ્યું પણ ન હતું; ઉર્દૂ ભાષાનું સ્વરૂપ હજુ સુધી કંઈક અંશે પ્રવાહી રૂપમાં હતું. વ્યાકરણના નિયમો અને શબ્દોના ઉચ્ચારો તરફ દુર્લક્ષ્ય અપાતું હતું. અરબી-ફારસીના કવિઓની જેમ ઉર્દૂ કવિઓ રદીફ અને કાફિયા (પ્રાસ વગેરે બાબતો) તથા ફારસી શબ્દોના ઉચ્ચાર તરફ ધ્યાન આપવાને બદલે શબ્દોના ધ્વનિ તરફ વધુ ધ્યાન આપતા. અબ્દુસ્ સલામ નદવી ઉર્દૂ કવિઓની આવી ક્ષતિઓને સ્પષ્ટ શબ્દોમાં વખોડી કાઢે છે, પરંતુ મુહમ્મદ હુસેન આઝાદ એનો બચાવ કરતાં કહે છે કે ઉર્દૂ કવિઓએ તત્કાલીન પ્રવર્તમાન લોકભાષા અને રૂઢિપ્રયોગોને આધારે પોતાની કૃતિઓની ઉર્દૂ ભાષાનું સ્વરૂપ નક્કી કર્યું હતું. આમ ઉર્દૂ હજુ તો બની રહી હતી.[૪૨] ગુજરાતના સૈયદ મોહમ્મદ મીરનો એક ઉર્દૂ દીવાન નામે 'તઝકરાએ મીર હસન' ઘણો જાણીતો છે; એ લખનવી શૈલીમાં લખાયેલ છે.[૪૩]

મુઘલકાલીન ભારતમાં ઔરંગઝેબ પછીના બાદશાહોના સમયથી જ ફારસી

ભાષાના મોભા ઉપર ધીમી પરંતુ સ્પષ્ટ, અસર થતી દેખાઈ આવે છે. મુઘલ બાદશાહોની કેંદ્રવર્તી સત્તા નબળી પડતી જતી હતી. પરિણામે ઉર્દૂ ધીમે, પરંતુ મક્કમ, પગલે ફારસીનું સ્થાન લઈ રહી હતી. મરાઠાઓના શાસન-કાલ દરમ્યાન ફારસી દરબારી કારોબારની ભાષા તો રહી, પરંતુ સાહિત્ય-સર્જનની પ્રક્રિયાને ગતિ આપનાર બળ અદૃશ્ય થયું હતું. ઈરાન તથા અન્ય મુસ્લિમ દેશોમાંથી રાજ્યાશ્રય-અર્થે આવતા ફારસી કવિ–લેખકોના સમૂહો હવે આવતા બંધ થયા હતા. મુઘલ દરબારનું એમનું આકર્ષણ દૂર થતાં ભારત આવવા માટે એમની પાસે કોઈ કારણ ન રહ્યું, એમ છતાં અફઘાનો અને ઈરાનીઓએ ભારત પર કરેલી બે મોટી ચડાઈઓ–અહમદશાહ અબ્દાલી અને નાદિરશાહની ચડાઈઓએ થોડેવત્તે અંશે કેટલાક ફારસી વિદ્વાનોને ભારતમાં આવવામાં મદદ કરી.[૪૪]

આવી પરિસ્થિતિ હોવા છતાં મરાઠા કાલ દરમ્યાન ફારસી સાહિત્યનું ખેડાણ તો ચાલુ જ રહ્યું. ધર્મ અને તત્ત્વજ્ઞાન જેવા વિષયો ઉપર જે કાંઈ લખાતું તે અરબીમાં લખાતું. માનવજીવનને સ્પર્શતા રાજકીય અને સામાજિક પ્રશ્નોને લઈ ઘણું બધું લખાણ ફારસી ભાષામાં થયું છે. આ સમય દરમ્યાન પ્રથમ કક્ષાના કવિ-લેખકો થયાનું દેખાતું નથી, પરંતુ દ્વિતીય કક્ષાના કવિ-લેખકોએ ફારસી ભાષા-સાહિત્યના સર્જનમાં સારો એવો ફાળો આપ્યો છે.

મરાઠા કાલ દરમ્યાનના ફારસી સાહિત્યની વિશેષતાઓ કંઈક આ પ્રમાણે છે : ઇતિહાસ અને જીવનચરિત્ર તત્કાલીન કવિ લેખકોના પ્રિય વિષય હોય એમ લાગે છે. ગુજરાતમાં તેમજ અન્યત્ર આ વિષયો ઉપર ઘણા ગ્રંથ લખાયા છે. એ ઉપરાંત ડૉ. સૈયદ અબ્દુલ્લાના મત પ્રમાણે આ સદી 'લુગાત-' (=શબ્દકોશ)ની સદી છે. ફારસી ભાષા ઉપરનું પ્રભુત્વ તથા એના શબ્દોનો સાચો ઉચ્ચાર દેશી–ફારસી ( Indian–Iranian ) જેવો બની ગયો હોઈ સાચો ઉચ્ચાર બતાવતી કૃતિઓ–લુગાત–ની રચના કરવાનું જરૂરી બની ગયું હતું.[૪૫]

અમદાવાદના એક નાગર ગૃહસ્થ સુંદરલાલે શબ્દકોશનો એક ગ્રંથ રચ્યો છે તેનો ત્રૂટક ભાગ મળી આવે છે. એમાં અરબી અને ફારસી શબ્દોના અર્થ હિંદુસ્તાનીમાં આપ્યા છે. એમાં 'અયન' અને 'ચશ્મ' જેવા શબ્દો કાળી શાહીથી અને એ બંનેનો અર્થ બતાવતો શબ્દ 'આંખ' લાલ શાહીથી લખ્યો છે. કેટલેક સ્થળે સમાનાર્થી શબ્દો એક જ ઠેકાણે આપ્યા છે. દા. ત. દિલદાર મત્લૂબ યાર શાહેદ તાલિબઃ આ બધા શબ્દોનો અર્થ 'દોસ્ત' લખ્યો

છે. એ જ પ્રમાણે ખાકાન મલેક ખુસરવ દારા સહરિયાર, સુલતાન વગેરે બધા શબ્દોનો અર્થ 'બાદશાહ' આપ્યો છે. આમાં ફારસી સાથે કયારેક તુર્કી શબ્દો પણ આવી જાય છે. આ ગ્રંથ એણે ઈ. સ. ૧૮૧૯ માં પૂરો કર્યો.

આ સમય દરમ્યાન હિંદુ લેખકોમાં ફારસી કાવ્ય પ્રત્યેનો અનુરાગ સવિશેષ જોવા મળે છે. મુનશી જશવંતરાયનું 'સઈદનામા', નવલરામનું 'તારીખે અહમદખાની', મુકુંદરાયનું 'ખતે હોલ્કર', રણછોડદાસનું 'દકાયક ઉલ ઈનશા', સુજાનરાયનું 'નિયાઝનામા', ખુશહાલદાસનું 'દસ્તૂર ઉલ ઇમ્તિયાઝ' વગેરે કૃતિઓ તથા લેખકોનો ઉલ્લેખ ડૉ. સૈયદ અબ્દુલ્લાએ કરેલ છે. આ નામો જોતાં તેઓ મોટે ભાગે તો ગુજરાતના નાગરો અથવા કાયસ્થ સદ્-ગૃહસ્થો હોવા જોઈએ.

હરસુખરાયનું 'મજમા-ઉલ-અખબાર' ઈ. સ. ૧૮૦૫ માં લખાયું. એ ઇતિહાસ ઉપરનો આઠ ભાગમાં લખાયેલ ગ્રંથ છે. એમાં સાતમા વિભાગમાં ભારતના જુદા જુદા પ્રાંતોના રાજ્યકર્તાઓ વિશે માહિતી આપી છે. એના છઠ્ઠા વિભાગના અંતમાં શાહ આલમ સુધીના મુઘલ રાજ્યકર્તાઓનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે.

મિરાતે અહમદીનો ઉલ્લેખ આ પહેલાં કરવામાં આવેલ છે. એના લેખક અલી મુહમ્મદખાને રચેલ ઇતિહાસનો આ ગ્રંથ ખૂબ જ વિશ્વસનીય ગણાય છે. એમાં ઈ. સ. ૧૭૬૧ સુધીનો મુઘલ-મરાઠાઓના સંઘર્ષ સુધીનો ઇતિહાસ આલેખાયેલ છે. એની વિશ્વસનીયતાનું મુખ્ય કારણ એ છે કે એ ગ્રંથનો લેખક મુઘલો દ્વારા ગુજરાતના દીવાન તરીકે નિમાયેલ ઉચ્ચ અધિકારી હતો. એ ગુજરાતમાંથી મુઘલ શાસનના અસ્ત અને મરાઠી શાસનના ઉદયનો સ્વયં સાક્ષી હતો. એણે પોતાના એ ગ્રંથમાં ઈ. સ. ૧૭૧૯ થી ૧૭૬૧ સુધીનાં આશરે ચાળીસ વર્ષોનો આંખે દેખ્યો અહેવાલ આપ્યો છે. એમાં એ પહેલાંનો ઇતિહાસ અન્ય ઉપલબ્ધ ઇતિહાસગ્રંથો અને સરકારી દફતરોને આધારે આપેલો છે, વળી એની પુરવણીમાં અમદાવાદની વિગતો આપી છે.

આ ગ્રંથ-લેખનમાં નોંધપાત્ર હકીકત એ છે કે લેખકને એના આ કાર્યમાં સહાય કરનાર ફારસી ભાષા-સાહિત્યનો પ્રખર જાણકાર અને અભ્યાસી એવો મીઠાલાલ નામે એક હિંદુ હતો. એ દીવાન ઑફિસનો એક સામાન્ય કારકુન હતો, અને રાજ્યના રેકર્ડ ખાતામાં કામ કરતો હતો. લેખકે પોતે એની મદદનો ઉલ્લેખ બહુ જ સદ્ભાવપૂર્વક કર્યો છે.

મૂળ સંસ્કૃત નાટક 'પ્રબોધચન્દ્રોદય'નો ફારસી અનુવાદ 'ગુલઝારે હાલ' નામથી હિ.સ. ૧૦૭૩ (ઈ.સ.૧૬૬૨)માં થયો હતો એની એક નકલ દીવાન અમરજીએ પોતાના ગ્રંથાલયમાં રાખવા માટે હિ.સ. ૧૨૦૫ (ઈ.સ.૧૭૯૦)માં કરાવી. એના હાંસિયામાં ઘણાં નામ નાગરી લિપિમાં લખવામાં આવ્યાં છે,જેથી વાંચવામાં તથા ઉચ્ચારમાં ભૂલ ન થાય. લહિયાએ આ પુસ્તકની માત્ર નકલ જ કરી હોત તો એનો ઉલ્લેખ આ સ્થાને કરવામાં ન આવત, પરંતુ એમાં એણે કેટલીક મૌલિક બાબતો પણ ઉમેરી છે. વિ. સં. ૧૮૪૬–૪૭( ઈ. સ. ૧૭૯૦ )માં પડેલા ભયંકર દુકાળની એમાં નોંધ લેવામાં આવી છે, જેનું વર્ણન સાહિત્યિક શૈલીમાં કરવામાં આવ્યું છે. દુકાળ દરમ્યાન લોકોની દયનીય હાલતનું વર્ણન અને અનાજના ભાવોની નોંધ પણ એમાં કરેલી છે.

હિ.સ.૧૧૯૫(ઈ.સ.૧૭૮૦)માં મુહમ્મદ મુર્તઝા કુરેશી મુઝફ્ફરાબાદી સોરઠીએ 'મજમા ઉન્ નવાદિર' નામનો એક બેનમૂન ફારસી કાવ્યસંગ્રહ લખ્યો. આ પુસ્તકમાં એણે કેટલાંક કાવ્ય નુકતા (અનુસ્વાર કે બિંદુ) વગરના અક્ષરોથી બનેલા શબ્દોમાં લખ્યાં છે, તો કેટલાંક કાવ્ય માત્ર નુકતાવાળા અક્ષરોથી બનેલાં છે. બીજાં કેટલાંક કાવ્ય એવાં છે કે જેઓના શબ્દોમાં એક અક્ષર નુકતાવાળો હોય અને એક નુકતા વગરનો હોય, જે બતાવે છે કે ફારસી ભાષા ઉપર એનું અસાધારણ પ્રભુત્વ હતું.

મુહમ્મદ કાસમ બિન અબ્દુર્રહમાન બુદ્ધાએ પોતાના 'સફીન ઉસ સાદાત' નામના ગ્રંથમાં ગુજરાતના કેટલાક જાણીતા સંત-પુરુષોની હકીકત આપી છે. એ ગ્રંથ હિ. સ. ૧૧૮૪ (ઈ.સ.૧૭૭૦)માં લખાયો.

હિ.સ.૧૧૮૫(ઈ.સ.૧૭૭૧)માં શેખ નિઝામુદ્દીન વલદે શેખ મહમદ યાહ્યાએ 'મખઝન ઉલ અ'રાસ' એટલે 'ઓરસ( ઉર્સ )નો ખજાનો' નામે પુસ્તક લખ્યું તેમાં સંત પુરુષોના મૃત્યુની તારીખો અને ઓરસના દિવસો આપેલા છે.

હિ.સ. ૧૨૨૨ (ઈ.સ.૧૮૦૭)માં સુરતના બક્ષી કુટુંબના મીર મુહમ્મદ ફઝલે હુસેનખાન હમદાનીએ પોતાના કુટુંબની હકીકત દર્શાવતો એક ગ્રંથ નામે 'વકાયએ અહસન ઉલ મદાયહ' લખ્યો.

અમદાવાદની ભોળાનાથ લાઇબ્રેરીમાં કર્તાના નામ વગરની એક ફારસી તારીખ મોજૂદ છે તેમાં અમદાવાદ ધોળકા ભરૂચ વગેરે પરગણાં; જમીનદારોનાં નામ; કાજી મોહતસિબ વગેરે અમલદારોની નિમણૂક તથા વહાણવટાની હકીકતો આપેલી છે. હકીકતોની શરૂઆત હિ. સં. ૧૧૬૭ ( ઈ. સ. ૧૭૫૩ ) થી કરવામાં આવી છે.

અમદાવાદના વતની શ્રી રાજશંકરનો ફારસી ભાષા ઉપર સારો કાબૂ હતો. એણે એક પુસ્તકનો દીબાચો ( પ્રસ્તાવના ) લખ્યો છે એની લખેલી એક હમ્દ ( ઈશ્વરસ્તુતિ ) સંપૂર્ણ શ્રદ્ધા અને શુદ્ધ ભાવનાથી લખાયેલી છે. એનું તખલ્લુસ 'અહકરી' હતું. ફતેહસિંહ ગાયકવાડની તખ્તનશીની વખતે (હિ. સ. ૧૧૮૨-ઈ.સ. ૧૭૬૮) લખેલો એનો એક કસીદો એની કાવ્યકલાનો એક ઉત્તમ નમૂનો છે.

શેખ ઇનાયત બિન શેખ દાકુએ એક પુસ્તક જહાજરાની (વહાણવટા) ઉપર લખ્યું છે તેમાં સમુદ્રો, એનું વાતાવરણ, એમાં થતાં તોફાનો તથા ગ્રહોનાં હલનચલન વગેરેની સંપૂર્ણ અને વિગતવાર માહિતી આપવામાં આવી છે. આ પુસ્તક છપાયું નથી. એની હસ્તપ્રતના અંતે લખવામાં આવ્યું છે : 'કાતિબ અને માલિક, નમ્ર તકસીરવાર મોઅલ્લિમ ઇનાયત બિન મોઅલ્લિમ શેખ દાદુ : મુંબઈ બેટ : રજબ મહિનો.'

અમદાવાદના સૈયદ મોહમ્મદ મીર, તખલ્લુસ સોઝ, હઝરત શાહ કુત્બે-આલમના વંશજ હતા. તેઓ ઘોડેસવારી અને તીર-અંદાઝીમાં કુશળ હતા. એમણે તીરંદાઝી( બાણવિદ્યા ) ઉપર એક સુંદર રિસાલો લખ્યો છે. એમના સૂફીવાદ ઉપર લખેલા કેટલાક પત્રો અને ઉર્દૂમાં લખેલી એક દીવાન પણ છે.

આ ઉપરાંત કેટલાક પારસી લેખકોએ પણ ફારસીમાં ધાર્મિક સાહિત્ય લખ્યું છે. એમાં ફારસી 'ખુલાસયે દીન', ફારસી ગદ્યપદ્યમાં લખાયેલ 'ચરિત્ર-નામા' તથા મહેતા નાનાભાઈની લખેલી 'મોનાજાત' (પ્રાર્થના) વગેરેનો સમાવેશ થાય છે.

એ ઉપરાંત મોબેદ ફરામરોઝ રુસ્તમ ખોરશેદે ફારસી પદ્યમાં 'જહાંગીર-નામા' અને 'કાઉસનામા' નામનાં બે પુસ્તક લખ્યાં છે.

પારસી લેખકોમાં વિશેષ ઉલ્લેખનીય તો મુલ્લાં ફીરોઝ બિન મુલ્લાં કાઉસ હતો. નાની ઉંમરે એણે પોતાના પિતા સાથે ઈરાનની સફર કરી હતી. એ ફારસી સાહિત્યનો ઊંડો અભ્યાસી હતો. એણે વિશ્વવિખ્યાત કવિ ફિરદોસીના મહાકાવ્ય 'શાહનામા'ના અનુકરણમાં 'જ્યૉર્જનામા' નામે એક કાવ્ય લખ્યું છે તેમાં અંગ્રેજોની હિંદુસ્તાનમાંની ફતેહો તથા પોર્ટુગીઝ અમલની શરૂઆતથી ઈ. સ. ૧૮૧૭ માં કંપની સરકારે પુણે લીધું ત્યાં સુધીનો ઇતિહાસ છે.

ગુજરાતમાં રચાયેલ ફારસી સાહિત્યના પ્રાણસ્વરૂપ રૂક્કાત ( પત્રવ્યવહાર) અને બયાઝ( ડાયરી )માં પણ આ સમયના ગુજરાતીઓએ સારો ફાળો આપ્યો

છે. ઘણા હિંદુ અને મુસલમાન લેખકો ડાયરીઓ રાખતા. તેમની ડાયરીઓ અને પત્રલેખન દ્વારા ઇતિહાસનાં પૃષ્ઠ ખોલવામાં ઘણી મદદ મળી શકે એમ છે. ગુજરાતમાં પ્રાપ્ત બધી ડાયરીઓનું પ્રકાશન કરવામાં આવે તો ઇતિહાસમાં ઘણાં નવાં પૃષ્ઠ ઉમેરાય. દા. ત. શોભારામની ડાયરી માત્ર ગુજરાતના જ નહીં, પરંતુ ભારતના ઇતિહાસ સંબંધમાં ઘણી વિગતવાર નોંધ આપે છે. કમનસીબ ફર્રૂખસિયર બાદશાહના મોતની વિગતવાર હકીકત એમાંથી મળી રહે છે. ગુજરાતનો સાચો ઇતિહાસ જાણવા માટે આવાં રુકાત અને બયાઝ ઘણી ઉપયોગી સામગ્રી આપી શકે એમ છે.

હિ.સ. ૧૨૦૦ (ઈ.સ.૧૭૮૫)માં લખાયેલ કિસનજી વૈદનું 'રૂક એ ગરીબ' નામનું પુસ્તક તથા હિ.સ. ૧૨૧૮ (ઈ. સ. ૧૮૦૩)માં લખાયેલ મુનશી ભાલચંદ્રના રૂક્કાત ઉપયોગી નીવડી શકે તેવા છે.

ઈસવી સનની ૧૮ મી સદીના પત્રલેખનનો એક સંગ્રહ કરનાર ગુજરાતનો નાગર બ્રાહ્મણ છબીલારામ હતો. શહેનશાહ ફર્રૂખસિયરે એને 'રાજા' અને 'દીવાને ખાલિસ' એવા ઇલકાબ આપ્યા હતા. શહેનશાહ ફર્રૂખસિયર તથા મુહમ્મદશાહ તથા એમના અધિકારીઓએ રાજા છબીલારામ અને એમના વંશજો ઉપર લખેલા પત્રોનો એ સંગ્રહ છે. રાજા છબીલારામ અને એના વંશજોએ આપેલા જવાબ પણ એમાં સંગૃહીત છે. ગુજરાતના ઇતિહાસ માટે એ સંગ્રહ ઘણો ઉપયોગી થઈ પડે તેવો છે. પત્રવ્યવહારના એ સંગ્રહનું નામ 'અજાયબ ઉલ આફાક' અર્થાત્ 'દુનિયાની અજાયબીઓ' છે. એ સંગ્રહની એક નકલ લંડનના બ્રિટિશ મ્યુઝિયમમાં છે. એની ફોટો-કૉપી ભાવનગરના સ્વ. માનશંકર પીતાંબરદાસ મહેતાએ કરાવી તે શ્રી ફાર્બસ ગુજરાતી સભાને ભેટ આપી છે.

ડાયરી-લેખનમાં આ સમય દરમ્યાન લખાયેલ ડાયરીઓમાં મુનશી નંદલાલ, કિસનજી વૈદ અને ભવાનીશંકર રાયની ડાયરીઓ વધુ મહત્ત્વની છે.

મુનશી નંદલાલ એના સમયનો ફારસીનો જાણીતો વિદ્વાન હતો. એણે ફતેહસિંહરાવ ગાયકવાડના અમદાવાદના સૂબેદાર ગોપાળરાવની પ્રશંસામાં ઘણા કસીદા (પ્રશંસા-કાવ્યો) લખ્યા છે. એ ઉપરાંત કેટલીક રૂબાઈઓ પણ લખી છે. ઉપર્યુક્ત ગોપાળરાવની તારીફમાં ઉર્દૂમાં પણ એક કસીદો લખ્યો છે. એ બતાવે છે કે ઉર્દૂ ભાષા ઉપર પણ એનું સારું એવું પ્રભુત્વ હતું.[૪૬]

## પાદટીપ

૧. R. G. Bhandarkar, *Report on the Search for Sanskrit MSS in the Bombay Presidency*, 1887–91, pp, lxiii ff.
૨. 'आत्मप्रबोध' (ગુજ. અનુ. ગ્રં. ભા. શાહ), પ્રસ્તાવના, પૃ. ૭
૩. મોહનલાલ દ. દેશાઈ, 'જૈન ઐતિહાસિક રાસમાળા', ભા. ૧, પૃ. ૫૯–૬૬
૪. મોહનલાલ દ. દેશાઈ, 'જૈન ગૂર્જર કવિઓ', ભા. ૩, પૃ. ૧૮૧
૫. पंडित श्रीशिवनारायण शास्त्री, तर्कसंग्रहतारोदय, पृ. २४, पा.टी. ३
૬. મોહનલાલ દ. દેશાઈ, 'જૈન ગૂર્જર કવિઓ', ભા. ૩, પૃ. ૩૩૨;
अं. प्र. शाह, 'जैन साहित्यका बृहद् इतिहास, पृ. ६१
૭. અંબાલાલ પ્રે. શાહ, 'ગુર્જર-દેશ-રાજવંશાવલી', સ્વાધ્યાય, પુ. ૫, પૃ. ૨૪૧–૬૦
૮–૯. રમેશચંદ્ર લાભશંકર પંડ્યા (સંપા.). 'शिक्षापत्री', પૃ. ૨, ૩
શતાનંદ મુનિ અને દીનાનાથ ભટ્ટ વચ્ચેના સંબંધની ચર્ચા માટે જુઓ નીચે પાદટીપ નં. ૧૧.
૧૦. J. A. Yajnik, *The Philosophy of Śriswâminārāyaṇa*, p. 9
૧૧. આ ગ્રંથના કર્તૃત્વ માટે કેટલીક મતભેદ પ્રવર્તે છે. કેટલાક માને છે કે 'શતાનંદ મુનિ' એ તો ખરી રીતે ભરૂચ જિલ્લાના આમોદ ગામના વિદ્વાન બ્રાહ્મણ દીનાનાથ ભટ્ટનું સાહિત્યિક ઉપનામ હતું [ રમેશચંદ્ર લા. પંડ્યા (સં.), ઉપર્યુક્ત પૃ. ૨, ૩]. શ્રી કિશોરલાલ મશરૂવાલા પણ આ કૃતિ દીનાનાથ ભટ્ટની માને છે ( કિશોરલાલ મશરૂવાલા, 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય,' પૃ. ૩૯ ).
૧૨. કીર્તનમાલા, સંપાદક શ્રી મસ્ત.
૧૩. પ્રા. કા., ગ્રં. ૨૩–૨૪ અને પ્રા. કા. ત્રૈ., વર્ષ ૪ થું અંક ૩; વર્ષ ૩ જું, અંક ૨
૧૪. પ્રા. કા., ગ્રં. ૨ જો, એનું ચરિત
૧૫ ગુજરાતી પ્રેસ (મુંબઈ) અને ફાર્બસ ગુ. સભા(મુંબઈ)ના સંગ્રહોમાં એની રચનાઓની હાથપ્રતો છે.
૧૬. પ્રા. કા. ત્રૈ., વર્ષ ૫, અંક ૧ લો અને પ્રા. કા. સુધા. ભા. ૩ જો
૧૭. પ્રા. કા., ગ્રં. ૭ મો અને બૃ. કા. દો., ભાગ ૩ અને ૫
૧૮. બૃ. કા દો., ભાગ ૨ જો　　　　૧૯. ફા. ગુ. સભાનો હ. લિ. પુ. સંગ્રહ
૨૦. બૃ. કા. દો., ભાગ ૫ મો　　　　૨૧. ડાહ્યાભાઈ કવિ, કવિચરિત્ર
૨૨. ગુ વિ., હ. લિ. પુ. સંગ્રહ, નં. ૪૫૫
૨૩. પ્રા. કા., ગ્રં. ૨૨, બૃ. કા. દો., ભાગ ૧, ૫ થી ૮
૨૪ પ્રા કા., ગ્રં. ૧ ભાગ ૧૦ મો
૨૫. ડા. પી. દેરાસરી. 'જનીબાઈ' : છઠ્ઠી ગુ. સા. પરિષદનો અહેવાલ
૨૬. કૃ. મો. ઝવેરી, ગુ. સા. માર્ગ. સ્તંભો, પૃ. ૧૩૫
૨૭. પ્રા. કા. સુધા, ભાગ ૪ થો

૨૮. ડાહ્યાભાઈ કવિ, કવિચરિત્ર અને ગુ. હ. લિ. પુ.ની સંકલિત યાદી, પૃ. ૬૬–૬૭
૨૯. પ્રા. કા. ગ્રંથ ૬ ૩૦ ડાહીલક્ષ્મી લાઇબ્રેરી નડિયાદ, હ. લિ. પુ. નં. ૧૨૭
૩૧. ગુ. વિ. સભા, હ. લિ. પુ. નં. ૫૪૨અ
૩૨. બૃ. કા. દો. ભાગ ૭, પૃ. ૭૭૧–૭૭
૩૩. બૃ. કા. દો. ભાગ ૫, પૃ. ૭૯૮–૮૦૦
૩૪. બૃ. કા. દો. ભાગ ૭, પૃ. ૮૨૫–૭ ૩૫. બૃ. કા. દો. ભાગ ૭
૩૬. ફા. ગુ. સ., હ. લિ. પુ. નં. ૩૭૧–૩૭૨ ક–ખ
૩૭. કે. કા. શાસ્ત્રી, કવિચરિત, ગ્રં. ૩ જો (હાથની નકલ)
૩૮. ગુ. વિ. સ. હ. લિ. પુ. નં. ૫૧૩ અ
૩૯. ફા. ગુ. સભા હ. લિ. પુ. નં. ૩૦૩ ક–ખ
૪૦. ફા. ગુ. સભાની હસ્તપ્રતની યાદી, ભાગ ૧
૪૧. ફા. ગુ. સભાની હ.પુ.ની યાદી અને બૃ. કા. દો., ભાગ ૫ મો
૪૨, M. R. Majmudar (ed.) : *The Maratha Supremacy*, p. 695
૪૩. દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી, 'ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો', પૃ. ૮૪
૪૪. M. R. Majmudar, *op.cit.*, p. 695
૪૫. अब्दुल्ला, सैयद, ' अदबियाते फारसीमें हिन्दुओंका हिस्सा ', ' अंजूमने तरक्कीए उर्दू ', १९४२
૪૬. આ ફારસી કૃતિઓ અંગેની વિગતો દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરીના ઉપર્યુક્ત પાદટીપ નં. ૪૩ માંના ગ્રંથમાંથી લેવામાં આવી છે.

પ્રકરણ ૧૦

# ધર્મ-સંપ્રદાયો

## ૧. હિંદુ-જૈન

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં અગાઉના મુઘલકાલની તુલનાએ હિંદુ-જૈન ધર્મની અનુયાયી પ્રજામાં ધાર્મિક-સાંપ્રદાયિક પરિવર્તનો જણાતાં નથી. ધાર્મિક સ્થિતિમાં કોઈ ગણનાપાત્ર ફેરફારો નથી તેમજ સ્વામી સહજાનંદે પ્રવર્તાવેલા સ્વામિનારાયણ સંપ્રદાયને બાદ કરતાં કોઈ વિશિષ્ટ ધાર્મિક પરિબળો પણ નજરે પડતાં નથી; પ્રજાનું ધાર્મિક-સાંપ્રદાયિક જીવન પૂર્વવત્ વ્યતીત થતું હતું. પ્રવર્તમાન રાજકીય અશાંતિને પરિણામે ઊભી થયેલી સામાજિક-આર્થિક અવ્યવસ્થાને કારણે, થોડાક અપવાદોને બાજુએ રાખીએ તો, ધાર્મિક-સાંપ્રદાયિક જીવનનું પરિણામ મુખ્યત્વે સ્થાનિક હતું.

સ્વામિનારાયણ સંપ્રદાયે તત્કાલીન ગુજરાત પ્રદેશના કલહથી દૂષિત વાતાવરણમાં ધાર્મિક અને સામાજિક સુધારણાનું પ્રશસ્ય કાર્ય કર્યું. સોલંકી કાલમાં થયેલા ચક્રધર સ્વામીએ ગુજરાતમાં ભરૂચથી મહારાષ્ટ્ર-વિદર્ભમાં જઈ મહાનુભાવ સંપ્રદાય પ્રવર્તાવ્યો હતો તેમ ઉત્તર પ્રદેશના છપૈયામાંથી ગુજરાતમાં આવી સ્વામી સહજાનંદે સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપી, જીવનશક્તિનો મંત્ર આપી સમાજના નીચા ગણાતા વર્ગોમાં સુધારણાનું પ્રવર્તન કર્યું તથા શાંતિ અને સુરાજ્યની સ્થાપનાના કાર્યમાં પણ અમૂલ્ય પ્રદાન કર્યું. 'મારે તેની તલવાર'નો યુગ પ્રવર્તતો હતો ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયે સાત્ત્વિક ભક્તિ, વૈરાગ્ય, સદાચાર અને સત્સંગ ઉપર ભાર મૂકી લોકોને સદાચારને માર્ગે વાળ્યા. ગુજરાત મૂળથી જ અહિંસાધર્મી ગણાય છે, પણ આ સમયમાં ગુજરાતમાં કાળી અંબા શીતળા મહામારી બળિયાકાકા ભૈરવવીર વગેરેના સાંત્વનાર્થે એટલી જીવહિંસા થતી કે સ્વામિનારાયણને એ રૂઢિ સામે ભારે મોટો સંઘર્ષ કરવો પડ્યો હતો; પોતાનાં જીવ અને સ્વતંત્રતાને જોખમમાં નાખવાં પડેલાં અને શાસ્ત્રાર્થો કરવા પડ્યા હતા.[1]

સહજાનંદ સ્વામીનો જન્મ ઈ. સ. ૧૭૮૧ (સં. ૧૮૩૭)માં થયો હતો ને એમનો સ્વર્ગવાસ ઈ. સ. ૧૮૩૦ (સં. ૧૮૮૬)માં માત્ર ૪૯ વર્ષની વયે થયો હતો. સહજાનંદ સ્વામીની જન્મભૂમિ છપૈયા ગામ અયોધ્યાથી દસેક માઈલ

દૂર આવેલું છે. એ ગામના વતની હરિપ્રસાદ પાંડે અને પ્રેમવતી નામે બ્રાહ્મણ દંપતીને ઘેર સં. ૧૮૩૭ની રામનવમીની રાત્રે એમનો જન્મ થયો. એમનું બાલપણનું નામ ઘનશ્યામ હતું અને ત્રણ ભાઈઓમાં તેઓ વચેટ હતા. નાનપણથી જ એમને તપશ્ચર્યા દેવદર્શન વ્રતનિયમ અને કથાવાર્તા ઉપર અતિશય પ્રેમ હતો. તેઓ અગિયાર વર્ષના થયા ત્યારે માતા–પિતાનો સ્વર્ગવાસ થયો. એ પછી ત્રણેક માસ બાદ મોટા ભાઈએ કોઈ નિમિત્તે ઠપકો આપતાં ઘનશ્યામે ગૃહત્યાગ કર્યો અને વર્ણી-વેશ ધારણ કર્યો. ત્યાર પછી એ 'નીલકંઠ વર્ણી' તરીકે ઓળખાયા અને સાત વર્ષ સુધી અનેક તીર્થોમાં ફર્યા. સં. ૧૮૫૬ (ઈ. સ. ૧૭૯૯)ના શ્રાવણ વદિ છઠના દિવસે સોરઠમાં માંગરોળ પાસે લોહેજ ગામમાં તેઓ મુક્તાનંદ સ્વામીને મળ્યા અને એ જ વર્ષના જેઠ વદિ બારસના દિવસે પિપલાણા ગામમાં રામાનંદ સ્વામીને મળ્યા. સં. ૧૮૫૭ના કાર્તિક સુદિ અગિયારસના દિવસે રામાનંદ સ્વામી પાસે ભાગવતી દીક્ષા લીધી. નીલકંઠ વર્ણીને 'સહજાનંદ' નામ આપવામાં આવ્યું. સં. ૧૮૫૮ના માગસર સુદિ તેરસના દિવસે રામાનંદ સ્વામીએ પોતાના સ્વર્ગવાસના એક મહિના પહેલાં સહજાનંદ સ્વામીને ઉદ્ધવ સંપ્રદાયના આચાર્યપદે સ્થાપીને દેહત્યાગ કર્યો. એ પછી ૨૮ વર્ષ, ૫ માસ અને ૨૭ દિવસ સુધી સહજાનંદ સ્વામીએ ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં પ્રચારનું કાર્ય સ્વયં તેમજ પોતાના અનુયાયી સાધુસંતો દ્વારા ચાલુ રાખ્યું.[2]

વડતાળ અને અમદાવાદ એ બે સ્થળોએ બે ગૃહસ્થ આચાર્યોને પોતાના ધર્મકુળમાંથી પસંદ કરીને એમણે સ્થાપ્યા. અંતિમ વર્ષોમાં ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં અનેક મંદિર બંધાવ્યાં. શતાનંદ મુનિ પાસે 'સત્સંગી જીવન' ગ્રંથ સંસ્કૃતમાં તૈયાર કરાવ્યો, જેમાં સંસ્કૃતમાં રચેલ 'શિક્ષાપત્રી' દાખલ કરી. સહજાનંદજીએ ગુજરાતી ભાષામાં આપેલાં પ્રવચનોનો 'વચનામૃત' નામથી સંગ્રહ કરવાનું શ્રેય સંપ્રદાયના મુક્તાનંદ ગોપાળાનંદ નિત્યાનંદ અને શુકાનંદ સ્વામીઓને છે. સ્વામિનારાયણ જ્યારે જ્ઞાનવાર્તા કરતા ત્યારે આ ચારે સદ્‌ગુરુઓ એની નોંધ કરી લેતા ને પછી ભેગા મળી પ્રમાણરૂપ થાય એવો લેખ તૈયાર કરતા. એક વચનામૃતમાં નિત્યાનંદ સ્વામીએ એ દિવસ સુધીનાં વચનામૃતોનો સંગ્રહ સહજાનંદ સ્વામીને બતાવ્યો અને એ જોઈને તેઓ ખુશ થયા એમ નોંધેલું છે, તેથી આ અધિકૃત પ્રવચન-સંગ્રહ છે.[3] તળપદી સૌરાષ્ટ્ર બોલીની છાંટવાળા આ પ્રવચન-સંગ્રહમાં તાત્ત્વિક અને સૂક્ષ્મ વિચારોને સામાન્ય જનો પણ સમજે તેવા ગુજરાતી ગદ્યમાં લોકગમ્ય કરવાનો સફળ પ્રયાસ છે. એમના ઉપદેશોમાં વૈષ્ણવ સેવાવૃત્તિ, જૈન

'ધર્મની કડક સંયમશીલતા, રામાનુજની વિશિષ્ટ ઉપાસના, પુષ્ટિમાર્ગીય વ્રતોત્સવ-પ્રણાલી અને દેશકાલાનુસારી વ્યવહારુ સમજણનો સમન્વય દેખાય છે. એમણે કોઈ નવા તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કર્યો નથી. 'શિક્ષાપત્રી'માં તેઓએ સ્પષ્ટ કહ્યું છે કે પોતાને રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત માન્ય છે—मतं विशिष्टाद्वैतं मे ।

સહજાનંદજીએ બંધાવેલાં મંદિરોમાંનાં કેટલાંક અનુ-મરાઠાકાલીન સ્થાપત્યના સુંદર નમૂના છે. અમદાવાદ શહેરની મધ્યમાં આવેલું સ્વામિનારાયણનું મંદિર તથા એની આસપાસનું લાકડાનું કોતરકામ શિલ્પકળાની દૃષ્ટિએ સુંદર અને દર્શનીય ગણાય છે. ઘણાંખરાં મંદિરોની આયોજના સહજાનંદજીના મુનિમંડળમાંના બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીના હાથે થઈ હતી. સ્વામિનારાયણના સમયમાં બધાં મંદિર ગુરુભક્ત વૈષ્ણવ જનોએ એટલે કે સંપ્રદાયના અનુયાયીઓએ અને ત્યાગીઓએ જ બાંધ્યાં હતાં. ઘણુંખરું મજૂરીનું કામ ત્યાગીઓ કે સત્સંગી કડિયા અને સુથારો કરતા. સ્વામિનારાયણનો જ્યાં મુખ્ય નિવાસ હતો તે ગઢડાનું મંદિર બાંધ્યું ત્યારે દરેક જણે સવાર-સાંજ નાહીને આવતી વખતે એક એક પથરો ઉપાડી લાવવો એવો નિયમ હતો. એ રીતે સ્વામિનારાયણ પોતે પણ એક પથરો માથે મૂકીને લાવતા.[૪]

સ્વામિનારાયણ સંપ્રદાયના નિયમ, ખાસ કરીને સાધુઓ માટે, ઘણા કડક હતા.[૫] પણ સહજાનંદજી એક અપ્રતિમ યોજક હતા. તેઓ એક બાજુ ભક્તોને અતિશય કઠણ નિયમોથી કસતા અને કોઈ વાર એમની શ્રદ્ધાની આકરી પરીક્ષા લેતા, તો બીજી બાજુ ભક્તોને લાડ લડાવવામાં પણ કચાસ ન રાખતા.[૬]

અહિંદુ જાતિઓને હિંદુ ધર્મમાં દાખલ કરવામાં પણ ગુજરાતમાં તો એ કાલમાં સહજાનંદજી પ્રથમ હતા. સુરતના સુપ્રસિદ્ધ અરદેશર કોટવાળ તથા કેટલાક ખોજા મુસલમાનોએ સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો હતો અને હજી પણ કેટલાક ખોજા સ્વામિનારાયણ-સંપ્રદાયના અનુયાયી છે.[૭]

સ્વામિનારાયણ માત્ર ધર્મપ્રવર્તક નહોતા, ધર્મસુધારક અને સંસારસુધારક પણ હતા. હલકી ગણાતી જાતિઓમાં સુધારણાનું અને ઉચ્ચ ધાર્મિક સંસ્કારો પાડવાનું કામ એમણે અને એમના સાધુઓએ મોટા પાયા ઉપર કર્યું. એ માત્ર વ્યક્તિગત કાર્ય નહોતું, પણ નવો શબ્દ પ્રયોજીને કહીએ તો, એક આંદોલન હતું. સ્વામિનારાયણના ઘણા શિષ્યો કડિયા દરજી સુથાર ખારવા મોચી અને અંત્યજ હતા. તેથી તો જૂના સાંપ્રદાયિકોને એમનો વિરોધ કરવાનું

એક મોટું કારણ મળ્યું હતું. અંગ્રેજ લેખકોએ સ્વામિનારાયણને મહાન હિંદુ સુધારક ( a great Hindu reformer ) તરીકે ઓળખાવ્યા છે. હલકી ગણાતી જાતિઓને સંસ્કૃત કરવાની સ્વામિનારાયણની પદ્ધતિ વિશિષ્ટ પ્રકારની હતી. એમનો સુધારો નીચી ગણાતી જાતિઓને ઊંચે ચડાવી એમાં ઉચ્ચ સંસ્કારો પાડવાનો હતો. મદ્ય માંસ અને કેફી વસ્તુઓનો ત્યાગ, રોજ સ્નાન અને પૂજા કર્યા વિના જમવું નહિ, ગાળ્યા વિનાનાં દૂધ કે પાણી પીવાં નહિ, એ સ્વામિનારાયણીય સંસ્કારો હતા.[૮]

"જે સમયે ગુજરાત–સૌરાષ્ટ્રમાં અંધકાર છાઈ રહ્યો હતો તે વખતે પોતાના પ્રતાપથી અનેક હૃદયોને પ્રકાશ પમાડનાર, અનેકનાં ચિત્તનું આકર્ષણ કરી એમને 'ગુરુવચને ચૂરેચૂરા' થઈ જાય તેવા સ્વવશ કરી મૂકનાર, કાઠી-કોળી જેવા અનેકની ચૌર્યવૃત્તિઓને ચોરી લેનાર, લુપ્ત થયેલા બ્રહ્મચર્યાશ્રમને પુનઃ સ્થાપનાર, નિરંકુશ અને સ્વચ્છંદી બનેલા બ્રહ્મચર્યાશ્રમને ઉજ્જવલ કરનાર, પતિત થયેલા ગુરુઓ અને આચાર્યો માટે સંયમનો આદર્શ બેસાડનાર, સ્ત્રીઓને સમાજ તથા સંપ્રદાયમાં ચોક્કસ સ્થાન આપી એમની ઉન્નતિ કરનાર, અ-હિંદુને હિંદુ ધર્મમાં શામિલ કરનાર, શૂદ્રોને આચારશુદ્ધિ શીખવનાર, સાહિત્ય સંગીત તથા કળાના પોષક, અહિંસામય યજ્ઞના પ્રવર્તક, ક્ષમાધર્મના ઉપદેશક, શૌચ અને સદાચારના સંસ્થાપક, શુદ્ધ ભક્તિમાર્ગ અને શુદ્ધ જ્ઞાનમાર્ગના ચાલક, ભાગવત ધર્મના શિક્ષક તથા વ્યાસસિદ્ધાંતના બોધક એવા સહજાનંદ સ્વામી હતા."[૯]

સ્વામિનારાયણ સંપ્રદાયમાં અનેક સમર્થ ભક્તકવિઓ થઈ ગયા છે અને એમણે એનો સંદેશ મધુર વાણીમાં વહાવી લોકપ્રિય બનાવ્યો છે. એ કવિઓમાં મુક્તાનંદ ( ઈ.સ. ૧૭૬૬–૧૮૩૦ ), બ્રહ્માનંદ ( ઈ. સ. ૧૭૭૨–૧૮૩૨ ), પ્રેમાનંદ પ્રેમસખી ( ઈ. સ. ૧૭૮૪–૧૮૫૫ ), નિષ્કુળાનંદ ( ઈ.સ. ૧૭૬૬–૧૮૪૮ ), દેવાનંદ ( ઈ. સ. ૧૮૦૩–૧૮૫૪ ), ભૂમાનંદ ( ઈ. સ. ૧૭૯૬–૧૮૬૮ ), મંજુકેશાનંદ ( અવસાન ઈ. સ. ૧૮૬૩ ) વગેરે મુખ્ય છે.[૧૦] સ્પષ્ટ છે કે એમાંના ઘણાક સહજાનંદ સ્વામી કરતાં વયમાં મોટા હતા, પણ સહજાનંદજીના ગુણ–વિશેષોએ એમને આકર્ષ્યા હતા.

કવિ દયારામ ( ઈ. સ. ૧૭૭૭–૧૮૫૩ ) આ સમયમાં થઈ ગયા; જો કે એમનું જીવન ઠેઠ અર્વાચીન કાલના અરુણોદય સુધી લંબાયું હતું. મહાન ગુજરાતી કવિ હોવા સાથે સાંપ્રદાયિક દૃષ્ટિએ તેઓ પુષ્ટિમાર્ગના ચુસ્ત અનુયાયી હતા. એમનું જીવન-કવન સૂચવે છે કે મુઘલ કાલમાં ગુજરાતમાં દૃઢમૂલ થયેલો

પુષ્ટિમાર્ગ પ્રજાજીવનમાં પૂર્વવત્ પ્રવર્તમાન હતો. ગુજરાતી 'રામાયણ'નો કર્તા ગિરધર, જ્ઞાનમાર્ગની કાફીઓ રચનાર ધીરો, ધર્મઢોંગીઓને ચાબખા મારનાર ભોજો, 'હરિનો મારગ' જેવાં અમર પદો રચનાર પ્રીતમ, નિરાંત અને એની શિષ્યા વણારસીબાઈ, પરણામી સંપ્રદાયના પ્રસારક પ્રાણનાથ ('ઇંદ્રાવતી' તરીકે) વગેરે ભક્તો આ યુગમાં થઈ ગયાં. કૃષ્ણાબાઈ ગવરીબાઈ પૂરીબાઈ વગેરે કવયિત્રીઓ પણ આ કાલમાં થઈ. જૈન કવિઓની વિપુલ લેખન-પ્રવૃત્તિ આ કાલમાં ચાલુ હતી.[૧૧] પૌરાણિક શૈવ ધર્મ પણ, અગાઉની જેમ, પ્રવર્તમાન હતો ને એને લગતું સાહિત્ય રચાયું છે. ઉદાહરણ તરીકે શામળભટનું 'શિવપુરાણ' પ્રસિદ્ધ છે. જૂનાગઢના દીવાન રણછોડજી (શિવ-માહાત્મ્ય) જેણે 'તવારીખે સોરઠ' નામે ફારસી ઇતિહાસગ્રંથ રચ્યો છે, તેણે 'શિવબાવની' અને 'શિવ મહારત્નાકર' એ વ્રજભાષાના સુંદર પદ્યગ્રંથો ઉપરાંત 'શિવરહસ્ય' 'શિવગીતા' 'શિવરાત્રિમાહાત્મ્ય' એ ગુજરાતી કૃતિઓ અને 'ચંડીપાઠના ગરબા' પણ રચ્યા છે. પૌરાણિક શિવ-ભક્તિ અને શિવસ્તુતિનું તથા શિવપુરાણ-સંબદ્ધ કથાઓનું અને દેવીસ્તુતિનું બીજું વિવિધ ગુજરાતી સાહિત્ય પણ આ સમયમાં રચાયેલું છે. અરાજક અને અંધાધુંધીથી ભરેલા આ કાલમાં અનેક સંતો ભજનિકો અવધૂતો ત્યાગીઓ ઓલિયા થઈ ગયા છે. આચાર્ય આનંદશંકર ધ્રુવે કહ્યું છે તેમ, સમાજ-શરીર લગભગ નિશ્ચેતન થઈ ગયું હતું ત્યારે પણ ધર્મની નાડીમાં ચૈતન્ય હતું.[૧૧અ]

મુઘલ-કાલમાં થયાં હતાં તેવાં સ્થાપત્ય આ યુગમાં થાય એવી પરિસ્થિતિ નહોતી, તોપણ કેટલાંક હિંદુ બાંધકામ ઉલ્લેખપાત્ર છે. અલબત્ત, એ વિશેની નોંધ સંપૂર્ણ નહિ, પણ ઉદાહરણાત્મક સમજવાની છે. ઉત્તર ગુજરાતમાં ગદાધર અથવા શામળાજીના મંદિરનો જીર્ણોદ્ધાર ઈ. સ. ૧૭૬૨ માં થયો હતો.[૧૨] તળ ગુજરાતના સૌથી મોટા વૈષ્ણવ તીર્થ ડાકોરનું હાલનું મંદિર પેશવાના શરાફ, સતારાના ગોપાળ જગન્નાથ તાંબેકરે ઈ. સ. ૧૭૭૨ માં બંધાવ્યું હતું.[૧૩] પ્રભાસપાટણમાં સોમનાથનું મંદિર અહલ્યાબાઈ હોલકરે ઈ. સ. ૧૭૮૭ માં બંધાવ્યું હતું.[૧૪] સિદ્ધપુરમાં અહલ્યાબાઈનો મઠ ઈ. સ. ૧૭૯૫ માં બંધાયો હતો.[૧૫] ઉત્તર ગુજરાતના પાટણમાં બ્રાહ્મણોના સ્મશાનમાં હરિહરેશ્વર મહાદેવના પ્રાચીન મંદિર સામેના બ્રહ્મકુંડમાં શેષશાયીની વિશાળ અને દર્શનીય મૂર્તિ છે, એ કુંડનો જીર્ણોદ્ધાર ફતેસિંહરાવ ગાયકવાડે ઈ. સ. ૧૭૮૪ (સં. ૧૮૪૧)માં કરાવ્યો હોવાનો શિલાલેખ ત્યાં છે.[૧૬] ૧૮ મી સદીના મધ્યમાં સુરતના શાહુકાર અભેરામે તાપીના કિનારે અશ્વિનીકુમાર મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.[૧૭]

ઓગણીસમી સદીના આરંભમાં કૃષ્ણ અર્જુન ત્રવાડીએ સુરતમાં બાલાજીનું મંદિર ત્રણ લાખ રૂપિયા ખર્ચીને બંધાવ્યું હતું.[૧૮]

ઈ.સ. ૧૭૬૧ માં 'મિરાતે એહમદી' તવારીખ પૂરી કરનાર અલી મુહમ્મદખાને અમદાવાદનાં પ્રસિદ્ધ મંદિરોમાં, કારંજમાં ભદ્રના કિલ્લાની પૂર્વ દીવાલમાં આવેલા ભદ્રકાલીના જાણીતા મંદિરનો ઉલ્લેખ કર્યો નથી, એ ઉપરથી અનુમાન થાય છે કે એ મંદિર ત્યાર પછી મરાઠી શાસનકાલમાં બંધાયું હશે.[૧૯] પાટણમાં સોલંકી કાલની રાજગઢીના અવશેષને અડીને આવેલ ભદ્રકાલીનું મંદિર પણ મરાઠા કાલમાં બંધાયું લાગે છે. પાટણ ભૂતપૂર્વ વડોદરા રાજ્યનો ભાગ હતું. વડોદરા રાજ્યનું વિલીનીકરણ થયું ત્યાં સુધી રાજપ્રતિનિધિ તરીકે પાટણના વહીવટદાર ( મામલતદાર ) વિજયાદશમીના દિવસે શમીપૂજન માટે આ મંદિર પાસેના સમીવૃક્ષ આગળ આવતા ને પૂજન પછી મંદિરે દર્શન કરીને કચેરીએ જતા. એ બાબત પણ આ મંદિર રાજ્યાશ્રિત હોવાનો દ્યોતક છે.

ઉત્તર-મુઘલ કાલમાં અને મરાઠી શાસન-કાલમાં સોમનાથ અને દ્વારકા જેવાં પ્રસિદ્ધ તીર્થસ્થાનોનું રક્ષણ–સંગોપન મરાઠાઓના હાથમાં હતું. ચાણોદ પાસે કરનાળીમાં, અન્ય તીર્થોમાં તથા વડોદરા અને બીજાં કેટલાંક નગરોમાં પુરાણોની કથાવાર્તા નિયમિત રીતે ચાલે એ માટેની વ્યવસ્થા 'વ્યાસાસન-' રૂપે હતી. ગાયકવાડ સરકારના એક હોદ્દેદાર 'ધર્માધિકારી' હતા. સરકારી દેવસ્થાનોની સુવ્યવસ્થા રાખવી, જે દેવસ્થાનો મઠો મંદિરો વગેરેને સરકારી મદદ મળતી હોય તેઓની દેખરેખ રાખવી તથા ધર્મ અને નીતિ વિશે પ્રસંગોપાત્ત વ્યાખ્યાન આપવાં એ ધર્માધિકારીનું કાર્ય હતું. (સને ૧૯૪૯ માં વડોદરા રાજ્યનું વિલીનીકરણ થયું ત્યાં સુધી ધર્માધિકારીનો હોદ્દો ચાલુ રહ્યો હતો.) મરાઠી રાજ્ય અમલ નીચે વડોદરા સંસ્કૃત વિદ્યાનું કેંદ્ર બન્યું હતું ને ત્યાંની શ્રાવણ માસ દક્ષિણા પરીક્ષા આપવા માટે દેશના જુદા જુદા ભાગોમાંથી પંડિતો આવતા. ( આ પરીક્ષાઓ પ્રકારાંતરે વડોદરામાં હજી ચાલુ છે. અમદાવાદમાં ગુજરાત કૉલેજમાં સ્નાતકોત્તર ફેલોને 'દક્ષિણા ફેલો' કહેવામાં આવે છે, કેમકે અમદાવાદમાં મરાઠી શાસનનો અંત આવ્યો એ સમયે વિદ્વાન બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે જે રકમની વ્યવસ્થા હતી તેમાંથી એ 'ફેલોશિપ'ની જોગવાઈ પાછળથી કરવામાં આવી હતી, જે મુંબઈ પૂના વગેરેની સરકારી કૉલેજોમાં પણ ચાલુ હતી જ. ) જામનગર અને સુરત પણ સંસ્કૃત વિદ્યાનાં સારાં કેંદ્ર હતાં ને સ્વામિનારાયણનાં મંદિરો સાથેની પાઠશાળાઓમાં વિવિધ શાસ્ત્રોના અભ્યાસને વિશિષ્ટ ઉત્તેજન મળતું હતું.

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં જૈનધર્મ પ્રજાના એક સમૃદ્ધ વર્ગનો હતો અને એનું વિપુલ સાહિત્ય બહુશઃ ગુજરાતીમાં અને કેટલુંક સંસ્કૃતમાં રચાયું છે એનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે, પણ મુઘલ કાલમાં દૃશ્યમાન છે તેવાં પરિબળો કે આંદોલનો, જૈન સમાજને સંબંધ છે ત્યાં સુધી આ કાલમાં દેખાતાં નથી. જો કે વીરવિજયજી આદિ સાધુકવિઓની સમાજાભિમુખતા તેમ પ્રભાવ નોંધપાત્ર છે. ઈ. સ. ૧૭૬૨ માં મુનિ રઘુનાથજીના મૂર્તિવિરોધી શિષ્ય ભીખમજીએ તેરા પંથ સ્થાપ્યો,[૨૦] જો કે એ પંથના અનુયાયીઓ મુખ્યત્વે મારવાડમાં અને કેટલાક કચ્છમાં છે, તળ-ગુજરાતમાં ખાસ નથી.

જૈનોની મંદિરનિર્માણ અને સંઘયાત્રાની પ્રવૃત્તિ આ કાલખંડમાં પણ ચાલુ રહી હતી, જો કે રાજકીય આદિ સંજોગોને કારણે એનું પ્રમાણ અગાઉ કરતાં ઓછું રહ્યું હતું. આ કાલખંડનાં છેવટનાં ૧૮ વર્ષોમાં શત્રુંજય ઉપર કેટલાંક જૈન મંદિર બંધાયાં હતાં.[૨૧] ઈ. સ. ૧૭૮૭ માં શત્રુંજય ઉપર પ્રેમચંદ મોદીની ટૂંકની સ્થાપના થઈ અને ત્યાં કેટલાંક મંદિર બંધાયાં. ઈ. સ. ૧૮૦૫ માં સુરતના ઇચ્છાભાઈ શેઠે શત્રુંજય ઉપર ઇચ્છાકુંડ બાંધ્યો.[૨૨] મુઘલ કાલના ધાર્મિક–સામાજિક–આર્થિક વૃત્તાંતમાં જેમનો નિર્દેશ આવી ગયો છે તે શાંતિદાસ ઝવેરીના તથા એમના વંશમાં થયેલા અમદાવાદના નગરશેઠ ખુશાલચંદના વંશજ વખતચંદે ઈ. સ. ૧૮૦૮ માં શત્રુંજયનો સંઘ કાઢચો હતો અને ડુંગર ઉપર કેટલીક મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી હતી.[૨૩] ગાયકવાડ સરકાર સાથે એમનો સારો સંબંધ હોઈ આવી સંઘયાત્રાઓ તેઓ સલામતીપૂર્વક યોજી શકતા હતા.

સુરતથી જે જૈન સંઘ શત્રુંજય જતા તેઓ બિનસલામત અને લાંબા ખુશ્કી માર્ગ કરતાં સુરતથી ડુમસ અને ત્યાંથી સમુદ્રમાર્ગે ભાવનગર થઈ શત્રુંજયનો માર્ગ પસંદ કરતા. આમ સુરતથી સૌરાષ્ટ્ર આવવા માટે સમુદ્રમાર્ગ વિશેષ અનુકૂળ છે. મૂળ પાટણના અને પાછળથી સુરતમાં વસેલા કચરા કીકાએ સુરતથી સમેતશિખરનો સંઘ કાઢચો ત્યારે જમીન માર્ગ કરતાં દક્ષિણે કાલીકટ થઈ લાંબા ચકરાવાવાળો સમુદ્રમાર્ગ વધારે સલામત લેખાયો હતો.[૨૪]

જૈન સંવેગી સાધુઓ અને એમાંયે જૈન યાત્રિકો સમગ્ર પ્રજા સાથે સમરસ થયેલા હતા અને સમાજના માનપાત્ર હતા. સમાજના વ્યાપક શિક્ષણમાં પણ યતિઓનો ફાળો ગણનાપાત્ર હતો.[૨૫] વૈદ્યક અને જ્યોતિષના લોકહિતાર્થે પ્રયોગ દ્વારા તેઓ બહુસમાજના પ્રત્યક્ષ સંસર્ગમાં હતા. જે સેંકડો જૈન ગ્રંથ ગુજરાતી અને સંસ્કૃતમાં રચાયા છે તેમજ બહુસંખ્યક શાસ્ત્રગ્રંથો ઉપર

બાલાવબોધ કેટલાયે સાધારણ વાચકો કે અધ્યેતાઓ માટે લખાયા છે તે બતાવે છે કે અસ્થિરતાથી ભરેલા આ કાલમાં પણ જૈન ઉપાશ્રયોમાં લોકશિક્ષણનું કાર્ય શાંત અને અવિરતપણે ચાલ્યા કરતું હતું. ઉપાશ્રયોમાં દરરોજ બપોરે થોડાક જૈન ગૃહસ્થ એકત્ર થાય અને એમાંથી એક જણ કોઈ રાસકૃતિ લલકારીને વાંચે અને બીજાઓ એ સાંભળે એ પ્રથા એકાદએ પેઢી પહેલાં ચાલુ હતી. ઘણાક રાસાઓની રચના આ પ્રકારના પઠન માટે કોઈ ગૃહસ્થ કે ગૃહસ્થોની વિનંતીથી થઈ હતી.

વિવિધરંગી ગુજરાતી પ્રજાનું આંતર ચૈતન્ય ટકાવી રાખવામાં સૌથી મોટો ફાળો કોઈનો હોય તો એ મધ્યકાળના કવિઓ સંતો ભજનિકો અને કથકો–કથાકારોનો છે. ઇતિહાસના સૌથી વિષમ સમયગાળામાં પણ તેથી, પ્રજાએ પોતાની આંતરિક સમતા ગુમાવી નહોતી તથા શાંતિ અને આશ્વાસન પ્રાપ્ત કર્યાં હતાં. ગોવર્ધનરામે કહ્યું છે તેમ, ગામગામ વચ્ચે અંધેર, ધાડલૂંટ ઇત્યાદિને કારણે સંપર્ક રહ્યા નહિ હોય ત્યારેય દરેક ગામે પોતાનો આછો-પાતળો પણ કવિ નિપજાવ્યો, જેણે નાનકડો સ્થાનિક દીવડો બની લોકોનાં હૈયાં ને લીલાં રાખ્યાં. એમાંના વિશેષ સત્ત્વશાળીની પ્રતિષ્ઠા સ્થાનિક ન રહેતાં પ્રદેશવ્યાપી બની. મધ્યકાળના આ કવિકુળે સમાજને એના સારા દિવસોમાં તેમજ રાજકીય અને ભૌતિક વિપત્તિ વેળા બૌદ્ધિક વિનોદ સાહિત્ય-રસ ધર્મલભ્ય આશ્વાસન અને નૈતિક બળ આપ્યું છે અને સમાજને એકાદ ડગલું આગળ લઈ જવાની સેવા બજાવી છે. ગોવર્ધનરામે આથી સાચું જ કહ્યું છે કે આ કવિઓ વિના ગુજરાતનું લોકજીવન રણ જેવું વેરાન અને શુષ્ક બની જાત અને ગુજરાત હૃદયની સચેતનતા ખોઈ બેઠું હોત. ગુજરાતી ભાષાને એમણે ઘડી પલોટી કેળવી એને ભાવક્ષમ અર્થવાહી અને મધુર બનાવી એ સેવા તો જુદી.[૨૬]

આ કવિપરંપરા સાથે ગુજરાતી સમાજનો ધાર્મિક ઇતિહાસ અવિનાભાવે જોડાયેલો છે.

### (૨) ઇસ્લામ

આ સમયનું મુસલમાનોનું ધાર્મિક જીવન અધઃપતનના માર્ગે જઈ રહ્યું હતું. ભારતમાં ઇસ્લામનો પ્રચાર અને પ્રસાર મહાન સૂફી સંતો અને ઓલિયાઓને આભારી હતો. ચૌદમી અને પંદરમી સદી દરમ્યાન એવા સંત-પુરુષોએ પોતાની નિઃસ્વાર્થ ભાવના, ઉત્સાહી પ્રયાસો અને સાદગી ભરેલ જીવન દ્વારા ઇસ્લામને ચેતનવંતો બનાવ્યો હતો. એમનું નૈતિક જીવન, તથા એમનાં

માનવતાવાદી દૃષ્ટિકોણ તથા ઉદાર મનોવૃત્તિ જેવાં કારણોથી ઘણા લોક ઇસ્લામ પ્રત્યે આકર્ષાયા હતા. તેઓ પાસે આદર્શ જીવન જીવવાની દૃષ્ટિ હતી, ક્ષમતા પણ હતી. એવા મહાન સંતો પછી એમના નામથી સૂફી સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યા. એમનાં કેંદ્ર પણ સ્થપાયાં. પાદશાહો, અમીરો તથા એમના પોતાના અનુયાયીઓ તરફથી મળતાં દાનથી એ કેંદ્રો આર્થિક રીતે સમૃદ્ધ બન્યાં, પરંતુ એમનો ધાર્મિક ઉત્સાહ તેમ સેવાભાવના ઘટતાં ગયાં. મરાઠા કાલ દરમ્યાન મુસ્લિમોના ધાર્મિક જીવન ઉપર આવાં સૂફી કેંદ્રોનો ઘણો ભારે પ્રભાવ હતો.

સૂફી સંપ્રદાયોમાં ગુરુ–શિષ્ય સંબંધોનું ખાસ મહત્ત્વ હતું. જ્ઞાન અને મુક્તિ મેળવવા માટે આધ્યાત્મિક ગુરુની આવશ્યક્તા રહેતી. 'ગુરુ વગર જ્ઞાન નહિ' એ સાચું છે, પરંતુ એ ભાવનાને હદની બહાર લઈ જવામાં આવે ત્યારે એમાં પણ દૂષણો પ્રવેશે છે. આવું જ કંઈક સૂફી સંપ્રદાયોમાં પણ બનતું. ગુરુ પ્રત્યે આદર હોવો જરૂરી છે, પરંતુ જ્યારે ગુરુને જ ઈશ્વર માનવામાં આવે અને એ ભાવનાથી એમની ભક્તિ કરવામાં આવે ત્યારે ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંતોનું ઉલ્લંઘન થાય છે એવું કેટલાક લોકોને લાગ્યું. કુરાન-શરીફ અને હદીસ એ ઇસ્લામના આધાર–સ્તંભ છે, પરંતુ એ બધું અરબી ભાષામાં લખાયેલ છે. ભારતના મોટા ભાગના મુસ્લિમ અરબી ભાષા જાણતા ન હતા, આથી અરબી વિદ્વાનો, ઉલેમાઓ અને સંતો વગેરેની વાણી ઉપર એમને વિશ્વાસ મૂકવો પડતો હતો. અલબત્ત, સુપ્રસિદ્ધ સંત શાહ વલી ઉલ્લાહે (હિ.સં.૧૧૧૪–૧૧૭૬=ઈ.સ.૧૭૦૨–૧૭૬૨) કુરાનનું ફારસીમાં ભાષાંતર ભારતમાં સૌથી પહેલી વાર કર્યું, પરંતુ ઉલેમા દ્વારા એનો ભારે પ્રતીકાર પણ થયો.

મરાઠા કાલ દરમ્યાન મુગલ સામ્રાજ્યનો પૂરો અસ્ત થઈ ચૂક્યો હતો. ઇસ્લામને હવે શાસનનું પીઠબળ ન હતું. ઇસ્લામ પર સૂફી સંતો અને વિદ્વાનોનો વ્યાપક પ્રભાવ હતો અને તેઓ દ્વારા ઇસ્લામનું સ્વરૂપ નક્કી થતું હતું. એ વિકૃત હતું કે ખોટું હતું એ કહેવાનો આશય નથી, પરંતુ માત્ર કુરાન અને હદીસના તુલામાં જો એને રાખવામાં આવે તો મહંમદ પેગંબર સાહેબે પ્રબોધેલ ઇસ્લામ કરતાં એનું સ્વરૂપ જુદું હતું એમ જરૂર કહી શકાય. એના ઉપર ઈરાની અને ભારતીય અસર હતી એ હકીકત છે.

અને તેથી જ આ સમય દરમ્યાન ધર્મસુધારણાની બીજી ચળવળ શરૂ થઈ અને એનું નેતૃત્વ સૈયદ અહમદ બરેલવીએ સંભાળ્યું.

મુજદ્દીદ( સૈયદ અહમદ સરહિંદી )નું કાર્ય એના ખલીફાઓ દ્વારા તો ચાલતું હતું. અઢારમી સદીના મહાન સંત અને ચિંતક શાહ વલી ઉલ્લાહ દેહલવીએ એ કાર્યને વેગ આપ્યો. શાહ વલી ઉલ્લાહ નકસબંદી શાખાના સૂફી સંત હતા. તેઓએ ઇસ્લામમાં પરસ્પર વિરોધાભાસી એવા ઘણા સિદ્ધાંતોનું સમતુલન કરતાં અને સુમેળ સાધતાં કેટલાક પુસ્તક અને લેખ લખ્યા છે, પરંતુ સૈયદ અહમદ બરેલવીએ ઇસ્લામ-સુધારણાની મસાલ લઈ ચાલવાનું શરૂ કર્યું. એમની એ ચળવળને 'ભારતની વહાબી ચળવળ' કહે છે.

અરબસ્તાનની વહાબી ચળવળ અને ભારતની વહાબી ચળવળ વચ્ચે ઘણાં સમાન તત્ત્વ હોવા છતાં એ બંને ચળવળ સ્વતંત્ર હતી એવું ઘણા વિદ્વાન માને છે. સમાનતાની સાથે કેટલીક અસમાનતાઓ પણ બંનેમાં હતી એવું 'હિંદમાં વહાબી ચળવળ' ( The Wahabi Movement in India )ના લેખક કેયામુદ્દીન અહમદ લખે છે.[૨૭] તેઓ એવા નિષ્કર્ષ ઉપર આવે છે કે 'પ્રેરણાના સમાન સ્રોતો અને પ્રવર્તમાન સામાજિક તથા ધાર્મિક સંજોગોની સમાનતાને કારણે એ બંને વહાબી ચળવળોમાં સમાનતા જોવા મળે છે, પરંતુ એનો અર્થ એવો નથી થતો કે સૈયદ અહમદ બરેલવીએ મુહંમદ બિન અબ્દુલ વહાબનું અનુકરણ કર્યું હતું.

ભારતીય વહાબી ચળવળનો આધારભૂત ગ્રંથ 'મિરાતે મુસ્તકીમ' સૈયદ અહમદ બરેલવીનાં કથન અને તારણોના આધારે રચવામાં આવ્યો છે. એના સંકલનકાર શાહ ઇસ્માઇલ અને અબ્દુલ હય સૈયદ અહમદના ખાસ અનુયાયીઓ હતા. કેટલાક પાશ્ચાત્ય વિદ્વાન આ ગ્રંથને ખોટી રીતે 'વહાબીઓનું કુરાન' તરીકે વર્ણવે છે. એમ છતાં એ ગ્રંથને આધારે સૈયદ અહમદે ઇસ્લામમાં કરવા ધારેલ સુધારણાનો ખ્યાલ મળી રહે છે. એના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે :

(૧) સૂફીઓનો અંચળો ઓઢેલ કેટલાક નાસ્તિક ખુદા વિશે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરે છે. મુસ્લિમોએ એમની વાણી સાંભળવાથી દૂર રહેવું.

(૨) કેટલાક સૂફીઓ ખુદા સાથે તાદાત્મ્ય સાધવાનો અને હમા ઊસ્ત,[૨૮] અર્થાત્ સર્વ વસ્તુઓમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનો દાવો કરે છે. ઉપરાંત તેઓ પોતાને મારીફત અર્થાત્ દૈવી જ્ઞાન મળ્યું હોવાનું જાહેર કરે છે અને આ રીતે પોતાનો કિંમતી સમય દુષ્ટ કથન કરવામાં ગાળે છે. એવા લોકોથી સાવચેત રહેવું.

(૩) ઇસ્લામ પ્રારબ્ધમાં માને છે. સૂફીઓ પ્રારબ્ધ અને પુરુષાર્થની ચર્ચા

કરે છે. એવી ચર્ચા વાંધાજનક છે.

(૪) આધ્યાત્મિક ગુરુ પ્રત્યે હદથી વધારે આદર્શ દર્શાવવો અને એમને પૈગંબર કે ખુદાની કક્ષાએ પહોંચાડવા એ ખોટું છે.

(૫) પવિત્ર પુરુષોની કબર ઉપર અમુક ક્રિયાકાંડ કરવાં અને મૃત વ્યક્તિ, પછી ભલે એ સંત હોય તો પણ, અમુક વસ્તુની પ્રાપ્તિ માટે એની મદદ અને કૃપાની આકાંક્ષા રાખવી એ અનેક ઈશ્વરવાદમાં પરિણમી શકે. પાક મુસ્લિમોએ જીવિત સંતો પાસેથી માર્ગદર્શન મેળવવું જોઈએ. જો કોઈ જીવિત સંત ન મળે તો મૃત સંતની કબર પાસે દોડી જવા કરતાં કુરાન અને હદીસમાંથી માર્ગદર્શન મેળવી લેવું એ ઉત્તમ માર્ગ છે.

(૬) મૃતાત્માઓને સંતોષવા માટે 'નઝર વ નિયાઝ'નો માર્ગ અપનાવવો એ પ્રચ્છન્ન નાસ્તિકતા છે. 'ભોગ ધરાવવો' એ સિદ્ધાંતમાં ભલે ખોટું ન હોય, પરંતુ એની સાથે સંકળાયેલ કલ્પનાઓ વહેમો અને નવી નવી પદ્ધતિઓ મૂળભૂત વિચારને વિકૃત બનાવી દે છે.

ટૂંકમાં, સાચા મુસ્લિમે માત્ર કુરાન અને હદીસના આધારે જીવન જીવવું, ઇસ્લામનું પાલન ચુસ્તપણે ઇસ્લામી સરિઅત પ્રમાણે કરવું.

વહાબી ચળવળ લાંબી ચાલી. એનો સંબંધ બ્રિટિશ કાલ અને બ્રિટિશ શાસન સાથે વધુ પ્રમાણમાં રહેલો છે. એનાં ધાર્મિક, રાજનૈતિક અને સામાજિક પરિણામ દૂરગામી આવ્યાં છે, એમ છતાં એ ચળવળનું મૂલ્ય તો એને ઇસ્લામના સ્વરૂપને વિશુદ્ધ કરવા માટે કરેલા પ્રયાસો ઉપરથી આંકી શકાય. એની અસરનું ક્ષેત્ર મહદ્ અંશે જો કે ઉત્તર અને પૂર્વ ભારત હતું છતાં એની અસર સમસ્ત ભારતના મુસલમાનો ઉપર પડે એ સ્વાભાવિક હતું. એ એક હકીકત છે કે ગુજરાતના મુસલમાનો ઉપર હિંદુ સંસ્કૃતિની અસર વધુ પ્રમાણમાં પડેલી છે. ગુજરાતી મુસલમાન, પછી એ ખોજા હોય કે વહોરા, પોતાની ધાર્મિક અને સામાજિક માન્યતાઓમાં એ અન્ય મુસલમાનોથી અલગ તરી આવે છે.

આ કાલ દરમ્યાન ગુજરાતના શીઆ ઇસ્માઈલી વહોરાઓમાં હિબ્તિયા ફિરકાનો ઉદ્ભવ થયો. સુલેમાની, દાઊદી અને અલિયા વહોરાઓ ઉપરાંત એક અન્ય પેટા વિભાગ ઈસુની અઢારમી સદીના ઉત્તરાર્ધમાં અસ્તિત્વમાં આવ્યો. શેખ ઇસ્માઈલ બિન અબ્દુલ રસૂલ અને એના પુત્ર શેખ હિબ્તુલ્લાએ આ ફિરકાની સ્થાપના કરી.

શેખ ઇસ્માઈલે સય્યદી લુકમાનજી નામના એક વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ વિદ્વાન પાસે શિક્ષણ મેળવ્યું હતું.[૨૯] એ પોતે અને એમનો પુત્ર શેખ હિબ્તુલ્લા નામી વિદ્વાન હતા. શેખ ઇસ્માઈલે ઇમામ સાથે સીધો સંબંધ સ્થાપિત કર્યાનો દાવો કર્યો. એટલું જ નહિ, પણ એમ જાહેર કર્યું કે ખુદ ઇમામે એને દાઈ-ઉલ-બલગનું પદ આપ્યું છે. અને દાઈ-ઉલ-બલગનું પદ દાઈ-ઉલ-મુતલકના પદ કરતાં ઊંચું હોઈ દાવતનો અધિકાર એને મળે છે. શેખ ઇસ્માઈલના પુત્ર શેખ હિબ્તુલ્લાએ પણ એવો દાવો કર્યો અને વધારામાં પોતે ઇમામના જમાઈ હોવાનો દાવો પણ પેશ કર્યો.[૩૦] એ રીતે જોતાં એ તત્કાલીન દાઈ કરતાં વધુ ઉચ્ચ સ્થાને છે એમ પોતે જાહેર કર્યું.

તત્કાલીન દાઈના પુત્રનું નામ પણ હિબ્તુલ્લા હતું. સૈયદના હિબ્તુલ્લાએ પોતાના નામરાશિ શેખ હિબ્તુલ્લાના એ દાવાને પડકાર્યો અને એને પોતાનો દાવો ખેંચી લેવા સમજાવ્યો, પરંતુ એમાં એને નિષ્ફળતા મળી. શેખ હિબ્તુલ્લાના ટેકેદાર અને અનુયાયી 'હિબ્તિયા વહોરા' કહેવાયા.

એ ઉપરાંત પણ એક વધુ ફિરકો ઈ. સ. ૧૭૮૯ માં અસ્તિત્વમાં આવ્યો. એક વહોરાએ કેટલાક નવા સિદ્ધાંતોનું પ્રતિપાદન કરી 'નાગોશી' એટલે 'ગોસ્ત નહિ ખાનારા' કોમની શરૂઆત કરી અને એ રીતે 'નાગોશી' વહોરાઓના ફિરકાની શરૂઆત થઈ.[૩૧]

## (૩) જરથોસ્તી ધર્મ

### વસવાટ અને પ્રસાર

સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં જરથોસ્તીઓનો પ્રસાર સુરત ભરૂચ અંકલેશ્વર નવસારી મુંબઈ થાણા તેમ જ મદ્રાસમાં સવિશેષ થયો. આ સમય-ગાળામાં અંગ્રેજો અને પારસીઓ વચ્ચે ઘનિષ્ઠ વેપારી સંબંધ બંધાયા હતા. ઈ. સ. ૧૭૫૩ માં કંપની સરકારે સુરતના જરથોસ્તીઓની મુંબઈમાં પહેલવહેલી ગોદી બંધાવી. મુંબઈનો દરિયાઈ અને જમીન માર્ગે વેપાર-ઉદ્યોગ વધતાં પશ્ચિમ ભારતનું એ મુખ્ય (વેપાર-વણજનું) કેંદ્ર બની ગયું. મુંબઈના વિકાસમાં જરથોસ્તીઓએ ઘણો ફાળો આપ્યો હતો. પરિણામે મુંબઈનાં પરાંઓમાં તેમ જ થાણામાં પારસીઓની સંખ્યામાં ઘણો વધારો થયો હતો. એને લીધે મુંબઈ અને થાણામાં આ સમય દરમ્યાન અનેક દોખમાં દેવળો અને ધર્મશાળાઓ બંધાવવામાં આવ્યાં. ઈ. સ. ૧૭૯૬ માં મુંબઈમાં જરથોસ્તીઓનાં બાળકોને ઝંદ અવસ્તાનું શિક્ષણ આપવા માટે એક નિશાળ શેઠ દાદાભાઈ નોશરવાનજીએ

પોતાના ખર્ચે પીઠાવાલા મહોલ્લામાં શરૂ કરાવી હતી. આ નિશાળમાં ઈરાનથી આવતા જરથોસ્તીઓને ઉતારાની સગવડ પણ આપવામાં આવતી હતી.[૩૨] આવી એક બીજી મદ્રેસા જરથોસ્તીઓનાં બાળકોને પહેલવી, પાઝંદ અને અવસ્તાનું શિક્ષણ આપવા માટે વિખ્યાત દસ્તૂર કવિ અને તત્ત્વવેત્તા ફીરોઝની સ્મૃતિમાં 'મુલ્લાં ફીરોઝ મદ્રેસા' શરૂ કરવામાં આવી હતી.[૩૩] આ સમયમાં થઈ ગયેલા પારસી કવિઓ, દસ્તૂરો અને વિદ્વાનોમાં દસ્તૂર મુલ્લાં ફીરોઝની ખ્યાતિ જરથોસ્તી સમાજમાં વધારે પ્રસરેલી છે. એમનું અસલ નામ 'બેશોનેન' હતું. 'મુલ્લાં' ખિતાબ વંશપરંપરાગત પ્રાપ્ત કર્યો હતો અને 'ફીરોઝ' તખલ્લુસથી તેઓ કાવ્યો અને લેખો લખતા હતા. ઈસવી સન ૧૭૮૪માં તેઓએ દસ્તૂરપદ ધારણ કર્યું હતું. એમણે પત્રકારત્વના ક્ષેત્રમાં પણ ઝંપલાવ્યું હતું. 'રહનુમાએ જરથોસ્તી' નામના માસિકના તંત્રી તરીકે સેવાકાર્ય કર્યું હતું.[૩૪]

આ સમયના બીજા પારસી વિદ્વાનોમાં દૂરદુનજી મર્ઝબાન દસ્તૂર એદલજી બમનજી જામાસ્પઆશાના દસ્તૂર દાદાબજી એદલજી સંજાણા દસ્તૂર રુસ્તમજી બહેરામજી સંજાણા દસ્તૂર જમશેદજી જામાસ્પજી જામાસ્પઆશાના દસ્તૂર દૂરામજી અસ્પંદી આરજી રબાડીનાં નામ વિશેષ ઉલ્લેખપાત્ર છે, જેમણે જરથોસ્તી શાસ્ત્રગ્રંથોનો અને જરથોસ્તી ધર્મનો પ્રસાર કરવામાં ફાળો આપ્યો છે.

### જરથોસ્તી ધર્મના પંથ

આ સમય-ગાળામાં જરથોસ્તી ધર્મ મુખ્ય ત્રણ સંપ્રદાયોમાં વહેંચાઈ ગયો હતો : (૧) શહેનશાહી, (૨) કદમી અને (૩) ફસલી. જરથોસ્તી ધર્મના આ પંથ નવા વર્ષની ગણતરી બાબતમાં મતભેદ થવાથી પડેલા છે અને પરિણામે એમના તહેવારોમાં વ્યવહારમાં ફરક પડે છે.[૩૫] કદમી અને શહેનશાહી પંથો વચ્ચે સખત મતભેદ અને વાદવિવાદ શરૂ થયા હતા. 'મુંબઈ સમાચાર' નામના વર્તમાનપત્રનું કદ આ પંથોની ચર્ચા માટે બેવડું કરવામાં આવ્યું હતું.[૩૬]

### કબીસા કલહ

'કબીસાનો કલહ' એટલે વર્ષની ગણતરીનો ઝઘડો. અઢારમા શતકની શરૂઆતમાં સુરતમાં 'કબીસાનો કલહ' જરથોસ્તીઓમાં શરૂ થયો હતો. જરથોસ્તીઓ પોતાનું વર્ષ ૩૬૫ દિવસનું ગણે છે, બાકીના પાંચ કલાક અને ૪૮ મિનિટ તેમજ ૪૯ સેકંડને તેઓ ગણતરીમાં લેતા નથી. પ્રાચીન ઈરાનના

શહેનશાહ દર ૧૨૦ વરસના અંતે 'કબીસો' (અધિક માસ) કરીને પોતાનું પંચાંગ મેળવી લેતા હતા. ઈ. સ. ૧૭૩૦ માં હિંદુસ્તાનના પારસીઓએ પ્રથમ વાર જ એ વાતની નોંધ લીધી કે તેઓ પોતાનું નવું વર્ષ ઈરાનના જરથોસ્તીઓ કરતાં એક મહિનો મોડું શરૂ કરે છે. વર્ષની આ ગણતરીને કારણે જરથોસ્તીઓમાં જે મતભેદ ઊભા થયા તે 'કબીસા-કલહ'ના નામે ઓળખાયા. આ મતભેદને કારણે જ જરથોસ્તી ધર્મમાં ઉપર દર્શાવેલા ત્રણ પંથ પડી ગયા 'કબીસા'ની પદ્ધતિને અપનાવનારા 'શહેનશાહી' કહેવાય છે. શહેનશાહી-પંથીઓ 'રસમી' એટલે કે રસમ-રૂઢિ પ્રમાણે ચાલનારા પણ કહેવાય છે. સૂર્યની ગણતરી પ્રમાણે વર્ષની શરૂઆત કરનારા જરથોસ્તીઓ 'ફસલી' કહેવાય છે અને તેઓ પોતાનું નવું વર્ષ 'જમશેદી નવરોઝ'થી શરૂ થયેલું ગણે છે. જેમણે જુનવાણી પદ્ધતિનો સ્વીકાર ન કર્યો અને વર્ષની ગણતરીની બાબતમાં નવું કદમ ભર્યું તેઓ 'કદમી' કહેવાય છે.[૩૭] ગુજરાતના જરથોસ્તીઓ મોટે ભાગે શહેનશાહી વર્ષની ગણતરીમાં માનનારા છે. આ ત્રણેય સંપ્રદાયોને મતભેદ માત્ર વર્ષની ગણતરી બાબતમાં જ છે, બાકી એમનાં ધાર્મિક માન્યતાઓ, રીતરિવાજ અને ક્રિયાકાંડમાં કોઈ તફાવત નથી.

આ સમયમાં જરથોસ્તીઓએ ગુજરાતમાં જ્યાં જ્યાં વસવાટ કર્યો ત્યાં ત્યાં તેઓ પોતાના ધાર્મિક ઉત્સવ અને તહેવાર ઊજવતા રહ્યા. તેઓએ બહુ લાંબા સમયથી ગુજરાતમાં આવીને વસવાટ કર્યો હોવાથી એમનાં રીત-રિવાજો અને રહેણીકરણી ઉપર ગુજરાતના સંસ્કારોની છાયા જોવા મળે છે. સાચે જ તેઓ ગુજરાતની પ્રજા સાથે દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયેલા જણાય છે. આ સમયના ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રમાં એમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

## (૪) ખ્રિસ્તી ધર્મ

ભારતમાં ખ્રિસ્તી ધર્મની પ્રાચીનતા ઈસુના બાર શિષ્યોમાંના એક-સંત ટૉમસ જેટલી પ્રાચીન દર્શાવવામાં આવે છે. અનુશ્રુતિ પ્રમાણે સંત ટૉમસે ભારતીય-પહ્લવ રાજા ગોંદોફરની મુલાકાત લીધી હતી. એક હકીકત સ્વીકારવી જોઈએ કે ઈસુની બીજી સદીના અંત પહેલાં ખ્રિસ્તી મિશનરીઓ ભારતની અવારનવાર મુલાકાત લેતા હતા અને ભારતમાં ખ્રિસ્તીઓ સ્થાયી થયા હતા.[૩૮] ઈસુની બીજી સદી દરમ્યાન દક્ષિણ ભારતમાં ખ્રિસ્તી ધર્મ સ્થાયી થઈ ગયું હતું.

ભારતમાં ખરેખર ખ્રિસ્તી મિશનરી કાર્ય તો પોર્ટુગીઝોના આગમન પછી થયું. ૧૬ મી અને ૧૭ મી સદીઓ દરમ્યાન સ્પેન અને પોર્ટુગલ આ બે મહાસત્તાઓ એશિયા અને અમેરિકાના દેશ જીતવા નીકળી હતી. બંને દેશ ખ્રિસ્તી ધર્મના કૅથોલિક સંપ્રદાયના અનુયાયી હતા, તેથી તેઓ જગતના જે જે દેશોમાં ગયા ત્યાં ત્યાં પોતાની સાથે પોતાનો ધર્મ પણ લેતા ગયા. દક્ષિણ ભારતમાં પોર્ટુગીઝોની વસાહતો વધુ હોવાથી એ પ્રદેશોમાં આ સમય દરમ્યાન ખ્રિસ્તી ધર્મનું પ્રસારણ વધુ થયું.

ઈ. સ. ૧૫૩૪ માં દમણનો અને ઈ. સ. ૧૫૫૯ માં દીવનો કબજો પોર્ટુગીઝોએ લીધો એની સાથે ગુજરાતમાં પણ ખ્રિસ્તી ધર્મનો પ્રવેશ થયો. દક્ષિણ ભારતના પ્રદેશોની સરખામણીએ ગુજરાતમાં ખ્રિસ્તી ધર્મનો પ્રવેશ ઘણો મોડો થયો છે. મુઘલકાલ દરમ્યાન અકબર અને જહાંગીર દ્વારા ત્રણ જેટલાં ફરમાન ખ્રિસ્તીઓના લાભાર્થે બહાર પાડવામાં આવ્યાં હતાં.[૩૯] પ્રથમ ફરમાન અકબરના રાજ્યના ૪૨ મા વર્ષ( ૧૫૯૬–૯૭ )નું છે. આ ફરમાન ખંભાતના ખ્રિસ્તીઓ માટે દેવળ બાંધવા દેવાની જેસુઈટ સોસાયટીને છૂટ આપવાની વાત કરે છે. બીજું ફરમાન જહાંગીરના રાજ્યના સાતમા વર્ષ-( ઈ. સ. ૧૬૧૨ )નું છે, જે પોર્ટુગીઝોને અમદાવાદમાં દેવળ બાંધવાની છૂટ આપે છે. આ ફરમાનમાં અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે તેઓ પોર્ટુગીઝોને એમનું પૂજાગૃહ બાંધવા દે અને એમાં કશી પણ દખલ થવા ન દે. ત્રીજું ફરમાન જહાંગીરના રાજ્યના દસમા વર્ષ( ઈ. સ. ૧૬૧૫ )નું છે. આ ફરમાનનો વિષય જુદો છે. અંગ્રેજોએ અમદાવાદના ઝવેરીવાડના મહોલ્લામાં આવેલું પાદરીઓનું મકાન પરવાનગી વિના કબજે કર્યું હતું, આથી બાદશાહે આ ફરમાન દ્વારા ત્યાંના મુઘલ અધિકારીઓને સૂચના આપી હતી કે અંગ્રેજોને બીજે ક્યાંક સમાવ્યા પછી અને તેઓ મકાન ખાલી કરે એ પછી એનો કબજો પાદરીઓને આપવામાં આવે. આ ત્રણ ફરમાન મુઘલ કાલ દરમ્યાન ગુજરાતમાં પ્રસરેલા ખ્રિસ્તી ધર્મ પર પ્રકાશ ફેંકે છે.

ડૉ. જહૉન ફ્રાન્સિસ ગેમિલી નામનો ઇટાલીનો એક મુસાફર ઈ. સ. ૧૬૯૫ દરમ્યાન ગુજરાતમાં આવ્યો હતો, તે પોતાની નોંધમાં લખે છે કે ' આ શહેર( દમણ )માં ' જેસ્યુઈસ્ટ ' અને ' ઓગસ્ટિનિયન્સ ' નામક બે ખ્રિસ્તી પંથોનાં દેવળ હતાં અને આ બંને સંપ્રદાયોના પાદરી અહીં રહેતા હતા.'[૪૦]

મરાઠા કાલ દરમ્યાન પણ દીવ અને દમણના પ્રદેશ પોર્ટુગીઝોની સત્તા હેઠળ જ હતા. આ જ સમય દરમ્યાન અંગ્રેજોના આગમનના કારણે સુરત,

ભરૂચ અને વડોદરાના પ્રાંતોમાં ખ્રિસ્તી ધર્મની શરૂઆત થઈ હતી. ગુજરાતના રાજકારણમાં અંગ્રેજો જેમ જેમ પોતાની સત્તા જમાવતા ગયા તેમ તેમ અહીં ખ્રિસ્તી ધર્મના પ્રસારણને પીઠબળ મળવા લાગ્યું. આ સમય દરમ્યાન અંગ્રેજોએ મરાઠાઓ પાસેથી સુરત અને ભરૂચ મેળવ્યાં, તેથી ખ્રિસ્તી ધર્મના પ્રસારને ત્યાં વ્યાપક વેગ મળ્યો.

ગુજરાતમાં મરાઠા કાલ દરમ્યાન ખ્રિસ્તી ધર્મનો જે અંકુર ફૂટ્યો તેમાં એ ધર્મની (૧) રોમન કૅથોલિક અને (૨) પ્રોટેસ્ટંટ બંને શાખાઓને બળ મળ્યું.

## રોમન કૅથોલિક સંપ્રદાય

પોર્ટુગીઝ રોમન કૅથોલિક સંપ્રદાયના અનુયાયી હતા તેથી એમની સત્તા નીચેનાં દીવ અને દમણમાં રોમન કૅથોલિક સંપ્રદાય વિકસ્યો. આ બંને સ્થળોએ ડોમિનિકન સંઘના સાધુ ધર્મકાર્ય કરતા હતા.[૪૧] આ બંને સ્થળોએ પોર્ટુગીઝો દ્વારા ખ્રિસ્તી ધર્મનો જે પ્રસાર થયો તે વિશેની ઝાઝી માહિતી મળી શકતી નથી, પરંતુ અન્ય પ્રાંતોમાં એમણે જે રીતે ધર્મપ્રસારણનું કાર્ય કર્યું હશે તેવું જ અહીં પણ કર્યું હોય. વિધર્મીઓ પ્રત્યે એમણે કડક વલણ લીધું હતું, જ્યારે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનાર પ્રત્યે તેઓ અનેક કૃપાદાન વરસાવતા હતા; જેમકે, હિંદુઓ માટે એમણે સખત કાયદા ઘડયા હતા. હિંદુ દેવ-દેવીઓની મૂર્તિઓ ભાંગી નાખવાનાં કુકર્મ કર્યાં હતાં. એવી મૂર્તિઓ [illegible]નારને માટે સખત શિક્ષાની જોગવાઈ હતી. કર્મકાંડ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા હતા. કર્મકાંડ કરનારને શિક્ષા થતી. જે હિંદુઓ ખ્રિસ્તી થાય અને જો તેઓ દરિદ્ર હોય તો તેઓને ૧૫ વર્ષ સુધી દરેક જાતના કરની માફી આપેલી હતી. ખ્રિસ્તી ધર્મની વિરુદ્ધ ચાલનારને ગોવામાં ચાલતી ઇન્કવિઝિશન સમક્ષ મોકલવામાં આવતા. આ ઇન્કવિઝિશન ગોવામાં ઈ. સ. ૧૭૭૪ સુધી ચાલી હતી. ફરી ઈ. સ. ૧૭૭૯ માં એ કરવામાં આવી હતી અને ઈ. સ. ૧૮૧૨ માં ફરી એનું કામ બંધ થઈ ગયું હતું.[૪૨]

જે હિંદુઓ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરતા તેમને એમનાં લોકગીત ગાવાની મનાઈ હતી, પુરુષોને ધોતી અને સ્ત્રીઓને ચોળી પહેરવાની પણ મનાઈ કરવામાં આવતી હતી. ભાત મીઠા (લવણ) વિનાનો રાંધી શકાતો નહિ. દરેક ઘેરથી તુલસીના છોડ ઉખેડી નાખવામાં આવતા. દરેકને પોર્ટુગીઝ નામ આપવામાં આવતું. તેઓ માનતા હતા કે લોકોમાં પોર્ટુગીઝ ભાષાનું પ્રસારણ

થાય તો જ ખ્રિસ્તી ધર્મ પણ પ્રસરે. તેથી આ પ્રદેશોમાં એમની ભાષાના પ્રસારણનું કાર્ય પણ એમણે કર્યું. એ માટે એમણે અહીંની પ્રાદેશિક ભાષામાં લખાયેલાં ઘણાં પુસ્તક બાળી નાખ્યાં. વટલાયેલા ખ્રિસ્તીઓ કે બિન-ખ્રિસ્તીઓ જેઓ પોર્ટુગીઝ ભાષા બોલી જાણતા ન હોય તેઓનાં લગ્ન પર પ્રતિબંધ મૂક્યો હતો. ખ્રિસ્તીઓ બ્રાહ્મણો અને ક્ષત્રિયોને પોર્ટુગીઝ ભાષાની પરીક્ષા પાસ કરવા ૭ માસનો, જ્યારે બીજાઓને એક વર્ષનો સમય આપવામાં આવતો હતો. જો કોઈને ખ્રિસ્તી સાધુની દીક્ષા લેવાની હોય તેણે પોર્ટુગીઝ ભાષાની પરીક્ષા પાસ કરવી અનિવાર્ય હતી, એટલું જ નહિ પણ એની સાથે એના ઘરના સર્વ સભ્યોએ પણ એ ભાષા શીખવી પડતી.[43]

દમણ અને દીવ ઉપરાંત સુરત અને ભરૂચ પણ આ સમય દરમ્યાન રોમન કૅથોલિકોનાં કેંદ્ર હતાં. અંગ્રેજોએ ઈ. સ. ૧૭૫૯ માં સુરતનો અને ઈ. સ. ૧૭૭૨ માં ભરૂચનો કબજો મેળવ્યો. આમ આ બંને સ્થળોએ અંગ્રેજોની સત્તા સ્થાપિત થતાં એ પ્રદેશોમાં પણ ખ્રિસ્તી ધર્મનાં પગરણ મંડાયાં. આ બંને સ્થળોએ શરૂઆતમાં રોમન કૅથોલિક મંડળીઓના સાધુ ધર્મપ્રચારનું કાર્ય કરતા હતા, જ્યારે પાછળથી સુરતમાં પ્રૉટેસ્ટંટ સંપ્રદાયની મંડળીઓએ પણ સુવાર્તા( Gospel )ના પ્રચારનું કાર્ય આરંભ્યું હતું.

## સુરત

સુરતમાં રોમન કૅથોલિક સંપ્રદાયના પ્રસારનું કાર્ય આ સંપ્રદાયના કેપુચીન સંઘના અને કાર્મેલાઈટ સંઘના સાધુઓએ કર્યું હતું. ઈ. સ. ૧૬૪૦ થી સુરતમાં કેપુચીન સાધુઓ ધર્મકાર્ય કરતા હતા. ઈ. સ. ૧૬૬૪ માં તેઓએ ત્યાં એક દેવળ પણ બાંધ્યું હતું. ઈ. સ. ૧૬૬૪ માં જ્યારે મરાઠાઓએ સુરત પર આક્રમણ કર્યું ત્યારે ત્યાંના ખ્રિસ્તીઓને રક્ષણ મળે એ માટે ફાધર આમ્બ્રુસ કે જે ત્યાંના ખ્રિસ્તી મઠ( convent )ના અધ્યક્ષ હતા, તેમણે શિવાજીની મુલાકાત લીધી હતી. પરિણામે આ રોમન કૅથોલિક મઠ હુમલારહિત રહ્યો હતો અને જે કોઈએ એમાં આશરો લીધો હતો તે સૌ કોઈ મરાઠી આક્રમણથી બચી જવા પામ્યા હતા.[44]

ઈ. સ. ૧૬૬૯માં કાર્મેલાઈટ સંઘનો પોપનો પ્રતિનિધિ ( Vicar-Apostolic) સુરત આવ્યો હતો. ઈ.સ. ૧૭૫૯ માં જ્યારે અંગ્રેજોએ સુરતના કિલ્લાનો કબજો મેળવ્યો ત્યારે કાર્મેલાઈટ સંઘના સાધુઓએ કિલ્લાની સાથે સંકળાયેલા સરકારી કર્મચારીઓ માટે કિલ્લાને અડીને જ એક દેવળ બાંધવું

શરૂ કર્યું હતું. સુરત મુંબઈના આર્યડાયોસિસ સાથે સંકળાયેલું હતું. તેથી મુંબઈમાંના પોપના પ્રતિનિધિએ એ પછી મંજૂરી માટે રોમ પત્ર પાઠવ્યો. 'પ્રોપેગેન્ડા'એ[45] ઈ. સ. ૧૭૬૪ માં એને ઉત્તર પાઠવ્યો કે તેઓ એટલે કે કાર્મેલાઈટ સંઘના સાધુઓ કેપુચીન સંઘના સાધુઓ સાથે અથડામણમાં આવે નહિ એ શરતે ત્યાં ધર્મકાર્ય કરી શકાશે. આ પરથી અનુમાન થાય છે કે એ સમયે ખ્રિસ્તી ધર્મ પ્રસારના કાર્યમાં જુદાં જુદાં સંઘના સાધુઓ વચ્ચે તીવ્ર સ્પર્ધાઓ થતી હશે, જેને પરિણામે તેઓને એકબીજા સાથે અથડામણમાં પણ ઊતરવું પડ્યું હશે. આમ આ સમયે સુરતમાં રોમન કૅથોલિક સંપ્રદાયના કેપુચીન અને કાર્મેલાઈટ સંઘના સાધુઓ ધર્મકાર્ય કરતા હતા અને આ બંને સંઘોએ પોતપોતાનાં દેવળ અનુક્રમે ૧૬૫૪ અને ૧૭૫૯ માં બંધાવ્યાં હતાં.

**ભરૂચ**

ઈ. સ. ૧૭૭૨ માં અંગ્રેજોએ ભરૂચ શહેરનો કબજો મેળવ્યો અને પછી ત્યાંના કેટલાક લોકોએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો. ભરૂચમાંના આ ખ્રિસ્તીઓને ધર્મ બાબતમાં મદદરૂપ થવા માટે ભરૂચમાં એક ધર્મકેંદ્ર શરૂ કરવાની પરવાનગી મેળવવા માટે પોપના પ્રતિનિધિએ રોમની મુલાકાત લીધી હતી. ૧૩ મી મે ૧૭૭૮ ના રોજ 'પ્રોપેગેન્ડા'એ જણાવ્યું કે તેઓ ત્યાંના નવા ખ્રિસ્તીઓને બધી જ રીતે મદદ કરે અને ત્યાં ધર્મકેંદ્ર શરૂ કરવા માટે ઈસ્ટ ઇન્ડિયા કંપની અથવા તો ત્યાંના કૅથોલિકોને દેવળ માટે મકાન આપે કે દેવળ બાંધવા માટેનાં સાધન પૂરાં પાડે. આમ ભરૂચને ધર્મકેંદ્ર તરીકે શરૂ કરવાની કાર્યવાહી થઈ રહી હતી, પણ ત્યાં આ આખું કાર્ય થંભી ગયું, કારણ કે અંગ્રેજોએ ભરૂચ શહેર મરાઠાઓને પાછું સોંપી દીધું. પાછળથી ઈ.સ. ૧૮૦૩ ની વસઈની સંધિ પ્રમાણે ફરી ભરૂચ અંગ્રેજ સત્તાની હેઠળ આવ્યું. ઈ.સ. ૧૮૦૨ માં પોપના પ્રતિનિધિએ ભરૂચ ખાતે ધર્માંતર કાર્ય માટે એક સાધુ મોકલવા રોમને જણાવ્યું. એણે ગોવાના આર્ચ-બિશપને પણ જણાવ્યું કે ગુજરાતમાં ધર્માંતરની પ્રવૃત્તિ થઈ શકે એમ છે, તેથી કોઈ એકાદ સાધુ મદદમાં મોકલો. 'પ્રોપેગેન્ડા' તરફથી ફ્રી મોરેલિયો સ્ટેબેલિની નામના કાર્મેલાઈટ સંઘના સાધુને ઈ. સ. ૧૮૦૮ માં ભરૂચ અને વડોદરા બંને સ્થળોએ ધર્મકાર્ય માટે મોકલવામાં આવ્યા. ઈ. સ. ૧૮૧૪ માં પોપના પ્રતિનિધિએ ભરૂચ અને વડોદરાની મુલાકાત લીધી હતી અને એ જ વર્ષે ભરૂચમાં 'આરોગ્યની આપણી માતા' ( Our Lady of Health )નું દેવળ બાંધવામાં આવ્યું.

### વડોદરા

આ સમય દરમ્યાન વડોદરામાં પણ રોમન કૅથોલિક સંપ્રદાયનો વિકાસ શરૂ થયો હતો. ઈ. સ. ૧૮૦૭ માં ફાધર આર્ક એન્જેલો દ્વારા નાનું ખાનગી દેવળ (chapel) શરૂ કરવામાં આવ્યું હતું. ઈ. સ. ૧૮૧૬ માં ૨૬ મી સપ્ટેમ્બરે ગાયકવાડ સરકાર તરફથી દેવળ બાંધવા માટે જમીન અર્પણ કરવામાં આવી હતી. થોડા વખતમાં એ જમીન પર દેવળ અને પાદરીનું મકાન બાંધવામાં આવ્યાં હતાં.

### પ્રોટેસ્ટન્ટ સંપ્રદાય

મરાઠાકાલીન ગુજરાતમાં રોમન કૅથોલિક સંપ્રદાયની સાથે સાથે પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયનો પણ પ્રવેશ થયો હતો. આ સંપ્રદાયની 'આર્મિનિયન મિશન' અને 'લંડન મિશનરી સોસાયટી' નામની બે મંડળીઓએ ગુજરાતમાં પોતાનું કાર્ય શરૂ કર્યું હતું. આર્મેનિયન મિશન તરફથી ઈ. સ. ૧૮૧૨ માં સી. સી. આતુર્ન નામે એક મિશનરી આવ્યો, જો કે એણે સુરતમાં મિશનની સ્થાપના ન કરતાં વડોદરા જઈને મહી કાંઠા મિશનની સ્થાપના કરી.[૪૬] ત્યાં એણે નવ વર્ષ સુધી રહીને સુવાર્તા પ્રસારવાનું કાર્ય કર્યું. લંડન મિશનરી સોસાયટી દ્વારા રેવ. વિલિયમ ફાઈવી અને જેમ્સ સ્કીનર ઈ. સ. ૧૮૧૫ માં સુરત ખાતે આવ્યા.[૪૭] તેમણે ત્યાં સુવાર્તા પ્રસારણનું કાર્ય કર્યું હતું.

### બાઇબલનું ભાષાંતર

પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયના પ્રણેતા માર્ટિન લ્યૂથરની દૃઢ માન્યતા હતી કે બાઇબલનું વાચન પ્રાદેશિક ભાષામાં જ થવું જોઈએ, તેથી પ્રોટેસ્ટન્ટ મિશનરી જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં એમણે ધર્મ-પ્રસારના કાર્યમાં પ્રથમ સ્થાન બાઇબલના ભાષાંતરને આપ્યું. ગુજરાતીમાં બાઇબલના ભાષાંતરના શરૂઆતના પ્રયત્ન આ સમયે થયા. એ દૃષ્ટિએ આ કાલની ઘણી મહત્તા છે.

ગુજરાતી બાઇબલનું ભાષાંતર કરવાનો સૌ પ્રથમ પ્રયત્ન ૧૮ મી સદીની શરૂઆતમાં રેવ. શુલ્ત્ઝ નામના મિશનરીએ કર્યો હતો.[૪૮] એ પછી વિલિયમ કૅરીએ ઈ.સ. ૧૮૦૯ માં હિંદુ પંડિતની મદદથી બાઇબલનું ભાષાંતર કરવાનું શરૂ કર્યું.[૪૯] અને એ જ વર્ષમાં માથ્થીની સુવાર્તા ગુજરાતીમાં છપાઈ ખરી, પરંતુ એ પછી ઈ. સ. ૧૮૧૩ સુધી એ કામ અટકી ગયું. છેવટે ઈ. સ. ૧૮૨૦ માં 'નવો કરાર' (New Testament) નવીન બંદોબસ્ત નામે ગુજરાતી ભાષા અને દેવનાગરી લિપિમાં પાંચ ભાગમાં છપાઈને બહાર પડચો.

પશ્ચિમ હિંદમાં મિશનરી સોસાયટીના મુંબઈ ખાતેના પ્રથમ મિશનરી જૉનનું ગુજરાતી ભાષાંતર કર્યું.[૫૦] લંડન મિશનરી સોસાયટી તરફથી આવેલા રેવ. જેમ્સ સ્કીનર અને રેવ. વિલિયમ ફાઈવીએ પણ ગુજરાતી અનુવાદની શરૂઆત કરી.[૫૧] એમણે કોઈ મુનશીની મદદ લઈને ઈ. સ. ૧૮૧૭ માં હિંદી પરથી મૂસાનાં પાંચ પુસ્તક તેમજ નવો કરાર અનુદિત કર્યાં.

## પાદટીપ

૧. કિશોરલાલ મશરૂવાળા, 'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય', પૃ. ૬-૭

૨. એજન. પૃ. ૧૬ થી આગળ; દુર્ગાશંકર શાસ્ત્રી, 'વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૪૧૪-૧૭

૩. મશરૂવાળા, ઉપર્યુક્ત, પૃ. ૮૪-૮૫ ૪. એજન, પૃ. ૫૩

૫. એજન, પૃ. ૩૩-૩૪

૬. એનાં કેટલાંક ઉદાહરણ માટે જુઓ એજન, પૃ. ૩૫-૩૭.

૭. એજન, પૃ. ૪૭. સુરત અને આસપાસના પ્રદેશમાં એ કાલે-પ્રવર્તતી અરાજકતા દૂર કરી વ્યવસ્થા સ્થાપવામાં અરદેશરનું પ્રદાન બહુ મહત્ત્વનું હતું. ઈ. સ. ૧૮૨૫ (સં. ૧૮૮૧)માં સહજાનંદજી સુરત આવ્યા અને શહેર બહાર રુસ્તમ બાગમાં મુકામ કર્યો ત્યારે અરદેશરે એમનું ભારે દબદબાથી સ્વાગત કર્યું. એનું વર્ણન સહજાનંદજીના શિષ્ય સ્વામી નિષ્કુળાનંદે 'ભક્તચિંતામણિ' કાવ્યમાં કર્યું છે. સ્વામી સહજાનંદે પોતાની પાઘડી અરદેશરના માથે મૂકી એનું સંમાન કર્યું હતું. અરદેશરના પુત્ર જહાંગીરશાહના સસરાના કુટુંબના વંશજોએ આ પાઘડી સાચવી રાખી છે અને દર વર્ષે ભાઈબીજના દિવસે, બ્રાહ્મણ પાસે પૂજા કરાવી એ પાઘડી જાહેર દર્શન માટે ખુલ્લી મૂકવામાં આવે છે. ત્રીસેક વર્ષ પહેલાં આ લેખકે પણ સુરતમાં પાઘદર્શનના એ મેળામાં હાજરી આપી હતી. 'રાસમાળા' લખનાર એ. કે. ફૉર્બ્સ સાથે દલપતરામ ઈ. સ. ૧૮૪૧ માં આ પાઘનાં દર્શન માટે આવ્યા ત્યારે કવિએ અરદેશરને નીચેના છંદમાં સ્મરણાંકિત કર્યો હતો—

> " પદત્રાણ દિયે પ્રભુ પૂજન કુ જબ ભ્રાત કી ભક્તિ ભલી લગિયાં,
> હનુમંત કુ તેલકટોરી દીની જબ સીય કી શુધ લીની બગિયાં,
> મહેતા નરસૈ કુ હાર દિયો, જબ જીભ મેં ભક્તિ ભલી લગિયાં,
> અરદેશર કુ દલપત્ત કહે, પરમેશ્વર રીઝી દીની પઘિયાં.",
>
> ( રતન માર્શલ, 'અરદેશર કોટવાલ', પૃ. ૬૪-૬૫)

અરદેશર કોટવાલ એ જમાનાનો એક ઉદાર પરગજુ અને પરાક્રમશીલ નર-વિશેષ હતો. અરદેશરના જીવન માટે તથા એ સમયના તથા એની પૂર્વેના યુગચિત્ર માટે માર્શલનું પુસ્તક વાચનયોગ્ય છે.

૮. મશરૂવાળા, ઉપર્યુક્ત, પૃ. ૪૭ ૯. એજન, પૃ. ૫૯

૧૦. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ભાગ ૨, પૃ. ૬૨૮-૪૨

૧૧. જૈન ગુજરાતી કૃતિઓની યથાશક્ય તપસીલ માટે જુઓ એજન, પૃ. ૫૯૨-૬૦૮.
૧૧અ. કાવ્યતત્ત્વ વિચાર, પૃ. ૨૮૫
૧૨. દુર્ગાશંકર શાસ્ત્રી, 'ઐતિહાસિક સંશોધન', પૃ. ૬૫૭ ૧૩. એજન, પૃ. ૬૬૫
૧૪. એજન, પૃ. ૫૮૧. ભારતની સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પછી સોમનાથનું નવું ભવ્ય મંદિર બંધાયું ત્યાર પહેલાં યાત્રાળુઓ અહલ્યાબાઈના આ મંદિરમાં પૂજાવિધિ કરતા હતા. એ મંદિરની આસપાસ ધર્મશાળા નગારખાનાં વગેરે ગાયકવાડના સૂબા વિઠ્ઠલરાવ દેવાજીએ ઈ. સ. ૧૮૧૦ માં બંધાવ્યાં હતાં (શંભુપ્રસાદ દેશાઈ, 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ', પૃ. ૬૫૬).
૧૫. દુર્ગાશંકર શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૫૮૯
૧૬. ઉત્સવદિનોએ કોસ જોડી એ કુંડનું પાણી ખાલી કરાવીને ભાવિકોને શેષશાયીનાં દર્શન કરાવાય છે. અમદાવાદના બૅરોનેટ ચીનુભાઈ માધવલાલના પિતામહ છોટાલાલનાં માતુશ્રી પ્રાણકુંવર ઈ. સ. ૧૭૯૯(સં. ૧૮૫૫)માં અહીં સતી થયાં હોવાનો શિલાલેખ છે. સતીની દહેરીનો જીર્ણોદ્ધાર સર ચીનુભાઈએ ઈ. સ. ૧૮૯૬ (સં. ૧૯૫૨)માં કરાવ્યો હતો. સર ચીનુભાઈનું કુટુંબ મૂળ પાટણનું હતું. અને એ એમની બક્ષીગીરીનું વતન હતું. એમનું પૈતૃક મકાન પાટણમાં સંઘવીના પાડામાં છે. (મહાદેવ મુકુંદ જોશી, 'પાટણનો ભોમિયો', પૃ. ૮૦-૮૧)
૧૭-૧૮. ઈશ્વરલાલ દેસાઈ, 'સૂરત સોનાની મૂરત', પૃ. ૬૩૪
૧૯. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'. ગ્રંથ ૬, પૃ. ૩૯૨, પાદટીપ ૩૭
૨૦. મોહનલાલ દેસાઈ, 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ', પૃ. ૬૭૩, ગ્લાસનાપ, 'જૈન ધર્મ', પૃ. ૩૬૩
૨૧. દુર્ગાશંકર શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ ૬૮૭-૮૮
૨૨. મોહનલાલ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૬૭૩ ૨૩. એજન, પૃ. ૬૭૧
૨૪. ઈશ્વરલાલ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૫
૨૫. 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ગ્રંથ ૬, પૃ. ૩૭૭
૨૬. અનંતરાય રાવળ, 'ગુજરાતી સાહિત્ય' (મધ્યકાલીન), ભાગ ૧, પૃ. ૨૪
૨૭. Qeyamuddin Ahmad, *The Wahabi Movement in India*, p. 1F
૨૮. हमा अूस्त એટલે સર્વેશ્વરવાદ.
૨૯. કરીમ મહંમદ માસ્તર, 'મહાગુજરાતના મુસલમાનો'. ભા. ૧-૨, પૃ. ૧૭૦
૩૦. S. C. Misra, *Muslim Communities in Gujarat*, p. 41
૩૧. કરીમ મહંમદ માસ્તર, ઉપર્યુક્ત, પૃ. ૧૬૬
૩૨. બ. બે. પટેલ, 'પારસી પ્રકાશ', પૃ. ૮૨
૩૩. મકાહી પીલાં ભીખાજી, 'પારસી સાહિત્યનો ઇતિહાસ', પૃ. ૧૫૧
૩૪. એજન, પૃ. ૧૫૬
૩૫. પેરીન દારાં ડ્રાઇવર, 'સત્તરમા શતકમાં પારસી કવિઓએ રચેલી ગુજરાતી કવિતા' (અપ્રગટ મહાનિબંધ), પૃ. ૮૩-૮૪
૩૬. મકાહી પીલાં ભીખાજી, ઉપર્યુક્ત પૃ. ૧૫૬

૩૭. પેરીન દ્વારાં ડ્રાઇવર, ઉપર્યુક્ત, પૃ. ૮૩
૩૮. R. C. Majumdar (ed.), *Age of Imperial Unity*, pp. 628 f.
૩૯. M. S. Commissariat, *Imperial Mughal Farmans In Gujarat*, pp. 22 f.
૪૦. મણિલાલ દ્વિવેદી, 'પુરાતન દક્ષિણ ગુજરાત', પૃ. ૧૬૯
૪૧. K. N. Subrahmanyam, *The Catholic Community In India*, p. 33
૪૨. લાજરસ તેજપાળ, 'ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ', પૃ. ૪૫૮
૪૩. Manilal C. Parekh, *Christian Proselytism In India*, p. 50
૪૪. E. R. Hull, *Bombay Mission History*, Vol. I, p. 211
૪૫. 'પ્રોપેગન્ડા' એ ઈ. સ. ૬૨૨ માં પોપ ગ્રેગરી ૧૫ માએ સ્થાપેલી સમિતિ છે અને એ વિદેશોમાં થતા ખ્રિસ્તી ધર્મ પ્રચારનું સંચાલન અને નિયંત્રણ કરે છે.
૪૬. લાજરસ તેજપાળ, ઉપર્યુક્ત, પૃ. ૬
૪૭. એજન. પૃ. ૯
૪૮. રેવ. જયાનંદ આઈ. ચૌહાન, 'ગુજરાતી બાઇબલનો ટૂંક ઇતિહાસ', પૃ. ૬
૫૦-૫૧. એજન, પૃ. ૭

# ખંડ ૪

## પુરાતત્ત્વ

## પ્રકરણ ૧૧

# સ્થાપત્ય અને શિલ્પ

### ૧. સ્થાપત્ય

આ નાના કાલખંડમાં પણ નાગરિક અને ધાર્મિક એ બંને પ્રકારનાં સ્થાપત્યક્ષેત્રોમાં કેટલીક ગણનાપાત્ર પ્રવૃત્તિ થતી રહી.

**નાગરિક સ્થાપત્ય**

આ કાલમાં વડોદરા ભાવનગર ખંભાત સુરત નડિયાદ કડી અમરેલી વગેરે શહેરોનો વિકાસ થતો રહ્યો. અમદાવાદમાં મરાઠા અમલદારો પૈકીના કેટલાક લાંચ લઈને રસ્તાઓ પર પણ મકાનો બાંધવાની છૂટ આપતા હોવાથી ઘણી જગ્યાએ લોકોએ મકાનો બાંધી રસ્તાઓ દબાવ્યા. પરિણામે મુખ્ય રસ્તાઓ અને શેરીઓના રસ્તાઓ વચ્ચેનું અગાઉનું સમાયોજન વીંખાઈ ગયું.[1] પૈસા પડાવવા માટે શ્રીમંત લોકો પર ગમે ત્યારે તવાઈ આવે એવી પરિસ્થિતિ પ્રવર્તતી હોવાથી ઘણી પોળોમાં ઊંચા મજબૂત દરવાજા કરી એના પર ચોકીદાર રાખવાની વ્યવસ્થા કરવામાં આવી.

નવાં વિકસેલાં શહેરોમાં નડિયાદ નોંધપાત્ર છે. ખંડેરાવ ગાયકવાડે નડિયાદને રાજધાની બનાવી ત્યારબાદ એની નગરરચનાનો વિકાસ થયો. ઈ.સ. ૧૮૧૩ માં એ ત્રણ માઈલ(૫ કિ.મી.)નો ઘેરાવો ધરાવતું શહેર બની ગયું હતું. શહેરને ફરતો પાકો કોટ હતો અને એમાં થોડા થોડા અંતરે બુરજ કરેલા હતા. કોટમાં નવ મજબૂત દરવાજા હતા. કોટને ફરતી ખાઈ કરવામાં આવી હતી.[૨]

કચ્છમાં જમાદાર ફતેહ મામદે વાગડમાં બાદરગઢ અને ફતેહગઢ નામના કિલ્લા સરહદ સાચવવા માટે કરાવેલા. એવી રીતે એણે કચ્છના પશ્ચિમ છેડે લખપતનો ગઢ કરાવેલો. એના કિલ્લાની રાંગની રચના વિશિષ્ટ છે.[૩]

મકાનોનાં બાંધકામ અને સજાવટમાં અગાઉની પદ્ધતિ ચાલુ રહી. મુખ્યત્વે એ ઈંટ માટી અને ચૂનાના ચણતરથી બનતાં. એમાં બારી દરવાજા બારસાખ સ્તંભો પાટડા છજાં ઝરૂખા મદલ વગેરેમાં કાષ્ઠનો પ્રયોગ થતો. કાષ્ઠકામમાં પણ પૂતળીઓ અને ફૂલવેલની ભાતોનું રૂપાંકન કરવામાં આવતું.[૪] આ સમયે નવાં બંધાયેલાં ભવનો પૈકી ઘણાં નાશ પામી ગયેલાં છે અને કેટલાંક ખંડેર હાલતમાં ઊભાં છે. આમાં કડી નડિયાદ થામણા અને અંજારનાં ભવન નોંધપાત્ર છે.

બાબીઓ પાસેથી કડી જીતી લીધા પછી ગાયકવાડોએ એમાંનાં ઘણાં ભવનોમાં સુધારાવધારા કરાવ્યા. આમાં મલ્હારરાવે કરાવેલાં બાંધકામ મુખ્ય છે. જૂના કિલ્લાની અંદર રંગમહેલ અને સૂપડા મહેલનાં ખંડેર જોવામાં આવે છે. રંગમહેલ મલ્હારરાવે બંધાવ્યાનું કહેવાય છે, પણ એની રચનામાં મુસ્લિમ તત્ત્વો વિશેષ હોવાથી એ બાબી ઇમારત હોવાનું વધુ સંભવિત મનાય છે.[૫] એની બાજુમાં સૂપડા મહેલ આવેલો છે. એને ૧૯૦૨ થી જેલમાં ફેરવી નાખવામાં આવ્યો છે.[૬] મલ્હારરાવે પોતાના માટે કરાવેલા ભવ્ય મહેલનાં ખંડેર કડી શહેરની મધ્યમાં જોવામાં આવે છે. એની રચનામાં હિંદુ અને મુસ્લિમ સ્થાપત્ય-શૈલીનો સમન્વય દૃષ્ટિગોચર થાય છે[૭] ( જુઓ આકૃતિ ૧૩ ).

નડિયાદમાં મજમૂદારની પોળમાં આવેલા પ્રસિદ્ધ નારણદેવના મંદિરની બાજુમાં 'કહાનદાસ પટેલનું દીવાનખાનું' નામે ઓળખાતું ડહેલું આવેલું છે. કહાનદાસના પ્રપિતામહ હરખજી પટેલની અહીં છ માળ ઊંચી ભવ્ય હવેલી હતી. એ ભોંયરાબંધ હવેલીનું કાષ્ઠકામ મનોહર હતું. મરાઠા કાલમાં એ જાહોજલાલીની ટોચે હતી. આજે એમાંનું કંઈ બચ્યું નથી.[૮]

થામણામાં આ કાલના પ્રારંભ વખતે બંધાયેલી દવેજીની હવેલી ગુજરાત-ભરમાં એની જાહોજલાલીને લઈને પ્રસિદ્ધ હતી. ગંગાદત્તજી માહેશ્વરજી નામના ખેડાવાળ બ્રાહ્મણે બંધાવેલી અને એમના વંશજોએ સમરાવેલી એ હવેલીમાં સામસામે ૭-૭ ઓરડાની હારવાળી કુલ ૧૨ ઓરડાની હાર હતી. એમાં પરસાળો રસોડું પાણિયારું, દેવમંદિરની ઓરડી, ચોકડી ચોકો મેડી મેડો માળખંડ દીવાનખાનું છજાં અગાસીઓ દરવાજો ટાંકું કૂઈ ડટણકૂવો તુળસી-ક્યારો હોજ ફુવારો વગેરે અનેકવિધ સગવડ હતી.[૯]

ઈ. સ. ૧૮૧૮ માં અંજાર( કચ્છ )માં કચ્છના પોલિટિકલ એજન્ટ મેકમર્ડોએ બંધાવેલો પોતાનો બંગલો એક નમૂનેદાર વિદેશી ઇમારત છે.

મેકમર્ડોએ આ બંગલો પોતાના વતન ડમ્ફ્રીમાંના પોતાના બંગલાની અનુકૃતિરૂપ બનાવ્યો હતો. બે માળની આ ઇમારતમાં અંદરના ખંડોની આગળ ફરતી સળંગ પરસાળ કરવામાં આવેલી છે. નીચેના મધ્ય ખંડની ચારે બાજુની દીવાલો પર રામાયણ ભાગવતાદિના વિષયોને લગતાં દશ્યો ઉપરાંત હસ્તિયુદ્ધ મૃગયા વગેરેનાં દશ્ય ચીતરેલાં છે. બંગલાની હદમાં દવાખાનું બરાક બારુદખાનું સિલેખાનું જેલ અને પાયગા કરેલાં છે. બંગલાનું પ્રવેશદ્વાર એની નજકથી પસાર થતા રસ્તા પર પડે છે. પ્રવેશદ્વારની અંદર પેસતાં જ બરાકની સંમુખ વૃત્તાકાર બેઠકવાળા ચોતરા પર મધ્યમાં ખડા કરેલા સ્તંભ પર યુનિયન જૅક લહેરાતો હતો. સ્તંભ નીચેની બેઠક પર બેસીને મેકમર્ડો ન્યાય આપતો.[૧૦]

સુરતમાં ઈ. સ. ૧૭૮૧ માં બક્ષી મીર નજરુદ્દીને દરિયા-મહેલ બંધાવ્યો હતો. એ મહેલ મૂળ 'મુર્શિદ નિગાહ' નામે ઓળખાતો હતો.[૧૧]

આ સમયે કેટલાંક જળાશયોનો જીર્ણોદ્ધાર થયો, જ્યારે કેટલાંક નવાં પણ બંધાયાં. પાટણમાં ત્રીકમ બારોટની વાવ તરીકે હાલમાં ઓળખાતી વાવ આનંદરાવ ગાયકવાડના સમયમાં ઇનામદાર બારોટ બહાદરસિંગ જનકરણસિંગે ઈ. સ. ૧૮૦૬ માં બંધાવવી શરૂ કરેલી, જે એના પુત્રે રૂ. ૧૪,૯૨૫ ખર્ચીને ઈ. સ. ૧૮૧૨ માં પૂરી કરાવેલી. આ વાવના બાંધકામમાં રાણીવાવના પથ્થર વપરાયા હોવાનું જણાય છે. આ વાવ પાંચ મજલાની છે, એમાંના બે મજલા ઈંટોના અને ત્રણ પથ્થરના બાંધેલા છે.[૧૨]

સોજિત્રા (તા. પેટલાદ)માં મોગરાળ ભાગોળે આવેલું મોગરાળ તળાવ ઈ. સ. ૧૭૫૨ માં ખોદાવવામાં આવેલું, જ્યારે એની બાજુનો કુંડ ઈ. સ. ૧૭૬૦ માં સમરાવવામાં આવેલો.[૧૩]

નડિયાદમાં નારણદેવનું મંદિર કરાવતી વખતે જરૂરી ઈંટો પકાવવા માટી ખોદાવી ત્યારે પડેલા મોટા ખાડાને પાળ બાંધી લેવામાં આવતાં જે તળાવ રચાયું તે તળાવ એ મંદિર બાંધનારાં રતન શેઠાણીના નામ પરથી 'રતન તળાવ' નામથી ઓળખાયું.[૧૪]

બેટ શંખોદ્ધારમાં પૂર્વ દિશામાં આવેલું ઇમાજી સરોવર (જે હાલ રણછોડસર નામે ઓળખાય છે તે)નો આરો વિ. સં. ૧૮૬૨ (ઈ.સ. ૧૮૦૬) માં બંધાયો હોવાનું જણાયું છે.[૧૫]

આ સમયે સુરતમાં કેટલાક નવા બાગ બંધાયા. વિલિયમ એન્ડ્રુ પ્રાઈસે ઈ. સ. ૧૭[illegible] માં બંધાવેલો બાગ અગાઉના બધા બાગ કરતાં ચડિયાતો

હતો.[16] એ પછી કતારગામની ભાગળ બહાર ઈ. સ. ૧૭૭૫ માં નવાબ હાફીઝુદ્દીને 'અલ્લાબાગ' કરાવ્યો, તે સર્વશ્રેષ્ઠ થયો. એનો વિસ્તાર કરવા માટે આજુબાજુનાં મકાન ઉખાડી નાખવાને લઈને લોકો એને 'અલ્લાબાગ' ને બદલે 'જુલમીબાગ' કહેતા. એમાં ચીન ઈરાન અને યુરોપથી રોપા મગાવી રોપાવ્યા હતા. એમાં કલમો કરવાને લઈને એક છોડની દરેક ડાળ પર જુદી જુદી જાત અને રંગનાં ફૂલ આવતાં.[17] પછીના વર્ષે મુલ્લાં ફખ્રુદ્દીને સુરતથી ત્રણ કોશ દૂર ભટારમાં એક બાગ કરાવ્યો હતો.[18]

પાટણમાં કોઠી ફુઈ દરવાજા પાસે કોટની અંદરના ભાગમાં આવેલો બગીચો દમાજીરાવે કરાવ્યો હતો.[19]

## ધાર્મિક સ્થાપત્ય

### (અ) હિંદુ

આ સમયે અનેક નવાં મંદિર કુંડ અને અન્ય ધાર્મિક બાંધકામ થતાં રહ્યાં તેની સાથે કેટલાંક જૂનાં જીર્ણોદ્ધાર પણ પામ્યાં. ઇંદોરનાં મહારાણી અહલ્યાબાઈ, પાટણ–વડોદરાના દમાજીરાવ ગાયકવાડ અને વડોદરાના ફત્તેસિંહરાવ ગાયકવાડ તથા ગાયકવાડી સરસૂબા બાબાજી આપાજી, પેશવાના શરાફ ગોપાળ જગન્નાથ તાંબેકર વગેરેએ કરાવેલાં બાંધકામ ગુજરાતના મંદિર-સ્થાપત્યમાં વિશિષ્ટ ભાત પાડે છે. મંદિરોની રચના પરત્વે એમણે દક્ષિણ ભારતનાં મંદિરોમાંથી મુખ્યત્વે બે તત્ત્વ ગ્રહણ કર્યાં : (૧) તલમાનમાં દેવના વાહન કે દાસ માટે અલગ મંડપ કરવો અને ઊર્ધ્વમાનમાં મંદિરના શિખરને પિરામિડનો ઘાટ આપવો. વડોદરા ડાકોર સારસા પાટણ અમદાવાદ વગેરે સ્થાનોએ આવેલાં મંદિર આ બાબતનાં સૂચક છે. આથી આ સમયના શિવાલયમાં નંદિ–મંડપ, વિષ્ણુમંદિરમાં ગરુડ–મંડપ અને રામમંદિરમાં હનુમાન-મંડપ ઘણું કરીને અલગ કરેલા દૃષ્ટિગોચર થાય છે. મરાઠાઓએ બંધાવેલાં મંદિરો સિવાયનાં અન્ય મંદિર મુખ્યત્વે ગુજરાતમાં સોલંકીકાલથી સુસ્થાપિત થયેલી ઉત્તર ભારતીય નાગર શૈલી અનુસાર તલમાનમાં તારાકાર અને ઊર્ધ્વમાનમાં રેખાન્વિત શિખર-પદ્ધતિ પ્રમાણે બનેલાં છે. શત્રુંજય સુપેડી જડેશ્વર સુરત વગેરે સ્થળોએ આવેલાં મંદિર આ સ્વરૂપનાં છે. વૈષ્ણવ મંદિરોમાં શિખર કરવાનો ચાલ નહિ હોવાથી આ કાલમાં પણ એ મંદિર હવેલી સ્વરૂપે બંધાયાં હતાં.

મળી આવતા છૂટાછવાયા ઉલ્લેખો પરથી આ કાલનાં મંદિરો વિશે કેટલીક માહિતી આ પ્રમાણે તારવી શકાય છે : [૨૦]

સુરતમાં રહિયા સોનીના ચોકમાં (હાલ લાલગેટ પાસે) આવેલું બાલાજી મંદિર ૧૯ મી સદીના પહેલા દાયકામાં બંધાયેલું સુપ્રસિદ્ધ ભવ્ય મહામંદિર છે. એના પ્રાકારમાં શિખરબંધી ચાર મંદિર એક હરોળમાં ઊભેલાં નજરે પડે છે. એમાં ડાબી બાજુથી લેતાં પહેલું જગન્નાથજીનું, બીજું બાલાજીનું (આકૃતિ ૧૪), ત્રીજું કૃષ્ણાર્જુનેશ્વર મહાદેવનું અને ચોથું નંદકેશ્વર મહાદેવનું છે. આ ચારેય મંદિર ઊંચા પીઠ પર બાંધેલાં છે અને ચાર પગથિયાં ચડવાથી એના મંડપમાં દાખલ થવાય છે. આ મંદિર મુખ-ચોકી કે શણગાર-ચોકી ધરાવતાં નથી. એમાં ગર્ભગૃહ અને એની સંમુખ મંડપની રચના કરેલી છે. અંતરાલમાં કરેલા ગવાક્ષોમાં આરસનાં વિવિધ શિલ્પ મૂકેલાં છે. આ મંદિરો પૈકીનાં પ્રથમ ત્રણ સુરતના શાહ સોદાગર શ્રી કૃષ્ણજી અર્જુનજી ત્રવાડીએ ઈ.સ. ૧૮૦૩ માં રૂપિયા ત્રણ લાખના ખર્ચે બંધાવ્યાં હતાં. ચોથું મંદિર ઈ. સ. ૧૮૮૮ માં શ્રી નંદશંકર લાભશંકરે બંધાવી કૃષ્ણાર્પણ કર્યું હતું.[૨૧] આ મંદિરો ઉપરાંત ગોપીપરામાં આવેલું રામજી મંદિર અને પુષ્ટિમાર્ગનું લાલજી મહારાજનું મંદિર પણ આ સમયે બંધાયેલાં. લાલજી મહારાજનું ઈ. સ. ૧૭૭૦ માં બંધાયેલું મંદિર ઈ. સ. ૧૮૩૭ ની મોટી આગમાં બળીને ખાખ થઈ ગયું હતું.[૨૨]

નર્મદા પર આ કાલમાં ચાણોદમાં મલ્હારરાવ ગાયકવાડે અને ગરુડેશ્વર ખાતે મહારાણી અહલ્યાબાઈએ ભવ્ય ઘાટ બંધાવ્યા.[૨૩]

ભરૂચમાં ઈ. સ. ૧૭૮૩ માં ભૃગુભાસ્કરેશ્વર નામનું નવું મંદિર બંધાયું. એ દેવાલય સિંધિયાના ભાસ્કરરાવ નામના સૂબાની સહાયથી ભાર્ગવ બ્રાહ્મણોએ બંધાવ્યું હતું. એમાં ભાર્ગવોની કુળદેવી સૌભાગસુંદરીની મૂર્તિને ભૃગુઋષિના દેરામાંથી અહીં આણીને એક ગોખમાં પધરાવેલી છે.[૨૪]

વડોદરામાં આ સમયે વિઠ્ઠલમંદિર, બહુચરા માતાનું મંદિર, ખંડોબાનું મંદિર, ગણપતિ મંદિર, નીલકંઠેશ્વર મહાદેવ, યવતેશ્વર મંદિર વગેરે બંધાયાં. માંડવી પાસે ચાંપાનેર માર્ગ પર આવેલું વિઠ્ઠલ મંદિર વડોદરાનાં રાજમાતા ગેહનાબાઈએ ઈ. સ. ૧૮૦૯ માં બંધાવ્યું હતું.[૨૫] આ મંદિર પશ્ચિમાભિમુખ છે. મંદિર પ્રાકારબંધ છે. ત્રણ શિખરયુક્ત ગર્ભગૃહ, લાંબો મંડપ, મંડપમાં લાકડાના સુશોભિત સ્તંભોનો પ્રયોગ, ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણાપથ, ગર્ભ-

ગૃહમાં પ્રવેશ-ભાગ પરનાં ચિત્ર વગેરે આ મંદિરની વિશેષતા છે. બહુચરા માતાનું મંદિર અમદાવાદના જગા પુરુષોત્તમ લુહારે ઈ.સ. ૧૭૮૬ માં કરાવેલું.[૨૬] કારેલી બાગ પાસે આવેલ આ મંદિર પણ પ્રાકારબંધ છે. મંદિર પશ્ચિમાભિમુખ છે. એની એક બાજુ હનુમંતેશ્વર મહાદેવ અને બીજી બાજુ બટુક ભૈરવનું મંદિર છે. મંદિર પર સપાટ છાવણ છે. એમાં માતાજીના યંત્રની પૂજા થાય છે. મદનઝાંપાથી મકરપુરાને રસ્તે જતાં જમણી બાજુ પર મહાવીર જૈન વિદ્યાલયની બાજુમાં ખંડોબાનું મંદિર આવેલું છે. જંજૂરી (મહારાષ્ટ્ર)-માં આવેલ ખંડેરાય( ખંડોબા ) મરાઠાઓના ઇષ્ટદેવ ગણાય છે. યેશુબાઈ નામની ભાવિક કન્યાને આવેલા સ્વપ્નને આધારે ખંડોબાની મૂર્તિ ખોદી કાઢી એની સ્થાપના માટે ગાયકવાડ સરકાર તરફથી આ મંદિર કરવામાં આવેલું. પાછળથી એમાં ખંડોબાની નવી મૂર્તિ સ્થાપવામાં આવી હતી. મંદિરમાં યેશુબાઈની મૂર્તિ પણ છે.[૨૭] આ મંદિર પણ વિશાળ પ્રાકાર ધરાવે છે. મંદિર પૂર્વાભિમુખ છે. મંદિરના ગર્ભગૃહમાં શિવલિંગનાં દર્શન થાય છે. મંડપના ઘૂમટમાં અંદરના ભાગમાં કૃષ્ણલીલા અને પૌરાણિક દશ્યોનાં ચિત્ર છે. ભીમનાથ મહાદેવની જગામાં આવેલું ગણપતિ મંદિર ગોપાળરાવ મૈરાળે ૧૮ મી સદીના ઉત્તરાર્ધમાં બંધાવેલું છે.[૨૮] બાબાજી આપાજીએ વડોદરામાં બાબાજીપુરા વસાવ્યું તે પહેલાં એ ત્યાંના પ્રસિદ્ધ મહાદેવના નામ પરથી નીલકંઠપુરા કહેવાતું હતું. બાબાજીએ એ મંદિરને સ્થાને રૂા. ૧૨,૫૩૨ ખર્ચી નવું દેવાલય કરાવ્યું.[૨૯] દાંડિયા બજારમાં આવેલું આ પ્રાકારબંધ મંદિર ગર્ભગૃહ અને લાંબો મંડપ ધરાવે છે. ગર્ભગૃહ પર એક ઊંચો અને ચાર નીચા એવા પાંચ ઘૂમટ કરેલા છે. મંદિરની ચોકી પરના સપાટ છાવણને લાકડાના સ્તંભ ટેકવી રહ્યા છે. ગર્ભગૃહમાં આરસની જળાધારીમાં શ્યામ પથ્થરનું લિંગ સ્થાપેલું છે. ગર્ભગૃહની પાછલી દીવાલમાં ગણપતિ મહેશ્વર અને લક્ષ્મીનાં મૂર્તિશિલ્પ મૂકેલાં છે. આ મંદિરમાં નંદિમંડપ છૂટો કરેલો છે. દીવાન રાવજી આપાજીએ પોતાના પૂર્વજોના મૂળ વતન સતારાની પાસે આવેલા સુપ્રસિદ્ધ યવતેશ્વર મહાદેવના સ્થાન પરથી અહીં એ નામનું શિવાલય કરાવેલું, જે આજે પણ વિશ્વામિત્રીને કાંઠે જોવામાં આવે છે.[૩૦] જેલ રોડ પર આવેલું આ મંદિર પૂર્વાભિમુખ છે. આ પ્રાકારબંધ મહામંદિરમાં નંદિમંડપ છૂટો છે અને એ મોટા કદનું નંદિ-શિલ્પ ધરાવે છે. મંદિર ઊંચા પીઠ પર બાંધેલું છે. તલમાનમાં ગર્ભગૃહ અંતરાલ મંડપ અને ત્રણ બાજુ અર્ધમંડપો(ચોકીઓ)ની રચના છે. એમના પર નાગર શૈલીએ રેખાન્વિત શિખર અને સંવરણા કરેલાં

છે. મંદિરનું સુશોભન ગુજરાતમાં પ્રચલિત પરંપરાગત શૈલીએ થયું છે. એ મરાઠાઓએ કરેલાં પિરામિડ ઘાટનાં શિખરોવાળાં મંદિરોમાં જુદી ભાત પાડે છે. મંદિરનાં પીઠ અને મંડોવર પર વિવિધ મૂર્તિ-શિલ્પ કંડાર્યાં છે. ચોકમાં મોટો દીપસ્તંભ કરેલો છે.[૩૦અ]

ખંભાતમાં આ સમયે પ્રખ્યાત કવિ પ્રીતમદાસે ઈ.સ. ૧૭૬૧ માં એક મંદિર બંધવેલું તે રાજપૂતવાડામાં ખારી કૂઈ પાસે આવેલું છે અને આજે 'મથુરાદાસબાવાનું મંદિર' નામે ઓળખાય છે.[૩૧] માદળા તળાવ પાસે આવેલું રણછોડજીનું પ્રસિદ્ધ મંદિર ઈ. સ. ૧૭૭૨માં બંધાયું હતું. આમાં ત્રિવિક્રમજી, શેષશાયી વિષ્ણુ અને બીજી અનેક પ્રતિમાઓ નજરે પડે છે.[૩૨] ચોકમાં આવેલું 'કબીર મંદિર' ઈ.સ. ૧૮૦૧ માં બંધાયેલું છે.[૩૩] ખંભાતમાં પુષ્ટિમાર્ગનો વ્યાપક પ્રસાર થતાં કેટલાંક નવાં હવેલી–મંદિર બંધાયાં. એ પૈકી ગોકુળના શ્રી રામકૃષ્ણ મહરાજે ઈ. સ. ૧૮૧૩માં બંધાવેલું નવનીત-પ્રિયાજીનું મંદિર પ્રખ્યાત છે. આ મંદિર કપાસી પોળમાં આવેલું છે.[૩૪]

ઉમરેઠમાં ઈ.સ. ૧૭૬૬ માં ગામના પંચે વેરાઈ માતાનું મંદિર બંધાવ્યું. મલાવ તળાવની પાળ પર ભદ્રવાળી પોળમાં રહેતા પંડયા પ્રેમાનંદે ઈ.સ. ૧૭૬૯ માં ગુરુ દત્તાત્રેયનું મંદિર કરાવી એમાં દત્તાત્રેયનાં પગલાં અને મૂર્તિ બેસાડયાં.[૩૫] મલાવ તળાવથી દક્ષિણ દિશાએ રતનપુરા જવાના રસ્તે આવેલું બદરીનાથ મહાદેવનું સ્થાનક ઈ. સ. ૧૭૭૮માં બંધાયેલું છે. આ શિખરબંધી મંદિરને ફરતો પ્રાકાર છે. એમાં શિવની ત્રણ મુખવાળી મૂર્તિ અને શિવલિંગ સ્થાપેલ છે.[૩૬] ગામનું રખવાળું કરતાં હરિયોળ રાજપૂત વાસણજી મારુજી નામના જાગીરદાર ઈ. સ. ૧૭૯૭માં કામ આવતાં એમની પાછળ એમની સ્ત્રી દરિયાબા સતી થઈ. એ જગા પર એમના વંશજોએ મોટીપીપળીની બાજુમાં ચોતરો કરાવી સતીની દેરી ચણાવી. આ જગા 'દરિયાબાની પીપળ' નામે ઓળખાય છે.[૩૭]

સોજિત્રા (તા. પેટલાદ)નું કામનાથ મહાદેવનું મંદિર ઈ. સ. ૧૭૬૯ માં બંધાયું છે.[૩૮]

આ સમયે નડિયાદમાં અનેક ઇમારત બંધાયેલી, એ પૈકીની મોટા ભાગની નાશ પામી છે. કડીના મલ્હારરાવ ગાયકવાડની પાયગા મલ્હારપરામાં બિસ્માર હાલતમાં જોવામાં આવે છે. મલ્હારરાવે ઈ. સ. ૧૮૦૨માં નારણદેવ મંદિરનો પાયો નાખ્યા પછી એમને થોડા વખતમાં નડિયાદમાંથી ભાગવું

પડેલું હોવાથી એ દેવાલયનું બાંધકામ અધૂરું રહ્યું, જે વડોદરાના હરિભક્તિ કુટુંબનાં રતન શેઠાણીએ ઈ. સ. ૧૮૦૭માં પૂરું કરાવ્યું. નારણદેવનું મંદિર મજમુદારની પોળમાં આવેલું છે.[૩૯]

ડાકોરનું સુપ્રસિદ્ધ રણછોડજીનું મંદિર આ સમયમાં બંધાયું. સ્થાનિક અનુશ્રુતિ અનુસાર રણછોડજીની મૂર્તિ ભક્ત બોડાણો ઈ. સ. ૧૧૫૫માં ડાકોર લાવેલ, પરંતુ એ ૫૬૯ વર્ષ સુધી પ્રતિષ્ઠા વગર રહી હતી. ઈ.સ. ૧૭૨૫ માં લક્ષ્મીજીનું મંદિર બંધાતાં એમાં એની સર્વપ્રથમ સ્થાપના થઈ. ત્યાર બાદ હાલનું ભવ્ય મંદિર ઈ. સ. ૧૭૭૨ માં પેશવાના શરાફ સતારાના ગોપાળ જગન્નાથ તાંબેકરે બંધાવ્યું, ત્યારે વિ.સ. ૧૮૨૮ ના મહા વદિ ૫ ને બુધવારે એમાં એ મૂર્તિની પ્રતિષ્ઠા થઈ.[૪૦] આ મંદિર પશ્ચિમાભિમુખ છે. મંદિર વિશાળ ચોકમાં મધ્યમાં ઊભેલું છે. એના રવેશયુક્ત પ્રાકારમાં પ્રવેશ માટે ભવ્ય બલાનક કરેલું છે. ઊંચી પીઠ પર આવેલ મંદિર તલમાનમાં ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને ત્રણ બાજુ ચોકીઓ ધરાવે છે. પાછલી બાજુએ ગર્ભગૃહમાં જવાના બારી કરેલી છે, જ્યાંથી અંદર જઈ મૂર્તિની પૂજા, ચરણસ્પર્શ વગેરે થઈ શકે છે.[૪૧] ગર્ભગૃહમાં વિષ્ણુની ત્રિવિક્રમ(રણછોડજી)ની શ્યામ-શિલામાંથી કંડારેલી મનોહર ભાવપૂર્ણ મૂર્તિ સ્થાપેલી છે. મંદિરના ઊર્ધ્વ-માનમાં દક્ષિણ ભારતીય મંદિર પદ્ધતિની સાથે મુસ્લિમ સ્થાપત્યનો સમન્વય નજરે પડે છે.[૪૨] ગર્ભગૃહ પર મધ્યમાં ઊંચા પિરામિડ ઘાટનું પાંચ મજલા ઊંચું શિખર એ જ ઘાટનું કરેલું છે. ત્રણેય શિખર પર રેખાન્વિત અર્ધ-ગોળાકાર આમલક અને શિખરના ચાર ખૂણે ચાર મિનારાઓની રચના કરેલ છે. આ મિનારા મુસ્લિમ પ્રભાવના સૂચક છે. મંડપ અને ચોકીઓ વાળા ભાગ પર અગાશી કરી એમાં નીચેના તલમાનને અનુરૂપ સંવરણા કરી છે, જે સાદા ઘૂમટ પ્રકારની છે (જુઓ આકૃતિ ૧૫).

ખેડા જિલ્લાના આણંદ તાલુકામાં આવેલા સારસા(ખંભોળજ)નું સત-કેવળનું મંદિર ઉપર્યુક્ત રણછોડરાયનું મંદિર બાંધનાર સ્થપતિએ બાંધેલું છે ને એ તલમાન અને ઊર્ધ્વમાનમાં એને આબેહૂબ મળતું આવે છે[૪૩] (જુઓ આકૃતિ ૧૬).

ખીજલપુર(તા. હાલોલ)માં ઈ. સ. ૧૭૬૩થી ૧૭૬૬ના ગાળામાં બંધાયેલું ચતુર્ભુજરાય મહારાજનું મંદિર શાસ્ત્રીય પદ્ધતિએ બંધાયેલું એક નમૂનેદાર મંદિર છે. પ્રાકારબંધ મંદિરને એક નાનું અને એક મોટું એવાં

બે શિખર છે. ગર્ભગૃહમાં ચતુર્ભુજ વિષ્ણુની ત્રિવિક્રમ સ્વરૂપની મનોહર મૂર્તિ સ્થાપેલી છે. એમાં બાજુમાં લક્ષ્મીજી અને ચાર પાર્ષદો (આયુધપુરુષો ?), તેમજ ગરુડની ઊભી આકૃતિઓ કંડારી છે. મુખ્ય મૂર્તિની ચોપાસ દશાવતાર મૂર્તિઓ કંડારી છે. મંદિરના મંડપના અંદરના ઘૂમટમાં કરેલાં ચિત્ર ઝાંખાં પડી ગયાં છે.[૪૪]

અમદાવાદમાં ભદ્રનો કિલ્લો સર થયા પછી મરાઠાઓની કેંદ્રવર્તી સત્તા સ્થપાતાં કિલ્લામાં અનેક દેવાલય બંધાયાં. મરાઠાકાલમાં ગણેશબારીથી છેક વિઠ્ઠલ મંદિર અને આજના હોમગાર્ડ્સ પરેડ ગ્રાઉન્ડ સુધી એક સળંગ રસ્તો જતો હતો, જે લાલ દરવાજા સાથે સંકળાયેલો હતો. આ રસ્તા પર બંને બાજુ સામસામે મંદિર આવેલાં હતાં. પાછળથી મંદિરોની આસપાસ એવી રીતે બાંધકામ થઈ ગયાં કે જેથી મૂળ રસ્તો ઘણી જગાએ દબાઈ ગયો. આથી આજે ત્યાં મૂળ આવો કોઈ રસ્તો હતો એવી કલ્પના સુધ્ધાં પણ આવી શકતી નથી. આ રસ્તા પર પંચમુખી મહાદેવ, હનુમાનજીનું મંદિર, ગણપતિ મંદિર રામજી મંદિર, બદરીનારાયણનું મંદિર, લક્ષ્મીનારાયણનું મંદિર, મારુતિ મંદિર, કૃષ્ણ મંદિર અને વિઠ્ઠલ મંદિર આ કાલમાં બંધાયેલાં મંદિર છે.[૪૫] એ પૈકી રામજી મંદિર, કૃષ્ણ મંદિર અને વિઠ્ઠલ મંદિરમાં જૂના સ્થાપત્યના ઘણા અંશ જળવાઈ રહ્યા છે. રામજી મંદિર ગર્ભગૃહ, રંગમંડપ અને સમ્મુખ છૂટો હનુમાન-મંડપ ધરાવે છે. એના ગર્ભગૃહ પર શિખર નથી. ગર્ભગૃહની કાષ્ઠ-કોતરણીની જાળીઓ આજે પણ જળવાયેલી છે મંડપ ઘણો લાંબો છે ને એની લંબચોરસ છત સ્તંભરહિત ટેકવાયેલી છે, ગર્ભગૃહમાં ભદ્રપીઠ પર રામ લક્ષ્મણ અને જાનકીની ઊભી મૂર્તિઓ સ્થાપેલી છે. મંડપની મધ્યમાં દેવતા સંમુખ એક ફુવારો કરેલો છે. એ પણ મૂળ મંદિરની રચના સમયનો છે. હનુમાન-મંડપની પદ્માકાર છત પર નાનો ઘૂમટ કરેલો છે. મંડપમાં દાસ-સ્વરૂપે નમસ્કાર મુદ્રામાં ઊભેલા હનુમાનજીની ભાવવાહી મૂર્તિ છે. આ મંદિરનું બલાનક ' રામ-બારી ' તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં નદીના પટમાં ઊતરવાનાં પગથિયાં છે.[૪૬] કૃષ્ણ મંદિર ભદ્રવિસ્તારનું સુપ્રસિદ્ધ મંદિર છે (આકૃતિ ૧૭). એમાં મનોહર કોતરણીયુક્ત બલાનકમાં થઈ પ્રાકારબદ્ધ મંદિરમાં દાખલ થતાં વચ્ચે ખુલ્લો ચોક આવે છે. ચોકની મધ્યમાં મંદિર ઊભું છે. મંદિર એના તલમાનમાં ગર્ભગૃહ અંતરાલ મંડપ તથા શણગાર ચોકી અને ઊર્ધ્વમાનમાં પીઠ મંડોવર અને શિખર ધરાવે છે. શિખર પિરામિડ ઘાટનું ત્રણ છાદ્યો ધરાવતું કળશ-યુક્ત છે. ગર્ભગૃહની અંદર ગઈ સદીમાં ઘડાયેલી શ્રીકૃષ્ણની મૂર્તિનાં દર્શન

થાય છે. મંડપ પરનું છાવણું કુબ્જપૃષ્ઠાકાર છે ને વરસાદનું પાણી નીચે ઊતરી જવા માટે બંને લાંબી બાજુ પર નીચે ઊતરતી નાની નાની નાળોની કરેલી રચના દૃષ્ટિગોચર થાય છે. મંડપની અંદરની છત સપાટ છે તેને કાષ્ઠકોતરણીથી મઢી દીધેલ છે. મંદિરમાં પ્રવેશદ્વાર ઉપર ગણેશ, અંતરાલમાં કાચબાની આકૃતિ અને ઉત્તર દીવાલમાંની ગોમુખની રચના પરથી આ મંદિર મૂલતઃ શિવાલય હોવાનું અને પાછળથી કૃષ્ણાલયમાં રૂપાંતરિત થયેલું હોવાનું જણાય છે. મંદિરની સંમુખ ગરુડ-મંડપ છૂટો કરેલો છે. મંદિરના ચોકમાં એક નાનું અલગ શિવાલય કરેલું છે. આ શિવાલય કેવળ ગર્ભગૃહ ધરાવે છે. એની સંમુખ મોટા કદનો નંદિ ખુલ્લામાં મૂકેલો છે, જે મૂળ શિવાલયનો હોવાની સંભાવના છે.[૪૭] વિઠ્ઠલ મંદિર મ્યુનિસિપલ સ્નાનાગરની ઉત્તરે આવેલું છે. આ મંદિર ઈ. સ. ૧૭૬૮ માં ગોસ્વામી યાદવ બાવા ભાગવતે બંધાવેલું છે. રચના પરત્વે આ શિખર-રહિત મંદિર રામજી મંદિર સાથે સામ્ય ધરાવે છે. એમાં ગર્ભગૃહ, રંગમંડપ અને છૂટો ગરુડ-મંડપ કરેલો છે. ગર્ભગૃહની કાષ્ઠની મૂળ જાળી આજે પણ અકબંધ જળવાયેલી જોવા મળે છે. ગર્ભગૃહમાં સેવ્ય પ્રતિમા તરીકે યુગલ સ્વરૂપ વિઠોબા અને રુકમાઈ( વિઠ્ઠલનાથજી અને રુક્મિણી )-ની ઊભી મૂર્તિઓ સ્થાપેલી છે. મંદિરનો લાંબો મંડપ જીર્ણ થઈ ગયો છે. રંગમંડપ અને દેરી સ્વરૂપના ગરુડ-મંડપની વચ્ચે એક નાના નીચા મંડપમાં નાનાં નાનાં સખ્યાબંધ શિવલિંગ સ્થાપેલાં છે.[૪૮]

અમદાવાદ શહેરમાં અને શહેર બહાર આ કાલમાં અનેક મંદિર બંધાયાં. એમાંનાં ઘણાં સુધારાવધારા અને જીર્ણતાને લઈને પોતાનું મૂળ સ્વરૂપ ગુમાવી બેઠાં છે. ઊભેલાં મંદિરો પૈકી ખાડિયા ગેટથી બાલાહનુમાન જવાના રસ્તા પર અમૃતલાલની પોળ સામે આવેલું વિસનગરા નાગરોના હાટકેશ્વર મહાદેવનું મંદિર ( આકૃતિ ૧૮ ) નોંધપાત્ર છે. આ મંદિર એના બંધાવનારના નામ પરથી અમૃતલાલ તુલજારામ મહાદેવના નામે ઓળખાય છે. મંદિર મરાઠા કાલનું પરંપરાગત સોલંકીકાલીન સ્થાપત્ય શૈલીના નમૂનારૂપ છે. મંદિર પૂર્વાભિમુખ છે. એમાં તલમાનમાં ગર્ભગૃહ, અંતરાલ, મંડપ તથા મંડપમાંથી ત્રણ બાજુ બબ્બે સ્તંભ વધારીને શણગાર-ચોકીઓની રચના કરી છે. ઊર્ધ્વ-માનમાં આ મંદિર ઊંચી પીઠ, મંડોવર અને રેખાન્વિત શિખર ધરાવે છે. મંદિરના ગર્ભગૃહમાં મધ્યમાં શિવલિંગ સ્થાપેલું છે. પાછળના ગવાક્ષમાં પાર્વતીની ચતુર્ભુજ મૂર્તિ છે. ગર્ભગૃહનું અંદરનું ઘૂમટકાર વિતાન ભૌમિતિક-આકૃતિઓથી સજાવેલ છે. અંતરાલમાં ડાબી બાજુના ગવાક્ષમાં ગણેશની મૂર્તિ

છે. ઉમામહેશ્વરની મૂર્તિમાં વિશેષતા એ છે કે શિવના ડાબા ખોળામાં પાર્વતી અને જમણા ખોળામાં બાલગણેશ બેઠેલા છે (જુઓ આકૃતિ ૩૨). રંગમંડપ ૧૨ સ્તંભોથી યુક્ત છે. તેના ઘૂમટાકાર વિતાનમાં વચ્ચે ઝૂમર લટકતું હોય તેવી રીતની મનોહર રચના કરી છે. એને ફરતી એક કૃષ્ણ અને ૧૫ ગોપીઓની ત્રિભંગયુક્ત પૂતળીઓની ગોઠવણ કરી છે. ચોકીઓના છયે સ્તંભો ઉપર બબ્બે મળીને નૃત્યવાદ્યમાં રત એવી બાર અપ્સરાઓના મૂર્તિશિલ્પ મૂકેલાં છે. શણગાર-ચોકીઓના પ્રવેશો ઉપર ઇલ્લિકા-તોરણની રચના મનોહર છે. મંદિર પ્રાકારબંધ છે અને એના પ્રાકારની અંદરની રવેશમાં બાંધકામ કરી લેવામાં આવ્યું છે. મંદિરના પ્રવેશદ્વાર પાસે પ્રાકારમાં ડાબે ખૂણે બહુચરા માતાનું મંદિર કરેલું છે.

ઉત્તર ગુજરાતમાં પાટણમાં દમાજીરાવના બગીચામાં આવેલી એમની છતરડી, ફતેહસિંહરાવ ગાયકવાડે જીર્ણોદ્ધાર કરાવેલ બ્રહ્મકુંડ અને બીજાં કેટલાંક દેવાલય નોંધપાત્ર છે. દમાજીરાવના બગીચાની બરાબર મધ્યમાં એમની છતરડી આવેલ છે. પથ્થરથી બાંધેલી છતરડીમાં આરસનો છૂટથી ઉપયોગ થયો છે. એમાં વપરાયેલા ઘણા પથ્થર જૂના પાટણના કોઈ મંદિરના હોવાનું જણાય છે.[૪૯] છતરડીના ગર્ભગૃહ પર દક્ષિણી પ્રકારનું પિરામિડ ઘાટનું શિખર કરેલું છે, જ્યારે મંડપ અને શણગાર-ચોકીઓ પરની સંવરણા ઉત્તરભારતીય શૈલીએ ઘૂમટ ઘાટની કરી છે (જુઓ આકૃતિ ૧૯). માતરવાડી નજીક જાળેશ્વર મહાદેવના રસ્તા પર બ્રાહ્મણોના શ્મશાન પાસેના હરિહરેશ્વર મહાદેવના સ્થાનક પાસે આવેલો પ્રાચીન કુંડ 'બ્રહ્મકુંડ' નામે ઓળખાય છે. એનો જીર્ણોદ્ધાર ફતેહસિંહરાવ ગાયકવાડે ઈ. સ. ૧૭૮૪ માં કરાવ્યો ત્યારે એ કુંડમાં અનેક નવી મૂર્તિઓ બેસાડેલી. એમાં પાણી નાચે રાખેલી શેષશાયી વિષ્ણુની મૂર્તિ આકર્ષક છે.[૫૦] આ ઉપરાંત ખાનસરોવરને પૂર્વ છેડે આવેલું દમાજીરાવે ઈ. સ. ૧૭૬૬–૬૭ માં બંધાવેલું શિવાલય[૫૧] અને કોઠી કૂઈમાં દાખલ થતાં જમણી બાજુ આવેલી ઓઘડનાથની જગામાંથી ઓઘડબાવા અને સાધ્વી ગંગા માતાની સમાધિ-દેરીઓ આ સમયનાં છે.[૫૨] અમદાવાદના બૅરોનેટ સર ચીનુભાઈ માધવલાલના કુટુંબમાં થયેલ પ્રાણકુંવર નામનાં સાધ્વી બાઈ પોતાના પતિ મહેતા ઉદયશંકર મંગળજી પાછળ ઈ. સ. ૧૭૯૯ માં સતી થતાં એમની સ્મૃતિમાં પાછળથી દેરી કરવામાં આવેલી, જે આજે ઉપર્યુક્ત બ્રહ્મકુંડના કિનારા પાસે દૃષ્ટિગોચર થાય છે.[૫૩]

પાટણ પાસે ભૂતિયાવાસણા ગામે આવેલું ભૂતેશ્વર મહાદેવનું મંદિર આ

કાલનું છે. મંદિરનો ભવ્ય અને અલંકૃત દરવાજો એની શોભામાં વધારો કરે છે ( જુઓ આકૃતિ ૨૦ ).

કડીમાં યવતેશ્વર મહાદેવનું મંદિર, રાધાકૃષ્ણ મંદિર અને હાલની મામલતદારની કચેરી ત્રણેય ઇમારત આ કાલનો ગાયકવાડી પ્રભાવ ધરાવે છે. યવતેશ્વર મંદિર દીવાન બાબાજીના પુત્રે બંધાવેલું હતું. એમાં દક્ષિણ ભારતનાં શિવાલયોમાં જોવા મળે છે તેમ નંદિ-મંડપ રંગમંડપથી છૂટો કરેલો છે.[૫૪]

સિદ્ધપુરમાં સરસ્વતીને સામે કાંઠે આવેલો મઠ ઇંદોરનાં મહારાણી અહલ્યાબાઈએ ઈ.સ. ૧૭૯૫ માં કરાવ્યો હતો. દીવાન બાબાજીએ ૧૯ મી સદીના પ્રારંભમાં અહીં સિદ્ધેશ્વર, ગોવિંદ મહાદેવ અને નીલકંઠ મહાદેવ નામે ત્રણ મંદિર કરાવેલાં. આમાં સિદ્ધેશ્વરનું મંદિર નદીતટ પર આવેલું પ્રખ્યાત મંદિર છે. ઊંચા પ્રાકારની મધ્યમાં શિખરબંધ ભવ્ય મંદિર ઊભેલું છે. પ્રાકારની નદી તરફની દીવાલ ઘણી મજબૂત બનાવવામાં આવી છે.[૫૫]

બહુચરાજી( જિ. મહેસાણા )માં માતાજીનું નવું દેવાલય દમાજીરાવ ગાયકવાડના નાના કુમાર માનાજીરાવે સંવત ૧૮૩૯( ઈ. સ. ૧૭૮૩ )માં બંધાવેલું અને દેવાલયને ફરતો કોટ કરી નજીકમાં માનસરોવર નામનો કુંડ કરાવેલો. આ દેવાલય પથ્થરનું જૂની બાંધણી પદ્ધતિનું ગર્ભગૃહ ગૂઢમંડપ અને સભામંડપથી યુક્ત છે. ગૂઢમંડપ કરતાં બહારનો સભામંડપ મોટા કદનો છે.[૫૬]

સૌરાષ્ટ્રમાં આ સમયે પ્રભાસ દ્વારકા અમરેલી બેટ-શંખોદ્ધાર જૂનાગઢ સુપેડી જડેશ્વર વગેરે સ્થળોએ બંધાયેલાં મંદિર નોંધપાત્ર છે.

પ્રભાસ પાટણમાં સોમનાથનું મંદિર વારંવાર ભગ્ન થયું હોવાથી અને એનો ઘણો ભાગ નાશ પામ્યો હોવાથી એનો જીર્ણોદ્ધાર નિરર્થક લાગતાં ઇંદોરનાં મહારાણી અહલ્યાબાઈએ વિ. સં. ૧૮૩૯( ઈ. સ. ૧૭૮૩ )માં એ ખંડેરથી થોડે દૂર નવું મંદિર બંધાવ્યું.[૫૭] આ માટે સાંકલ્યેશ્વરના ભૂગર્ભ મંદિરના ગર્ભગૃહને યથાવત્ રહેવા દઈ એના પર શિખરબંધી ભવ્ય શિવાલય કરાવ્યું. આઝાદી બાદ જૂના સોમનાથ મંદિરની જગ્યાએ બંધાયેલા સોમનાથના નવા મંદિરના નિર્માણ પહેલાં લોકો આ મંદિરના શિવલિંગનાં જ સોમનાથ તરીકે દર્શન કરતા. અહલ્યાબાઈનું મંદિર સાદું અને નાનું છતાં રચના પરત્વે ઉમદા છે. કમળની પાંખડીઓથી વીંટળાયેલ શિખર પથ્થરમાંથી કોરેલા પુષ્પ જેવું લાગે છે[૫૮] ( જુઓ આકૃતિ ૨૧ ). ઈ. સ. ૧૭૯૫ ના અરસામાં સોમનાથના દેસાઈ ઉમિયાશંકરે પેશવાનો આદેશ મેળવી રૂ.

૬,૨૦૦ના ખર્ચે રુદ્રેશ્વર, સૂર્યમંદિર અને શશિભૂષણનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવાની સાથે બીજાં અનેક મંદિરોનો ઉદ્ધાર કરાવેલો.[૫૯]

દ્વારકામાં ઈ. સ. ૧૭૭૩ માં ઇંદોરનાં મહારાણી અહલ્યાબાઈ હોળકરે સોમનાથનું નવું મંદિર બંધાવ્યું અને એ અરસામાં ગોમતી પરનો ઘાટ સુધરાવ્યો.[૬૦]

અમરેલીમાં ગાયકવાડના કાઠિયાવાડના સરસૂબા વિઠ્ઠલરાવ દેવાજીએ અનેક મંદિર કચેરીઓ બજાર પાણીને સારુ નીક વગેરે સાર્વજનિક કામ કરાવ્યાં.[૬૧] એમાં જાગનાથ મંદિર મુખ્ય છે. આ મંદિર ઈ. સ. ૧૮૧૭ માં બંધાવવામાં આવ્યું હતું. આ મંદિરમાં ભીમ અગિયારસ, શીતળા સાતમ અને ગોકળ આઠમે મોટા મેળા ભરાય છે.[૬૨] અમરેલીની નજીક દામનગર પાસે આવેલું કુંભનાથનું મંદિર પણ મરાઠાકાલના અંત સમયનું પ્રખ્યાત મંદિર છે.[૬૩]

બેટ શંખોદ્ધારના સુપ્રસિદ્ધ સત્યભામાજી મંદિરના અધિપતિ હરિદાસ બાવાએ ઈ. સ. ૧૭૮૩ માં એ મંદિરમાં ત્રિવિક્રમ મંદિર ઉમેર્યું અને સમગ્ર મંદિર વિસ્તારને ફરતો પ્રાકાર કરાવ્યો. બાલમુકુંદજીના મંદિરના અધિપતિએ ઈ. સ. ૧૭૯૪ માં જાંબુવતીની મૂર્તિ ડુંગરપુરથી આણી એ મંદિરમાં સ્થાપી ત્યારથી બાલમુકુંદજીનું મંદિર 'જાંબુવતીજીનું મંદિર' તરીકે ઓળખાવા લાગ્યું.[૬૪]

જૂનાગઢમાં પંચહાટડી પાસે હવેલી ગલીમાં આવેલ પુષ્ટિમાર્ગીય હવેલી મંદિર વિશાળ અને ભવ્ય છે. એ આ માધવરાયજી મંદિર ઈ. સ. ૧૭૮૦ માં જામનગર હવેલીના ગોસ્વામી મહારાજ ગોવર્ધનેશજીના લાલજી શ્રી માધવરાયજીએ બંધાવ્યું હતું. એમાં શ્રી મદનમોહનલાલજીનું સ્વરૂપ પધરાવેલું. પાછળથી ઈ. સ. ૧૮૦૦ માં એમાં દામોદરજીનું સ્વરૂપ પણ પધરાવવામાં આવ્યું.[૬૫]

સુપેડી( જિ. રાજકોટ )માં આ કાલનાં બે નમૂનેદાર મંદિર આવેલાં છે. આમાંનું એક વિષ્ણુનું અને બીજું શિવનું છે. સોમપુરા સલાટોએ બંધાવેલાં હોવાથી એ સલાટો કે સ્થપતિઓનાં મંદિર તરીકે વિશેષ જાણીતાં છે. એમનાં ઉત્તુંગ શિખર ઉત્તર ભારતની નાગર શૈલીને અનુરૂપ, તલમાનમાં તારાકાર અને અને ઊર્ધ્વમાનમાં રેખાન્વિત છે. પૂર્ણ વિકસિત શિખરની તુલનામાં મંદિરના રંગમંડપ પરની સાદી સંવરણા દૃષ્ટિને ખૂંચે તેવી છે ( જુઓ આકૃતિ ૨૨ ).

એની પીઠ અને મંડોવર પરના બધા થર ખૂબ વિગતપૂર્ણ શિલ્પોથી કંડાર્યા છે (આકૃતિ ૨૩)

વાંકાનેર પાસે આવેલું જડેશ્વર મહાદેવનું મંદિર( જિ. સુરેન્દ્રનગર ) આ કાલમાં બંધાયેલું છે.[૬૬] ભવ્ય પ્રાકાર વચ્ચે ઊભેલા મંદિરમાં ગર્ભગૃહ, મંડપ અને ત્રણ બાજુ ચોકીઓ કરેલ છે. પીઠ અને મંડોવરના ભાગ સ્પષ્ટ કર્યા નથી, પણ શિખર અને સંવરણાવાળા ભાગ ગુજરાતની પરંપરાગત સોલંકીકાલીન પ્રશિષ્ટ પદ્ધતિને અનુરૂપ છે ( જુઓ આકૃતિ ૨૪ ). પ્રાકારની અંદર વિશાળ ભોજનશાળાનું આયોજન કરેલું છે. મંદિરની પાછળના ભાગમાં મોટું જળાશય છે. અનેક વાર જીર્ણોદ્ધાર થવાને લઈને મંદિરના સ્વરૂપમાં ઠીક ઠીક ફેરફાર થયા છે.

પાળિયાદ( તા. બોટાદ )નું શિવમંદિર આ સમયમાં બંધાયેલ છે.

કચ્છમાં ઈ. સ. ૧૮૧૯ માં થયેલા મોટા ધરતીકંપમાં એ વખતે ઊભેલી ઘણી પ્રાચીન અર્વાચીન ઇમારતો નાશ પામી. આ મહાવિનાશમાંથી ભુજમાં આવેલી લખપતજીની છતરડી બચી ગઈ છે. અલબત્ત, એની ઉત્તર તરફની વીથિકાનો કમાનનો ભાગ હાલી ગયો છે. આ છતરડી (આ.૨૫) એક વિશાળ અને ભવ્ય સ્મારક ગણાય છે. એ વિ. સં. ૧૮૩૮(ઈ.સ. ૧૭૮૨)માં કચ્છના મહારાવ શ્રી રાયધણજીએ ૩૭,૦૦૦ કોરીના ખર્ચે બંધાવી હતી.[૬૭] કચ્છના રાજવી લખપતજીના સ્વર્ગવાસ( ઈ. સ. ૧૭૬૦ ) બાદ એમની સાથે ૧૫ સ્ત્રીઓએ અગ્નિસ્નાન કર્યું તેના સ્મારકરૂપે આ છતરડીની રચના થઈ છે. આ છતરડી પથ્થરથી બાંધેલી છે. ઊંચી પીઠ પર ફરતી વીથિકા રાખીને મધ્યમાં મોટો ખંડ ધરાવતી આ ઇમારતમાં પૂર્વ દિશામાં પ્રવેશદ્વાર કરેલું છે. મોટા ખંડની મધ્યમાં કરેલી પાળિયાઓની હારમાં બરાબર મધ્યમાં રાવ લાખાજીના ઘોડેસવાર પાળિયાની જમણી બાજુ આઠ અને ડાબી બાજુ સાત સતીઓના પાળિયા છે. પ્રવેશદ્વાર પાસે ઉત્તર અને દક્ષિણે છડીદારનાં મોટાં શિલ્પ કરેલાં છે. એમના પર ભોગાસનોનાં બે શિલ્પ નજરે પડે છે. મધ્ય ખંડના બાર સ્તંભો પૈકી એક બાજુના ૭ ઉપર તંબૂર વીણા મૃદંગ દીલરૂબા સુંદરી અને ઝાંઝ વગાડતી સ્ત્રીઓ અને બીજી બાજુ નાગકન્યા તથા બીજી પાંચ નર્તકીઓનાં શિલ્પ છે. વીથિકાના સ્તંભોની શિરાવટી અને મદલો પર વાદ્યકારો વગેરેનાં મનોહર શિલ્પ દૃષ્ટિગોચર થાય છે. વીથિકાની દીવાલ દશાવતારના કેટલાક અવતારો, ગણપતિ તેમજ સ્ત્રી-પુરુષોનાં શિલ્પોથી ખચિત છે. આમાં નૈઋર્ત્ય ખૂણામાં આવેલું બજાણિયાનું શિલ્પ ચિત્તાકર્ષક છે. છતરડીના

મધ્ય ખંડની ઉપર નીચા ઘાટનો કળશયુક્ત ઘૂમટ કર્યો છે, જ્યારે વીથિકામાં પ્રક્ષેપો કાઢીને પ્રત્યેક બાજુ ચાર મુખ્ય અને પ્રત્યેક ખૂણામાં છ મળીને કુલ્લે ૨૮ પ્રક્ષેપ રચ્યા છે અને એના ઉપર ઊંધા કટોરા ઘાટના નાના ઘૂમટ કંડાર્યા છે. વીથિકાના બધા સ્તંભ પરસ્પર કાંગરીદાર કમાનો વડે સાંકળાયેલા છે. પ્રક્ષેપયુક્ત વીથિકાનું મધ્યખંડ સાથેનું સમાયોજન સરસ રીતે સંધાયેલું હોવાથી તેમ સુંદર સજાવટને લઈને જોનારને આ છતરડી મુગ્ધ બનાવે એવી છે.૬૮

(આ) જૈન

આ કાલમાં સો જેટલાં નવાં જિનમંદિર બંધાયાં અને ઘણાં જીર્ણોદ્ધાર પામ્યાં. અમદાવાદમાં શેઠના પાડામાંનું શીતલનાથનું અને વાઘણપોળ (ઝવેરીવાડ)માંનાં અજિતનાથ અને શાંતિનાથનાં દેરાસર, સોજિત્રાનું સમડી ચકલામાંનું મહાવીર સ્વામીનું દેરાસર, અણસ્તુ(જિ. વડોદરા)નું બજારમાંનું પાર્શ્વનાથનું, મીયાગામ(કરજણ)નું બાબુ બજારમાંનું શાંતિનાથનું, સિનોર(તા. જિ. વડોદરા)ના શ્રાવકવાડામાંનું સુમતિનાથનું તથા છીપાવાડમાંનું વાસુપૂજ્ય સ્વામીનું, નિકોરા(તા. જિ. વડોદરા) ગામમાંનું આદિનાથનું, દરાપરા(તા. જિ. વડોદરા) ગામમાંનું સુમતિનાથનું, કેરવાડા(તા. જિ. વડોદરા)નું સોની ફળિયામાં આવેલું આદિનાથનું, ભરૂચમાંનું શ્રીમાળી પોળમાં આવેલું શંખેશ્વર પાર્શ્વનાથનું, સુરતમાં ગોપીપુરામાંનું મહાવીર સ્વામીનું, પ્રેમચંદ રાયચંદની ધર્મશાળાની પાછળ આવેલું શીતલનાથનું, મોટી પોળમાંનું વાસુપૂજ્ય સ્વામીનું, ઓસવાલ મહોલ્લામાંનું ચંદ્રપ્રભસ્વામી અને શ્રેયાંસનાથનું, માળી ફળિયામાંનું માણેકચંદ ડાહ્યાચંદને ત્યાંનું વિમલનાથનું (ઘરદેરાસર), નાની દેસાઈ પોળમાંનું સુવિધિનાથનું અને નાણાવટમાં કાણાકોચરાની પોળમાંનું આદિનાથનું તથા અજિતનાથનું દેરાસર, વલસાડમાં શેઠ ફળિયામાંનું મહાવીર સ્વામીનું, દમણ(જિ. સુરત)માં વાણિયાવાડમાંનું આદિનાથનું, પાલનપુરનું કમાલપુરામાંનું સંભવનાથનું તથા પ્રેમચંદ પારેખના વાસમાંનું આદિનાથનું, આસેડા(તા. ડીસા)નું બજારમાંનું આદિનાથનું, વાતમ(તા. દીઓદર)નું જૂના વાસમાંનું આદિનાથનું, દુઆ(તા. ધાનેરા)નું બજારમાં આવેલ કુંથુનાથનું તથા અમીઝરા પાર્શ્વનાથનું, ઘોડીઆલ(તા. વડગામ)નું વાણિયા શેરીમાંનું પાર્શ્વનાથનું, ગોળા(તા. વડગામ)નું વાણિયા મહોલ્લાનું મહાવીર સ્વામીનું, મમદપુર(તા. વડગામ)નું બજારમાંનું આદિનાથનું, ભાગળ(તા. પાલનપુર)નું વાણિયા વાસમાંનું આદિનાથનું, થરા(તા. થરાદ)નું બજારમાં

આવેલું શાંતિનાથનું, નાયકા( તા. સમી )નું બજારમાંનું શાંતિનાથનું, પાટણની ચૌધરી શેરીમાંનું વિમલનાથનું ( ઘર-દેરાસર ), વિસનગરનું કડા દરવાજા પાસેનું કલ્યાણ પાર્શ્વનાથનું, ઉમતા( તા. વિસનગર ) ગામમાં આવેલું કુંથુનાથનું, ગુંજા (તા. વિસનગર)નું વાણિયાના માઢમાંનું શાંતિનાથનું, ઊંઝામાં તલાટી માઢમાં આવેલું શાંતિનાથનું (ઘર-દેરાસર), ગાંભુ(તા. ચાણસ્મા)નું ગંભીરા પાર્શ્વનાથનું, ધીણોજ(તા. ચાણસ્મા )નું બજારમાં આવેલું શીતલનાથનું, વીરમગામમાં સંઘવી ફળિયામાંનું શાંતિનાથનું તથા અજિતનાથનું, ધામા(તા. દસાડા) ગામનું શાંતિનાથનું, જૈનાબાદ (તા. દસાડા) ગામમાંનું પાર્શ્વનાથનું, એડું (તા. દસાડા) ગામનું શાંતિનાથનું, લાડોલ(તા. વિજાપુર)માં બજારમાં આવેલું પાર્શ્વનાથનું, વાઘપુર(તા. પ્રાંતીજ)માં વાણિયાના મહોલ્લાનું અજિતનાથનું (ઘર-દેરાસર), ડભોડા(તા. ગાંધીનગર)નું વાણિયાવાસમાંનું અજિતનાથનું, ઇલોલ(તા. હિંમતનગર)માં બજારમાં આવેલાં કુંથુનાથ તથા આદિનાથનાં, હાપા(તા. હિંમતનગર)નું બજારમાં આવેલું નેમિનાથનું, લાંઘણજ (તા. મહેસાણા)માં આવેલું શાંતિનાથનું, સમૌ(તા. વિજાપુર)નું બજારમાંનું પાર્શ્વનાથનું, વિજાપુરમાં સુથારવાડામાંનું આદિનાથનું અને ચોથિયા કોટમાંનું શાંતિનાથનું, લોદ્રા (તા. વિજાપુર) ગામનું અભિનંદનસ્વામીનું, પેથાપુર (જિ. ગાંધીનગર )નું બજારમાં આવેલું સુવિધિનાથનું (બાવન જિનાલય), ચલોડા (તા. ધોળકા)માં પાટીદારના મહોલ્લામાંનું પાર્શ્વનાથનું, પીપળી (તા. ધંધુકા) ગામનું સંભવનાથનું, ફેદરા (તા. ધંધુકા ગામનું શીતલનાથનું, બરવાળા (તા. ધંધુકા) ગામનું પદ્મપ્રભસ્વામીનું, વાંકાનેરના બજારમાંનું અજિતનાથનું, મોરબીમાં દરબારગઢ પાસેનું ધર્મનાથનું, ગોંડળમાં દેરા શેરીમાંનું ચંદ્રપ્રભસ્વામીનું, જામનગરમાં લાલબાગ પાસે ડેલી ફળિયામાંનું ગોડી પાર્શ્વનાથનું ( ઘર–દેરાસર ), પાલીતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસેનું આદિનાથનું, શિહોરનું બજારમાં આવેલું સુપાર્શ્વનાથનું, ભાવનગરમાં વોરા બજારમાંનું ગોડી પાર્શ્વનાથનું, અમરેલીની જૂની બજારમાં આવેલું સંભવ નાથનું, વેરાવળના બહારના કોટનું ચિંતામણિ પાર્શ્વનાથનું, કચ્છમાં કુંદરોડી (તા. મુંદ્રા)ના બજારમાંનું પાર્શ્વનાથનું (ઘર–દેરાસર), માંડવી (તા. માંડવી)નું પાટલા બજારમાંનું ધર્મનાથનું તેમજ આંબા બજારની વોરા શેરી પાસે આવેલું શાંતિનાથનું, ભૂજમાં વાણિયાવાળી મોટી ડહેલીમાંનું શાંતિનાથનું, દૂધઈ(તા. અંજાર)ના બજારમાંનું પદ્મપ્રભસ્વામીનું, લાકડિયા(તા. ભચાઉ)નું બજારમાંનું

શાંતિનાથનું, આધોઈ(તા. ભચાઉ )નું અજિતનાથનું, આડેસર(તા. રાપર)નું આદિનાથનું, તારંગાનું મૂળ દેરાસરની પાછળનું કુંથુનાથનું, શત્રુંજય પર ખરતર-વસહી ટૂક પરનું શાહ હુકમચંદ ગંગાદાસનું મંદિર, પાંચ પાંડવોની ટૂક પરનું શાહ ખુશાલદાસ ડાહ્યાભાઈનું મંદિર, મોદી પ્રેમચંદ રાયચંદની ટૂક પરનાં ત્રણ મુખ્ય મંદિર, એ ટૂક પાસેનું ઝવેરી રતનચંદ ઝવેરચંદનું મંદિર અને એની સામેનું પ્રેમચંદ ઝવેરચંદનું મંદિર, વિમલવસહી ટૂક પરનું હીરાચંદ રાયકરણનું મંદિર, ભુલવણી પાસેનાં શાહ કુંવરજી લાધા, વોરા કેસરિસંઘ લાધા, માણેક દયાચંદ મયાચંદ વગેરેનાં મંદિર આ કાલમાં બંધાયેલાં છે.[૬૯]

આ જિનાલયો પૈકી કેટલાંક ઘર–દેરાસરોને બાદ કરતાં મોટા ભાગનાં શિખરબંધ છે. રચના પરત્વે એ ગર્ભગૃહ મંડપ અને ચોકી ધરાવે છે. કેટલાંક મોટાં મંદિરોમાં ત્રણ ગર્ભગૃહ અને ક્વચિત્ પાંચ ગર્ભગૃહ કરેલાં છે. મંડપને પણ ક્યારેક ઢાંકીને ગૂઢમંડપનું સ્વરૂપ અપાયું છે. મોટા ભાગનાં મંદિરોમાં મંડપમાંથી શણગાર ચોકીઓ કાઢેલી છે. આ જિનાલયોમાં પ્રતિષ્ઠિત તીર્થંકરોની પ્રતિમાઓ મોટે ભાગે સપરિકર પંચતીર્થી પ્રકારની છે અને શાસ્ત્રીય રીતે ઘડાયેલી એ મૂર્તિઓમાં લાંછન, યક્ષ–યક્ષિણીઓ અને તીર્થંકરની સિદ્ધિઓ વગેરે દર્શાવેલ હોય છે. આ ઉપરાંત બાજાં મૂર્તિશિલ્પોથી તેમજ બારીક કોતરણીથી બધાં મંદિર સજાવેલાં છે. આ પૈકીનાં કેટલાંક નોંધપાત્ર છે.

શત્રુંજય પર અમદાવાદના મોદી પ્રેમચંદ લવજીની ટૂક અને એ પરનાં ત્રણ મુખ્ય અને કેટલાંક ગૌણ મંદિર આ કાલમાં બન્યાં છે. એમાંનું મધ્યનું મંદિર ઠીક ઠીક મોટું છે. મંદિર પૂર્વાભિમુખ છે અને એની ઉત્તર અને દક્ષિણ બાજુએ શણગાર ચોકીઓ કાઢેલી છે. મુખ્ય ચોકી પર ખડા કરેલા દ્વારપાળ લાકડીના ટેકે ગોવાળની છટાથી ઊભેલા બતાવ્યા છે. મંદિરની બહારની દીવાલના લગભગ અર્ધે ઊંચા ભાગે ફરતો એક શિલ્પપટ્ટ આપ્યો છે, જેમાં ગણેશ ભવાની વગેરે હિંદુ દેવ-દેવીઓનાં મૂર્તિશિલ્પ નજરે પડે છે. મુખ્ય મંડપ અને શણગાર ચોકીઓ પરનાં છાવણ–સંવરણ નીચા સાદા ઘૂમટ પ્રકારનાં છે, જ્યારે ગર્ભગૃહ પર ત્રણ શિખર કરેલાં છે તેમાં મધ્યનું ઊંચું છે. આ મંદિર મોદી પ્રેમચંદે ઈ.સ. ૧૭૮૬ માં બંધાવેલું[૭૦] ( જુઓ આકૃતિ ૨૬ ). એમાં મૂળનાયક તરીકે આદિનાથની ભવ્ય પ્રતિમા પ્રતિષ્ઠિત છે. ઉપરાંત અન્ય ૧૧૦ જેટલી મૂર્તિઓનાં એમાં દર્શન થાય છે.[૭૧] એના પ્રવેશદ્વારની ઉપરના ભાગમાં આવેલું પુંડરીક સ્વામીનું દેરાસર હેમચંદ લાલચંદે ઈ.સ. ૧૭૮૬ માં બંધાવેલું.[૭૨]

મોદી પ્રેમચંદના મંદિરની ડાબી બાજુએ ઉત્તર દિશામાં સુરતના ઝવેરી

રતનચંદ ઝવેરચંદે ઈ.સ. ૧૮૦૩ માં બંધાવેલું આરસનું ભવ્ય મંદિર આવેલું છે. વાસ્તુશાસ્ત્રના સિદ્ધાંતોને અનુસરીને બંધાયેલ આ મંદિરની કેટલીક વિશિષ્ટતાઓ ખાસ નોંધપાત્ર છે. તલમાનમાં બરાબર મધ્યમાં બાર બિંદુઓના આયોજનથી એક મોટા લંબચોરસ મંડપની રચના કરવામાં આવી છે. એમાંનાં મધ્યનાં ચાર બિંદુ એની અંદરનો ચોરસ બનાવે છે. આ ગોઠવણીને અનુરૂપ સ્તંભો અને અર્ધસ્તંભોની રચના કરેલી છે. આ મધ્યના વિશાળ લંબચોરસ મંડપની પાછળના ભાગમાં ગર્ભગૃહ કરેલું છે તેમાં વચ્ચે પથ્થરની પડદીઓથી ત્રણ ભાગ અલગ કર્યા છે. સ્તંભો અને મંડપની બાજુઓ વચ્ચેની જગા મંદિર બંધાયા પછી ચણી લેવાયાથી મંડપ ગૂઢમંડનું સ્વરૂપ પામ્યો છે. ફરસમાં કાળા અને સફેદ આરસનું સમાયોજન કર્યું છે. બહારના સ્તંભ બહુકોણી છે. એની ઊંચાઈના ઉપલા ત્રીજા ભાગમાં ઇલ્લિકા તોરણનો ઘાટ રચાય એવા સ્વરૂપનાં મદલ ગોઠવ્યાં છે, આથી ત્રણ ગર્ભગૃહોની સંમુખ ત્રણ તોરણોની રચના થઈ છે. લંબચોરસ મંડપની મધ્યમાં રચાયેલ ચોરસ મંડપની છત પર એક સપાટ છતવાળા ખંડની રચના કરી છે, જ્યારે ત્રણેય ગર્ભગૃહો પર એક એક શિખર કરેલ છે[૭૩] (જુઓ આકૃતિ ૨૭).

આ મંદિરની સામેના ભાગમાં ઉત્તર બાજુએ સુરતના પ્રેમચંદ ઝવેરચંદે કરાવેલું મંદિર રચના પરત્વે ઉપર્યુક્ત રતનચંદના મંદિરને મળતું આવતું એ જ સમયનું મંદિર છે; ફેર એટલો છે કે આમાં મધ્યનો લંબચોરસ મંડપ બે બાજુથી ખુલ્લો રાખેલો છે. રતનચંદના મંદિરની પૂર્વમાં નાનાં નાનાં આઠ મંદિરોની હાર છે; આ બધાં ઈ.સ. ૧૮૦૩ માં બંધાયેલાં છે.[૭૪]

વિમલવસહી ટૂક પર દમણના હીરાચંદ રાયકરણે ઈ.સ. ૧૮૦૩ માં બંધાવેલ મંદિરમાં મંડપની ત્રણે બાજુ ચોકીઓ કાઢેલી છે. રચના કે સુશોભનની બાબતમાં આ શાંતિનાથપ્રાસાદ કોઈ ખાસ વિશેષતા ધરાવતો નથી.[૭૫] આ ટૂક ઉપર ભુલવણીની પશ્ચિમ બાજુએ આવેલાં મંદિરો પૈકી ભાવનગરના શાહ કુંવરજી લાધાએ ઈ. સ. ૧૭૫૮ માં બંધાવેલ મંદિર પાંચ ગર્ભગૃહ ધરાવતું મોટું સરસ મંદિર છે. એની લગોલગ આવેલું મોટું મંદિર અજમેરના મોતીચંદ શિવચંદે ઈ. સ. ૧૭૫૭ માં બંધાવેલું છે. એની સમીપમાં સુરતના વોરા કેસરીસંઘ લાધાએ ઈ. સ. ૧૭૮૬ માં બંધાવેલ સંભનાથપ્રાસાદ આવેલો છે. એની પાછળના ભાગમાં આવેલું નાનું મંદિર ઈ.સ. ૧૮૦૩ માં માણેક દયાચંદ મયાચંદે બંધાવેલું છે. એ મંદિરની મુખચોકીનાં સુશોભન ચિત્તાકર્ષક છે.

એની બાજુમાં એ અરસામાં મહેસાણાના પટવા કપૂરચંદ રિખવદાસે બંધાવેલ અને પદ્મપ્રભસ્વામીને અર્પણ કરેલું જિનાલય છે.[૭૬]

સુરતમાં ગોપીપુરામાં આવેલી મોટી પોળમાં વાસુપૂજ્યસ્વામીનું ભવ્ય દેરાસર છે. આ મંદિર રત્નસાગરજીના ઉપદેશથી સં. ૧૮૪૩(ઈ.સ. ૧૭૮૭)માં સાકરચંદ લાલભાઈએ બંધાવ્યું હતું. ચાર માળના આ ધાબાબંધી દેરાસરમાં નીચલા મજલે ભોંયરામાં મૂળનાયક શાંતિનાથ ભગવાન છે. ઉપલા માળમાં ચૌમુખજી છે. વચ્ચે પાર્શ્વનાથ છે. બીજી બાજુ સમવસરણની સુંદર રચના કરેલી છે. ગર્ભગૃહ વિશાળ છે અને એની સંમુખનો રંગમંડપ પણ કોતરણીયુક્ત છે. આ મંદિરમાં પાષાણની ૮૯ અને ધાતુની ૭૨ પ્રતિમા છે.[૭૭]

(ઇ) ઇસ્લામી

આ કાલમાં મોટા ભાગની પ્રાચીન મસ્જિદો નમાઝ માટે પ્રયોજાતી રહી ને કેટલીક નવી મસ્જિદો પણ બંધાઈ, પણ સ્થાપત્યની દૃષ્ટિએ જૂની મસ્જિદો જેવી ભવ્યતા એમાં વરતાતી નથી; જોકે આમાં સુરતના ઉપર્યુક્ત દરિયામહેલની બાજુમાં ઈ.સ. ૧૭૯૧ માં બંધાયેલી મસ્જિદ વિશિષ્ટ ભાત પાડે છે.[૭૮] ઉમરેઠમાં ઈ.સ. ૧૭૯૨ માં કાજી અજુમુદ્દીને પ્રસિદ્ધ ગરુડ મંદિર તોડી એને સ્થાને મસ્જિદ કરાવેલી. એ મસ્જિદ ગાંધીશેરીમાં આવેલી છે અને 'ફતેહ મસ્જિદ' નામે ઓળખાય છે.[૭૯]

આ સમયે બંધાયેલાં દરગાહ અને રોજાઓ પૈકી સુરતની પીર મક્કીશાહની દરગાહ, કચ્છમાં પીર ગુલામઅલીની જગ્યામાં આવેલી દરગાહો, લખપતમાંની લખપતી પીરની અને પીર ઘોષની દરગાહો તથા ભૂજમાંનો જમાદાર ફતેહ મામદનો રોજો નોંધપાત્ર છે.

સુરતમાં આ સમયે મક્કીશાહ નામાંકિત પીર થયા. એમનું ઈ.સ. ૧૭૯૫ માં અવસાન થતાં એમની કબર પર દરગાહ કરવામાં આવેલી છે. આ દરગાહ અઠવા રોડ પર અઠવા દરવાજા નજીક આવેલી છે.[૮૦]

કચ્છમાં કેરાના અગ્નિખૂણે પીર ગુલામઅલીની જગ્યા આવેલી છે. આમાં અનેક ઇમારત છે તે પૈકી મોટા કોટ વચ્ચે આવેલી ગુલામઅલીની દરગાહ મુખ્ય છે. એ પૂર્વાભિમુખ છે. એના મધ્ય ભાગની ઉપર એક મોટો ઘૂમટ છે, જ્યારે આગળના ભાગમાં ત્રણ નાના ઘૂમટ કરેલા છે. અંદરના ભાગમાં ૧૨ સ્તંભો પર મુખ્ય ઘૂમટનું છાવણ ટેકવાયેલું છે. એની નીચે મધ્યમાં કબર છે. દરગાહનાં પ્રવેશદ્વાર પીતળનાં છે. દરગાહની સંમુખ એક મંડપ ખડો

કર્યો છે. એની પ્રત્યેક બાજુમાં વીથિકા કાઢેલી છે. મંડપ પરનું છાવણ સપાટ છે. બાજુમાં આવેલી દાદા અલીશાહની દરગાહમાં ફાનસ રાખવાના મિનારા કરેલા છે. આ ઇમારત સાદી અને સપાટ છતવાળી છે. એની આગળ ત્રણ અને પાછળ બે પ્રવેશદ્વાર કરેલાં છે. એની છતને આખા ખંડને આવરે એવી મોટી બે કમાનો વડે ટેકવેલી છે. આ દરગાહમાં કોઈ કબર કરેલી નથી, કારણ, પીરના દેહને ઈરાનમાં દફનાવવામાં આવ્યો હતો. બંને દરગાહોના દરવાજાને બહાર નીકળતાં ઢળતાં છાવણ છે. એના પર ફૂલવેલનાં મનોહર રૂપાંકન છે. બારીઓ સાદી છે અને બધી ચૂનો દીધેલી છે. આ બધાં ભવન ગુલામઅલી શાહ ઈ.સ. ૧૭૯૨ માં કરાંચીમાં અવસાન પામ્યા તે પૂર્વે આઠ વર્ષે બંધાયેલાં.[૮૧]

લખપતમાં લખપતી પીરની દરગાહ[૮૨] અને પીર ઘોપની દરગાહ[૮૩] જાણીતી ઇમારતો છે. લખપતી પીરની દરગાહમાં મધ્યમાં ઊંચો ઘૂમટ અને એને ફરતા આઠ નાના ઘૂમટ કરેલા છે (જુઓ આકૃતિ ૨૮). પ્રત્યેક બાજુની દીવાલમાં ઊંચી કાંગરીદાર કમાન કાઢી એની મધ્યમાં દરવાજા કરેલા છે, આથી કુલ ૧૨ દરવાજા બન્યા છે. કમાનોની શિરોરેખા ઉપરના ઘૂમટો પરના કળશની ટોચે જઈને મળે તેવી રીતનું બાંધકામમાં સમાયોજન થયું છે. ઘૂમટ પર ઊભી અને આડી રેખાઓ વડે નાના ચોરસ પડતા હોય તેવું ચણતર કરેલું છે. દરગાહની અંદરની પથ્થરની જાળીઓનું રૂપકામ સુંદર છે. પીર ઘોપ મુહમ્મદની દરગાહ પર એક ઊંચો અર્ધ અંડાકાર ઘૂમટ છે. એના ઉપર પણ ઊભી અને આડી રેખાઓ વડે નાના ચોરસ પાડેલા છે. આ દરગાહની જાળીઓ પરનું રૂપકામ ભૂજના મુઘલકાલીન આયના મહેલની જાળીઓ સાથે સામ્ય ધરાવે છે.

ભૂજમાં આવેલો જમાદાર ફતેહ મામદનો રોજો ( આકૃતિ ૨૯ ) ઊંચા પીઠ પર પૂર્વાભિમુખ બંધાયેલો છે. એને ફરતો ચોક રાખી વિશાળ કોટ કરેલો છે. રોજામાંની દરગાહ એક મુખ્ય ખંડ અને એની આગળ ચોકી ધરાવે છે. ચોકીની આ રચના હિંદુ મંદિરના પ્રભાવની સૂચક છે. મુખ્ય ખંડમાં વચ્ચે પથ્થરનો કોઠો ભરી લઈ એની અંદર ત્રણ કબર ઉત્તર-દક્ષિણ કરેલી છે. વચ્ચેની કબર ફતેહ મામદની પોતાની, એની પૂર્વ બાજુની એની બીબીની અને પશ્ચિમ બાજુની એના વડા પુત્ર ઇબ્રાહીમમિયાંની છે. કબરોની ઉપરના છાવણ પર ઊંચો અને ચોકીના છાવણ પર નીચો ઘૂમટ કરેલો છે. ઘૂમટ અર્ધ અંડાકાર છે અને એની ઉપર ઊભી રેખાઓ ઉપસાવી છે. આ સિવાયના ભાગોને સપાટ ધાબા વડે ઢાંકેલા છે. ધાબાને ફરતાં કાંગરાં કરેલાં છે. ખંડની ચારે દીવાલોમાં બહારના ભાગમાં ઊંચા કમાનાકાર કરી એમાં સુશોભનાત્મક ગવાક્ષ

કરેલા છે, જે મુઘલ પરંપરાને અનુસરતા જણાય છે. સમકાલીન મરાઠી ઇમારતોમાં નજરે પડે છે તેવી કાંગરી અહીં મુખ્ય પ્રવેશદ્વારની કમાનમાં પણ દૃષ્ટિગોચર થાય છે. દરગાહની બહાર ચોકને ફરતા કરેલા કોટમાં પશ્ચિમ દીવાલમાં નમાઝ પઢવા માટે મહેરાબ કરેલો છે. ચોકમાં દરગાહની ઉત્તરે ફતેહ ખાનના બીજા પુત્ર હુસેનમિયાંની કઠેડાયુક્ત અને નૈઋત્યે એ મિયાંની બીબી કોરેજા માકુબાઈની કબર છે. આ બીબીની કબરની બાજુમાં ઇબ્રાહીમમિયાંની બીબી સોતા સતાબાઈની કબર છે. ઉપરાંત રોજામાં તોપચી ગોલંદાજ અબ્દુલહમીદ હબશી હૈદરાબાદીની તેમ ઝારાઝૂમરાના સૈયદ લશ્કરના સૈયદ અબ્દુલમિયાંની પણ કબરો છે.[૮૪]

(ઈ) ખ્રિસ્તી

ખ્રિસ્તી ધર્મના સંપ્રદાયોનાં દેવળ આ સમયે બંધાયાના ત્રણ નોંધપાત્ર ઉલ્લેખ મળે છે. અંગ્રેજોએ સુરતનો કિલ્લો સર કર્યો પછી ત્યાં ઈ.સ. ૧૭૫૯માં કૅથોલિક સંપ્રદાયના કાર્મેલાઈટ સંઘે નવું દેવળ બંધાવ્યું હતું.[૮૫] ફિરંગીઓનું રોમન કૅથોલિક દેવળ ઈ.સ. ૧૮૦૨ માં સુરતમાં બંધાયું હતું.[૮૬] આ દેવળ સોની ફળિયામાં આવેલું હતું. આ દેવળને પાછળથી આર્ય સમાજે ખરીદી લઈ ત્યાં પોતાનું મંદિર બંધાવ્યું.[૮૭] ભરૂચમાં ઈ. સ. ૧૮૧૪ માં 'અવર લેડી ઑફ હેલ્થ' નામનું દેવળ બંધાયું હતું.[૮૭અ]

## ૨. શિલ્પ

સલ્તનત કાલ અને મુઘલ કાલની શિલ્પકૃતિઓના અભ્યાસ પરથી જોઈ શકાયું કે એ કાલમાં મધ્યકાલીન પ્રશિષ્ટ કલા એ જ કલાકારનું પ્રેરણાબિંદુ રહ્યું હતું. એ ઓજઃપૂર્ણ મહાન કલાપરંપરાને જાળવી રાખવા—એને પુનર્જીવિત કરવા મધ્યોત્તરકાલમાં પણ કલાકારોએ અનેક જાગ્રત પ્રયાસ કર્યા, પરંતુ એક કાલની કલાને બીજા યુગમાં પુનર્જીવિત કરવાનો પ્રયાસ હમેશાં નિષ્ફળ ગયો છે.[૮૮] પ્રાચીન સ્મારકો પરની કલા જોઈને એની ઉપરછલ્લી વિગતોનું બાહ્ય અનુકરણ કરવામાં એમને જરૂર સફળતા મળી, પરંતુ પ્રાચીન કલાના આત્મતત્ત્વને અને એની ચેતનાને તેઓ કદાપિ તેમની કલામાં ઉતારી શક્યા નહિ. આ કલાની કક્ષા મધ્યકાલનાં અંતિમ તબક્કાથી જ ઊતરતી ચાલી હતી, આથી જ મધ્યોત્તર કાલમાં મનુષ્ય-આકૃતિઓના ભાવવિહીન અને નિર્જીવ શિલ્પોનું ખાસ કરીને બાબાંડાળ ધાતુ-શિલ્પોનું બાહુલ્ય જોવા મળે છે. રાજકીય પરિવર્તનોથી પ્રભાવિત થયા વગર ભૌગોલિક અને સમયની સીમાઓને ભેદીને

ગુજરાતની જે શિલ્પકલાએ મધ્યકાલમાં પ્રાચીન ભારતીય કલાના ઇતિહાસમાં 'પશ્ચિમ ભારતીય શિલ્પશૈલી'નું[૮૯] ગૌરવપૂર્ણ નામ પ્રાપ્ત કર્યું હતું, એ કલાની ગરિમા અને એનું લાલિત્ય મધ્યોત્તર કાલ દરમ્યાન લુપ્ત થયેલાં જણાય છે. બીજી બાજુ સ્થાનિક પરિબળોના પ્રભાવમાં આવીને એ અનેક પેટા-શૈલીઓમાં વિભાજિત થતી નજરે પડે છે.[૯૦]

આમ છતાં મધ્યોત્તર કાલની ગુજરાતી કલા એક પ્રાદેશિક કલા તરીકે પોતાની આગવી પ્રતિભા ઊભી કરી શકી છે, એટલું જ નહિ, ભારતના ઉત્તર-કાલીન સાંસ્કૃતિક ઇતિહાસમાં પણ દક્ષિણ ભારત, બંગાળ, રાજસ્થાન, પંજાબ વગેરેની પ્રાદેશિક કલાની જેમ ગુજરાતની કલાએ પણ તત્કાલીન સમાજ-જીવન, ધાર્મિક પરંપરા, વેષભૂષા, રીતરિવાજો વગેરે લોકજીવનનાં વિભિન્ન પાસાંને અભિવ્યક્ત કરતી પ્રાદેશિક કલા તરીકે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે.[૯૧] આમાં સમાજના ઉચ્ચ-મધ્યમવર્ગ અને સમૃદ્ધ વેપારીવર્ગ, જૈન ધર્મ વગેરેનો ફાળો ખાસ ઉલ્લેખનીય છે. પુષ્ટિ સંપ્રદાયના ફાળાની પણ ઉપેક્ષા થઈ શકે નહિ.

મુઘલકાલીન શિલ્પકલાનાં વિશિષ્ટ લક્ષણ ઘણે અંશે મરાઠા કાલની શિલ્પકૃતિઓમાં પણ જોવા મળે છે, જેની વિગતપૂર્ણ ચર્ચા આ ગ્રંથમાળાના ગ્રંથ ૬ માં[૯૨] કરવામાં આવી હોઈ એનું પુનરાવર્તન ન કરતાં આ કાલની શિલ્પકલા પરના મરાઠી પ્રભાવનો નિર્દેશ કરી એનાં દૃષ્ટાંત રૂપે કેટલીક વિશિષ્ટ શિલ્પકૃતિઓનું વર્ણન કરવું અત્રે ઇષ્ટ માન્યું છે.

ગુજરાતનો મરાઠા કાલ રાજકીય દૃષ્ટિએ આમ તો અંધાધૂંધીનો હતો, પરંતુ મરાઠા હિંદુ હોઈ ગુજરાતની શિલ્પકલાના વિકાસમાં એમની રાજકીય પ્રવૃત્તિ બાધારૂપ બની નહિ.[૯૩]

મરાઠાઓને શરૂઆતમાં પોતાની આગવી કલાત્મક સંસ્કૃતિ જેવું બહુ ઓછું હતું, પરંતુ મરાઠી શાસકો, વેપારીઓ, દક્ષિણી બ્રાહ્મણો વગેરેએ કલા માટેની સમજ વિકસાવી. દક્ષિણમાં વિકસેલાં મરાઠી પ્રકારનાં મંદિરોનું સ્થાપત્ય તદ્દન સાદું હતું, પરંતુ એમનો ગુજરાત સાથેનો સંપર્ક વધતાં પેશવાઓ અને મહારાષ્ટ્રના અન્ય દરબારીઓ દ્વારા નિર્મિત મહેલો મકાનો અને મંદિરો વગેરેને સુશોભિત કરવા ગુજરાતના કારીગરો દક્ષિણમાં પુણે ચાંદોર નાસિક નાગપુર વગેરે સ્થળોએ જવા લાગ્યા,[૯૪] આથી ત્યાંનાં શિલ્પ-સ્થાપત્યમાં ગર્ભગૃહની દ્વારશાખ, પ્રવેશદ્વારના દ્વારપાળ-ચોપદાર, મંદિરની છતમાં ગોઠવવામાં

આવતી સુરસુંદરીઓ અને વાદ્યધારિણીઓ તથા અન્ય મદલ-શિલ્પો વગેરે ગુજરાતી સુશોભન-શિલ્પોનો સ્વીકાર થયો.[૯૫] ગુજરાતી કલા પણ દક્ષિણની અસરથી મુક્ત રહી શકી નહિ. એમાં ખાસ કરીને પોષાકનું નાવીન્ય નોંધપાત્ર છે. મરાઠી પદ્ધતિએ કછોટો મારીને કે દક્ષિણી ઢબે પહેરેલી સાડી( નવવારી )-યુક્ત દેવીપ્રતિમાઓ, મરાઠી ઢબની પાઘડીવાળા ગાયકવાડી દરબારના ચોપદાર જેવા જાજરમાન લાગતા દ્વારપાળોનાં શિલ્પ તેમજ દક્ષિણી ચકરીદાર પાઘડી પહેરેલા દરબારી પરિચારકોનાં શિલ્પ આ કાલનાં મંદિરોમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. ક્યાંક મુઘલ ગાઝી ટોપી કે પાઘડી, કાંગરાની ભાતવાળા મુકુટ, કુરતા-પાયજામા કે લાંબાં સ્કર્ટ વગેરે પોશાક પણ જોવા મળે છે. આ શિલ્પો પર વસ્ત્રાલંકાર વગેરેને અનુરૂપ રંગકામ પણ થતું.[૯૬] પ્રતિમાના દેહસૌષ્ઠવ પ્રત્યેનો ખ્યાલ પણ જુદો હતો. મધ્યકાલમાં ઉત્તર ભારતીય અને ગુજરાતી પરંપરામાં પાતળા અને નાજુક દેહનું શિલ્પ-રચનામાં પ્રાધાન્ય રહેતું ને એ શિલ્પ પ્રમાણસર ઘડવામાં આવતાં, જ્યારે મરાઠાઓએ મજબૂત ભારે બાંધાને આદર્શરૂપ સ્વીકાર્યો[૯૭] હોઈ અન્ય મરાઠી પ્રદેશોની જેમ આ કાલનાં ગુજરાતનાં શિલ્પ પણ એવાં જોવાં મળે છે. દક્ષિણની વધતી જતી અસર સાથે ધીમે ધીમે મુઘલ શૈલીની અસર ઘટવા લાગી.

આ સમયનું ગૃહસ્થાપત્ય અને એનાં સુશોભન-શિલ્પ સંતોષકારક હતાં.[૯૮] ઉપર જોયું તેમ મરાઠા કાલમાં કાષ્ઠ-કલાકારીગરીમાં ઘણું પરિવર્તન આવ્યું. અગાઉના તબક્કા-મુઘલકાલ-નું કોતરકામ ખૂબ બારીક, ઊંડું, સ્વચ્છ અને રેખાની અવર્ણનીય કુમાશવાળું હતું, જ્યારે આ કાલમાં કાષ્ઠકામ ઘણું સ્થૂળ લાગે છે; જોકે મૂળ નિયમોને બને તેટલા વળગી રહેવાનો કારીગરોએ પ્રયાસ કર્યો છે. માનવ-આકૃતિઓ કંઈક અલંકાર-પ્રચુર બની ગઈ છે. એમાં મુઘલાઈ, મારવાડી અને મરાઠી શૈલીઓનું મિશ્રણ થયેલું સ્પષ્ટ જોવામાં આવે છે. તળ-ગુજરાતનાં નગરોમાં તેમજ સૌરાષ્ટ્રમાં ઝાલાવાડમાં ભરૂચને સામે કાંઠે આવેલ ઘોઘા અને ભાવનગર જેવાં નગરોમાં આ મિશ્રશૈલીના નમૂના ઉપલબ્ધ થાય છે.[૯૯]

વિશેષ આ કાલમાં વચ્ચેથી બે ભાગમાં જુદી પડતી બેઠા ઘાટની કમાનો તેમજ સિંહ અશ્વ અને ગજવ્યાલની આકૃતિઓવાળાં ભારે અને મોટા કલાત્મક મદલો દક્ષિણ ભારતનાં વિજયનગર અને મદુરાશૈલીનાં મંદિરોમાંથી તાંજોર અને પુણે મારફતે ગુજરાતની કાષ્ઠકલામાં ઊતરી આવ્યાં; જો કે ગુજ-રાતમાં પહોંચતા સુધી એના સ્વરૂપમાં ઘણું પરિવર્તન આવ્યું.[૧૦૦] દેવી-દેવતા પણ મદલની કોતરણીમાં કેંદ્રસ્થાન પામ્યા. મદલની મજબૂતાઈને ધ્યાનમાં રાખી

એને ઉપયોગી આકાર આપવાની સાથે વિવિધ સુશોભનોનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવતો.[૧૦૧] આ મદલોની રચનામાં ગુજરાતના કલાકારોએ પોતાનું સમગ્ર કૌશલ ઠાલવી દીધું હતું, જેનાં અનેક દૃષ્ટાંત મળી આવે છે.[૧૦૨]

આ ઉપરાંત આ સમયનાં જૈન–દેરાસરો કે ઘર–દેરાસરોના કાષ્ઠ–મંડપોની રચના પણ ખાસ ધ્યાન ખેંચે છે. મંડપની સ્તંભિકા કે અર્ધ સ્તંભિકા પરનાં મદલિકા–શિલ્પો તથા ગોળાઈમાં ગોઠવાયેલ ષટ્કોણાકાર કે અષ્ટકોણાકાર સ્તંભિકાઓ પરની ઘૂમટાકાર છતની લાલિત્યપૂર્ણ અને અલંકાર–પ્રચુર સુર-સુંદરીઓ, મહાવિદ્યાઓ, વાદ્યધારિણીઓ વગેરેનાં મનોહારી શિલ્પ, માતા અને બાળક તેમજ[૧૦૩] ચામર-ધારિણીનાં શિલ્પ તથા રાસની વિભિન્ન મુદ્રાઓમાં કહાન–ગોપીઓનાં ઘૂમટ–શિલ્પ પણ ઉલ્લેખનીય છે. એમાં તળ-ગુજરાતનાં પહેરવેશ અને ઘરેણાંઓથી અલંકૃત સુંદર નર–નારીઓનાં શિલ્પોનો પણ સમાવેશ થાય છે. મંડપની પાટડી પર ધાર્મિક રિવાજો, ઉત્સવો, જૈન તીર્થંકરોના પ્રસંગો તથા રાજા–મહારાજાઓની શોભાયાત્રા–સવારી કે એમના જીવન-પ્રસંગોને આલેખતી કલાત્મક શિલ્પ–પટ્ટિકાઓ પણ નજરે પડે છે.

આ કાલનાં સર્જનોમાં કેટલીક નવી રીતિ, વિશિષ્ટ રૂઢિઓ અને નવતર રૂપાંકન પણ દાખલ થયાં. કાષ્ઠના ટુકડાને માટીના પિંડની જેમ હલ કરી એમાં મોટી ભાતોવાળાં ઉપસાવેલાં ભાસ્કર્ય કરવાં એ એનું ખાસ લક્ષણ છે. પ્રાચીન બારીક ફૂલવેલને સ્થાને જાણે કે ઉષ્ણકટિબંધનું જંગલ ફાલી ઊઠ્યું હોય તેમ શાખા–પ્રશાખાઓ અને મોટાં પર્ણોવાળા જાતજાતના વેલાઓની કોતરણીથી બારોટ, ઉત્તરાંગ અને ગવાક્ષ-ઝરૂખાઓને ભરી દેવામાં આવ્યા છે. મંડપના વિભિન્ન ભાગો પર દ્રાક્ષની વેલો, સીતાફળનાં પર્ણયુક્ત અંકનો તેમજ ગજમુખ ચકલાં હંસ તથા મયૂરની પંક્તિઓ સાર્વત્રિક નજરે પડે છે તળ–ગુજરાતનાં કાષ્ઠ-શિલ્પોના નમૂનાઓનો મોટો ભાગ આ સમયનો હોય એમ જણાઈ આવે છે. જો કે આ કૃતિઓમાં અગાઉના નમૂનાઓ જેવી કંડારની ઉચ્ચતા નથી, તોપણ એનાં શ્રેષ્ઠ ઉદાહરણોમાં આગવી સફાઈ રહેલી છે.[૧૦૪]

**હિંદુ–જૈન પાષાણ-શિલ્પ**

મરાઠાકાલની ગણેશની એક સુંદર અને વિશેષ પ્રકારની આરસ–પ્રતિમા વડોદરાના શ્રી એન. એન. પટેલના સંગ્રહમાં સચવાયેલી છે.[૧૦૪અ] પદ્માસનમાં બિરાજેલ ગણેશના રથને બે તંદુરસ્ત મોટા ઉંદર ખેંચી રહ્યા છે. ગણેશની આગળ બેઠેલા રથવાહકના હાથમાં ઉંદરોની રાશ છે. વાહકનું મસ્તક

તથા ગણેશના હાથ ખંડિત થઈ ગયા છે, છતાં ગણેશના રથને ખેંચતા ઉંદરોનું આ શિલ્પ ખરેખર મનોહર અને મનોરંજક લાગે છે.

અમદાવાદમાં ભદ્રના કિલ્લાના વિસ્તારમાં આ કાલનાં અનેક નાનાં મંદિર આવેલાં છે. એમાં હનુમાન ગણેશ રામ–સીતા–લક્ષ્મણ પંચમુખ-શિવલિંગ બદરીનારાયણ લક્ષ્મીનારાયણ વિઠ્ઠલરખુમાઈ શ્રીકૃષ્ણ વગેરેની સંખ્યાબંધ મૂર્તિ સ્થાપેલી છે.[૧૦૫] આ પૈકીની ગણપતિ મંદિરમાંની ગણપતિની અને લક્ષ્મીનારાયણ મંદિરમાંની સેવ્ય પ્રતિમા ખાસ નોંધપાત્ર છે. ગણપતિ મંદિરમાં પ્રવેશતાં જમણા હાથે આવેલા ગર્ભગૃહમાં ગણપતિની ભવ્ય મનોહર મૂર્તિનાં દર્શન થાય છે (આકૃતિ ૩૦). શિલ્પશાસ્ત્રનાં બધાં લક્ષણ જાળવી ધીરજ અને વિગતપૂર્વક આ મૂર્તિ કંડારાઈ છે. ચતુર્ભુજ ગણપતિના ઉપલા જમણા અને ડાબા હાથમાં અનુક્રમે પરશુ અને અંકુશ છે, નીચલો જમણો હાથ વરદ-મુદ્રામાં છે, જ્યારે નીચલા ડાબા હાથે ભગ્ન દંત ધારણ કર્યો છે. દેવની સૂંઢ જમણી બાજુ વળેલી છે. એમના મસ્તક પર જટામુકુટ, ગજભાલ પર મુક્તા-માળાઓના શણગાર, કંઠમાં હાર અને હાથ પર કેયૂર તથા કંકણ છે. ગણપતિ અર્ધપર્યંકાસનમાં બેઠેલા છે. એમની નીચે એમનું વાહન મૂષક કંડાર્યો છે. ચામરધારીઓની આગળની બાજુ એક એક ભક્ત હાથ જોડીને દેવની સ્તુતિ કરતો કંડાર્યો છે. લક્ષ્મીનારાયણના મંદિરના ગર્ભગૃહમાં લક્ષ્મીનારાયણ એમના વાહન ગરુડ પર બેઠેલા છે (આકૃતિ ૩૧). મનુષ્યાકૃતિ ગરુડ નાગરાજ પર બેઠેલા છે. ગરુડના જમણા ઢીંચણ પર સર્પનો ટેકો છે ને એના ઉપર દેવનો ડાબો પગ ટેકવાયેલો છે. નારાયણનું સ્વરૂપ ત્રિવિક્રમ પ્રકારનું છે અર્થાત્ ચતુર્ભુજ દેવે પોતાના ડાબા નીચલા હાથથી શરૂ કરતાં અનુક્રમે શંખ ચક્ર ગદા અને પદ્મયુક્ત વરદ-મુદ્રા ધારણ કરેલ છે. એમના ડાબા ઉત્સંગમાં લક્ષ્મી બેઠેલ છે. દ્વિભુજ દેવીએ ડાબા હાથમાં પદ્મ ધારણ કર્યું છે ને જમણો હાથ નારાયણના ખભા પર ટેકવ્યો છે. દેવીના પગ વસ્ત્રના છેડાથી ઢંકાયેલા છે. એમનું વલ્લીયુક્ત વસ્ત્ર વિશિષ્ટ ભાત પાડે છે.

અમદાવાદના ભદ્રના કિલ્લામાં આઝમખાનની સરાઈના એક ભાગમાં મરાઠા કાલમાં ભદ્રકાળીનું મંદિર કરવામાં આવ્યું છે. આ મંદિરમાં પ્રારંભમાં માતાજીનો ગોખ હતો. પાછળથી એમાં શ્યામ શિલાની ભદ્રકાળી માતાની મૂર્તિ મૂકેલી છે. કલાની દૃષ્ટિએ આ મૂર્તિમાં ખાસ નોંધપાત્ર કંઈ નથી. ખાડિયાના વિસનગરા નાગરોના હાટકેશ્વર મંદિરમાં અંતરાલની જમણી દીવાલના ગવાક્ષમાં મૂકેલી ઉમામહેશ્વરની મૂર્તિ નોંધપાત્ર છે. આ મૂર્તિમાં શિવની ડાબી જંઘા પર

પાર્વતી અને જમણી જંઘા પર બાલગણેશ બેઠેલા જોવા મળે છે (જુઓ આકૃતિ ૩૨).

ઉમા-મહેશની એક સુંદર પ્રતિમા ચાણોદ-કરનાળીના કુબેરેશ્વર મહાદેવના મંદિરમાં આવેલ છે. શિવનું વ્યાઘ્રચર્મ, ગળામાં ધારણ કરેલ સર્પ, જટા વગેરેને તથા પાર્વતીનાં વસ્ત્રોને રંગકામથી સુશોભિત કરવામાં આવ્યાં છે. પાર્વતીને દક્ષિણી ઢબની સાડી પહેરાવેલી છે, જે નોંધપાત્ર છે.

પાટણ-તાલુકાના ભૂતિયાવાસણા ગામના દૂધનાથ મહાદેવના મુખ્ય દરવાજા પર બે પરિચારક સાથેનું વિષ્ણુનું શિલ્પ (આકૃતિ ૩૩) કંડારવામાં આવ્યું છે. વિષ્ણુનો મુકુટ, એમનાં આયુધો, પરિચારકોની પાઘડી, ધોતી અલંકારો વગેરે ખાસ ધ્યાન ખેંચે છે. સમગ્ર શિલ્પ કલાત્મક કોતરણીયુક્ત હોવા છતાં શરીરનાં અંગોનું પ્રમાણમાપ બરાબર જળવાયેલું નથી.

પાળિયાદ( તા. ધંધુકા )ના શિવ-મંદિરના દ્વાર પરનું શિલ્પ આ સમયનાં શિલ્પોમાં એક ઉત્તમ નમૂનારૂપ છે. મરાઠી સૈનિક ઢબની પાઘડી, ભરાવદાર મૂછ, ભાલે ત્રિપુંડ્ર, મોટાં કુંડળ, હાથમાં છડી, શરીર પરનું અંગરખું, ઊભા રહેવાની છટા વગેરે કોઈ મરાઠી યોદ્ધાની યાદ આપી જાય છે. વસ્ત્રાલંકાર તથા છત્રી પર તેમજ ગવાક્ષની આસપાસ પણ કોતરણી કરવામાં આવી છે. આ મંદિરમાં કુબેરની એક છૂટી મૂર્તિ છે. ચતુર્ભુજ કુબેરના ઉપલા બે હાથમાં નાણાકોથળી અને નીચલા બે હાથમાં અનુક્રમે માળા અને કુંભ છે. એમના કપાળ પરનું વૈષ્ણવી તિલક અને એમનું છૂટી પાટલીનું ધોતિયું વિલક્ષણ છે (જુઓ આકૃતિ ૩૪).

ધંધુકા પાસે આવેલ પ્રસિદ્ધ ભીમનાથ મહાદેવના મંદિરના પ્રવેશદ્વાર પર પણ આ જ પ્રકારે પ્રતીહારનું ઉત્તમ શિલ્પ આવેલું છે. એના હાથનાં કડાં, પગના તોડા, કાનનાં ઠોળિયાં વગેરે પર સ્થાનિક લોકોના પહેરવેશની અસર સ્પષ્ટ વરતાય છે.

કચ્છના મહાન રાજવી મહારાવ લખપતજી સને ૧૭૭૧ માં મૃત્યુ પામ્યા. એમની પાછળ એમની ૧૫ પ્રેયસીઓ પણ સતી થઈ તેઓની સ્મૃતિમાં રાવશ્રી રાયધણજીએ એક વિશાળ છત્રી બંધાવી, જે "લખપતજીની છતેડી" નામે જાણીતી છે. એમાંનાં દશાવતાર અને સરસ્વતી, ગોપીવસ્ત્રાહરણ અને કાલિય-દમન, ખાખી બાવા તથા ફિરંગી વગેરેનાં શિલ્પ જોવાલાયક છે. છતેડીના મુખ્ય ઘૂમટ નીચે મધ્ય ભાગમાં ઘોડા પર સવાર લખપતજીનો પાળિયો અને

એની બંને તરફ રાવની પ્રેયસીઓના પાળિયા એક કતારમાં ખોડવામાં આવ્યા છે. છતેડીના સ્તંભો પર વાદ્યધારિણી અને નાયિકાઓની મોટા કદની પૂતળીઓ અને છડીદારનાં શિલ્પ ગોઠવાયેલાં છે. સ્તંભ કમાન અને ઘૂમટોની સુયોજિત બાંધણી દ્વારા અને એના પર વિવિધ પ્રકારનાં સુશોભન-શિલ્પો વડે આ છતેડીને કલાત્મક અને ભવ્ય બનાવવામાં આવી છે. એમાં તત્કાલીન કચ્છી કલા અને લોકજીવનનાં વિભિન્ન પાસાં દૃષ્ટિગોચર થાય છે[૧૦૬](જુઓ આકૃતિ ૨૫).

શત્રુંજય પર સાકરવસહિની ટૂક પર સંવત ૧૮૬૦ માં બંધાયેલું સહસ્રકૂટનું મંદિર આવેલું છે, જેમાં સહસ્રકૂટની રચના રૂપે ૧૦૨૪ મૂર્તિ સ્થાપી છે. ચૌદ રાજલોકનો આરસ-પટ્ટ, સમવસરણ અને સિદ્ધચક્રની રચના કરેલી છે. વળી મંદિરની બહારના ભાગમાં રામાયણનાં મુખ્ય પાત્ર – રામ લક્ષ્મણ સીતા દશરથ કૌશલ્યા કૈકેયી ભરત હનુમાન વગેરેનાં શિલ્પ પણ સ્થાપેલાં છે.[૧૦૭]

ગિરનાર પર સંગ્રામ સોનીની ટૂક પર બે માળ ઊંચું ભવ્ય જૈન મંદિર આવેલું છે, જેના વિશાળ ગર્ભગૃહમાં મૂળનાયક શ્રી સહસ્રફણા પાર્શ્વનાથજીની સુંદર અને કલાત્મક મૂર્તિ આવેલી છે. એની પ્રતિષ્ઠા સંવત ૧૮૫૯(ઈ. સ. ૧૮૦૨-૦૩) માં કરવામાં આવી હતી.[૧૦૮]

ગિરનાર પરની કુમારપાળની ટૂક પર આવેલ એક પ્રાચીન જૈન મંદિરમાં મૂળનાયક શ્રી અભિનંદન સ્વામીની શ્યામવર્ણી ભવ્ય પ્રતિમા આ કાલની છે. એના પર સંવત ૧૮૭૫ નો લેખ છે.[૧૦૯] આમ શત્રુંજય અને ગિરનાર પર આ સમયની અસંખ્ય મૂર્તિ ઉપલબ્ધ છે.

સોજિત્રા( તા. પેટલાદ જિ. ખેડા )ના એક જૈન મંદિરમાં આ સમયનું એક સાધુનું છૂટું શિલ્પ (આકૃતિ ૩૬) પડેલું છે. એની જટા તથા દાઢીની બનાવટમાં કૃત્રિમતા જણાઈ આવે છે. કપાળમાં ત્રિપુંડ્ર કરેલું છે, ગળામાં તથા એક હાથમાં માળા ધારણ કરેલી છે. બીજો હાથ ગોઠણ પર ટેકવાયેલો છે, કમર પર લંગોટી પહેરેલી છે. સામાન્ય રીતે આ સમયમાં આ પ્રકારે સાધુ-સંતો, કુસ્તી કરતા મલ્લોની જોડીઓ, વાદ્યકારો વગેરેનાં શિલ્પોનો ઉપયોગ મંદિરના રંગમંડપ પર બહારના ભાગમાં ચાર ખૂણે ગોઠવી સુશોભન માટે કરવામાં આવતો હતો. આ સમયના કિલ્લાઓ પર પણ આ પ્રકારનાં શિલ્પ જોવામાં આવે છે.

આ સમયે ગુજરાતમાં અનેક સ્થળોએ મંદિર બંધાયાં[૧૧૦] તે બધાં આ સમયની શિલ્પકલાનાં વાહક છે.

૧૮ મી સદીનો ઉત્તરાર્ધ એટલે કાઠી-ધાડાં, ગાયકવાડી ફોજ, વાઘેરો અને બહારવટિયાઓનો સમય.[૧૧૧] એ સમયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિશે અસંખ્ય લોકકથા અને લોકગીત રચાયાં છે. નાનાં-મોટાં ધીંગાણાંની યાદ આપતા અને સતી સંત તથા શૂરાનાં ત્યાગ અને બલિદાનોની ગાથા ગાતા અનેક પાળિયા સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગામેગામ જોવા મળે છે.

કચ્છ મ્યુઝિયમમાં આવા અનેક પાળિયા અને ખાંભીઓ સચવાયેલાં છે. ઝારાના યુદ્ધમાં વીરગતિ પ્રાપ્ત કરનાર ગોવર્ધન ખવાસનો ત્રણ ટુકડામાં ખંડિત થયેલો પાળિયો આકર્ષક છે. શિલાની ઉપરના ભાગમાં યુદ્ધના કેસરિયા વાઘા પહેરી, કમરબંધ કસી અને જમણા હાથમાં ભાલો લઈને વીર યોદ્ધો સજાવેલા ઘોડા ઉપર બેઠેલો છે. એની પાછળ સૂર્ય-ચંદ્રની આકૃતિઓ અંકિત કરેલી છે. એના પર સંવત ૧૮૧૯( ઈ. સ. ૧૭૬૨-૬૩ )નો લેખ ઉત્કીર્ણ થયેલો છે.[૧૧૨]

શામળાજી વિસ્તારમાંથી પારેવા પથ્થરમાં કોતરેલો એક સુંદર પાળિયો ગુજરાત રાજ્યના પુરાતત્ત્વ ખાતાના ઉત્તર વર્તુળે પ્રાપ્ત કરેલો છે. અશ્વારોહી વીર યોદ્ધાના એક હાથમાં ઘોડાની લગામ છે, બીજા હાથમાં માળા છે, કપાળમાં વૈષ્ણવ તિલક છે. પહેરવેશમાં માથા પર પાઘડી, કાનમાં ગોળ કડીઓ, ગળામાં મોતીની માળા અને શરીર પર ઘૂંટણ સુધીનું અંગરખું છે. કમરબંધમાં કટાર ખોસેલી છે, પીઠ પર ઢાલ છે. પાછળના ભાગમાં સૂર્ય-ચંદ્રની આકૃતિઓ પરંપરાગત રીતે કંડારેલી છે. નીચેના ભાગમાં સંવત ૧૮૨૬ (ઈ. સ. ૧૭૬૯-૭૦)નો લેખ ઉત્કીર્ણ કરેલો છે (જુઓ આકૃતિ ૩૭).

હળવદના સ્મશાનમાં આ સમયના સતીઓના અનેક ઉત્કીર્ણ પાળિયા દૃષ્ટિગોચર થાય છે.

અમદાવાદ-પાલડીના રહીશ ગુજરાતના લોકકલા-વિશેષજ્ઞ શ્રી હકુભાઈ શાહના સંગ્રહમાં સ્ત્રી અને ગધેડાની અકુદરતી ક્રીડા દર્શાવતો પાળિયો છે. આ પ્રકારના પાળિયાને ‘ ગધેડે ગાળ ’વાળો પાળિયો કહે છે; જોકે એના ગુણધર્મની કક્ષા અને આકાર-પ્રકાર જોતાં એને પાળિયો કહેવા કરતાં ખૂંટો કહેવો વધુ ઉચિત છે. અનેક ગામ કે ખેતરમાં ખોડેલ મળી આવતા આવા ખૂંટા સમાજનાં અસમાજિક તત્ત્વોની સામે લોકવિશ્વાસની લક્ષ્મણરેખા જેવા છે. જાહેર ધાર્મિક સ્થળોની રક્ષા માટે કે એની મિલકત કોઈ પડાવી લે નહિ, કે એને નુકસાન કરે નહિ અથવા ગોચર માટેની જમીન પચાવી પાડે નહિ,

એ માટે આવો 'ગધેડે ગાળ'નો ખૂંટો ખોડવામાં આવતો. જે કોઈ આવું (વિશ્વાસઘાતનું) કૃત્ય કરે તેને ખૂંટાવાળી ગાળ લાગે એવો એનો સૂચિતાર્થ થતો.[113] ગુજરાતમાં અનેક સ્થળે આ સમયના આવા અનેક ખૂંટા મળી આવે છે.

**હિંદુ-જૈન ધાતુ-શિલ્પ**

સુરતના ત્રિપુરાસુંદરી માતાના મંદિરમાં આવેલી મહિષાસુરમર્દિનીની સોળ ભુજાવાળી ધાતુપ્રતિમા (આકૃતિ ૩૮) કલાની દૃષ્ટિએ આ સમયની એક ઉત્તમ કૃતિ છે. દેવીએ સોળે હાથમાં વિભિન્ન શસ્ત્રાસ્ત્ર તથા મહિષમુંડ ધારણ કરેલાં છે. એની કમર પર મરાઠી ઢબે સાડીનો કછોટો મારેલો છે, જ્યારે એના કાનમાં નીચેના ભાગમાં કર્ણફૂલ તથા ઉપરના ભાગમાં પહેરેલાં પેચવાળાં લોળિયાં, કલાત્મક રીતે ગૂંથેલો ચોટલો વગેરે પર ગુજરાતની તળપદી લોકકલા-ની અસર વરતાય છે. આમ મહિષમર્દિનીની આ પ્રતિમાના ઘડતરમાં ગુજરાતી–દક્ષિણી શૈલીનો સમન્વય થયેલો છે.

વડોદરા મ્યુઝિયમની ઇન્ડિયન આર્ટ ગૅલેરીમાં સચવાયેલી ગુજરાતી ધાતુ-કલાની કેટલીક ઉત્તમ કલાકૃતિઓ નીચે પ્રમાણે છે :

(૧) ગૌરી(પાર્વતી)નું એક લઘુમંદિર પિત્તળની ધાતુનું બનેલું છે. એની ઊંચી પીઠિકા પર કલાત્મક શિખરયુક્ત ગર્ભગૃહ ગોઠવવામાં આવ્યું છે. એની આગળના ભાગમાં એક લઘુમંડપ આવેલો છે. મંદિરની આ આબેહૂબ પ્રતિકૃતિ સને ૧૭૬૬ માં પાટણમાં બનેલી છે (જુઓ આકૃતિ ૩૯).

(૨) જૈન ચતુર્ભુજ યક્ષી–પદ્માવતીના ધાતુ(પિત્તળ)શિલ્પમાં દેવીના મસ્તક પર ત્રણ ફણાવાળા નાગનું છત્ર છે(આકૃતિ ૪૦). એના પર સાત ફણાવાળા નાગના છત્રથી યુક્ત શ્રી પાર્શ્વનાથજીની મનોહર પ્રતિમા ગોઠવલી છે. લલિતાસનમાં બિરાજેલ દેવીએ હાથમાં પાશ અંકુશ વરદમુદ્રા અને કમળ ધારણ કરેલાં છે. એની બાજુમાં સિંહનું શિલ્પ પણ ગોઠવેલું છે. દેવીના ચહેરાનો આકાર અને અલંકારો પર તેમજ સિંહની મુખાકૃતિની રચનામાં સ્થાનિક અસર જોઈ શકાય છે. મરાઠા કાલની આ એક ઉત્તમ ધાતુપ્રતિમા છે.

(૩) પાંચ સર્પફણાવાળા મુકુટને ધારણ કરેલી દીપલક્ષ્મીની પિત્તળની એક ધાટીલી પ્રતિમાએ બે હાથમાં મોટી દીવી ધારણ કરી છે. એની મોટી ચપટી મુખાકૃતિ, અર્ધમીંચી અણિયાળી આંખો, કપાળમાં શિવના ત્રીજા નેત્ર જેવો સુશો-ભિત ચાંદલો વગેરે આકર્ષક છે(જુઓ આકૃતિ ૪૧). કાનનાં લોળિયાં, ગળાનો

ગોળ ચક્રતાવાળો હાર, પગનાં કલ્લાં, હાથની ચૂડી, બાવડા સુધીની સાદી ચોળી, ફ્રાતરેલી વલ્લીવાળી સુંદર સાડી તથા કલાત્મક કેશગુંફન વગેરે ગુજરાતી તત્કાલીન વેશભૂષાનું પ્રતિબિંબ પાડે છે. સુરતમાંથી પ્રાપ્ત થયેલ ગુજરાતી શૈલીની દીપલક્ષ્મીની આ એક અલભ્ય પ્રતિમા છે. એનો સમય ઈ. સ. ૧૮૦૦ નો માનવામાં આવે છે.[૧૧૪]

(૪) બાલકૃષ્ણને ઝુલાવવાનું પિત્તળનું એક સુંદર પારણું (આકૃતિ ૪૨), જેમાં લંબચોરસ બાજઠ પર હાથીની પીઠ પર બે દીપકન્યાઓનાં શિલ્પ (સ્તંભિકા તરીકે) ગોઠવેલાં છે તેઓનાં મસ્તકમાંથી નીકળતી મયૂરના શિલ્પોથી આયુક્ત મુગ્ધલ પ્રકારની ત્રણ કમાનો વચ્ચે સાંકળીથી પારણું લટકાવવામાં આવ્યું છે. દીપ-કન્યાઓનો ચહેરો, કાનનાં કર્ણફૂલ, તેઓની ચોળી અને ધોતી પર કલાત્મક ભાત અને ગળામાં અંકિત સાદો રેખામય હાર એના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે. ૧૯ મી સદીના પ્રારંભની ધાતુકલાનો આ એક ઉત્તમ નમૂનો છે.

અમદાવાદ–રાયપુર–કાચવાડામાં વસતા શ્રી જુગલદાસ પટેલ પાસે ગુજરાતી શૈલીનાં શ્રેષ્ઠ માની શકાય તેવાં ધાતુશિલ્પોના અને ગૃહ–ઉપયોગી ધાતુકલાના નમૂનાઓનો મોટો સંગ્રહ છે. એમાં પાટણ વિસ્તારની માતા અને બાળકની તથા પનિહારીની ઉત્તમ શિલ્પકૃતિઓનો સમાવેશ થાય છે. માતાએ ડાબી તરફ બાળકને તેડેલ છે અને જમણા હાથથી સાડીનો છેડો ખેંચી લાજ કાઢી છે. બંને શિલ્પોમાં નાજુક દેહ પર પહેરેલ ચોળી અને ઘેરવાળો ઊંચો ચણિયો અને એના પરની કલાત્મક ભાત તેમજ હાથ–પગ અને ગળાના અલંકાર જોતાં એ લાવણ્યમયી ગુજરાતણનો ખ્યાલ આપે છે.

આ સમયની જૈન–હિંદુ–(વૈષ્ણવ) સંપ્રદાયનાં જુદાં જુદાં દેવ–દેવીઓની અનેક સેવ્ય ધાતુ પ્રતિમા ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તારનાં અનેક મંદિરો–દેરાસરો, હવેલી–મંદિરો, જૈન ભંડારો અને ખાનગી વ્યક્તિઓનાં પૂજા-ગૃહો વગેરેમાં સચવાયેલી છે. આ ઉપરાંત દીપ–કન્યાઓ, સાંકળ સાથે લટકતા પશુપક્ષીના આકારના દીપક, આરતીઓ, કલાત્મક આકૃતિઓવાળી હીંચકાની સાંકળો વગેરે સુશોભન અને ગૃહ-ઉપયોગી ઉત્તમ શિલ્પકૃતિઓ તથા લોકકલાના નમૂનારૂપ ધાતુનાં રમકડાં પણ ગુજરાતનાં મંદિરો–સંસ્થાઓ, સંગ્રહાલયો તેમજ વ્યક્તિગત સંગ્રહોમાં સુરક્ષિત છે. ગુજરાતની બહાર પુણેના શ્રીકેલકરના સંગ્રહમાં પણ ગુજરાતની ધાતુકલાના ઉત્તમ નમૂના સચવાયેલા છે.[૧૧૪અ]

### હિંદુ-જૈન કાષ્ઠ-શિલ્પ

કચ્છ મ્યુઝિયમમાં ૧૯ મી સદીના પ્રારંભકાલની કચ્છી કમાંગરી કાષ્ઠ-કલાનું સાત સૂંઢવાળા હાથી(ઐરાવત)નું બેનમૂન શિલ્પ ખાસ ધ્યાન ખેંચે છે. એની સામે સૂંઢ પર એકેક નાની દેરી ગોઠવવામાં આવી છે, જેમાં જૈન તીર્થંકરોનાં સુંદર ચિત્ર દોરવામાં આવ્યાં છે. હાથી પર પણ સુંદર કલાત્મક અંબાડી અને મહાવતનાં શિલ્પ (આકૃતિ ૪૩) કંડારવામાં આવ્યાં છે. આ શિલ્પ કચ્છી ચિતારાઓના કમાંગરી કામનો પણ અચ્છો નમૂનો છે. કચ્છ એના કમાંગરી-કામનાં શિલ્પ તથા રમકડાં માટે પ્રસિદ્ધ છે. એમાં કોતરણી કરી રંગ ચડાવવામાં આવે છે.[૧૧૫]

વડોદરા મ્યુઝિયમમાં સિંહ પર સવાર થયેલી અંબિકા અને એની બંને બાજુ હાથી પર બેઠેલ બે બે અંગરક્ષક-પરિચારકોની શિલ્પપટ્ટિકા (આકૃતિ ૪૪) સચવાયેલી છે. અંગરક્ષકોની પાઘડી અને વસ્ત્રો પર મુઘલ-મારવાડી અસર દેખાય છે, જ્યારે અંબિકાએ મરાઠી ઢબની સાડી અને મુઘલ ઢબનો કાંગરાની ભાતવાળો મુકુટ ધારણ કરેલો છે. આ શિલ્પ-પટ્ટિકાની રચનાનો સમય ૧૯ મી સદીનો પ્રારંભકાલ માનવામાં આવે છે.[૧૧૬]

અમદાવાદની સમેતશિખરની પોળમાં આવેલા ઘૂમટબંધી શ્રી પાર્શ્વનાથ દેરાસરમાં કાષ્ઠ-સ્થાપત્યકલાના ઉત્કૃષ્ટ નમૂનારૂપ લાકડાનો મંડપ ગોઠવેલો છે. નાચતાં-ગાતાં દેવ દેવીઓ અને હાથીઓનાં મસ્તકોની પંક્તિઓ દીવાલો પર અને સમચોરસ બારીઓની આસપાસ શોભે છે. વળી લાકડામાંથી કોતરેલો સમેતશિખરનો પહાડ, શ્રાવક-શ્રાવિકાઓ, દેવ-દેવીઓ, પશુ-પક્ષીઓ અને વનસ્પતિની આકૃતિઓથી સમૃદ્ધ છે. એના દરેક ભાગ છૂટા પાડી શકાય છે. આ મંડપ પાટણના પ્રસિદ્ધ વાડી-પાર્શ્વનાથ દેરાસરના મંડપની યાદ આપે છે. આ દેરાસરમાં સહસ્રફણા પાર્શ્વનાથજીની સફેદ આરસની મનોહર પ્રતિમા પણ આવેલી છે. દેરાસરની સ્થાપના સંવત ૧૮૬૩ (ઈ. સ. ૧૮૦૬-૦૭)માં થઈ હતી.[૧૧૭]

અમદાવાદમાં ઝવેરીવાડની વાઘણ પોળમાં આવેલ શ્રી અજિતનાથજીના દેરાસરમાં પણ આવો જ કલાત્મક કાષ્ઠ-મંડપ ઊભો કરેલો છે. સ્તંભિકાઓ પર ચારે બાજુ તથા અર્ધ-સ્તંભિકા પર વિભિન્ન પ્રકારની વિદ્યાધારિણી-કિન્નરીઓ તથા વાદ્યધારી ગંધર્વોનાં મદલ-શિલ્પ ગોઠવેલાં છે. વાદ્યધારિણી-ઓના હાથમાં તત્કાલીન સમયમાં પ્રચલિત એવાં વાદ્યો – કરતાલ મંજીરાં ઝાંજ

પખવાજ દાંડિયા શહનાઈ દિલરુબા એકતારો ભૂંગળ તુરી વેણુ વગેરે ધારણ કરેલાં છે. એમનાં વસ્ત્ર-પરિધાન તથા અલંકારો પર તળપદી ગુજરાતી શૈલીની અસર સ્પષ્ટ જોઈ શકાય છે ગંધર્વોએ અંગરખાં ધોતી તથા મરાઠી ઢબની પાઘડીઓ ધારણ કરેલ છે. આ ઉપરાંત મંડપની પાટડી પર જૈન તીર્થંકરની તથા જૈન સમાજના ઉત્સવો અને વરઘોડાની શિલ્પ–પટ્ટિકાઓ પણ કંડારેલી છે.

વિશેષ, આ જ દેરાસરમાં લાકડામાંથી કોતરેલું નારી-કુંજરનું પ્રસિદ્ધ શિલ્પ (આકૃતિ ૪૫) પણ આવેલું છે. એની વિશેષતા એ છે કે હાથીનાં વિભિન્ન અંગોને અનુરૂપ નારી-દેહનાં અંગોના જુદા જુદા મરોડોનું સંયોજન કરી કલાત્મક રીતે એને હાથીના સ્વરૂપમાં કંડારવામાં આવેલ છે. સુંદર વસ્ત્રાલંકારોથી વિભૂષિત લાવણ્યમયી ગુજરાતી નારીની પ્રતિભા એમાં દશ્યમાન થાય છે. આ હાથી પર મુઘલ ઢબનો મુકુટ અને ખભા પર ખેસ ધારણ કરેલ કોઈ રાજપુરુષ અને મહાવતનાં શિલ્પ પણ કંડારેલ છે. આ સમગ્ર શિલ્પને ચાર પૈડાંવાળી લાકડાની ગાડીમાં ગોઠવવામાં આવ્યું છે, જેનો ઉપયોગ અગાઉ જૈનોના વરઘોડામાં થતો હતો. આ દેરાસરમાં સંવત ૧૮૫૪(ઈ.સ. ૧૭૯૭–૯૮)નો લેખ છે.[૧૧૮]

પોરબંદરમાં આવેલ મહાત્મા ગાંધીના જન્મસ્થાનનું મકાન આ સમયમાં બંધાયેલું છે. એની લાકડાની કામગીરીમાં મુઘલ અને મરાઠાકાલ બંને સમયની લાક્ષણિકતા જોઈ શકાય છે. કામ ઘણું વિગતપૂર્ણ છે, પરંતુ એની કલાકક્ષા ઘણી ઊતરી ગઈ છે. ભરણી પર ધંતૂરાનાં પાન, શરામાં મુઘલાઈ કમાન નીચે ઊભેલી પૂતળી અને મોભની ટોચ પર પટ્ટીના મકરમુખમાંથી નીકળતી વેલ વગેરે આ કાળની શરૂઆતની કાષ્ઠકલાનો નિર્દેશ કરે છે. શરાની ફાલનાની વિગતો, લુંબિકા અને મોવડ પરની ભાતો આગલા કાલનાં અંતિમ વર્ષોની કલાનો નિર્દેશ કરે છે. મકાન ભોંયતળિયા સાથે ત્રણ માળનું અને બાવીસ ખંડોનું બનેલું છે.[૧૧૯]

જૂના વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતાએ વડોદરા શહેરના કોઈ એક મંદિરમાંથી વડોદરા મ્યુઝિયમ માટે વાદ્યધારિણી સુરસુંદરીઓની આકૃતિવાળા કલાત્મક ૭ મદલશિલ્પ પ્રાપ્ત કર્યાં હતાં. આ વાદ્યધારિણીઓએ મુઘલ ઢબનો કાંગરાની ભાતવાળો કલાત્મક મુકુટ અને સુંદર સફાઈવાળી દક્ષિણી ઢબની સાડી પહેરેલી છે. દરેકના હાથમાં એ સમયમાં પ્રચલિત વિભિન્ન પ્રકારનાં વાજિંત્રો –ભૂંગળ મૃદંગ રાવણહથ્થો વગેરે ધારણ કરેલાં છે. એને અનુરૂપ સુંદર રંગકામ પણ કરવામાં આવ્યું છે. પાતળી દેહયષ્ટિવાળી આ નારી–આકૃતિઓ ખરેખર મરાઠાકાલીન ગુજરાતી શિલ્પ–કૃતિઓના ઉત્તમ નમૂના પૂરા પાડે છે.[૧૨૦]

દિલ્હીના રાષ્ટ્રિય સંગ્રહાલયમાં ૧૮ મી સદીના ઉત્તરાર્ધના અને ૧૯ મી સદીના પ્રારંભના ગુજરાતી કાષ્ઠકલાના નીચેના અલભ્ય નમૂના સચવાયેલા છે.

(૧) ડાબા પગે ઘૂઘરા બાંધી નૃત્ય માટે સજ્જ થતી નૃત્યાંગના તથા બંસીવાદક નાયિકાનાં સુંદર અને ભાવવાહી શિલ્પ એમની લાલિત્યપૂર્ણ દેહયષ્ટિ, મોતીની સેર અને દામણીથી સુશોભિત કેશગૂંફન, ભૂરા રંગથી રંગેલી ગુજરાતી ઢબની ચોળી અને કલાત્મક રીતે કમર પર ગાંઠ વાળી ઘૂંટણ સુધી પહેરેલું વસ્ત્ર તથા ગળામાં મોતીની માળા વગેરે જોતાં આ કૃતિઓ તત્કાલીન ગુજરાતી લેબાસમાં સજ્જ નાયિકાના વ્યક્તિત્વને પ્રસ્તુત કરે છે. આ શિલ્પકૃતિઓ કોઈ કલાત્મક જૈન કાષ્ઠમંડપને શોભાવતી હશે એમ લાગે છે.[૧૨૧]

(૨) મુઘલકમાનવાળું સુંદર કોતરણીથી મઢેલું બારીનું ચોકઠું, જેની બન્ને બાજુની ઊભી પટ્ટીઓ પર ફૂલવેલની ભાતોથી યુક્ત માનવ તથા પ્રાણી આકૃતિઓ, તેમજ ઉપરની આડી પટ્ટી પર મધ્યમાં તીર્થંકરનું ભારકર્ય છે. એની પૂજા-અર્ચના માટે શ્રાવક-શ્રાવિકાઓ જતાં જોવા મળે છે. કમાનને અલગ રીતે કોતરીને ચોકઠામાં બેસાડવામાં આવી છે. કમાનના બન્ને ખૂણા ઉપર પાંખોવાળી અપ્સરાઓ અને પક્ષીઓની આકૃતિઓ કંડારેલી છે. બારીના નીચેના ભાગની પટ્ટી પર ફૂલવેલની ભાત કોતરવામાં આવી છે. ચોકઠાની છેક ટોચ પરની પટ્ટી પર ઝૂલતી છુટ્ટી ગોળ ભમરીઓ આ સમયની કાષ્ઠકારીગરીમાં સામાન્ય રીતે જોવામાં આવે છે.[૧૨૨]

સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત સંગ્રહાલયમાં કાષ્ઠકલાના ઉત્તમ નમૂનારૂપ સુંદર રંગકામ કરેલા દ્વારપાળનાં આકર્ષક શિલ્પોની બે જોડી સચવાયેલી છે. દ્વારપાલોએ મરાઠી સૈનિકની ઢબની પાઘડી, જાંબલી લાલ તથા લીલા રંગવાળું અને વચ્ચે સોનેરી ભાતવાળું અંગરખું તથા પાયજામો પહેરેલાં છે. એમણે હાથમાં રૂપેરી છડી ધારણ કરી છે.

મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં પણ ગુજરાતની કેટલીક કાષ્ઠકલાકૃતિઓ સચવાયેલી છે, જેમાં ૧૯ મી સદીના પ્રારંભની એક નૃત્યપટ્ટિકા ખાસ ધ્યાન ખેંચે તેવી છે. પટ્ટિકાની વચ્ચે જૈન તીર્થંકર બિરાજમાન છે અને બંને બાજુ એમનું અભિવાદન કરતાં, નૃત્યમાં જુદી જુદી અંગભંગીવાળાં, વિવિધ વાજિંત્રો વગાડતાં ૭-૭ સ્ત્રી પુરુષોનાં સુંદર શિલ્પ કંડારેલાં છે.

આ સિવાય પણ ગુજરાતનાં અનેક નગરોમાં આ સમયનાં કાષ્ઠ-કોતરણીથી અલંકૃત અને સમૃદ્ધ એવાં અનેક મંદિર, તેઓના સભામંડપો, હવેલીઓ,

મકાનો, ચબુતરા–પરબડી વગેરે મોટા પ્રમાણમાં આજે પણ સચવાઈ રહ્યાં છે; જેમકે જામનગરમાં વૈષ્ણવ–હવેલી મંદિર, ભાવનગરમાં બાવાનો મઢ તથા દરબારગઢ, ઘોઘામાં હાટકેશ્વરના મંદિર પાસે શ્રી હરકિસનદાસ મહેતાનું મકાન, શિહોરનો દરબારગઢ, પોરબંદરમાં ગોપાલજી મહારાજની હવેલી, રાધનપુરમાં બાજી નવાબનો દરબારગઢ, પાટણમાં શાહના પાડાનું જૈન–દેરાસર, અમદાવાદમાં કાળુપુર–પંચભાઈની પોળમાં શ્રી ટોડરમલ ચિમનલાલ શેઠની હવેલી, રાયપુર–બોબડિયા વૈદ્યની ખડકીમાં શ્રી ભાનુભાઈ પંચાલનું મકાન, ખાડિયા–લાખા પટેલની પોળમાં શ્રી લક્ષ્મીશંકર શાસ્ત્રીનું મકાન, સફી મહોલ્લામાં શ્રી અબ્દુલહુસેન નૂરુદ્દીનનું મકાન, તોડાની પોળમાં શ્રી બંસીલાલ હીરાલાલનું મકાન, નાગજી પોળમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથજીનું દેરાસર, છીપા પોળમાં શ્રી બલદેવભાઈ પટેલનું મકાન, શાહપુર–વસતા ઘેલજીની પોળમાં શ્રી દશરથલાલ ચત્રભુજ શુક્લનું મકાન, ધોળકામાં શ્રી જગાભાઈ ઘીવાળાનું મકાન, રાણપુરમાં શ્રી બાલાજી મંદિર, વસો (જિ. ખેડા)માં દરબાર શ્રી ગોપાલદાસ દેસાઈની હવેલી, ઉમરેઠમાં શ્રી જયેંદ્રભાઈ શેલતનું મકાન, સુરતમાં રાણી તળાવ પાસે શ્રી ઠાકોરદાસ નારાયણદાસનું મકાન વગેરે આ કાલનાં કાષ્ઠ-સ્થાપત્ય અને શિલ્પો માટે ઉલ્લેખનીય છે.[૧૨૩]

મુઘલકાલીન શ્રેષ્ઠતમ કંડારકામની સરખામણીએ મરાઠાકાલનું આ કાષ્ઠ-કામ ઘણું સ્થૂલ અને ઊતરતી કલાકારીગરીનું જણાય છે. સમય જતાં એમાં વધુ ને વધુ કલાવિહીનતા આવતી જતી જણાય છે.

ટૂંકમાં, આ સમયની શિલ્પકૃતિઓની લાક્ષણિકતા એ છે કે કલા વધુ સ્થૂળ બનતી ગઈ, એનાં ભૂતકાલીન ચેતના અને માર્દવ ચાલ્યાં ગયાં. બીબાઢાળ શિલ્પોનું ઉત્પાદન વધ્યું, ગાયકવાડી ઢબના દ્વારપાલનાં મોટાં શિલ્પોનો તથા કાષ્ઠના ભારે મોટી કોતરણીવાળા મદલોનો પ્રવેશ થયો, માનવ–આકૃતિઓ વધુ અલંકાર–પ્રચુર પણ કંઈક બેડોળ બનતી ગઈ, એની વેશભૂષામાં પણ મુઘલ–મરાઠી ઢબનું પ્રાબલ્ય વધ્યું, વધુમાં આ શિલ્પોને રંગ પણ ચડાવવામાં આવતો.

## પાદટીપ

૧. ર. ભી. જોટ, 'ગૂજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૬૬૨

૨. ચરોતર સર્વસંગ્રહ, વિભાગ ૧, પૃ. ૯૫૦

૩. રામસિંહ રાઠોડ, 'કચ્છનું સંસ્કૃતિદર્શન', પૃ. ૧૯૮

૪. આ સમયનાં ઘરોની વિગતો માટે, જુઓ R. K. Trivedi, *Wood Carving of Gujarat (WCG)* Statment I.

૫-૬. *District Gazetteer : Mehsana*, pp. 795 f.
૭. *Ibid.*, p. 796; ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, 'કડી પ્રાંત સર્વસંગ્રહ', પૃ.૫૧૯-૨૦
૮. 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૯૫૬
૯. એજન, વિભાગ ૧, પૃ. ૧૦૨૨
૧૦. રામસિંહ રાઠોડ, ઉપર્યુક્ત, પૃ. ૧૮૪, બંગલાના ચિત્ર માટે જુઓ એજન, પૃ. ૧૭૭
૧૧. ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈ, 'સૂરત સોનાની મૂરત', પૃ. ૧૧૪
૧૨. મહાદેવ મુકુંદ જોશી, 'પાટણનો ભોમિયો', પૃ. ૭૮-૭૯; ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૪૩૫
૧૩. 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૯૭૧
૧૪. એજન, વિભાગ ૧, પૃ. ૯૫૨; શાંતિલાલ ઠાકર, 'નડિયાદનો ઇતિહાસ', પૃ. ૮૪-૮૫
૧૫. સુરેશભાઈ ક. દવે, 'ઓખામંડળ ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ', પૃ. ૭૪
૧૬. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૪
૧૭. એદલજી બરજોરજી પટેલ, 'સુરતની તવારીખ', પૃ. ૯૨; ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૪
૧૮. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૪ ૧૯. મહાદેવ મુકુંદ જોશી, ઉપર્યુક્ત, પૃ. ૭૧
૨૦. અહીં વર્ણનમાં તળ-ગુજરાત, (તેમાં દક્ષિણ મધ્ય અને ઉત્તર ગુજરાત), સૌરાષ્ટ્ર અને કચ્છ એ ક્રમે હિંદુ ધાર્મિક ઇમારતો અને બાંધકામોનું વર્ણન આપ્યું છે. રાજાઓની છતરીઓ અને સાધુ કે સતીનાં સમાધિસ્થાનો પણ પૂજાતાં હોવાથી એનો આ વિભાગમાં સમાવેશ કર્યો છે.

    સ્વામિનારાયણ સંપ્રદાય આ કાલમાં પ્રવર્ત્યો, પણ એનાં મંદિર ઈ.સ. ૧૮૧૮ પછી બંધાઈને પ્રતિષ્ઠિત થયાં હોવાથી એનો અહીં સમાવેશ કર્યો નથી.
૨૧. બાલાજી મંદિરની જાત-મુલાકાત લઈ આ નોંધ લખી મોકલવા માટે લેખક પ્રા. મુગટલાલ બાવીસીના આભારી છે.
૨૨. એ. બ. પટેલ, ઉપર્યુક્ત, પૃ. ૧૯૨
૨૩. M. R. Majmudar, *Cultural History of Gujarat*, p. 284
૨૪. ગણપતરામ હિમ્મતરામ દેસાઈ, 'ભરૂચ શહેરનો ઇતિહાસ', પૃ. ૫૨
૨૫. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, 'વડોદરા પ્રાંત સર્વસંગ્રહ' પૃ. ૫૯૩
૨૬. એજન, પૃ. ૫૯૪
૨૭. એજન, પૃ. ૫૯૫

    ખંડોબાની મૂર્તિમાં શિવને ઘોડેસવાર સ્વરૂપે બતાવવામાં આવેલા હોય છે.
૨૮. એજન, પૃ. ૫૯૬ ૨૯. એજન, પૃ. ૫૯૮
૩૦. એજન, પૃ. ૫૯૯
૩૦અ. વડોદરાનાં મંદિરોની સ્થાપત્યકીય માહિતી પૂરી પાડવા માટે લેખક શ્રી કાંતિલાલ ત્રિપાઠીના આભારી છે.
૩૧. નર્મદાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ, 'ખંભાતનું સાંસ્કૃતિક દર્શન', પૃ. ૩૧૮
૩૨. એજન, પૃ. ૨૯૮ ૩૩. એજન, પૃ. ૩૧૯

૩૪, એજન, પૃ. ૩૦૪, ૩૦૬–૦૭
૩૫–૩૬. 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૧૦૧૦
૩૭. એજન, વિભાગ ૧, પૃ. ૧૦૧૧　　　૩૮. એજન, વિભાગ ૧, પૃ. ૯૧૧
૩૯. એજન, વિભાગ ૧, પૃ. ૯૫૨; શાંતિલાલ ઠાકર, ઉપર્યુક્ત, પૃ. ૮૪–૮૫
૪૦. 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૧૦૧૬
૪૧. દુર્ગાશંકર કે. શાસ્ત્રી, 'ગુજરાતનાં તીર્થસ્થાનો', પૃ. ૮૬–૮૭
૪૨–૪૩. 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૨૬૨
૪૪. એજન, વિભાગ ૧, પૃ. ૧૦૧૬
૪૫. આ બધાં મંદિરોના વિસ્તૃત પરિચય માટે જુઓ. પ્રવીણચંદ્ર પરીખ, 'અમદાવાદના ભદ્રના કિલ્લામાંનાં મંદિરોની સ્થળ-તપાસ', "બુદ્ધિપ્રકાશ", પુ.૧૨૬, પૃ.૩૭૫-૩૮૦.
૪૬. એજન, પૃ. ૩૭૬　　　　　　૪૭. એજન, પૃ. ૩૭૭–૭૮
૪૮. એજન, પૃ. ૩૭૮
૪૯. મ. મુ. જોશી, ઉપર્યુક્ત, પૃ. ૭૧; ર. ચુ. મોદી અને શાંતિલાલ ગો. શાહ, 'પાટણનો પરિચય', પૃ. ૧૬
૫૦. મ. મુ. જોશી, ઉપર્યુક્ત, પૃ. ૮૦
૫૧. *District Gazetteer : Mehsana*, p. 820
૫૨. મ. મુ. જોશી, ઉપર્યુક્ત, પૃ. ૭૨
૫૩. એજન, પૃ. ૮૦–૮૧; ગો. હા. દેસાઈ, 'કડી પ્રાંત સર્વસંગ્રહ', પૃ. ૪૪૬
૫૪. *District Gazetteer : Mehsana*, p. 796; ગો. હા. દેસાઈ, 'કડી પ્રાંત સર્વસંગ્રહ' પૃ. ૫૧૯–૨૦
૫૫. *Ibid.*, p. 834
૫૬. ગો. હા. દેસાઈ, 'કડી પ્રાંત સર્વસંગ્રહ', પૃ. ૪૫૬-૫૭

આ મંદિરનું વિગતવાર વર્ણન આ ગ્રંથમાલાના ગ્રંથ ૬ માં ચિત્રસહિત અપાયું છે.—જુઓ 'મુઘલકાલ', પૃ. ૪૩૮–૩૯; આકૃતિ ૩૦.

૫૭. દુ. કે. શાસ્ત્રી, 'ઐતિહાસિક સંશોધન', પૃ. ૫૮૧
૫૮. શંભુપ્રસાદ હ. દેશાઈ, 'પ્રભાસ અને સોમનાથ', પૃ. ૩૦૯–૧૧

આઝાદી પહેલાં આ મંદિરને લોકો 'નવા સોમનાથનું મંદિર' કહેતા. હવે આઝાદી પછી સોમનાથનું નવું મંદિર બંધાતાં એની અપેક્ષાએ આને 'જૂના સોમનાથનું મંદિર' કહે છે.

૫૯. એજન, પૃ. ૩૨૨　　　　　　૬૦. 'દ્વારકા સર્વસંગ્રહ', પૃ. ૧૯૨
૬૧. નર્મદાશંકર લાલશંકર, 'કાઠિયાવાડ સર્વસંગ્રહ', પૃ. ૨૯૨
૬૨. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, 'અમરેલી પ્રાંત સર્વસંગ્રહ', પૃ. ૪૨૦
૬૩. એજન, પૃ. ૪૨૫
૬૪. પુષ્કરભાઈ ગોકાણી, 'દ્વારકા મંડલ', "દ્વારકા સર્વસંગ્રહ", પૃ. ૧૧

૬૫. શંભુપ્રસાદ હ. દેશાઈ, 'જૂનાગઢ અને ગિરનાર', પૃ. ૩૨૪

૬૬. M. R. Majmudar, *op. cit.*, p. 284

૬૭. માનસંગજી બારડ, તંત્રીનોંધ, 'પથિક', પુ. ૬, અંક ૧૦-૧૧, પૃ. ૨૩

૬૮. આમાંની શિલ્પને લગતી કેટલીક વિગતો બર્જેસે તેમના ગ્રંથ, Report on the Antiquities of Kathiawad and Kutch, p. 212 પર નોંધી છે પણ વધુ વિગત શ્રી માનસંગજીભાઈ બારડે સ્થળની મુલાકાત લઈ પૂરી પાડી છે, એ માટે લેખક એમના ઋણી છે.

૬૯ કેટલીક વિગતો માટે જુઓ અં. પ્રે. શાહ, 'જૈન તીર્થ સર્વસંગ્રહ', વિભાગ ૧લો, ખંડ ૧ લો, કોષ્ઠક ક્રમાંક ૮૩, ૧૦૩, ૧૦૫, ૨૭૭, ૪૧૯-૨૦, ૪૨૬, ૪૩૨, ૪૫૦, ૪૬૮, ૪૮૩, ૪૯૭, ૫૦૩, ૫૦૭, ૫૧૮, ૫૨૪, ૫૩૪, ૫૪૭, ૫૪૯, ૫૯૮, ૬૧૧, ૬૧૬, ૬૧૬, ૭૧૯, ૭૫૧, ૭૫૮, ૭૬૦-૬૧, ૭૭૫, ૭૮૬, ૭૯૧, ૭૯૪-૯૬, ૮૨૮, ૮૩૦, ૮૫૩, ૮૯૯, ૯૨૨, ૧૦૨૫, ૧૦૩૫, ૧૦૭૩, ૧૦૭૭, ૧૦૯૮, ૧૧૧૯, ૧૧૨૬, ૧૧૪૭-૪૮, ૧૧૫૬, ૧૧૬૦, ૧૧૬૩-૬૪, ૧૨૩૭-૩૮, ૧૨૪૭, ૧૨૭૦, ૧૩૦૫-૦૬, ૧૩૦૯, ૧૩૪૨-૪૩, ૧૩૪૯, ૧૩૫૨, ૧૩૬૫, ૧૩૮૦, ૧૩૯૮, ૧૪૧૨-૧૪, ૧૪૭૩, ૧૪૮૬, ૧૫૦૨, ૧૫૩૨, ૧૫૭૧, ૧૫૮૭-૮૮, ૧૬૦૫-૦૬, ૧૬૦૮-૦૯ ૧૬૧૧, ૧૬૬૬, ૧૭૨૪, ૧૭૬૦, ૧૮૦૪, ૧૮૬૧, ૧૮૯૫, ૧૮૯૭, ૧૯૫૭, ૧૯૭૧, ૧૯૭૫, ૧૯૮૪-૮૫, ૨૦૦૬, ૨૦૧૭; Burgess, *The Temples of Shatrunjaya-Palitana in Kathiawad, (TSPK)* pp. 21-25

૭૦. Burgess, *TSPK*, pp. 22f.

૭૧. અં. પ્રે. શાહ, ઉપર્યુક્ત, વિભાગ ૧ લો, ખંડ ૧ લો, કોષ્ઠક નં. ૧૬૦૫

૭૨. Burgess, *TSPK*, pp 22f. ૭૩-૭૪. *Ibid.*, p. 23

૭૫. *Ibid.*, p. 24, plate XXXI ૭૬. *Ibid.*, p. 24

૭૭. અં. પ્રે શાહ, ઉપર્યુક્ત, વિભાગ ૧ લો, ખંડ ૧ લો, પૃ. ૩૦; કોષ્ઠક નં. ૫૦૭

૭૮. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૪

૭૯. 'ચરોતર સર્વસંગ્રહ', વિભાગ ૧, પૃ. ૧૦૦૪

૮૦. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, જીવનચરિત્ર વિભાગ, પૃ. ૧૯

૮૧. Burgess, *Report on the Antiquities of Kathiawad and Kutch*, p. 213

૮૨. ચિત્ર માટે જુઓ રામસિંહ રાઠોડ, 'કચ્છનું સંસ્કૃતિદર્શન', ચિત્ર પૃ. ૧૯૬

૮૩. જુઓ એજન, પૃ. ૧૯૪ અને પૃ. ૧૯૮ ઉપરનાં ચિત્રો.

૮૪. આ રોજા અંગેની ઘણી ઉપયોગી માહિતી પૂરી પાડવા માટે લેખક શ્રી માનસંગજી બારડના આભારી છે.

૮૫. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૩૮

૮૬. એ. બ. પટેલ, એજન, પૃ. ૧૯૮; ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૩૮-૩૯

૮૭. ઈ. ઇ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૩૮-૩૯ ૮૭અ. જુઓ ઉપર પૃ. ૩૩૩.

૮૮. H. Goetz, 'The Post-Mediaeval Sculpture of Gujarat,' *Bulletin of the Baroda Museum & Picture Gallery ( BBMPG )*, Vol. V, Pts. I–II, p. 31

૮૯. M. R. Majmudar, *Gujarat : Its Art–Heritage (GIAH)*, p. 49

૯૦. H. Goetz, *op.cit.*, p. 32

૯૧. H. Goetz, 'The Role of Gujarat in Indian Art History,' *BBMPG*, Vol III, pt. I, pp. 1–10

૯૨. કિ. જ. દવે, 'શિલ્પકૃતિઓ', "મુઘલકાલ", પૃ. ૪૬૨-૬૫

૯૩. ર ભી. જોટ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૪૦૧

૯૪-૯૫. H. Goetz, 'The Post-Mediaeval Sculpture of Gujarat,' *BBMPG*, Vol. V, pts. I–II , p. 37

૯૬. M. R. Majmudar, *GIAH*, p. 66

૯૭. *BBMPG*, Vol. V, Pts. I–II, p. 38

૯૮. H. E. M. James, *Wood Carving in Gujarat*, p. 352

૯૯. જયેંદ્ર નાણાવટી અને મધુસૂદન ઢાંકી, 'ગુજરાતનું કાષ્ઠશિલ્પ', "કુમાર", પુ. ૪૧, પૃ. ૩૫૨

૧૦૦. *BBMPG*, Vol. V, pts I–II, p. 38

૧૦૧. B. N. Treasurywala, *Wood Sculpture from Gujarat*, fig. 2

૧૦૨. નાણાવટી અને ઢાંકી, ઉપર્યુક્ત, પૃ. ૩૫૫

૧૦૩. K. Khandalawala, *Indian Sculpture and Painting*, fig. 97

૧૦૪. નાણાવટી અને ઢાંકી, ઉપર્યુક્ત, પૃ. ૩૫૨

૧૦૪અ. R. N. Mehta, 'A Few Ganesh Images from Gujarat', *BBMPG*, Vol. X, pt. I–II, p. 27, fig. 8

૧૦૫. આ બધાં મંદિરોમાંનાં શિલ્પોની વિગતો માટે જુઓ પ્રવીણચંદ્ર પરીખ, ઉપર્યુક્ત, બુદ્ધિપ્રકાશ, પુ ૧૨૬, પૃ. ૩૭૫–૮૦.

૧૦૬. *BBMPG*, Vol. XXVI ( Special issue ), pp. 191 ff., plates XXXVII to XXIX

૧૦૭. અં. પ્રે. શાહ, ઉપર્યુક્ત, વિભાગ ૧ લો, ખંડ ૧, પૃ. ૧૦૭

૧૦૮–૧૦૯. એજન, પૃ. ૧૨૪

૧૧૦. M. R. Majmudar, *Cultural History of Gujarat*, p. 284

૧૧૧. મણિભાઈ વોરા, 'અઢારમી સદીનું સૌરાષ્ટ્ર', "કુમાર", પુ. ૫૫, પૃ. ૩૨૧

૧૧૨. *BBMPG*, Vol. XXVI, plate XLV

૧૧૩. *Ibid.*, Vol. XXVI, p. 220

૧૧૪. M. R. Majmudar, *GIAH*, plate LV

૧૧૪અ. Mulkraj Anand, ' Homage to Dinker Kelker ;, *Marg*. Vol. XXXI, No. 3, pp. 1-50

૧૧૫. *BBMPG*, Vol. XXVI, p. 109

૧૧૬. *Ibid.*, Vol. V, pt. I-II, p. 39, fig. 6

૧૧૭-૧૧૮. અં. પ્રે. શાહ, ઉપર્યુક્ત, પૃ. ૧૦-૧૧; *WCG*,plate CXXIV-V

૧૧૯. નાણાવટી અને ઢાંકી ઉપર્યુક્ત, પૃ. ૩૫૪, ચિત્ર ૭; *WCG*, p. 69, plate XLIV તથા ' પૂ. મહાત્મા ગાંધીજીનું જન્મસ્થાન અને ગાંધી સ્મારક કીર્તિમંદિર, પોરબંદર પરિચય,' પૃ. ૪-૭

૧૨૦. Hiranand Sastri, '*Annual Report of Archaeological Department*, *Baroda state*, 1938,' p. 15, pt. XIII & XIV

૧૨૧. V. P. Dwivedi, 'Jain Wood Carvings in the National Museum Collection,' *Aspect of Jain Art & Architecture, Ahmedabad*, p. 419, fig. 13-14

૧૨૨. *Ibid.*, p. 21, fig. 7

૧૨૩. *WCG*, Statements, pp. 1-106

## પ્રકરણ ૧૨

# ચિત્ર સંગીત અને નૃત્ય

ઈસવી સન ૧૭૫૮ માં અમદાવાદમાં મરાઠા સત્તાની સ્થાપના થઈ ત્યારથી ગુજરાતની રાજકીય પરિસ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. સાઠ વર્ષના ટૂંકા રાજ્ય અમલ દરમ્યાન મરાઠા સરદારો સત્તાની સાઠમારીમાં ગુજરાતને વ્યવસ્થિત અને કાર્યદક્ષ વહીવટ આપી ન શક્યા, પરિણામે અશાંતિ અને અવ્યવસ્થાનું સર્જન થયું, જેની અસર સ્થાપત્ય શિલ્પ ચિત્ર નૃત્ય–નાટ્ય સંગીત વગેરે લલિત કલાઓ ઉપર પડી. મુઘલોનું પતન થતાં લલિતકલાઓને રાજ્યાશ્રય મળતો બંધ થયો અને મરાઠા કાલમાં એ કલાઓનો વિકાસ સ્થગિત થઈ ગયો.

### ચિત્રકલા

ચિત્રકલાના આ સમયના જે કોઈ નમૂના પ્રાપ્ત થયા છે તેમાં કલાતત્ત્વની ઊણપ સ્પષ્ટ જણાઈ આવે છે. મુઘલકાલ અને એ અગાઉના સમયમાં જે લઘુચિત્રો અને ભિત્તિચિત્રો આલેખવાની પ્રથા ગુજરાતમાં પ્રચારમાં હતી તેનો વિકાસ સ્થગિત થઈ ગયેલો જોવા મળે છે. આ સમયનાં ચિત્રો બે સ્વરૂપમાં જોવા મળે છે : પોથીચિત્રો અને ભિત્તિચિત્રો. પોથીચિત્રોમાં જૈન વૈષ્ણવ શૈવ અને શાક્ત સંપ્રદાયની અસર જોવા મળે છે. ચિત્રના લૌકિક નમૂના શિષ્ટ અને લોકસાહિત્યની રચનાઓમાં નજરે પડે છે. ભિત્તિચિત્રો મંદિરો રાજમહેલો અને શ્રેષ્ઠીઓની હવેલીઓમાં આલેખાયેલાં જોવા મળે છે. ચિત્રોના વિષયવસ્તુમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી.

### ૧. પોથીચિત્રો

આ સમયનાં પોથીચિત્રો ગુજરાત–સૌરાષ્ટ્રના જૈન ભંડારોની પોથીઓમાં, ખાનગી માલિકીના સંગ્રહોમાં તેમજ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ અને શેઠ ભો. જે. વિદ્યાભવન, અમદાવાદમાં જળવાયેલાં જોવા મળે છે.

#### જૈન પોથીની ચિત્રકલા

આ સમયની જૈન પોથીની ચિત્રકલા કલ્પસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, સંગ્રહણીસૂત્ર, શાંતિનાથસ્તવન, બરડા ક્ષેત્રપાલ સ્તોત્ર, લોકપ્રકાશ, લઘુસ્તોત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર સ્તબક, જયતિહુણસ્તોત્ર, શાંતિનાથચરિત્ર, સપ્રભાવિક સ્તવન,

અઢાર શીલાંગરથ, ઉપાસક દશાંગસૂત્ર, આવશ્યકસૂત્ર, નેમિનાથસ્તવન, શાંતિજિન-સ્તવન, ભક્તામરસ્તોત્ર, પંચાંગુલી સહસ્રનામસ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર, વંદિતુ સ્તોત્ર, વિચાર ષટ્ત્રિંશિકા, ધન્નાશાલિભદ્ર રાસ, શ્રીપાલ રાસ, ચંદરાજાનો રાસ, નેમિનાથ ફાગુ—ઇત્યાદિ પોથીઓમાં જોવા મળે છે.

આ સમયની કલ્પસૂત્રની કાગળની ચિત્રિત પોથીઓ ગુજરાત-સૌરાષ્ટ્રના જૈન ભંડારોમાં સચવાયેલી છે, કેટલીક લાલભાઈ દલપતભાઈ ભા. સં. વિદ્યા-મંદિર, ભો. જે. વિદ્યાભવન અને પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઈમાં પણ જળવાયેલી છે. કેટલીક પોથીઓમાં લિપિબદ્ધ કર્યાનાં વર્ષ છે, કેટલીકમાં નથી. કલ્પસૂત્રની કાગળની ચિત્રિત પોથીઓમાં તીર્થંકર ભગવાનના જીવન-પ્રસંગ ખાસ કરીને જન્મ, વિવાહ, કેશલોચ, દીક્ષા અને ધર્મોપદેશના પ્રસંગ આલે-ખાયેલા જોવા મળે છે. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં અઢારમા સૈકાની કલ્પસૂત્રની એક પોથીમાં રાજસવારીનાં દશ્યોમાં પુરુષ અને સ્ત્રીપાત્રોની વેશભૂષા મરાઠી પ્રકારની જોવા મળે છે. કેટલીક હસ્તપ્રતોના હાંસિયામાં ફૂલવેલ અને ભૌમિતિક આકૃતિઓનું રેખાકીય આલેખન જોવા મળે છે.

અઢારમા સૈકાની કાગળ પર ચિત્રિત 'સંગ્રહણીસૂત્ર'ની બાર પોથીઓ લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે. 'સંગ્રહણીસૂત્ર' એ જૈન પરંપરા પ્રમાણે બ્રહ્માંડની ઉત્પત્તિને લગતો ગ્રંથ છે. આ પોથીઓમાં તીર્થંકરો દેવ-દેવીઓ ગંધર્વો યક્ષ-યક્ષીઓ સૂર્ય ચંદ્ર પર્વતો નદીઓ અને વૃક્ષોનું આલેખન કરવામાં આવેલું છે.

આ સંસ્થામાં સંગૃહીત 'અઢાર શીલાંગ રથ' નામની અઢારમા સૈકાની અઢાર ચિત્રોવાળી પોથી ખાસ ઉલ્લેખપાત્ર છે. જૈન સાધુઓનાં શીલ કહેતાં આચારની વિગતો આ પોથીનાં અઢાર ચિત્રોમાં આપેલી છે. લાકડાના લાંબા રથમાં આચારનાં ખાનાં પાડેલાં છે. રથની ઉપર મધ્યમાં જે તે તીર્થંકર ભગવાનનું ચિત્ર છે. રથને હાંકનાર સારથિએ ઘોડાની લગામ પોતાના જમણા હાથમાં પકડી છે. ચિત્રકારે રથનું અને ઘોડાનું આલેખન વાસ્તવિક રીતે કર્યું છે. આખું ચિત્ર જાણે ગતિમાં હોય એમ જણાય છે. પાનની બંને બાજુના હાંસિયામાં ફૂલવેલનું સુશોભન કરવામાં આવ્યું છે. સારથિની વેશભૂષા નોંધપાત્ર છે. એણે અંગરખું અને ધોતિયું ધારણ કરેલ છે. એના માથાની મોટી પાઘડી ધ્યાન ખેંચે તેવી છે. આ પોથીનાં અઢાર ચિત્રોમાંથી એક ચિત્ર અહીં રજૂ કરવામાં આવ્યું છે ( જુઓ આકૃતિ ૫૧ ).

આ સંસ્થામાં સંગૃહીત થયેલી 'દંડક બોલદ્વાર' નામની ચિત્રિત પોથી પણ ખાસ ઉલ્લેખપાત્ર છે. જૈન સાધુઓને તત્ત્વજ્ઞાનનું શિક્ષણ આપવા માટે દંડકની રચના કરવામાં આવી છે. અઢારમા સૈકાની આ પોથી મહેસાણા જિલ્લાના વિજાપુરના ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરમાં લિપિબદ્ધ કરવામાં આવી હતી. આ પોથીનાં ચિત્રોમાં તીર્થંકર ભગવાનની આજુબાજુ વિમાનનું આલેખન એમના દેવ સાથે કરવામાં આવેલું છે. ચિત્રની વચમાં તીર્થંકર ભગવાનનું ચિત્ર શિખરબદ્ધ મંદિર સાથે આલેખવામાં આવેલું છે. આસપાસનાં બે વિમાનોનું આલેખન પણ ત્રિશિખર યુક્ત કરવામાં આવેલું છે. શિખરો ઉપર ધર્મના પ્રતીકરૂપ ફરફરતી ધજા પણ દર્શાવવામાં આવી છે. આ ચિત્રમાં વિમાનની નીચે પશુ-પંખીની આકૃતિ ધ્યાન ખેંચે તેવી છે. અહીં જે ચિત્ર આપવામાં આવેલું છે તેમાં પહેલા વિમાનમાં વાઘની આકૃતિ અને બીજા વિમાનમાં મોરની આકૃતિ વાસ્તવિક લાગે છે. બંને વિમાનોમાં બેઠેલા દેવને ચાર હાથ છે, જે પૈકીના ત્રણ હાથમાં અનુક્રમે ગદા પદ્મ અને માળા છે. આ બંને દેવોના મુગટ રૂપેરી ટપકાં વડે હીરામોતીથી અલંકૃત બનાવાયા છે ( જુઓ આકૃતિ ૫૨ ).

સત્તરમી અને અઢારમી સદીમાં કાગળ પર આલેખાયેલી 'ધન્ના શાલિભદ્ર રાસ'ની પોથીઓમાં ચિત્રો જોવા મળે છે. આ પૈકીની કેટલીક પોથીઓ અમદાવાદના જૈન ભંડારોમાં અને લાલભાઈ દલપતભાઈ ભા. સં. વિદ્યામંદિર તેમજ ભો. જે. વિદ્યાભવનમાં સંગૃહીત કરવામાં આવેલી છે. આ પોથીઓમાં આલેખાયેલાં ચિત્રોમાં શાલિભદ્રની માતા ધન્ના, શાલિભદ્રના જીવન-પ્રસંગો, શાલિભદ્ર અને એની બત્રીસ પત્નીઓ, શાલિભદ્ર અને મગધરાજ શ્રેણિકની મુલાકાતનો પ્રસંગ ઇત્યાદિ નોંધપાત્ર છે. સંવત ૧૮૯૫ માં અમદાવાદમાં આલેખાયેલી 'શ્રીપાલ રાસ'ની એક પોથીમાં જે વહાણનાં ચિત્ર છે તે ગુજરાતના વહાણવટા ઉપર પ્રકાશ ફેંકે છે. વહાણના સ્તંભો ઊંચા અને રત્નજડિત છે. વહાણની અંદર સોનેરી શાહીથી આલેખાયેલ સુંદર ગવાક્ષો છે. વહાણની અંદર વાદ્યો વગાડતા ગાંધર્વોનું આલેખન પણ આકર્ષક છે. અનેક પ્રકારની ધજા-પતાકાઓથી વહાણને અલંકૃત કરવામાં આવ્યું છે. હીરા-મોતીથી શણગારાયેલું વહાણનું આ ચિત્ર અઢારમા સૈકાના ગુજરાતની આર્થિક સમૃદ્ધિનું ચિત્ર રજૂ કરે છે.

લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં સંગૃહીત અઢારમા સૈકાની કાગળ પર આલેખાયેલી 'લોકપ્રકાશ' પોથીનાં કેટલાંક ચિત્ર ઉલ્લેખપાત્ર છે. એક ચિત્રમાં ચક્રવર્તી રાજાના રાજ્યાભિષેકનું ચિત્ર છે. રાજ્યાભિષેક

વખતે રાજાને પૃથ્વીના જુદાં જુદાં પવિત્ર જળથી કેવી રીતે અભિષિક્ત કરવામાં આવતો હતો એનું ચિત્ર આ પોથીમાં આલેખવામાં આવ્યું છે. આ પોથીમાં ૭ 'લેશ્યાઓ'નું આલેખન નોંધપાત્ર છે. લેશ્યા એટલે અધ્યવસાય. લેશ્યાના ૭ પ્રકાર જૈન પરંપરામાં આ પ્રમાણે વર્ણવેલા છે : (૧) કૃષ્ણ, (૨) નીલ, (૩) કપોત, (૪) પદ્મ, (૫) તેજસ્ અને (૫) શુક્લ. આ ૭ લેશ્યાઓના સ્વરૂપનું દર્શન કરાવવા ચિત્રમાં જંબુવૃક્ષનું આલેખન કરવામાં આવ્યું છે. ચિત્રમાં ૭ પુરુષો પૈકીનો એક કુહાડીથી જંબુવૃક્ષનું છેદન કરતો દેખાય છે, જે કૃષ્ણ લેશ્યાના અધ્યવસાયવાળો છે. ચિત્રના ઉપરના ભાગમાં બીજો પુરુષ બે હાથે કુહાડી પકડીને જંબુવૃક્ષના થડના મૂળમાં ઘા કરતો દેખાય છે, જે નીલલેશ્યાના અધ્યવસાયવાળો છે. ત્રીજો પુરુષ છેક ઉપરના ભાગમાં કુહાડી વડે ડાળી કાપતો દેખાય છે, જે કપોતલેશ્યાના અધ્યવસાયવાળો છે. ચોથો પુરુષ જંબુવૃક્ષની તોડેલી ડાળી પોતાના ડાબા હાથમાં રાખી જમણા હાથે જંબુ ફળ ખાતો દેખાય છે, જે પદ્મલેશ્યાના અધ્યવસાયવાળો છે. પાંચમો પુરુષ ડાબી બાજુએ જંબુનાં પાકેલાં ફળ તોડી રહ્યો છે, જે તેજોલેશ્યાના અધ્યવસાયવાળો છે. ચિત્રની છેક નીચે જમણી બાજુએ સહજ રીતે નીચે પડેલાં પાકાં જાંબુનાં ફળ ખાતો પુરુષ બતાવાયો છે, જે શુક્લલેશ્યાના અધ્યવસાયવાળો છે. આ બધા પુરુષોની પાઘડી મરાઠી ઢબની છે, જે એ સમયના પુરુષ પહેરવેશનો ખ્યાલ આપે છે.

આ સમયમાં લાકડાની પટ્ટીઓ ઉપર પણ ચિત્રકામ કરવામાં આવતું હતું. કાગળની પોથીને આ ચિત્રિત પટ્ટીઓની બેવડમાં સંગૃહીત કરવામાં આવતી હતી. લાકડાની પટ્ટીઓ ઉપર વેલ-બુટ્ટા અને કલાત્મક ભૌમિતિક આકૃતિઓનું આલેખન કરવામાં આવતું. ચિત્રની ચમક માટે સરેસનું પાતળું પડ પણ પટ્ટી ઉપર લગાડવામાં આવતું.

આ સમયની જૈન પોથીઓ જે સ્થળોએ લિપિબદ્ધ કરવામાં આવતી તેમાં અમદાવાદ પાટણ ખંભાત વિજાપુર વડનગર સુરેંદ્રનગર અંજાર ઇત્યાદિ કેંદ્ર મુખ્ય હતાં.

### જૈનેતર પોથીની ચિત્રકલા

આ સમયની જૈનેતર પોથીની ચિત્રકલા વૈષ્ણવ શૈવ અને શાક્ત તેમ સૌર સંપ્રદાયો દ્વારા વિકસેલી છે. લૌકિક વિષયોમાં 'રતિરહસ્ય'ની હસ્તપ્રતોમાં કામાસક્ત સ્ત્રીપુરુષોનાં ચિત્રોનું આલેખન જોવા મળે છે. વૈષ્ણવ સંપ્રદાયની અસર નીચે લિપિબદ્ધ થયેલી પોથીઓમાં ગીત-ગોવિંદ, બાલગોપાલ-

સ્તુતિ અને નારાયણ–કવચ મુખ્ય છે. ભો. જે. વિદ્યાભવનમાં સંગૃહીત ગીત–ગોવિંદની અઢારમા સૈકાની પોથીમાં વિષ્ણુના દશાવતારનાં ચિત્ર રાધા અને કૃષ્ણના મિલન–વિરહના પ્રસંગે ભાવપૂર્ણ રીતે આલેખાયેલાં જોવા મળે છે. શૈવ સંપ્રદાયની અસર નીચે લખાયેલી કાગળની પોથીઓમાં 'શિવ-કવચ' અને 'છાયાપુરુષજ્ઞાન' મુખ્ય છે, જેમાં ભગવાન શિવનાં ચિત્રોનું આલેખન કરવામાં આવ્યું છે. આ બંને પોથી અઢારમા સૈકાની છે અને લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં સંગૃહીત કરવામાં આવી છે. છાયા-પુરુષજ્ઞાન પોથીનાં એકેક ચિત્રિત પાત્રોમાં વાઘ ઉપર બેઠેલા શિવનું ચિત્ર નોંધ-પાત્ર છે. એમના ગળામાં ખોપરીની માળા અને જટામાં સર્પ વીંટાયેલો જોવા મળે છે. એમના બે હાથ પૈકી એક હાથમાં ડમરુ અને બીજા હાથમાં ત્રિશૂળ છે. શાક્ત સંપ્રદાયની અસર નીચે લિપિબદ્ધ થયેલી પોથીઓમાં દેવીભાગવત, લઘુસ્તવરાજસ્તોત્ર અને ચંડીપાઠ-માહાત્મ્ય મુખ્ય છે, જેમાંની પહેલી પોથી ભો. જે. વિદ્યાભવનમાં અને બીજી બે પોથી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યા-મંદિરમાં સંગૃહીત છે. આ પોથીમાં દેવીનાં જુદાં જુદાં સ્વરૂપોનાં ચિત્ર આલેખવામાં આવેલાં છે, જેમાં મહિષાસુરમર્દિનીનું ચિત્ર નોંધપાત્ર છે. સૌર સંપ્રદાયને લગતી અઢારમા સૈકાની કાગળ પર ચિત્રિત પોથી લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે, જેનું નામ સૂર્યસહસ્રનામસ્તોત્ર છે. આ પોથીમાં સૂર્ય ભગ-વાનનું માનુષસ્વરૂપનું ચિત્ર છે. સૂર્ય ભગવાનનો રથ સાત ઘોડાઓથી હંકારાતો બતાવાયો છે. રથ હાંકનાર સારથિની પાઘડી મરાઠી છે. સારથિએ એક હાથમાં ઘોડાઓની લગામ પકડી છે તો બીજા હાથમાં પાતળો લાંબો દંડ ધારણ કરેલ છે. એના ગળાની લાંબી માળા પણ ધ્યાન ખેંચે તેવી છે. રથની મધ્યમાં સૂર્ય ભગવાનનું માથું પ્રકાશ-કિરણોના આભામંડળ સાથે આલેખવામાં આવ્યું છે. લાકડાના રથની વિશિષ્ટ રચના એ સમયના વાહનવ્યવહારનાં સાધનોનો ખ્યાલ આપે છે. આખું ચિત્ર લયયુક્ત ગતિમાં હોય એમ જણાય છે (જુઓ આકૃતિ ૫૩).

**રમતનાં પાનાં** (Playing Cards)

અમદાવાદના ભો. જે. વિદ્યાભવનમાં સંગૃહીત રમતનાં ચિત્રિત પાનાં ખાસ ઉલ્લેખપાત્ર છે. આવાં પાનાંઓની સંખ્યા ૧૫૦ ઉપર છે. ગોળાકાર આકૃતિમાં પશુ-પંખીની આકૃતિઓ છે. સંખ્યાઓ કલાત્મક રીતે આલેખવામાં આવેલી છે. આવી આકૃતિઓમાં ઘોડો કૂતરો કાચબો ઉંદર સાપ પોપટ મોર બતક વગેરે નોંધપાત્ર છે. એકની સંખ્યા દર્શાવવા માટે ઘોડા ઉપર સવાર

થયેલી રાજાની આકૃતિ આલેખવામાં આવી છે. ઘોડાનું આલેખન જીવંત અને ગતિમાં હોય તેવું લાગે છે. રાજાની વેશભૂષા રાજપૂત જણાય છે. રાજાએ ધારણ કરેલ અલંકારો અને આયુધો પણ ચિત્રની સમૃદ્ધિમાં વધારો કરે છે. કેટલાંક પાનાંના સંખ્યાંક દર્શાવવા છત્રી, લીલાં પાંદડાં કે પર્વતનું આલેખન કરવામાં આવ્યું છે. વળી કલાત્મકતા લાવવામાં લીલાં પીળાં અને કાળાં ટપકાંનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બધાં પાનાંઓમાં પશુ-આકૃતિઓમાં ઘોડાનું આલેખન સહજ અને કલાત્મક છે. મોર અને પોપટનું આલેખન પણ એટલું જ સુંદર અને સહજ છે. કાગળમાંથી બનાવેલાં આ પાનાંઓની બનાવટમાં ચીનની પેપરમશી કલાની કોઈ અસર હશે એમ મનાય છે.

## ૨. ભિત્તિચિત્રો

મરાઠા કાલમાં ભિત્તિચિત્રોનું આલેખન હિંદુ અને જૈન મંદિરોમાં તેમજ રાજવીઓના મહેલોમાં થયેલું જોવા મળે છે.

### જૈન મંદિરોનાં ભિત્તિચિત્ર

આ સમયનું જૈન મંદિરોનું ભિત્તિચિત્ર–આલેખન વિશેષ કરીને અમદાવાદ અને સુરતમાં થયેલું જોવા મળે છે. સુરતમાં શાહપોરના પશ્ચિમ છેડા પર ચિંતામણિ પાર્શ્વનાથનું કલાત્મક દેરાસર છે. એમ મનાય છે કે સોળમી સદી પહેલાં કતારગામ જવાના માર્ગ ઉપર ચિંતામણિ પાર્શ્વનાથનું કલાત્મક મંદિર હતું. મુઘલોના સમયમાં આ મંદિર નષ્ટ કરવામાં આવ્યું હતું અને એના અવશેષોમાંથી મિરઝા સામીની મસ્જિદ બાંધવામાં આવી હતી. મિરઝા સામીની મસ્જિદ ઈ. સ. ૧૫૪૦ માં બંધાયેલી હોઈ એ પછી આ મંદિરનો ઉદ્ધાર થયો હશે એવી અટકળ કરી શકાય. એ મસ્જિદ બંધાયા અગાઉ આ મંદિરે એનો ઉત્તમ કાલ જોયો હશે.[1] આ મંદિરમાં મૂલનાયકની પ્રતિષ્ઠા વિ. સં. ૧૭૦૧ (ઈ. સ. ૧૬૪૫)માં શ્રી વૃદ્ધિસાગરસૂરિના શુભ હસ્તે કરવામાં આવી હતી.[2] આ મંદિરની દીવાલોમાં અને થાંભલાઓમાં જે ચિત્રો છે તેમાંની વેશભૂષા ઉપરથી તેમજ યંત્રો વાહનો ઓજારો હથિયારો અને વાજિંત્રો ઉપરથી કહી શકાય કે આ મંદિરનું લાકડા પરનું ચિત્રકામ મરાઠા સમયમાં કરવામાં આવ્યું હશે, જ્યારે સુરત બંદરની આર્થિક જાહોજલાલી અમદાવાદ કરતાં પણ વિશેષ હતી.

આ મંદિર ઉત્તરાભિમુખ છે અને એમાં પ્રવેશ કરવા માટે મુખ્ય પ્રવેશદ્વારની ગલીમાંથી પશ્ચિમ દિશાના રંગદ્વારમાંથી મંદિરના રંગમંડપમાં પ્રવેશ

કરી શકાય છે. પ્રવેશ કરતાંની સાથે મંદિરનું લાકડા પરનું સુંદર ચિત્રકામ અને નકશીકામ આપણા ચિત્ત ઉપર ધાર્યો પ્રભાવ પાડે છે. શિલ્પીઓ અને ચિત્રકારોએ કલાત્મક સર્જનની તીવ્ર સ્પર્ધા કરી હોય એવો ભાસ થાય છે. બારીક કોતરકામ અને મનોરમ્ય ચિત્રકામથી અલંકૃત કુલ ૪૦ જેટલા સ્તંભ આ મંદિરમાં આવેલા છે. રંગમંડપ લાકડાની કલાત્મક બાર થાંભલીઓ ઉપર ટેકવેલો છે. રંગમંડપના સ્તંભોમાં જે ચિત્ર આલેખાયેલાં છે તેમાં નર્તકો વાદકો ચામરધારીઓ છડીધારીઓ અને ભાવિક શ્રાવકોનું આલેખન કરવામાં આવેલું છે. આ સ્તંભોના ભારપટ્ટોમાં જે ચિત્રો છે તેમાં શ્રીપાળ–મયણાસુંદરી ચરિત્ર, ઋષભદેવ ભગવાનના જીવનપ્રસંગો, દશાર્ણભદ્ર રાજાનું ગર્વખંડન, તીર્થંકર નેમિનાથના જીવનપ્રસંગ, મહાવીર સ્વામીનું સમવસરણ, દિક્કુમારીઓ અને સંગીત-નૃત્યમાં મસ્ત એવા વાદકો અને ગાયકો તેમજ નર્તકોનાં વૃંદોનું આલેખન કરવામાં આવેલું છે. રંગમંડપના એક ચોકઠામાં લાકડાના ઘુમ્મટમાં દેવ-દેવીઓના રાસનું સુંદર ચિત્ર છે. આખું ચિત્ર ગતિમાં હોય એમ જણાય છે. મંદિરમાં જે પટચિત્રો છે તેમાં શત્રુંજયતીર્થના પટનું આલેખન અત્યંત સુંદર અને ભાવવાહી રીતે કરવામાં આવેલું છે. દીવાલોમાં જે રાજસવારીનાં અને ઉત્સવોનાં ચિત્ર છે તે ઉપરથી એ સમયની આર્થિક અને સામાજિક સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. પુરુષપાત્રોની મરાઠા પાઘડીઓના નમૂના પણ નોંધવા જેવા છે. સ્ત્રીઓની વેશભૂષા તેમ અલંકરણો પણ જોનારનું ધ્યાન ખેંચે છે. પશુ-પંખીઓના આલેખનમાં ચિત્રકારે ભારે કૌશલ દાખવ્યું છે. જહાંગીરના સમયનો વિખ્યાત ચિત્રકાર ઉસ્તાદ મન્સૂરનાં પ્રાણીચિત્રોનું સ્મરણ કરાવે તેવાં આ ચિત્ર છે. રંગ અને રેખાનો અદ્દભુત સમન્વય ચિત્રકારે અહીંનાં ભિત્તિ-ચિત્રોના આલેખનમાં સાધ્યો છે. ગુજરાતની આ સમયની ચિત્રકલાનો ઉત્કૃષ્ટ નમૂનો સુરતનું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર પૂરો પાડે છે.

આ સમયમાં અમદાવાદનાં જૈન મંદિરોનું લાકડા પરનું કોતરકામ અને ચિત્રકામ ઉલ્લેખપાત્ર છે, જેમાં ઝવેરીવાડ વાઘણપોળમાં શ્રી અજિતનાથનું મંદિર અને શેખના પાડાનું વાસુપૂજ્ય સ્વામીનું મંદિર મુખ્ય ગણાવી શકાય.

**હિંદુ મંદિરોનાં ભિત્તિચિત્ર**

મરાઠા સમયમાં મંદિરોનું નવું બાંધકામ બહુ ઓછું કરવામાં આવ્યું છે, પણ શ્રેષ્ઠીઓ અને નાગરિકો તરફથી ખંડિત થયેલાં મંદિરોના જીર્ણોદ્ધારનું કામ વિશેષ હાથ ધરવામાં આવ્યું હતું. જીર્ણોદ્ધાર કરાવતી વખતે ક્યારેક પ્રાચીન મંદિરોની દીવાલોમાં ચિત્ર પણ આલેખવામાં આવતાં હતાં. ગાંધીજી-

નગર જિલ્લાના સોખડા ગામે વૈજનાથ મહાદેવના મંદિરની ભીંતમાં રામાયણમાંથી કથાપ્રસંગો લઈને ચિત્રોનું આલેખન કરવામાં આવ્યું છે. એક ચિત્રમાં રામની સમક્ષ લાંબી પૂંછડીવાળા હનુમાનનું આલેખન કરવામાં આવેલ છે. આ ચિત્રમાં આગળ રામ, વચમાં જાનકી અને પાછળ લક્ષ્મણ જોવા મળે છે. રામ અને સીતાની વેશભૂષા રાજપૂત છે, પણ લક્ષ્મણનો મરાઠી લેંઘો આપણું ધ્યાન ખેંચે તેવો છે (જુઓ આકૃતિ ૫૪). આ મંદિરમાં ગોવર્ધનધારી ભગવાન શ્રીકૃષ્ણનું ચિત્ર પણ છે. શ્રી કૃષ્ણની વેશભૂષા રાજપૂત છે. એમની આસપાસ જે ગોવાળો ગાયો સાથે ઊભા છે તેઓનો પહેરવેશ ગુજરાતના ગામડી ભરવાડનો છે.

**રાજમહેલોનાં ભિત્તિચિત્ર**

આ સમયનાં રાજમહેલોમાં આલેખવામાં આવેલાં ભિત્તિચિત્રોમાં કચ્છ-ભૂજમાં આવેલ રાઓશ્રી લખપતજીનો આયના મહેલ અને અંજારમાં આવેલ મૅકમર્ડોના બંગલાનાં ચિત્ર વિશેષ ઉલ્લેખપાત્ર છે. ભૂજના આયના મહેલમાં રાજવીઓનાં વ્યક્તિગત ચિત્ર અને રાજસવારીનાં તેમજ રાજદરબારનાં દૃશ્ય પણ છે.

આ ચિત્રો પૈકી આયના મહેલનું મહારાજાધિરાજ મિરઝા મહારાઉશ્રી રાયધણજીનું ચિત્ર અહીં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે (જુઓ આકૃતિ ૫૫). આ ચિત્રમાં રાજમહેલનું સ્થાપત્ય જોવા મળે છે. કલાત્મક ગાલીચા ઉપર તકિયાને અઢેલીને બેઠેલા મહારાઉશ્રી રાયધણજીની પ્રતિભા જોનારને આંજી દે તેવી છે.

સને ૧૮૧૮ માં અંજારમાં મૅકમર્ડોએ પોતાનો બે માળનો બંગલો બંધાવેલો. આ બંગલાની મધ્ય ખંડની દીવાલો એણે ચિત્રોથી અલંકૃત કરાવેલી. ચિત્રોના વિષયો ખાસ કરીને રામ–રાવણ યુદ્ધ, અશોક વાટિકામાં સીતા, લંકાદહન, ગોવર્ધનધારી કૃષ્ણ, કાન–ગોપી, હસ્તિયુદ્ધ, શિકાર ઇત્યાદિ છે[3] (હસ્તિયુદ્ધ માટે જુઓ આકૃતિ ૫૬). આ ચિત્રોમાં લંકાદહન ચિત્ર પણ વિશેષ ઉલ્લેખનીય છે. રથમાં દશ માથાવાળો રાવણ બતાવેલ છે. ચિત્રની ઉપરની બાજુએ રામનું વાનરસૈન્ય બતાવેલું છે (જુઓ આકૃતિ ૫૭). આ ચિત્રોનું મૂલ્યાંકન કરતાં શ્રી રામસિંહજી રાઠોડ નોંધે છે: 'સવાસો વર્ષ પહેલાંનાં રંગદર્શી ભીંતચિત્રો તે વખતની લલિતકલાનો અચ્છો ચિતાર આપે છે. આજે પણ એ ચિત્રો એટલાં જ આકર્ષક ને તાજાં રંગેલાં હોય એવાં દેખાય છે.'[4]

મરાઠા સમયની ગુજરાતી ચિત્રકલા મુઘલ ચિત્રકલાની સરખામણીમાં કંઈક ઓછા નૂરવાળી જણાય છે. જૈન અને જૈનેતર પોથીઓમાં જે પુરુષ અને સ્ત્રીપાત્રોનું આલેખન કરવામાં આવ્યું છે તેમાં સપ્રમાણતા જોવા મળતી નથી. પોથીચિત્રો કરતાં જૈનમંદિરોનાં ભિત્તિચિત્ર કલા-કસબમાં વધુ સમૃદ્ધ છે એમ કહી શકાય. આ સમયમાં ગુજરાતની લઘુચિત્રકલાનાં વળતાં પાણી જોવા મળે છે, આમ છતાં જે કંઈ ચિત્રો પ્રાપ્ત છે તે ઉપરથી એ સમયની આર્થિક સામાજિક ધાર્મિક અને રાજકીય પરિસ્થિતિનો આપણને ખ્યાલ આવે છે.

## સંગીતકલા

ગુજરાતમાં સંગીતકલાને પ્રોત્સાહન આપી એને વિકસાવવામાં વૈષ્ણવ શાક્ત અને જૈન ધર્મે મહત્ત્વનો ફાળો આપ્યો છે. ગુજરાતના રાજવીઓએ પણ ગાયકો વાદકો અને નર્તકોને રાજ્યાશ્રય આપી આ કલાને ઘણું પ્રોત્સાહન આપ્યું છે. મધ્યકાલમાં થયેલા નામી અનામી સંતો સાધુઓ ભરથરીઓ કથાકારો માણભટ્ટો અને ભજનિકોએ પણ સંગીતકલા દ્વારા સમાજને ચેતનવંતો રાખ્યો છે.

એક સર્વસામાન્ય ખ્યાલ એવો પ્રવર્તે છે કે ગુજરાતી પ્રજા શાસ્ત્રીય સંગીત પરત્વે બહુ રુચિ ધરાવતી નથી, પરંતુ ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ તપાસતાં આ ખ્યાલ ખોટો પડે છે.

ઉત્તર હિંદુસ્તાની સંગીત પદ્ધતિમાં જે રાગ–રાગિણીઓનાં નામ પ્રચારમાં છે તેમાં પણ ગુજરાતની ભૌગોલિક પ્રદેશવાચક સંજ્ઞાઓ જળવાઈ રહેલી જોવા મળે છે. દા. ત. મારુ–ગુર્જર, ગુર્જરી, મંગલ–ગુર્જરી, ભલ ગુજરી, માલ ગુજરી, ગુર્જરી તોડી, બિલાવલ, બિલાવલી, આશાવરી, ખંભાવતી, સોરઠ વગેરે. બિલાવલનો સંબંધ બેલાકુલ-વેરાવળ સાથે અને આશાવરીનો સંબંધ આશાવલ્લ સાથે કેટલાક જોડે છે. પ્રસિદ્ધ લોકવાયકા પ્રમાણે કેદાર રાગ એ જૂનાગઢના નરસિંહ મહેતાનું પ્રદાન છે. તાનસેનના પુત્ર બિલાસખાંએ 'બિલાસખાં કી તોડી'ની રચના અમદાવાદમાં કરી હોવાનું મનાય છે.

ગુજરાતમાં ઇતિહાસના ઉગમ-કાલથી સંગીતનું મહત્ત્વ લોકજીવનમાં સ્વીકારાયેલું જોવા મળે છે. અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના લોથલ ગામના ટીંબામાંથી હડપ્પા સંસ્કૃતિના જે અવશેષ પ્રાપ્ત થયા છે તેમાં એક તંતુવાદ્યનો અવશેષ મળ્યો છે. વેદકાલમાં ગુજરાતમાં સંગીતની પરંપરા કેવી હશે તેના ચોક્કસ પુરાવા આપણી પાસે નથી, પરંતુ નર્મદા કિનારે ભરુકચ્છ

ચાણોદ કરનાળીમાં તથા સૌરાષ્ટ્રમાં સામગાન કરનારા જે બ્રાહ્મણ આજે છે તે ઉપરથી કહી શકાય કે તેઓની સામગાનની જે કૌટુંબિક પરંપરા છે તેનું મૂળ વેદકાલ જેટલું પ્રાચીન હોઈ શકે! હમણાં સુધી સૌરાષ્ટ્રમાં પડધરીમાં શાસ્ત્રી રેવાશંકર હયાત હતા, જેઓ સામગાન વૈદિક પરંપરા પ્રમાણે કરી શકતા. સામગાનના નિષ્ણાત તરીકે તેમની ખ્યાતિ ભારતભરમાં પ્રસરેલી હતી.

પૌરાણિક સમયમાં દ્વારકામાં યાદવોના નિવાસસ્થાનોમાં 'છાલિક્ય' સંગીત ગવાતું હોવાના ઉલ્લેખ હરિવંશ પુરાણમાંથી પ્રાપ્ત થાય છે.[૫] મહાભારતના વનપર્વમાં કૃષ્ણ કહે છે કે સાલ્વના હુમલાનો સાવધાનીથી સામનો કરવા માટે વૃષ્ણિ અંધક વગેરે સુરાપાન કરવાનું છોડી દઈ હોશિયાર થઈને રહ્યા અને નટનર્તકગાયક આનર્તોને બહાર મોકલી દીધા. એ ઉપરથી યાદવોથી ભિન્ન એવા મૂળ દેશવાસીઓ આનર્તો તે નટો નર્તકો કે ગાયકો તરીકે જાણીતા હોવાનું સંભવે છે.[૬]

ઇતિહાસકાલમાં આવીએ છીએ ત્યારે ગુજરાતનો દસ્તાવેજી ઇતિહાસ મૌર્યકાલથી શરૂ થાય છે. મૌર્યકાલમાં ગુજરાતમાં કેવું સંગીત પ્રચારમાં હશે એના પુરાવા આપણી પાસે નથી. ક્ષત્રપકાલમાં આવીએ છીએ ત્યારે રાજા મહાક્ષત્રપ રુદ્રદામાના ગિરનારના શૈલલેખમાં[૭] એને ગાંધર્વવિદ્યા એટલે સંગીતવિદ્યામાં નિષ્ણાત તરીકે ઓળખાવ્યો છે. મૈત્રકકાલીન ગુજરાતમાં દાહોદની નજીક આવેલ બાઘગુફાનાં ચિત્રોના એક દશ્યમાં નર્તકની આસપાસ સાત વાદક સ્ત્રીઓ ઊભેલી જોવા મળે છે.[૮] આ સાત સ્ત્રીઓ પૈકી એકના હાથમાં મૃદંગ, બીજી ત્રણના હાથમાં તાલ માટેના દાંડિયા અને બાકીની ત્રણ સ્ત્રીઓના હાથમાં મંજીરાં છે. સોલંકીકાલમાં ગુજરાતમાં સંગીત નૃત્ય અને નાટચકલાની ભારે પ્રતિષ્ઠા થઈ હતી. આ સમયમાં જે નાટક મંદિરોમાં ભજવાતાં હતાં તેમાં સંગીતનો છૂટથી ઉપયોગ કરવામાં આવતો હતો. સંગીત ઉપર આ સમયના રાજવીઓએ અને એમના આશ્રિત કવિઓએ સ્વતંત્ર ગ્રંથ રચ્યા છે. સોલંકીવંશના રાજવી અજયપાલ અને સોમરાજદેવે 'સંગીતરત્નાવલી' નામનો ગ્રંથ લખ્યો હતો. આ સમયમાં રાજશેખરના શિષ્ય સુધાકલશે 'સંગીતોપનિષદ' નામનો સંગીતવિદ્યાનો ગ્રંથ રચ્યો હતો, જે આજે ઉપલબ્ધ નથી, પરંતુ એમણે ઈસવીસન ૧૩૫૦ માં આ ગ્રંથ ઉપરથી 'સંગીતોપનિષત્સાર' નામનો જે બીજો ગ્રંથ લખ્યો તે ઉપલબ્ધ છે.[૯] આ ગ્રંથની પ્રશસ્તિમાં સુધાકલશ પોતાના પૂર્વસૂરિ નરચંદ્રને 'સચ્છાસ્રસંગીતભૃત્' તરીકે ઓળખાવે છે. આ ઉપરથી કહી શકાય કે ગુજરાતના નરચંદ્ર ગચ્છમાં સંગીતની પરંપરા હતી.

સોલંકીકાલમાં અનેક જૈન વૈષ્ણવ શૈવ અને શાક્ત મંદિરોમાં ઉત્સવો ઊજવાતા હતા અને એ વખતે નાટકો અને નૃત્યો પણ એમાં રજૂ થતાં હતાં, જેના ઉલ્લેખ સમકાલીન સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. ચૂડાસમાઓના સમયમાં એટલે કે ઈસવી સન ૮૭૫ થી ૧૪૭૦ સુધી જૂનાગઢ એ સૌરાષ્ટ્રનું સંગીત અને સંસ્કૃતિનું વિખ્યાત કેંદ્ર હતું. ખેંગાર ત્રીજો અને માંડલિક ત્રીજો એ બંને રાજવી સંગીતના નિષ્ણાત અને આશ્રયદાતા હતા.[૧૦] સોલંકીકાલમાં ગુજરાતમાં જે મંદિર બાંધવામાં આવ્યાં તેનાં શિલ્પોમાં વિવિધ અંગભંગીઓ સાથે નર્તકો અને વાદકો જોવા મળે છે.

સલ્તનતકાલમાં આવીએ છીએ ત્યારે ગુજરાતમાં શક્તિની ઉપાસના તરીકે 'ભવાઈ'નો વિકાસ થયેલો જોવા મળે છે. ભવાઈ એ ગુજરાતનું સંગીત-પ્રચુર લોકનૃત્ય–નાટ્ય છે. પરંપરા પ્રમાણે ભવાઈના વેશોની રચના અસાઇતે કરેલી મનાય છે. આ અસાઇતના 'હંસાઉલિ' કાવ્યની હસ્તપ્રત ભો. જે. વિદ્યાભવનમાં છે.[૧૧] હંસાઉલિનો સમય સંવત ૧૪૨૭ એટલે કે ઈસવી સન ૧૩૭૧ મનાય છે. આ ઉપરથી અટકળ કરી શકાય કે અસાઇત ચૌદમા સૈકાની છેલ્લી ત્રણ પચ્ચીસીઓમાં થયો હશે. ભવાઈમાં ભૂંગળ એ અગત્યનું અને અનિવાર્ય વાદ્ય છે. ભૂંગળ વિના ભવાઈ થાય નહીં. મુંબઈ ગેઝેટિયરના જણાવ્યા પ્રમાણે ભૂંગળ એ ગુર્જરોનું વાદ્ય છે.[૧૨] સમગ્ર ભારતનાં વાદ્યોમાં આ એકમાત્ર વાદ્ય એવું છે કે જેનાથી સ્વર અને તાલ જાળવી શકાય. ભવાઈમાં મુખ્ય વાદ્યો વિશે 'રામદેવ'ના વેશમાં કહેવામાં આવ્યું છે :

> પખાજી　ઊભો　પ્રેમસુ,　રવાજી　મનમોડ,
> તાલગર　ટોળે　મળ્યા,　ભૂંગળિયા　બે　જોડ,
> ભૂંગળિયા બે જોડ કે આગળ રંગલો ઊભો રહ્યો,
> ઇણી રીતે અસાઇત ઓચરે હવે રામદે રમતો થયો.[૧૩]

આ ઉપરથી કહી શકાય કે પખવાજ કાંસીજોડાં અને ભૂંગળ એ ભવાઈનાં મુખ્ય વાદ્ય હતાં. ભવાઈના જુદા જુદા વેશોમાં અનેક લોકગીતો લગ્નગીતો છંદો દુહાઓ અને ફટાણા ગવાતાં. ભવાઈનાં ગીતોમાં જે રાગ ગવાતા તેમાં માઢ પરજ સોહની દેશ સોરઠ પ્રભાત આશાવરી કાલીંગડો બીલાવલ મેવાડો લલિત ભૈરવ ભૈરવી ઇત્યાદિ મુખ્ય છે. જે છંદો ગવાય છે તેમાં કુંડળિયા અને સવૈયા મુખ્ય છે. કવિતો ઉખાણા અને દુહાઓની તો એમાં ભારે રમઝટ જોવા મળે છે. ભવાઈની રજૂઆત અનેક પ્રકારના શિષ્ટ અને લોકસંગીત સાથે એવી ભાવવાહી રીતે કરવામાં આવે છે કે પ્રેક્ષકોને રસતરબોળ

કરી દે છે. ભવાઈની રજૂઆત–પરંપરા છેક અઢારમા સૈકા સુધી જળવાઈ રહી હતી અને એમાં અનેક નવા વેશ પણ ઉમેરાયા છે. સંગીતનાં વાદ્યોમાં પખ-વાજની જગ્યાએ તબલાં આવ્યાં છે અને સારંગીના સ્થાને હાર્મોનિયમ આવ્યું છે. આ મધુર નૃત્યગેય પ્રેક્ષણકની પરંપરા જળવાઈ ન રહેતાં એમાં સમય જતાં અનેક વિકૃતિઓ પ્રવેશી ગઈ અને પરિણામે એના પ્રત્યે રસ કે રુચિ પેદા થવાને બદલે એક પ્રકારની સૂગ ઊભી થઈ.

મુગ્લકાલીન ગુજરાતમાં શાસ્ત્રીય સંગીતના જે નામાંકિત ગાયકો અને વાદકો થઈ ગયા તેમાં ચાંપાનેરનો પંડિત બૈજુ તથા વડનગરની બે વૈષ્ણવ કન્યાઓ તાના અને રીરીનાં નામ વિશેષ ઉલ્લેખપાત્ર છે. ચાંપાનેરનો સંગીતકાર બૈજુ નાગર હતો અને વૃંદાવનના વિખ્યાત સંગીતાચાર્ય હરિદાસનો પટ્ટશિષ્ય હતો. બૈજનાથે ગ્વાલિયરના રાજા માનસિંહની સંગીતશાળામાં તાલીમ લઈને ત્યાં અધ્યાપન–કાર્ય પણ કર્યું હતું. માનસિંહના માર્ગદર્શન નીચે ધ્રુપદ ગાયકીનો એણે સારો વિકાસ કર્યો હતો. એણે 'સંગીત ઓકુદશા' નામનો ગ્રંથ પણ રચ્યો છે. આ ઉપરાંત 'રાગસાગર' નામનો કાવ્ય-પ્રકાર રચ્યો હતો, જેમાં અનેક રાગ–રાગિણીઓની સમજ જે તે રાગ–રાગિણી દ્વારા જ આપવામાં આવેલી છે. મુગ્લકાલમાં આ સમયે વડનગર વિદ્યા અને કલાનું મોટું કેંદ્ર હતું. પ્રચલિત અનુશ્રુતિ પ્રમાણે અકબરના દરબારી ગાયક તાનસેને દીપક રાગ ગાયો અને એના શરીરમાં અસહ્ય દાહ શરૂ થયો. આ દાહ જો કોઈ સંગીતનો જાણકાર 'મલ્હાર' રાગ ગાય તો જ શમે એવી હતી. આવા ગાયકની શોધમાં તાનસેન દિલ્હીથી નીકળ્યો હતો, જ્યાં ઉત્તર ગુજરાતમાં આવેલ વૃદ્ધનગર–વડ-નગરની બે નાગર કન્યાઓ 'તાના' અને 'રીરી'એ મલ્હાર ગાઈને એના દાહનું શમન કર્યું હતું. આ બંને કન્યાઓની ગાયકીની હલકથી તાનસેન ખૂબ પ્રસન્ન થયો હતો અને અકબર સમક્ષ તેઓની ખૂબ પ્રશંસા કરી હતી. અકબરે આ બંને કન્યાઓને દિલ્હી આવવાનું આમંત્રણ આપ્યું, જેનો તેઓએ અસ્વીકાર કર્યો હોવાથી તેઓના ઉપર જુલ્મ ગુજારવામાં આવ્યો અને પરિણામે તેઓએ આત્મવિલોપનનો માર્ગ લીધો.

મુઘલકાલમાં ગુજરાતમાં જે કાગળની પોથીની ચિત્રકલાનો વિકાસ થયો તેનાં ચિત્રોમાં પણ ગાયકો વાદકો અને નર્તકો જોવા મળે છે. આ સમયનાં મંદિરોમાં જે ભિત્તિચિત્ર આલેખવામાં આવ્યાં તેમાં પણ રાજસવારી ઉત્સવ કે વર-ઘોડાનાં દૃશ્યોમાં અનેક વાદકો નર્તકો અને ગાયકોનું આલેખન કરેલું જોવા મળે છે. આ સમયની ચિત્રકલામાં સંગીતનાં જે વાદ્ય જોવા મળે છે તેમાં

ભેરી ભૂંગળ મૃદંગ પખવાજ દર્દુરી નગારું ઢોલ ઢોલકી ખંજરી મંજીરા વીણા તાર શરણાઈ વાંસળી પાવો ઇત્યાદિનું આલેખન જોવા મળે છે.

મુઘલોની સત્તા નાશ પામતાં ગુજરાતમાં લલિતકલાઓનો વિકાસ રૂંધાઈ ગયો. મરાઠા સરદારો સત્તાની સાઠમારીમાં કલાકારોને રાજ્યાશ્રય આપી પ્રોત્સાહન આપી શક્યા નહીં. આમ છતાં ગુજરાત સૌરાષ્ટ્રમાં જે નાનાં નાનાં રાજ્ય હતાં તેમાં ગાયકો વાદકો નર્તકો અને ભાટ-ચારણોને રાજ્યાશ્રય આપી પ્રોત્સાહન આપવાની પ્રથા ચાલુ રહી હતી. સત્તરમા સૈકામાં જામનગરના જામ છત્રસાલ રાજીના આશ્રિત કવિ શ્રીકંઠે ‘રસકૌમુદી’ નામનો સંગીતનો ગ્રંથ લખ્યો હતો.[૧૪]

મરાઠા સમયમાં જૈન અને હિંદુ મંદિરોની ભીંતો ઉપર જે ચિત્ર આલેખવામાં આવ્યાં છે તેમાં ગાયક વાદક અને નર્તકના સમૂહો જોવા મળે છે. અહીં જે વાદ્ય આલેખવામાં આવ્યાં છે તે પણ ભારતીય પરંપરા પ્રમાણે અવનદ્ધ તંતુ સુષિર અને ઘન પ્રકારનાં છે. અવનદ્ધ વાદ્યોમાં પખવાજ મૃદંગ ઢોલ ઢોલકી નગારું ખંજરી ડફ નોબત દુંદુભિ ઝલ્લરી નરઘાં ઇત્યાદિનો સમાવેશ થાય, જ્યારે તંતુવાદ્ય પ્રકારમાં એકતારો તંબૂરો તંબૂરી વીણા અને એના વિવિધ પ્રકાર, સારંગી જંતર સુખચંગ અને રાવણહથ્થો ઇત્યાદિનો સમાવેશ થાય. સુષિર વાદ્યોમાં ભૂંગળ ભેરી રણશીંગુ કંઠવાસ શીંગી શંખ વાંસળી વેણુ પાવો બીન ઇત્યાદિનો સમાવેશ થાય અને ઘનવાદ્યોમાં મંજીરા કાંસીજોડાં કરતાલ ઝાંઝ માણ ઝાલર પટપટી દાંડી મોટા-ઘૂઘરા ઇત્યાદિનો સમાવેશ થાય છે.

મરાઠા કાલ દરમિયાન ગુજરાતમાં સંગીત-પરંપરા વૈષ્ણવ મંદિરોમાં અને જૈન મંદિરોમાં જળવાઈ રહી હતી. વૈષ્ણવ મંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણની આરાધના માટે સવાર બપોર અને સાંજના જુદા જુદા રાગોમાં પદો ધમાર અને ધ્રુપદ સાજ સંગીત સાથે ગવાતાં. આ સંગીત પાછળથી ‘હવેલી સંગીત’ તરીકે ખૂબ પ્રતિષ્ઠા પામ્યું છે. જૈન મંદિરોમાં તીર્થંકર ભગવાનની ભાવના થતી. ભાવના મોટે ભાગે ભોજકો ગવડાવતા. ભાવનામાં ત્યાગ અને તપપ્રધાન રાસા પણ ગવાતા. શક્તિના ચાચરમાં કે ગામની ભાગોળે ‘ભવાઈ’ રમવાની પરંપરા આ સમયમાં પણ જળવાઈ રહી હતી.

આમ મરાઠાઓની સત્તા દરમ્યાન રાજકીય અંધાધૂંધીના દિવસોમાં ધાર્મિક સંગીત એ પ્રજાના જીવનનું શ્રદ્ધાસ્થાન હતું અનેક માણભટ્ટો કથાકારો

ભજનિકો અને રાવણહથ્થો લઈને ફરનારા ભરથરીઓ પોતાની કલા દ્વારા ગુજરાતની મૂંઝાયેલી પ્રજાનું ચૈતન્ય ટકાવી રાખતા હતા.

## નૃત્યકલા

મરાઠા સમયમાં ગુજરાતમાં જે નૃત્ય-પ્રકાર પ્રચારમાં હતા તે પૈકી રાસ ગરબો ગરબી અને ભવાઈ મુખ્ય હતાં.

ગુજરાતમાં નૃત્યની પરંપરા પૌરાણિક કાલ જેટલી પ્રાચીન છે તેમ સાહિત્યિક પુરાવાઓ પરથી કહી શકાય. પુરાણ કાલમાં ગુજરાતનો એક ભાગ આનર્ત તરીકે ઓળખાતો હતો. પૌરાણિક વૃત્તાંત પ્રમાણે શાર્યાતોનો રાજ્ય-પ્રદેશ આનર્તના નામે પ્રસિદ્ધ હતો, જેની રાજધાની કુશસ્થલી હતી. ઇતિહાસના આરંભકાલમાં આ નામ તળ-ગુજરાતના, ખાસ કરીને ઉત્તર ગુજરાતના, અલગ પ્રદેશ માટે વપરાતું હતું. આજનું મહેસાણા જિલ્લામાં ખેરાળુ તાલુકામાં આવેલ વડનગર–આનંદપુર–આનર્તપુર એ આ પ્રદેશનું પાટનગર હોવાનું મનાય છે. 'આનર્ત' શબ્દની વ્યુત્પત્તિ અંગે વિદ્વાનોમાં મતભેદ છે. ઉમાશંકર જોશીએ કરેલી અટકળ પ્રમાણે આનર્ત શબ્દનો સંબંધ નૃત્ય સાથે છે. એ ભૂમિમાંથી ગુજરાતને મોટી સંખ્યામાં નટ–નર્તકો અને ગાયકો મળ્યા છે.[૧૪અ] મેદિનીકોશ પ્રમાણે 'આનર્ત' શબ્દનો એક અર્થ નૃત્યશાળા પણ થાય છે.[૧૫] વળી બૃહત્સંહિતામાં જણાવ્યા પ્રમાણે સિંધુ–સરસ્વતીના પ્રદેશો અને સુરાષ્ટ્રમાં નટ–નર્તકોનું પ્રાધાન્ય હતું,[૧૬] જે ઉમાશંકર જોશીની અટકળનું સમર્થન કરે છે.

સારંગદેવ 'સંગીતરત્નાકર'ના સાતમા નર્તનાધ્યાયમાં નૃત્યના પ્રકાર વર્ણવતાં લાસ્ય વિશે કહે છે : લાસ્ય નૃત્ય સૌ પ્રથમ પાર્વતીએ બાણાસુરની પુત્રી ઉષાને શીખવ્યું. આ બાણાસુરની કન્યાએ શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ સાથે લગ્ન કર્યું અને દ્વારકા આવી દ્વારકાની સ્ત્રીઓને લાસ્ય નૃત્ય શીખવ્યું, જે દ્વારકાની સ્ત્રીઓએ સૌરાષ્ટ્ર દેશની સ્ત્રીઓને શીખવ્યું અને સૌરાષ્ટ્ર દેશની સ્ત્રીઓએ વિવિધ જનપદોની સ્ત્રીઓને શીખવ્યું. આ રીતે પરંપરાથી પ્રાપ્ત થયેલું લાસ્યનૃત્ય લોકોમાં પ્રતિષ્ઠા પામ્યું.[૧૭] લાસ્ય પ્રસારની આ વાત સારંગદેવ પછી ચારસો વર્ષ બાદ થયેલા કવિ શ્રીકંઠે એમની 'રસકૌમુદી'માં કરી છે. કવિ શ્રીકંઠ જામનગરના રાજવી જામ છત્રસાલના આશ્રિત હતા. આ કવિ જુદા જુદા પ્રદેશની સ્ત્રીઓની નૃત્યકુશળતા વર્ણવતાં એક સ્થળે ગુર્જરી નટીની લાસ્યનૃત્યની કુશળતાને ઉત્તમ પ્રકારની કહે છે :[૧૮]

**नानायुक्तिमनोहरा किल नटी लास्योत्तमा गुर्जरी।**

ગુજરાત સૌરાષ્ટ્રમાં લાસ્ય–નૃત્યના પ્રસારની એક બીજી પરંપરા અર્જુન સાથે સંકળાયેલી છે, જેનો ઉલ્લેખ મહાભારત, હરિપાલદેવ-રચિત 'સંગીત સુધાકર' અને સુધાકલશ-રચિત 'સંગીતોપનિષત્સાર'માં જોવા મળે છે. છેલ્લી એ કૃતિ પ્રગટ થયેલી નથી. આ ઉપરાંત પુણેની ભાંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં 'નાટ્યસર્વસ્વદીપિકા'ની જે હસ્તપ્રત છે તેમાં પણ આ પ્રકારનો ઉલ્લેખ જોવા મળે છે.[૧૯] લાસ્ય નૃત્યનાં કેટલાંક અંગ ગુજરાતના રાસ–ગરબામાં જળવાયાં હોવાનું મનાય છે.

રાસ અને ગરબો એ ગુજરાતના સમૂહનૃત્યની ભારતભરનાં પ્રાદેશિક સમૂહ-નૃત્યોમાં આગવી વિશેષતા છે. ઐતિહાસિક રીતે તપાસીએ તો 'રાસ'ની પરંપરા ગુજરાતના લોકજીવનમાં ગોપજીવન સાથે સંકળાયેલી છે અને એનો સંબંધ ભગવાન શ્રીકૃષ્ણ સાથે જોડવામાં આવેલો છે. રાસ એ ભક્તિ અને ભાવ સાથે અભિનયસહ મંડલાકારે રમાતી સંગીતમઢી મધુર રચના છે. શાસ્ત્રીય લક્ષણો પ્રમાણે નટોએ જેમને ગળે હાથ મૂક્યો છે તેવી નર્તકીઓ પરસ્પર હાથમાં હાથ લઈને વર્તુલમાં નૃત્ય કરે તેને રાસ કહેવાય.[૧૯અ] રાસ પ્રાચીનકાલમાં રાસકમ્ કે હલ્લીશકમ્ તરીકે ઓળખાતો હતો. આચાર્ય હેમચંદ્ર હલ્લીશક અને રાસકને એક જ નૃત્યપ્રકાર તરીકે વર્ણવે છે.[૨૦] નાટ્યશાસ્ત્રના ટીકાકાર અભિનવ-ગુપ્ત હલ્લીશક અને રાસકને નાટ્યના ઉપરૂપક તરીકે ઓળખાવે છે.[૨૧] પ્રચલિત અનુશ્રુતિ પ્રમાણે ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતાએ ગોપનાથ મહાદેવના અનુગ્રહથી શ્રીકૃષ્ણની રાસલીલા નજરોનજર નિહાળી હતી. આ પ્રસંગનું વર્ણન એમણે પોતાના 'રાસસહસ્રપદી'નાં પદોમાં ભાવપૂર્વક કર્યું છે.

શારદાતનય એના 'ભાવપ્રકાશ[૨૧અ]'માં રાસકના ત્રણ પ્રકાર વર્ણવે છે: (૧) લતા–રાસક (૨) દંડ–રાસક અને (૩) મંડલ–રાસક આ પૈકી લતા-રાસક તે જે રાસમાં સ્ત્રી–પુરુષ લતાની જેમ પરસ્પર વીંટાઈને રાસ રમે તે, દંડ–રાસક એટલે દાંડિયા વડે રમાતો રાસ અને મંડલ–રાસ એટલે તાળી લઈને મંડળ આકારે રમાતો રાસ.

શ્રી કે. કા. શાસ્ત્રી 'સપ્તક્ષેત્રિ રાસ'ના આધારે બે જાતના રાસનું વર્ણન કરે છે: એક તાલારાસ અને બીજો લકુટારાસ. આ તાલારાસ અને લકુટારાસ એ રાસનૃત્યના ભેદ છે કે જેમાં પહેલામાં ફરતે કુંડાળે માત્ર તાળી-ઓથી તાલ આપી સંગીતપૂર્વક પગના ઠેકા સાથે ફરવામાં આવે છે, જ્યારે

બીજામાં બબ્બે દાંડિયાથી એ જ પ્રમાણે ફરવામાં આવે છે. પ્રથમ પ્રકારને અત્યારે મરદો લેતા હોય તો ' હીંચ ' અને સ્ત્રીઓ લેતી હોય તો ' હમચી ' કહેવામાં આવે છે. કેટલીક વાર હીંચ સ્ત્રીઓ અને પુરુષો સાથે પણ લેતાં હોય છે.૨૧આ

' રાસ ' સાથે સંકળાયેલ ગુજરાતનું બીજું લોકપ્રિય સમૂહનૃત્ત તે ' ગરબો ' છે. ' ગરબા 'નો સંબંધ તમિળ ભાષામાં ' રાસ 'ના એક પર્યાય તરીકે જાણીતા **कुरवइ कूट्टु** સાથે વધુ સંગત છે. માટીના નાના છિદ્રોવાળા ઘડામાં દીવો મૂકી એને માથે મૂકીને, યા કવચિત્ વચ્ચે મૂકીને, યા તો મોટે ભાગે ઊંચે નીચે ફરતાં અનેક ચાડાંઓને છેડે કોડિયાં મૂકી એવા દીવાવાળી માંડણીને ફરતે ગોળ ગોળ ઘૂમતાં ગરવી ગુજરાતણો જીવનનો અમૂલ્ય લહાવો માણે છે. ' રાસ 'ની જેમ જ ' ગરબા 'નો સંબંધ પણ વૈષ્ણવ સંપ્રદાય સાથે જોડાયેલો જોવામાં આવ્યો છે, નરસિંહ મહેતાના રચેલા ત્રણ ગરબા મળ્યા છે તેમાં એક ગરબામાં ' ગરબે રમે ગોકુલનાથ ' શબ્દો જોવા મળે છે. પછીથી શાક્ત સંપ્રદાયના કવિઓએ એને આસો માસમાં નવરાત્રના ઉત્સવોમાં રાતે માતાની પ્રશસ્તિમાં વિકસાવ્યો છે. સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં ભાણદાસે એકોતેર જેટલા ગરબા રચી વિક્રમ સાધી આપ્યો છે. પછી તો વલ્લભ ધોળા અને બીજા શાક્ત ભક્તોએ સારી સંખ્યામાં ગરબા રચી આપ્યા છે.

લોથલના અવશેષામાંથી મળતાં મૃત્પાત્રોમાં સચ્છિદ્ર પાત્રો મોહેં-જો-દડો અને ' હરપ્પા 'ની જેમજ મળે છે તે ' ગરબા ' પ્રકારનાં પાત્રોના અવશેષ હશે કે નહિ એ કહી ન શકાય; પરંતુ કર્ણાટકના **कुरवइ कूट्टु** નૃત્તવિશેષને યાદ કરીએ તો સિદ્ધરાજની માતા મયણલ્લા આ પ્રકાર કર્ણાટકથી લાવી હોય તો એ સંગત થઈ પડે એમ છે. નરસિંહ મહેતો ' ગરબે રમે ગોકુલનાથ ' કહીને કોઈ જૂની પરંપરા આપતો લાગે જ છે.

' ગરબો ' શબ્દને સં. **गर्भदीप** સાથે પ્રકારસામ્ય દ્વારા એકાત્મક કહેવાનો સમય હવે રહ્યો નથી. એ ખરું છે કે ભાણદાસે ' ગગનમંડળની ગાગરડી ગુણ ગરબી રે, એણિ રમિ ભવાની રાસ ગાઉં ગુણ ગરબી રે 'માં આકાશને ' ગાગરડી 'નું રૂપક આપી ' ગરબી ' સાથે એકાત્મકતા નિરૂપી છે, જે એ સમયે સચ્છિદ્ર ' ઘડા 'ના ગરબાનૃત્ત પ્રકારમાંના ઉપયોગની પ્રતીતિ કરાવે છે.

'ગરબો ' શબ્દ સંસ્કૃતોત્થ નથી, પણ ' હલ્લીશક ' જેવો કોઈ સ્થાનિક શબ્દ સં.માં સ્વીકારાયો તેમ એ તમિળ શબ્દ ' **कुरवइ** > ગરવી > ગરબી '

દ્વારા પ્રથમ સ્ત્રીલિંગ ' ગરબી ' તરીકે અને પુંલિંગે ' ગરબો ' તરીકે ગુજરાતમાં પ્રચલિત થયો એવો કે. કા. શાસ્ત્રીનો અભિપ્રાય વધુ સ્વાભાવિકતા અર્પે છે.[૨૨] એમ મનાય છે કે ગુજરાતી ગરબાને લોકપ્રિય બનાવવા ભક્ત વલ્લભ મેવાડાએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. એ બહુચરાજીનો પરમ ભક્ત હતો અને અમદાવાદનો વતની હતો.

ગરબામાંથી ગરબીનો જન્મ થયો. ગુજરાતમાં ગરબી વૈષ્ણવ અને શાક્ત સંપ્રદાયનું પોષણ મેળવી વિકાસ પામી છે. મધ્યકાલીન ગુજરાતમાં થઈ ગયેલા અનેક કવિઓએ ' ગરબી 'ની રચના કરી છે. આ કવિઓમાં પ્રીતમદાસ રૂઘનાથદાસ રણછોડ ભક્ત થોભણ પ્રેમાનંદ બ્રહ્માનંદ દયારામ મુખ્ય છે, જેમાં દયારામની ગરબીઓ ગુજરાતી સાહિત્યનું ઘરેણું મનાય છે. ભવાઈના વેશોમાં પણ ભવાઈની શરૂઆત કરતાં પહેલાં ભવૈયાઓ ભૂંગળના તાલ અને સૂર સાથે માતાજીની ભક્તિરૂપે ગરબીઓ ગાય છે. ' ગરબી 'ની સમજ આપનાં ડૉ. મંજુલાલ મજમૂદાર કહે છે : " લાંબા વર્ણનાત્મક ગરબાઓની સરખામણીમાં ' ગરબી ' એ એકધારી, ટૂંકી અને ભાવનાપ્રધાન રચના છે; વળી ઊર્મિગીતનું તત્ત્વ પણ એમાં વધારે હોય છે. દરેક ગરબી વિચાર, ભાવ અને પ્રસંગમાં સંપૂર્ણ કાવ્ય છે. સૉનેટ કવિત કે એવા જ કોઈ સંસ્કૃત મુક્તકની જેમ, એકેએક ગરબી એ એકેએક પ્રસંગનું પૂરેપૂરું વર્ણન આપનાર કાવ્ય છે; અને તે સર્વાંગસંપૂર્ણ છે. થોડામાં થોડે શબ્દે જે સચોટ ભાવના જગાડે, જેનો રણકાર કાનમાંથી ખસે નહીં, જેમાં શબ્દની વધ કે ઘટ સહન કરી શકાય નહીં એવી મીઠી પદાવલી તે ગરબી."[૨૩] ગુજરાતણના હૃદયની ઊર્મિઓની છલક ગરબીઓમાં ભારોભાર વ્યક્ત થયેલી જોવા મળે છે. મધ્યકાલના અનેક નામી અને અનામી કવિઓએ આ સરલ રચના ઉપર હાથ અજમાવીને સાદામાં સાદી ભાષામાં ગુજરાતણના ગૂઢમાં ગૂઢ મનોભાવોને વાચા આપી છે. આ કારણથી જ ' ગરબી ' એ ગુજરાતણનું અત્યંત લાડલું સાહિત્ય અને કલાનું સ્વરૂપ બની ગઈ છે.

મધ્યકાલના ગુજરાતના સમાજ-જીવનમાં ' ભવાઈ ' માનભર્યું ગૌરવપૂર્ણ સ્થાન ધરાવતી હતી. ભવાઈ એ ગુજરાતના લોકનૃત્ય-નાટ્યનો સંગીતમઢ્યો ભાવવાહી ઉપ-રૂપક પ્રકાર છે. નાટ્ય અને નર્તનના આ ઉપરૂપકનો જો બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે તો એમાં નાટ્યશાસ્ત્રની ઘણી પરંપરાઓ જળવાયેલી જોવા મળશે.

' ભવાઈ ' શબ્દની વ્યુત્પત્તિ વિશે જુદા જુદા વિદ્વાનો વિવિધ મતમતાંતર

ધરાવે છે. કેટલાક વિદ્વાનો 'ભવ + આઈ' ઉપરથી શિવ અને પાર્વતીનું કથાનક જેમાં આવે છે તે 'ભવાઈ,' તો વળી કેટલાક "ભવની વહી" એટલે કે સંસારના જમા-ઉધારનો ચોપડો એટલે 'ભવાઈ' એમ વ્યુત્પત્તિ કરે છે. પ્રો. રસિકલાલ પરીખ 'ભવાઈ'નો સંબંધ 'ભાવન' સાથે જોડે છે અને કહે છે: "જેમ 'ગુજરાત' શબ્દની વ્યુત્પત્તિ ચર્ચાસ્પદ છે તેમ 'ભવાઈ' શબ્દની પણ છે, છતાં આવા બીજા શબ્દો ગુજરાતીમાં છે. રસોઈ અને તેનો કરનાર રસોઈઓ, ગવાઈ અને તેનો કરનાર ગવૈયો, ઇત્યાદિ, તેમ ભવાઈ અને તેનો કરનાર તે ભવૈયો. રસોઈના બરાબર અર્થમાં નહીં, પણ 'સ્વાદ આપે એવું' એ અર્થમાં 'રાસન' શબ્દ સંસ્કૃતમાં છે. ગાયન અને ગાન શબ્દો તો જાણીતા છે. આ સાદૃશ્યથી ભવાઈ માટે ભાવન શબ્દ ઘટે."[૨૪] ભવાઈના વેશોની રચના જેમ અસાઇતે કરી છે તેમ માંડણે પણ કરી છે. ઝંદાઝૂલણના વેશમાં ઝંદો તેજા વાણિયાણીને કહે છે:

> માંડન નાએકે ભાવન જોડીઓરે, બોલણા બેચાર,
> કીરત ઝંદા તેજલી રે, પોંકી સમુંદર પાર.[૨૫]

નાયકો પાસે ભવાઈવેશોના જે લિખિત ચોપડા છે તેમાં પણ ભાવન-બીજું, આબુના ધણીનું ભાવન, દ્વારકાના ધણીનું ભાવન, ઢેલાનું ભાવન વગેરે ઉલ્લેખ મળે છે.[૨૬] ભવાઈ અને ભાવનનો સંબંધ સમજાવતાં પ્રો. રસિકલાલ પરીખ કહે છે–' ભવાઈ–ભાવનનો સંબંધ કેવળ શબ્દગત નથી, વસ્તુગત પણ છે:

> ચાચર તહાં જાતર ભલી, જોત તણી જગમગ,
> ધણાએક ગુણીજન રમી ગયા, તીહાંના પગની રજ,
> સકળ સભા તો બેઠી ભલી સૌ શાક્ત(ભક્ત)રો દાસ,
> ભાવે ભવાઈ સાંભળે તેની અંબા પૂરે આસ,
> સકળ સભા તો બેઠી ભલી, સૌની દુરમત હરો,
> અસાઇત મુખથી ઓચરે, હવે રામદે રમતો કરો.

અર્થાત્ ભવાઈ એ અંબા માતાના ચાચરમાં થતું ભાવન છે, ભક્તિનો પ્રકાર છે.[૨૭]

કેટલાક તર્કકુશળ વિદ્વાનોએ 'ભાવ' ઉપરથી 'ભાવપતિ' એટલે કે નાટકનો સૂત્રધાર અર્થાત્ નવી સૃષ્ટિ ઉત્પન્ન કરનાર અને એનાથી 'ભાવક' અને એમાંથી

'ભવાઈ'ની વ્યુત્પત્તિ શોધવા પ્રયાસ કર્યો છે, જે ભાષાશાસ્ત્રની દષ્ટિએ સાવ કાલ્પનિક પાયા વિનાનો તર્ક છે. કેટલાક વિદ્વાનો ઉત્તરપ્રદેશમાં કૃષ્ણકથા રજૂ કરનાર બહુવેયા સાથે ભવૈયાનો સંબંધ જોડવા પ્રયાસ કરે છે, જે ઘણો અવાસ્તવિક છે.

બાંધેલા કાચા કે પાકા નાટ્યગૃહની પરવા કર્યાં વિના હાજર રહેલા પ્રેક્ષકો સાથે સીધો સંબંધ જોડીને ગામના ચોકમાં કે માતાના ચાચરમાં રમાતું સંગીત અને અભિનય-મઢ્યું ગેય પ્રેક્ષણક તે 'ભવાઈ' છે.

ભવાઈના વેશોની રચના મધ્યકાલના કવિ અસાઇત ઠાકરે કરી હોવાની પરંપરાગત માન્યતા છે; જો કે ભવાઈના ઉલ્લેખ અસાઇત કરતાં પ્રાચીન છે. અસાઇતનો સમય લગભગ ઈ. સ. ૧૩૨૦ થી ઈ. સ. ૧૩૯૦ નો માનવામાં આવે છે. અસાઇતના જીવનની ઐતિહાસિક વિગતો પ્રાપ્ત નથી. એમણે વિ. સં. ૧૪૨૭ માં રચેલું હંસાઉલિ કાવ્ય આપણી પાસે મોજૂદ છે. ભવાઈ કરનારા ભવૈયા ભવાઈની શરૂઆતમાં અસાઇતને અંજલિ આપતાં ગાય છે:

ઠાકર શાખે યજુર્વેદી ઔદીચ્ય સિદ્ધપુર–નગર–નિવાસ,
બ્રાહ્મણ ભારદ્વાજી ગોત્રના અસાઇત ભૂમાં પ્રખ્યાત,
ઊંઝા ગામે પટેલ હેમાળાની પુત્રી ગંગા ગુણવંત,
શિયળ રક્ષવા શાહ–સભામાં ભેળા જમીને રાખ્યો રંગ,
જમતાં એ ઠાકરથી ઊપજી નાયક–તરગાળાની જ્ઞાત,
ત્રણસો સાઠ ભવાઈ–વેશો રચી આરાધી અંબામાત.

અસાઇત ઠાકરે ભવાઈના ત્રણસો સાઠ વેશ રચીને અંબામાની આરાધના કરી હોવાની પરંપરાગત માન્યતા છે. ભવાઈના ૩૬૦ વેશોમાંથી આજે માત્ર સાઠ કે પાંસઠ જેટલા વેશ જ પ્રાપ્ય છે. આ વેશોના સામાન્ય રીતે ધાર્મિક ઐતિહાસિક તથા સામાજિક એવા પ્રકાર પાડી શકાય, તો કેટલાક વેશ બહુ જ ઓછા ગદ્ય(સંવાદો)વાળા, માત્ર નૃત્યપ્રધાન અથવા અંગકસરતના તેમજ જાદુ સમતોલન-શક્તિ તથા હસ્તકૌશલની બાજી કરામતો દેખાડી અદ્ભુત રસ જગાડતા ખેલ દેખાડે છે.[૨૮] ભવાઈના વેશોમાં ગુજરાતી સમાજની દેશી-વિદેશી બધી કોમોનો સમાવેશ થાય છે. મુસ્લિમ પાત્રોવાળા વેશોમાં મિયાં જૂઠણ, છેલબટાઉ, પઠાણ-બામણી, મિયાં–બીબી, લાલજી-મણિયાર વગેરે મુખ્ય છે. રાજપૂત પાત્રોવાળા વેશોમાં રાજા દેગમ, વીકો સિસોદિયો, ટેંડા રાજપૂત, રામદેવ, જશમા ઓડણ વગેરે વેશોને ગણાવી શકાય. વિવિધ કોમોની ખાસિયતો દર્શાવનાર વેશોમાં વણઝારાનો વેશ, કંસારાનો વેશ, ભાઈ–પુરબિયાનો

વેશ, સરાણિયાનો વેશ, મહિયારણનો વેશ, વાઘરીનો વેશ વગેરેને ગણાવી શકાય. ભવાઈમાં મધ્યકાલીન ગુજરાતના ભાતીગળ સમાજનું ચિત્ર ઊપસી આવે છે.

ભવાઈની શરૂઆત ગણપતિના વેશથી થાય છે. આ પછી એક બે હળવા વેશ રજૂ કર્યા પછી કસદાર-ઝમકદાર વેશ રજૂ કરવામાં આવે છે. ભવાઈના વેશોનું એકેએક પાત્ર ભૂંગળના તાલે નૃત્ય કરતું કરતું પોઢમાં પ્રવેશે છે. વેશની રજૂઆત કરતી વખતે દરેક પાત્ર ગીત નૃત્ય અને અભિનયનો ત્રિવેણી સંગમ સાધે છે. ભવાઈના જુદા જુદા વેશોની રજૂઆતમાં ક્યારેક નૃત્ય, ક્યારેક સંવાદ, ક્યારેક અભિનય, તો વળી ક્યારેક માત્ર અંગકસરત ઉપર ભાર મૂકવામાં આવે છે. નૃત્ય નાટ્ય અને સંગીતની કલાને ભવાઈ ભજવનારા બહુ કુશળતાપૂર્વક વણીને પ્રેક્ષક સમુદાય સમક્ષ ધારી અસર ઉપજાવતા હોય છે.

ભવાઈ એ ગુજરાતનું લોકનાટ્ય કે લોકનૃત્ય એ સંશોધનનો વિષય છે. આ બાબતની ચર્ચા કરતાં સુધાંબહેન દેસાઈ કહે છે : "ભવાઈને નાટ્યપ્રયોગ કહેવો કે નૃત્યપ્રયોગ કહેવો એ બાબત વિચારમાં નાખી દે તેવી છે. એ બંનેય તત્ત્વ ભવાઈમાં અત્યંત કુશળતાથી ગૂંથાયેલાં છે. 'ભવાઈ'ના નૃત્યને એ વિષયના કોઈ ચોખલિયા અભ્યાસી કદાચ નૃત્ય તરીકે સ્વીકારવાની ના પાડશે, પરંતુ 'ભવાઈ'ના નૃત્યને સમજવા માટે લોકનૃત્યની ખૂબી સમજવી પડશે. 'ભવાઈ'માં નૃત્યને નૃત્ય તરીકે જ સ્થાન નથી મળ્યું, પરંતુ જે કંઈ કહેવાનું છે તે સચોટ રીતે કહેવાના સાધન તરીકે જ નૃત્યનો પણ એમાં ઉપયોગ થયો છે. તાલ અને લયના બંધનમાં રહી, કથક જેવા માર્ગીય નૃત્યની પાર્શ્વભૂમિકા રાખી ભવૈયા નાચે છે; પરંતુ એ નાચ કાંઈક વિશિષ્ટ પ્રકારના છે. સંવાદમાંથી ભાવને વધારે સ્પષ્ટ અને ઉત્કટ સ્વરૂપ આપવું હોય ત્યારે પાત્રો તે ભાવને વશ થઈ નાચી ઊઠે છે."[૨૯]

ભવાઈના વેશોમાં જે પાત્રો નૃત્યનાં પગલાં ભરે છે તેને કંઈક સંબંધ 'કથક' નૃત્ય શૈલી સાથે છે. કમનસીબી એ છે કે પરંપરા જળવાઈ ન રહેતાં આ લોકનાટ્ય કે લોકનૃત્યમાંથી કોઈ શિષ્ટ નૃત્યશૈલીનો જન્મ થઈ શક્યો નહિ. ભવાઈના વેશોનાં જુદાં જુદાં પાત્ર જે રીતે અંગ-ઉપાંગોના અભિનય કરે છે તેમાં ભરતના નાટ્યશાસ્ત્રની પરંપરા જાણ્યે કે અજાણ્યે જળવાયેલી જોવા મળે છે. ગુજરાતનાં મંદિરોનાં શિલ્પોમાં કે લઘુચિત્રશૈલીની હસ્તપ્રતોમાં નૃત્યની જે અંગભંગીઓ જોવા મળે છે તેનો ભવાઈના નૃત્યની સાથે અંગભંગીઓનો અભ્યાસ કરવામાં આવે તો ગુજરાતની નૃત્યશૈલી વિશે ઘણું ઘણું જાણી શકાય.

મરાઠા સમયમાં આમ ગુજરાતમાં રાસ ગરબો ગરબી અને ભવાઈ લોકનૃત્યનાં સ્વરૂપો તરીકે પ્રચારમાં હતાં. રાજકીય ઊથલપાથલ અને આર્થિક બરબાદીને કારણે ગુજરાતી પ્રજા જ્યારે ઘોર હતાશાનો અનુભવ કરતી હતી ત્યારે એનામાં ધાર્મિક ચૈતન્ય ટકાવી રાખવાનું સેવાકાર્ય આ લોકનૃત્યનાં સ્વરૂપોએ કર્યું છે એમ બેલાશક કહી શકાય.

## પાદટીપ

૧. વાસુદેવ સ્માર્ત, 'ચિંતામણિ પાર્શ્વનાથ', "કુમાર", પુ. ૫૨, પૃ. ૧૦૦
૨. ઈ. ઇ. દેસાઈ, 'સૂરત સોનાની મૂરત', પૃ. ૩૪
૩-૪. રામસિંહ રાઠોડ, 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૧૮૪
૫. અમુભાઈ દોશી, 'ભારતીય સંગીતનો વિકાસ', પૃ. ૨૨૦
૬. ઉમાશંકર જોશી, 'પુરાણોમાં ગુજરાત', પૃ. ૪૦
૭. ગિ. વ. આચાર્ય, 'ગુજરાતના ઐતિહાસિક લેખો', ભાગ ૧, પૃ. ૧૧
૮. હ. ગં. શાસ્ત્રી, 'મૈત્રકકાલીન ગુજરાત', પુ. ૨, પૃ. ૬૮૩
૯. ભો. જ. સાંડેસરા, 'ઇતિહાસ અને સાહિત્ય', પૃ. ૨૧
૧૦. અમુભાઈ દોશી, ઉપર્યુક્ત, પૃ. ૨૨૧
૧૧. 'હંસાઉલિ' કાવ્યનું સંપાદન પ્રો. કે. કા. શાસ્ત્રીએ કર્યું છે અને એનું પ્રકાશન ગુજરાત વિદ્યાસભાએ કર્યું છે.
૧૨ *Bombay Gazetteer*, Vol. IX, part I, p. 481
૧૩. મહીપતરામ રૂપરામ, 'ભવાઈ સંગ્રહ', પૃ. ૧૦૩
૧૪. આ પુસ્તકની સંગીતની વિગતો ઉત્તર હિંદુસ્તાની સંગીત કરતાં દક્ષિણ હિંદુસ્તાની સંગીતની પદ્ધતિને અનુસરીને સવિશેષ આપવામાં આવેલી છે, તેથી એમ મનાય છે કે એના રચયિતા મૂળ દક્ષિણ ભારતના હશે અને એમણે જામનગરના રાજવીને ત્યાં રાજ્યાશ્રય પ્રાપ્ત કર્યો હશે.
૧૪અ. ઉમાશંકર જોશી, ઉપર્યુક્ત, પૃ. ૪૧
૧૫. मेदिनीकोश, शब्दवर्ग, ३२–११ १६. बृहत्संहिता, १६–१९
१७. संगीतरत्नाकर, ग्रं. ४, अध्याय ७, श्लो. ६–८
૧૮. મં. ર. મજમૂદાર, 'ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો', પૃ. ૫૧૪
૧૯. એજન, પૃ. ૫૧૫–૧૬
૧૯અ જુઓ ભાગવત, ૧૦. ૩૩.૨ પરની ટીકાઓ
२०. हेमचन्द्राचार्य, देशीनाममाला, ८–६२
२१. नाट्यशास्त्र, વૉલ્યૂમ ૧, પૃ. ૧૮૧ ( ગા. ઓ. સિ. )
२१अ. शारदातनय, भावप्रकाश, १०–६

૨૧આ. કે. કા. શાસ્ત્રી, આપણા કવિઓ, ખંડ ૧, પૃ. ૧૫૧
૨૨. કે. કા. શાસ્ત્રી, "પદ–ગરબા–ગરબી" બુદ્ધિપ્રકાશ, પુ. ૧૨૭, પૃ. ૨૧–૨૪
૨૩. એજન, પૃ. ૫૪૩
૨૪. રસિકલાલ છો. પરીખ, 'આકાશભાષિત', પૃ. ૨૯૮
૨૫. મહીપતરામ રૂપરામ, ઉપર્યુક્ત, પૃ. ૬૫
૨૬. Sudha Desai, *Bhavai*, p. 4 ૨૭. *Ibid.*, p. 269
૨૮. સુધા દેસાઈ, 'ભવાઈ–ગુજરાતનું લોકનાટ્ય', "ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ", ગ્રં. ૨, પૃ. ૭૧૨
૨૯. એજન, પૃ. ૭૧૫

# પરિશિષ્ટ

## અર્વાચીન મુંબઈના આરંભિક વિકાસમાં ગુજરાતીઓનો ફાળો

હાલ ભારતના અગ્રગણ્ય શહેર અને બંદર તરીકે નામના ધરાવતા અર્વાચીન મુંબઈનો વિકાસ છેલ્લા ત્રણ સૈકાઓ દરમ્યાન થયેલો છે. એ વિકાસમાં જેમ સરકાર પક્ષે ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો તથા બ્રિટિશ સરકારનો તેમ પ્રજાપક્ષે ગુજરાતના સાહસિક વેપારીઓનો તથા ઉદ્યોગપતિઓનો વિપુલ ફાળો રહેલો છે. અહીં ગુજરાતીઓના ફાળાના આરંભિક તબક્કાની સમીક્ષા કરીએ.

પોર્ટુગલના રાજાએ ૧૬૬૧ માં પોતાની કુંવરી ઇંગ્લૅન્ડના રાજા ચાર્લ્સ ૨ જાને પરણાવી ત્યારે મુંબઈનો ટાપુ એને પહેરામણીમાં વંશપરંપરાગત રીતે આપવાનું જાહેર કરેલું, પરંતુ રાજા ચાર્લ્સને એનો કબજો મહામહેનતે છેક ૧૬૬૫ માં મળ્યો. એમાં માહીમ કસબાનો સમાવેશ ન થતાં એનો કબજો લશ્કરી બળથી મેળવવો પડેલો.[1] એ વખતે મુંબઈના ટાપુમાં મલબાર હિલ અને હાલના બોરીબંદરથી શિવ (સીમ) સુધીનો સમાવેશ થતો. કોલાબા, માહીમ અને વરલીના ટાપુ અલગ હતા.[2] રાજા ચાર્લ્સના એજન્ટોએ ફિરંગીઓના સમયના પારસી દેરાબજી નાનાભાઈને સ્થાનિક કોળીઓ અને માછીમારો અંગેના કારભારી તરીકે ને દીવના પારસી રૂપજી ધનજીના વારસોને કંપની સરકારના મોદી તરીકે ચાલુ રાખ્યા. ત્યાં કોટ[3] બાંધી સુરતના વેપારીઓ અને કારીગરોને તેડાવ્યા, સુરતના મુઘલ સૂબાથી સ્વતંત્ર રીતે સીધો વેપાર શરૂ કર્યો ને ખ્રિસ્તી ધર્મના પ્રોટેસ્ટંટ પંથને પ્રોત્સાહન આપવા માંડ્યું, આથી તેઓને સુરતના મુઘલ સૂબા તથા કંપનીના કોઠીના અમલદારો સાથે તેમજ કૅથોલિક પંથના સ્થાનિક ફિરંગી રહેવાસીઓ સાથે સંઘર્ષ થયો. વળી એ ટાપુઓ પર ત્યારે વેપારની ખિલવણી થયેલી નહોતી ને એના નિભાવ તથા વિકાસ માટે ઘણું ખર્ચ કરવું પડે એમ હતું, આથી રાજાએ કંટાળીને એ ટાપુ ૧૬૬૮ માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીને વાર્ષિક દસ પાઉન્ડના નજીવા ભાડાથી કાયમ માટે આપી દીધો. કંપનીનો સુરતની કોઠીનો પ્રમુખ હવે મુંબઈના ટાપુનો ગવર્નર ગણાયો.[4]

પહેલા ગવર્નર ઑક્સન્ડને સુરતના પારસી મોદી હીરજી વાચ્છા, જેમણે ૧૬૬૭માં મુંબઈમાં વસવાટ કરેલો, તેમને કલ્યાણ મોકલી મુંબઈમાં કારીગર

વસાવ્યા.[૫] બીજા ગવર્નર જેરલ્ડ ઍાંજિયરે ( ૧૬૬૯–૭૭ ) અર્વાચીન મુંબઈના વિકાસનાં પગરણ કર્યાં ને સુરતથી ગુજરાતી વણિકોને તેમજ આર્મેનિયન વેપારીઓને તેડાવી ત્યાં વસાવ્યા.[૬] મોદી હીરજીએ પારસીઓ માટે મલબાર હિલ ઉપર દખમું તથા અગિયારી અને કોટમાં દરેમેહર બંધાવ્યાં ( ઈ. સ. ૧૬૭૦ )[૭] ને પારસીઓને મુંબઈમાં વસવા પ્રોત્સાહન મળ્યું. એમના વંશજોએ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને સરસામાન પૂરો પાડવાનો વ્યવસાય ચાલુ રાખ્યો. સુરતના વણિકોના મહાજને ૧૬૭૧ માં મુંબઈમાં વસવા જવાનું જોખમ ખેડતાં પહેલાં અમુક હકોની માગણી કરી તે કંપનીએ માન્ય કરી.[૮] દીવના શેઠ નીમા પારેખને મુંબઈમાં વસવાટ કરવા પ્રેરતું હકનામું કરી આપ્યું ( ૧૬૭૭ ).[૯] કંપનીના સુરત ખાતેના દલાલ ભીમજી પારેખે મુંબઈમાં ઘર બાંધવાની મંજૂરી મેળવી.[૧૦] મુંબઈમાંનાં સ્થાપિત હિતોના સંરક્ષણ માટે કંપનીને ૧૬૮૭ માં સુરતનું વડું મથક મુંબઈમાં ખસેડવાની ફરજ પડી.

જંજીરાના સીદી યાકૂબખાને મુંબઈ પર હલ્લો કરી ડુંગરીનો કિલ્લો કબજે કર્યો ( ૧૬૯૨ ) ત્યારે દોરાબજીના દીકરા રુસ્તમજીએ સ્થાનિક કોળીઓ અને માછીમારોની ટુકડી ઊભી કરી કંપનીને કિલ્લો પાછો મેળવી આપ્યો ને એની કદર તરીકે કંપની સરકારે એમને તેઓના વારસાગત ‘ પટેલ ’નો હોદ્દો એનાયત કર્યો ને એમને સ્થાનિક કોળીઓ તથા માછીમારોના વડા નીમ્યા.[૧૧] મુંબઈ, માહીમ અને વરલી વચ્ચેની ખાડીઓ પૂરવા માટે સુરતથી સેંકડો મજૂર તેડાવવામાં આવ્યા. આ કામ ૧૭૨૮ સુધી ચાલ્યું.[૧૨] મુંબઈનુ બંદર ખીલતાં ત્યાંની સરકાર સુરતના પારસીઓને ગુજરાતના સાગનાં વહાણ બાંધવાની વરદી આપવા લાગી. સુરતના ‘ માસ્ટર-બિલ્ડર ’ શેઠ ધનજીભાઈના મિસ્ત્રી લવજી નસરવાનજી વાડિયાની કાબેલિયાત જોઈ એમને થોડા કાબેલ સુથારો સાથે મુંબઈ તેડાવ્યા ( ૧૭૫૩ ). એમણે ત્યાં વહાણ બાંધવાની ગોદીઓ બાંધી ( ૧૭૫૪–૧૭૬૦ ).[૧૩] તેઓ વહાણો માટે નવસારીથી લાકડું મંગાવતા, લુહારીકામ સુરતના લુહારો પાસે અને સઢના વણાટનું કામ વણકરો પાસે કરાવતા. વણકરો સુરત, અમદાવાદ, ધોળકા વગેરે સ્થળોએથી આવતા. લવજીનાં વહાણ અને લડાયક જહાજ ઘણાં ચડિયાતાં અને મજબૂત ગણાતાં. લવજી વાડિયાના કુટુંબે ૭ પેઢીઓ લગી વ્યવસાય ૧૮૮૫ સુધી ચાલુ રાખેલો.[૧૪] ‘ વાડિયા ’ એટલે વહાણ બાંધનાર મુખ્ય શિલ્પી ( ‘ માસ્ટર–બિલ્ડર ’ ).

ઇંગ્લૅન્ડ જનાર પહેલા હિંદી સુરતના નવરોજજી રુસ્તમ શેઠના(મૃ.૧૭૩૨)-એ મુંબઈમાં કાયમી વસવાટ કરીને ત્યાં પહેલી ‘ પારસી પંચાયત ’ સ્થાપી

હતી. 'નવરોજજી હૉલ' એમની યાદગીરી છે.[૧૫] એમના પુત્ર માણેકજી (મૃ. ૧૭૪૮) મુંબઈમાં રહી દેશદેશાવરમાં મોટો વેપાર ખેડતા. 'માણેકજી શેઠની વાડી' એમણે બંધાવેલી.[૧૬] મુંબઈમાં પારસીઓની વસ્તી ઘણી વધવાથી ત્યાં મરહૂમ શેઠ માણેકજી નવરોજજી શેઠનાના નામે બીજું દોખમું બંધાયું (૧૭૫૬).[૧૭] શેઠ કાવસજી રુસ્તમજી પટેલે ૧૭૭૬ માં મોટું તળાવ બંધાવ્યું,[૧૮] તે 'સી. પી. ટેન્ક' તરીકે ઓળખાયું.

સૌરાષ્ટ્ર તથા કચ્છના વેપારીઓ પણ હવે મુંબઈ આવી વસવા લાગ્યા હતા. સૌરાષ્ટ્રના વેપારીઓ તથા પારસીઓ મોટે ભાગે કોટની અંદર વસતા, જ્યારે તળ-ગુજરાતના અને કચ્છના વેપારીઓ કોટ બહાર માંડવી કાલબાદેવી વગેરે લત્તાઓમાં વસતા. એ વખતે મકાન લાકડાનાં અને ઘણાંખરાં એક મજલાનાં હતાં.[૧૯]

મુંબઈના વેપાર-ઉદ્યોગના વિકાસમાં ગુજરાતના પારસીઓનો ફાળો અગ્રગણ્ય હતો. ચપળતા ચતુરાઈ ધગશ વિવેક અને મિલનસાર સ્વભાવને લીધે તેઓ વેપારી વર્ગમાં તેમજ અંગ્રેજોમાં લોકપ્રિય નીવડ્યા. નવસારીના હીરજી જીવણજી રેડીમનીએ ૧૭૫૬ માં ચીન જઈ વેપારનું નવું ક્ષેત્ર ખોલ્યું.[૨૦]

સત્તરમી સદીના અંતે નવી ઈસ્ટ ઇન્ડિયા કંપનીને ઇગ્લૅન્ડના રાજા તરફથી ચાર્ટર મળતાં જૂની ઈસ્ટ ઇન્ડિયા કંપની પર આફત આવેલી, પરંતુ ૧૭૦૮ માં એ બે પ્રતિસ્પર્ધી કંપનીઓનું એકીકરણ સધાયું. યુનાઇટેડ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને જરૂરી સામાન પૂરો પાડવાનો કૉન્ટ્રાક્ટ સુરતના જીજીભાઈ જમશેદજી મોદીને મળેલો.[૨૧] તેઓ ૧૭૬૮ માં મૃત્યુ પામ્યા પછી એમના પુત્ર માણેકજી (મૃ. ૧૭૭૩) સંભાળતા.[૨૨] સુરતના પારસીઓમાં મોદી કુટુંબ ખાનદાન ગણાય છે. એ કુટુંબના વડા 'દાવર' તરીકે ઓળખાતા.[૨૩] શેઠ દાદીભાઈ નોશરવાનજીએ ૧૭૭૬ માં મુંબઈમાં રૂની ગાંસડી દાબવાનો પહેલવહેલો સ્ક્રૂ બંધાવ્યો. અપૉલો સ્ટ્રીટમાં બંધાયેલો એ સ્ક્રૂ 'દાદી સ્ક્રૂ' તરીકે ઓળખાતો.[૨૪] શેઠ લવજી નશરવાનજી વાડિયા સાથે સુરતથી આવેલા કાવસજી હીરજી ગાંધીએ (મૃ. ૧૭૭૮) જૂના માર્કેટમાં ગાંધીની દુકાન કાઢેલી.[૨૫] કાવસજી ખરશેદજી જીજીમોદી (મૃ. ૧૭૭૯) અને એમના વંશજો 'કૉમિસરિએટ' તથા 'હૉસ્પિટલ'માં તેમજ ખાનગી વૈદ્યોને સઘળી જાતની અંગ્રેજી તથા દેશી દવા તથા વનસ્પતિ પૂરાં પાડતા હતા તેમજ મોટા પાયા પર ઘાસનો ધંધો ચલાવતા

ને સરકારને જોઈતું ઘાસ પૂરું પાડતા.[૨૬] ૧૭૭૯ માં ચોપાટીના ડુંગર ઉપર દોખમું બંધાયું.[૨૭] શેઠ માણેકજી મનચેરજી( મૃ. ૧૭૮૦ ) અને એમના વંશજ મુંબઈના સરકારી તોપખાના માટે બારૂત બનાવવાનું કારખાનું ચલાવતા.[૨૮] ૧૭૮૦ માં રુસ્તમજી કેરશાસપજીએ અંગ્રેજીમાં ' કૅલેન્ડર ' છાપવાની પહેલ કરી.[૨૯] એદલજી ફરામજી શેઠના ( મૃ. ૧૭૮૩ ) ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અમલદારોને વેપાર કરવા નાણાં ધીરતા.[૩૦] ભીખાજી બહેરામજી પાંડે ( મૃ. ૧૭૮૩ ) મુંબઈના અંગ્રેજ બજારમાં પ્રામાણિક દુકાનદાર તરીકે ખ્યાતિ ધરાવતા.[૩૧] શેઠ મનચેરજી જીવણજી રેડીમની મુંબઈના એક નામીચા વેપારી વહાણવટી અને જાગીરદાર હતા. તેઓ નવસારીના વતની હતા ને મુંબઈ આવી ચીન સાથે બહોળો વેપાર ખેડતા હતા. ચોપાટીમાં આવેલી એમની વાડીમાં એક અલાયદું દોખમું બંધાયું હતું ( ૧૭૮૬ ).[૩૨] શેઠ દાદાભાઈ જમશેદજી( મૃ. ૧૭૯૨ )ના દીકરાઓએ મુંબઈમાં ' બહેરામજી દાદાભાઈની કંપની ' નામે દુકાન રાખી મોટા પાયા પર રોજગાર ચલાવેલો.[૩૩] ૧૭૯૪ માં શેઠ હોરમજજી બહમનજી વાડિયાએ પરેલમાં ' સીટાડી બાગ ' બંધાવ્યો, જેને ' લવજી કૅસલ ' પણ કહે છે.[૩૪] ચીન સાથે વેપાર કરનાર પહેલા પારસી મુંબઈના હીરજી જીવણજી રેડીમની ૧૭૯૪ માં મૃત્યુ પામ્યા.[૩૫] ૧૭૯૭ માં મુંબઈમાં જરથોસ્તી બાળકોને ઝંદ-અવસ્તા શીખવવાની નિશાળ શેઠ દાદીભાઈ નોશરવાનજીએ સ્થાપી તેમજ ઈરાનથી આવતા જરથોસ્તીઓના ઉતારા માટે ખાસ જગા રાખી.[૩૬] એમણે વાલકેશ્વરના પોતાના રહેઠાણમાં દોખમું બંધાવ્યું (૧૭૯૮).[૩૭] તેઓ મુંબઈના એક માતબર વેપારી વહાણવટી અને જાગીરદાર હતા. ઇંગ્લૅન્ડથી આવતાં વેપારી વહાણોની આડત તથા ચીન સાથે મોટો વેપાર ચલાવતા હતા. તેઓ ૧૭૯૯ માં મૃત્યુ પામ્યા.[૩૮] નવસારીના માણેકજી નવરોજજી( મૃ. ૧૮૦૧ )એ મુંબઈમાં વસી તમાકુનો ઇજારો રાખેલો. તેઓ ચીન સાથે વેપાર કરતા. તેમણે પોતાના તથા પોતાના છ ભાઈઓનાં કુટુંબોના વસવાટ માટે કોટમાં ચાલી બંધાવી હતી, તે ' માકા તબાકની પોળ ' તરીકે ઓળખાતી.[૩૯]

૧૮૦૩ માં કોટના બજારમાં મોટી ભયંકર આગ લાગી તેથી લગભગ પોણું બજાર અને એક હજાર જેટલાં રહેઠાણ બળી ગયાં. શેઠ નવરોજજી સોરાબજીએ પોતાની કોટમાંની હવેલી સરકારી અમલદારોને રહેવા આપી.[૪૦] આ આગ શાપના લેબાસમાં વરદાન સમી નીવડી ને મુંબઈમાં પુનર્વસવાટનું

વ્યવસ્થિત આયોજન થઈ શક્યું. પારસીઓનાં ઘણાં કુટુંબ ચંદનવાડી જઈ વસ્યાં. મુંબઈને સાલસેટ સાથે જોડતો ઊંચો રસ્તો પણ આ અરસામાં પૂરો થયો.

સુરતથી અહીં આવી વસેલા બહેરામજી જીજીભાઈ છાપગરે (મૃ. ૧૮૦૪) 'બોમ્બે કરીઅર'ના માલિકને પહેલવહેલાં ગુજરાતી અક્ષરોનાં બીબાં કરી આપ્યાં હતાં.[૪૧] દોરાબજી રુસ્તમજી પટેલ(મૃ. ૧૮૦૪) બંગાળા ચીન તથા બર્મા સાથે વેપાર કરતા ને સરકારોને બોટ પૂરી પાડવાનો કોન્ટ્રાક્ટ સંભાળતા. તેઓ સુરત ભરૂચ જંબુસર વગેરે સ્થળોએથી રૂ મંગાવી મુંબઈના બારામાં પહોંચતું કરતા ને મઝગાંવની 'ગનપાઉડર ફૅક્ટરી'ને સઘળી ચીજો પૂરી પાડતા.[૪૨] મુંબઈની ગોદીમાં શેઠ ફરામજી માણેકજી વાડિયા અને શેઠ જમશેદજી બહમનજી વાડિયા 'માસ્ટર-બિલ્ડર' હતા.

મુંબઈના જાહેર સમારંભોમાં તેમજ ફંડફાળા ભરવામાં પારસી શ્રીમંતો અગ્રિમ સ્થાન ધરાવતા. ૧૮૧૨ માં ભરૂચના મોબેદ ફરદુનજી મરઝબાનજીએ મુંબઈમાં પહેલવહેલું ગુજરાતી છાપખાનું શરૂ કર્યું, ૧૮૧૪ માં એમાં પહેલવહેલું ગુજરાતી પંચાંગ નીકળ્યું ને ૧૮૨૨ માં એ છાપખાનામાંથી 'શ્રી મુંબઈના શમાચાર' નામે વર્તમાનપત્ર કાઢ્યું,[૪૩] જે મુંબઈનાં તેમજ ગુજરાતનાં ગુજરાતી વર્તમાનપત્રોમાં સહુથી જૂનું છે. આ છાપખાનામાં જરથોસ્તી ધર્મગ્રંથોના ગુજરાતી અનુવાદ પણ છપાયા.

ગણદેવીથી આવેલા દાદાભાઈ જીજીભાઈ ઊનવાલા (મૃ. ૧૮૧૫) દહાણુનાં જંગલોમાં ઇમારતી લાકડાં મંગાવી એનો મોટો વેપાર ચલાવતા ને ઈસ્ટ ઇન્ડિયા કંપનીને ઇમારતી લાકડાં પૂરાં પાડતા.[૪૪]

મુંબઈમાં રૂના વેપારની ખિલવણી કરનાર પહેલા ગૃહસ્થ પણ પારસી હતા. એ હતા નવસારીના શેઠ જમશેદજી જીજીભાઈ. એમણે નાની વયે મુંબઈ આવી, રાજકીય અશાંતિના દિવસોમાં મુસીબત વેઠી વેપાર માટે ચીનની અનેક વાર સફર કરેલી ને પછી આડતિયાઓ મારફતે ચીન ઇન્ડોનેશિયા હિંદી-ચીન ઇંગ્લૅન્ડ વગેરે દેશો સાથે મોટા પાયા પર વેપાર ખેડેલો ને એ થોડાં વર્ષોમાં અઢળક દોલત કમાયેલા. એમણે મુંબઈમાં સાર્વજનિક ધર્મશાળાઓ કૂવા અને અનેક રસ્તા બંધાવેલા. મુંબઈમાં પાંજરાપોળ તથા ડિસ્ટ્રિક્ટ બિનેવલન્ટ સોસાયટી સ્થાપવામાં એમણે અગ્રિમ ભાગ લીધો હતો. બૅંકો, એલ્ફિન્સ્ટન કૉલેજ, દવાખાનું, ગ્રાન્ટ મેડિકલ કૉલેજ, બોર્ડ ઑફ એજ્યુકેશન, ટ્રાન્સલેશન ફંડ, વીમા કંપનીઓ, નેટિવ સ્કૂલ, બુક ઍન્ડ સ્કૂલ સોસાયટી, બોમ્બે નેટિવ

એજ્યુકેશન સોસાયટી, ઍગ્રિકલ્ચરલ ઍન્ડ હૉર્ટિકલ્ચરલ સોસાયટી, વર્તમાનપત્રો, ચેમ્બર ઑફ કૉમર્સ, વિક્ટોરિયા મ્યુઝિયમ ઍન્ડ ગાર્ડન્સ વગેરે અનેકવિધ સંસ્થાઓ અને પ્રવૃત્તિઓમાં એ સક્રિય પ્રોત્સાહન આપતા. માહીમ અને વાંદરા વચ્ચેની ખાડી પરનો મોટો પૂલ ( ૧૮૪૧ ), સર જમશેદજી જીજીભાઈ હૉસ્પિટલ ( ૧૮૪૫ ) અને સર જમશેદજી જીજીભાઈ સ્કૂલ ઑફ આર્ટ ઍન્ડ ઇન્ડસ્ટ્રી ( ૧૮૫૭ ) એ એમનાં ચિરંજીવ સ્મારક છે. એમણે કરેલી ઉદાર સખાવતોની કદરરૂપે સરકારે એમને 'સર' તથા 'બૅરોનેટ'ના ખિતાબ આપેલા. તેઓ ૧૮૫૯ માં મૃત્યુ પામ્યા ત્યારે મુંબઈની સમસ્ત પ્રજાને મહત્ત્વના મોવડીની ખોટ પડી હતી.[૪૫] મુંબઈના ટાઉન હૉલમાં એમનું બાવલું મુકાયું.

આ દરમ્યાન જામે જમશેદ, મુંબઈ વર્તમાન, મુંબઈ દુરબીન, સમાચાર દર્પણ અને પારસી પંચ જેવાં અનેક વર્તમાનપત્ર નીકળ્યાં હતાં, ગુજરાતી-અંગ્રેજી ડિક્શનેરી છપાઈ હતી ને પારસી નાટક મંડળી સ્થપાઈ હતી. કાગળ બનાવવાનું કારખાનું સ્થાપવામાં પણ ગુજરાતી પારસીઓ મોખરે હતા.[૪૬] માણેકજી નશરવાનજી પીટીટે ( મૃ. ૧૮૫૯ ) કોલાબાનો દરિયો પૂરી ત્યાં ઊભી કરેલી નવી જમીન પર અનેક મકાન તથા કારખાનાં કાઢેલાં.

મુંબઈના આરંભિક વિકાસમાં ગુજરાતનાં અનેક હિંદુ કુટુંબોનો પણ ગણનાપાત્ર ફાળો રહેલો છે. દીવના કપોળ જ્ઞાતિના રૂપજી ધનજીના કુટુંબના શેઠ વરજીવનદાસ માધવદાસે માધવબાગનું પ્રસિદ્ધ મંદિર બંધાવ્યું. સર હરકિસનદાસ નરોત્તમદાસે મુંબઈમાં આરોગ્ય-ભવન, કપોળ હૉસ્પિટલ અને કપોળ-નિવાસ જેવી ઇમારતો બંધાવી, ને સર મંગળદાસ નથુભાઈએ મોટી મંગળદાસ માર્કેટ બંધાવી, બૉમ્બે યુનાઈટેડ મિલ સ્થાપી મિલ-ઉદ્યોગનો વિકાસ કર્યો ને હજારો મજૂરોને રોજીનું ક્ષેત્ર પૂરું પાડ્યું તેમજ કેળવણીના ઉત્તેજન માટે સ્કૉલરશિપનો પ્રબંધ કર્યો.[૪૭]

ખંભાતથી મુંબઈ આવેલા ઓશવાળ જ્ઞાતિના શ્રી અમીચંદે ઝવેરાતનો ધંધો કરેલો. એમના પુત્ર મોતીચંદ ઉર્ફે મોતીશા વહાણવટામાં સફળતા મેળવી અફીણના વેપારમાં પુષ્કળ પૈસો કમાયા હતા. એમણે કોટમાં હોળી ચકલામાં અને પાયધુની પર ગોડીજીનાં મંદિર બંધાવ્યાં. વળી ભાયખલા પુલ પાસે વિશાળ જમીન ખરીદી ત્યાં મોટું જૈન મંદિર બંધાવ્યું. જૈન સમાજે એમને 'શેઠ'ની પદવી આપેલી. મુંબઈમાં લૂલાંલંગડા ઢોર માટે ઊભી કરેલી પાંજરાપોળ એ એમનું મહત્ત્વનું સ્મારક છે.[૪૮] શૅર બજારના સિંહ ગણાતા ખંભાતના શેઠ મણિલાલ જુગલદાસની જાહેર સેવાઓની કદર કરી સરકારે

એમને ' જે. પી. ' અને ' કૈસરે હિંદ 'ના ખિતાબ આપેલા. અમદાવાદના શેઠ હઠીસિંહ કેસરીસિંહ અફીણના વેપારમાં એમની સાથે ગાઢ સંબંધ ધરાવતા.[૪૯] એમની મુંબઈમાં શાખાઓ હતી.

કચ્છથી પણ વણિકોનાં કુટુંબ મુંબઈ આવી વસ્યાં. એમાં શિવજી નેણશી, નરસી નાથા, કેશવજી નાયક, વેલજી માલુ, ભીમશી રતનશી, ઘેલાભાઈ પદમશી, ભારમલ પરબત, પૂનશી દેવજી વગેરે દસા ઓશવાળોનાં તથા કેશવજી જાદવજી, ગોકુલદાસ તેજપાળ, જીવરાજ બાલુ, માધવજી ધરમશી વગેરે ભાટિયાઓનાં કુટુંબ મુખ્ય હતાં.[૫૦] વહાણવટામાં તથા ધીરધારમાં કચ્છના સોદાગર નામાંકિત હતા. કચ્છના શેઠશ્રી શિવજી નેણશીએ પુષ્કળ દ્રવ્ય કમાઈ પરજાઉમાં ભવ્ય મંદિર બંધાવ્યું હતું.[૫૧] કચ્છના શેઠ નરશી નાથાએ ખારેક બજારમાં અનંતનાથનું દેરાસર બંધાવ્યું હતું.[૫૨]

શેઠ ઘેલાભાઈ પદમશીએ એક મિલ ઊભી કરી હતી.[૫૩] રૂના વેપારમાં કચ્છીઓ સારી ફાવટ ધરાવતા. ભાટિયા જ્ઞાતિના શેઠ ' કેશુકાકા '( કેશવજી જાદવજી )ના કુટુંબના વલ્લભદાસ શેઠે કોટમાં ભાટિયા હાઈસ્કૂલ ને તારદેવમાં ભાટિયા હૉસ્પિતાલ કાઢી.[૫૪] ગોકુલદાસ માધવજીએ મિલો કાઢી હજારો માણસોને રોજી આપી હતી. એમના પુત્ર મથુરદાસ ગોકુલદાસે પેઢીની આંટ ખૂબ વધારી હતી. તેઓ ' રેસના રાજા ' કહેવાતા.[૫૫] સન ૧૮૫૦ સુધી વિદેશ સાથેનો વેપાર મોટાં વહાણો મારફતે ચાલતો. આગબોટ અને આગગાડીનાં સાધન ત્યારે નહોતાં.

જામનગરના શ્રી મૂળજી જેઠાએ મુંબઈમાં આવી, વેપાર કરી ઘણું કમાઈ, મૂળજી જેઠા માર્કેટ બંધાવી કાપડના વેપારને ઉત્તેજન આપ્યું. શ્રી તારાચંદ મોતીચંદ ચીનાઈ સૌરાષ્ટ્રથી આવી અહીં વસ્યા હતા. ઈ. સ. ૧૮૦૦ ના અરસામાં ખંભાતના ભાઈમિયાં વેપાર માટે મુંબઈ ગયા. એમના પૌત્ર બદરુદ્દીન તૈયબજી નામાંકિત છે. ૧૮૪૫ માં બૉમ્બે સ્ટીમ નેવિગેશન કંપની સ્થપાઈ, તેના ઘણા ડિરેક્ટર ગુજરાતી હતા. સુરતના ભીમજી જીવણજીએ ૧૮૪૬ માં મુંબઈ જઈ હાડવૈદનાં દવાખાનાં શરૂ કર્યાં. ૧૮૫૧ માં શેઠ કાવસજી નાનાભાઈ દાવરે મુંબઈમાં કાપડની પહેલી મિલ કાઢી. સુરતના શેઠ પ્રેમચંદ રાયચંદે શેરબજારમાં ભારે કમાણી કરી ૧૮૫૮ માં બૉમ્બે રેક્લેમેશન કંપની સ્થાપી અને આગળ જતાં કોલાબા–મુંબઈ વચ્ચેની ખાડી પૂરી. મુંબઈમાં કૉમર્શિયલ મર્કન્ટાઈલ અને એશિયાટિક બૅન્કો ઊભી કરી, અને મુંબઈ યુનિવર્સિટી માટે

બે લાખ રૂપિયાની ઉદાર સખાવત કરી એના ગ્રંથાલયનું મકાન તથા પોતાનાં માતુશ્રીના નામે રાજાબાઈ ટાવર (૧૮૭૮) બંધાવ્યું.[૫૬] કોલાબા–મુંબઈની ખાડી પુરાતાં હવે કોલાબાથી ચર્ચગેટ સુધીની રેલવે કરી શકાઈ (૧૮૭૩). મુંબઈમાં ગૅસના દીવા અને યંત્ર વડે કૂવામાંથી પાણી કાઢવાની પહેલ એક પારસી ગૃહસ્થે મઝગાંવમાં કરેલી.

૧૮૬૦ માં બૉમ્બે યુનાઇટેડ મિલ અને રૉયલ મિલ કાઢનાર પણ ગુજરાતી હતા.[૫૭] ૧૮૬૪ માં મહારાણી વિક્ટોરિયાનું સફેદ સંગેમરમરનું બાવલું વડોદરાના મહારાજા ખંડેરાવ ગાયકવાડે ૧૮૬૪ માં તૈયાર કરાવી આપેલું.[૫૮] ખુરશેદજી ફરદુનજી પારેખે ઇંગ્લૅન્ડમાં ફુવારો તૈયાર કરાવી ૧૮૬૨ માં ચર્ચગેટ પર શરૂ કરાવ્યો, જે 'ફ્લોરા ફાઉન્ટન' તરીકે જાણીતો છે. મુંબઈમાં શિક્ષણ-સંસ્થાઓની શરૂઆત ગુજરાતીઓએ કરી હતી પહેલવહેલી પ્રાથમિક શાળા શેઠ શ્રી ગોકુલદાસ તેજપાલે માંડવી લત્તામાં શરૂ કરી હતી. ૧૮૭૦ માં એમણે મુંબઈમાં ધોબી તળાવ પાસે હૉસ્પિતાલ બંધાવી. કોલાબામાં ચાલતા રૂના મોટા વેપારની શરૂઆત કચ્છી પ્રજાએ કરેલી. રૂના નામાંકિત વેપારી શેઠ શ્રી કેશવજી નાયકે મોટી રકમ ખરચી ફુવારો બંધાવી મ્યુનિસિપાલિટીને સુપરત કરેલો.[૫૯]

રૉયલ એશિયાટિક સોસાયટીની બૉમ્બે બ્રાન્ચને શેઠશ્રી કાવસજી જહાંગીરે તથા પ્રેમચંદ રાયચંદે ઘણી આર્થિક મદદ કરેલી. એ સંસ્થાની સંશોધન-પ્રવૃત્તિઓમાં જૂનાગઢના ભગવાનલાલ ઇંદ્રજીનો ફાળો ગણનાપાત્ર છે. શેઠશ્રી મયાભાઈ હેમાભાઈ અમદાવાદના ઓસવાળ જ્ઞાતિના નગરશેઠ હેમાભાઈ વખતચંદના પુત્ર હતા. એમણે ગિરગામ બૅક રોડ પર 'ચાઈના બાગ' બંધાવ્યો હતો. સર કાવસજી જહાંગીરે મુંબઈમાં મિલો કાઢી અને 'કાવસજી જહાંગીર હૉલ' બંધાવ્યો.[૬૦]

૧૯ મી સદીના આખર ભાગમાં આગબોટ આગગાડી વગેરે ઝડપી વ્યવહાર-સાધનો થવાથી મુંબઈના વેપાર-રોજગારમાં અભિવૃદ્ધિ થઈ. મુંબઈમાં માંડવી લત્તો વેપારનું મોટું મથક હતો. કચ્છી વેપારીઓનો મુખ્ય વસવાટ એ લત્તામાં હતો. વાણિયા ભાટિયા લુહાણા ખોજા મેમણ વોરા વગેરે વેપારી કોમો પણ એ લત્તો પસંદ કરતી. રૂનો રોજગાર એ સમયે દસા ઓશવાળોના હાથમાં હતો. કરિયાણા વગેરેની દુકાનદારી વીસા ઓશવાળ કરતા. તેલીબિયાંના ધંધામાં લુહાણા મોખરે હતા. ખોજાઓ આફ્રિકા વગેરે સાથે આયાતનિકાસ કરતા. મેમણો તથા વોરાઓ ગ્લાસવેર કટલરી ફર્નિચર વગેરેનો રોજગાર કરતા.[૬૧]

ગુજરાત–સૌરાષ્ટ્રના વેપારીઓની પસંદગી કાલબાદેવી–પાયધુની આસપાસના મહોલ્લાઓ પર ઊતરી હતી. એમાં કાપડ અને સૂતર ઉપરાંત ઝવેરાત શરાફી વઢિયાની વાસણો વગેરેને લગતા ધંધા પણ કરતા. ઓશવાળ જ્ઞાતિના શેઠ વસનજી ત્રીકમજીએ ઇન્સ્ટિટયૂટ ઑફ સાયન્સ લાઇબ્રેરીને રૂપિયા સવા બે લાખની રકમ આપેલી ને એની કદર કરી સરકારે એમને 'સર'નો ઇલકાબ આપ્યો હતો. કચ્છના શ્રી વેલજીભાઈ લખમશી વર્ષો સુધી ગ્રેન મર્ચન્ટ એસોશિયનનું પ્રમુખ–પદ સંભાળતા. સરકારે એમને જે. પી.નો ખિતાબ આપ્યો હતો. લુહાણા જ્ઞાતિના ચંદા રામજીના ટ્રસ્ટ ફંડમાંથી છોકરીઓની હાઇસ્કૂલ ચાલતી હતી ને કરમજી દામજીના પુત્રોએ બાબુલનાથ પાસે સેનેટોરિયમ બાંધ્યું છે. પોરબંદરના ભાટિયા જ્ઞાતિના શ્રી મોરારજી ગોકુલદાસ મુંબઈમાં વસીને મોટા શાહ સોદાગર અને મિલઉદ્યોગના અગ્રણી થયા ને સી. આઈ. ઈ.નો ઇલકાબ પામ્યા. એમણે સોલાપુર મિલ અને મોરારજી ગોકુલદાસ મિલ કાઢી. મહાબળેશ્વરને ખીલવવામાં એમનો મોટો ફાળો હતો.[૬૨] શેઠશ્રી ઠાકરશી મૂળજી પણ સૌરાષ્ટ્રથી આવેલા. ખોજા કોમના આહમદ હબીબે પાવા ગલીમાં પોતાના મરહૂમ ભાઈ ખાનમહમદના નામે સ્કૂલ ખોલી. મેમણ કોમના સાગુ સીદીકે ખાંડનો વેપાર વિકસાવ્યો ને કર્નાક પુલ પાસે હજવાળાઓ માટે મોટું મુસાફરખાનું બંધાવ્યું, અને હાજી કાસમે કચ્છ–સૌરાષ્ટ્રના મુસાફરો માટે આગબોટની સર્વિસ ચલાવી. એવી રીતે વોરા જ્ઞાતિના આદમજી પીરભાઈએ ચર્નીરોડ સ્ટેશન સામે વોરાઓ માટે મોટું મુસાફરખાનું બંધાવ્યું.[૬૩]

૨૦ મી સદી દરમ્યાન પણ ગુજરાતીઓએ મુંબઈના ઉત્તરોત્તર વિકાસમાં મહત્ત્વનો ફાળો આપેલો છે ને ૧૯૬૦માં બૃહદ્ મુંબઈ રાજ્યનું દ્વિભાગીકરણ થતાં મુંબઈ મહારાષ્ટ્ર રાજ્યના વહીવટ નીચે મુકાયું તે પછી પણ ત્યાંના વેપાર–ઉદ્યોગમાં તથા ધંધારોજગારમાં હજારો ગુજરાતીઓ સક્રિય ભાગ લેતા રહ્યા છે ને ત્યાં લાખો ગુજરાતીઓ વસે છે. એ ગુજરાતી કુટુંબોના સામાજિક જીવનની નિરાળી લાક્ષણિકતા છે. ગુજરાતની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં મુંબઈના ગુજરાતીઓનું પ્રદાન એક આવશ્યક અંગ સમાન ગણાય છે.

## પાદટીપ

૧. S. M. Edwardes, *The Rise of Bombay—a Retrospect*, pp. 89 ff.

૨. પ્રાચીન કાલમાં વળી મુંબઈના ટાપુની જગ્યાએ ત્રણ અલગ ટાપુ હતા : મુંબઈનો ટાપુ ઉત્તરે પાયધુની સુધી જ હતો, એની ઉત્તરે મઝગાંવથી ઘોડુપદેવ સુધીનો અલગ

ટાપુ હતો ને એ ટાપુની ઉત્તરે પરેલ શેવડી વડાલા શિવ વગેરે વિસ્તારનો અલગ ટાપુ હતો. સમય જતાં વચ્ચેની ખાડીઓ પુરાઈ જતાં આ ત્રણ ટાપુઓ જોડાઈ જઈ એક બની ગયા. એવી રીતે નીચલા કોલાબાનો નાનો ટાપુ પહેલાં અલગ હતો તે સમય જતાં ઉપલા કોલાબાના મોટા ટાપુ સાથે જોડાઈ ગયો. ટૉલેમીની 'ભૂગોળ' (૨ જી સદી)માં આથી આ ટાપુઓને 'હપ્ત-નેસિયા' (સપ્ત-દ્વીપ) કહ્યા છે.

સાલસેટ(છાસઠ)નો ટાપુ માહીમની ખાડીની ઉત્તરે આવેલો અલગ મોટો ટાપુ હતો, જે ઉત્તરે વસઈની ખાડી સુધી વિસ્તૃત હતો.

ભૌગોલિક રીતે આ બધા ટાપુઓનો સમાવેશ ઉત્તર કોંકણમાં થાય છે, જેને અગાઉ 'અપરાંત' કહેતા હતા. આ પ્રદેશમાં પ્રાચીન કાલમાં ક્રમશઃ મગધના મૌર્યો, સાતવાહનો આભીરો અને ત્રૈકૂટકોનું શાસન પ્રવર્તેલું. બોરીવલી પાસેના કન્હેરી(કૃષ્ણગિરિ)માં બીજી સદીમાં હીનયાનની અને પાંચમી સદીમાં મહાયાનની બૌદ્ધ ગુફાઓ કંડારાઈ હતી. છઠ્ઠી સદીમાં ત્યાં મૌર્ય કુલનો એક સ્થાનિક વંશ સત્તારૂઢ થયો હતો. એની રાજધાની પુરી હતી, તે ધારાપુરી (અગ્રહાર-પુરી અથવા એલીફન્ટા) છે. ત્યાંની શૈવ ગુફાઓ આઠમી સદીના મધ્યની છે. પછી ત્યાં પૂર્વકાલીન ચાલુક્યોનું શાસન પ્રસર્યું. ત્યાર બાદ શિલાહાર વંશની સત્તા પ્રવર્તી (લગભગ ઈ. સ. ૮૦૦-૧૨૬૦). એની રાજધાની હતી થાણામાં તથા પુરીમાં. ૧૩ મી સદીના મધ્યમાં ઉત્તર કોંકણ પર દેવગિરિના યાદવ વંશની સત્તા જામી. એ વંશના રાજા રામદેવના બીજા પુત્ર ભીમદેવે મહિકાવતી(માહીમ)માં પોતાની અલગ શાખા સ્થાપી ત્યારથી એ ટાપુનો વિકાસ વધ્યો. ૧૪ મી સદીમાં થાણા સાલસેટ અને માહીમમાં દિલ્હી સલ્તનતની હકૂમત પ્રવર્તી.

ગુજરાતના સુલતાન અહમદશાહ ૧ લાએ ઈ. સ. ૧૪૩૧ ના અરસામાં થાણા અને માહીમ કબજે કર્યાં. અહમદશાહે માહીમમાં મૂકેલા મલેકે જમીનની વાજબી મોજણી કરાવી ત્યાંની મહેસૂલ-પદ્ધતિમાં ઘણો સુધારો કર્યો. ઈ. સ. ૧૫૨૯ માં ફિરંગીઓના અને ગુજરાતના સુલતાનોના નૌકા-કાફલા વચ્ચે મુંબઈ પાસે મોટી લડાઈ થઈ. ઈ. સ. ૧૫૩૪-૩૫ માં સુલતાન બહાદુરશાહે ફિરંગીઓ સાથે સંધિ કરી ત્યારે એણે વસઈનું થાણું અને એના વહીવટ નીચેના મુંબઈના ટાપુ ફિરંગીઓને સોંપી દીધા. એ વખતે એ ટાપુઓ પરનાં ગામોના માહીમ અને મુંબઈ એવા બે કસબા હતા. ૧૩૦ વર્ષના અમલ દરમ્યાન ફિરંગીઓએ ત્યાં ખ્રિસ્તી ધર્મપ્રસારની પ્રવૃત્તિઓને જ મહત્ત્વ આપ્યું. ત્યાંની જાગીરો ખ્રિસ્તી મિશનરીઓને હસ્તક ગઈ (A. D. Pusalkar and V. G. Dighe, *Bombay*, Chapters II-IV).

આ કાલ દરમ્યાન ગુજરાતનાં પારસી કુટુંબ ત્યાં આવી વસવા લાગ્યાં. એની પહેલ સુરત પાસેના સુંવાળી ગામના દોરાબજી નાનાભાઈએ ઈ. સ. ૧૬૪૦ માં કરેલી. તેઓ ફિરંગી ભાષા જાણતા ને ત્યાં ફિરંગી સરકારના કારભારી તરીકે કામ કરતા (બહમનજી બહેરામજી પટેલ, 'પારસી પ્રકાશ', દફતર ૧, પૃ. ૧૩, ૧૯).

દીવના રૂપજી ધનજીએ પણ ત્યાં સકુટુંબ વસી ફિરંગી સરકારના કૉમિસરિયેટ (મોદી) તરીકે કામગીરી બજાવેલી (વીરજી ગંગાજર માહેશ્વર, 'જૂનું મુંબઈ', પૃ ૫૦).

૩. કોટના બાંધકામ માટે જોઈતા સરંજામ પૂરો પાડવાનો કોન્ટ્રાકટ ઈ.સ. ૧૬૬૫ માં ભરૂચના શેઠ ખરશેદજી પહેલોંચાજી પાંડેએ રાખેલો (બ. બે. પટેલ, 'પારસી પ્રકાશ', દ. ૧, પૃ. ૧૫).

૪. Pusalkar and Dighe, *op.cit.*, pp. 51 ff.

૫. M. S. Commissariat, *History of Gujarat*, Vol, III, p. 361

૬. Pusalkar and Dighe, *op.cit.*, pp. 53 f,

૭. બ. બે. પટેલ, 'પારસી પ્રકાશ', દ. ૧, પૃ. ૧૭

૮. Pusalkar and Dighe, *op.cit.*, p. 54

૯. Edwardes, *op.cit.*, p. 117

૧૦. Commissariat, *op.cit.*, p. 365

૧૧. બ. બે. પટેલ, 'પારસી પ્રકાશ', દ. ૧, પૃ. ૨૦-૨૧

૧૨. વી. ગં. માહેશ્વર, 'જૂનું મુંબઈ', પૃ. ૯

૧૩. બ. બે. પટેલ, 'પારસી પ્રકાશ', દ. ૧, પૃ. ૩૨, ૪૦, ૪૨, ૪૯

૧૪. ઈ. ઇ. દેસાઈ, 'સૂરત : સોનાની મૂરત', પૃ. ૧૦૦–૧૦૧

૧૫. બ. બે. પટેલ, 'પારસી પ્રકાશ', દ. ૧, પૃ. ૨૯

૧૬. એજન, પૃ. ૩૬–૩૭

૧૭. એજન, પૃ. ૪૧

૧૮. એજન, પૃ. ૫૪, ૮૭

૧૯. વી. ગં. માહેશ્વર, 'જૂનું મુંબઈ', પૃ. ૧૧

૨૦. બ. બે. પટેલ, 'પારસી પ્રકાશ', દ. ૧, પૃ. ૭૭

૨૧. 'પારસી પ્રકાશ', દ. ૧, પૃ. ૩૩

૨૨. એજન, પૃ. ૪૯

૨૩, ઈ. ઇ. દેસાઈ, 'સૂરત : સોનાની મૂરત,' પૃ. ૨૩૮

૨૪. 'પારસી પ્રકાશ', દ. ૧, પૃ. ૫૪

૨૫. એજન, પૃ. ૫૭

૨૬–૨૭. એજન, પૃ. ૫૮

૨૮. એજન, પૃ. ૫૮–૫૯

૨૯. એજન, પૃ. ૫૯

૩૦. એજન, પૃ. ૬૨

૩૧. એજન, પૃ. ૬૩

૩૨. એજન, પૃ. ૬૭

૩૩. એજન, પૃ. ૭૫

૩૪–૩૫. એજન, પૃ. ૭૭

૩૬. એજન, પૃ. ૮૨

૩૭. એજન, પૃ. ૮૫

૩૮. એજન, પૃ. ૮૬

૩૯. એજન, પૃ. ૯૦–૯૧

૪૦. એજન, પૃ. ૯૫

૪૧. એજન, પૃ. ૯૭

૪૨. એજન, પૃ. ૯૮–૯૯

૪૩. એજન, પૃ. ૧૨૪

૪૪. એજન, પૃ. ૧૩૦

૪૫. એજન, પૃ. ૭૮૩–૭૮૭; વી. ગં. માહેશ્વર, 'જૂનું મુંબઈ', પૃ. ૧૨–૧૩

૪૬. 'પારસી પ્રકાશ', દ. ૧, પૃ. ૬૪૮

૪૭. વી. ગ. માહેશ્વર, 'જૂનું મુંબઈ', પૃ. ૫૦　　૪૮. એજન, પૃ. ૫૨

૪૯. રત્નમણિરાવ ભીમરાવ, 'ગુજરાતનું પાટનગર : અમદાવાદ', પૃ. ૭૪૧–૭૪૩

૫૦. વી. ગં. માહેશ્વર, 'જૂનું મુંબઈ', પૃ. ૫૪

૫૧–૫૨. એજન, પૃ. ૫૫

૫૩. એજન, પૃ. ૫૬　　૫૪–૫૫. એજન, પૃ. ૫૭

૫૬. એજન, પૃ. ૨૩-૨૪; ઈ. ઇ. દેસાઈ, 'સૂરત : સોનાની મૂરત', પૃ. ૨૨૭-૨૨૯

૫૭–૫૮. વી. ગં. માહેશ્વર, 'જૂનું મુંબઈ', પૃ. ૨૫

૫૯. એજન, પૃ. ૩૧　　૬૦. એજન, પૃ. ૫૮

૬૧. એજન, પૃ. ૬૧　　૬૨ એજન, પૃ. ૬૧-૬૨

૬૩. એજન, પૃ. ૬૩

# અનુપૂર્તિ

## સાધન-સામગ્રી : મરાઠી અને અંગ્રેજી દફતરો તથા ગ્રંથો

ગુજરાતમાં મરાઠાઓના પ્રવેશ, એમની સત્તા-સ્થાપના અને એમની રાજસત્તાના વિકાસ તથા એમના રાજવહીવટ અંગે વિવિધ આધારસામગ્રી છે તેમાંની થોડીક વિશે આ ગ્રંથના પ્રાસ્તાવિક પ્રકરણ ૧ માં માહિતી આપવામાં આવી છે. અત્રે એ માહિતી ઉપરાંત વધુ પ્રાપ્ય એવી મરાઠી અંગ્રેજી અને ગુજરાતી સાધનસામગ્રીની સંક્ષિપ્ત ચર્ચા કરવામાં આવી છે.

નામાંકિત મરાઠા ઇતિહાસવિદ્ ગોવિંદ સખારામ સરદેસાઈએ પેશવાનાં દફતરોમાંથી મહત્ત્વના કાગળપત્રો પસંદ કરી Selections from Peshwa Daftar નામે પ્રસિદ્ધ કરેલ ભાગો જે અગાઉ જણાવેલા છે તે ઉપરાંત ભાગ ૨, ૫, ૧૦, ૧૫, ૧૭, ૨૧, ૨૨, ૩૦, ૩૯ અને ૪૨ પણ મરાઠાઓના ગુજરાત સાથેના સંબંધો માટે ઉપયોગી છે. સરદેસાઈ અને અન્ય દ્વારા સંપાદિત **काव्येतिहास संग्रहांत प्रसिद्ध झालेली ऐतिहासिक पत्रें, यादी विगैरे लेख** (પુણે, ૧૯૩૦) અને **ऐतिहासिक पत्रव्यवहार, काव्येतिहासिक-संग्रह व भारतवर्षांत पूर्वी प्रसिद्ध झालेल्या साधनांची पुनरावृत्ति व अवांतर नवीन भात** ( પુણે, ૧૯૩૩ ) પણ નોંધપાત્ર છે.

અગાઉ જણાવેલા વિ. વિ. ખરે સંપાદિત **ऐतिहासिक लेखसंग्रह** ના ૧૪ ભાગોમાં ભાગ ૧૩ ઉપરાંત ભાગ ૧ થી ૭ ઉપયોગી છે. ભાગ ૫ માં વડોદરાના ગોવિંદરાવ-ફત્તેહસિંહરાવ ગાયકવાડ વચ્ચેની લડાઈનો અહેવાલ તથા ગાયકવાડોના ઇતિહાસના અન્ય ઉલ્લેખો સવિશેષ છે.

પુણેના પેશવા દફતરમાં હસ્તલિખિત જે સામગ્રી છે તેમાં ગુજરાત સંબંધી **जकात ताळेबंध, फेरिस्त** નં. ૨૬, રૂમાલ નં. ૭૩-૭૪ માં જકાતનો હિસાબ છે. અન્ય સામગ્રીમાં **इतिहाससंग्रह** માં **ऐतिहासिक टिपणें ३, पेशवा दफ्तर, धारच्या पवारांचा इतिहास** તથા વાય. એન. કેળકર કૃત **ऐतिहासिक पोवाडे** અને **दाभाड्याच्या पोवाडा, चिटणीस बखर** તેમજ **छत्रपति शाहूचरित्र** અને જી. કે. ચાંદોરકરકૃત **बखर** માં **पेशवाईची अखेर** છે. પુણેના વિખ્યાત ભારતીય ઇતિહાસ સંશોધન મંડળના ત્રૈમાસિક અંકોમાં વર્ષ ૩૧ નો **सेनापति दाभाडे दफतर, भाग १ ला** વર્ષ ૧૩ ના અંક ૪

તથા ગ્રંથ ૩ ના અંક ૧ માં પી. એન. પટવર્ધન અને ગંગાધર શાસ્ત્રીનો જીવનવૃત્તાંત મરાઠીમાં ઉપલબ્ધ છે.

વિ. કે. રાજવાડે કૃત **मराठायांच्या इतिहासाची साधनें** ખંડ ૧, ૨, ૩, ૧૨ તથા જી. સી. વાડકૃત **शाहु रोजनीशी, बालाजी बाजीराव रोजनीशी** ભાગ ૧–૨ **थारले माधवराव रोजनीशी** ભાગ–૨ ઉપયોગી છે.

વડોદરા રાજ્ય સરકારે પ્રગટ કરેલી આધારસામગ્રીમાં **गायकवाड फडणीस कचेरी सिलेक्शन नं २६, तहनामे करार, गायकवाडांची हकीकत, बडोदा राज्य ऐतिहासिक वेंचे** ખંડ ૧ થી ૧૦, **दाभाडयांची बखर, दाभाडे सेनापति यांची हकीकत** તથા **सरदार, शिलेदार वगैरे घराण्याच्या नेमणुकीच्या हकीकती, शास्त्री वृफतरांतील वेंचे** નો સમાવેશ થાય છે. વડોદરાની રાજ્ય દફતર કચેરી( રેકૉર્ડ ઑફિસ )માં હસ્તલિખિત સામગ્રીમાં ફેરિસ્ત નં. ૪ માં દફતર નં. ૩૯૫, ૩૯૭, ૪૦૧, ૪૦૨; ફેરિસ્ત નં. ૧૨ માં દફતર નં. ૨૭૯, પુ. ૧–૨૦, દફતર નં. ૨૭૦–૨૮૪ અને **मुलुखगिरी ताळेबंध** નોંધપાત્ર છે.

શિવદાસકૃત **भावनगरचा काव्यात्मक इतिहास** માં ભાવનગર રાજ્યની માહિતી છે.

ગુજરાતમાં મરાઠાઓના આગમન અને ખાસ કરીને ગાયકવાડોએ કરેલી કામગીરી, કાઠિયાવાડનો વહીવટ અને પેશવા–ગાયકવાડના સંબંધોનો અહેવાલ આપતું અને ચર્ચા કરતું વિ. ગો. ખોબરેકર કૃત **गुजरातेंतील मराठी राजवट** (૧૬૬૪–૧૮૨૦) (પુણે ૧૯૬૨) પુસ્તક મૂળભૂત આધારો પરથી લખાયું છે.

ગુજરાતમાં મરાઠા સમયને લગતી અંગ્રેજીમાં સંપાદિત થયેલી, સંકલન પામેલી, પુસ્તકરૂપે લખાયેલી વિવિધ આધારસામગ્રી છે. એ અંગેનો થોડો ઉલ્લેખ અગાઉ કરવામાં આવ્યો છે.

મુંબઈ સરકાર તરફથી પ્રકાશિત થયેલ (૧૮૬૨) Treaties and Engagements (collection) ૧૭૩૯થી ૧૮૦૮ ના સમયને આવરી લે છે. એમાં હિંદના રાજાઓ અને એશિયાનાં રાજ્યો સાથે ઈસ્ટ ઇન્ડિયા કંપની વતી એ સમયની હિંદની બ્રિટિશ સરકારે કરેલા કોલકરારોનો સમાવેશ થાય છે. આવું એક બીજું પુસ્તક ઈસ્ટ ઇન્ડિયા હાઉસ, લંડન તરફથી પ્રકાશિત થયેલ (૧૮૨૪) Treaties and Engagements with Native

Princes and States in India Concluded in 1817–1818 માં ગાયકવાડ કચ્છ માંડવી વગેરે સાથે કરવામાં આવેલા કોલકરારો છે. ખૂબ જ નામાંકિત બનેલા સી. યુ. એચીસન સંપાદિત Treaties, Engagements and Sunnunds ના ગ્રંથ ૬ (૧૯૩૦) માં પશ્ચિમ ભારતનાં રાજ્યો અને વડોદરા રાજ્ય સાથે થયેલા કોલકરારોનો, ભાગ ૭ (૧૯૨૯)માં પેશવા મહીકાંઠા અને રેવાકાંઠા એજન્સી અંગેના કરાર–દસ્તાવેજોનો તથા ભાગ ૮ (૧૯૨૯) માં વડોદરા સાથેના (૧૭૭૩–૧૮૦૦) તથા ખેડા સુરત ડાંગ સંબંધીના કોલકરારોનો સમાવેશ થાય છે.

પેશવા ગાયકવાડ ભરૂચ ઝાલાવાડ વગેરે સાથે થયેલા કોલકરારોનો Treaties and Engagements between the Hon'ble East India Company and the Native Powers in Asia, Vol. 1 (૧૮૪૫) માં સમાવેશ થયો છે. ગુજરાતમાં મુસ્લિમો અને મરાઠાઓના સંબંધોનો ઇતિહાસ Sir H. M. Elliot અને J. Dowson કૃત The History of India as Told by its own Historiansના ગ્રંથ-૭ (૧૮૭૭) માં જોવા મળે છે. મુંબઈ સરકારની રેકોર્ડ ઑફિસ તરફથી પ્રકાશિત અને જી. ડબલ્યુ. ફોરેસ્ટે સંપાદિત કરેલા Selections from the Letters, Despatches and other State Papers, Vol. 1 (1885)માં ગુજરાતમાં રાઘોબા (રઘુનાથરાવ)ની પ્રવૃત્તિઓ, અમદાવાદ, વડોદરા, ખંભાત, સુરત અંગેના મહત્ત્વના દસ્તાવેજો જોવા મળે છે. એ સમયની મુંબઈ પ્રાંત સરકાર તરફથી પ્રગટ થયેલાં જે. એમ. કેમ્પબેલ દ્વારા સંપાદિત થયેલાં Gazetteers of the Bombay Presidency ના ગ્રંથ ૧ થી ૮–Vol. 1, Parts I, History of Gujarat (1896), Vol. II, : Surat and Broach Districts (1877), Vol. III, Kaira and Panchmahal Districts (1879), Vol. IV : Ahmedabad Districts (1879), Vol. V : Cutch, Palanpnr and Mhikantha Distict (1889) Vol. VI Rewa Kantha, Natuot Cambay and Surat States ( 1880 ), Vol. VII : Baroda State ( 1883 ) અને Vol. VIII : Kathiawad ( 1884 ) મરાઠા સમયના ઇતિહાસ માટે ઘણા મહત્ત્વના કહી શકાય તેવા ગ્રંથ છે. વડોદરાના ગાયકવાડ રાજ્ય સંબંધે જી. એસ. દેસાઈ અને એ. બી. ક્લાર્ક સંપાદિત Gazetteer of the Baroda State, Vols. I–II (૧૯૨૩) મહત્ત્વનાં છે.

વડોદરાના ગાયકવાડ શાસકો, પેશવા તથા ઇસ્ટ ઇન્ડિયા કંપની સાથેના એમના સંબંધો, ગાયકવાડોનો વહીવટ, ધાર્મિક નીતિ, ખંડિયા રાજ્યો, ગંગાધર શાસ્ત્રી પ્રકરણ ઇત્યાદિ બાબતો માટે સને ૧૯૩૪થી ૧૯૩૯ ના સમયમાં પ્રગટ થયેલાં Historical Selections from the Baroda State Records, Vols. I–II ( 1724 to 1820 ) ખૂબ મહત્ત્વનાં છે.

English Records of Maratha History, જે Poona Residency Correspondence નામથી જી. એસ. સરદેસાઈ અને જદુનાથ સરકારે સંપાદિત કરેલાં છે, તેના ગ્રંથ ૨( ૧૯૩૬ )માં ગોવિંદરાવ ગાયકવાડ અને મુંબઈ સરકાર વચ્ચેના સંબંધો, ગ્રંથ ૬ (૧૯૩૯) અને ગ્રંથ ૭ (૧૯૪૦) માં ગાયકવાડ-મુંબઈ સરકાર વચ્ચેના સંબંધો, ગ્રંથ ૧૦(રઘુવીરસિંહ સંપાદિત, ૧૯૫૧ )માં વસઈનો કરાર અને દખ્ખણમાં અંગ્રેજ–મરાઠા વિગ્રહ સંબંધી આલેખન છે તેમાં બુંદેલખંડની બદલી સામે ગુજરાતના પ્રદેશો વધુ ફાયદાકારક હોવાની રજૂઆત તથા ગ્રંથ ૧૨ ના ભાગ ૧(૧૮૧૧–૧૮૧૫)માં પુણેમાં એલ્ફિન્સ્ટનની એલચી કચેરી, પુણેમાં ગંગાધર શાસ્ત્રીની પ્રવૃત્તિઓ અને પેશવા ગાયકવાડ વચ્ચેના સંબંધો આલેખવામાં આવ્યા છે. મુંબઈ રાજ્ય રેકોર્ડ ઑફિસ તરફથી વી. જી. ડીઘે સંપાદિત (૧૯૫૪) Descriptive Catalogue at the Secret and Political Department Series, Diary (1755–1820) માં નીચેના ક્રમાંકવાળાં દફતરો કે ફાઈલો ગુજરાત સંબંધમાં ઉપયોગી છે. ક્રમાંક ૧૪, ૧૬, ૧૮, ૧૯એ, ૨૧, ૨૨, ૨૩, ૬૬એ, ૭૭, ૯૫, ૧૧૭, ૧૨૩, ૧૨૫, ૧૨૬, ૧૨૯, ૧૩૦એ, ૧૩૫, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૮, ૧૫૮, ૧૬૨, ૧૭૯, ૨૦૫, ૨૦૬, ૨૦૯, ૨૧૧, ૨૫૭, ૨૭૮ અને ૩૯૬.

વડોદરાના ગાયકવાડ રાજ્ય સંબંધમાં Selections from the Record of the Bombay Government Part Iમાં માહિતી મળે છે. જી. સી. વાડ અને ડી. બી. પરસનીસ દ્વારા તૈયાર થયેલા Selections from the Satara Raja's and Peshwa's Diaries No. 1 : Shahu Chhatrapati અને No. 3 : Balaji Baji Rao Peshwa, Vol. 1 ( 1907 ) માં ગુજરાતની અને ખાસ કરીને ગાયકવાડ પ્રદેશની રાજકીય, વહીવટી અને લશ્કરી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સર રિચર્ડ ટેમ્પલકૃત Oriental Experience (૧૮૮૩) જેમાં ગુજ-

રાતમાંની ગાયકવાડો અને મરાઠાઓની પ્રવૃત્તિઓ વિશે તથા મરાઠી સત્તાના ઉગમ અને આરંભિક વિકાસ અંગેના લેખો છે તે ટી. ઈ. કોલબ્રુક કૃત Life of the Mount Stuart Elphinstone, Vol. 1( 1884 ), જેમાં વસઈના કરારની અને ગંગાધર શાસ્ત્રીના પ્રતિનિધિમંડળ વિશેની માહિતી પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત ૧૮૧૮ પછી મરાઠાઓના ઇતિહાસને આવરી લેતાં અનેક પુસ્તક લખાયાં છે તે પણ આમાં ઉપયોગી થાય એમ છે, જેની વિગત પ્રકરણ ૧ ની પાદટીપમાં તથા સંદર્ભસૂચિમાં આપી છે.

# સંદર્ભસૂચિ

## ૧. સામાન્ય

### (૧) મૂળ સંદર્ભો

### (અ) સંસ્કૃત ગ્રંથો


| | |
|---|---|
| जिनलाभसूरि | आत्मप्रबोध ( ગુજ. અનુ. – झ. भा. शाह ), भावनगर, १९१२ |
| भरतमुनि | नाट्यशास्त्र, Vol. II (ed. M. Ramakrishna Kavi), Baroda, 1934 |
| मेदिनीकार | मेदिनीकोश ( संपा. पं. जगन्नाथ शास्त्री होशिङ्ग ), वाराणसी, १९६८ |
| वराहमिहिर | बृहत्संहिता, भा. १, काशी, १८९५; भा. २, काशी, १९५४ |
| शारदातनय | भावप्रकाशन ( ed. Yadugiri Yatiraja Swami & K. S. Ramaswami ), Baroda, 1930 |
| शास्त्री, शिवनारायण | तर्कसंग्रहतारोदय, दिल्ही, १९७४ |
| सहजानन्द स्वामी | शिक्षापत्री, वडोदरा, १९७२ |
| सारंगदेव | संगीतरत्नाकर, ( ed. Pandit S, Subrahmanya Sastri ), Vol. IV, Madras, 1953 |
| हेमचन्द्राचार्य | देशीनाममाला (ed. R. Pischel & G. Bühler) Bombay, 1880 |


### (આ) અરબી-ફારસી ગ્રંથો


| | |
|---|---|
| अली, मुहम्मदखान | मिर्‌आते अहमदी, भा. १, २; बडौदा; १९२७, १९३० |
| | – ગુજ. અનુ. : મીરાતે એહમદી ( અનુ. ચીસ્તી નિઝામુદ્દીન ફારુકી ), ભા. ૧-૨, અમદાવાદ, ૧૯૧૩, ૧૯૨૩ |
| | —ગુજ. અનુ. : મિરાતે અહમદી, વૉ. ૨, ખં. |

૧–૪, (અનુ. કૃ. મો. ઝવેરી), અમદાવાદ, ૧૯૩૩–૩૬
—Eng. trans., Vols. 1–2, by M. F. Lokhandwala, Baroda, 1970, 1974

दीवान, रणछोडजी — तारीख–इ–सोरठ व हालार
—ગુજ. અનુ. : શંભુપ્રસાદ હ. દેશાઈ, જૂનાગઢ, ૧૯૭૮

## (ઇ) સમકાલીન ગુજરાતી ગ્રંથો

નાયક, અસાઈત — હંસાઉલિ (સંપા. કે. કા. શાસ્ત્રી), અમદાવાદ ૧૯૪૫

સહજાનંદ સ્વામી — વચનામૃતો, વડોદરા, ૧૯૭૪

## (ઈ) અભિલેખો : સામયિકો, સંગ્રહો અને સૂચિઓ

— Annual Report on Indian Epigraphy, 1954–55, 1956–57, 1959–60, 1961–62, 1964–65, 1967–68, 1973–74 to 1976–77

Burgess and Cousens — Revised List of Antiquarian Remains in the Bombay Presidency, Bombay, 1862

Diskalkar, D. B. (Ed.) — Inscriptions of Kathiawad (New Indian Antiquary, Vols. I–III), Poona, 1938-41

— Epigraphia Indica : Arabic and Persian Supplement, New Delhi, 1957

— Epigraphia Indo-Moslemica, 1935–36, 1939–40, 1973–74, 1975–76

Sastri, Hiranand — Annual Report of Archaeological Dept., Baroda State, Baroda, 1938

Yazdani, G. and Gyani, R. G. (Eds.) — Important Inscriptions from the Baroda State, Vol. II : Muslim Inscriptions, Baroda, 1944

जिनविजय मुनि, (सं.) — प्राचीनजैनलेखसंग्रह, भाग २, भावनगर, १९२१

આચાર્ય, ગિ. વ. — ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૧ મુંબઈ, ૧૯૩૩

બુદ્ધિસાગરસૂરિ (સં.) — જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ, ભા. ૧, મુંબઈ, વિ. સં. ૧૯૭૩

વિશાલવિજયજી, મુનિ — રાધનપુરપ્રતિમા લેખસંદોહ, ભાવનગર, ૧૯૬૦


### (૬) સિક્કા : સામયિકો, સંગ્રહો અને સૂચિઓ


Allan, John — Catalogue of the Coins in the Indian Museum, Calcutta, Vol. IV, New Delhi, 1976

— Journal of Numismatic Society of India, Vol. XXVII, Varanasi. 1960

— Journal of the Bombay Branch of the Royal Asiatic Society, Vol. XVII, Bombay, 1941


## (૨) અર્વાચીન ગ્રંથો

### (અંગ્રેજી)


Aitchison, C. V. — A Collection of Treaties, Engagements and Sunnuds, Vol. IV, Calcutta, 1864
Vol. VI, Calcutta, 1864
Vol. IX, Calcutta, 1929

Bell, H. W. — The History of Kathiawad, London, 1916

Burgess, James — Report on the Antiquities of Kathiawad and Kachh, London, 1876

Bhandarkar, R. G. — Report on the Search for Sanskrit Mss in the Bombay Presidency, 1887-91, Bombay, 1897

Campbell, James (Ed.) — Bombay Gazetteer, Vol. II, Surat and Broach Districts, Bombay, 1877
Vol. III : Kaira and Panchamahals, Bombay, 1879,

Commissariat, M. S. — History of Gujarat, Vol. II, Bombay, 1957
Vol. III, Ahmedabad,1980

| | |
|---|---|
| Datta, Kalikinkar | Advanced History of India, Part II, New york. 1965 |
| Desai, G. H. and Clarke, A. B. | Gazetteer of the Baroda State, Vol. 1, Bombay, 1923 |
| Duff, James Grant | History of the Maharattas, Vol, II, New Delhi, 1971 |
| Forbes, A. K. | Rasmala, Vol. II, New Delhi, 1973 |
| Forrest, G. W. | Selections from Letters Despatches in the Bombay Secretariat : Maratha Series, Vol. I, Bombay, 1885 |
| Gupta, P. L. | Coins, New Delhi, 1969 |
| Indraji, Bhagvanlal and Jackson, A. M. T. | Gazetteer of the Bombay Presidency, Vol. 1, Part 1 : History of Gujarat, Bombay, 1896 |
| Joshi, P. M. (ed.) | Selections from the Peshwa Daftar, New Series, Vol. V, Bombay, 1962 |
| Joshi, V. G. ( Compiled by ) | Historical Selections from Baroda Records, New Series, Vol. 1, Baroda, 1955 |
| Khandalwala, K. | Indian Sculpture and Paintings, Bombay, 1939 |
| Kincaid, C. A. and Parasnis, D. B. | A History of the Maratha People, Vol. 1, Bombay, 1918<br>Vol. II, Bombay, 1922<br>Vol. III, Bombay, 1925 |
| — | Maharashtra State Gazetteer; History, Part III, Bombay, 1967 |
| Majumdar, R. C. (Ed.) | The Age of Imperial Unity, Bombay, 1953<br>—Maratha Supremacy, Bombay, 1977 |
| Misra, S. C. | Muslim Communities in Gujarat, Bombay, 1964 |
| Sardesai, G. S. | New History of the Marathas, Vol. 1, Bombay, 1957<br>Vol. II, Bombay, 1958 |

Sen, S. N. — Administrative System of the Marathas, Calcutta, 1928

—Military System of the Marathas, Bombay, 1958

(ગુજરાતી)

કવિ, નર્મદાશંકર લાલશંકર — કાઠિયાવાડ સર્વસંગ્રહ, મુંબઈ, ૧૮૮૬

જયંતવિજયજી, મુનિ — શંખેશ્વર મહાતીર્થ, ભા. ૧, ૨, ઉજ્જૈન, ૧૯૪૨

જાની, અંબાલાલ બુ. — શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ, ભા. ૧, મુંબઈ, ૧૯૨૩

જિનવિજયજી, મુનિ — પ્રાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધન-સામગ્રી, અમદાવાદ, ૧૯૩૩

જોટ, ર. ભી. — ખંભાતનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૩૫

—ગુજરાતનું પાટનગર : અમદાવાદ, અમદાવાદ, ૧૯૨૯

જોશી, ઉમાશંકર — પુરાણોમાં ગુજરાત, અમદાવાદ, ૧૯૪૬

જોશી, મહાદેવ મુકુંદ — પાટણનો ભોમિયો, પાટણ, ૧૯૨૭

દેશાઈ, મોહનલાલ દ. — જૈન ઐતિહાસિક રાસમાળા, ભા. ૧, મુંબઈ, સં. ૧૯૬૯

—જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૩

દેશાઈ, શંભુપ્રસાદ હ. — જૂનાગઢ અને ગિરનાર, જૂનાગઢ, ૧૯૭૫

સૌરાષ્ટ્રનો ઇતિહાસ, જૂનાગઢ, ૧૯૬૮

દેસાઈ, ઈ. ઇ. — સૂરત : સોનાની મૂરત, સુરત, ૧૯૫૮

દેસાઈ, ગણપતરામ હિં. — ભરૂચ શહેરનો ઇતિહાસ, ભરૂચ, ૧૯૧૪

દેસાઈ, ગો. હા. — ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ, અમદાવાદ, ૧૯૧૮

| | |
|---|---|
| પટેલ, એદલજી બરજોરજી | સુરતની તવારીખ, સુરત, ૧૮૯૦ |
| પટેલ, બહમનજી બહેરામજી | પારસી પ્રકાશ, ભા. ૧, મુંબઈ, ૧૮૭૮ |
| પરીખ, ર. છો. અને શાસ્ત્રી, હ. ગં. (સંપા.) | ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ ૬, અમદાવાદ, ૧૯૭૯ |
| પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ | અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, ખંડ ૧, અમદાવાદ, ૧૯૩૫ |
| ભટ્ટ, નર્મદાશંકર ત્ર્યંબકરામ | ખંભાતનું સાંસ્કૃતિક દર્શન, ખંભાત, ૧૯૭૬ |
| મશરૂવાળા, કિશોરલાલ ઘ. | સહજાનંદ સ્વામી અથવા સ્વામીનારાયણ સંપ્રદાય, અમદાવાદ, ૧૯૫૬ |
| રાઠોડ, રામસિંહ | કચ્છનું સંસ્કૃતિદર્શન, અમદાવાદ, ૧૯૫૯ |
| વિશાલવિજયજી, મુનિ | શ્રી ભીલડિયા પાર્શ્વનાથજી તીર્થ, ભાવનગર, ૧૯૬૦ |
| | —શ્રી ભોરોલતીર્થ, ભાવનગર, ૧૯૫૪ |
| શાસ્ત્રી, દુર્ગાશંકર કે. | ઐતિહાસિક સંશોધન, મુંબઈ, ૧૯૪૧ |
| શાસ્ત્રી, હરિપ્રસાદ | મૈત્રકકાલીન ગુજરાત, ભા. ૨, અમદાવાદ, ૧૯૫૫ |

(મરાઠી)

| | |
|---|---|
| आप्टे, दा. ना. | श्री महाराजा सयाजीराव गायकवाड (तिसरे), यांचे चरित्र, खंड २, बम्बई, १९३६ |
| खोबरेकर, वि. गो. | गुजरातेतील मराठी राजवट, पुणे, १९६२ |
| — | गायकवाड यांची हकीकत (बडोदें सरकार), बडौदा |
| जोशी, वी. जी. (संग्राहक) | बडोदे राज्य दफ्तरान्तिल ऐतिहासिक वेंचे, खं. १, बडौदा, १९५५ |

## ૨. પ્રકરણવાર

(સામાન્ય સંદર્ભસૂચિમાં જણાવેલા ગ્રંથો સિવાયની)


### પ્રકરણ ૧

Acharya, G. V. — 'History of Coinage in Gujarat.' "*Proceedings of the All-India Oriental Conference*," VIIth Sesson, Baroda, 1935.

Pandya, A. V. — 'Some Newly Discovered Inscriptions from Gujarat,' *Vallabh Vidyanagar Research Bulletin*, Vol, 1, Issue 2, Vallabh vidyanagar, 1958

Shastri, H. G. — 'Inscriptions at Dholka', *Journal of Gujarat Research Society*, Vol. XXV, Bombay, 1963

શાસ્ત્રી, હ. ગં. — 'કચ્છના અભિલેખો', "પથિક", વર્ષ ૬, અંક ૧૦-૧૧, અમદાવાદ, ૧૯૬૭

—'દ્વારકા અને બેટના મહત્ત્વના અભિલેખ', "દ્વારકા સર્વસંગ્રહ", દ્વારકા, ૧૯૭૩

—'વિદ્યાસભા સંગ્રહાલયમાંનાં મરાઠાકાલીન ખતપત્ર', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૨૫, અમદાવાદ, ૧૯૭૮

શેલત, ભારતી — 'ઈડર રાજ્યનાં ત્રણ અપ્રસિદ્ધ તામ્રપત્રો', "સ્વાધ્યાય", પુ. ૧૫, વડોદરા, ૧૯૭૭

સાંડેસરા, ભોગીલાલ (સંપા.) — 'દીપવિજયકૃત વડોદરાની ગઝલ', "સાહિત્ય", પુ. ૨૦, વડોદરા, ૧૯૩૨

—'દેવહર્ષકૃત પાટણની ગઝલ', "ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક", પુ.૧૩, મુંબઈ, ૧૯૪૮

### પ્રકરણ ૨

Desai, G. H. and Clarke, A. B, — Gazetteer of the Baroda State, Vol. I, Bombay, 1923

Sastri, Hiranand — The Ruins of Dabhoi or Darbhavati in Baroda state, Baroda, 1940

## પરિશિષ્ટ

Boman-Behram, B. K. — Rise of Municipal Government in the City of Ahmedabad, Ahmedabad, 1937

Gense, J. H. and Banaji, D. R. — The Gaikwads of Baroda : English Documents, Vol. I, Bombay, 1936

दाते, यशवंत रामकृष्ण — 'श्रीमन्त सयाजीराव महाराज यांचे चरित्र,' "सयाजी गौरव ग्रन्थ", भा. १, बम्बई, १९३३

## પ્રકરણ ૩

Mayne, C. — History of the Dhrangadhra State, Calcutta, 1921

નવાબઝાદા, તાલે-મહંમદખાન — પાલણપુર રાજ્યનો ઇતિહાસ, ભા. ૧, પાલનપુર, ૧૯૧૩

શેઠ, મગનલાલ વખતચંદ — અમદાવાદનો ઇતિહાસ, અમદાવાદ, ૧૮૫૧

## પ્રકરણ ૪

Elliot, F. A. H. — The Rulers of Baroda, Baroda, 1934

Sardesai, G. S. — Historical Papers relating to Mahadji Sindhia, Bombay, 1937

## પ્રકરણ ૫

પરીખ, ર. ગો. — 'સૌરાષ્ટ્રમાં મરાઠી સત્તા', "પથિક", વર્ષ ૧૦, અંક ૯, અમદાવાદ, ૧૯૭૧

મથુરવાલા, ઈશ્વરદાસ, ઇચ્છારામ (અનુ.) — વડોદરાના રાજ્યકર્તા, વડોદરા, ૧૯૦૫

## પ્રકરણ ૬

Patel, G. D. (Ed.) — Gujarat State Gazetteers : Jamnagar District, Ahmedabad, 1970

—Gujarat State Gazetteers : Surendrangar District, Ahmedabad, 1977

Rejyagor, S. B. (Chief ed.) — Gujarat State Gazetteers : Kheda District, Ahmedabad, 1977

Trivedi, R. K. (Chief ed.) — Gujarat State Gazetteers : Bhavnagar District, Ahmedabad, 1969

—Gujarat State Gazetteers, Rajkot District, Ahmedabad, 1965

આચાર્ય, ઇન્દ્રવદન — સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઇતિહાસ (અપ્રસિદ્ધ મહાનિબંધ), રાજકોટ, ૧૯૭૫

ઓઝા, ઈ. ગિ. — 'સુંદરજી સોદાગરની રાજકીય કારકિર્દી', "પથિક", પુ. ૧૭, અંક ૪, અમદાવાદ, ૧૯૭૮

દવે, સુરેશચંદ્ર ક. — 'દ્વારકાપ્રદેશ(ઓખામંડળ)ની પ્રાચીનતા અને ઐતિહાસિકતા', "દ્વારકાસર્વસંગ્રહ", દ્વારકા, ૧૯૭૩

જોશી, જોગીદાસ અં. — ઈડર રાજ્યનો ઇતિહાસ, ભા. ૧, હિંમતનગર, ૧૯૨૪

જોશી, લાલજી ના. — 'કચ્છજ્યે કુરુક્ષેત્ર ઝારો', "પથિક", પુ. ૬, અંક ૧૦–૧૧, અમદાવાદ, ૧૯૬૭

પાઠક, જ. કા. — મકરધ્વજવંશી મહીપમાલા, પોરબંદર, ૧૯૨૨

શાસ્ત્રી, કે. કા. — સૌરાષ્ટ્રની ઐતિહાસિક નગરીઓ–૧ : માંગરોળ–સોરઠ, પોરબંદર, ૧૯૬૭

શાહ, અમૃતલાલ ગો. — ભારત રાજ્યમંડળ, ભા. ૧, વડોદરા, ૧૯૦૨


## પ્રકરણ ૭


Saran, P. — The Provincial Government of the Mughals, Allahabad, 1941

Sarkar, J. N. — Mughal Administration, Calcutta, 1963

દીક્ષિત, ય. ઇ. — 'મોગલ પાદશાહ મુહમ્મદશાહના સમયનું ખત-પત્ર', "વિદ્યા", પુ. ૨૦, અમદાવાદ, ૧૯૭૭

મોદી, રા. ચુ. — મુઘલ રાજ્યવહીવટ, અમદાવાદ, ૧૯૪૨

શો. હિ. 'ફડ અને પેશવાની માહિતી', "બુદ્ધિપ્રકાશ", પુ. ૨૩, અમદાવાદ, ૧૮૭૬

## પરિશિષ્ટ

Biddulph, C. H. 'Silver Coins of Surat Mint with regnal years later than the forty-ninth or last year of Shah Alam II', *Journal of the Numismatic Society of India*, Vol. XXV, Varanasi, 1963

Gupta, P. L. 'The Barodā Coins with the Nāgarī Letter Mā', *Journal of the Numismatic Society of India.* Vol. XXIV, Varanasi, 1962

Gyani, R. G. 'Some Unpublished Coins of the Gaikwars', *Numismatic Supplement*, No. XLIV, Calcutta, 1934

Paruck, Furdoonjee D. J. 'Unpublished Mughal Coins', *Numismatic Supplement*, No. 37, Calcutta, 1923

Ranade, M. G. 'Currencies and Mints under Mahratta Rule', *Journal of the Bombay Branch of the Royal Asiatic Society*, Vol. XX, Bombay, 1900

Taylor, Geo. P. 'On the Baroda Coins of the last Six Gāikwārs', *Numismatic Supplement*, No. XVIII, Calcutta, 1912

—'The Coins of Surat', *The Journal of the Bombay Branch of the Royal Asiatic Society*, Vol. XXII, Bombay, 1905

Thakore, M. K. 'Coins of Shah Alam II of Broach (Bharoaj) Mint', *Journal of the Numismatic Society of India*, Vol. V, Bombay, 1943

Wright, H. N. 'Two double Rupees of Surat Mint', *Numismatic Supplement* Vol. IV, No. 40, Calcutta, 1905

### પ્રકરણ ૮

Forbes, James — Oriental Memoires, Vol. II, London, 1834

ખોરી, એદલજી જમશેદજી — દુકાળ વિશે નિબંધ, અમદાવાદ, ૧૮૮૪

જોટ, ર. ભી. — ખંભાતનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૩૫

પરમાર, જયમલ્લ — 'અંનપૂર્ણા', "ઊર્મિ–નવરચના", પુ. ૪૮, અમદાવાદ, ૧૯૭૭

રાજગોર, શિવપ્રસાદ — ગુજરાતના વહાણવટાનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૭૬

જ્ઞાની, રણછોડલાલ — 'ગુજરાતના ઇતિહાસને લગતા સિક્કાઓ', "શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા", પુષ્પ ૧–૨, મુંબઈ, ૧૯૩૪–૩૫

### પ્રકરણ ૯

शाह, अं. प्रे. — जैन साहित्यका बृहद् इतिहास, भा. ५, वाराणसी, १९६९

सैयद, अब्दुल्ला — 'अदबियाते फारसीमें हिन्दुओंका हिस्सा', ''अंजुमने तरक्कीए उर्दू'', दिल्ली, १९४२

જાની, અંબાલાલ — ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ, ભા–૨, મુંબઈ, ૧૯૨૯

ઝવેરી, કૃષ્ણલાલ મો. — ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો, અમદાવાદ, ૧૯૪૫

—ગુજરાતી સાહિત્યના માર્ગસૂચક સ્તંભો, અમદાવાદ, ૧૯૩૦

દેરાસરી, ડા. પી. — 'જનીબાઈ–એક પ્રાચીન શાક્ત કવયિત્રી', "છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ, અમદાવાદ, ૧૯૨૩

દેસાઈ, મો. દ. — જૈન ગૂર્જર કવિઓ, ભા. ૩, મુંબઈ, ૧૯૪૪

પંડિત, ડાહ્યાભાઈ ઘે. — કવિચરિત્ર, મુંબઈ, ૧૮૬૯

શાસ્ત્રી, કે. કા. — કવિચરિત, ગ્રંથ ૩ (હાથની નકલ)

શાહ, અં. પ્રે. — 'ગુર્જર-દેશ-રાજવંશાવલી', "સ્વાધ્યાય", પુ. ૫, વડોદરા, સં. ૨૦૨૪

શ્રીમસ્ત (સંપા.) — કીર્તનમાલા, સં. ૧૯૯૪

## પ્રકરણ ૧૦

Commissariat, M. S. — Imperial Mughal Farmans in Gujarat, Bombay, 1940

Hull, E. R. — Bombay Mission History, Vols.I and II, Bombay, 1927

Parekh, Manilal C. — Christian Proselytism in India, Rajkot, 1947

Qeyamuddin, Ahmad — The Wahabi Movement in India, Calcutta, 1967

Subramanyam, Ka Naa — The Catholic Community in India, Madras, 1970

ગ્લાસનાપ, હેલ્મુટ — ગુજ. અનુ. 'જૈન ધર્મ', (અનુ. પટેલ, નરસિંહભાઈ ઈ.), ભાવનગર, સં. ૧૯૮૭

ચૌહાન, જયાનંદ આઈ. — ગુજરાતી બાઈબલનો ટૂંક ઇતિહાસ, અમદાવાદ, ૧૯૭૩

જોશી, ઉમાશંકર, રાવળ, અનંતરાય અને શુક્લ, યશવન્ત (સંપા.) — ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ ૨, અમદાવાદ, ૧૯૭૬

ડ્રાઈવર, પેરીન દારાં — 'સત્તરમા શતકમાં પારસી કવિઓએ રચેલી ગુજરાતી કવિતા', અપ્રગટ મહાનિબંધ, અમદાવાદ, ૧૯૭૧

ધ્રુવ, આનંદશંકર બા. — કાવ્યતત્ત્વવિચાર, અમદાવાદ, ૧૯૩૯

મકાટી, પીલાં ભીખાજી — પારસી સાહિત્યનો ઇતિહાસ, નવસારી, ૧૯૪૯

માર્શલ, રતન રૂસ્તમજી — અરદેશર કોટવાલ, સુરત, ૧૯૪૬

માસ્તર, કરીમ મહંમદ — મહાગુજરાતના મુસલમાનો, ભા. ૧-૨, વડોદરા, ૧૯૬૯

રાવળ, અનંતરાય — ગુજરાતી સાહિત્ય : મધ્યકાલીન, ભા. ૧, મુંબઈ, ૧૯૫૪

લાજરસ, તેજપાળ — ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઇતિહાસ, સુરત, ૧૯૨૮

શાસ્ત્રી, દુર્ગાશંકર કે. — વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૯
—શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ, મુંબઈ, ૧૯૩૬

સાંડેસરા, ભોગીલાલ — 'બારોટની વાવનો શિલાલેખ', "પાટણ વિદ્યાર્થીમંડળનું મુખપત્ર", અભ્યાસપત્રિકા, પાટણ, સં. ૧૯૮૮

**પ્રકરણ ૧૧**

Anand, Mulkaraj — 'Homage to Dinker Kelker', *Marg*, Vol. XXXI, No. 3, Bomday, 1978

Burgess, James — The Temples of Shatrunjaya-Palitana in Kathiawad, Bombay, 1976

Dwivedi, V. P. — 'Jain Wood Carvings in the National Museum Collection', *Aspect of Jain Ant and Architect*, Ahmedabad, 1975

Goetz, H. — The Art of the Marathas and its Problems, Baroda, 1946
—'The Post Medieval Sculptures of Gujarat', *Bulletin of the Baroda Museum and Picture Gallery*, Vol. V, Part I-II, Baroda, 1947–48
—'The Role of Gujarat in Indian Art History', *Bulletin of the Baroda Museum aud Picture Gallery*, Vol. III, Pt. I, Baroda, 1947

James, H. E. M. — 'Wood Carving in Gujarat', *Journal of Indian Art and India*, Vol. XVII, no. 136, 1916

Majmudar, M. R. — Cultural History of Gujarat, Bombay, 1965
—Gujarat: Its Art Heritage, Bombay, 1968

Mehta, R. N. — 'A few Ganesh Images from Gujarat', *Bulletin of the Baroda Museum and Picture Gallery*, Vol.V, pts. 1-2, Baroda, 1949

Rajyagor, S. B. — Gujarat State Gazetteer: Mehsana District, Ahmedabad, 1975

Trivedi, R. K. — Wood Carving of Gujarat, Delhi, 1965

— ‘કચ્છ મ્યુઝિયમ પર એક દૃષ્ટિપાત’, *Bulletin of the Baroda Museum and Picture Gallery*, Vol. XXVI, Baroda, 1976-77

ગોકાણી, પુષ્કરભાઈ — ‘દ્વારકા મંડલ’, “દ્વારકાસર્વસંગ્રહ”, દ્વારકા, ૧૯૭૩

ઠાકર, શાંતિલાલ — નડિયાદનો ઇતિહાસ, અમદાવાદ, ૧૯૪૯

દવે, કિરીટ જે. — ‘શિલ્પકૃતિઓ’ : પ્ર. ૧૪, “ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ”, ગ્રંથ ૬, અમદાવાદ, ૧૯૭૯

દવે, સુરેશભાઈ ક. — ઓખામંડળ : ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ, દ્વારકા, ૧૯૭૮

દેશાઈ, શંભુપ્રસાદ હ. — પ્રભાસ અને સોમનાથ, પ્રભાસ પાટણ, ૧૯૬૫

દેસાઈ, ગો. હા. — અમરેલી પ્રાંત સર્વસંગ્રહ, વડોદરા, ૧૯૨૧

—કડી પ્રાંત સર્વસંગ્રહ, વડોદરા, ૧૯૨૧

—વડોદરા પ્રાંત સર્વસંગ્રહ, વડોદરા, ૧૯૨૧

નાણાવટી, જયેન્દ્ર અને ઢાંકી, મધુસૂદન — ‘ગુજરાતનું કાષ્ઠ સ્થાપત્ય’, “કુમાર”, અંક ૪૮૯, અમદાવાદ, ૧૯૬૪

પરીખ, પ્રવીણચંદ્ર ચિ. — ‘અમદાવાદના ભદ્રના કિલ્લામાંનાં મંદિરોની સ્થળતપાસ’, “બુદ્ધિપ્રકાશ”, પુ. ૧૨૬, અમદાવાદ, ૧૯૭૯

— ‘પૂ. મહાત્મા ગાંધીજીનું જન્મસ્થાન અને ગાંધી સ્મારક કીર્તિમંદિર, “પોરબંદર પરિચય”, (પુરાતત્ત્વ ખાતુ) અમદાવાદ, ૧૯૭૩–૭૪

બારડ, માનસંગજી — ‘તંત્રીનોંધ’, “પથિક”, પુ. ૬, અંક ૧૦–૧૧, અમદાવાદ, ૧૯૬૭

મોદી, રા. ચુ. અને શાહ, શાંતિલાલ ગો. — પાટણનો પરિચય, પાટણ, ૧૯૩૩

વાળંદ, નરોત્તમ — બહુચરાજી, વડોદરા, ૧૯૬૮

વોરા, મણિભાઈ — ‘અઢારમી સદીનું સૌરાષ્ટ્ર’, “કુમાર”, અંક ૬૫૭, અમદાવાદ, ૧૯૭૮

શાસ્ત્રી, દુર્ગાશંકર કે. — ગુજરાતનાં તીર્થસ્થાનો, અમદાવાદ, ૧૯૫૦

શાહ, અં. પ્રે. — જૈન તીર્થ સર્વસંગ્રહ, ભા. ૧, ખંડ ૧, અમદાવાદ, ૧૯૫૩

શાહ, ચંદ્રકાંત કુ. અને શાહ, પુ. છ. — ચરોતર સર્વસંગ્રહ, ભા. ૧, નડિયાદ, ૧૯૫૪

— 'સોળ સતી–ભૂજમાં મહારાવ લખપતની છેલ–છતેડી', *Special issue of Bulletin of the Baroda Museum and Picure Gallery*, Vol. XXVI, Baroda, 1976–77

## પ્રકરણ ૧૨

Desai, Sudha — Bhavai, A Medieval Form of Ancient Indian Dramatic Art as Prevalent in Gujarat, Ahmedabad, 1972

દેસાઈ, સુધા — 'ભવાઈ–ગુજરાતનું લોકનાટ્ય', "ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ", ગ્રં. ૨, અમદાવાદ, ૧૯૭૬

દોશી, અમુભાઈ — ભારતીય સંગીતનો વિકાસ, અમદાવાદ, ૧૯૭૫

પરીખ, રસિકલાલ — આકાશભાષિત, અમદાવાદ, ૧૯૭૪

મજમુદાર, મં. ર. — ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો, વડોદરા, ૧૯૫૪

મહીપતરામ રૂપરામ નીલકંઠ — ભવાઈ સંગ્રહ, આવૃત્તિ ૫ મી, અમદાવાદ, ૧૯૧૧

સાંડેસરા, ભોગીલાલ — ઇતિહાસ અને સાહિત્ય, અમદાવાદ, ૧૯૬૬

સ્માર્ત, વાસુદેવ — 'ચિંતામણિ પાર્શ્વનાથ', "કુમાર" પુ. ૫૨, અમદાવાદ, ૧૯૭૫

## પરિશિષ્ટ

Edwards, S. M. — The Rise of Bombay; a Retrospect, Bombay, 1902

Pusalkar, A. D. and Dighe, V. G. — Bombay, Ch. II–IV, Bombay, 1949

માહેશ્વર, વીરજી ગં. — જૂનું મુંબઈ, મુંબઈ, ૧૯૫૬

# વંશાવળીઓ

## ૧. પેશવા વંશ

- ૧. બાલાજી વિશ્વનાથ
  - ૨. બાજીરાવ ૧ લો
    - ૩. બાલાજી બાજીરાવ
      - વિશ્વાસરાવ
      - ૪. માધવરાવ
      - ૫. નારાયણરાવ
        - ૭. માધવરાવ નારાયણ ( સવાઈ માધવરાવ )
    - ૬. રઘુનાથરાવ ( રાઘોબા )
      - અમૃતરાવ ( દત્તક )
      - ૮. બાજીરાવ ૨ જો
      - ચિમણાજી આપ્પા
  - ચિમણાજી આપ્પા

## ૨. ગાયકવાડ વંશ

- ૧. દમાજીરાવ ૧ લો
  - ૨. પિલાજીરાવ ( દત્તક )
    - યશવંતરાવ
    - ૩. દમાજીરાવ ૨ જો
      - ૪, ૮. ગોવિંદરાવ
        - ૯. આનંદરાવ
      - ૫. સયાજીરાવ ૧ લો
      - ૬. ફતેસિંહરાવ
      - ૭. માનાજીરાવ
    - ખંડેરાવ ( કડી )
      - મલ્હારરાવ

# શબ્દસૂચિ


અકબર (૧ લો) ૩૦, ૨૯૭, ૩૦૭, ૩૩૦, ૩૮૮

અકબરશાહ (૨ જો) ૧૫, ૧૬, ૧૭, ૨૬૭, ૨૬૮, ૨૯૭

અખેરાજજી (કાંકરેજ) ૨૩૭

અખેરાજજી (ખડાલ) ૨૩૭, ૨૩૮

અખેરાજજી (ભાદરવા) ૨૪૨

અખેરાણજી ૨૩૬

અખો ૨૯૯, ૩૦૦

અચરત ૧૯

અચ્ચન સૈયદ ૭૧, ૭૨, ૭૫, ૧૫૯

અજમેર ૩૫૫

અજુબા ૧૭૪, ૧૭૬

અજબસિંહજી ૨૩૫

અજયપાલ ૩૮૬

અજરામર ૩૦૪

અજિતસિંહ ૨૩૭

અજુમુદ્દીન કાજી ૩૫૬

અજોજી ૨૪૨

અડાસ ૫૦, ૯૧

અણુરતુ ૩૫૨

અણહિલ પાટણ ૪૯, ૫૯, ૨૯૬

અદેભાણજી ૨૪૨

અદેસિંહજી ૨૪૩

અનગઢ ૨૪૨

અનોપસિંહજી ૨૩૬

અન્નંભટ્ટ ૨૯૫

અપ્ટન, કર્નલ ૯૫

અફઝલખાન ૨૯

અબ્દુલરહીમ ૨૨૮

અબ્દુલ્ સલામ નદવી ૩૦૭

અબ્દુલહક, મૌલવી ૨૩

અબ્દુલહુસેન નૂરુદ્દીન ૩૭૧

અબ્દુલ્લા ૨૨૫

અબ્દુલ્લા સૈયદ ૨૩૧, ૩૦૯, ૩૧૦, ૩૨૫

અભયસિંહ ૪૧-૪૩, ૫૧, ૫૩ ૫૪, ૨૩૫, ૨૪૦

અભેરાજજી ૨૩૮

અભેરામ ૩૨૦

અમદાવાદ ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૬-૧૮, ૨૧-૨૩, ૩૮-૪૦, ૪૨-૪૩, ૪૫-૪૭, ૫૦, ૫૩-૫૫, ૫૭-૫૮, ૬૦, ૬૫-૬૬, ૬૯-૭૦, ૭૨-૮૦, ૮૨-૮૩, ૮૮-૯૦, ૯૩, ૯૮, ૧૦૧, ૧૦૩, ૧૦૬-૧૦૭, ૧૧૦-૧૧૪, ૧૧૭, ૧૨૧, ૧૨૩, ૧૩૨, ૧૩૩, ૧૩૬, ૧૪૦, ૧૪૯, ૧૫૫-૧૫૭, ૧૫૯, ૧૬૨-૧૬૩, ૧૬૫, ૧૭૪, ૨૨૧, ૨૩૫, ૨૪૯-૨૫૦, ૨૬૭-૨૬૮, ૨૭૭, ૨૭૯, ૨૮૧, ૨૮૫, ૨૮૮, ૨૯૦, ૨૯૯, ૩૦૨, ૩૦૩, ૩૦૫, ૩૦૯-૩૧૩, ૩૧૭-૩૧૮, ૩૨૧-૩૨૨, ૩૩૦, ૩૩૬, ૩૩૮, ૩૪૧, ૩૪૩, ૩૪૫, ૩૪૭, ૩૫૨,

૩૫૪, ૩૬૨, ૩૬૭–૩૬૮, ૩૭૧, ૩૭૭, ૩૮૦, ૩૮૨–૩૮૩, ૩૯૨–૩૯૩, ૪૦૦, ૪૦૪, ૪૦૬
અમરજી દીવાન ૫, ૧૭૩, ૧૭૮–૧૭૯, ૨૧૭, ૩૦૩, ૩૧૧
અમરસિંહ ૨૧૯, ૨૩૫
અમરેલી ૮, ૧૪૬, ૧૬૭, ૨૩૮, ૨૪૦, ૩૦૫, ૩૩૮, ૩૪૯–૩૫૦, ૩૫૩
અમીજી ૧ લા ૨૩૮
અમીજી ૨ જા ૨૩૮
અમીચંદ ૪૦૩
અમૃતધર્મ ૨૯૫
અમૃતરાવ આપાજી ૧૭, ૯૦, ૯૯
અમૃતસાગર ૩૦૬
અરજનજી ૨૪૨
અરડોઈ ૨૩૭
અરીખાન ૨૪૨
અર્લ, કેપ્ટન ૧૩૨
અર્સ્કિન ૭૨
અલાઉદ્દીન ૨૪૪
અલિયોજી ૨૪૩
અલીધોર (આલમગીર) ૧૭
અલી નવાઝખાન ૭૧, ૨૩૦–૨૩૩
અલી મુહમ્મદખાન ૪, ૬૬, ૩૧૦
અસાઈત ૩૮૭, ૩૯૪–૩૯૫
અસીરગઢ ૩૬
અહમદ ૧૫૯
અહમદ બરેલવી, સૈયદ ૩૨૪–૨૫
અહમદબેગ ૨૨૬
અહમદશાહ અબ્દાલી ૩૩, ૫૯, ૮૦, ૮૨, ૨૨૨, ૩૦૯
અહમદશાહ (મુઘલ) ૧૫, ૧૬, ૨૨૬, ૨૪૧, ૨૬૭-૨૬૮, ૨૭૩, ૨૯૭, ૪૦૮
અહમદ શેખ ૫
અહમ્મદ (જુઓ અહમદશાહ મુઘલ)
અહલ્યાબાઈ હોલ્કર ૩૨૦, ૩૪૧–૩૪૨, ૩૪૯–૩૫૦
અંકલેશ્વર ૧૨, ૯૨, ૯૬, ૯૮, ૨૭૫, ૩૨૭
અંજાર ૧૭૦, ૧૭૨, ૩૩૯, ૩૮૦, ૩૮૪
અંબર ૨૯
અંબા ૧૯
અંબાજી ૬૧
અંબારામ ૩૦૪
આકલૂર ૭૧
આગ્રા ૨૯
આચાર્ય હેમચંદ્ર ૩૯૧
આઝાદ મુહમ્મદ હુસેન ૩૦૮
આટકોટ ૧૭૩
આડેસર ૩૫૪
આણંદપુર ૧૭૩, ૨૩૯
આણંદ મોગરી ૯૧
આતરસુંબા ૨૩૮
આત્મારામ ભાઉ ૨૨૪
આદિત્યરામ લક્ષ્મીદત્ત ૨૮૪
આધોઈ ૩૫૪
આનંદજી ૨૪૩
આનંદદેવ ૨૪૧
આનંદરાવ–આણુંદરાવ ગાયકવાડ ૧૨, ૧૫, ૧૭, ૧૦૭, ૧૦૯–૧૧૦, ૧૧૨, ૧૧૮, ૧૩૩, ૧૩૭–૧૩૮,

૧૪૨, ૧૫૭, ૧૬૨-૧૬૪, ૨૨૪, ૨૬૯, ૨૭૫, ૩૪૦
આનંદાશ્રમ સ્વામી ૩૧૮
આનાજી ૧૮
આનાબા (આનંદરાવ) ૧૭
આપાજી ગણેશ ૧૭, ૭૯-૮૨, ૮૯-૯૦, ૯૯
આબાજી ગોવિંદ ૧૮, ૧૦૨
આબાસાહેબ કૃષ્ણરાવ ૧૭
આબુ ૩૯૪
આમરણ ૧૭૫
આમોદ ૪૪, ૯૮, ૧૨૧, ૧૪૯, ૧૫૫, ૧૬૫, ૨૨૭, ૩૦૧
આમ્બુસ, ફ્રાધર ૩૩૨
આગીમ ૧૬૪
આલમ અલીખાન ૪૮
આલમગીર (આલિમગિર) ૨ જો ૨૬૭-૨૬૮, ૨૯૭
આશકરણ ૧૭૧
આસફજહાં ૨૩૦-૨૩૧
આસાઈ ૧૬૪
આસેદા ૩૫૨
આહમદ હબીબ ૪૦૭
ઇચ્છાભાઈ શેઠ ૩૨૨
ઇનાયત શેખ બિન શેખ દાકુ ૩૧૨
ઇબ્રાહીમ ૧૨, ૧૭૨
ઇબ્રાહીમ મુહમ્મદ યાકુતખાન ૨૨૮
ઇલોલ ૩૫૩
ઇશ્રાબાપખાન ૨૫૩
ઇસ્માઈલ શાહ ૩૨૫
ઇસ્માઈલ શેખ બિન અબ્દુલ રસૂલ ૩૨૬-૩૨૭
ઇંગ્લૅન્ડ ૨૨૭, ૩૯૯-૪૦૨, ૪૦૬
ઇંદોર ૩૧, ૩૫, ૩૪૧, ૩૪૯
ઇંદ્રજી, ભગવાનલાલ ૪૦૬
ઇંદ્રસિંહજી ૨૪૩
ઈડર ૯, ૨૨૦, ૨૩૫, ૨૪૧, ૨૪૩, ૩૦૦
ઈલિયટ, એફ. એ. એચ. ૩
ઉજ્જન ૨૯૬
ઉત્તમ (ઓતિયો) ૨૧, ૨૭૯
ઉત્તમવિજય ૨૯૪
ઉદયપુર ૨૧
ઉદયસિંહજી ૨૪૩
ઉદાજી પવાર ૩૧, ૪૯, ૫૧-૫૨
ઉદેપુર ૩૦૦
ઉદોજી પરમાર ૪૧
ઉનતા ૩૫૩
ઉનાવા ૭૨
ઉપાધ્યાય, કુંવરજી જાદવજી ૫
ઉમરાણ ૬૦
ઉમરેઠ ૧૨૨, ૧૬૫, ૩૦૦, ૩૪૪, ૩૫૬
ઉમાબાઈ, દાભાડે ૪૨-૪૩, ૫૩-૫૪, ૫૬
ઉમેટા ૬૯, ૨૩૪-૨૩૫
ઉમેદસિંહજી ૨૩૬
ઉરઃપત્તન (ઓલપાડ) ૨૯૩
ઉવારસદ ૨૭૫
ઉસ્તાદ મન્સૂર ૩૮૩

ઉસ્માન ૨૧૮
ઉસ્માનખાન ૨૧૯–૨૨૦
ઊંઝા ૭૨, ૩૫૩, ૩૯૪
ઋષભસાગર ૩૦૬
એચીસન, સી. યુ. ૨, ૪, ૧૩
એદલખાનજી ૨૧૬
એદલજી દસ્તૂર ૩૨૮
એદલજી ફરામજી શેઠના ૪૦૨
એદલજી સંજાણા ૩૨૮
એદ્રુસ સૈયદ ૨૨૬
એલ્ફિંસ્ટન, માઉન્ટ સ્ટુઅર્ટ ૩, ૧૧૮–૧૨૦, ૧૫૨, ૧૬૦, ૧૬૪
ઓકુદીખાન ૨૨૭
ઓક્સન્ડન ૩૯૯
ઓખામંડળ ૧૪૭, ૧૬૫, ૧૭૪
ઓડું ૩૫૩
ઓતિયો જુઓ ઉત્તમ.
ઓલપાડ ૧૨૧, ૧૫૫
ઓંજિયર, જેરલ્ડ ૪૦૦
ઔરંગઝેબ ૨૯–૩૦, ૩૭–૩૮, ૮૪, ૨૩૫, ૨૩૭, ૨૪૦, ૨૬૬, ૩૦૭–૩૦૮
ઔરંગાબાદ ૨૩, ૬૦
કચ્છ મ્યુઝિયમ ૩૬૫, ૩૬૮
કટોસણ ૭૨, ૨૩૫–૨૩૬, ૨૩૮
કઠલાલ ૨૭૫
કઠોર ૨૭૫
કડી ૧૨, ૯૧, ૧૦૫, ૧૦૭–૧૧૦, ૧૨૩, ૧૨૯, ૧૩૫, ૧૩૮, ૧૪૦, ૧૬૦, ૧૬૩–૧૬૫, ૨૩૬, ૩૩૮–૩૩૯, ૩૪૪, ૩૪૯
કડાણા ૨૩૬
કડોદ ૯૫, ૧૬૫
કણજરી ૨૭૫
કણાદ ૨૯૪
કતારગામ ૩૪૧
કપડવંજ ૫૧, ૫૯, ૬૬, ૯૨, ૧૨૯, ૧૩૫, ૧૬૫
કપૂરા ૨૭૫
કમલવિજય ૩૦૬
કમાલુદ્દીનખાન ૧૭૮, ૨૪૦
કમિયાલા ૨૭૫
કરણજી ૨૪૨
કરણસિંહ ૨૧૯
કરનાળી ૫૦, ૩૦૪, ૩૮૬
કરમજી દામજી ૪૦૭
કરશન ૨૧૮
કરસેટજી શેઠ મોદી ૧૫૦
કરાલી ૨૪૫
કરિયાણા ૧૭૩
કર્નાક, કૅપ્ટન ૧૫૪, ૧૫૭, ૧૬૩, ૧૭૬
કર્મચંદ ૧૯
કલકત્તા ૯૬–૯૭, ૧૧૦, ૧૬૧
કલોજી ૧૭૭
કલોલ ૨૪૧
કલ્યાણપરા ૨૪૫
કહાનદાસ લખમીચંદ ૧૯
કંડીલ ૧૬૧
કંડોરણા ૧૭૫
કંથાજી કદમ બાંડે ૩૮, ૪૩, ૪૭–૫૩, ૬૧

કાઉસેન્સ ૨૩
કાકાજી સાહેબ ૧૮
કાનજી ૨૪૦
કાનમ ૩૦૨
કાનોજી ૨૪૦
કાન્હોજી આંગ્રે ૩૧
કાન્હોજી તપકીર ૫૬
કાન્હોજી ભોંસલે ૫૨
કાન્હોજીરાવ ગાયકવાડ ૧૦૪–૧૦૫, ૧૦૭, ૧૦૯, ૧૧૦, ૧૧૨, ૧૩૪–૧૩૫, ૧૩૭–૧૩૯, ૧૪૮
કામેતકર, ગોવિંદ ગોપાલ ૧૩૨
કાલિદાસ ૩૦૧
કાલોલ ૨૭૫
કાવસજી ખરશેદજી જીજી મોદી ૪૦૧
કાવસજી જહાંગીર ૪૦૨
કાવસજી નાનાભાઈ દાવર ૪૦૫
કાવસજી રુસ્તમજી પટેલ ૪૦૧
કાવસજી હીરજી ગાંધી ૪૦૧
કાશીબાઈ ૧૨૩
કાશીરાવ ૩૫
કાસીપથ બાબા ૧૭
કાણુ ૭૮
કાંકરેજ ૨૩૬
કાંયોજી ૨૪૩
કિરપારામ નાગર ૬
કિશનજી વૈદ ૭, ૩૧૩
કિશોરદાસ ૩૦૫
કિશોર હરખા ૧૯
કીકોજી ૨૪૨
કીટિંગ, કર્નલ ૯૨–૯૫, ૧૨૯–૧૩૦, ૧૬૦
કુતિયાણા ૧૭૬, ૩૦૩
કુત્બુદ્દીન (હાફિજુદ્દીન અહમદખાન) ૨૩૪
કુત્બેઆલમ શાહ ૩૧૨
કુમારપાલ ૨૯૭
કુરસેતજી મોદી ૧૧૬
કુશસ્થલી ૩૯૦
કુંડલા ૭૩, ૨૩૯
કુંદરોડી ૩૭૩
કુંભાજી ૫૦
કુંભોજી ૧ લા (ગોંડળ) ૨૩૭
કુંભોજી ૨ જા (ગોંડળ) ૧૭૮–૧૭૯, ૨૧૭
કુંવરજી લાધા શાહ ૩૫૫
કૂંઢેલા ૯૮, ૧૩૧
કૃષ્ણાજી ૩૮
કૃષ્ણાબાઈ ૩૨૦
કેદારજી ૨૩૧
કેની, કર્નલ ૨૨૬
કેમ્પબેલ, જે. એન. ૪૧૩
કેયાસુદ્દીન અહમદ ૩૨૫
કેરવાડા ૩૫૨
કેરાજી ૪૮
કેવદરા ૨૧૮
કેવલપુર ૩૦૦
કેવળરામ, કેશવસુત ૨૨
કેશવ ૩૦૧
કેશવજી જાદવજી ૪૦૫
કેશોદ ૨૧૭

કેસરીસંઘ લાખા ૩૫૫
કેસરીસિંહ ૪૦૪
કેસરીસિંહજી (ખડાલ) ૨૩૮
કેસરીસિંહજી (ભાદરવા) ૨૪૨
કેળકર, વાય. એન. ૨, ૪૧૧
કોટડા-પીઠા ૧૭૪
કોટવાળ, અરદેશર ૩૧૮, ૩૩૫
કોડીનાર ૨૧૭
કોપરગાંવ ૯૫, ૧૦૪
કોરલ ૧૪૦, ૧૬૩
કોરા ૧૭૦
કૉર્નવૉલિસ, લૉર્ડ ૧૩૩
કોલબ્રુક, ટી. ઈ. ૪૧૫
કોલવડા ૨૪૧
કોલ્હાપુર ૨૯, ૩૧
ક્લાર્ક, એ. બી. ૪૧૩
ક્ષમાકલ્યાણગણિ ૨૯૫-૨૯૬
ક્ષેમવર્ધન ૩૦૭
ખડાલ ૨૩૭-૨૩૮
ખરદેશજી પહોંચાજી પાંડે ૪૦૯
ખરે, વી. વી. ૨, ૪૧૧
ખલીફા સુલતાન ૧૧
ખંડેરાવ ગાયકવાડ ૫૨, ૫૫-૫૬, ૬૦, ૭૩-૭૪, ૭૯, ૮૨, ૯૧-૯૩, ૯૬, ૧૦૫, ૧૨૭, ૧૨૯-૧૩૧, ૧૩૫, ૧૬૦, ૩૩૮, ૪૦૫
ખંડેરાવ દાભાડે ૩૧, ૩૮, ૪૧, ૪૭-૪૮, ૬૧
ખંભાત ૬, ૧૦-૧૫, ૨૧, ૪૦, ૪૨-૪૩, ૪૫, ૫૦-૫૧, ૫૪, ૫૮-૫૯, ૬૬-૭૦, ૭૨, ૭૭, ૮૦-૮૨, ૮૪, ૯૨, ૧૦૫, ૧૦૭, ૧૨૯, ૧૩૨, ૧૩૬, ૧૫૯-૧૬૦, ૨૨૧-૨૨૬, ૨૬૭, ૨૮૧-૨૮૨, ૨૮૫, ૨૮૯, ૩૩૦, ૩૩૮, ૩૪૪, ૩૮૦, ૪૦૪-૪૦૫
ખાખરા ૧૭૪
ખાદીમે રસૂલના શેઠ ૨૫૩
ખાનદાન બખ્શી ૬
ખાનદેશ ૪૯, ૫૦
ખાનસિંહજી ૨૩૬
ખાનાજી ૨૩૫
ખીજલપુર ૩૪૫
ખુરશેદજી ફરદુનજી પારેખ ૪૦૬
ખુશાલચંદ શેઠ ૩૯, ૩૨૨
ખુશાલ હરખા ૧૯
ખેડ ૩૦
ખેડા ૨૨, ૭૬, ૨૮૦, ૩૦૩
ખેતોજી ૨૪૨
ખેમોજી ૨૩૬
ખેરાળુ ૬૦, ૮૮
ખેશોનત (મુલ્લાં ફીરોઝ) ૩૨૮
ખોબરેકર, વિ. ગો. ૮૪, ૪૧૨
ગજનફરખાન ૨૧૭
ગજરાબાઈ ૧૦૭-૧૦૮, ૧૩૪, ૧૩૮
ગજસિંહજી ૨૪૨-૨૪૩
ગઢડા ૨૩૮, ૩૧૮
ગણપતરાવ ગાયકવાડ ૧૧૦, ૧૬૩
ગવરીબાઈ ૩૦૦, ૩૦૩, ૩૨૦
ગહેનાબાઈ ૧૦૭, ૧૩૭, ૧૪૧, ૧૫૦, ૧૫૩, ૩૪૨

ગંગજી ૨૪૨
ગંગા ૩૯૪
ગંગાદત્તજી માહેશ્વરજી ૪૩૯
ગંગાધર શાસ્ત્રી ૩, ૧૧૬–૧૧૯, ૧૨૨, ૧૪૦, ૧૪૩, ૧૪૭-૧૫૨, ૧૬૩, ૪૧૨, ૪૧૪–૪૧૫
ગંગાબાઈ ૯૧, ૧૨૩, ૧૨૮
ગાંગા ૧૭૪
ગાંધી, મહાત્મા ૩૬૯
ગાંભુ ૩૫૩
ગિરધર ૩૦૫, ૩૨૦
ગિરનાર ૩૬૪, ૩૮૬
ગિરિધરજી ૩૦૪
ગીદડ ૨૧૬, ૨૧૮
ગુડગઢ ૧૬૪
ગુપ્ત, પરમેશ્વરીલાલ ૨૭૫
ગુલાબવિજય ૩૦૬
ગુલામઅલી શાહ ૩૫૬
ગુલામ શાહ ૧૬૯
ગુલામ હુસેનખાન ૬૬
ગુંજા ૩૫૩
ગેન્સે, જે. એચ. ૩
ગેમિલી, જહૉન ફ્રાન્સિસ ૩૩૦
ગોકુલદાસ તેજપાલ ૪૦૫–૪૦૬
ગોકુળ ૩૪૪
ગોઠડા ૩૦૦–૩૦૨
ગોડજી ૨ જા (કચ્છ) ૧૬૯, ૧૭૨–૧૭૪, ૨૭૦, ૨૮૭
ગોડાર્ડ ૯૭-૯૮, ૧૦૧, ૧૦૩, ૧૩૧–૧૩૨, ૧૬૧–૧૬૨
ગોધરા ૩૮, ૪૪, ૧૨૯
ગોધિયો (ગોરધન) ૨૭૯
ગોપાલ ૨૯૯–૩૦૦
ગોપાળરાવ ૬, ૮૮, ૩૧૩
ગોપાળાનંદ ૩૧૭
ગોપીનાથ ૨૪૧
ગોવર્ધનરામ ૩૨૨
ગોવા ૩૫, ૩૩૧
ગોવિંદરાવ ગાયકવાડ ૧૭, ૬૦–૬૧, ૮૨, ૮૯–૯૪, ૯૬, ૧૦૪–૧૦૭, ૧૧૬–૧૧૮, ૧૨૦, ૧૨૫–૧૩૧, ૧૩૩–૧૩૭, ૧૫૦, ૧૫૨, ૧૬૦, ૨૨૩, ૪૧૧, ૪૧૪
ગોવિંદરામ દલપતરામ ૧૯
ગોવિંદરામ રાજારામ ૩૦૩
ગોવિંદરામ વૈષ્ણવ ૩૦૧
ગોસ્વામી ગોવર્ધનેશજી ૩૫૦
ગોળવા ૩૦૩
ગોળા ૩૫૨
ગોંડળ ૧૪૪, ૧૭૮, ૨૧૮, ૨૩૭, ૩૫૩
ગૌતમ ૨૯૪
ગ્રીનવૂડ ૧૭૧
ગ્લાસ ૭૨
ગ્વાલિયર ૩૧, ૧૦૩, ૩૮૮
ઘનશ્યામ ૩૧૭
ઘાટીલા ૧૭૨
ઘીવાળા, જગાભાઈ ૩૭૧
ઘુંડુ ૧૬૬
ઘેલાભાઈ પદમશી ૪૦૪
ઘોઘા ૧૦૭, ૧૩૬, ૨૨૧, ૨૮૭, ૩૬૦, ૩૭૧
ઘોડીઆલ ૩૫૨

ચક્રધર સ્વામી ૩૧૬
ચરખડી ૨૧૬
ચલાળા ૧૪૭
ચલોડા ૨૭૫, ૩૫૩
ચંદ્રગુપ્ત મૌર્ય ૨૯૭
ચંદ્રસેન ૩૧
ચંદ્રાવતી ૨૩૬
ચાચઈ ૧૪૬
ચાણોદ ૩૦૦, ૩૨૧, ૩૪૨, ૩૮૬
ચાપરડા ૧૭૯
ચાર્લ્સ ૨ જો ૩૯૯
ચાંદા ૨૪૧
ચાંદોજી ૨૪૧
ચાંદોદ ૩૦૪
ચાંદોર ૩૫૯
ચાંદોરકર, જી. કે. ૪૧૧
ચાંપાનેર ૩૮, ૫૦, ૧૦૨, ૨૩૪, ૨૪૪, ૩૮૮
ચિત્તળ ૨૩૯
ચિત્તોડ ૨૧
ચિમણાજી–ચિમનાજી ૩૨, ૪૦, ૫૧, ૧૦૫–૧૦૭, ૧૩૫–૧૩૬
ચીખલી ૯૪, ૧૦૯, ૧૨૦, ૧૬૧
ચીનુભાઈ માધવલાલ ૩૩૬
ચૂંવાળ ૮
ચોબારી ૮, ૧૭૧
ચોરવાડ ૨૧૭–૨૧૮
છત્રસાલ, જામ ૨૭૧, ૩૮૯–૩૯૦
છબીલારામ ૩૧૩
છાણી ૫૦
છોટાઉદેપુર ૫૧, ૨૮૫
છોટાલાલ ૩૩૬
જગતસિંહજી ૨૩૮
જગન્નાથપુર ૨૯૯
જગરૂપસિંહજી ૨૩૬
જગા પુરુષોત્તમ લુહાર ૩૪૩
જડેશ્વર ૩૪૧, ૩૪૯
જનકોજી ૬૮
જમશેદજી ખોરી ૨૯૧
જમશેદજી જામાસ્પજી દસ્તૂર ૩૨૮
જમશેદજી જીજીભાઈ ૪૦૩
જયસિંહ (અંબર) ૨૯
જયસિંહજી ૧ લો (ધ્રોળ) ૧૭૭
જયસિંહ (ભાદરવા) ૨૪૨
જયાનંદ ૨૯૫
જવાંમર્દખાન બાબી ૪૨–૪૩, ૪૫–૪૬, ૫૫, ૫૮–૫૯, ૬૫, ૭૪, ૭૮, ૮૧, ૮૪, ૨૨૧
જશવંતસિંહજી ૨૩૫
જસદણ ૧૭૩–૧૭૪, ૨૩૯
જસો ૨૪૦
જસોજી (કોટડા-સાંગાણી) ૨૩૭
જસોજી (નવાનગર) ૧૭૨–૧૭૭
જહાંગીર ૩૩૦, ૩૩૫
જંજીરા ૩૫, ૨૩૮, ૪૦૦
જંજૂરી ૩૪૩
જંબુસર ૨૧, ૪૪, ૪૯, ૫૫, ૫૭, ૭૯–૮૦, ૧૨૧, ૧૫૫, ૧૫૯, ૧૬૫, ૨૨૧, ૨૨૬, ૪૦૩
જાનીબાઈ ૩૦૩
જાનોજી ભોંસલે ૩૩, ૮૮
જાફરાબાદ ૨૩૮

જામખંભાળિયા ૧૭૪
જામનગર ૩૨૧, ૩૫૩, ૩૭૧, ૩૮૯–૩૯૦, ૩૯૭, ૪૦૫
જામોજી ૨૩૬
જાલમસિંહ (કાંકરેજ) ૨૩૭
જાલમસિંહજી ૨ જા (કડાણા) ૨૩૬
જાવા ૨૮૮
જાસપુર ૨૪૨
જિજાબાઈ ૨૮
જિનભક્તિસૂરિ ૨૯૪–૨૯૫
જિનલાભસૂરિ ૨૯૪
જિનવિજયજી, મુનિ ૨૩
જિનેન્દ્ર ૨૯૬
જિયોજી ૨૪૩
જીજીબા ૭૩
જીજીભાઈ જમશેદજી મોદી ૪૦૧
જીર્ણગઢ (જૂનાગઢ) ૨૯૫
જીવણ ૧૬૯
જીવરાજ બાબુ ૪૦૫
જુન્નર ૨૮
જૂનાગઢ ૧૦, ૨૨, ૪૫, ૬૭–૬૮, ૭૦, ૭૩–૭૪, ૮૪, ૧૧૪, ૧૪૪, ૧૪૭, ૧૭૧, ૧૭૩–૧૭૪, ૧૭૮–૧૭૯, ૨૧૬–૨૧૮, ૨૩૯ ૨૪૦, ૨૭૦–૨૭૧, ૨૮૫, ૨૮૮, ૨૯૦, ૩૦૨, ૩૦૪, ૩૪૯–૩૫૦, ૩૮૫, ૪૦૫
જૂના રાજપીપળા ૮
જેડા ૨૮૭
જેતપુર ૨૩૮–૨૩૯
જેતમલજી ૨૪૦
જેતો–જેતોજી ૨૪૧–૨૪૨
જેસર ૨૪૦
જેસલમેર ૨૯૬
જૈનાબાદ ૩૫૩
જોડિયા ૧૭૫, ૨૮૭
જોધપુર ૮, ૫૧, ૬૧૩, ૨૩૫, ૨૪૦
જોધાજી ૨૪૨
જોનાથન ડંકન ૧૦૬
જોરાવરખાન ૭૧
જોશી, ઉમાશંકર ૩૯૦
જોહર સીદી ૨૯, ૨૨૮
જ્યોતિપુરા ૨૪૫
જ્યોતિર્વિજયગણિ ૨૯૬
ઝવેર હરખા શાહ ૧૯
ઝવેરી, કૃષ્ણલાલ મોહનલાલ ૨૩
ઝવેરી, રતનચંદ ઝવેરચંદ ૩૫૪–૩૫૫
ઝાલાવાડ ૮, ૧૭૯
ઝાલોદ ૨૩૬
ઝાહેબ અલીબેગ ૬૮
ઝાંઝરજી ૨૩૪
ઝાંસી ૯૭
ઝુબેદી અબ્દુલ્લા ૮૦
ટીપુ સુલતાન ૩૫–૩૬
ટેમ્પલ રીચર્ડ ૪૧૪
ટોડરમલ ચિમનલાલ શેઠ ૩૭૧
ટૉમસ, સંત ૧૫, ૨૭૩, ૩૨૯
ઠાકરશી મૂળજી ૪૦૭
ઠાકોરદાસ નારાયણદાસ ૩૭૧
ડડલી ૨૮૭
ડનલોપ ૨૮૦, ૨૮૫
ડભોઈ ૪૧, ૪૩–૪૪, ૫૧, ૫૩, ૬૦,

૯૪, ૯૮, ૧૦૨–૧૦૩, ૧૨૧, ૧૨૯–૧૩૧, ૧૫૫–૧૫૬, ૧૬૧, ૧૬૫, ૨૨૧, ૩૦૦, ૩૦૩
ડભોડા ૩૫૩
ડંકન ૧૦૮, ૧૩૮, ૧૬૩
ડાકોર ૪૨, ૮૦, ૩૦૨, ૩૨૦, ૩૪૧, ૩૪૫
ડિસ્કળકર, ડી. બી. ૨૩
ડીઘે, વી. જી. ૩, ૪૧૪
ડીસા ૨૨૦
ડુમસ ૯૨
ડુવા ૮
ડુંગરપુર ૩૦૦
ડૈયા ૨૧૬
ડોસલ વેણુ ૧૭૦
ડોસોજી ૨૪૩–૨૪૪
તખતાબાઈ ૧૪૯–૧૫૦
તળાજા ૭૭, ૨૨૨–૨૨૩
તળેગાંવ ૪૯, ૧૬૧
તાણા ૨૩૬
તાત્યા મજૂમદાર ૧૪૯
તાનસેન ૩૮૫
તાના ૩૮૮
તારંગા ૩૫૪
તારાચંદ મોતીચંદ ચીનાઈ ૪૦૫
તારાપુર ૮૨
તારાબાઈ ૩૦, ૩૭, ૪૪, ૫૬–૫૭
તાંજોર ૩૬૦
તાંદુલજા ૬૦
તાંબેકર, ગોપાળ જગન્નાથ ૩૨૦, ૩૪૧
તાંબેકર, જગન્નાથ ૩૪૫
તુકોજી હોલ્કર ૩૫
તુલજારામ, સુખરામસુત ૩૦૨
તૂણા ૨૮૭
તેગબેગખાન ૨૨૯–૨૩૧
તેજકરણજી ૨૩૭
તેજકુંવર રાજારાવ શાહ ૧૯
તેજપાલ ૨૯૭
તેજમલજી ૨૩૭
તેરવાડા ૨૩૬, ૨૪૦
ત્રવાડી, કૃષ્ણ અર્જુન ૩૨૧
ત્રાકુડા ૨૧૬
ત્રિકમ બારોટ ૩૪૦
ત્રિકમદાસ વૈષ્ણવ ૩૦૨
ત્ર્યંબક ૧૧૯
ત્ર્યંબકજી ૧૧૮
ત્ર્યંબકજી ડેંગળે ૧૦૨, ૧૧૬–૧૧૭, ૧૧૯–૧૨૦, ૧૫૦, ૧૫૨
ત્ર્યંબક નારાયણ ૧૭, ૯૦, ૯૯
ત્ર્યંબક મકનજી ૧૦૧
ત્ર્યંબક મુકુંદ ૧૮, ૬૬, ૭૬–૭૭, ૭૯, ૮૨, ૮૭
ત્ર્યંબકરાવ દાભાડે ૪૧–૪૨, ૫૨, ૫૪
થરા ૨૩૬, ૩૫૨
થરાદ ૨૩૯–૨૪૦
થાણા ૩૪, ૩૨૭, ૪૦૭
થાન ૨૩૮
થામણા ૩૩૯
થાલા ૨૭૫
થોભણ ૩૯૨
દમણ ૮, ૨૮૭, ૩૩૦–૩૩૧, ૩૫૨, ૩૫૫

દમાજી ગાયકવાડ ૧ લો ૩૮, ૪૭–૪૮, ૬૧
—૨ જો ૭, ૧૭, ૨૨, ૪૨–૪૫, ૪૯, ૫૨–૬૧, ૬૪–૬૬, ૬૮–૭૦, ૭૩, ૭૬–૭૭, ૮૨, ૮૭–૮૯, ૯૪, ૧૨૫–૧૨૭, ૧૩૦, ૧૪૩, ૨૧૯, ૨૨૨, ૨૨૫–૨૨૬, ૨૩૧, ૨૩૩, ૩૪૧, ૩૪૮, ૩૪૯
દયારામ ૩૦૦, ૩૦૪, ૩૦૫, ૩૧૯, ૩૯૨
દરજણસિંહ ૨૩૭
દરાપરા ૩૫૨
દરિયાખાન ૨ જો ૨૪૨
દરિયાબા ૩૪૪
દર્શનસાગર ૩૦૬
દલપત નાગર ૩૦૩
દલપતરામ, કવિ ૨૦, ૩૩૫
દલપતસિંહજી ૨૪૩
દહેગામ ૧૩૫
દહેજબારા ૫૫, ૫૭
દાજી પટેલ ૬૧
દાજીભાઈ ૧૭૬
દાડા ૨૪૦
દાદાજી કોંડદેવ ૨૮
દાદાબજી દસ્તૂર ૩૨૮
દાદાભાઈ જમશેદજી શેઠ ૪૦૧
દાદાભાઈ નૌશરવાનજી ૩૨૭, ૪૦૧
દામનગર ૩૫૦
દામોદરાશ્રમ ૩૦૪
દાવડી ૫૧
દાહોદ ૩૮, ૧૧૧
દાંતા ૨૧૯
દિયોદર ૨૪૦–૨૪૧
દિલેરખાન ૨૧૭
દિલ્હી ૧૭–૧૮, ૩૦, ૩૪, ૪૦, ૪૮, ૫૧–૫૨, ૫૯, ૮૦, ૮૧, ૮૪, ૨૨૪–૨૨૫, ૨૩૦, ૨૭૦, ૨૯૬, ૩૭૦, ૩૮૮
દિવાળીબાઈ ૩૦૩
દિસાવળ ૨૩૬
દીનાનાથ ભટ્ટ ૨૯૮, ૩૧૪
દીપ ૩૦૬
દીપવિજય ૨૦–૨૧
દીપશા ૧૮
દીપસિંગ ૭૦, ૭૪, ૭૬
દીવ ૨૭૩, ૨૮૫, ૩૩૧, ૪૦૩
દુઆ ૩૫૨
દુર્ગપુર (ગઢડા) ૨૯૯
દૂધઈ ૩૫૩
દૂરદુનજી મર્ઝબાન ૩૨૮
દૂરામજી અરપંદી આરજી રબાડી, દસ્તૂર ૩૨૮
દેથાણ ૩૦૨
દેદોજી ૧૭૯
દેરાબજી નાનાભાઈ ૩૯૯
દેવગઢ બારિયા ૧૧૦
દેવગાંવ ૩૬
દેવજી ૨૩૬
દેવડા ૧૭૯
દેવરત્ન ૩૦૬
દેવશંકર ભટ, પુરોહિત ૨૯૩
દેવળી ૨૪૨

દેવાનંદ ૩૧૯
દેવીસિંહજી ૨૩૬
દેવોજી ૧૭૯, ૨૩૭
દેશળજી ૧ લો ૨૭૦
દેશાઈ, ઉમિયાશંકર ૩૪૯
દેશાઈ, શંભુભાઈ ૨૩
દેસઓરા ૧૨૧, ૧૫૫, ૧૬૫
દેસાઈ, કિશોરદાસ ૬
દેસાઈ, ગોપાલદાસ ૩૭૧
દેસાઈ, જી. એસ. ૪૧૩
દેસાઈ, સુધા ૩૯૫
દેહવાણ ૨૨૧, ૨૨૭
દોઆબ ૩૪
દોરાબજી નાનાભાઈ ૪૦૮
દોરાબજી રૂસ્તમજી પટેલ ૩૯૯, ૪૦૩
દોલતરાવ સિંધિયા ૧૦૫–૧૦૬, ૧૦૯–૧૧૦
દોલતસિંહ (કાંકરેજ) ૨૩૭
દોલતસિંહજી (કંડાણા) ૨૩૬
દૌર ૧૩૩
દ્વારકા ૮, ૧૧૩, ૧૪૭, ૧૫૪, ૩૨૧, ૩૪૯–૩૫૦, ૩૮૬, ૩૯૦, ૩૯૪
ધનજીભાઈ ૨૮૭
ધનાજી જાદવ ૩૭
ધમડકા ૧૭૧
ધરમપુર ૨૯, ૧૩૪
ધર્મજ ૧૨૯
ધંધુકા ૪૪, ૧૦૭, ૧૩૬, ૨૪૪, ૩૬૩
ધાકજી દાદાજી ૧૫૩–૧૫૪
ધામા ૩૫૩
ધાંતરવર ૧૪૬
ધીણોજ ૩૫૩
ધીરો ભગત ૩૦૦, ૩૦૧, ૩૦૩, ૩૨૦
ધુણવાવ ૧૭૫
ધોરાજી ૧૭૮
ધોલેરા ૨૮૧, ૨૯૯
ધોળકા ૮, ૧૨, ૪,૪ ૪૯, ૫૧, ૭૪, ૭૭, ૧૦૯, ૧૪૦, ૧૪૨, ૧૬૩–૧૬૪, ૩૧૧, ૪૦૦
ધ્રાંગધ્રા ૭૩, ૧૭૩
ધ્રુવ, આનંદશંકર ૩૨૦
ધ્રૂજી ૨૩૬
ધ્રોળ ૧૪૪, ૧૭૭
નજમુદ્દીન ૧૩, ૩૪૦
નજમુદ્દૌલા નજમખાન ૧૧
નજામુદ્દીન ખાનજી ૨૨
નડિયાદ ૪૪, ૭૩–૭૪, ૭૬, ૭૯, ૯૩ ૧૦૫, ૧૦૮, ૧૦૯, ૧૩૫, ૧૩૯–૧૪૦, ૧૪૨, ૧૬૦, ૧૬૩, ૧૬૪, ૩૩૮–૩૪૦, ૩૪૪
નથુખાન ૨૧૬
નથુજી ૨૩૭
નથુભાઈ ૨૪૪
નથુશા ૧૮
નરચંદ્રસૂરિ ૩૮૬
નરભો–નરભેરામ ૩૦૨
નરસિંહ મહેતા ૩૮૫, ૩૯૧–૩૯૨
નવરોજજી રૂસ્તમ શેઠના ૪૦૦
નવરોજજી સોરાબજી શેઠ ૪૦૨
નવલરામ ૩૧૦
નવસારી ૩૨૭, ૪૦૧–૪૦૩
નવાનગર ૧૨, ૧૫, ૧૪૪, ૧૭૧–૧૭૫, ૧૭૭–૧૭૮, ૨૪૫, ૨૭૦, ૨૮૫
નવાપુર ૪૮

નવાબ અલી સૈયદ ૨૨
નસીરુદ્દીન ૨૩૪
નંદશંકર લાભશંકર ૩૪૨
નંદાજીરાવ ૪૮
નાગપુર ૩૨, ૩૫, ૩૫૯
નાથદ્વારા ૧૭૩
નાથોજી ૧૭૭, ૧૭૯
નાદિરશાહ ૨૦૯
નાના ફડનવીસ ૩૪-૩૫, ૯૧, ૯૭, ૧૦૪-૧૦૬, ૧૦૯, ૧૨૮, ૧૩૧, ૧૩૪-૧૩૬, ૧૬૧
નાનો ૩૦૪
નાપાડ ૧૦૭, ૧૩૬
નાગોજી ૨૪૩
નારાયણ ૨૩૫
નારાયણરાવ ટાચકા ૧૦૨
નારાયણરાવ પેશ્વા ૨૧, ૩૪, ૯૧, ૧૨૮
નારૂ પંડિત ૬૮-૬૯
નાસિક ૧૧૯, ૩૫૯
નાસિરજંગ ૩૨
નાહાનાભાયિ (નાનાભાઈ) ૨૯૩
નાંદોદ ૪૯, ૫૦
નિકોરા ૩૫૨
નિઝામ ૩૩, ૩૪, ૩૮
નિઝામઅલી ૩૩, ૩૬, ૮૮
નિઝામ-ઉલ-મુલ્ક (નિઝામુલ્મુલ્ક) ૩૧, ૨૨૫-૨૨૬
નિઝામુદ્દીન ૨૩, ૨૩૪, ૨૮૪
નિઝામુદ્દીન શેખ વલદે શેખ મહમદ યાહ્યા ૩૧૧
નિત્યાનંદ ૩૧૭
નિરાંત ભગત ૩૦૨, ૩૨૦
નિષ્કુળાનંદ સ્વામી ૩૧૮-૩૧૯
નીમા પારેખ ૪૦૦
નૂરુદ્દીન નજમુદ્દૌલા ૧૧
નૂરુદ્દીન હુસેન કાઝી ૭
નેકનામખાન ૮૦
નેમવિજય ૩૦૬
પટવર્ધન, પી. એન. ૩, ૧૪૦, ૪૧૨
પટવા, કપૂરચંદ રિખવદાસ ૩૫૬
પટેલ, એન. એન. ૩૬૧
પટેલ, કહાનદાસ ૩૩૯
પટેલ, બળદેવભાઈ ૩૭૧
પટેલ, વાઘજી ૬૧
પટેલ, હેમાળા ૩૯૪
પતરામલ માણેક ૧૫૪
પદ્મવિજયગણિ ૨૯૪, ૨૯૬, ૩૦૬
પન્હાલા ૨૯
પરસનીસ, ડી. બી. ૪૧૪
પરીખ, રસિકલાલ ૩૯૪
પલશીકર પંડિત ૧૨૩
પવાર ૩૧
પસો પટેલ ૩૦૬
પંચાલ, ભાનુભાઈ ૩૭૧
પંડયા, જીવણરામ વલ્લભરામ ૧૯
પંડયા, પ્રેમાનંદ ૩૪૪
પંઢરપુર ૧૧૯, ૧૫૨
પાટણ ૧૦, ૧૨-૧૩, ૪૨-૪૩, ૪૫-૪૬, ૫૮, ૬૦, ૬૫, ૭૪, ૭૮, ૮૦, ૮૮, ૩૨૦-૩૨૧, ૩૨૨, ૩૩૬, ૩૪૦-૩૪૧, ૩૪૮, ૩૫૩, ૩૬૮, ૩૭૧, ૩૮૦

પાદરા ૫૦, ૫૩, ૧૪૮
પારકર ૨૩૯
પાલણપુર–પાલનપુર ૭૧–૭૨, ૨૧૮–૨૨૧, ૨૪૦, ૨૮૯, ૩૫૨
પાલીતાણા ૩૫૩
પાવાગઢ ૩૮, ૫૧, ૧૧૦–૧૧૧, ૧૬૪
પાસરે ૬૦
પાળિયાદ ૩૫૧, ૩૬૩
પાંડુરંગ પંડિત ૬૬
પિપલાણા ૩૧૭
પિલાજીરાવ ગાયકવાડ ૫, ૩૮–૪૨, ૪૭–૫૪, ૬૧, ૧૨૩, ૨૮૫
પીજ ૩૦૨
પીપળી ૩૫૩
પીરમિંયા ૨૩૮
પીરોજખાન ૨૨૦, ૨૪૨
પુણે–પૂના ૨, ૬, ૧૪, ૧૭–૧૮, ૨૧, ૨૮–૨૯, ૩૩–૩૫, ૫૭, ૬૦, ૬૮–૭૦, ૭૨, ૭૪, ૭૭, ૭૯–૮૦, ૮૭, ૮૯–૯૧, ૯૩–૯૬, ૧૦૪, ૧૦૬, ૧૧૧, ૧૧૫–૧૨૧, ૧૨૩, ૧૨૭–૧૨૯, ૧૩૧, ૧૩૩–૧૩૪, ૧૪૦–૧૪૧, ૧૪૯–૧૫૦, ૧૬૦, ૧૬૨, ૧૬૩, ૧૬૭, ૨૨૮, ૨૩૨–૨૩૩, ૨૩૭, ૨૫૫, ૨૫૯, ૨૬૮, ૩૨૧, ૩૫૯, ૩૬૦, ૩૯૧, ૪૧૧, ૪૧૪
પુનશી દેવજી ૪૦૪
પુરંદર, કે. વી. ૨, ૨૯
પૂરીબાઈ ૩૨૦
પૂંજાજી ૨૩૯, ૨૪૧
પૂંજા શેઠ ૧૬૯
પૃથુરાજ ૧૭૦
પૃથુસિંહજી ૨૪૫
પૃથ્વીરાજજી (રંજો) ૨૪૩
પેટલાદ ૪૪, ૫૫, ૬૮, ૮૧, ૮૨, ૧૦૭, ૧૫૭, ૧૬૫, ૨૨૧
પેડ્રો, ડી. (૩ જો) ૨૭૩
પેથાપુર ૨૪૧–૨૪૨, ૩૫૩
પેથુજી ૨૪૧
પોરબંદર ૬૭, ૧૪૪, ૧૭૯, ૨૧૮, ૨૭૦, ૨૭૨, ૨૮૫, ૨૮૭, ૩૬૯, ૩૭૧, ૪૦૭
પોળો ૨૪૧
પોંડિચેરી ૩૫, ૨૭૩
પ્રતાપસિંહ ૨૯૮–૨૯૯
પ્રથમસિંહજી (ભાદરવા) ૨૪૨
પ્રભાસપાટણ ૨૧૮, ૩૨૦, ૩૪૯
પ્રાઈસ ૧૨૭
પ્રાગજી ૨૪૨
પ્રાગો–પ્રાગજી–પ્રાગદાસ ૩૦૧
પ્રાણકુંવર ૩૩૬, ૩૪૮
પ્રાણનાથ (ઇંદ્રાવતી) ૩૨૦
પ્રાંતીજ ૧૫૬
પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઈ ૩૭૦, ૩૭૮
પ્રીતમ–પ્રીતમદાસ ૩૦૧, ૩૨૦, ૩૪૪, ૩૯૨
પ્રીતિસાગર ૨૯૫
પ્રેમચંદ ઝવેરચંદ ૩૫૫
પ્રેમચંદ રાયચંદ શેઠ ૪૦૫
પ્રેમવિજયજી ૨૯૫

પ્રેમાનંદ ૨૯૯, ૩૧૯, ૩૯૨
ફખ્રુદ્દીન ૫૬, ૨૩૧
ફતેહઅલીખાન નવાબ ૨૨૪
ફતેહખાન બલૂચ ૨૪૦
ફતેહમામદ ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૪–૧૭૬, ૩૩૮
ફતેહમુહમ્મદ ૧૧
ફતેખાનજી ૨ જો ૨૨૦, ૨૨૧
ફતેહસિંહ ગાયકવાડ (૧ લો) ૭, ૧૭, ૨૧, ૬૧, ૮૯–૯૧, ૯૩–૯૬, ૯૮–૯૯, ૧૦૧, ૧૦૩–૧૦૫, ૧૨૩, ૧૨૭–૧૩૩, ૧૬૦–૧૬૨, ૨૨૩–૨૨૪, ૨૨૬, ૨૩૬, ૨૪૩, ૨૬૯, ૩૧૩, ૩૨૦, ૩૪૧, ૩૪૮
— (૨ જો) ૧૧૨, ૧૧૭–૧૧૯, ૧૩૪, ૧૪૦–૧૪૨, ૧૪૯–૧૫૭, ૧૬૫, ૧૭૬, ૧૭૮
ફરામજી માણેકજી વાડિયા ૪૦૩
ફર્રુખસિયર ૩૧૩
ફર્રુખાબાદ ૩૪
ફારીસખાન ૨૩૨–૨૩૩
ફાર્બસ (ફોર્બ્સ), જેમ્સ ૩, ૨૦, ૬૪, ૧૦૩, ૨૭૯, ૨૮૨–૨૮૩, ૩૩૫
ફીદાઉદ્દીન ૫૫
ફીરોઝ ૩૨૮
ફીરોઝખાન ૨૪૦
ફીરોઝ બિન કાવસ ૬, ૩૧૨
ફેદરા ૩૫૩
ફૉરેસ્ટ, ડબલ્યુ જી. ૩, ૪૧૩
ફૉર્બ્સ, જેમ્સ (જુઓ ફાર્બસ, જેમ્સ)
ફોસ્ટર, વિલિયમ ૩
બખ્શૂમિયા બિન શેખ હામિદ ૫
બગદાદ ૨૮૦
બગસરા (ભાયાણી) ૨૪૨
બજાણા ૨૦૨
બડોદા જુઓ વડોદરા
બદરુદ્દીન તૈયબજી ૪૦૫
બદરુદ્દીન શેખ ૨૧૭–૨૧૮
બનેસિંહજી ૨૩૬
બમનજી જમારપઆશા ૩૨૮
બરવાળા ૧૭૩, ૩૫૩
બર્જેસ, જેમ્સ ૨૩
બસરા ૨૮૦
બહાદરપુર–બહાધરપુર ૧૦૫, ૧૨૧, ૧૫૫–૧૫૬, ૧૬૩, ૧૬૫
બહાદુરખાન ૨૨, ૨૧૮–૨૧૯, ૨૭૧
બહાદુરપુર (ખાનદેશ) ૫૬
બહાદુરશાહ ૨૬૬, ૪૦૮
બહિયલ ૬૬, ૭૩, ૭૭
બહુચરાજી ૩૪૯
બહેરામજી જીજીભાઈ છાપગર ૪૦૩
બંસીલાલ હીરાલાલ ૩૭૧
બાગલાણ ૩૧
બાજીરાવ પેશવા (૧ લો) ૩૧, ૩૭, ૪૦–૪૧, ૫૧, ૬૧, ૨૨૮, ૨૯૩
— (૨ જો) ૧૭, ૩૫, ૩૬, ૧૦૨–૧૦૩, ૧૦૫–૧૦૬, ૧૦૯, ૧૧૮–૧૧૯, ૧૩૫, ૧૩૭, ૧૫૨, ૧૬૫
બાનાજી, ડી. આર. ૩
બાપજી પંડિત ૯૮–૯૯
બાપુ કમાવીસદાર ૧૧૦
બાપુ કાશી ૨૨૫

બાપુ ગાયકવાડ ૩૦૧
બાપુ નારાયણ ૭૯
બાપુ મૈરાળ ૧૪૯
બાબરા ૧૭૩, ૨૪૫
બાબાજી આપાજી ૧૮, ૧૦૨, ૧૦૮, ૧૧૨, ૧૧૪, ૧૩૭, ૧૩૮, ૧૪૨–૧૪૪, ૧૪૮–૧૪૯, ૧૬૬, ૨૨૪–૨૨૫, ૨૩૯, ૩૪૧, ૩૪૩, ૩૪૯
બાબાજીપુરા ૨૪૫
બાબુરાવ ૬૫
બાયઝીદખાન ૨૧૯
બારડજીબાઈ ૨૧૯
બારપુવાડા ૨૪૫
બારોટ, બહાદરસિંગ જનકરણસિંગ ૩૪૦
બાર્નવેલ કર્નલ ૨૮૮
બાલકુંવર ૨૩૯
બાલંભા ૧૭૩, ૧૭૫
બાલાજી બાજીરાવ ૩૨, ૫૬, ૫૯, ૬૪, ૬૮, ૭૭, ૭૯, ૮૭, ૧૦૬, ૨૬૦
બાલાજી યામાજી ૫૬
બાલાજીરાવ ૭૨, ૭૫, ૮૨
બાલાજી લક્ષ્મણ ૧૫૫, ૧૬૪
બાલાજી વિશ્વનાથ ૩૧, ૩૭–૩૮, ૪૪–૪૫
બાલાપુર ૪૮
બાલારામ ૨૩૭
બાવામિયાં ૨૧૮
બાંટવા ૨૧૭–૨૧૮, ૨૯૦
બિજાપુર ૨૮–૨૯, ૮૮, ૧૬૩
બિદારબખ્ત ૨૬૭
બિલપાડ ૨૩૪
બિલાસખાં ૩૮૫
બીલખા ૨૩૯
બીલીમોરા ૬૧
બુદ્ધિસાગર, મુનિ ૨૩–૨૪
બુરહાનપુર ૩૦, ૪૭, ૯૧
બુર્શિયર ૭૨
બેગલરખાન ૨૩૦–૨૩૧
બેચર માણેકદાસ ૧૫૪
બેટ શંખોદ્ધાર (બેટદ્વારકા) ૮, ૧૬૫, ૩૪૯–૩૫૦
બેડી ૨૮૭
બેરોનેટ, ચીનુભાઈ માધવલાલ ૩૪૮
બેલા ૧૭૪
બેલેન્ટાઈન કર્નલ ૧૪૮, ૧૫૪, ૨૩૮
બૈજુ (બૈજનાથ) ૩૮૮
બોરસદ ૫૫–૫૬, ૧૦૬, ૧૩૬, ૨૨૧
બ્રહ્માનંદ ૩૯૨
બ્રહ્માનંદ સ્વામી ૩૧૮–૩૧૯
ભગવંતરાય ખત્રી, ૨૦, ૨૯૬
ભગવંતરાય શિવરામ ૧૦૧, ૧૦૪
ભગવંતરાવ ગાયકવાડ ૧૧૧, ૧૧૬–૧૧૮, ૧૨૦, ૧૩૬, ૧૪૧, ૧૫૦, ૧૫૨, ૨૨૧
ભગવાન ૭૭–૭૮, ૮૧–૮૨
ભગવાનસિંહજી ૨૩૬
ભડલી ૧૭૩, ૨૩૮–૨૩૯
ભદ્રેશ્વર ૯
ભરત મુનિ ૩૯૧
ભરુકચ્છ ૩૮૫
ભરૂચ ૬–૭, ૧૦, ૧૨, ૧૫, ૨૦,

૩૦, ૩૭, ૪૪–૪૫, ૪૯–૫૦, ૫૫, ૫૭, ૮૦, ૯૬–૯૮, ૧૦૩–૧૦૪, ૧૧૦–૧૧૧, ૧૨૮, ૧૩૩, ૧૩૫, ૧૪૮, ૧૫૯–૧૬૧, ૧૬૪, ૨૨૨, ૨૨૫–૨૨૮, ૨૭૨, ૨૭૫, ૨૮૨–૨૮૩, ૩૦૧, ૩૧૧, ૩૧૬, ૩૨૭, ૩૩૧–૩૩૪, ૩૪૨, ૩૫૨, ૩૫૮, ૪૦૩

ભવાન ૩૦૪

ભવાન ખવાસ ૧૭૨, ૧૭૪

ભવાનીશંકર રાય ૩૧૩

ભવાની શિવરામ ૧૭, ૧૦૧

ભાઉ સાહેબ ૧૮

ભાખરજી ૨૪૨

ભાગવત ગોસ્વામી ૩૪૭

ભાગળ ૩૫૨

ભાડલા ૧૭૩, ૨૩૯

ભાણજી ૨૪૫

ભાણદાસ ૩૯૨

ભાણવડ ૧૭૫, ૧૭૭

ભાણવિજય ૩૦૬

ભાદરવા ૨૪૨

ભાભોજી (ગજસિંહ) ૭૩

ભાયલી ૫૦

ભારમલજી (૨ જો)–જાડેજા–કચ્છ ૧૭૨, ૨૭૦

ભારમલજી ૧ લો (ભાદરવા) ૨૪૨

– ૨ જો ૨૪૨

ભારમલ પરબત ૪૦૫

ભારે ૪૮

ભારોજી ૨૪૫

ભાલજ ૧૬૫

ભાવનગર ૯૨, ૧૧૪, ૧૪૬, ૧૭૪, ૨૨૩, ૨૩૯, ૨૪૪, ૨૭૧, ૨૮૮, ૩૧૩, ૩૨૨, ૩૫૩, ૩૫૫, ૩૬૦, ૩૭૧

ભાવસિંહજી ૨૪૪

ભાસ્કરપરા ૨૪૫

ભાસ્કરરાવ ૧૩૩, ૩૪૨

ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પૂના ૩૯૧

ભિમોરા ૧૭૯

ભીખમજી ૩૨૨

ભીમખોજા ૨૧૭

ભીમજી ૧૭૭

ભીમજી જીવણજી ૪૦૫

ભીમજી પારેખ ૪૦૦

ભીમદેવ ૪૦૮

ભીમરાજ ૩૦૬

ભીમશંકર ૧૫૪

ભીમસિંહજી ૧ લો (કડાણા) ૨૩૬

--૨ જો ૨૩૬

ભીમસી રતનસી ૪૦૪

ભીમોજી ૨૪૩

ભીલાપુર ૪૧, ૫૨, ૯૪

ભુજ ૧૦–૧૨, ૧૬, ૧૭૦, ૧૭૨, ૨૯૯, ૩૫૧, ૩૫૩, ૩૫૬–૩૫૭, ૩૮૪

ભૂતિયા વાસણા ૩૬૩

ભૂપતસિંહજી ૧૭૭

ભૂપાલજી ૨૪૨

ભૂમાનંદ ૩૧૯

ભૃગુપુર ૨૯૬
ભેટાસી ૨૩૪
ભોજરાજજી ૨૩૬–૨૩૭, ૨૪૨
ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ ૩૭૭, ૩૭૯, ૩૮૧
ભોજો ૩૨૦
મકબૂલાબાદ ૪૯, ૭૯
મગનલાલ વખતચંદ ૯૯, ૧૦૧–૧૦૨, ૨૭૭, ૨૯૧
મજમૂદાર, મંજુલાલ ૩૯૨
મજમૂદાર મણિશંકર જયશંકર ૨૩
મઝ્દખાન ૨૨૬
મણિલાલ જુગલદાસ ૪૦૩
મદેસિંહજી ૨૩૬
મદ્રાસ ૩૨૭
મનચેરજી જીવણજી શેઠ ૧૦૨
મનરા (મુંદ્રા) ૨૯૪
મનુભાઈ ૧૨૩
મનોહર સ્વામી ૩૦૫
મમદપુર ૩૫૨
મયજુલ્લા ૩૯૨
મયાચંદ ૩૦૬
મયાભાઈ ૨૪૪
મયાભાઈ હેમાભાઈ ૪૦૫
મયારામ ભોજક ૩૦૬
મયારામ મેવાડી ૩૦૪
મલબાર ૨૮૭
મલૂકચંદ ૧૮
મલેક ઈસા ૨૪૪–૨૪૫
મલેક રેઝા ૬૮
મલેક લાખા ૨૪૪–૨૪૫
મલેક હૈદોજ (હૈદરખાન) ૨૪૨
મલેક હૈદરખાન ૨૪૪
મલ્હારરાવ ગાયકવાડ ૧૦૫, ૧૦૮–૧૦૯, ૧૩૫, ૧૩૮–૧૩૯, ૧૪૩, ૧૬૨–૧૬૩, ૨૧૮, ૨૩૬, ૩૩૯, ૩૪૨, ૩૪૪
મલ્હારરાવ હોલ્કર ૩૧, ૩૬, ૮૭
મમજીદ સીદી ૨૩૨
મહમદ સાલેહ ૨૫૩–૨૫૪
મહમૂદખાન શેખ ૨૩૦
મહમદ બેગડો ૨૨૮, ૨૩૪–૨૩૫, ૨૪૦, ૨૪૪
મહમૂદ ૩ જો સુલતાન ૧૫
મહમ્મુદ (મુહમ્મદશાહ) ૨૯૭
મહંમદ પૈગંબર ૨૬૭, ૩૨૪
મહાદજી સિંધિયા ૩૩–૩૫, ૯૭, ૧૩૨
મહાનંદ ૩૦૬
મહાબતખાન ૪૭, ૧૭૮
મહાવીર ૨૯૭
મહીપતરાવ ૭૬
મહુધા ૧૪૨
મહુવા ૨૮૭
મહેતા, ઉદયશંકર મંગળજી ૩૪૮
મહેતા, જગજીવનરામ ૧૭૨
મહેતા, તુલજાશંકર ૭
મહેતા, નાનાભાઈ ૩૧૨
મહેતા, માનશંકર પીતાંબરદાસ ૩૧૩
મહેતા, સારાભાઈ બાપાભાઈ ૫, ૭

મહેરજી ૨૪૨
મહેરામણજી ૧૭૮
મહેસાણા ૩૯, ૩૫૬
મંગલદાસ નથુભાઈ ૪૦૪
મંગળ પારેખ ૧૩૭
મંછા ભાઈયા ૨૪૨
મંછારામ ૩૦૫
મંજુકેશાનંદ ૩૧૯
માણાવદર ૨૧૮
માણિક્યસાગર ૩૦૬
માણેક, દયાચંદ મયાચંદ ૩૫૫
માણેકજી ૪૦૧
માણેકજી નવરોજજી શેઠના ૪૦૧
માણેકજી નશરવાનજી પીટીટ ૪૦૪
માણેકજી મનચેરજી ૪૦૨
માતર ૧૪૨, ૧૬૪
માધવ ( માધવરાવ ૧ લા ) ૨૯૩
માધવજી ધરાજી ૪૦૪
માધવરાયજી ૩૫૦
માધવરાવ તાત્યા મજૂમદાર ૧૪૯
માધવરાવ ૧ લા ૧૭, ૩૩, ૫૯, ૬૦, ૮૨, ૮૭, ૮૮, ૧૨૮, ૧૫૯, ૨૬૦
—૨ જા (સવાઈ) ૧૭, ૩૪, ૩૫, ૯૧, ૧૯૨, ૧૦૫, ૧૬૦, ૧૬૧, ૨૬૦
માન ૨૪૩
માનવિજય ૩૦૬
માનસિંહ ૩૮૮
માનાજી ૧૭
માનાજીબા–માનાજી બાબા ૧૦૧, ૧૨૩
માનાજીરાવ ૧૫, ૧૦૪, ૧૩૩–૧૩૪, ૧૬૨, ૨૨૪, ૩૪૯
માયસોર ૩૫
માલપુર ૨૪૩
માલેટ ૧૩૨, ૨૨૮
માલોજી (મહાદજી) ૫૩
માસિંગજી–માસિંહજી ૨૩૭
માળવા ૩૧
માળિયા–મિયાણા ૧૪૪, ૧૪૭, ૧૫૭, ૨૪૩
માળિયા–હાટીના ૨૧૭
માંગરોળ ૨૧૭, ૨૧૮, ૨૮૭, ૨૯૦, ૩૧૭
માંડવા ૨૩૮
માંડવી ૮, ૨૧૭, ૨૮૭, ૨૯૪, ૩૪૨, ૩૫૩
માંડુજી ઢમઢેરે ૧૪૯
મિયાણા ૧૪૭
મિયાં અચ્ચન (મોહીનુદ્દીન) ૨૩૦–૨૩૪
મિયાંગામ ૬૮, ૩૫૨
મીઠાલાલ ૩૧૦
મીર કમાલુદ્દીન ૧૩૭
મીરઝા અબ્દુલ્લાકી ૧૧
મીરઝા અમીનબેગ ૧૩
મીરઝા બેગ ૨૨૫, ૨૨૬
મીરઝા મુહમ્મદ ઝમાન ૧૧
મીર ઝિયાઉદ્દીન ૨૩૦
મીર નજમુદ્દીન ૬૮
મીર ફતેહઅલી ૮
મીર મુહમ્મદ ફઝલે હુસેનખાન હમદાની ૫
મીર હૈદર ૨૩૨
મુકુંદરાય ૩૧૦
મુકુંદરાવ ૧૩૮

મુક્તાનંદ ૩૦૧, ૩૧૭, ૩૧૯
મુખત્યારખાનજી ૨૧૬
મુગટરામ દલપતરામ ૧૯
મુઘલબેગ ૨૨૬
મુજાહિદ (સૈયદ અહમદ સરહિંદી) ૩૨૫
મુજાહિદખાન ૨૧૯, ૨૪૦
મુઝફ્ફર ગારદી ૨૩૩
મુઝફ્ફરશાહ ૨૭૧
મુનશી, જશવંતરાય ૩૧૦
મુનશી, નંદલાલ ૬, ૩૧૩
મુનશી, ભાલચંદ્ર ૩૧૩
મુફતખીરખાન ૫૫
મુબારીઝખાન ૨૨૦
મુરારરાવ ૧૨૩
મુહમ્મદ અબૂદ ૧૪૯
મુહમ્મદઅલી ૨૨૯
મુહમ્મદ ઉમર કોકિલ ૨૩
મુહમ્મદ કાસમ બિન અબ્દુર્રહમાન
ખુદ્દા ૩૬૧
મુહમ્મદ કાસીમ ૨૩૨
મુહમ્મદ કુલીખાન ૨૨૪
મુહમ્મદખાન ૭૦, ૭૫, ૭૮, ૮૧,
૮૨, ૮૪, ૩૨૧
મુહમ્મદ જહાં હબશી ૭૫-૬, ૭૮, ૮૦
મુહમ્મદ ઝમાન ૭૨
મુહમ્મદ દૌરાન ૬૯
મુહમ્મદ પયગંબર જુઓ મહંમદ
પૈગંબર
મુહમ્મદ ફઝલે હુસેનખાન હમદાની મીર
૩૧૧
મુહમ્મદ બહાદુરખાન ૭૧
મુહમ્મદ, બાદશાહ ૨૩૮
મુહમ્મદ બિન અબ્દુલ વહાબ ૩૨૫
મુહમ્મદ મહાબતખાન ૭૪
મુહમ્મદ મુર્તઝા કુરેશી મુઝફ્ફરાબાદી
સોરઠી ૩૧૧
મુહમ્મદ રુકને ઉલ્હક્ક ૬૬
મુહમ્મદ લાલ ૪૫, ૮૦
મુહમ્મદ વિકારખાન ૨૩૦, ૨૩૧
મુહમ્મદશાહ ૨ જો ૨૦, ૩૮, ૨૨૫,
૨૬૭, ૨૬૮, ૨૭૦, ૨૭૫, ૩૧૩
મુહમ્મદ શેર ૨૪૦
મુહમ્મદ સરદાર ૭૮
મુહમ્મદ સૈયદ ૭
મુહમ્મદ હાશમ બક્ષી ૬૮
મુહંમદ પન્ના ૧૬૯
મુંજપુર ૬૦, ૮૮
મુંદ્રા ૨૮૭
મુંબઈ ૨૦, ૨૨, ૨૩, ૩૫, ૭૭, ૯૭,
૧૧૨, ૧૩૩, ૧૫૩, ૧૫૫, ૨૨૩,
૨૨૫, ૨૨૭, ૨૩૧, ૨૩૩, ૨૩૪,
૨૬૭, ૨૭૩, ૨૭૪, ૨૮૭, ૩૨૧,
૩૨૭, ૩૩૩, ૩૩૫, ૩૯૯, ૪૦૨,
૪૦૫
મૂલદાસ મહાત્મા ૩૦૧
મૂલુજી ૧૭૯
મૂળજી જેઠા ૪૦૪
મેકમર્ડો ૧૭૧, ૧૭૨, ૩૩૯, ૩૪૦,
૩૮૪
મેઘજી શેઠ ૧૭૦
મેઘરાજજી ૨૪૦
મેપડા ૨૨૦

મેરામણ ૧૭૨, ૧૭૩, ૧૭૪, ૨૩૯
મેરિયા ૧ લી ૨૭૩
મેરુ ખવાસ ૧૬૯, ૨૧૮
મેરુતુંગ ૨૦, ૨૯૭
મૅલેટ ૯૨
મેવાસ ૨૨
મેવાસા ૨૩૯
મેંદરડા ૨૩૯
મોકોજી ૨૪૫
મોઝાંબિક ૨૮૭
મોટાલાલ ૨૩૮
મોડજી ૧૭૭, ૨૪૩
મોડાસા ૭૧, ૨૪૩
મોઢેરા ૧૪૨
મોતીચંદ ૨૯
મોતીચંદ મોતીશા ૪૦૪
મોતીચંદ શિવચંદ ૩૫૫
મોનપુર ૧૪૬
મોબેદ ફરદુનજી મરઝબાનજી ૪૦૨
મોબેદ ફરામરોઝ રુસ્તમ ખોરશેદ ૩૧૨
મોમીનખાન ૧ લા ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૫૪, ૫૫
—૨ જા ૧૩, ૫૮, ૫૯, ૬૫–૭૦, ૭૨, ૭૭, ૮૦–૮૩, ૨૨૧–૨૨૪, ૨૨૬, ૨૮૧, ૨૮૨
મોરબી ૧૪૪, ૨૪૩, ૨૪૫, ૨૮૧, ૨૮૮, ૩૫૩
મોરારજી ગોકુલદાસ ૪૦૭
મોરારરાવ ૧૬૩
મોરો દીક્ષિત ૧૫૫, ૧૬૪
મોલીં ૨૨૭
મોહમદી બાગ ૨૩૧
મોહમ્મદ સૈયદ, મીર ૩૦૮, ૩૧૨
યશવંતરાવ ૫૨
યશવંતરાવ દાદા ૧૫૪
યશવંતરાવ દાભાડે ૪૨
યશવંતરાવ હોલ્કર ૩૬
યશોવિજયજી ૨૯૪
યાકુત ૨૨૮
યાકુબખાન ૪૦૦
યાદવરાવ ભાસ્કર ૧૩૬
યેશુબાઈ ૩૦, ૩૪૩
રખમાજી ૨૪૫
રઘુજી ભોંસલે ૩૨, ૩૬
રઘુનાથજી ૧૭૩, ૧૭૫, ૧૭૯
રઘુનાથજી, મુનિ ૩૨૨
રઘુનાથ મહીપતરાવ ૧૨, ૧૦૨, ૧૦૬, ૨૭૯
રઘુનાથરાવ (રાઘોબા–નાના સાહેબ) ૧૭, ૨૧, ૩૩, ૩૪, ૪૫, ૫૮, ૬૦, ૭૭, ૮૭, ૮૮, ૮૯, ૯૧–૯૮, ૧૦૨–૧૦૫, ૧૨૬, ૧૨૮–૧૩૦, ૧૩૫, ૧૩૬, ૧૫૯–૧૬૧, ૨૨૩, ૪૧૩
રણછોડ ૩૯૨
રણછોડજી દીવાન ૪, ૬, ૧૭૩, ૧૭૬, ૨૧૭, ૩૨૦
રણછોડજી (ધીંગડજી) ૩૦૪
રણછોડદાસ ૬૯, ૭૧, ૩૧૦
રણધીરસિંહજી ૨૪૩
રણમલ ૬૮, ૧૭૮, ૨૭૨
રણમલ્લ ૧૭૭

રતન શેઠાણી ૩૪૫
રતનસિંહ ભંડારી ૪૩, ૫૩–૫૫
રત્નમણિરાવ ૧૦૨
રત્નવિમલ ૩૦૬
રત્નસાગરજી ૩૫૬
રત્નાગિરિ ૩૪
રસૂલાબાદ ૨૨૯
રંગવિજય ૨૦, ૨૯૬, ૩૦૬
રંગોજી ૪૩, ૪૪, ૫૪, ૫૬
રાઘવ (રઘુનાથરાવ) ૨૯૩
રાઘવદાસજી ૨૩૬
રાઘુ રામચંદ્ર ૧૩, ૧૮, ૭૮, ૧૦૨ ૨૭૯
રાઘુશંકર ૮૧
રાઘોજી ૨૨૧
રાઘોબા જુઓ રઘુનાથરાવ.
રાજકોટ ૧૪૪, ૧૭૪, ૧૭૮, ૨૩૭, ૨૩૯, ૨૮૮
રાજગઢી ૧૭૦
રાજનગર (અમદાવાદ) ૨૯૪–૨૯૬
રાજપીપળા ૪૯, ૫૯, ૨૩૭
રાજરત્ન ૩૦૬
રાજવાડે, વિ. કે. ૪૧૨
રાજશંકર ૭, ૩૧૨
રાજશેખર ૩૮૬
રાજસબાઈ ૩૧
રાજારામ ૨૯, ૩૦, ૩૭, ૪૭
રાજા રામદેવ ૪૦૬
રાણકદેર ૨૪૧
રાણપુર ૧૦૭, ૧૩૬, ૧૭૬, ૨૯૦, ૩૭૧
રાણા કંડોરણા ૨૧૮
રાણીંગ વાળા ૧૪૬
રાણોજી (કટોસણ) ૨૩૬
રાણોજી (વળા–વલભીપુર) ૨૪૪
રાણોજી સિંધિયા ૩૧
રાધનપુર ૮, ૧૦, ૧૨, ૨૨, ૪૫, ૪૯, ૬૦, ૮૮, ૧૬૯, ૧૭૮, ૨૩૫, ૨૪૦–૨૪૧, ૨૮૯, ૨૯૪, ૩૭૧
રાનેર (રાંદેર) ૨૯૩
રામકૃષ્ણ મહારાજ ૩૪૪
રામચંદ્ર ૫૭, ૩૦૬
રામચંદ્ર કશન ૧૦૨
રામચંદ્ર કૃષ્ણ ૨૮૧
રામચંદ્ર બળવંત ૫૬
રામનગર ૨૯
રામબાઈ ૨૮૧
રામ રાજા ૩૪, ૪૪
રામરાવ શાસ્ત્રી ૯૦, ૧૨૬
રામવિજય ૩૦૬
રામ શાસ્ત્રી ૨૯૪
રામસિંહજી ૨૩૫
રામાનંદ ૨૯૯
રામાનંદ સ્વામી ૩૧૭
રામાનુજાચાર્ય ૩૧૮
રાયગઢ ૨૯
રાયચંદ ૩૦૬
રાયધણજી ૨ જા, રાવ ૧૫, ૧૬૯–૧૭૨, ૧૭૪–૧૭૫, ૨૭૦, ૩૫૧, ૩૬૩, ૩૮૪
રાયધરજી ૨૪૨

રાવજી આપાજી દીવાન ૧૦૪, ૧૦૬–૧૦૮, ૧૧૦, ૧૧૨, ૧૩૪, ૧૩૬–૧૪૦, ૩૪૩
રાવબા દાદા ૧૦૬
રિચાર્ડ્સ ૨૮૪
રીરી ૩૮૮
રુક્ આતે ગિરધારીમલ ૬
રુકનુલ્હક કાજી ૧૨, ૨૫૩
રુદ્રદામા ૩૮૬
રુસ્તમ અલી ૩૯
રુસ્તમ અલીખાન ૫૦, ૬૧
રુસ્તમજી કેરશારપજી ૩૯૯, ૪૦૧
રુસ્તમજી બહેરામજી સંજાણા ૩૨૮,
રૂઘનાથદાસ ૩૯૨
રૂપજી ધનજી ૩૯૯, ૪૦૪, ૪૦૯
રૂપવિજય ૩૦૭
રૂપસિંહજી ૨૩૮
રૂપાલ ૨૪૧
રેવાશંકર વૈષ્ણવ ૩૦૨
રેવાશંકર શાસ્ત્રી ૩૮૬
રેહાટ્સેક, ઈ. ૨૩
રોમટ ૨૯૬
લક્ષ્મીદાસ કારભારી ૧૭૨
લક્ષ્મીશંકર શાસ્ત્રી ૩૭૧
લખધીરજી ૨૪૨
લખતર ૨૪૫
લખપતજી ૬૯, ૧૬૯, ૨૮૭, ૩૫૧, ૩૫૬–૩૫૭, ૩૬૩
લબ્ધિવિજય ૩૦૬
લલ્લુભાઈ ૨૨૭
લવજી નસરવાનજી વાડિયા ૨૮૭, ૪૦૦–૪૦૧
લંડન ૨૩, ૩૧૩
લાકડિયા ૩૫૩
લાખાજી, રાવ ૩૫૧
લાખોજી, જામ ૧૭૨, ૧૭૮
લાડબીબી ૫૧
લાડોલ ૩૫૩
લાલચંદ ૩૦૬
લાલજી મહારાજ ૩૪૨
લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર ૩૭૭–૩૭૯, ૩૮૧
લાલમિયાં ૨ જો ૨૩૮
લાંઘણજ ૩૫૩
લીમદેવજી ૨૩૬
લીંબડી ૭૨, ૨૨૧, ૨૩૬, ૨૯૪,
લુણાવાડા ૭૦, ૭૪–૭૬, ૮૧
લુબિન, મોં. દ. સેંટ ૯૬
લૂણકરણ ૨૪૨
લેગ્બે ૨૩૨
લોખંડવાલા ૨૩
લોણાવલા ૪૪
લોથલ ૩૮૫
લોદ્રા ૩૫૩
લોહગઢ ૪૪, ૫૭
લોહેજ ૩૧૭
લ્યૂથર, માર્ટિન ૩૩૪
વખતચંદ ખુશાલચંદ ૧૮, ૨૭૯, ૨૨૨
વખતસિંહજી (જોધપુર) ૨૩૫
વખતસિંહજી રાવળ (ભાવનગર) ૧૭૪, ૨૩૯, ૨૭૧

વજેરોજી ૨૪૦
વજેકરણ ૨૪૧
વજેસિંહજી ૨૩૮, ૨૪૨
વજોજી ૨૩૯
વટવા ૨૮૦
વડગાંવ ૩૫, ૯૭
વડતાલ ૨૯૮, ૨૯૯, ૩૧૭
વડનગર ૪૦, ૬૦, ૮૮, ૩૮૦, ૩૮૮, ૩૮૯
વડોદરા ૨, ૬, ૧૦, ૧૩, ૧૫, ૧૭, ૨૧, ૨૩, ૩૮, ૪૦–૪૨, ૫૦, ૫૧, ૫૩, ૬૬, ૬૮, ૮૨, ૯૦, ૯૧, ૯૪, ૯૬, ૯૮, ૧૦૪, ૧૦૫, ૧૦૮–૧૧૦, ૧૧૨, ૧૧૪, ૧૧૬, ૧૧૮–૧૧૯, ૧૨૭, ૧૨૯–૧૩૦, ૧૩૨, ૧૩૪, ૧૩૫, ૧૩૭, ૧૪૦, ૧૪૧, ૧૪૩, ૧૪૫, ૧૪૭–૧૫૪, ૧૫૭, ૧૬૦, ૧૬૨–૧૬૪, ૧૭૫, ૧૯૪, ૨૨૫, ૨૨૭, ૨૪૫, ૨૪૯, ૨૬૯, ૨૭૯, ૨૮૮, ૩૦૦, ૩૦૧, ૩૨૩, ૩૨૭, ૩૨૯, ૩૩૧, ૩૩૩, ૩૩૪, ૩૩૮, ૩૪૧–૩૪૩, ૩૪૫, ૪૦૬, ૪૧૧
વડોદરા મ્યુઝિયમ ૩૬૮–૩૬૯
—ઇન્ડિયન આર્ટ ગૅલેરી ૩૬૬
વણારસીબાઈ ૩૨૦
વણોદ ૨૪૪
વરજીવનદાસજી માધવદાસ ૪૦૩
વરસિંહ ૨૪૧
વરસોજી ૨૪૦
વરસોડા ૨૪૫
વરિયાવ ૧૩૦
વર્ધમાન મહાવીર ૨૯૪
વલસાડ ૪૯, ૯૬, ૩૫૨
વલિયુદ્દીન નાઝિમ શેખ ૧૨
વલીઉલ્લાહ શાહ ૩૨૪–૩૨૫
વલ્લભદાસ શેઠ ૪૦૫
વલ્લભ મેવાડા (ધોળા) ૩૯૨–૩૯૩
વલ્લભાચાર્ય ૩૦૪
વવાણિયા ૨૮૧, ૨૮૭
વસઈ ૩૪, ૩૫, ૧૦૩, ૧૬૦
વસનજી ત્રીકમજી શેઠ ૪૦૬
વસંતગઢ ૧૨૦
વસાવડ ૨૩૮, ૩૦૧
વસો ૫૦, ૬૧, ૩૭૧
વરતા ૨૮૭
વસ્તુપાલ ૨૯૭
વળા–વલભીપુર ૧૪૬, ૨૪૪
વંથળી ૫૬
વાગડ ૧૭૨, ૨૪૩, ૩૩૮
વાઘજી દીવાન ૧૬૯, ૧૭૭
વાઘપુર ૩૫૩
વાઘસિંહજી ૨૪૩
વાઘોજી ૨૧૮
વાજસૂર ખાચર ૧૭૩, ૨૩૯
વાટુ ૨૪૫
વાડ, જી. સી. ૪૧૨, ૪૧૪
વાડાસિનોર ૨૨, ૪૫, ૫૩, ૭૦, ૭૫, ૭૬–૮૦, ૮૨
વાતમ ૩૫૨
વારાહી ૨૪૪, ૨૪૫
વાલેવડા ૨૪૪

વાલોડ ૨૫૭
વાસણજી મારુજી ૩૪૪
વાસદ ૯૧, ૨૪૨
વાંકાનેર ૧૭૫, ૩૫૧, ૩૫૩
વાંસદા ૧, ૧૧૦
વિજય ૨૯૫
વિજયદુર્ગ ૩૪
વિજયપુર ૨૯૫
વિજયલક્ષ્મીસૂરિ ૨૯૫
વિજયસૌભાગ્યસૂરિ ૨૯૫
વિજાપુર ૬૦, ૭૧, ૭૩, ૧૪૦, ૧૪૨, ૧૬૪, ૧૬૫, ૩૫૩, ૩૮૦
વિજેપાળજી ૨૪૨
વિઠ્ઠલગઢ ૨૪૫
વિઠ્ઠલ નરસિંહ ૧૧૭
વિઠ્ઠલ નારસિંગ ૧૫૦
વિઠ્ઠલરાવ દેવાજી ૮૧, ૮૨, ૧૧૨, ૧૧૪, ૧૪૩, ૧૪૪, ૧૪૬, ૧૬૭, ૩૩૬, ૩૫૦
વિઠ્ઠલરાવ બાલાજી ૧૦૨
વિઠ્ઠલરાવ ભાઉ ૧૪૮
વિઠ્ઠલ શિવદેવ ૪૫
વિદ્યાનંદ સ્વામી શ્રીવાસ્તવ ૧
વિભોજી, જામ ૨૪૫, ૨૭૨
વિલિયમ એન્ડ્રુ પ્રાઈસ ૩૪૦
વિલિયમ કૅરી ૩૩૪
વિલિયમ ફાઇવી, રેવ. ૩૩૪, ૩૩૫
વિલિયમ્સ ૧૬૩
વિશાલવિજયજી ૨૩
વિશ્વાસરાવ ૭૭
વિષ્ણુદાસ ૩૦૨
વિસનગર ૫૯, ૬૦, ૭૧, ૮૪, ૮૮, ૧૩૯, ૩૫૩
વીરજમલજી ૨૪૩
વીરધવલ ૨૯૭
વીરપુર ૭૦, ૭૬, ૨૪૫, ૨૪૬
વીરમગામ ૩૯, ૪૪, ૫૪, ૧૫૬
વીરવિજય ૩૦૬, ૩૨૨
વીરસદ ૬૧
વીરા ભગત ૩૦૨
વીસનગર જુઓ વિસનગર.
વીસોજી ૧ લા (બજાણા) ૨૪૨
—૨ જા ૨૪૨
વીસોજી (વળા-વલભીપુર) ૨૪૪
વૃદ્ધિસાગરસૂરિ ૩૮૨
વેજા જોગિયા ખુમાણ ૨૩૭
વેજો ૨૪૦
વેડરબર્ન ૨૨૭
વેનિસ ૨૮૩
વેરાગામ ૫
વેરાવળ ૧૭૯, ૨૮૭, ૩૫૩
વેલજી માલુ ૪૦૫
વેલજીભાઈ લખમસી ૪૦૬
વેલેસ્લી, લૉર્ડ ૩૫
વેંકાજી ૨૬૮
વૉકર, મેજર ૧૦૮–૧૧૦, ૧૧૨, ૧૧૪, ૧૩૮, ૧૪૦–૧૪૨, ૧૪૪, ૧૪૬–૧૪૮, ૧૫૪, ૧૬૩, ૧૬૬, ૧૬૭, ૧૭૧, ૧૭૫, ૧૭૭, ૧૭૮, ૨૧૮, ૨૨૫, ૨૪૪, ૨૬૩, ૨૮૮
વૉટસન, જે. ડબલ્યુ. ૨૩
વૉરન હેસ્ટિંગ્સ ૯૫, ૧૬૧


વૉલેસ, ડબ્લ્યુ. આર. ૩
વૉલ્ટર ૫
વ્રજલાલ ૬૭
શતાનંદ મુનિ–૨૯૭-૨૯૯, ૩૧૪, ૩૧૭
શત્રુંજય ૮, ૯, ૩૨૨, ૩૪૧, ૩૫૪, ૩૬૪
શમશેર બહાદુર ૧૨
શંખોદ્ધાર બેટ ૩૪૦
શંભાજી ૩૭
શંભુજી ૨૯, ૩૦
શંભુજી ૨ જો ૩૧, ૩૨, ૩૩
શંભુરામ ૪૫, ૬૬, ૬૮, ૮૩
શામળ ૨૨૯, ૨૯૯, ૩૦૦, ૩૨૦
શામળાજી ૩૬૫
શારદાતનય ૩૯૧
શાર્દૂલસિંહજી ૨૩૬
શાસ્ત્રી, કે. કા. ૩૯૧, ૭૯૩
શાહઆલમ ૨ જો ૧૫, ૧૭, ૨૦, ૨૨૮, ૨૪૯, ૨૬૭, ૨૬૮, ૨૭૩, ૨૯૭
શાહજહાં ૧ લે ૨૨
— ૩ જો ૨૬૭, ૨૭૧
શાહજહાનાબાદ ૨૬૭
શાહજી ૨૮
શાહદતખાન ૨૪૫
શાહ, પ્રભુદાસ મકનદાસ ૧૯
શાહ, હકુભાઈ ૩૬૫
શાહિરતખાન ૨૯
શાહુ ૧ લો ૩૦-૩૦, ૪૪, ૫૧, ૫૨, ૫૬, ૬૧
— ૨ જો ૩૪
શાંતિદાસ ઝવેરી ૨૨, ૩૨૨
શિનોર ૯૮, ૧૦૩, ૧૬૩
શિયાનગર ૧૪૬
શિવજી નેણુશી ૪૦૫
શિવદાસ ૪૧૨
શિવદાસ વેલજીસુત ૩૦૫
શિવરામ ગારદી ૧૦૪, ૧૦૬, ૧૧૪, ૧૩૬, ૧૪૩, ૧૭૫
શિવરાય ૨૬૯
શિવાજી ૨૮, ૨૯, ૩૬, ૩૭, ૪૭, ૨૪૮, ૨૬૮, ૨૯૦, ૩૩૨
શિવાજી ૨ જો ૩૦
શિહોર ૪૭, ૩૫૩, ૩૭૧
શુકાનંદ સ્વામી ૩૧૭
શુક્લ, દશરથલાલ ૩૭૧
શુજા ઉદ્દૌલા ૮૦
શુજાતખાન ૩૮, ૩૯, ૫૦, ૬૧
શુલ્ત્ઝ, રેવ ૩૩૪
શેખબહાદુર (શેખૂમિયાં) ૫
શેખમિયાં ૨૧૭
શેરખાન ૭૫
શેરખાનજી ૨૧૬
શેરખાન દીવાન ૨૧૯, ૨૨૦
શેરખાન બાબી ૫૩, ૫૫, ૫૯, ૬૭, ૭૦, ૭૪, ૭૮, ૮૪,
શેલત, જયેંદ્ર ૩૭૧
શેલુકર, આબા ૨૧, ૧૦૫, ૧૦૬, ૧૧૨, ૧૨૩, ૧૩૫, ૧૩૬, ૧૭૪
શેલુકર, કશનરાવ ભીમરાવ ૧૦૨
શેલુકર, કૃષ્ણરાય ૧૨૩

શેલુકર, ભીમરાવ કૃષ્ણરાવ ૨૧
શેષમલજી ૨૪૨
શોભામાજી (હરિદાસ) ૩૦૪
શોભારામ ૩૧૩
શ્રીકંઠ ૩૮૯, ૩૯૦
શ્રીપતરાવ ૨૨૧
સખરોજી ૨૪૨
સગરામ ૧૪૬
સગરામજી ૧૭૯, ૨૩૭
સચીન ૨૨૮
સણુવા ૧૭૧
સતારપુર ૨૪૪
સતારા ૩૦, ૩૪, ૪૭, ૫૬, ૧૫૨, ૩૨૦, ૩૪૩
સતોજી (નવાનગર) ૧૭૪, ૧૭૬, ૧૭૭
સદાશંકર મુનશી ૬૭
સદાશિવ ગણેશ ૯૮, ૧૦૧, ૧૨૩
સદાશિવ દામોદર ૬૬, ૮૩, ૨૨૧
સદાશિવ બલ્લાલ ૬૮
સદાશિવ રામચંદ્ર ૪૫, ૬૪, ૬૫, ૬૭–૭૬, ૭૮, ૭૯, ૮૩, ૮૪, ૨૧૯, ૨૨૨
સદાશિવરામ ૬૬, ૬૮, ૭૭
સદાશિવરાવ ભાઉ ૫૯
સદુબા ૨૧, ૨૭૯
સફદરખાન ૧૧, ૭૧, ૨૩૦–૨૩૨
સમશેરખાન ૨૨૦, ૨૨૧
સમશેર બહાદુર ૭૭
સમી ૫૯, ૬૦, ૮૮
સમૌ ૩૫૩
સયાજીરાવ ગાયકવાડ (૧ લો) ૫૨, ૬૫, ૬૬, ૬૭, ૭૦, ૭૩, ૭૭, ૮૨, ૮૯, ૯૦, ૯૪, ૯૬, ૧૦૪, ૧૨૬, ૧૨૭, ૧૩૦, ૧૩૩, ૧૫૭, ૧૬૨, ૨૨૩, ૨૬૯
સય્યદી લુકમાનજી ૩૨૭
સરકાર, જે. એન. ૨, ૪૧૪
સરખેજ ૭૭, ૨૪૧
સરતાનજી (કોટડા–સાંગાણી) ૨૩૭
સરતાનજી (ભાદરવા) ૨૪૨
સરતાનસિંહજી (કડાણા) ૨૩૬
સરતાનસિંહજી (ભાદરવા) ૨૪૩
સરદારખાન ૨૧૭
સરદારસિંહજી (ખડાલ) ૨૩૮
સરદારસિંહજી (પોળો) ૨૪૧
સરદારસિંહજી (ભાદરવા) ૨૪૩
સરદેસાઈ, ગોવિંદ સખારામ ૧, ૨, ૩૬, ૪૧૧, ૪૧૪
સરધાર ૨૩૯
સરફરાઝઅલી સૈયદ ૧૨
સરબુલંદખાન ૪૦, ૪૧, ૫૧, ૫૨
સરસરામ ૭૪–૭૬, ૮૧
સરસાઈ ૧૭૯
સરસાવ ૨૪૧
સરસિયા ૧૪૬, ૨૧૭
સલાબતખાન ૮૪, ૨૧૬
સલાયા ૨૮૭
સલીમખાન ૨૧૯
સલીમ જમાલ ૬૫, ૬૬
સહજાનંદ સ્વામી ૨૨, ૨૯૭, ૩૧૬, ૩૧૮, ૩૧૯, ૩૩૫

સંખેડા બહાદરપુર ૧૦૫, ૧૦૮, ૧૩૫, ૧૩૯, ૧૬૩
સંગમેશ્વર ૩૦
સંત ૨૩૬
સંતોક ૧૯
સંતોજી ૧૪, ૬૯, ૭૨, ૭૪, ૭૬–૭૯
સંતોજી (માળિયા-મિયાણા) ૨૪૪
સંથાલી ૧૭૩
સાગબારા ૪૯
સાણંદ ૨૪૧
સાદિક ૧૨
સાને, કે. એન. ૨
સામંતસિંહજી ૨૪૧
સામળ પારેખ ૧૩૭
સારસા ૩૪૧, ૩૪૫
સારંગજી ૨૪૨
સારંગદેવ ૩૯૦
સાવલી ૫૨, ૧૨૧, ૧૩૪, ૧૪૯, ૧૫૫, ૧૫૬, ૧૬૫, ૩૦૦
સાંગાજી ૨૨૭
સાંથલ ૨૩૫
સાંથલી ૨૩૮
સિદ્ધપુર ૬૦, ૮૮, ૧૫૭, ૧૬૫, ૩૨૦, ૩૪૯, ૩૯૫
સિદ્ધરાજ ૩૯૨
સિનોર ૧૩૨, ૩૫૨
સિલ્વાસા ૨૭૫
સિંધ ૮
સિંહગઢ ૨૯, ૩૦
સીતારામ દીવાન ૧૧૨, ૧૧૬, ૧૧૮, ૧૪૦, ૧૪૨, ૧૪૩, ૧૪૮, ૧૫૦, ૧૫૧, ૧૫૩
સુજ્ઞાનસાગર ૩૦૬
સુદામડા ૨૩૮
સુદાસણા ૨૧૯
સુધાકલશ ૩૮૬, ૩૯૧
સુપેડી ૩૪૧, ૩૪૯, ૩૫૦
સુરત ૫, ૬, ૧૦–૧૫, ૨૧, ૨૯, ૩૦, ૩૬, ૩૮–૪૦, ૪૫, ૪૯, ૫૦, ૫૭, ૬૦, ૬૯, ૭૧, ૭૨, ૭૪, ૭૫, ૯૨, ૯૪, ૯૫, ૯૮, ૯૯, ૧૦૩, ૧૦૬, ૧૦૮, ૧૦૯, ૧૨૨, ૧૨૭, ૧૨૮, ૧૩૦, ૧૩૮, ૧૫૩, ૧૫૯–૧૬૧, ૧૬૩, ૧૬૪, ૨૨૨, ૨૨૬, ૨૨૮–૨૩૪, ૨૪૮, ૨૬૭, ૨૭૨–૨૭૪, ૨૮૩, ૨૮૪, ૨૮૬, ૨૮૭, ૨૯૫, ૩૦૧, ૩૧૧, ૩૨૦–૩૨૨, ૩૨૭, ૩૨૮, ૩૩૦–૩૩૫, ૩૩૮, ૩૪૦–૩૪૨, ૩૫૨, ૩૫૪–૩૫૬, ૩૬૬, ૩૭૦, ૩૭૧, ૩૮૨, ૩૮૩, ૩૯૯–૪૦૧, ૪૦૩, ૪૦૫
સુરેન્દ્રનગર ૩૮૦
સુરેશ્વર દેસાઈ ૫૧
સુલતાનમિયાં ૨ જા ૨૧૮
સુવ્રત મુનિ ૨૯૮, ૨૯૯
સુંથ ૨૩૬
સુંદરજી ૧૭૭
સુંદરજી નાગર ૩૦૦
સુંદરજી શિવજી ૧૭૬
સુંદરજી સોદાગર ૧૭૨
સુંદરલાલ ૩૦૯

સુંવાળી ૪૦૦
સૂરજમલ્લ (કટોસણ) ૨૩૬
સૂરજમલ્લ ૧ લો–ખજાગુ ૨૪૨
– ૨ જો ૨૪૨
– ૩ જો ૨૪૨
સૂરજસિંહજી (૨ જો)–કડાણા ૨૩૬
સૂરસિંહજી (ખડાલ) ૨૩૮
સેજકજી ૨૪૪
સેડન, સી. એન. ૨૨
સેન ૩૭
સેવકરામ ૪૫, ૬૯, ૭૧, ૭૬,
સૈયદઅલી વજીર ૨૨૯
સોખડા ૧૪૨, ૩૮૪
સોજિત્રા ૫૧, ૩૪૦, ૩૪૪, ૩૫૨, ૩૬૪
સોનગઢ ૩૮, ૪૯, ૫૦, ૫૨, ૯૯, ૧૨૯, ૧૩૦, ૧૩૨, ૧૬૨
સોનવાડી ૨૪૫
સોનાખુખુ ૨૨૦
સોમનાથ ૩૨૧
સોમરાજદેવ ૩૮૬
સોમેશ્વર ૨૪૧
સોયરાબાઈ ૨૯
સોરાબખાન ૨૨૯, ૨૩૦
સૌજન્યસુંદર ૩૦૬
સ્કીનર, જેમ્સ ૩૩૪, ૩૩૫
સ્ટ્રેચી, સર. જે. ૩
સ્પેન્સર ૭૨, ૧૫૯
હઝરત નુરઅલહક ૨૫૩
હઝરત મુર્તજા અલીખાન સૈયદ ૨૨
હઝરત શાહ ભીખન ૬૫
હઠીસિંહ ૪૦૩
હડિયાણા ૧૭૬
હમીદખાન ૩૯, ૪૦, ૪૯–૫૧
હમીરજી ૨૪૨
હમીરસિંહ ૨૪૨
હરકિસનદાસ નરોત્તમદાસ ૪૦૩
હરખજી પટેલ ૩૩૯
હરખાનજી ૨૩૫
હરગોવિંદ ભટ્ટ ૩૦૫
હરપાળજી ૨૩૫
હરપાળ મકવાણો ૨૩૫, ૨૩૭
હરબારામ ૭૭, ૮૨
હરભમજી ૨૪૪
હરસુખરાય ૩૧૦
હરસોલ ૧૫૬
હરિદાસ ૩૦૩, ૩૮૮
હરિદાસ બાવા ૩૫૦
હરિદાસ સૂઈ ૩૦૪
હરિપંત ફડકે ૯૧, ૯૫, ૧૨૯, ૧૪૦
હરિપાલદેવ ૩૯૧
હરિપ્રસાદ પાંડે ૩૧૭
હરિભક્તિ ૧૩૬
હરિસિંહજી ૨૩૭, ૨૩૮
હર્ષવિજય ૩૦૬
હસનમિયાં ૧૭૨
હસોજી મોહિત ૩૭
હળવદ ૭૨–૭૪, ૮૪, ૩૬૫
હંસકુંવર ૧૨
હંસરાજ ૧૭૦
હાજી નુરલ્લા ૬૬
હાજીમિયાં ૨૩૮

હાથસણી ૨૪૦
હાપ ૩૫૩
હાફિઝ અહમદખાન ૨૩૨, ૨૩૩
હાફિઝ ગુલામહુસેન ૧૪૮
હાફિઝ મસઊદખાન ૨૩૧
હાફિઝ સીદી ૨૩૧
હાફિઝુદ્દીન મુહમ્મદખાન ૨૩૧, ૨૩૩, ૩૪૧
હામિદખાન ૧૭૪, ૩૦૨
હાલાર ૪, ૧૭૨, ૧૭૩, ૧૭૬
હાલોજી–જાડેજા ગોંડળ ૧૭૯
હાલોજી–જામ જાડેજા (નવાનગર) ૧૭૩
હાલોજી (પોરબંદર) ૨૧૮
હાંસોટ ૯૮
હિબ્તુલ્લા શેખ ૩૨૬, ૩૨૭
હિમાળોજી ૨૪૧
હિલાલ સીદી ૨૩૨, ૨૩૮
હીરજી જીવણજી રેડીમની ૪૦૧, ૪૦૨
હીરજી વાચ્છા, મોદી ૩૯૯, ૪૦૦
હીરાચંદ રાયકરણ ૩૫૫
હીંગોળજી ૨૪૨
હુસેન સૈયદ ૧૨, ૧૩, ૩૧
હેમાભાઈ વખતચંદ ૪૦૬
હેસ્ટિંગ્સ ૩૫
હૈદરઅલી ૩૩–૩૫
હૈદરાબાદ ૩૬
હોથીજી ૨૩૭
હોરમજજી બહમનજી વાડિયા ૪૦૨
હોર્નબી ૯૭, ૧૩૧





(૧) મુઘલ બાદશાહ મુહમ્મદશાહનાં નામ તથા ખિતાબ દર્શાવતી મહોર (૨) શાહઆલમ ૨ જાની પદ્યશૈલીની મહોર, હિજરી વર્ષ ૧૨૦૨. (૩) શાહઆલમ ૨ જાની 'માનુસ ફોર્મ્યુલા' દર્શાવતી મહોર. (૪) સત જ્યોર્જના ક્રૉસવાળો સોનાનો ભારતીય-ફિરંગી સિક્કો. (૫) ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો પૈસો. ફારસી શબ્દ અદ્દલ, ત્રાજવું તથા હિજરી વર્ષ ૧૨૪૬. (૬) ત્રિશૂળ, ખડ્ગ તથા નાગરીમાં 'રાઉશ્રી દે' દર્શાવતો કચ્છના દેશળજી

૭ ૮

૯ ૧૦

૧૧ ૧૨




(૭) આનંદરાવ ગાયકવાડનો બાબાશી રૂપિયો. (૮) આનંદરાવ ગાયકવાડનો ત્રાંબાનો પૈસો, ફારસીમાં અકબર ૨ જાનું નામ તથા હિજરી વર્ષ ૧૨૨૮. (૯–૧૦) શિવરાઈ પૈસાની બંને બાજુઓ. નાગરીમાં 'રાજાશિવ' અને બીજી બાજુ 'છત્રપતિ' વાંચી શકાય છે. (૧૧-૧૨) ભરૂચના નવાબનો રૂપિયો. અગ્રભાગ(૧૧)માં શાહઆલમ ૨ જાનું નામ, ટંકશાળ-ચિહ્ન, પૃષ્ઠ ભાગ(૧૨)માં ટંકશાળનું નામ-ભરૂચ ફારસીમાં લખેલું છે.

પટ્ટ ૩



આ ૧૩ મલ્હારરાવનો મહેલ, કડી



આ. ૧૪ બાલાજી મંદિર, સુરત



આ. ૧૫ રણછોડરાયજીનું મંદિર, ડાકોર




આ. ૧૯ સતકેવળનું મંદિર, સારસા-ખંભોળજ




આ. ૧૭ કૃષ્ણમંદિર, અમદાવાદ



આ. ૧૮ હાટકેશ્વર મંદિર, અમદાવાદ



આકૃતિ ૧૯ દમાજીરાવની છત્રી, પાટણ



આકૃતિ ૨૦

દરવાજો, ભૂતેશ્વર મહાદેવ, ભૂતિયા વાસણા




આકૃતિ ૨૧

અહલ્યાબાઈનું સોમનાથ મંદિર, પ્રભાસપાટણ

પટ્ટ ૯




આકૃતિ ૨૨ ઊર્ધ્વદર્શન, શિવમંદિર, ચુપેરી




આકૃતિ ૨૩ મંડોવર, મુરલીમનોહર મંદિર, સુપેડી






આકૃતિ ૨૫ લખપતજીની છતરડી, ભુજ




આ. ૨૬ પ્રેમચંદ લવજીની ટૂંક પરનું મધ્યમંદિર, શત્રુંજય



આકૃતિ ૨૭ રતનચદ ઝવેરચંદનું મંદિર, શત્રુંજય

પટ્ટ ૧૪



આકૃતિ ૨૮ લખપતી પીરની દરગાહ, લખપત


પટ્ટ
૧૫



આકૃતિ ૨૯ જમાદાર ફતેહમામદનો રોજો, ભુજ



આ. ૩૦ ગણપતિ, અમદાવાદ



આ. ૩૧ લક્ષ્મીનારાયણ, અમદાવાદ




આ. ૩૨ ઉમામહેશ્વર, અમદાવાદ



આ. ૩૩ વિષ્ણુ, ભૂતિયા વાસણા



આ. ૩૪ કુબેર, પાળિયાદ



આકૃતિ ૩૫ પ્રતીહાર, ભીમનાથ



આ. ૩૬ તાપસ, સોજિત્રા



આ. ૩૭ પાળિયો, શામળાજી



આ. ૩૮ મહિષાસુરમર્દિની, સુરત




આ. ૩૯ ગૌરી મંદિર, બરોડા મ્યુઝિયમ




આ. ૪૦ પદ્માવતી, બરોડા મ્યુઝિયમ



આ. ૪૧ દીપલક્ષ્મી, બરોડા મ્યુઝિયમ



આકૃતિ ૪૨ બાલકૃષ્ણનો ઝૂલો, બરોડા મ્યુઝિયમ



આકૃતિ ૪૩ ઐરાવત, કચ્છ મ્યુઝિયમ, ભૂજ




આ. ૪૪ અંબિકા, બરોડા મ્યુઝિયમ



આ. ૪૬ મહાત્મા ગાંધીજીના મકાનની કોતરણી, પોરબંદર



આકૃતિ ૪૭ થી ૪૯ વાદ્યધારિણીઓ, બરોડા મ્યુઝિયમ



આ. ૪૫ નારીકુંજર, અમદાવાદ



આ. ૫૦ છડીદાર, સુરત મ્યુઝિયમ



આ. ૫૧ 'અઢાર શીલાંગ-રથ'માંનું ચિત્ર, અમદાવાદ



આ. ૫૨ 'દંડકબોલ-દ્વાર'માંનું ચિત્ર, અમદાવાદ




આ. ૫૩ 'સૂર્યસહસ્રનામ સ્તોત્ર'માંનું ચિત્ર, અમદાવાદ



આ. ૫૪ ભીંતચિત્ર, વૈજનાથ મહાદેવ, સોખડા



આ. ૫૫ રાયધણજીનું વ્યક્તિચિત્ર, ભૂજ



આ. ૫૬ હસ્તિયુદ્ધનું દૃશ્ય, અંજાર

પટ્ટ ૩૨



આ. ૫૭ લંકાદહનનું દશ્ય, અંજાર

# ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ
## ગ્રંથમાળાનાં પ્રકાશનો

સંપાદક : પ્રો. ર. છો. પરીખ અને ડૉ. હ. ગં. શાસ્ત્રી

ગ્રંથ ૧ ઇતિહાસની પૂર્વભૂમિકા
(પૃ. ૨૪ + ૬૧૦ + ૩૧ ચિત્રો) ૧૯૭૨ ૯-૭૫

ગ્રંથ ૨ મૌર્ય કાલથી ગુપ્તકાલ
(પૃ ૨૩ + ૬૪૬ + ચિત્રો ૩૫) ૧૯૭૨ ૯-૭૫

ગ્રંથ ૩ મૈત્રક કાલ અને અનુમૈત્રક કાલ
(પૃ ૨૩ + ૫૨૫ + ચિત્રો ૩૫) ૧૯૭૮ -૨૦

ગ્રંથ ૪ સોલંકી કાલ
(પૃ ૩૧ + ૬૨૮ + ચિત્રો ૩૪) ૧૯૭૬ ૯-૫૫

ગ્રંથ ૫ સલ્તનત કાલ
(પૃ. ૩૨ + ૫૭૫ + ચિત્રો ૪૦) ૧૯૭૬ ૨૫-૫૦

ગ્રંથ ૬ મુઘલ
(પૃ ૧૯ ૧૯-૪૫

ગ્રંથ ૭ મરાઠા ૧૩-૨૫

ગુજરાતનો રાજ

ગ્રંથ ૮ બ્રિટિશ ક ગ્રંથ યંત્રસ્થ

ગ્રંથ ૯ આઝાદી પહેલાં અન ..
(ઈ. સ. ૧૯૧૫-૧૯૬૦) —